# अनुक्रमणिका


| ग्रन्थांक | ग्रन्थ | पृष्ठ |
|---|---|---|
| १ | मार्गस्वरूपनिर्णयः | १ |
| २ | स्वमार्गीयकर्तव्यनिरूपणम् | ८ |
| ३ | स्वमार्गीयसाधनरहस्यम् | १५ |
| ४ | भक्तिमार्गे पुष्टिमार्गत्वनिश्चयः | १७ |
| ५ | भक्तिद्वैविध्यनिरूपणम् | १९ |
| ६ | स्वमार्गीयभक्तिद्वैविध्यविवेकः | २१ |
| ७ | स्वमार्गीयमुक्तिद्वैविध्यनिरूपणम् | २६ |
| ८ | स्वमार्गीयसेवाफलरूपनिरूपणम् | २८ |
| ९ | पुष्टिमार्गीयस्वरूपनिरूपणम् | ३७ |
| १० | स्वमार्गीयस्वरूपस्थापनप्रकारः | ३९ |
| ११ | श्रीमत्प्रभोश्चिन्तनप्रकारः | ४३ |
| १२ | स्वमार्गीयशरणसमर्पणसेवादिनिरूपणम् | ४६ |
| १३ | पुष्टिपथमर्मनिरूपणम् | ११३ |
| १४ | श्रीपुष्टिमार्गलक्षणानि | १२९ |
| १५ | ब्रह्मसंबन्धवाक्यकठिनांशविवेचनम् | १५३ |
| १६ | सर्वात्मभावनिरूपणम् | १५८ |
| १७ | निवेदनतात्पर्यार्थः | १६३ |
| १८ | गद्यार्थः | १६८ |
| १९ | अष्टाक्षरमन्त्रार्थः | १६९ |

| | | |
|---|---|---|
| २० | अष्टाक्षरशरणमन्त्रपूर्वपक्षनिरासः | १७१ |
| २१ | स्वमार्गमर्यादानिरूपणम् | १७४ |
| २२ | स्वमार्गरहस्यनिरूपणम् | १८० |
| २३ | मधुराष्टकतात्पर्यम् | १८३ |
| २४ | स्वमार्गमूलनिरूपणम् | १८५ |
| २५ | मूलरूपसंशयनिराकरणम् | १९६ |
| २६ | श्रीमत्प्रभुप्राकट्यहेतुनिर्णयः | १९९ |
| २७ | श्रीपुरुषोत्तमस्वरूपाविर्भावनिर्णयः | २०३ |
| २८ | भगवत्प्रादुर्भावसिद्धान्तः | २१२ |
| २९ | प्रभुप्रादुर्भावविचारः | २१८ |
| ३० | प्रभुप्राकट्यसमयविचारः | २४३ |
| ३१ | चतुर्भुजस्वरूपविचारः | २५५ |
| ३२ | स्वमार्गीयभावनास्वरूपनिरूपणम् | २५८ |
| ३३ | स्वरूपतारतम्यनिर्णयः | २७१ |
| ३४ | अन्तरङ्गबहिरङ्गप्रपञ्चविवेकः | २८० |
| ३५ | भावसाधकबाधकनिरूपणम् | २८५ |
| ३६ | श्रीकृष्णशब्दार्थनिरूपणम् | २९७ |
| ३७ | श्रीमत्प्रभोः सर्वान्तरत्वनिरूपणम् | ३०४ |
| ३८ | श्रीमत्प्रभोः प्रादुर्भावप्रकारनिरूपणम् | ३०६ |
| ३९ | सर्वाभोग्यसुधाधिक्यनिरूपणम् | ३१३ |
| ४० | श्रीमत्प्रभोर्वयोनिरूपणम् | ३१६ |
| ४१ | पुष्टिमार्गीयध्यानप्रकारविवेचनम् | ३१८ |
| ४२ | जपसमये स्वरूपध्यानम् | ३२३ |
| ४३ | स्वमार्गशरणद्वयनिर्णयः | ३२९ |
| ४४ | स्वमार्गीयसन्न्यासवैलक्षण्यनिरूपणम् | ३३५ |
| ४५ | जन्मवैफल्यनिरूपणाष्टकम् | ३४४ |
| ४६ | दुःसङ्गविज्ञानप्रकारनिरूपणम् | ३५३ |

| | | |
|---|---|---|
| ४७ | कामाख्यदोषविवरणम् | ३८३ |
| ४८ | निष्कामलीला | ४०५ |
| ४९ | बहिर्मुखत्वनिरूपणम् | ४३८ |
| ५० | बहिर्मुखत्वनिवृत्तिः | ४४३ |
| ५१ | भगवत्प्रकृतिवर्णनम् | ४४७ |
| ५२ | कथाश्रवणबाधकनिर्णयः | ४४९ |
| ५३ | सत्सङ्गनिर्णयः | ४५३ |
| ५४ | कार्पण्योक्तिः | ४६२ |
| ५५ | मदत्यागहेतुः | ४७७ |

श्रीकृष्णाय नमः ॥

श्रीगोपीजनवल्लभाय नमः ॥

श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

श्रीहरिधनमहाप्रभुचरणकमलेभ्यो नमः ॥

## १. मार्गस्वरूपनिर्णयः ।

**स्वमार्गः सर्वथा ज्ञेयः सर्वेभ्योऽतिविलक्षणः ।**
**तत्स्वरूपं तु दुर्ज्ञेयं स्वसामर्थ्येन सर्वथा ॥१॥**

બીજા બધા માર્ગો કરતાં અતિ જુદા જ પ્રકારનું જેને લક્ષણુ છે તેવો આપણો પુષ્ટિમાર્ગ–શુદ્ધાદ્વૈત ભક્તિમાર્ગ છે એમ સર્વથા સમજવું. (જીવ એમ ધારતો હોય કે હું મારા સામર્થ્યથી આ માર્ગના સ્વરૂપનું જ્ઞાન મેળવી લઈશ તો એ ભૂલભરેલું છે.) આ માર્ગના સ્વરૂપનું પોતાના સામર્થ્યથી જ્ઞાન મેળવવું સર્વથા મુશ્કેલ છે. ૧

**इति चिन्ताकृपायुक्तः कृष्णः स्वास्यं चकार ह ।**
**प्रकटं सर्वसामर्थ्यसहितं विधिवद् भुवि ॥२॥**

(જીવ પોતાના સામર્થ્યથી માર્ગજ્ઞાન મેળવી શકે એમ નથી) એવા પ્રકારની ચિન્તાને લીધે પરમકૃપાયુક્ત પ્રભુ શ્રી-કૃષ્ણુચન્દ્રજીએ આ પૃથ્વીના તલ ઉપર બધા જ પ્રકારના સામર્થ્યને ધરાવતા પોતાના મુખારવિન્દના અવતારરૂપ શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીને વિધિપૂર્વક પ્રાકટ્ય આપ્યું. ૨

**"रसो वै स" इति श्रुत्या कृष्णो भावात्मको मतः ।**
**तथा तदास्यं मन्तव्यं भक्तानुभवतोऽनुगैः ॥३॥**

रसो वै सः। (એ પ્રભુ કેવલ રસાત્મક છે) એ શ્રુતિ-વાકય મુજબ પ્રભુ શ્રીકૃષ્ણુચન્દ્રજી ભાવાત્મક છે, તે જ પ્રમાણે

શ્રીમહાપ્રભુજીના અનુયાયી વૈષ્ણવોએ શ્રીકૃષ્ણચન્દ્રજીના મુખારવિન્દ(ના અવતારરૂપ ભગવાન શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજી)ને ભાવાત્મક સમજવા. સબબ કે આપશ્રીના ભક્તોને એવા આચાર્યશ્રીના ભાવાત્મક સ્વરૂપનો અનુભવ થયેલો જ છે. ૩

तेन भावात्मको मार्गः सर्वोऽपि प्रकटीकृतः ॥

એ આ શ્રીમહાપ્રભુજીએ આ ભાવાત્મક સમગ્ર ભક્તિમાર્ગને પ્રકટ કર્યો છે. (આવા સ્વરૂપવાળા ભક્તિમાર્ગનો પ્રકાશ શ્રીમહાપ્રભુજીથી જ છે. એ પૂર્વે ભક્તિમાર્ગ ભૂતળ ઉપર હતો, પરંતુ જે સ્વરૂપવાળો ભક્તિમાર્ગ જોઇયે તેવો તો ન જ હતો. અપ્રકટ હતો તેને પ્રાકટ્ય આપ્યું.) ૩½

मुख्यो हि ब्रह्मसम्बन्धः, स भावात्मक एव हि ॥४॥

આ માર્ગમાં બ્રહ્મસમ્બન્ધ=સ્મૃતિમાં જેને પરમાત્મા, શ્રીમદ્ભાગવતમાં જેને ભગવાન અને શ્રુતિ–વેદમાં જેને બ્રહ્મ કહેવામાં આવે છે, તે પરમકૃપાળુ શ્રીકૃષ્ણચન્દ્રજી પરબ્રહ્મ સાથે એનો સમ્બન્ધ (આ માર્ગમાં નામકરણ દીક્ષા દ્વારા શરણનો અધિકાર થયા પછી માર્ગદીક્ષાના સ્વરૂપમાં ગુરુ દ્વારા જે કરાવવામાં આવે છે તે જીવોદ્ધારમાં કારણભૂત રહેલો સમ્બન્ધ) મુખ્ય છે; અને એ ભાવાત્મક જ છે. (શા માટે ભાવાત્મક ?) ૪

भावो विवाहतो नार्या यथा स्वपुरुषे भवेत् ।
तथा मम पतिः कृष्ण इति सम्बन्धतोऽत्र हि ॥५॥

જે પ્રમાણે વિવાહ થતાં નારીને પુરુષ પોતાનો પતિ છે એવો ભાવ થાય છે તે જ પ્રમાણે અહીં એવા

પ્રકારના સમ્બન્ધને લીધે શ્રીકૃષ્ણચન્દ્રજી મારા સ્વામી છે–(હું એમનો દાસ છું)–એવો ભાવ જાગે છે. ૫

**यथा स्वभर्तृसम्बन्धे तस्या निर्दुष्टता तथा ।**
**भगवद्भावसम्बन्धे देहस्वात्मवतामिह[१] ॥६॥**

જે પ્રમાણે વિવાહ થયા પછી એ પુરુષ એ સ્ત્રીને નારી તરીકે સ્વીકારતાં એમાં રહેલ એક પણ દોષ મનમાં લાવતો નથી, તે પ્રમાણે બ્રહ્મસમ્બન્ધ થયા પછી એ જીવને પોતાના દાસ તરીકે સ્વીકારતાં એમાં રહેલ એક પણ દોષ પ્રભુ મનમાં લાવતા નથી, (પછી ભલે એને દેહમાં અહંબુદ્ધિ અને ધનમાં મમ–બુદ્ધિ હોય.) ૬

**"चाण्डाली चेद्राजपत्नी "त्यादिना प्रभुणोदितम् ।**
**पूर्वदोषस्तदा नैव सम्बन्धे[२] प्रतिबन्धकः ॥७॥**

'ચાંડાલી રાણી બની હોય અને વળી રાજાએ એને માનીતી કરી હોય, એમ છતાં કોઈ વાર રાજા એનું અપમાન કરે એટલે કે કદાચ એનો ત્યાગ પણ કરે તો તેથી. એના રાણીપણામાંથી શું જવાનું ?' –એ શ્લોક વડે શ્રીમહાપ્રભુજીએ ખુલાસો કર્યો છે કે આ રીતે પૂર્વ સ્થિતિમાં કોઈ પણ દોષ હોય તોપણ [ રાજા જેમ ચાંડાલીને પણ રાણી

૧. અહીં મૂલમાં देहास्वा० વગેરે પાઠ છે, કાનો દા માં ન જોઈયે. દેહ–ધન–આત્મામાં મમતા રાખનારને પણ બ્રહ્મસમ્બન્ધથી નિર્દોષપણું પ્રાપ્ત થાય એવો સ્પષ્ટ આશય છે.

૨. મૂલમાં અહીં सम्बन्धः એમ પ્રથમા વિભક્તિ છે. પ્રથમા કરતાં સપ્તમી વિભક્તિ હોવા વધુ સમ્ભવ છે, કેમકે કાંઈ **સમ્બન્ધ** બાધક હોઈ ન શકે, બાધકતા અર્પે એવી વસ્તુ હોય તો એ પૂર્વદોષ હોઈ શકે.

બનાવી શકે છે, ચાંડાલી સાથે સમ્બન્ધ રાખી શકે છે તેમ એ સમ્બન્ધમાં–પ્રભુ સાથેના સમ્બન્ધમાં એ પૂર્વદોષ પ્રતિબંધ કરનાર થતો નથી. ૭

[1]तस्या यथान्यसम्बन्धे तदनुच्छिष्टभक्षणे ।
स्वस्वामिभुक्तदाने च स्वदेहादन्ययोगतः ॥८॥
महान् दोषस्तथात्रापि मन्तव्यं भगवज्जनैः ॥८½॥

એ સ્ત્રીને જે પ્રમાણે અન્ય કોઈ સાથે સમ્બન્ધ બાંધતાં, પતિના ઉચ્છિષ્ટ સિવાય બીજું ખાતાં, પોતાના સ્વામીને પોતાનું ખાધેલું આપીને અને પોતાના દેહથી અન્ય પુરુષનો (અયોગ્ય) યોગ થતાં મહાન દોષ ઉત્પન્ન થાય છે, તે જ પ્રમાણે આ સ્થળે પણ (બ્રહ્મસમ્બન્ધ થયા બાદ અન્ય કોઈ દેવ સાથે સમ્બન્ધ રાખતાં, પ્રભુ–પ્રસાદી સિવાય બીજી વસ્તુ લેતાં, પ્રભુને પોતાનું અર્ધું ખાધેલું–ભોગવેલું સમર્પિત કરતાં અને સ્વદેહથી અન્ય દેવની આરાધના ચાલુ રાખતાં) મહાન દોષ ઉત્પન્ન થાય છે, એવું ભગવદીયોએ સમજવું. ૮½

---

૧. અહીં મૂળમાં तस्यायं धान्यसम्बन्धे એવો પાઠ છે. तस्य નરજાતિના સર્વનામની અત્રે જરૂર નથી. અહીં વાત **નારીની** છે એટલે तस्याः જોઈએ. अयं કોણ ? સ્ત્રીને પતિના આત્મસમ્બન્ધમાં દોષ કયો ? પતિને ખાવાના પદાર્થ પત્ની ખાઈ લે તો દોષ થાય; પણ તો यं નો મેળ કેમ મેળવવો ? એટલે જ સમ્ભવ છે કે तस्या यथान्यसम्बन्धे એવો પાઠ હોય. अन्यसम्बन्धःथी अन्ययोगतः પુનરુક્ત થાય છે, એમ માનવાનું નથી. સમ્બન્ધ અને યોગ જુદી વસ્તુ છે. સમ્બન્ધ = પરપુરુષ સાથે વાતચીત કરવી, યોગ = પરપુરુષ સાથે પત્નીત્વે વર્તન.

यथा मध्यस्थिताभिः सार्पयत्यात्मानमुत्तमम् ॥९॥
तथा सम्बन्धिभिः कृत्वा सर्ववस्तु समर्पयेत् ॥९½॥

જે પ્રમાણે વચ્ચે રહેલી (દૂતી)ઓ દ્વારા સ્ત્રી પોતાના ઉત્તમ આત્માનું પતિને સમર્પણ કરે છે, તે જ પ્રમાણે ભગવત્–સમ્બન્ધી જનો દ્વારા બધી વસ્તુનું પ્રભુને સમર્પણ કરવું. ૯½

स्वानन्यतानुसन्धानाभावो बाधक इष्यते ॥१०॥

પોતાનું પ્રભુમાં જે અનન્યપણું, તે અનન્યપણાનું અનુસંધાન ન રહે તો એ (આત્મસમર્પણાદિકમાં) પ્રતિબન્ધક થઈ પડે છે. ૧૦

यथा सम्बन्धिभिः साकं स्वपातिव्रत्यरक्षणम् ।
तथात्र ब्रह्मसम्बन्धचिन्तनं तादृशैर्जनैः ॥११॥

જે પ્રમાણે સગાંવહાલાંઓની મદદથી સ્ત્રી પોતાના પતિવ્રતાપણાનું રક્ષણ કરે છે, તે જ પ્રમાણે જીવે તાદૃશી જનોની સાથે રહી (એઓની મદદથી) બ્રહ્મસમ્બન્ધનો ( એ ટળી ન જાય એનું ખાસ ધ્યાન રાખવા) વિચાર કર્યા કરવો. ૧૧

अतस्तत्रैव हि स्थेयं यत्र तत्सङ्गसम्भवः ।
ते दुर्लभाः खलु कलौ, तान् परामृश्य संवसेत् ॥१२॥

આથી ત્યાં જ રહેવું કે જ્યાં એવા તાદૃશી ભગવદીયોના સંગની સમ્ભાવના હોય. આવા તાદૃશી ભગવદીયો કલિકાળમાં દુર્લભ છે. એઓની બરોબર પરીક્ષા કરી પછી એવાઓ સાથે સહવાસ કરવો. ( શ્રીહરિરાયજીએ 'દુ:સંગવિજ્ઞાનપ્રકાર-નિરૂપણ'–ગ્રંથમાં વંચકો અને ભગવદીયોનું તારતમ્ય નિરૂપ્યું છે તેનું અહીં અનુસંધાન કરવું.) ૧૨

"अतः स्थेयं हरिस्थाने" इति प्रभुवचः स्फुटम् ।
यतो भावः सुसंरक्ष्यो, वर्धनीयश्च सर्वथा ॥१३॥

શ્રીમહાપ્રભુજીનું (ભક્તિવર્ધિનીમાં) "આથી કરી જે પ્રમાણે ચિત્ત દૂષિત ન થાય........તે રીતે હરિભગવાનના સ્થાનમાં રહેવું"—એ સ્ફુટ વચન છે, કારણ કે દરેક રીતે ભાવનું સારી રીતે રક્ષણ કરવાનું છે અને એને વધારતા જવાનું છે. ૧૩

स बीजभावो वचनैर्व्यावृत्तिरहितैः सदा ।
प्रेमासक्तिव्यसनतां लभते भजनक्रमात् ॥१४॥

(ભક્તિવર્ધિનીમાં શ્રીમહાપ્રભુજીએ) બીજભાવ દઢ કરવાનો ક્રમ બતાવી વ્યસન દશા સુધીનો જે ક્રમ બતાવ્યો છે, તે જ પ્રમાણે રુચિરૂપી બીજરૂપ ભાવ દુન્યવી ધાંધલોની જેમાં અસર નથી તેવાં વચનોએ કરી ભજનના ક્રમે પ્રેમ આસક્તિ અને વ્યસનની દશા પ્રાપ્ત કરે છે. ૧૪ (સામાન્ય વાચકોને આ વિષય સમજવો હોય તો ભક્તકવિ દયારામભાઈનું 'ભક્તિપોષણ' અહીં વધુ ઉપયોગી થઈ પડશે, અથવા શાસ્ત્રીજી ચિમનલાલ હરિશંકરે રચેલ 'પુષ્ટિમાર્ગોપદેશિકા'ના બીજા ભાગમાંના આ વિષય ઉપરના પાઠ એના કરતાંયે વધુ ઉપયોગી થઈ પડશે.)

तदर्थं सेवना प्रोक्ता, सापि भावात्मिका पुनः ।
तत्प्राप्यफलरूपोऽपि प्रभुर्भावात्मको मतः ॥१५½॥

तल्लीलापि तथाभूता मन्तव्या रसकोविदैः ॥१५½॥

એ બીજભાવને દૃઢ કરવા માટેનું સેવાને સાધન કહેવામાં આવેલ છે. આ સેવા પણ વળી ભાવરૂપ જ છે. આ ભાવાત્મક સેવાના ફલરૂપે પ્રાપ્ત થતા પ્રભુ પણ ભાવાત્મક જ છે. એ પ્રભુની લીલાને પણ રસિક જનોએ–( રસશાસ્ત્રની મર્યાદા જાણનારા ભક્તોએ )–એવા જ પ્રકારની ભાવરૂપ જાણવી. ૧૫ા

तस्माद्यदेव स्वाचार्यचरणैकप्रकाशितम् ॥१६॥
भावात्मकं हि वेत्तव्यं विद्वद्भिरिह सर्वथा ।
यथा मूलं ततो जातं कार्यं चापि तथा भवेत् ॥१७॥

તેથી કરીને આપણા આચાર્યચરણો શ્રીમહાપ્રભુજીએ જે કાંઈ પ્રકાશિત કર્યું છે તેને અહીં દરેક રીતે વિદ્વાનોએ ભાવરૂપ જ જાણવું, કારણ કે જેવું મૂળ હોય તેવું જ એ મૂળમાંથી ઉત્પન્ન થયેલું કાર્ય પણ થાય. ( પ્રથમથી જ ભાવ હોય તો છેવટ સુધી બધું ભાવરૂપ જ રહે અને પ્રથમથી સૂકું હોય તો બધું સૂકું જ રહેવાનું.) ૧૭

स्वाचार्यास्तत्कृतो मार्गस्तत्प्राप्यः पुरुषोत्तमः ।
सर्वमत्युग्रभावाढ्यमिति मन्तव्यमुत्तमैः ॥१८॥

આપણા આચાર્યચરણો, એમણે વિસ્તારેલો માર્ગ, એ માર્ગથી મેળવાતા પુરુષોત્તમ, એ બધુંય અતિ ઉત્કટ તાપાત્મક ભાવથી ભરચક છે, એમ ઉત્તમ અધિકારીઓએ જાણવું. ૧૮

स्वाचार्यशरणैर्जातवरणैर्भगवज्जनैः ।
एतावानेव विज्ञेयः सिद्धान्तोऽत्र विचक्षणैः ॥१९॥

જેમને પોતાના આચાર્ય શ્રીમહાપ્રભુજીનું શરણ પ્રાપ્ત થયું છે, જેમનું ભગવન્માર્ગમાં વરણ થયું છે (પ્રભુએ જેને પોતાના કરી સ્વીકાર્યા ), તેવા વિચક્ષણ ભગવદીયોએ અહીં આટલો જ સિદ્ધાન્ત જાણી લેવાની જરૂર છે. ૧૯

## २. स्वमार्गीयकर्तव्यनिरूपणम् ।

अथ श्रीवल्लभाचार्यकृपया विनिरूप्यते ।
तन्मार्गनिष्ठकर्तव्यं स्वसन्तोषाय सर्वथा ॥१॥

હવે શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણની કૃપાએ કરી, એમના નિજજનોને આનન્દ થાય એટલા ખાતર જ શ્રીવલ્લભાચાર્ય-ચરણના માર્ગમાં જેને નિષ્ઠા છે તેવા જીવોનું કર્તવ્ય સારી રીતે નિરૂપવામાં આવે છે. ૧

सेव्यः कृष्णः सदानन्दो भक्तैकहृदयाश्रयः ।
तद्भावात्मा तथाभूतसर्वलीलायुतः सदा ॥२॥

સદાનન્દસ્વરૂપ (—તામસનિરોધસ્વરૂપ) માત્ર ભક્તનું જ હ્રદય જેને આશ્રય–સ્થાનરૂપ છે તેવા, વળી ભક્તોના ભાવસ્વરૂપ, ભાવાત્મક સકળ લીલાઓથી જોડાયેલા એવા શ્રીકૃષ્ણચન્દ્રજીનું હમેશાં સેવન કરવું. ૨

अनुरागस्त्रिधा लोके श्रवणाद् दर्शनात्तथा ।
[ ध्यानादपि च गोपीनां स रागः सहजः सदा ] ॥३॥

લોકમાં અનુરાગ ત્રણ પ્રકારે ઉત્પન્ન થાય છે : ૧. શ્રવણ, ૨. દર્શન અને [૩. ધ્યાનથી. એ અનુરાગ ગોપીઓને સદાય સહજ છે. ] ( અહીં મૂળમાં ઉત્તરાર્ધ ત્રુટિત હોય એમ લાગે છે એટલે પ્રસંગોચિત એ સૂચવ્યો છે. ) ૨½

तासां यः सहजो रागः स एव भगवानजः ।
नन्दस्य भवने जातः सुखदानाय भूतले ।
तत्स्वरूपं तथा वक्तुं श्रुतयोऽपीह नेशते ॥४॥

यतो निवृत्तिर्वचसां मनसा सह रूपिता ।
किञ्चिदाचार्यचरणप्रसादात्तन्निरूपितम् ॥५॥

(અહીં તો લૌકિક સ્થિતિ નથી, અલૌકિક સ્થિતિ છે, તેથી) એ શ્રીગોપીજનોનો જે સહજ અનુરાગ હતો તે અનુરાગરૂપ જ એવા અજન્મા ભગવાન ભૂતલ ઉપર સુખનું દાન કરવા માટે નન્દના ભવનમાં પ્રકટ થયા. એ પ્રભુનું જે સ્વરૂપ તેનું યથાર્થ વર્ણન કરવાને વેદ પણ સમર્થ નથી, કેમકે મન સહિત વાણી એ સ્વરૂપને પહોંચી શકતી નથી એમ (વેદમાં) કહ્યું છે. અહીં હું જે કાંઈ નિરૂપું છુ. તે માત્ર શ્રીમદાચાર્યચરણોની કૃપાથી જ. ૫

अर्थं बुद्ध्वा स्वबुद्ध्यैव मया किञ्चिन्निरूप्यते ॥५½॥

મારી સમઝ પ્રમાણે જ અર્થને સમઝીને અહીં મારા વડે કાંઈક નિરૂપવા યત્ન કરવામાં આવે છે. ૫½

गोपिकानामेव भावः स श्रीयशोदाङ्कसंस्थितः ॥६॥
यशोदाऽपि च तद्भावरूपैवेति विबुध्यताम् ।
नन्दस्तदीयास्तद्भूमिस्तद्गृहं तद्धनं च यत् ॥७॥
तदुत्सवस्तथा सर्वं तत्र तद्भाव एव हि ॥७½॥

જે ગોપીજનોનો ભાવ જ યશોદાજીના ખોળામાં સ્થિતિ કરી રહેલ છે (ભાવાત્મક પ્રભુ જ ખોળામાં ખેલી રહ્યા છે), શ્રીયશોદાજી પણ એ ગોપીજનોના ભાવસ્વરૂપ જ છે, એમ સમઝો. શ્રીનન્દરાયજી, એમનાં સગાંવહાલાં, એ વ્રજ-ભૂમિ, એ ઘર, એ ધન, એ જન્મોત્સવ તેમજ ત્યાં જે કાંઈ પણ રહેલું સમગ્ર તે ગોપીજનોના ભાવસ્વરૂપ જ છે. ૭½

सोऽतिगुप्तो बहिः स्थातुं न शक्नोतीति मेलनम् ॥८॥
पूर्वरूपेण नैवास्ति, ततो भेदनिरूपणम् ।
उत्पत्तिः केवलस्येति स्पष्टं नैव निरूपिता ॥९॥

એ ભાવ અતિગુપ્ત છે, બહાર રહી શકતો જ નથી; એનો પૂર્વરૂપ સાથે કોઈ પ્રકારે સમ્બન્ધ નથી એટલે જ અહીં ભાવનું પૃથક્પણે નિરૂપણ છે. ઉત્પત્તિ કેવળ ભાવાત્મક સ્વરૂપની જ છે. એ માટે જ એ ભાવોત્પત્તિ સ્પષ્ટપણે કહેવામાં નથી આવી. ૯

अतो हि गोपिकाभावः सामग्रीसहितस्तथा ।
प्रकटः सव्रन्जे चक्रे लीलां स्वानन्दरूपिणीम् ॥१०॥

એટલે સર્વ સામગ્રી–પરિકરથી યુક્ત એવા, આ ગોપીજનોના ભાવરૂપ શ્રીકૃષ્ણચન્દ્રજીએ પ્રકટ થઈને વ્રજ-ભૂમિમાં પોતાના અલૌકિક આનન્દરૂપની લીલા કરી છે. ૧૦

अवतारचरित्रं यत् पूतनामारणादिकम् ।
प्रादुर्भूय स्वयं कृष्णः पुनः सर्वं चकार ह ॥११॥

પૂતનાને મારી નાખી, તેમજ બીજા અસુરાદિકને માર્યા, વગેરે જે અવતારલીલા તે શ્રીકૃષ્ણચન્દ્રજીએ પોતે જ પ્રકટ થઈને બધી કરી. ૧૧

तदेव रूपितं सर्वं तत्र प्रकरणोत्तमे ।
"कस्याश्चित्पूतनायन्त्या" इति सन्दर्भतस्तथा ॥१२॥

દશમસ્કન્ધના–ઉત્તમ તામસ ફલપ્રકરણમાં "कस्याश्चित् पूतनायन्त्याः – કોઈ પૂતના બની અને કૃષ્ણરૂપ બનેલી બીજી ગોપીને સ્તનપાન કરાવવા લાગી" –એ વગેરે ગ્રન્થ-સન્દર્ભે કરી એ સમગ્ર અવતારચરિત જ ત્યાં કહેવામાં આવ્યું

છે. (સ્પષ્ટ છે કે–અહીં જે ગોપીજનોએ વિરહદશામાં તન્મય બની કૃષ્ણલીલા કરી બતાવી તે ભાવાત્મક જ છે.) ૧૨

अतो हि भावरूपत्वं लीलामात्रस्य युज्यते ।
यथा श्रुत्या गुणद्वाराऽगुणवानपि रूप्यते ॥१३॥

तथा भागवतेनापि सहजं तन्निरूप्यते ।
अवतीर्णचरित्रेण विभेदज्ञापनं तयोः ॥१४॥

આથી કરીને જેટલી લીલા તે બધી જ ભાવરૂપ હતી એમ માનવું જ યોગ્ય છે. વેદમાં એવા કેટલાયે પ્રસંગ છે કે પ્રભુ ગુણરહિત હોવા છતાં ગુણો દ્વારા શ્રુતિએ એમને વર્ણવ્યા છે, તે જ પ્રમાણે અહીં ભાગવતજીમાં પણ અવતાર-ચરિત દ્વારા ભાવરૂપ નિરૂપવામાં આવ્યું છે, પરન્તુ અવતારી કૃષ્ણ અને ભાવરૂપ કૃષ્ણ વચ્ચે ભેદ છે. ૧૪

तदपि श्रीमदाचार्यकृपयैव विबुध्यते ।
तस्य सेवैव कर्तव्या, भावसेवा हि मानसी ॥१५॥

એ વાત પણ શ્રીમદાચાર્યચરણોની કૃપા વડે જ જાણી શકાય એમ છે; માટે એ ભાવસ્વરૂપની સેવા જ કરવી. જે ભાવાત્મક શ્રીકૃષ્ણચન્દ્રજીની સેવા છે તે તો માત્ર માનસી છે. ૧૫

स भावो दुर्लभस्तस्य कथं सेवा भवेदिह ?—
—इति चेत्तत्र युज्येत समाधानमिदं पुनः ॥१६॥

એ ભાવાત્મક પ્રભુ તો દુર્લભ છે; એમની સેવા અહીં આ લોકમાં કેવી રીતે થઈ શકે?—આવી શંકા જો હોય તો ત્યાં આ સમાધાન હોઈ શકે : ૧૬

**भावो हि सहजः सिद्धः स्वामिनीष्वेव सर्वथा ।**
**तस्य चान्यस्थितस्यात्र कथं हृद्या गतिर्भवेत् ॥१७॥**

સહજ એવો જે ભાવ તે તો માત્ર સ્વામિનીઓમાં જ સિદ્ધ છે. આમ બીજામાં (સ્વામિનીઓમાં) રહેલા એ ભાવનું આપણા જેવાઓના હૃદયમાં આવવું કયાંથી સંભવે ? ૧૭

**न वा तथाविधान्येषां योग्यता तेन कल्प्यताम् ।**
**अतस्तासां प्रसादेन कथञ्चित्तु भवेदपि ॥१८॥**

એ સ્વામિનીઓમાં જેવા પ્રકારની યોગ્યતા છે તેવી યોગ્યતા બીજાઓમાં કોઈ પ્રકારે નથી. હા, માત્ર એ શ્રીસ્વામિનીઓની કૃપા થાય તો એ યોગ્યતા પ્રાપ્ત થાય ખરી. ૧૮

**हरेरिव नरस्यास्य कठिनं तत्प्रसादनम् ।**
**तस्मात्कृपानिधिः कृष्णः स्वास्यमाविश्चकार ह ॥१९॥**

પ્રભુ માટે પણ જે પ્રમાણે એ સ્વામિનીઓની કૃપા મેળવવી મુશ્કેલ છે તે પ્રમાણે આપણે માનવીઓને માટે પણ પ્રભુની કૃપા મેળવવી મુશ્કેલ છે. એ ખાતર જ કૃપાના ભણ્ડાર એવા શ્રીકૃષ્ણચન્દ્રજીએ પોતાના મુખારવિન્દના અવતારરૂપ શ્રીવલ્લભાધીશ્વર પ્રભુને પ્રકટ કર્યા. ૧૯

**स्वामिनीहृदयस्थस्य भावरूपस्य यन्मुखम् ।**
**भावाग्निरूपं तद्वाच्यं, स भावो विरहात्मकः ॥२०॥**

સ્વામિનીઓના હૃદયમાં રહેલા ભાવરૂપ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીનું જે મુખ તે ભાવાત્મક અગ્નિરૂપ જાણવું, અને એ ભાવાગ્નિ તે વિરહરૂપ છે. ૨૦

**तद्दानाय तदात्मा स्वसान्निध्यफलभावनः ।**
**अस्मत्प्रभुः सदा श्रीमदाचार्यः शिरसि स्थितः ॥२१॥**

એ વિહરાત્મક ભાવનું દાન કરવા ભાવાત્મક, વળી પોતાના સાન્નિધ્યથી ફલદાન કરનાર આપણા મહાપ્રભુ શ્રીમદાચાર્યચરણો સદા આપણા મસ્તક ઉપર બિરાજો છે. ૨૧

तन्निवेदनतस्तस्य सन्निधानाद् भवेदसौ ।
भावस्तथाविधो मुख्यसेवासाधनतां गतः ॥२२॥

શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રભુને આત્મનિવેદન કરાતાં એઓ-શ્રીના સાન્નિધ્યથી મુખ્ય સેવાના સાધનરૂપ રહેલો એવા પ્રકારનો ભાવ ઉત્પન્ન થાય. ૨૨

तत्सिद्धिर्गोकुलाधीशे सर्ववस्तुसमर्पणात् ।
तत्सिध्यति स्वसर्वस्वविनियोगेन सर्वथा ॥२३॥

એ ભાવની સિદ્ધિ ત્યારે જ થાય કે જ્યારે શ્રીગોકુલા-ધીશ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીને સર્વ વસ્તુનું સમર્પણ કરવામાં આવે. એ સર્વ વસ્તુનું સમર્પણ ત્યારે જ સિદ્ધ થાય કે જ્યારે દરેકે દરેક રીતે આપણે આપણા સર્વસ્વનું પ્રભુને નિવેદન કરી ચૂકિયે. ૨૩

तदर्थं कायिकी सेवा तनुवित्तयुतोदिता ॥२३½॥

એ માટે જ તનુજા અને વિત્તજાથી યુક્ત એવી શારીરિક ભગવત્સેવા કહી છે. ૨૩½

एवं तन्मानसः सर्वं कुर्वन् चिन्ताविवर्जितः ॥२४॥
सेवापरस्तथा कुर्वन् वियोगानुभवं हृदा ।
सेवानवसरे यद्वद् गोचारणगते हरौ ॥२५॥
संन्यासेन विधेया स्यादनुभूतिः परा पुनः ।
आत्यन्तिकवियोगस्य, परा काष्ठा फलस्य सा ॥२६॥

આ પ્રમાણે પ્રભુમાં જ ચિત્ત રાખી બધું કરનાર જીવ ચિન્તાથી તદ્દન રહિત થઈ, સેવામાં તત્પર બની, હૃદયથી પ્રભુના વિરહનો અનુભવ કરતો રહે, જે પ્રમાણે પ્રભુ ગોચારણમાં પધાર્યા હોય ત્યારે શ્રીગોપીજનોએ ભાવના કરી, તેવી ભાવના સેવાના અનવસરમાં કરી પ્રભુના એવા પ્રકારના વિરહનો અનુભવ સંન્યાસપૂર્વક કરવો, અર્થાત્ દુનિયાનાં બીજાં કાર્યોમાંથી ચિત્તને ઉઠાવી લઈ સેવાના અનવસરમાં પ્રભુના આત્યન્તિક વિરહની જ ભાવના કર્યા કરવી–આ જ ફલની પરકાષ્ઠા, છેલ્લામાં છેલ્લી ટોચ છે. ૨૬

**एवं विज्ञाय विधिना विहिताशः सदादृतः ।**
**आश्रित्य वल्लभाचार्याङ्घ्रिं तिष्ठेत्समाहितः ॥२७॥**

આ પ્રમાણે સારી રીતે સમજી, વિધિપૂર્વક પ્રસાદી પદાર્થોથી પોતાનું ભોજનાદિક કરી, હંમેશાં પ્રભુમાં આદર-યુક્ત રહી, બરોબર ધ્યાનપૂર્વક શ્રીમદાચાર્ય શ્રીવલ્લભાચાર્ય-જીનો આશ્રય કરીને સ્થિતિ કરવી. ૨૭

**इति श्रीवल्लभाचार्यप्रसादेन निरूपितम् ।**
**सदा सन्तोषतः स्वान्ते स्थापनीयं प्रयत्नतः ॥२८॥**

આ પ્રમાણે શ્રીમદાચાર્યચરણ શ્રીવલ્લભાચાર્યજીની કૃપા વડે આ મેં કહ્યું છે; આને હંમેશાં પ્રયત્નપૂર્વક પોતાના હૃદયમાં જીવોએ સ્થાપવું. ૨૮

## ३. स्वामार्गीयसाधनरहस्यम् ।

**श्रीमदाचार्यमार्गोऽयं निःसाधनफलात्मकः ।**
**तत्र तद्भावनं भावसाधनं तत्कृपावताम् ॥१॥**

આ શ્રીમદ્દાચાર્યવર્ય શ્રીવલ્લભાચાર્યજીનો માર્ગ કોઈ પણ પ્રકારના સાધન વિનાના જે જીવો તેમને માટે જ ફલરૂપ છે. શ્રીમહાપ્રભુજીની જેના ઉપર કૃપા છે તેવા જીવોને આ માર્ગમાં શ્રીમહાપ્રભુજીનું ચિન્તન એ જ ભાવના સાધનરૂપ છે. ૧

**स भावः सङ्गराहित्यान्न भविष्यति सर्वथा ।**
**सङ्गस्य साधनं सर्वरागाभावो गृहादिषु ॥२॥**

એ ભાવ સત્સંગ વિના કદાપિ થઈ શકશે નહિ. સત્સંગમાં સાધન ગૃહ–સ્ત્રી–પુત્ર–ધન વગેરેમાં રહેલા સર્વ પ્રકારના રાગનો–આસક્તિનો અભાવ એ છે. ૨

**रागाभावस्तु सततं सेवया तत्कृपावताम् ।**
**तत्कृपा साधनं, सा तु भवेत्तत्तोषणेन हि ॥३॥**

જેના ઉપર શ્રીમહાપ્રભુજીની કૃપા છે તેવા ભગવદીયોની સતત સેવા વડે રાગનો અભાવ થાય છે. એવા ભગવદીયોની કૃપા (આ માર્ગમાં) સાધન છે. ભગવદનુગ્રહમાં સાધનરૂપ એવી એ ભગવદીયોની કૃપા એ ભગવદીયોને તુષ્ટ કરવાથી સિદ્ધ થાય છે. ૩

**तत्तोषणं तु तद्भक्तिभाववर्धनतो भवेत् ।**
**भावो हि मार्गसर्वस्वं, कर्तव्यं तस्य रक्षणम् ॥४॥**

એમના પ્રત્યે ભક્તિભાવ વધાર્યાથી એમને સન્તુષ્ટ કરી શકાય છે. **ભાવ એ ભક્તિમાર્ગનું સર્વસ્વ છે.** એ ભાવનું રક્ષણ કરવું. ૪

सेवापि सततं चित्ते भावनात्मा तदा भवेत् ॥५३॥

ભાવરૂપ સેવા પણ ચિત્તમાં ત્યારે જ થઈ શકે છે. ૪૩

'निवेदनं तु स्मर्तव्य'मिति यत्साधनं परम् ॥५॥

'तादृशै'रिति वाक्येन सङ्गस्तत्राप्यपेक्षितः ।
स एव साधनं सङ्गो मोक्षोऽस्मिन्मार्ग एव च ॥६॥

'ममोत्तमे'तिवाक्येन, तदभावे वृथाखिलम् ॥६३॥

"હંમેશાં આત્મનિવેદનનું સ્મરણ કર્યા કરવું", એવું નવરત્ન ગ્રન્થમાં જે પરમ સાધન કહ્યું છે ત્યાં "એ તાદૃશી ભગવદીયોની સાથે રહી કરવું" એમ કહ્યું છે; એ વાક્યથી આ ભક્તિમાર્ગમાં સત્સંગની પણ જરૂર છે. આપણા આ માર્ગમાં શ્રીવૃત્રાસુરચતુઃશ્લોકીમાંના "ઉત્તમશ્લોક પ્રભુના જનોમાં સખ્ય–મિત્રતા થાઓ" એ વાક્ય પ્રમાણે એ સત્સંગ સાધનરૂપ પણ છે અને મોક્ષરૂપ પણ છે. એ ભગવદીયનો સંગ ન થયો તો બધું જ ફોગટ છે. ૬૩

तस्मात्सर्वं परित्यज्य सत्सङ्गेन सदा हरिम् ॥७॥

सेवयेदान्तरेणापि बाह्येन मनसा पुनः ।
स्वतःफलं हि सत्सङ्गं विदित्वा विदधीत हि ॥८॥

તેથી સર્વનો ત્યાગ કરી સત્સંગપૂર્વક સદૈવ અંદરના અને બહારના એમ બન્ને પ્રકારના ચિત્તથી પ્રભુની સેવા કરવી. સત્સંગ પોતે જ ફલરૂપ છે એમ સમજી એ સત્સંગ કરવો. ૮

# ४. भक्तिमार्गे पुष्टिमार्गत्वनिश्चयः ।

पुष्टिमार्गः फलं यत्र स्वयं साधनतां व्रजेत् ।
साक्षात्परोक्षभेदेन स द्विधा विनिरूपितः ॥१॥

જ્યાં ફલ જાતે જ સાધન થઈ રહે, તે પુષ્ટિમાર્ગ. આ પુષ્ટિમાર્ગ સાક્ષાત્ફલાત્મક અને પરોક્ષફલાત્મક એમ બે પ્રકારનો કહેવામાં આવ્યો છે. ૧

आविर्भावदशायां हि साक्षात्त्वेन निगद्यते ।
अन्यथा तु परोक्षत्वात्तथैव हि निरूप्यते ॥२॥

પ્રભુ જ્યારે ભૂતલ ઉપર બિરાજતા હોય છે ત્યારે જે પુષ્ટિમાર્ગની સ્થિતિ છે તે સાક્ષાત્ફલાત્મક છે, પરંતુ જ્યારે પ્રભુ ભૂતલ ઉપર નથી બિરાજતા હોતા ત્યારે પરોક્ષ-ફલાત્મક છે. ૨

मानातिरिक्तमार्गत्वमेव तत्र व्यवस्थितिः ॥२½॥

—આ માર્ગ પ્રમાણોથી પર છે, એ જ વ્યવસ્થા. ૨½

—સંશય—

तत्रायं संशयः—कृष्णः फलं साक्षात्कृतः स्वयम् ॥३॥

यायात्साधनतां नूनं रसलीलासु सर्वशः ।
परोक्षे भक्तिमार्गे हि कथं साधनता हरेः ॥४॥

अनाविर्भूतरूपत्वाद्दर्शनस्याप्यभावतः ।
तदभावे कथं तस्य पुष्टिमार्गत्वमुच्यते ॥५॥
अन्यथा साधनैः सिद्धौ मर्यादैव तथा भवेत् ॥५½॥

અહીં એક શંકા એ પ્રકારે કરી શકાય કે—

ફલરૂપ કૃષ્ણનો જે વખતે પ્રકટ દર્શનાદિ અનુભવ થતો હોય તે વખતે તો એ કૃષ્ણ રસલીલાઓમાં દરેક પ્રકારે જાતે સાધનભૂત બને, પરંતુ પરોક્ષ ભક્તિમાર્ગમાં એટલે કે જ્યારે પ્રભુ અપ્રકટ રહી સુખદાન કરવા માગતા હોય ત્યારે પ્રભુ સુખદાનમાં સાધનભૂત કઈ રીતે બની શકે ? કારણ કે, એક તો પોતે અપ્રકટ છે, બીજું, એ દેખાતા પણ નથી, અને પ્રભુ પોતે સાધનરૂપ ન બને તો એ ભક્તિ-માર્ગ પુષ્ટિભક્તિમાર્ગ કઈ રીતે કહી શકાય ? (જીવ સ્વયં સાધન કરી ફલ પ્રાપ્ત કરે તે મર્યાદામાર્ગ, પ્રકટ પ્રભુ સ્વયં સાધનરૂપ બની જીવને ફલદાન કરે તે પુષ્ટિમાર્ગ, આ સિદ્ધાન્તાનુસાર) જીવનાં સાધનો દ્વારા ફલ મળતું હોય તો એ મર્યાદામાર્ગ રહે, પુષ્ટિમાર્ગ ન બને. ૫½

— સિદ્ધાન્ત —

सिद्धान्तस्तु—हरिः साक्षाद्रसात्मा श्रुतिसम्मतः ॥६॥
सोऽपि शृङ्गार एवास्ति, स चापि द्विविधो मतः ॥६½॥

સિદ્ધાન્ત એ છે કે શ્રુતિઓએ જેને સમ્મતિ આપી છે તેવા પ્રભુ સાક્ષાત્ રસાત્મક છે; એ પણ શૃંગારરસરૂપ. શૃંગારરસાત્મક પ્રભુના પણ બે પ્રકાર : ૧. સંયોગ અને ૨. વિપ્રયોગ. (સંયોગ અવતારદશામાં જ અને વિપ્રયોગ અવતારદશામાં તેમજ અનવતારદશામાં પણ.) ૬½

एवं सति हरेर्भक्तिमार्गे पुष्ट्यभिधे मतः ॥७॥
वियोगः साधनं यस्मात्स स्वरूपात्मको मतः ॥७½॥

આમ હોવાથી પુષ્ટિમાર્ગ એવું જેનું નામ છે તેવા ભક્તિમાર્ગમાં પ્રભુનો વિયોગ-વિપ્રયોગ એ જ સાધન છે, કેમકે એ વિપ્રયોગ ભગવત્સ્વરૂપાત્મક કહ્યો છે. ૭½

**तस्य साधनता या हि स्वरूपे साधनं मतम् ॥८॥**
**अतोऽत्र पुष्टिमार्गत्वं निष्प्रत्यूहं विभाव्यताम् ॥८½॥**

આ વિપ્રયોગનું જે સાધનપણું તે જ સાક્ષાત્ પ્રભુ સાધનરૂપ બન્યા છે એમ સમજવું. આથી જ આ પુષ્ટિમાર્ગનું પુષ્ટિપણું આબાદ રહે છે એમ જાણવું. ૮½

## ५. भक्तिद्वैविध्यनिरूपणम् ।

**भक्तिर्द्विधा पदाम्भोजवदनाम्बुजभेदतः ।**
**प्रथमा शीतला भक्तिर्यतः श्रवणकीर्तनात् ॥१॥**
**तत्रैव मुख्यसम्बन्धः सुलभा नारदादिषु ॥१½॥**

ભક્તિના બે પ્રકાર છે : એક ચરણારવિંદની ભક્તિ અને બીજી મુખારવિન્દની ભક્તિ. આ બે પ્રકારોમાં જે ચરણારવિન્દની ભક્તિ છે તે શીતળ છે, (એટલે કે એ તાપાત્મક નથી). અને એ શીતળ હોવાનું કારણ એ કે એ ભક્તિ શ્રવણ અને કીર્તન દ્વારા થાય છે. એ ભક્તિનો મુખ્ય સમ્બન્ધ એ શ્રવણ અને કીર્તન સાથે જ છે. અને આ ભક્તિ સુલભ છે, કારણ કે નારદજી જેવા અનેક ભક્તોમાં એ પ્રાપ્ત થયેલી જોવા મળે છે. ૧½

**द्वितीया दुर्लभा यस्मादधरामृतसेवनात् ॥२॥**

तद्भावभावनारूपा विरहानुभवात्मिका ।
गोपसीमन्तिनीनां च सा दत्ता हरिणा स्वतः ॥३॥

બીજા પ્રકારની ભક્તિ (એટલે કે મુખારવિન્દની ભક્તિ) મહા દુર્લભ છે. અને (એ દુર્લભ છે એનું) કારણ એ કે (અતિદુર્લભ જે) પ્રભુનું અધરામૃત તેની પ્રાપ્તિ દ્વારા એ સિદ્ધ થાય છે. એ ભાવભાવનારૂપ છે (એટલે કે અરે ! પ્રભુ મારા પર કેટલી બધી કૃપા કરી રહ્યા છે ! મારું કેટલું સુખ વિચારી રહ્યા છે ! પરંતુ હાય, મારાથી પ્રભુનું સુખ વિચારી શકાતું નથી. હું તો પ્રભુને પરિશ્રમ આપી રહ્યો છું. આ પ્રકારનો ભાવ સતત એ ભકિતમાં રહે છે.) ઉપરાંત એ વિરહરૂપ છે. એ તો પ્રભુએ પોતે કેવળ શ્રીગોપીજનોને કૃપા કરીને આપી છે. ૩

तदर्थं करुणः कृष्णो भावात्मा स्वास्यमुत्तमम् ।
भावाग्निरूपं जगति कृपयाविश्चकार सः ॥४॥

श्रीवल्लभाख्यानाचार्यान् विश्वोद्धारकृते यतः ॥४½॥

दर्शयित्वा स्ववदनं वचनामृतबिन्दुभिः ॥५॥

वेणुनादैरिव स्वीयान्पाययित्वाधरामृतम् ।
मुखारविन्दरूपां तां भक्तिं भावात्मिकां ददौ ॥६॥

એ વિરહાત્મક વદનામ્બુજની ભક્તિ આપવા માટે જ પરમ કારુણિક ભાવાત્મક પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીએ કૃપા વડે કરીને વિશ્વનો ઉદ્ધાર કરવા ખાતર પોતાના ઉત્તમ મુખારવિન્દરૂપ ભાવાત્મક અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજીનો આ

જગતમાં આવિર્ભાવ કર્યો, કારણ કે વચનરૂપી અમૃતનાં બિન્દુઓએ કરી જનતાને પોતાના મુખારવિન્દનાં દર્શન કરાવી પ્રભુએ વેણુનાદ વડે જે પ્રમાણે સ્વકીય ગોપગોપીજનોને અધરામૃતનું પાન કરાવ્યું હતું તે પ્રમાણે દૈવી જીવોને મુખારવિન્દરૂપ ભાવાત્મક ભક્તિનું દાન કર્યું. ૬

**तथाविधस्ववदनभक्तिदानेन चाखिलान् ।**
**दैवजीवानन्तरङ्गान् कृतार्थान् विदधे हरिः ॥७॥**

એવા પ્રકારના પોતાના વદનારવિન્દના અવતાર શ્રી-મહાપ્રભુજીની ભક્તિના દાને કરી હરિ ભગવાને અન્તરંગ સકલ દૈવી જીવોને કૃતાર્થ કર્યાં. ૭

**एवंविधस्वरूपान् श्रीवल्लभाख्यान् कृपानिधीन् ।**
**आश्रितोऽहं विनिश्चित्य ऐहिके पारलौकिके ॥८॥**

આ લોક–સંબંધી અને પરલોક–સંબંધી દરેક કાર્યમાં પાકો નિશ્ચય કરી આવા પ્રકારના કૃપાના સાગર શ્રીવલ્લભા-ચાર્યચરણોનો મેં આશ્રય કર્યો છે. ૮

## ૬. स्वमार्गीयभक्तिद्वैविध्यविवेकः ।

**अथ श्रीकृष्णवदनाचार्यसंश्रितचेतसा ।**
**निरूप्यते तन्मार्गीयभक्तिद्वैविध्यमद्भुतम् ॥१॥**

શ્રીકૃષ્ણચન્દ્રજીના વદનાવતાર શ્રીમહાપ્રભુજીને આશરે છે ચિત્ત જેનું એવો હું શ્રીમહાપ્રભુજીના માર્ગમાં રહેલી અદ્ભુત બે પ્રકારની ભક્તિનું અહીં નિરૂપણ કરું છું. ૧

वेदसिद्धा स्वतन्त्रा च द्विधा भक्तिः प्रतीयते ।
सृष्टिवाक्यैस्तथाऽभेदबोधकैः श्रुतिमूर्धभिः ॥२॥

સૃષ્ટિની ઉત્પત્તિ બતાવનારાં વાક્યો અને અભેદ બતાવનારાં ઉચ્ચતમ ઉપનિષદ્‌વાક્યોથી વેદસિદ્ધ અને સ્વતન્ત્ર એવી બે પ્રકારની ભક્તિ છે એમ માલૂમ પડે છે. ૨

## ૧. વેદસિદ્ધ ભક્તિ

माहात्म्यज्ञानभावाभ्यां प्रथमा प्रतिपद्यते ।
पुमर्थप्रतिपाद्यत्वाच्छ्रुतेर्मोक्षोपयोगिनी ॥३॥

પહેલી વેદસિદ્ધ ભક્તિ પ્રભુનાં માહાત્મ્યજ્ઞાન અને ભાવ એ બન્નેથી સિદ્ધ થાય છે. વેદ એ પુરુષાર્થનું પ્રતિપાદન કરનાર હોવાથી આ ભક્તિ મોક્ષ નામના ચોથા પુરુષાર્થની સિદ્ધિ આપવામાં ઉપયોગી છે. ૩

आत्मवत्प्रियता तत्र बोध्यतेऽभेदबोधनात् ।
माहात्म्यज्ञापनं चापि सृष्टिकर्तृत्वबोधनैः ॥४॥

આત્મા અને પરમાત્મા એક છે એ પ્રમાણે ઉપનિષદમાં કહ્યું છે, એટલે પ્રભુ પોતાની જાત જેવા વહાલા લાગે; અને પ્રભુએ સૃષ્ટિ ઉત્પન્ન કરી છે એ પ્રમાણે કહ્યું છે તેથી પ્રભુની મહત્તાનો ખ્યાલ આવે. ૪

शब्दार्थोऽपि तथैवात्र प्रकृतिप्रत्ययोदितः ।
प्रत्ययार्थः प्रेम चोक्तं स्त्रीभावे तद्विधानतः ॥५॥

भजधातोः प्रकृत्यर्थः स्पष्ट एव हि सेवनम् ।
'सायुज्यकाम्यये'त्युक्तेः परं तत्साधनं मतम् ॥६॥

પ્રકૃતિ અને પ્રત્યયનો વિચાર કરિયે તો भक्ति શબ્દ-માંથી આનો આ જ અર્થ નીકળે છે. (શબ્દના મૂલ રૂપને પ્રકૃતિ કહેવામાં આવે છે. એ વિભક્ત્યાદિરૂપને પકડે એટલા ખાતર જે તેને લગાડવામાં આવે છે તે **પ્રત્યય** : દા. ત. रामस्य-માં राम એ પ્રકૃતિ અને स्य એ પ્રત્યય છે.) भक्ति શબ્દમાં भज् ધાતુ કે જેનો અર્થ સ્પષ્ટ રીતે 'સેવા કરવી' એવો થાય છે, તે પ્રકૃતિ છે. અને સ્ત્રીલિંગ ક્રિયાવાચક નામ એ ધાતુ પરથી તૈયાર કરવું હોય તો ति પ્રત્યય લગાડવો એમ વ્યાકરણશાસ્ત્રમાં કહ્યું છે, એટલે ति–પ્રત્યયનો અર્થ 'પ્રેમ' છે, કારણ કે સ્ત્રીભાવ એટલે પ્રેમ. અને આ પ્રકારની ભક્તિ મોક્ષોપયોગી છે, કારણ કે (શ્રીમદાચાર્યચરણે તત્ત્વદીપ નિબન્ધ–શાસ્ત્રાર્થ પ્રકરણમાં) આજ્ઞા કરી છે કે (आदि-मूर्तिः कृष्ण एव सेव्यः सायुज्यकाम्यया, એટલે કે મોક્ષની ઇચ્છા હોય તો મૂલસ્વરૂપ કૃષ્ણની જ ભક્તિ કરવી.) ૬

**प्रेमापि साधनं कृष्णप्राकट्यैकप्रयोजनात् ॥६½॥**

શ્રીકૃષ્ણચન્દ્રજીના પ્રકટ થવામાં પ્રેમ પણ કારણરૂપ હોવાથી એ પ્રેમ સાધન છે. ૬½

## ૨. સ્વતન્ત્ર ભક્તિ

**एतद्विलक્षणा चान्या तादृग्लक्षणलक्षिता ॥७॥**
**अन्यथा नैव भक्तिः स्यादतः सात्र निरूप्यते ।**
**वेदेन बोधिता सापि श्रुतिरूपाभिरेव हि ॥८॥**

ઉપર જે વેદસિદ્ધ ભક્તિ કહી તેવાં જ લક્ષણો ધરાવ-તી છતાં એનાથી જુદા પ્રકારની બીજી ભક્તિ છે. એવાં

લક્ષણવાળી ન હોય તો ભક્તિ જ ન થાય. એ માટે જ એ બીજી સ્વતન્ત્ર ભક્તિનું નિરૂપણ અહીં કરવામાં આવે છે. આ ભક્તિનો પ્રકાર વેદે જ જણાવ્યો છે. અને એ તો શ્રુતિરૂપા ગોપાંગનાઓએ કરી બતાવી છે. ૮

सृष्टिवाक्यैरिवात्रापि माहात्म्यं प्रतिपादितम् ।
'मैवं विभोऽर्हती'त्याद्यैः सर्वभावनिरूपकैः ॥९॥
'गतिस्मिते'त्यादिवाक्यैरभेदाद् भावबोधनम् ॥९½॥

જે પ્રમાણે વેદસિદ્ધ ભક્તિમાં સૃષ્ટિવાક્યો દ્વારા પ્રભુના માહાત્મ્યનું વર્ણન છે તે પ્રમાણે રાસપંચાધ્યાયીના પહેલા અધ્યાયમાં ગોપીજનોનાં मैवं विभोऽर्हति વગેરે વાક્યો દ્વારા આ સ્વતન્ત્ર ભક્તિમાં પણ પ્રભુના માહાત્મ્યનું વર્ણન છે. પ્રભુ કેવા સમર્થ છે એનું આ પ્રસંગમાં શ્રીગોપીજનોએ નિરૂપણ કરેલું છે. બધું છોડી ગોપીજનો પ્રભુને જ ભજે છે, એટલે કે પ્રભુ એવા સમર્થ છે કે શ્રીગોપીજનોના મનને અન્યત્ર જવા નથી દેતા. ઉપરાંત गतिस्मित० વગેરે વાક્યો દ્વારા ભગવાન અને ભક્ત એવાં શ્રીગોપીજનો વચ્ચે અભેદ એટલે કે એકતાનું નિરૂપણ છે એટલે એ દ્વારા ભાવ એટલે કે પ્રેમનું નિરૂપણ છે. (આ સ્થલે प्रियाः प्रियस्य प्रतिरूढमूर्तयः, એટલે કે શ્રીગોપીજનો ભગવદ્રૂપ બની ગયાં છે એવું નિરૂપણ છે.) ૯½

भावोऽप्येवंविधस्तत्र यत्रात्मस्फूर्तिनाशनम् ॥१०॥
शब्दार्थोऽपि तथाभूतः सेवाप्रेमसमाहृतः ॥१०½॥

જે પ્રમાણે વેદસિદ્ધ ભક્તિમાં અહંભાવ નષ્ટ થાય છે તે પ્રમાણે આ સ્વતન્ત્ર ભક્તિમાં પણ એ ભાવ નષ્ટ

થાય છે. (પ્રભુ જ કરે છે એવો ભાવ જાગતાં અહંભાવ નષ્ટ થાય છે.) પહેલા પ્રકારમાં भक्ति શબ્દના અર્થમાં જે પ્રમાણે સેવા અને પ્રેમભાવ સમાયેલાં છે તે પ્રમાણે આ બીજા પ્રકારમાં પણ એ શબ્દના અર્થમાં બન્ને ભાવો સમાયેલા છે. ૧૦½

### ૩. બન્ને ભક્તિનો તફાવત

परन्तु मानसी सेवा स्त्रीभावः प्रेमशब्दितः ॥११॥
अस्ति तद्भाववैजात्यं सर्वभावप्रबोधनात् ।
अत एवात्रसायुज्यसदृशं कामभोजनम् ॥१२॥
नैवास्ति सर्वभावेनाभेदे तदनुभावनम् ।
स्वतन्त्रता च विज्ञेया वेदाबोधनस्तथा ॥१३॥
फलानपेक्षतातोऽपि मन्तव्यातिविचक्षणैः ॥१३½॥

પરન્તુ (બન્ને પ્રકાર વચ્ચે તફાવત એ છે કે આ બીજા પ્રકારમાં) સેવા માનસી છે, અને પ્રેમભાવનું સ્વરૂપ એ છે કે ભકત પોતાના મનમાં એવો ભાવ રાખે છે કે ભગવાન મારા પ્રિયતમ છે અને હું ભગવાનની પ્રિયતમા છું. આ રીતે બન્ને પ્રકારની ભક્તિમાં ભાવ જુદા છે, (એટલું જ નહિ,) વેદસિદ્ધા ભક્તિમાં જ્યારે એક અમુક જ પ્રકારે ભગવદ્ભજન છે, ત્યારે આ સ્વતન્ત્ર ભક્તિમાં એકી સાથે સર્વ પ્રકારે ભગવદ્ભજન છે. ઉપરાંત વેદસિદ્ધ-ભક્તિજન્ય મોક્ષમાં જેમ સર્વત્ર બ્રહ્મસ્વરૂપનો અનુભવ છે તેમ આ સ્વતન્ત્ર–ભક્તિજન્ય પરમાનન્દાનુભવમાં એને બદલે સર્વ પ્રકારની ઇચ્છાનું પરિપૂરણ છે. તેમ વળી વેદસિદ્ધ

ભક્તિમાં જ્યારે બ્રહ્મ સાથે સર્વ પ્રકારે એકતાનો અનુભવ થાય છે ત્યારે ઉપર વર્ણવેલ સર્વ પ્રકારનો અનુભવ નથી હોતો. ઉપરાંત આ બીજો પ્રકાર સ્વતન્ત્ર એટલા માટે છે કે વેદે એ નથી બતાવ્યો. અને એ ફલરૂપ જે પ્રભુ તેમની ગેરહાજરીમાં પણ થઈ શકે છે. ઊંચી સમજણવાળા જ આ વાત સમજી શકે છે. ૧૩½

द्वैविध्यमिदमेवात्र चरणास्यविभेदतः ॥१४॥
भक्तिभेदप्रकथनात्सर्वत्र विनिरूपितम् ।
श्रीमदाचार्यदासानां हृदये भासते परम् ॥१५॥

ભક્તિના જે બે પ્રકાર બધે શાસ્ત્રમાં વર્ણવ્યા છે તે આ રીતે : એક ચરણારવિન્દની ભક્તિ અને બીજી મુખારવિન્દની ભક્તિ. પરન્તુ, શ્રીમહાપ્રભુજીના સેવકોના હૃદયમાં જ આ વાત સમજાય છે. ૧૫

## ૭. स्वमार्गीयमुक्तिद्वैविध्यनिरूपणम् ।

जीवानां कृष्णसम्बन्धो भक्तिमार्गे विमोचनम् ।
स द्वेधा जीवविहितो भगवद्विहितस्तथा ॥१॥

જીવોને શ્રી કૃષ્ણચન્દ્રજી સાથે સમ્બન્ધ થાય તેને જ ભક્તિમાર્ગમાં **મોક્ષ** કહે છે. એ મોક્ષ–ભક્તિમાર્ગીય મોક્ષ બે પ્રકારનો છે : ૧. જીવકૃતિથી સાધ્ય અને ૨. પ્રભુકૃતિથી સાધ્ય. ૧

जीवस्य कृष्णसम्बन्धे मार्गनिष्ठतया क्रमात् ।
प्रवेशः परमानन्दे, तद्धि सायुज्यशब्दितम् ॥२॥

માર્ગમાં નિષ્ઠા રાખી ક્રમે કરી જીવને કૃષ્ણસમ્બન્ધ થતાં પરમાનન્દમાં જે પ્રવેશ તે જ **સાયુજ્ય.** ૨

**कृष्णप्रवेशाख्या मुक्तिः सा सद्योमुक्तिरुच्यते ।**
**न तत्र भक्तविहितः कश्चिद्वै साधनक्रमः ॥३॥**

**अत्यन्तकृपया कृष्णो विशते स्वप्रमेयतः ।**
**तदैव तत्र भवति मुक्तता वेशनक्षणे ॥४॥**

પ્રભુ (કૃપા કરી) જીવના હૃદયમાં પધારે તેનું નામ સદ્યોમુક્તિ. આ પ્રકારમાં ભક્તે એક પણ સાધન કર્યું નથી હોતું. અત્યંત કૃપા કરી સ્વપ્રમેયબલે એટલે કે સ્વરૂપ-સામર્થ્યથી સ્વેચ્છાએ કરી પ્રભુ (જીવના હૃદયમાં પધારે), એટલે જેવા પ્રભુ પધાર્યા તેવો જ જે ક્ષણે પ્રભુ પધાર્યા તે ક્ષણે જ જીવ મુક્ત. ૪

**अन्तर्गृहस्थासु यथा पुण्यपापक्षयः क्रमात् ।**
**रासस्थासु तथावेशादभवन्मुक्तता क्षणात् ॥५॥**

આ બન્ને પ્રકારનાં દૃષ્ટાન્તો નીચે મુજબ છે: (વેણુગાન થતાં) જે ગોપીજનો પોતાનાં ઘરમાંથી બહાર ન નીકળી શક્યાં તેમનાં પુણ્ય અને પાપનો ક્રમે કરી ક્ષય થયો, પરન્તુ જેઓ શ્રીકૃષ્ણચન્દ્રજી પાસે જઈ પહોંચ્યાં તેવાં રાસમાં રહેલાં ગોપીજનોને પ્રભુના આવેશ માત્રથી ક્ષણમાત્રમાં **મુક્તપણું** થયું. ૫

**अनेनैव प्रकारेण ज्ञातव्या मोक्षयोर्भिदा ।**
**जीवस्य भगवत्प्राप्तिः पूर्वा भगवतः परा ॥६॥**

બે પ્રકારના મોક્ષ વચ્ચેનો ભેદ આ રીતે સમજવો : જીવ જઇને પ્રભુને મળે એ એક પ્રકાર અને પ્રભુ જઈને જીવને મળે એ બીજો પ્રકાર. ૫

अत एवास्मदाचार्यैरुक्तं सन्न्यासनिर्णये ।
'बहिश्चेत्प्रकटः स्वात्मे'त्यादिना मुक्तिलक्षणम् ॥७॥

આથી જ શ્રીમદસ્મદાચાર્યવર્યોએ સંન્યાસનિર્ણયમાં " बहिश्चेत्प्रकटः स्वात्मा —જો આત્મા બહાર પ્રકટ થાય અને એ અગ્નિની માફક જ્યારે પ્રવેશ કરે, ત્યારે સકલ બન્ધ નાશ પામી જાય છે " એ વગેરે શ્લોકે કરી **મુક્તિ–મોક્ષનું** લક્ષણ બાંધ્યું છે–( એ જ આ સદ્યોમુક્તિ ). ૭

## ૮. स्वमार्गीयसेवाफलरूपनिर्णयः ।

अथ श्रीवल्लभाचार्यमार्गसर्वस्वरूपिणी ।
सेवा ससाधना सर्वा रूप्यते सनिदर्शना ॥१॥

હવે શ્રીવલ્લભાચાર્યજીના માર્ગમાં સર્વસ્વ–રૂપ એવી સેવા સાધન સાથે અને દૃષ્ટાન્ત સાથે વિસ્તારપૂર્વક કહેવામાં આવે છે. ૧

चेतस्तत्प्रवणं सेवा मानसी फलरूपिणी ।
प्रोक्ता निरोधरूपा सा व्रजस्थेष्वेव दृश्यते ॥२॥

પ્રભુમાં ચિત્તને પરોવી દેવું એનું નામ સેવા. ( ત્રણે પ્રકારની સેવામાં જે છેલ્લી ) 'માનસી' તે ફલરૂપ છે. નિરોધસ્વરૂપે કહેવામાં આવેલી એ માનસી સેવા છે. એ માત્ર વ્રજવાસીઓમાં જ દેખાય છે. ૨

प्रमेयबलजस्तेषु निरोधः प्रभुणा कृतः ।
तत्स्वरूपं तु भावेनानुभावस्तु तदात्मनः ॥३॥

પ્રમેય–બલને લીધે ઉત્પન્ન થયેલો એવો જે નિરોધ તે પ્રભુએ એ વ્રજવાસીઓને કરાવ્યો. એ નિરોધનું સ્વરૂપ એ કે ભાવે કરી જીવ પ્રભુનો બની જાય. ૩

भावस्तु विप्रयोगेण तापक्लेशैर्विचारणम् ।
तदोद्भवः प्रभोस्तत्र हृदये स्याद्रसात्मनः ॥४॥

વિરહે કરી તાપકલેશથી (પ્રભુથી હું વિખૂટો પડયો છું, પ્રભુ ક્યારે મળે, એ વગેરેની તાલાવેલીથી પ્રભુ સમ્બન્ધી) વિચાર કરવામાં આવે એ ભાવ. આવી ભાવાત્મક સ્થિતિ જ્યારે થાય ત્યારે રસાત્મા પ્રભુનો ભકતના હૃદયમાં આવિર્ભાવ થાય. ૪

बाह्यास्फूर्तौ वियोगेन रसे हृदयदेशगे ।
रसात्मकप्रभोस्तत्र प्रादुर्भावः स्वतो भवेत् ॥५॥

વિરહે કરી બાહ્ય કોઈ પણ પદાર્થોની સ્ફુરણા ન થતાં વિપ્રયોગરસ હૃદયમાં પ્રકટે ત્યારે રસાત્મા પ્રભુનો ત્યાં મેળે પ્રાદુર્ભાવ થાય. ૫

तेनैव प्रभुणा सर्वलीलानुभवतो हृदि ।
रसात्मकस्वरूपस्य स्थितिस्त्रैकालिकी भवेत् ॥६॥

એ જ પ્રભુ હૃદયમાં સકલ લીલાનો અનુભવ કરાવે એટલે રસાત્મકરૂપ પ્રભુની હૃદયમાં સ્થિતિ સર્વકાળમાં રહે છે. ૬

एवमेव स्थितिर्ज्ञेया स्वामिनीहृदयेषु हि ।
सैवास्मदाचार्यवर्यैर्'नमामी'त्यत्र रूपिता ॥७॥

એવા જ પ્રકારની સ્થિતિ શ્રીસ્વામિનીઓ–વ્રજાંગનાઓનાં હૃદયોમાં જાણવી. શ્રીમહાપ્રભુજીએ "नमामि हृदये शेषे (सुबो. १०–१–१ કારિકા)–હૃદયરૂપી શેષનારાયણ ઉપર લીલારૂપી ક્ષીરસાગરમાં શયન કરતા અને હજારો લીલાઓરૂપી લક્ષ્મીથી સેવાતા કલાનિધિ પ્રભુને નમન કરું છું–" ત્યાં એ જ ભાવાત્મક સ્થિતિ કહી છે. ૭

स्वतन्त्रभक्तास्ते वाच्या येष्वेवं भगवत्स्थितिः ।
एवमेव हि तद्भक्तेः स्वातन्त्र्यं, नान्यथा भवेत् ॥८॥
यतो न हि प्रभोस्तत्र बहिः प्राकट्यमिष्यते ॥८½॥

જેઓમાં આવા પ્રકારની પ્રભુસ્થિતિ હોય છે તેમને સ્વતન્ત્ર ભક્તો કહેવા. આ જ રીતે એ ભક્તિ પણ સ્વતન્ત્ર; બીજી રીતે એ સ્વતન્ત્ર ન થઈ શકે, કેમકે આ પ્રકારની ભક્તિમાં પ્રભુના બહાર પ્રાકટ્યની જરૂર નથી. ૮½

स्वतन्त्रा भक्तिरधुना व्रजस्त्रीष्वेव दृश्यते ॥९॥
रासस्थासु तथान्यत्र स्थापिता स्वमुखाम्बुजे ।
तदाश्रयवतां नृणां तत्कृपातो भविष्यति ॥१०॥
यतो भगवता प्रोक्तं तान्प्रत्येव समर्पणम् ॥१०½॥

એ સ્વતન્ત્ર ભક્તિ રાસલીલામાં રહેલ વ્રજાંગનાઓમાં જ દેખાય છે તેમ ઇતર સ્થળે પણ છે. એ સ્વતન્ત્ર ભક્તિ પ્રભુના મુખારવિન્દના અવતાર શ્રીમહાપ્રભુજીમાં પ્રભુએ સ્થાપી છે. શ્રીમહાપ્રભુજીને આશરે ગયેલા ભગવદીયોને

શ્રીમહાપ્રભુજીની કૃપાથી થાય, કેમકે એવા આશરે આવેલા જીવોને ઉદ્દેશીને જ પ્રભુએ સમર્પણની આજ્ઞા કરી છે. ૧૦½

श्रीमत्प्रभोस्तु तद्दानमाचार्येभ्यो न संशयः ॥११॥
अन्येषु तत्कृपातस्तु भविष्यति न संशयः ॥११½॥

શ્રીઠાકોરજીએ એ ભક્તિનું દાન શ્રીમદાચાર્યચરણ શ્રીમહાપ્રભુજીને કર્યું છે, અને બીજાઓને એ દાન શ્રીમહાપ્રભુજીની કૃપા દ્વારા થવાનું છે. આ બન્ને વાત નિર્વિવાદ છે. ૧૧½

कृपा हि मार्गरुच्यैव निश्चिता भवति ध्रुवम् ॥१२॥
तत्रादावधिकारत्वात्प्रथमं यत्समर्पणम् ।
तदाचार्येभ्य एवोक्तमतस्तद्द्वारकं भवेत् ॥१३॥

આપણી ઉપર કૃપા છે એ ત્યારે સમજવું કે જ્યારે આપણા માર્ગમાં રુચિ થાય. હવે સૌથી પહેલાં યોગ્યતા પ્રાપ્ત કરવા માટે સાધનરૂપ જે આત્મસમર્પણ—બ્રહ્મસમ્બન્ધ છે તે શ્રીમહાપ્રભુજી દ્વારા જ કરવું એમ કહેવામાં આવ્યું છે; માટે શ્રીમદાચાર્યચરણ દ્વારા જ એ થવું જોઈયે. ૧૩

अतस्तेभ्यस्तद्विधाय प्रेमसेवां प्रसाधयेत् ।
तस्याधिकाररूपत्वादाधिकारिकरूपिणी ॥१४॥
तनुवित्तयुता सेवा समर्पणफला हि सा ॥१४½॥

માટે એ શ્રીમહાપ્રભુજી દ્વારા સમર્પણ પ્રાપ્ત કરી પ્રેમપૂર્વકની જે સેવા તે સિદ્ધ કરવી. એ સમર્પણ અધિકારરૂપ છે, એટલે કે યોગ્યતા ઉત્પન્ન કરનાર છે, એટલે એ સમર્પણ પછીની જે સેવા છે તે અધિકારવાળી એટલે કે

સત્તાવાળી સમર્થ બની. એવી જે તનુજા અને વિત્તજા સેવા તે વાસ્તવિક એટલે અન્તઃકરણપૂર્વકની સમર્પણ ભાવનાને હૃદયમાં જન્મ આપે છે. ૧૪½

**समर्पणं तु भवति विनियोगेन सार्थकम् ॥१५॥**
**विनियोगाद्भवेदेव प्रेमासक्त्यादि चाखिलम् ।**
**कृपाविशेषाद् व्यसनं प्रपञ्चे विस्मृते भवेत् ॥१६॥**

સર્વ વસ્તુના વિનિયોગથી સમર્પણ સાર્થક થાય છે અને એ વિનિયોગ દ્વારા પ્રેમ આસક્તિ વગેરે બધું પ્રાપ્ત થાય છે. ખાસ કૃપા થતાં પ્રપંચ–જગતનું વિસ્મરણ થતાં વ્યસન–દશા પ્રાપ્ત થાય છે. ૧૬

**अयमेव निरोधो हि मानसी सेवनापि वा ।**
**आसक्तेर्व्यसनादौ तु कारणत्वं हि गम्यते ॥१७॥**

આ જ નિરોધ અથવા આ જ માનસી સેવા. વ્યસન વગેરે દશામાં જે આસક્તિ તે કારણરૂપ છે; (પ્રથમ રુચિ, પછી પ્રેમ અને પછી આસક્તિ, એ પછી વ્યસનદશા થાય છે, માટે આ શ્લોકમાં આસક્તિને વ્યસનનું કારણ કહ્યું છે.)૧૭

**प्रपञ्चविस्मृतिस्तत्र सुलभासक्तितो भवेत् ।**
**एतदेव स्वामिनीषु प्रभुणा विहितं पुरा ॥१८॥**
**दृष्टान्तार्थक्रमेणैव तत्सर्वमिह रूप्यते ॥१८½॥**

પ્રભુમાં આસક્તિ થવાથી જ જગત વગેરેનું વિસ્મરણ થાય. શ્રીકૃષ્ણચન્દ્રજીએ આ આસક્તિ દ્વારા જ જગતનું વિસ્મ-રણ વ્રજાંગનાઓને પ્રથમ કરાવ્યું. એના દૃષ્ટાંતભૂત જે વ્રજવાસીઓ તેમને જે ક્રમે ફલ પ્રાપ્ત થયું તે ક્રમે અહીં કહેવામાં આવે છે. ૧૮½

प्रादुर्भूय स्वयं नन्दगेहे तासां समर्पणम् ॥१९॥
कारयित्वा स्वयं तत्र लीलां कुर्वन् बभौ प्रभुः ।
'आत्मानं भूषयाञ्चक्रु'रित्यत्रोक्तं समर्पणम् ॥२०॥

શ્રીનંદરાયજીના ઘરમાં પ્રકટ થઈને એ વ્રજાંગનાઓને સમર્પણ કરાવી ત્યાં જાતે લીલા કરતા પ્રભુ શોભવા લાગ્યા. શ્રીમદ્‌ભાગવત (૧૦–૫–૯)માં 'आत्मानं भूषयाञ्चक्रुः વ્રજાંગનાઓએ આ જન્મોત્સવ પ્રસંગે પોતાના આત્મા શણગાર્યા' આ સ્થળે સમર્પણનું નિરૂપણ છે. ૨૦

यावत्प्रभोः समर्थत्वं सुखदाने भवेत्पुनः ।
समर्पणफलं तावत्तापक्लेशो निरूपितः ॥२१॥

જ્યાંસુધીમાં પ્રભુ સુખદાન દેવા સમર્થ થાય ત્યાંસુધી સમર્પણનું ફલ—વચ્ચેના સમયમાં વ્રજાંગનાઓને થયેલ તાપ-ક્લેશ કહેવામાં આવ્યો છે. ૨૧

आविर्भावो हि बाल्येऽपि स्वेष्टरूपस्य तेन हि ।
सर्वाभिरग्रे भाव्याभिर्लीलाभिः सुखसम्भवः ॥२२॥

એ તાપ–કલેશને લઈ પોતાને ઇષ્ટ એવા રૂપનો આવિર્ભાવ બાલ્યકાળમાં પણ થઈ શકે છે, અને એ જ તાપ–કલેશથી હવે પછી થવાની સમગ્ર લીલાઓમાં સુખનો અનુભવ છે. ૨૨

'यर्ह्यङ्गने'त्यादिभिस्तु तदेव विनिरूपितम् ।
अग्रे क्रमेण सर्वोऽपि निरोधः सुनिरूपितः ॥२३॥

यर्ह्यङ्गना–( ભા. ૧૦–૮–૨૪ ) વગેરે પ્રસંગે કરી એ જ

વાત સારી રીતે નિરૂપવામાં આવી છે. આગળ જતાં ક્રમે કરી સમગ્ર નિરોધનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ૨૩

**निरोधेऽपि न यास्विच्छा तासां मुक्तिर्निरूपिता ।**
**अन्तर्गृहगतानां तु तथा देहाविधारणम् ॥२४॥**
**प्रभ्विच्छातः स्वतो नेति 'स्थापयित्वे'ति चोदितम् ॥२४½॥**

નિરોધ કરાવ્યા છતાં રમણ કાજે જેઓ વિશે પ્રભુની ઇચ્છા ન હતી તેવાં ગોપાંગનાઓને મોક્ષ આપ્યો એમ કહેવામાં આવ્યું છે. વેણુનાદ સાંભળીને પ્રભુ પાસે જવા માગતાં છતાં ઘરમાં પુરાઈ રહેલા એવાં ગોપીજનોના દેહો નથી રહ્યા એમાં કારણભૂત પ્રભુની ઇચ્છા જ છે, જીવની નહિ, આ વાત 'स्थापयित्वा' ઇત્યાદિ સ્થલમાં કહી છે. ૨૪½

**मुक्तिस्तु प्रभुणा स्वस्मिन्नित्यसंयोजनं स्वतः ॥२५॥**
**संयोगानुभवार्थं हि ततो निष्कासनं क्वचित् ।**
**अनुभूय तथा लीलास्तत्स्वरूपे व्यवस्थितिः ॥२६॥**

પ્રભુ સ્વેચ્છાએ કરી જીવને પોતાનામાં હંમેશને માટે સમાવી દે એનું નામ મોક્ષ. કોઇક વાર સંયોગરસનો અનુભવ કરાવવા પ્રભુ એ જીવને બહાર કાઢે પણ ખરા, પરંતુ એ લીલાનો અનુભવ કરાવી પાછા અંદર સમાવી દે. ૨૬

**फलभक्तिस्ततो भिन्ना प्रभोर्भक्तहृदि स्थितिः ।**
**यावल्लीलाकृतिर्नित्यपूर्वरूपनियोजनम् ॥२७॥**

ફલાત્મક ભક્તિ તો આ મુક્તિ કરતાં જુદા જ પ્રકારની છે. એ એ કે પ્રભુ પોતે ભક્તના હૃદયમાં સ્થિતિ કરી રહે; વળી જેટલી લીલાઓ કરી હોય તે બધી સદૈવ ભક્તના

હૃદયમાં બિરાજી કરે, અને જીવનું પૂર્વ રૂપ હંમેશ માટે કાયમ રાખે. ૨૭

आत्यन्तिको वियोगोऽयं सर्वत्र विनिरूपितः ॥२८॥
एतत्फलं तु बहुधा सेवायामपि सर्वथा ॥२८॥
दानसाध्यमतः प्रोक्तं 'दाने चाद्य' इति स्फुटम् ।
दानमाननवह्लेस्तु प्रादुर्भावाद्विनिश्चितम् ॥२९॥

આ અત્યન્ત વિપ્રયોગનું બધે સ્થળે નિરૂપણ છે. આ ફલ મોટે ભાગે સેવામાં પણ પ્રાપ્ત થાય છે. આ ફલ (સાધનસાધ્ય નથી, પરન્તુ) દાનસાધ્ય છે (એટલે કે પ્રભુ કૃપા કરીને દાન કરે તો જ મળે એમ છે.) આ વાત 'अलौकिकस्य दाने हि चाद्यः सिध्येत् मनोरथः' (सेवाफल १) આ સ્થલે સ્પષ્ટ રીતે વર્ણવી છે. અને આ દાન શ્રીઠાકોરજીના મુખારવિન્દસ્વરૂપ દ્વારા જ થાય છે. આ દાન માટે શ્રીમહાપ્રભુજીને પ્રાકટ્ય લેવું પડ્યું એનાથી આ વાતનો નિર્ણય થઈ જાય છે. ૨૯

तदाश्रयः सदा कार्यः सर्वभावेन सर्वथा ।
भविष्यति तदेकात्मविश्वाससयुजां नृणाम् ॥३०॥

સંપૂર્ણ ભાવથી દરેક રીતે એ શ્રીમહાપ્રભુજીનો સદૈવ આશ્રય કરવો. એ શ્રીમહાપ્રભુજીમાં અનન્ય વિશ્વાસવાળા મનુષ્યોને એ ફલ સિદ્ધ થશે. ૩૦

कृपासाध्यमतः सर्वं, तथा चेन्न कृपा भवेत् ।
मुक्तिरेव फलं तस्य सायुज्यमिति निश्चयः ॥३१॥

આથી સર્વ માત્ર કૃપાથી જ સાધી શકાય એમ છે. હવે જો એવા પ્રકારની કૃપા ન થાય તો એવા મનુષ્યને

સાયુજ્ય મુક્તિ એ જ ફલ મળે એમ ચોક્કસ જાણવું. ૩૧

सायुज्यमक्षरे नैव किन्तु तत्पुरुषोत्तमे ।
भक्तिमार्गफलेष्वेतन्मध्यमं फलमीर्यते ॥३२॥

આ સાયુજ્ય (જ્ઞાનમાર્ગીયોની જેમ) અક્ષરબ્રહ્મમાં નથી, પરંતુ શ્રીપુરુષોત્તમમાં થાય છે. ભક્તિમાર્ગીય ત્રણ ફલોમાં આ મધ્યમ પ્રકારનું ફલ કહેવાય છે. ૩૨

'सायुज्यकाम्यये'त्यादि निबन्धेऽपि निरूपितम् ।
भक्तेर्दुर्लभता प्रोक्ता 'दुर्लभेति न सोच्यते' ॥३३॥

'आदिमूर्तिः कृष्ण एव सेव्यः सायुज्यकाम्यया' (तत्त्वदीपनिबन्ध शास्त्रार्थ प्रकरण १४) એ વાક્યમાં આ વાત બતાવી છે. 'दुर्लभेति न सोच्यते' એ ભક્તિ દુર્લભ છે, માટે એનું નિરૂપણ અહીં નથી–એ પ્રકારનું શ્રીમહાચાર્યચરણનું જે વાક્ય છે તે ઉપરથી એ ભક્તિની દુર્લભતા સ્પષ્ટ પ્રતીત થાય છે. ૩૩

तस्मात्कृपातारतम्यात्फलमुक्तमनेकधा ।
फलद्वयाधिकारो हि योग्यगेहादिकं पुनः ॥३४॥
भक्तिमार्गीयसेवा या साधारणकृपाफलम् ।
फलत्रयेऽपि नैवास्ति कालादिकनियम्यता ॥३५॥

તેથી અનુગ્રહના ભેદે કરી અનેક પ્રકારનું ફલ કહેવાય છે. સાયુજ્ય, સદ્યોમુક્તિ, અને ભક્તિમાર્ગની રીતે સેવા, એ ત્રણ ફલો પૈકી પહેલાં બે ફલોના અનુભવ માટે ભગવાનની પરમકૃપા ઉપરાંત અનુકૂલ કુટુંબસ્થિતિ વગેરે આવશ્યક છે; અને ત્રીજું ફલ જે ભક્તિમાર્ગીય સેવા તે પ્રભુની સાધારણ કૃપા હોય તોપણ પ્રાપ્ત થાય છે.

પરંતુ આ ત્રણે ફલોમાં કાલાદિક કાંઈ કરી શકતા નથી, (પ્રભુની કૃપા જ બધું કામ કરી રહી છે.) ૩૫

एवं विज्ञाय च फलं फलसेवाश्रितैर्जनैः ।
फलदाचार्यचरणौ शरणीक्रियतां सदा ॥३६॥

આ પ્રમાણે ફલ વિશે વિશેષ પ્રકારનું જ્ઞાન મેળવી ફલરૂપ સેવાને આશરે રહેલા જીવોએ ફલને દેવાવાળા એવા શ્રીમદાચાર્યચરણોનો સદૈવ આશરો રાખવો. ૩૬

## ९. पुष्टिमार्गीयस्वरूपनिरूपणम् ।

अथ श्रीवल्लभाचार्यचरणाब्जप्रसादतः ।
क्रियते पुष्टिमार्गीयप्राप्यरूपविनिर्णयः ॥१॥

શ્રીવલ્લભાચાર્યજીના ચરણકમલની કૃપાએ કરી પુષ્ટિમાર્ગમાં જે સ્વરૂપની આપણે પ્રાપ્તિ કરવાની છે તેનો નિર્ણય કરવામાં આવે છે. ૧

शृङ्गाररससंस्थानं स्थायिभावः प्रभुर्मतः ।
रसो निरूपितः शास्त्रे यादृशस्तादृगेव हि ॥२॥
नृत्यबन्धादिभिर्बोध्यः क्रिया तत्रापि कारणम् ॥२½॥

શૃંગારરસના આધારરૂપ જે સ્થાયી ભાવ તે પ્રભુ છે. રસશાસ્ત્રમાં જેવા પ્રકારના રસની વાત કરવામાં આવી છે તેવો જ નૃત્ય-બન્ધ એ વગેરે સ્વરૂપથી જાણવો. એમાં પણ ક્રિયા એ કારણરૂપ છે. ૨½

क्रियया नृत्यबन्धाद्यैः शास्त्रादुद्रेकतोऽपि च ॥३॥
उद्बोध्यः स्वामिनीभावः सोऽस्माकं मन्मथः प्रभुः ।

गूढभावो हृदि स्थायी स्त्रीभावात्मा कृपाकरः ॥४॥
सुखरूपस्तु तत्पश्चाद् भावी तदनुभावकः ।
भक्तसम्बन्धजनितस्तद्भोक्ता प्रभुरुच्यते ॥५॥

ક્રિયાએ કરી નૃત્યબન્ધ વગેરેએ કરી, શાસ્ત્રથી તેમ ઉમળકાથી જે સ્વામિનીભાવનું ઉદ્બોધન (જાગૃતિ) કરવાનું છે, તે જ આપણા મન્મથરૂપ પ્રભુ ગૂઢભાવાત્મક અને હૃદયમાં રહેલ સ્થાયી ભાવરૂપ છે. એ ભાવ ગૂઢ હોય છે, હૃદયમાં હોય છે, સ્ત્રીભાવરૂપ હોય છે, અને કૃપારસની ખાણ સમો હોય છે. આ ભાવ સુખરૂપ તો ત્યારે થાય કે જ્યારે ભક્તનો સમાગમ થતાં એનું ફરી ફરી ચર્વણ થાય અને એ દ્વારા એનો ફરી ફરી વાર અનુભવ થાય; અને આ રસના ભોક્તા એ આપણા પ્રભુ અને આપણા શ્રીમહાપ્રભુજી. ૫

'कामाख्यं सुखमुत्कृष्ट'मित्यत्र विनिरूपितम् ।
तस्य भावैकभोग्यत्वाद् भोक्तृत्वमुपपद्यते ॥६॥

"कामाख्यं सुखमुत्कृष्टं कृष्णो भुङ्क्ते न चापरः" (भाग. १०–६० सुबोधिनी–कारिका ५३ )–એ સ્થળે આ વાત નિરૂપવામાં આવી છે. એ સુખ માત્ર ભાવથી જ ભોગવી શકાય તેવું હોવાથી પ્રભુ એના ભોક્તા છે, એ વાત સંભવી શકે છે. ૬

अतिगूढः स भगवानेवं ज्ञेयः कृपाबलात् ।
तदाश्रितैः सदा सिद्धैः सेव्यश्च प्रीतिसेवया ॥७॥

આ પ્રમાણે કૃપાબળે અતિગૂઢ એવા એ પ્રભુને જાણવા અને એ પ્રભુને શરણે ગયેલા સિદ્ધોએ પ્રીતિરૂપ સેવાથી એ જ પ્રભુની સદા સેવા કરવી. ૭

## १०. स्वमार्गीयस्वरूपस्थापनप्रकारः ।

समानीय स्वयं हट्टान्मूर्तिं सर्वाङ्गशोभनाम् ।
कृष्णस्य बाल्यकैशोरावस्थापन्नां विशेषतः ॥१॥
बाल्यस्यैकाकिनीमन्यां सद्वितीयामथापि वा ।
यतो मूलचरित्रं हि बाल्यकैशोरयोः कृतम् ॥२॥
स्नापयित्वा तु विधिवत्पञ्चामृतजलादिभिः ।
शङ्खेन च ततः पश्चाच्चन्दनेनानुलेपनम् ॥३॥
पुनरुष्णजलेनापि स्नापयित्वा तदुत्तरम् ।
संप्रोञ्छ्य सूक्ष्मवस्त्रेण स्थापयेदासनोपरि ॥४॥

મૂલસ્વરૂપ શ્રીકૃષ્ણ એમની લીલા બાલ્યાવસ્થા તેમ કિશોર અવસ્થામાં થયેલી છે; માટે ( વલ્લભકુલબાલકે ) જાતે જઈ બજારમાંથી જે સર્વાંગસુન્દર સ્વરૂપ પધરાવી લાવવું તે કાં બાલસ્વરૂપ અથવા તો કિશોરસ્વરૂપ પધરાવી લાવવું; અને જો બાલસ્વરૂપ પધરાવી લાવવું હોય તો એ એકલું, અને કિશોરસ્વરૂપ પધરાવી લાવવું હોય તો એ શ્રીસ્વામિનીજી સહિત પધરાવી લાવવું. પછી વિધિ મુજબ શંખે કરી પંચામૃત જલ વગેરેથી સ્નાન કરાવવું. એ પછી ચન્દનનો લેપ કરવો. ફરી ગરમ જલ વડે સ્નાન કરાવી એ બાદ ઝીણા વસ્ત્રથી પ્રોચ્છન કરી (લૂછી) આસન ઉપર સ્થાપવું. ૪

प्रार्थयित्वा निजाचार्यान् ध्यात्वा तद्हृदयस्थितम् ।
भावात्मकं प्रभो रूपं सर्वलीलायुतं सदा ॥५॥

लक्ष्मीसहस्रसंसेव्यं तापक्लेशयुतात्मना ।
बद्ध्वाञ्जलिं तथाभूतः पठेच्च तदनन्तरम् ॥६॥
'अव्यादजोऽङ्घ्रिमणिमा'नित्यादिन्यासपूर्वकम् ।
विभाव्य स्वामिनीरक्षां प्रत्यङ्गे स्थापिताङ्गुलिः ॥७॥

ત્યારબાદ શ્રીમદાચાર્યચરણોની પ્રાર્થના કરી, એઓના હૃદયમાં રહેલું, સકલ લીલાઓથી યુક્ત એવું પ્રભુનું હજારો લક્ષ્મીઓથી સેવાયેલું ભાવાત્મક જે રૂપ તેનું સદૈવ તાપક્લેશયુક્ત હૃદયે ધ્યાન ધરી અને બે હાથ જોડી 'अव्यादजोऽङ्घ्रिमणिमान्' વગેરે (ભાગ ૧૦–૬–૨૨ થી ૨૯, એ રક્ષાના શ્લોકોનો ન્યાસાદિપૂર્વક દરેક દરેક અંગમાં અંગુલિ મૂકી શ્રીગોપીજનોએ (પૂતનાવધ પ્રસંગમાં) જે રક્ષા કરી તે રક્ષાની પણ ભાવના કરી, પાઠ કરવો. ૭

रक्षामिषेण विहितं भावात्मस्थापनं प्रभौ ।
स्वाचार्यसंश्रितैस्तद्वन्मूर्तावपि हरिस्थितिः ॥८॥

રક્ષાને બહાને જેમ શ્રીગોપીજનોએ પ્રભુનાં શ્રીઅંગમાં ભાવાત્મક સ્વરૂપનું સ્થાન કર્યું તે પ્રમાણે શ્રીમહાપ્રભુજીને શરણે આવેલા જીવોએ પોતે પધરાવી લાવેલ સ્વરૂપમાં ભાવાત્મક સ્વરૂપનું સ્થાન કરવું. અને આ રીતે પ્રભુ એ સ્વરૂપમાં આવી બિરાજે છે. ૮

इदमेवोक्तमाचार्यैर्भक्तिमार्गप्रकारतः ।
'तत्र च स्थित'मित्यादि, स भावात्मा हरिः स्मृतः ॥९॥

ભક્તિમાર્ગાનુસાર પ્રભુ આ રીતે પધારે છે અને બિરાજે છે એ વાત શ્રીમહાપ્રભુજીએ (તત્ત્વદીપનિબન્ધના

સર્વનિર્ણય પ્રકરણમાં) 'तद्रूपं तत्र च स्थितम्' એ શ્લોકાંશમાં કહી છે. અને ભાવાત્મક પ્રભુ તે આ જ. ૯

पठित्वा तु त्रिरावृत्त्या शृङ्गारं रचयेत् तदा ।
वस्त्रैराभरणैर्वापि प्रेम्णा सौन्दर्यसूचकैः ॥१०॥
आस्तीर्य वस्त्रैर्विधिवदासनं तत्र भावयेत् ।
तदुत्तरीयवस्त्राणि ततस्तामुपवेशयेत् ॥११॥
'तद्दर्शने'ति तत्रत्यं पद्ययुग्ममुदीर्य च ॥११½॥

('अब्यादब्जोऽङ्घ्रिमणिमान्' વગેરે શ્લોકોનો) ત્રણ વાર પાઠ કરવો; અને પછી સ્વરૂપ દીપી ઊઠે એવા શણગાર વસ્ત્રો તેમ આભૂષણોથી પ્રેમપૂર્વક કરવા; (પછી આસન બિછાવવું;) આસન બિછાવી (રાસપંચાધ્યાયીના પ્રસંગમાં એક વાર તિરોહિત થઈ પછી પાછા પ્રભુ પ્રકટ થયા ત્યારે જે પોતાનાં ઉત્તરીય વસ્ત્રો પર એ પ્રભુને શ્રીગોપીજનોએ પધરાવ્યા તે) ઉત્તરીય વસ્ત્રોની એ આસનમાં ભાવના કરવી; અને એ પ્રસંગના 'तद्दर्शनाह्लादविधूतहृद्रुजो' વગેરે જે બે શ્લોક છે તેનો પાઠ કરી એ સ્વરૂપને એ આસન ઉપર પધરાવવું. ૧૧½

ततः सज्जीकृते सम्यगोदनव्यञ्जनादिके ॥१२॥
भावयित्वा तु तत्रत्यस्वामिनीविहितार्चनम् ।
हृदि कृत्वा निजाचार्यान् दैन्यवानेकतत्परः ॥१३॥
स्वयं समर्पयेत् काममाचार्यद्वारकं जनः ॥१३½॥

ત્યારબાદ સખડી, સંધાણાં વગેરે જેવાં સિદ્ધ થાય કે તરત જ શ્રીઠાકોરજીની સેવા શ્રીગોપીજનો જ કરી રહ્યાં

છે એવી ભાવના કરી, શ્રીમહાપ્રભુજીને હૃદયમા પધરાવી, દીનતા તેમ એકાગ્રતાપૂર્વક શ્રીમહાપ્રભુજીની કાનીથી અરોગો એવી વિનંતિ કરી એ બધું જાતે શ્રીઠાકોરજીને સમર્પવું (એટલે કે ભોગ ધરવો). ૧૩½

ताम्बूलमुत्तमं दद्यादाचम्य प्रोञ्छ्य चाननम् ॥१४॥
तत उत्थाय च करौ संयोज्य विधिवत् पठेत् ।
कृष्णाश्रयाभिधं स्तोत्रं प्रणमेद्दण्डवद् भुवि ॥१५॥

એ પછી આચમન કરાવી, મુખ પોંછી ઉત્તમ પ્રકારનું નાગરવેલનું પાન ધરાવવું. પછી ઊભા થઈ બે હાથ જોડી શ્રીકૃષ્ણાશ્રયસ્તોત્રનો વિધિ મુજબ પાઠ કરવો અને પૃથ્વી ઉપર દણ્ડવત્પ્રણામ કરવા. ૧૫

अदम्भः सर्वथापेक्षारहितः करुणापरः ।
विचार्य वरणं श्रीमदाचार्यपदसंश्रयः ॥१६॥
स्वसेवकाय शुद्धाय सततं प्रयतात्मने ।
प्रयच्छेत्तत्स्वरूपं तु फलरूपतया पुनः ॥१७॥

વલ્લભકુલબાલકે નિર્દમ્ભ રહી, કોઈ પણ જાતની અપેક્ષા રાખ્યા વગર, કેવલ કરુણાપરાયણ બની શ્રીમદાચાર્યચરણનો આશરો રાખી, કેવલ વરણભાત્ર વિચારી (એટલે કે મારે કૃપા કરવા ખાતર આ જીવ પર કૃપા કરવી છે એવો ભાવ રાખી), પોતાના વિશુદ્ધ અન્તઃકરણ તેમ આચરણવાળા તેમ આત્મસંયમી સેવક ઉપર આ પ્રકારનું સ્વરૂપ પધરાવી આપવું અને એ ફલરૂપ છે એમ એ જીવને સમજાવવું. ૧૭

(ગોસ્વામિબાળકોએ કયા વિધિએ પોતાના સેવકને નિધિસ્વરૂપ પધરાવી આપવું, એનું આમાં સૂચન દેખાય છે.)

भक्तिमार्गस्थितैः श्रीमदाचार्यपदसंश्रितैः ।
सेव्यमानं सदा भावैर्निरोधं साधयेद् ध्रुवम् ॥१८॥

ભક્તિમાર્ગમાં સ્થિતિ કરી રહેલા, વળી શ્રીમહાપ્રભુજીના પદને આશ્રયે રહેલા ભક્તો વડે ભાવથી સેવવામાં આવતું આ સ્વરૂપ નક્કી નિરોધ સાધી આપે. ૧૮

## ११. श्रीमत्प्रभोश्चिन्तनप्रकारः ।

अथ श्रीवल्लभाचार्यचरणाब्जप्रसादतः ।
स्वमार्गसेव्यरूपस्य चिन्तने रीतिरुच्यते ॥१॥

શ્રીમદ્વલ્લભાચાર્યજીનાં ચરણકમલોની કૃપાથી આપણા માર્ગમાં સેવ્યરૂપ પ્રભુના ચિન્તનની રીત કહેવામાં આવે છે. ૧

विपिने विपिने वृक्षलतादिषु विशेषतः ।
परिभ्रमन्ती विरहे विकला गोपबालिका ॥२॥
विस्रस्तवसना शुष्करसना रसनायिका ।
विकीर्णकेशा सक्लेश नाथ नाथेति वादिनी ॥३॥
चलत्पदयुगा दुःखान्मुहुर्मीलितलोचना ।
लसल्लक्ष्मपदाम्भोजचिह्नदर्शनकातरा ॥४॥

दृष्ट्वा दावाग्निविशिखा निःश्वासग्रहणातुरा ।
धरणीपतिताऽत्यन्तविरहाकुलचेतषा ॥५॥
हृदि प्रादुर्भवद्भावदृष्टगोकुलनायका ।
नाथोत्थापय मामेवं मुहुर्विक्लववादिनी ॥६॥
विचाररहिता चित्तचिन्ताकुलितमानसा ।
मनोजगूढभावात्मप्रियप्राकट्यकाङ्क्षिणी ॥७॥
समस्तलीलानुकृतिकृतिस्वप्रियभावुका ।
कोटिकन्दर्पलावण्यभावरूपप्रियाश्रया ॥८॥
नित्यलीलाश्रया नित्यरतिसेवनतत्परा ।
परमार्द्रतमप्रेमक्लिन्नहृत्पङ्कजादरा ॥९॥
भावनीया नित्यमेवम्भूता मत्स्वामिनी हरेः ॥९½॥

વનેવનમાં ખાસ કરી વૃક્ષો અને લતા વગેરેમાં પરિભ્રમણ કરતાં, વિરહમાં આકુલવ્યાકુલ બની ગયેલાં, જેમનાં વસ્ત્ર ખસી ગયાં છે તેવાં, જેમની જીભ સુકાઈ ગયેલી છે તેવાં, જેમના કેશ વિખેરાઈ ગયા છે તેવાં, (પ્રભુ અન્ય સાથે વિહાર કરતા હશે, એમ સમજી) દ્વેષવાળાં, 'હે નાથ ! હે નાથ' એ પ્રમાણે બોલતાં, જેમનાં ચરણો સતત ચાલતાં જ રહે છે તેવાં, દુઃખને લીધે વારંવાર નેત્રો બીડી દેતાં, પ્રભુનાં સંશોભિત લક્ષણવાળાં ચરણકમલની નીચે ધૂળમાં પડેલી છાપને જોઈ વ્યાકુલ થયેલાં, જેને દાવાગ્નિની જ્વાલાઓ દેખાઈ રહી છે તેવાં, નિસાસા મૂકતાં, પૃથ્વી ઉપર પડી ગયેલાં, અત્યન્ત વિરહથી આકુલ-વ્યાકુલ ચિત્તવાળાં, હૃદયમાં પ્રકટ થતા ભાવે કરી

જેમને શ્રીગોકુલનાથનાં દર્શન થઈ ગયાં છે તેવાં, 'હે નાથ ! મને આપ ઉઠાવી લો' એમ વારંવાર વ્યાકુલતાથી બોલતાં, વિચારશૂન્ય, ચિત્તમાંની ચિન્તાથી આકુલ-વ્યાકુલ ચિત્તવાળાં, મનમાં ઉત્પન્ન થયેલા દૃઢભાવાત્મક પ્રિય પ્રભુના પ્રાકટ્યને ઝંખતાં, પ્રભુની સઘળી લીલાનું અનુકરણ કરી પ્રભુની ભાવના કરતાં, કરોડો કામદેવના જેવા લાવણ્યવાળા ભાવાત્મક પ્રિય પ્રભુનો જ જેમને આશ્રય છે તેવાં, નિત્યલીલાના આશ્રયવાળાં, નિત્ય રતિ કરવામાં તત્પર, અત્યન્ત પીગળી ગયેલા પ્રેમથી તરબોળ થયેલ હૃદયરૂપી કમળ માટે જેમને માન છે તેવાં જે મારા પ્રભુનાં ગોપબાલિકા—સ્વામિનીજી, રસનાયિકા તેમની હંમેશાં ભાવના કરવી. ૯

तदेकहृदयस्थायी तद्भावः कृष्ण एव हि ॥१०॥
लीलासहस्रवलितः सामग्रीसहितस्तथा ।
भावनीयः सदानन्दः सदानन्दादिलालितः ॥११॥

એ એક સ્વામિનીજીના જ હૃદયમાં નિત્ય રહેનાર એમના ભાવાત્મક પ્રભુ તે જ શ્રીકૃષ્ણ છે, તે હજારો લીલાઓથી યુક્ત તેમજ લીલાની સામગ્રીવાળા સદાનન્દરૂપ, નન્દ વગેરેથી સદા લાડ લડાવેલા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજી તેની ભાવના કરવી. ૧૧

इदमेवोक्तमाचार्यैः सिद्धान्तस्य निरूपणे ।
'आत्मानन्दसमुद्रस्थं कृष्णमेवे'ति यद्वचः ॥१२॥

'સિદ્ધાન્તમુક્તાવલી'માં આ જ વાત "आत्मानन्द-

समुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् (સિ. મુ. ૧૬) આત્માનન્દ-રૂપી સમુદ્રમાં રહેલા શ્રીકૃષ્ણચન્દ્રજીની જ ભાવના કરવી" ત્યાં શ્રીમદ્દાચાર્યચરણોએ આજ્ઞા કરી છે. ૧૨

तदाशयस्तु विवृतः कृपयैव प्रभोर्मया ।
अवगत्य जनाः सर्वे चिन्तयन्तु हरिं सदा ॥१३॥

એ વાક્યોનો આશય પ્રભુની કૃપાથી મેં કહ્યો છે. આને જાણી સકલ મનુષ્યોએ સદૈવ હરિ ભગવાનનું ચિન્તન કરવું. ૧૩

## १२. स्वमार्गीयशरणसमर्पणसेवादि-निरूपणम् ।

(અનુવાદક–શ્રી. વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી)

(જે માર્ગમાં જે જીવનો અંગીકાર થયો હોય તે જીવે તે માર્ગનું સ્વરૂપ અવશ્ય જાણવું જોઇયે; એટલા માટે જે જીવોનો અંગીકાર પુષ્ટિભક્તિમાર્ગમાં થયેલો છે તેમણે પોતાના પુષ્ટિભક્તિમાર્ગમાં શરણ એટલે શું, સમર્પણ અને સેવા એનું સ્વરૂપ શું, વગેરે જાણવું જોઇયે. એ જણાવવા માટે શ્રીહરિરાયજીએ स्वामार्गीयशरणसमर्पण-सेवादिनिरूपणम् નામનો એક ગ્રંથ પ્રકટ કરેલો છે. એ ગ્રંથના શ્રવણ–મનનથી સ્વમાર્ગ વિશેના સર્વ સંદેહો ટળી જાય છે.)

अथ स्वकीयबोधाय सूक्ष्मरीत्या विचार्य च ।
स्वमार्गीयप्रकारोऽयं सर्वोऽपि हि निरूप्यते ॥१॥

હવે જેનો અંગીકાર પુષ્ટિભક્તિમાર્ગમાં થયેલો છે તેવા નિજ જનોને બોધ થવા માટે, સૂક્ષ્મ રીતે વિચાર કરીને આ સ્વમાર્ગનો સર્વ પ્રકાર સ્પષ્ટ કરવામાં આવે છે. ૧

गृहीत्वा नामशरणं गत्वा सर्वं समर्प्य च ॥
सेवासार्थकतासिद्ध्यै देहादीनां तथा पुनः ॥२॥
अन्यत्राविनियोगाय क्रियतां तनुवित्तजा ॥
•तथा तु मानसी सिध्येत् सैवात्र फलरूपिणी ॥३॥

(ઉપર પ્રમાણે શ્રીહરિરાયજી ગ્રંથ રચવાની પ્રતિજ્ઞા કરીને પુષ્ટિભક્તિમાર્ગમાં શું શું જાણવાનું છે એ જણાવવા માટે પુષ્ટિમાર્ગના સર્વ સિદ્ધાન્તોનો સંગ્રહ સૂક્ષ્મ રીતે કરે છે. પોતે જે માર્ગમાં પ્રવેશ કરેલો હોય તે સ્વમાર્ગ તે પુષ્ટિમાર્ગ જ છે. જ્યાંસુધી પુષ્ટિમાર્ગનું બધું •સ્વરૂપ ટૂંકમાં સમઝાવવામાં આવે નહિ ત્યાંસુધી એમાં જાણવાનું શું છે એની ખબર પણ પડે નહિ, માટે શ્રીહરિરાયજી પહેલા સાત શ્લોકમાં પુષ્ટિમાર્ગના બધા સિદ્ધાંતો ટૂંકમાં સમઝાવી દે છે.)

## સિદ્ધાંતોનું સૂક્ષ્મ સ્વરૂપ

श्रीकृष्णः शरणं मम એ અષ્ટાક્ષર મંત્ર વડે નામગ્રહણ કરીને શરણે જઈને અને બ્રહ્મસંબંધમંત્ર વડે શ્રીગુરુદેવ દ્વારા સર્વ સમર્પણ કરીને સેવા કરવી. બ્રહ્મસંબંધ થયાથી

સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે, માટે બ્રહ્મસંબંધ પછી અવશ્ય સેવા કરવી. સેવા કરી ક્યારે સાર્થક થઈ કહેવાય કે જ્યારે દેહ ગૃહ ધન વગેરેનો ઉપયોગ પ્રભુની સેવા વિના બીજે સ્થલે ન થાય. દેહ વગેરેનો બીજો વિનિયોગ ન થવા માટે શરીરથી અને ધનથી પ્રભુની સેવા કરો. એ પ્રમાણે તનથી અને ધનથી સાધનરૂપ સેવા કરતાં ફલસ્વરૂપ માનસી સેવા સિદ્ધ થશે. એ માનસી સેવા આ માર્ગમાં ફલરૂપ છે એમ સમજવું. ૩

[ सेवा सार्थक्तासिद्धयै...तनुवित्तजा—એટલા અંશનો સરલ અર્થ 'દેહ વગેરેની સાર્થકતા માટે અને એનો અન્યસમ્બન્ધ છોડાવવા માટે તનુજા અને વિત્તજા સેવા કરવી' એ પ્રમાણે થાય છે.]

**હવે સેવાના પ્રકાર અને ફલના સૂક્ષ્મ ભેદો ઉપદેશે છે.**

**सा प्रकारत्रयेणेति तेषां तन्मध्यपाततः ।**
**फलत्वमिति ते प्रोक्ताः, सेवायां तु फलत्रयम् ॥४॥**

માનસી સેવા ત્રણ પ્રકારે થાય છે, તેથી એના અધિકારી ત્રણ પ્રકારના છે : ઉત્તમ,[1] મધ્યમ, કનિષ્ઠ. એ ત્રણે અધિકારીના ભેદથી માનસી સેવાના એ ત્રણ પ્રકારો છે. એ

૧. ઉત્તમ અધિકારી શ્રીવ્રજસુંદરી જ છે, મધ્યમ અધિકારી એ કે જે માર્ગની રીતને અનુસરીને ભાવપૂર્વક સેવા કરનારા છે, કનિષ્ઠ અધિકારી પોતાના સ્વાર્થ માટે ભાવ વિના માર્ગની રૂઢિ પ્રમાણે સેવા કરનારા છે.

ત્રણ પ્રકારો માનસી સેવામાં આવી જતા હોવાથી ફલરૂપ છે, એટલા માટે જ તે તે પ્રકાર કહ્યો છે.[1] સેવામાં ત્રણ ફલ છે. ૪

['અલૌકિક સામર્થ્ય', સાયુજ્ય, અને સેવોપયોગી દેહ, આ ત્રણ ફલ દ્વારા માનસી સેવા સિદ્ધ થઈ શકે છે. માનસી સેવા ફલરૂપ છે, અને આ પ્રકારો ફલરૂપા માનસીની મધ્યમાં પડ્યા છે, માટે એ પ્રકારોને सेवाफल-विवरण–નામના ગ્રંથમાં શ્રીમહાચાર્યચરણોએ 'सेवायां तु फलत्रयम्' એ સ્થલે સેવાના ફલરૂપે નિરૂપ્યા છે.' આવો અર્થ પણ આ શ્લોકનો થાય છે. નોંધ : મૂલ શબ્દો सेवायाः फलत्रयम् એ પ્રમાણે છે. છન્દોદૃષ્ટિએ શ્રીહરિરાયજીએ સ્વલ્પ ફેરફાર કર્યો છે. ]

**सेवा तु सा समानत्वात् सैवान्ते न विलक्षणा ।**
**फलत्वातः प्रकाराणां पश्चाद्भावितयोच्यते ॥५॥**

સેવા તો માનસી એકસરખી જ છે, માટે ફલરૂપ થયા પછી પણ એવી જ રહેવાની, વિલક્ષણ થશે નહિ. જે સેવા નિરંતર કરવામાં આવતી હોય તે જ સેવા પ્રભુની કૃપાથી ફલરૂપ બને છે, એટલે સેવામાં કાંઈ તફાવત પડતો નથી. એટલા માટે સેવાના બધા પ્રકાર ફલરૂપ છે, કેમકે આ પ્રકારો ફલરૂપ માનસી સિદ્ધ થયા પછી થાય છે. ૫

[ આ પ્રકારને ફલરૂપ શા માટે કહ્યા એનું નિરૂપણ

---

૧. આ સવિસ્તર જાણવા માટે "સિદ્ધાંતમુક્તાવલી" અને "સેવાફલ" ગ્રંથ ટીકા સાથે વાંચવા જોઈએ.

શ્રીહરિરાયજી આગળના શ્લોકમાં તેમ આ શ્લોકમાં કરી રહ્યા છે. चेतस्तत्प्रवणं सेवा એ પ્રમાણે શ્રીમદ્દાચાર્યચરણની આજ્ઞા છે. તદનુસાર ચિત્ત પ્રભુમાં પરોવાય એનું નામ સેવા; અને એ ફલરૂપ કહેવાય. 'હવે જીવને અલૌકિક સામર્થ્ય વગેરે જે પ્રાપ્ત થાય છે તે સેવારૂપ નથી, કારણ કે અલૌકિક સામર્થ્ય અને ચિત્તને પ્રભુમાં પરોવવું એ બે એક વસ્તુ નથી, તો પછી અલૌકિક સામર્થ્ય વગેરેને ફલરૂપ શા માટે કહ્યાં? કારણ કે પુષ્ટિમાર્ગમાં સેવા જ ફલરૂપ છે.' આ પ્રમાણે કોઈ આશંકા કરે એના સમાધાન માટે શ્રીહરિરાયજી આ પ્રકારોની ફલરૂપતાનું સમર્થન કરી રહ્યા છે. ઉત્તરાર્ધનો સરલ અર્થ આ પ્રમાણે છે: 'अतः प्रकाराणां फलता पश्चाद्भावितया उच्यते—અમુક પ્રકારની (દા. ત. ઉત્કટ દશાએ પહોંચેલી તનુજા અને વિત્તજા) સેવા પછી આ અલૌકિક પ્રકારો જીવને પ્રાપ્ત થાય છે, માટે તે તે સેવાના ફલરૂપ.' પરન્તુ પૂર્વાર્ધનો અર્થ આટલો સ્પષ્ટ નથી. પ્રભુ જેમ બુદ્ધિને પ્રેરે છે તેમ અર્થ કરવાનો પ્રયત્ન-માત્ર કરું છું. રાજનગરવાળા નિ લી. શ્રીરણછોડલાલજી મહારાજ આજ્ઞા કરતા કે ધાબળો ઓઢીને ધ્યાન કરવું એનું નામ માનસી સેવા નહિ, પરન્તુ મન લગાડીને તનુજા–વિત્તજા સેવા કરવી એનું નામ માનસી સેવા. આ માનસી સેવાનું પૂર્વદલ; અને આ પ્રકારની સેવાથી પ્રસન્ન થયેલા પ્રભુ અધિક કૃપા વિચારી એ તનુજા–વિત્તજા સેવામાં એવી બાધા ઊભી કરે કે જરાય એ ન થઈ શકે, પરન્તુ જીવની એવી સ્થિતિ થઈ ગઈ હોય કે એ સેવા વગર

ક્ષણવાર પણ રહી ન શકે, અને જો તન અને ધનથી સેવા નથી થતી તો કેવળ મનથી સેવાના જ વિચારો કર્યા કરે : હાય ! સેવા નથી થઈ શકતી એવો તાપ થાય, અને પછી મન એમાં જ એટલે પૂર્વ–વિહિત તનુજા અને વિત્તજામાં જ પરોવાયું રહે; આ ફલરૂપા માનસી અને માનસીનું એ ઉત્તરદલ. આ આપના વચનામૃતને આધારે પૂર્વાર્ધનો અર્થ નીચે પ્રમાણે થઈ શકે : (यस्याः तनुवित्तजायाः फलत्रयम् अलौकिकसामर्थ्यादि) सा सेवा तु (वर्तते) समानत्वात् (चेतस्तत्प्रवणरूपत्वात्) सा (तनुवित्तजा) एव अन्ते न विलक्षणा (मानसीसेवातः न भिन्ना, अन्ते बाधावसरे तस्याः मानसीरूपत्वात्)—જે તનુજા–વિત્તજાના ફલરૂપે અલૌકિકસામર્થ્યાદિ ત્રણ ફલો કહ્યાં છે તે તો સેવા છે જ, કારણ કે એના દ્વારા પણ મન પ્રભુમાં પરોવાય છે. હવે પ્રભુ અધિક કૃપા વિચારી એમાં બાધા ઊભી કરે છે ત્યારે એની તનુજા–વિત્તજા માનસીરૂપ બને છે એટલે માનસીથી જરાયે જુદી નથી હોતી. (આવી ફલરૂપા માનસીના ફલરૂપ અલૌકિક સામર્થ્યાદિ પ્રકારો, આવી ફલરૂપા માનસી પછી પ્રાપ્ત થતા અલૌકિક સામર્થ્યાદિ પ્રકારો એ ફલરૂપ કેમ નહિ?)

આનો ફલિતાર્થ એ થયો કે આ દેહે કરાતી તનુજા–વિત્તજા સેવા જ્યારે માનસીનું રૂપ લે ત્યારે અલૌકિક સામર્થ્યાદિ પ્રાપ્ત થાય અને લીલાસ્થલાદિમાં સેવોપયોગી દેહની પ્રાપ્તિ થાય. આ શ્રીમહાપ્રભુજીનું अङ्गीकर्तौ समर्यादः સ્વરૂપ.]

याद्दशं वरणं ताद्दक्प्रकारापन्नसेवना ।
मानसी फलरूपेति तारतम्येन चोच्यते ॥६॥

પ્રભુએ જેવું વરણ કર્યું હોય તેવે પ્રકારે સેવા પ્રાપ્ત થાય છે. એટલે કે પ્રભુએ કૃપા કરીને જેવા ઉત્તમ, મધ્યમ અથવા કનિષ્ઠ અધિકારનું દાન કર્યું હોય તેવી જ સેવા એ જીવ કરી શકે છે. એ જ સેવા પછીથી ફલરૂપ માનસી થાય છે, માટે ફલરૂપ માનસી સેવા અને એ પહેલાંની સેવા એ બન્ને તફાવત સાથે કહેવાય છે, એટલે કે અધિકાર પ્રમાણે જે સેવા ફલરૂપ માનસી બને ત્યારે એ સેવા વિલક્ષણ છે એમ સમજવું. પહેલાંની સેવા જ ફલરૂપ માનસી થઈ જાય. ત્યારપછી સેવાના સ્વરૂપમાં ફેરફાર થઈ જાય છે એમ ભાવાર્થ છે. ૬

['પ્રભુએ જે જીવ પાસે જે પ્રકારે જે સેવા કરાવવી વિચારી હોય તે પ્રકારની તે સેવા જ્યારે માનસી સેવાનું રૂપ લે ત્યારે એ ફલરૂપ કહેવાય; માટે આ પ્રકારો સ્વરૂપે કરી ભિન્ન ભિન્ન છે, એટલે તે તે પ્રકારે સિદ્ધ થયેલી માનસી પણ ભિન્ન ભિન્ન કહેવામાં આવી છે.' આ શ્લોકનો સરલ અર્થ આ પ્રમાણે છે. ફલિતાર્થ એ થયો કે કોઈ પણ પ્રકારે સેવા કરો, પરન્તુ એ જ્યારે માનસીનું રૂપ લે ત્યારે ફલરૂપા કહેવાય.]

ते प्रकारास्तु विज्ञेया ग्रन्थात् सेवाफलाभिधात् ।
अलौकिकं हि सामर्थ्यं सायुज्यं पुरुषोत्तमे ॥७॥
वैकुण्ठादिषु सेवायाः शरीरमधिकारकृत ॥७½॥

સેવાના એ પ્રકારો[1] 'સેવાફલ' નામના શ્રીમહાપ્રભુજીએ

---

૧. આ માળામાં જ આ પહેલાં છપાયેલો स्वमार्गीयसेवाफलरूपनिरूपणनिर्णय ગ્રન્થ જુઓ.

પ્રકટ કરેલા ગ્રંથથી સમઝી લેવા. સેવાનાં ત્રણ ફલ છે : એક તો લોકમાં કોઈ પણ સ્થલે ન જોવામાં આવે તેવું અલૌકિક અદ્દ્ભુત સામર્થ્ય; બીજું ફલ સાયુજ્ય છે; વૈકુંઠ આદિ લોકોમાં દિવ્ય શરીર મળે તેથી પણ સેવાનો અધિકાર મળે છે; સેવાનો અધિકાર વૈકુંઠમાં દેહ મળવાથી પ્રાપ્ત થઈ શકે છે, આ ત્રીજું ફલ. ૭½

एतावानेव मार्गेऽस्मिन् सूक्ष्मः सिद्धान्तसंग्रहः ॥८॥

આ પુષ્ટિમાર્ગમાં સિદ્ધાંતોનો સૂક્ષ્મ સંગ્રહ કરવામાં આવે તો આટલો જ છે. ૮

શરણે જવાનો પ્રકાર અને શરણે ગયા પછી શું શું કરવું એ જણાવે છે :

(જીવ જ્યારે શરણે જાય છે ત્યારે પ્રભુ એનો અંગીકાર પુષ્ટિભક્તિમાર્ગમાં કરે છે, માટે પહેલાં પ્રભુને શરણે જવું જોઇયે. પ્રભુ પણ ગીતામાં આજ્ઞા કરે છે કે[1] '**સર્વ ધર્મનો પરિત્યાગ કરીને મારે એકને શરણે આવ.**' આ શરણ તે સંપ્રદાયમાં શ્રીવલ્લભકુલના બાલકના મુખારવિંદથી श्रीकृष्णः शरणं मम એ અષ્ટાક્ષરનું ગ્રહણ કરવું એ જ છે. એનો પ્રકાર શ્રીહરિરાયજી પંદર શ્લોકથી વર્ણવે છે :)

तत्रादौ शरणं यातः किं कुर्यादिति चोच्यते ।
श्रीमदाचार्यमार्गीयगुरुणा शरणं गतः ॥९॥
स्वामित्वेन हरिं स्वं तु सेवकत्वेन भावयेत् ।
लौकिकं वैदिकं चापि विदध्याद् भक्तिसिद्धये ॥१०॥

---

१. सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । (ગીતા ૧૮–૬૬)

એમાં પહેલાં જેની શરણાગતિ સિદ્ધ થયેલી છે, એટલે કે જે જીવ પ્રભુને શરણે ગયેલો છે તેણે શું કરવું જોઇયે એ કહેવામાં આવે છે. શરણે ગયેલો કોને સમજવો કે જે શ્રીમહાપ્રભુજીના માર્ગના ગુરુ દ્વારા શરણે ગયેલો હોય. શ્રીમહાપ્રભુજી આપ પુષ્ટિભક્તિમાર્ગના આચાર્ય છે. આપનો માર્ગ તે પુષ્ટિભક્તિમાર્ગ છે. એ માર્ગના ગુરુ શ્રીમહાપ્રભુજીના જ વંશમાં પ્રકટ થયેલા મહાનુભાવો શ્રીગોસ્વામિબાલકો છે, માટે પરંપરાથી અને માર્ગમર્યાદાને અનુસરીને એમના દ્વારા પ્રભુને શરણે જાય તે શરણે ગયેલા કહેવાય. ઉપર કહ્યા પ્રમાણે શરણે ગયા પછી અને પ્રભુએ શરણે લીધા પછી પોતાના સ્વામી, માલિક, નાથ સર્વ–દુ:ખહર્તા શ્રીહરિ જ છે અને હું એમનો સેવક છું, દાસ છું, એવી ભાવના કરવી જોઇયે. ભક્તિ એટલે સેવા. સેવાની સિદ્ધિ માટે લોકનાં વ્યવહારનાં કાર્યો કરવાં અને વેદમાં કહેલા વર્ણાશ્રમના નૈમિત્તિક ધર્મો પણ આચરવા. ૧૦

## શું ન કરવું

(શું કરવું જોઇયે, એ તો જણાવ્યું, હવે શું શું ન કરવું એ જણાવે છે :)

नान्यमार्गाश्रयो नैव देशान्तरसमाश्रयः ।
नैव तीर्थाश्रयो नैवाभिमतेः कर्तृताश्रयः ॥११॥
नैव मन्त्रसमाधारो न च कर्मादिकाश्रयः ॥११३॥

બીજા માર્ગનો આશ્રય ન જ કરવો. પ્રભુ જ્યાં ન

બિરાજતા હોય તેવા દેશનો આશ્રય ન કરવો. દાસનો ધર્મ એ જ છે કે જ્યાં પોતાના સ્વામી હોય ત્યાં જ રહેવું જોઇયે, માટે પ્રગટ સ્વરૂપે પ્રભુ જ્યાં દર્શન ન આપતા હોય તે દેશનો સ્વપ્ને પણ આશ્રય કરવો નહિ, એટલે ભગવાનને છોડીને તીર્થમાં જ રહેવાથી મારું કલ્યાણ થશે એમ માની તીર્થનો આશ્રય કરવો નહિ. વળી અભિમાનથી હું જ કર્તા છું, કરું છું તે હું જ કરું છું, એમ ન માનવું. વૈદિક તાંત્રિક યાંત્રિક મંત્રો ઉપર પોતાનો બધો આધાર રાખવો નહિ. મંત્રોથી પ્રભુ મને મળશે એમ ધારીને એવા મંત્રોનો આશ્રય કરવો નહિ. તેમજ યજ્ઞયાગાદિક કર્મ કરીશ તો જ પ્રભુ મળશે એમ માનીને બીજાં કર્મોનો આશ્રય ન કરવો. ૧૧ૄ

(ઉપર એમ કહેવામાં આવ્યું કે સર્વ ધર્મનો ત્યાગ કરવો, અન્ય કોઈનો આશ્રય કરવો નહિ. એમ કરવાથી તો દોષ લાગે, કેમકે જ્યારે સર્વ ધર્મનો ત્યાગ થાય ત્યારે દોષ લાગ્યા વિના કેમ રહે ? એ સંશય પ્રાપ્ત થતાં આપશ્રી આજ્ઞા કરે છે : )

## ચાર પુરુષાર્થો

**सर्वदोषनिवृत्त्यर्थं धर्मत्वेन हरौ हशिः** ॥१२॥

બધા દોષોની નિવૃત્તિ થઈ જવા માટે પ્રભુની સેવા, પ્રભુનું સ્મરણ કરવું, પ્રભુમાં જ ધર્મની દૃષ્ટિ કરવી. ઉપર બતાવેલા દોષનો નાશ થવા માટે ધર્મસ્વરૂપ પ્રભુ શ્રીહરિ છે એમ સમજવું. શ્રીહરિ વિના બીજો કોઈ આશ્રય નથી,

બીજો કોઈ ધર્મ નથી, એમ સમજવું. બીજા ધર્મો ઉપરથી આસક્તિ ઊઠી જાય તોપણ સર્વ દોષો ચાલ્યા જાય. મુખ્ય ધર્મરૂપ પ્રભુ જ છે એમ દૃઢ થઈ ગયા પછી બીજાનો આશ્રય વગેરે છોડવાથી કોઈ પણ દોષ લાગે નહિ. દોષની નિવૃત્તિ થવા માટે શ્રીહરિને ધર્મસ્વરૂપ જોવા એટલે કૃતાર્થ છે.૧૨

(પ્રભુમાં ચાર પુરુષાર્થમાંના ધર્મરૂપ પુરુષાર્થની બુદ્ધિ થવા માટે ઉપર કહ્યું, હવે અર્થરૂપ પુરુષાર્થ પણ શ્રીહરિ છે એ આપશ્રી બતાવે છે. પુરુષાર્થ ચાર પ્રકારના છે: ધર્મ અર્થ કામ અને મોક્ષ. ધર્મરૂપ પ્રભુ જ છે એ ઉપરના અર્ધા શ્લોકથી સિદ્ધ થયું, હવે અર્થરૂપ જે બીજો પુરુષાર્થ છે તે પણ શ્રીહરિસ્વરૂપ જ છે, એમ આજ્ઞા કરે છે:)

विवेकादेरभावेन दैन्येनार्थत्वभावनम् ॥१२½॥

'પ્રભુ પોતાની ઇચ્છાથી જ સર્વ કરશે' એ સિદ્ધાંત દૃઢ કરવો એ વિવેક. વિવેક ધૈર્ય અને આશ્રય એ પ્રાપ્ત ન થયાં હોય તો દીનતાથી એમ સમજવું કે પ્રભુ અર્થરૂપ છે. અર્થ નામનો બીજો પુરુષાર્થ પણ મારા પ્રભુ જ છે એમ સમજવું. 'ભક્તો પાસે પ્રભુને પ્રસન્ન કરવાનું કોઈ પણ સાધન હોય તો એ માત્ર દીનતા જ છે' એમ શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે. વિવેક ધૈર્ય ભક્તિ વગેરેથી રહિત અને પાપ કરવામાં આસક્ત થયેલા એવા મને શ્રીકૃષ્ણ જ શરણરૂપ છે, એટલે સર્વાંશે દુષ્ટ એવા જીવને કૃષ્ણ વિના બીજો કોણ શરણે લે? ૧૨½

(ત્રીજો પુરુષાર્થ કામ છે માટે એ પુરુષાર્થરૂપ પણ પ્રભુ છે, એમ આજ્ઞા કરે છે:)

स्वकामपूरणार्थाय पूर्णानन्दत्ववेदनम् ॥१३॥

દરેક જીવને સુખની અને આનંદની ઇચ્છા થાય છે. મને સુખ કેમ મળે અને એ કાયમ કેમ રહે એવો આનંદનો લહાવો કેવી રીતે હું લઈ શકું એવી કામના દરેકના મનમાં થાય છે અને એ માટે જીવ અનેક પ્રયત્નો કરે છે, પણ એ બધા નકામાં છે. પોતાની એ કામના સફળ કરવા માટે પૂર્ણ આનંદસ્વરૂપ શ્રીહરિ જ સમર્થ છે એમ જાણવું જોઇયે. જે પોતે આનંદથી પૂર્ણ હોય તે જ આનંદ મેળવવા માટે થતી કામનાઓ પૂરી શકે. પ્રભુ વિના બીજું કોઈ પૂર્ણાનંદ નથી એમ જાણીને, એ જ બધી કામના પૂરશે એમ નિશ્ચય કરીને, કામરૂપ પુરુષાર્થ પણ શ્રીહરિ જ છે એમ જાણવું. ૧૩

(મોક્ષરૂપ પણ પ્રભુ જ એમ આજ્ઞા કરે છે :)

न साधनैर्भवेन्मोक्षो हरिरेव तदात्मकः ।
तदीयतायाः संपत्तौ मुक्तत्वेनैव चिन्तनम् ॥१४॥
अत एव निराकाङ्क्षा मोक्षतः कृष्णसेवकाः ॥१४½॥

સાધનો કરવાથી મોક્ષ થતો નથી, કેમકે શ્રીહરિ જ મોક્ષસ્વરૂપ છે. એ હરિના દાસ થઈ જઇયે તો મોક્ષ જ મળી ગયો એમ સમજી લેવું. જ્યારે એ દયાળુ કૃપા કરીને પોતાના દાસ તરીકે જીવનો અંગીકાર કરે ત્યારે ભગવદીય-પણું પ્રાપ્ત થઈ જાય. એ પ્રાપ્ત થતાં મોક્ષ મળી જ ગયો એમ સમજવું. સદાનંદ શ્રીકૃષ્ણના દાસાનુદાસ અનુચરો મોક્ષની આકાંક્ષા કદાપિ રાખતા જ નથી. સારાંશ કે પ્રભુના દાસ થવું એ જ મોક્ષ છે અને મોક્ષરૂપ પુરુષાર્થ પ્રભુ છે એમ જાણવું એ જ ખરું જ્ઞાન છે. ૧૪½

## સાધન પણ શ્રીકૃષ્ણ

(દેશ વગેરે સાધનો અને ચાર પ્રકારના પુરુષાર્થો પણ શ્રીકૃષ્ણ જ છે એમ શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે:)

**देशादिसाधनं कृष्णः पुरुषार्थश्चतुर्विधः ॥१५॥**
**एवं मनसि सततं चिन्तनीयं प्रयत्नतः ॥१५३॥**

દેશ વગેરે સાધનરૂપ શ્રીકૃષ્ણ જ છે તેમજ ચાર પુરુષાર્થરૂપ શ્રીકૃષ્ણ જ છે, એ પ્રમાણે પ્રયાસપૂર્વક નિરંતર મનમાં સ્મરણ કરવું. (બીજા માર્ગનો આશ્રય ન કરવો એમ આપશ્રીએ ૧૧ મા શ્લોકમાં કહ્યું છે તેથી એમ સિદ્ધ થાય છે કે કલિકાલ મહાદોષયુક્ત છે અને એના દોષ સર્વને લાગે છે, માટે એમાં ઉત્પન્ન થયેલા બીજા દોષવાળા માર્ગ કરતાં આ નિર્દોષ પ્રભુના નિર્દોષ ભક્તિમાર્ગમાં જ રહેવું એ વિશેષ કલ્યાણકારક છે. એ ઉપરથી એમ જ સમજવું કે ભક્તિમાર્ગમાં પ્રભુનું શરણ લેવામાં કાલ બાધ નથી કરતો, કેમકે એ કાલરૂપ સાધન શ્રીહરિ જ થાય છે. બીજા દેશનો આશ્રય ન કરવો એમ કહેવાથી દેશરૂપ પણ પ્રભુ જ છે, અને બધું શ્રીહરિ જ કરે છે એમ કહેવાથી કર્તા પણ શ્રીકૃષ્ણ જ છે, એમ સિદ્ધ થાય છે. તીર્થનો આશ્રય ન કરવો એથી સાબિત થયું કે દ્રવ્યરૂપ સાધન પ્રભુ જ છે, માટે એમનો આશ્રય કરવો. મંત્રનો આધાર ન રાખવો એમ કહેવાથી મંત્રરૂપ સાધન પણ શ્રીકૃષ્ણ જ છે, એમ સિદ્ધ થયું. બીજાં કર્મોનો આશ્રય ન કરવો, પણ પ્રભુની સેવા તે કર્મ છે એમ માનવું, એમ કહેવાથી કર્મરૂપ સાધન પણ

શ્રીકૃષ્ણ જ છે એમ સાબિત થાય છે. એ પ્રમાણે ૧૧-૧૧½ શ્લોકમાંથી એ રહસ્ય નીકળે છે કે દેશ કાલ દ્રવ્ય કર્તા મંત્ર અને કર્મ એ છ સાધનો [1]દોષવાળાં થઈ ગયેલાં છે, પરંતુ ભક્તિમાર્ગ નિર્દોષ પ્રભુનો નિર્દોષ માર્ગ હોવાથી એ માર્ગનો આશ્રય કરતાં, એ છ સાધનરૂપ શ્રીકૃષ્ણ જ છે એવો દૃઢ નિશ્ચય થતાં સર્વ દોષો દૂર થઈ જાય છે.) ૧૫½

## કેમ બચશો ?

(હવે બાધક વસ્તુથી કેવી રીતે બચવું એ વિશે આપશ્રી આજ્ઞા કરે છે :)

> प्रायश्चित्तादिषु मतिर्न कार्या शरणं व्रजेत् ॥१६॥
> उपस्थितेषु दोषेषु सर्वेष्वथ विशेषतः ।
> सुशक्येष्वप्यशक्येषु हरेर्गतिमथ स्मरेत् ॥१७॥

પ્રભુનું શરણ ગ્રહણ કર્યા પછી પ્રાયશ્ચિત્ત વગેરેમાં બુદ્ધિ રાખવી નહિ. મતલબ કે પ્રાયશ્ચિત્ત કરવાથી જ હું પવિત્ર થઈશ એવી ભાવના શરણે ગયા પછી રાખવી નહિ. સર્વ દોષો ઘણા પ્રમાણમાં પણ પ્રાપ્ત થયા હોય અને એ દૂર કરી શકાય તેવા ન પણ હોય, તોપણ 'મારું શરણ માત્ર શ્રીહરિ જ છે' એમ સ્મરણ કરવું. એથી એમ નિશ્ચય કરવો કે પ્રભુનું શરણ લીધા પછી પણ જો નાના કે મોટા

---

૧. સાધનો છ પ્રકારનાં છે : દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર, કર્મ. એ છ સાધનો જ્યારે શુદ્ધ હોય ત્યારે જ મોક્ષ સિદ્ધ થાય છે. આ સમયમાં દેશ પણ દોષવાળો છે તેમજ સમય વગેરે પણ દુષ્ટ છે, માટે ભક્તિમાર્ગનો જ આશ્રય કરવો, એનો આશ્રય કરવાથી એ પ્રભુ જ સાધનરૂપ બની જાય છે. પ્રભુ નિર્દોષ છે એટલે એ સાધનો પણ નિર્દોષ થાય છે.

દોષ પડે તો એને દૂર કરવા માટે પ્રાયશ્ચિત્તો ન આચરવાં 'પ્રાયશ્ચિત્તથી જ મારા દોષ દૂર થશે' એમ ન માનતાં, 'પ્રભુને હું શરણે છું, સર્વ દોષથી રહિત એવા માર્ગમાં પ્રભુએ મારો અંગીકાર કર્યો છે' એમ સ્મરણમાં લાવવું. શ્રીમહા-પ્રભુજીએ એટલા માટે જ આજ્ઞા કરી છે કે "અશક્ય હો અથવા સારી પેઠે શક્ય હો, પણ સર્વથા પ્રભુ જ મારું શરણ છે." આ ભૂલવું નહિ. ૧૭

## બાધક શું છે ?

(શરણ સિદ્ધ થયા પછી શું શું કરવું એ સૂક્ષ્મમાં જણાવીને હવે બાધક થઈ પડે તેવાં કાર્યોની સૂચના કરે છે:)

अन्याश्रयो नैव कार्यो नैवान्यत्र स्वतो व्रजेत् ।
प्रार्थना नैव कुत्रापि कर्तव्या भगवत्यपि ॥१८॥

અન્યાશ્રય એટલે પોતાના સ્વામી પ્રભુ વિના બીજા કોઈનો આશ્રય કરવો એ. એવો અન્યાશ્રય કદાપિ ન જ કરવો, અર્થાત્ પોતાના પ્રભુ વિના બીજા કોઈનો આશ્રય કદાપિ ન કરવો. શ્રીમહાપ્રભુજી પણ આજ્ઞા કરે છે કે 'અન્યાશ્રય કદાપિ કરવો નહિ, કેમકે એ સર્વથા બાધ કરનારો છે.' શ્રીગુસાંઈજી પણ આજ્ઞા કરે છે કે 'અન્ય દેવોના સંબંધનો ગંધ પણ ગળાને બાધા કરે છે, અર્થાત્ ગળું કપાવે છે.' પોતપોતાની ઇચ્છાથી બીજે સ્થળે જવું નહિ. જ્યાં પોતાના સ્વામી બિરાજતા ન હોય ત્યાં જવું નહિ. જેમ સ્ત્રી પોતાની ઇચ્છા મુજબ સ્વચ્છંદપણે પોતાના પતિનું ગૃહ છોડીને બીજે સ્થળે જતી નથી તેમ પોતાના

સ્વામીનું ગૃહ છોડીને બીજે સ્થળે પોતાની ઇચ્છા પ્રમાણે જવું નહિ, તેમજ બીજે ઠેકાણે જઇને પ્રાર્થના કરવી નહિ. કોઈ પણ મુશ્કેલી આવી પડે તો બીજાની પાસે એ મુશ્કેલી દૂર કરવા માટે પ્રાર્થના કરવી નહિ; વધારે તો શું, પણ પ્રભુ પાસેય પ્રાર્થના કરવી નહિ. પ્રભુ સર્વવ્યાપક છે, અન્તર્યામી છે, તો આપણાં મનની વાત શું નથી જાણતા, આપણાં દુઃખો શું નથી સમજતા? પ્રભુ બધું જાણે છે, સમજે પણ છે, તો આપણાં દુઃખો પોતે જ દૂર કરશે, એમ માનીને પણ પ્રભુ પાસે પ્રાર્થના કરવી નહિ. વળી એ કરુણાના નિધિએ આપણને ઉત્તમોત્તમ ફલ આપવાનો સંકલ્પ કર્યો હોય, અને એ પ્રભુ દુઃખો દઈને આપણી પરીક્ષા પણ કરતા હોય, અને એ વખતે ધીરજ ન રાખતાં જીવબુદ્ધિથી કાંઈ પ્રાર્થના કરીને દ્રવ્ય ઘરબાર જેવી તુચ્છ વસ્તુ માગી લઇયે, તો પ્રભુ તો એ પણ આપશે જ, પણ તેથી ઉત્તમોત્તમ ફલ મળવાનો લાભ જતો રહેશે, અને એટલા જ ફલથી એ જીવ પોતાને કૃતાર્થ માને છે એમ માનીને સાધારણ ફલ તરત જ પ્રભુ આપશે અને મુખ્ય ભજનાનંદનું દાન કરશે નહિ; માટે પ્રભુ પાસે પ્રાર્થના કરવી નહિ. પોતાના સ્વામી અંતર્યામી છે, સર્વ જાણે છે, એ વાતમાં સંદેહ હોય તો જ પ્રાર્થના થઈ શકે. અને એ વાત ચોક્કસ રીતે બુદ્ધિમાં દૃઢ થઈ હોય કે પ્રભુ સર્વસમર્થ છે તો કોઈ પણ દિવસે પ્રાર્થના કરવાની ઇચ્છા જ ન થાય. શ્રીમહાપ્રભુજી પણ એ જ આજ્ઞા કરે છે. ૧૮

(પ્રભુમાં અવિશ્વાસ ન કરવો એ ઉપદેશ છે:)

अविश्वासो न कर्तव्यो ब्रह्मास्त्रस्य निदर्शनात् ।
लौकिके वैदिके वापि कार्ये सङ्गं विवर्जयेत् ॥१९॥

પોતાના સ્વામીમાં કોઈ દિવસ અવિશ્વાસ ન લાવવો. રાવણના પુત્ર ઇન્દ્રજિતે હનુમાનજીને બાંધવા માટે બ્રહ્માસ્ત્ર મોકલ્યું અને એને માન આપી હનુમાનજી બળિયા છતાં બંધાયા. પછી રાક્ષસોએ બ્રહ્માસ્ત્રની ઉપર હનુમાનજીને સખ્ત રીતે બાંધવા માટે મોટાં દોરડાં શરીરે લપેટયાં. ઇન્દ્રજિતે વિચાર કર્યો કે 'મૂર્ખ રાક્ષસોને બ્રહ્માસ્ત્રના બળનો કાંઈ ખ્યાલ ન આવ્યો અને એના ઉપર દોરડાં બાંધી બેઠા! હવે બ્રહ્માસ્ત્રનું બળ ચાલ્યું ગયું અને હવે બીજું શસ્ત્ર હનુમાનને પણ કાંઈ કરી શકશે નહિ.' આ દૃષ્ટાંતથી એમ સમજવું કે ગમે તેમ થાય તોપણ આપણા પ્રભુ ઉપર અવિશ્વાસ લાવવો નહિ. એ જે કરે છે તે સારું કરે છે એમ દૃઢ નિશ્ચય રાખવો. લૌકિક અને વૈદિક કાર્યોમાં આસક્તિ રાખવી નહિ. લૌકિક કાર્યો કરીને 'મને યશ મળશે, મારી નામના થશે' એવી પણ ઇચ્છા રાખવી નહિ, તેમજ વૈદિક કાર્યો કરીને સ્વર્ગ મળશે એવી પણ ફલની ઇચ્છા રાખવી નહિ. ૧૯

(લૌકિક વૈદિક કર્મ કેવી બુદ્ધિથી કરવાં એ જણાવે છે:)

यथाकथञ्चित्कर्तव्ये भास्वत्तत्र भावनम् ।
सर्वत्र ममतां त्यक्त्वा सर्वं कार्यं प्रसाधयेत् ॥२०॥

લૌકિક વૈદિક ન છૂટકે કરવાં પડે તો એ કરવાં, પણ કાર્ય કરતી વખતે એમાં આસક્ત થવું નહિ. જેમ મજૂર ગમે તેવો કિંમતી માલ લઈ જતો હોય, પણ એ માલ સાથે એનો જેમ સંબંધ નથી, એ તો માત્ર એનો ભાર જ ગણે છે, તેમ એ કાર્યોને બોજારૂપ ગણીને કરવાં. બધે સ્થળે મમતાનો ત્યાગ કરવો. જેમ મજૂર પોતે ઉપાડેલા બોજામાં મમતા–મારાપણું માની બેસે તો દુઃખી થાય, તેમ એ લૌકિક વૈદિક કાર્યોમાં મમતા રાખવી નહિ, અને એવી રીતે એ કાર્યો ઠીક ઠીક સાધી લેવાં. જેમ મજૂરને પોતાના માથેનો બોજો ઠેકાણે પાડ્યા વિના ચેન પડતું નથી, તેમ એ કાર્યરૂપ બોજો બરાબર સાધીને સંતોષ માનવો. પોતે અલગ રહીને કાર્ય કરવું. ૨૦

लोभं च हृदये नैव कुर्यात्, प्राप्तं हि सेचयेत् ॥२०½॥

હૃદયમાં લોભ ન કરવો. દ્રવ્યનો લોભ થવાથી એની પ્રાપ્તિ માટે અનેક પ્રયત્નો કરવા પડે છે, અનેક પ્રવૃત્તિઓમાં જોડાવું જોઈયે છે, અને તેથી પ્રભુની સેવાથી વિમુખ થવું પડે છે; માટે લોભ કદી કરવો નહિ. જે આવી મળે તેમાં સંતોષ માનવો. પ્રભુએ જેટલું આપ્યું હોય તેમાં સંતોષ માનીને એ ધનનો વિનિયોગ પ્રભુની સેવામાં કરવો. અથવા તો પ્રભુની સેવામાં લોભ ન કરવો, એટલે કે પરાત્પર પૂર્ણ પુરુષોત્તમ ઉત્તમ પદાર્થના ભોક્તા છે, માટે એમની સેવા માટે જે જે પદાર્થો આવશ્યક હોય તે તે ઉત્તમમાં ઉત્તમ લઈ આવીને અંગીકાર કરાવવા; એમાં દ્રવ્યની કરકસર કે લોભ કરવાં નહિ. પ્રભુની ઇચ્છાથી જે મળ્યું હોય તેનાથી પ્રભુની સેવા કરવી. ૨૦½

शरणस्यापि ये धर्मास्तत्सिद्धौ शरणं व्रजेत् ॥२१॥
विवेकधैर्येऽपि सदा श्रीकृष्णाश्रयपोषके ।
तद्ग्रन्थेभ्योऽवगत्यापि प्रयत्नाद् हृदि भावयेत् ॥२३॥

શરણના જે ધર્મો હોય તે સિદ્ધ થતાં શરણે જવું. ઉપર જે ધર્મો બતાવવામાં આવ્યા છે તે શરણે ગયેલા જીવોના ધર્મો છે. શરણે ગયા પછી જીવે શું કરવું એ એમાં જણાવ્યું છે. શરણે ગયા પહેલાં કેટલાક ધર્મો[૧] સિદ્ધ થવા જોઈએ, અને એ સિદ્ધ થયા પછી શરણે જવું. શ્રીકૃષ્ણના આશ્રયનું પોષણ કરનાર વિવેક એટલે 'શ્રીહરિ પોતાની ઇચ્છા મુજબ કરશે' એમ જાણવું એ, 'બધાં દુઃખો સહન કરવાં' એ ધૈર્ય, એ બન્ને શ્રીકૃષ્ણનો દૃઢ આશ્રય થવામાં નિરંતર કારણરૂપ છે. શ્રીકૃષ્ણના આશ્રયનું નિરંતર પોષણ કરનાર વિવેક અને ધૈર્ય છે, એ વિવેક અને ધૈર્યનું શ્રીકૃષ્ણ અને એમના આશ્રયનું સ્વરૂપ 'વિવેકધૈર્યાશ્રય' ગ્રન્થ આદિથી સમજવું. પ્રયાસ કરીને વિવેક ધૈર્ય અને આશ્રયની હૃદયમાં ભાવના કરવી. ૨૨

एवमाश्रितधर्मोऽयं संक्षेपेण निरूपितः ।
आश्रित्य वल्लभाचार्यान् बुद्ध्वैवं कृष्णमाश्रयेत् ॥२३॥

---

૧. શરણે ગયા પહેલાં શો નિશ્ચય કરવો એ શ્રીહરિરાયજી સ્વમાર્ગશરણદ્વયનિર્ણય નામના ગ્રંથમાં જણાવે છે. 'કલિયુગમાં શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ આદિ માર્ગ જીવના પોતાના સાધનથી સિદ્ધ થતા નથી. એ ભક્તિ આદિ માર્ગો કલિયુગમાં પ્રભુ કૃપા કરે તો જ સિદ્ધ થાય, માટે પ્રભુને શરણે જવું જોઈએ.' એમ નિઃસાધનપણું અને દીનતા એ ધર્મો સિદ્ધ થાય ત્યારે શરણે જવું.

ઉપર પ્રમાણે વિવેક ધૈર્ય અને શ્રીકૃષ્ણનો આશ્રય જેને સિદ્ધ થઈ ગયેલાં છે તેના ધર્મો સંક્ષેપથી બતાવ્યા. અથવા તો, સંક્ષેપથી જ જો કહેવામાં આવે તો શ્રીકૃષ્ણનો આશ્રય કરીને રહેલા જીવનો આ મુખ્ય ધર્મ છે તે એ છે કે શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરીને, શરણે જઈને, શરણ ગયેલાઓના ધર્મો ઉપર પ્રમાણે જાણીને શ્રીકૃષ્ણનો આશ્રય કરવો જોઈયે. ૨૩

## શરણે ગયા પછી શું કરવું ?

(શ્રીકૃષ્ણનો આશ્રય કર્યા પછી શું કરવું, એ આપશ્રી નીચેના પંદર શ્લોકોમાં જણાવે છે :)

अतः परं क्रमेणैव जीवः कृतसमर्पणः ।
तत्साधनाय सततं किं कुर्यादिति चोच्यते ॥२४॥

ઉપર કહ્યા પ્રમાણે શરણધર્મ સિદ્ધ થયા પછી જીવે સમર્પણ કરવું. જીવને બ્રહ્મસંબંધ થાય અને એ સર્વ પ્રભુને સમર્પે અને અહંતામમતા છોડી દે એ સમર્પણ કહેવાય. એ સમર્પણ કર્યા પછી, સમર્પણના સાધન માટે, સમર્પણ સાર્થક કરવા માટે શું કરવું જોઇયે એ કહેવામાં આવે છે. ૨૪

## બ્રહ્મસંબંધ—સંસ્કાર

(બ્રહ્મસંબંધથી શો અધિકાર મળે છે એ જણાવે છે :)

सेवासंस्काररूपत्वाद्विद्ध्यात् सेवनां सदा ।
ब्रह्मसम्बन्धिता जीवदेहसम्बन्धिवस्तुषु ॥२५॥

બ્રાહ્મણના બાલકને વૈદિક કર્મો કરવાનો અને વેદ ભણવાનો અધિકાર જ્યારે એને ગાયત્રીમંત્રનો ઉપદેશ કરીને યજ્ઞોપવીત (જનોઈ) સંસ્કાર કરવામાં આવે છે ત્યારે મળે છે. ગાયત્રી મંત્રથી યજ્ઞોપવીત સંસ્કાર થયા પછી એ બ્રાહ્મણ બાલક વૈદિક કર્મો કરવાનો અધિકાર ધરાવે છે. એ જ દૃષ્ટાંત પ્રમાણે જીવને જ્યારે બ્રહ્મસંબંધ થાય છે ત્યારે એ જીવ સેવાનો અધિકારી બને છે. શ્રીવલ્લભકુલ દ્વારા બ્રહ્મનો સંબંધ થવો એ એક સંસ્કાર છે. એ સંસ્કાર અલૌકિક છે અને એ થયા પછી જ સેવાનો અધિકાર મળી શકે છે, માટે સેવાના સંસ્કારરૂપ બ્રહ્મસંબંધ થયા પછી નિરંતર સેવા કરવી. ગાયત્રી મંત્રનો ઉપદેશ થયા પછી—યજ્ઞોપવીત ધારણ કર્યા પછી જો બ્રાહ્મણ બાલક સંધ્યાદિક ન કરે તો જેમ બ્રાહ્મણપણામાંથી ટળી જાય છે તેમ બ્રહ્મસંબંધ થયા પછી સેવા ન કરે તો વૈષ્ણવપણું રહે નહિ, માટે બ્રહ્મસંબંધરૂપી સંસ્કાર થયા પછી સેવા અવશ્ય કરવી, કારણ કે જીવ, દેહ, અને જીવ તેમ દેહ સંબંધી વસ્તુઓનો બ્રહ્મસમ્બન્ધ થયા પછી એ બધી વસ્તુઓનો સમ્બન્ધ ભગવાન સાથે છે, માટે એ સર્વનો વિનિયોગ નિરંતર ભગવાનની સેવામાં જ કરવો. ૨૫

सर्वदोषविमुक्तत्वं स्वस्मिन्नपि विभावयेत् ।
सर्वथा सर्वदैवापि न चाद्यादसमर्पितम् ॥२६॥

तद्भक्षणे भवेदेवाब्रह्मसम्बन्धिवस्तुता ।
सर्वत्र ब्रह्मसम्बन्धभावनानाश एव हि ॥२७॥

શ્રીમહાપ્રભુજી 'સિદ્ધાંતરહસ્ય' ગ્રન્થમાં આજ્ઞા કરે છે 'બ્રહ્મસમ્બન્ધ કરવાથી સર્વ દોષો દૂર ચાલ્યા જાય છે, લોકોના જીવ અને દેહના સર્વ દોષો નાશ પામે છે, લાગતા નથી.' એ આજ્ઞા પ્રમાણે પોતાનામાં પણ ભાવના કરવી કે હું સર્વ દોષથી મુક્ત થઈ ગયેલો છું. જીવ પોતે સ્વભાવથી જ દુષ્ટ છે, પરંતુ શ્રીગીતાજીમાં આજ્ઞા પ્રમાણે પ્રભુ દોષરહિત અને સમ હોવાથી, એમનો સમ્બન્ધ થયા પછી જીવ પણ દોષરહિત અને સમ થઈ જાય છે, માટે બ્રહ્મસમ્બન્ધ થયા પછી કોઈ પણ સમયે પ્રભુને સમર્પ્યા વિનાની વસ્તુ પોતાના ઉપયોગમાં કદાપિ લેવી નહિ. સેવકનો ધર્મ એ જ છે કે પોતાના સ્વામીની આજ્ઞાથી પોતાના સ્વામીના ઉપયોગમાં આવી ગયા પછી જે કાંઈ બચી જાય તે જ ઉપયોગમા લેવું જોઇયે. એવી જ રીતે પ્રભુને સમર્પ્યા પછી પ્રસાદી અન્ન જ લેવું. અસમર્પિત પદાર્થનું જો ભક્ષણ કરવામાં આવે તો બ્રહ્મસંબંધની ભાવનાનો નાશ થાય. પ્રભુને જે વસ્તુ ન સમર્પાયેલી હોય તે વસ્તુ બ્રહ્મસંબંધ વિનાની ગણાય છે. પોતાને બ્રહ્મસંબંધ થયો છે અને પોતે બ્રહ્મસંબંધ વિનાની વસ્તુને ઉપયોગમાં લે તો બ્રહ્મસંબંધની જે ભાવના છે કે હું દોષથી રહિત થયો છું, એ ભાવનાનો નાશ થઈ જાય. મતલબ કે દોષવાળો એ જીવ થાય, માટે સર્વથા કોઈ પણ સમયે અસમર્પિત અન્ન લેવું નહિ. ૨૭

(બધું પ્રભુને સમર્પવું એની સૂક્ષ્મ–બારીક સમજણ આપે છે :)

**लौकिकं वैदिकं वापि कुर्यात् सर्वं समर्पितम् ।**
**अतः सर्वेषु कार्येषु कुर्यादादौ समर्पणम् ॥२८॥**

લોકના વ્યવહારનાં કાર્યોમાં જે વસ્તુ હોય, વિવાહાદિક કાર્યોમાં—જ્ઞાતિભોજન વગેરે કાર્યોમ વસ્તુ વાપરવાની હોય તે બધી વસ્તુ પ્રભુને સમર્પણ પછી એ વસ્તુનો ઉપયોગ કરવો. વેદનાં યજ્ઞ વગેરે કા પણ પહેલાં પ્રભુને સમર્પ્યા પછી જ જોઇતી વસ્તુઓ યોગમાં લેવી. એટલા માટે જ સર્વ કાર્યમાં પહેલાં સમર્પણ અવશ્ય કરવું જોઇયે. શ્રાદ્ધાદિક વૈદિક વિષ્ણુને નિવેદન કરેલા અન્નથી બીજા દેવતાઓનું કરવું એમ પદ્મપુરાણમાં કહ્યું છે. શ્રીમદ્ભાગવતમાં એ સિદ્ધાંત પ્રકટ છે. ૨૮

(વળી જે વસ્તુ જેવી રીતે સમર્પણ કરવાને યોગ્ય હોય તે વસ્તુ તેવી રીતે સમર્પવી, જેમ વસ્ત્ર વગેરે; એ વિશે વધારે ખુલાસો આગળ આપવામાં આવશે :)

> यथा समर्पणे योग्यं यत्तथा तत्समर्पयेत् ।
> यज्ञादिषु विवाहादौ प्रदर्श्य निखिलं हरेः ॥२९॥
> गृहीत्वैव तदादेशं पश्चात् कार्याणि साधयेत् ॥२९½॥

જે વસ્તુ જે પ્રકારે સમર્પી શકાતી હોય તે વસ્તુ તે પ્રકારે સમર્પવી. યજ્ઞયાગાદિકમાં અને વિવાહાદિકમાં સર્વ પદાર્થો પ્રભુ સમક્ષ ધરવા અને પ્રભુની આજ્ઞા લીધા પછી યજ્ઞયાગાદિક અને વિવાહાદિક કાર્યો સાધી લેવાં. સેવકનો ધર્મ એ જ છે કે પોતાના સ્વામીને દેખાડયા વિના અને એની આજ્ઞા થયા વિના કાંઈ પણ કાર્ય સ્વતંત્ર રીતે કરવું નહિ. એ જ પ્રમાણે અહીં પણ પ્રભુને નિવેદન કર્યા વિના

કોઈ પણ લૌકિક વૈદિક કાર્યો સ્વતંત્ર રીતે ન કરવાં, પરંતુ સર્વ નિવેદન કરીને, આપની આજ્ઞા મેળવીને જ સર્વ કાંઈ કરવું એ સેવકનો મુખ્ય ધર્મ છે. ૨૯ૢ

(પોતે જે પદાર્થનો ઉપયોગ કર્યો હોય તે પદાર્થ પ્રભુને સમર્પવો નહિ એમ આપશ્રી આજ્ઞા કરે છે : )

**न स्वार्धभुक्तं कृष्णाय समर्प्यमिति निश्चयः ॥३०॥**

અર્ધભુક્ત એટલે જે પદાર્થ આપણા ઘરમાં હોય, જેમ કે ફલ ફૂલ વસ્ત્ર વગેરે, તેમાંથી થોડો ભાગ પોતાના વપરાશમાં લીધેલો હોય તો એ વધેલો-બાકી વધેલો અર્ધભુક્ત પદાર્થ સદાનંદ શ્રીકૃષ્ણને કદાપિ સમર્પવો નહિ એમ નિશ્ચય કરવામાં આવ્યો છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે દેવના દેવ શ્રીઠાકોરજીને અર્ધભુક્ત કદાપિ સમર્પવું નહિ. આ ઉપરથી પ્રભુને અર્ધભુક્ત ધરવાની શ્રીહરિરાયજીએ ના કહી તેમાં મુખ્ય કારણ પણ સહજમાં જાણી શકાય છે. ૩૦

(આ સ્થળે એવો સંશય થાય-પહેલાં કહ્યું કે પ્રભુને સમર્પ્યા વિના કાંઈ પણ લેવું નહિ, પ્રભુને ન સમર્પાયેલી વસ્તુ ત્યજી દેવી, ત્યારે ઘરમાં જે વસ્તુ આવશે તે પ્રભુને સમર્પાશે જ. પ્રભુને સમર્પ્યા વિના પોતાના ઉપયોગમાં આવી જતાં બાકી રહેલો પદાર્થ પ્રભુને સમર્પવાનો વખત જ ન આવવો જોઇયે. જ્યારે વખત જ નહિ આવે તો પછી એમ કહેવાની શી જરૂર છે કે અર્ધભુક્ત વસ્તુ પ્રભુને ન જ ધરવી ? વૈષ્ણવના ઘરમાં દરેક પદાર્થ પ્રભુને નિવેદન કર્યા

પછી જ બીજાં કાર્યોમાં વપરાય છે, પહેલાં વપરાતો જ નથી. પહેલાં વપરાય તો અર્ધભુક્ત થયેલો કહેવાય અને એ પ્રભુને ન ધરવો એમ કહેવું પણ યોગ્ય કહેવાય, પરંતુ પ્રભુને સમર્પ્યા વિના કાંઈ લેવું જ નહિ એમ પહેલાં કહ્યું છે તેથી પ્રભુને નિવેદન કર્યા વિના વૈષ્ણવો કાંઈ લેતા જ નથી, તો પછી એમના ઘરમાં અર્ધભુક્ત કોઈ વસ્તુ હશે જ નહિ, અને નહિ હોય તો પછી એ પ્રભુને ન ધરાવવી એમ શા માટે કહેવું ? જે વસ્તુ અર્ધભુક્ત હોય તે પ્રભુને ન ધરવી એમ કહેવાની શી જરૂર છે ? અર્ધભુક્ત વસ્તુ થવાની હોય તો ન ધરવી એમ કહેવું જોઈયે, પણ અર્ધભુક્ત થવાની જ નથી તો એની ના પાડવાની કાંઈ જરૂર જ નથી.—આ સંશય પ્રાપ્ત થતાં સમાધાન કરે છે : )

न सामिभोगः संप्राप्तो ह्यसमर्पितवर्जनात् ।
तथापि मानसं पूर्वमादाय च समर्पणम् ॥३१॥
अभुक्तमप्यतो ब्रह्मसम्बन्धो विभ्रमात् पुरा ।
गृह्णीयाद्वशिष्टं तु प्रभवेऽपि समर्पयेत् ॥३२॥
तदर्थं वर्जितं भेदेनार्धभुक्तसमर्पणम् ॥३२½॥

જો કે અર્ધભુક્ત પદાર્થ જ ન હોવાથી એના સમર્પણનો નિષેધ કરવાની શી જરૂર છે, એ શંકા પ્રાપ્ત થાય છે, તોપણ એક રીતે બારીકીથી જોતાં અર્ધભુક્ત પદાર્થ મળી પણ શકે છે; જેમકે કોઈ વૈષ્ણવ, બ્રહ્મસંબંધ જેને થયેલો છે એવો કોઈ ભગવદીય, પહેલાં જ પોતે બધું પ્રભુને બ્રહ્મ-સંબંધ થતી વખતે સમર્પણ કરી દીધું છે એવું મનમાં

લાવીને પહેલાં ઉપયોગમાં નહિ લીધેલો પણ પદાર્થ ઉતાવળથી, ભ્રાન્તિથી જો પોતાના ઉપયોગમાં લઈ લે અને બાકી વધેલો જો પ્રભુને સમર્પવા તૈયાર થાય તો એ ન સમર્પવો એમ રહસ્ય છે. શ્રીમહાપ્રભુજી જે અર્ધભુક્તનો નિષેધ કરે છે તે ઉપર કહેલી રીત પ્રમાણે થયેલા અર્ધભુક્તનો કરે છે. વસ્તુતઃ અસમર્પિત પદાર્થ ન લેવો, એમ કહેવાથી કોઈ પદાર્થ પ્રભુને સમર્પ્યા વિના લેવાય જ નહિ અને લેવાય તો અર્ધભુક્ત ઉપયોગમાં લીધા પછી બચેલો પદાર્થ પણ ગણાય જ નહિ, તો પછી એ પ્રભુને સમર્પવો કે નહિ, એવો પ્રશ્ન જ ન ઉઠાવાય; પણ કોઈ વૈષ્ણવ એમ મનમાં માની બેસે કે મેં પહેલાં બધું પ્રભુને સમર્પ્યું છે, હવે પ્રભુને સમર્પવાની શી જરૂર છે, એવી ભ્રાન્તિ એ વૈષ્ણવને થાય અને કોઈ પદાર્થનો પોતે ઉપયોગ કરે અને બાકી વધેલો જો ભગવત્કાર્યમાં વાપરે તો એ વાપરવો નહિ, એમ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું સૂક્ષ્મ ઊંડું રહસ્ય છે; તેથી જ અસમર્પિત અને અર્ધભુક્ત એવા બે ભેદ કરીને એનો નિષેધ કર્યો છે. ૩૨ફ

[ આ સ્થલે સરલ આશય આ પ્રમાણે છે: અસમર્પિત, એટલે કે, પ્રભુને ધર્યા વગરનું ન જ લેવું આવો જેનો નિયમ છે તેવા વૈષ્ણવની બાબતમાં એવું બનશે જ નહિ કે પહેલાં પ્રભુને ધર્યા વગર પોતે થોડુંક ખાઈ લે અને બાકીનું પ્રભુને ધરે; તો પછી શ્રીમહાપ્રભુજીએ આવી આજ્ઞા કેમ કરી હશે? જે વસ્તુની સંભાવના હોય તે સમ્બન્ધમાં ના પાડે એ તો બરોબર; દા. ત. એક માણસ આપણે ઘેર

આવવાનો હોય તેને આપણે કહેવડાવિયે કે—' તું ન આવજે.' એ તો બરોબર, પરંતુ જે માણસ આપણું ત્યાં આવવાનો જ નથી તેને ન આવવાનું કહેવાનું શું પ્રયોજન? આ પ્રમાણે કોઈ શંકા કરે એનો જવાબ શ્રીહરિરાયજી આ સ્થલે આપે છે. બ્રહ્મસંબંધી જીવને મનમાં એવો ભાવ આવે કે પહેલાં જ્યારે બ્રહ્મસંબંધ દીક્ષા લીધી ત્યારે આ લોક સંબંધી તેમ પરલોક સંબંધી જેટલી વસ્તુ છે તે પ્રભુને મનથી તો સમર્પેલી જ છે, માટે ક્રિયાથી ભોગ ધર્યા વગરનીયે વસ્તુ લેવાથી કાંઈ અસમર્પિત–ભક્ષણનો દોષ લાગે એમ નથી, માટે ક્રિયાથી ભોગ ધર્યા વગરની વસ્તુ લેવામાં કોઈ જાતનો વાંધો નથી. આમ સમઝી અમુક વસ્તુનો પોતે ઉપયોગ કરે અને એ ઉપયોગ કરેલી વસ્તુ અથવા તો એનો બચેલો અંશ પાછળથી પ્રભુના ઉપયોગમાં લે. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે આવો ભાવ એક પ્રકારની ભ્રાન્તિ છે. ૩૨ મા શ્લોકમાં अभुक्तम्નો અર્થ प्रभुणा अभुक्तम्, असमर्पितम् એ પ્રમાણે છે.]

('સિદ્ધાંતરહસ્ય' ગ્રંથમાં અસમર્પિત વસ્તુ વર્જવી અને અર્ધભુક્ત પદાર્થ પ્રભુને ન સમર્પવો એમ જે આજ્ઞા છે તેનું ઊંડું રહસ્ય શ્રીહરિરાયજી બતાવે છે :)

असमर्पितवस्तूनामत्र सामान्यमुच्यते ॥३३॥
भुक्तेत्यनेनात्र भोग्यवस्तुभोगो निरूप्यते ।
स चोपयोगरूपो हि तस्माद् भेदो विबुध्यताम् ॥३४॥

'સિદ્ધાંતરહસ્ય' ગ્રંથમાં અસમર્પિત વસ્તુ વર્જવી એમ

સામાન્ય રીતે આજ્ઞા કરી છે, એટલે કે શેમાં વર્જવી, કેવી રીતે વર્જવી, ક્યા કાર્યમાં વર્જવી, એ સ્પષ્ટ નથી, માટે અર્ધભુક્ત પદાર્થ પ્રભુને ન સમર્પવો એમ બીજી વાર આજ્ઞા કરી. એમાં અર્ધ એટલે અર્ધા પ્રમાણમાં ભુક્ત એટલે ભોગવેલી વસ્તુ, તે અર્ધભુક્ત કહેવાય છે. ભોગ કરવા લાયક વસ્તુનો ભોગ પ્રભુને એ વસ્તુ સમર્પ્યા વિના કરવો નહિ એવો પણ આશય છે. ભોગ એટલે ઉપયોગ. મતલબ કે જે વસ્તુનો પોતે ઉપયોગ કર્યો હોય તે વસ્તુ પ્રભુને સમર્પવી નહિ - તેમજ જે વસ્તુ પ્રભુને સમર્પાયેલી નથી તેનો ઉપયોગ પોતે પણ કરવો નહિ, એવી રીતના ભેદનો સ્પષ્ટ ખ્યાલ રહેવાથી ભાવાર્થ સંદેહ–રહિત થશે, એમ જાણવું. ૩૪

[અહીં પ્રશ્ન એ પ્રમાણે જાગે છે કે અસમર્પિત વસ્તુ એટલે કે પ્રભુને ધર્યા વગરની વસ્તુ ઉપયોગમાં ન લેવી–એ પ્રમાણે કહેવાથી વસ્તુ પહેલેથી જ પ્રભુને ધરાશે અને પછી જ પોતાના ઉપયોગમાં આવશે, તો પછી પહેલાં પોતે ઉપયોગમાં લીધેલી વસ્તુ પ્રભુને ન સમર્પવી એ પ્રમાણે કહેવું જ નિરર્થક છે, કારણ કે એવી પરિસ્થિતિ ઊભી થાય એમ નથી જ, એમ છતાંયે શ્રીમહાપ્રભુજીએ આ પ્રમાણેની અલગ આજ્ઞા કેમ કરી? પૂર્વ આજ્ઞામાં જ એ અર્થાત્ આવી જાય છે. આ પ્રમાણે જાગતા પ્રશ્નનું સમાધાન શ્રીહરિરાયજી અહીં કરી રહ્યા છે. અસમર્પિત ન લેવું એ પ્રમાણે જ્યાં આજ્ઞા છે ત્યાં સામાન્ય આજ્ઞા છે કે પહેલાં પ્રભુને સમર્પવું અને પછી લેવું. ત્યાં સમર્પણનો અર્થ

સ્પષ્ટ નથી કર્યો. બ્રહ્મસમ્બન્ધ વખતે જે સમર્પણ કરવામાં આવે છે તે પણ સમર્પણ અને પ્રભુને પધરાવી જે એમની સેવા દરમ્યાન ભોગ ધરવામાં આવે છે તે પણ સમર્પણ. આ બન્ને પ્રકારોમાં પહેલા પ્રકારનું સમર્પણ એ સામાન્ય સમર્પણ અને બીજા પ્રકારનું સમર્પણ એ વિશેષ સમર્પણ છે. પ્રભુને અર્ધભુક્ત ન ધરવું–એ પ્રમાણે જ્યાં આજ્ઞા છે ત્યાં વિશેષ સમર્પણની વાત છે એટલે કે સાક્ષાત્ બિરાજતા પ્રભુની આગળ ક્રિયાથી ભોગ ધરવો, આરોગવાની વિનંતિ પ્રભુને કરવી, અને શ્રીમહાપ્રભુજીની કાનીથી પ્રભુ આરોગે ત્યારબાદ એ વસ્તુ ઉપયોગમાં લેવી, એ પ્રમાણે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનો આશય છે. આ પ્રમાણે ચાલતી સેવામાં ભૂલ્યેચૂક્યે અર્ધભુક્ત વસ્તુ પ્રભુને ન ધરાઈ જાય એની ખાસ તકેદારી રાખવી એમ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. ઉપરાંત જેણે અસમર્પિતનો ત્યાગ કરેલ છે તે પોતે અમુક વસ્તુના અમુક અંશનો પહેલાં ઉપયોગ કરશે અને પછી એ બચેલો અંશ પ્રભુના કામમાં લેશે એ બનવાનું જ નથી, પરંતુ એવું બને કે કોક અમુક વસ્તુના અમુક અંશનો પહેલાં ઉપયોગ કર્યો હોય અને બચેલો અંશ એ ભૂલથી પોતાના શ્રીઠાકોરજીના ઉપયોગમાં લે. દાખલા તરીકે, પોતે એક સમગ્ર ફળ બજારમાંથી લઈ આવ્યો અને પછી એ ઘરની બહાર ગયો; પાછળથી છોકરાઓએ કજિયો કર્યો અને એની પત્નીએ એમાંથી અર્ધું ફળ છોકરાંઓને ખવડાવ્યું. પછી પોતે ઘરમાં આવે ત્યારે ખબર પડે કે અર્ધું ફળ છોકરાંઓને આપ્યું છે અને બાકીનું અર્ધું બચ્યું છે. શ્રીમહા-

પ્રભુજી આજ્ઞા કરે છે કે આવું બધું શ્રીઠાકોરજીને ન ધરવું. માટે અર્થાત્ સમઝાતી વાત પણ અલગ સ્પષ્ટ કરીને આપે કહી છે.]

(પ્રભુએ નિવેદન કર્યા પછી એ પદાર્થ પોતાના ઉપયોગમાં લેવાથી કોઈ પણ પ્રકારે વાંધો નથી, એનું કારણ બતાવે છે :)

**निवेदितपदार्थानां ग्रहणं मार्गभेदतः ।**
**पूजामार्गनिषेधानामत्रानवसरो मतः ॥३५॥**

પ્રભુને નિવેદન કરેલા પદાર્થોનું ગ્રહણ કરવું, કારણ કે* આ સેવામાર્ગ પૂજામાર્ગથી જુદો છે. સેવામાર્ગમાં પરાત્પર પૂર્ણ પુરુષોત્તમની સેવા છે માટે નિવેદન કરેલા પદાર્થો પોતાના ઉપયોગમાં લઈ શકાય છે, પૂજામાર્ગમાં એ પુરુષોત્તમના અંશની, અવતારોની, કલાઓની પૂજા કરવામાં આવે છે માટે એમાં નૈવેદ્ય લઈ શકાતું નથી. સેવામાર્ગ અને પૂજામાર્ગ એવી રીતે જુદા હોવાથી પૂજામાર્ગની રીત સેવામાગમાં આવી શકે નહિ. દૃષ્ટાંતઃ—પૂજામાર્ગમાં એવું લખ્યું છે કે 'મારી પાસે ધરેલા દીવાનો પણ ઉપયોગ બીજા કાર્યમાં કરવો નહિ' એમ ભગવાન આજ્ઞા કરે છે, તો એ આજ્ઞા પૂજામાર્ગ માટેની છે, પણ એ સેવામાર્ગમાં લાગુ પડી શકે નહિ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે નિવેદન કર્યા પછી એ ઉપયોગમાં ન લેવું એમ જે કહ્યું છે તે પૂજામાર્ગ માટે છે એમ સમઝવું. સેવામાર્ગમાં પ્રભુને સર્વ નિવેદન કરવામાં આવે છે : 'પુત્રાદિ, ગૃહ, પ્રાણ વગેરે બધું પ્રભુને નિવેદવું.' વળી, જે આ લોકમાં બહુ જ ઇષ્ટ હોય,

પોતાને અત્યન્ત પ્રિય હોય, તે બધું પ્રભુને અર્પણ કરવું' વગેરે વાક્યોથી સર્વ સમર્પણ કર્યા પછી પોતાના ઉપયોગમાં એ લઈ શકાય છે, માટે સેવામાર્ગમાં પૂજામાર્ગની રૂઢિ સ્વીકારાતી નથી. ૩૫

[ સામાન્ય રીતે પ્રભુને સમર્પ્યા પછી એ પાછું લેવાનું નથી હોતું. દાખલા તરીકે એક મંદિર બાંધી એમાં દેવની પ્રતિષ્ઠા કરી; પછી એ મંદિરનો ઘર તરીકે ઉપયોગ કરી ન શકાય. સામાન્ય પરિસ્થિતિ આવી છે, છતાંયે આપણા માર્ગમાં સમર્પિત વસ્તુ જ લેવાય છે એનું કારણ એ કે આપણો માર્ગ બીજા માર્ગ કરતાં જુદો છે. જ્યાં પ્રભુને સમર્પ્યા પછી નથી લઈ શકાતું તે મર્યાદામાર્ગ અથવા પૂજામાર્ગ અને જ્યાં સમર્પ્યા પછી જ લઈ શકાય તે પુષ્ટિમાર્ગ અથવા સેવામાર્ગ. ટૂંકમાં, પૂજામાર્ગના નિયમ સેવામાર્ગને લાગુ પડતા નથી. ]

**एवं जन्मावधि नृणां भावनातो भविष्यति ।**
**सर्वत्र ब्रह्मसम्बन्धो गङ्गातोऽन्यजलेष्विव ॥३६॥**

જન્મપર્યન્ત એવી ભાવના થવાથી મનુષ્યોને સર્વ સ્થલે બ્રહ્મસંબંધ થશે. જેમ ગંગાજીથી બીજા જલમાંના દોષો દૂર થાય છે, અર્થાત્ એ જલ ગંગારૂપ થાય છે, તેમ ઉપર કહ્યા પ્રમાણેની ભાવના કર્યાથી મનુષ્યોને સર્વ સ્થલે બ્રહ્મનો સંબંધ થશે, એટલે નિર્દોષપણું પ્રાપ્ત થશે, સર્વ રીતે એ દોષરહિત બનશે. ૩૬

**चिन्ता निवेदिभिर्नैव नवरत्ने निरूपिता: ।**
**तत एवावगत्येह कार्या इति विनिश्चयः ॥३७॥**

'નવરત્ન' ગ્રન્થમાં જેવા પ્રકારની ચિન્તાઓ શ્રી-મહાપ્રભુજીએ નિરૂપણ કરેલી છે તે 'નવરત્ન' ગ્રંથથી સમજીને કદાપિ એ ચિન્તાઓ વૈષ્ણવોએ કરવી નહિ એવો નિશ્ચય છે. જે જે ચિન્તા થાય તે તે ન કરવી. ૩૭

ततो हि जातसंस्कारः सर्वचिन्ताविवर्जितः ।
साक्षिवत् तत्कृतिं पश्यन् सुखं सेवापरो भवेत् ॥४८॥

એ પ્રમાણે બ્રહ્મસંબંધરૂપ સંસ્કાર થયા પછી સર્વ ચિન્તાઓથી રહિત થઈને સાક્ષીની પેઠે ભગવાનની કૃતિને જોતાં જોતાં સુખેથી સેવામાં તત્પર થવું. ૩૮

## સેવા કેવી રીતે કરવી ?

(ઉપર પ્રમાણે શરણ અને સમર્પણનું વિવેચન કરીને હવે સેવાવિધિનું નિરૂપણ આપશ્રી કરે છે :)

सेवाविधिः समग्रोऽपि क्रमेणैव विलिख्यते ।
प्रकारोत्तमतः पूर्वं मूर्तौ सेवा विधीयते ॥३९॥

સમગ્ર સેવાવિધિ પણ અનુક્રમે લખવામાં આવે છે. સેવાને અંગે જે જે કાંઈ કરવાનું છે તે સર્વ લખાય છે. પહેલાં ઉત્તમ પ્રકારની મૂર્તિ વિશે સેવા કરવી એમ કહેવામાં આવે છે. ભગવત્સ્વરૂપની ઉત્તમ પ્રકારની સેવા કરવી જોઇયે એમ જણાવવામાં આવે છે. ૩૯

मूर्तौ भगवतो ज्ञानं साकारावेशतो मतम् ।
भक्तिमार्गप्रकारेण ज्ञानतस्तु तदात्मता ॥४०॥
पूजामार्गं भवेन्मन्त्रविधानात् पूज्यसेवनम् ।
विशेषो भक्तिमार्गोऽयं पुरुषोत्तमरूपिणः ॥४१॥

मणिस्पर्शेन ताम्रादि सौवर्णमिव तत्त्वतः ।
अतस्तत्र कृतं सर्वं साक्षात् कृष्णे कृतं भवेत् ॥४२॥

મૂર્તિમાં ભગવાનનું જ્ઞાન સાકાર ભગવાન મૂર્તિમાં પ્રવેશ કરે છે એનાથી થાય છે એમ એક મત છે, અર્થાત્ મૂર્તિમાં ભગવાનનો આવેશ થાય છે. એ આવેશ સાકાર આવેશ છે, કેમકે મૂર્તિ સાકાર છે. ત્યારે સાકાર મૂર્તિમાં ભગવાનનો સાકાર આવેશ થયેલો હોવાથી મૂર્તિમાં ભગવાનનું જ્ઞાન થાય છે એમ કેટલાક માને છે. ભક્તિમાર્ગની દૃષ્ટિએ એ માનવાનું નથી; ભક્તિમાર્ગ પ્રમાણે તો મૂર્તિ પ્રભુસ્વરૂપ છે, મૂર્તિ જુદી છે અને એમાં ભગવાનનો જુદો આવેશ થાય છે એમ માનવાનું નથી. જે મૂર્તિ દેખાય છે તે સાક્ષાત્ પ્રભુસ્વરૂપ જ છે એમ જાણવાનું છે. પૂજામાર્ગમાં મંત્રવિધિમાં પૂજ્ય દેવતાઓનું અર્ચન થાય છે. વેદમાં જે જે દેવતા માટેના જે જે મંત્ર કહેલા છે તે તે મંત્રોથી તે તે દેવતાનું પૂજન પૂજામાર્ગમાં કરવામાં આવે છે. પૂજામાર્ગ કરતાં ભક્તિમાર્ગમાં વિશેષ આ છે: મૂર્તિ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ–સ્વરૂપ થાય છે. જેમ પારસમણિના સંગથી લોખંડ વગેરે ધાતુ સુવર્ણરૂપ બની જાય છે તેમ જ મૂર્તિ પણ સાક્ષાત્ શ્રીકૃષ્ણસ્વરૂપ થાય છે. એ કારણથી જ ભક્તિમાર્ગમાં સેવા મુખ્યત્વે કરીને ભાવ વડે જ થાય છે. અને એ ભાવ વડે એ સ્વરૂપમાં જે કાંઈ સેવા કરવામાં આવેલી હોય તે સાક્ષાત્ શ્રીકૃષ્ણની જ સેવા થઈ એમ જાણવું.

[ અર્ચાના બે માર્ગ છે : એક પૂજામાર્ગ અને બીજો ભક્તિમાર્ગ અથવા સેવામાર્ગ. પૂજામાર્ગમાં મૂર્તિમાં મન્ત્રોચ્ચારપૂર્વક દેવની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે; ભક્તિમાર્ગમાં સેવ્ય સ્વરૂપ સાક્ષાત્ પુરુષોત્તમ છે એ પ્રમાણેનું જ્ઞાન અથવા ભાવ હોય છે. પૂજામાર્ગમાં મૂર્તિમાં દેવનો પ્રવેશ છે, જ્યારે ભક્તિમાર્ગમાં, સ્પર્શમણિના સ્પર્શથી જેમ તાંબું વગેરે સોનું જ બની જાય છે તેમ, પુરુષોત્તમસ્વરૂપ જે ગુરુદેવ તેમના સ્પર્શથી એ સ્વરૂપ સાક્ષાત્ પુરુષોત્તમ જ બની જાય છે. પ્રવેશ કરનાર ઘરની બહાર જેમ જાય તેમ પૂજામાર્ગમાં મૂર્તિમાં પ્રવેશ કરનાર દેવ વિસર્જન દ્વારા બહાર પણ જાય, પરન્તુ સ્પર્શમણિના સ્પર્શથી સોનું બનેલ તાંબું ફરી તાંબું થતું નથી, પરન્તુ સોનું અને સોનું જ રહે છે, તેમ ભક્તિમાર્ગમાં પુરુષોત્તમ બનેલ સ્વરૂપ સદાને માટે પુરુષોત્તમ જ રહે છે. ]

### સેવા બે રીતે થાય

( સેવાના બે પ્રકાર આપશ્રી વર્ણવે છે : )

**सेवा तु तस्य द्विविधा त्यागात्यागविभेदतः ।**
**अत्यागेऽपि तथात्वं हि व्यावृत्तेस्त्यागतः पुरा ॥४३॥**

પ્રભુની સેવા બે પ્રકારની હોય છે : એક સેવા તો સર્વનો ત્યાગ કરીને થઈ શકે અને બીજી સેવા સર્વનો ત્યાગ કર્યા વિના થઈ શકે છે. માટે ત્યાગ અને અત્યાગ એવા ભેદથી સેવા બે પ્રકારની છે. વ્યાવૃત્તિ એટલે ગૃહસ્થધર્માનુસાર સર્વ પ્રવૃત્તિ કરવી એ. એ વ્યાવૃત્તિનો ત્યાગ

કર્યા પહેલાં અત્યાગ દશામાં પણ ત્યાગ કરવાપણું તો છે જ, એ આ પછીના શ્લોકમાં સ્પષ્ટ કરે છે. ૪૩

व्यावृत्तावपि च प्रोक्तो मानसस्त्याग उत्तमः ।
अत्यागपक्षे गार्हस्थ्यमनुकूलं हि साधने ॥४४॥
गृहे स्थित्वा सेवनार्थं स्वधर्मेणैव सर्वथा ।
कृष्णं भजेद्यतोऽधर्मकरणाद्धीनयोनिता ॥४५॥

જ્યારે ગૃહસ્થાશ્રમમાં પણ સ્થિતિ હોય એટલે કે ગૃહસ્થ તરીકેની પ્રવૃત્તિ ચાલુ હોય તોપણ મનથી સર્વનો ત્યાગ કરવો એ ઉત્તમ છે. વ્યાવૃત્તિ છતાં પણ એમાં આસક્તિ ન રાખતાં પ્રભુમાં મન જોડી દેવું એ મનથી કરેલો ત્યાગ કહેવાય છે અને એ કરવો ઉત્તમ છે. સર્વનો ત્યાગ ન કર્યો હોય એ પક્ષમાં ગૃહસ્થાશ્રમ સાધનમાં અનુકૂલ જોઇયે, એટલે કે સેવાદિક સાધનોમાં સ્ત્રી પુત્ર વગેરે અનુકૂલ હોવાં જોઇયે. ઘરમાં રહીને સેવા કરવા માટે સ્વધર્મ વડે જ નિરંતર શ્રીકૃષ્ણનું ભજન કરવું. જો અધર્મ કરે તો હીનયોનિમાં એનો જન્મ થાય છે, માટે ઘરમાં રહીને પોતાના ધર્મ વડે નિરંતર શ્રીકૃષ્ણસેવા કરવી. ૪૫

कृष्णमूर्तौ यथालब्धैर्द्रव्यैः सम्पूजयेद्धरिम् ॥४५½॥

ભગવાનની મૂર્તિમાં યથાયોગ્ય પ્રાપ્ત થયેલાં દ્રવ્યો વડે શ્રીહરિનું પૂજન કરવું. શ્રીમહાપ્રભુજી 'નિબંધ'માં આજ્ઞા કરે છે કે 'જેવા અને જેટલા ઉપચારો–પદાર્થો મળી આવ્યા હોય તે વડે શ્રીકૃષ્ણનું ભક્તિપૂર્વક પૂજન કરવું, અર્થાત્ ભક્તિમાર્ગની મર્યાદા પ્રમાણે જે પદાર્થો મળી આવે

તે પદાર્થો વડે ભગવાનની પ્રતિમામાં બિરાજતા શ્રીહરિનું પૂજન કરવું.' ૪૫

(પૂજનનો પ્રકાર સેવાના પ્રકાર સાથે મેળવીને કહે છે :)

**पूर्वं स्थानं मन्दिरादि तथा सिंहासनादि च ॥४६॥**
**सम्पाद्य भोगसामग्रीं हरिमुत्थाप्य मञ्चतः ।**
**प्रातरारभ्य सर्वापि सेवा पूजा विधीयताम् ॥४७॥**

પહેલાં તો સ્થાન એટલે મંદિર–આદિ અને સિંહાસન–આદિ સંપાદન કરીને, અને ભોગ ધરવાની સામગ્રી પણ તૈયાર કરીને શય્યામાંથી શ્રીહરિને જગાડવા. બુહારી મંદિર-વસ્ત્ર કરીને પ્રભુને બિરાજવાનું મંદિર અને સિંહાસન પણ સ્વચ્છ રીતે તૈયાર રાખવાં. ભોગ ધરવા સામગ્રી પણ તૈયાર રાખવી. પછી પ્રભુને જગાડવા. પ્રભુને શય્યામાંથી જગાડીને સવારથી સાયંકાલ પર્યંત બધી સેવા કરો. પ્રાતઃકાલથી સેવાનો અને પૂજાનો જે ક્રમ છે તે પ્રમાણે કરો. [આપશ્રીએ તો પ્રાતઃકાલમાં પ્રારંભમાં સેવાનો ક્રમ કેવી રીતે છે એ માત્ર સંક્ષેપમાં શરૂઆતના ભાગ તરીકે જણાવીને, એમ આજ્ઞા કરી કે સેવાપૂજનના એ ક્રમ પ્રમાણે સેવાપૂજા કરો.] ૪૭

(સેવામાં અને પૂજામાં શો ભેદ છે, એ આપશ્રીએ પ્રથમ જણાવ્યો છે, તોપણ અહીં એનું ફરીને વિશેષ સ્પષ્ટીકરણ કરે છે :)

**सेवायां लौकिकी युक्तिस्तथा स्नेहो नियामकः ।**
**पूजायां तु विधिः स्नेहविरुद्ध इति निश्चयः ॥४८॥**

સેવા કરવામાં લૌકિક યુક્તિ જાણવી જોઇયે. જેમ કોઈ લૌકિક બાળક સવારમાં જ્યારે ઊઠે છે ત્યારે એની માતા પુત્રસ્નેહને લીધે એ બાળકને માટે આગળથી જ તૈયાર કરી રાખેલા ખાવાના પદાર્થો આપે છે, તેમ પ્રભુમાં બાલભાવ રાખવો. એ સેવા કરવામાં લૌકિક યુક્તિ અને સ્નેહ મુખ્ય છે. એ સેવામાં સ્નેહ જ સર્વે નિયમો કરી આપે છે. જેમ માતા પુત્રને સ્નેહથી લાડ લડાવે છે, પાળે છે, પોષે છે, તેમ એ જ ભાવથી પ્રભુની સેવા કરવી. પૂજા કરવામાં આવે છે ત્યારે એમાં મુખ્ય શાસ્ત્રના વિધિને માનવામાં આવે છે. શાસ્ત્રમાં ઠંડા જલથી પ્રભુને સ્નાન કરાવવાનું લખ્યું છે, માટે ગમે તેવી આકરી શીતકાલની ઋતુમાં પણ પ્રભુને ઠંડા જલથી જ સ્નાન કરાવવું એમ પૂજામાર્ગમાં છે. ત્યાં વિધિને એટલે શાસ્ત્રમાં જે લખેલું છે તેને મુખ્ય માનવામાં આવે છે, એટલે વિધિ સ્નેહથી વિરુદ્ધ છે કે સ્નેહયુક્ત છે એમ વિચાર કરવામાં આવતો નથી. સ્નેહથી વિરુદ્ધ વિધિને મુખ્ય નિશ્ચય માનીને ભગવાનની પૂજા પૂજામાર્ગીય લોકો કરે છે. ૩૮

## ગુરુ કેવા હોય ?

(ગુરુ કેવા કરવા જોઇયે,એના સંબંધમાં શ્રીમહાપ્રભુજીએ 'નિબંધ'માં જેવી રીતે આજ્ઞા કરી છે તેવી રીતે શ્રીહરિરાયજી પણ અહીં આજ્ઞા કરે છે :')

गुरुश्च भक्तिमार्गीयः कृष्णसेवापरायणः ।
श्रीभागवततत्त्वज्ञो दम्भादिरहितो नरः ॥४१॥

ગુરુ ભક્તિમાર્ગને અનુસરનારા હોવા જોઇયે, વળી શ્રીકૃષ્ણની સેવામાં પરાયણ હોવા જોઇયે, તેમજ શ્રીભાગવતના તત્ત્વને જાણનારા અને દંભ–ડોળ વગેરેથી રહિત એવા તેમ (સ્ત્રી નહિ) પુરુષ હોવા જોઇયે. ૪૯

(ઉપર જણાવેલા ગુરુ ન મળે તો કેમ કરવું એ આપશ્રી જણાવે છે :)

**तदभावे तथाभूतोपदेशोऽत्र नियामकः ॥४९½॥**

ઉપર જણાવેલા સદ્‌ગુરુ ન હોય તો એવા સદ્‌ગુરુએ જે ઉપદેશ કરેલો હોય તે પ્રમાણે ચાલવાથી સર્વ કાર્ય સિદ્ધ થશે જ. અર્થાત્ ઉપર જેમનું સ્વરૂપ વર્ણન કરવામાં આવ્યું છે તેવા ગુરુના અભાવમાં એવા ગુરુએ જે ઉપદેશ આપેલો હોય તે જ નિયમરૂપ છે એમ માનવું. નિયમમાં રાખનાર ગુરુ ન હોય તો એમના ઉપદેશને નિયામક તરીકે માનવો. ૪૯½

**अथाधुनिकतीर्थानामतथाभूततोऽपि हि ॥५०॥**
**उपदेशस्तथाभूतगुरोरिव फलिष्यति ।**
**यदि दुःसङ्गदोषेण नान्यथा चेद् भवेन्मतिः ॥५१॥**

હવે જો આધુનિક તીર્થરૂપ ગુરુઓ ઉપર જણાવેલા ગુરુ જેવા નથી તોપણ એઓ જે ઉપદેશ આપે છે તે તો પહેલાં વર્ણવેલા સદ્‌ગુરુએ જ કરેલો ઉપદેશ આપે છે, માટે હાલના ગુરુઓ એવા ન હોવા છતાં પણ એમની પાસેથી જો ઉપદેશ લેવામાં આવે તો એ ઉપદેશ, જો દુઃસંગરૂપી દોષથી બુદ્ધિ ભ્રમિત થઈ નહિ હોય તો, પહેલાં બતા-

વેલા મુખ્ય સદ્ગુરુના ઉપદેશની પેઠે જ ફળશે. જો ખરાબ પુરુષોની સંગતિથી બુદ્ધિ દુષ્ટ થઈ હશે તો એ ઉપદેશ ફલિત થશે નહિ. ગુરુ ગમે તેવા હોય, પણ એઓ જે ઉપદેશ આપે છે તે ઉપદેશને પ્રકટ કરનારા ગુરુ કેવા છે એ જ વિચારવું જોઇયે અને દુઃસંગથી બચવું જોઇયે. ૫૧

[આધુનિક ગુરુઓ પૈકી પણ કોઈ એક એવા ગુણવાળા એક વાર ન જણાતા હોય તોયે એવા ગુરુ પાસેથી મળેલો ઉપદેશ તો ફલદાયક છે જ. ફક્ત ભય છે દુઃસંગનો. દુઃસંગ દ્વારા મતિ ભ્રષ્ટ થાય તો એ ઉપદેશ આ જન્મ પૂરતો ફલદાયક નથી થતો એટલું જ, બાકી શ્રીવલ્લભકુલના બાલકના મુખારવિન્દ પાસે જેણે કાન ધર્યો છે તેનું અનિષ્ટ તો કદી થતું નથી, એટલું જ નહિ, પરંતુ એનું ઇષ્ટ આ જન્મમાં કે બીજા જન્મમાં અવશ્ય થાય છે. नहि कल्याणकृत् कश्चिद् दुर्गतिं तात गच्छति । ]

**सेवायामपि यस्ताद्दग्गुरुणोक्तः परो विधिः ।**
**स एव सर्वथा नान्यः कल्पितः फलसाधकः ॥५२॥**

સેવા વિશે પણ જેવો વિધિ એવા ગુરુએ કહ્યો હોય તે જ વિધિ સમજવો. ઉપર જણાવેલાં લક્ષણો જેમાં હોય તેવા ગુરુશ્રીએ સેવાની જે પ્રણાલિકા બાંધી હોય તે જ પ્રમાણે ચાલવું. (શ્રીમહાપ્રભુજીએ, શ્રીગુસાંઈજીએ, શ્રીગોકુલનાથજીએ, શ્રીહરિરાયજીએ, અને અનુભવીઓએ સેવા કેવી રીતે કરવી જોઇયે, એ સંબંધે ગ્રન્થો પ્રકટ કરીને જે આજ્ઞા કરી હોય તેને વિધિરૂપ સમજીને અનુસરવું.) ખરો વિધિ એ જ; બીજો નથી. બીજો કલ્પી કાઢેલો ફલને સિદ્ધ

કરી શકતો નથી. (પોતાની ઊંચી યોગ્યતા હોય નહિ અને સ્વચ્છંદ રીતે સેવામાં પણ નવો પ્રકાર ઊભો કરે તો એનાથી ફલસિદ્ધિ થાય નહિ.) ૫૨

**अनुद्वेगाय सप्रेम कृष्णमूर्तावलंकृतिः।**
**वस्त्रैराभरणैर्वापि तथोपहरणैरपि ॥५३॥**
**यथास्वरूपसौन्दर्यं स्वमनोरोधकं भवेत् ॥५३½॥**

ઉદ્વેગ ન થાય એટલા માટે પ્રેમસહિત શ્રીકૃષ્ણના સ્વરૂપને અલંકારો ધરાવવા; વસ્ત્ર તથા આભરણ અને સિંહાસન પિછવાઈ આદિથી પ્રભુને શણગારવા. વસ્ત્રાભરણો આદિની રચના એવી કરવી કે પ્રભુના સ્વરૂપની સુંદરતાને નિરખીને ત્યાંથી પાછા હઠવાનું મન થાય જ નહિ. ૫૩½

[ उपकरणैः એ પ્રમાણે પાઠ સમજી ઉપર અર્થ કરવામાં આવ્યો છે. उपहरणैः એ પ્રમાણે પાઠ છે એટલે "ભોગ–સામગ્રી આદિથી" એવો અર્થ કરવો. ]

**यतो हि सेवना प्रोक्ता चेतस्तत्प्रवणं हरेः ॥५४॥**
**लीलाविशिष्टरूपे हि तदर्थं सेवनोद्यमः ।**
**अतः साधनता प्रोक्ता तनुवित्तजसेवने ॥५५॥**

શ્રીહરિના લીલાયુક્ત સ્વરૂપમાં ચિત્તનું પરોવાવું એનું નામ સેવા છે, એમ 'સિદ્ધાંતમુક્તાવલી'માં કહ્યું છે, તેથી પ્રભુની સુંદરતાથી પોતાનું મન પ્રભુમાં રહે તેવી રીતે શૃંગાર કરવા. સેવાનો ઉદ્યમ એને માટે જ છે. સેવા એવી રીતે કરવી જોઈયે કે પ્રભુમાં મન પરોવાયેલું રહે. એવી ફલરૂપ સેવાના સાધન તરીકે, દેહથી અને દ્રવ્યથી કરવામાં

આવતી સેવાને માનવામાં આવે છે. તનુજા વિત્તજા સેવા માનસી ફલરૂપ સેવાનું સાધન છે એમ 'સિદ્ધાંતમુક્તાવલી' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે. ૫૫

एवमन्नादिवस्तूनामुपयोगे प्रसाधिते ।
भार्यादीनामानुकूल्ये तैः सेवामेव कारयेत् ॥५६॥

એ પ્રમાણે અન્ન વગેરેવસ્તુનો પ્રભુમાં વિનિયોગ સિદ્ધ કરી સ્ત્રી વગેરે જો સેવામાં અનુકૂલ હોય તો એઓ પાસે જ સેવા કરાવવી. શ્રીગુસાંસાઇજી શ્રીનાથજીની પ્રાર્થના કરે છે કે: 'હે [1]કમલલોચન, અમારા ધરાવેલા પદાર્થનો ભોગ આપે કરવો જ જોઇયે, જો નહિ કરો તો પુષ્ટિમાર્ગીય મર્યાદા નષ્ટ થઈ જશે.' અન્ન વગેરે વસ્તુનો એવી રીતે જ્યારે પ્રભુમાં જ ઉપયોગ સિદ્ધ થયો તો સ્ત્રી વગેરે પણ જો અનુકૂળ હોય તો એમની પાસે પણ પ્રભુની સેવા કરાવવી. ૫૬

स्वयं कुर्यादुदासीनतया तेषां पुनः स्थितौ ।
अपकीर्तिभयात् कृष्णसेवावैगुण्यसम्भवात् ॥५७॥
स्वकृतब्रह्मसम्बन्धं विभाव्य हृदि सर्वथा ।
तत्पोषणं प्रकुर्वीत रुग्णदेहवदातुरः ॥५८॥

ભાર્યા આદિની સ્થિતિ જો ઉદાસીન હોય તો પોતે સેવા કરવી જોઇયે. સ્ત્રીપુત્ર આદિ સેવા કરવામાં ઉદાસીન રહે તો પોતે જ સેવા કરવી, કેમકે ઉદાસીન થયેલાંઓને આગ્રહ કરીને સેવામાં જોડવાથી સેવા કરવામાં વ્યગ્રતા રહે

१. अस्मदीयपदार्थानां भोगः कार्यस्त्वयैव हि । अन्यथा मार्गमर्यादा नंक्ष्यत्यम्भोजलोचन ॥ ( गुप्तरस )

છે, અને સેવા બરાબર ન થઈ શકે તો સ્વધર્મની હાનિ થવાથી થનારી અપકીર્તિનો ભય પણ થાય છે. માટે જે સેવાથી વિમુખ થઈને બેસે તેને એવી જ રીતે રહેવા દઈને પોતે સેવા કરવી. [પહેલા શ્લોકનાં છેલ્લાં બે પદોનો સંબંધ બીજા શ્લોક સાથે પણ લઈ શકાય છે, એટલે કે ભાર્યા આદિ સેવાથી ઉદાસીન હોય તો એમનો ત્યાગ ન કરવો, પણ પોષણ કરવું, કેમકે ત્યાગ કરવાથી લોકમાં અપકીર્તિ થાય; એ અપકીર્તિના ભયથી ત્યાગ ન કરવો. અપકીર્તિનો જો ભય હોય તો સેવામાં પણ વ્યગ્રતા એટલે ઊંચું મન રહે, માટે એઓનું પોષણ કરવું. રોગી દેહવાળાની પેઠે આતુર થઈને દુઃખી થઈને એનું પોષણ કરવું. સ્ત્રી આદિ સેવા ન કરે તેથી દુઃખ તો થાય, પરંતુ એ સેવામાં બીજી હરકત નથી કરતાં અને પોતે બ્રહ્મસંબંધ કરેલો છે એવો હૃદયમાં વિચાર કરીને સર્વથા એનું પોષણ કરવું.] ૫૮

[સરલ અન્વયનો અર્થ તો નીચે પ્રમાણે છે :—

एवमन्नादि ... भार्यादीना ... स्वयं कुर्या ... ५३ ३

આમ ત્રણે લીટી ગણી અર્થ કરતાં :

અન્નાદિ વસ્તુઓનો વિનિયોગ થયો (એટલા માત્રથી પોતે કૃતાર્થ થયો એમ સમજવાનું નથી,) ત્યારબાદ પત્ની પુત્ર વગેરેને પણ (ભગવત્સમ્મુખ કરવાનાં છે એટલે) એમની પાસે પણ સેવા જ કરાવવી. હવે એમને સેવાદિ કાર્યોમાં આજ્ઞા કરે છે [illegible] હોય તો સેવાદિ [illegible] જાતે કરવાં; [illegible] જાતો કરવો, પરંતુ [illegible] તો પાલન કરવું જ.]

સ્વરૂપ આનંદનું છે અને જબરદસ્તી એ આનંદ આડી આવે છે. )

**अपकीर्ति...॥५७॥ स्वकृत...तत्पोषणं...॥५८॥**

આવાં ઉદાસીન પત્ની પુત્ર વગેરેનું પોષણ તો અવશ્ય કરવું, કારણ કે પોષણ ન કરે તો લોકમાં વૈષ્ણવતાની નિન્દા થાય; ઉપરાંત ભૂખે મરતાં એઓ આપણને સતાવ્યા કરે એટલે આપણું મન સેવામાં એકાગ્ર રહી ન શકે, તેમ વળી આપણે જે વખતે બ્રહ્મસંબંધ-દીક્ષા લીધી તે વખતે એ બધાં પ્રભુને સમર્પેલાં જ છે એટલે એ પણ ભગવાનનાં જ છે એમ સમજી એમનું પોષણ કરવું; ઉપરાંત સાજો માણસ જે પ્રમાણે પોતાના દેહ પાસેથી ધાર્યું કામ લઈ શકે છે તે પ્રમાણે માંદો માણસ પોતાના દેહ પાસેથી ધાર્યું કામ લઈ શકતો નથી, એમ છતાંયે એ માંદો માણસ રોગગ્રસ્ત દેહનું પોષણ તો કરે છે અને એ આશાએ કે રોગમુક્ત દેહ પાછું ધાર્યું કામ આપશે, તે પ્રમાણે અત્યારે પત્ની પુત્ર વગેરે સેવાદિ ઇષ્ટ કાર્ય ન કરતાં હોય, પરંતુ આગળ ઉપર સદ્‌બુદ્ધિ જાગતાં એવાં સેવાદિ ઇષ્ટ કાર્ય કરશે એ આશાએ પણ એમનું પોષણ કરવાનું છે. वैगुण्य એ અપ્રસિદ્ધ શબ્દ છે; એનો અર્થ 'વિખૂટાપણુ' એવો થઈ શકે અને ફલિત અર્થ તો ઉપર મુજબ છે. ]

**यद्यासुराः कृष्णसेवां कर्तुं न ददति स्वतः ।**
**तदा तेषां परित्यागः कर्तव्य इति निश्चयः ॥५९॥**

જો એ ... અને પોતાને કૃષ્ણસેવા

1. ...दीयपदार्थानां भोगः कार्यः ... अन्यथा मार्गमर्यादा नश्यत्यम्भोजलोचन ॥ ( गुप्तरस )

આસુર ભાવવાળાં હોય, પોતે સેવા કરે નહિ, અને આપણને સેવા કરવા દે પણ નહિ, તો એવાં અસુરનો ત્યાગ જ કરવો એ સિદ્ધાંત છે. ૫૯

**भक्तिमार्गे न वस्तव्यमभक्तैः सह सर्वथा ।**
**अङ्गीकृत्यापि च स्मार्तवर्जनं भक्तिमार्गिभिः ॥६०॥**
**धर्मशास्त्रात्तु बलवद् भक्तिशास्त्रमिति स्थितिः ॥६०३॥**

ભક્તિમાર્ગમાં એવો નિયમ છે કે જેઓ ભક્ત ન હોય તેઓ સાથે કદાપિ ભક્તોએ વસવું નહિ. સ્મૃતિમાં કહેલા ધર્મનો ત્યાગ ભક્તિમાર્ગીય જનોએ કરવો પડે તોયે એ કરવો, કારણ કે ધર્મશાસ્ત્રથી પણ ભક્તિશાસ્ત્ર બલવાન છે એવી મર્યાદા છે. મન્વાદિપ્રોક્ત શાસ્ત્રથી પણ ભક્તિશાસ્ત્ર બળવાન હોવાથી ભક્તિમાર્ગમાં જેનો અંગીકાર થયેલો છે તેઓએ સ્માર્ત ધર્મો ત્યજવા. ૬૦३

[ वृद्धौ च मातापितरौ शिशून् पुत्रान् सतीः स्त्रियः । अप्यनर्थशतं कृत्वा भर्तव्या मनुरब्रवीत् ॥ એટલે કે એક વાર અનીતિ કરવી પડે તો કરવી, પરંતુ વૃદ્ધ માતાપિતા, નાના છોકરાં, અને સતી પત્ની એટલાંનાં પેટ તો ભરવાં જ—આ પ્રમાણે સ્મૃતિપ્રતિપાદિત ધર્મ એ સ્માર્તધર્મ અને પ્રતિકૂલ પત્ની ઇત્યાદિને તજવાં એ ભક્તિમાર્ગીય ધર્મ. આ ભક્તિમાર્ગીય ધર્મનું પાલન કરવા જતાં સ્માર્તધર્મ સચવાતો નથી, તો શું કરવું ? સ્માર્તધર્મને સાચવવો કે ભક્તિમાર્ગીય ધર્મનું પાલન કરવું ? ત્યાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે સ્માર્તધર્મ જતો કરવો, પરંતુ ભગવદ્ધર્મનું તો પાલન કરવું જ. ]

चित्तं हरौ प्रतिष्ठाप्य वृत्तियत्नं च कारयेत् ॥६१॥
सर्वथा वृत्त्यभावे तु यामं सेवापरो भवेत् ।
वृत्तेः सहजतासिद्धौ कृष्णमात्ररतो भवेत् ॥६२॥

ચિત્ત શ્રીહરિમાં રાખીને વૃત્તિ મેળવવા માટે પ્રયત્ન કરાવવો. પોતાનો જો વેપારાદિક ઉદ્યમ ચાલી રહ્યો હોય. તો એને માટે પોતે પ્રયાસ ન કરતાં બીજા પાસે એ યત્ન કરાવવો અને પોતાનું ચિત્ત શ્રીહરિમાં રાખવું. જો વૃત્તિ મુદ્દલે હોય જ નહિ તો એક પ્રહર સુધી સેવાપરાયણ થઈને રહેવું, એટલે કે બીજા સમયમાં વૃત્તિ (રોજગાર) માટે ઉદ્યમ કરવો. જો વૃત્તિ સહજમાં જ સિદ્ધ થતી હોય તો માત્ર શ્રીકૃષ્ણમાં આસક્તિ રાખીને રહેવું જોઈએ, તો પછી વૃત્તિ માટે થોડો પણ પ્રયાસ કરવા પ્રેરાવું નહિ. ૬૨

[ આ શ્લોકનો સરલ અર્થ આ પ્રમાણે છે: પહેલું તો મન પ્રભુમાં સ્થિર કરવું, પરંતુ નિર્વાહ બરોબર ચાલતો ન હોય તો એ મનને પ્રભુમાં સ્થિર રાખવું ઘણું મુશ્કેલ પડે છે, એટલે એ મનને નિર્વાહની દિશામાં પણ પ્રેરવું આવશ્યક છે. ટૂંકમાં, નિર્વાહ તરફ સર્વથા ઉપેક્ષા ન કરવી, એ પણ સાક્ષાત્ નહિ તો પરંપરાથી તો ભગવત્સેવા છે જ. નિર્વાહ બરોબર ચાલતો હોય તો મન પ્રભુમાં રહે; એટલે મનને પ્રભુમાં રખાવનાર આ નિર્વાહ; એ તદ્દન નકામી વસ્તુ તો ન જ કહેવાય. હવે નિર્વાહ સર્વથા ન જ થતો હોય તો આખો દિવસ નહિ, પરંતુ દિવસમાં ત્રણ કલાક તો ભગવત્સેવા કરવી જ. અને નિર્વાહ સહેજે સિદ્ધ થાય એટલા ખાતર ભરોસો ભગવાનનો રાખવો. ટૂંકમાં, કાયાથી પ્રયત્ન-

શીલ રહેવું, મનથી ઉપેક્ષા ન કરવી, પરંતુ નિર્વાહમાં મન ન ઘાલવું, મન તો પ્રભુમાં જ રાખવું.]

### વિમુખતા

**हर्यर्थमपि यत्नेन जातवैमुख्यवारणे ।**
**श्रीभागवतपाठं च विदध्यान्नियमेन हि ॥६३॥**

શ્રીહરિની સેવા માટે પ્રયાસ કરતાં એ જેટલો સમય શ્રીહરિથી વિમુખ થવાયું તેથી વૈમુખ્ય દોષ ઉત્પન્ન થયો તેના નિવારણ માટે નિયમપૂર્વક શ્રીમદ્‌ભાગવતનો પાઠ કરવો. ૬૩

**चित्तक्षोभजवैमुख्याभावाय परुषं सहेत् ।**
**मानयेदपि कृष्णोक्तमित्येवोत्साहसिद्धये ॥६४॥**

ચિત્ત ખળભળી ઊઠવાથી શ્રીહરિથી વિમુખ થઈ જવાય છે; એનાથી પણ વિમુખતાનો દોષ લાગે છે. એનો નાશ કરવા માટે જે કાંઈ આપત્તિ આવી પડે તે સહન કરવી. કોઈ કઠોર વચન કહી જાય, કોઈના તરફથી કાંઈ મારકૂટ વગેરે કરવામાં આવે તોપણ એ સહન કરવું.[1] કોઈ ખરાબ પુરુષોએ નિંદ્યો હોય અથવા અપમાન કરાયું હોય, કોઈ દુષ્ટ પુરુષે ઠપકો આપ્યો હોય, ઈર્ષ્યા કરેલી હોય અથવા માર્યો હોય કે બાંધ્યો હોય, વૃત્તિ–ચાલતી રોજગારી છોડાવી દીધી હોય, કોઈ થૂંક્યું હોય, મૂત્ર કરી ગયું હોય, મૂર્ખોએ એવી રીતે ઘણે પ્રકારે હેરાન કર્યો હોય, તોપણ દુઃખમાં

---

૧. क्षिप्तोऽवमानितोऽसद्भिः प्रलब्धोऽसूयितोऽथवा । ताडितः सन्निबद्धो वा वृत्त्या वा परिहापितः । निष्ठ्यूतो (?) मूत्रितो वाऽज्ञैर्बहुधैव प्रकम्पितः । श्रेयस्कामः कृच्छ्रगत आत्मनात्मानमुद्धरेत् ॥

આવી પડેલા અને કલ્યાણની ઇચ્છાવાળા માણસે પોતા વડે પોતાનો ઉદ્ધાર કરવો, એમ શ્રીમદ્‌ભાગવતમાં ઉદ્ધવ પ્રત્યે ભગવદ્‌વાક્ય છે. માટે પ્રભુના એ વાક્યને ઉત્સાહની સિદ્ધિ માટે અવશ્ય માનવું. પ્રભુએ કહ્યું છે કે 'હે [1]અર્જુન મારો ભક્ત નાશ પામતો નથી.' ૬૪

[ શ્રીમદાચાર્યચરણ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે : सर्वं सहेत परुषं सर्वेषां कृष्णभावनात् । એટલે કે બધામાં ભગવદ્‌બુદ્ધિ રાખી જે કાંઈ કઠોર વચન કહે તે બધું સહન કરવું. આ આજ્ઞા ધ્યાનમાં લઇયે તો ઉત્તરાર્ધનો અર્થ નીચે પ્રમાણે પણ થઈ શકે :

સહન તો એક વાર કરિયે, પરન્તુ એમ ન છૂટકે કરિયે. એમ કરવામાં આપણને ઉત્સાહ યા ઉમંગ ન હોય, માટે શ્રીહરિરાય મહાપ્રભુ અહીં આજ્ઞા કરે છે કે જે કોઈ કાંઈ કઠોર વચન કહે છે તે એના હૃદયમાં બિરાજી શ્રીઠાકોરજી જ કહે છે એવી બુદ્ધિ રાખવી. ગીતાજીમાં શ્રીઠાકોરજીએ શ્રીમુખે જ આજ્ઞા કરી છે કે : ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति । भ्रामयन् सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥ એટલે કે ઈશ્વર બધાંનાં હૃદયમાં બિરાજે છે અને પૂતળીને જેમ સૂત્રધાર નચાવે તેમ સૌને નચાવે છે. આ વચનાનુસાર જે કોઇ કઠોર વચન કહે છે તે પોતે એ કઠોર વચન નથી કહેતો, પરન્તુ એના હૃદયમાં બિરાજી શ્રીઠાકોરજી જ એ કઠોર વચન કહે છે. શ્રીઠાકોરજીની એ લીલા છે. આપણને કઠોર વચન સંભળાવી શ્રીઠાકોરજી રાજી થવા

---

१. कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ॥ ( गीता )

માગે છે, અને જેનાથી શ્રીઠાકોરજી રાજી તેનાથી આપણે રાજી, આ જ આપણો ઉત્તમ દાસધર્મ. આ પ્રમાણે ભાવ રાખ્યાથી સહન કરવામાં ઉત્સાહ પણ રહે છે. અને કાર્યમાં ઉત્સાહ હોય તો એ કાર્ય વેગ પકડે અને ચિરસ્થાયી બને.]

**वैराग्यं परितोषं च लोभाभावाय भावयेत् ।**
**जन्मनोऽप्यन्तिमत्वं वै कृतार्थत्वं च चिन्तयेत् ॥६५॥**

લોભ ન રહે માટે વૈરાગ્ય અને સંતોષની ભાવના કરવી, કારણ કે કામ અને લોભ પ્રભુની પ્રાપ્તિની આડે આવનાર બે મહાન પહાડો છે તેઓને દૂર કરવા માટે વૈરાગ્ય અને સંતોષની ભાવના કરવી. વળી મારો આ છેલ્લો જન્મ છે એમ જાણવું તેમજ પ્રભુ મારે માથે બિરાજે છે માટે હું કૃતાર્થ છું એમ પણ સ્મરણ કરવું. બ્રહ્મસંબંધ કરવાથી સર્વદોષો દૂર થઈ જાય છે. મારો છેલ્લો જન્મ છે, હજારો વર્ષના વિયોગ પછી પ્રભુનો સંબંધ થયો. માટે હું કૃતાર્થ છું એમ દૃઢતાથી માનવું. ૬૫

[પ્રભુમાં મનનું રહેવું એ ભગવત્સમ્મુખતા અને પ્રભુને ભૂલવા એ ભગવદ્વિમુખતા. આ વિમુખતા લાવવામાં કામ ક્રોધ અને લોભ એ જબ્બર તત્ત્વો છે. આ ત્રણે ચિત્તમાં ક્ષોભ અથવા વિક્ષેપ ઉત્પન્ન કરે છે. આ ત્રણેને त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः । कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत् त्रयं त्यजेत् ॥ એ ગીતાવાક્યમાં નરકનાં દ્વાર તરીકે વર્ણવ્યાં છે. આ ત્રણથી કેમ બચવું એના ઉપાય શ્રીહરિરાયજી અહીં આ કહી રહ્યા છે. ક્રોધથી બચવા બધું સહન કરવું, લોભથી બચવા વૈરાગ્ય અને સન્તોષનો આશ્રય

લેવો, અને કામથી બચવા આ મારો છેલ્લો જન્મ છે, હવે પછી મારે આ સંસારમાં આવવાનું નથી, અને રખેને હું કામમાં ફસાઈશ તો ફરી વાર મારે જન્મ લેવો પડશે, માટે મારે કામમાં મન જરાયે ન રાખવું, એમ વિચારવું; ઉપરાંત મને શ્રીમહાપ્રભુજી જેવા ગુરુ મળ્યા છે અને શ્રી-નાથજી જેવા સ્વામી મળ્યા છે, હવે મારે અધૂરું શું રહ્યું છે કે એમાં મન ઘાલું, એમ વિચારવું.]

## સેવા-વિચાર

एवं निश्चित्य चित्तेन निरपेक्षो दृढान्तरः ।
स्थिरान्तःकरणं कृत्वा विश्वासं पितृवद्धरौ ॥६६॥
सेवयेत्तत्परो भूत्वा युक्त्या लौकिकया पुरा ।
देशकालौ विचार्यैवमवस्थां च प्रभोरपि ॥६७॥

ઉપર કહ્યા પ્રમાણે ચિત્ત વડે નિશ્ચય કરીને આ લોક અને પરલોકની અપેક્ષા રાખ્યા વિના અંતઃકરણ સ્થિર કરીને શ્રીહરિમાં માતાપિતામાં રખાય તેમ વિશ્વાસ રાખવો. જેમ માતાપિતામાં બાળકને એવો વિશ્વાસ હોય છે કે મારુ બૂરું નહિ જ કરે તેમ પ્રભુમાં પણ વિશ્વાસ રાખવો કે એ મારું સારું જ કરશે. એવો દૃઢ વિશ્વાસ રાખીને તત્પર થઈને પહેલાં લૌકિક યુક્તિ વડે સેવા કરવી. લૌકિક યુક્તિ એ જ કે પ્રભુને બાલભાવથી સેવવા. અથવા તો એક પતિવ્રતા સ્ત્રી જેમ પતિની સેવા કરે છે તેમ પ્રભુની સેવા કરવી. દેશકાલનો પણ વિચાર કરવો. જેવો દેશ હોય, જેવો સમય હોય— શીતકાલ, ઉષ્ણકાલ કે ગમે તે હોય, તેનો પણ સેવામાં

વિચાર કરવો. અને પ્રભુની અવસ્થાનો વિચાર કરવો. જે અવસ્થાનું સ્વરૂપ હોય તે અવસ્થાને અનુકૂલ સેવા કરવી. બાલ્યાવસ્થા કે કિશોરાવસ્થા એનો વિચાર કરીને તદનકૂલ સેવા કરવી. ૬૭

तदर्थं व्यर्थवचनं कृतिसाध्यं परित्यजेत् ॥६७½॥

સેવા માટે વ્યર્થ વચન કહેવું નહિ, ખોટું બોલવું નહિ. એ મુખરતા દોષ છે. એ દોષ મોટામાં મોટો છે. મારી કૃતિથી જ આ બધું બને છે એમ પણ માનવું નહિ. જે જીવની કૃતિથી જ સિદ્ધ થતું હોય તેનો પરિત્યાગ કરવો; જેમ કે 'સાધનસંપત્તિથી પ્રભુ કદાપિ પ્રસન્ન થતા નથી' એમ શ્રીસુબોધિનીજીમાં કહ્યું છે. ૬૭½

[ અહીં तदर्थं व्यर्थवचनं कृतिध्यान परित्यजेत्—એ પ્રમાણે પાઠ હોય એમ માલૂમ પડે છે. 'તત્ત્વદીપ નિબન્ધ'ના 'સર્વનિર્ણય પ્રકરણ'માં શ્રીમદાચાર્યચરણ શ્રીમહાપ્રભુજીની જે આજ્ઞા છે તેનો જ આ પ્રસંગે શ્રીહરિરાયજી વિસ્તાર કરી રહ્યા છે. અને આ શ્લોકાર્ધનું મૂલ वृथालापक्रियाध्यानं सर्वथैव परित्यजेत्—એ પ્રમાણે છે, એટલે આનો અર્થ આ પ્રમાણે થશે :

સેવામાં તત્પર બનવા માટે મનનો વિક્ષેપ કરનાર વ્યર્થ વચનો, વ્યર્થ કૃતિઓ અને વ્યર્થ વિચારોથી દૂર રહેવું. ]

कृष्णे समर्पयेन्नैव क्लिष्टं क्वापि प्रयत्नतः ॥६८॥
इष्टं लोके तथा स्वस्य यच्चिरं चित्तचिन्तितम् ।

**तद्धि समर्पयेद् भक्त्या भक्तिसम्बन्धि सर्वथा ॥६९॥**

તેમજ બહુ જ ક્લેશ કરીને પ્રયત્નથી જે મેળવ્યું હોય તે પ્રભુને સમર્પવું નહિ. જે મેળવતાં સેવાથી વિમુખ થઈને ઘણો જ ક્લેશ પ્રાપ્ત કરીને પ્રયાસ કરવો પડ્યો હોય તે પ્રભુને સમર્પવું જોઈયે નહિ. ભગવાન કહે છે કે 'ભક્તો થોડું પણ પ્રેમ વડે મને જે ધરે છે તે મને ઘણું થઈ પડે છે. અભક્ત હોય અને મને ઘણું ધરે તો એનાથી મને સંતોષ થતો નથી; એટલે કે ભક્તિ વિના જે મને ઘણું પણ ધરાય છે તે મને સંતોષ આપવા પૂરતું નથી.'

લોકમાં જે બહુ ઇષ્ટ હોય, લોકો જેને બહુ ઇચ્છતા હોય, અને પોતે ઘણા સમયથી ચિત્તમાં વિચારી રાખેલી હોય, તે વસ્તુ પ્રભુને ભક્તિથી સમર્પવી. એ વસ્તુ સર્વથા સેવાસંબંધી જ હોવી જોઈયે, બીજી નહિ, એ ખાસ ધ્યાનમાં રાખવું. [જે ઇષ્ટ હોય, દત્ત (આપેલું) હોય, હુત (હોમેલું) હોય, જપેલું હોય, જે આચર્યું હોય, જે પોતાને પ્રિય હોય, તે મને અર્પવું; મને આપવાથી એ અનન્તરૂપ થાય છે' એમ શ્રીભાગવત કહે છે.] ૬૯

[અહીં શ્રીઠાકોરજીને શું ધરવું અને શું ન ધરવું એ પ્રશ્ન પર શ્રીહરિરાય મહાપ્રભુ પ્રકાશ પાડે છે. कृष्णे समर्पयेन् नैव क्लिष्टं नापि प्रयत्नतः —એ પ્રમાણે પાઠ અર્થસારલ્ય વધારે કરી આપે છે. જે સમર્પતાં મનને ક્લેશ થતો હોય તે પ્રભુને કદાપિ ન સમર્પવું; અને જે સામગ્રી પ્રાપ્ત કરતાં અથવા સિદ્ધ કરતાં શરીરને વિશેષ કષ્ટ પડે તે

પણ પ્રભુને ન સમર્પવી. જેમ આપણે પ્રભુનું સુખ વિચારિયે છિયે તેમ પ્રભુ આપણું પણું સુખ વિચારે છે. તન અથવા મનને વિશેષ ક્લેશ આપી જે સમર્પિંયે છિયે તે પ્રભુ અંગીકાર નથી કરતા. यश्चिरं चित्तचिन्तितम्— એટલે કે મારા પ્રભુને આમ લાડ લડાવીશ એ પ્રમાણેના મનના લાંબા વખતના કોડ. भक्तिसम्बन्धि—એટલે કે માર્ગની મેંડ અનુસાર. ]

तथानवसरे सेवाबहिरङ्गेऽपि मुख्यवत् ।
कार्या बुद्धिः कृष्णकार्ये वस्त्रप्रक्षालनादिके ॥७०॥

તેમજ જ્યારે ભીતરની સેવાનો સમય ન હોય ત્યારે બહારની સેવા પણ મુખ્ય સેવાની પેઠે કરવી. પ્રભુનાં શ્રી-અંગનાં અને બીજાં બિછાવવાનાં વસ્ત્રોનું પ્રક્ષાલન કરવું–આદિ સેવા પણ મુખ્ય સેવારૂપ જ ગણીને કરવી. ૭૦

काले कालद्वये कालत्रये कुर्वीत सेवनम् ।
स्वधर्ममाचरेदङ्गं नित्यं नैमित्तिकं तथा ॥७१॥

એક વેળાએ, બે વેળાએ અથવા તો ત્રણ વેળાએ પ્રભુસેવા કરવી. જેટલી વાર પ્રભુની સેવા બને તેટલી વાર કરવી. સ્વધર્મનું આચરણ કરવું. નિત્ય અને નૈમિત્તિક કર્મ પણ સ્વધર્મનું અંગ હોવાથી કરવાં. નિત્યકર્મ સંધ્યાવંદન વગેરે છે, નૈમિત્તિક કર્મ કોઈ પણ નિમિત્તને લીધે કરવામાં આવે છે; જેમકે પોતાને ત્યાં પુત્રનો જન્મ થાય તો એને અંગે જે જાતકર્મ આદિ સંસ્કારો કરવાના છે તે કરવા.

નિત્ય અને નૈમિત્તિક કર્મો એ બન્ને મુખ્ય છે, સ્વધર્મનું અંગ હોવાથી એનું આચરણ પણ કરવું. ૭૧

**निवृत्तिराग्रहेणैव विधर्मादिति निश्चयः ।**
**धर्मसिद्धावपि पुनर्वैशिष्ट्यात् कृष्णधर्मतः ॥७२॥**

પોતાના ધર્મથી જે વિલક્ષણ ધર્મ, જે કાર્યથી પોતાના ધર્મને બાધ નડે, તે ધર્મથી આગ્રહપૂર્વક નિવૃત્તિ રાખવી એવો નિશ્ચય છે. વૈષ્ણવોનો મુખ્ય ધર્મ ભગવત્સેવા છે. સેવામાં જે પ્રતિબંધ નાખનારો ધર્મ હોય તે વિધર્મ કહેવાય. એ વિધર્મને આગ્રહથી ત્યજી દેવો એમ સિદ્ધાંત છે. કદાચ એવા વિધર્મથી ધર્મની સિદ્ધિ થાય તોપણ મુખ્ય ભગવદ્ધર્મ છે તેથી ભગવદ્ધર્મનું સર્વ ધર્મથી વિશેષપણું છે. એ ભગવદ્ધર્મનું આચરણ કરતાં સર્વ ધર્મો સિદ્ધ થઈ જાય છે. જેમ મૂળમાં જલસેચન કરવાથી આખા વૃક્ષને પુષ્ટિ મળે છે તેમ સર્વ ધર્મનું મૂળ જે ભગવદ્ધર્મ તેનું આચરણ કરવાથી સર્વ ધર્મોની સિદ્ધિ થાય છે; માટે જ ભગવત્સેવા સર્વથી શ્રેષ્ઠ છે. ૭૨

[ वैशिष्ट्यात् कृष्णधर्मतः— સ્વધર્માચરણ દ્વારા જે ધર્મની સિદ્ધિ છે તેના કરતાં વિશેષ ધર્મની સિદ્ધિ ભગવદ્ધર્માચરણ દ્વારા થાય છે, માટે જે સ્વધર્મ ભગવદ્ધર્મની આડે આવતો હોય તે સ્વધર્મને બાજુ પર મૂકી ભગવદ્ધર્મનું આચરણ કરવું. ]

**इन्द्रियाश्वविनिग्राहः कर्तव्यः सर्वथा मतः ।**
**परोपकारधर्माणां दौर्बल्यं च विभावयेत् ॥७३॥**

ઇંદ્રિયરૂપી ઘોડા બહુ જ બળવાન હોય છે, માટે એનો સારી પેઠે નિગ્રહ સર્વથા કરવો એવો મત છે. મતલબ કે પોતે ઇંદ્રિયોને વશ થવું નહિ, પણ ઇંદ્રિયોને પોતાને સ્વાધીન રાખવી. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'વિષયોનો આવેશ જેમના ચિત્તમાં થયો છે તેવા પુરુષોમાં પ્રભુનો આવેશ થતો નથી.' વળી કહ્યું છે કે 'હરણ સ્વરની લાલસાથી કર્ણેન્દ્રિયને વશ થઈ ને માર્યો જાય છે, પતંગિયો દીવાનું રૂપ જોઈ ને નેત્રેન્દ્રિયથી માર્યો જાય છે, ભમરા સુગંધ માટે નાસિકેંદ્રિયને વશ થઈને મરે છે, મીન—માછલાં જીભનાં સ્વાદથી માછીમારોથી મરે છે, એ પ્રમાણે એક એક ઇંદ્રિયની ગફલતથી ઉપરનું એક એક પ્રાણી મરે છે, તો જે માણસ પાંચે ઇંદ્રિયોને ગફલતમાં રહેવા દે અને એનો નિગ્રહ કરે નહિ તેની શી દશા થાય ?' તેમજ પરોપકારના ધર્મો જેવા કે કૂવા, ધર્મશાળા, સદાવ્રત વગેરે ભગત્વસેવારૂપ ધર્મ પાસે દુર્બલ છે, કારણ કે એ પરોપકારના ધર્મનું ફલ માત્ર સ્વર્ગ છે, એ સ્વર્ગનું સુખ તો જ્યાંસુધી પુણ્ય હોય છે ત્યાંસુધી જ મળે છે, પછીથી આ લોકમાં આવવું પડે છે. ભગવાન શ્રીગીતાજીમાં આજ્ઞા કરે છે કે 'એ પુણ્યશાળી લોકો વિશાળ એવા સ્વર્ગલોકને ભોગવીને પુણ્ય ખૂટી જતાં મૃત્યુલોકમાં પ્રવેશે છે.' તો એવાં નાશવંત ફળ આપનારા પરોપકાર આદિ ધર્મો અવિનાશી અને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ફળ આપનારા ભગવત્સેવારૂપ ધર્મ પાસે દુર્બળ હોય જ એમાં શું આશ્ચર્ય છે ? ૭૩

**एवं प्रकुर्वतः कृष्णावेशाद्यदि भवेत्पुनः ।**
**तत्सेवासाधने निष्ठा तस्मान्नित्यं हि सेवयेत् ॥७४॥**

ઉપર પ્રમાણે સ્વધર્માચરણ કરતાં કરતાં ભગવાનનો આવેશ થાય છે અને આવેશ થયાથી પ્રભુની સેવાનાં સાધનોમાં નિષ્ઠા થાય છે, માટે નિત્ય પ્રભુની સેવા કરવી. નિત્ય સેવા કરવાથી પ્રભુમાં અને પ્રભુસેવારૂપ સાધનમાં નિષ્ઠા થાય છે, ભાવ થાય છે, માટે સેવા નિત્ય કરવી. ૭૪

कृष्णं सर्वात्मकं ज्ञात्वा दीनतां हृदि भावयेत् ।
अहं करोमीत्येतादृगहंकारं परित्यजेत् ॥७५॥

સર્વસ્વરૂપ શ્રીકૃષ્ણ જ છે એમ જાણીને હૃદયમાં દીનતા લાવવી; એટલે કે હું સૂક્ષ્મ અને સર્વ દોષથી ભરેલો જીવ ક્યાં અને સર્વસ્વરૂપ નિર્દોષપૂર્ણગુણવિગ્રહ એવા પ્રભુ ક્યાં ! એવી ભાવવાળી દીનતા હૃદયમાં કરવી. સર્વસ્વરૂપ હોવાથી પ્રભુ પ્રત્યે દીનતા વિના બીજું જીવ શું કરી શકે એમ છે ? 'હું કરું છું' એવા અહંકારનો સર્વથા ત્યાગ કરવો; 'હું કરું છું' એવું મનમાં કદાપિ ન લાવવું. ૭૫

## જપ–પાઠ

सेवायामपि सम्मानं नापेक्षेत हरेः पुनः ।
गुणान् गायेदथो नाम कीर्तयेत् सदसि स्थितः ॥७६॥

શ્રીહરિની સેવામાં પણ સંમાન મેળવવાની ઇચ્છા ન રાખવી. અર્થાત્ શ્રીહરિની સેવા કરીને એનાથી લોકો તરફના માન-મરતબાની ઇચ્છા ન જ રાખવી જોઇયે. શ્રીહરિના ગુણો નિરંતર ગાવા અને શ્રીહરિના નામનું કીર્તન સભામાં ઊભા રહીને પણ કરવું. પોતે સભામાં ઊભો રહેલો હોય તે વખતે પણ કોઈની શરમ રાખ્યા વિના, બીજા સાંભળે

એનો ભય રાખ્યા વિના, ભગવાનનું નામ અવશ્ય લેતા રહેવું. કહેવાનો આશય એ છે કે ગમે તે સમયમાં ગમે તે ઠેકાણે પણ શ્રીહરિનું નામ છોડવું નહિ. 'નવરત્ન'ગ્રંથની ટીકામાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે "ક્ષણવાર પણ જો અષ્ટાક્ષરનો ત્યાગ કરે તો આસુરાવેશ થાય." શ્રીમહાપ્રભુજી પણ 'નવરત્ન'ગ્રંથમાં એ જ આજ્ઞા કરે છે કે "તેથી સર્વાંશે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એમ નિરંતર બોલતા જ રહેવું." શ્રીમદ્‌ભાગવતમાં પણ એ જ આજ્ઞા છે "શ્રીહરિનાં ચરિતનાં ગીતો, શ્રીહરિનાં જ નામો ગાતાં ગાતાં લજ્જારહિત થઈ, સંગ છોડીને વિચરવું." ૭૬

**निर्भयो निःस्पृहः कृष्णे स्वतश्चित्तं निवेशयेत् ।**
**मुख्यं तु साधनं नित्यं श्रीभागवतकीर्तनम् ॥७७॥**
**अदम्भेनानिमित्तेन स्वप्रयत्नेन सर्वथा ॥७७½॥**

કોઈનો પણ ભય રાખ્યા વિના, કોઈની પણ સ્પૃહા-પરવા રાખ્યા વિના પોતે જ શ્રીકૃષ્ણમાં ચિત્ત લગાડવું. નિરંતર શ્રીકૃષ્ણમાં ચિત્ત રાખીને શ્રીકૃષ્ણના નામનો ઉચ્ચાર કરવામાં કોઈનો ભય અને કોઈની દરકાર ન કરવી. મુખ્ય સાધન એ જ છે કે નિત્ય શ્રીભાગવતનું કીર્તન કરવું. શ્રીમદ્‌-ભાગવતનો પાઠ નિત્ય કરવો એ જ મુખ્ય સાધન છે. 'નિબંધ'માં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "મુખ્ય સાધન તે આ જ છે કે સ્વાર્થ વિના અને દંભ વિના પ્રયત્નથી શ્રીભાગવતનો પાઠ આદરપૂર્વક કરવો." પાઠ કરતી વખતે દંભ ન કરવો, આડંબર કરીને પાઠ ન કરવો, કોઈ નિમિત્તને લઈને પણ ન કરવો, એટલે કે કોઈ સ્વાર્થ માટે પણ શ્રીભાગવતનો પાઠ ન કરવો. પોતાના

પ્રયત્નથી, પોતે જ નિરંતર શ્રીભાગવતનો પાઠ કરવો. આ જ આજ્ઞા શ્રીમહાપ્રભુજીએ 'નિબંધ'માં કરી છે. ૭૭½

[ निर्भयो निःस्पृहः—આટલા અંશનો અન્વય આગલા શ્લોકાંશ સાથે છે.]

### તિલક-માલા

**सेवान्तर्गतपूजाङ्गशङ्खचक्रादि धारयेत् ॥७८॥**
**चिह्नत्वात् तुलसीमाला धार्या तिलकमेव च ॥७८½॥**

સેવામાં પણ અન્તર્ગત અને પૂજાનાં પણ અંગરૂપ શંખ ચક્ર આદિ મુદ્રાઓ ધારણ કરવી. શંખચક્રાદિ મુદ્રાઓ સેવામાં પણ આવશ્યક છે અને પૂજામાર્ગમાં એ અંગરૂપ છે, માટે એ અવશ્ય ધારણ કરવી. તુલસીકાષ્ઠની માલા પણ ધારણ કરવી. તેમજ તિલક પણ ભગવચ્ચિહ્ન હોવાથી અવશ્ય ધારણ કરવું. શ્રીમહાપ્રભુજી 'નિબંધ'માં આ વિષય પરત્વે વિશેષ વિસ્તારપૂર્વક આજ્ઞા કરે છે "શંખ ચક્ર આદિ મુદ્રાઓ ગોપીચંદનથી જ ધારણ કરવી. એ પૂજાનું અંગ છે. તેમજ તુલસીકાષ્ઠની માલા અને તિલક પણ ધારણ કરવાં, કેમકે એ વૈષ્ણવનાં ચિહ્નરૂપ છે."

ઉપરના શ્લોકના 'પ્રકાશ'માં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "શંખ ચક્ર આદિ મુદ્રાઓ ધારણ કર્યા વિના જે પુરુષ પૂજા કરે છે તેણે કરેલું પૂજન નિષ્ફળ થાય છે અને શ્રીહરિ પણ પ્રસન્ન થતા નથી." તુલસીકાષ્ઠમાલા ધારણ ન કરે તો એને માટે વચન છે કે "જે લોકો તુલસીકાષ્ઠ-માલા ધારણ કરતા નથી તે સ્વાર્થી લોકો અને પાપ-બુદ્ધિઓ (શ્રીહરિના) ક્રોધરૂપી અગ્નિથી બળીને નરકથી

પાછા ફરતા નથી.' આવાં અનેક વચનોથી સિદ્ધ થાય છે કે તુલસીકાષ્ઠમાલા યજ્ઞોપવીતની પેઠે ધારણ કરવી.

તિલક આ પ્રમાણે કરવું : 'દંડની સરખી લીટીથી ચરણારવિંદના આકાર જેવું તિલક લલાટમાં કરવું, છાતીમાં કમલ સરખા આકારવાળું તિલક કરવું, વાંસના પાંદડા જેવું તિલક ભુજા ઉપર કરવું, બીજાં તિલકો દીવાના આકાર જેવાં કરવાં.' ૭૮½

### જયંતી-વ્રત

वैष्णवेन मतेनैकादश्यादिव्रतमाचरेत् ॥७९॥
उत्सवत्वेन कृष्णाष्टम्यादीनां व्रतमाचरेत् ।
अन्येष्वप्युत्सवत्वेन विज्ञानं सर्वथा मतम् ॥८०॥
निर्णयोऽपि तथा कार्यो जयन्तीव्रतवन् न हि ॥८०½॥

એકાદશી આદિ વ્રત વૈષ્ણવ મત પ્રમાણે જ કરવાં. દશમીનો વેધ ન આવે એવી રીતે એકાદશીવ્રત કરવું; એટલે કે દશમી ૫૫ (પંચાવન) ઘડી ઉપરાંત એક પળ પણ જો વધે તો એ એકાદશીને દિવસે વ્રત ન માનતાં દ્વાદશીને દિવસે વ્રત માનવું. એ પ્રમાણે વૈષ્ણવ મત પ્રમાણે એકાદશી આદિ વ્રતો કરવાં. જન્માષ્ટમીનું વ્રત પ્રભુના પ્રાકટ્યનો ઉત્સવ માનીને કરવું. આજે નંદરાજકુમારનું પ્રાકટ્ય થયું છે, આજ મહાઆનંદ-ઉત્સવનો દિન છે, એમ માનીને વ્રત કરવું. આઠમ સૂર્યોદય વખતે હોય તો એ જ દિવસે વ્રત કરવું; સૂર્યોદય વખતે સાતમ હોય અને પછી આઠમ હોય તો એ તિથિ ન માનતાં બીજી તિથિએ ઉત્સવ માનવો. એ પ્રમાણે રામનવમી, નૃસિંહચતુર્દશી અને વામન-

દ્વાદશીને દિવસે ઉત્સવ માનીને વ્રત કરવું; અને જન્માષ્ટમીની પેઠે સૂર્યોદય વખતની જ તિથિ ગ્રહણ કરવી. બીજા પણ જન્મદિન આદિ દિવસો પણ ઉત્સવ તરીકે જાણવા, જેવા કે શ્રીમહાપ્રભુજીનો પ્રાકટ્ય-મહોત્સવ, શ્રીગુસાંઈજીનો-ઇત્યાદિ એ બધા દિવસો ઉત્સવ તરીકે માનવા.

એ તિથિ પણ સૂર્યોદયકાલ સમયની જ લેવી. એ વિના બીજા ઉત્સવો શરદ્પૂર્ણિમા આદિમાં વિલક્ષણતા એટલી છે કે એનો નિર્ણય જયન્તીવ્રતવત્ ન થાય. જન્માષ્ટમી આદિ ઉત્સવોમાં જેમ ઉદયાત્ તિથિ માનવામાં આવે છે તેમ એ ઉત્સવોમાં નથી; એ ઉત્સવોમાં કોઈક વેળાએ નક્ષત્ર મુખ્ય છે, ક્યાંક સમય મુખ્ય છે, તિથિ પણ ક્વચિત્ મુખ્ય છે. ૮૦½

**एवं कुर्वन् गृहस्थस्तु कृतार्थः स्यान्न संशयः ॥८१॥**

એ પ્રમાણે ઉપર કહ્યા પ્રમાણે આચરણ કરનાર ગૃહસ્થ કૃતાર્થ થાય છે, એમાં કશો સંશય નથી. ૮૧

### બ્રહ્મચારી-વાનપ્રસ્થ-સંન્યાસીના ધર્મ

**सम्भवे साधनानां स्याद्वनस्थब्रह्मचारिणां ।**
**यतेस्त्यागात्मको मार्गस्तीर्थाटनविशेषणः ॥८२॥**

ગૃહસ્થાશ્રમીનો ધર્મ ઉપર કહ્યો, હવે બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સંન્યાસીનો ધર્મ બતાવે છે : ગૃહસ્થાશ્રમ પછીનો આશ્રમ તે વાનપ્રસ્થ આશ્રમ છે. ગૃહસ્થાશ્રમ પહેલાં તો બ્રહ્મચર્યાશ્રમ છે. એ બન્ને આશ્રમવાળાઓને સાધનો મળતાં હોય તો ઉપર જણાવેલો સેવામાર્ગ એઓને માટે

અનુકૂળ છે; એટલે કે સાધનોનો સંભવ હોય તો બ્રહ્મચારી અને વાનપ્રસ્થે સેવા કરવી જોઈયે. છેલ્લો આશ્રમ સંન્યસ્તાશ્રમ છે. સંન્યસ્તાશ્રમમાં રહેનાર સંન્યાસીનો માર્ગ ત્યાગરૂપ છે. સર્વ છોડીને એકલા જ રહેવું એવો ત્યાગરૂપ માર્ગ સંન્યાસીનો છે. એ માર્ગમાં મુખ્ય તીર્થાટન છે; અર્થાત્ સર્વનો ત્યાગ કરીને તીર્થની યાત્રા કરવી, એ સંન્યાસીનો મુખ્ય ત્યાગરૂપ માર્ગ છે. ૮૨

સંન્યાસીના બીજા ધર્મોનું વર્ણન કરે છે :

**स्वतन्त्रः सङ्गरहितो नित्यपर्यटकस्तथा ।**
**तद्दिनान्नप्रतिग्राही निर्लज्जो नाम कीर्तयेत् ॥८३॥**

સંન્યાસીએ સ્વતંત્ર રીતે રહેવું જોઈયે. કોઈને વશ ન થતાં સ્વેચ્છાથી જ સ્વતંત્ર રહેવું, સંગથી રહિત થવું, કોઇનો સંગ ન કરવો અને આસક્તિ ન રાખવી. નિત્ય પર્યટન કરવું. એક ને એક ઠેકાણે રહેવું નહિ, પરંતુ દેશ દેશ ફરતા રહેવું. જે દિવસે જેટલું અન્ન જોઇયે તે દિવસે તેટલું જ અન્ન લેવું. એક દિવસ ચાલે તેટલું જ અન્ન ગ્રહણ કરવું, સાથે વધારે અન્ન રાખવું નહિ. કોઈની પણ લાજ–શરમ રાખ્યા વિના ભગવાનનાં ચરિતોનું કીર્તન કરવું. ૮૩

**पश्यन् गुह्यानि च हरेः शान्तः कृष्णपरायणः ।**
**अव्यग्रवृत्तिः कृष्णैकप्रादुर्भावप्रयोजनः ॥८४॥**
**एवमादेहसम्पातं यतिः कुर्याद् विचक्षणः ॥८४३॥**

શ્રીહરિની ગુપ્ત લીલાનાં સર્વત્ર દર્શન કરવાં, જ્યાં ત્યાં પ્રભુનાં રહસ્યમય ચરિતો જોવાં. સર્વ ઇંદ્રિયોનો નિગ્રહ

રાખી શાન્ત થઈને રહેવું. ક્રોધ વગેરે ન કરવાં. શ્રીકૃષ્ણમાં જ તત્પર થઈને રહેવું. ચિત્તને આકુળવ્યાકુળ થવા દેવું નહિ. સ્થિરચિત્ત થવું. સ્વાર્થ પણ એ જ હોવો જોઈએ કે શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય કેમ જલદી થાય ! મનમાં એ જ પ્રયોજન હોવું જોઈયે કે પ્રભુ પ્રકટ કેમ થાય. એ પ્રમાણે પોતાનો સ્થૂલ દેહ પડે ત્યાંસુધી વિચક્ષણ યતિએ કરવું. પોતાનો દેહ પડે ત્યાંસુધી જ્ઞાનવાળા સંન્યાસીએ ઉપર કહ્યા પ્રમાણે વર્તવું. ૮૪

(સર્વ આશ્રમો માટે એક બીજો ધર્મ બતાવે છે :)

**विक्षेपाद्यदि दोषाणां सम्भवे सकलाश्रमे ॥८५॥**
**अनेनैव प्रकारेण तीर्थपर्यटनं मतम् ॥८५½॥**

ચિત્તનો વિક્ષેપ થયાથી જો દોષ ઉત્પન્ન થવાનો સંભવ લાગતો હોય તો દરેક આશ્રમમાં ઉપર કહ્યા પ્રમાણે તીર્થપર્યટન કરવું. ચિત્ત સ્થિર ન રહેવાથી કોઈ દોષ લાગશે એમ જો જણાય તો ઉપર જે તીર્થાટન સંન્યાસી માટે કહ્યું છે તે જ તીર્થાટન બીજા પણ બ્રહ્મચારી, ગૃહસ્થ અને વાનપ્રસ્થ જનો માટે પણ સમજવું, એટલે કે સંન્યાસી માટે બતાવેલો તીર્થાટનનો પ્રકાર, ચિત્ત વિક્ષેપ પામે અને દોષ લાગે તો, બીજા પણ આશ્રમવાળાઓએ ગ્રહણ કરવો. ૮૫

(સ્ત્રી આદિ જો પ્રતિકૂલ હોય તો ગૃહાદિકનો ત્યાગ કેવી રીતે કરવો, એનું વર્ણન ઉપર કરી ગયા, હવે સ્ત્રી પુત્ર આદિ જો સેવામાં વિઘ્ન કરતાં હોય, સેવાને અનુકૂલ ન હોય તો એના ત્યાગનો પ્રકાર જુદો છે. એ ત્યાગ કેવી

રીતે કરવો અને ત્યાગ કર્યા પછી શું કરવું, એ પ્રકાર નીચેના શ્લોકમાં આપશ્રી જણાવે છે :)

### ગૃહત્યાગ ક્યારે ?

भार्यादिप्रातिकूल्ये तु भिन्नस्त्यागो विधीयते ॥८६॥
त्यक्त्वा स्वभवनं गत्वा यत्र भागवता जनाः ।
हरिस्थाने तदीयाश्च कृष्णसेवाकथाप्रियाः ॥८७॥
कृष्णार्थी सर्वथा त्यक्त्वा गृहं भजनबाधकम् ।
तैः सहैव वसेत् कृष्णसेवाकृतिकथादिभिः ॥८८॥

સેવાથી પ્રતિકૂળ ભાર્યાદિનો ત્યાગ કરીને, અર્થાત્ પોતાના ઘરનો ત્યાગ કરીને, જે સ્થળે ભગવદીય જનો રહેતા હોય તેવા હરિના સ્થાનમાં જઈને, શ્રીકૃષ્ણની સેવા અને કથા જેને અત્યંત પ્રિય છે તેવા ભગવદીયો જ્યાં હોય તે સ્થાનમાં જઈને શ્રીકૃષ્ણરૂપ પ્રયોજનવાળા થવું, તથા ભગવદીયો જ્યાં હોય તેવા ભગવન્મંદિરમાં રહીને માત્ર શ્રીકૃષ્ણરૂપ અર્થની અભિલાષાવાળા થવું. સેવાનો બાધ કરનારા ઘરનો સર્વદા ત્યાગ કરીને એવા ભગવદીયો સાથે શ્રીકૃષ્ણની ઇચ્છા રાખનાર પુરુષે ભજનમાં બાધ કરનારા ઘરનો તો સર્વથા ત્યાગ જ કરવો અને એવા ભગવદીયોની સાથે જ રહેવું. સાથે રહીને શ્રીકૃષ્ણની સેવા–કથા આદિમાં તત્પર થવું. ૮૮

दुःसङ्गदुष्टवस्त्रान्नसम्बन्धसमयात्मता ।
यतः ससाधनस्तिष्ठेत् सावधानतया हरौ ॥८९॥

દુઃસંગ એટલે હરિથી જે વિમુખ હોય તેવાનો

સંગ, દુષ્ટ વસ્ત્ર તે કોઈનું પહેરેલું, અપરસ વિનાનું, ગળીનું રંગેલું વગેરે દુષ્ટ વસ્ત્રો, દુષ્ટ અન્ન–પ્રસાદી નહિ તેવું અન્ન, આ બધાંના સંબંધથી ભય રહે છે, એ હેતુથી સાધનો પણ સાથે રાખવાં અને સાવધાનપણે શ્રીહરિમાં તત્પર થઈને રહેવું. ૮૯

ततः सेवाकथासक्त्या सर्वथा प्राप्तिरुत्तमा ।
नैकान्ते संस्थितिः कार्या हार्दबाधकसम्भवे ॥९०॥

એવી રીતે સેવા અને કથામાં નિરંતર પ્રેમ થવાથી ઉત્તમ પ્રાપ્તિ થાય. એવી રીતે સેવામાં અને કથામાં નિરંતર પ્રેમ થવાથી ઉત્તમ રીતે ભગવત્પ્રાપ્તિ થાય. વળી જો હૃદયના ભાવોનો બાધ થવાનો સંભવ હોય તો એકાંતમાં કદાપિ ન રહેવું. એકાંતમાં રહેવાથી ચિત્તની અસ્થિરતા વગેરે થાય તો એકાંતમાં સ્થિતિ ન જ કરવી. ૯૦

रक्षकत्वं हरेरेव स्वसङ्गेऽपि च यास्यति ।
अथवा केवलं शास्त्रं श्रीभागवतमादरात् ॥९१॥
त्रिकालं सेवयेद् रूपसेवावद्‌तियत्नतः ॥९१½॥

શ્રીહરિ રક્ષણહાર છે, માટે એકાંતમાં ન રહેતાં બીજે સ્થળે જો જાય અને ત્યાં બીજાનો સંગ થતાં પણ શ્રીહરિનું રક્ષણહારપણું તો પ્રાપ્ત થશે. એકાંતમાં ભય લાગવાથી બીજાનો સંગ કરે અને બીજાના સંગથી જો કોઈ બીજો રંગ લાગે તો શ્રીહરિ એનાથી રક્ષણ કરશે, એટલે કોઈ પણ પ્રકારનો ભય રાખવો નહિ અને ભગવત્સેવાપરાયણ થઈને રહેવું.

[અથવા, જ્યાં જશે ત્યાં પ્રભુ સાથે ને સાથે જ રહેવાના છે—આ પ્રમાણે પણ અર્થ થાય.]

જો ઉપર કહેલા ધર્મો ન બની શકે તો માત્ર શ્રીભાગવતશાસ્ત્રનું આદરપૂર્વક ત્રણે કાળમાં સેવન કરવું. જેમ પ્રભુના સ્વરૂપની સેવા કરવામાં આવે છે તેમ ઘણા જ યત્નથી શ્રીભાગવતની સેવા કરવી. શ્રીભગવાનની સેવા બે પ્રકારની છે: એક સ્વરૂપસેવા અને બીજી નામસેવા. સ્વરૂપસેવા ઉપરના શ્લોકમાં વર્ણવી છે, નામસેવાનું સ્વરૂપ આ શ્લોકમાં જણાવ્યું છે. એ પ્રમાણે સ્વરૂપસેવાની પેઠે ઘણા જ પ્રયાસથી નામસેવા ત્રણે કાળમાં કરવી. तत्र कथामृतं એ 'ગોપિકાગીત'નાં શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ એ જ આજ્ઞા કરી છે કે શ્રીભાગવત ભગવાનના સ્વરૂપનો પરિચય કરાવે છે, માટે એની સેવા એ ભગવત્સેવા જ સમજવી. ૯૧½

(ઉપર જણાવેલા ત્રણ ઉપાયોમાંથી એક પણ ઉપાયનું અવલંબન થઈ ન શકે એમ હોય તો છેવટે એક છેલ્લો ઉપાય સૂચવે છે: )

**प्रकारत्रितयाभावे प्रपत्तिरपि चोच्यते ॥९२॥**

ત્રણે પ્રકારોનો જો અભાવ હોય તો પ્રપત્તિ—શરણે જવું એ પણ એક પ્રકાર છે. ઉપર ત્રણ પ્રકારો કહ્યા: એક ઘરમાં રહીને પ્રભુસેવા કરવી એ; બીજો પ્રકાર કૃષ્ણસેવા-કથામાં તત્પર એવા ભગવદીયો સાથે રહીને પ્રભુની ટહેલ કરવી એ; ત્રીજો પ્રકાર શ્રીમદ્ભાગવતનો પાઠ છે. એ ત્રણેનો અભાવ હોય તો છેલ્લો પ્રકાર પ્રભુને શરણે જવાનો છે. ૯૨

## પૂજાના પ્રવાહમાં

महास्थाने यत्र पूजाप्रवाहो जायते पुनः ।
तत्र तत्परता स्थितश्च कृतार्थत्वं सदा स्थितौ ॥९३॥

મોટાં સ્થાનોમાં જે ઠેકાણે પૂજામાર્ગનો પ્રવાહ છે તે સ્થળે એમાં જ પરાયણ થઈને સ્થિતિ કરવામાં આવે તો કૃતાર્થપણું છે. શ્રીમહાપ્રભુજી 'નિબંધ'માં આજ્ઞા કરે છે કે 'જગન્નાથજીમાં, શ્રીવિઠ્ઠલનાથજીમાં, શ્રીરંગજીમાં, વ્યંકટેશ બાલાજી આદિમાં જ્યાં પૂજાનો પ્રવાહ ચાલી રહ્યો હોય ત્યાં પૂજામાં તત્પર થઈને રહેવું.' ૯૩

नन्वत्र भक्तिमार्गीयफलाद् भेदो न विद्यते ।
कृष्णसेवातत्परत्वात् सर्वथा देहयोगतः ॥ ९४ ॥

ઉપર જણાવેલા માર્ગમાં, જે સ્થળે પૂજાનો પ્રવાહ ચાલી રહ્યો છે તે માર્ગમાં જે ફલ છે તે ફલ ભક્તિમાર્ગના ફલ કરતાં જુદું નથી, કારણ કે એ ઠેકાણે કૃષ્ણસેવામાં તત્પરતા એવી જ છે અને સર્વથા દેહનો યોગ કૃષ્ણસેવામાં થાય છે, તેથી ભક્તિમાર્ગના ફલથી એ માર્ગનું ફલ જુદું નથી. ૯૪

तथापि मार्गवैधर्म्यं प्रीतेरदृढतात्र हि ॥९४½॥

તોપણ એ માર્ગમાં ભક્તિમાર્ગના જે ધર્મો છે તેનાથી ઊલટા ધર્મો છે, કારણ કે એ ઠેકાણે (પૂજામાર્ગમાં) પ્રીતિની દૃઢતા નથી. ભક્તિમાર્ગમાં સ્નેહ અને પ્રીતિ છે, પણ એ દૃઢ નથી, માટે એ માર્ગમાં કેટલાક ઊલટા ધર્મો પણ છે. ૯૪½

**चिरकालं सेवितापि मूर्तिर्वैयग्र्यसम्भवे ॥९५॥**
**तद्दोषदर्शनादाशु त्यजते तदनाग्रहात् ।**
**स्थानान्तरगतौ नैव फलं ब्रह्मास्त्रदर्शनात् ॥९६॥**

પૂજામાર્ગમાં ઘણા કાલ સુધી જે મૂર્તિની સેવા કરેલી હોય તે મૂર્તિ જો ચિત્તમાં થોડી પણ વ્યગ્રતા, આકુલ-વ્યાકુલપણું આવે અને એને લઇને દોષ દેખાય તો તત્કાલ ત્યાગ કરે છે, કેમકે એ સ્થળે થોડો પણ આગ્રહ નથી. પૂજામાર્ગમાં ઘણા કાળ સુધી એક મૂર્તિની સેવા કરી, કોઈ વખતે ચિત્ત વ્યગ્ર થઈ ગયું, અને એ ચિત્ત સ્થિર ન રહેવારૂપ દોષ દેખાવાથી એ મૂર્તિ સેવકને ત્યજી દે છે, કેમકે એનો આગ્રહ નથી. એમ થવાથી બીજા સ્થાનમાં પણ જાય તો કંઈ ફલ પ્રાપ્ત નહિ જ થાય, કારણ કે એક ઠેકાણે વિશ્વાસ ન રહ્યો તો બીજે ઠેકાણે ક્યાંથી રહેશે ? એમાં દૃષ્ટાંતરૂપ બ્રહ્માસ્ત્ર છે. એ દૃષ્ટાંતનું રહસ્ય પહેલાં સમઝાવ્યું છે. ૯૬

**अतो न मार्गस्योत्कर्षो भक्तिमार्गस्य सम्भवे ।**
**न बुद्धिमांस्तत्र यतेद्, अन्यथा तु स उत्तमः ॥९७॥**

ઉપર જણાવેલા કારણથી એ પૂજામાર્ગનો ઉત્કર્ષ સિદ્ધ થતો નથી. જો ભક્તિમાર્ગનો સંભવ હોય, ભક્તિ-માર્ગમાં રહી શકાતું હોય, તો બુદ્ધિમાન પુરુષે પૂજામાર્ગમાં યત્ન ન કરવો. જો ભક્તિમાર્ગમાં રહી શકાય એમ ન હોય તો પૂજામાર્ગ જ ઉત્તમ છે. ૯૭

(ઉપર પ્રમાણે સેવામાર્ગ–સંબંધી આજ્ઞા કરીને હવે ગ્રંથનો ઉપસંહાર કરતાં કહે છે :)

एवं समाश्रये धर्मस्तथा सर्वसमर्पणे ।
सेवायामपि कृष्णस्य संक्षेपेण निरूपितः ॥९८॥

એવી રીતે આશ્રય સિદ્ધ થયા પછીના ધર્મ, બ્રહ્મ-સંબંધ–આત્મનિવેદન થયા પછીના ધર્મ અને શ્રીકૃષ્ણસેવામાં જે ધર્મ છે તે સંક્ષેપથી નિરૂપિત કર્યા છે. આશ્રય–ધર્મ એટલે શરણે ગયેલાનો ધર્મ, સર્વસમર્પણ કર્યા પછીનો ધર્મ અને સેવાધર્મ એ ત્રણ ધર્મનું આ ગ્રંથમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. ૯૮

श्रीमदाचार्यचरणशरणैस्तु मदुक्तिभिः ।
अनुवादकरूपाभिर्ज्ञात्वा सर्वं विधीयताम् ॥९९॥

આ મારું કથન તે શ્રીમહાપ્રભુજીની વાણી 'નિબંધ' આદિ ગ્રંથોમાં જે છે તેના અનુવાદરૂપ છે. શ્રીમહાપ્રભુજીની વાણી જ મારી વાણીમાં સમાયેલી છે. એ વાણી વડે બધું જાણીને શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદમાં શરણે આવેલા જીવોએ એ પ્રમાણે કરવું. ૯૯

समुदितनिजमार्गबोधतुष्टः
शरणगताखिलजीवसङ्घजुष्टः ।
निरुपधिकरुणारसैकपुष्टः
कृपयतु मे मयि वल्लभः प्रभुः सः ॥१००॥

સમુદાયરૂપે મેં સંગ્રહ કરેલો જે સ્વમાર્ગનો બોધ તેનાથી સંતુષ્ટ થયેલા, અને શરણે આવેલા સર્વ જીવોના સમૂહથી સેવાયેલા, અને નિઃસ્વાર્થ એવી જે કરુણા તે રૂપ જે એક રસ, તેનાથી જ પુષ્ટ એવા એ શ્રીવલ્લભ મારા ઉપર કૃપા કરો. ૧૦૦

## १३. पुष्टिपथमर्मनिरूपणम् ॥

(અનુવાદક–શ્રી વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી)

( પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો आश्रो एक दृढ वल्लभाधीशको એ પદનો પ્રતિદિન પાઠ કરે છે અને ‘ પુષ્ટિમાર્ગનાં મર્મ ’ એ ધોળનો પણ પાઠ કરે છે, પરંતુ એના મૂલ પ્રકટકર્તા કોણ છે એ વિશે ક્વચિત જ માહિતી જોવામાં આવશે. એક ભગવદીય તરફથી શ્રીહરિરાયપ્રભુપ્રણીત ‘पुष्टिमार्गमर्मनिरूपण’ એ ગ્રંથ મળ્યો ત્યારે જ એ ગ્રન્થના પ્રકટકર્તાનો અને દ્વારિકેશપ્રભુનો એને જ અનુસરીને પદ રચવાનો નિશ્ચય થયો. શ્રીદ્વારકેશપ્રભુ માત્ર મર્મની સંખ્યા અને એનાં નામ જ સૂચવે છે, ધોળમાં પણ પ્રાયશઃ એમ જ છે, એ હેતુથી પદ અને ધોળ માત્ર ગાઈને જ સંતોષ માનવો પડતો હતો. જો કે કોઈ અનુભવી વિરલ ભગવદીયના મુખથી એ પદના ભાવાર્થનું શ્રવણ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતો હતો, તથાપિ શ્રીહરિરાયપ્રભુચરણકૃત મૂલ ગ્રન્થ ઉપલબ્ધ થયા પછી જે સંતોષ થાય છે તે અવર્ણનીય જ છે. )

अथ श्रीश्रीमदाचार्यकृपया परया मया ।
मार्गमर्माणि रूप्यन्ते यतः कृष्णो वशो भवेत् ॥ १ ॥

ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ એવી શ્રીશ્રીમદાચાર્ય શ્રીવલ્લભાધીશ્વરની કૃપા વડે માર્ગનાં–પુષ્ટિમાર્ગનાં મર્મોનાં રહસ્ય નિરૂપણ કરવામાં આવે છે, જે નિરૂપણ કરવાથી સાક્ષાત્ સદાનંદ પ્રભુ વશ થાય. ૧

[ અથવા—જે રહસ્યોએ કરી શ્રીકૃષ્ણ વશ થાય. ૧ ]

**मर्म १–' आशरो एक दृढ वल्लभाधीशको '**

**आदौ दृढो निजाचार्यचरणाम्बुरुहाश्रयः ।**
**पुष्टिमार्गफलं नैव लभ्यते दानमन्तरा: ॥ २ ॥**
**तद्दानार्थं हि सर्वेषामाचार्यप्रकटीकृतिः ।**
**अतः साधननिष्ठां हि सर्वामुत्सृज्य सर्वतः ॥ ३ ॥**
**स्वाचार्यचरणाम्भोजं भाव्यतां शरणं हृदि ।**
**तथापि साधनकृतिरपाखण्डित्वसिद्धये ॥ ४ ॥**

પ્રથમ મર્મ એ છે કે સ્વકીય શ્રીમદાચાર્યચરણ-કમલનો આશ્રય કરવાનું કારણ શું, એમ આકાંક્ષા થતાં આજ્ઞા કરે છે કે પુષ્ટિમાર્ગનું ફલ પ્રભુના આપ્યા વિના મળતું નથી; અર્થાત્ સ્વર્ગ વગેરે ફલ જેમ યજ્ઞ કરવાથી મળી શકે છે તેમ પુષ્ટિમાર્ગીય ફલ ભગવત્સ્વરૂપમાં રહેલા અમંદ આનંદનો સેવાદિથી અનુભવ કરવો એ જ્યારે પ્રભુ દાન કરે ત્યારે જ મળે છે. અમુક કાર્ય કરવાથી મળતું નથી માટે એ ફલનું સર્વ દૈવી જીવોને દાન કરવાને શ્રી મહાપ્રભુજીને પ્રભુએ ભૂતલ ઉપર પ્રકટ કર્યા છે, એ હેતુથી પુષ્ટિમાર્ગીય ફલ કૃપા કરીને આપે છે ત્યારે જ મળે છે. એ કારણથી, બીજાં સાધનોમાં રહેલી સર્વ નિષ્ઠાને, આસક્તિને ચોતરફથી કાઢી નાખીને, લેશ પણ એ નિષ્ઠાનો અંકુર ન રહે તેમ એનો સર્વાંશે ત્યાગ કરીને શ્રીમદાચાર્યચરણાર વિંદની હૃદયમાં ભાવના કરો. મૂલ શ્લોકમાં 'સાધનનિષ્ઠા'

શબ્દ છે તેનો અર્થ એ જણાય છે કે સાધનોમાં નિષ્ઠા એટલે એ સાધન કરવાથી મને ઉત્તમોત્તમ ફલની પ્રાપ્તિ થશે અથવા મારું કલ્યાણ થશે એવી નિષ્ઠા-ભાવના ત્યજી દેવી, એથી કાંઈ સાધનોનો ત્યાગ કરવાનો નથી. એ જ વાતને પોતે અર્ધ શ્લોકથી સ્પષ્ટ કરે છે : જો એકદમ સાધનો ઉપર નિષ્ઠા છોડીને સાથે જ સાધનોને પણ જો તિલાંજલિ આપે તો પાખંડી ગણાય; માટે પાખંડીમાં ન ખપવા માટે કાંઈ પણ નિષ્ઠા-ભાવના રાખ્યા વિના બધાં સાધનો પણ કર્યે જવાં; ચોટ માત્ર શ્રીમદાચાર્ય-ચરણારવિંદમાં રાખવી. ૪

मर्म २–'मानसी रीतकी मुख्यसेवा व्यसन'

द्वितीयं कृष्णसेवैव मानसी फलरूपिणी ।
यतोऽन्यनिरपेक्षस्य किं देयं प्रभुणापि हि ॥५॥
सर्वभावेन सा कृष्णस्वरूपानन्ददायिनी ।
तया निरुद्धो भवति हृदये रसरूपतः ॥६॥

બીજું મર્મ શ્રીકૃષ્ણસેવા છે. તનુજા અને વિત્તજા સેવા પછી માનસી સેવા પ્રાપ્ત થાય છે તે જ અહીં સમજવી; માનસી સેવા ફલરૂપા છે. પ્રેમ, આસક્તિ અને વ્યસન એ ત્રણ અવસ્થા છે. સ્વાતિનક્ષત્રના મેઘજલ પ્રતિ ચાતકને જેવો પ્રેમ છે તેવો પ્રેમ પ્રભુમાં પ્રાપ્ત થાય ત્યારે તનુજા સેવા થાય. તનુજા સેવા અને પ્રેમ-અવસ્થા બરોબર છે, બંને એક જ અવસ્થામાં હોય છે, તેમ જ ચન્દ્ર અને ચકોરપક્ષી જેવી આસક્તિ પ્રભુ પ્રત્યે થાય ત્યારે ધનનો વિનિયોગ પોતાના પ્રેમના સ્થાનરૂપ પ્રભુની સેવામાં થાય

છે, અને એને જ પ્રભુ તનુજા સેવા માની લે છે, જ્યારે પ્રેમ અને આસક્તિ, તનુજા અને વિત્તજા સિદ્ધ થાય છે, ત્યારે એ ભગવદીયને કશી અપેક્ષા રહેતી નથી. न नाकपृष्ठं એ 'વૃત્રાસુર-ચતુઃશ્લોકી'ના વર્ણન પ્રમાણે એ સર્વથી નિરપેક્ષ બને છે. જ્યારે એને કશાની અપેક્ષા રહેતી નથી ત્યારે પ્રભુએ એને શું આપવું જોઇયે ? એ જ ફલરૂપ માનસી સેવા અને વ્યસના-વસ્થા જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે વ્રજરત્ના જેવો સર્વાત્મભાવ પણ અનુભવાય છે. અને એ વડે માનસી સેવા કરતાં એ જ સેવા ભગવત્સ્વરૂપના આનંદનું દાન કરે છે—પ્રભુસ્વરૂપ-લાવણ્યનું પાન કરાવે છે, તેથી જ એવી માનસી સેવા અલૌકિક શૃંગાર-રસાત્મા પ્રભુને હૃદયમાં રોકી રાખે છે, અને પ્રભુ પણ એ માનસી સેવાને અધીન બનીને ભક્તના હૃદયમાં રસાત્મકરૂપે બિરાજે છે. ૬

मर्म ३–'लोकवैदिकत्याग शरण गोपीशको'

तृतीयं लोकवेदस्वत्यागेन शरणागतिः ।
शरणस्थसमुद्धारो यतः कृष्णो निरूपितः ॥ ७ ॥

एवं स्थिते स्वमात्रैकशरणे चिन्तया युतः ।
कृष्णः स्वरूपमेव स्वं ददात्यन्यानपेक्षणात् ॥ ८ ॥

ત્રીજું મર્મ લૌકિક અને વૈદિકનો ત્યાગ કરીને પ્રભુને શરણે જવું એ જ છે. सर्वधर्मान् परित्यज्य' એ શ્રીમુખની આજ્ઞાને અનુસરીને લૌકિકવૈદિકને તિલાંજલિ આપીને એટલે એમાંની નિષ્ઠા—ભાવનાનો ત્યાગ કરીને પ્રભુને શરણે

જવું, કારણ કે પ્રભુ શ્રીકૃષ્ણ પોતાના શરણમાં રહેનારાંઓના ઉદ્ધારક છે, એમ શ્રીમહાપ્રભુજીએ शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम् એ શ્લોકથી 'શ્રીકૃષ્ણાશ્રય'ગ્રંથમાં નિરૂપણ કર્યું છે; તેથી સદાનંદ પ્રભુ શરણાગત-વત્સલ છે, એટલે શરણે ગયેલા જીવોનો ઉદ્ધાર કરે છે જ. એ પ્રમાણે જ્યારે જીવ માત્ર પ્રભુનું જ અથવા પ્રભુના શરણમાર્ગનું જ શરણ ગ્રહણ કરે છે ત્યારે પ્રભુને ચિન્તા થાય છે કે આ જીવને શું દાન કરવું. શરણાગત ભક્ત તો માત્ર પોતાનું જ શરણ પકડી રહ્યો છે, તેથી એને બીજા કોઈ પદાર્થની ઇચ્છા નથી એમ સ્પષ્ટ જ થાય છે. એમાં પણ પ્રભુ અપાર કરુણાના સમુદ્ર છે તેથી પોતાના સદાનંદમય કોટિકંદર્પલાવણ્યમય અલૌકિક માધુર્યૈકભાજન સ્વરૂપનું દાન કરે છે, એવા પરમ દયાળુ છે. ૮

## मर्म ४–'दीनता'

चतुर्थं दीनता सर्वसाधनाभावबोधतः ।
परमार्तिप्रकाशेन कृष्णः कोमलमानसः ॥९॥
भक्तदुःखासहः शीघ्रं स्वरूपं प्रापयेत् पुनः ।
अपारकरुणासिन्धुर्दुःखितान्न ह्युपेक्षते ॥१०॥

ચતુર્થ મર્મ દીનતા છે. જ્યારે સર્વ સાધનોથી હું રહિત છું, મેં એવું એકે સાધન કર્યું નથી કે જેને લઈને પ્રભુ મને ફલદાન કરે, એવી રીતે ચારે તરફથી પોતાની નિઃસાધનતા સ્ફુરે ત્યારે દીનતા પ્રાપ્ત થાય છે. વ્રજરત્ના-ઓએ પ્રભુના અંતર્ધાન પછી પ્રભુને પ્રાપ્ત કરવાને અનેક

પ્રયાસો કર્યા, પ્રભુલીલાનું અનુકરણ કર્યું, પણ જ્યારે એકે પ્રયાસ પ્રભુસ્વરૂપના સંયોગ જેવો આનંદજનક થયો નહિ ત્યારે નિઃસાધનતાની સ્ફૂર્તિ થઈ અને રોદનરૂપ દૈન્ય પ્રાપ્ત થયું, ત્યારે પ્રભુ પ્રકટ થયા.[1] જ્યારે જીવને પ્રભુપ્રાપ્તિ માટે અત્યંત આર્તિ પ્રકટ થાય છે, પ્રભુ ન મળ્યાથી જ્યારે એ અત્યંત પીડાય છે, ત્યારે પ્રભુ પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરાવે છે, કેમકે આપનું અંતઃકરણ કોમલ સુકુમાર છે, અને એમાં પણ ભક્તનાં દુઃખોને તો કદી સહી શકતા નથી. ભક્તોનાં દુઃખોને જ્યારે સહન કરવાનું સામર્થ્ય પ્રભુમાં નથી, કેમકે અત્યંત કોમલ અંતઃકરણવાળા છે, તેથી જ્યારે જ્યારે ભક્તને આર્તિ થાય છે ત્યારે પોતે સ્વરૂપાનંદનું દાન કરે છે, કેમકે પોતે અપાર કરુણાના સિન્ધુ-સાગર છે, તો એક બિન્દુરૂપ કરુણા ભક્ત ઉપર કરવાથી કાંઈ ન્યૂન થશે નહિ, માટે જ દુઃખિત ભક્ત ઉપર ઉપેક્ષા-બેદરકારી પ્રભુ કદી કરતા જ નથી. ૧૦

मर्म ५—'भाव-उद्बोध'

पञ्चमं कृष्णलीलाया भावनं हृदि सर्वथा ।
तद्भावेन प्रभुः प्राप्तो भावात्मा तदभेदतः ॥ ११ ॥
न हि लीला विचारे तु स्वरूपादतिरिच्यते ।
स्वसर्वधर्मरूपत्वात् प्रभोर्भेदो न युज्यते ॥ १२ ॥
तथाप्याविष्कृते रूपे भेदबुद्धिर्निजेच्छया ।
लोकदृष्ट्या यथा सूर्ये किरणेषूदिते सति ॥ १३ ॥

---

૧. આ વિષય ઉપર વધારે જિજ્ઞાસા હોય તો જુઓ ફલ પ્રકરણ સુબોધિનીમાં भक्तानां दैन्यमेवैकं हरितोषणसाधनम् ।

धर्मधर्मिप्रतीतिर्हि प्राकट्ये रूपलीलयोः ।
अन्तःस्थितौ तु लीलैव स्वरूपमिति निश्चयः ॥ १४ ॥

गुणगाने तथाचार्यैरासक्तिवशतो हरौ ।
जाता तन्मयता क्रीडामयतैव निरूपिता ॥ १५ ॥

लीला स्वरूपतो नैव भिन्ना किरणसूर्यवत् ।
प्रतीतिमात्रतो भेदः स्वरूपेण न वस्तुतः ॥ १६ ॥

कृष्णः प्रविशति प्रीतो लीलाया हृदयस्थितौ ।
तदात्मा सकलैः स्वीयस्वरूपैरिति निश्चयः ॥१७॥

પંચમ મર્મ ભાવોદ્બોધ છે. સદાનંદ પ્રભુની નિત્ય નવલ લીલાની નિરંતર હૃદયમાં ભાવના કરવી એ પાંચમું મર્મ છે. એ લીલાની ભાવના કર્યાથી પ્રભુપ્રાપ્તિ થાય છે, ભાવ હૃદયમાં આવે ત્યારે એ ભાવસ્વરૂપ પણ હૃદયમાં પધારે જ, એમાં આશ્ચર્ય શું ? વળી પ્રભુની લીલા પણ જુદી નથી, લીલા પણ સ્વરૂપ જ છે, તેથી પણ એ લીલાની ભાવના કર્યાથી એ લીલાત્મક અને લીલાભાવાત્મક પ્રભુ હૃદયમાં બિરાજે એ અર્થ અત્યંત સુઘટ છે. જ્યારે લીલાના સ્વરૂપનો વિચાર કરિયે છિયે ત્યારે લીલા પ્રભુના સ્વરૂપથી જુદી પાડી શકાતી નથી, પ્રભુ જુદા અને એમની લીલા જુદી એવા ભેદભાવને સ્થાન મળતું નથી. જો પ્રભુમાં ભેદ હોય તો એમની લીલામાં પણ ભેદ હોય. એમ તો બની શકે જ નહિ કે પ્રભુ પણ જુદા જુદા હોય. પ્રભુ તો એક જ છે, પણ એમના ધર્મો ઘણા છે. એ ધર્મો પણ ભગવત્સ્વરૂપથી

જુદા નથી, પણ પ્રભુરૂપ જ લઈ ને પ્રભુસ્વરૂપમાં ભેદની કલ્પના કરવી યોગ્ય નથી. સ્વસર્વધર્મરૂપ પ્રભુ જ હોવાથી એમાં ભેદ ગણવો એ ઠીક નથી, પરંતુ પ્રભુ પોતાનાં જ સ્વરૂપો પ્રકટ કરે છે, એમાં જે ભેદબુદ્ધિ જણાય છે, જેમકે આ સ્વરૂપ જુદું એ ભેદ, તે પ્રભુની ઇચ્છાથી જ જણાય છે. એમાં દૃષ્ટાંત –જેમ સૂર્ય વિશે ભેદબુદ્ધિ લોકની દૃષ્ટિમાં થાય છે, સૂર્ય ઊગે છે ત્યારે એ જુદો અને એનાં કિરણો જુદાં એમ લોકની દૃષ્ટિમાં દેખાય છે, તેવી રીતે જ્યારે પ્રભુ પોતાનું સ્વરૂપ અને એ સ્વરૂપથી કરવાની લીલા પ્રકટ કરે છે ત્યારે પ્રભુના એ લીલારૂપ ધર્મો અને એ લીલાયુક્ત ધર્મિસ્વરૂપ એમ ભેદ-બુદ્ધિ થાય છે; જેમ શ્રીનવનીતપ્રિયજીના પ્રકટ સ્વરૂપમાં બાળલીલાની સ્ફૂર્તિ મુખ્યતઃ થાય છે અને શ્રીગોકુલેન્દુના સ્વરૂપમાં મુખ્યત્વે રાસલીલાની સ્ફૂર્તિ થાય છે અને તેથી બન્ને સ્વરૂપમાં ભેદભાવ થાય છે. આ બધું જ્યારે તે તે સ્વરૂપથી એવી ભિન્ન ભિન્ન લીલાઓ પ્રકટ કરેલી હોય ત્યારે જ એવી લીલાઓના આધારે તે તે સ્વરૂપમાં ભેદભાવ મનાય છે. लीलाभेदे स्वरूपभेदः એ સિદ્ધાંત એતન્મૂલક જ લાગે છે. આ ભેદભાવ જ્યારે એ સ્વરૂપ અને એવી લીલા પ્રકટ થાય છે ત્યારે જ ગણાય છે. જેમ સૂર્ય ઉદય પામે છે ત્યારે જ એમાં અને એનાં કિરણોમાં જુદાપણું ભાસે છે, ઉદય પામેલો નથી હોતો ત્યારે તો કિરણો અને સૂર્ય જુદાં છે એવું જ્ઞાન થતું જ નથી, તેવી જ રીતે જ્યારે સદાનંદ પ્રભુ–પોતાની સદાનંદમય લીલા અને પોતે–પ્રકટ થાય છે ત્યારે એ લીલા અને એ સ્વરૂપમાં ભેદભાવ ભાસે છે,

જ્યારે પોતે અંતર્રમણ કરે છે ત્યારે લીલાસ્વરૂપાત્મક ગણાય છે એવો નિશ્ચય છે. જ્યારે લીલા સ્વરૂપની ભીતર રહે છે ત્યારે તો લીલા સ્વરૂપથી અલગ ભાસતી નથી, એ વખતે લીલા જ સ્વરૂપ છે એમ નિશ્ચય સિદ્ધાંત થાય છે. 'શ્રીવેણુગીત'ની સમાપ્તિમાં શુકદેવજી કહે છે કે 'શ્રી-વૃન્દાવનવિહારી પ્રભુની એવા પ્રકારની લીલાઓનું પરસ્પર વર્ણન કરનારાં વ્રજભક્તો તન્મયતાને પ્રાપ્ત થયાં.'[1] શ્રીમદા-ચાર્યવર આ શ્લોકનાં સુબોધિનીજીમાં 'તન્મયતા' શબ્દનો એવો અર્થ પ્રકટ કરે છે કે તન્મયતાને પ્રાપ્ત થયાં એટલે 'ક્રીડારૂપ–લીલાસ્વરૂપ થઈ ગયાં.'[2] જાગ્રદવસ્થા કે સ્વપ્ના-વસ્થામાં પ્રભુલીલાનું દર્શન કરતાં કરતાં, કીડો જેમ ભ્રમર-રૂપ થઈ જાય છે તેમ, પ્રભુલીલારૂપ થઈ ગયાં. એથી જ પ્રભુની લીલા પ્રભુના સ્વરૂપથી થોડી પણ ભિન્ન નથી જ. જેમ સૂર્યનાં કિરણો સૂર્યથી જુદાં નથી, તેમ માત્ર એ લીલા, જ્યારે બહાર પ્રકટ દૃષ્ટિગોચર થાય છે ત્યારે જ એમાં ભેદ જણાય છે, વસ્તુતઃ સ્વરૂપથી તો ભિન્ન નથી જ. દર્શન કરતી વેળાએ ભગવાનનું સ્વરૂપ અને એનાથી પ્રકટ થતી અનંત લીલાઓમાં તારતમ્ય જણાય છે, પરંતુ વસ્તુતઃ ભગવાનનું સ્વરૂપ તે જ લીલા અને લીલા તે જ પ્રભુનું સ્વરૂપ એવો સિદ્ધાંત છે, એ હેતુથી જ જો પ્રભુની લીલા હૃદયમાં સ્થાન મેળવે તો સદાનંદ ભગવાન પણ પ્રસન્ન થઈને હૃદયમાં પ્રવેશે છે. પૂર્ણપુરુષોત્તમની અનેક રસરૂપ લીલા-

१. एवंविधा भगवतो या वृन्दावनचारिणः। वर्णयन्त्यो मिथो गोप्यः क्रीडास्तन्मयतां ययुः ॥ वेणुगीत । २. क्रीडामय्य एव जाताः ।

આમાંની એક પણ લીલાની સ્થિતિ જો હૃદયમાં થાય તો રસાત્મક નંદકુમાર હૃદયમાં પ્રવેશે છે, કેમકે આપ એ લીલારૂપ છે, એટલે એ લીલાની સ્થિતિ જ્યારે હૃદયમાં થાય ત્યારે આપની પણ એમાં સ્થિતિ થઈ જવી જ જોઇયે. જે લીલાની સ્ફૂર્તિ ભક્તહૃદયમાં થઈ હોય તે લીલામાં જેટલાં પોતાનાં સ્વરૂપો હોય તે સર્વ સ્વરૂપો સાથે લીલાત્મક પ્રભુ ભક્તહૃદયમાં પ્રવેશ કરે છે, એવો નિશ્ચય છે. ૧૭

मर्म ६–' [गुनगानतें[1]] घोषत्रिय-भावना उभय जाने'

षष्ठं व्रजस्थितानां यो भावः स्मर्यो वियोगिनाम् ।
ततो भावस्य सम्प्राप्तिर्भवितातो हरेर्भवेत् ॥ १८ ॥

अवस्था क्लेशभावो वा तत्सम्बन्धी विचिन्त्यताम् ।
न स्वरूपं पृथग् यस्मान्न तत्र विशते मनः ॥१९॥

तत्प्रविष्टतया नैव स्वरूपं भिद्यते ततः ।
अतोऽन्तःस्थितकृष्णास्ताः सततं हृदि भावयेत् ॥२०॥

---

૧. શ્રીદ્વારિકેશપ્રભુ કીર્તનમાં 'ગુણગાન'ને છઠ્ઠા મર્મ 'વ્રજસુંદરીભાવ'ની પહેલાં મૂકે છે. મૂળ ગ્રંથમાં પ્રથમ છઠ્ઠા મર્મ તરીકે વ્રજસુંદરીભાવનો પરિચય કરાવ્યો છે અને ગુણગાનને ૭ મા તરીકે ઓળખાવ્યું છે. વળી શ્રીદ્વારકેશપ્રભુ વ્રજસ્રીભાવને વિશેષણ તરીકે યોજે છે, તેથી સંયોગ વિપ્રયોગરૂપ બન્ને ભાવ સ્મરવા એવો અર્થ થાય છે. મૂળ ગ્રંથમાં શ્રીહરિરાયપ્રભુ તો માત્ર વિપ્રયોગી વ્રજભક્તોના ભાવને સ્મરવાની આજ્ઞા કરે છે. આટલી વિલક્ષણતા લક્ષ્યમાં રાખવા જેવી છે.

છઠ્ઠું મર્મ વ્રજસુંદરીનો ભાવ છે. એ પણ વિરહી વ્રજસુંદરીનો જે ભાવ તેનું સ્મરણ કરવું એ છઠ્ઠું મર્મ છે. हा नाथ रमण प्रेष्ठ क्वासि क्वासि महाभुज એમ સતત ઉચ્ચારણ કરતાં વ્રજરત્નાઓના નિગૂઢભાવનું સ્મરણ કરતાં કરતાં ભાવની પ્રાપ્તિ થશે. હૃદયમાં પ્રભુલીલાની નિરંતર ભાવના પણ વ્રજાંગનાઓના ભાવનું સ્મરણ કર્યાથી જ થશે. એથી જ પ્રભુની પણ સમ્પ્રાપ્તિ–સમ્યક્ પ્રકારે પ્રાપ્તિ થશે; વિપ્રયોગથી સંયોગ થશે. આ ફલ પ્રાપ્ત કરવા માટે વ્રજભક્તોની વિરહાવસ્થાનું ચિન્તન કરો, વિરહાવસ્થામાં પ્રાપ્ત થતા ક્લેશભાવનું વિશેષ સ્મરણ કરો. પ્રભુની લીલાથી સ્વરૂપ જુદું નથી, જેથી ત્યાં મનનો પ્રવેશ થતો નથી. જ્યારે વ્રજસુંદરીના ભાવમાં કે પ્રભુલીલામાં મનનો પ્રવેશ થાય છે ત્યારે એનાથી સ્વરૂપનો ભેદ થતો નથી. વ્રજભક્તોનાં હૃદયમાં પ્રભુલીલા નિરંતર ઉદ્‌ભવે છે. લીલાથી સ્વરૂપ ભિન્ન નથી; માટે જ સ્વરૂપમાં મન પ્રવેશ કરતું નથી, પણ લીલામાં પ્રવેશ કરે છે, અને લીલામાં મન પ્રવિષ્ટ થયાથી સ્વરૂપનો ભેદ રહેતો નથી. એટલા માટે જેમનામાં નંદનંદન બિરાજે છે તેવાં વ્રજભક્તોની નિરંતર ભાવના કરવી.

ઉપરના શ્લોક ઉપર મનન કરતાં આ આશય પ્રકટ થાય છે: શ્રીહરિરાયચરણ પહેલાં ભગવલ્લીલાની ભાવના કરવાની આજ્ઞા કરે છે, પછી એમ આજ્ઞા કરે છે કે વ્રજભક્તોના ભાવનું સ્મરણ કરવું, એનાથી જ લીલાની ભાવના અથવા તો સર્વાત્મભાવ સિદ્ધ થશે. લીલા અને સ્વરૂપ

એક જ છે, જેથી મન સ્વરૂપમાં પ્રવેશ ન કરતાં છતાંયે લીલાનું રસિક કાંઈક જલદી થાય છે. જ્યારે મન લીલામાં પ્રવેશે છે ત્યારે લીલાથી સ્વરૂપ ભિન્ન ન હોવાથી સર્વાત્મભાવપ્રાપ્તિ અને પ્રભુની સમ્યક્ પ્રાપ્તિ પણ થાય છે. વ્રજભક્તો પોતે તો તન્મયતાને—લીલાસ્વરૂપપણાને પ્રાપ્ત થયેલાં છે, તેથી જ પ્રભુનું સ્વરૂપ પણ એમનાથી જુદું નથી. માટે એમના ભાવનું સ્મરણ કરવાથી ભગવત્પ્રાપ્તિ સાથોસાથ જ થાય છે. એ હેતુથી જેમાં સાક્ષાત્ પ્રભુ બિરાજે છે તેવાં વ્રજસુંદરીની ભાવના હૃદયમાં કરવી. ૨૦

### मर्म ७–'गुनगानतें'

सप्तमं प्रोच्यते मर्म सर्वदोषनिवारकम् ।
गुणा एव हरेर्गेयाः सर्वदोषनिवारणे ॥२१॥
अन्यत् सर्वं न तत्रास्ति साधनं सर्वथैव हि ।
गुणेषु गीयमानेषु प्रसन्नः सन् हरिः स्वयम् ॥ २२ ॥
स्वात्मानमाविर्भाव्यैव स्वानन्दं सम्प्रयच्छति ।
गुणाः पूर्वं तु विरहे स्मृत्यार्तिं हरन्ति प्रभोः ॥२३॥

સાતમું મર્મ ગુણગાન છે. સર્વ દોષના નિવારણ માટે હરિના ગુણો ગાવા, સર્વ દોષનું નિવારણ કરવા માટે બીજું કાંઈ પણ સાધન નથી. પ્રભુનાં ગુણગાન સિવાય બધા દોષને દૂર કરવા માટેનો બીજો કોઈ પ્રબલ ઉપાય છે જ નહિ. ગુણોનું ગાન કરતાં કરતાં જીવને પ્રભુ પ્રસન્ન થાય છે અને પ્રસન્ન થઈને આપ પોતે જ સ્વરૂપ પ્રકટ કરીને સ્વાનંદનું દાન કરે છે. પહેલાં વિરહાવસ્થામાં પ્રભુના સ્મ-

રણુથી જે આર્તિ થાય છે તેને ગુણો જ બાળે છે, દૂર કરે છે; અથવા તો ગુણો પ્રભુનું સ્મરણ કરાવીને વિરહાવસ્થામાં થતી અસહ્ય પીડાને શાંત કરે છે. ભગવાન પોતે આનંદમય છે, એમની લીલા આનંદમય છે, અને ગુણો ધર્મો પણ આનંદમય જ છે, તો એ ગુણોનું ગાન કરવાથી, એ ગુણોનું સ્વરૂપ જાણવાથી આનંદ પ્રાપ્ત થાય એમાં કાંઈ આશ્ચર્ય નથી. ૨૩

### मर्म ८–'कृष्णनाम स्फुरे'

"अष्टमं नाममाहात्म्यस्फूर्तिः सर्वांशतो हरेः ।
तदन्यसाधनेष्वल्पबुद्धिः स्फुरति चेत्तदा ॥२४॥

આઠમું મર્મ શ્રીહરિનાં નામોનાં માહાત્મ્યની સ્ફૂર્તિ થવી એ છે. અજામિલાદિ મહાદુષ્ટોનો ઘોર પાતક–પંકમાંથી ઉદ્ધાર કરનાર ભગવન્નામ જ છે. એવી નામની મહત્તા સર્વાંશે સ્ફુરે, નામ સિવાયનાં બીજાં સાધનોમાં અલ્પ બુદ્ધિ થાય. નામ જેવા ચિંતામણિ પાસે બીજાં સાધનો તુચ્છ ભાસે. નામ પણ ભગવદ્રૂપ જ છે. પ્રભુ નામ અને રૂપ એ બન્ને સ્વરૂપે પ્રકટે છે. નામ પણ સ્વરૂપાત્મક હોવાથી એની મહત્તા પ્રભુસ્વરૂપથી ઓછી હોય નહિ. ૨૪

### मर्म ९–'पल न आज्ञा टरे'

नवमं वाक्यमात्रैकनिष्ठता ह्यविचारणात् ।
यतो वाक्यप्रवृत्तस्तु साधनं वाप्यसाधनम् ॥२६॥
विपरीतं च विदधत्तूष्णीं तिष्ठंश्च सर्वदा ।
स्वतो भगवता नूनं कृतार्थीक्रियते जनः ॥२७॥

નવમું મર્મ ભગવદ્વાક્યમાત્રમાં નિષ્ઠા એ છે. કોઈ પણ પ્રકારનો વિચાર કર્યા વિના પ્રભુની જે કાંઈ આજ્ઞા થાય તેમાં તત્પર થવું, ગમે તેવી વિપરીતતા જણાતી હોય તો પણ 'પ્રભુ જે કરે છે તે મારા સારા માટે જ કરે છે' એવા દૃઢ વિશ્વાસથી એમની આજ્ઞાને અધીન બની જવું. એમ થવાથી, પ્રભુના વાક્યને અનુસરવા માત્રથી સાધનો બની શકે, અથવા ન બની શકે, અથવા કાંઈ વિપરીત બની જાય, અને માત્ર સદા મૌન સ્થિતિ જ થાય તોપણ ભગવાન પોતે જનને કૃતાર્થ કરે છે. સ્વામીની આજ્ઞાનું સર્વાંશે અવલંબન કરવું એ સેવકોનો મુખ્ય ધર્મ છે. એ મુખ્ય ધર્મને પકડી રાખતાં કદાચિત્ બીજા ગૌણ દેહધર્મોને તિલાંજલિ આપવી પડે છે તો તેથી કાંઈ ફલહાનિ થવાની નથી. સાધનો ન બને, વિપરીત ઊલટું જ કાર્ય થઈ જાય, અથવા તો સારું નરતું કાંઈ પણ ન કરી શકાય, તોપણ ભગવાન તો નિશ્ચય કૃતાર્થ કરવાના જ એમાં કાંઈ પણ સંશય નથી. દૃષ્ટાંત તરીકે ૮૪ વૈષ્ણવની વાર્તામાં વાંચો શ્રીકૃષ્ણદાસ મેઘનની વાર્તા. માત્ર શ્રીવલ્લભાધીશ્વરની આજ્ઞા માત્રને અધીન થઈને ૩ દિવસ સુધી એક જ ઠેકાણે એમ ને એમ ઊભા રહ્યા હતા! ૨૫

मर्म १०–'कृति–वचन–विश्वास चित्त आने ॥
भगवदीय जान सत्संगको अनुसरे,
ना देखे दोष अरु सत्य भाखे ।
पुष्टिपथमर्म दश धर्म यह विध कहे,
सदा चित्तमें श्रीद्वारिकेश राखे ॥

दशमं मर्म विश्वासो भगवत्यखिलात्मनि ।
तत्सम्बन्धिष्वपि पुनः कृते रूपे तथाविधे ॥ २७ ॥

यादृशो यत्र हि प्रोक्तः कृष्णस्तत्र हि तादृशः ।
तदीयास्तत्समा ज्ञेयाः प्रतीता अपि चान्यथा ॥२८॥

यत्करोति हरिः कृष्णः स्वकीयेषु कृपालवः ।
तत्साध्विति च मन्तव्यं यथा पित्रोः कृतौ सुतः ॥२९॥

एतानि दश मर्माणि वेत्ति यः सर्वथा जनः ।
श्रीमदाचार्यकृपया भक्तिमार्गे महामतिः
तस्य मार्गेश्वरः कृष्णो वशो भवति तत्क्षणात् ॥३०॥

દસમું મર્મ વિશ્વાસ છે. અખિલના અંતર્યામી આત્મા એવા ભગવાનમાં અખંડ વિશ્વાસ રાખવો, એ દશમ મર્મ છે. જેવો વિશ્વાસ એવા પ્રકટ ભગવત્સ્વરૂપમાં છે તેવો જ વિશ્વાસ રાખવો; અથવા એ પ્રભુએ જ એવું રૂપ ધર્યું છે માટે ભગવદીયોમાં એવો જ વિશ્વાસ રાખવો: અથવા તો એવું લૌકિક રૂપ જોવામાં આવે તોપણ ભગવદીયોમાં ભગવત્તુલ્ય વિશ્વાસ રાખવો. જે સ્થલે જેવા કૃષ્ણ કહ્યા છે તે સ્થલે તેવા જ ભગવદીયો છે; અથવા તો જે સ્થલે જેવા ભક્તો કહ્યા છે તે સ્થલે શ્રીકૃષ્ણ જ તેવા થાય છે એમ સમજવું. જો ભગદીયો જુદી રીતે જણાતા હોય તોપણ એઓ ભગવદીય હોવાથી ભગવત્સદૃશ જાણવા. કોઈ ભક્તમાં ભક્ત તરીકેનાં જે લક્ષણો હોવાં જોઇયે તે આપણાથી જોઈ ન શકાય અને બીજાં કેટલાંક વિપરીત લક્ષણો જોવામાં આવે તોપણ એમને સ્વામીનો સંબંધ થયેલો હોવાથી

સ્વરૂપાત્મક જ સમજવા. કૃપાપરાયણ સદાનંદ નંદનંદન પોતાના નિજ જનો માટે જે કાંઈ કરે છે તે સારું જ કરે છે એમ માનવું. જેમ માબાપનું દરેક કાર્ય પુત્રના હિતને માટે જ હોય છે અને માબાપનું દરેક કાર્ય પોતાના જ હિતને અર્થે છે એમ માનવાની પુત્રની પણ ફરજ છે તેમ જીવોએ પણ એમ જ માનવું કે પ્રભુનો સંબંધ ધરાવનારાં મહાનુભાવી ભગવદીયો જે કાંઈ કરે છે તે સારું જ કરે છે; માટે સર્વથી પહેલાં ભગવદીયોમાં વિશ્વાસ રાખવો; એમના દોષ ન જોવા. એમના દરેક કાર્યમાં ઉત્તમતા જોવી. એમ કર્યાથી જ નવમ અષ્ટમ વગેરે મર્મો સિદ્ધ થશે.

આ સ્થળે આટલું રહસ્ય સમજવાનું કે મર્મની ગણનાનો જે ક્રમ શ્રીહરિરાયજીએ બતાવ્યો છે તે ચડતો ઊતરતો છે, અર્થાત્ પહેલું મર્મ સર્વથી શ્રેષ્ઠ અને ફલાત્મક છે અને જ્યારે બીજું મર્મ સિદ્ધ થાય ત્યારે એ જ પણ સિદ્ધ થાય. બીજું મર્મ ત્રીજું સિદ્ધ થયા પછી, ત્રીજું ચોથા પછી, એમ ઉત્તરોત્તર કાર્ય–કારણભાવ છે. એ ઉપરથી પહેલું મર્મ પહેલાં સિદ્ધ થાય અને બીજું એના પછી અને ત્રીજું એનાથી અનન્તર એમ ક્રમ ન લેતાં, પ્રથમ દસમું મર્મ વિશ્વાસ અને ભગવદીયોમાં ભગવદ્બુદ્ધિ અને પછી અનુક્રમે નવમું, આઠમું, સાતમું વગેરે સિદ્ધ થાય એમ અવધારવું. ૩૧

(શ્રીહરિરાયચરણ ગ્રન્થનો ઉપસંહાર કરતાં ફલશ્રુતિ વર્ણવે છે.:)

विज्ञायैतानि मर्माणि श्रीमदाचार्यसेवकैः।
भक्तिमार्गे स्थितिः कार्या सर्वदातिविचक्षणैः ॥ ३२॥

આ દશ મર્મને જે જે જન સર્વાંશે સમજે છે તે શ્રીમહાપ્રભુજીની કૃપાથી ભક્તિમાર્ગમાં મહાબુદ્ધિમાન થાય છે, ભક્તિમાર્ગમાં એની બુદ્ધિ સારી પેઠે પ્રવર્તે છે, અને એને માર્ગના ઈશ્વર–માલિક શ્રીકૃષ્ણ તત્કાલ વશ થાય છે. શ્રીમહાપ્રભુજીના કૃપાપત્ર સેવકો અત્યંત વિચક્ષણ હોય છે. એઓએ આ દશ મર્મો સમજીને અનુભવીને ભક્તિમાર્ગમાં સ્થિતિ કરવી. ૩૨

[ અથવા, આ શ્લોકમાં સામાન્ય શિખામણ છે કે આ મર્મો સમજીને ભક્તિ કરવી. ]

## ૧૪. श्रीपुष्टिमार्गलक्षणानि [सटीकानि] ॥

ટીકાકાર—નિ. લી. ગો. શ્રીઅનિરુદ્ધાચાર્યજી મહારાજ

### મંગલાચરણ

[ અનન્ય પ્રીતિથી પ્રાપ્ત થતાં, કૃપાપૂર્ણ, અને (ભક્તના) મન–રૂપી ભમરાને આનંદ દેવાવાળાં શ્રીકૃષ્ણચન્દ્રનાં બે ચરણારવિન્દોને હું પ્રણામ કરું છું. ૧

અનેક જન્મોનો કારણભૂત, જીવોનાં હૃદયમાં રહેલ, સખત, જબર અંજ્ઞાનનો સમૂહ કે જે જગતના મિત્રો જે અનેક સંત મહંતો તેનાથી દૂર ન થયો તે ( અજ્ઞાનના

સમૂહને )ને રમત માત્રમાં શ્રીમદ્વલ્લભાચાર્યજીએ સહેજે દૂર કરી નાખ્યો તેવા અને દેવતાઓ પણ જેમના ચરણમાં પડે છે તેવા શ્રીમદાચાર્યચરણ શ્રીમહાપ્રભુજીની પ્રેમપૂર્વક સ્તુતિ કરું છું. ૨

શ્રીઠાકોરજીનાં ચરણારવિન્દમાં સતત જેનું ચિત્ત ચોટેલું છે. તેવા અને નિજસેવકો ઉપર અઢળક કૃપા વરસાવતા શ્રીહરિરાય મહાપ્રભુને પણ હું પ્રણામ કરું છું. ૩

તુલસીની કંઠીથી સદા શોભતા, મુખે જેને સદા પ્રભુનું નામ છે તેવા ભગવદીયોને પણ હું પ્રણામ કરું છું. ૪]

**सर्वसाधनराहित्यं फलाप्तौ यत्र साधनम् ।**
**फलं वा साधनं यत्र पुष्टिमार्गः स कथ्यते ॥ १ ॥**

જે માર્ગમાં લૌકિક તથા અલૌકિક સર્વે સાધનોનો અભાવ જ પૂર્ણ–આનંદસ્વરૂપ શ્રીકૃષ્ણચન્દ્રની પ્રાપ્તિમાં સાધનરૂપ છે, અર્થાત્ પ્રભુપ્રાપ્તિમાં દૈન્ય જ સાધન છે, તે જ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ છે.

[ અથવા ફલરૂપ શ્રીઠાકોરજી જ સાધન બની જાય છે, એટલે કે સ્વયં કૃપા કરી જીવના હૃદયમાં પધારે છે. ]

**વિવેચન : શંકા**—લૌકિક તથા વૈદિક સાધન કદાચ ન હોય, તથાપિ દૈન્ય પણ સાધન છે તેથી પ્રભુ નિઃસાધનતાથી મળે છે; અર્થાત્ નિઃસાધનતાનું ફળ ભગવાન છે એમ નહિ કહી શકાય.

**ઉત્તર**—જે ફલરૂપ ભગવાન તે ફલપ્રાપ્તિમાં સાધનરૂપ છે. અર્થાત્ સાધ્ય ભગવત્સ્વરૂપના લાભ પહેલાં ભગવાન

જ સાધન છે. પણ ભગવદ્-વ્યતિરિક્ત કોઈ બીજા પદાર્થના સાધનપણાનું ગ્રહણ કરવામાં આવતું નથી, તેથી એ શંકા રહી નહિ.

**શંકા**—પુષ્ ધાતુનો અર્થ જાડા થવું એવો છે ને એને તિ પ્રત્યય ભાવમાં થાય છે, તો "પુષ્ટિ" શબ્દનો અર્થ "પુષ્ટ થવુ" થશે. ત્યારે "પુષ્ટિમાર્ગ"નો અર્થ "જાડા થવાનો માર્ગ" થશે. પણ પુષ્ટિ-શબ્દથી ભગવદનુગ્રહજન્ય ભક્તિ કેમ કહો છો?

**ઉત્તર**—શ્રીમદ્ભાગવતમાં ભગવજ્જ્ઞાનાવતાર શ્રીમદ્-વ્યાસચરણે લ્યુટ્ પ્રત્યયાન્ત પુષ્ ધાતુનો અર્થ ભગવદનુગ્રહ કર્યો છે. "पोषणं तदनुग्रहः"। શ્રીમદ્ભગવદ્ગીતામાં પણ શ્રીકૃષ્ણચન્દ્ર શ્રીમુખથી જ આજ્ઞા કરે છે કે "तेषामेवानुकम्पार्थं"। એમાં જે અનુકંપા કહી છે તે જ પુષ્ટિ. અને ઉત્તર મીમાંસાના ત્રીજા અધ્યાયમાં પણ કહ્યું છે. "विशेषानुग्रहश्च" એ સૂત્રમાં સ્પષ્ટ રીતે ભગવદનુગ્રહનું જ અને ભગવત્કૃપાનું જ પ્રતિપાદન કરેલું છે અને એ જ સૂત્રના ભાષ્યના પ્રકાશમાં પણ શ્રીપુરુષોત્તમજીએ આજ્ઞા કરી છે કે આ અનુગ્રહ જ 'પુષ્ટિ' શબ્દ વડે કહેવાય છે. અર્થાત્ ભગવદનુગ્રહ તે જ પુષ્ટિ. અને શ્રુતિ પણ કહે છે: "नायमात्मा प्रवचनेन"। આ શ્રુતિથી જે જીવના ઉપર ભગવત્કૃપા થાય, ભગવદનુગ્રહ થાય, આ મારો દાસ છે એમ જીવનો ભગવાન અંગીકાર કરે, તે જ ભગવત્પ્રાપ્તિ કરી શકે છે. આ પ્રમાણે શ્રુતિ-ગીતા-સૂત્ર-શ્રીમદ્ભાગવતાદિનાં વાક્યોથી નિશ્ચય થાય છે કે "પુષ્ટિ"નો અર્થ "ખાવું પીવું ને પુષ્ટ થવું" એવો નથી, પણ

ભગવદનુગ્રહ, ભગવત્કૃપા જ છે. એ કૃપાયુક્ત જે ભક્તિ-માર્ગ તે પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે, માટે જ શ્રીમદ્-વૈશ્વાનરાચાર્યજીએ પણ ભાષ્યમાં આજ્ઞા કરી છે કે "कृतिसाध्यं साधनं ज्ञानभक्तिरूपं शास्त्रेण बोध्यते, ताभ्यां विहिताभ्यां मुक्तिर्मर्यादा. तद्रहितानामपि स्वस्वरूपबलेन स्वप्रापण पुष्टिरुच्यते । જીવને માટે શાસ્ત્ર જ્ઞાન અને ભક્તિરૂપ કૃતિથી સાધ્ય એ સાધનોનો ઉપદેશ કર્યો છે. એ વિહિત સાધન જ્ઞાન અને ભક્તિથી જે મુક્તિ તે મર્યાદા; એ સાધન વિના જ પોતાના સ્વરૂપબલ વડે મુક્તિ તે પુષ્ટિ." માટે પૂર્વોક્ત જે કહ્યું તે શંકારૂપી રોગ માટે સમર્થ થતું નથી. ૧

**अनुग्रहेणैव सिद्धिर्लौकिकी यत्र वैदिकी ।**
**न यत्नादन्यथा विघ्नः पुष्टिमार्गः स कथ्यते ॥ २ ॥**

જે માર્ગમાં લૌકિક (સ્મૃતિપુરાણોક્ત) સિદ્ધિ તથા વેદોક્ત સિદ્ધિ (બીજા કોઈ પણ સાધનની સહાયતા વિના) હરિની કૃપાથી જ થાય છે અને ઊલટું યત્ન કરવાથી વિઘ્ન જ પ્રાપ્ત થાય છે તે શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. પુષ્ટિમાર્ગમાં રહેનારની સર્વ સિદ્ધિઓ ભગવત્કૃપાધીન છે.

**વિવેચન : શંકા**—યત્ન કરવાથી જ વિઘ્નનો નાશ થવો જોઇયે અને અયત્નથી જ વિઘ્નપ્રાપ્તિ થવી જોઇયે, પરંતુ યત્નથી વિઘ્ન પ્રાપ્ત થાય છે એમ કેમ કહી શકાય?

**ઉત્તર**—ભગવદ્ભક્તિ સિવાયનો બીજો કોઈ પણ જાતનો યત્ન નહિ કરનાર, ફલરૂપ શ્રીપુરુષોત્તમને જ સાધન-રૂપ માનનાર અનન્યાશ્રયી ભક્તનાં સર્વ વિઘ્નો શ્રીહરિ જ

દૂર કરે છે, કારણ કે શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે "तेष्वास्ते ह्यघभिद्धरिः । એ ભક્તોના હૃદયમાં સર્વ પાપોનો નાશ કરનાર શ્રીહરિ બિરાજે છે." તો શ્રીહરિનું બિરાજવું જ્યાં હોય ત્યાં વિઘ્નસંભાવના જ કેમ હોઈ શકે? માટે અયત્નથી જ વિઘ્નનો નાશ થાય છે ને યત્નથી ઊલટું પ્રાપ્તિ છે એમ જ માનવું યોગ્ય છે. શ્રીકૃષ્ણ જ ગીતાજીમાં આજ્ઞા કરે છે કે "अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते । तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ કેવલ મારું જ (મદ્‌વ્યતિરિક્ત દેવની ભાવના છોડી) સ્મરણ કરનાર, મારા અનુગ્રહથી જેણે ભક્તિ મેળવેલી છે તેવા ભક્તો જે મારી જ સેવા કરે છે તેવા ભક્તોનું યોગ (આ લોકમાં સેવા માટે ધન ધાન્ય વસ્ત્ર ઇત્યાદિ) તથા ક્ષેમ (અત્યન્ત શ્રેયોરૂપ મોક્ષ) હું સાધી આપું છું." એ પ્રમાણે ગીતા-વાક્યથી મારા સિવાય બીજું કોઈ પણ સાધન ભક્તના ઇપ્સિતાર્થને સિદ્ધ કરી શકનાર નથી. તેમજ શ્રીમદ્‌આચાર્ય-ચરણે ભાષ્યમાં કહ્યું છે કે ભગવાન જીવનો અંગીકાર મર્યાદા અને પુષ્ટિ એમ બે ભેદ વડે કરે છે. જે માર્ગમાં યજ્ઞ—આદિ સાધનોનો ઉપદેશ કરવામાં આવે છે તે મર્યાદા-માર્ગ કહેવાય છે, પુષ્ટિમાર્ગમાં તો પ્રભુ સિવાય કોઈ પણ પદાર્થની અપેક્ષા જ નથી. બીજું, દેશ કાલ દ્રવ્ય કર્તા કર્મ મંત્ર એ છ પદાર્થ શુદ્ધ હોય ત્યારે જ યજ્ઞની સિદ્ધિ થાય છે. એ કર્મના ઉપભોગ માટે પુનર્જન્મ પ્રાપ્ત થાય છે, પણ અતિ સુખસાધ્ય હરિનું ભજન કરનારને નિર્વિઘ્ને પ્રભુપ્રાપ્તિ થાય છે. માટે કહ્યું છે કે "સદાનંદ

પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણને એક પણ નમસ્કાર કર્યો હોય તો એ નમસ્કાર નિર્વિઘ્ને પૂર્ણ થયેલા દસ અશ્વમેધની સમાન છે. દસ અશ્વમેધ કરનારને પુનર્જન્મ પ્રાપ્ત થાય છે, પણ કૃષ્ણ–પ્રણામીને પુનર્જન્મ પ્રાપ્ત થતો જ નથી." માટે જ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી 'નિબંધ'માં આજ્ઞા કરે છે કે "એવું જોયું પણ નથી તથા એવું સાંભળ્યું પણ નથી કે કૃષ્ણભક્તને પુનઃ સંસાર પ્રાપ્ત થયો હોય." માટે અનન્યાશ્રયી ભક્તોનાં વિઘ્ન શ્રીહરિ જ દૂર કરે છે. માટે પ્રભુભજન સિવાયનાં સાધન નહિ કરનારને વિઘ્નનો અભાવ જે માર્ગમાં છે તે જ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. ૨

यत्राङ्गीकरणे नैव योग्यतादिविचारणम् ।
अविलम्बः प्रभुकृतः पुष्टिमार्गः स कथ्यते ॥ ३ ॥

જે માર્ગમાં પ્રભુ જ્યારે ભક્તનું વરણ ( અંગીકાર ) કરે છે ત્યારે ભક્તોને વિશે યોગ્યતા છે કે નહિ એ વિશે વિચાર કરતા નથી અને વરણ કરવામાં વિલંબ કરતા નથી, તે જ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ છે. ૩

स्वरूपमात्रपरता तात्पर्यज्ञानपूर्वकम् ।
धर्मनिष्ठा यत्र नैव पुष्टिमार्गः स कथ्यते ॥४॥

જે માર્ગમાં શ્રુતિ સ્મૃતિ પુરાણ ઇતિહાસમાં પ્રતિપાદન કરેલા ધર્મોનું તાત્પર્ય ભગવાનમાં જાણીને ભગવત્સાક્ષાત્કારમાં અંતરાયભૂત ધર્મોનો ત્યાગ કરી કેવળ પ્રભુસ્વરૂપને વિશે જ એકતાન ચિત્તથી રહેવું, તે શુદ્ધ-પુષ્ટિમાર્ગ કહેવાય છે.

**વિવેચન :** શંકા—શાસ્ત્રો ધર્મનિષ્ઠાનો ઉપદેશ કરે છે, પણ ધર્મનિષ્ઠાનો ત્યાગ કરવો એવો ઉપદેશ કરતાં નથી. 'મનુસ્મૃતિ'માં કહ્યું છે કે જો આપણે ધર્મનું રક્ષણ કરિયે તો રક્ષણ કરાયેલો ધર્મ આપણું રક્ષણ કરે છે અને જો આપણે ધર્મને હણિયે તો એ હણાયેલો ધર્મ આપણને હણે છે. તેથી એમ સિદ્ધ થાય છે કે ધર્મનિષ્ઠામાં જ શ્રેય સમાયેલું છે. ત્યારે ધર્મનિષ્ઠા જે માર્ગમાં નથી તે પુષ્ટિમાર્ગ કહેવાતો હોય તો એ માર્ગ સશાસ્ત્ર કેમ કહેવાય?

ઉત્તર—ધર્મ પર વિશેષ ભાર મૂકવામાં આવે છે, પરન્તુ પુષ્ટિમાર્ગમાં તો તમામ ધર્મોનું તાત્પર્ય પ્રભુમાં જ જાણી મન વાણી અને દેહ વડે શ્રીકૃષ્ણચન્દ્રને જ સેવવા. શ્રીકૃષ્ણ ભગવાન ગીતામાં આજ્ઞા કરે છે કે "सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज। સર્વ ધર્મનો ત્યાગ કરીને (શરણમાર્ગમાં વિરોધી ધર્મનો ત્યાગ કરી) મારે જ શરણે આવ." એ સ્થળે ભક્તોનું ભગવાનને જ અધીનપણું સૂચવ્યું છે, પણ ધર્માધીનપણું કહ્યું નથી. વળી શ્રીભાગવતમાં પ્રભુ પોતે જ આજ્ઞા કરે છે કે એ ભક્તો મારા સિવાય કાંઈ પણ જાણતા નથી અને હું પણ એ ભક્તો સિવાય કાંઈ પણ જાણતો નથી.

વળી ગુણાતીત માર્ગમાં વિચરનારા ભક્તોનું કાલ–કર્મ–સ્વભાવાધીનપણું નથી. એ વિશે શ્રીવલ્લભપ્રભુ 'નિબંધ'માં આજ્ઞા કરે છે કે કૃષ્ણના અનુગ્રહરૂપ પુષ્ટિ કાલ–કર્મ–સ્વભાવનો પણ બાધ કરે છે; એટલે જે માર્ગમાં કાલ–

કર્મ-સ્વભાવનો પણ બાધ કરનાર ભગવદનુગ્રહ છે, ભગવત્કૃપા છે, તે જ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. તેથી નિર્ગુણ માર્ગમાં વિચરનાર ભક્તોની નિષ્ઠા હરિ સિવાય બીજા કોઈ પણ પદાર્થમાં હોતી નથી, તેથી ધર્મનિષ્ઠા ક્યાંથી હોઈ શકે?

[પ્રભુને સુખ કેમ થાય એવી ભાવના જ્યાં હોય તે શુદ્ધ પુષ્ટિમાર્ગ. પ્રભુથી મળતા પોતાના સુખનો વિચાર આવ્યો એટલે એ શુદ્ધ પુષ્ટિમાર્ગ ન રહ્યો. માટે શુદ્ધ પુષ્ટિમાર્ગમાં સતત સાવધાન રહેવું જોઇયે કે પોતાને સતત પ્રભુના જ સુખનો વિચાર રહે છે, પ્રભુથીયે મળતા પોતાના સુખનો નહિ. तात्पर्यज्ञान એટલે स्वरूपमात्रपरता; એટલે કે પ્રભુના સુખનો વિચાર, એનું અનુસંધાન. આ શુદ્ધ-પુષ્ટિમાર્ગીય જીવને સતત રહેવું જોઇયે. धर्मनिष्ठा એટલે પ્રભુથી પોતાને પ્રાપ્ત થતું સુખ તે તરફની લાલસા. આ શુદ્ધ-પુષ્ટિમાર્ગીય જીવને કદાપિ ન હોવી જોઇયે.] ૪

**यत्र प्रभुकृतौ नैव गुणदोषविचारणम् ।**
**तत्कृतावुत्तमत्वज्ञा पुष्टिमार्गः स कथ्यते ॥ ५ ॥**

જે માર્ગમાં પૂર્ણ પુરુષોત્તમની ચાલવું, રુદન કરવું, ભોજન કરવું તથા પાનાદિ ક્રિયા લૌકિકના સરખાં દેખાવાથી એ લીલામાં હીનબુદ્ધિ નથી, અને કાલીય-દમનાદિ તથા ગિરિરાજ-ધારણાદિ લીલામાં અન્ય લીલાથી ઉત્તમ બુદ્ધિ નથી, પરન્તુ પ્રભુકૃત સર્વ લીલાને ઉત્તમ જાણવામાં આવે છે, તે જ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે.

[ આપણને સુખદુઃખ જે થઈ રહ્યું છે તે બધું ભગવદિચ્છાથી જ થઈ રહ્યું છે, એ બધું ભગવત્કૃત છે, એ બધું સારું જ છે, એવી બુદ્ધિ જ્યાં સતત રહે તેનું નામ શુદ્ધ પુષ્ટિમાર્ગ. ] ૫

**न लोकवेदसापेक्ष्यं सर्वथा यत्र वर्तते ।**
**सापेक्षता स्वामिसुखे पुष्टिमार्गः स कथ्यते ॥ ६ ॥**

જે માર્ગમાં સ્વામીનું સુખ ઇચ્છનારા ભક્તોને સ્મૃતિ કે વેદ( કર્મકાંડ )ની અપેક્ષા નથી, જ્યારે ભગવાન જે ભક્ત પર અનુગ્રહ કરે છે તે ભક્તોની લોકમાં અને વેદમાં નિષ્ઠા રહેતી નથી, પણ કેવલ પ્રભુના સુખની જ અપેક્ષા છે, તે શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ છે. ૬

**वरणे दृश्यते यत्र हेतुर्नाणुरपि स्वतः ।**
**वरणं च निजेच्छातः पुष्टिमार्गः स कथ्यते ॥ ७ ॥**

જે માર્ગમાં પ્રભુ જે જીવોનો અંગીકાર કરે છે, વરણમાં તે જીવનાં સાધન જરા પણ કારણભૂત નથી, પણ પ્રભુ પોતાની ઇચ્છાથી જ જીવોનો પોતાના દાસપણાથી અંગીકાર કરે છે; એ બાબત 'नायमात्मा प्रवचनेन' આ શ્રુતિથી સ્પષ્ટ થાય છે, તે જ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. ૭

**यत्र स्वतन्त्रता भक्तेराविर्भावानपेक्षणात् ।**
**सर्वानुभवरूपत्वं पुष्टिमार्गः स कथ्यते ॥ ८ ॥**

જે માર્ગમાં વિપ્રયોગાવસ્થામાં પ્રભુપ્રાકટ્યની અપેક્ષા સિવાય સ્વરૂપાનન્દ ફલ આપવામાં ભગવદ્ગુણગાનાદિ

ભક્તિની સ્વતંત્રતા છે, સ્વરૂપાવિર્ભાવ સંબંધ રસની બિલકુલ અપેક્ષા જ નથી, પ્રેમથી કરાતાં શ્રવણ–કીર્તનાદિને જ સર્વ લીલાના સુખનો અનુભવ કરાવવાપણું છે, મર્યાદા કૃષ્ણાધીન છે ને પુષ્ટિ ભક્તિ સ્વતંત્ર છે. પુષ્ટિ શબ્દથી કોઈ સ્થલે ભગવદ્–અનુગ્રહ કહેવાય છે ને કોઈ સ્થલે અનુગ્રહજનિત ભક્તિ કહેવાય છે, તે શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ છે.

[ ભક્તિ બે પ્રકારની છે : સંયોગજન્ય અને વિયોગ-જન્ય ( અથવા વિરહજન્ય ). સંયોગજન્ય ભક્તિમાં પ્રકટ પ્રભુ સામે જોઇયે; એટલે એ ભક્તિમાં પરાધીનતા છે; એ ભક્તિ બંધનરૂપ છે; ભગવાન પણ બંધાઈ રહે અને ભક્ત પણ બંધાઈ રહે; જ્યારે વિરહજન્ય ભક્તિમાં પ્રકટ પ્રભુ સામે જ જોઇયે એવું કાંઈ નથી. આ રીતે એ ભક્તિ સ્વતંત્ર છે. એમાં ભક્ત પણ છૂટો અને ભગવાન પણ છૂટા; ઉપરાંત સંયોગજન્ય ભક્તિમાં તો જે લીલા થઈ રહી હોય તેનો જ અનુભવ થાય છે, જ્યારે વિરહજન્ય ભક્તિમાં બધી લીલાઓનો અનુભવ થાય છે. આવી વિરહભક્તિ જેમાં છે તે શુદ્ધ પુષ્ટિમાર્ગ. ] ૮

**लोकवेदभयाभावो यत्र भावातिरेकतः ।**
**सर्वबाधकतास्फूर्तिः पुष्टिमार्गः स कथ्यते ॥९॥**

જે માર્ગમાં પ્રભુને વિશે પ્રેમાધિક્ય થવાથી સ્ત્રી પુત્ર ઇત્યાદિ લૌકિકથી અને "यावज्जीवमग्निहोत्रं जुहुयात् —જીવિત પર્યન્ત અગ્નિહોત્ર હોમવુ" 'अहरहः संध्यामुपासीत—પ્રતિ-દિન સંધ્યા કરવી," ઇત્યાદિ વૈદિક કર્મથી પણ બિલકુલ ભય

રહેતો નથી, જ્યારે ભગવદ્ભાવ પ્રાપ્ત થાય છે ત્યારે કાલ–કર્મ–સ્વભાવ આદિનું બળ એની આગળ ચાલતું નથી, તે જ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. શ્રીમદ્ભાગવતમાં પણ કહ્યું છે કે "નારાયણ–પરાયણ ભગવદ્ભક્તો કોઈનાથી ડરતા નથી તથા સ્વર્ગ મોક્ષ અને નરકમાં પણ તુલ્ય દૃષ્ટિવાળા હોય છે."

[જે માર્ગમાં ભાવ એટલી બધી ઉત્કટ કોટિએ પહોંચે છે કે પછી લોક અને વેદની સહેજ પણ પરવા નથી રહેતી, એટલું જ નહિ, પરંતુ ભગવત્સમ્બન્ધરહિત વસ્તુ માત્ર દુઃખજનક થઈ પડે છે, તે માર્ગ તે શુદ્ર પુષ્ટિમાર્ગ.] ૯

**सम्बन्धः साधनं यत्र फलं सम्बन्ध एव हि ।**
**सोऽपि कृष्णेच्छया जातः पुष्टिमार्गः स कथ्यते ॥१०॥**

જે માર્ગમાં ભગવાનની સાથે દેહથી ઉત્પન્ન થયેલ સંબંધ તથા ભાવથી ઉત્પન્ન થયેલ સંબંધ તે હરિને વિશે સર્વ ઇન્દ્રિયના સંબંધાત્મક ફલને વિશે સાધન છે અને એ સંબંધ પણ પ્રભુની ઇચ્છાથી જ થાય છે, તે જ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે.

શ્રીમદ્ભાગવતમાં કહેલું છે કે "નેત્ર ઇન્દ્રિયવાળાઓને નેત્રનું ફલ તે જ છે કે જ્યાં ભગવદ્–દર્શન કરાય છે."

[જે માર્ગમાં, પ્રભુ સાથે સંબંધ કોઈ પણ કારણે થઈ ગયો, બસ એટલા માત્રથી પ્રભુ જીવને સ્વરૂપાનન્દનું સુખ આપે છે. જીવની એક પણ કૃતિ જોયા વગર આ પ્રકારનું સુખ આપે છે. અને જીવ પોતાને ભગવાન સાથે સંબંધ થયો એટલા માત્રથી પોતાને કૃતાર્થ માને છે, તેથી

અધિક ફલની ઇચ્છા એને રહેતી નથી. અને એ સંબંધ પણ ભગવદ્દિચ્છાએ કરી સહેજે થયો હોય, નહિ કે પોતાના સાધને કરી, તે માર્ગ તે શુદ્ધ પુષ્ટિમાર્ગ.] ૧૦

तत्सम्बन्धिषु तद्भावस्तद्भिन्नेषु विरोधिता ।
उदासीनेषु समता पुष्टिमार्गः स कथ्यते ॥ ११ ॥

જે માર્ગમાં ભગવાનને વિશે સંબંધવાળા વૈષ્ણવો પ્રતિ ભગવદ્બુદ્ધિ રાખવામાં આવે છે; શ્રીમદ્ભાગવતમાં પણ કહ્યું છે કે " उद्धवं पूजयांचक्रुर्ज्ञात्वात्मानमधोक्षजम् । ગોપિકાઓએ ઉદ્ધવનું સાક્ષાત્ ભગવત્સ્વરૂપ સમજીને પૂજન કર્યું હતું." તથા ભગવદ્-વિમુખોને વિશે વિરોધિતા રાખવી. શ્રીમદ્-ભાગવતમાં પણ કહ્યું છે કે " यस्तत्याजाग्रजं कृष्णे सापत्यमघवानिति —વિદુરજીએ કૃષ્ણને વિશે દોષબુદ્ધિવાળા હોવાથી પુત્રો સાથે પોતાના મોટા ભાઈ ધૃતરાષ્ટ્રનો ત્યાગ કર્યો." ભગવાનને વિશે ઉદાસીન બુદ્ધિ રાખનારને વિશે ઉદાસીન બુદ્ધિ રાખવી, તે જ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ.

[तत्सम्बन्धिषु तद्भावः — ભગવત્સંબંધી વસ્તુમાત્રમાં ભગવદ્બુદ્ધિ આ સિદ્ધાન્ત પુષ્ટિમાર્ગીય સેવાપ્રણાલીનો પ્રાણ છે. સ્વરૂપ ચિત્રજી વગેરેમાં ભગવદ્બુદ્ધિ શા માટે? સાક્ષાત્ ભગવત્સ્વરૂપ શ્રીગુરુદેવ, એઓશ્રી પુષ્ટ કરી આપે છે માટે. પ્રસાદી વસ્ત્ર, પવિત્રાં ઇત્યાદિ સેવા શા માટે? ભગવત્સંબંધી છે માટે. ગાદીજી પાદુકાજી વગેરેની સેવા પણ આ જ કારણે. અને શ્રદ્ધાપૂર્વક જે વૈષ્ણવોએ સેવા કરી છે તેમને તે તે પદાર્થમાં ભગવાને પ્રકટ અનુભવ કરાવ્યો છે, અત્યારે

પણ કરાવે છે, અને ભવિષ્યમાં જે કરશે તેમને પણ પરમ-
કૃપાળુ વલ્લભકુલને વશ એવા પ્રભુ અનુભવ કરાવશે જ. ] ૧૧

विद्यमानस्य देहादेर्न स्वीयत्वेन भावनम् ।
परोक्षेऽपि तदर्थित्वं पुष्टिमार्गः स कथ्यते ॥ १२ ॥

જે માર્ગમાં વિદ્યમાન દેહ ઇન્દ્રિય પ્રાણ અંતઃકરણ આદિનું મમતાથી રક્ષણ કરવામાં આવતું નથી, પરંતુ વિપ્રયોગ અવસ્થામાં પણ થનારા પ્રભુ–સંયોગનો વિચાર કરીને જ દેહાદિનું રક્ષણ કરવામાં આવે છે; એ વિશે શ્રીમદ્ભાગવતમાં ગોપીજનોએ કહેલું કે 'હે પ્રભો! આપને વિશે જેણે પ્રાણધારણ કરેલું છે તેવાં અમો આપને ખોળિયે છિયે," તે માર્ગ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે.

[ પુષ્ટિમાર્ગમાં પોતાનો દેહ, પોતાનું કુટુંબ અને પોતાનો લોકવ્યવહાર એ પોતાનાં છે એ ભાવથી નહિ, પરન્તુ એ ભગવાનનાં છે એ ભાવથી એ બધાં સાંચવવાનાં છે. ઉપરાંત પ્રભુ સાક્ષાત્ પ્રાપ્ત થયા નથી ત્યાંસુધી મનમાં એવા જ ભાવ જાગે કે ક્યારે પ્રભુ મળે અને ક્યારે આ બધું પ્રભુને સુખી કરવામાં સાધનભૂત બને. ] ૧૨

भजने यत्र सेव्यस्य नोपकारकृतिः क्वचित् ।
पोषणं भावमात्रस्य पुष्टिमार्गः स कथ्यते ॥ १३ ॥

જે માર્ગમાં સેવ્ય શ્રીકૃષ્ણની સેવામાં પ્રભુકૃત ઉપકારની અપેક્ષા રાખવામાં આવતી નથી, પણ શ્રીહરિ જ સેવકના હૃદયસ્થિત ભાવની વૃદ્ધિ કરે છે, તે શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે.

[ સેવા કરતી વેળા 'હું આટલું પ્રભુનું કરું છું' એવી બુદ્ધિ જરાયે જે માર્ગમાં નથી, ઊલટું, પ્રભુ મારો ભાવ નભાવી રહ્યા છે એવી જ ભાવના જે માર્ગમાં રહેતી હોય તે પુષ્ટિમાર્ગ. મર્યાદામાર્ગમાં, 'હું આટલું દેવનું કરું છું અને મેં જે એ દેવનું એટલું કર્યું તેનો બદલો એ દેવ મને આપે છે.' એ પ્રકારની ભાવના હોય છે. શુદ્ધ પુષ્ટિમાર્ગમાં આ પ્રકારની ભાવનાનો લવલેશ પણ નથી હોતો. પોતાનો હ્રદયમાં રહેલ ભાવ, તે વધારવાનું જો કોઈ એક સાધન હોય તો એ સેવા છે, એમ સમજી, 'એ સેવા સ્વીકારનાર પ્રભુ કૃપા કરી મારો ભાવ પોષી રહ્યા છે,' આ પ્રકારનો ભાવ જ્યાં રહે તે શુદ્ધ પુષ્ટિમાર્ગ. ] ૧૩

भजनस्यापवादो न क्रियते फलदानतः ।
प्रभुणा यत्र तद्भावात् पुष्टिमार्गः स कथ्यते ॥ १४ ॥

જે માર્ગમાં પ્રભુ ભજનનું ફલ આપતા હોવાથી ભજનનો નિષેધ કરતા નથી, કારણ કે ભક્તનો હરિને વિશે દૃઢ સ્નેહ હોય છે, તે જ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે.

[ ફલરૂપ જે દર્શનાદિ સંયોગનું સુખ તે આપી પ્રભુ ભજનમાં જ્યાં ભંગ નથી પાડતા, કારણ કે એ ભજનમાં જ આપનો અખંડ નિવાસ છે, તેનું નામ શુદ્ધ પુષ્ટિમાર્ગ. ચોર્યાસી બસોબાવનને પ્રભુ સાનુભાવ હતા અને અમને કેમ સાનુભવતા પ્રભુ નથી જતાવતા—આ પ્રમાણે પ્રશ્ન કરનારને શ્રીહરિરાયજીએ આ સુન્દર ઉત્તર આપેલ છે. ભગવાન ભાવસ્વરૂપ છે. સેવા કરતી વેળા હ્રદયમાં રહેલ ભાવ એ ભગવાનનું સ્વરૂપ છે. સંયોગસુખાનુભવમાં આ

ભાવસ્વરૂપ સહેજ તિરોહિત થાય છે, માટે જ પ્રભુ સંયોગાદિ સુખનું દાન નથી કરતા. ]

यत्र वा सुखसम्बन्धो वियोगे संगमादपि ।
सर्वलीलानुभवतः पुष्टिमार्गः स कथ्यते ॥ १५ ॥

જે માર્ગમાં ભગવદ્-વિપ્રયોગ-અવસ્થામાં ભગવલ્લીલાના સ્મરણ માત્રથી જ હૃદય વિશે સમગ્ર લીલાનો અનુભવ થવાથી સંયોગાવસ્થા કરતાં વધારે સુખ વિપ્રયોગાવસ્થામાં છે, કારણ કે સંયોગાવસ્થામાં અર્થાત્ પ્રભુના સાક્ષાત્કારની દશામાં પ્રભુ જે લીલા કરે છે તે જ લીલાનો અનુભવ ભક્તને થાય છે, પણ વિપ્રયોગ-અવસ્થામાં તો ભક્તનું ચિત્ત પ્રભુમાં જ તલ્લીન હોવાથી પ્રભુએ કરેલી તમામ લીલાનો અનુભવ થાય છે; તે જ શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે. ૧૫

फले च साधने चैव सर्वत्र विपरीतता ।
फलं भावः साधनं स पुष्टिमार्गः स कथ्यते ॥१६॥

જે માર્ગમાં સાધન અને ફલની વિપરીતતા છે તે જ શુદ્ધ પુષ્ટિમાર્ગ કહેવાય છે; જેમકે સાધનરૂપ ભાવને ફલપણું છે. વૃત્રાસુર પ્રત્યક્ષ રહેલા ભગવાનની પ્રભુ-વિષયક પ્રેમની જ પ્રાર્થના કરે છે:

"अहं हरे तव पादैकमूलदासानुदासो भवितास्मि भूयः ।
मनः स्मरेतासुपते गुणांस्ते गृणीत वाक् कर्म करोतु कायः ॥

હે ભક્તના દુ:ખને હરણ કરનાર, હે પ્રભુ, હું ફરી પણ આપના ચરણારવિંદના દાસનો દાસ થાઉં. મારું મન આપના ગુણોનું સ્મરણ કરે, મારી વાણી આપના

ગુણોનું ગૃણન કરે, મારી કાયા આપની સેવા કરે." પરમ પુરુષાર્થરૂપ, પરમ ફલરૂપ શ્રીહરિનો સાક્ષાત્કાર થયા બાદ ભગવદ્-વિષયક પ્રેમની યાચના કરવાથી પ્રભુપ્રેમપ્રાપ્તિના સાધનરૂપ ભગવાન થયા, ત્યારે સાધન અને ફલનું વિપરીત-પણું સ્પષ્ટ થાય છે. ૧૬

पश्चात्तापः सदा यत्र तत्सम्बन्धिकृतावपि ।
दैन्योद्बोधाय सततं पुष्टिमार्गः स कथ्यते ॥ १७ ॥

જે માર્ગમાં હંમેશાં ભગવલ્લીલાનો અનુભવ થતો હોય, છતાં નિરંતર દૈન્ય જાગ્રત રહે છે અને અભિમાનનો સંપર્ક ન થાય એટલા માટે અન્ય લીલાનો અનુભવ ન હોવાથી તાપ રહે છે, તે શુદ્ધ પુષ્ટિમાર્ગ કહેવાય છે.

[ સતત પ્રભુની સેવા કરે, સતત પ્રભુનું સુખ વિચારે, છતાંયે મનમાં એમ જ રહે કે મારાથી પ્રભુની સેવા કાંઈ બનતી જ નથી, હું પ્રભુને પરિશ્રમ જ આપી રહ્યો છું, અને આ રીતે દિનપ્રતિદિન દીનતા વધતી ચાલે, એનું નામ પુષ્ટિમાર્ગ. ] ૧૭

आविर्भावे न सापेक्षं दैन्यं यत्र हि साधनम् ।
फलं वियोगजं दैन्यं पुष्टिमार्गः स कथ्यते ॥ १८ ॥

જે માર્ગમાં બીજા કોઈ પણ સાધનની અપેક્ષા સિવાય જીવને દૈન્ય પ્રકટ થાય છે, તે પ્રભુના આવિર્ભાવનું કારણ છે, એ દૈન્ય સાધન છે. ભગવદાવિર્ભાવ થયા બાદ વિયોગથી જે દૈન્ય થાય છે તે ફલરૂપ છે, તે જ શુદ્ધ પુષ્ટિ-ભક્તિમાર્ગ કહેવાય છે. તાત્પર્ય કે પ્રભુ-પ્રાકટ્ય પહેલાં જે

દૈન્ય છે તે દૈન્ય સાધન છે અને પ્રભુના પ્રાકટ્ય પછી જે દૈન્ય છે તે ફલરૂપ છે.

[ પુષ્ટિમાર્ગીય દૈન્યનું સ્વરૂપ જ વિલક્ષણ છે; મારી એવી શી યોગ્યતા છે કે પ્રભુ મને મળે–આ પ્રમાણે ભાવ રહે અને પ્રભુ પોતાને મળે એવી મનમાં ઇચ્છાયે ન રાખે; ઊલટું મનમાં એમ વિચારે કે પ્રભુ કૃપા કરી પધારશે તો પ્રભુને પરિશ્રમ જ પડશે, કારણ કે મારાથી પ્રભુને સુખ થાય એવું કાંઈ પણ બને એમ નથી. આવા દીનભાવથી સન્તુષ્ટ થઈ પ્રભુ દર્શન આપે એ પુષ્ટિમાર્ગ. ] ૧૮

**समस्तविषयत्यागः सर्वभावेन यत्र वै ।**
**समर्पणं च देहादेः पुष्टिमार्गः स कथ्यते ॥ १९ ॥**

જે માર્ગમાં સર્વભાવે સકલ લૌકિક વિષયોનો ત્યાગ, પ્રભુને સર્વભાવે દેહાદિકનું સમર્પણ રહેલાં છે, તે જ શુદ્ધ પુષ્ટિમાર્ગ કહેવાય છે.

**શંકા** — શ્રીમદ્‌વલ્લભાચાર્યજી 'સંન્યાસનિર્ણય' નામના ગ્રંથમાં આજ્ઞા કરે છે: "कौण्डिन्यो गोपिकाः प्रोक्ता गुरवः साधनं च तत्—ગોપિકાઓ પુષ્ટિમાર્ગનાં ગુરુ છે અને એમણે જે કર્યું તે સાધન." અને એ તો કામી હતાં ત્યારે સમસ્ત વિષયોનો ત્યાગ આ માર્ગમાં ઇષ્ટ છે એમ તમે કેમ કહો છો?

**ઉત્તર**—ગોપીજનો કામી હતાં કે નહિ એનો નિશ્ચય એ ગોપીજનોનાં શ્રીમુખનાં વચનોથી કરવો યોગ્ય છે. શ્રીમદ્‌ભાગવતમાં શ્રીગોપીજનો શ્રીમુખથી સ્પષ્ટ જ આજ્ઞા કરે છે :

"मैवं विभोऽर्हति भवान् गदितुं नृशंसं
संत्यज्य सर्वविषयांस्तव पादमूलम् ।
भक्ता, भजस्व दुरवग्रह मा त्यजास्मान्
देवो यथादिपुरुषो भजते मुमुक्षून् ॥

હે વિભો! હે સમર્થ। સર્વ એકાદશ ઇન્દ્રિયોના વિષયોનો સારી રીતે એટલે ફરીથી ઉદય ન થવા પામે તેવી રીતે ત્યાગ કરી અમોએ આપનું ચરણારવિંદ પ્રાપ્ત કર્યું છે, માટે આવાં નિર્દય વચન બોલવાં યોગ્ય નથી."

આ વાક્યમાં વિષયલેશ પણ દેખાતો નથી. બીજે સ્થળે પણ ગોપીજનોએ કહ્યું છે:

"आहुश्च ते नलिननाभ पदारविन्दं
योगेश्वरैर्हृदि विचिन्त्यमगाधबोधैः ।
संसारकूपपतितोत्तरणावलम्बं
गेहंजुषामपि मनस्युदियात्सदा नः ॥

હે કમલનાભ! યોગીશ્વરોએ હૃદયને વિશે ચિંતન કરવા લાયક, સંસારરૂપી કૂવામાં પડેલા જીવોએ બહાર નીકળવા માટે ટેકારૂપ આપનું ચરણારવિંદ ગૃહને સેવન કરતાં એવા પણ અમારા મનમાં સદા ઉદય પામે." આ જગ્યાએ બિલકુલ કામની યાચના નથી, પણ કામનાશક ભગવચ્ચરણની માગણી છે.

તેમજ આવી શંકા કરતાં પહેલાં શ્રીમદ્ભાગવત દશમ સ્કંધનો ૩૩ મો અધ્યાય જોવો કે ભક્તશિરોમણિ શ્રીશુકદેવજી શી આજ્ઞા કરે છે. શ્રીશુકદેવજી કહે છે:

"विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः
श्रद्धान्वितोऽनुशृणुयादथ वर्णयेद्यः ।
भक्तिं परां भगवति प्रतिलभ्य कामं
हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥

શ્રીકૃષ્ણચંદ્રની ગોપિકા સાથે કરેલી લીલાનું જે શ્રદ્ધાપૂર્વક શ્રવણુ કરે કિંવા ગાન કરે તે પ્રભુને વિશે પરા ભક્તિને પ્રાપ્ત કરીને હૃદયના રોગરૂપી કામનો જલદી નાશ કરશે." જો શુકદેવજી ગોપિકાઓને કામી માનતા હોત તો રાસપંચાધ્યાયીના શ્રવણુ-કીર્ત્તનથી કામની નિવૃત્તિ અને ઉત્તમોત્તમ પરા ભક્તિની પ્રાપ્તિ કેમ માનત? શ્રીમદ્‌ભગવદ્-ગીતામાં પણુ શ્રીકૃષ્ણુચન્દ્ર અર્જુનને સ્પષ્ટ આજ્ઞા કરે છે:

"तस्मात्त्वमिन्द्रियाण्यादौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥

હે ભરતકુલોત્તમ અર્જુન! આટલા હેતુ માટે ઇન્દ્રિયોને પ્રથમ નિયમમાં લાવીને સર્વ પાપના મૂલભૂત કામને તું અવશ્ય હણ." આ હેતુ માટે શ્રીવલ્લભાચાર્યજી શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે "विषयाविष्टचित्तानां विष्ण्वावेशः सुदूरतः—જે જીવોનું ચિત્ત વિષયાવિષ્ટ છે, તેનાથી પરાત્પર પુરુષોત્તમ—સર્વવ્યાપનશીલ શ્રીહરિનો આવેશ સર્વથા દૂર જ છે."

બીજે સ્થળે શ્રીસુબોધિનીજીમાં સ્પષ્ટ કહ્યું છે:

"कामादीनामशिथिलत्वे भक्तिर्नोत्पत्स्यत इति— "જ્યાંસુધી કામાદિ દોષો શિથિલ થતા નથી ત્યાંસુધી ભક્તિ ઉત્પન્ન થતી જ નથી."

આ સર્વ નિગૂઢ આશય ધ્યાનમાં લઈ શ્રીહરિરાયજી પણ 'કામાખ્યદોષવિવરણ'માં આજ્ઞા કરે છે:

"दोषेषु प्रथमः कामो विविच्य विनिरूप्यते ।
यस्मिन्नुत्पद्यते तस्य नाशकः सर्वथा मतः ॥१॥
विषयावेशहेतुत्वाद् विक्षेपोत्पत्तिकारणम् ।
रजोगुणसमुत्पन्नो रजःप्रक्षेपको मुखे ॥ २ ॥

સર્વ દોષોમાં કામ પ્રથમ છે. એ કામ જે જીવમાં ઉત્પન્ન થાય છે તે જીવનો એ સર્વથા નાશ કરે છે, વિષયાવેશનું કારણ જ પ્રકટ થાય છે, એના મુખમાં ધૂળ જ નખાવે છે."

તેમજ 'સંન્યાસનિર્ણય'માં આચાર્યશ્રી આજ્ઞા કરે છે:

"विषयाक्रान्तदेहानां नावेशः सर्वथा हरेः ।

જે જીવોના દેહ વિષયાક્રાંત થયેલા હોય છે તે જીવોના દેહોમાં કદાપિ પણ શ્રીહરિનો આવેશ થતો નથી." તો જેની આગળ શ્રીહરિ પરાત્પર પુરુષોત્તમ સ્વરૂપ શ્રીકૃષ્ણચન્દ્ર સાક્ષાત્–પ્રત્યક્ષ લીલા કરે છે, રમણ કરે છે, તેઓમાં કામસંભાવના કહેવી એનાથી નિર્લજ્જત્વ અન્ય શું હોઈ શકે? એ ગોપીજનો માટે બ્રહ્માજી પોતે જ આજ્ઞા કરે છે:

"न स्त्रियो व्रजसुन्दर्यः पुत्र ताः श्रुतयः किल ।
नाहं शिवश्च शेषश्च श्रीश्च ताभिः समाः क्वचित् ॥१॥
षष्टिवर्षसहस्राणि मया तप्तं तपः पुरा ।
तथापि न मया प्राप्तास्तासां वै पादरेणवः ॥२॥

હે પુત્ર, નારદ! વ્રજસુંદરીઓ–ગોપિકાઓ તે

સ્ત્રીઓ નથી, પણ એ શ્રુતિઓ છે. અને હું તથા મહાદેવજી તથા શેષજી તથા લક્ષ્મીજી કોઈ પણ વખત એઓની બરોબર નથી. મેં પૂર્વે સાઠ હજાર વર્ષ સુધી તપ કર્યું હતું, પરન્તુ એ ગોપિકાઓની ચરણરજ મને મળી ન હતી." અને ઉદ્ધવજી પણ એ ગોપિકાઓને માટે આવી રીતે કહે છે:

"वन्दे नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशः ।
यासां हरिकथोद्गीतं पुनाति भुवनत्रयम् ॥

એ વ્રજસ્ત્રીઓના ચરણની રજને હું વારંવાર નમન કરું છું કે જે વ્રજવનિતાઓનું હરિકીર્તન ત્રણે ભુવનને પવિત્ર કરે છે."

તેમજ શ્રીકૃષ્ણ પોતે ગોપિકાઓ માટે આજ્ઞા કરે છે:

"ता नाविदन्मय्यनुसंगबद्धधियः स्वमात्मानमदस्तथेदम् ।
यथा समाधौ मुनयोऽब्धितोये नद्यः प्रविष्टा इव नामरूपे ॥

જેમ સમુદ્રમાં પ્રવેશ કરતી નદીઓ પોતાનાં નામ રૂપને જાણતી નથી અને જેમ સમાધિમાં મુનિઓ પોતાનાં નામને તથા રૂપને જાણતા નથી તેવી જ રીતે પ્રેમ વડે કરીને મારામાં જેની બુદ્ધિ બંધાયેલી છે તેવી એ ગોપિકાઓ મારા સિવાય બીજું કાંઈ પણ જાણતી જ નથી." તો આવાં પરમ પવિત્ર પ્રેમાત્મિકા ભક્તિની પરાકાષ્ઠા પ્રાપ્ત કરનાર ગોપીજનોમાં કામનો લેશ પણ કહેવો એ મહાન અયોગ્ય છે. માટે પુષ્ટિમાર્ગમાં સમસ્ત વિષયનો ત્યાગ કહ્યો એ યોગ્ય જ છે. ૧૯

**विषयत्वेन तत्त्यागः स्वस्मिन्विषयता स्मृतेः ।**
**यत्र वै सर्वभावेन पुष्टिमार्गः स कथ्यते ॥ २० ॥**

જે માર્ગમાં વિષયોનો વિષયપણા વડે કરીને સર્વ ભાવેથી ત્યાગ કરવામાં આવે છે, મમતાપૂર્વક વિષય-સેવન કરવાથી તો બંધ પ્રાપ્ત થાય. પ્રપંચ મધ્યપાતી તમામ પદાર્થ બ્રહ્મરૂપ છે એ વિશે શ્રુતિ આજ્ઞા કરે છે:

स ह एतावानास ।
यतो वा इमानि भूतानि जायन्ते ।

વગેરે શ્રુતિઓ તથા ''तत्तु समन्वयात्'' ''जन्माद्यस्य यतः शास्त्रयोनित्वात्'' વગેરે બ્રહ્મસૂત્રોથી પણ પ્રપંચનું અભિન્ન-નિમિત્તોપાદાન કારણ બ્રહ્મ હોવાથી, પ્રપંચ ભગવદ્રૂપ હોવાથી પ્રપંચવર્તી પદાર્થોનો ત્યાગ થઈ શકતો નથી.

एकाकी न रमते । स द्वितीयमैच्छत् ।
एकोऽहं बहु स्याम् ।
क्रीडार्थमात्मन इदं त्रिजगत्कृतं ते
स्वाम्यं तु तत्र कुधियोऽपर ईश कुर्युः ।
क्रीडाभाण्डमिदं जगत् ।

'એકથી ક્રીડા થઈ શકે નહિ, તેથી એ પ્રભુએ બીજાની ઇચ્છા કરી.' 'એક હું બહુ થાઉં,' વળી 'આત્માની એટલે પરાત્પર પુરુષોત્તમની ક્રીડા માટે આ જગત કરેલું છે, તે જગતને જે મમતાસ્પદ ગણે છે તે પુરુષો દુષ્ટ બુદ્ધિવાળા છે.' તથા વળી બીજી જગ્યાએ કહેલું છે કે 'આ જગત પ્રભુની ક્રીડા માટે છે.' વગેરે શ્રુતિ-સ્મૃતિથી સિદ્ધ થાય છે કે હરિ પોતે પ્રપંચરૂપ થઈ પોતે ક્રીડા કરે છે. અને શ્રીવલ્લભાચાર્યજી 'નિબંધ'માં આજ્ઞા કરે છે કે रूपनामविभेदेन जगत्क्रीडति यो यतः અને વળી प्रपञ्चो भगवत्कार्य-स्तद्रूपो माययाभवत्—''રૂપ નામના ભેદ વડે કરીને જે જગતરૂપે

થયેલ છે, અને રૂપનામના ભેદ વડે જે ક્રીડા કરે છે." તથા બીજે સ્થળે કહેલ છે, "પ્રપંચ ભગવત્કાર્ય છે, અને પ્રભુ એ પ્રપંચરૂપે પોતાની શક્તિ વડે થયેલ છે." વાસ્તે પ્રાપંચિક પદાર્થનું ભગવદીયત્વે કરીને ગ્રહણ કરવું, કારણ કે મન વડે ભગવદ્ભાવથી ભાવના કરાયેલા પદાર્થો ઉત્તમ છે. इन्द्रियेभ्यः परा ह्यर्थाः આ શ્રુતિથી ભગવદ્ભાવ-ભાવિત પદાર્થોનું ઉત્તમપણું સ્પષ્ટ કહેલું છે. એટલા માટે ભગવદનુગ્રહ-યુક્ત વૈષ્ણવોની નેત્ર વાણી વગેરે ઇન્દ્રિયો ભગવત્સંબંધી વિષયોનું જ સેવન કરે છે. એ બાબત અંબરીષના ચરિત્રથી સ્પષ્ટ જણાશે :

"स वै मनः कृष्णपदारविन्दयोर्वचांसि वैकुण्ठगुणानुवर्णने ।
करौ हरेर्मन्दिरमार्जनादिषु श्रुतिं चकाराच्युतसत्कथोदये ॥ १ ॥
मुकुन्दलिङ्गालयदर्शने दृशौ तद्भृत्यगात्रस्पर्शेऽङ्गसंगमम् ।
घ्राणं च तत्पादसरोजसौरभे श्रीमत्तुलस्यां रसनां तदर्पिते ॥२॥
पादौ हरेः क्षेत्रपदानुसर्पणे शिरो हृषीकेशपदाभिवन्दने ॥

(ભાગ. ૯, અ. ૪)

પરમ ભક્ત રાજા અંબરીષજીએ પોતાના મનને શ્રીકૃષ્ણચન્દ્રના પદારવિંદમાં જ રાખેલું હતું; વાણીનો વૈકુંઠ ભગવાનના ગુણગાનમાં જ વિનિયોગ કરેલો હતો; હાથનો પ્રભુના મંદિરની માર્જન વગેરે ક્રિયામાં વિનિયોગ કરેલો હતો; નેત્રોનો પ્રભુસ્વરૂપના દર્શનમાં વિનિયોગ કરેલો હતો; પ્રભુભક્તોનાં ગાત્રનો સ્પર્શ થવામાં પોતાનાં અંગનો વિનિયોગ કરેલો હતો; નાસિકાનો પ્રભુ-ચરણારવિંદની સુવાસમાં વિનિયોગ કરેલો હતો; ચરણનો ભગવન્મંદિર જવામાં વિનિયોગ

કરેલો હતો; મસ્તકનો હૃષીકેશના ચરણારવિંદનું વંદન કરવામાં વિનિયોગ કરેલો હતો.”

પરંતુ જીવને બંધનરૂપ પદાર્થમાં રહેલી એવી અહંતા મમતાનો જ ત્યાગ કરવો એ જ ઉચિત છે, કારણ एकस्यैव ममांशस्य એ વચનાનુસાર મારા અંશરૂપ જીવને અવિદ્યાથી બંધન છે. એ અવિદ્યા સંસારરૂપ છે તેનો જ્ઞાનથી નાશ થઈ શકે છે, માટે ત્યાગ માત્ર અહંતા મમતાનો જ થઈ શકે છે.

જે માર્ગમાં ભગવત્સ્મૃતિનો વિષય જીવ થાય છે તે શુદ્ધ પુષ્ટિભક્તિમાર્ગ કહેવાય છે.

[ સ્વસુખમાં સાધનભૂત જે હોય તે વિષય. પ્રભુ સ્વસુખમાં સાધનભૂત છે એ ભાવથી પ્રભુને પુષ્ટિમાર્ગમાં ભજવાના નથી, ઊલટું, પોતે પ્રભુના સુખમાં સાધનભૂત છે એમ ચાહ રાખવાનું છે. આ પ્રમાણે પણ આ શ્લોકનો અર્થ થાય છે. ] ૨૦

एवंविधैर्विशेषेण प्रकारैस्तु सदाश्रितैः ।
हृदि कृत्वा निजाचार्यान् पुष्टिमार्गो हि बुध्यताम् ॥२१॥

સર્વદા હરિના ચરણકમલ–મકરંદનો જ આશ્રય કરનાર ભક્તોએ હૃદયાન્ધકાર નાશ કરવામાં નિપુણ શ્રીઅગ્નિસ્વરૂપ શ્રીવલ્લભપ્રભુને હૃદયમાં રાખીને આવા પ્રકારોએ વિશેષ રીતે પુષ્ટિમાર્ગને જાણવો.

અર્થાત્ પુષ્ટિમાર્ગ વિશેષ રીતે જાણવા ઇચ્છા હોય તો આચાર્યશ્રીના ભાષ્ય સુબોધિન્યાદિ ગ્રંથો સમજવા. ૨૧

[જેની દેવમાં ઉત્તમ ભક્તિ છે અને જેની દેવમાં ભક્તિ છે તેવી જ ગુરુમાં પણ દૃઢ ભક્તિ છે, તેવા મહાત્માને આ કહેવાયેલા અર્થો પ્રકાશ કરે છે. ૧

પોતાના બાલકના ચપલ આલાપ સાંભળવામાં ઉત્કંઠાવાળા, માયાવાદરૂપી અંધકારનો નાશ કરનાર શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણ મારા પર કૃપા કરો. ૨

શ્રીમદ્વલ્લભાચાર્યના કૃપાબલથી હું કોઈનાથી પણ રોકી શકાયો નથી. તેથી મારા હૃદયમાં જે સ્ફુર્યું છે તેનો પ્રકાશ ભયત્યાગ કરી મેં કર્યો છે. ૩]

## १५. ब्रह्मसम्बन्धवाक्यकठिनांशविवेचनम् ॥

अथ स्ववल्लभाचार्यचरणाम्बुजचिन्तनात् ।
किञ्चिन्निरूप्यते स्वीयतुष्टये भावपुष्टये ॥ १ ॥

હવે આપણા શ્રીવલ્લભાચાર્યજીનાં ચરણકમલનું ચિંતન કરીને સ્વકીય ભક્તોને સન્તોષ આપવા અને ભાવનું પોષણ કરવા કાંઈક કહેવામાં આવે છે. ૧

अनुग्रहः पुष्टिमार्गः स्वीकृतिः सा हरेः पुनः ।
सर्वेश्वरस्वीकृतौ हि दैन्यमेवास्ति कारणम् ॥२॥

પુષ્ટિમાર્ગ એટલે પ્રભુની કૃપા; અને પ્રભુની કૃપા એ કે પ્રભુ આપણો અંગીકાર કરે. અને પ્રભુ ત્યારે અંગીકાર કરે કે જ્યારે ખરી દીનતા (હૃદયમાં) જાગે. ૨

सर्वथा साधनाभावे दैन्यभावो भवेदिति ।
निःसाधनत्वसिद्ध्यर्थं सर्ववस्तुसमर्पणम् ॥ ३ ॥

દરેક રીતે અન્ય સાધનો ન જ હોવાને કારણે દીનતા થાય, એ ખાતર ભક્તને નિઃસાધનપણું પ્રાપ્ત થાય, એ માટે પ્રભુને સર્વ વસ્તુઓ અર્પી દેવી. ૩

सर्वत्र ममताभावे साधनस्फूर्तिनाशनम् ।
ततो दैन्यैकसाध्यं यत्फलं सर्वविलक्षणम् ॥ ४ ॥
'तापक्लेशानन्द' इति तत्स्वरूपं निरूप्यते ॥ ४½ ॥

બધા જ પદાર્થોમાંથી મમતા ટળી જતાં 'સાધનો કાંઈ હશે' એવી મતિ જ રહેતી નથી, એને લીધે જ મૂળ મંત્રમાં 'તાપક્લેશ ઉત્પન્ન થાય છે' એવા પ્રકારનું સર્વથી વિલક્ષણ જે ફલ કે જે એક દીનતાથી જ સિદ્ધ થઈ શકે છે, તેવું એનું સ્વરૂપ અહીં નિરૂપવામાં આવે છે.

[ ટૂંકમાં, તાપ અને ક્લેશમાં સુખ માનવું એ પુષ્ટિમાર્ગમાં ફલ છે. ] ૪½

कामसर्वात्मभावौ हि भगवत्प्राप्तिसाधनम् ॥ ५ ॥
कामः सापेक्षतारूप उत्तरस्तदभाववान् ।
विरहस्थायिभावत्वात्तापात्मा स निगद्यते ॥६॥

કામ અને સર્વાત્મભાવ એ બન્ને પ્રભુપ્રાપ્તિમાં સાધનરૂપ છે. કામને કોઈ અન્યની અપેક્ષા—જરૂર રહે છે, જ્યારે સર્વાત્મભાવને કશાની જરૂર નથી, એ નિરપેક્ષ છે. એ સર્વાત્મભાવ વિરહનો સ્થાયી ભાવ છે, તેથી એને તાપાત્મક કહ્યો છે. ૬

सम्बन्धस्यापि नापेक्षा, तापेनैवाखिलोदयः ।
विलक्षणस्तत्क्लेशोऽपि कामजातात्तथापरः ॥७॥

આ સર્વાત્મભાવને કોઈના સમ્બન્ધની પણ જરૂર નથી; તાપથી જ બધી વસ્તુઓની સિદ્ધિ થાય છે. કામને લીધે જે ક્લેશ ઉત્પન્ન થાય છે તેના કરતાં આ બીજો સર્વાત્મભાવને લઈ થનારો ક્લેશ જુદા જ પ્રકારનો છે. ૭

कामजातस्तु यः क्लेशः स शाम्येत्स्पर्शनादिभिः ।
सर्वात्मभावसम्भूतस्तैर्भवेद् द्विगुणस्तथा ॥८॥

કામથી ઉત્પન્ન થનારો જે ક્લેશ છે તે ઇષ્ટ વસ્તુના. સ્પર્શ વગેરેથી શાન્ત થાય છે, જ્યારે આ સર્વાત્મભાવથી ઉત્પન્ન થનારો ક્લેશ સ્પર્શ વગેરેથી બમણો થઈ જાય છે. ૮

विरहे भावनास्पर्शः क्लेशवृद्धिकरो यतः ।
लीलोदये तापभावाद् द्विगुणः सोऽनुभूयते ॥९॥

વિરહમાં હું પ્રભુને સ્પર્શ કરું છું એવો વિચાર આવવો એ પણ ક્લેશને વધારનારો થઈ પડે છે; અને જ્યારે પ્રભુની લીલાઓનો અનુભવ થવા મંડે છે ત્યારે તાપ તો રહેલો જ છે, તેથી ક્લેશ બમણો અનુભવાય છે. ૯

अतो विलक्षणक्लेशादानन्दोऽपि तथाविधः ।
कामार्तितः परं कृष्णसायुज्यं नित्ययोगयुक् ॥१०॥
पुरुषोत्तमसम्बन्धो ह्यन्तर्गृहगतास्विव ॥१०½॥

એથી જ• આ જુદી જ જાતના ક્લેશથી જે આનન્દ. ઉત્પન્ન થવાનો તે પણ જુદી જ જાતનો હોય છે. કામથી ઉત્પન્ન થયેલા ક્લેશથી પ્રભુનું સાયુજ્ય થાય છે, એટલે કે

જે પ્રમાણે વેણુનાદ થતાં પતિપુત્રાદિકના વિઘ્નથી જે ગોપાંગનાઓ ઘર બહાર ન નીકળી શકી અને દેહત્યાગ કર્યો, તે ગોપાંગનાઓને નિત્યસાયુજ્યાત્મક પ્રભુસંબંધ થયો, તેવા પ્રકારનો નિત્યસાયુજ્યાત્મક પ્રભુસંબંધ થાય. ૧૦½

सर्वात्मभावक्लेशे न संयोगेन कृतार्थता ॥११॥
क्लेश एव हि संयोगाधिकानन्दानुभूतितः ॥११½॥

જ્યારે સર્વાત્મભાવને કારણે ક્લેશ જાગે છે ત્યારે સંયોગથી ક્લેશનિવૃત્તિ-રૂપ કાર્ય પતી નથી જતું, કારણ કે એ દશામાં સંયોગ કરતાં વિરહક્લેશમાં વિશેષ આનંદનો અનુભવ છે. [ આમ આ દશામાં સંયોગ અપેક્ષિત આનંદ આપી શકતો ન હોવાથી એ તરફ વૃત્તિ જ નથી રહેતી. આ વાત અનુભવથી જ જાણી શકાય છે. " કોઈ અનુભવી જાણે રે, કહેતાં ન આવે બની." ] ૧૧½

यथा प्राकृतदेहेषु नियता कामसंस्थितिः ॥१२॥
तथाऽलौकिकदेहेषु सर्वभावप्रतिष्ठितिः ।
अत एव निरूप्यन्ते निष्कामास्ते व्रजस्थिताः ॥१३॥

જે પ્રમાણે લૌકિક સ્ત્રીપુરુષોમાં કામ (ઇન્દ્રિયોના વિષયો)ની સ્થિતિ અવશ્ય હોય છે તે જ પ્રમાણે લોકાતીત દેહધારીઓમાં સર્વાત્મભાવથી સ્થિતિ રહેલી છે, માટે જ વ્રજભક્તોને નિષ્કામ, એટલે કે કામ-રહિત વર્ણવવામાં આવ્યાં છે. ૧૩

तादृशैर्भगवल्लीला सर्वथैव हि युज्यते ।
तस्मादेव हि सम्पन्नः सर्वोऽप्यर्थो विचारणे ॥१४॥

અને ભગવાન આવા નિષ્કામ જીવો સાથે જ રમણ કરે છે. અને (આ તાપકલેશાનન્દના સ્વરૂપની) ચર્ચામાં જે કાંઈ સ્ફુર્યું છે તે એ તાપકલેશસ્વરૂપ ભગવાન(ની કૃપા)થી જ સ્ફુર્યું છે. ૧૪

कामाद्विलक्षणः सर्वभावस्तत्क्लेशभेदतः ।
संयोगविप्रयोगाभ्यां तदानन्दोऽपि भिद्यते ॥१५॥

અન્નેથી ઉત્પન્ન થનારા કલેશના તફાવતને લીધે સમજી શકાશે કે સર્વાત્મભાવ કામથી તદ્દન જુદા પ્રકારનો જ છે. એ જ રીતે કામ એ સંયોગાત્મક છે અને સર્વાત્મભાવ વિપ્રયોગાત્મક છે, તેથી સર્વાત્મભાવના પરિણામે થનારો આનંદ પણ જુદા જ પ્રકારનો છે. ૧૫

एतदेवोक्तमाचार्यैः फलं सर्वसमर्पणे ।
'तापक्लेशानन्द'रूपं तदर्थोऽयं विवेचितः ॥१६॥

સર્વસમર્પણ કર્યાથી આ તાપકલેશાનન્દરૂપ ફલ પ્રાપ્ત થાય છે એમ શ્રીમહાચાર્યચરણોએ કહેલ છે, અને એનું સ્વરૂપ આ ગ્રન્થમાં બતાવવામાં આવ્યું છે. ૧૬

तद्दासदासदासोक्त्या तदीया गतसंशयाः ।
ब्रह्मसम्बन्धवाक्यार्थविदस्तिष्ठन्तु वर्त्मनि ॥१७॥

શ્રીમહાપ્રભુજીના દાસના પણ દાસના દાસ આ હરિદાસના કથનથી સંશયોથી મુક્ત થઈ બ્રહ્મસંબંધમન્ત્રના અર્થનું જ્ઞાન મેળવી આપશ્રીના વૈષ્ણવો આ માર્ગમાં સ્થિર થઈ રહો. ૧૭

## १६. सर्वात्मभावनिरूपणम् ॥

कृष्णस्य कृपया किञ्चिद् हृदयागतया मया ।
सर्वात्मभावशब्दार्थः कश्चनात्र विविच्यते ॥ १ ॥

પ્રભુની કૃપા કંઈક અંશે હૃદયમાં પધારી છે તેને લઈને હું "સર્વાત્મભાવ" એ શબ્દનો અર્થ કાંઈક સ્પષ્ટ કરીને કહું છું. ૧

सर्वेषामिन्द्रियाणां हि देहादीनां तथा पुनः ।
आत्मभावो भगवति सर्वभावः स कथ्यते ॥ २ ॥

બધી ઇન્દ્રિયો તેમ દેહ વગેરેનો ભગવાનમાં આત્મભાવ તે સર્વભાવ કહેવાય છે. [ આત્મભાવનું સ્વરૂપ નીચેના શ્લોકમાં સમજાવવામાં આવ્યું છે. ] ૨

आत्मभावश्च सर्वत्र स्वसम्बन्धविचारणम् ।
न स्वसम्बन्धितास्फूर्तिरस्माकं भगवानिति ॥ ३ ॥

સ્વસંબંધવિચાર, એટલે કે હું ભગવાનનો છું એવી બુદ્ધિ એનું નામ આત્મભાવ. પ્રભુ અમારા છે એ પ્રમાણેનો પોતાનો પ્રભુ સાથેનો સંબંધ તેનું અનુસન્ધાન (તે ભગવાનમાં આત્મભાવ). ૩

देहेन्द्रियाणां प्रत्येकमाकाङ्क्षारहिता हरौ ।
आकाङ्क्षायां तु विषये भावसत्त्वान् न सर्वता ॥ ४ ॥

દેહ ઇન્દ્રિય (વગેરે) પૈકી એકને પણ પ્રભુ (તરફથી પ્રાપ્ત થતા સુખ)માં (સહેજે) લાલસા ન હોય

(એનું નામ સર્વાત્મભાવ). જો લાલસા હોય તો (પ્રભુમાં પ્રેમ નથી, પરન્તુ) પ્રભુ તરફથી મળતા સ્વસુખમાં પ્રેમ છે એટલે એ સર્વાત્મભાવ ન (કહેવાય). ૪

अत एव हि तद्भावे देहाद्यस्फूर्तिरुच्यते ।
स्फूर्त्यां तत्रापि वै भावो भवेत्पोषादिहेतुकः ॥ ५ ॥

માટે જ સર્વાત્મભાવ સિદ્ધ થતાં દેહ વગેરેનું અનુસન્ધાન નથી રહેતું, અને જો એ દેહ વગેરેનું અનુસંધાન રહે તો એમાં મન જાય અને એને લઈ એના પોષણ તરફ એ પ્રેરાય (એટલે, સર્વાત્મભાવ નષ્ટ થઈ જાય). ૫

तथैव विषयत्यागः सर्वतासाधनाय हि ।
कामभावे कामफले भावतो न हि सर्वता ॥ ६ ॥

એવી જ રીતે સર્વાત્મભાવની સિદ્ધિ માટે ઇન્દ્રિયના વિષયોનો ત્યાગ પણ આવશ્યક છે. કામભાવ એટલે ઇન્દ્રિયોના વિષયો તરફ ભાવ. એ જો હોય તો વિષયોની તૃપ્તિમાં મન રહે અને સર્વાત્મભાવ સિદ્ધ ન થાય. ૬

'अहं भगवतः सर्वं' इति सर्वात्मभावनम् ।
'प्रभुर्मम'ेति भावो हि कामभावो यतो मतः ॥ ७ ॥

સર્વાત્મભાવનો અર્થ એ કે 'હું સમગ્ર પ્રભુનો છું.' એનાથી ઊલટું કામભાવ એ કે 'પ્રભુ મારા છે.' (પહેલામાં ઇંદ્રિયોના વિષયોનો ત્યાગ છે, નિઃસ્વાર્થતા છે, જ્યારે પાછલામાં વિષયસમ્પૂર્તિની ઇચ્છા રહેલી છે.) ૭

अतो विचारकैर्भेदः कामसर्वात्मभावयोः ।
बोद्धव्यः श्रीमदाचार्यकृपयाऽतिविचक्षणैः ॥ ८ ॥

આથી કરી અતિ વિચક્ષણ એવા વિચારક વિદ્વાનોએ શ્રીમહાપ્રભુજીની કૃપાથી **કામભાવ** અને **સર્વાત્મભાવ** વચ્ચેનો ભેદ જાણવો. ૮

सर्वात्मभावसाध्यो हि स्वरूपानन्द उच्यते ।
तद्वतामत एवात्र भावानन्दो निरूपितः ॥९॥

**સર્વાત્મભાવથી** સાધી શકાય એવો જે આનંદ તે **સ્વરૂપાનન્દ** કહેવાય છે. આથી જ જેને સર્વાત્મભાવ હોય તેને જ અહીં ભાવાનન્દની પ્રાપ્તિ છે, એમ કહેવામાં આવ્યું છે. ૯

भावः स्वरूपमेवास्ति भेदबोधेन भिन्नता ।
कामभावे बहिःस्थे तु स्पष्टा बुध्येत भिन्नता ॥१०॥

ભાવ એ ભગવાનનું સ્વરૂપ છે. ભગવાન પોતાથી જુદા છે એવું ભાન જ્યાંસુધી છે ત્યાંસુધી ભગવાન જુદા છે. અને પોતાથી અલગ રહેલ એવા પ્રભુ પ્રત્યે કામભાવ હોય છે એટલે કામભાવમાં તો ભેદબુદ્ધિ છે જ. ૧૦

अभेदोऽपि स्वरूपस्य कामाद्याश्रयबोधनात् ।
कामभावफलं नित्यसंयोगः प्रभुणा मतम् ॥११॥
यतस्तथैव तत्रास्ति ह्यपेक्षा कामभावने ॥११½॥

જે કાંઈ બન્ને વચ્ચે અભેદ જણાય છે તે પ્રભુ કામના વગેરે પૂર્ણ કરે છે એટલા પૂરતો જ. કામભાવનું ફલ પ્રભુ સાથેનો નિત્ય સંયોગ છે, કેમકે કામભાવમાં એવા જ પ્રકારની–પ્રભુ સાથે સંયોગ રહે તેવા પ્રકારની–ઇચ્છા રહેલી હોય છે. ૧૧½

सर्वात्मभावे सततं सर्वत्यागात्मके मतम् ॥ १२ ॥
स्वत्वसम्बन्धितारूपे भावप्राप्तिः फलं पुनः ॥
अनपेक्षत्वतो नैव कामादिर्दीयते फलम् ॥ १३ ॥

સર્વ વસ્તુઓના ત્યાગરૂપ તેમજ પોતે પ્રભુનો છે એ વિશિષ્ટ પ્રકારના સંબંધરૂપ એવા સર્વાત્મભાવમાં ભાવપ્રાપ્તિ એ જ ફલ છે. આમાં કોઈ પણ પ્રકારના ફલની અપેક્ષા ન હોવાથી કામાત્મક કોઈ પણ પ્રકારનું ફલ પ્રભુ તરફથી આપવામાં આવતું નથી. ૧૦

स्वरूपमेव देयं हि स भावः श्रुतिसम्मतः।
अतः सर्वात्मभावस्य फलभावो न चान्यथा ॥ १४ ॥

જો કોઈ આપવાની વસ્તુ હોય તો એ સ્વરૂપ જ છે. અને જે આ સ્વરૂપસમર્પણાત્મક ભાવ તે જ શ્રુતિસંમત છે. માટે સર્વાત્મભાવ એ જ ફલરૂપ છે, બીજો કોઈ પણ ભાવ ફલરૂપ નથી. ૧૪

स चानपेक्षितारूपो यत्र नापेक्षिता हरेः।
विरहे भाववैक्लव्यात्सापेक्षत्वं कथञ्च न ॥ १५ ॥

એ ભાવમાં અપેક્ષા જેવી કોઈ વસ્તુ જ નથી હોતી. અરે, પ્રભુ પ્રાપ્ત થાય એવી અપેક્ષાયે નથી હોતી. વિરહને લીધે જ્યાં ભાવ જ ડખોળાઈ જાય છે ત્યાં અપેક્ષા કોઈ પણ પ્રકારે સંભવતી જ નથી. ૧૫

'सन्त्यज्य "सर्वविषया'नित्यत्र निरपेक्षिता।
स्वरूपनिरपेक्षत्वं वियोगे दृश्यते हरेः ॥ १६ ॥

વેણુનાદથી પ્રભુએ ગોપાંગનાઓને બોલાવ્યાં અને ગોપાંગનાઓ વનમાં આવ્યાં ત્યારે પ્રભુએ એઓને ચાલ્યાં જવાનું કહ્યું. એ વખતે ગોપાંગનાઓએ પ્રભુને વિનંતી કરી કે 'અમે તો સમગ્ર વિષયોનો ત્યાગ કરી આપના ચરણારવિંદમાં હાજર થયાં છિયે.' (ભા. ૧૦–૨૯–૩૧). આ સ્થળે ભક્તજનોનું નિષ્કામપણું સ્પષ્ટ છે. પ્રભુનો જ્યારે વિરહ થયો ત્યારે સ્વરૂપવિષયક નિષ્કામપણું પણ સ્પષ્ટ દેખાય છે. ૧૬

अत एवोद्धवैरुक्तं दौत्येन व्रजमागतैः ।
'सर्वात्मभावोऽधिकृतो विरहेणे' ति तद्वचः ॥ १७ ॥

આથી જ દૂતના કાર્ય માટે વ્રજભૂમિમાં પધારેલા ઉદ્ધવજીએ શ્રીવ્રજાંગનાઓની સ્થિતિ જોઈ 'તમે વિરહ વડે કરીને અધોક્ષજ પ્રભુમાં સર્વાત્મભાવ પ્રાપ્ત કર્યો છે' (ભા. ૧૦–૪૦–૨૭) એ પ્રકારનું વચન કહ્યું છે. ૧૭

अतः सर्वात्मभावो हि त्यागात्मोऽपेक्षया युतः ।
भावस्वरूपफलकः स्वसम्बन्धप्रकाशकः ॥ १८ ॥
देहादिस्फूर्तिरहितो विषयत्यागपूर्वकः ।
भावात्मकामसम्बन्धिरमणादिक्रियः सदा ॥ १९ ॥
स्वतन्त्रभक्तिशब्दाख्यः फलात्मा ज्ञायतां जनैः ॥ १९½ ॥

એટલે, સર્વાત્મભાવ ત્યાગસ્વરૂપ છે, એમાં અપેક્ષા હોતી નથી, એમાં ભાવસ્વરૂપ ભગવાનની પ્રાપ્તિ છે, અને ભગવાન સાથે જીવનો જે વાસ્તવિક સંબંધ છે તેનો એમાં પ્રકાશ છે. એમાં દેહાદિકનું અનુસન્ધાન નથી હોતું.

એમાં સર્વ વિષયોનો ત્યાગ પહેલેથી જ થયેલો હોય છે, એમાં કામસંબંધી રમણ વગેરે બધું હંમેશને માટે ભાવાત્મક જ હોય છે. એ સ્વતંત્ર ભક્તિ તરીકે ઓળખાય છે અને એ ફલરૂપ છે. આ પ્રકારે સર્વાત્મભાવનું સ્વરૂપ સમજવાનું છે. ૧૯ ૧

**प्रवृत्तिः कामभावेऽस्ति निवृत्तिस्तु द्वितीयके।**
**अधिकं लेखितुं नैव शक्यते मन्दबुद्धितः ॥ २० ॥**

કામભાવમાં પ્રવૃત્તિ છે, જ્યારે આ સર્વાત્મભાવમાં સર્વ પ્રકારની નિવૃત્તિ છે. મારી મન્દ બુદ્ધિને લીધે વિશેષ લખવાની મારામાં શક્તિ નથી. ૨૦

**स्वाचार्यकृपयाभिज्ञैः सदा तद्भावभावुकैः।**
**सुबोधिनीदर्शकैः स विज्ञेयस्तु स्वतो जनैः ॥ २१ ॥**

શ્રીસુબોધિનીજીનું પરિશીલન કરનારા, હમેશાં ભગવદ્‌ભાવની ભાવના કરનારા વિદ્વાનોએ પોતાની મેળે જ શ્રીમહાપ્રભુજીની કૃપાએ કરી આ સર્વાત્મભાવને સમઝી લેવો. ૨૧

## १७. निवेदनतात्पर्यार्थः ॥

**अथ निवेदनवाक्यार्थस्तु–सृष्ट्यादावेव जीवाः स्वतो भगवता सृष्ट्यर्थं भिन्नाः कृताः। तेषां ततः प्रभृति भगवता सह भगवदंशानां**

१. अक्षरांशदैवी द्विविधाः। केवलमर्यादायां स्थिताः साधनपरास्तेषां मुक्तिरेव फलं, ये च मर्यादापुष्ट्यवङ्गीकृतास्तेषां सर्वसाधनत्यागपूर्वकशरणागतौ क्रियमाणसेवनायां सेवाफलोक्तफलसिद्धिः। अन्येषां चासुराणां प्रकृतिजन्यानां

विप्रयोगोऽस्त्येव, न परं तापक्लेशः, सम्बन्धाभावात् । सम्बन्धस्तु प्रपञ्चासक्तिनिवृत्त्या भवति । सा तु यावद्देहसम्बन्धमहन्ताममतयोरविद्याकार्ययोः सत्त्वान्न भवितुं शक्नोति । अतो ह्यत्राहन्ताममतयोर्बाधकत्वं भविष्यतीति [न] पुनः सम्बन्धसिद्धिः, तया पुनर्देहादेः पाकेन मृदादेः कार्यक्षमत्वमिव भगवत्कार्योपयोगित्वं भवतीत्यलमुक्त्या ॥

इति श्रीहरिदासोदितो निवेदनतात्पर्यार्थः ॥

---

संसारनिश्चयेनान्धन्तमःप्रवेशरूपा मुक्तिः, न हि तेषां भगवत्प्राप्तिसम्बन्धगन्धोऽपि 'मामप्राप्यैव कौन्तेय' इत्यादिवचनात् ॥ [तत्पुस्तकस्थं टिप्पणम् ।]

અક્ષર બ્રહ્મના અંશભૂત દૈવી જીવો બે પ્રકારના છે: એમાંના એક તો કેવળ મર્યાદામાં જ રહેલા છે; એઓ વેદ વગેરેમાં વર્ણવેલાં સાધનો કરીને મોક્ષરૂપ ફલને પ્રાપ્ત કરે છે; એઓને મોક્ષ જ ફલ મળે છે, અધિક નહિ. જેઓનો મર્યાદાપુષ્ટિમાં અંગીકાર થયેલો છે તેઓ તો મર્યાદાનાં સર્વ સાધનોને તિલાંજલિ આપીને પ્રભુને શરણે જાય છે; અથવા તો મર્યાદામાર્ગનાં સાધન જ એવા જીવોને છોડીને ચાલ્યાં જાય છે. શરણે ગયા પછી એ જીવો પ્રભુની સેવા કરે છે અને સેવા કરતાં કરતાં રસમય પ્રભુ સાથે અનેક અલૌકિક આનંદમય ભોગો ભોગવે છે, એ 'સેવાફલ' ગ્રંથમાં કહેલા ફલની એઓને પ્રાપ્તિ થાય છે. જેઓ પ્રકૃતિ–માયામાંથી ઉત્પન્ન થયેલા છે તેવા અસુરોને તો સંસારમાં ભમવાનો નિશ્ચય થયેલો હોવાથી એ લોકોને અંધતમસ નામના મહાનરકમાં પ્રવેશ કરવા–રૂપ મુક્તિ મળે છે. એ લોકોને પ્રભુની પ્રાપ્તિના સંબંધનો ગન્ધ પણ નથી, કેમકે પ્રભુ જ શ્રીમુખે ગીતામાં આજ્ઞા કરે છે કે 'હે અર્જુન, એ આસુર જીવો મને પ્રાપ્ત કર્યા વિના જ અધમ ગતિને પ્રાપ્ત થાય છે. એઓને આસુર યોનિમાં જ હું પટકું છું.'

**ભાવાર્થ**—આત્મનિવેદનનો વાક્યાર્થ આ પ્રમાણે છે: વાક્યાર્થ એટલે નિવેદનમંત્રમાં જે શબ્દો કે અક્ષરો રહેલા છે તે સર્વનું રહસ્ય, એનો ભાવાર્થ એ જ નિવેદનનો વાક્યાર્થ, એને શ્રીહરિધનચરણ સ્પષ્ટ કરે છે:

एकोऽहं बहु स्यां, एकाकी न रमते, स द्वितीयमैच्छत् એ શ્રુતિવાક્યોને આધારે પ્રથમ તો પ્રભુએ સૃષ્ટિ રચવાની ઇચ્છા કરી. રમણ કરવા માટે સૃષ્ટિ રચે છે એમ ઉપનિષદ કહે છે. રમણ કેમ બની શકે? સર્વત્ર એક જ ભગવાન છે, ભગવાન ભગવાન સાથે રમણ કેમ કરે? એ શંકા થતાં શ્રુતિ કહે છે કે પ્રભુ પોતે રમણ કરવા બહુરૂપે થાય છે. સૃષ્ટિ રચવા માટે પોતાનામાંથી જ અનેક જડજીવાદિ પ્રકટ કરે છે. જીવો સ્વ–સ્વરૂપ હોવાથી સૃષ્ટિ કરવાની પ્રભુ જ્યારે ઇચ્છા કરે છે ત્યારે એ જીવોને પોતાનાથી જુદા કરે છે. જ્યારથી ભગવદંશરૂપ જીવો જુદા થાય છે ત્યારથી પ્રભુથી એઓ વિખૂટા પડે છે, પ્રભુનો વિયોગ પ્રાપ્ત થાય છે. જુદા પડ્યા ત્યારથી પ્રભુનો સંબંધ છૂટ્યો અને વિયોગ જ રહ્યો. ભગવાનથી વિખૂટા થાય તોપણ એઓને તાપ ક્લેશ નથી થતો. વિયોગ હોય તો તાપક્લેશ થવો જોઇયે, પરંતુ વિયોગ છતાં, હજારો વર્ષોનો વિયોગ છતાં, જીવોને લેશ પણ પ્રભુને મળવા માટે તાપ કે ક્લેશ કાંઈ થતું નથી. કારણ શું? કારણ એ જ કે પ્રભુનો સંબંધ નથી. જ્યારથી વિખૂટા પડ્યા ત્યારથી પ્રભુ સાથેનો તાર તૂટ્યો, સંબંધ છૂટ્યો, હવે પ્રભુના વિયોગને લઈને થવો જોઈતો તાપક્લેશ ક્યાંથી થાય? થોડો પણ પ્રભુનો સંબંધ રહ્યો

આવતો હોય તો એઓને પ્રભુનો વિયોગ સાંભરી આવે અને પ્રભુની પ્રાપ્તિ માટે આર્તિ ઉદ્ભવે; સમૂળગો સંબંધ જ્યાં નથી ત્યાં પ્રભુપ્રાપ્તિ માટે તાપક્લેશની ઉત્પત્તિ ક્યાંથી ?

વિયોગ પ્રાપ્ત થયા પછી પ્રભુનો સંબંધ કેવી રીતે થાય એ પ્રશ્નના ઉત્તરમાં આપશ્રી આજ્ઞા કરે છે કે પ્રપંચમાં જામેલી આસક્તિ દૂર થયા પછી પ્રભુનો સંબંધ થાય છે. પ્રચંચમાં જ્યાંસુધી આસક્તિ લાગી પડે છે ત્યાંસુધી પ્રભુનો સંબંધ સંભવિત નથી. મારું તારું દૂર થયે પ્રભુનો સંબંધ થાય છે.

પ્રપંચમાં એટલે લોકમાં રહેલી આસક્તિ દૂર થવામાં બે આડી ફાંસ છે: એક તો અહંતા અને બીજી મમતા. એ બેની માતા અવિદ્યા એટલે અજ્ઞાન. અજ્ઞાનથી મારું તારું ઉદ્ભવે છે. સમગ્ર જગત પ્રભુને ખેલવાનું સ્થાન છે. એમાંના સર્વ પદાર્થો પ્રભુને ખેલવાનાં રમકડાં છે. એ બધાં પ્રભુનાં છે, પ્રભુ જ એના માલિક છે, છતાં અજ્ઞાનને વશ થઈને કુબુદ્ધિ જીવો એને પોતાનાં માની લે છે અને દુ:ખી થાય છે. ત્યારે જ્યાંસુધી અવિદ્યાએ ઉત્પન્ન કરેલી એ લૌકિક અહંતા અને મમતારૂપ પિશાચિનીઓ બેઠેલી છે ત્યાંસુધી લૌકિકમાંથી જીવની આસક્તિ દૂર થવાની નથી. જ્યારે જ્યારે અહંતા અને મમતાને બાધ થશે ત્યારે ત્યારે પ્રપંચમાં રહેલી આસક્તિ દૂર થશે અને ફરીને પ્રભુનો સંબંધ થશે. તાત્પર્ય આ છે: માયાની બે પુત્રીઓ, એક વિદ્યા અને બીજી અવિદ્યા. અવિદ્યામાં ફસાઈને જીવ પોતાનું સ્વરૂપ ભૂલી જઈને લૌકિકમાં અહંતા મમતા બાંધે છે.

પ્રભુએ અહંતા મમતાનું મૂલ કારણ જે માયા તેને જીતવાનું સરલ સાધન બતાવ્યું છે. ગીતામાં પ્રભુ શ્રીમુખે આજ્ઞા કરે છે કે 'मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते— મને જે શરણે આવે છે તે એ માયાને તરી જાય છે.' પ્રભુને શરણે જવાથી એ માયા ઉપર જય થાય છે. માયા ઉપર જય થવાથી અવિદ્યા રહેતી નથી. અવિદ્યા દૂર થતાં એની બે પુત્રીઓ અહંતા મમતા પલાયન કરી જાય છે. અર્થાત્ જે જે પદાર્થોને 'મારા તારા' માનવામાં આવતા તે સર્વ પદાર્થો પ્રભુને સોંપી દઈને, પ્રભુના જ માનીને, પોતાને પણ 'હું' એમ સ્વતન્ત્ર ન માનતાં 'પ્રભુનો દાસ છું' એમ જાણીને ભગવત્સેવામાં પ્રવૃત્ત થાય છે. એથી પ્રભુનો સંબંધ સિદ્ધ થઈ ગયો એમ સમઝી લેવું. જ્યારે પ્રભુનો સંબંધ થયો ત્યારે સેવાનો અધિકાર પ્રાપ્ત થયો. જેમ કાચી માટીના ઘડાને પકવ્યા પછી જલ લઈ આવવા વગેરે કાર્યમાં જોડી શકાય છે તેમ પ્રભુનો સંબંધ સિદ્ધ થયા પછી જ દેહ ઇન્દ્રિય વગેરેનો પાક થાય છે. એ પાક તાપક્લેશરૂપ વિયોગાગ્નિથી થાય છે. પહેલાં સંબંધ થતાં જ 'હું પ્રભુથી હજારો વર્ષથી વિખૂટો પડયો છું' આવું ભાન જ્યારે થાય છે ત્યારે પ્રભુને મળવા માટે અત્યંત આર્તિ થાય છે. એ આર્તિ વિયોગરૂપ મહાગ્નિમાં પરિણામ પામે છે, અને એ અલૌકિક અગ્નિ વડે લૌકિક દેહ ઇન્દ્રિય વગેરે જ્યારે પાકે છે, શુદ્ધ બને છે, ત્યારે એ દેહ ઇન્દ્રિય વગેરે પ્રભુના કાર્યમાં ઉપયોગી થાય છે. આથી વધારે શું કહિયે? એટલું જ બસ છે. (પુષ્ટિભક્તિસુધા. વ. ૬, અંક ૩–૪)

## १८. गद्यार्थः ॥

(विवृतिः) सहस्राणि अपरिमितानि ये परिवत्सरास्तैर्मितः कालस्तेन जातः कृष्णवियोगस्तेन जाताभ्यां तापक्लेशाभ्यामानन्दतिरोभाव आनन्दरहितोऽहं जातः। आनन्दार्थं देहेन्द्रियप्राणान्तःकरणानि तद्धर्मांश्चेति। देहः पाञ्चभौतिकः १, इन्द्रियाणि दश १०, प्राणा दश १०, अन्तःकरणानि मनोबुद्धिचित्ताहङ्कारास्तेषां धर्मान्, देहस्य चलनम्, इन्द्रियाणां या या प्रवृत्तिः, अन्तःकरणानां या या प्रवृत्तिः, ते धर्मास्तान्। तदुक्तं "ब्रह्मसम्बन्धकरणात्सर्वेषां देहजीवयोः। सर्वदोषनिवृत्तिर्हि दोषाः पञ्चविधा स्मृताः।" भगवते षड्गुणसम्पन्नाय कृष्णाय सर्वान्तःकरणहरणाय दारागारपुत्राप्तवित्तेहापराणि। दारा भार्या, आगारं गृहम्, आप्तं कुटुम्बम्, वित्तम्, तेषामीहा चेष्टा पराणि चात्मना जीवेन सह समर्पयामि। समर्पिते सति दासोऽहम्। 'कृष्ण तवास्मि' इति पञ्चाक्षरो मन्त्रः। हे कृष्ण, तव दासोऽहम्। "अभयं सर्वदा दास्ये इति जन्मव्रतं मम" इति। तन्मयि कुरु॥

इति निवेदनमन्त्रविवृतिः॥

જેનું પ્રમાણુ ન માપી શકાય તેવાં હજારો વર્ષોનો જે સમય, તેનાથી થયેલો પ્રભુનો જે વિરહ, તેને લીધે થયેલા તાપ અને ક્લેશ, તેને લીધે આનન્દનો તિરોભાવ જેને થયેલો છે તેવો હું આનન્દ વિનાનો થવા પામ્યો. પાંચ મહાભૂત—આકાશ વાયુ તેજ પાણી અને પૃથ્વી— એ તત્ત્વનો બનેલો દેહ, પાંચ કર્મેન્દ્રિય અને પાંચ

જ્ઞાનેન્દ્રિય, દસ પ્રાણ, મન–બુદ્ધિ–ચિત્ત–અહંકાર એ ચાર જાતનું અન્તઃકરણ, એઓના ધર્મ જેવા કે દેહનું હરવું ફરવું, ઇન્દ્રિયોની જે જે હિલચાલ, પ્રાણોની જે જે હિલચાલ, અન્તઃકરણોની જે જે હિલચાલ એ, તે તે દેહ–ઇન્દ્રિય–પ્રાણ–અન્તઃકરણના ધર્મો, બ્રહ્મસંબંધ કરવાથી સર્વના દેહ અને જીવને લાગતા પાંચ પ્રકારના જે દોષો, તે દોષોની નિવૃત્તિ થાય છે. તેથી નિર્દોષ થયેલાં, એ સર્વ નિર્દોષ થયેલાં, વળી દાર સ્ત્રી, આગાર ઘર, આપ્ત કુટુંબ, વિત્ત ધન, તે સર્વને લગતી હિલચાલ અને બીજું સર્વ ઐશ્વર્ય–વીર્ય–યશ–શ્રી–જ્ઞાન–વૈરાગ્ય એ છ ઐશ્વર્યવાળા ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીને આત્મા જીવ, તેની સાથે અર્પણ કરું છું. આ બધું સમર્પિત થયું એટલે હું પ્રભુનો દાસ થયો. कृष्ण तवास्मि એ પંચાક્ષર મન્ત્ર છે. એનો અર્થ—હે કૃષ્ણ, હું તમારો દાસ છું. આપનું વચન છે કે જે આપને શરણે આવે છે તેને આપ અભય આપો છો. એ અભયદાન મને આપો.

## १९. अष्टाक्षरमन्त्रार्थः ॥

श्रीगोपीजनवल्लभाय नमः । 'श्रीकृष्णः शरणं मम'त्यष्टाक्षरो मन्त्रः । अस्य व्याख्या—श्रीकृष्णो युगलस्वरूपो मम शरणमाश्रयो भूयात् । सर्वाश्रयेषु देहदारभोगपुत्रभ्रातृपितृ-

**भगिनीकुटुम्बगृहवित्तपशुग्रामदेशेषु शिथिलेषु मृगतृष्णावद् दृश्यमानेषु तदाश्रय आनन्दरूपो नित्य, परमात्मप्रदो मम भवतु ॥**

'श्रीकृष्णः शरणं मम' એ અષ્ટાક્ષર મન્ત્ર છે. આનો અર્થ એ છે કે 'શ્રીરાધાજી અને શ્રીકૃષ્ણચન્દ્રજી એ યુગલ સ્વરૂપવાળા શ્રીકૃષ્ણચન્દ્રજી મારો આશ્રય થાઓ.' દેહ, સ્રી, લોગ, પુત્ર, માતા, પિતા, બહેન, કુટુમ્બ, ઘર, પૈસો, ઢોર-ઢાંખર, ગામ, દેશ એ બધા આશ્રયો ઢીલા અને ઝાંઝવાંના જળ જેવા નકામા દેખાતા હોવાથી માત્ર શ્રીકૃષ્ણચન્દ્રજીનો આનંદરૂપ, નિત્ય અને પરમાત્માના સ્વરૂપનું જ્ઞાન કરાવનારો આશ્રય મને થાઓ.

**सत्सङ्गत्या नवधया भक्त्या चानन्यरूपया ।**
**निरस्तोऽन्याश्रयस्तीव्रस्तदाश्रयो भवेद् ध्रुवम् ॥ १ ॥**

સત્સંગ અને એક પ્રભુ સિવાય બીજા કોઈમાં ન હોય તેવી અનન્ય શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય, અને આત્મનિવેદન એવી નવ જાતની ભક્તિ વડે તીવ્ર એવો અન્યાશ્રય નાશ પામ્યો; હવે શ્રીકૃષ્ણચન્દ્રજીનો અચળ આશ્રય થાઓ. ૧

**'अभयं सर्वदा दास्ये इति जन्मव्रतं मम' इति भगवद्वाक्यम् ॥**
**इतिनाममन्त्रविवृतिः ॥**

'પ્રભુએ એવા પ્રકારની આજ્ઞા કરી છે કે—મારે શરણે આવેલાને હું અભય આપું છું—એ મારું પ્રથમથી જ વ્રત છે.' નામમન્ત્રનો અર્થ એ પ્રમાણે છે.

## ૨૦. अष्टाक्षरशरणमन्त्रपूर्वपक्षनिरासः ॥

### પૂર્વપક્ષ

अष्टाक्षरमहामन्त्रः शरणैकप्रकाशकः ।
तन्त्रसिद्धः कथं पुष्टिमार्गे साधनमिष्यते ॥ १ ॥

માત્ર એક શરણને જ પ્રકાશાવનારો તન્ત્રશાસ્ત્રોમાં સિદ્ધ થયેલો એવો 'श्रीकृष्णः शरणं मम' એ અષ્ટાક્ષર મહામન્ત્ર પુષ્ટિમાર્ગમાં સાધનરૂપ કેવી રીતે હોઈ શકે? ૧

विभूतिवाचिनस्तस्मान्न सिद्धिः पौरुषोत्तमी ।
भक्तिहंसी प्रपद्येत विरोधः स्पष्ट एव हि ॥ २ ॥

વિભૂતિનો બોધ કરનારા એ મન્ત્રથી 'ભક્તિહંસ'માં જેવા પ્રકારની પુરુષોત્તમ-પ્રાપ્તિ કહેવામાં આવી છે તેવી મળી શકે એમ નથી. નીચે મુજબનો વિરોધ સ્પષ્ટ છે: ૨

उपासनाद्यगम्यत्वं तत्रोक्तं पुरुषोत्तमे ।
निःसाधनत्वभङ्गः स्याद् भक्तिमार्गस्य सर्वथा ॥ ३ ॥

'ભક્તિહંસ'માં શ્રીગુસાંઈજીએ પ્રભુ શ્રીપુરુષોત્તમ ઉપાસના વગેરેથી પ્રાપ્ત કરી શકાતા નથી એમ સ્પષ્ટ કહ્યું છે અને આ મન્ત્રથી પ્રભુ પ્રાપ્ત કરી શકાય છે એમ કહેવામાં આવે તો આ મન્ત્રરૂપી સાધન આ માર્ગમાં છે, તો એની નિઃસાધનતા ખંડિત થાય છે. ૩

अनुग्रहैकसाध्यत्वमपेयाद् भगवद्गतेः ।
एवं कृते पूर्वपक्षे सिद्धान्तस्तत्र चोच्यते ॥ ४ ॥

પ્રભુનો પ્રેમ તો માત્ર પ્રભુના અનુગ્રહથી જ સિદ્ધ કરી શકાય એમ છે, એ વાત આ રીતે હાથ તાળી દઈ છટકી જાય છે—આવા પ્રકારનો પૂર્વપક્ષ છે. એના સમાધાન માટે સિદ્ધાન્તનો નિર્દેશ કરવામાં આવે છે: ૪

### સિદ્ધાન્ત

पुष्टिमार्गप्रभोरास्यादयं हि पुनरुद्गतः ।
मन्त्रोऽनुग्रहमूलत्वाद् वरणात्मा ततो मतः ॥ ५ ॥

પુષ્ટિમાર્ગના પરમ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીના મુખારવિન્દાવતાર શ્રીમહાપ્રભુજી દ્વારા આ મન્ત્ર ફરી વાર પ્રકાશિત થયો છે. આ મંત્રનું મૂળ જ પ્રભુનો અનુગ્રહ હોવાથી આ મન્ત્ર વરણરૂપ જ છે. ૫

तस्य साधनताया हि नापेयाद्धेतुता वृतेः ।
विभूतिमात्रवाच्यत्वं चात एव न युज्यते ॥ ६ ॥

अत एवात्र न प्रोक्ता तस्य काचिदुपासना ॥ ६३ ॥

આ મન્ત્ર સાધનરૂપ બને, તેથી વરણ આ માર્ગમાં હેતુરૂપ છે આ વાતને કશો બાધ આવે એમ નથી. આ કારણે જ આ મન્ત્ર માત્ર વિભૂતિપરત્વે છે એમ જે કહેવાય છે તે તદ્દન અયુક્ત છે. અને તેથી જ આ માર્ગમાં આ મન્ત્રને અંગે કોઈ ઉપાસનાનો વિધિ બતાવવામાં આવ્યો નથી. ૬૩

यथा हि श्रवणादीनां भिन्नत्वं मार्गभेदतः ।
तथैव वक्तृभेदेन मन्त्रभेदो निरूपितः ॥ ७३ ॥

માર્ગભેદે કરી જેમ શ્રવણાદિ નવધા ભક્તિની પણ ભિન્નતા રહેલી છે તેમ વક્તાના ભેદે કરીને આ મન્ત્રના સ્વરૂપમાં ભેદ રહેલો છે.

[ પ્રેમથી કરવામાં આવતાં પુષ્ટિમાર્ગીય શ્રવણાદિ મોક્ષપ્રાપ્તિ માટે કરવામાં આવતાં પુષ્ટિમાર્ગીય શ્રવણાદિથી જુદાં છે. ] ૭૬

स्तोत्रे कृष्णाश्रये चोक्त'मिति श्रीवल्लभोऽब्रवीत्' ॥८॥
यथा शुकमुखं प्राप्य पीयूषद्रवतोच्यते ।
श्रीभागवतशास्त्रस्य तथात्रापि विबुध्यताम् ॥९॥

આ મન્ત્રનું સ્વરૂપ ખુદ શ્રીમહાપ્રભુજીએ 'આ વલ્લભે કહ્યું' એ પ્રમાણે 'શ્રીકૃષ્ણાશ્રયસ્તોત્ર'માં વિવેચ્યું છે. ભાગવતશાસ્ત્રના વક્તા અધિકારભેદે અનેક હતા, પરન્તુ ભાગવતની અમૃતરસાત્મકતા જે થઈ તે તો શ્રીશુકદેવજીના મુખમાંથી એ રસઝરણો છૂટવા મંડયાં એટલે જ; એ જ પ્રમાણે આ મન્ત્ર એ પૂર્વે ભલે અનેક વક્તાઓએ કહ્યો હોય છતાં જ્યારે શ્રીમહાપ્રભુજીએ ખુદે કહ્યો ત્યારે જ આનાં બાધક સર્વ નષ્ટ થઈ ચૂક્યાં સમજો. ૯

श्रीमत्प्रभुभिरप्युक्तमत एव दयालुभिः ।
'यदुक्तं तातचरणै'रित्यादि वचनामृतम् ॥ १० ॥

આ માટે જ પરમ દયાળુ શ્રીગુસાંઈજીએ 'શ્રી પિતાજીએ श्रीकृष्णः शरणं मम એમ જે કહ્યું છે તેનાથી જ આ લોકમાં અને પરલોક–વિષય વાતોમાં નિશ્ચિન્તતા છે" એવાં વચનામૃત કર્યાં છે. ૧૦

## २१. स्वमार्गमर्यादानिरूपणम् ॥

भक्तिमार्गस्य मर्यादा विपरीता विशेषतः।
विज्ञेया सर्वथा विज्ञैः पूर्वधर्मविबाधनात् ॥ १ ॥

બુદ્ધિશાળી પુરુષોએ દરેક રીતે ભક્તિમાર્ગની મર્યાદા બીજા માર્ગો કરતાં ખાસ કરીને ઊલટી છે એમ જાણવું, કારણ કે પૂર્વધર્મ એમાં જતા કરવાના હોય છે. ૧

धर्मस्त्यागात्मको ज्ञेयः प्रवृत्तौ शरणं मतम् ।
सेवा च मानसी ज्ञेया पूजाकर्मविलक्षणा ॥ २ ॥

આ માર્ગમાં ધર્મ ત્યાગસ્વરૂપે રહેલો છે એમ જાણવું. એ ધર્મ જ્યારે નિવૃત્તિને બદલે પ્રવૃત્તિમાં કરવાનો હોય ત્યારે એ પ્રભુના આશ્રયરૂપે રહેલો છે. આ માર્ગમાં સેવા માનસી જાણવી અને કર્મમાર્ગીય પૂજા કરતાં એને જુદા જ પ્રકારની જાણવી. ૨

धर्मादिकरणं यत्र तदाज्ञापरिपालनम् ।
प्रमाणं भगवद्वाक्येनाविर्भूयोदितं हि यत् ॥ ३ ॥

આ માર્ગમાં પ્રભુની આજ્ઞાને બરાબર ઉઠાવી લેવી એ જ ધર્મ વગેરેનું અનુષ્ઠાન; અને પ્રમાણ તરીકે પ્રભુએ શ્રીમહાપ્રભુજી સમક્ષ પ્રકટ થઈને જે આજ્ઞા કરી તે જ. ૩

प्रमेयो हरिरेवात्र न स्वर्गादिकमुच्यते ।
साधनं भगवन्मार्गः फलं साधनमेव हि ॥ ४ ॥

આ માર્ગમાં પ્રમેય વસ્તુ માત્ર પ્રભુ જ છે, સ્વર્ગ વગેરે કાંઈ પ્રમેય નથી. (પ્રભુ સિવાય અન્ય કોઈની આ માર્ગના

જીવને ઇચ્છા નથી.) એ પ્રમેયપ્રાપ્તિને માટે સાધન પ્રભુનો માર્ગ જ છે; અને ફલ અને સાધન એક જ (સાધન અને ફલની આ માર્ગમાં અનન્યતા છે.). ૪

फलं प्रथमतो देयमुत्तरं साधनं फलम् ।
सेवाप्रवृत्तिस्त्यागो हि प्रवृत्तेर्दूरवर्तिता ॥५॥

આ માર્ગમાં ફલસ્વરૂપ પ્રભુને તો પ્રથમ પધરાવી આપવામાં આવે છે; ત્યારપછીની સેવા તે સાધન; એ સેવા પણ આ માર્ગમાં ફલરૂપ છે. આ માર્ગમાં પ્રભુસેવામાં પ્રવૃત્તિ કરવી એ જ સાચો ત્યાગ છે, અન્ય સર્વ પ્રવૃત્તિ આ માર્ગથી હજારો ગાઉ દૂર છે. ૫

दैहिकं चाखिलं कृष्णसेवायै च तथैन्द्रियम् ।
विरुद्धकरणं धर्मः कृष्णेङ्गितविबोधतः ॥६॥

સર્વ દેહ સંબંધી તેમજ ઇન્દ્રિય સંબંધી જ કાંઈ છે તે પ્રભુસેવા ખાતર છે (કૃષ્ણસેવા સિવાય દેહ–ઇન્દ્રિયનો અન્ય કશો પણ ઉપયોગ નથી, એ આ વાક્યનો ભાવાર્થ છે). શ્રીકૃષ્ણચન્દ્રજીએ યુદ્ધભૂમિ પર અર્જુનને જે વાત કહી તે ઉપરથી સ્પષ્ટ થશે કે સર્વધર્મત્યાગરૂપ વિરુદ્ધ કૃતિ તે જ આ માર્ગમાં ધર્મ છે. ૬

एतदेवार्जुनव्याजाद् भगवान् स्वयमुक्तवान् ।
येनैव कृष्णसम्बन्धो धर्मः सोऽत्र निरूप्यते ॥७॥

યુદ્ધભૂમિ ઉપર અર્જુનને ઉપદેશવાને બહાને પ્રભુએ આ જ વાત બતાવી છે. એટલું જ સમજો કે જેનાથી શ્રીકૃષ્ણ-

ચન્દ્રજી સાથે સંબંધ થાય તેને જ આ માર્ગમાં ધર્મ કહ્યો છે. ૭

दासत्वे भक्तिमार्गो हि तद्धर्मेण विधिर्मतः ।
त्यागोऽपि सफलः सोऽपि यथा भगवदिङ्गितः ॥ ८ ॥

ભક્તિમાર્ગ દાસપણામાં રહેલો છે. એ દાસધર્મથી ભક્તિમાર્ગીય વિધિવિધાન છે. જે ભક્તિમાર્ગીય ત્યાગ છે તે પણ સફળ તો થાય કે જો એ 'ગીતા'માં અર્જુન પ્રત્યે ભગવાને કરેલ આજ્ઞાનુસાર હોય. [ એટલે કે सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज એ આજ્ઞાનુસાર શરણ આવવા માટેનો એ ત્યાગ હોય. ] ૮

वस्तुतः स्वयमेवास्य मार्गस्य त्याग इष्यते ।
सेवाकृतौ स्वदेहादिनिरपेक्षत्वमादरात् ॥ ९ ॥

ખરું જોતાં આ માર્ગને ત્યાગ આપોઆપ જ ઇષ્ટ છે, કેમકે સેવા કરવામાં આદર હોવાને લઈ પોતાનાં દેહાદિકની સેવકને લેશ પણ અપેક્ષા નથી. ૯

ज्ञानमार्गपरित्यागः शून्यत्वात्स निरर्थक. ।
भक्तिमार्गपरित्यागे सर्वं भगवदर्थकम् ॥ १० ॥

જ્ઞાનમાર્ગમાં જે ત્યાગ રહેલો છે તે કોને માટે છે એ નક્કી જ ન હોવાથી નકામો છે, જ્યારે ભક્તિમાર્ગીય ત્યાગમાં તો બધું જ પ્રભુ માટે છે. ૧૦

परमानन्दसम्बन्धि सफलं सर्वथा मतम् ।
उपकारोऽपि संसिध्येद्देहादीनां महानसौ ॥ ११ ॥

જે કાંઈ પણ પરમાનન્દાત્મક પ્રભુના સંબંધનું થાય તેની દરેક રીતે સફલતા જ છે; અને દેહાદિક સર્વ ભગવદર્થ થતાં એ સર્વની કૃતકૃત્યતા પણ સિદ્ધ થાય છે. ૧૧

सर्वत्र भगवद्बुद्धिर्भगवद्धर्मभावनात् ।
इन्द्रियाणां तथान्यस्य सम्बन्धस्य विनाशनम् ॥१२॥

બધે જ સ્થળે પ્રભુના ધર્મોનો જ વિચાર આવ્યા કરતો હોવાથી આવા ભક્તને સર્વત્ર ભગવાન જ રહેલા છે એવો ભાવ સ્ફુરે છે. ઇંદ્રિયોનો સંબંધ તેમજ અન્ય પદાર્થોનો સંબંધ આ ભગદ્બુદ્ધિથી નષ્ટ થઈ જાય છે. (લૌકિક સંબંધો જ રહેતા નથી.) ૧૨

प्रपञ्चस्फूर्तिसम्बन्धेऽप्येव तद्विस्मृतिर्मता ।
तदर्थं भगवद्धर्माः सर्वे सर्वप्रकारतः ॥१३॥
श्रीभागवततो ज्ञेया स्वाचार्यविवृतेरिह ।
अन्यथा न भवेत्स्फूर्तिस्तद्धर्माणां हि संसृतौ ॥१४॥

આ જગદાદિની સ્ફૂર્તિના વિષયની વાત કરતાં પણ એ જગદાદિનું વિસ્મરણ જ આ ભક્તિમાર્ગીય ત્યાગમાં રહેલું છે. એ ખાતર જ દરેક પ્રકારે પ્રભુના જે સર્વ ધર્મો છે તે શ્રીભાગવતજીમાંથી શ્રીસુબોધિનીજી દ્વારા જાણી લેવા, કારણ કે પ્રભુના ધર્મોનું જ્ઞાન ન હોય તો જગદાદિમાં પ્રભુના ધર્મોની સ્ફૂર્તિ થઈ ન શકે. ૧૪

स्वानुभावेन संसारं नाशयित्वा तु सर्वथा।
ज्ञापयित्वा हरेर्धर्मान् भावं दत्त्वा तथाविधम् ॥१५॥
प्रकारमपि विज्ञाप्य भक्तेः सर्वं स्वतो बलात् ।
प्रपञ्चस्फूर्तिसहिते विस्मृतिस्वार्थसाधकम् ॥१६॥
श्रीभागवतमेवात्र सर्वेषां हि गतिर्मता ॥१६ै॥

શ્રીમદ્ભાગવત જ સર્વ ભક્તોની ખરેખર ગતિ છે. એ શું શું કરે છે? પોતાના અલૌકિક સ્વરૂપબલે કરી દરેક રીતે ભક્તના સંસારનો (અહન્તા-મમતા બુદ્ધિથી જે દુન્યવી પદાર્થોમાં આસક્તિ રહેલી હોય છે તેનો) નાશ કરે છે, પ્રભુના ધર્મોનો બોધ કરે છે, ભગવદ્-ભાવથી ભરપૂર એવા ભાવનું દાન કરે છે, પોતાના બલથી ભક્તિના સમગ્ર પ્રકારનું જ્ઞાન આપે છે, અને પ્રપંચ-જગાદાદિની સ્ફૂર્તિવાળાની બાબતમાં એના વિસ્મરણરૂપ ઇષ્ટ અર્થને સિદ્ધ કરે છે. ૧૬ૈ

ज्ञातं तत्फलदं, तत्र हेतुस्तद्गुरुसंश्रयः ॥१७॥
तत्र हेतुः कृपा तेषां तत्र सान्निध्यमिष्यते।
सान्निध्ये तत्र सम्बन्धः स तु सेवाकृतौ भवेत् ॥१८॥

આ શ્રીમદ્ભાગવતશાસ્ત્રનું જો જ્ઞાન થાય તો ફલ-દાયક થાય છે, પરંતુ આ જ્ઞાનમાં ગુરુચરણોનો આશ્રય હેતુરૂપ છે. શ્રીગુરુચરણોનો આશ્રય ક્યારે થાય કે જ્યારે એમની ભક્ત ઉપર કૃપા થાય. શ્રીગુરુચરણોની કૃપા માટે એઓશ્રીની પાસે રહેવું જોઇયે. પાસે રહીને પણ ગુરુ-શિષ્યના સંબંધે રહેવું જોઇયે. આ ગુરુ-શિષ્યસંબંધ ત્યારે જ શક્ય કે જ્યારે ગુરુચરણોની સેવા કરવામાં આવે. ૧૮

सेवा तदिङ्गितज्ञतेः सर्वथा तत्र सिध्यति ।
दासधर्मेण सेवायां विधिर्न हि नियामकः ॥१९॥

સેવા ત્યારે જ સિદ્ધ થાય કે જ્યારે ગુરુદેવ જે પ્રમાણે આજ્ઞા કરે તે પ્રમાણે કરવામાં આવે. અમુક વિધિથી સેવા કરવી એવું નથી. આ તો દાસધર્મ છે, એટલે જે પ્રમાણે આજ્ઞા તે જ પ્રમાણે કર્તવ્ય રહે છે; એમાં કોઈ શાસ્ત્રોક્ત વિધિ નિયામક નથી. ૧૯

यथाकथञ्चित्स्वस्वामिसन्तोषोत्पादनं हितम् ।
तस्मिंस्तुष्टे फलं सर्वं सिद्धमेव न संशयः ॥२०॥

કોઈ પણ રીતે પોતાના ગુરુદેવ કેવી રીતે પ્રસન્ન રહે એવું કરવામાં આવે એ જ હિતકર છે. ગુરુ જો પ્રસન્ન થાય તો સકલ ફળ સિદ્ધ જ સમજવાં. એમાં કોઈ જાતની શંકા ન લાવવી. (પ્રભુ ગુસ્સે થાય તો ગુરુ બચાવે, પરંતુ જો ગુરુ ગુસ્સે થાય તો પ્રભુયે છેટા રહે, એ વસ્તુ જગજૂની છે– हरौ रुष्टे गुरुस्त्राता गुरौ रुष्टे न कश्चन–એ પ્રાચીન કાળથી પ્રસિદ્ધ વાત છે.) ૨૦

तस्मात्स्वमार्गमर्यादां विज्ञाय च तदाश्रितैः ।
तत्र मार्गे स्थितिः कार्या ह्यन्यथा भ्रश्यते यतः ॥२१॥

તેથી ભક્તિમાર્ગીય જીવોએ પોતાના માર્ગની મર્યાદાને સારી રીતે જાણી ભક્તિમાર્ગમાં સ્થિતિ કરવી. જો એ પ્રમાણે ન કરવામાં આવે તો ભક્તિમાર્ગમાંથી ભ્રષ્ટ થવાનો વખત આવે છે. ૨૧

## २२. स्वमार्गरहस्यनिरूपणम् ॥

'रसो वै स' इति श्रुत्या रसरूपो निरूपितः ।
स मन्तव्यः स्वशास्त्रेण यथा सिद्धस्तथा पुनः ॥ १ ॥
द्विधा पूर्वस्तु संयोगो विरहश्च तथोत्तरः ॥ १½ ॥

"પ્રભુ રસાત્મક છે" એ ઉપનિષદ–વાકયમાં જણાવ્યા પ્રમાણે પ્રભુનું સ્વરૂપ રસરૂપ છે. એમનું સ્વરૂપ આપણા શાસ્ત્ર મુજબ જે હોય તે પ્રમાણે સ્વીકારવું. હવે એ રસ બે પ્રકારનો છે : પહેલો સંયોગરસ અને બીજો વિપ્રયોગ. ૧½

क्रियाप्रधानसंयोगे रसोद्बोधाय रूपिताः ॥ २ ॥
भावास्तथोत्तरे ह्युक्तं स्वरूपमपि तादृशम् ।
भावात्मकं तु तत्प्राप्तिर्भावप्राप्तिर्न चेतरत् ॥ ३ ॥

ક્રિયા જેમાં મુખ્યત્વે રહેલી છે તેવા સંયોગાત્મક શૃંગારરસમાં રસને જાગ્રત કરવા માટે ભાવો રહેલા છે, તે જ પ્રમાણે વિપ્રયોગાત્મક શૃંગારરસમાં જે સ્વરૂપ છે તે એવું જ ભાવાત્મક કહેવાયું છે. આ વિપ્રયોગાત્મક સ્વરૂપની પ્રાપ્તિ તેનું નામ જ ભાવપ્રાપ્તિ, બીજું કાંઈ જ નહિ. ૩

स भावः सर्वथा पूर्वदेहं स्वेनानिवर्त्य च ।
विदध्यान्नूतनं देहं सर्वसामर्थ्यसंयुतम् ॥ ४ ॥
निष्प्रत्यूहं यथा तस्य वियोगानुभवो भवेत् ॥ ४½ ॥

એ ભાવ પ્રથમના શરીરને પોતાને સ્વરૂપે જ રાખીને એને જે પ્રમાણે કોઈ પણ જાતની મૂંઝવણ વિના પ્રભુના

વિરહનો અનુભવ થાય તેવા પ્રકારના સમગ્ર સામર્થ્યવાળા નવા જ શરીરમાં ફેરવી નાખે છે. ૪

स एव शब्दितः सर्वग्रन्थे रोधः प्रभुप्रियैः ॥५॥
विरोधस्तस्य सततं प्रपञ्चस्मरणेन हि ।
तदभावो निरोधैकलीलाया गुणगानजः ॥६॥

આ વિયોગાનુભવને લાયક જે સ્થિતિ તેને જ શ્રીમહાપ્રભુજીએ નિરોધ એવી સંજ્ઞા અર્પી છે. પ્રપંચ(જગદાદિ)નું સ્મરણ છે તેનાથી આ નિરોધને બાધા આવે છે. (દુનિયાદારીમાં રચ્યાપચ્યા રહેનારાઓને આ નિરોધ સિદ્ધ થાય જ નહિ.) આ પ્રપંચનું સ્મરણ ત્યારે જ ન થાય કે જ્યારે પ્રભુની નિરોધ લીલાના ગુણનું ગાન કરવામાં આવે. ૬

दैन्यभावनयैव स्यात्सुलभा भावसङ्गतिः ।
ब्रह्मादिदुर्लभो भावः कथं साध्यो हि तादृशैः ॥७॥
इति चिन्ताकृपायुक्तश्चकार प्रादुराननम् ।
तदाश्रयादिह प्रायः सर्वेषां तापसम्भवः ॥८॥

જો સદૈવ દીનતાની ભાવના કરવામાં આવે—જો સર્વદા દીનતાનું જ અનુસંધાન કરવામાં આવે તો એવા પ્રકારના ભાવની પ્રાપ્તિ થાય. આ પ્રકારનો ભાવ તો બ્રહ્માજી વગેરેને પણ મુશ્કેલીથી પ્રાપ્ત થાય તેવો છે. એ સામાન્ય મનુષ્યોને સિદ્ધ કેવી રીતે થાય, એવી ચિન્તાવાળા પરમકૃપાળુ પ્રભુએ પોતાના મુખારવિંદના અવતારરૂપ શ્રીમહાપ્રભુજીને પ્રકટ કર્યા. એ મહાપ્રભુજીને આશરે જવાથી ઝાઝે ભાગે બધાને વિપ્રયોગાત્મક તાપકલેશનો અનુભવ થાય, (કેમકે તાપકલેશ સિવાય ભાવપ્રાપ્તિ શકય જ નથી.) ૮

तापेन सर्वथा सर्वपरित्यागो भविष्यति ।
परित्यक्तेऽखिले नूनं प्रपञ्चास्मरणं भवेत् ॥९॥

જો એવા પ્રકારનો તાપક્લેશ થાય તો જ સર્વ રીતે દુન્યવી સર્વ પદાર્થોનો ત્યાગ થાય અને સર્વ દુન્યવી સર્વ પદાર્થોનો ત્યાગ થાય ત્યારે જ પ્રપંચ—દુનિયાનું સ્મરણ ટળી શકે. ૯

तदस्मृतौ तदासक्तिः सर्वथैव भविष्यति ।
आसक्तौ व्यसने जाते परं किमवशिष्यते ॥१०॥

હવે જો દુન્યવી પદાર્થોનું વિસ્મરણ સિદ્ધ થયું કે તરત જ પ્રભુમાં આસક્તિ હરેક પ્રકારે થાય. અને આસક્તિ થતાં વ્યસન થઈ ચૂક્યું તો પછી બાકી શું રહ્યું ? ૧૦

बाधिका सैव सततं न दुर्लभतमा रतिः ।
अतो विधेयः सुधिया श्रीमदाचार्यसंश्रयः ॥११॥

પ્રભુમાં પ્રેમ મુશ્કેલ નથી, પરન્તુ દુન્યવી પદાર્થોનું સ્મરણ એ જ ભારે બાધ કરનારું છે; માટે જ બુદ્ધિશાળી પુરુષે શ્રીમહાપ્રભુજીનું શરણ રાખવું. ૧૧

तस्मात्स एव मनुजैरनन्यैः साधनोज्झितैः ।
सर्वदा सर्वभावेन सेवनीयस्तदाश्रितैः ॥१२॥

તેથી શ્રીમહાપ્રભુજીને શરણે આવેલા અનન્ય અને નિઃસાધન જીવોએ હમેશાં સમગ્રભાવપૂર્વક શ્રીમહાપ્રભુજીનો આશરો રાખવો. ૧૨

## २३. मधुराष्टकतात्पर्यम् ॥

स्वरूपगुणभेदेन द्विविधं गानमुच्यते ।
स्वरूपं तु रसानन्दस्तथा लीलासमन्वितः ॥१॥

સ્વરૂપગાન અને ગુણગાન એવા ભેદે ગાન બે પ્રકારનું કહેવાય છે. પ્રભુની લીલાઓથી યુક્ત રસાત્મક જે આનંદ તે સ્વરૂપ. ૧

गुणास्तु भगवद्धर्माः स्वरूपोत्कर्षहेतवः ।
ते परोक्षे हि गीयन्ते स्वास्थ्यहेतुतयात्मनः ॥२॥

ગુણો એ તો પ્રભુના ધર્મ છે અને ઉપર જે સ્વરૂપ કહેવામાં આવ્યું તેની મહત્તા વધારે છે. જીવને એ દ્વારા શાન્તિ મળે છે એ કારણે એ ગુણોનું ગાન પ્રભુની પરોક્ષમાં થાય છે. ૨

स्वरूपं तु तदानन्दप्रत्येकावयवैस्तथा ।
तत्तल्लीलाश्रयत्वेन माधुर्येण विभाव्यते ॥३॥

રસરૂપ પ્રભુનું જે દરેક અંગ અને એ અંગ દ્વારા પ્રભુએ કરેલ જે લીલા તેનું, પ્રિયાને પ્રિયતમ તરફ જેવો ભાવ હોય તે ભાવે કરી અવગાહન કરવામાં આવે ત્યારે પ્રભુના સ્વરૂપનો અનુભવ થઈ શકે છે. ૩

निरूप्यते समानेषु यदा स्थातुं न शक्यते ।
तदा तेनैव रूपेण विरहे तापसंयुतैः ॥४॥
निरूपणं रसस्यात्र माधुर्येणैव जायते ।
तस्यानुभववेद्यत्वान्न रूपेण कथञ्चन ॥५॥

જ્યારે વિરહ દરમ્યાન તાપભાવવાળા ભક્તોથી રહી નથી શકાતું ત્યારે એઓ સ્વસમાનભાવવાળા બીજા ભક્તો આગળ એ પૂર્વ અનુભૂત સ્વરૂપનું જ નિરૂપણ કરે છે. પ્રિયાને પ્રિયતમ પ્રત્યે જેવો ભાવ હોય તે ભાવે કરીને જ આ રસનું નિરૂપણ થઈ શકે છે. આ રસ અનુભવે કરીને જ જાણી શકાય એમ છે, કહ્યે સમજાય એમ નથી. (અહીં न रूपेण कथञ्चन એ અંશમાં रूप શબ્દનો અર્થ રૂપણ, નિરૂપણ, અથવા કથન છે.) ૫

**ततः सम्भूय ताः सर्वाः स्वानुभूतरसात्मकम् ।**
**वियोगभावैः स्वं भावं वर्णयन्ति हरिं तथा ॥ ६ ॥**

માટે એ બધાં ગોપીજનોએ પોતે જે જે રસાત્મક સ્વરૂપનો અનુભવ કરેલો તે તે રસાત્મક સ્વરૂપનો અનુભવ હવે વિરહભાવે કરી એઓ ફરી કરે છે અને તે તે ભાવનું તેમજ એ ભાવાત્મક પ્રભુનું વર્ણન કરે છે. ૬

**तत्तल्लीलान्तरङ्गस्थाः स्मृत्वा स्मृत्वा तदङ्गकम् ।**
**ततो माधुर्यरूपेण रूपयन्ति परस्परम् ॥ ७ ॥**

અને તેથી કરી તે તે લીલા વિશે રહેલાં ગોપાંગનાઓ તે તે અંગનું સ્મરણ કરી તે તે અંગને મધુરતાના સ્વરૂપમાં પરસ્પર વર્ણવે છે. ૭

**एकाधरं तथैवान्या वदनं नयनं परा ।**
**एवमग्रेऽपि विज्ञेयं सम्पूर्णे मधुराष्टके ॥ ८ ॥**

એક ગોપાંગનાએ પ્રભુના અધરનું વર્ણન કર્યું, તો બીજાંએ મુખનું વર્ણન કર્યું, તો ત્રીજાંએ નેત્રનું વર્ણન

કર્યું. આમ સંપૂર્ણ મધુરાષ્ટકમાં આગળના શ્લોકમાંના તે તે અંગનું પણ જાણવું. ૮

एतदेवास्मदाचार्यैरतिगुप्तं निरूपितम् ।
तद्भावभावनं सिध्येदेतद्ग्रन्थार्थभावनात् ॥ ९ ॥

આ જ અતિ ગુપ્ત વાત આપણા શ્રીમદ્વલ્લભાધીશ્વર પ્રભુએ બતાવી છે. આ મધુરાષ્ટક ગ્રંથના અર્થની ભાવના કરવાથી પ્રભુના તે તે ભાવની ભાવના સિદ્ધ થઈ શકે. ૯

तद्बोधोऽपि निजाचार्यकृपया प्रभुकारितः ।
तादृशैर्ज्ञापितो वापि भवेन्नैवान्यथा क्वचित् ॥ १० ॥

એ અર્થનું પ્રભુનું કરાવ્યું જ્ઞાન શ્રીમહાપ્રભુજીની કૃપા વડે થાય કે ભગવદીયો જણાવે ત્યારે થાય; એ વિના અન્ય કોઈ પણ રીતે ક્યાંય પણ ન થાય. ૧૦

## २४. स्वमार्गमूलनिरूपणम् ॥

अथ श्रीकृष्णवदनपदाम्भोजप्रसादतः ।
प्रभुस्वरूपविषये किञ्चिदत्र निरूप्यते ॥ १ ॥

શ્રીઠાકોરજીના મુખારવિન્દસ્વરૂપ શ્રીમહાપ્રભુજીનાં ચરણકમલની કૃપાથી પ્રભુના સ્વરૂપના વિષયમાં કાંઈક અહીં કહેવામાં આવે છે. ૧

'रसो वै स' इति श्रुत्या स रसात्मतयोदितः ।
तत्र कृष्णे मतिः कार्या ब्रह्मवादेन सर्वथा ॥ २ ॥

'એ પ્રભુ રસરૂપ છે' એ પ્રકારના શ્રુતિવાક્યાનુસાર એ પ્રભુ રસાત્મક છે. એવા રસાત્મક શ્રીકૃષ્ણમાં બ્રહ્મવાદના સિદ્ધન્તાનુસાર ભાવ રાખવો. ૨

ब्रह्मवादे हि भगवानानन्दाकार उच्यते ।
तन्मात्रमुखपादादि सर्वं तस्य निरूप्यते ॥ ३ ॥

બ્રહ્મવાદમાં ભગવાનને આનન્દાકાર કહેવામાં આવે છે. એ પ્રભુનાં મુખ–ચરણ વગેરે સર્વ અંગ આનંદરૂપ કહેવામાં આવે છે. ૩

कोटिकन्दर्पलावण्यरूपं चानन्द एव हि ।
ऐश्वर्यादिगुणाः सर्वे तद्रूपा नैव संशयः ॥ ४ ॥

કરોડો કામદેવોના લાવણ્યનું એકત્ર મળેલ રૂપ આનંદમાં જ રહેલ છે. ઐશ્વર્ય વગેરે બધા ભગવદ્ગુણો આનન્દાત્મક જ છે, એમાં કાંઈ પણ સંશય નથી. ૪

तथाविधाकृतिब्रह्मात्मकत्वंजगतः स्मृतम् ।
मुख्यो हि जगदाकारो ब्रह्माकारो निरूपितः ॥ ५ ॥
घटकुड्याद्याकृतीनां वाचारम्भणतोच्यते ।
आनन्दो हि ब्रह्मवादे सर्वत्राकारबोधकः ॥ ६ ॥

જગત પણ આનન્દાકાર જે બ્રહ્મ તદ્રૂપ જ છે. જગતનું પ્રતીયમાન એટલે કે દેખાતું સ્વરૂપ ભલે જગદાકાર હોય, પરંતુ એનું વાસ્તવિક સ્વરૂપ બ્રહ્માકાર જ છે. ઘડો દીવાલ વગેરે વાસ્તવિક રીતે બ્રહ્મ જ છે; ફક્ત એને ઘડો નામ આપ્યું માટે ઘડો અને દીવાલ નામ આપ્યું એટલે દીવાલ. (દા. ત. કંકણ કુંડલ વગેરેના સ્વરૂપનો વિચાર

કરિયે, એ કયા પદાર્થનાં બનેલાં છે એનો વિચાર કરિયે, તો એ બધાં સોનું જ છે. સોનાના અમુક આકારને કંકણ નામ આપ્યું માટે એ કંકણ અને કુંડલ નામ આપ્યું માટે એ કુંડલ.) શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદમાં જ્યાં જ્યાં આનંદ ત્યાં ત્યાં આકાર છે જ. (લૌકિક દૃષ્ટિએ વિચાર કરિયે તો આપણા અનુભવગોચર જગતમાં પ્રેમ ઉત્સાહ કે જે આનન્દનાં જ બીજાં સ્વરૂપો છે તે જ્યાં હોય છે ત્યાં એ સત્કારાદિ ક્રિયાનું રૂપ અવશ્ય લે છે. દા. ત. એક વ્યક્તિને ઘેર આપણે જઇયે, અને આપણા પ્રત્યે એ પ્રેમ રાખતી હોય તો એ આપણને હરખથી નવડાવે, ખવડાવે, અને શું શું ન કરે, આ બધો આકાર આનંદે જ લીધો છે. પરંતુ આનંદવિહોણી યા પ્રેમવિહોણી વ્યક્તિને ત્યાં જઈ ચડિયે તો આપણને કેવો અનુભવ થાય ? આનંદનું સ્વરૂપ જ એવું છે કે એ આકાર લીધા વગર રહે જ નહિ.) ૬

न किंचिदीदृशं वस्तु निराकारं तु यद् भवेत् ।
साकारब्रह्मरूपत्वात्तदाकारेण साकृति ॥ ७ ॥

એવી કોઈ પણ વસ્તુ નથી કે જેને આકાર જ ન હોય. બ્રહ્મ સાકાર હોવાથી એ બ્રહ્મના આકારે કરી સમગ્ર જગત સાકાર છે. ૬

अत एवोक्तमाचार्यैर्निबन्धे तत्त्वदीपके ।
'अखण्डं कृष्णवत्सर्व'मिति निर्गलितं वचः ॥ ८ ॥

આથી જ "શ્રીતત્ત્વદીપનિબંધ"માં શ્રીમદાચાર્યચરણોએ સર્વના નિચોડરૂપ વાકય કહ્યું છે કે 'સમગ્ર જગત અખંડ એક કૃષ્ણસ્વરૂપ છે.' ૮

भगवद्धर्मशक्तीनामपि तद्रूपतोच्यते ।
सर्वस्वरूपमानन्दस्तदाकारस्तदाकृतिः ॥ ९ ॥

પ્રભુનાં ધર્મો અને શક્તિઓ પણ પ્રભુરૂપ છે. આનંદ એ વસ્તુમાત્રનું સ્વરૂપ છે, માટે જે આનંદનો આકાર તે વસ્તુમાત્રનો આકાર. ૯

एवं रसात्मकं ब्रह्म साकारं ज्ञेयमास्तिकैः ॥ ९½ ॥

આમ રસાત્મક એવું જે બ્રહ્મ તેને આસ્તિકોએ સાકાર આ રીતે સમજવાનું છે. ૯½

रसश्च द्विविधः सिद्धस्तच्छास्त्रे यादृशस्तथा ॥ १० ॥
संयोगविप्रयोगाभ्यां शृङ्गारो विनिरूपितः ।
संयोगवच्च विरहः स्वरूपात्मेति निश्चय. ॥ ११ ॥

રસશાસ્ત્રમાં જેવા પ્રકારનો રસ કહેવામાં આવ્યો છે તે રસ બે પ્રકારનો સિદ્ધ છે, તે જ રીતે શૃંગાર રસ સંયોગ અને વિપ્રયોગ એમ બે પ્રકારનો છે. સંયોગ રસની માફક જ વિપ્રયોગ રસ શૃંગારરસરૂપ છે એવો નિશ્ચય છે. ૧૧

इयानेव विभेदो हि मन्तव्यस्तत्स्वरूपयोः ।
क्रियात्मकस्तु संयोगो लोकवेदनिरूपितः ॥ १२ ॥
विप्रयोगस्तु भावात्मा केवलानुभवैकदृक् ॥ १२½ ॥

શૃંગારસનાં આ બે સ્વરૂપોમાં આટલો જ ભેદ જાણવો : સંયોગ રસ ક્રિયાત્મક છે અને એ લોક અને વેદમાં કહેવામાં આવેલો છે, જ્યારે વિપ્રયોગ રસ ભાવાત્મક છે અને કેવળ અનુભવથી જ જાણી શકાય તેવો છે (અનુભવાય તેવો છે). ૧૨½

भावात्मकस्वरूपस्य भावात्मानो व्रजस्थिताः ॥ १३ ॥
सदा तदेकसहितास्तद्रूपा न हि संशयः ।
तस्य सर्वैव सामग्री मन्तव्या हि तथाविधा ॥ १४ ॥

વિપ્રયોગ અથવા વિરહ એ શૃંગારસાત્મક પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ છે. એ પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ જે વિરહ તત્સંબંધી વ્રજભક્તો પણ બધાં ભાવાત્મક છે. ભાવાત્મક સ્વરૂપ જે વિરહ તે એઓને અખંડ છે, માટે એઓ પણ ભાવાત્મક જ છે એ વાત તદ્દન નિઃસંદિગ્ધ છે અને એઓની સામગ્રી પણ ભાવાત્મક જ છે. ૧૪

कदाचिन्मूललीलायाः कर्तुः प्राकट्यमीशितुः ।
श्रुतिष्वग्निकुमारेषु तत्फलप्रापणेच्छया ॥ १५ ॥
स्वदत्तवरसाफल्यविधानाय विशेषतः ॥ १५½ ॥

શ્રુતિઓ અને અગ્નિકુમાર ઋષિઓને ફલરૂપ મૂળ લીલાનો અનુભવ કરાવવા, તેમ ખાસ તો આપે એમને જે વરદાન આપેલું તે પૂર્ણ કરવા મૂલ લીલાના કર્તા જે પ્રભુ તેમનું પ્રાકટ્ય થયું. ૧૫½

[ નોંધ : વસ્તુમાત્રનાં ત્રણ સ્વરૂપ હોય છે : આધિભૌતિક, આધ્યાત્મિક અને આધિદૈવિક. દા. ત. શ્રીયમુનાજીનાં જે જલસ્વરૂપે દર્શન થાય છે તે શ્રીયમુનાજીનું આધિભૌતિક સ્વરૂપ છે. વૈષ્ણવો, ઇતરજનો અને પશુપક્ષીઓને પણ આ આધિભૌતિક સ્વરૂપનો અનુભવ થાય છે. શ્રીયમુનાજીનું નામ કાને પડતાં અથવા તો શ્રીયમુનાજીનાં દર્શન કરતાં વૈષ્ણવોને હૃદયમાં જે ભક્તિભાવ જાગે છે તે ભક્તિભાવ

જગાવનાર સ્વરૂપ તે શ્રીયમુનાજીનું આધ્યાત્મિક સ્વરૂપ. એ સ્વરૂપનો અનુભવ કેવલ વૈષ્ણવોને જ છે, બીજાને નહિ. હવે કૃપા વિચારી સન્મનુષ્યાકારે જે શ્રીયમુનાજી દર્શન આપે તે શ્રીયમુનાજીનું આધિદૈવિક સ્વરૂપ. આ સ્વરૂપનો અનુભવ કેવલ લીલાસ્થ ભક્તોને છે. જે પ્રમાણે શ્રીયમુનાજીનાં તે પ્રમાણે વેદ અથવા શ્રુતિનાં ત્રણ સ્વરૂપ છે: જે અક્ષરાકારે એટલે વર્ણાકારે વેદ રહેલ છે તે વેદનું આધિભૌતિક સ્વરૂપ, શ્રદ્ધાળુ ધાર્મિક મનુષ્યોનાં હૃદયોમાં આદરભાવ જગાવતું સ્વરૂપ તેમ અર્થાકારે રહેલું સ્વરૂપ તે આધ્યાત્મિક સ્વરૂપ, અને સન્મનુષ્યાકૃતિ સ્વરૂપ તે આધિદૈવિક સ્વરૂપ. એ આધિદૈવિક સ્વરૂપના પણ બે પ્રકાર: એક પુરુષરૂપ અને બીજું સ્ત્રીરૂપ. પુરુષરૂપ તે વેદ અને સ્ત્રીરૂપ તે શ્રુતિ. એમાં વેદ એ મર્યાદારૂપ અને શ્રુતિ એ પુષ્ટિરૂપ. મર્યાદારૂપ વેદો અને પુષ્ટિરૂપ શ્રુતિઓ વચ્ચે પુરાકલ્પમાં એક વખત પ્રભુના સ્વરૂપ વિશે ચર્ચા ચાલી. સ્વરૂપ સંબંધી અમુક ચર્ચા બાદ વેદો નેતિ નેતિ કહી ઊભા રહ્યા, પરંતુ શ્રુતિઓનાં મનમાં સતત એમ રહે કે આપણો અનુભવ પરિમિત હોય એ કારણે અનંત એવા જે પ્રભુ તેમનું સ્વરૂપ પરિમિત ન હોય. આ બાબતનો એમનાં મનમાં સતત તાપ રહે. હવે ભક્તના ક્લેશને સહન ન કરી શકતા પરમકૃપાળુ પ્રભુએ એમને પોતાના લોકવેદાતીત લીલાસ્વરૂપનો અનુભવ કરાવ્યો ત્યારે એ શ્રુતિઓએ પ્રભુ પાસે માગણી કરી કે હે 'પ્રભુ, આ સુખનો અનુભવ અમને ક્યારે થાય?' શ્રુતિઓની આ પ્રમાણેની માગણીમાં પોતાના સુખનો વિચાર હતો, પ્રભુ-

ના સુખનો નહિ. જ્યાંસુધી જીવને સ્વસુખનો વિચાર હોય ત્યાંસુધી એ લીલાનો અધિકારી નથી. આ વિચાર શ્રુતિઓનાં હૃદયમાંથી દૂર કરવા, એમનાં હૃદયને શુદ્ધ બનાવવા પ્રભુએ આજ્ઞા કરી કે 'સારસ્વત કલ્પમાં તમે વ્રજમાં ગોપીઓ થશો અને તમને આ સુખ પ્રાપ્ત થશે.' આ પ્રમાણે આજ્ઞા કરવાનું કારણ એ કે વચલા ગાળાના તાપથી એમનું હૃદય શુદ્ધ થાય. શ્રુતિઓને આ પ્રમાણે આપે વચન આપ્યું હતું તે પરિપૂર્ણ કરવા માટે આપનું પ્રાકટ્ય. ઉપરાંત કોઈ એક પુરાકલ્પમાં બ્રહ્માજીના માનસ પુત્રો તપ કરતા હતા ત્યાં શ્રીરામચન્દ્રજી પધાર્યા. શ્રી-રામચન્દ્રજીના અલૌકિક લાવણ્ય પર મુગ્ધ થઈ એઓએ માગણી કરી કે 'હે પ્રભુ, આપ અમને પતિનાં સુખ આપો.' શ્રીરામચન્દ્રજીએ ત્યારે આજ્ઞા કરી કે 'આ મારો મર્યાદાવતાર છે. મારો પુષ્ટિ-અવતારનો કૃષ્ણાવતાર થશે તેમાં તમારો મનોરથ હું પરિપૂર્ણ કરીશ.' પ્રાકટ્ય લઈ આ વરદાન પણ પૂરું કરવાનું હતું.]

स्वभावात्मव्रजजनाः प्रथमं प्रकटीकृताः ॥ १६ ॥
सांयोगात्मा स्वयं जातो वसुदेवगृहे ततः ।
नन्दगेहे समागत्य भावात्मव्रजसंश्रयम् ॥ १७ ॥
गोपिकाभावरूपं स्वमात्मानं स्वस्थितं व्यधात् ।
स्वस्थितेन स्वरूपेण सततं रमते व्रजे ॥ १८ ॥

પહેલાં એ ભાવાત્મક પોતાના વ્રજભક્તોને પ્રકટ કર્યાં. ત્યારબાદ સંયોગરસરૂપ પોતે શ્રીવસુદેવજીના ગૃહમાં પ્રકટ

થયા. ત્યારબાદ આપ શ્રીનન્દરાયજીને ઘેર પધાર્યા. ત્યાં આપનું ભાવાત્મક જે વ્રજ તેને સ્વસ્થાન બનાવી શ્રીગોપીજનોના ભાવાત્મક જે આપનું સ્વરૂપ તે સ્થિર કર્યું. અને આ સ્વરૂપે આપની લીલા વ્રજમાં સદા સર્વદા કાયમ છે. ૧૮

श्रुतीनामग्निपुत्राणां प्रथमाधिकृतिर्यतः ।
अतः क्वचित्क्वचित्तस्याविर्भावोऽत्र निरूप्यते ॥ १९ ॥

શ્રુતિઓના અને અગ્નિકુમાર જે બ્રહ્માના માનસપુત્રો તેમના મનોરથ પૂર્ણ કરવા માટે આ પ્રાકટ્ય છે, એટલે આ અવતારલીલાનાં મુખ્યાધિકારી એઓ છે, માટે વિરહભાવાત્મક પ્રભુનું જે મુખ્ય સ્વરૂપ તેનો કવચિત જ આ લીલામાં અનુભવ થાય છે. (કારણ એ કે શ્રુતિઓ અને ઋષિઓ એ પરમ સ્વરૂપના અનુભવનાં અધિકારી નથી.) ૧૯

यथा स्वरूपसेवायां कदाचिद् रूपदर्शनम् ।
देहस्य भौतिकत्वेन तथाऽत्रापि विबुध्यताम् ॥ २० ॥

અત્યારે ભૌતિક દેહથી આપણે શ્રીઠાકોરજીના સ્વરૂપની સેવા કરિયે છિયે એટલે શ્રીઠાકોરજીના મૂલસ્વરૂપનો અનુભવ કોક જ વાર થાય છે; એ પ્રમાણે શ્રુતિઓની અને ઋષિઓની બાબતમાં સમજવું. ૨૦

लीलां कृत्वा प्रमाणादि फलप्रकरणावधि ।
निरोधेन तथाऽविद्यां सपर्वां विनिवार्य च ॥ २१ ॥
स्वानन्दं पूरयित्वैव शरीरमनआदिषु ।
श्रुतयोऽग्निकुमाराश्च निर्दोषानन्दरूपिणः ॥ २२ ॥

कृतास्तेषां ततो भावं केवलं विरहात्मकम् ।
आत्यन्तिकवियोगाख्यं मुक्त्यापि फलमूर्ध्वगम् ॥ २३ ॥

फलं दत्त्वा भावरूपा व्रजस्थाः स्वस्थिताः कृताः ।
अक्रूरनयने प्रोक्ता अन्यथाभावमापिताः ॥ २४ ॥

सिद्धं विदित्वा भगवान् तत्प्राकट्यप्रयोजनम् ।
'प्रायः प्राणा'निति श्लोके तास्तत्रैव ह्यनूदिताः ॥ २५ ॥

શ્રીનન્દરાયજીને ઘેર પ્રકટ થયા બાદ પ્રમાણ પ્રકરણમાં જેની શરૂઆત થાય છે અને ફલ પ્રકરણમાં જેની પરિસમાપ્તિ છે તેવી લીલા આપે કરી પ્રથમ એમનાં મન પોતામાં પરોવ્યાં, એ દ્વારા દેહાધ્યાસ વગેરે જેનાં પાંચ પર્વો છે તેવી અવિદ્યા દૂર કરી એમનાં દેહ મન વગેરેમાં આનન્દ ભરી દીધો, અને આ રીતે એ શ્રુતિઓ અને ઋષિઓને નિર્દોષ આનન્દસ્વરૂપ બનાવ્યાં. ત્યારબાદ જેને આત્યન્તિક વિયોગ કહેવામાં આવે છે તેવું મુક્તિ કરતાંયે ચડિયાતું કેવલ વિરહભાવાત્મક ફલ આપ્યું અને ત્યારબાદ વ્રજમાં રહેલ એમને પોતાના સ્વરૂપમાં સ્થિર કર્યાં. અક્રૂરજી જ્યારે શ્રીઠાકોરજીને વ્રજમાંથી પધરાવી ગયા તે વખતે અન્યથાભાવ એટલે સંયોગથી વિપરીત જે વિરહભાવ તેનું પ્રભુએ દાન કરાવ્યું, કારણ કે પ્રભુએ જાણ્યું કે એઓ જે કારણે વ્રજમાં પ્રકટ થયાં છે તે તો હવે સિદ્ધ થઈ ચૂક્યું છે. 'प्रायः प्राणान्' (?) એ શ્લોકમાં આ શ્રુતિઓ અને ઋષિઓના સંબંધમાં જ કહેવામાં આવ્યું છે.

[ નોંધ : 'प्रायः प्राणान्' એ શ્લોક ક્યાં છે એ હાથમાં ન આવતાં અહીં દોઢ કે બે શ્લોકમાં અર્થ સન્દિગ્ધ રહે છે. શ્રુતિઓને અને ઋષિઓને આપે વરદાન આપેલું કે 'સારસ્વતકલ્પમાં કૃષ્ણાવતારમાં હું તમારા મનોરથો પૂરા કરીશ.' આ પ્રયોજને કરી પ્રભુ પણ વ્રજમાં પ્રકટ થયા અને શ્રુતિઓ અન્યપૂર્વા ગોપિકાસ્વરૂપે અને ઋષિઓ અનન્યપૂર્વા ગોપિકાસ્વરૂપે પ્રકટ થયેલાં. રાસ રમાડી પ્રભુએ એમના મનોરથ પૂરા કર્યા. હવે સંયોગ-દશાની આવશ્યકતા ન રહી એટલે પ્રભુએ એમને નિત્યવિરહભાવ-રૂપ ફલનું દાન કર્યું. ] ૨૫

श्रुतयोऽग्निकुमारास्तु स्वात्मरूपव्रजस्थिताः ।
आत्यन्तिकस्वविरहफलभाजस्तथा कृताः ॥ २६ ॥
अन्तर्गृहगताः स्वस्मिन् क्रियारूपेण वेशिताः ।
तेषां स्वावसरे स्वस्मान्निष्कास्य रमणं पुनः ॥ २७ ॥
प्रवेशनित्यसंयोगरूपेणैव व्यवस्थितिः ॥ २७½ ॥

શ્રુતિઓ અને ઋષિઓને સ્વરૂપાત્મક વ્રજમાં સ્થિર કરી પોતાના આત્યન્તિક વિરહરૂપ ફલનાં અનુભવી બનાવ્યાં; પરન્તુ જે અન્તર્ગૃહગતા હતાં, એટલે કે પ્રભુએ રાસ રમાડવા વેણુનાદ કરી બોલાવ્યાં તે વખતે જેઓ ઘરમાં પુરાઈ રહ્યાં હતાં તેમને ભાવસ્વરૂપે નહિ, પરંતુ ક્રિયાસ્વરૂપે પ્રભુએ પોતાનામાં દાખલ કર્યાં. જ્યારે જ્યારે એમનો સમય આવે છે ત્યારે (એટલે કે જ્યારે એમની સાથે રમણ કરવાનો વારો આવે છે ત્યારે) એમને પોતામાંથી બહાર કાઢે છે,

એમની સાથે વિહાર કરે છે, અને પાછાં પોતાનામાં સમાવી દે છે. આ રીતે પ્રવેશ અને નિત્યસંયોગ એ એમની પરિસ્થિતિ છે.

[ નોંધ : શ્રુતિરૂપા અને ઋષિરૂપાને પ્રભુએ નિત્ય-વિરહનું દાન કર્યું છે અને અન્તર્ગૃહગતાને નિત્યસંયોગનું દાન કર્યું છે. ] ૨૭½

भावरूपास्तु तेनैव रूपेणेति विबुध्यताम् ॥ २८ ॥
उभयो: साकृतित्वं हि मन्तव्यं ब्रह्मवादिभि: ॥ २८½ ॥

બન્નેને ભાવરૂપ આ રીતે સમજવાં અને બ્રહ્મવાદી-ઓએ તો આ બન્નેને સાકાર જ સમજવાનાં છે.

[ નોંધ : આ અનુભવગમ્ય બાબતો છે, બુદ્ધિગમ્ય નથી, એમ છતાં એનું બુદ્ધિથી નિરૂપણ નીચે મુજબ થઈ શકે છે. રમણ બે પ્રકારનું છે : એક ક્રિયારમણ અને બીજું ભાવરમણ. લૌકિકમાં ક્રિયારમણની મુખ્યતા છે, અલૌકિકમાં ભાવરમણની મુખ્યતા છે. મહેમાન ઘેરે આવે તેને જમાડવો જ જોઇયે. ન જમાડે તો એનું ન પેટ ભરાય કે ન મન સંતોષાય. પરન્તુ સ્નેહીને જમાડે એવો આગ્રહ જરાયે નથી હોતો, એ તો સામાને સ્નેહ છે એટલાથી જ તૃપ્ત છે. ક્રિયારમણ અનિત્ય છે, ભાવરમણ નિત્ય છે. ક્રિયારમણ પરાધીન છે, ભાવરમણ સ્વાધીન છે. ક્રિયારમણમાં સુખ ઉપરાંત આગળ પાછળ દુઃખની સંભાવના છે, ભાવરમણ સદાસર્વદા સુખરૂપ જ છે. ] ૨૮½

सर्वाधारो लोकवेदप्रथितः पुरुषोत्तमः ॥ २९ ॥
तदाधारोऽक्षरस्तस्य प्रपञ्चस्तद्गतैः पुनः ।
जीवैरक्षरतो ज्ञेयस्तदतीतः परः पुमान् ॥ ३० ॥

લોક અને વેદમાં પ્રસિદ્ધ એવા જે પુરુષોત્તમ તે સર્વના આધારરૂપ છે. એ પ્રભુનો આધાર અક્ષરબ્રહ્મ છે. અક્ષરબ્રહ્મનો આધાર અલૌકિક પ્રપંચ છે. (લીલા)માં રહેલા જીવોએ એ જ અલૌકિક પ્રપંચ અક્ષરથી પર એવા પુરુષોત્તમને સમજવા. ૩૦

ततः श्रीगोपिकावृन्दगूढभावः परो हरिः ।
श्रीमदाचार्यकृपया विज्ञेयः कृष्ण एव हि ॥ ३१ ॥

શ્રીગોપીજનોના હૃદયમાં ગૂઢભાવસ્વરૂપે રહેલા હરિ તો એનાથીયે પર છે અને એ શ્રીકૃષ્ણ કેવલ શ્રીમદાચાર્ય શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ જાણી શકાય છે. ૩૧

## २५. मूलरूपसंशयनिराकरणम् ॥

सदा श्रुतीनां कृपया मूलरूपप्रदर्शकः ।
रसात्मकस्वरूपात्मगोपीजनसमन्वितः ॥ १ ॥

तथाभूतव्रजश्रीमद्गोवर्धनविलासकृत् ।
यथा ह्यग्निसुतान्सर्वान्कृपया कोसलेन्द्रतः ॥ २ ॥

अनुगृह्य स्वरूपात्मभक्तावेशं विधाय च ।
तदा तद्रूपतापत्तिमूललीलापरायणः । ३ ।

यथा वा पूर्वरूपेऽपि स्वयमाविश्य सर्वतः ।
मूलरूपेण कृतवाँल्लीलास्तद्वत्स्वयं हरिः ॥ ४ ॥
तथा श्रुतिषु सर्वासु भावात्मा स्वीयरूपताम् ।
सम्पाद्य मूलरूपेण रमते तादृशीषु वै ॥ ५ ॥
आश्रयत्वं तथा भावे प्रभोस्तत्र तथात्र हि ।
उभयोर्भावरूपत्वं मन्तव्यं ब्रह्मवादिभिः ॥ ६ ॥

શ્રુતિરૂપ જે શ્રીગોપીજનો તેઓની કૃપા દ્વારા જ શ્રીઠાકોરજી પોતાનું મૂલ રૂપ બતાવે છે. આપ સદા રસાત્મક અને સ્વરૂપાત્મક જે શ્રીગોપીજનો તેમની સાથે જ સદા-સર્વદા રહેલા છે. રસાત્મક અને સ્વરૂપાત્મક જે વ્રજ અને શ્રીગિરિરાજજી ત્યાં આપ નિત્યવિલાસ કરી રહ્યા છે. પહેલાં શ્રીરામચન્દ્રજીસ્વરૂપે અગ્નિકુમાર જે ઋષિઓ તેમના ઉપર આપે કૃપા વિચારી. ત્યારબાદ સ્વરૂપાત્મક જે ભાવ તેનું એમના હૃદયમાં સ્થાપન કર્યું ત્યારે એ ઋષિઓ ઋષિરૂપા–ગોપીજન–સ્વરૂપે સ્વરૂપાત્મક બન્યા. આપનાં બે સ્વરૂપ : એક ઉત્તરદલાત્મક વિરહભાવાત્મક મૂલલીલાસ્વરૂપ અને બીજું પૂર્વદલાત્મક સંયોગરસાત્મક પૂર્વરૂપ. આપનો નિત્યવિહાર તો મૂલલીલાસ્વરૂપે એટલે વિરહભાવાત્મક સ્વરૂપે જ છે, છતાંયે સંયોગરસાત્મક સ્વરૂપમાં વિરહભાવાત્મક સ્વરૂપે વિહાર પણ કરે છે. જેમ ઋષિરૂપાની બાબતમાં તેમ, વળી જેમ ઉપર વર્ણવેલ પ્રકાર માં તેમ, શ્રુતિરૂપાઓની બાબતમાં પણ વિરહભાવાત્મક સ્વરૂપે આપ પ્રવેશ કરે છે. એ શ્રુતિરૂપાઓને સ્વરૂપાત્મક

બનાવે છે અને એમનામાં રમણ કરે છે. આવી રીતે સ્વરૂપાત્મક બનેલાં વ્રજભક્તો, એ ભગવાન જ્યારે આવી રીતે બની રસદાન યા વિહાર કરે છે ત્યારે એ ભગવાનનાં આશ્રય યા આધારભૂત છે. જેમ એ લીલામાં તેમ અત્યારે પણ આધેયભૂત પ્રભુ અને આધારભૂત શ્રીગોપીજનોનાં હૃદયો એ બંનેને બ્રહ્મવાદને અનુસરતા ભક્તોના ભાવરૂપ જ સમજવાનાં છે. ૬

मुख्यशक्तिस्वरूपं तु स्त्रीभावो हरिरुच्यते ।
तत्र स्त्र्यंशः परा शक्तिर्भावांशः कृष्णशब्दितः ॥ ७ ॥

यथा हि सर्वभावात्मा कृष्णः सापि च तादृशी ।
विशिष्टस्यैव सर्वेषां कृष्णस्य हृदये स्थितेः ॥ ८ ॥

द्वयोर्मिलितयोर्वाच्यं मन्मथत्वमभेदतः ।
द्विपत्रत्वाद्रसस्यालम्बने द्वैविध्यमुच्यते ॥ ९ ॥

મૂલ સ્વરૂપનાં બે દલ છે: એક સ્ત્રીદલ અને બીજું ભાવદલ. સ્ત્રીદલ એ મુખ્ય શક્તિ છે અને ભાવદલ એ પ્રભુ છે. સ્ત્રીદલ એ પરાશક્તિ છે અને ભાવદલને કૃષ્ણ કહેવામાં આવે છે. જેમ ભાવદલસ્વરૂપ કૃષ્ણ સર્વભાવાત્મક છે તેમ સ્ત્રીદલરૂપ પરાશક્તિ પણ સર્વભાવાત્મક છે. ભક્તના હૃદયમાં સ્ત્રીદલયુક્ત ભાવદલ પ્રભુ બિરાજે છે. બન્ને દલો એકમેક થાય છે ત્યારે તો એ એકમેકતાને કારણે એ બન્ને અલૌકિકશૃંગારરસરૂપતા પ્રાપ્ત કરે છે, પરંતુ રસ દ્વિદલાત્મક હોઈ આલમ્બનસ્વરૂપ શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી એમ ભિન્ન પ્રકારે એ રસનું નિરૂપણ કરવામાં આવે છે. ૯

एवं हि संशयः सर्वैश्छेत्तव्यः प्रभुसंश्रितैः ।
विशिष्टे गोकुलाधीशरूपे सर्वत्र सर्वथा ॥ १० ॥

આ પ્રમાણે પ્રભુના આશરે આવેલા ભગવદીયોએ બધે સ્થળે બધી રીતે શ્રીસ્વામિનીજી સહિત બિરાજતા શ્રીગોકુલાધીશસ્વરૂપમાં થતા સર્વ સંદેહોને દૂર કરવા. ૧૦

## २६. श्रीमत्प्रभुप्राकट्यहेतुनिर्णयः ॥

भक्तिमार्गे भगवतः प्राकट्यं फलमुच्यते ।
परमानन्दरूपत्वात्तदाविर्भवनं तथा ॥ १ ॥

ભક્તિમાર્ગમાં પ્રભુનું પ્રકટ થવું એ જ ફલ કહેવાય છે. પ્રભુ પરમાનન્દનરૂપ હોવાથી (અને આનંદ એ જ પરમ ફલ હોવાથી) પ્રભુનું પ્રકટ થવું એ ફલરૂપ છે. ૧

तत्र हेतुर्भक्तदुःखं, रूपत्रितयके हरेः ।
अवतारोऽपि भक्तानां दुःखादेव हरेर्मतः ॥ २ ॥

પ્રભુનું પ્રાકટ્ય થવામાં હેતુ ભક્તનું દુઃખ હોય છે. પ્રભુનાં ત્રણે રૂપોમાં પણ પ્રભુનો અવતાર ભક્તોની તકલીફને કારણે જ હોય છે.

[ નોંધ : ભક્તોને અન્યથી થતાં દુઃખ દૂર કરવા જે રૂપ પ્રભુ ધારણ કરે છે તે એક રૂપ, પ્રભુનાં દર્શનાદિ માટે ઉત્કટ ઇચ્છા જાગે અને એ પરિપૂર્ણ કરવા પ્રભુ જે રૂપ લે તે બીજું રૂપ, અને સહજ સ્નેહને લઈ પ્રભુ સંબંધી

જે દુઃખ ભક્તને થતું હોય તે દુઃખ દૂર કરવા પ્રભુ રૂપ લે તે ત્રીજું રૂપ.] ૨

'भवदुःखविनाशाये'त्यत्रोक्तं प्रभुभिस्तथा ॥ २½ ॥

આ વાત શ્રીમહાપ્રભુજીએ 'भवदुःखविनाश–પ્રભુ સંસારનાં દુઃખોના નાશ માટે પ્રકટ થાય છે' એ પ્રસંગમાં કહી છે. ૨½

यदान्यविहितं दुःखं भक्तानामिह जायते ॥ ३ ॥
तदासुरविनाशायावतरत्यसौ हरिः ॥ ३½ ॥

જ્યારે ભક્તોને કોઈ અન્ય અસુરાદિકથી દુઃખ થાય છે ત્યારે એવા અસુરોનો સંહાર કરવાને માટે પ્રભુ તરત પ્રકટ થાય છે. ૩½

कामेन यत्र तद्दुःखं स्वरूपविषयं मतम् ॥ ४ ॥
आविर्भावो भवेत्तत्र हरेः पूर्णरसात्मनः ॥ ४½ ॥

કામે કરી જ્યાં એવા પ્રકારનું દુઃખ પ્રભુના સ્વરૂપને પ્રાપ્ત કરવાના વિષયમાં હોય છે ત્યાં એવા પૂર્ણરસઘન પ્રભુનું પ્રાકટ્ય થાય છે. ૪½

यत्रैव सहजस्नेहाद् दुःखं तत्र स्वयं हरिः ॥ ५ ॥
मूलरूपेण करुणस्तदर्थं प्रकटो भवेत् ॥ ५½ ॥

જ્યાં સહજ સ્નેહને અંગે દુઃખ થયેલું હોય છે ત્યાં કરુણાના સાગર પ્રભુ પંડે જ મૂલ સ્વરૂપે પ્રકટ થાય છે. ૫½

यथा ब्रह्माद्यर्थनया देवकीवसुदेवयोः ॥ ६ ॥
काम्यया श्रुतिरूपाणां सहजस्नेहतो ह्यभूत् ।
अतो भक्तगतं दुःखं प्राकट्ये हेतुरुच्यते ॥ ७ ॥

ઉપર ત્રણ પ્રકારનાં પ્રાકટ્ય વર્ણવ્યાં તેઓમાં પ્રથમ પ્રકારનું પ્રાકટ્ય ભક્તોને અસુરોથી થતું દુઃખ દૂર કરવા માટેનું તે બ્રહ્માદિ દેવોએ પ્રભુ પાસે જઈ પ્રાર્થના કરી તેને લઈ થયું છે; બીજું ભક્તોની ઇચ્છા પરિપૂર્ણ કરવાં માટેનું પ્રાકટ્ય તે શ્રીવસુદેવ અને દેવકીજીની જે ઇચ્છા કે અમને પ્રભુ જેવા પુત્ર પ્રાપ્ત થાય તે પરિપૂર્ણ કરવા થયું છે; અને ત્રીજું, શ્રુતિરૂપાઓના સહજ સ્નેહને લઈ થયેલું પ્રાકટ્ય તે. આ રીતે પ્રભુપ્રાકટ્યમાં કારણ ત્રણ છે: (૧) ભક્તને થતું દૈહિક દુઃખ, (૨) ભક્તને થતું માનસિક દુઃખ, અને (૩) ભક્તને થતું સ્નેહજ દુઃખ.

[ નોંધ: બે પ્રકારનાં દુઃખોમાં જીવને પોતાના સુખનો વિચાર છે અને ત્રીજા પ્રકારના દુઃખમાં જીવને પ્રભુના સુખનો વિચાર છે. ] ૭

**दुःखं तु विरहादेव जायते नान्यथा पुनः ।**
**विरहोऽपि तदा दुःखहेतुर्हृदि यदि स्फुरेत् ॥ ८ ॥**

દુઃખ છે તે પ્રભુના વિરહે કરીને થાય છે, બીજી રીતે નહિ. વિરહ પણ દુઃખના કારણરૂપ ત્યારે જ થાય કે જ્યારે એની સ્ફૂર્તિ હૃદયમાં થાય. [ હૃદયમાં વિરહ વ્યાપી ન જાય ત્યાંસુધી દુઃખનો અનુભવ નથી જ થતો. ]

[ નોંધ: અનવતાર દશામાં તો વિરહ જીવમાત્રને છે, પરન્તુ એ વિરહનું દુઃખ કયા જીવને છે? ] ૯

**तत्स्फूर्तिस्तेन भगवत्सम्बन्धो द्विविधो मतः ।**
**देहभावविभेदेन, तत्राद्यो हरिणा स्मृतः ॥ ९ ॥**

अवतारो द्वितीयः स्यात्परोक्षाध्यक्षयोरपि ।
यथा पत्या स्त्रिया भावसम्बन्धो न हि देहजः ॥ १० ॥
स जायते निरुपधिः स्वसर्वस्वनिवेदनात् ॥ १०½ ॥

વિરહ હૃદયમાં વ્યાપે ત્યારે ભગવાન સાથે સંબંધ થાય છે. સંબંધ બે પ્રકારનો છે : એક દેહે કરી અને બીજો ભાવે કરી. એમાં દેહે કરી સંબંધ ત્યારે થાય કે જ્યારે પ્રભુ સ્વેચ્છાએ કરી ભક્તને સંયોગનું સુખ આપવા પધારે. આ રીતે દેહસંબંધ પ્રભુને અધીન છે અને અનિત્ય છે, જ્યારે ભાવસંબંધ સ્વાધીન અને નિત્ય છે. એ સંબંધ પ્રભુ પ્રત્યક્ષ હોય કે પરોક્ષ હોય, બન્ને સ્થિતિમાં હોય છે. દા. ત. પત્નીનો પતિ સાથે જે સંબંધ છે તે ભાવસંબંધ છે, દેહસંબંધ નથી. અને એ ભાવસંબંધ સર્વસ્વનિવેદન દ્વારા જ સંભવી શકે છે.

[નોંધ : પત્ની પતિસમાગમનું સુખ લેતી હોય કે પતિથી આઘી હોય, પરન્તુ એને મનમાં એ જ બુદ્ધિ છે કે આ મારો પતિ છે. વેશ્યાને પોતાના યાર સાથેના સંબંધમાં કેવળ દેહસંબંધ હોય છે, ભાવસંબંધનો છાંટોયે નથી હોતો, દેહસંબંધ કરી જાય અને દ્રવ્ય આપી જાય એટલું જ. ] ૧૦½

यथा कन्या स्वसर्वस्वं निवेद्य च निजाग्रहात् ॥ ११ ॥
गृह्णाति तद्गतं भावं परोक्षे तापरूपिणम् ।
तथात्रापि स्वसर्वस्वं निवेद्य स्वाग्रहादपि, ॥ १२ ॥
ऊरीकृत्य च तद्भावं परोक्षे तापरूपिणम् ।
तस्यानुभावतः कृष्णप्राकट्यं हृदये मतम् ॥ १३ ॥

જે પ્રમાણે કન્યા પોતાના આગ્રહે કરી પતિદેવને પોતાના સર્વસ્વનું સમર્પણ કરી પરોક્ષમાં પતિના વિરહના તાપકલેશરૂપી ભાવનો સ્વીકાર કરે છે તે જ પ્રમાણે અહીં પોતાના આગ્રહથી પણ પોતાના સર્વસ્વનું પ્રભુને સમર્પણ કરી પરોક્ષમાં વિપ્રયોગાત્મક તાપકલેશરૂપી પ્રભુવિષયક ભાવનો સ્વીકાર કર્યે ભક્તના અનુભવે કરી ભક્તને પોતાના હૃદયમાં શ્રીકૃષ્ણચંદ્રજીનું પ્રાકટ્ય થાય છે. ૧૩

## ૨૭. श्रीपुरुषोत्तमस्वरूपाविर्भावनिर्णयः ॥

अथ स्वाचार्यचरणावलम्बनबलान्मया ।
पुरुषोत्तमरूपाविर्भावे किञ्चिन्निरूप्यते ॥ १ ॥

હવે શ્રીમદાચાર્યચરણોના આશ્રયના બળે કરી શ્રીપુરુષોત્તમના સ્વરૂપના આવિર્ભાવ વિષયમાં હું કાંઈક કહું છું. ૧

रसात्मकः श्रुतिशिरःसिद्धः स पुरुषोत्तमः ।
रसः शृङ्गार एवास्ति नाट्यसिद्धान्तसम्मतः ॥ २ ॥
अन्येषु रसता नैव मन्यन्ते भरतादयः ।
शृङ्गाररससम्बन्धादन्येऽपि स्यू रसा इति ॥ ३ ॥
यथैवोपकृतिः सर्वा महतां स्वर्णनिर्मिता ।
शृङ्गारस्य तथा कार्ये रसा एवोपयोगिनः ॥ ४ ॥

પુરુષોત્તમ ઉપનિષદોમાં વર્ણવ્યા છે તેવા રસરૂપ છે. શૃંગાર એ એક જ રસ છે. અને નાટ્યશાસ્ત્રનો સિદ્ધાન્ત

પણ એ જ છે. નાટચશાસ્ત્રના રચનારા ભરત વગેરે મહર્ષિઓ બીજા રસોને રસ માનતા જ નથી. એ બધા શૃંગારરસ સાથે સંબંધ રાખતા હોય તો જ રસ, બાકી નહિ. જે પ્રમાણે મોટા માણુસના કામમાં સોનું આવે છે તે પ્રમાણે શૃંગારરસના કામમાં એ બધા રસો આવે છે. (મોટા વાપરે છે એટલે સોનાની કિંમત, બાકી સોનાનો ભાવ કોણ પૂછે ?) ૪

स एव श्रुतिवाक्यैकवाक्यताबलतः स्फुटः ।
साकारः सच्चिदानन्दो विरुद्धाखिलधर्मभृत् ॥ ५ ॥
रूपवानखिलाधारोऽनन्तशक्तिः स्वभावतः ।
अप्राकृतनिजानन्दरूपदेहेन्द्रियादिकः ॥ ६ ॥

શ્રુતિનાં સમગ્ર વાક્યોની એકવાક્યતાના બળે કરી સ્ફુટ એવા એ જ રસાત્મક પ્રભુ સાકાર છે, સત્–ચિત્–આનન્દ-સ્વરૂપ છે, સર્વ વિરુદ્ધ ધર્મો (અણુ કરતાંયે અણુ, મહાન કરતાંયે મહાન, વગેરે)ના આશ્રયરૂપ, રૂપવાળા, સર્વના આધારરૂપ, અનન્ત શક્તિવાળા, સ્વભાવે કરી અલૌકિક એવા પોતાના આનન્દરૂપ દેહ–ઇન્દ્રિય વગેરે–વાળા છે. ૬

स शास्त्रे द्विविध प्रोक्तः संयोगो विरहस्तथा ।
रसे यथा तारतम्यं संयोगाद्विरहे तथा ॥ ७ ॥
तत्स्वरूपेऽपि मन्तव्यं भक्तानुभवतः स्फुटम् ॥ ७½ ॥

એ રસને શાસ્ત્રમાં સંયોગ અને વિપ્રયોગ એમ બે પ્રકારનો કહ્યો છે. રસમાં સંયોગશૃંગારથી વિપ્રયોગ–શૃંગારનો જેમ ભેદ છે તે જ પ્રમાણે રસાત્મક પ્રભુના

સ્વરૂપમાં પણ ભક્તોને એ પ્રકારનો અનુભવ હોવાથી સ્ફુટ રીતે ભેદ જાણવો. ૭½

पूर्वोऽखिलस्य शास्त्रीयक्रियाधारस्तथोत्तरः ॥ ८ ॥
भावात्मा भावरूपैकक्रियामात्राश्रयः स्मृतः ॥ ८½ ॥

સંયોગશૃંગારરસ જે પ્રમાણે સમગ્ર રસશાસ્ત્રની ક્રિયાઓના આધારરૂપે રહેલો છે, તે જ પ્રમાણે વિપ્રયોગ એ ભાવાત્મક છે તેમજ ભાવરૂપ સમગ્ર ક્રિયાઓના આશ્રયરૂપે રહેલો છે. ૮½

लोकवेदप्रसिद्धो हि पूर्वस्तस्मात्तथा मतः ॥ ९ ॥
श्रुतिसिद्धाखिलब्रह्मधर्माधारो जगत्कृतिः ।
चतुर्व्यूहादिसहितः सर्वाश्चर्यमयो हरिः ॥ १० ॥
उत्तरो गूढभावत्वाद् भक्तैकहृदयस्थितः ।
अनुभूतिप्रमाणैकवेद्यो मानान्तरातिगः ॥ ११ ॥
अनन्तकोटिलीलानामाश्रयो नित्यनूतनः ॥ ११½ ॥

શૃંગારના પૂર્વદલરૂપ પ્રભુ લોક અને વેદમાં પ્રસિદ્ધ છે, માટે તો એ પ્રભુને લોકવેદપ્રથિત કહેવામાં આવે છે. એ પ્રભુ શ્રુતિમાં સિદ્ધ સમગ્ર બ્રહ્મધર્મોના આધારરૂપ જગત જેનું કાર્ય છે તેવા વાસુદેવ–સંકર્ષણ–પ્રદ્યુમ્ન–અનિરુદ્ધ એ ચારવ્યૂહસહિત, સમગ્ર આશ્ચર્યોના ધામરૂપ એવા છે, જ્યારે વિપ્રયોગશૃંગારાત્મક પ્રભુ ભાવના ગૂઢપણાને લીધે માત્ર ભક્તોનાં જ હૃદયમાં સ્થિતિ કરી રહેલા, માત્ર અનુભવરૂપ એક જ પ્રમાણથી જાણી શકાય તેવા, અન્ય કોઈ

પણ પ્રમાણોથી જાણી ન શકાય તેવા, અનન્ત કરોડો લીલાઓના આશ્રયરૂપ અને નિત્યનવા એવા છે. ૧૧½

प्रकृते सर्वरूपेण प्रादुर्भावो हरेर्मतः ॥१२॥
व्यवस्था तत्र रचिता श्रीमदाचार्यपण्डितैः ॥१२½॥

અને વ્રજલીલામાં જે પ્રાકટ્ય છે તે ઉત્તરદલાત્મક સર્વરૂપ પ્રભુનું છે. અને પ્રાકટ્ય અંગેની સર્વ વ્યવસ્થા એટલે સ્પષ્ટ સમઝાવટ શ્રીમદાચાર્યચરણ શ્રીમહાપ્રભુજીએ કરી છે. ૧૨½

लोकवेदप्रसिद्धस्तु व्यूहयुक्तो हरिस्तथा ॥१३॥
वसुदेवगृहे जातो वाक्यसत्यत्वसिद्धये ॥१३½॥

લોક અને વેદમાં પ્રસિદ્ધ એવા પ્રભુ વસુદેવજીને પૂર્વ જન્મમાં આપેલા વાક્યને સત્ય કરવાને માટે ચારે વ્યૂહ સાથે વસુદેવજીના ઘરમાં પ્રકટ્યા. ૧૩½

व्यूहत्रयस्य तत्रास्ति कार्यं तद्धि निरूपितम् ॥१४॥
तस्मात एव व्यूहानामाविर्भावोऽपि रूपितः ॥१४½॥

વસુદેવજીને ત્યાં જે પ્રાકટ્ય છે ત્યાં વાસુદેવનું કાર્ય જે મુક્તિ આપવી તે તો છે, ઉપરાંત અન્ય વ્યૂહોનું કાર્ય જે ભૂભારહરણાદિ તે પણ છે. એ સ્થલે એનું નિરૂપણ કરવામાં આવ્યું છે અને એટલા વ્યૂહો પ્રકટ થયા છે એમ પણ કહેવામાં આવ્યું છે. ૧૪½

वासुदेवस्य कार्यं तु व्रजेऽप्यस्ति न संशयः ॥१५॥
पूतनादिमहादैत्यमुक्तिदानान्निरूप्यते ॥१५½॥

વાસુદેવવ્યૂહનું કાર્ય વ્રજમાં પણ છે એમાં સંશય નથી. પૂતના વગેરે મહાન દૈત્યાદિનો વધ કરી એઓને મુક્તિ આપવાના કાર્યથી વાસુદેવવ્યૂહની સાર્થકતા છે. ૧૫½

अग्रे राजन्यदैत्यांशमारणं यन्निरूपितम् ॥१६॥
तत्सङ्कर्षणरूपेण भूभारहरणं मतम् ॥१६½॥

આગળ રાજસ પ્રકરણમાં દૈત્યાંશવાળા કંસાદિ રાજાઓનો જે વધ કરવામાં આવ્યાનું કહેવામાં આવ્યું છે તે ભૂભારહરણ સંકર્ષણવ્યૂહનું કાર્ય છે. ૧૬½

अतो हि वासुदेवाख्यः शुद्धसत्त्वात्मकः परः ॥१७॥
आविर्भावाय कृष्णस्य प्रादुरासीदितीर्यते ॥१७½॥

આથી શુદ્ધસત્ત્વસ્વરૂપાત્મક પર પ્રભુ વાસુદેવ નામે શ્રીકૃષ્ણચન્દ્રજીના પ્રાકટ્યને માટે પ્રકટ થયેલા એમ કહેવાય છે. ૧૭½

भावात्मा तु भवत्येव शुद्धे सत्त्वे स्वयं प्रभुः ॥१८॥
इति बोधयितुं वासुदेवोत्पत्तिर्निरूपिता ।
तमादाय शुकेनोक्त'मुत्पन्न' इति सिद्धवत् ॥१९॥

'ભાવાત્મક શુદ્ધ પ્રભુ તો પોતે શુદ્ધ સત્ત્વ ગુણમાં રહે છે જ' એવું બતાવવા વાસુદેવવ્યૂહની ઉત્પત્તિ કહી છે. આ વાત ખ્યાલમાં રાખીને જ 'नन्दः स्वात्मज उत्पन्ने' (ભાગ. ૧૦–૫–૧) એ સ્થલે પ્રભુ ઉત્પન્ન થઈ ચૂક્યા છે એ પ્રમાણે વાત થઈ ગઈ હોય એમ વર્ણન છે. ૧૯

स्तन्योत्पत्तिश्च तेनैव न प्रभोर्भावरूपतः ।
इयमेव खलूत्पत्तिः शुद्धे सत्वे स्थितिर्हरेः ॥२०॥

માતાજીને ધાવણુ ઉત્પન્ન થયું એ વાસુદેવવ્યૂહ ઉત્પન્ન થયા એ માટે જ. પ્રભુ ભાવાત્મક હોવાથી પ્રભુને માટે ધાવણુ–ઉત્પત્તિ ન હોય. શુદ્ધ સત્ત્વગુણમાં પ્રભુની જે સ્થિતિ તે જ આ ઉત્પત્તિ. ૨૦

आविर्भावे तदेवात्र मन्नाथैरुपवर्णितम् ।
अन्यथा भावरूपस्य का वाच्योत्पत्तिशब्दिता ॥२१॥
अत 'आत्मज उत्पन्न' इति नन्दमतिस्तदा ।
युज्यते नान्यथा साक्षादुत्पन्ने मतिवर्णनम् ॥२२॥
कथं च विवृतावस्मदाचार्याणां हि युज्यते ॥२२½॥

શ્રીઠાકોરજીનું પ્રાકટ્ય થયું તે પ્રસંગનાં શ્રીસુબોધિની-જીમાં આ બાબતનો ખુલાસો મારા સ્વામી શ્રીમહાપ્રભુજીએ સુંદર રીતે કર્યો છે. ભાવરૂપ પ્રભુ ઉત્પન્ન થયા એમ ત્યારે જ કહી શકાય કે જ્યારે સદાસર્વદા વિદ્યમાન ભાવરૂપ પ્રભુના આધારભૂત વાસુદેવની ઉત્પત્તિ થાય. ભાવરૂપ પ્રભુ તો અજન્મા છે; એમની ઉત્પત્તિ સંભવે જ નહિ. [દા. ત. ગુલાબનું ફૂલ ઉત્પન્ન થાય છે; એનો સુગન્ધ તેમજ ગુલાબી રંગ તો સદાસર્વદા એમાં રહેલા જ છે, એ ઉત્પન્ન થતા નથી. એ ઉત્પન્ન થયા ત્યારે કહેવાય કે જ્યારે પહેલાં સુગન્ધ અને ગુલાબી રંગ રહિત ગુલાબનું ફૂલ ઉત્પન્ન થાય અને પછી એમાં પાછળથી એ સુગન્ધ અને ગુલાબી રંગો ઉત્પન્ન થતા હોય. પરંતુ આવું કદી બનતું જ નથી, ગુલાબ જ ઉત્પન્ન થાય છે, એનો સુગન્ધ તેમજ ગુલાબી રંગ તો એમાં સદાસર્વદા રહેલા જ છે. એ પ્રમાણે ઉત્પત્તિ

તો શુદ્ધસત્ત્વાત્મક વાસુદેવ વ્યૂહની જ છે. એ વ્યૂહમાં ભાવાત્મક પ્રભુ તો સદાસર્વદા વિદ્યમાન જ છે. એ ભાવાત્મક પ્રભુ ઉત્પન્ન થતા જ નથી માટે એવા પ્રભુની ઉત્પત્તિ જ્યાં વર્ણવવામાં આવી હોય ત્યાં એના અધારભૂત શુદ્ધસત્ત્વાત્મક વાસુદેવની જ ઉત્પત્તિ જ સમજવી. પ્રભુના પ્રાકટ્ય સમયે નન્દરાયજીને એવો ભાવ જાગ્યો કે મારે ત્યાં પુત્ર પ્રકટ્યા છે. શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમાં આ પ્રમાણે સ્પષ્ટ આજ્ઞા કરી છે. વૃત્તાન્તદૃષ્ટિએ વિચારિયે તો 'નન્દરાયજીને ત્યાં પુત્ર પ્રકટ થયા જ નથી, નન્દરાયજીની એ પ્રમાંણેની બુદ્ધિ તે એક ભ્રાન્તિ જ છે; અને નન્દરાયજીને એ પ્રમાણેની ભ્રાન્તિ જ હોય તો એ નિત્ય વૃદ્ધિંગત થતો આનન્દ ઉલ્લાસ અને પ્રેમ કેમ સંભવે?' ઉપરાંત, 'સર્વ અજ્ઞાનને દૂર કરનારા પ્રભુ પ્રકટ થયા પછી અજ્ઞાનરૂપ ભ્રાન્તિ રહી જ કઈ રીતે શકે?' માટે પ્રાકટ્ય ભાવાત્મક સ્વરૂપનું છે. મારે ત્યાં પુત્ર પ્રકટ થયા છે એવો નન્દરાયજીનો ભાવ એ સત્ય છે. એ સત્ય ભાવ તે જ ભગવાનનું ભાવાત્મક સ્વરૂપ. આ પ્રમાણે ન હોય તો શ્રીમહાપ્રભુજી નન્દરાયજીને આ જાતની પ્રતીતિ છે, બુદ્ધિ છે, ભાવ છે, એ પ્રમાણે શ્રીસુબોધિનીમાં આજ્ઞા ન કરે. ૨૨½

वासुदेवस्तु भक्तानामन्तःकरणमूर्तिमान् ॥ २३ ॥
तमादौ स्वाश्रयीकृत्य भावात्मा व्यक्ततां गतः ॥ २३½ ॥

વાસુદેવ એ ભક્તોના શુદ્ધ સત્ત્વ એટલે કે નિર્મલ-અન્તઃકરણરૂપ છે. એમાં પ્રભુ સદાસર્વદા બિરાજમાન છે.

એ પ્રભુનો આધાર છે. જેવું અન્તઃકરણ નિર્મલ થયું કે તરત જ એમાં ભાવસ્વરૂપે બિરાજતા પ્રભુનો અનુભવ થાય છે. ૨૩½

अत उत्सवगीतेषु सोऽजनत्वेन कीर्तितः ॥ २४ ॥
विवृत्तं च तथा ताभिर्ज्ञातमित्यस्मदीश्वरैः ॥ २४½ ॥

આથી જ ગોપાંગનાઓએ જન્મોત્સવને પ્રસંગે જે મંગલગીતો ગાયાં તેમાં પ્રભુને अजन= અજન્મા કહ્યા છે. (જુઓ ભાગ ૧૦–૫–૧૨ = ताः आशिषः...... ......... सिञ्चन्त्योऽजनमुज्जगुः- આશીર્વાદ દેતી.......અજન્મા, એવા પ્રભુના વિષયમાં ગાવા લાગી.) શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિની-માં સ્પષ્ટ કહ્યું છે કે—'ગોપાંગનાઓ એ વાત જાણી ગયેલી કે આ બાળક **અજન્મા** છે.' ૨૪½

एतदेवोक्तमाचार्यैर्मायया सह सूर्यया ॥ २५ ॥
नन्दगेहे मूलरूपः स जातः पुरुषोत्तमः ॥ २५½ ॥

શ્રીમહાપ્રભુજીએ એ જ વાત કહી છે કે—પ્રકાશિત યોગમાયા સાથે મૂલરૂપ પુરુષોત્તમ પ્રભુ નન્દના ઘરમાં પ્રકટ્યા. ૨૫½

एतस्यैव प्रभोः पूर्वरूपस्यानकदुन्दुभेः ॥ २६ ॥
गृहेऽवतारश्चाद्यो हि नन्दगेहे समागतः ।
स एव गतिसिद्ध्यर्थं बभूव प्राकृतः शिशुः ॥ २७ ॥
यशोदोत्सङ्गलालितमूलप्रतिकृतित्वतः ॥
गमनानन्तरं तत्र भावरूपेण योजनम् ॥ २८ ॥
अत एव हि संयोगवियोगानुभवो मतः ॥ २८½ ॥

આ જે મૂલ રૂપ ભાવાત્મક પ્રભુ તેનું પૂર્વરૂપ જે શુદ્ધસત્ત્વાત્મક વાસુદેવવ્યૂહ કે જે ચાર વ્યૂહોમાં પ્રથમ છે તેનો અવતાર વસુદેવજીને ત્યાં થયો છે અને એ જ અવતાર નન્દરાયજીને ઘેર પધારેલ છે. ત્યાંથી વ્રજમાં પધરાવી લઈ જવાની અનુકૂળતા માટે આપ પ્રાકૃત બાલક બની ગયા, કારણ કે યશોદાના ખોળામાં જેને નિત્ય લાડ લડાવાય છે તેવું જે મૂલ સ્વરૂપ તેની નકલ-સમું એ પ્રાકૃત બાલકસ્વરૂપ હતું. વ્રજમાં પધાર્યા બાદ એ પ્રાકૃત બાલક-સ્વરૂપમાં મૂલ રૂપનો આવિર્ભાવ કર્યો, માટે તો સંયોગ અને વિયોગ એ બન્નેનો અનુભવ થયો છે. ૨૮½

**केवलस्तु ततः पश्चात् पूर्वस्मिन् मथुरां गते ॥ २९ ॥**
**वासुदेवोऽपि तत्रास्ति सर्वमेकीभवत्तदा ।**
**ज्ञानिनामपि भक्तानां मोहमुत्पादयत्यतः ॥ ३० ॥**

કેવળ વિપ્રયોગાત્મક સ્થિતિ પછીથી થઈ તે ત્યારે કે જ્યારે પૂર્વના વાસુદેવવ્યૂહાત્મક–સ્વરૂપ પ્રભુ મથુરામાં પધાર્યા. ત્યાં વાસુદેવવ્યૂહ પ્રથમથી જ હતા; એ બન્ને સ્વરૂપ એકરૂપ થઈ ગયાં. આથી જ આ સ્વરૂપ મહાન જ્ઞાની ભક્તોને પણ મોહ ઉપજાવે છે. ૩૦

**एवं सर्वचरित्राणां सन्निवेशोऽपि सेत्स्यति ।**
**अतो भावात्मनो लीला क्वचिदेव निरूपिता ॥ ३१ ॥**

આ જ રીતે જો ખુલાસો કરવામાં આવે તો પ્રભુનાં બધાં ચરિત્રોના વિષયમાં મેળ મળે. એને લઈ ભાવાત્મક સ્વરૂપની લીલા તો કોઈ કોઈ વાર જ નિરૂપાયેલી છે (જ્યારે અવતારલીલા તો અનેક સ્થળે છે.) ૩૧

'यर्ह्यङ्गने'त्यादिपद्येष्वेषा भावात्मिका मता ।
एवं विज्ञेयमखिलं श्रीमदाचार्यसंश्रितैः ॥ ३२ ॥

'यर्ह्यङ्गना' (ભા. ૧૦–૮–૨૪) એ પ્રસંગ વગેરેમાં પ્રભુની ભાવાત્મક લીલાનું નિરૂપણ છે. આ પ્રમાણે શ્રીમદાચાર્યચરણોના આશ્રિત વૈષ્ણવોએ સઘળું સમાધાન જાણવું. ૩૨

जीवाशक्यं सर्वथैव यद्यप्येतन्निरूपितम् ।
तत्प्रसादप्रभावेण हरिदासेन रूपितम् ॥ ३३ ॥

દરેક રીતે જીવ કદાપિ ન નિરૂપી શકે તેવી જાતની આ વાત જે અહીં કહેવાઈ છે તે આ હરિદાસે શ્રીમહાપ્રભુજીની કૃપાના પ્રભાવ વડે જ કહી છે. ૩૩

इति कृष्णस्वरूपस्याविर्भावोऽत्र विवेचितः ।
विज्ञाय तं तदीयास्तन्निरुद्धाः सम्भवन्तु हि ॥ ३४ ॥

આ પ્રમાણે અહીં મેં શ્રીકૃષ્ણચન્દ્રજીના સ્વરૂપના આવિર્ભાવનું વિવેચન કર્યું છે. એ બરોબર સમજી ભગવદીયો પ્રભુમાં નિરુદ્ધ થાય. ૩૪

## २८. भगवत्प्रादुर्भावसिद्धान्तः ॥

अथ श्रीकृष्णजन्मसमयभगवत्प्रादुर्भावविचारः ॥

શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મ થયો તે વખતે ભગવાનના કયા સ્વરૂપનો પ્રાદુર્ભાવ થયો એ સંબંધી વિચાર કરવામાં આવે છે.

"नन्दस्त्वात्मज उत्पन्न" (भाग. १०-५-१) इत्यस्याभासे 'पितुः पुत्र' इत्यादि। तत्रायमाशयः॥

( श्रीमद्भागवत १०-५-१ ) 'नन्दस्त्वात्मज उत्पन्ने' એ શ્લોક ઉપરનાં સુબોધિનીજીના પ્રાસ્તાવિક અંશમાં 'पितुः पुत्रः' એ પ્રમાણે જે વચન છે તેનો આશય આ પ્રમાણે છે :

**ननु नन्दगृहे मायामात्रप्रादुर्भावश्रवणेन भगवतो वसुदेव-पुत्रस्य तेनात्र स्थापनाद् दत्तपुत्रत्वात् कथं जातकर्मकरणमिति चेत्। उच्यते। अस्ति हि नन्दगृहेऽपि प्रादुर्भावः, प्रयोजनात्। तच्च निःसाधनजनोद्धारः। स च तत्रैव सम्भवति, वसुदेवादीनां तपःकरणादिना भवान्तरे ससाधनत्वात्। उभयेषामप्युद्धार-विषयत्वेऽपि निःसाधनानां प्रभुपरत्वेनाभ्यर्हितत्वात् प्रथमं तत्र लीलाकरणम्॥**

અહીં એક પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે 'નન્દરાયજીને ત્યાં તો કેવલ માયાનો જન્મ થયો છે, ભગવાન તો વસુદેવજીના પુત્ર છે, ભગવાનને તો વસુદેવજી અહીં પધરાવી ગયા છે, એટલે ભગવાન તો નન્દરાયજીના દત્તક પુત્ર થાય, તો પછી ભગવાન નન્દરાયજીને ઘેર જન્મ્યા હોય ને જે વેદવિહિત કાર્ય થાય તેવું કેમ કરવામાં આવ્યું ?' ઉપર મુજબ કોઈ આશંકા કરે, તો એનો જવાબ આ પ્રમાણે છે : નન્દરાયજીને ત્યાં પણ પ્રભુનું પ્રાકટ્ય છે, કારણ કે એ પ્રાકટ્ય માટે એક ખાસ કારણ છે, અને એ કારણ નિઃસાધન જીવોનો ઉદ્ધાર. અને આ નિઃસાધન જીવોનો ઉદ્ધાર તો

નન્દરાયજીને ઘેર પ્રાકટ્ય લેવાથી જ થઈ શકે એમ છે, કારણુ કે વસુદેવજીએ તો પૂર્વજન્મમાં તપ કરેલ છે એટલે એ તો સસાધન છે. જોકે પ્રભુ તો નિઃસાધન તેમ સસાધન બન્ને પ્રકારના જીવોનો ઉદ્ધાર કરે છે, એમ છતાંયે નિઃ-સાધન જીવો તો પ્રભુ ઉપર મીટ માંડીને બેઠા છે એટલે એમના ઉદ્ધારની પ્રભુને પહેલી ચિન્તા છે, એટલે પ્રભુ પહેલાં એઓની સાથે જ લીલા કરે છે.

नन्वागतरूपेणैव तदुपपत्तौ किमर्थमत्र प्रादुर्भावोक्तिरिति चेत् ?

અહીં પ્રશ્ન થાય કે—પ્રભુ તો માત્ર અહીં પધાર્યા એટલા માત્રથી કામ થાય એમ છે તો પછી 'પ્રભુનો અહીં નન્દરાયજીને ત્યાં પ્રાદુર્ભાવ થયો' એમ શા માટે કહેવામાં આવ્યું છે ?

वंशसम्बन्धित्वेन तत्र प्रादुर्भावात् तथैव रीत्यालीलाकृतिः सम्भवेत्, तेन रूपेण। प्रकृते तु सा न घटते, नन्दादीनां वैश्यत्वेन क्षत्रियकुलोत्पन्नस्य प्रभोर्विवाहादिसम्बन्धायोग्यत्वात् उद्धारश्चैतेषामप्यावश्यकः, स्वदत्तश्रुतिगणवरसार्थकत्वाय निःसाधनजनोद्धृतिहेतुप्राकट्यवत्त्वात् [च]। अत एव शुकादीनां भगवत्कृतितत्त्वविदुषां तथा वचनानि ॥

વસુદેવજીને ત્યાં જે પ્રાકટ્ય છે તે તો વંશસંબંધે કરીને છે, એટલે નન્દરાયજીને ત્યાં જો એ સ્વરૂપે લીલા કરે તો એ લીલા વંશસંબંધી જ હોય, પરન્તુ નન્દરાય-જીને ત્યાં એ વંશસંબંધી લીલા કરે, તો નન્દરાયજી રહ્યા વૈશ્ય અને શ્રીઠાકોરજીનો જન્મ તો ક્ષત્રિય કુલમાં, એટલે

અહીં નન્દરાયજીનાં સગાંવહાલાં સાથે પ્રભુ વિવાહાદિ સંબંધ કરે તો એ ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ ઉચિત ન ગણાય. (પરન્તુ અહીં ઉદ્ધારક સ્વરૂપે લીલા કરે તો કોઈ જાતનો વાંધો ન આવે, કારણ કે) ઉદ્ધાર તો નન્દરાયજીનાં સગાં સંબંધીઓનો પણ કરવાનો છે, કારણ કે, એક તો, આપે શ્રુતિઓને જે વરદાન આપ્યું છે તે આપે સાર્થક કરવાનું છે, અને બીજું, સાધનવિહોણા જીવો માટે તો આપનું પ્રાકટ્ય છે જ. (માટે નન્દરાયજીને ત્યાં જે સ્વરૂપ પ્રકટ છે તે વસુદેવજીને ત્યાં પ્રકટ થયેલ સ્વરૂપથી જુદું જ છે.) માટે તો ભગવલ્લીલાના રહસ્યને સમ્પૂર્ણ રીતે સમજનારા શુકદેવજી વગેરેએ (શ્રીઠાકોરજી નન્દરાયજીને ત્યાં ઉત્પન્ન થયા) એ પ્રમાણે વર્ણન કરેલ છે.

ननु प्राकट्यं हि प्रभोर्मायापसारेण, तत्कथमत्र "मायया सह जात" इत्युक्तिरिति चेत्?

सत्यम्। पुरुषोत्तमप्राकट्यं हि द्विधा, स्वरूपज्ञापनार्थं लीलार्थं च। यत्र हि स्वरूपज्ञापनं तत्र तदपसारणेन तथा, तस्यास्तद्विरोधित्वात्। लीलार्थप्राकट्ये तु मायासाहित्येनैव सा सिध्यति, अन्यथा तदभावे स्वरूपज्ञानात्तत्र लयात् सा न सिध्येत। इदमेव ज्ञापयितुं तत्साहित्येन प्रादुर्भाव उक्तः। अत एव साम्प्रतं स्वज्ञानं सम्पादनीयमिति वसुदेवद्वारा तदपसारणम्। तत्र गतायाः कंसज्ञापनादिस्वकार्यकरणोत्तरं पुनस्तत्रैव गमनं, लीलास्थलसमीकरणाय। अन्यथा "गच्छ देवी"त्यादिवाक्यान्यनुपपन्नानि स्युः। परन्तु तत्स्थितिर्व्रजे

देवतारूपेण, न भगिनीत्वेन, "अर्चिष्यन्ति मनुष्यास्त्वा"-मितिवाक्यात्। अग्रे चात एव फलप्रकरणे शुकः कथयिष्यति लीलोपयोगितां "योगमायामुपाश्रित" इत्यनेन॥

માયા જેટલે અંશે આઘી ખસે તેટલે અંશે પ્રભુનો પ્રકટ અનુભવ થાય (એટલે કે, પ્રભુ અને માયા સાથે ન જ હોય), તો પછી અહીં માયા સાથે પ્રકટ થયા છે એમ કેમ કહ્યું ?—એમ કોઈ પ્રશ્ન કરે તો એનો જવાબ નીચે મુજબ છે : આ શંકા બરાબર છે, પરંતુ ભગવાનનું પ્રાકટ્ય બે કારણે હોય છે : એક, પોતાના સ્વરૂપનો અનુભવ કરાવવા અને બીજું લીલા કરવા. જ્યાં સ્વરૂપજ્ઞાન કરાવવાનું હોય છે ત્યાં યોગમાયાને દૂર કરી એ કરાવવામાં આવે છે, કેમકે જો યોગમાયાને દૂર કરવામાં ન આવે તો સ્વરૂપજ્ઞાન થઈ શકે નહિ. લીલાને માટે જ્યાં પ્રાકટ્ય છે ત્યાં તો યોગમાયાની સાથે જ પ્રભુનું પ્રાકટ્ય થાય છે. જો યોગમાયાની હાજરી ન હોય તો પ્રભુના સ્વરૂપનું જ્ઞાન થઈ જવાને લીધે અને જ્ઞાનથી તો અક્ષર બ્રહ્મમાં લયાત્મક મોક્ષ થઈ જવાથી લીલા સિદ્ધ થઈ શકે નહિ. એ રહસ્ય જણાવવા માટે જ 'પ્રભુનો નન્દરાયજીને ત્યાં યોગમાયા સાથે પ્રાદુર્ભાવ થયો છે' એમ કહેવામાં આવ્યું છે; અને એ કારણે જ અત્યારે પોતાના સ્વરૂપજ્ઞાનનો પરિચય વ્રજભૂમિમાં કરાવવાનો હોવાથી યોગમાયાને વસુદેવજી દ્વારા મથુરા મોકલી આપી, ત્યાં પ્રભુનું પ્રાકટ્ય થયાની વાત વગેરેથી વાકેફ કરી, એ કાર્ય પતાવી પાછું યોગમાયાનું વ્રજભૂમિમાં પ્રભુની લીલાઓ માટે સ્થલો તૈયાર કરવાને

જવાનું છે. એમ ન હોય તો પ્રભુએ યોગમાયાને વ્રજમાં જવાની આજ્ઞા કરી ત્યાં જ રહેવાનું કહેલું એ ખોટું ઠરે. યોગમાયાની વ્રજમાં સ્થિતિ રહેવાની તે દેવતા તરીકે, નહિ કે પ્રભુની બહેન તરીકે, કેમકે 'હે દેવી, વ્રજમાં તને મનુષ્યો પૂજશે' એવું પ્રભુએ એને વચન આપેલું, એટલું જ નહિ, પણ આગળ ફલપ્રકરણમાં શ્રીશુકદેવજી 'યોગમાયા લીલામાં ઉપયોગી છે' એવા આશયથી 'પ્રભુએ યોગામાયાનો આશ્રય કર્યો' એમ કહેવાના છે.

ननु प्रभो रसात्मनः सालम्बनाभावे कथं प्राकट्यसम्भव इति चेत् ?

वासुदेवव्यूहस्य शुद्धसत्त्वात्मकस्यात्र प्रकटितस्य तत्स्थानीयत्वात् ॥

પ્રભુ રસાત્મક છે અને રસનિષ્પત્તિ માટે આલમ્બન અથવા આધાર આવશ્યક છે, અને અહીં આલમ્બન અથવા આધાર તો કોઈ જણાતો નથી તો પછી પ્રભુનું પ્રાકટ્ય કેમ સંભવે ? આ પ્રમાણે કોઈ આશંકા કરે તો એનો જવાબ એ છે કે શુદ્ધસત્ત્વસ્વરૂપ વાસુદેવવ્યૂહ તો અહીં પ્રકટ થયેલ છે અને એ જ અહીં આલમ્બન યા આધાર છે.

ननु वासुदेवस्यैवात्र प्राकट्ये किं मानमिति चेत् ?

तत्र "तवात्मजो वासुदेव" इति समभिव्याहारात् तथावगम्यते वसुदेवस्य क्वचिज्जातः, मथुरायामेव विशुद्धसत्त्वाधिष्ठानेन प्रादुर्भावात् । अग्रे तु प्रद्युम्न एव । प्रकृते तु तवात्मजो वासुदेव एव, न प्रद्युम्नो, वंशसम्बन्धित्वाभावादिति सर्वं सुस्थम् ॥

વારુ, અહીં વાસુદેવવ્યૂહ પ્રકટ થયેલ છે એમ જે તમે કહો છો તેમાં પ્રમાણ શું ?

ગર્ગાચાર્યજીએ નન્દરાયજીને કહેલું છે કે આ તમારો પુત્ર વાસુદેવ છે; એ હકીકત ઉપરથી સમજી શકાય છે કે વસુદેવજીથી પ્રકટ થયેલા હતા. મથુરામાં વિશુદ્ધ સત્ત્વના આશ્રયે પ્રભુનું પ્રાકટ્ય થયેલું. આગળ જતાં પ્રદ્યુમ્નવ્યૂહનું કાર્ય પણ આપ કરશે, પરંતુ અહીં વ્રજમાં તો વંશ-વિષયક કોઈ પણ સમ્બન્ધ ન હોવાને લીધે 'આ તમારો પુત્ર વાસુદેવ છે, પ્રદ્યુમ્ન નહિ' એવો આશય ગર્ગાચાર્યજીના કહેવાનો હતો.

**अशेषः संशयश्छेद्यो जन्मने शेषशायिनः ।**
**उभयत्र निजाचार्यकृपयोक्त्या मदीयया ॥ १ ॥**

શ્રીવસુદેવજીને ત્યાં તેમજ શ્રીનન્દરાયજીને ત્યાં શેષશાયી પ્રભુનો જે જન્મ થયો તેના વિશે જે કાંઈ સંશય થાય તે સર્વને શ્રીમદાચાર્યવર્ય શ્રીમદ્વલ્લભાધીશ્વર પ્રભુની કૃપા વડે આ મારા વચને દૂર કરવો. ૧

## ૨૯. प्रभुप्रादुर्भावविचारः ॥

(અનુવાદક : શ્રી. ચિમનલાલ હ. શાસ્ત્રી)

**अथ पुरुषोत्तमप्रादुर्भावविषये सुबोधिनीवाक्यसंशय-शमनाय किंचित् कृपाबलेन निरूप्यते ।**

હવે પુરુષોત્તમ-પ્રાદુર્ભાવ વિષયમાં સુબોધિનીસ્થ

વાક્યને સંશય દૂર કરવા શ્રીમહાપ્રભુજીની કૃપાથી લખિયે છિયે.

'रसो वै स' इत्यादिश्रुते रसात्मा भगवान् श्रुतिसिद्धः। रसश्च शृङ्गार एव तच्छास्त्रसिद्धः, 'शृङ्गार एव सर्वे रसा' इति नाट्यसिद्धान्तात्। 'शृङ्गं भावाङ्कुरो गूढ आरस्तु-तद्गतो रसः। स्युः शृङ्गारसंवलिता रसा हास्यादयो यदी'ति भरताचार्योऽपि यतस्तथैवाह।

પ્રભુનું સ્વરૂપ–'રસરૂપ ભગવાન છે' એ શ્રુતિમાં પણ ભગવાનને રસરૂપ વર્ણવ્યા છે. રસ તો શૃંગાર જ છે, એ જ શાસ્ત્રસિદ્ધ રસ છે. શૃંગારમાં જ સર્વ રસ સમાયા છે, એવો નાટ્યશાસ્ત્રનો સિદ્ધાંત છે. શૃંગાર એટલે શું એ સમજવું જોઈએ. શૃંગ એટલે ગૂઢ ભાવાંકુર અને આર એટલે ગૂઢભાવાંકુરમાં રહેલો રસ. શૃંગાર રસને સંવલિત હાસ્યાદિ રસ રહેલા છે. આ પ્રમાણે ભરતાચાર્ય પણ શૃંગાર રસનું જ મુખ્યપણું સ્વીકારે છે.

सोऽपि 'तस्य प्रियमेव शिरः, मोदो दक्षिणः पक्षः, प्रमोद उत्तरः पक्ष, आनन्द आत्मा, ब्रह्म पुच्छं प्रतिष्ठे'ति श्रुतेः साकार आनन्दमात्रकरपादमुखोदरादिरानन्दमयः। स एव 'को ह्येवान्यात्, कः प्राण्यात्, यदेष आकाश आनन्दो न स्या'दिति श्रुतेरानन्दः। आनन्दानन्दमययोरैक्यं तु सितारस-तत्प्रतिमयोरिव बेद्यम्। अत एव श्रुतौ स एव रसात्मा शब्दद्वयेनापि व्यवह्रियते। स्वरूपत ऐक्येऽपि रसपिण्डयोरिव

भेदेनानुभवः। एतावान् परं विशेषो यद् बहिः प्रकटं रूपं रसधर्मसहितमानन्दमयशब्देनोच्यते, धर्मिमात्रं केवलभावरूपमानन्दशब्देनेति। अत एव प्रभुचरणैर्वेणुगीतविवरणे सुधास्वरूपनिरूपणप्रस्तावेऽभिहिते 'आनन्द एव सा प्रकटे'ति, तस्याः भावात्मकभगवत्स्वरूपत्वात्। स एवैतदुभयशब्दप्रतिपाद्यो भगवच्छास्त्रे पुरुषोत्तम इत्युच्यते, 'यस्मात्क्षरमतीतोऽह'मिति वाक्यात्, 'यो मामेवमसंमूढ' इति वाक्याच्च।

એ શૃંગારરસને પણ આકૃતિવાળો વર્ણ્યો છે. એનો વિચાર કરિયે. 'એનું પ્રિય જ શિર છે, મોદ દક્ષિણ પક્ષ છે, પ્રમોદ ઉત્તર પક્ષ છે, આનન્દ આત્મા છે, બ્રહ્મ પુચ્છ પ્રતિષ્ઠા છે.' આ શ્રુતિ શૃંગાર રસનો પરિચય આપે છે કે શૃંગાર રસ સાકાર અને આનન્દમાત્રકરપાદમુખોદરાદિ એટલે સર્વ અવયવ આનન્દમય છે, તે જ શૃંગાર રસને 'કોણ પ્રાણ દે, કોણ જ જિવાડે, જો આકાશરૂપ આનન્દ ન હોય તો ?' આ શ્રુતિ આનન્દરૂપે વર્ણવી રહી છે. આનન્દ અને આનન્દમયની સિતારસ (સાકર–રસ) અને એની પૂતળીની માફક એકતા જ જાણવી, માટે શ્રુતિમાં એ જ રસાત્મકરૂપને આનન્દ અને આનન્દમય શબ્દથી વર્ણવાય છે. સ્વરૂપથી આનન્દ અને આનન્દમય એક જ છે, પણ રસ અને રસના ગોળાની માફક ભેદનો અનુભવ થાય છે, પરન્તુ આટલો વિશેષ છે કે પ્રકટ રસધર્મસહિત સ્વરૂપને આનન્દમય શબ્દ વડે કહેવાય છે, ધર્મિમાત્ર કેવલ ભાવાત્મક સ્વરૂપને

આનન્દ શબ્દથી વર્ણવે છે. આ જ હેતુથી શ્રીમહાપ્રભુજીએ 'વેણુગીત'ના વિવરણમાં સુધાસ્વરૂપ દર્શાવતાં કહ્યું કે 'એ સુધા જ આનન્દરૂપ છે.' એ સુધા ભાવાત્મક ભગવત્સ્વરૂપ જ હોવાથી આનન્દરૂપ જ છે. આ પ્રમાણે શૃંગાર જ આ આનન્દ અને આનન્દમય શબ્દથી કહેવાતા શ્રીપુરુષોત્તમનામથી જ ભગવચ્છાસ્ત્રમાં કહેવાય છે, માટે જ ગીતામાં 'અક્ષરથી પણ હું ઉત્તમ છું' અને 'જે મને સામાન્ય મનુષ્ય જેવો સમજે તે મૂઢ છે' ઇત્યાદિ વાક્યો લખવામાં આવે છે.

तस्य च मूलभूतस्य प्राकट्ये अनुग्रहहेतुभूता स्वेच्छैव कारणम्। 'प्रादुरास वरदराट् युवयोः कामदित्सया' 'योगमायां समादिश'दिति वाक्यात्। प्रयोजनं तु प्राकट्यस्य लीलाभिः पूर्वनिष्ठापरित्याजनपूर्वकमनुगृहीतेषु भक्तियोगविधानमेव, 'तथा परमहंसाना'मिति पृष्ठ्यङ्गीकृतपृथावचनात्। अन्येषां तदंशकलावेशादिरूपाणां तत्रैव तत्कार्यार्थं ब्रह्मादिप्रार्थनोत्तराविर्भूतेच्छया प्रादुर्भावः। कृष्णावतारः पूर्ण इति सर्वांशेनात्र प्रादुर्भाव उच्यते। तत्तच्चरित्राणि चाग्रे अवतार एव स्पष्टीभविष्यन्ति। एतदेवोक्तमाचार्यैः 'एवं सति सर्वेषां चरित्राणामभिनिवेशो भवती'त्यनेन। वदिष्यन्ति चाग्रे राजसप्रकरणोपक्रमे 'प्रद्युम्नरूपो भगवान् वसुदेवहिताय ही'ति। अतो ब्रह्मप्रार्थनया भूभारहृतये 'द्रक्ष्यामि गां द्यां च तवानुकम्पिता'मितिवाक्यात् धर्मरक्षाद्यर्थं च व्यूहचतुष्टयविशिष्टस्य वैकुण्ठस्थपुरुषोत्तमस्य प्रादुर्भावः। भूभारहरणादिकं तु

तत्तद्व्यूहद्वारा तत्कार्यमेव। अत एव तेषां निरोधहेतुत्वं, निरोधस्य मूलरूपलीलात्वेन तत्तत्कार्यत्वात्। तस्यैव च पुनर्ब्रह्मादिप्रार्थनया यादवकुलं माययोपसंहृत्य वैकुण्ठगमनम्। पुरुषोत्तमस्तु 'वशे कुर्वन्ति मां भक्त्ये'ति वाक्याद्भक्तिमात्राधीन इति भक्तैः सह लीलां कुर्वन् लीलास्थान एव विराजते। साक्षात्कारस्तु तदा नावतारकारणीभूतसामान्येच्छया, किन्तु 'भक्त्या त्वनन्यया शक्य' इतिवाक्येनावतारसामयिकदर्शन-समयेऽप्यनन्यभक्तेरेव दर्शनहेतुत्वनिरूपणात्। अत एव शुकोऽपि सर्वान्ते 'जयति जननिवास' इति श्लोकेन सकललीला-सहितस्य सर्वोत्कर्षेण वर्तमानत्वमुपदिष्टवान्। अन्यथा लीला-करणानन्तरं भगवानिदानीं क्वास्त इति संशय उदियात्। प्रभासीयकथा तु व्यामोहिकैव, 'विद्धि मायामनोमय'मिति वाक्यात्।

એ મૂલસ્વરૂપને પ્રકટ થવાનું કારણ–મૂલ સ્વરૂપને પ્રકટ થવાનું કારણ અનુગ્રહ કરવાની ઇચ્છા જ છે (એમ કહેવામાં જરાય બાધ નથી), કારણ કે 'વરદાન આપવામાં રાજા એવો હું (ભગવાન) તમારા મનોરથો પૂર્ણ કરવા પ્રકટ્યો છું' 'યોગમાયાને આજ્ઞા કરી કે મારે માટે રમવાની જગ્યા તૈયાર કરો' પ્રમાણેનાં વાક્ય છે. હવે મૂલસ્વરૂપ પ્રભુને પ્રકટ થવાનું કારણ એ જેના પર કૃપા થઈ છે તેવા ભક્તની પ્રપંચાસક્તિરૂપી પૂર્વનિષ્ઠા સ્વલીલા દ્વારા દૂર કરી ભક્તિયોગનું વિધાન એ છે. 'નિર્મલ આત્માવાળા પરમહંસ મુનિઓને ભક્તિયોગનું દાન કરવાને

આપ પધાર્યા છો તો અમે સ્રીઓ એ કેવી રીતે જાણિયે ?' એવું (શ્રીમદ્ભાગવતના પ્રથમ સ્કન્ધના આઠમા અધ્યાયમાં) પુષ્ટિમાં અંગીકૃત કુંતીજીનું વચન છે. આ મૂલ સ્વરૂપ વિના બીજાં. એમનાં અંશ કલા આવેશાદિ રૂપોનો તો ત્યાં જ તે તે કાર્ય કરવાને બ્રહ્માદિની પ્રાર્થના પછી આવિર્ભૂત થવાની ઇચ્છાથી પ્રાદુર્ભાવ થયો. અને જે કૃષ્ણાવતાર છે તે તો પૂર્ણાવતાર છે, માટે એમનો સર્વાંશે પ્રાદુર્ભાવ કહેવાય છે. એમનું તે તે ચરિત્ર આગળ ઉપર અવતારમાં સ્પષ્ટ થશે. શ્રીમહાપ્રભુજી પણ 'સર્વ ચરિત્રોનો સાક્ષાત્કાર આ સ્વરૂપમાં જ થાય છે' એવી આજ્ઞા કરે છે. પછીના રાજસ પ્રકરણના આરંભમાં પણ 'પ્રદ્યુમ્નરૂપ ભગવાન જ વસુદેવજીનું હિત કરવા પધાર્યા છે' એવું વચન છે. 'અમે, આપના સુંદર વજ્રધ્વજાદિ યુક્ત પદથી અંકિત થયેલ કૃપાપાત્ર, પૃથ્વીને અને સ્વર્ગને જોઈશું, એ અમારાં અહોભાગ્ય છે' આ બ્રહ્માની વિનંતિથી ભૂભાર હરવા તેમ ધર્માદિનું રક્ષણ કરવાને ચારવ્યૂહસહિત વૈકુણ્ઠસ્થ પુરુષોત્તમનો અહીં પ્રાદુર્ભાવ છે. ભૂભારહરણાદિ તે તે વ્યૂહ દ્વારા એ પુરુષોત્તમનું જ કાર્ય છે, માટે એ પણ ભગવત્કાર્ય છે. ભગવત્કાર્ય હોવાથી જ તે તે પૂતનામારણાદિ લીલા નિરોધ કરનારી થઈ; અને નિરોધ મૂલ રૂપની લીલારૂપ હોવાથી તે તે વ્યૂહની લીલા પણ નિરોધ કરનારી છે. અને આ વ્યૂહવિશિષ્ટ જ પ્રભુ બ્રહ્માદિની પ્રાર્થનાથી યાદવકુલનો સંહાર કરી વૈકુંઠમાં પાછા પધાર્યા, પરંતુ પુરુષોત્તમ તો 'મને ભક્તિથી વશ કરે છે' ઇત્યાદિ વાક્યોથી ભક્તિમાત્રને જ અધીન

છે, માટે ભક્તો સાથે લીલા કરતા લીલાસ્થાનમાં જ બિરાજે છે. આ પ્રભુનો સાક્ષાત્કાર છે તે વખતે પણ (અવતારાવસ્થા વખતે પણ ) અવતાર–સમયની સામાન્ય ઇચ્છાથી થતો ન હતો, ભક્તિથી જ સાક્ષાત્કાર થતો હતો. 'ભગવાન અનન્ય ભક્તિથી જ પ્રાપ્ત થાય છે' એ ગીતાવાક્ય સાક્ષી પૂરે છે, માટે એ વાત ભૂલવી ન જોઈયે કે અવતાર–સમયના દર્શન વખતે પણ (મૂલ રૂપનું) પ્રત્યક્ષ દર્શન અનન્ય ભક્તિથી જ થતું હતું. શુકદેવજીએ પણ સકલલીલાસહિત (મૂલરૂપ) ભગવાનને એ જ સર્વોત્કૃષ્ટસ્વરૂપે બિરાજતા 'जयति जननिवासः' એ શ્લોકમાં વર્ણવ્યા છે. લીલા કર્યા પછી ભગવાન હાલમાં ક્યાં છે એવો સંશય ન થવાનું કારણ એ જ છે પ્રભાસીય કથા તો વ્યામોહિકા છે, એટલે આસુરોને મોહ કરવાને માટે છે. 'એ તું માયામય જાણ' ઇત્યાદિ વાક્યોથી એને માયિક સમજવાની છે.

तत्र यादववंशसंबन्धार्थं प्रद्युम्नो देवक्यामुत्पन्न उक्तो, 'देवक्यां विष्णुरूपिण्या'मित्यनेन। भगवताप्युक्तं 'देवक्याः पुत्रतां शुभ' इत्यादि योगमायाज्ञापनसमये। न हि साक्षात् पुरुषोत्तमः पुत्रो भवति, विशुद्धसत्त्वमधिष्ठायैव तस्य प्रादुर्भावात्। गर्भस्थितिस्तु प्रद्युम्नांशेन। अत एव 'देवकी-जन्मवाद' इति विशेषणं भगवति शुकेनोक्तम्। श्रीमदुद्धवैरपि श्रीनन्दादिमनःसमाहितये स्वरूपज्ञानमुपदिशद्भिरभिहितं 'न माता न पिते'त्यादि। धर्मरक्षारूपदेवकार्यकरणायानिरुद्ध उत्पन्नो 'मनांस्यासन् प्रसन्नानी'त्यारभ्य 'जायमानेऽजने'त्यन्तेनोक्तः। सङ्कर्षणोऽपि (यत्र) सात्त्विककल्पाधिष्ठातृरूपेण सलिलशायि-

विष्णुः स्वकलाशेषसहितोऽविद्यानिवृत्तिद्वारा मुक्तिदायकः, [तत्र] सर्वप्रलयकर्तृत्वादविद्याप्रलयकृत्। भगवत्प्रियचिकीर्षया प्रादुर्भूतः, 'निशीथे तम उद्भूते जायमाने जनार्दन' इत्यनेनोक्तः। अत एव व्रजे तस्य गमनं गर्भसंकर्षणात्, भगवत्प्रियचिकीर्षायास्तत्रैव पूर्णत्वात्। अतः पूतनादिमारणरूपमविद्यातदध्यासनिवर्तनं तेन रूपेण कृतमिति ज्ञायते। मुक्तिदानं तु वासुदेवादेव। 'आविरासी'दित्यनेन सर्वधर्मसहितः पुरुषोत्तमः प्रादुर्भूत उक्तः। अत एव 'तमद्भुत'मित्यादिना तथारूपमग्रे वर्णितम्। पुरुषोत्तमप्रादुर्भावाभावे केवले प्रद्युम्नांशे तथारूपाभावादेतद्वर्णनमनुपपन्नं स्यात्॥

**વ્યૂહવિચાર**—યાદવવંશમાં (પુત્રરૂપે) સંબંધ બાંધવા માટે **પ્રદ્યુમ્નવ્યૂહ** શ્રીદેવકીજીમાં ઉત્પન્ન થયા. 'વિષ્ણુરૂપિણી દેવકીમાં પુત્રરૂપે પ્રકટ્યા' ઇત્યાદિ વાક્યોથી એ વાત સિદ્ધ છે. ભગવાને પણ કહ્યું કે 'હે યોગમાયા! હું દેવકીના પુત્રરૂપે પ્રકટીશ.' એ ધ્યાનમાં રાખવું કે સાક્ષાત્ પુરુષોત્તમ પુત્ર થતા નથી, એ તો વિશુદ્ધ સત્ત્વ(વાસુદેવ)ને અધિષ્ઠાન (આધારસ્થાન) કરીને જ પ્રકટ થાય છે. અને ગર્ભસ્થિતિ તો પ્રદ્યુમ્નસ્વરૂપે જ છે. માટે જ શુકદેવજી 'देवकीजन्मवाद' એવું વિશેષણ ભગવાનમાં યોજે છે. શ્રીઉદ્ધવજીએ પણ શ્રીનન્દાદિના મનનું સમાધાન કરવાને કહ્યું કે 'આ બાલકને માતા નથી તેમ પિતા નથી.' **અનિરુદ્ધવ્યૂહ** ધર્મરક્ષારૂપી કાર્ય કરવા ઉત્પન્ન થયા છે; અને એ વાત 'मनांस्यासन् प्रसन्नानि' ત્યાંથી આરંભી 'जायमाने जनार्दने' ત્યાંસુધીમાં જણાવી છે. **સંકર્ષણ** પણ,

સાત્ત્વિક કલ્પના અધિષ્ઠાનરૂપે જલશાયી વિષ્ણુ જે શેષ તે સ્વકલાસહિત પ્રકટ થયા છે અને અવિદ્યાનિવૃત્તિ દ્વારા મોક્ષ આપે છે, ત્યાં સર્વનો પ્રલય કરવા સમર્થ તેવા અવિદ્યાનો પ્રલય કરે છે અને ભગવાનનું પ્રિય કરવાને એ પ્રકટ થયા છે, આ વાત 'निशीथे तम उद्भूते जायमाने जनार्दने' આ શ્લોકથી જણાવવામાં આવી છે. આ સંકર્ષણવ્યૂહરૂપ દેવકીજીના ગર્ભને ખેંચી, માયાને વ્રજમાં લઈ રોહિણી-જીના ઉદરમાં પધરાવ્યા, તેથી તો એ વ્રજમાં ગયા, કારણ કે એ ભગવાનનું પ્રિય કરવા પ્રગટયા હતા. અને એ પ્રિય વ્રજમાં પધારે તો જ થાય, માટે પૂતનામારણરૂપ અવિદ્યા અને એના અધ્યાસને દૂર કરવાનું કામ આ જ સ્વરૂપે કર્યું, એ જણાય છે. મુક્તિદાન તો **વાસુદેવવ્યૂહ** જ કરે છે. 'आविरासीत्' એ શ્લોકથી સર્વધર્મવાળા પુરુષોત્તમનો જ પ્રાદુર્ભાવ વર્ણવ્યો છે, અને 'तमद्भुतम्' એ શ્લોકથી આગળ ઉપર સર્વધર્મવાળા પ્રભુનું વર્ણન કરેલું છે. જો કેવલ પ્રદ્યુમ્નાંશ જ અહીં પ્રગટયા છે અને શ્રીપુરુષોત્તમનો પ્રાદુર્ભાવ અહીં થયો જ નથી એમ કહીએ તો 'तमद्भुतम्' શ્લોકમાં જે બાલસ્વરૂપનું વર્ણન કર્યું છે તે સંભવે નહિ. પ્રદ્યુમ્નાંશમાં એવું રૂપ હોય જ નહિ અને એ વર્ણન સંભવે પણ નહિ.

**तत्र संकर्षणे सात्त्विककल्पाधिष्ठातृवासुदेवानुशयनं चेति शय्यारूपेण दास्यकरणाद्भक्तत्वेन भक्तेष्विव कदाचिन्मूलभूतावेश इत्यावेशचरित्रमप्यत्रास्तीति ज्ञेयम्।** अत एव बलस्यान्तरङ्ग-लीलासंबन्धित्वं निरूपितं, मूलरूपावेशात्। परन्तु कदाचिदे-

वावेशः, अन्यथा साम्यसंभवेन 'हरेः प्रियचिकीर्षये'तिवाक्य-सूचितान्तरङ्गभक्तत्वमनुपपन्नं स्यात्। आवेशस्तु भगवतैव 'अहो अमी'त्यादिवाक्यैस्तस्मिन् स्वासाधारणधर्मनिरूपणादवसीयते। एतेन भक्तेष्वाविश्य येन रूपेण चरित्रं करोति तदपि रूपमत्रास्तीति ज्ञेयम्। अर्जुनसाहित्येन भारतीयभूभारहरण-रूपकार्यकरणार्थं सितकृष्णकेशसंकर्षणकलागमनं चार्जुने भगवति च। 'ताविमौ भगवतो हरेरंशाविहागता'विति वाक्यात् ॥

**સંકર્ષણવ્યૂહ અન્તરંગ લીલામાં શાથી—** સંકર્ષણવ્યૂહમાં સાત્ત્વિક કલ્પાધિષ્ઠાતા વાસુદેવ પોઢે છે, અર્થાત્ ભગવાનની શય્યારૂપે જ દાસ્ય કરવાથી એ ભગવાનના ભક્ત છે. માટે જેમ ભક્તોમાં કોઈ વાર મૂલ સ્વરૂપનો આવેશ થાય છે તેવી રીતે આ સંકર્ષણમાં મૂલભૂત ઠાકોરજીનો આવેશ થાય છે; માટે આવેશ–ચરિત્ર આ માનવું. આ જ કારણથી બલદેવજી સાથે અન્તરંગ લીલાનો સંબંધ જણાવ્યો છે, પરંતુ અંતરંગલીલા–સંબંધ મૂલભૂત પ્રભુના આવેશથી જ છે એ વાત ભૂલવી ન જોઈયે. આ આવેશ કદાચિત જ થાય છે, હમેશ નહિ. જો હંમેશ માનવામાં આવે તો પ્રભુની જોડે સરખાપણું થઈ જાય, અને સરખાપણું થવાથી ભક્તપણું મટી જાય, અને ભક્તપણું ન રહે તો હરિનું પ્રિય કરવાનું આ સંકર્ષણથી બની શકે નહિ, એટલે 'हरेः प्रियचिकीर्षया' એ વાક્યમાં જે સંકર્ષણવ્યૂહનું અંતરંગપણું સૂચવવામાં આવ્યું છે તે અંતરંગપણાને વાંધો આવે. અને સંકર્ષણવ્યૂહમાં ભગવાનનો

આવેશ છે એ ‘अहो अमी’ એ શ્લોકમાં શ્રીમુખે આપે જે એમાં રહેલા પોતાના અસાધારણ ધર્મ વર્ણવ્યા છે તેના દ્વારા સમજી શકાય છે.

માટે ભક્તોમાં પ્રવેશ કરીને જે રૂપે આપ ચરિત્ર કરે છે તે જ રૂપ આ બલદેવજીમાં છે એમ જાણવું. અર્જુન સાથે ભરતભૂમિનો ભૂભાર હરવાને સિત અને કૃષ્ણ કેશ સંકર્ષણકલા અર્જુન અને ભગવાનમાં આવી; આ વાત ‘ताविमौ भगवतो हरेरंशाविहागतौ’ એ શ્લોકમાં વર્ણવી છે.

केवलपुरुषोत्तमोऽपि नन्दभवने प्रादुर्भूतो मायासहितः। वसुदेवगृहेऽपि प्रादुर्भूतं धर्मविशिष्टं स्वस्वरूपं धर्मिरूपेऽन्तर्भावयितुम्। स एव ‘बभूव प्राकृतः शिशु’रित्यनेनोक्तः। एतच्च सर्वं ‘प्रागयं वसुदेवस्य क्वचिज्जातस्तवात्मज’ इति गर्गवाक्यादेव गम्यते। अन्यथा ‘तवात्मज’ इति न वदेत, अग्रे च ‘तस्मान्नन्दात्मजोऽयं त’ इति। अन्यथा स्वामिनीनां ‘यदु देवकीसुतपदाम्बुजलब्धलक्ष्मि’ ‘देवकीजठरभू’रिति [च] निरूपणं नोपपद्येत, श्रुतिरूपाणां तासां परमाप्तत्वात्। अत एव वसुदेवगृहेऽपि तदा मूलरूपप्रादुर्भावः। तत्प्रयोजने तु वसुदेवदेवक्योर्विरहेणैकादशवर्षपर्यन्तं बाललीलाभावनं धर्मविशिष्टस्वरूपान्तर्भावनं च। पूर्वं वसुदेवदेवक्योर्धर्मविशिष्टस्वरूपप्रदर्शनं तु तयोर्वरदानसामयिकरूपज्ञानानुव्यवसायजननाय पूर्वकथनाय चेति बोध्यम्॥

**વસુદેવજીને ત્યાં પુરુષોત્તમ ધર્મિસ્વરૂપનું પ્રાકટ્ય**—કેવલ પુરુષોત્તમ નન્દભવનમાં માયાસહિત પ્રકટ

થયા છે. વસુદેવજીના ઘેર પણ પ્રગટેલું જે ધર્મવિશિષ્ટ સ્વરૂપ તેને સ્વધર્મિરૂપમાં અંતર્ભાવ કરવાને માટે એ જ પ્રકટ થયા છે. 'પ્રાકૃત શિશુરૂપ આપ થયા' ત્યાં આનું નિરૂપણ છે. આ વાતની 'આ તમારો પુત્ર ક્વચિત્ વસુદેવજીને ત્યાં થયો હતો' એ ગર્ગવાક્ય સાક્ષી પૂરે છે. જો નન્દરાયજીને ઘેર પ્રાકટ્ય ન માનિયે તો નન્દરાયજીને આ 'તમારો પુત્ર' એવું ગર્ગ કેમ કહે? આગળ ચાલતાં 'માટે આ નન્દનો પુત્ર' ઇત્યાદિ વાક્યોમાં નંદપુત્ર તરીકે જે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે સંભવી શકે નહિ. હવે જો વસુદેવજીને ત્યાં પ્રાકટ્ય ન માનિયે તો 'દેવકીજઠરથી ઉત્પન્ન થયેલા' અને 'દેવકીસૂતના ચરણ-કમલથી જેણે લક્ષ્મી પ્રાપ્ત કરી છે' એવું દેવકીપુત્રરૂપે શ્રીગોપીજનોએ કરેલું વર્ણન સંભવે નહિ. શું પરમ આપ્ત શ્રુતિરૂપા શ્રીગોપીજનો જુદા પ્રકારનું કહે? (આપ્તવાક્ય તો પ્રમાણ જ મનાય.) માટે વસુદેવજીના ગૃહમાં પણ એ સમયે મૂલરૂપ પ્રભુનો આવિર્ભાવ માનવો જોઇયે. આવિ-ર્ભાવનાં કારણ તો બે છે: એક વસુદેવજી અને દેવકીજીને વિરહ વડે અગિયાર વર્ષ પર્યન્ત બાલલીલાનો ભાવના દ્વારા અનુભવ કરાવવો અને બીજું ધર્મવિશિષ્ટ જે સ્વરૂપ પ્રકટ થયું છે તેનો પોતામાં ધર્મિસ્વરૂપમાં અંતર્ભાવ કરવો. વસુદેવ દેવકીજીને પ્રથમ જે ધર્મવિશિષ્ટ સ્વરૂપનું દર્શન કરાવ્યું તે વરદાન સમયના સ્વરૂપનું ભાન કરાવવા. એ જ આ ભગવાન્ એવું સમઝાવવા આ ધર્મવિશિષ્ટ સ્વરૂપનું દર્શન કરાવવા જરૂર હતી.

**अथ 'नन्दगृहे वासुदेवो' 'वासुदेवोऽत्रैवाविर्भूत' इति**

[च] स्थलद्वये विचार्यते । वासुदेवव्यूहस्य वसुदेवगृहे तदानीमग्रिमलीलायां चरित्राभावान्न प्रादुर्भावः, प्रयोजनाभावात्। तत्प्रयोजनं तु साक्षान्मुक्तिदानम्। न तत्प्रयोजनं पश्यामः। अत एव 'पार्थास्तु पूताः पदमापुरस्ये'त्यादिवचनानि संगच्छन्ते। व्रजे तु मायासहितः पुरुषोत्तमः प्रादुर्भूत इति पूतनादिमुक्तिदानाय वासुदेवापेक्षेति नन्दगृहे तत्प्रादुर्भावो वाच्यः। ततो मायावृतपुरुषोत्तमो वासुदेवाधिष्ठान इति गम्यते। वासुदेवस्य विशुद्धसत्त्वात्मकत्वेन तदधिष्ठानतोपपद्यते। अत एव सुरेशनलकूबरवरुणप्रभृतीनामप्यत्र पुष्टिलीलास्वरूपदर्शनम्, अन्यथा व्रजजनानामेव तद्दर्शनं स्यात्। अतो वासुदेवप्रादुर्भावोऽत्र युक्त्या साधितः। अत एव सिद्धान्त इति कथनम्॥ ननु तथापि नन्दगृहे वासुदेवाविर्भावे किं प्रमाणमिति चेत्, धराद्रोणदशायां ब्रह्मप्रासवरसार्थकत्वान्यथानुपपत्तिरेव स्यात्। अत एव तत्र शुकेन न 'पुत्रीभूते जनार्दन' इत्युक्तम्। पुत्रत्वभवनं तु न साक्षात्पुरुषोत्तमे घटते, तत्र भावस्यैव सर्वरूपत्वात्। अत एव 'न माता न पिता' इत्याद्युद्धववाक्यानि संगच्छन्ते। भगवान् भावात्मा इति भक्तजनभावितं तत्र सर्वमेवोपपद्यत इति नानुपपत्तिरुद्भावनीया। एतदेव श्रीभागवते 'यद्यद्धिया त उरुगाय विभावयन्ति तत्तद्वपुः प्रणयसे सदनुग्रहाय' इत्यनेनाभिहितम्। श्रीमदाचार्यवर्यैरपि 'नन्दस्त्वात्मज उत्पन्न' इत्यत्रात्मनः सकाशाज्जातः पुत्र इति नन्दस्य बुद्धिरेव वर्णिता॥

**નન્દરાયજીને ઘેર વાસુદેવવ્યૂહ**—આ વાત બે સ્થળે છે : એક તો 'नन्दगृहे वासुदेवः' અને બીજું 'वासुदेवोऽत्रैव आविर्भूतः'. વાસુદેવવ્યૂહની લીલા વસુદેવને ઘેર એ વખતે ઉપયોગી ન હતી તેથી વસુદેવજીને ઘેર વાસુદેવવ્યૂહનું પ્રાકટ્ય નથી. સાક્ષાન્મુક્તિદાન કરનાર વાસુદેવનું પ્રયોજન વસુદેવજીને ત્યાં ન જ હોય; અને 'पार्थास्तु पूताः पद्मापुरस्य' ઇત્યાદિ વાક્યોની ત્યારે જ સંગતિ મળે છે. વ્રજમાં તો માયાસહિત પુરુષોત્તમનો આવિર્ભાવ છે. વ્રજમાં પૂતના વગેરેને મુક્તિનું દાન કરવાને વાસુદેવવ્યૂહની જરૂર છે, તેથી વાસુદેવવ્યૂહ નંદરાયજીને ત્યાં જ પ્રગટ્યા એમ કહેવું પડે. હવે માયાથી વીંટાયેલા પુરુષોત્તમને વાસુદેવ જેમનું અધિષ્ઠાન છે તેવા સમજવા. વાસુદેવ વિશુદ્ધ સત્ત્વાત્મક હોવાથી પુરુષોત્તમનું અધિષ્ઠાન પણ સંભવે છે. આ જ કારણથી, એટલે કે અહીં વાસુદેવવ્યૂહ છે એ કારણે જ, ઇન્દ્ર નલકૂબર વરુણાદિને પણ અહીં પુષ્ટિલીલાનું દર્શન થયું, નહિ તો ફક્ત વ્રજજનોને જ થાત; માટે નન્દરાયજીને ઘેર વાસુદેવવ્યૂહ છે એમ યુક્તિથી સિદ્ધ કર્યું. અને સિદ્ધાંત આ છે એ પ્રમાણે પણ કહ્યું છે. વાસુદેવવ્યૂહ નન્દરાયજીને ઘેર પ્રગટ્યા એમાં પ્રમાણ પણ છે : યશોદા નન્દરાયજી પૂર્વ જન્મમાં જ્યારે એઓ ધરાદ્રોણ-અવસ્થામાં હતાં ત્યારે બ્રહ્માથી પ્રાપ્ત કરેલા વરદાનને સાર્થક કરવાને ,વાસુદેવવ્યૂહ પ્રકટ્યા, એ ખુલાસો પણ છે, નહિ તો પુરુષોત્તમ તો પુત્રરૂપે પ્રકટે નહિ, એ તો વરણાનુકૂલ પોતાની ઇચ્છાથીજ પ્રાપ્ત થાય છે. આમ થાય

તો વરદાન વ્યર્થ થાય છે માટે શુકદેવજીએ પણ 'पुत्रीभूते जनार्दने' એમ નથી કહ્યું. પુત્રપણું સાક્ષાત્પુરષોત્તમમાં તો ન જ ઘટે, કારણ કે ભાવ જ સર્વરૂપે થાય છે; 'આ ભગવાનને માતા નથી કે પિતા નથી' એ ઉદ્ધવવાક્ય પણ તો જ ઘટે. ભગવાન ભાવાત્મા છે માટે ભક્તજન જેવી ભાવના કરે તે સર્વ જ સંભવે (ભક્તની ભાવના ભગવાન સિદ્ધ કરે); માટે કાંઈ અયોગ્ય છે જ નહિ. આ વાત શ્રીમદ્ભાગવતમાં 'ભક્તોના ઉપર અનુગ્રહ કરવાને માટે એઓ જે જે બુદ્ધિથી આપની ભાવના કરે છે તે તે દેહ આપ ધારણ કરો છો, પ્રકટ થાઓ છો' એ અર્થથી 'यद्धद्धिया त उरुगाय विभावयन्ति तत्तद्वपुः प्रणयसे सदनुग्रहाय' આ શ્લોકથી કહી છે. શ્રીમદાચાર્યચરણે પણ 'नन्दस्त्वात्मज उत्पन्ने' આ શ્લોકનાં શ્રીસુબોધિનીજીમાં 'પોતાનાથી જ પુત્ર જન્મ્યો' એવી નંદરાયજીની બુદ્ધિ જ વર્ણવી છે.

नन्दगृहे पुरुषोत्तमाविर्भावप्रमाणं तु योगमायाज्ञापनम्। तत्र तत्प्रादुर्भावश्च मायाप्रादुर्भावेन [ज्ञाप्यते], तस्या भगवदावरणरूपत्वेन आव्रियमाणरूपसहितत्वात्। अन्यथा सा कस्यावरणं स्यात्। भिन्नतया तत्स्थितिस्तु न घटेत, मूलरूपशक्तित्वात्। न हि क्वापि शक्तिः शक्तिमन्तमपहाय तिष्ठति। वस्तुतस्तु 'प्रकाशाश्रयवद् वा तेजस्त्वा'दितिन्यायेन शक्तिशक्तिमतोरभेद एवेति स्वाभेदेन स्थितिसम्भावना। मायायाः शक्तित्वं तु 'श्रिया पुष्ट्ये'ति वाक्येन निश्चीयते। अत

एवोक्तमाचार्यैर्निबन्धे 'माया कृष्णस्ये'ति। एतदभिसन्धायै-वोक्तं 'माययैव रूपान्तरमिति। मायानिरूपणेनैव तस्योत्पत्ति-र्निरूपिते'ति।

एतदर्थस्तु नन्दगृहे मायानिरूपणेन तत्प्रादुर्भावनिरूपणेन तस्य केवलपुरुषोत्तमस्य तया क्रियमाणस्य तदुत्पत्त्या उत्पत्ति-र्निरूपितेति। अत एव पृथक्तदुत्पत्तिज्ञानाभावः सर्वेषाम्। व्रजस्थानामेव तज्ज्ञानम्। अत एव [तैः] सर्वैस्तथोत्सवकरणम्॥

**નન્દરાયજીને ઘેર પુરુષોત્તમપ્રાકટ્ય**—નન્દરાયજીને ઘેર પુરુષોત્તમના પ્રાકટ્યમાં પ્રમાણ યોગમાયા છે. માયાના પ્રાદુર્ભાવથી ભગવાનનો પ્રાદુર્ભાવ સિદ્ધ થાય છે. માયા ભગવદાવરણરૂપ છે. આવરણ પ્રકટ થાય ત્યાં આવ-રણવાળા ભગવાન પણ પ્રકટ હોય જ, નહિ તો માયા કોનું આવરણ થાય? માયાની ભગવાનથી જુદી સ્થિતિ તો સંભવે જ નહિ. માયા એ મૂલરૂપ શક્તિ છે. ક્યાંયે પણ શક્તિ શક્તિમાનને છોડી રહી શકે નહિ. આ હકીકત 'प्रकाशाश्रयवद् वा तेजस्त्वात्' એ વ્યાસસૂત્રમાં સિદ્ધ કરી છે કે સૂર્ય અને સૂર્યનો પ્રકાશ એક જ છે તેમ શક્તિ અને શક્તિમાન એક જ છે. જો અભેદ હોય તો શક્તિરૂપ માયા શક્તિમાન ભગવાનને છોડી ક્યાં સ્થિતિ કરે? માયા શક્તિ છે એવું 'मायया च निषेवितम्' માયાથી સેવાયેલા—લખ્યું છે, તેથી માયા શક્તિ છે એવું શાસ્ત્રસિદ્ધ જ છે; માટે જ શ્રીમદાચાર્યચરણોએ 'माया कृष्णस्य' એ પ્રમાણે 'નિબંધ'માં આજ્ઞા કરી છે. અને આ વાત લક્ષ્યમાં રાખી 'मायया एव'

ભગવાન માયાથી રૂપાન્તર પામ્યા, એમ પણ કહ્યું છે. આવી રીતે માયાનિરૂપણથી જ ભગવાનનો આવિર્ભાવ અહીં નન્દરાયજીને ઘેર સિદ્ધ થયો; અર્થાત્ નન્દરાયજીને ત્યાં માયાનું નિરૂપણ કર્યું, માયાના પ્રાકટ્યનું વર્ણન કર્યું. આ માયાથી પુરુષોત્તમ આવરણવાળા થઈ રહે છે. જો આવણરૂપ માયા પ્રગટે તો આવરણ જેના વગર ન સંભવે તેવા ભગવાન પણ અહીં જ પ્રગટે એ વાત સિદ્ધ થઈ; તેથી જ (માયાનું આવરણ હોવાથી) શ્રીઠાકોરજીની જુદી ઉત્પત્તિ થઈ છે એવું જ્ઞાન કોઈને ન જ થયું. જો ભગવત્પ્રાદુર્ભાવનું જ્ઞાન થયું હોય તો એ ફક્ત વ્રજજનોને જ થયું હતું; એ કારણથી જ સર્વ વ્રજજનોએ ઉત્સવ કર્યો.

सावरणप्रादुर्भावस्तु स्वस्य केवलरसात्मकत्वबोधनाय, रसस्य गुप्तताया एव रसत्वसाधकत्वात्। अत एवाविर्भूतेऽपि रूपे तद्रूपपीताम्बरसद्भावः। तथा च वात्स्यायनः 'गुप्तो हि रसो रसतामापद्यत' इति। स चालम्बनविभावद्वयभेदेनोभयरूपत्वामाविर्भाव्य लीलासृष्टौ श्रुतीनामग्निसुतानां च कृपया संयोगरसमनुभावयितुं तेन च पोषकेण केवलविरहरसं च दातुं नन्दगृहे वृषभानुगृहे च प्रादुर्भूतः। अन्यथा व्रजे स्वामिनीनामुभयविधानां संयोगरसानुभवो न स्यात्, मूले तदनाविर्भावात्। संयोगरसानुभवानन्तरभावी स्वतन्त्रविरहरसानुभवश्च न भवेत्। द्वितीयालम्बनाविर्भावे त्वावरणं विग्रह एवानन्दमयः, सितारसस्य तन्मूर्तिरिव, मूर्तीभूते रसत्वस्यास्फूर्तेः। यथा भगवतो रसात्मकस्य मायया सर्वभवनसामर्थ्यरूपया रूपान्तरमन्यद्रूप-

मनन्तमूर्तित्वात्, न तु प्रदर्शनमात्रम्, तथा मुख्यस्वामिन्या अपि द्वितीयालम्बनविभावत्वेन रसात्मिकाया अनन्तस्वरूपत्वाद्रूपान्तरस्य संयोगसिद्ध्येऽप्राकृताखिलसामग्रीसहितस्य प्रादुर्भाव इति नानुपपत्तिः काचित् ॥

**વૃષભાનુના ઘરમાં પ્રાદુર્ભાવ**—ભગવાન માયાના આવરણ સહિત પ્રકટ થયા એ ઉપરથી ભગવાનના રસાત્મક સ્વરૂપનું આપણને ભાન થાય છે. રસ તો ગુપ્ત હોય તો જ રસપણાની સિદ્ધિ થાય; અર્થાત્ ગુપ્તતા એ જ રસપોષક છે. ભગવાન ગૂઢરસાત્મક છે, તેથી જ આપ પીતાંબર સહિત પ્રકટ થયા. વાત્સ્યાયન ઋષિનો પણ એ જ મત છે: 'ગુપ્ત રસ જ રસતાને પામે છે.' એ રસ બે આલમ્બનવિભાવ સ્વરૂપે યુગલરૂપે લીલા સૃષ્ટિમાં શ્રુતિરૂપા અને અગ્નિકુમારોને કૃપાએ કરી સંયોગરસનો અનુભવ કરવાને અને એ પોષક સંયોગરસ વડે કેવલ વિરહરસનું દાન કરવાને નન્દરાયજીના ઘરમાં અને વૃષભાનુના ઘરમાં પ્રકટ થયો. જો આ રસ બે આલંબનવિભાવરૂપે પ્રકટ થયો ન હોત તો શ્રુતિરૂપા અને અગ્નિકુમારોને સંયોગરસનો અનુભવ ન જ થાત,કારણ કે મૂલમાં એ યુગલસ્વરૂપ પ્રકટ નથી. એટલે સંયોગરસનો જો અનુભવ ન થાય તો સંયોગરસનો અનુભવ થયા પછી થનાર સ્વતંત્ર વિરહરસાનુભવ પણ ન જ થાય. બીજા આલંબનના એટલે શ્રીસ્વામિનીજીના આવિર્ભાવમાં તો આનન્દમય એવું શ્રીઅંગ જ આવરણ છે. સાકરના રસની જ્યાં મૂર્તિ બનાવવામાં આવે ત્યાં મૂર્તિ જ આવરણ છે. જ્યારે રસાકાર ભગવાન મૂર્તિરૂપ થઈ જાય

ત્યારે રસપણું સ્પષ્ટ માલૂમ ન પડે. જેમ રસાત્મક ભગવાન સર્વભવનસમર્થ માયા વડે અનેકરૂપ થાય છે, અનન્તરૂપ હોવાથી બીજું રૂપ જ પ્રકટ કરે છે, માયાથી બનાવટી રૂપ દેખાડતા નથી, તેવી રીતે મુખ્ય સ્વામિનીજી પણ બીજા આલમ્બનવિભાવરૂપ હોવાથી રસાત્મક છે. એ રસાત્મક સ્વામિનીજી અનન્તરૂપ હોવાથી જુદું રૂપ જ ધારણ કરી શકે છે. એ રૂપાન્તરથી જ શ્રીસ્વામિનીજીનો સંયોગસિદ્ધિને માટે અપ્રાકૃત સર્વ સામગ્રીસહિત પ્રાદુર્ભાવ થયો છે એમાં જરાય શંકાને સ્થાન નથી.

एतेनेतो वसुदेवेन मायानयने निरधिष्ठानस्य रसस्य दर्शनमनुपपन्नमित्यनुपपत्तिः परास्ता, वासुदेवस्य तदधिष्ठानस्य तत्र सत्त्वात्। माया तु लीलायां रसपोषायेतराज्ञानाय च मध्यस्थतया स्थास्यति ॥

માટે વસુદેવજી માયાને મથુરા લાવ્યા ત્યારે માયાધિષ્ઠાન રહિત થયેલ રસનું દર્શન નહિ થાય એવી શંકા કરવી નહિ, કારણ કે માયાને લઈ ગયા, પણ વ્રજમાં વાસુદેવનું અધિષ્ઠાન છે, માયા તો લીલામાં રસનું પોષણ કરવાનું અને બીજાને લીલાનું ભાન ન થવા દેવાનું કામ કરવાને મધ્યસ્થ તરીકે બેસશે.

ननु मायायास्तत्र गमने तत्रापि तदावरणीयरूपान्तरसत्त्वप्रसङ्ग इति चेत्, न, तत्र मायाया गमनमात्रं, रविकराणामिव, नाविर्भावः। अतः कंसकरादुड्डीयाम्बरगमनानन्तरं लीलोपयोगित्वेन व्रज एव तदवस्थितिः, 'गच्छ देवि व्रजं भद्रे'

'भविष्यन्ति मनुष्यास्त्वा'मित्यादिभगवद्वचनात् । अत एव फलप्रकरणे 'योगमायामुपाश्रित' इत्युक्तम् । तत्र पुनरावरणाभावस्तु लीलामध्यस्थतया समीप एव स्थापनात् । अत एवोक्तं पञ्चाध्याय्यां विवरणे 'योगमायां च समीप एवाश्रित्य स्थित' इत्याचार्यैः । प्राप्तवराणां चिरकालदिदृक्षार्तितापभरेण तत्रत्यानां श्रुतीनामग्निकुमाराणां च हृदये 'भावैरङ्कुरित'मितिपद्योक्तरीत्या यद् रूपं तद्भावात्मकं तदपि तासां नन्दगृहे समागमनेन दर्शनानन्तरं तत्रायातमिति 'गोप्यश्चाकर्ण्य मुदिता' इत्यादिदिभिर्निरूप्यते । तथा च नन्दगृहे वासुदेवाधिष्ठानः पूर्वं, पश्चात्तदागमनानन्तरं निरधिष्ठानस्तद्भावात्मकोऽप्यागत इति द्वयमप्यत्र रूपं संक्रान्तमिति यथाधिकारं व्रजेऽपि सर्वत्रानुभव इत्यलमुक्त्या ॥

માયા મથુરા ગઈ તો છે. જેને આધારે એ રહી શકે તેવું ભગવત્સ્વરૂપ પણ બીજું ત્યાં હોવું જોઈયે એમ કોઈ શંકા કરે તો એનો જવાબ એ કે એમ નથી; માયાનું માત્ર ત્યાં રવિનાં કિરણોની માફક ગમન જ છે, ત્યાં માયાનો આવિર્ભાવ થયો નથી; માટે જ કંસના હાથમાંથી ઊડીને આકાશમાં ગયા બાદ માયા લીલામાં ઉપયોગિની હોવાથી વ્રજમાં જ પાછી આવીને રહી છે. 'હે દેવી, તું વ્રજમાં જા; મનુષ્યો તારૂં પૂજન કરશે' વગેરે ભગવદ્વચનથી એ વાત સિદ્ધ થાય છે. માટે ખરી સ્થિતિ તો વ્રજમાં જ છે, એટલે ફલપ્રકરણમાં કહ્યું કે–'ભગવાને યોગમાયાનો આશ્રય કરી લીલા કરી.' લીલા કરતી વખતે તો માયાનું આવરણ દૂર જ થાય છે, કારણ કે લીલા માટે મધ્યસ્થ તરીકે

માયાને પાસે જ પણ અલગ રાખે છે. શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે 'ભગવાને જ્યારે લીલા કરી ત્યારે યોગમાયાનો પાસે જ આશ્રય કરી બેઠા.' જેમને વરદાન મળ્યું છે તેવાં શ્રુતિ અને અગ્નિકુમારોને ચિરકાલથી થયેલી દર્શનેચ્છાના તીવ્ર તાપ–ક્લેશના ભાર વડે એમના હૃદયમાં 'भावैरङ्कुरितम्' એ શ્લોકમાં કહેલી રીતે જે રૂપ પ્રકટ્યું તે ભાવાત્મક રૂપ છે, અને એ પણ એ ગોપીજનો જ્યારે શ્રીનન્દરાયજીને ઘેર આવ્યાં ત્યારે ભગવદ્દર્શનાનન્તર ત્યાં જ નન્દગૃહમાં જ આવ્યું અને એ 'ગોપીઓ સાંભળી હર્ષ પામી' ઇત્યાદિથી વર્ણવેલું છે. વાસુદેવ જેનું અધિષ્ઠાન છે તેવા પ્રભુ પ્રથમ પ્રકટ થયા; અર્થાત્ નન્દગૃહમાં પછીથી એટલે જ્યારે શ્રીગોપીજનો નન્દરાયજીને ઘેર પધાર્યાં ત્યારે અધિષ્ઠાન-રહિત વ્રજસુન્દરીના હૃદયમાં રહેલું જે ભાવાત્મક સ્વરૂપ તે પણ ત્યાં આવી પહોંચ્યું. આ બન્ને સ્વરૂપ સંક્રાન્ત (એકમેક) થઈ ગયાં. અને એનો અધિકાર પ્રમાણે વ્રજમાં બધે અનુભવ થયો છે, એટલે આ સંબંધી વિશેષ ચર્ચાની જરૂર નથી.

अत्र वासुदेवाविर्भावाभावे बाधकं तर्कमाहुः 'अन्यथे'ति। वासुदेवानाविर्भावे केवला माया वसुदेवभिन्ना, तया जनितं स्तन्यं भगवान् पुरुषोत्तमः शुद्धपदार्थाभावात् कथं पिबेदित्यर्थः। अत्रायमाशयः। पुरुषोत्तमस्य तु साक्षाज्जननाभावान्न स्तन्योत्पत्तिनिमित्तता, मायायास्तु 'यशोदायां नन्दपत्न्यां भविष्यसी'ति वाक्याज्जननमस्तीति स्तन्योत्पत्तिहेतुत्वम्। तत्र वासुदेवानाविर्भावे केवलमायाजनितस्तन्यस्य भोगमात्रसाधकस्य लौकि-

कस्नेहसम्भवस्य शुद्धिहेतुत्वाभावादन्तःस्थितबालकशुद्ध्यर्थमलौकिकरसभोक्ता श्रीमत्त्वेन भगवान् न पिबेत्, नाङ्गीकुर्यादिति। एतेन भगवतो भोगाभावेनालौकिकत्वेन समर्पितस्य [भोगो] भक्तार्थमेव तेषु कृपया न स्वार्थमपीति निरूपितं भवति॥

નન્દરાયજીને ત્યાં વાસુદેવવ્યયહનું પ્રાકટ્ય નથી એમ માનવામાં શો વાંધો છે એ 'अन्यथा' ઇત્યાદિ વાકયથી બતાવે છે. વાસુદેવવ્યૂહ નન્દરાયજીને ત્યાં પ્રકટ થયો–એ વાત કરી ગયા. જો આ પ્રાકટ્ય ન માનિયે તો કેવલ માયાનો જ વાસુદેવરહિત જન્મ થયો કહેવાય. એ માયાના ઉત્પન્ન થવાથી યશોદાજીને જે સ્તનદુગ્ધ થાય તે ભગવાન કેમ કરી પિયે? કારણ કે એ દુગ્ધ શુદ્ધ પદાર્થ નથી. અહીં આશય આ પ્રમાણે છે: ભગવાનનો વાસ્તવિક જન્મ નથી એટલે સ્તનમાં દૂધ ભગવાનને લઈ ઉત્પન્ન થાય નહિ, પરન્તુ 'નન્દપત્ની યશોદાજીમાં તું જન્મીશ' એ વચનથી માયાનો તો જન્મ વાસ્તવિક છે, એનાથી એને લઈ યશોદાજીને સ્તન્ય (ધાવણ) થયું છે. જો વાસુદેવવ્યૂહનો નન્દરાયજીને ત્યાં આવિર્ભાવ ન માનિયે તો કેવલ માયાજનિત સ્તન્યભોગ માત્ર સિદ્ધ કરનાર હોવાથી એમ લૌકિક સ્નેહને લઈ ઉત્પન્ન થયું છે, તેથી શુદ્ધ નથી. તેથી શુદ્ધિના અભાવે અન્તઃસ્થિત બાલકની શુદ્ધિને માટે અલૌકિક રસભોક્તા ભગવાન સ્વયં સમ્પન્ન હોઈ પાન કરે નહિ, અંગીકાર ન જ કરે. આ પ્રસંગથી ભગવાનને ભોગની અપેક્ષા નહિ હોવાથી અને પોતે અલૌકિક હોવાથી ભગવાન

ભક્ત ઉપર કૃપા કરીને ભક્તના સમર્પિતનો અંગીકાર કરે છે, નહિ કે ભોગ ભોગવવા, એ પણ સૂચિત થઈ ગયું.

**किञ्च, निःसाधनत्वं तु व्रजस्थानां, देवकीवसुदेवादिवत् तपःकरणाद्यभावात्। श्रुतिरूपाणां कुमारिकाणां तदनुगतानामन्येषां चार्थे प्रभुरेव स्वोद्यमेन प्रादुर्भूत इति तासु तदीयेषु च सर्वथा मन्तव्यम्। अत एवोक्तमस्मत्स्वामिचरणैः श्रीभागवतविवृतिटिप्पण्यां 'निःसाधनफलात्मायं प्रादुर्भूतोऽस्ति गोकुले। अतो वयं हि निश्चिन्ता जाताः सर्वत एव हि' इति॥**

**નિઃસાધન ભક્ત માટે જ પ્રાકટ્ય**—ભગવાન નિઃસાધન ભક્તો માટે પ્રકટ થાય છે. વ્રજસ્થ ભક્તો નિઃસાધન હતાં, દેવકી વસુદેવજીએ પૂર્વજન્મમાં તપ આદિ કર્યું તે તો સસાધન થયાં. આ વ્રજજનોએ એવું તપ વગેરે કંઈ કર્યું નથી. શ્રુતિરૂપા અને કુમારિકાઓના તેમજ એમને અનુસરનારાં અન્યને માટે જ પ્રભુ સ્વેચ્છાએ કરીએ ગોપીજનોમાં અને ભગવદીયોમાં સર્વથા પ્રકટ થયા એમ માનવું; અર્થાત્ નિઃસાધન ભક્તો માટે જ પ્રકટ થયા. આ વાતનું સમર્થન કરતાં શ્રીપ્રભુચરણ શ્રીભાગવત-સુબોધિની ઉપરનાં શ્રીમતી ટિપ્પણીજીમાં આલેખે છે કે—

**निःसाधनफलात्मायं प्रादुर्भूतोऽस्ति गोकुले।**
**अतो वयं हि निश्चिन्ता जाताः सर्वत एव हि॥**

નિઃસાધન-ફલાત્મા આ પ્રભુ શ્રીગોકુલમાં પ્રકટ થયા માટે અમે સર્વ પ્રકારે નિશ્ચિન્ત જ થયા છિયે.

ननु 'पुरुषोत्तमस्तु नन्दगृहे एव मायया सह जात' इत्युक्तेः सहैव भगवताष्टम्यामेव तदाविर्भाव इति नवम्यां च सा जातेत्यग्रिमग्रन्थोऽनुपपन्न इति चेत्, उच्यते। मायया जननं पार्थक्येन स्थितौ भवति, न तु भगवता सह। अत एव तृतीयया-प्राधान्यमुक्तम्। भगवत एव तदावृतस्याष्टम्यामाविर्भावः। सा तु पृथक्तया वसुदेवेनेतो नयनानन्तरे जातेत्याशयेन 'नवम्यां च सा जाते'त्युक्तम्। अत एव पुत्रोत्सवादिकं तु शुद्धनवम्यामेव जातमित्युक्तम्। तस्यां पृथग्भूतायामेव भगवद्दर्शनम्। तदनन्तरमेव चोत्सव इति नानुपपत्तिः काचित्। किञ्च, धराद्रोणयोरप्यधिष्ठानभूतयोः स्वामिनीहृदयस्थयोस्तद्भावात्मकयोः श्रीनन्दयशोदयोरावेश इति केनाप्यंशेनात्र न संशयितव्यं सेवकसुधीभिरिति दिक्॥

માયાનું નવમીએ જ પ્રાકટ્ય—શ્રીપુરુષોત્તમ માયાસહિત નન્દરાયજીને ઘેર પ્રગટ્યા, તો માયા અને પુરુષોત્તમનો પ્રાકટ્ય—સમય એક જ થયો, આમ છતાં 'નવમીમાં માયાનો જન્મ છે' એવું વહે છે એ સંભવે? આનો ઉત્તર એક જ છે : માયાનું જન્મવું એ તો ભગવાનથી ભિન્ન થાય ત્યારે જ સંભવે, ભગવાનની સાથે હોય ત્યારે નહિ. માટે જ માયાની સાથે કહી, ભગવાનનું મુખ્યત્વ છે અને માયાનું ગૌણત્વ છે એમ કહી, માયાનો પ્રાદુર્ભાવ નહિ, પણ ભગવાનનો જ પ્રાદુર્ભાવ કહ્યો; ભગવાન જ એના આવરણવાળા અષ્ટમીના દિને આવિર્ભાવ પામ્યા છે, માયા તો જુદી જ (ભગવત્પ્રાકટ્ય પછી) વસુદેવજી

લેવા આવ્યા પછી જન્મી; એ આશયથી જ નવમીમાં માયાનો જન્મ વર્ણવ્યો. પુત્રોત્સવાદિક શુદ્ધ નવમીમાં જ થયાનો હેતુ પણ એ જ છે. એ જ્યારે જુદી પડી ત્યારે જ ભગવાનનું દર્શન થયું. આવરણ દૂર થાય ત્યારે જ દર્શન થાય અને દર્શન પછી જ ઉત્સવ થાય; માટે જ પુત્રોત્સવ નવમીમાં થયો એ યુક્તિસિદ્ધ જ છે. અને ધરાદ્રોણના પણ અધિષ્ઠાનરૂપ શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજમાન ભાવાત્મક શ્રીનન્દ-યશોદાજીનો પણ અહીં આવેશ છે. ભાવાત્મક શ્રીનન્દ-યશોદાજીનો પણ ભાવાત્મક ભગવાનના પ્રાદુર્ભાવ સમયે એમાં આવેશ થયો છે, એટલે કોઈ પણ અંશે આશ્રિત વિદ્વાનોએ સંશય ન કરવો.

इति श्रीवल्लभाचार्यकृपामात्रावलम्बनः ।
हरिदासश्चकारेमं विचारं विवृतौ मुदा ॥१॥
तेनाचार्याः प्रसीदन्तु स्वामिनो विट्ठलेश्वराः ।
स्वामिन्यः स्वामिसंयुक्तास्तथा तदनुवर्तिनः ॥२॥

इति श्रीवल्लभाचार्यवर्यश्रीविट्ठलचरणरेणुसाभिलाषदासानुदासश्रीहरिदासविरचितः प्रभुप्रादुर्भावविचारः समाप्तः ॥

ઇતિ શ્રીવલ્લભાચાર્યકૃપાના આશ્રયે થકી ।
હરિદાસે કર્યો આનો વિચાર વિવૃતિ મહીં. ॥૧॥
પ્રસન્ન નાથ હો મારા શ્રીમદ્વલ્લભ વિઠ્ઠલ ।
સ્વામિની-સ્વામી સાથે તે તદનુસારીઓ તથા. ॥૨॥

શ્રીમદ્વલ્લભાચાર્ય-શ્રીમદ્વિઠ્ઠલચરણરેણુની અભિલાષાવાળા દાસાનુદાસ શ્રીહરિદાસ-રચિત 'પ્રભુપ્રાદુર્ભાવવિચાર' સમાપ્ત થયો.

## ३०. श्रीप्रभुप्राकट्यसमयविचारः ॥

( અનુવાદ : શ્રી. ચિમનલાલ હ. શાસ્ત્રી )

"पुरुषोत्तमस्तु नन्दगृह एव मायया सह जात" इत्यत्रेदं विचार्यते । "नन्दस्त्वात्मज उत्पन्न" "वसुदेहगृहे साक्षा"दिति-वाक्याभ्यामुभयत्र पूर्णस्यैव प्रादुर्भावो वाच्यः, स चैककाल एव, पूर्णपुरुषोत्तमाविर्भावकालस्यैकत्वात्, "अयं सर्वगुणोपेत" इति-वाक्यात् । अत एव मुहूर्तानन्तरं मायाजननं, आधिदैविकलीला-कालस्य तदाविर्भावानाधारत्वात् ॥

" શ્રી પુરુષોત્તમ તો શ્રીનન્દરાયજીના ગૃહમાં જ માયાની સાથે પ્રકટ થયા " આ વાક્ય વિચારાય છે. " આત્મજનું પ્રાકટ્ય થયું ત્યારે શ્રીનન્દરાયજી " અને " શ્રીવસુદેવજીના ગૃહમાં સાક્ષાત્ પુરુષોત્તમ પ્રકટ થયા " આ બંને વાક્યથી બંને સ્થળે પૂર્ણ પુરુષોત્તમનો જ પ્રાદુર્ભાવ કહેવો. અને એ પ્રાદુર્ભાવ એક જ કાલે થયો છે, કેમકે પૂર્ણ પુરુષોત્તમનો આવિર્ભાવ એક જ છે અને એ આવિર્ભાવસમયે " સર્વ-ગુણયુક્ત પરમશોભન કાલનો પણ પ્રાદુર્ભાવ થયો " એવું વાક્ય છે. આથી જ એક મુહૂર્ત પછી માયાનો જન્મ થયો, કેમકે આધિદૈવિક લીલાકાલ કાંઈ માયાના આવિર્ભાવનો આધાર નથી.

•

एवं सति वसुदेवगृहे प्रादुर्भावोत्तरं दर्शनमिव नन्दगृहे कुतो न दर्शनं जातमित्याशङ्कायामाहुः 'पुरुषोत्तम'स्त्विति ।

नन्दगृहे वसनावृतमहामणिवन्मायावृत एव जातः, तत्र माया-कार्यस्य तदानीं स्वादर्शनस्य सत्त्वात्, तदानीमेव दर्शने–निरावृतदर्शने–तत्रैव ज्ञानोदये लय एव स्यात्, तथा चाग्रिमलीलानुपपत्तिः। अत एव न वसुदेवदेवक्योरिव नन्दयशोदयोः स्तुतिः। आवृतदर्शनात्तत्कृतनिद्रया च ज्ञानाभावोऽपि। वसुदेवगृहे तु पूर्वतपस्यादिफलरूपत्वमाविर्भावस्य बोधयितुं ज्ञानसम्पादनरूपं कार्यमस्तीति न मायया सह किन्तु व्यूहेन सहितो जातः॥

જો આમ છે તો શ્રીવસુદેવના ગૃહમાં શ્રીપુરુષોત્તમના પ્રાદુર્ભાવ પછી દર્શન થયું તે જ પ્રમાણે શ્રીનન્દગૃહમાં શ્રી-પુરુષોત્તમનું દર્શન કેમ ન થયું? આ શંકાના સમાધાનાર્થ કહે છે કે "શ્રીનન્દરાયજીના ગૃહમાં માયાની સાથે પ્રકટ થયા." વસ્ત્રથી વીંટળાયેલા મહામણિની જેમ માયાથી વીંટળા-યેલા જ પુરુષોત્તમ પ્રકટ થયા, કેમકે ત્યાં એ સમયે નિજ અદર્શનરૂપ માયા–કાર્ય છે. જો એ જ સમયે માયાથી ન વીંટળાયેલ પ્રભુ સાક્ષાત્ દર્શનનું દાન કરે તો શ્રીનન્દા-દિને જ્ઞાનોદય થતાં એ સર્વનો લય જ થઈ જાય અને એમ થાય તો અગ્રિમ સર્વ લીલા જ સંભવે નહિ. આથી જ શ્રીવસુદેવ–દેવકી જેમ શ્રીનન્દ-યશોદાજીએ ભગવત્સ્તુતિ પણ કરી નથી. શ્રીનન્દ-યશોદાજીને માયાવરણયુક્ત દર્શન થવાથી માયાકૃત નિદ્રાએ કરીને એમને જ્ઞાન પણ થયું નથી. શ્રી-વસુદેવજીના ગૃહમાં તો શ્રીવસુદેવજીએ કરેલા તપના ફલ-રૂપ ભગવત્પ્રાદુર્ભાવ છે એમ જણાવવું છે. જ્ઞાનસમ્પાદન-રૂપ કાર્ય ત્યાં કરવાનું છે, તેથી માયાની સાથે પ્રકટ ન

થતાં વ્યૂહની સાથે પ્રકટ થયા, કેમકે માહાત્મ્યજ્ઞાન-સંપાદદનરૂપ કાર્ય વ્યૂહનું છે.

माहात्म्यज्ञानसम्पादनस्य किं प्रमाणमिति चेत् 'तमद्भुत'-मित्यादिना तथैव तद्दर्शननिरूपणात् ॥

શ્રીવસુદેવજી સમક્ષ વ્યૂહસહિત પ્રકટ થવામાં શું પ્રમાણ? જવાબમાં, "એ અદ્ભુત" ઇત્યાદિ શ્લોકમાં વ્યૂહસહિત જ 'ભગવદ્દર્શનનું' નિરૂપણ કરેલું છે.

ननु प्रद्युम्नरूपेणैव तत्राविर्भाव इति चेन्न, 'आविवेशांश-भागेने'तिवाक्यविरोधात्, अंशानां भागेन स्वयं पुरुषोत्तम आविवेशेति तदर्थात्। वसुदेवगृहे "विदितोऽसि भवा"नि-त्यादिवाक्यानि तु स्पष्टमेव विरुध्येरन्। प्रद्युम्नव्यूहेन स्वस्य तद्वंशसम्बन्धित्वं, न त्वाविर्भावः। अत एव वसुदेवदेवक्योस्ता-दृशासाधारणधर्मविशिष्टदर्शनेऽपि पुत्रत्वबुद्धिः ॥

"શ્રીવસુદેવજીના ગૃહમાં પ્રદ્યુમ્નરૂપે પ્રાદુર્ભાવ થયો છે" એમ પણ શંકા ન કરવી, કેમકે "અંશભાગે પ્રવેશ કર્યો" આ વાકયમાં શ્રીપુરુષોત્તમનો જ પ્રાદુર્ભાવ કહ્યો છે એમાં વિરોધ પ્રાપ્ત થાય અને અનેક અંશના ભાગે કરીને સ્વયં શ્રીપુરુષોત્તમે જ પ્રવેશ કર્યો એમ અર્થ છે, નહિતો શ્રીવસુદેવજીના ગૃહમાં પ્રાદુર્ભૂત "આપ અમને વિદિત થયા છો" ઇત્યાદિ વાકયનો પણ સ્પષ્ટ જ વિરોધ પ્રાપ્ત થાય. પ્રદ્યુમ્નવ્યૂહથી શ્રીવસુદેવજીના વંશની સાથે નિજ સંબન્ધિત્વ છે, તેથી આવિર્ભાવ. આથી જ શ્રીવસુદેવ-દેવકીજીને અસાધારણ

વિશિષ્ટ ભગવદ્દર્શન થયું, તથાપિ પ્રભુમાં પુત્રત્વબુદ્ધિ રહી [ એટલે કે અસાધારણધર્મવિશિષ્ટ પૂર્ણ પુરુષોત્તમનું પ્રાકટ્ય છે ને એને લઈ દર્શન એવાં જ થયાં છે, અને પ્રદ્યુમ્નવ્યૂહ તો પુત્રત્વબુદ્ધિમાં જ કારણ છે. ]

**ननु मायासाहित्ये प्रादुर्भावानुपपत्तिः, तदपसारणस्यैव तत्त्वादिति चेन् न, 'तमद्‌भुत'मित्यत्र धर्माणामिव तस्या अपि प्रादुर्भाव्यत्वेन सहभावेनैव तत्करणात् । धर्माणां माहात्म्यज्ञानमिव तत्कार्यमदर्शनमिति तदा तत्सम्पन्नमेव, अनाविर्भूतायाः कार्या-नापादकत्वात् । अत एव "त्वं तु यशोदायां नन्दपत्न्यां भवि-ष्यसी'ति वाक्यं सङ्गच्छते, अन्यथा भगवद्‌साहित्ये तस्यास्तत्र जननानुपपत्तेः । न हि भगवदाविर्भावस्थले सा भवितुमर्हति, 'विलज्जमानये'ति वाक्यात् ।**

માયાસહિત ભગવત્પ્રાદુર્ભાવ ઘટે નહિ, કારણ કે માયાનું અપસારણ ભગવદાવિર્ભાવ છે, એવી પણ શંકા ન કરવી; 'तमद्‌भुतम्' શ્લોકમાં જેમ ધર્મના આવિર્ભાવનું કથન છે તેમ જ માયાનો પણ પ્રાદુર્ભાવ કરીને એ માયાની સાથે જ નિજ પ્રાદુર્ભાવ કર્યો છે. ધર્મનું કાર્ય જેમ માહાત્મ્ય-જ્ઞાન છે તેમ ભગવદ્દર્શન માયાનું કાર્ય છે, તેથી એ સમયે માયાસંપન્ન ભગવત્પ્રાદુર્ભાવ થયો છે. અપ્રાદુર્ભૂત માયા નિજ કાર્યો સંપાદન કરી શકે નહિ; આથી જ "તું તો શ્રીનન્દ-પત્ની શ્રીયશોદાજીમાં પ્રકટ થઈશ" એવા ભગવદ્વાક્યની સંગતિ થાય છે, નહિ તો ભગવદ્રહિત કેવલ માયાનું ત્યાં

પ્રાકટ્ય જ ઘટતું નથી, કારણ કે જ્યાં ભગવદ્દાવિર્ભાવ હોય ત્યાં કેવલ માયા પ્રકટ થઈ શકે જ નહિ; " विलज्जमानया " ઇત્યાદિ " શરમાતી જે માયા પ્રભુ આગળ ઊભી રહી નથી શકતી " એ અર્થનું વાક્ય અહીં પ્રમાણ છે.

ननु 'नवम्यां च सा जाते'त्यत्राग्रिमग्रन्थोऽनुपपन्न इति चेन् न, पूर्वं भगवत्प्रादुर्भावावसरे सा स्थितापि न भेदेनासीत्, सहभावात्। ततो भगवदागमनसमये तत्रत्यानां व्यामोहार्थं भगवतः सकाशाद्भिन्ना जातेतीदमेव तस्या जननं शक्तिरूपाया धर्मरूपेण बहिर्भूय स्वकार्यकर्तृत्वम्। अत एवाग्रे 'तया हृते'तिवाक्येन तत्कार्यनिरूपणं, तत्र सर्वेषां स्वापे निष्प्रत्यूहभगवदागमनसिद्धिः, पश्चात् कंसव्यामोहाय भयजनकत्वाय तस्या इतो नयनम्॥

ભગવાન અષ્ટમીને દિવસે પ્રકટ થયા અને " માયા નવમીને દિવસે પ્રકટ થઈ " એમ અગ્રિમ શ્રીસુબોધિની ગ્રંથમાં જે કહ્યું છે તેની સાથે વિરોધ પ્રાપ્ત થશે એવી શંકા પણ ન કરવી; પૂર્વ ભગવત્પ્રાદુર્ભાવકાલમાં માયા ઉપસ્થિત જ હતી, પરંતુ એનો માત્ર સહભાવ હતો, ભગવાનથી ભિન્ન માયા ન હતી. એ પછી ભગવદાગમન–સમયે ત્યાં રહેલાઓના વ્યામોહ માટે માયા ભગવાનથી ભિન્ન થઈ. આ જ માયાનો જન્મ; અર્થાત્ શક્તિરૂપ માયા ધર્મરૂપે બહાર પ્રકટ થઈને સ્વકાર્ય કરે. આથી જ ' એ માયાએ હૃત' વાક્યમાં માયાકાર્યનું નિરૂપણ કર્યું છે. ત્યાં માયાથી સર્વને નિદ્રા પ્રાપ્ત થઈ અને તેથી ભગવદાગમન નિષ્પ્રત્યૂહ

-નિર્વિઘ્ન સિદ્ધ થયું. પછી કંસના વ્યામોહ માટે ભય ઉત્પન કરવા માટે ત્વરાથી માયાનું ત્યાં લઈ જવાનું થયું.

एवं सति पुरुषोत्तमाविर्भावोऽर्धरात्रसमासौ सत्यामष्टम्यामेवोभयत्र। नन्दगृहे उत्सवस्तु तत्काले 'जातं पर'मितिवाक्यात् सामान्यज्ञानसत्त्वेऽपि विशेषदर्शनाभावात् तस्यां गतायामेव। तत आगमनादिकं मुहूर्तमात्रेण सिद्धमिति तदुत्तरमेव जाता पृथगाविर्भूता। अत एव वसुदेवग्रहणयोग्यापि, भगवत्सहभूतायास्तु ग्रहीतुमशक्यत्वात् ॥

આ પ્રકારે પુરુષોત્તમાવિર્ભાવ બંને સ્થળે અર્ધ રાત્રિ સમયે અષ્ટમીદિને થયો; શ્રીનન્દાલયમાં નન્દમહોત્સવ તો માયાના મથુરાગમન પછી જ, એમ "जातं परम्" વાક્યથી જણાય છે. કાંઈક જન્મ્યું એમ સામાન્ય જ્ઞાન એ વખતે હતું, તથાપિ વિશેષ દર્શનનો અભાવ હતો તેથી માયાના ગમન પછી જ શ્રીનન્દાલયમાં નન્દમહોત્સવ તો થયો. ત્યાંથી આગમનાદિક તો મુહૂર્ત માત્રમાં જ સિદ્ધ થયું, તેથી આગમન પછી જ માયાનો જન્મ અર્થાત્ પૃથક્ આવિર્ભાવ, અને તેથી માયા શ્રીવસુદેવજીથી ગ્રહણયોગ્ય પણ થઈ, કારણ કે ભગવત્સહભૂત માયાનું તો ગ્રહણ જ અશકય છે.

पुरुषोत्तमाविर्भावदिनं त्वष्टम्येव, सापि शुद्धा सप्तम्यसंयुता, अर्धरात्रसमयोत्तरमुहूर्तपर्यन्तं तस्याः शुद्धत्वात्। तस्यामेव प्रादुर्भावो न सप्तमीयुतायामिति प्रादुर्भावोत्सवव्रतादिकर्तॄणामष्टम्यां सप्तमीवेधे सति तत्प्रादुर्भावतिथित्वाभावादन्यथाकृतिदोष एव ॥

**પુરુષોત્તમાવિર્ભાવ-દિવસ** તો **અષ્ટમી** જ અને એ પણ શુદ્ધ અર્થાત્ સપ્તમીના સંયોગ રહિત, કારણ કે અર્ધરાત્રસમયોત્તર મુહૂર્ત અષ્ટમી શુદ્ધ છે. આ શુદ્ધ અષ્ટમીમાં જ ભગવત્પ્રાદુર્ભાવ છે, સપ્તમીયુક્ત અષ્ટમીમાં પ્રાદુર્ભાવ નથી. સપ્તમી-વેધયુક્ત અષ્ટમીમાં જે પ્રાદુર્ભાવોત્સવવ્રતાદિ કરે છે તેમને બીજું જ કરવાનો દોષ લાગે છે, કારણ કે એ સમયે પ્રાદુર્ભાવની તિથિ જ નથી.

**ननु एवं नक्षत्रमपि रोहिणीसंज्ञं स्थितं तदा तत्रेति कृत्तिकावेधस्तस्मिन्नपि दोषायेति चेन् न, 'यद्वैवाजनजन्मर्क्ष'-मितिवाक्यात् रोहिणीनक्षत्रमष्टम्यामग्रिमनवम्यां च कृत्तिका-विद्धमेव तुल्यं, तादृश एव प्रादुर्भावात्तस्मिंस्तथाविधे व्रतो-त्सवादिकरणस्यादोषत्वात्। तस्मात् शुद्धाष्टमीतिथिरेव जन्म-दिनत्वाद्वैष्णवैरुपोष्या ॥**

ત્યારે તો એ સમયે રોહિણી નક્ષત્ર હતું તેથી કૃત્તિકા-વેધ પણ દોષરૂપ ગણાશે એવી શંકા ન કરવી; "यद्वैवाजन-जन्मर्क्षम्" વાકયથી અષ્ટમીમાં અને અગ્રિમ નવમીમાં ઉભય તિથિમાં રોહિણી-નક્ષત્ર તુલ્ય છે, અર્થાત્ કૃત્તિકા-વિદ્ધ જ છે. ભગવત્પ્રાદુર્ભાવ એવી કૃત્તિકાવિદ્ધ રોહિણીમાં હોવાથી કૃત્તિકાવેધમાં વ્રતોત્સવાદિ કરવામાં દોષ નથી. માટે જ શુદ્ધાષ્ટમી તિથિ જ જન્મદિવસ હોવાથી નક્ષત્ર-વિચાર ન કરતાં કેવલ શુદ્ધાષ્ટમી જ વૈષ્ણવોએ ઉપોષવી.

**ननु तिथिक्षये शुद्धाष्टम्यभावे कोपोष्येति चेदाविर्भावो-त्सवाधारत्वेन तदनुकूलत्वान् नवम्येवोपोष्या, न सप्तमीगन्ध-युताष्टम्यपि। अत एव 'विहाय नवमी'मित्यादिवाक्यानि।**

अनुकूलत्वान् नवम्येव केवला। तथा च न वृद्धि याता द्वितीयदिने दशमीयुतापि। अत एव विवृतिग्रन्थे प्रभुभिः 'केवले'त्युक्तम्। शुद्धाष्टमीत्यागे प्रादुर्भावादिनातिक्रमाद्दोष एव। न हि उत्सवोऽत्र व्रतादिहेतुः किन्तु तिथिरेव, अन्यथा 'नवम्यां प्रातरुत्सव' इति मध्याह्नपर्यन्तमेवोपोषणं सदैव स्यात्, जन्माष्टम्यां तु भोजनमेव। तथा च सकलस्मृतिवचनविरोधः। निबन्धेऽपि "अन्यान्यपि तथा कुर्या"दिति व्याख्याय 'उत्सवो यत्र वै हरेः' इति नृसिंहवामनजयन्त्योरेवोत्सवनिमित्तकव्रतादिकमुक्तं, श्रीकृष्णभक्तस्य तत्सम्बन्धित्वेनोत्साहात्। भक्तवत्सलावतारत्वेनानुकूलत्वात्तदुत्सवकृतौ तदङ्गत्वेन भगवदावेशहेतुतयोत्सवपर्यन्तमेवोपोषणादिकं, न त्वहोरात्रव्यापि। अत एव निबन्धे वामनजयन्त्युत्सवकरणे 'नृसिंहजयन्तीव्रतमुत्सवश्चे'त्यनेनोत्सवस्य कृताकृतत्वेन तद्व्रतस्य कृताकृतत्वमुक्तं, जयन्तीव्रतस्य पुष्टिमार्गीयैः सर्वथा कर्तव्यत्वात्॥

તિથિક્ષયમાં શુદ્ધ અષ્ટમીનો અભાવ હોય ત્યારે કઈ તિથિ ઉપોષવી ? પ્રાદુર્ભાવોત્સવનો આધાર હોવાથી તદનુકૂલ છે તેથી નવમીમાં જ ઉપવાસ કરવો, સપ્તમીના ગન્ધયુક્ત પણ અષ્ટમીમાં સર્વથા નહિ જ; આથી "विहाय नवमीम्" ઇત્યાદિ શાસ્ત્રવાક્ય પણ છે. પૂર્વોક્ત પ્રકારે અનુકૂલ હોઈ નવમી કેવલ લેવી, પરંતુ નવમીની વૃદ્ધિ હોય તો દ્વિતીય દિને દશમીયુતા નવમી ન લેવી. આથી જ 'સુબોધિનીજી'માં શ્રીમહાપ્રભુચરણે "કેવલા" પદ મૂક્યું છે. શુદ્ધ અષ્ટમીનો ત્યાગ કરવાથી પ્રાદુર્ભાવદિનાતિક્રમને લઈ દોષ પ્રાપ્ત થાય છે.

અહીં વ્રતાદિકનો હેતુ ઉત્સવ નથી, પરન્તુ તિથિ છે, નહિતો "નવમીએ પ્રાતઃકાલમાં ઉત્સવ થયો" એ વાક્યાનુસાર નવમીના મધ્યાહ્નસમયપર્યન્ત ઉપોષણ સદૈવ પ્રાપ્ત થાય અને જન્માષ્ટમીને દિને તો ભોજન જ પ્રાપ્ત થાય, અને એમ થાય તો સકલ સ્મૃતિવચનોનો વિરોધ પ્રાપ્ત થાય. 'નિબન્ધ'માં "अन्यान्यपि तथा कुर्यात्"નું વ્યાખ્યાન કરીને "उत्सवो यत्र वै हरेः" ઇત્યાદિથી ઉત્સવનિમિત્તક વ્રતાદિક તો કેવલ નૃસિંહજયન્તીમાં જ અને વામનજયન્તીમાં જ કહેલું છે; નૃસિંહ અને વામન ભગવત્સમ્બન્ધી હોવાથી શ્રીકૃષ્ણભક્તને ઉત્સાહ થાય છે તેથી, એ ઉભય અવતાર ભક્તવત્સલ હોવાથી અનુકૂલ છે તેથી, ઉત્સવમાં ઉપોષણ અંગ છે તેથી, ભગવદાવેશહેતુત્વે કરીને એ બે જયન્તીમાં ઉત્સવ પર્યન્ત જ ઉપોષણાદિક કરવું, અહોરાત્રવ્યાપી નહિ. આ જ હેતુથી 'નિબન્ધ'માં વામનજયન્તીના ઉત્સવકરણ–પ્રસંગમાં "નૃસિંહજયન્તીવ્રત ઉત્સવ હોય તો" ઇત્યાદિ ફક્કિકાથી ઉત્સવની કૃતાકૃતતાથી જ તદંગ વ્રતનું પણ કૃતાકૃતત્વ સ્પષ્ટ કર્યું છે, કારણ કે જયન્તીવ્રત તો પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ અવશ્ય કરવાનું છે.

ननु जन्माष्टमीव्रतमपि मर्यादामार्गीयमेवेति चेन्, न, स्वप्रभुप्रादुर्भावदिनत्वेन तस्मिन् स्वहृदये स्वरूपादौ प्रादुर्भावाशया पुष्टिमार्गीयैरपि लौकिकसर्वभोगविवर्जनात्। लौकिकभोगस्तु बाधकः प्रादुर्भावे, अशुद्धे हृदि तदनाविर्भावात्। एतावान् विशेषः—यत्तदेव व्रतं कर्तृभेदेन द्विविधं श्रवणादिवद्,

न तु व्रतभेदो निर्णयभेदश्च । अन्यथा पुष्टिमार्गीयाणामधर्मित्वं स्यात् । न हि पुष्टिमार्गे प्रथम एव त्यागो, नन्दादिभिरुद्धवादिभिश्च सर्वधर्मकरणात्, किन्तु धर्मिणि केवले प्राप्तः; अत एव स्वामिनीनामपि फलदशायामेव 'सन्त्यज्य' 'कात्स्न्यर्ञ्च त' इति वाक्याभ्यां लोकवेदत्याग उक्तः ॥

જન્માષ્ટમીવ્રત પણ મર્યાદામાર્ગીય જ ગણાશે આ શંકાનો પણ અવસર નથી. નિજ પ્રભુનો પ્રાદુર્ભાવદિવસ છે તેથી એ દિવસે નિજ હૃદયમાં યા સ્વરૂપાદિમાં ભગવત્સ્વરૂપનો પ્રાદુર્ભાવ થશે એવી આશાએ પુષ્ટિમાર્ગીય ભક્ત પણ લૌકિક સર્વ ભોગનું વિસર્જન કરે છે. લૌકિક ભોગ તો ભગવત્પ્રાદુર્ભાવમાં સદૈવ બાધક છે: અશુદ્ધ હૃદયમાં ભગવત્પ્રાદુર્ભાવ જ થતો નથી. એટલો જ વિશેષ છે કે શ્રવણ જેમ એ વ્રત કર્તૃભેદે દ્વિવિધ છે, તેથી વ્રતભેદ કે નિર્ણયભેદ નથી, નહિતો પુષ્ટિમાર્ગીયો અધર્મી થાય. પુષ્ટિમાર્ગમાં પણ પ્રથમથી જ ત્યાગ નથી, કારણ કે શ્રીનન્દરાયજી અને ઉદ્ધવજી વગેરેએ સવધર્માચરણ કર્યું છે. પરંતુ કેવલ ધર્મિસ્વરૂપ પ્રાપ્ત થાય ત્યારે જ ત્યાગ; આથી જ શ્રીસ્વામિનીજીનો ગોપીજનોની બાબતમાં પણ ફલદશામાં જ "सन्त्यज्य' 'का त्स्यञ्ज ते' ઇત્યાદિ વાક્યથી લોકવેદત્યાગ કહ્યો છે.

किंच, पुष्टिमार्गे धर्मिविरुद्धधर्मत्यागो, न तु तदनुकूलतत्त्यागः; अन्यथा सप्तदशाध्याये वर्षर्तुवर्णने लीलोपयोगित्वेन व्रजे सर्वधर्मनिरूपणमाचार्यैर्न कृतं स्यात् ॥

વળી, પુષ્ટિમાર્ગમાં પણ ધર્મિવિરુદ્ધ જે ધર્મ હોય તેનો ત્યાગ છે, પરંતુ ધર્મ્યનુકૂલ ધર્મનો ત્યાગ નથી. જો અનુકૂલ ધર્મનો પણ ત્યાગ હોય તો ૧૭ મા અધ્યાયમાં વર્ષાઋતુનું વર્ણન કરતાં લીલોપયોગિત્વે કરીને વ્રજમાં સર્વ ધર્મનું નિરૂપણ કર્યું છે તે શ્રીમદાચાર્યચરણ ન કરત.

अन्यच्च, शुद्धपुष्टिमार्गो हि प्राकट्यदशायामेव संभवति, साक्षात्प्रमेयानुभवार्थं प्रमाणपरित्यागात् । न हि अप्राप्ते प्रमेये प्रमाणपरित्याग उचितः, भगवत्तोषहेतुत्वात् । अन्यथा 'क्वेमाः स्त्रिय' इति पद्यव्याकृतौ 'स्वप्राप्तिपर्यन्तमधर्माभावाय गोपसंबन्धेन पूर्वोक्तधर्मनियमस्थाः कृतवा'नित्याचार्योक्तिविरुध्येत । तस्मात्पुष्टिमार्गीयैरपि स्वरूपाप्राकट्यदशायां वेदोदितमर्यादापि न त्याज्येति क्व भगवद्व्रताचरणादिरूपवैष्णवमर्यादात्यागसम्भावनेति पूर्वमेव तत्त्यागं वदन्तः कुर्वन्तः कारयन्तश्च विहतफलाशा मूर्खतमा इति ॥

વળી, શુદ્ધ પુષ્ટિમાર્ગ પ્રાકટ્યદશામાં જ સંભવે છે, કારણ કે એમાં સાક્ષાત્ પ્રમેયનો અનુભવ કરવાને પ્રમાણપરિત્યાગ છે. અપ્રાપ્ત પ્રમેયમાં પ્રમાણપરિત્યાગ ઉચિત નથી, કાંકે પ્રમાણ ભગવત્તોષહેતુ છે, નહિ તો "क्वेमा स्त्रियः" શ્લોકના વ્યાખ્યાનમાં "સ્વપ્રાપ્તિ પર્યન્ત અધર્મ ન થાય એ હેતુથી ગોપનો સંબંધ કરાવીને શ્રીગોપીજનને પૂર્વોક્ત ધર્મનિયમમાં સ્થિત કર્યાં" આ શ્રીમદાચાર્યચરણના વાક્યથી વિરોધ પ્રાપ્ત થાય. તેથી પુષ્ટિમાર્ગીય ભક્તોએ પણ સ્વરૂપની અપ્રાકટ્ય–દશામાં વેદોદિત મર્યાદા પણ ન ત્યજવી, તો

ક્યાં ભગવદ્વ્રતાચરણાદિરૂપ વૈષ્ણવમર્યાદાના ત્યાગની સંભાવના પણ ? તેથી પૂર્વ અપ્રાકટ્યદશામાં જ વ્રતત્યાગ કહેતા કરતા અને કરાવતા મૂર્ખતમ છે, એઓની ફલાશાનો જ વિઘાત થયેલો છે.

किंच, पुष्टिमार्गीयाचार्यकृतिः पुष्टिमार्गनिरूपिकैव भवति। लोकसंग्राहिका तु लोकवेदसम्बन्धिनी सा, न तु भक्तिमार्गीयापि, 'वैष्णवत्वं हि सहज'मितिवाक्यात्॥

વળી, પુષ્ટિમાર્ગીય શ્રીમદાચાર્યચરણની કૃતિ પુષ્ટિમાર્ગનિરૂપિકા જ હોય છે. એની લોકવેદસંબંધિની કૃતિ લોકસંગ્રાહિકા હોય, પરંતુ ભક્તિમાર્ગીય કૃતિ લોકસંગ્રાહિકા નથી. "वैष्णवत्वं हि सहजम्" વૈષ્ણવત્વ સહજ છે—એ વાક્ય અહીં પ્રમાણ છે.

न च निबन्ध एव 'पूजामार्गे उत्सवयात्रासहिता पूजा कर्तव्या' इत्युपसंहारान्न पुष्टिमार्गीयत्वं व्रतादेरिति वाच्यम्, अङ्गतया पूजायुक्ते मार्गे भक्तिमार्गे इति तदर्थात्। अन्यथा आदितो भक्तिमार्गमुपक्रम्यात्र सर्वथाऽनिरूपणादुपक्रमोपसंहारविरोधः स्यात्॥

'નિબંધ'માં "પૂજામાર્ગમાં ઉત્સવયાત્રા સહિત પૂજા કરવી" એમ ઉપસંહારથી વ્રતાદિ પુષ્ટિમાર્ગીય નથી એમ પણ શંકા ન કરવી, "અંગ હોવાથી પૂજાયુક્ત ભક્તિમાર્ગમાં" એમ અર્થ છે, નહિ તો આરમ્ભમાં ભક્તિમાર્ગનો ઉપક્રમ કરીને અહીં સર્વથા ભક્તિમાર્ગનું નિરૂપણ ન કરીને

કેવલ પૂજામાર્ગથી ઉપસંહાર કરે તો ઉપક્રમોપસંહાર-વિરોધ પ્રાપ્ત થાય.

किंच, न ह्यत्र पूजामार्गो निरूप्यते, तत्फलस्य सार्वभौमादेरनिरूपणाद्विभूतिरूपाणामुपास्यत्वेनानिरूपणाच्च। किन्तु पूजामात्रमङ्गत्वेन निरूप्यत इति 'पूजामार्ग' इति पदस्य मदुक्तं व्याख्यानमेवेति दिक् ॥

વળી, અહીં પૂજામાર્ગનું નિરૂપણ જ નથી, કારણ કે પૂજાફલરૂપ સાર્વભૌમાદિનું અને ઉપાસ્યપણે વિભૂતિરૂપ દેવતાઓનું નિરૂપણ નથી, પરંતુ ભક્તિમાર્ગના અંગત્વથી જ પૂજામાત્રનું નિરૂપણ છે, તેથી આ "પૂજામાર્ગ" શબ્દનો અર્થ મેં કહેલો "પૂજાયુક્ત ભક્તિમાર્ગ"જ થાય છે, આ દિશા.

भ्रान्ता दोषशताक्रान्ता वृथा श्रान्ता विचारणे।
त्यक्तव्या नैव वक्तव्या वेदबाह्याः सदुक्तिभिः ॥१॥

ભ્રાન્તદોષશતાક્રાંત, વૃથા શ્રાંત વિચારમાં।
ત્યક્તવ્ય નૈવ વક્તવ્ય વેદબાહ્ય સદુક્તિએ. ॥૧॥

## ३१. चतुर्भुजस्वरूपविचारः ॥

### [પૂર્વ પક્ષ]

ननु श्रीनन्दराजकुमारो द्विभुज एव, तत्र स्वानन्ददानप्रतिबन्धापाकरणरूपक्रियाद्वयस्य विद्यमानत्वात्। न हि तत्र वंश-

जनन-धर्मरक्षण-भूभारहरण-मुक्तिदानलक्षणं क्रियाचतुष्टयमस्ति, तस्य वसुदेवाविर्भूते दृष्टत्वात्। एवं सति शुद्धपुष्टिमार्गप्रवर्तकाचार्यमार्गवर्तिनां चतुर्भुजरूपमनुपपन्नमिवाभाति ॥

શ્રીનન્દરાયજીને ત્યાં પ્રકટ થયેલા પ્રભુ દ્વિભુજ છે, કારણ કે ત્યાં આનન્દનું દાન અને પ્રતિબંધની નિવૃત્તિ એ બે જ કાર્ય કરવાનાં છે. ત્યાં વંશવૃદ્ધિ ધર્મરક્ષા ભૂમિભારહરણ અને મોક્ષદાન આ ચાર કાર્ય કરવાનાં નથી, કારણ કે એ કાર્ય તો વસુદેવપુત્રે કરેલાં છે. આ રીતે (યશોદોત્સંગલાલિત જેનું સર્વસ્વ છે તેવા) શુદ્ધપુષ્ટિમાર્ગના પ્રવર્તક (શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઈજી)ના માર્ગમાં રહેલાઓ માટે ચતુર્ભુજસ્વરૂપ પણ સેવ્ય હોય— આ વાત ગળે ઊતરે એવી જણાતી નથી.

[ ઉત્તર પક્ષ ]

अत्रोच्यते। वसुदेवगृहाविर्भूत एव 'पित्रोः सम्पश्यतोः सद्यो बभूव प्राकृतः शिशु'रिति वाक्यात् नन्दगृहाविर्भूत एव केवलधर्मी लोकवेदाप्रथितः पुरुषोत्तमो जातः, पूर्वरूपं धर्मसहितं स्वस्मिन्नन्तर्भाव्य प्रकटो व्रजे तद्विशिष्टगमनाय। अत एव यज्ञपत्नीनां तेनैव रूपेण फलदानम्। इदं चाचार्यचरणैर्नामावल्यां यज्ञपत्नीसम्बन्धिनामनिरूपणस्थले 'अद्भुतबालकाय नमः' इत्यादिनामरूपेण सूचितम्। एवं सति व्रजलीलायामपि कदाचिदेतद्रूपवदुभयरूपसत्त्वमत्र। प्रतिकृतावपि तथाभूतायां धर्मिमार्गप्रवृत्तिभजनमुपपद्यते। तत्र क्रियाद्वयमधिकं मर्यादापालनत-

स्निवृत्तिरूपं ज्ञेयम्। अत एव यज्ञपत्नीनां ब्राह्मणीरूपत्वात् पुष्टावनङ्गीकारेण मुख्याया अभावेन भगवद्गूहनोक्त्याङ्गीकारश्चेति स एवोभयरूप इति तथाप्रतिकृतिभजनमेतन्मार्गवर्तिनां निष्प्रत्यूहमुपपद्यत इति नानुपपत्तिः काचित्॥

આ બાબતમાં સમાધાન આ પ્રમાણે છે: જે વસુદેવજીને ત્યાં પ્રકટ થયેલ તે બીજા કોઈ પુરુષોત્તમ નહિ, પરન્તુ નન્દરાયજીને ઘેર પ્રકટ થયેલ, કેવલ ધર્મી, લોકવેદાતીત જે મૂલસ્વરૂપ પુરુષોત્તમ તે જ. "માબાપ જોતાં હતાં ને એકદમ પ્રાકૃત બાલક બની ગયા" આ પ્રમાણેનું એ પ્રસંગનું જે વાક્ય છે તેનો અર્થ એવો છે કે વસુદેવજીને ત્યાં પહેલાં જે ધર્મસહિત રૂપ પ્રકટ કરેલું તે રૂપ મૂલ ધર્મિસ્વરૂપે પોતાનામાં સમાવી દીધું અને એ સ્વરૂપની સાથોસાથ એ મૂલ સ્વરૂપ વ્રજમાં પધારેલ છે. એટલે જ યજ્ઞપત્નીઓને જે સ્વરૂપે ફલદાન કર્યું છે તે આ ભીતર રહેલું ધર્મસહિત સ્વરૂપ. 'ત્રિવિધનામાવલી'માં યજ્ઞપત્ની સંબંધી જે નામ 'अद्भुतबालकाय नमः' એ પ્રમાણે આવે છે ત્યાં આ વાતનું શ્રીમદાચાર્યચરણોએ જ નિરૂપણ કરેલું છે. આ રીતે વ્રજલીલામાં પણ ક્યાંક ક્યાંક એ ધર્મસહિત ચતુર્ભુજસ્વરૂપ પણ મૂલ ધર્મિસ્વરૂપે પ્રકટ થયું છે એટલે વ્રજલીલામાં પણ બન્ને સ્વરૂપો છે. અને વ્રજલીલા સમ્બન્ધી જે સેવ્ય સ્વરૂપો અત્યારે બિરાજે છે તે પૈકી ધર્મસહિત ચતુર્ભુજ સ્વરૂપોની સેવા શુદ્ધ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો કરે એમાં કાંઈયે અનુચિત

નથી. આવાં ચતુર્ભુજ સ્વરૂપો આનન્દદાન અને પ્રતિબંધ-નિવૃત્તિ ઉપરાંત પણ મર્યાદાપાલન અને મર્યાદોલ્લંઘન એ બે વધારે કાર્યો કરે છે. માટે યજ્ઞપત્નીઓ બ્રાહ્મણ હતી એટલે એમનો પુષ્ટિમાં અંગીકાર નથી, એટલે એમને મુખ્ય જે અંગસંગરૂપ રતિ તેનું દાન નથી કર્યું. આ રીતે મર્યાદાનું પાલન કર્યું છે; જ્યારે ભાવે કરી એઓ પ્રભુને ભેટ્યાં છે, એ રીતે મર્યાદાનું ઉલ્લંઘન પણ કર્યું છે. આ રીતે વ્રજલીલાસ્થ સ્વરૂપ ઉભયરૂપ છે એટલે કે દ્વિભુજ તેમ ચતુર્ભુજ પણ છે, એટલે શુદ્ધ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો ચતુર્ભુજ સ્વરૂપની સેવા કરે એમાં સિદ્ધાન્તને જરાય બાધ નથી આવતો.

## ३२. स्वमार्गीयभावनास्वरूपनिरूपणम् ॥

(અનુવાદક: શ્રી. ચિમનલાલ હરિશંકર શાસ્ત્રી)

निवेदितात्मभिर्नित्यं स्वमार्गीया तु भावना।
भाव्या भावप्रधानत्वात् तत्प्रकारो निरूप्यते ॥

આત્મસમર્પણ કરેલાઓએ હંમેશાં સ્વમાર્ગીય ભાવના અવશ્ય કરવી, કારણ કે પુષ્ટિમાર્ગ ભાવપ્રધાન છે. તેથી ભાવનાનો પ્રકાર અમે જણાવિયે છિયે.

स्वरूपभावना लीलाभावना भावभावना चेति त्रिविधाः।

ભાવના ત્રણ પ્રકારની છે: સ્વરૂપભાવના, લીલાભાવના અને ભાવભાવના.

तत्र स्वरूपभावना।

આરંભમાં સ્વરૂપભાવનાનો વિચાર કરિયે છિયે.

प्रथमदशायामननुभूते स्वरूपे श्रुतमात्रे योगवच्चिन्तनम्। विशेषस्तु प्रभुसन्दर्शनाभावजनितार्तिसाहित्येन भक्तिमार्गीयत्वम्। यथा आद्यमहिष्याः। यथा वा भगवदाविर्भावात् पूर्वं प्राप्तवराणां प्रभ्वाविर्भावमभिकाङ्क्षमाणानां श्रुत्यादिरूपव्रजस्थानामेव॥

**સ્વરૂપભાવના**—પ્રથમ દશામાં જે લોકોએ સ્વરૂપનો કંઈ પણ અનુભવ કર્યો નથી, સ્વરૂપનું માત્ર શ્રવણ કરેલું છે કે સ્વરૂપ આવા પ્રકારનું છે, પરંતુ એનો અનુભવ નથી તેવા લોકોએ જે પ્રમાણે યોગમાં તે પ્રમાણે પ્રભુના સ્વરૂપનું ચિંતન કરવું. યોગમાં અને આ ચિન્તનમાં એટલો ફરક છે કે યોગીને લોકોમાં પ્રભુદર્શન ન થવાથી જે તાપ–ક્લેશ થવો જોઇયે તે હોતો નથી, જ્યારે આ ભક્તો ભક્તિ–માર્ગીય હોવાથી તાપકલેશ સહિત ભગવાનનું ચિન્તન કરે છે, એ તફાવત છે. આ દૃષ્ટાંતમાં આદ્ય મહિષી છે. બીજું દૃષ્ટાંત શ્રુતિરૂપા ગોપીજનોનું છે. જે શ્રુતિઓને વરદાન મળ્યું કે 'હું તમારી સાથે રમણ કરીશ' ત્યારથી આરંભી પ્રભુના આવિર્ભાવ પર્યંત એઓએ સ્વરૂપના આવિર્ભાવની ભાવના કરી તેમ આપણે કરવી. (જુઓ 'भावैरङ्कुरितं' શ્લોકમાં કલ્પ પર્યન્ત સ્વરૂપભાવના કરવાની વાત લખી

છે કે ક્યારે ભગવાન અમારા આગળ પ્રગટે અને એમની સાથે રમણ કરિયે.)

ततोऽनुभूते भगवति साक्षाद् नादद्वारा वा लीलासहिते हृदि प्रविष्टे तद्विप्रयोगेण प्रागनुभूतलीलाभावना द्वितीया । सा च किञ्चित्स्वास्थ्यहेतुः, लीलावेशे क्षणमात्रं तदभेदेनानन्दानुभवात् ॥

**લીલાભાવના**—ત્યારબાદ લીલાસહિત ભગવાનનો સાક્ષાત્ અથવા નાદદ્વારા હૃદયમાં પ્રવેશ થાય અને પ્રવેશાનન્તર પાછો વિયોગ થાય ત્યારે પૂર્વ અનુભવેલી લીલાઓની ભાવના કરવામાં આવે એ બીજી, એટલે કે લીલાભાવના. જ્યારે લીલાભાવનાથી લીલાનો અનુભવ થાય છે ત્યારે હૃદયમાં સ્વસ્થતા આવી જાય છે. પ્રભુ અને લીલા જુદાં નથી, ઉભય આનન્દમય છે, કેમકે લીલાવેશથી ક્ષણ માત્ર અભેદથી આનન્દનો અનુભવ થાય છે.

स्वरूपभावनायां तु स्वरूपानुभवाविर्भावः । यथा 'नन्दस्त्वात्मज उत्पन्न' इति । यथा वा लीलादिभावनां विहाय सम्भूय गुणगाने 'जयति तेऽधिकम्' इत्यादिना स्वरूपाविर्भूतये तद्भावनया कृते स्वरूपाविर्भावः 'तासामाविरभूद्' इत्यादि ॥

પરંતુ સ્વરૂપભાવનામાં સ્વરૂપના અનુભવનો આવિર્ભાવ થાય છે, જેમ નંદરાયજીને ત્યાં સ્વરૂપ પ્રકટ થયું ત્યારે સ્વરૂપના અનુભવનો આવિર્ભાવ થયો હતો. અથવા, ગોપીજનોએ પણ સ્વરૂપનો આવિર્ભાવ કરવાને

સર્વ લીલા વગેરે ભાવનાઓ છોડી એકઠાં થઈ 'जयति तेऽधिकम्' એવું ગાયું અને 'तासामाविरभूत्' એ શ્લોકમાં વર્ણવેલ સ્વરૂપનો આવિર્ભાવ થયો.

लीलाभावनायां तु तद्रूपापत्तिः । यथा 'क्रीडामय्यो जाता' इति । एतदर्थस्तु, तदासक्त्या देहादिषु सर्वत्र क्रियासु ज्ञानेषु पदार्थेष्वखिलेषु चान्येषामन्यथात्वेन प्रतीतावपि ताः प्रभुलीलामेव आसक्तिभ्रमन्यायेन सर्वत्र प्रतियन्तीति तदात्मकत्वम् । यथा वा लोकेऽपि 'परव्यसनिनी नारी व्यग्रापि गृहकर्मणि, तदेवास्वादयत्यन्तः परसङ्गरसायन'मिति । तेन तत्क्रियाभावनायां क्रियात्मकत्वमुक्तम् । यथा वा व्रजस्त्रीणामेव 'या दोहने वहने' इत्यत्रोदितम् ॥

લીલાભાવનામાં લીલારૂપ બની જવાય. એ લીલાભાવનાથી ગોપીજનો પણ ક્રીડામય બની ગયાં હતાં, એટલે કે લીલાની આસક્તિથી દેહાદિમાં સર્વત્ર ક્રિયામાં, જ્ઞાનમાં, સર્વ પદાર્થમાં બીજાઓને અન્યથારૂપ પ્રતીતિ થતી હોય એમાં પણ પ્રભુની જ લીલાનું ભાન[1] આસક્તિ–ભ્રમન્યાયથી થઈ જાય છે, લીલાત્મા બની જાય છે. જેમ 'લોકમાં પર–પુરુષવ્યસની સ્ત્રી ગૃહકર્મમાં વ્યગ્ર છતાં પરપુરુષસંગના રસને જ આસ્વાદે છે;' એમાં જેમ ક્રિયાની ભાવનાથી એ ક્રિયારૂપ બની જાય છે તેમ જ પ્રભુલીલારૂપ ભાવનાથી

૧. જેમ સમુદ્રના વમળમાં પડેલો ફરીથી આવતો નથી તે પ્રમાણે આસક્તિના વમળમાં પડેલો પણ પાછો ઉપર આવતો નથી. પ્રભુના રસસિન્ધુમાં ડૂબવું એ ભ્રાન્તિ નથી, પણ આનન્દમય રસાસ્વાદ છે.

લીલારૂપ બની જાય છે ત્યારે પ્રભુલીલાસ્વાદ મળી જાય એમાં નવાઈ શી ? આ પ્રમાણે અથવા "या दोहने वहने" એ શ્લોકમાં શ્રીગોપીજનો જે પ્રમાણે ભગવન્મય બન્યાં તે પ્રમાણે.

**भावभावनं तु**—भावो हि भावयति। नवीनतया रसपरवशं चेत उत्पादयति, स्ववासनया वासितं वा करोतीति। भावः प्रेमाख्यो गूढः। येन तत्स्वरूपे तल्लीलायां प्रवृत्तिः। येन वा स्वरूपादिसंबन्धिसुखानुभवः सर्वोऽपि, क्षुधान्नरसानुभव इव। स भावः स्वविषयं स्वरूपं लीलां वा प्राप्य तदानन्दं शीतलं जलमिवानुभूय किञ्चिच्छान्तो भवन् न देहेन्द्रियादिकं दाहयति। तदभावे देहादिनूतनताभावेन पूर्णवियोगात्मककेवलभावानुभवो न भवति। यथा संयोगतारतम्येन तत्सुखानुभूतितारतम्यं, तथा तापतारतम्येन केवलभावानुभवतारतम्यम्। तापश्च स्वास्थ्यलेशोऽपि ह्रसति। भगवत्संबन्धि तु सकलं ज्ञानगुणादि तापहारकम्। यथा भगवति प्रविष्टानां मुक्तानां सदा तत्संबन्धिनामेव संयोगानुभवः, तथा तद्भिन्नानां सदा तदसंबद्धानामेव वियोगात्मककेवलभावानुभवः॥

**ભાવભાવના**—ભાવ ભાવના કરાવે છે. આ ભાવ નવીનતાથી જ ચિત્તને રસપરવશ બનાવી દે છે. આ ભાવ ચિત્તને સ્વવાસનાથી વાસિત–વાસનાવાળું કરે છે. આ ભાવ એ પ્રેમરૂપી ગૂઢ ભાવ છે. આ ભાવથી જ પ્રભુના સ્વરૂપમાં અને પ્રભુની લીલામાં પ્રવૃત્તિ થાય છે. આ ભાવથી જ સ્વરૂપ અને લીલા સંબંધી સુખનો સર્વ અનુભવ થાય છે. જેમ

ભૂખમાં અન્નરસનો અનુભવ થાય તેમ ભાવભાવનાથી લીલા અને સ્વરૂપનાં સુખોનો અનુભવ થાય. એ ભાવ સ્વવિષયક એટલે જેનું ભાવભાવન કરવાનું હોય તે સ્વરૂપને અને તે લીલાને પ્રાપ્ત કરી એના આનન્દને શીતલ જલની માફક અનુભવીને કિંચત્ શાન્ત થાય છે અને દેહેન્દ્રિયાદિકને તપાવતો નથી. જો આવી રીતે તાપ–કલેશ ન થાય તો દેહાદિની નૂતનતા થાય નહિ અને પૂર્ણવિયોગાત્મક કેવલ ભાવાનુભવ ન થાય; (કેવલ ભાવનો અનુભવ એ જ પરમ ફલ છે એ ધ્યાનમાં રાખવું.) જેમ સંયોગના તારતમ્યથી એ સંયોગરસના સુખનો અનુભવ કરવામાં તારતમ્ય આવે છે તેવી રીતે તાપમાં તારતમ્ય (વધઘટ) થવાથી કેવલ ભાવાનુભવમાં પણ તારતમ્ય થઈ જાય છે. (તાપકલેશ આ ભાવભાવનમાં મુખ્ય કારણ છે.) તાપકલેશમાં તો જરા પણ સ્વસ્થતા થાય તો તાપકલેશ કમી થઈ જાય, કારણ કે ભગવાન સંબંધી જ્ઞાન ગુણ વગેરે સર્વ તાપહારક છે. જુઓને, ભગવાનમાં જેઓનો પ્રવેશ છે તે મુક્તોને ક્યાં વિરહતાપ છે? એ ભગવત્સંબંધી એટલે સદાય ભગવાનના સાન્નિધ્યમાં રહેનારાને ક્યાં વિયોગરસાનુભાવ થાય છે? આવી રીતે સંયોગરસવાળાને વિયોગરસનો અનુભવ થતો નથી, માટે ધ્યાનમાં રાખવું કે ભગવાનથી ભિન્ન સાન્નિધ્ય-રહિત થયેલાને જ વિયોગાત્મક કેવલ ભાવાનુભવ થાય છે.

ननु वियोगाग्निना तीव्रेण देहादिदाहे तदभावे कथं सर्वांशेन तदनुभैव इति चेत्, न वियोगस्यापि स्वरूपात्मकत्वेन तेनैव तद्रक्षणात् ।

'આ તીવ્ર વિયોગાગ્નિથી દેહાદિ બળી જશે તો ભાવનો અનુભવ શી રીતે કરીશું ?' એવી શંકા કરશો નહિ, કારણ કે વિયોગ પણ સ્વરૂપાત્મક હોવાથી એ વિયોગરસ દ્વારા (તમારા) દેહનું રક્ષણ થશે.

प्रकारस्तु पूर्वदेहं स्वतापेन शुद्धं विधाय तत्स्थितं मलादि दूरीकृत्य वह्निसंबन्धेन काष्ठमिव तेजोमयं विधाय, यथा वियोगाग्निना नाशो न भवति तदात्मकत्वात्; मूर्तिवदधिष्ठानत्वेन तं निर्माय तत्र भावात्मा बहिःप्रकटसमानाकारः सर्वलीलाविशिष्टः प्रविशतीति। स च विरहात्मा दुःखेनैवानुभूयते। यथा ब्रह्मानन्द आत्मनैव, स्वर्गो देहाध्यासेन, भजनानन्दोऽलौकिकदेहेन्द्रियाद्यैरपि। लोकेऽपि नेन्द्रियान्तरविषयं फलमिन्द्रियान्तरैर्गृह्यते। तथा च विरहस्तदैवानुभूतो भवति केवलो यदा स्वरूपलीलाज्ञानगुणस्वास्थ्यादिप्रतिबन्धकाप्रतिबद्धः केवलस्तापात्मको भावो भवति। स एव च कृष्णास्यं, पुष्टिभक्तिः, स्वतन्त्रभक्तिर्वा, यत्र भावातिरिक्ताखिलनैरपेक्ष्यम्। तस्य च सिद्धौ न प्रकारान्तरं भाति, किन्तु भावनैव, 'भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यत' इति वाक्यात् ॥

પૂર્વદેહને—આ લૌકિક દેહને સ્વતાપ વડે શુદ્ધ કરીને દેહમાં રહેલા મલાદિકને દૂર કરી જેમ અગ્નિસંબંધથી કાષ્ઠ તેજોમય બની જાય છે તેમ તેજોમય બનાવી દઈ, વિયોગાગ્નિથી એ દેહનો નાશ ન થાય તેમ એને તેજોમય બનાવે છે. વિયોગાગ્નિ પણ સ્વરૂપાત્મક છે, તેથી દેહનાશ થતો નથી. આ પ્રમાણે દેહને શુદ્ધ તેજોમય બનાવ્યા બાદ

મૂર્તિમાં જેમ પ્રભુ જ્યાં હસ્ત ત્યાં હસ્તરૂપે, પદ હોય ત્યાં પદરૂપે આવિર્ભાવ પામે છે, મૂર્તિને અધિષ્ઠાન સ્થાન કરી ત્યાં જેમ આપ પ્રગટે છે તેમ આ ભક્તના દેહને પણ અધિષ્ઠાન બનાવી આપ બહાર પ્રગટેલા હોય એવા આકાર-વાળા ભાવાત્મક સર્વલીલાવિશિષ્ટ પ્રભુ પ્રવેશ કરે છે, અર્થાત્ બહાર પ્રકટ થયા હોય અને જેવો આકાર હોય તેવા આકારથી જ પ્રભુ આ ભક્તમાં પ્રવેશ કરે છે. આ પ્રવિષ્ટ વિરહાત્મા પ્રભુ મહા દુઃખે અનુભવાય છે. (ભક્તને તો એમની સાથે સર્વેન્દ્રિયરસભોગની તીવ્રેચ્છા થઈ જાય છે. સર્વત્ર ફલાનુભવ કરવામાં આ જ વ્યવસ્થા છે. જે ફલ જે પ્રકારે અનુભવ કરવાને યોગ્ય હોય છે તે પ્રકારે અનુભવાય છે.) જુઓ, બ્રહ્માનન્દ આત્માથી અનુભવાય છે, સ્વર્ગ દેહા-ધ્યાસથી અનુભવાય છે, અને ભજનાનંદ અલૌકિક દેહેન્દ્રિયો વગેરેથી જ અનુભવાય છે. લોકમાં પણ અન્ય ઇન્દ્રિયોથી અનુભવાતું ફલ અન્ય ઇન્દ્રિયોથી ક્યાં ગ્રહણ થાય છે? સારાંશ કે જ્યારે [1]તાપક્લેશને પ્રતિબન્ધ કરનારાં સ્વરૂપ લીલા જ્ઞાન ગુણ સ્વાસ્થ્ય વગેરે જ્યારે હરકતરૂપ ન થાય ત્યારે જ તાપક્લેશભાવ થાય અને કેવલ વિરહાનુભવ થાય (ભાવભાવન થાય). આ ભાવને જ અમે 'શ્રીકૃષ્ણાસ્ય' કહિયે છિયે, અથવા 'પુષ્ટિભક્તિ'ના નામથી ઓળખિયે છિયે, અથવા 'સ્વતંત્ર ભક્તિ' તરીકે

૧. 'સંન્યાસનિર્ણય'માં વિરહાગ્નિમાં જ્ઞાન-ગુણ બાધક કહ્યાં છે અને દયાળુ પ્રભુ આ વિરહી ભક્તની આડે આવતા નથી, એના વિરહને પોષે છે.

પ્રસિદ્ધ છે, જ્યાં **કેવલ ભાવ વિના કોઈની અપેક્ષા નથી.** આ પુષ્ટિભક્તિની સિદ્ધિમાં કોઈ બીજો પ્રકાર નથી, પરન્તુ ભાવના જ સાધન છે. 'ભાવ ભાવના વડે જ સિદ્ધ થાય છે, અન્ય સાધનની એને અપેક્ષા નથી.'

तस्याश्चेयं रीतिः। आदौ गुरुत्वेन स्वामिनीसमाश्रयः। तत्रैव भावः सिद्धः।

**આ ભાવ શી રીતે મેળવી શકાય?** –આરંભમાં ગુરુ તરીકે શ્રીસ્વામિનીજીઓ એટલે કે શ્રીગોપીજનો એમનો **સમાશ્રય** કરવો, કારણ કે આ ભાવ એમનામાં જ સિદ્ધ થયો છે.

तासामेव च स्वत्वं, तद्दत्त एव च प्राप्यत इति। दानं च न साक्षात्, किन्तु भावनाद्वारैव॥

આ ભાવના માલિક શ્રીગોપીજનો છે અને એઓ એ ભાવનું આપણને દાન કરે તો જ એ પ્રાપ્ત થાય. દાન પણ સાક્ષાત્ નહિ, પણ એ ભાવના દ્વારા જ આપે છે.

भावना—पूर्वं ताःस्वसर्वस्वविरहतप्ता वह्निरूपाः स्वमनसि समानीय, तास्वपि यस्तापात्मको भावो भ्रमरगीतादौ प्रोक्तो यत्र सर्वनैरपेक्ष्यं तं हृदि निधाय, स्वास्थ्यहेतु निखिलं प्रभुसंबन्ध्यपि परित्यज्य केवलं तं भावमेव भावयति, न स्वरूपं, न वा लीलां, न वा गुणान्, तदा तेन भावेन तापात्मकेन शोषणम्। ततस्तेनैव नवपल्लवता, यथा वसन्ते घर्मेणैव वृक्षाणाम्। ततो भावस्य तस्य तस्मिन् नवीनदेहे स्थिरतया स्थितिः।

**ભાવના કેમ કરવી?**–પ્રથમ તો સ્વસર્વસ્વ–શ્રીગોપીજનવલ્લભના વિરહથી તપેલાં વહ્નિરૂપ–શ્રીગોપીજનોને મનમાં ધારણ કરવાં અને એ શ્રીગોપીજનોના હૃદયમાં બિરાજમાન જે તાપાત્મક ભાવ છે તેને હૃદયમાં સ્થાપવો કે જે ભાવ તાપાત્મક છે અને જેનું નિરૂપણ ભ્રમરગીતાદિમાં કરેલું છે. જે ભાવને કોઈ પણ (સાધનનં) અપેક્ષા નથી તે ભાવને હૃદયમાં ધરી સ્વાસ્થ્ય કરનારાં પ્રભુસંબંધી ગુણજ્ઞાન વગેરેને ત્યજીને કેવલ એ વિરહભાવનું જ ભાવન કરવું, પ્રભુના વિયોગનો તાપક્લેશ કરવો. આ વખતે સ્વરૂપની ભાવના કરવી નહિ, [1]લીલાની ભાવના કરવી નહિ. ગુણો ગાવા નહિ, પરંતુ કેવલ એ વિરહનું જ ભાવન કરવું. આ તાપાત્મક ભાવથી શોષણ થશે; પુનઃ વસન્ત ઋતુમાં જેમ નવાં પલ્લવ ફૂટે છે તેમ નવપલ્લવતા થશે. ત્યાર બાદ એ ભાવના એ નવીન દેહમાં સ્થિરતા પામશે. (પુનઃ આ ભાવ કદી નહિ ડગે.)

ततस्तस्य वैचित्र्यं, विकलत्वमस्वास्थ्यं च, तद् द्विविधम्। यथा महासमुद्रनिमग्नस्य मज्जनोन्मज्जनं तथा विरहभावरससिन्धुमग्नस्यापि विकलत्वस्वास्थ्ये। ततश्चातिविगाढवियोगे कृष्णास्ये आनन्दमात्रकरपादमुखोदरादिरूपवह्नौ प्रवेशः। ततस्तद्रूपता। ततः कदाचित् तत्प्रकटीकरणं तद्भक्तिदानार्थम्। लोके तद्रूपेणैव तद्दानं संभवति। अथवा, भक्त्यात्मकत्वात् सर्वत्र भाववद्धृदयदेशेषु तदेवास्यं प्रविष्टमस्ति, तदाश्रयेणैव तद्भावनासिद्धिः। इयं भावना मुख्यफलाप्तिसाधनम्। मुख्य-

---

૧. કારણ કે આ સર્વ તાપક્લેશમાં–વિરહમાં–બાધક છે.

फलं तु वियोगात्मकस्वरूपप्राप्तिः। 'मयि ते तेषु चाप्यह-मितिवत् स्वस्य तद्रूपता तस्य च लीलाविशिष्टस्य स्वस्मिन् प्रवेश। यथा वह्निः काष्ठे, काष्ठं वा वह्नौ, तथा भावरूपेण भगवतस्तासु स्थितिः, तासां च भावात्मना भगवति स्थितिः। तथा च भावरूपेणैवोतप्रोतपटवत् सततं यथासुखं स्थितिः। लीलासृष्टौ भगवद्धृदये तदास्ये वा। एतस्य फलस्य साधनं तत्तापभावनं, तस्य च सर्वत्यागः, तस्य च समर्पणं, तेन कृतपुण्यपुञ्जानां समर्पितस्वसर्ववस्तूनामाचार्यचरणाश्रितानां फलमुखभाग्यराशीनां सिद्धप्रेमभावानां परित्यक्ताखिलस्वास्थ्य-हेतूनामेव सा सिध्यतीत्यलमधिकनिरूपणेन॥

इति श्रीदासानुदासश्रीहरिदासविरचितं भावनात्रयम्॥

**વિરહભાવ સ્થિર થયા પછીની સ્થિતિ**–આ ભાવ સ્થિર થયા બાદ એમાં વિચિત્રતા થાય છે તે બે પ્રકારની છે: વિકલતા અને અસ્વાસ્થ્ય. જેમ મહાસમુદ્રમાં ડૂબેલાને સમુદ્રની લહેરોમાં મજ્જન ઉન્મજ્જન થાય છે તેમ વિરહભાવરૂપી રસસિન્ધુમાં ડૂબેલા આ રસિક ભક્તને પ્રભુ વિના જરા પણ ચેન ન જ પડે, વિકલ બની જાય. આમ કરતાં અતિવિગાઢ વિયોગરૂપ શ્રીકૃષ્ણાસ્ય આનંદમાત્ર–કરપાદમુખોદરાદિ–રૂપ (આધિદૈવિક અગ્નિમાં આ ભક્તનો પ્રવેશ થાય છે અને આનન્દ–માત્ર–કરપાદાદિરૂપ) આ ભક્ત બની જાય છે, પુનઃ કદાચિત્ આ અગ્નિમાંથી પ્રકટ કરી, એને ભક્તિનું દાન કરી (એની સાથે રમણ કરે છે).

લોકમાં પણ એ રૂપ વડે જ એ દાન આપી શકાય છે. (આ તો ભક્તને આનન્દમય આસ્યરૂપ અગ્નિમાં પધરાવવાની વાત થઈ, હવે ભક્તના હૃદયદેશમાં એ કૃષ્ણાસ્યપ્રવેશ કરવાની પ્રક્રિયા દર્શાવે છે :) અથવા તો શ્રીકૃષ્ણાસ્ય ભક્ત્યાત્મક છે, તેથી ભાવરૂપે સર્વત્ર ભાવવાળા હૃદયદેશમાં શ્રીકૃષ્ણાસ્ય પેઠેલું જ છે. એમના આશ્રયથી (શ્રીકૃષ્ણાસ્ય–શ્રીમદાચાર્યચરણના આશ્રયથી) એની ભાવનાની સિદ્ધિ થાય છે. આ ભાવનાથી જ મુખ્ય ફલ મળે છે. **આ ભાવના શ્રીમદાચાર્યચરણાશ્રયોદ્‌ભવા–ભાવના જ–સાધન છે અને મુખ્ય ફલ વિયોગાત્મક સ્વરૂપની પ્રાપ્તિ છે.** 'હું ભક્તમાં છું અને ભક્ત મારામાં છે' એ ભગવદ્‌વાક્ય ભગવાનની ભક્તરૂપતા સૂચવે છે, ભક્તની ભગવદ્‌રૂપતા સૂચવે છે, એ લીલાવિશિષ્ટ શ્રીકૃષ્ણાસ્ય ભક્તમાં પ્રવેશ કરે છે, અથવા કાષ્ઠ વહ્નિમાં પ્રવેશ કરે છે તેમ ભાવરૂપે જ ભગવાનની એ ભક્તોમાં–ગોપીજનોમાં–સ્થિતિ અને એમની ભાવાત્મકરૂપ ભગવાનમાં સ્થિતિ, અર્થાત્ ભાવરૂપે જ પરસ્પર કપડાના વાણાતાણા માફક ભગવાન ભક્તમાં સદા ઓતપ્રોત થઈ સ્થિતિ કરે છે. આ સ્થિતિ લીલાસૃષ્ટિમાં કે ભગવદ્‌હૃદયમાં કે શ્રીકૃષ્ણાસ્યમાં પણ થાય છે. (હવે આ સર્વ સંદર્ભનો સારાંશ એ થયો કે) આવું ઉત્તમ ફલ પ્રાપ્ત કરવું હોય તો એનું સાધન પ્રભુના તાપની ભાવના. અને પ્રભુના તાપની ભાવભાવના કરવા સર્વ વિરહતાપમાં જે બાધક પાછળ જણાવ્યાં તે સર્વનો ત્યાગ કરવો. અને સર્વ ત્યાગમાં સાધન સમર્પણ છે; અર્થાત્ સમર્પણ

કરી, તાપક્લેશમાં બાધકનો ત્યાગ કરી કેવલ તાપપૂર્વક ભાવભાવન કરે તો એ પૂર્વોક્ત ફલ મળે. માટે સમજવું જોઈએ કે જેમણે મહાન પુણ્યનો પુંજ સંપાદિત કર્યો છે, સર્વ વસ્તુ પ્રભુના ચરણમાં સોંપી દીધી છે, જેમણે શ્રીમહાચાર્યચરણનો દૃઢાશ્રય કર્યો છે, જેમનાં ભાગ્ય ફલોન્મુખ થયાં છે, જેમને પ્રેમભાવ સિદ્ધ છે, જેમની સ્વસ્થતા છૂટી ગઈ છે, એટલું જ નહિ, પરંતુ સ્વસ્થતા થવામાં હેતુભૂત જ્ઞાનગુણ પણ ત્યજાઈ ગયાં છે તેવા પરમભાગ્યશાળીને આ ફલ (ભાવભાવના) સિદ્ધ થાય છે. વધારે કહેવાની શી જરૂર છે?

**સારાંશ—મહાન પુણ્ય હોય તો બ્રહ્મસંબંધ—સમર્પણ થાય, સમર્પણ દ્વારા જ શ્રીમહાપ્રભુનો આશ્રય થાય, આશ્રયથી જ આપણાં ભાગ્ય ફલોન્મુખ બને, પ્રેમ સિદ્ધ થાય, અને વિરહાત્મક તાપ થતાં વચમાં તાપને બગાડનાર હેતુઓને પણ શ્રીમહાપ્રભુજી દૂર કરી આવું ભાવભાવનરૂપી ઉત્તમ ફલ આપે છે. માટે શ્રીમહાપ્રભુજીનો જ દૃઢ આશ્રય કરવો, સાધનબલનો મદ તજવો, દીન બનવું. દીનતાથી જ પ્રભુ પ્રસન્ન થશે.**

## ३३. स्वरूपतारतम्यनिर्णयः ॥

अथ श्रीमदाचार्यप्रतिष्ठापितवैष्णवजननिलयस्थतत्कुलप्रतिष्ठापितवैष्णवजननिलयस्थभगवत्स्वरूपसेवयोः तारतम्यमस्ति न वा इति विचार्यते। तत्र श्रीमत्प्रभुचरणप्रादुर्भावकाले तु सेवायां 'गङ्गायां च विशेषेण प्रवाहाभेदबुद्धय' इति वाक्योक्तन्यायेन तादृशाधिकारिणां तत्र साक्षात्स्वरूपानुभवो जात इति सर्वसम्मतमेव। इदानीन्तनकाले तत्प्रतिष्ठापितस्वरूपे तत्कुलप्रतिष्ठापितस्वरूपे चेदानीन्तनानां कया रीत्या सम्बन्ध इति भवति विचारः।

**હાલના વૈષ્ણવોને શ્રીઠાકોરજીના સ્વરૂપ સાથે સંબંધ:** વૈષ્ણવોને ત્યાં શ્રીમહાપ્રભુજીએ પધરાવેલાં સ્વરૂપોમાં અને હાલના આચાર્યોએ વૈષ્ણવોને ત્યાં પધરાવેલાં સ્વરૂપોમાં કંઈ પણ ફેરફાર છે કે નહિ એનો વિચાર કરાય છે. આ વિચાર કરતાં પહેલાં ધ્યાનમાં રાખવું કે શ્રીમહાપ્રભુજીના અને શ્રીગુસાંઈજીના પ્રાદુર્ભાવ-કાલે તો સેવામાં તે તે અધિકારીને તે તે સ્વરૂપમાં સેવામાં સાક્ષાદ્ અનુભવ થયો છે અને એ વાત સર્વને સંમત છે. જેમ ગંગાજીનું આધિદૈવિક સ્વરૂપ મૂર્તિરૂપ છે અને એ જલરૂપ ગંગાજીમાં જ બિરાજમાન છે, ગંગાજીના પ્રવાહમાં એનાં પ્રત્યક્ષ દર્શન થાય છે, તેવી રીતે પ્રભુના જ સ્વરૂપમાં જ પ્રભુનાં પ્રત્યક્ષ દર્શન ભક્તોને શ્રીમદાચાર્યચરણના પ્રમેયબલથી થતાં, આ વાત નિર્વિવાદ છે. પરંતુ

આ હાલના વૈષ્ણવોનો એ શ્રીમહાચાર્યચરણે પધરાવેલા સ્વરૂપ સાથે અને એમના વંશજોએ પધરાવેલા સ્વરૂપ સાથે કઈ રીતે સંબંધ છે, એવો વિચાર આપણને (વારંવાર) આવે છે.

तत्र 'प्रत्यक्षा सा न सर्वेषा'मित्यस्य विवृतौ श्रीमत्प्रभुचरणैरुक्तम्—'येषां न प्रत्यक्षा तेषामपि या देवतारूपा सास्तीति तत्सम्बन्धानुभावेनैव सर्वत्र तज्जले प्राकाम्यं प्रकृष्टकामनाविषयत्वं श्रद्धाविशेषपूर्वकस्नानादिव्यवहारो भवतीत्यर्थ' इति दृष्टान्तन्यायेनेदानीन्तनानामपि तत्प्रतिष्ठापितस्वरूपस्य तदुक्तमार्गमर्यादया तया ज्ञानपूर्वकमच्छिद्रसेवया देहान्ते अनुग्रहबलेन अलौकिके देहे जाते पुरुषोत्तमाविर्भावयोग्यतायां जातायां तत्र तदाविर्भावो भवति। तदा प्रेमासक्तिव्यसनक्रमेण स्वाधिकारानुरूपेण स्वमार्गीयं सेवाफलं भवति। अत्रत्यः क्रमोऽग्रे विवेच्यः॥

હાલના વૈષ્ણવોએ શ્રીઠાકોરજીના સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ કેમ કરવો? એને માટે શ્રીગુસાંઈજીએ એક ઉપાય દર્શાવ્યો છે: જેમ ગંગાજીની પ્રત્યક્ષ મૂર્તિ સર્વને દેખાતી નથી, પરન્તુ આ ગંગાજીના પ્રવાહમાં જ શ્રીમતી ગંગાજી મૂર્તિમતી બિરાજે છે તેથી આ જલ પણ એમના સંબંધથી સર્વથી ઉત્કૃષ્ટ છે અને આમાં જ મને પ્રત્યક્ષ દર્શન થશે એવી શ્રદ્ધાપૂર્વક જો સર્વ વ્યવહાર ગંગાજીમાં કરે તો ખરેખર ગંગાજીનાં દર્શન પ્રત્યક્ષ થાય જ, તેમ શ્રીમહાપ્રભુજીના દર્શાવેલા સેવાપ્રકાર પ્રમાણે જો જ્ઞાનપૂર્વક ભગવત્સ્વરૂપને સમજી સતત સેવા કરે તો દેહાન્તે

અનુગ્રહના બલથી અલૌકિક સેવોપયોગી દેહ પ્રાપ્ત થાય અને પુરુષોત્તમનાં સાક્ષાત્ દર્શન પણ થાય જ. એ વખતે પ્રેમ આસક્તિ અને વ્યસનના ક્રમે સેવાફલ સ્વાધિકારાનુસાર થાય છે (એ વાત સ્પષ્ટ થઈ). પરન્તુ પ્રાદુર્ભાવ કેવા ક્રમથી થાય એનો વિચાર આગળ કરીશું.

[1]स्वमार्गीयसेवास्वरूपज्ञानाभावे तु श्रद्धापूर्वकं तया सेवया केवलक्रियया प्रपञ्चासक्तिनिवृत्त्यभावात्तत्सम्बन्धानुभावेनैव जन्मान्तरे पुनस्तथा भजनेन मुक्तिर्भवति। तत्रापि 'अत्यन्ताभिनिवेशश्चेत्संसारे न भवे'दिति वाक्योक्तन्यायो बाधक एव। तदा सम्बन्धो न जात एवेति ज्ञेयम्। तदिच्छाया बलिष्ठत्वात्।

**જેને સેવા અને સ્વરૂપજ્ઞાન ન હોય તેની શી દશા?**—જેને સેવા અને પ્રભુના સ્વરૂપનું જ્ઞાન હોય નહિ, એમ છતાં શ્રદ્ધાપૂર્વક કેવલ ક્રિયારૂપ જ સેવા કરે, પરંતુ એવી (ગાડરિયા પ્રવાહરૂપ) સેવાથી પ્રપંચાસક્તિ દૂર ન જ થાય તો બીજો જન્મ લેવો પડે, અને બીજા જન્મમાં શ્રીમદાચાર્યે કહેલા સેવાપ્રકાર અને સ્વરૂપના ભાનપૂર્વક સેવા કરે તો જ મુક્તિ થાય. એમાં પણ (નિબંધ સ. નિ. કા. ૨૧૪) જો સંસારમાં વધારે અભિનિવેશ (આસક્તિ) હોય તો એની મુક્તિ પણ થતી નથી. ત્યારે હાલના વૈષ્ણવોએ જાણવું કે આપણો સંબંધ પ્રભુ સાથે થયો જ નથી, કારણ? સંસાર તરફની ઇચ્છા એ જબરદસ્ત છે.[2]

૧. स्वरूपसेवयोर्ज्ञानाभावे सेवाफलोक्तं फलं नोपलभ्यते इति समर्थयन्ति।
૨. સેવા અને સ્વરૂપજ્ઞાન માટે સામ્પ્રદાયિક ગ્રન્થો વાંચો.

यस्तु तत्कुलप्रतिष्ठापितस्वरूपस्य तदुक्तमार्गमर्यादया सर्वभावेन सर्वदा यावज्जीवं सेवां चेत् कुर्यात् तदा तादृशस्यापि स्वाधिकारानुसारेण देहान्ते पूर्वोक्तप्रकारेण सेवाफलं भवतीत्यत्र न किञ्चिदनुपपन्नम् ।

હાલના વૈષ્ણવો જો હાલના આચાર્યોએ પધરાવેલા સ્વરૂપની માર્ગની મર્યાદાને અનુસરી સર્વ ભાવથી હંમેશાં જીવનપર્યંત સેવા કરે તો એવાને અધિકારાનુસાર દેહાન્તે શ્રીમદાચાર્યકૃપાથી સેવાફલમાં કહેલાં ફલ મળે એમાં નવાઈ નથી.

किञ्च भजनं हिं बाह्याभ्यन्तरभेदेन द्विविधं, 'सेवायां वा कथायां वे'ति वाक्यात्, 'एतद् भजनमान्तरं मुख्य'मिति निबन्धवाक्याच्च। सेवकसाधनसम्पत्त्यभावे श्रीभागवतार्थविचाररूपमान्तरमेव भजनं निरुपधिसर्वभावेन यावज्जीवं चेत्कुर्यात् तदा तस्यापि स्वाधिकारेण जन्मान्तराव्यवधानेन सेवाफलं भवतीति निर्विवादम्। अत एवैतद्भजनस्य मुख्यत्वात् सेवायां ज्ञानमावश्यकमिति ज्ञेयम् ।

**ભજન બે પ્રકારનું છે:** બાહ્ય અને આભ્યન્તર. 'સેવામાં અથવા કથામાં જેમની આસક્તિ છે તેમનો નાશ નથી' એવું શ્રીમહાપ્રભુજીનું વચનામૃત છે. (નિ. સ. નિ. કા. ૨૩૦ પ્રકાશ) 'આન્તર ભજન મુખ્ય છે' એવું

આપશ્રીએ જ 'નિબંધ'માં જ કહ્યું છે. જો સેવકને, સેવા કરનારને–સેવામાં ઉપયોગી સાધન–સંપત્તિ ન હોય તો શ્રીભાગવતાર્થનો વિચાર યાવજ્જીવન સુધી ઉપાધિરહિત સર્વ ભાવથી કરે તો એને પણ સ્વાધિકારાનુસાર બીજો જન્મ લીધા વગર આ જન્મમાં જ સેવાફલમાં કહેલાં ફલ મળે છે, એ વાત નિર્વિવાદ છે. **માટે શ્રીભાગવતાર્થનું અવલોકન કરવું એ જ મુખ્ય આન્તર ભજન હોવાથી સેવામાં જ્ઞાનની ખાસ જરૂર છે એમ (સેવાનિષ્ઠોએ) જાણવું.**

यस्तु स्वमार्गीयसेवास्वरूपज्ञानाभाववान् मार्गरीत्या श्रद्धया यथाकथञ्चित् स्वरूपसेवां चेत् करोतीति तत्सेवायाः केवलभौतिकत्वाद् 'लोकार्थी चेद् भजेत्कृष्ण'मिति न्यायस्य जातत्वात्तदा सर्वथा संक्लिष्टो भवति, तदा भजनत्यागः। 'क्लिष्टोऽपि चेद् भजेत् कृष्ण'मितिवाक्योक्तन्यायेन क्लेशेऽपि चेद्भजनं कुर्यात्—'चे'दितिपदेनैतादृशस्य दुर्लभत्वमुक्तं तदा महत्कृपया लोकनाशो भजनौपयिकपदार्थेषु लौकिकभावनाश इति यावत्। तदा जन्मान्तरे शुद्धभजनेन कृतार्थो भविष्यतीति ज्ञेयम्।

**જે લોકો સેવા અને સ્વરૂપના જ્ઞાન વગર કેવલ શ્રદ્ધાથી જ સેવા કરી રહ્યા છે તેઓની દશા–** સેવાનું જ્ઞાન ન હોય, સ્વરૂપનું જ્ઞાન ન હોય, પરન્તુ માર્ગની રીતિથી શ્રદ્ધાથી જ જેમતેમ સ્વરૂપસેવા કરી

રહ્યા છે તે સેવા તો કેવલ ભૌતિકી સેવા કહેવાય છે, આધિદૈવિકી સેવા ન જ થાય. 'જેમ સંસારી સંસારમાં આસક્ત રહી શ્રીકૃષ્ણને ભજે તો દુઃખી જ થાય' તેમ સેવા–સ્વરૂપના જ્ઞાન વગરનો દુઃખી જ થાય, ભજન પણ છૂટી જાય છે. (ઘણા લોકો સેવા ન બનવાને લીધે સ્વરૂપ ગુરુને ઘેર પાછું પધરાવી દે છે એનું કારણ હવે સ્પષ્ટ સમજાશે, સ્વરૂપજ્ઞાન વિના પ્રભુમાં યથાર્થ આર્તિ ન થાય તો પ્રભુ સેવાબલ ન જ આપે.) પરંતુ 'દુઃખી થયા છતાં પણ જો ભજન કરે તો મુક્ત થાય' એ શ્રીમદાચાર્યચરણના વચનામૃત અનુસાર દુઃખમાં પણ ભગવદ્ભજન કર્યા કરે તો મોટાઓની કૃપાથી લોકનો નાશ થાય, એટલે ભજનોપયોગી પદાર્થોમાં લૌકિક બુદ્ધિ દૂર થાય, ત્યારે બીજા જન્મમાં (આ જન્મમાં નહિ) શુદ્ધ ભજન વડે કૃતાર્થ થશે એમ જાણવું.

अत्रैवं विभेदो ज्ञेयः। श्रीमत्प्रभुचरणप्रादुर्भावकाले स्वरूपबलेनैव सेवाया आधिदैविकत्वाद् देहान्ते स्वाधिकारानुसारेण नित्यलीलाप्रवेश एवेति सिद्धान्तः। इदानींतनकाले मार्गमर्यादया तथा ज्ञानपूर्वकं सेवाकरणेऽपि उद्वेगादिप्रतिबन्धकस्यावश्यम्भावित्वेन सेवाया नाधिदैविकत्वं भवति। अत एव सेवाफलग्रंथे श्रीमदाचार्यचरणैरुक्तं 'तदा सेवा नाधिदैविकीत्युक्तं भवति' इति। परंतु मार्गमर्यादाया बलिष्ठत्वादाध्यात्मिकी सेवा भवेत्।

**શ્રીમદાચાર્યચરણનો અને આધુનિક સમય–**
અત્રે આ પ્રમાણે ભેદ સમજવો. શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્ય-

સમયે તો શ્રીમહાચાર્યચરણના **સ્વરૂપબલ વડે** ભક્તોની સેવા આધિદૈવિકી એટલે પરમ ફલ આપનારી હતી, એટલે દેહાન્તે સ્વાધિકારાનુસાર નિત્યલીલા-પ્રવેશ **અવશ્ય જ થતો.** હાલમાં ( મહાપ્રભુજી **નિત્યલીલામાં બિરાજે** છે ) ત્યારે માર્ગની મર્યાદા વડે એટલે બ્રહ્મસંબંધ દ્વારા ગુરુ પાસેથી સ્વરૂપ પધરાવીને સ્વરૂપજ્ઞાન, સેવાપ્રકારજ્ઞાન મેળવ્યા પછીથી સેવા કર્યા છતાં પણ ઉદ્વેગ-પ્રતિબન્ધ-ભોગરૂપ અડચણો આવી પડવાથી સેવા આધિદૈવિકી થતી નથી. 'સેવાફલ' ગ્રન્થમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે આદ્ય ફલની પ્રાપ્તિ ન થાય તો ભગવાનની એ ફલદાનની ઇચ્છા નથી; ત્યારે સેવા પણ આધિદૈવિકી નથી થતી, અર્થાત્ ઉદ્વેગ એ પણ પ્રતિબંધ છે. જો ઉદ્વેગ થાય તો મનમાં જ થાય. એ વિરુદ્ધ સામગ્રી થઈ. આવું ઉદ્વેગવાળું મન પ્રભુમાં લીન ન જ થાય. તેથી જ સેવા આધિદૈવિકી ન જ થાય, પરંતુ શ્રીમહાપ્રભુજીની માર્ગમર્યાદા જ એવી બળવાળી છે કે સેવાને આધ્યાત્મિકી તો બનાવે છે.

तत्राऽपि 'एतद्देहावसाने तु कृतार्थः स्यान्न संशयः । इति निश्चित्य मनसा कृष्णं परिचरेत् सदा' (नि॰ स॰ नि. कारिका २६२) इति निबन्धोक्तमनोनिश्चयेन सर्वदा सेवा चेद्भवेत्तदा देहान्तेऽनुग्रहबलेन भाष्योक्तप्रकारेणालौकिके देहे जाते 'परस्परं त्वद्गुणवादसीधुपीयूषनिर्यापितदेहधर्मा' इति न्यायेन तादृशसमाजे अहर्निशं तद्गुणानुवादेनात्मन्यक्षरब्रह्मात्मकत्वज्ञानेन 'उपाधिनाशे विज्ञाने' अनुभवे सम्पन्ने पुरुषोत्त-

माविर्भावयोग्यतायां जातायां तत्र तदाविर्भावो भवति। तदा 'आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तये'दितिवाक्योक्तप्रकारेण तद्भावनया स्नेहवृद्धौ जातायां सर्वा अपि प्रेमावस्था भवन्ति। ततस्तद्विना स्थातुमशक्त्याऽतिशयिततापोदये जाते 'वाङ्मनसि' इत्यादि (४-२-१) सूत्रोक्तप्रकारेण वागादिलयानन्तरं साक्षाद्भगवत्प्रवेशः। ततस्तदिच्छानुसारेण तादृशसेवौपयिकदेहप्राप्त्या साक्षात्तल्लीलावलोकनतद्रसानुभवादिकं भवतीति सेवाफलप्राप्तौ क्रमो ज्ञेय इति दिक् ॥

## ત્યારે આધુનિકોને ફલ શી રીતે?

આ વિષયમાં વધારે ઊંડા ઊતરિયે (નિ. સ. નિ. ૨૩).

एतद्देहावसाने तु कृतार्थः स्यान् न संशयः।
इति निश्चित्य मनसा कृष्णं परिचरेत् सदा ॥

ભાવાર્થ—'જેમ તેમ કરીને ભગવાનને સંતોષવા, ભગવાન અપ્રસન્ન હોય તો કંઈ પણ સિદ્ધ ન થાય, એ હેતુથી ભગવત્પ્રસન્નતાના ઉપાયો દર્શાવે છે, જેમ ભાગવતમાં કપોત અને પિંગલાના દૃષ્ટાન્તથી જેવું વૈરાગ્ય દર્શાવ્યું છે તેવું વૈરાગ્ય સંપાદન કરવું. સર્વ અપેક્ષાઓ ત્યજવી, કારણ કે જે સાપેક્ષ છે તે અસમર્થ છે, માટે સર્વ અપેક્ષા ત્યજી પ્રભુમાં જ મૂલ—સાધનાપેક્ષાજનક અને ફલાપેક્ષાયુક્ત—મનને—જ ભગવાનમાં જોડવું અને કંઈ પણ સાધનની પ્રાપ્તિ ન થવાથી બહિઃસેવામાં વિફલ—નાસીપાસ—થયેલા ચિત્તને નિવારીને પણ પાછું ભગવાનમાં જ સ્થિર કરવું; અને 'પિતા માતા જેમ પુત્રનું અહિત નહિ જ કરે, હિત જ કરે છે

તેમ ભગવાન પણ હિત જ કરશે ' એવા દૃઢ વિશ્વાસપૂર્વક બહિર્મુખતા ન થાય એમ સેવા કરે તો આ દેહાવસાને જરૂર પ્રભુના અનુગ્રહ–બલથી ભાષ્યોક્ત પ્રકારે અલૌકિક દેહ સંપાદન થતાં ભગવદીયો સાથે પરસ્પર ભગવદ્ગુણાનુવાદ-રૂપી અમૃતનું પાન કરતાં, દેહધર્મને ક્ષપિત કરતાં, ભક્તોની માફક ભગવદીયોમાં અહર્નિશ ભગવદ્ગુણ–ગાન ગાતાં ગાતાં આત્મામાં અક્ષરબ્રહ્માત્મક જ્ઞાન પ્રકટ થાય છે અને આ જ્ઞાનથી અવિદ્યારૂપ ઉપાધિ દૂર થતાં પ્રભુ-સંબંધી અનુભવ થાય છે. આ અનુભવથી જ શ્રીપુરુષોત્તમ પ્રકટ થવાની એ ભક્તમાં યોગ્યતા આવે છે અને પ્રભુનો આવિર્ભાવ થાય છે. આ સમયે આત્માનન્દ–સમુદ્રસ્થ શ્રી-કૃષ્ણનું જ ચિન્તન થાય છે. આ ભાવભાવન (નિરોધ-લક્ષણોક્ત ) પ્રકાર વડે સ્નેહવૃદ્ધિ થાય છે, આસક્તિ થાય છે, વ્યસન થાય છે. (ટૂંકામાં કહિયે તો પ્રેમની સર્વ અવસ્થાઓ આ ભક્તમાં પ્રકટે છે.)

**ભક્તની વ્યસન થયા પછીની સ્થિતિ**–આ ભક્તને પ્રભુ વિના જરા પણ ચેન ન જ પડે. એ રસિક પ્રાણવલ્લભ વિના જરા પણ ન જ રહી શકે. જ્યારે વિરહનો અતિશય તાપ પ્રકટે ત્યારે ' वाङ्मनसि ' સૂત્રોક્ત પ્રકારે વાગાદિનો લય થયા બાદ સાક્ષાત્ ભગવત્પ્રવેશ થાય છે. પુનઃ એ ભક્તની ઇચ્છાનુસાર એવો સેવોપયોગી દેહ પ્રાપ્ત થાય છે અને એ અલૌકિક દેહ દ્વારા સાક્ષાત્ તે તે લીલાનું અવલોકન અને તે તે લીલારસનો અનુ-

ભવાદિ એ કરે છે. આ પ્રમાણે સેવાફલની પ્રાપ્તિમાં ક્રમ જાણવો. અર્થાત્ શ્રીમહાપ્રભુજીના વખતમાં શ્રીમહાપ્રભુજીના પ્રમેય-બલથી જ સ્વરૂપમાં સાનુભવ થતો; હાલમાં આપ નિત્યલીલામાં બિરાજે છે તેથી માર્ગમર્યાદાના બલથી ભક્તને ક્રમશઃ સેવાફલની પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે સ્વરૂપનું તારતમ્ય જાણવું.

**સારાંશ** (૧) શ્રીમદાચાર્યના પ્રાકટ્ય–સમયે શ્રીમહા-પ્રભુજીના સ્વપ્રમેયબલથી સ્વરૂપમાં પ્રભુનો સાક્ષાત્ અનુભવ થતો. (૨) હાલના વૈષ્ણવોને જો એવો સાક્ષાત્ 'અનુભવ મેળવવો હોય તો એઓ સ્વરૂપજ્ઞાન અને સેવાપ્રકારજ્ઞાન મેળવે. (સેવા અને સ્વરૂપજ્ઞાન માટે સામ્પ્રદાયિક ગ્રન્થો વાંચવા જોઈએ.) (૩) જેને પ્રભુના સ્વરૂપનું જ્ઞાન ન હોય તેની સેવા ઉત્તમ ન થાય, અને ભજન છૂટી જાય, દુઃખી થાય. (૪) જે લોકો ભાગવતાર્થવિચાર કરવામાં પોતાનો સમય ગાળે છે તે મુખ્ય સેવાનિષ્ઠ છે. (૫) જો હાલના વૈષ્ણવોએ સાક્ષાત્ અનુભવ મેળવવો હોય તો પ્રભુ ઉપર વિશ્વાસ રાખી શરણભાવન કરવું. (૬) આ વિશ્વાસથી ક્રમશઃ હૃદયમાં પ્રભુનો આવિર્ભાવ થશે.

## ३४. अन्तरङ्गबहिरङ्गप्रपञ्चविवेकः ॥

अथान्तरङ्गबहिरङ्गलीलाश्रययोः प्रपञ्चयोर्भेदो निरूप्यते। तत्रान्तरङ्गलीला पुरुषोत्तमरूपेण, इतरा जीवान्तर्यामिरूपाभ्याम्। तत्र तयोराद्यः केवलानन्दमयः, अपरस्तु जडजीवात्मकस्तिरो-

हितानन्दरूपः । तथा पुरुषोत्तमसमवायिकारणकोऽक्षरसमवायिकारणकश्च । अविकृतो विकृतश्च । विकारश्च मायया कृतः । तथा मायासम्बन्धरहितस्तत्सम्बन्धी च । तथा नित्योऽनित्यश्च । पूर्वस्य विकृतरूपेणापि नित्यत्वं, तस्या अपि स्वरूपात्मकत्वात् । भगवानेव तथा भवति, न तु मायया । तथा अपरस्य विकृतत्वं माययैव । अत एव ब्रह्मविदां निरस्तमायानां तथा ब्रह्मत्वेन प्रतीतिः । प्रकृते तु गतदोषाणां लीलारूपेणैव प्रतीतिः, तस्यैव वास्तवत्वात् । अत एव श्रुतयः प्रसन्नाद् भगवतो वरदानार्थप्रदर्शितसकललीलाविशिष्टरूपं सविशेषणं दृष्टवत्यः । अत एव बृहद्वामनपुराणे 'नानारसमदोन्मत्तं तत्र गोपीकदम्बकम्' इत्यादि । अन्यच्च, पूर्वः प्रकटानन्दः, परस्तिरोहितानन्दः । तथायं रसात्मकः, अपरो नीरसः । तत्रापि भजनानन्दविषयानन्दाभ्यां विशेषः ॥

[ **ઉપક્રમ**–પ્રપંચ બે પ્રકારનો છે : અન્તરંગલીલાશ્રય પ્રપંચ અને બહિરંગલીલાશ્રય પ્રપંચ. આ બન્ને પ્રપંચોનો ભેદ દર્શાવવો એ જ આ સ્વતંત્ર લેખનનો ઉદ્દેશ છે. અન્તરંગપ્રપંચનું અનેક સ્થળે વર્ણન છે. પ્રભુ ભક્તના હૃદયરૂપી અક્ષરધામમાં પ્રકટ થઈ ત્યાં જ અનેકવિધ લીલા કરે છે. અન્તરંગ લીલા નિત્યલીલા છે, જેનું 'નિત્યલીલાવાદ' વગેરેમાં યથાર્થ વર્ણન છે. તેમજ શ્રીપુરુષોત્તમચરણે 'પુષ્ટિપ્રવાહમર્યાદા'માં 'અન્તરંગ પુષ્ટિસૃષ્ટિ નિત્ય છે, અન્તરંગ પુષ્ટિસૃષ્ટિ કાયાથી જ પ્રકટ થઈ છે, અન્તરંગ પુષ્ટિસૃષ્ટિને ફૈલ પણ સ્વકાયાથી જ પ્રભુ અર્પે છે, સ્વસેવાર્થ જ આ સૃષ્ટિ આપે પ્રકટ કરી છે' વગેરે સર્વ હકીકત

નિત્યલીલા—અન્તરંગ સૃષ્ટિની વર્ણવી છે તેમજ 'માવૈરઙ્કુરિતં' શ્લોકથી ભગવદ્દાવિર્ભાવ ભક્તોના ભાવ ઉપર જ આધાર રાખે છે, ભક્તોને ભાવ જ કારણભૂત છે, ભક્તના હૃદયમાં શૃંગારકલ્પદ્રુમ પ્રભુ પ્રકટે છે, ત્યાં જ લીલા કરે છે. તેથી ભકતેચ્છા જ લીલાપ્રપંચમાં કારણભૂત છે. એ આ જગદ્રૂપ પ્રપંચ કરતાં વિલક્ષણ છે. એ જ આ લેખનું સ્વારસ્ય છે.

બહિરંગ લીલા તો જાણે જગદ્રૂપે ભગવાન કરે છે અને એનું નિરૂપણ શુદ્ધાદ્વૈત વેદાન્ત દ્વારા અનેક સ્થળે છે. હવે બેઉનું તારતમ્ય આ લેખથી જોઇયે. ]

**અથારંભ—ઉભય પ્રપંચનું તારતમ્ય**—અન્તરંગ લીલા શ્રીપુરુષોત્તમ-સ્વરૂપે છે, ત્યારે બહિરંગ લીલા પ્રપંચ, જીવ અને અન્તર્યામી-રૂપે છે. આદ્ય અન્તરંગ લીલા કેવળ આનંદમય છે, ત્યારે બીજી જડજીવાત્મક હોઈ તિરોહિતાનન્દ છે. આદ્યમાં શ્રીપુરુષોત્તમ સમવાયી છે, ત્યારે બીજામાં અક્ષર સમવાયી છે. પહેલો અવિકૃત છે, ત્યારે બીજો વિકૃત-વિકારવાળો છે. વિકાર માયાકૃત છે, માટે આદ્યને માયાનો સંબંધ નથી, બીજાને માયાનો સંબંધ છે. પૂર્વ અવિકૃત અને નિત્ય છે, કારણ ભગવાન જ એ અન્તરંગ લીલારૂપ પ્રકટ થયા છે, માયાથી એ લીલારૂપ થયા એવું નહિ; માટે અન્તરંગલીલાશ્રય પ્રપંચ સ્વરૂપાત્મક જ છે, અવિકૃત છે. બહિરંગલીલાશ્રય પ્રપંચ જે વિકારવાળો લાગે છે તે માયાથી જ એમ વિકૃત લાગે છે, વસ્તુતસ્તુ માયા દૂર થતાં અખંડ શુદ્ધ બ્રહ્મ જ છે.

નિરસ્તમાયાવાળા બ્રહ્મજ્ઞાનીઓ બ્રહ્મરૂપે જ આ બહિરંગ-લીલાશ્રય પ્રપંચને અનુભવે છે; અન્તરંગલીલાશ્રય પ્રપંચનો તો નિર્દોષ દષ્ટિવાળા ભગવદીયોને લીલારૂપે જ અનુભવ થાય છે, અને એ જ યોગ્ય છે, કારણ કે શ્રુતિઓએ પ્રસન્ન થયેલ ભગવાન પાસેથી જ્યારે વરદાન મેળવ્યું ત્યારે વરદાનાર્થ પ્રદર્શિત સકલ-લીલાવિશિષ્ટ ભગવત્સ્વરૂપ યથાર્થ નિત્યલીલાવિશિષ્ટ એઓ દેખી શક્યાં. નાના રાસના મદથી ઉન્મત્ત ગોપીકદમ્બક જોવાનું 'બૃહદ્વામન પુરાણે' વર્ણવ્યું છે. આદ્ય પ્રપંચમાં પ્રકટાનન્દ છે, અપરમાં તિરોહિતાનન્દ છે. આદ્ય રસાત્મક છે, બીજો નીરસ છે ભજનાનન્દ આદ્ય લીલાપ્રપંચમાં છે, બીજામાં વિષયાનન્દ હોવાથી ક્ષુલ્લક આનન્દ છે.

ननु एवं सति विलक्षणयोरपि एतयोर्नित्यत्वमविशिष्टमुभयत्रापि इति, आविर्भावतिरोभावाभ्यां को विशेष इति चेद् उच्यते।

શંકા—આ બંને જાતના પ્રપંચ વિલક્ષણ છે, તથાપિ બેઉ પ્રપંચમાં નિત્યત્વ સમાન રહ્યું છે, તો આવિર્ભાવ તિરોભાવથી ઉભયમાં કંઈ પણ તારતમ્ય ન જ રહ્યું.

आविर्भावतिरोभावयोस्तुल्यत्वेऽपि कारणवैलक्षण्यात् तद्विलक्षणत्वम्। कारणं च बहिरङ्गे तस्मिन् भगवदिच्छा, तत्रापि मूलेच्छा, तथैव तत्र तौ। अन्तरङ्गे तु भक्तेच्छा, तत्राप्यन्तरङ्गाणां तेषाम्। अत एव 'यद्यद्धिया त उरुगाय विभावयन्ति तत्तद्वपुः प्रणयसे सदनुग्रहाये'त्यादिवचांसि। अत एव 'कस्याश्चित्पूतनायन्त्या' इत्यत्र सकललीलानां प्रादु-

भावः । युक्तं चैतत् । लीलाप्रपञ्चस्य भक्तहृदयस्थितस्य आन्तरस्य तद्भावनाधीनाविर्भावत्वमिति सर्वमनवद्यम् ॥

**સમાધાન**— આવિર્ભાવ તિરોભાવ સમાન હોય તો પણ કારણની વિલક્ષણતાથી એ બેઉ પ્રપંચમાં વિલક્ષણતા આવી છે. બહિરંગ સૃષ્ટિમાં કારણ ભગવાનની રમણેચ્છા છે. ભગવાનની જગદ્રૂપે આવિર્ભાવ થવાની ઇચ્છા થતાં અનેક જીવો વ્યુચ્ચરણ પામ્યા, એટલે એમાં ભગવાનની મૂલેચ્છા જ કારણ છે. અન્તરંગ પ્રપંચમાં ભક્તની ઇચ્છા કારણ છે. માટે જ અન્તરંગ ભક્તોએ ગાયું છે કે 'ભક્તો બુદ્ધિથી જે જે સ્વરૂપની વિભાવના કરે છે તે તે સ્વરૂપને આપ ભક્તો ઉપર અનુગ્રહ કરવાને ધારણ કરો છો.' 'કોઈ પૂતના બન્યાં અને કોઈ કૃષ્ણ બન્યાં' વગેરે ભાગવતમાં વર્ણવેલી સર્વ લીલાનો ત્યાં પ્રાદુર્ભાવ થાય છે અને એ જ યોગ્ય છે, કારણ કે લીલાપ્રપંચનું સ્થાન ભક્તનું હૃદય છે. ભક્ત જેવી રીતે ભાવના કરે તે પ્રમાણે લીલાનો આવિર્ભાવ થાય જ, તેથી અન્તરંગલીલાપ્રપંચ સર્વથા ભક્તેચ્છાધીન છે, એ નિર્વિવાદ સિદ્ધ થયું.

आचार्यचरणाम्भोजयुगलैकप्रसादतः ।
प्रपञ्चयोस्तु बोद्धव्यं वैलक्षण्यं स्वरूपयोः ॥१॥

श्रीहरिरायचरणविरचितोऽन्तरङ्गबहिरङ्गलीलाश्रययोः
प्रपञ्चयोर्विवेकः समाप्तः ॥

શ્રીઆચાર્યચરણ શ્રીવલ્લભાધીશ પ્રભુનાં ચરણ કમલ–યુગલની કૃપાથી જ આ અંતરંગ પ્રપંચ અને બહિરંગ પ્રપંચનાં સ્વરૂપમાં તારતમ્ય જાણવું.

## ३५. भावसाधकबाधकनिरूपणम् ॥

यदा वैराग्यं स्याद् विषयजसुखे दुःखसदृशे
यदा वा सत्सङ्गो हृदयगतदोषापहरणः ।
यदैवाचार्याणां चरणयुगले भावविमलं
मनः स्यात्तर्ह्येव व्रजपतिपदाम्भोजभजनम् ॥१॥

ભાવાર્થઃ— પરમકૃપાળુ શ્રીહરિરાયચરણ કળિકાળના જીવોના કલ્યાણ સારુ રહેલો માર્ગ બતાવે છે : જોકે ભક્તિ કરનારાઓ બહુ જીવો જોવાય છે, તથાપિ એ બધા જીવોને પ્રભુસાક્ષાત્કાર અગર સર્વાત્મભાવ થવા માટે મોટો વિલંબ થવાનું અનુમાન કરી શકાય છે. ભક્તિ કરતાં પહેલાં ભક્તિમાં બાધ કરનારા વર્ગને પહેલાં ઓળખવો જોઈયે. જ્યાંસુધી ભક્તિમાં વિઘ્ન કરનારાં તત્ત્વોને ઓળખી શકાય નહિ અને ઉપાય લેવામાં આવે તો એ ઉપાયો સાધકને બદલે બાધ કરનારા નીવડે છે. એ જ પ્રસંગ સમજાવવા માટે પરમ વન્દનીય શ્રીહરિરાયપ્રભુ આ નાનકડા ગ્રન્થમાં સચોટ રીતે ઉત્તમોત્તમ પ્રભુભાવ પ્રાપ્ત કરવા માટેનાં સાધનોની આજ્ઞા કરે છે. જીવોને જગતમાં લૌકિક સુખ એટલે વિષયસુખની મોટી લાલસા પ્રબળ રીતે રહ્યા જ કરે છે. એ પણ નિત્ય સુખમાં લાલસા તો નહિ જ, કેવળ માની લીધેલું જ સુખ હોઈ શકે. જ્યારે જીવ પોતે સ્વાર્થી અને સંસરમાં આસક્ત હોય, એટલે તો એનું માનેલું-ધારેલું સુખ પણ સાંસારિક જ હોય, સંસારમાં મિથ્યા સુખ સિવાય કશું

હોયજ નહિ; પરિણામે એ સંસારનું સુખ દુઃખરૂપે જ નીવડે છે. દાખલા તરીકે જીવ પોતે સ્ત્રી પુત્ર ધન વગેરે વિષયસુખનાં સાધનોમાં બંધાય છે, એટલે એ સ્ત્રી પુત્ર વગેરેનું સુખ તો ક્ષણિક અને થોડા જ કામ પૂરતું હોઈને પરિણામે તો દુઃખ જ આપનારું હોય છે, તેથી એવા સુખમાં જ્યાંસુધી અનિચ્છા યા અનાદર ન થાય ત્યાંસુધી જીવ પોતે શ્રીહરિની ભક્તિ કરી શકતો નથી. પરમકૃપાળુ શ્રીમદાચાર્યચરણે પણ આ જ આજ્ઞા કરી છે કે "वैराग्यं परितोषं च" વૈરાગ્ય અને સંપૂર્ણ સંતોષ પાળનારા જીવને ખરેખરું અલૌકિક સુખ મળે છે. એ જ આજ્ઞાને પુષ્ટ કરીને અત્રે શ્રીહરિરાયચરણ પણ પ્રથમ તો વૈરાગ્ય પાળવા માટે મોટી ભલામણ કરે છે: જીવને સંસારનાં નશ્વર સુખોમાં જ્યાંસુધી વૈરાગ્ય ન થાય ત્યાંસુધી શ્રીહરિમાં આસક્તિ થતી જ નથી, કારણ કે વિષયોના સેવનથી પરિણામમાં કામ ક્રોધ મોહ વગેરે બધા શત્રુઓ વધતા જાય છે અને કામાક્રાંત યા ક્રોધાક્રાંત શરીર થાય એટલે હૃદયમાં પ્રભુનું બિરાજવું થતું જ નથી. શ્રીમદાચાર્યચરણે પણ આજ્ઞા કરી છે: "विषयाक्रान्तदेहानां नावेशः सर्वथा हरेः! જ્યાંસુધી શરીરમાં લૌકિક વિષયોનું સામ્રાજ્ય ચાલતું હોય ત્યાંસુધી પ્રભુ સર્વથા એવા શરીરવાળા ભક્તના અંતઃકરણમાં પધારતા જ નથી." એટલા માટે અહીં શ્રીહરિરાય પ્રભુ આજ્ઞા કરે છે કે દુઃખપરિણામી વિષયસુખમાં જ્યારે વૈરાગ્ય થાય ત્યારે જ સાક્ષાત્ સર્વેશ્વર પ્રભુના ચરણારવિંદની ભક્તિ થઈ શકે છે. વળી આગળ

ચાલતાં આપ આજ્ઞા કરે છે કે કેવળ વૈરાગ્યથી પણ ભક્તિ ન થઈ શકે, સાથે સત્પુરુષોનો સંગ પણ જોઈયે. હંમેશાં જીવ તો સ્વભાવથી દુષ્ટ હોઈ મોટી મોટી વાસનાઓ અને દોષોનું ધ્યાન કરતો જ રહે છે. એ બધી વાસનાઓ અને હૃદયના દોષ દૂર કરવાનું સાધન એક જ છે, જેને શાસ્ત્રોમાં 'સત્સંગ' તરીકે વખાણવામાં આવેલ છે. સત્સંગથી જીવના હૃદયના પરનિન્દા, મુખરતા (પારાકાની નિન્દા કરવી, જેમ આવે તેમ બકવાટ કરવો) વગેરે દોષો દૂર થાય છે. શ્રીભાગવતમાં પણ આવી જ આજ્ઞા આપવામાં આવી છે કે "सत्सङ्गेन हि दैतेयाः—સત્સંગ કરવાથી આસુર દૈત્ય જેવાઓનો ઉદ્ધાર થાય છે." શ્રીમહાચાર્યચરણોએ પણ 'ભક્તિ-વર્ધિની'માં "अतः स्थैर्यं हरिस्थाने तदीयैः सह तत्परैः—ભગવદીય ભક્તોની સાથે ભગવન્મંદિરમાં રહી સદુપદેશ ગ્રહણ કરવો." આવી રીતે આજ્ઞા કરી છે. આગળ જતાં શ્રીહરિરાય પ્રભુ આજ્ઞા કરે છે કે વૈરાગ્ય અને સત્સંગ થાય પછી પણ શ્રીમહાચાર્યચરણોમાં શુદ્ધ મન થવાની ખાસ આવશ્યકતા છે, કારણ કે જીવ પાસે દરેક સાધન હોય તથાપિ સાધનનો ઉપયોગ કરતાં ન આવડતું હોય તો ફળ ન મળે. એટલા માટે આચાર્યશ્રીના ચરણારવિંદમાં શુદ્ધ વિશ્વાસપૂર્વક મનને લગાડવું જોઈયે, કેમકે પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ અને સ્વાર્થદુષ્ટ અલ્પ જીવ વચ્ચે સ્વરૂપસંબંધ કરાવનાર કોઈ તત્ત્વ રહેલું હોય છે; જો-કે એ જોડાણ કરાવનાર તત્ત્વ પણ કોઈ બીજું તો નથી જ, એ પણ શ્રીભગવાનની ઇચ્છારૂપ વદનાવતાર શ્રીમહાચાર્ય

ચરણુ જ છે; અલ્પ જીવની સત્તાની વાત નથી કે જીવ પોતે જ સીધે સીધો શ્રીહરિને ઓળખી શકે. "स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम– હે પ્રભુ, આપ પોતે પોતાના પુરુષોત્તમ સ્વરૂપને જાણી શકો, અન્ય કોઈ એને ઓળખી શકે નહિ." આવી રીતે શ્રીભગવદ્ગીતા પણ મોટા સ્વરથી સહુને સમ્બોધે છે, તો પછી શ્રીવદનાત્મક શ્રીમહાપ્રભુજી સિવાય પૂર્ણ પુરુષોત્તમના સ્વરૂપને ઓળખનાર કોઈ છે જ નહિ, તેથી જ્યાંસુધી જીવને શ્રીમદાચાર્યજીના ચરણારવિંદમાં શુદ્ધભાવપૂર્વક ચિત્ત લાગે નહિ ત્યાંસુધી પ્રભુસાક્ષાત્કાર થવો એ સ્વપ્નના મનોરથ તુલ્ય ગણાય. એટલા કારણસર ૧ વૈરાગ્ય, ૨ સત્સંગ અને ૩ આચાર્યચરણમાં ભાવ, આ ત્રણ વસ્તુ પ્રાપ્ત થયા પછી જ શ્રીવ્રજપતિ શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુના ચરણની ભક્તિ સિદ્ધ થઈ શકે. ૧

હવે બીજા શ્લોકમાં શ્રીભગવાનમાં વ્યસનાત્મક ભાવ કેવી રીતે થાય છે, એ આજ્ઞા કરવા માટે શ્રીહરિરાય પ્રભુ દ્વિતીય શ્લોક કહે છે :

यदा चिन्ता चित्ते भवति सततं दर्शनकृते
यदा वा हृद्यार्तिर्भवति चरणस्पर्शकरणे ।
यदा वा सन्तापः प्रभवति परीरम्भणविधौ
तदैव स्यात्कृष्णव्यसनजनिभावो भगवति ॥२॥

ભાવાર્થ:— જીવને લોકસુખ માટેની અને સ્ત્રી પુત્ર પરિવારની ચિન્તા મોટા પ્રમાણમાં હોય એમાં આશ્ચર્ય ન

હોય; પરન્તુ સાક્ષાત્ શ્રીહરિનાં દર્શન કરવા માટે ચિત્તમાં મોટી ચિન્તા સાથે ઉતાવળ થઈ રહી હોય. એ ચિન્તા પણ પ્રભુપ્રાપ્તિ માટેની હોવાથી અન્તઃકરણમાં આનન્દરસનું દાન કરનારી હોય છે. અલૌકિક આનન્દના ફક્ત વિયોગાનન્દ અને સંયોગાનન્દ આમ બે વિભાગ થઈ શકે છે. શ્રીહરિનો સાક્ષાત્કાર થાય અને એ દર્શનથી જે આનંદ થાય છે તે સંયોગાનન્દ, પ્રભુનો વિયોગ થાય અને તાપથી અંતઃકરણ એકદમ વિહ્વલ બની જતાં જે આનન્દાનુભવ થાય તે વિયોગાનન્દ કહેવાય છે. હવે જીવ તો અસંખ્ય જન્મોથી પ્રભુના સ્વ-રૂપથી જુદો થયો છે અને તે તે જન્મમાં લૌકિક સુખા-દિનો અનુભવ કરતો રહ્યો જ છે, પરંતુ એ અનંત કાળના પ્રભુવિયોગથી જે તાપક્લેશ થવા જોઇયે તે ન થવાથી જીવ દુષ્ટસ્વભાવી બન્યો છે. એવા સંયોગમાં ઉપરના શ્લોક-માં જણાવેલ શ્રીમદાચાર્યચરણકમળમાં સદ્ભાવ થવાથી જીવને પોતાનાં સ્થિતિ અને સત્કર્તવ્ય સમજાય છે. અને એમ થતાં પ્રભુના સાક્ષાત્કાર માટે જીવને જ્યારે અહર્નિશ ચિન્તા થાય છે ત્યારે શ્રીહરિમાં વ્યસનાત્મક ભાવનું બીજ રોપાય છે; તેમ જીવ પોતે સ્વભાવથી વિષયવાસનાવાળો દુરાચારી હોય છે એ દુરાચાર અને વિષયવાસના દૂર કર-વાનું સામર્થ્ય શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુના ચરણસ્પર્શ સિવાય કોઈનું નથી જ. પ્રભુના ચરણસ્પર્શથી હૃદયનાં દરેક પાપ અને દોષ નિવૃત્ત થાય છે. દોષ નિવૃત્ત થતાં સાક્ષાત્ શ્રીકૃષ્ણ પ્રભુને બિરાજવા લાયક હૃદય બિલકુલ શુદ્ધ થાય

છે. તેથી શ્રીપ્રભુના ચરણસ્પર્શ કરવા માટે જ્યારે હૃદયમાં મોટી ચપળતા સાથે પીડા થતી હોય ત્યારે પ્રભુસમ્બન્ધી ભાવની સ્થિર દશા થાય છે. આગળ વધતાં શ્રીહરિરાય પ્રભુ આજ્ઞા કરે છે: પ્રભુદર્શન–ચિન્તા અને ચરણ–સ્પર્શ માટે હૃદયપીડા થાય ત્યારે જીવને પોતાના દેહના ધર્મની પરવા રહેતી નથી અને આગળ જતાં વ્યસનનો સ્થાયી ભાવ સિદ્ધ થાય છે. એ એવી રીતે કે સ્વરૂપનો અનુભવ કરનારા અંશરૂપી જીવો જ્યારે પ્રભુના સ્વરૂપનું અને પોતાની સ્થિતિનું જ્ઞાન પ્રાપ્ત કરે છે ત્યારે એ સર્વ પ્રકારે શ્રીહરિને ભજવા અસાધારણ પ્રયાસ કરે છે. यो यदंशः स तं भजेत् (જે જેમના તાબાનો હોય તે તેમને અનુસરે છે –ભજે છે.) એ શ્રુતિ અનુસાર જીવો પ્રભુ વિના રહી શકવાને સમર્થ થતા નથી, કારણ કે શ્રીમદ્ભાગવતમાં "क्षणं युगशतमिव यासां येन बिनाऽभवत्". શ્રીગોપીજનોનો શુદ્ધ વ્યસન–ભાવ વર્ણવતાં જણાવ્યું છે કે શ્રીગોપીજનોને પ્રભુ સિવાયની એક ક્ષણ માત્ર પણ સેંકડો યુગ જેવી લાગતી હતી. તેથી શ્રીપ્રભુને ભેટવા માટે જ્યારે હૃદયમાં મોટો સન્તાપ થાય ત્યારે શ્રીકૃષ્ણ પ્રભુમાં જ એક વ્યસન ઉત્પન્ન કરનારો ભાવ સિદ્ધ થાય છે; એટલે આવો વ્યસનાત્મક ભાવ થવામાં શ્રીહરિરાય પ્રભુએ ઉપર જણાવેલાં ત્રણ કારણ બતાવ્યાં છે. એ સિવાય જીવ કૃતાર્થ થઈ શકતો નથી. ૨

**यदा मानाभावो वसति हृदये दैन्यसहितः**
**प्रतिष्ठा वा लोके यदि न हृदि रोधेत विहिता।**

यदा वाक्यैर्दुःखं भवति परुषैर्नैव कुधियां
तदा कृष्णे भावो भवति सुखहेतुर्व्रजपतौ ॥३॥

આ જગતમાં જીવને જ્યાંસુધી અભિમાન હોય છે ત્યાંસુધી ચિત્તની નિર્મલતા થતી નથી. કેવળ અભિમાન-ત્યાગથી પણ કામ સરવાનું નથી; દીનતાપૂર્વક અભિમાનનો ત્યાગ કરવામાં આવે ત્યારે જ હૃદયને શાંતિ મળે છે. તેમ લોકમાં રહેલી 'હું રાજા છું, હું બ્રાહ્મણ છું, હું સંપત્તિ-વાળો છું' વગેરે અનેક પ્રકારની પ્રતિષ્ઠાની ઇચ્છા જરા પણ હૃદયમાં ન રહે અને ખરાબ બુદ્ધિવાળા પુરુષો પોતાના સ્વભાવ પ્રમાણે કટુ વચનોથી નિન્દા અગર ચિત્તનો ઉદ્વેગ કરે તોપણ જ્યારે અંતઃકરણમાં થોડું સરખું પણ દુઃખ માનવામાં ન આવે ત્યારે જ વ્રજના અધિપતિ સાક્ષાત્ શ્રીકૃષ્ણ પ્રભુના ચરણારવિંદમાં ભક્તિનો ઉત્તમ ભાવ સિદ્ધ થાય છે; અને ત્યારે જ કયારે પણ નાશ ન પામે તેવું કાયમનું સુખ જીવને મળે છે, કારણ કે પ્રભુ તો પોતે સર્વ સુખના સમૂહરૂપ છે. શાસ્ત્રમાં આનન્દમય સ્વરૂપ શ્રીહરિનું જ વર્ણવેલું છે. આનન્દમય હોય તે જ આનન્દાનુ-ભવ કરાવી શકે. એ અલૌકિક શુદ્ધ નિત્ય અક્ષર આનન્દને મેળવવા માટે તો દૈન્યપૂર્વક અભિમાનનો ત્યાગ અને લોકની પ્રતિષ્ઠાનો ત્યાગ, આ બન્ને ત્યાગ ખાસ કારણ માટે વર્ણવેલા છે. ૩

यदा यत्नः स्वीयो व्रजति विकलत्वं हि सकलो
यदा वा धर्मादिः स्फुरति विहितोऽपि ह्यविहितः ।

**यदा विद्या स्वीया वसति वदने नातिकृपया**
**तदा धर्मत्यागो भवति शरणे निश्चलमतिः ॥४॥**

શરણુમાર્ગમાં મતિમાં કોઈ જાતના ફલને ઉદ્દેશીને ચંચલતા હોય તો શરણ સિદ્ધ થઈ શકતું નથી. એ માટે આપશ્રી ચોથા શ્લોકનો આરંભ કરતાં બુદ્ધિની ચપળતા દૂર કરવાનું સાધન જણાવે છે:

લોકમાં ઘણા પ્રકારના પ્રયાસ કરવામાં આવે છે, પરંતુ એ બધા પ્રયાસ લૌકિક તુચ્છ સુખને માટે જ રચાયેલા હોય છે, તેથી જ્યારે લોકસુખ માટેનો દરેક પ્રયત્ન નિષ્ફળ જાય ત્યારે, આમ શાસ્ત્રમાં જણાવેલા ધર્મોને જોકે સારી રીતે પાળવા માટે વિધિ દર્શાવેલ છે, તોપણ પ્રભુમાં જ એક આશ્રય ને ફળ રાખનારા તાદૃશી જીવને તો શાસ્ત્રોક્ત ધર્મ વગેરે પણ યાદ આવતા નથી, અને છેવટે ઉત્તમોત્તમ વિદ્યા પણ કોઈ જાતની શાન્તિ આપનારી ન થાય, અર્થાત્ વિદ્યા તો જ્ઞાનને વધારનારી છે અને સંસારને દૂર કરનારી છે, તોપણ અનન્યપ્રભુનિષ્ઠ ભક્તને એવી વિદ્યા કંઈ લાભ આપનારી થતી નથી, કારણ કે વિદ્યા છે તે પંચપર્વવાળી અવિદ્યાના બંધનને જ નિવૃત્ત કરનારી છે, કેવળ પ્રભુશરણ સાધવામાં એનું સામર્થ્ય ન હોવાથી વિદ્યા એવા શુદ્ધ પુષ્ટિમાર્ગીય જીવને કંઈ કરી શકતી નથી. આવી રીતે લોકસિદ્ધ પ્રયાસ, શાસ્ત્રમાં વર્ણવેલો ધર્મ, અને વિદ્યા આ ત્રણ સાહિત્યની પણ પરવા રાખ્યા સિવાય પ્રભુ–ભક્ત તો કેવળ અનન્યભાવથી જ દરેક ધર્મનો ત્યાગ કરી હરિના શરણમાં જ પોતાની બુદ્ધિને સ્થિર કરતો રહે છે. ૪

यदा भक्तैः स्फूर्तिर्भवति मिलितैः स्वार्पणविधे-
र्यदा चान्यैर्योगो न भवति हरेश्चार्पितधिया ।
यदा वा विश्वासः समुदयति मार्गे मुररिपो-
स्तदा भावस्थैर्यं भवति न विहन्येत सकलम् ॥५॥

જ્યારે સર્વ દુઃખને હરણ કરનારા શ્રીહરિ ભગવાનમાં પરાયણ થયેલા ભક્તો પરસ્પર સત્સંગ કરવા એકઠા થઈને શ્રીહરિને પોતે કરેલું નિવેદન ભૂલતા નથી, એટલે શ્રીહરિને દરેક વસ્તુ અર્પણ કરેલી હોઇને કોઈ પણ લોકના દુઃખને યા સુખને ધારતા નથી અને જ્યારે પ્રભુમાં જ કેવળ બુદ્ધિ પરોવેલી હોવાથી અન્ય કોઈ પણ પુરુષો યા દેવતાની સાથે સાધારણ પણ સંબંધ ધરાવતા નથી, તેમ દરેક જીવનો ઉદ્ધાર કરનારા પ્રભુના પુષ્ટિમાર્ગમાં અડગ વિશ્વાસ કાયમનો રહે છે, મોટાં ભયંકર દુઃખો અને કલેશો વખતે પણ જ્યારે પ્રભુનો વિશ્વાસ છોડાતો નથી, ત્યારે એવા ભક્તોનો ભાવ પ્રભુમાં કાયમ માટે સ્થિર રહે છે. ભાવ પણ પ્રભુની નિષ્કામ ભક્તિ સાધવા માટે છે. સર્વાત્મભાવપૂર્વક એવા ભક્તો પ્રભુનો એક જ આશ્રય રાખીને ક્યારે પણ હાનિ પામતા નથી; કેવળ પ્રભુના અલૌકિક સ્નેહના ભોક્તા થઈને અલૌકિક આનન્દમાં નિમગ્ન થાય છે. ૫

यदा लोके बुद्धिर्भवति भवभीताऽतिशिथिला
यदा काचिल्लीला वसति हृदये रोधनपरा ।
यदा तूष्णीम्भावो नयनयुगसंकोचसहित-
स्तदा तिष्ठेद् बुद्धिर्भगवति दृढाऽलौकिकफला ॥६॥

જ્યારે લોકમાં નિષ્ઠાવાળી બુદ્ધિ સંસારના અત્યંત શાંત પડી જાય છે, એટલે લોકનાં ફળો દુઃખ-પરિણામી (પરિણામમાં દુઃખ આપનારાં) હોવાથી ભક્તો એવાં ફળો મેળવવા ઉત્સાહ રાખતા નથી, તેમ હૃદયમાં પ્રભુની અલૌકિક લીલામાંથી કોઈ પણ એક લીલાનું નિત્ય રટન થતું હોય કે જેનાથી સંસારની વિસ્મૃતિ થાય અને પ્રભુમાં નિરંતર આસક્તિ થતી રહે, તેમ જગતમાં સુખ અને દુઃખ આપનારી ઘણી વ્યક્તિઓ હોય છે તોપણુ એવા ભક્તો તો તટસ્થ ભાવ પામીને મૌન જ ધારણ કરે છે. સુખ મળે તો પ્રફુલ્લિત થતા નથી અને દુઃખ મળવાથી ઉદ્વિગ્ન થતા નથી, અર્થાત્ સંસારના સમ્બન્ધમાં પોતાનાં નેત્રોને જ બંધ કરીને રહે છે. એવા ભક્તોની બુદ્ધિ એ વખતે કેવલ ભગવાનમાં જ એકનિષ્ઠાવાળી થઈને રહે છે અને છેવટે પ્રભુના સાક્ષાત્કારરૂપી અલૌકિક ફલનો લાભ લઈ શકે છે. ૬

यदा चित्तं वित्तं स्मरति सततं लौकिकफलं
यदा वा देहादिर्भवति विनियुक्तः परकृतौ ।
यदा सङ्गाभावो भजनपथसम्प्रापकसतां
तदा कृष्णे भावः क्व भवति विनष्टेन्द्रियधियाम् ॥७॥

જ્યારે લોકમાં નિષ્ઠા રાખવામાં આવે અને સત્સંગનો ત્યાગ કરવામાં આવે ત્યારે પ્રભુમાં ભાવ થતો નથી, એ સિદ્ધ કરવા માટે આપશ્રી ભાવબાધક વસ્તુનું વર્ણન કરે છે :

ચિત્ત પ્રભુનું સ્મરણુ કરવા માટે જ છે. એ જ્યારે પ્રભુના

સ્મરણુ છોડીને નિત્ય લોકનાં જ ફળને દેવાવાળા ધનનું સ્મરણુ કરવામાં રોકાય, તેમ પ્રભુની સેવા કરવા માટે જ સર્જાયેલો દેહ જ્યારે પારકાં કાર્ય સાધવામાં જ તત્પર રહે, તેમ સત્પુરુષોનો સંગ કરવામાં ન આવે, તો પછી પ્રભુમાં ભાવ કેવી રીતે થઈ શકે? તેથી લોકનાં ફલનો ત્યાગ કરીને શ્રીહરિની ભક્તિમાં જ સ્મરણુ રાખવામાં આવે અને દેહ પણુ શ્રીહરિની સેવામાં જોડવામાં આવે, તેમ સત્પુરુષોનો નિરંતર સંગ કરવામાં આવે, કારણુ કે સત્પુરુષો પ્રભુની ભક્તિનો માર્ગ દર્શાવનારા હોય છે અને પ્રભુનો માર્ગ પ્રાપ્ત કરાવનારા હોય છે, એવા સત્પુરુષોનો સંગ ઘણો અનુકૂળ થાય છે. એટલા સારુ ઇન્દ્રિયો અને બુદ્ધિ પ્રભુમાં રાખનાર જીવોને ભક્તિભાવ સદાને માટે રહે છે. ૭

यदा रागाभावो हरिपदसरोजेऽपि भवतां
यदा वा संसारे विषयसुखरागो हि सुदृढः ।
दया वा नोद्योगः प्रभवति गुणानां च गृणने
तदा भावः क्वाल्पः परिगलितहेतुर्व्रजपतौ ॥८॥

જ્યાંસુધી જીવોના દુઃખને હરનાર પ્રભુના ચરણારવિંદમાં સ્નેહ હોય નહિ અને લોકમાં તુચ્છ ફલવાળાં પુત્ર સ્ત્રી વગેરેમાં અત્યંત સ્નેહ હોય, તેમ જ્યાંસુધી સાર વિનાના આ સંસારમાં ઇન્દ્રિયોના ક્ષુદ્ર સુખ માટે દૃઢતાપૂર્વક ઇચ્છા રહેતી હોય અને સર્વ સંતાપને હરનારા પ્રભુનાં ગુણુગાન કરવામાં કોઈ પણુ જાતનો પ્રયાસ કરવામાં ન આવે, ત્યાંસુધી સાક્ષાત્ વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણુ ભગવાનમાં ઉત્તમોત્તમ ભાવ થતો નથી, કારણુ કે પ્રભુમાં

ભાવ એવા પ્રકારનો હોવો જોઈએ કે જગતના પદાર્થોનાં સ્વપ્ન જેવા ફલની આશા ક્યારે પણ ન થાય. જો સાંસારિક સુખની આશા અને સ્નેહ સાથે ભાવ કરવામાં આવે તો એ આશા તૃપ્ત ન થતાં જન્મમરણના ચક્રમાં જ પડે છે, અને જીવ ક્યારે પણ અક્ષય સુખ પામતો નથી. એટલા કારણસર પ્રભુના જ ચરણમાં સ્નેહ અને સંસારમાં વૈરાગ્ય કરવાથી ભક્તિભાવ સિદ્ધ થાય છે. ૮

यदा वासो देशे हरिविमुखलोकैकवसतौ
यदा लोकासक्तिर्भवति न विरक्तिश्च मनसा ।
यदा कृष्णश्चित्ते न विशति कदाचिन्निजगुणै-
स्तदा भावः कस्माद् भवति वद हेतोरिह नृणाम् ॥९॥

પ્રભુભાવ સાધવામાં સારા દેશની પણ ખાસ આવશ્યકતા છે. એ દેશ પણ પ્રભુથી વિમુખ થયેલા જીવોના નિવાસવાળો ન હોવો જોઇયે. હરિથી વિમુખ થયેલા જીવો જેમાં રહેતા હોય તે દેશમાં વાસ કરવાથી ભક્તિ સિદ્ધ થતી નથી. લોકની આસક્તિનો ત્યાગ કરીને પણ વૈરાગ્ય પ્રાપ્ત કરવાનું કહેલ છે અને એ વૈરાગ્ય પણ કેવલ વચનથી ન હોવું જોઇયે. મનથી જ દરેક વસ્તુના ફલની ઇચ્છા ન રાખવી એ જ ખરેખરું વૈરાગ્ય છે. શ્રીમદ્ભગવદ્ગીતામાં શ્રીભગવાને આજ્ઞા કરેલી છે કે ઇન્દ્રિયોનો સંયમ રાખીને પણ મનથી ઇન્દ્રિયોના વિષયોનું ધ્યાન કરવામાં આવે તો એવું આચરણ કરનાર જીવને તો મિથ્યાચારી કહેલો છે. તેથી વૈરાગ્ય પણ મનની શાન્તિપૂર્વક હોવું જોઇયે અને ક્યારે પણ જો ચિત્ત પ્રભુના ગુણમાં આકર્ષાઈને પ્રભુમાં

પ્રવેશ ન કરે તો પછી આ લોકમાં પ્રભુભાવ કેવી રીતે થઈ શકે ? માટે પ્રભુના ગુણમાં સ્વતઃ ચિત્ત આકર્ષાઈ ને પ્રવેશ કરે ત્યારે પ્રભુમાં સ્થાયી ભાવ સિદ્ધ થતાં અન્ય કોઈ પણ સાધનની પરવા રહેતી નથી. ઉપક્રમ કરતાં શ્રીહરિરાયચરણ જીવને સંબોધીને આજ્ઞા કરે છે કે હે જીવ ! તું પોતે જ કહે કે જો માનથી વૈરાગ્ય અને પ્રભુમાં ચિત્તનો પ્રવેશ ન થાય તો પછી પ્રભુભાવ શી રીતે સ્થિર રહી શકે ? અર્થાત્ શરીરથી અને વાણીથી કરેલ વૈરાગ્ય અને ભક્તિ ત્યારે જ સફલ થાય છે કે જ્યારે મનની ઉત્તમ અવસ્થા અને પ્રભુપરાયણતા થાય. એટલા માટે બધા જીવોએ પોતાનાં મન શુદ્ધ કરીને પ્રભુમાં લગાડવાં અને લોકની દરેક વસ્તુમાં સંગ કરવો નહિ. ૯

## ३६. श्रीकृष्णशब्दार्थनिरूपणम् ॥

स्वाचार्यकृपया कृष्णशब्दार्थो विनिरूप्यते ।
'रसो वै स' इति श्रुत्या रसात्मा स निरूपितः ॥१॥

આપણા આચાર્ય શ્રીમદ્‌વલ્લભાચાર્યજીની કૃપાએ કરી ' कृष्ण ' શબ્દનો અર્થ કહેવામાં આવે છે.' रसो वै सः ' 'પ્રભુ રસરૂપ છે' એ ઉપનિષદ્‌–વાક્ય પ્રમાણે ભગવાનને રસરૂપ કહેવામાં આવ્યા છે. ૧

'कृषिर्भूवाचकः शब्द' इति श्रुत्यन्तरेण च ।
सदानन्दो हि भगवान् स्फुटं कृष्णो निरूपितः ॥२॥

'कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः । -कृष्ण શબ્દમાં कृष् ધાતુનો અર્થ સત્તા અને ण નો અર્થ આનન્દ થાય છે;' આ એક બીજા ઉપનિષદ્-વાક્ય પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજીને સ્પષ્ટ રીતે સદ્રૂપ અને આનન્દરૂપ કહેવામાં આવ્યા છે. ૨

सत्ता तथानन्द इति विवृतं नैव कुत्रचित् ।
इत्युक्तमस्मदाचार्यैरतो विवरणे मतिः ॥३॥

कृष्ण શબ્દમાં कृष् નો અર્થ સત્તા અને ण નો અર્થ આનન્દ થાય છે એ હકીકત કોઈએ ક્યાંય વિસ્તારથી સમઝાવી નથી, માટે જ શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમાં એ ઉપર વિવરણ લખ્યું છે (૧૦-૮-૧૪ વગેરે શ્લોકો ઉપરનાં સુબોધિનીજી). એ માટે જ એ અર્થનો વધારે ખુલાસો કરવા મને મન થાય છે. ૩

न भवेदेव जीवस्य तथापि तदुदीरितम् ।
'क्वेमाः स्त्रिय' इति श्लोकेऽवगत्याचार्यसंश्रयात् ॥४॥
वदामि कृष्णशब्दार्थं वस्तुतोऽनुवदामि हि ।
एकवाक्यत्वमुभयोः श्रुत्योरेव हि भासते ॥५॥

આપણે સામાન્ય જીવો હોવાને કારણે શ્રીમદાચાર્યચરણોએ (તેમજ શ્રીગુસાંઈજીએ) બતાવેલી હકીકત સમઝી ન શકિયે, એટલે 'क्वेमाः स्त्रियः ( भा. १०-४६-६० ) એ શ્લોક ઉપરનાં શ્રીસુબોધિનીજીનો આશય શ્રીમદ્વલ્લભાધીશ પ્રભુના આશ્રયે કરી સમઝી અહીં कृष्णशब्दનો અર્થ બતાવું છું. ખરું જોતાં આચાર્યશ્રીએ (અને એ જ શ્લોક

ઉપર ત્યાં શ્રીગુસાંઈજીએ) કેટલુંક વિવેચન કર્યું છે તેનો જ અહીં સાર કહી જાઉં છું :– 'रसो वै सः' અને 'कृषिर्भू-वाचक:' એ બે ઉપનિષદ્-વાક્ય એક જ હકીકત કહે છે. ૪–૫

रसवत्ता रसवतां हृदि सम्भवति स्वतः ।
भगवद्रसवत्यस्तु स्वामिन्यो नात्र संशयः ॥६॥

अतस्तद्धृदये सत्ता कृषिशब्दान्निरूप्यते ।
रसानन्दश्च तत्रैव णकारेणैव बोध्यते ॥७॥

જેઓ રસિક હોય છે તેઓને રસિકતા હૃદયમાં પોતાની મેળે જ ઉત્પન્ન થાય છે. જે ગોપીજનો હતાં તે પ્રભુવિષયક રસ ધરાવતાં હતાં એમાં કશો સંશય નથી, એટલે શ્રીગોપીજનોના હૃદયમાં कृष् શબ્દથી ભગવદ્-રૂપરસની સત્તા (હોવાપણું) કહેવામાં આવેલ છે. પ્રભુ હૃદયમાં બિરાજતા હોવાથી એ જ રીતે ण કારથી રસાત્મક આનન્દ રહેલો જાણી શકાય છે. ૬–૭

अतः कृष्णः सदानन्दः स्वामिनीहृदयस्थितः ।
सत्ता भगवतो वाच्या नित्या त्रैकालिकी यतः ॥८॥
आनन्दश्च तथोपाधिरहितो नित्य एव हि ।
अतो हि स्थायिभावात्मा प्रभुर्वाच्यः श्रुतेर्मतः ॥९॥

એટલે જ સત્ અને આનન્દરૂપ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજી શ્રીગોપીજનોનાં હૃદયમાં બિરાજી રહેલા છે. પ્રભુની સત્તા (પ્રભુનું અસ્તિત્વ) ત્રણે કાળમાં રહેતી નિત્ય છે. એ રીતે કોઈ પણ જાતની ઉપાધિ વિનાનો આનન્દ પણ નિત્ય જ છે.

એટલે જ ઉપનિષદોએ જેનું વર્ણન કરેલું છે તેવા એ સ્થાયિભાવાત્મક પ્રભુ છે. ૮–૯

भरतोऽप्याह तद्रूपं 'स्थायिभावो रसः स्मृतः' ।
स भावः प्रकृते वाच्यो यशोदोत्सङ्गलालितः ॥१०॥
अतो हि परमं तत्त्वमेतदेव निरूपितम् ।
'जानीत परमं तत्त्व'मिति मत्प्रभुभिर्मुदा ॥११॥

નાટ્યશાસ્ત્રકાર ભરતાચાર્યે પણ રસનું સ્વરૂપ એ જ કહ્યું છે. નાટ્યશાસ્ત્રમાં જે સ્થાયી ભાવ તે રસ એમ કહેવામાં આવે છે. (શૃંગારરસનો સ્થાયી ભાવ 'રતિ' છે, તો જે 'રતિ' તે જ શૃંગારરસ.) એ જે સ્થાયી ભાવ તે શ્રીગોપીજનોના પ્રસંગમાં શ્રીયશોદાજીના ખોળામાં લાડ પામેલા ભગવાન શ્રીકૃષ્ણચન્દ્ર છે. એટલે જ મારા પ્રભુ શ્રીગુસાંઈજીએ 'અણુભાષ્ય'ના અન્તમાં 'શ્રીયશોદાજીના ખોળામાં લાડ પામેલ એ જ શ્રીકૃષ્ણચન્દ્રરૂપ પરમ તત્ત્વને જાણો' એમ કહી એ જ શ્રીકૃષ્ણચન્દ્રરૂપ પરમ તત્ત્વ છે એમ બતાવ્યું છે. ૧૦–૧૧

तत्त्वं हि सकलो भावः स्थायी स परमो मतः ।
अतो वेदान्तभाष्यान्ते पद्यमेतन्निरूपितम् ॥१२॥

માટે 'તત્ત્વ' એટલે હૃદયનો સમગ્ર ભાવ, અને પરમ એટલે સ્થિર. તેથી વેદાન્તભાષ્ય શ્રી'અણુભાષ્ય'ના અન્તમાં ઉપરનું 'जानीत परमं तत्त्वं' એ પદ્ય કહેવામાં આવ્યું છે. ૧૨

यतः प्राथमिको भावो ह्ययमेव हि दृश्यते ।
एतद्भावेन भगवानाविर्भूतो विराजते ॥१३॥

કેમકે સૌથી પ્રથમ થનારો જે ભાવ તે આ જ

રતિરૂપ ભાવ છે. આ રતિરૂપ ભાવથી પ્રભુ પ્રકટ થાય છે. (રતિ=પ્રેમ, એ વિના ભાવ જ સંભવી શકે નહિ.) ૧૩

स भावः कथितस्तत्र 'यशोदायाः सुतोद्भवम्' ।
इति पद्ये तद्विशिष्टः स्थायिभावो निगद्यते ॥१४॥

'શ્રીયશોદાજીને પુત્રની ઉત્પત્તિ થઈ, એ વાત સાંભળીને આનન્દમાં આવેલાં ગોપીજનોએ વસ્ત્રાદિકથી પોતાના આત્માને શૃંગાર સજ્યા.' (भा. १०-५-७) આ શ્લોકમાં એ જ ભાવ કહેવાવામાં આવ્યો છે. એ જે આનન્દ તેનાથી યુક્ત એવો જે ભાવ, તે જ અહીં સ્થાયી ભાવ છે; (અને એ જ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજી.) ૧૪

यमालम्ब्याखिलानां हि भावानामिह चोद्भवः ।
स एक स्थायिभावोऽसौ गूढभावो निरूप्यते ॥१५॥

જેના અવલમ્બને કરી આ જગતમાં બીજા સર્વ ભાવોની ઉત્પત્તિ છે તે જ સ્થાયી ભાવ. એ સ્થાયી ભાવ ગૂઢ ભાવ છે. (એ ગુપ્ત છે.) ૧૫

तदङ्कुरस्तदुत्पन्नः कामात्मा ह्यधिदैवतम् ।
तद्गतो यो रसः प्रोक्तस्तदेतत्त्रितयं पुनः ॥१६॥
मिलितं कृष्णशब्दार्थो भावात्मा मन्मथो रसः ।
तल्लक्षणात्स शृङ्गारः साकारः श्रुतिबोधितः ॥१७॥

આ ગૂઢ સ્થાયી ભાવનો જે અંકુર તે એક; એમાંથી ઉત્પન્ન થનારો આધિદૈવિક કામ તે બીજો, અને એ આધિદૈવિક કામમાં રહેલો જે રસ તે ત્રીજો, આ ત્રણે એકરૂપ થતાં સાક્ષાત્ મન્મથરૂપ ભાવાત્મક

શ્રીકૃષ્ણચન્દ્રજી રસસ્વરૂપ कृष्ण શબ્દના અર્થરૂપે રહેલા છે. આવા પ્રકારનો એ ત્રણે રૂપ શૃંગારરસ કે જે 'रसो वै सः' અને 'कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृत्तिवाचकः' એ શ્રુતિવાક્યોમાં બતાવવામાં આવેલો છે તે આનન્દાકાર સ્ફુટ થાય છે. ૧૬–૧૭

**भावेनान्तःस्थितेनैव पोष्यतेऽन्तर्गतो रसः ।**
**अतो हि स्वामिनीभावे रसात्मपरिपोषणम् ॥१८॥**

હૃદયમાં રહેલા ભાવ વડે કરીને જ હૃદયમાં રસને પુષ્ટિ મળે છે, એટલે જ શ્રીગોપીજનોના ભાવે કરી રસાત્મા શ્રીકૃષ્ણચન્દ્રજીનો પ્રયાસ છે. ૧૮

**इयमेव हरेर्लीला सर्वगूढा निरूप्यते ।**
**यदन्तःस्थितरूपेण भावैर्विक्रीडनं हृदि ॥१९॥**
**तद्विशिष्टः प्रभुः कृष्णशब्दार्थः परिभाव्यताम् ॥१९½॥**

આ જ હરિભગવાનની સર્વથીયે ગોપ્ય એવી લીલાનું વર્ણન કરવામાં આવ્યું છે. આ લીલા એટલે હૃદયમાં બિરાજતા પ્રભુના રૂપની સાથે ભાવોથી ખેલવાનું. આવા પ્રકારની ભાવાત્મક લીલાઓથી યુક્ત એવા શ્રીપ્રભુ તે कृष्ण શબ્દનો અર્થ છે; એનું જ ભાવન કરો. ૧૯½

**एवंविधार्थवन्नाम मद्वाचि सततं स्थिरम् ॥२०॥**
**प्रकाशयतु मच्चित्ते स्वामिनीभावभावनम् ॥२०½॥**

મારી વાણીમાં હંમેશને માટે સ્થિર થઈ રહેલું આવા પ્રકારના અર્થવાળું એવું પ્રભુનું कृष्ण એ નામ મારા હૃદયમાં શ્રીગોપીજનોના હૃદયગત ભાવની ભાવનાનો પ્રકાશ કરો. ૨૦½

यद्यप्ययोग्यतैवास्ति मयि तत्फलभावने ॥२१॥
तथापि निश्चयश्चित्ते नाममाहात्म्यदर्शनात् ॥२१½॥

આવા પ્રકારના ફલાત્મક ભાવનો મારા હૃદયમાં પ્રકાશ થાય એવા પ્રકારની મારામાં યોગ્યતા છે જ નહિ, તથાપિ પ્રભુના નામમાં મહત્તા હોવાથી અને એ મારી વાણીમાં બિરાજતું હોવાથી મારા ચિત્તમાં નિશ્ચય છે કે એ ફલ શકય છે. ૨૧½

अतस्तन्निःसृतं नाम कृष्णचन्द्राननाननात् ॥२२॥
आधिदैविकमित्येव दोषदूरीकृतिक्षमम् ।
अयोग्ययोग्यतासिद्धिकारणं तत्स्वतः सदा ॥२३॥

કેમકે શ્રીકૃષ્ણચન્દ્રજીના મુખારવિન્દના અવતાર ભગવાન શ્રીવલ્લભાચાર્યજીના મુખમાંથી નીકળેલું 'कृष्ण' એ નામ આધિદૈવિક જ છે અને દોષોને દૂર કરવાને સમર્થ તેમજ સદૈવ આપોઆપ, યોગ્ય ન હોય તેવાઓમાં યોગ્યતા સિદ્ધ કરવામાં કારણરૂપે રહેલું છે. ૨૨–૨૩

इति विज्ञाय तन्नाम ग्राह्यं रसनया सदा ।
मनसा भावनीयोऽर्थः श्रीमदाचार्यसंश्रितैः ॥२४॥

આ પ્રમાણે શ્રીમદાચાર્ય શ્રીમહાપ્રભુજીને શરણે આવેલા જીવોએ બરોબર સમજી હંમેશાં જીભથી 'कृष्ण' એ નામ લેવું અને મનથી એના ત્રણે સ્વરૂપના સંયુક્ત અર્થરૂપે રહેલા અર્થનો વિચાર કરવો. ૨૪

## ३७. श्रीमत्प्रभोः सर्वान्तरत्वनिरूपणम् ॥

प्रपञ्चो भगवत्कार्यस्तथा नित्यस्तदात्मकः ।
सर्ववेदान्तवेद्यो हि तदन्तःस्थितरक्षकः ॥ १ ॥
कूटस्थः सच्चिदानन्दोऽव्यक्तो व्यक्तसमाश्रयः ।
पुरुषोत्तमरूपाङ्घ्रितल्लोकस्तस्य वासनम् ॥ २ ॥

પ્રપંચ (=જગત) પ્રભુના કાર્યરૂપ છે, તેમજ નિત્ય છે અને ભગવદ્રૂપ છે. સકલ વેદાન્તશાસ્ત્રથી જેનો બોધ થઈ શકે તેવો, વળી એ જગતમાં રહી રક્ષણ કરનાર, કૂટસ્થ, સચ્ચિદાનન્દરૂપ, અવ્યક્ત છતાં વ્યક્તના આશ્રયરૂપ અને પુરુષોત્તમસ્વરૂપના ચરણરૂપ તેમ એમના લોક અને નિવાસસ્થાન–રૂપે અક્ષર બ્રહ્મ છે. ૧–૨

तदन्तःस्थो लोकवेदाप्रथितः पुरुषोत्तमः ।
स रसात्मतया प्रोक्तः शृङ्गारः सर्वसम्मतः ॥ ३ ॥
स द्विधा सङ्गविरहाभ्यामित्येव प्रतीयते ॥ ३½ ॥

લોક અને વેદમાં અપ્રસિદ્ધ એવા પુરુષોત્તમ તે અક્ષર બ્રહ્મમાં રહેલા છે. લોકવેદાતીત પુરુષોત્તમ રસરૂપ છે, માટે એમને શૃંગારરસસ્વરૂપે સૌએ સ્વીકાર્યા છે; અને એ શૃંગારરસ સંયોગ અને વિયોગ એ ભેદે કરી સ્પષ્ટ રીતે બે પ્રકારનો છે. ૩½

संयोगात्मा यथानन्दाकारः श्रुतिनिरूपितः ॥ ४ ॥
सर्वलीलादिसामग्रीसहितो भक्तसंयुतः ।
तदन्तःस्थो वियोगात्मा मन्तव्यश्च तथाविधः ॥ ५ ॥

વેદમાં નિરૂપવામાં આવેલો બધી લીલાઓ વગેરેની સામગ્રીથી યુક્ત અને ભક્તો સાથે રહેલો સંયોગાત્મક શૃંગાર જેમ આનન્દાકાર છે તેમ એમાં જ રહેલો વિપ્રયોગાત્મક શૃંગાર પણ એવો જ આનન્દાકાર જાણવો. ૪–૫

तस्य या काचिद्देवास्ति सामग्री सापि तादृशी ।
तद्रूपानुभवोऽप्यत्रेन्द्रियैरपि तथाविधैः ॥ ६ ॥

એ વિપ્રયોગાત્મક શૃંગારની જે કાંઈ સામગ્રી છે તે પણ આનન્દાત્મક છે અને એ શૃંગાર સ્વરૂપનો અનુભવ પણ એવા જ પ્રકારની આનન્દાત્મક ઇન્દ્રિયોથી જ થાય છે. ૬

भावात्मकत्वाद्रूपस्य तस्य सेवापि मानसी ।
तत्संयोगोऽपि भावेन लीलाभिर्विरहात्मनः ॥ ७ ॥

રૂપ ભાવાત્મક હોવાથી એ રૂપની સેવા પણ માનસી (ભાવાત્મક જ.) વિરહાત્માના એ રૂપનો સંયોગ પણ ભાવે કરી લીલાઓ વડે છે. ૭

सर्वान्तरं चैतदेव रूपं सद्भिर्विबुध्यताम् ।
श्रीमदाचार्यचरणैः श्रुतिसारं प्रकाशितम् ॥ ८ ॥

સર્વાન્તર પણ આ જ આનન્દાત્મક સ્વરૂપ છે એમ સજ્જનોએ જાણવું. એ જ સ્વરૂપ શ્રીમદાચાર્યચરણોએ શ્રુતિઓના સારરૂપે પ્રસિદ્ધ કર્યું છે. ૮

तदर्थं ब्रह्मसम्बन्धो भावसेवाधिकारकृत् ।
भावेन भावसेवायां भावरूपस्य मत्प्रभोः ॥ ९ ॥
यः सर्वान्तर्गूढभावः स्थायी कृष्णो निरूपितः ।
तत्प्राप्तिर्भावसम्प्राप्तिर्नान्यदित्येष निश्चयः ॥ १० ॥

એને માટે જ બ્રહ્મસંબંધ કે જે ભાવાત્મક સેવામાં અધિકાર કરાવનાર છે. ભાવરૂપ એવા મારા પ્રભુની ભાવે કરી ભાવાત્મક સેવામાં જે બધામાં રહેલા ગૂઢસ્થાયી–ભાવાત્મક કૃષ્ણ નિરૂપવામાં આવેલ છે તે જ પ્રભુની પ્રાપ્તિ એટલે ભાવની પ્રાપ્તિ, બીજું કાંઈ જ નહિ, એવો નિશ્ચય છે. ૯–૧૦

## ३८. श्रीमत्प्रभोः प्रादुर्भावप्रकारनिरूपणम् ॥

रसात्मकस्वरूपस्य प्रादुर्भावः कथं भवेत् ।
हृदये वा स्वरूपे वा तदत्र विनिरूप्यते ॥ १ ॥

ભક્તના હૃદયમાં અથવા તો ગુરુએ પધરાવી આપેલા પ્રભુના સ્વરૂપમાં રસાત્મકસ્વરૂપ પરમ રસઘન પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજી પ્રકટ કેમ થાય એ વાત અહીં કહેવામાં આવે છે. ૧

अनुरागस्तु सहजस्तासामेवेति निश्चयः ।
जातमात्रे तथाभावात्सूचितश्चोत्सवे पुनः ॥ २ ॥

એ વસ્તુ નક્કી છે કે શ્રીગોપીજનોનો સ્નેહ સહજ જ હતો. જ્યારે પ્રભુનું શ્રીનન્દરાયજીને ત્યાં પ્રાકટ્ય થયું ત્યારે એ પ્રેમ પણ પ્રકટ થયો, એ જન્મોત્સવના પ્રસંગમાં સૂચવાયેલો છે. ૨

कामिनीनामन्यथैवं कथं भावो भवेदिह ।
दृष्टानुरागोऽप्यधुना न घटेतैव सर्वथा ॥ ३ ॥

જો એ પ્રેમ સહજ ન હોય તો આ પ્રસંગે (અથવા इह ને સ્થળે हृदि પાઠ સ્વીકારતાં–હૃદયમાં) ગોપીજનોને આવો પ્રેમ કેવી રીતે પ્રકટ થઈ શકે? જે પ્રેમ ત્યાં જોવામાં આવ્યો તે પણ અત્યારે (અનવતાર–દશામાં) કોઈ રીતે સમ્ભવી શકે નહિ. ૩

**अवतारदशाभावात्स्वरूपेऽपि न सम्भवः ।**
**अनुरागसमुत्पत्तेः पूर्वमित्येष निश्चयः ॥ ४ ॥**

અત્યારે પ્રભુની અવતાર–દશાયે નથી તેથી પ્રભુ તરફના અનુરાગ–પ્રેમની ઉત્પત્તિ થયા પહેલાં સ્વરૂપને વિશે પણ એવો પ્રેમ સમ્ભવી ન શકે, આ વસ્તુ તદ્દન નિશ્ચિત છે. ૪

**अतः श्रवणमात्रैकराग एवावशिष्यते ॥ ४½ ॥**

પ્રભુની અવતાર–દશા ન હોવાને કારણે તેમજ ગોપીજનોની માફક આપણામાં સહજ પ્રેમ ન હોવાને કારણે એવો પ્રેમ મેળવવા કાંઈ પણ સાધનરૂપ હોય તો એ માત્ર પ્રભુનાં નામ અને નામોને જણાવનારાં શાસ્ત્રોનું શ્રવણ જ છે, એ શ્રવણરૂપ માત્ર એક જ સાધનથી મેળવી શકાય તેવો પ્રેમ ફક્ત બાકી રહે છે. ૪½

**अत एवोक्तमाचार्यैः शास्त्रद्वारैव मोचकः ॥ ५ ॥**
**अङ्गीकृतेः शास्त्रतो कारणत्वं हि गम्यते ।**
**उक्तं च भक्तिहंसेऽपि तदर्थित्वं विलक्षणम् ॥ ६ ॥**

પ્રભુ અત્યારે શાસ્ત્રો મારફત એટલે કે શાસ્ત્રોમાં ઉપદેશવામાં આવેલી હકીકતોના શ્રવણ દ્વારા ભક્તોનો ઉદ્ધાર કરે છે, એ પ્રમાણે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે. શાસ્ત્રોમાં

પ્રેમ થાય એનું જો કોઈ પણ કારણ હોય તો એ પ્રભુએ આપણો અંગીકાર કર્યો છે તે છે. આપણો સાચો અંગીકાર થયો છે એની નિશાની જ એ સમજવી કે આપણને ભગવત્–શાસ્ત્રોમાં પ્રેમ થાય. 'ભક્તિહંસ'માં શ્રીગુસાંઈજીએ ભક્તને પ્રભુ મેળવવાની જે વાત કહી છે ત્યાં 'પ્રભુ એ જ અર્થ' એવી ભક્તની સ્થિતિ બહુ જ વિલક્ષણ પ્રકારની છે એવી હકીકત બતાવવામાં આવી છે. ૬

तस्माच्छ्रुतो हि भगवान् भक्तिं साधयति ध्रुवम् ।
अङ्गीकृतानामधुना सर्वथेति विनिश्चयः ॥ ७ ॥

માટે જેમનું વરણ થયું છે, જેમનો ભક્તિમાર્ગમાં સ્વીકાર થયો છે, તેવા જીવોને આ કાલમાં જેમનું શ્રવણ કરવામાં આવ્યું છે તે પ્રભુ જ સ્થિર એવી ભક્તિ સિદ્ધ કરી આપે છે, એમ નિશ્ચય થાય છે ૭.

अङ्गीकृतिः फलमुखा शरणागतितो भवेत् ॥ ७½ ॥

પ્રભુએ આપણો અંગીકાર કર્યો છે કે નહિ અને એ સફળ થશે કે નહિ, એ ત્યારે જ નક્કી રીતે કહી શકાય કે જ્યારે પ્રભુને શરણે જવાની ક્રિયા કરવામાં આવે. ૭½

लोके स्थाप्यः स्वसेवायामिति सञ्चिन्तितोऽपि हि ॥८॥
यदैव शरणं यायात्तदा सेवकता भवेत् ।
तदीयत्वं सेवयैव मानस्यैवान्तरं प्रभोः ॥ ९ ॥

ભક્ત આ લોકમાં પોતાને ઘેર સેવામાં પ્રભુના સ્વરૂપની સ્થાપના કરે અથવા પ્રભુનું ચિન્તન કરે; એમ કરતાં

જ્યારે પ્રભુને શરણે જીવ જાય ત્યારે એને સેવકપણું પ્રાપ્ત થાય. આમ કરવાથી તો માત્ર સેવકપણું પ્રાપ્ત થાય, તદીય-પણું—સાચું ભગવદીયપણું દૂર રહે છે. એ ભગવદીયપણું તો પ્રભુની માનસી સેવા વડે જ પ્રાપ્ત કરી શકાય છે. ૯

આ પ્રકારે એક શરણુ-દશા અને એક ભગવદીય-દશા, એમ બે સ્થિતિ કહેવામાં આવી છે. આનો તફાવત બતાવતાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે

शरणे चात्मसम्बन्धे वैलक्षण्यमियन्मतम् ।
"मम सर्वं हि भगवान्" "अहं भगवतः पुनः" ॥ १० ॥

શરણુ-દશા અને સાચી ભગવદીય-દશામાં આટલો તફાવત છે કે શરણુ-દશામાં 'મારું જે કાંઈ છે તે પ્રભુ,' જ્યારે ભગવદીય-દશામાં 'હું પ્રભુનો જ છું.' ૧૦

सन्न्यासरूपशरणं पृथगेव निरूपितम् ।
तत्र त्यागात्मकत्वेन ममताया निवृत्तितः ॥ ११ ॥
शरणे च तदीयत्वेऽप्यहन्ताविनिवृत्तितः ॥ ११½ ॥

શરણના બે પ્રકારમાં એક સર્વત્યાગરૂપ જે સંન્યાસ તદ્રૂપ છે તેનાથી મમતાનો વિનાશ છે. એ શરણ જુદા જ પ્રકારનું છે. અહીંના આ શરણમાં તેમજ ભગવદીયપણામાં અહન્તાનું નિવારણ કરવાનું છે. સંન્યાસરૂપ શરણમાં દુન્યવી દરેક પદાર્થમાંથી મારાપણું દૂર કરવાનું હોય છે, જ્યારે આ શરણ અને ભગવદીયપણામાં હુંપણું જ દૂર કરવાનું છે. પેલામાં દીનતા નથી જણાતી, આમાં દીનતા રહેલી છે. ૧૧½

तस्मादेवं तदीयानां सम्बद्धानां च सर्वशः ॥ १२ ॥

जातभावाङ्कुराणां च तापक्लेशयुजामपि ।
महापुरुषमुखतः श्रवणाज्जायते रुचिः ॥ १३ ॥

તેથી કરીને આ પ્રમાણે ચારે બાજુથી પ્રભુ સાથે જેમને સમ્બન્ધ થઈ ચૂક્યા છે, જેઓને પ્રભુવિષયક ભાવના અંકુર ફૂટયા છે અને જેઓને પ્રભુના વિરહે કરીને તાપ ઉત્પન્ન થયેલ છે, તેવા ભગવદીયોને મહાપુરુષના મુખ થકી પ્રભુના ગુણાનુવાદના શ્રવણથી રુચિ પ્રકટ થાય છે. (પ્રેમના મૂળમાં રુચિ રહેલી છે. જ્યાંસુધી રુચિ ઉત્પન્ન ન થાય ત્યાંસુધી પ્રેમ થઈ શકે જ નહિ, તો પછી આસક્તિ અને ઉચ્ચતમ વ્યસનદશાની તો આશાયે ક્યાં રાખી શકાય? માટે જ શ્રવણ જરૂરનું છે અને એ મહાપુરુષ—પરમ મહાનુભાવ ભક્તો—આચાર્યો—ગુરુઓના ઉપદેશામૃતના પાનથી જ સિદ્ધ થઈ શકે. પ્રભુમાં રુચિ કરાવનારા એ મહાપુરુષો જ હોઈ શકે. અલ્પાનુભવી કથા શ્રવણ કરાવે, પણ એના સત્ય અર્થને— સાચા રહસ્યને અલ્પાનુભવની ખામીને લઈ જરાયે અનુભવ ન કરાવી શકે. શ્રેષ્ઠ ગુરુ કરવાની આવશ્યકતા કેટલી છે એ આ ઉપરથી સમજાશે.) ૧૨–૧૩

काव्यश्रवणवल्लोके स भावः पल्लवप्रभः ।
कोमलत्वाद् द्विरूपत्वाद् दृढताभावतः परम् ॥ १४ ॥
ततस्तत्सेवनाच्छास्त्रजोषणाज्जायते दृढा ।
स एव कलिकारूपो भावस्तत्र निरूपितः ॥ १५ ॥

કાવ્યશાસ્ત્રમાં શ્રવણ વડે કરીને લોકમાં જેમ લૌકિક રસશાસ્ત્રના જ્ઞાનના અંકુર ફૂટે છે તે જ પ્રમાણે પ્રભુવિષયક

ભાવના અંકુર પણ પ્રભુવિષયક ગ્રંથોના શ્રવણથી ફૂટે છે. એમાંથી ભાવની વૃદ્ધિ થવા મંડે છે. આ ભાવ (પ્રથમ તો કોમલ, કારણ કે અંકુર પાંદડાનું રૂપ લે કે કળીનું રૂપ લે, તે પ્રમાણે ભાવ પણ વિષયાનન્દનું રૂપ લે કે ભજનાનન્દનું) એ રૂપવાળો તેમજ દૃઢ નથી હોતો એમ છતાં પણ એ જ ભાવને વારંવાર મનમાં વિચારતાં અને શાસ્ત્રની વાતોને પચાવતાં એવા ભાવની કળી દૃઢ થતી જાય છે. આવા પ્રકારની જે ભાવવિષયક કળી ફૂટે તે જ ભાવ. (આ ભાવની શરૂઆતની દશા છે.) ૧૪–૧૫

स भावस्तापसम्बन्धाद् विचित्रो हृदये भवेत् ।
कमलं स्फुटति प्रायः सूर्यसम्बन्धतो यथा ॥ १६ ॥

એ ભાવ પ્રભુના વિરહે કરી ઉત્પન્ન થયેલા તાપ–ઉચાટને લીધે હૃદયમાં, સૂર્યના સમ્બન્ધે એટલે સૂર્યોદય થવાની સાથે જ કમલ ખીલવા માંડે છે તે પ્રમાણે, ખીલે છે. ૧૬

ततो दिवानिशं तस्य वासना हृदये यदि ।
तदा रसः समग्रोऽपि प्रादुर्भूतो हरिर्हृदि ॥ १७ ॥

એ પછી એટલે હૃદયમાં પ્રભુવિષયક ભાવનો અંકુર ફૂટયા પછી અહર્નિશ હૃદયમાં એ ભાવની જ વાસના રહ્યા કરે તો સમગ્ર રસરૂપ પ્રભુનું પ્રાકટ્ય હૃદયમાં થાય. ૧૭

प्रपञ्चास्मरणैस्तस्य सर्वदानुभवः फलम् ।
आच्छादनं माययैव लोकवेदप्रदर्शने. ॥ १८ ॥

પ્રપંચ–જગદાદિનું વિસ્મરણ થાય તો જ એ રસરૂપ પ્રભુનો ફલરૂપ અનુભવ સદૈવ રહી શકે. લોક અને વેદમાં

નિરૂપાયેલાં સકામ કર્મોનાં મોહાત્મક ફલોમાં જો જરા મોહ રહી ગયો તો આ પ્રકટ થયેલા ભાવ પર આવરણ આવી જાય. ૧૮

एवं रसात्मनः प्रादुर्भावो हृदि निरूपितः ।
अतः परं तस्य मूर्तौ प्रादुर्भावो निरूप्यते ॥ १९ ॥

આ પ્રમાણે હૃદયમાં રસાત્મક પ્રભુનો પ્રાદુર્ભાવ કેવી રીતે થાય છે એ બતાવવામાં આવ્યું, હવે એ રસાત્મા પ્રભુનો સ્વરૂપમાં પ્રાદુર્ભાવ કેવી રીતે થાય છે એ બતાવવામાં આવે છે. ૧૯

मूर्तिर्हि भगवान् ज्ञानमार्गरीत्या निरूपिता ।
तस्यां हि भगवद्बुद्धौ स्थायिभावो भवेदिह ॥ २० ॥
स्थायिभावस्वरूपं तु मत्पतिर्भगवानयम् ।
प्रत्यङ्गेषु तथा भावभावनं च पदादिषु ॥ २१ ॥

જ્ઞાનમાર્ગની રીતે સ્વરૂપ એ ભગવાન છે એમ કહેવામાં આવ્યું છે. 'એ સ્વરૂપ તે જ ભગવાન છે' એવી બુદ્ધિ જ્યારે થાય ત્યારે રસની મૂળ સ્થિતિમાં રહેલો રતિરૂપ સ્થાયી ભાવ થવા પામે. સ્થાયી ભાવ શું ? 'આ પ્રભુ મારા સ્વામી છે' એવી ભાવના કરવી, ઉપરાંત સ્વરૂપનાં ચરણારવિન્દ એ સાક્ષાત્ ભગવચ્ચરણારવિન્દ છે વગેરે પ્રકારની અવયવે અવયવમાં ભાવના કરવી એ જ સ્થાયી ભાવ. ૨૦–૨૧

स्थिरमूलौ तथा सर्वं तदन्तर्भाव्यते पुनः ।
अतो भावस्वरूपस्य तदन्तःस्थितिरुच्यते ॥ २२ ॥

એ સ્થિર સ્વરૂપમાં પોતાનું ભાવસ્વરૂપ પધરાવવું એનું નામ ભાવસ્વરૂપનું એ પ્રકટ સ્થિર સ્વરૂપમાં બિરાજવું. ૨૨

अत एवोक्तमाचार्यैः 'स्तद्रूपं तत्र च स्थितम्' ।
तस्य च स्थिरता तत्र स्थायिभावविभावनम् ॥ २३ ॥

શ્રીમહાપ્રભુજીએ આ માટે જ 'તત્ત્વાર્થદીપનિબન્ધના સર્વનિર્ણય પ્રકરણ'માં સ્વરૂપ પધરાવવાના પ્રસંગમાં 'જે રૂપની આપણે ભાવના કરિયે છિયે તે રૂપ આપણે પધરાવેલા સ્વરૂપમાં રહે છે' એવા પ્રકારની આજ્ઞા કરી છે. એ સ્વરૂપમાં જેટલો અધિક પ્રેમભાવ તેટલું એ સ્વરૂપ વધારે સ્થિર. ૨૩

एवं भगवतः प्रादुर्भावो हृदि विभाव्यताम् ।
श्रीमदाचार्यचरणशरणैस्तज्जनैः सदा ॥ २४ ॥

ઉપર જે પ્રમાણે બતાવવામાં આવ્યું છે તે જ પ્રમાણે શ્રીમદાચાર્ય શ્રીવલ્લભાધીશ પ્રભુને શરણે ગયેલા ભગવદીયોએ રસાત્મક પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીના પ્રાકટ્યની ભાવના હૃદયમાં હંમેશાં કરવી. ૨૪

## ३९. सर्वाभोग्यसुधाधिक्यनिरूपणम् ।

रसात्मको हि भगवांस्तस्याधररसः पुनः ।
तस्य मुख्यरसत्वोक्तिरभेदे युज्यते कथम् ॥ १ ॥

ભગવાન રસાત્મક છે; એ જ પ્રભુનો પાછો અધર-રસ છે; એ અધર-રસ મુખ્ય છે એમ પણ કહેવાય છે. હવે

જો ભગવાન અખંડ એકરસરૂપ છે, તો આ અધર-રસ એનાથી ભિન્ન અને પાછો મુખ્ય છે એ કેમ સંભવે? ૧

नहि प्रभौ स्वभेदोऽस्ति कश्चिदत्र रसात्मभिः ।
नाम्नोच्यते यथैवाम्रफले चैकरसोऽपि हि ॥ २ ॥
बहिरन्तःकृतो भेदो रसयोरपि दृश्यते ।
त्वग्गतो न तथा यद्वत् तदन्तर्निःसृतो रसः ॥ ३ ॥

પ્રભુમાં પોતામાં જ આ રસોનો ભેદ–પ્રકાર છે જ નહિ, તેમજ રસશાસ્ત્રના જાણકારોએ એવો કોઈ ભેદ કહ્યો પણ નથી. કેરીમાં અખંડ એકરસ રહેલો છે, એમ છતાં બહારનો અને અંદરનો એમ રસના બે ભેદ દેખાય છે. દાખલા તરીકે કેરીમાંથી જે રસ બહાર કાઢવામાં આવ્યો હોય છે તેવો કેરીની છાલના અંદરના ભાગમાં નથી હોતો. (કેરીમાં રસનો ભેદ નથી, પરંતુ રસનો ખરો આસ્વાદ કેરીને ઘોળી રસ બહાર કાઢયા પછી આવી શકે છે, જ્યાંસુધી એ કેરીમાં ને કેરીમાં હોય ત્યાંસુધી એ સાચા સ્વાદનો સમર્પક થતો નથી, તે જ પ્રમાણે રસાત્મક પ્રભુ અને એમના અધરમાંથી બહાર ઝરતો રસ એનો ભેદ દેખાય છે. આ અધર–રસ મુખ્ય છે; એનો રસાત્મક પ્રભુ સાથે અભેદ કેવી રીતે બન્ધ બેસતો થાય? એ અહીં પૂર્વપક્ષ છે.) ૨–૩

वस्तुतस्तूभयोरैक्यं तारतम्यं च वर्तते ।
तथात्राप्याधरसतस्तारतम्यं विबुध्यताम् ॥ ४ ॥

કેરીના આ બન્ને પ્રકારના રસમાં એકતા પણ રહેલી

છે અને તફાવત–ભેદ–તારતમ્ય પણ રહેલ છે, તે જ રીતે આ અધર–રસનો આદ્ય રસાત્મક પ્રભુથી તફાવત જાણવો. ૪

ऐक्यं च सर्वथा तस्मादभेदे मुख्यतोच्यते ।
आनन्दसारभूतत्वमत एव प्रभूदितम् ॥ ५ ॥

દરેક રીતે એ બન્ને પ્રકારના રસમાં એકતા તો રહેલી જ છે અને તેથી જ અભેદ કાયમ રહેવા છતાંયે અધર–રસની મુખ્યતા છે એમ કહેવામાં આવ્યું છે. આ વસ્તુનો ખ્યાલ રાખીને જ અધર-રસને શ્રીમહાપ્રભુજીએ આનન્દનો સારભૂત કહ્યો છે. ૫

अत एव स्वामिनीनामाश्लेषेऽस्ति तदादरः ।
अत एवाधिकारोऽपि तत एव प्रवेशतः ॥६॥

એ અધર–રસ આનંદનો સારભૂત હોવાને કારણે જ સ્વામિનીઓ–ગોપીજનોને પ્રભુના આશ્લેષમાં એ અધર–રસ તરફ મુખ્ય આદર રહેલો છે અને આ અધર–રસ દ્વારા જ એ ગોપીજનોને આશ્લેષનો અધિકાર રહેલો છે. ૬

वेणुद्वारा वियोगे तु जीवनं तत एव हि ।
एवं मुख्यत्वनिर्धारस्तद्रसे त्ववधीयताम् ॥ ७ ॥
इति सर्वाभोग्यसुधाधिक्यस्य विनिरूपणम् ॥ ७½ ॥

પ્રભુનો વિરહ હોવા છતાં પ્રભુ દૂર દૂર રહી બંસીનો નાદ કરે એને લીધે જ ગોપીજનોનું જીવન ટકી રહેતું હતું, ત્યાં પણ બંસીમાંથી પ્રભુના અધર–રસના આસ્વાદનો અનુભવ ગોપીજનોને મળ્યા જ કરતો, એને લીધે જ અધર-

નો રસ એ મુખ્ય છે એમ જાણવું. આ ઉપરથી સમઝી શકાશે કે જે સુધા-અધરામૃતરસનો સર્વત્ર આસ્વાદ ન લઈ શકાય તે જ સર્વશ્રેષ્ઠ છે. ૭૬

## ४०. श्रीमत्प्रभोर्वयोनिरूपणम् ॥

द्विवार्षिकः कुमारोऽत्र मन्तव्योऽस्मत्प्रभुः सदा ।
सर्वा तदीयसामग्री मन्तव्यैव तथाविधा ॥ १ ॥
अतो हि व्रतकार्या अप्युक्ता गोपकुमारिकाः ।
'एवं विहारै'रित्यत्र प्रभुभिश्च निरूपितम् ॥ २ ॥

આ લીલામાં આપણા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીને માત્ર બે વર્ષના કુમાર જ સદા માનવાના છે. પ્રભુના ખેલ માટે રહેલી જે કોઈ સામગ્રી તે પણ બે વર્ષના કુમારને માટે હોય તેવી જ માનવાની છે. આ વસ્તુને જ ખ્યાલમાં રાખીને વ્રતની ઇચ્છા કરનારી જે ગોપબાલિકાઓ હતી તેઓને પણ 'ગોપકુમારિકાઓ' કહેવામાં આવી છે. આ માટે શ્રીમદ્ભાગવત-દશમ સ્કન્ધ અધ્યાય ૧૧ માના છેલ્લા શ્લોકમાં " एवं विहारैः कौमारैः " એ શ્લોકમાં પ્રભુની કુમારાવસ્થાની જ સર્વ લીલાઓ હતી એવો ખુલાસો ત્યાં શ્રીમહાપ્રભુજીએ સુબોધિનીજીમાં આપ્યો છે. ૧-૨

कुमारी च कुमारश्च व्रज एवाभवत्प्रभुः ।
'ब्राह्मणोऽपि क्षत्रियोऽपी'त्यादिव्याकृतिकारिकाः ॥ ३ ॥
तासु चास्मत्स्वामिभिस्तु सर्वा लीला निरूपिताः ॥ ३½ ॥

વ્રજભૂમિમાં કુમારીસ્વરૂપે અને કુમારસ્વરૂપે આપ પ્રભુ પોતે જ થયા હતા. એ જ સ્થળે (ભા. ૧૦–૧૧–૪૮) સુબોધિનીજીમાં શ્રીઆચાર્યવર્યોએ સ્પષ્ટતા કરી છે કે 'પ્રભુની સમગ્ર લીલાઓ કુમારસ્વરૂપે કરી હતી; બ્રાહ્મણ પણ થાય, ક્ષત્રિય પણ થાય; સમગ્ર રસને એકત્ર રહેલો જ હોય એ સ્થિતિમાં સ્વીકારી લે–પ્રભુને મર્યાદા પ્રતિબંધ કરનારી નથી. વ્રજની લીલાઓમાં જ્યાંસુધીમાં કુમારાવસ્થાની જરૂર હતી ત્યાંસુધી એ અવસ્થા રાખી, પછી જરૂર રહેતાં ત્યાગ કર્યો. ૩½

ताद्दशेऽखिलसामर्थ्यं हरेर्नामस्वरूपतः ॥४॥
कामाश्रये वयोपेक्षा न तु साक्षात्स्वरूपके ॥४½॥

એવા પ્રકારના સ્વરૂપમાં પ્રભુનું સમગ્ર સામર્થ્ય રહ્યું છે એ સ્વરૂપને લીધે કામની સ્થિતિ છે. હવે જો કામનો આશ્રય કરવામાં આવે તો પ્રભુની વય કેટલી છે એ જાણવાની જરૂર જણાય; જ્યાં સાક્ષાત્સ્વરૂપપ્રાપ્તિનો જ સવાલ હોય ત્યાં વય જાણવાની જરૂર જ નથી. ૪½

तस्य रूपं तु मन्तव्यमेवमप्राकृतत्वतः ॥५॥

આ પ્રમાણે એ પ્રભુના સ્વરૂપનો એ અપ્રાકૃત છે, અલૌકિક છે, એમ વિચાર કરવો. ૫

स्थायिभावो 'यशोदाया' आकर्ण्य च 'सुतोद्भवम्'।
पद्ये ज्ञानं न तु प्रोक्तं तत्स्वरूपं तथाविधम् ॥६॥
स्वामिनीहृदयस्थस्य रूपमेवंविधं मतम् ॥६½॥

યશોદાજીના હૃદયમાં વત્સલતારૂપી સ્થાયી ભાવ હતો તેથી કરીને જ જેમ પ્રભુનું પ્રાકટ્ય થયું ત્યારે દેવકીજીએ

સ્તુતિ કરી અને જ્ઞાનદશાનો અનુભવ કર્યો તેવો અનુભવ પુત્રજન્મ સાંભળતાં શ્રીયશોદાજીને ન થયો, તેથી એમણે શ્લોકબદ્ધ સ્તુતિ ન કરી. જન્મસમયનું પ્રભુનું સ્વરૂપ જ વત્સલતારૂપ હતું. શ્રીસ્વામિનીજીઓ–ગોપીજનોના હૃદયમાં પ્રભુનું સ્વરૂપ આવું હતું. ૬ે

'यर्ह्यङ्गने'त्यादिभिस्तद्बहिर्लीला निरूपिता ॥७॥
वयआदिकथा सर्वा पूर्वरूपे विबुध्यताम् ।
एवं निजप्रभो रूपं विज्ञेयं प्रभुसंश्रितैः ॥८॥

'यर्ह्यङ्गना' (ભા. ૧૦–૮–૨૪) આ વગેરે પ્રસંગમાં પ્રભુની બાહ્ય લીલાઓનું નિરૂપણ કરવામાં આવ્યું છે. વય વગેરેની ચર્ચા પણ (ભાવસ્વરૂપની બાબતમાં નહિ, પરંતુ) વાસુદેવવ્યૂહ સહિત સંયોગાદિલીલા કરનાર પૂર્વ સ્વરૂપની બાબતમાં જ કરવાની. શ્રીમહાપ્રભુના આશ્રિત જીવોએ પ્રભુનું સ્વરૂપ આ પ્રકારે સમજવું. ૮

## ૪૧. पुष्टिमार्गीयध्यानप्रकारविवेचनम् ॥

अथ जपसमये पुष्टिमार्गीयध्यानप्रकारो विविच्यते।

હવે જપ કરતી વેળાએ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ જે પ્રકારે ધ્યાન કરવાનું છે તેનો પ્રકાર કહેવામાં આવે છે.

प्रथममाचार्यवर्यान् श्रीवल्लभान् विप्रयोगरसात्मकतापरूपान् ध्यात्वा नमस्कुर्यात्।

સૌથી પહેલાં પ્રભુના વિપ્રયોગરસસ્વરૂપ તાપાત્મક શ્રીમદાચાર્યવર્ય શ્રીમદ્ વલ્લભાધીશ્વર પ્રભુનું ધ્યાન કરી આપશ્રીને નમન કરવું.

ततः श्रीमत्प्रभुचरणान् शुद्धपुष्टिमार्गीयसर्वात्मभावात्मकश्रीभावरूपान् श्रीविट्ठलान् ध्यात्वा नमस्कुर्यात् ।

એ પછી શુદ્ધપુષ્ટિમાર્ગીયસર્વાત્મભાવરૂપ સ્ત્રીગૂઢભાવસ્વરૂપ શ્રીમાન પ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજી શ્રીગુસાંઈજીનું ધ્યાન કરી આપશ્રીને નમસ્કાર કરવો.

ततो मन्त्रोपदेष्टारमर्थतःशब्दतश्च यथादृष्टमनुस्मृत्य नमस्कुर्यात् ।

ત્યારબાદ જેમણે આપણને ગદ્યમન્ત્રનો ઉપદેશ કર્યો હોય તેવા ગુરુદેવનાં જે પ્રમાણે આપણે દર્શન કર્યાં હોય તે પ્રમાણે એઓશ્રીનાં નામ તેમ સ્વરૂપનું સ્મરણ કરી એઓશ્રીને નમન કરવું.

ततो मन्त्रमष्टाक्षरं सार्थकं विचार्याष्टोत्तरशतं जपेत् ।

પછી અષ્ટાક્ષર મન્ત્રનો અર્થ સહિત વિચાર કરી એનો ૧૦૮ વાર જપ કરવો.

"श्रीकृष्णः सच्चिदानन्दो गूढं ब्रह्म परात्परः ।
गूढस्त्रीभावभावात्मा स्वामिनीहृदयस्थितः ॥१॥
स्थायिभावात्मकः सर्वलीलारूपकलात्मकः ।
रासलीलापरो नित्यो भावभावात्मकः परः ॥२॥
स्वामिनीवृन्दमध्यस्थस्तदेकरसमग्नकः ।
जीवसत्तदधीनश्च लभ्यः सर्वात्मभावकः ॥३॥

लोकवेदाप्रसिद्धश्च पुरुषोत्तमनामकः ।
संयोगे राधिकायुक्तः संयोगात्मा तदात्मकः ॥४॥
एकरूपः सर्वहृदि प्रविष्टः शरणं मम ।
निस्साधनैस्तन्मनसा तदेकाश्रयभावनम् ॥५॥ "
इति सम्प्रार्थ्यमिति विप्रयोगध्यानम् ॥

"સચ્ચિદાનન્દરૂપ, ગૂઢ બ્રહ્મ, પરથી પણ પર, શ્રીગૂઢભાવાત્મક શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજતા, સ્થાયિભાવરૂપ, સમગ્ર લીલાઓરૂપી ફલવાળા, હંમેશાં રાસલીલામાં પરાયણ, પરમ ભાવાત્મક, શ્રીગોપીજનોના સમૂહ વચ્ચે રહેલા, વળી સર્વાત્મભાવવાળા ભક્તો જ જેમને પ્રાપ્ત કરી શકે છે તેવા તથા લોકવેદાતીત, પુરુષોત્તમ નામ છે જેમનું તેવા, સંયોગસમયે રાધિકાજીથી યુક્ત, સંયોગ-રસરૂપ, રાધિકામય, એકરૂપ અને સર્વના હૃદયમાં જેમણે પ્રવેશ કર્યો છે તેવા શ્રીકૃષ્ણચન્દ્રજી મારો આશરો છે. નિઃસાધન એવા જીવે એ શ્રીકૃષ્ણચન્દ્રજીના જ આશરાની મનપૂર્વક ભાવના કરવી." આ પ્રમાણે પ્રાર્થના કરવી; આ પ્રમાણે વિપ્રયોગ સ્વરૂપની ભાવના કરવી.

अथ पञ्चाक्षरे यादृशे प्रभौ शृङ्गारसंयोगात्मके सर्वात्मभावेन दास्यं तदुपयोगितया देहादौ निरन्तरभावनां प्रार्थयेत् ।

એ પછી " कृष्ण तवास्मि " એ પંચાક્ષર મન્ત્રમાં બતાવ્યા મુજબ શૃંગાર–સંયોગાત્મક પ્રભુને વિશે સર્વાત્મભાવપૂર્વક જે દાસભાવ તેને ઉપયોગી થાય તેવા પ્રકારે દેહ વગેરેમાં નિરન્તર ભાવના રહે એવી પ્રાર્થના કરવી.

तत्र प्रथमं श्रीकृष्णपदप्रयोगस्य प्राकट्यसामयिकशोभाभिव्यञ्जकत्वाद् भावनापुरःस्थितं युगलस्वरूपं, अष्टषोडशचतुर्विंशतिसखीमण्डलमध्ये नवरसमयं चतुर्विंशतिरमणात्मकं श्रीकृष्णं विधाय भावनया देहेन्द्रियादिकमप्यन्तःप्रवेश्य तत्रैव सर्वदा निरुद्धीभूय दास्यं प्रार्थनीयमिति बोद्धव्यम् ॥

પ્રભુનું પ્રાકટ્ય જે સમયે થયું તે સમયની જ શોભા "શ્રીકૃષ્ણ" એ શબ્દમાં રહેલી હોવાથી હૃદયમાં કરેલી માનસિક ભાવનાએ હૃદય સમક્ષ રહેલા યુગલસ્વરૂપ આઠ, સોળ, ચોવીસ સખીઓના મંડળ વચ્ચે રહેલા, કાવ્યશાસ્ત્રમાં કહેલા નવ રસરૂપ ચોવીશ રમણરૂપે રહેલા, શ્રીકૃષ્ણચન્દ્રજીનું જે સ્વરૂપ તેની ભાવના કરી, ભાવનાથી જ પોતાનાં દેહ ઇન્દ્રિયાદિક પણ એ જ સ્વરૂપમાં દાખલ કરી, એ જ સ્વરૂપમાં સદા એઓનો નિરોધ કરી દાસધર્મની પ્રાર્થના કરવી, એમ જાણવું.

तथा च सिद्धमेतत् श्रीमदाचार्याणां हृदयं विप्रयोगात्मकं स्थायिभावयुतं सर्वलीलात्मकं (तस्मिन्) श्रीकृष्णपदार्थे युगलस्वरूपं विभाव्य, तस्य मुख्यलीला रासरूपा, तां विभाव्य, तद्गतगोपिकायुगलान्तर्गतं तद्भुजाच्छादितं तदेकनिरुद्धं प्रभुं स्वामिनं स्वामिनीस्वरूपं च तथाविधं भावयेत्। एवमेकवारमपि नामजपे मुख्यफलसिद्धिः। अन्यथा आवृत्तिरिति बोद्धव्यम् ॥

એ ઉપરથી આ વસ્તુ સિદ્ધ થાય છે અને એ એ છે કે શ્રીમદાચાર્યવર્યોનું વિપ્રયોગાત્મક, સ્થાયિભાવરૂપ, સર્વ

લીલાસમન્વિત એવું જે હૃદય તેમાં યુગલસ્વરૂપ શ્રીકૃષ્ણ એ સ્વરૂપની ભાવના કરી, એ પ્રભુની જે મુખ્ય રાસલીલા તેની ભાવના કરી એ રાસલીલાને વિશે બિરાજતા, બબ્બે ગોપીજનો વચ્ચે રહેલા, એ ગોપીજનોના બાહુથી વીંટાયેલા, એ ગોપીજનોમાં જેમનું ચિત્ત પરોવાયેલું છે તેવા સ્વામી–પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીનું અને એવા જ પ્રકારનું શ્રીસ્વામિનીજીનું જે સ્વરૂપ તેની ભાવના કરવી. આ પ્રમાણે એક વાર પણ નામજપ કરતાં મુખ્ય ફલની સિદ્ધિ છે. આમ મુખ્ય ફલ ન મળે તો નામજપની આવૃત્તિઓ કરવી, અનેક વાર જપ કરવો, એમ આ ઉપરથી સમજવું.

**ननु साक्षाद्रसरीत्या भगवदनुभवेऽपि सर्वात्मभावेन दास्येऽधिकनिरूपणं कथमुपपद्यत इति चेत् तत्रायं भावः ।**

વારુ, સાક્ષાત્ રસશાસ્ત્રની જ રીતિ પ્રમાણે પ્રભુનો અનુભવ થઈ શકતો હોય, છતાં સર્વાત્મભાવપૂર્વક દાસ્યધર્મના અવલમ્બન ઉપર ભાર આપવામાં આવે છે, એ કેવી રીતે ? એના ઉત્તરમાં કહેવામાં આવે છે કે દાસ્યમાં હોવાનાં કારણ આ છે :

**भगवान् स्वामिनिसहित एव पूर्णरसात्मक, तस्यालम्बनविभावद्वयसंयोगनिष्पन्नत्वात् । तथा च दास्ये उभयसहिते सेवया पूर्णरसानुभवो भवतीति नानुपपत्तिः काचित् ॥**

રસ એ બેઉ પ્રકારના આલમ્બન વિભાવનો સંયોગ થતાં જ સિદ્ધ થઈ શકે છે, તેથી જ જ્યારે સ્વામિનીજી સાથે બિરાજતાં હોય ત્યારે જ પ્રભુ પૂર્ણ રસાત્મક હોય

છે. અને આમ બન્ને સ્વરૂપ સાથે બિરાજતાં હોય ત્યારે દાસ્યપૂર્વક સેવા કરવાથી પૂર્ણરસનો અનુભવ થાય છે; એટલે જ દાસ્યની મહત્તા કહેલી છે. એમાં કાંઈ અયોગ્યપણું નથી.

अष्टाक्षरमन्त्रस्तस्याष्टोत्तरशतं जपः। ततः पञ्चाक्षरो मन्त्रस्तस्य चतुर्विंशोत्तरशतत्रयं जपः। ततो नवरसमयभावनाध्यानं कार्यम् ॥

इति श्रीहरिरायेण महद्विलोकनपरेण कृतं
पुष्टिमार्गीयध्यानप्रकारविवेचनम् ॥

"श्रीकृष्णः शरणं मम" એ અષ્ટાક્ષરમન્ત્રનો એકસો આઠ વાર જપ કરવો; એ પછી "कृष्ण तवास्मि" એ પંચાક્ષર મન્ત્રનો ૩૨૪ વાર જપ કરવો; ત્યારબાદ નવરસમય પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીની હૃદયમાં ભાવના કરવી.

આ પ્રમાણે મહાનુભાવોની કૃતિઓ જોવામાં એકતાન એવા શ્રીહરિરાયે પુષ્ટિમાર્ગીય ધ્યાનપ્રકારનું વિવેચન પૂરું કર્યું છે.

## ૪૨. जपसमये स्वरूपध्यानम् ॥

भक्तिमार्गे तापयुक्तक्लेशैर्भगवदर्थकैः ।
सर्वात्मभावसिद्ध्यर्थं जनः पञ्चाक्षरं जपेत् ॥१॥

ભક્તિમાર્ગમાં પ્રભુના વિરહથી પ્રભુની પ્રાપ્તિ ખાતર થયેલા તાપ સાથેના ક્લેશથી સર્વાત્મભાવ સિદ્ધ કરવાને માટે "कृष्ण तवास्मि' એ પંચાક્ષર મન્ત્રનો જપ કરવો. ૧.

पञ्चाक्षरे 'तवास्मी'ति स वै भावः प्रकाशितः ।
सर्वात्मभावसंसिद्धौ न तत्साधनमुच्यते ॥२॥
किन्तु तज्जपतो दैन्यं तदीयत्वविभावनात् ।
तदेवानुग्रहद्वारा सर्वभावप्रसाधकम् ॥३॥

પંચાક્ષરમન્ત્રમાં "હું આપનો છું" એમાં એ દાસ્યરૂપ ભાવ સ્ફુટ થાય છે. આ દાસ્યભાવ સર્વાત્મભાવની સિદ્ધિમાં સાધન તરીકે નથી, પરન્તુ એ પંચાક્ષર મન્ત્રના જપે કરી 'હું પ્રભુનો છું' એવી સતત ભાવના કરવાને કારણે દીનતા સિદ્ધ થાય છે. (દીનતા પ્રભુના સન્તોષ માટે કારણ છે; તેથી જ) પ્રભુ એવા દીન ભક્તને કૃપા દ્વારા સર્વાત્મભાવની સિદ્ધિ કરી આપે છે. ૨–૩

अष्टाक्षरं तथा मन्त्रं जप्यं शरणसिद्धये ।
शरणस्थं यतः कृष्णः स्वतः सर्वात्मनोद्धरेत् ॥४॥

આશ્રયની સિદ્ધિને માટે એ જ પ્રમાણે "श्रीकृष्णः शरणं मम" એ અષ્ટાક્ષર મન્ત્રનો જપ કરવો, કેમકે શ્રીકૃષ્ણચન્દ્રજી શરણે આવી રહેલા જીવનો પોતે જ દરેક પ્રકારે ઉદ્ધાર કરે છે. ૪

उद्धारोऽप्यत्र मन्तव्यः स्वरूपावेशसाधकः ।
फलान्तरानपेक्षस्य किं देयं प्रभुणापि हि ॥५॥

સ્વરૂપના આવેશની સિદ્ધિ કરનારો ભક્તનો આ ઉદ્ધાર છે. આ ભક્તને બીજા કોઈ પણ ફળની જ્યાં અપેક્ષા જ નથી ત્યાં પ્રભુ બીજું આપેય પણ શું? ૫

तत्र स्वस्वामिरूपस्य भावनारीतिरुच्यते ।
यतो भावनया भावः सिद्धयेन्नान्येन केनचित् ॥६॥

હવે આપણા સ્વામી શ્રીકૃષ્ણચન્દ્રજીના સ્વરૂપની ભાવના કેવી રીતે કરવી એનો પ્રકાર કહેવામાં આવે છે, કેમકે સર્વાત્મભાવ માત્ર ભાવનાથી જ સિદ્ધ થાય, બીજા કશાથી પણ નહિ. ( શ્રીમહાપ્રભુજીએ પણ 'નિરોધલક્ષણ'માં આજ્ઞા કરી છે કે 'भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते—ભાવ માત્ર ભાવનાથી જ સિદ્ધ થાય છે, બીજું કોઈ સાધન ભાવ સિદ્ધ કરવા માટે નથી.' ) ૬

सर्वलीलाफलं रासलीलामादौ विभावयेत् ।
तस्यामेव हि लीलायां सर्वभावात्मिका यतः ॥७॥

સમગ્ર લીલાઓના ફલરૂપ રાસલીલાનો સૌથી પ્રથમ વિચાર કરવો, કેમકે એ જ લીલામાં સર્વાત્મભાવવાળાં વ્રજ-ભક્તો રહેલાં છે. ૭

'रासलीलैकतात्पर्य' इत्यतः स्वामिनाम हि ।
फलप्रकरणत्वं च तल्लीलाविनिरूपणात् ॥८॥

આ કારણે જ શ્રીમહાપ્રભુજીનું 'રાસલીલૈકતાત્પર્ય'—શ્રીરાસલીલા જ સમગ્ર લીલાઓના તાત્પર્યરૂપ જેમણે સ્વીકારી છે' એવું વિશેષણ શ્રીગુસાંઈજીએ આપ્યું છે. શ્રીમદ્ભાગવતમાં રાસલીલાવાળો જે ભાગ તેમાં એ પરમ ફલરૂપ લીલાનું નિરૂપણ હોવાથી એ ભાગને શ્રીમહાપ્રભુજીએ 'ફલ પ્રકરણ' કહ્યું છે. ૮

तत्र स्थलं गूढतमं यमुनापुलिनात्मकम् ।
तच्चातिदुर्गवत् सर्वागम्यं हृदि विभावयेत् ॥९॥

આ ભાવનામાં અત્યંત ગૂઢ એવું કોઈથી ન વટાવી શકાય તેવું જબર કિલ્લા જેવું એક રાસલીલાનું સ્થળ શ્રીયમુનાજીના કાંઠા ઉપર આવેલું છે, એવી ભાવના કરવી. ૯

परितो यमुनातीरं ततो वृन्दावनं तथा ।
ततो भूमिः सापि गूढा वायुना पत्रचालनात् ॥१०॥
अलौकिकमनश्चन्द्रप्रकाशधवलीकृता ।
यमुनोर्मिभिरत्यन्तशीतलं सरसं तथा ॥११॥

શ્રીયમુનાજીના તીરની આસપાસ અને પછી વૃન્દાવનની ચારે બાજુ ઉપર મુજબના સ્થળની ભાવના કરવી. ત્યાર પછી ત્યાંની ગૂઢ ભૂમિની ભાવના કરવી. એમાં વાયુ વડે કરી પાંદડાં હાલે છે, વળી અલૌકિક મનરૂપી ચન્દ્રના પ્રકાશથી ભૂમિ ઉજ્જ્વલ થયેલી છે, વળી એ સ્થળ યમુનાજીની લહેરોથી સરસ અને અત્યન્ત શીતલ છે, એવી ભાવના કરવી. ૧૦–૧૧

एतादृशे तु पुलिने त्रिभङ्गललितं हरिम् ।
बर्हिपिच्छशिरोभूषं सरोजसदृशाननम् ॥१२॥
चञ्चलारक्तनयनमलकावृतभालकम् ।
श्रुतियुग्मलसच्छ्रीमन्मकराकृतिकुण्डलम् ॥१३॥
दिव्याङ्गरागललितं सर्वाभरणभूषितम् ।
पीताम्बरावृतं श्रीमद्वनमालाविराजितम् ॥१४॥
रसासक्तं गोपिकैकानुरक्तं गोपिकावृतम् ।
रासमण्डलमध्यस्थं गोपिकायुग्ममध्यगम् ॥१५॥

श्रुतिरूपाग्निपुत्रात्मरूपगोपीभुजावृतम् ।
नृत्यन्तं शास्त्ररीत्यापि रसोद्रेकेण च स्वतः ॥१६॥

तृतीयपुरुषार्थीयरसक्रीडापरं क्वचित् ।
जलक्रीडारतं क्वापि मदविह्वललोचनम् ॥१७॥

गोपिकासु च संसक्तं विरक्तं सर्वकार्यतः।
एतादृशं प्रभुं श्रीमदाचार्यहृदयस्थितम् ॥१८॥

भावात्मकेन रूपेण सामग्रीसहितं तथा ।
रसात्मकस्याधिष्ठानं रसवद्धृदये यतः ॥१९॥

तथैव हृदयाविष्टं लीलायां प्रतिगोपिकम् ।
हृदयादेव तत्तापवशात्तु बहिरुद्गतिः ॥२०॥

लोकवेदप्रसिद्धस्वमधिष्ठाय क्रियाकृतिः ।
अवतारपरोक्षे तु मूर्तावेवेति निश्चयः ॥२१॥

अनुभूतिर्भाववतां भावरूपेण सर्वथा ।
अन्येषामन्यरूपेण ततः साधारणी मतिः ॥२२॥

स्वरूपे च तथा मूर्तौ न हि भाववतां क्वचित् ।
एवम्भूतं हरिं ध्यायेदतिदीनेन चेतसा ॥२३॥

આવા પ્રકારના શ્રીયમુનાજીના કાંઠા ઉપર મોરપીછના મુકુટવાળા, કમલસમાન મુખવાળા, ચપળ અને કાંઈક રાતાં નેત્રવાળા, કેશથી ઘેરાયેલા કપાલપ્રદેશવાળા, બન્ને કાન ઉપર સુશોભિત મકરના આકારનાં કુંડળવાળા, દિવ્ય એવાં તેલફૂલેલ વગેરેથી સુન્દર, સમગ્ર અલંકારોથી શણગારેલા, પીતામ્બરથી વીંટળાયેલા, સુન્દર વનમાલાથી

શોભી ઊઠેલા, રસમાં આસક્તિવાળા, માત્ર ગોપીજનો તરફ અનુરાગવાળા, ગોપિકાઓથી ઘેરાયેલા, રાસમંડલના મધ્યભાગમાં રહેલા, બબ્બે ગોપીજનોની વચ્ચે બિરાજેલા, શ્રુતિરૂપ–અગ્નિપુત્રરૂપ ગોપીજનોની ભુજાઓથી બાથ ભરાયેલા, રસશાસ્ત્રમાં કહેલી રીતે નૃત્ય કરતા, વળી કોઈક વાર રસનો ઉદ્રેક થવાને કારણે તૃતીય પુરુષાર્થને લગતા રસની ક્રીડામાં પરાયણ, કોઈક વાર જલક્રીડામાં આનન્દ લેતા, મદથી વિહ્‌વળ નેત્રવાળા, ગોપિકાઓમાં આસક્તિવાળા છતાં સર્વ કાર્યોમાં વિરાગવાળા અને સર્વ સામગ્રીથી યુક્ત, આવા પ્રકારના, ત્રિભંગલલિત પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજી તે શ્રીમદાચાર્યવર્ય શ્રીમદ્‌વલ્લભાધીશ પ્રભુના હૃદયમાં બિરાજે છે, એવે પ્રકારે ભાવાત્મક સ્વરૂપે ભાવના કરવી. (શ્રીમદાચાર્યજીના હૃદયમાં રહેલા પ્રભુની ભાવના કરવાનું કારણ એ કે) રસવાળું એવું જે હૃદય તે જ રસાત્મક પ્રભુનું આધારસ્થાન થઈ શકે. એ જ પ્રમાણે પ્રભુ લીલામાં પ્રત્યેક ગોપીજનના હૃદયમાં બિરાજેલા છે; અને પ્રભુના વિરહને લીધે અત્યંત તાપક્લેશ થાય છે ત્યારે પ્રભુ હૃદયમાંથી બહાર પધારે છે, માટે જ હૃદયમાં રહેલા પ્રભુની ભાવના કરવાની છે. લોક અને વેદમાં પ્રસિદ્ધ એવું જે નિજ સ્વરૂપ તેને જ આધારસ્થાન બનાવીને પ્રભુ પોતાની લીલાઓ દર્શાવી રહ્યા છે. અવતાર–દશા ન હોય ત્યારે પ્રભુ મૂર્તિ–સ્વરૂપમાં રહીને લીલાનો અનુભવ કરાવે છે. એમાં પ્રભુના રૂપનો ભાવુકોને જે અનુભવ થાય છે તે ભાવરૂપે જ થાય છે. જો બુદ્ધિ સામાન્ય હોય તો એવાઓને

બીજે બીજે રૂપે દર્શન આપે. જે ખરા ભાવિકો છે તેઓને સ્વરૂપમાં તેમજ મૂર્તિમાં સામાન્ય બુદ્ધિ હોતી જ નથી. ઉપર બતાવ્યા પ્રમાણેના સ્વરૂપે રહેલા પ્રભુનું અતિ દીન ચિત્ત વડે ધ્યાન ધરવું. ૨૨–૨૩

ततः सेत्स्यति सर्वात्मभावो भवति न स्वतः।
पुष्टिमार्गे साधनं च फलं चापि मतो हि सः ॥२४॥

આ પ્રકારે ભાવના કરવામાં આવે ત્યારે સર્વાત્મભાવ સિદ્ધ થાય, એ સર્વાત્મભાવ ભક્તને આવા પ્રકારના ધ્યાન વિના કંઈ આપોઆપ થતો નથી. પુષ્ટિમાર્ગમાં આ સર્વાત્મભાવ તે જ સાધન અને તે જ ફલ છે. ૨૪

एतत्सर्वं निजाचार्यकरुणालम्बितात्मनाम् ।
भवेत्ततस्तदीयानां विधेयः केवलाश्रयः ॥२५॥

આ બધું આપણા આચાર્યવર્ય શ્રીમદ્‌વલ્લભાધીશ પ્રભુની કૃપાનો અશ્રય કરી રહેલા ભગવદીયોને પ્રાપ્ત થાય છે, માટે જ ફક્ત એવા ભગવદીયોનો આશ્રય રાખવો. ૨૫

## ૪૩. स्वमार्गशरणद्वयनिर्णयः ॥

यथा हि शरणं यातैर्विधेया भावना हृदि ।
स्वाचार्यकरुणामात्रबलात्सात्र निरूप्यते ॥१॥

જે પ્રમાણે શરણે ગયેલા જીવોએ હૃદયમાં ભાવના કરવાની છે તેનું નિરૂપણ આપણા આચાર્યવર્ય શ્રીવલ્લભાધીશ પ્રભુની કૃપાના જ બલ પર રહી કરવામાં આવે છે. ૧

### બે પ્રકારનું શરણ ૧. સિદ્ધ શરણ

शरणं द्विविधं प्रोक्तं सिद्धासाधनभेदतः ।
त्यागात्यागविभेदेन प्रथमे त्याग इष्यते ॥२॥

સિદ્ધ શરણ અને સાધન શરણ એવા ભેદે શરણ બે જાતનું કહેવામાં આવ્યું છે; એમાં એક ત્યાગ-દશામાં રહી કરવાનું અને બીજું અત્યાગ-દશામાં કરવાનું. આમ પહેલું જે સિદ્ધ શરણ છે તેમાં ત્યાગ ઇષ્ટ છે. ૨

'सर्वधर्मान् परित्यज्ये'त्यत्र त्यागनिरूपणात् ।
'न्यासादेशे'ति पद्येन तत्तात्पर्यं निरूपितम् ॥३॥

કેમકે શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં "સર્વ ધર્મોનો ત્યાગ કરી તું મારે શરણે આવ" એવું જે શરણ છે તેમાં ત્યાગનું નિરૂપણ છે. આ ત્યાગરૂપનું તાત્પર્ય 'न्यासादेशे' એ શબ્દથી શરૂ થતા સુપ્રસિદ્ધ શ્લોકમાં બતાવ્યું છે. (પં. શ્રીરમાનાથજીએ "ન્યાસાદેશ" એ શ્લોક પર ગુજરાતી ભાષામાં વિવેચન છપાવ્યું છે તે અહીં વાંચવું.) ૩

स एवात्र च संन्यासः सर्वत्यागात्मको मतः ।
सर्वोत्तमे प्रभोर्नाम तादृगेव विराजते ॥४॥
"विरहानुभवैकार्थसर्वत्यागोपदेशकः" ॥४½॥

એ જ શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં ઉપદેશવામાં આવેલો સર્વ ધર્મોના ત્યાગપૂર્વકનો સંન્યાસ સિદ્ધ શરણમાં ઇષ્ટ છે. આ વસ્તુનો ખ્યાલ રાખીને જ શ્રીગુસાંઈજીએ 'શ્રીસર્વોત્તમ-સ્તોત્ર'માં શ્રીમહાપ્રભુજીનું "પ્રભુના વિરહનો અનુભવ

કરાવવાને માટે જ સર્વધર્મોનો ત્યાગ કરવાનો ઉપદેશ આપનારા" એવું એક નામ આપ્યું છે. ૪૬

यत्र ज्ञानगुणादीनां स्वास्थ्यहेतोरपि स्वतः ॥५॥
त्यागः, शरीररक्षापि न कार्या भोजनादिभिः ।
लौकिका वैदिका वापि धर्मा भागवता अपि ॥६॥
त्यज्यन्ते, यत्र न फलमन्यत्तदनुभूतितः ।
अतो दुर्लभता प्रोक्ता 'प्रेम्णा सिध्यति नान्यथा' ॥७॥

આ ઉચ્ચ કોટિના ત્યાગાત્મક ભક્તિમાર્ગીય સિદ્ધ-શરણાત્મક સંન્યાસમાં જ્ઞાન ગુણ વગેરેનો તેમજ શરીરની સ્વસ્થતાનાં કારણોનો પણ પોતાની મેળે ત્યાગ કરવાનો છે, ભોજન વગરેથી દેહનું રક્ષણ કરવાનુંયે નથી. આમાં લૌકિક અને વૈદિક તેમજ ભાગવત ધર્મોનો પણ સર્વથા ત્યાગ કરવાનો છે, કેમકે એ અવસ્થામાં ભગવત્સ્વરૂપાનુભવ સિવાય બીજા ફલની અપેક્ષા નથી હોતી કે જેના ખાતર લૌકિકાદિ ધર્મો કરવા પડે. માટે જ આ સિદ્ધશરણમાર્ગ બહુ જ દુર્લભ કહેવામાં આવ્યો છે, આ માત્ર કેવળ પ્રેમ-થી જ સિદ્ધ થાય છે. ૪–૭

"पृथक्शरणमार्गोपदेष्टृत्व"मिदमेव हि ।
बुद्धिपूर्वकतत्त्यागो विरहानुभवार्थता ॥८॥

શ્રીમહાપ્રભુજીનું શ્રીગુસાંઈજીએ 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'માં "શ્રીમહાપ્રભુજી જુદી જ જાતના શરણમાર્ગનો ઉપદેશ કર-નારા છે" એવું નામ કહ્યું છે એ આ સિદ્ધશરણમાર્ગનો ઉપદેશ શ્રીમહાપ્રભુજીએ કર્યો છે એ માટે. આવા પ્રકારનો

શ્રીગીતાજીમાં કહેલો ત્યાગ બુદ્ધિપૂર્વક કરવામાં આવે એ પ્રભુના વિરહનો અનુભવ કરવા માટે છે. ૮

अग्रे तु तस्याप्यस्फूर्तिः स्वास्फूर्तिर्विरहेण च ।
एवं हि सिद्धशरणं त्यागेन विनिरूपितम् ॥ ९ ॥

આગળ જતાં વિરહનું પણ ભાન રહેતું નથી અને અત્યન્ત વિરહ વડે કરીને પોતાનું પણ ભાન રહેતું નથી. આ પ્રમાણે ત્યાગવાળું "સિદ્ધ શરણુ" નિરૂપવામાં આવ્યું. ૯

## ૨. સાધન શરણ

अत्यागेन च सम्प्रोक्तं साध्यभक्तिप्रसिद्धये ।
कलौ भक्त्यादिमार्गाणां दुःसाध्यत्वादपि स्वतः ॥ १० ॥
स्वसाधनैर्न संसिद्धिः, शरणादखिलं भवेत् ।
'विवेकधैर्यभक्त्यादिरहितस्ये'ति रूपणात् ॥ ११ ॥

સાધ્ય એવી ભક્તિ સિદ્ધ કરવા માટે જેમાં ત્યાગ કરવાનો નથી તેવું આ શરણ છે. શ્રીમહાપ્રભુજીએ 'વિવેક-ધૈર્યાશ્રય'માં આજ્ઞા કરી છે કે "આ કળિયુગમાં ભક્તિ વગેરે માર્ગો અત્યંત મુશ્કેલીથી સાધી શકાય તેવા છે." તેથી ગમે તેટલાં સાધન કરવામાં આવે તોયે ભક્તિ સિદ્ધ થઈ શકે એમ નથી, તેથી કરીને શ્રીમહાપ્રભુજીએ 'શ્રીકૃષ્ણાશ્રય'માં બતાવ્યું છે તે પ્રમાણે "વિવેક–ધીરજ–ભક્તિ વગેરે કશાં પણ સાધન નથી તેવા મને શ્રીકૃષ્ણચન્દ્રજીનો જ આશરો છે." એ પ્રમાણે માત્ર શરણથી જ સર્વ કાંઈ સિદ્ધ થઈ શકે એમ છે. ૧૦–૧૧

निजाङ्गरहितं चापि शरणं भक्तिसाधनम् ।
नवरत्नेऽपि च प्रोक्तं 'तस्मात् सर्वात्मने'ति हि ॥ १२ ॥
'प्रत्येकं साधनं चे'ति बालबोधे निरूपितम् ॥ १२½ ॥

બીજા કોઈ પણ અંગ વિનાનું કેવલ શરણભક્તિ સિદ્ધ કરનારું છે, માટે જ શ્રીમહાપ્રભુજીએ 'નવરત્ન'માં "તેથી કરીને સર્વભાવે હમેશાં 'श्रीकृष्णः शरणं मम' એ અષ્ટાક્ષર મન્ત્રનો જપ કરતાં જ રહેવું" એવી આજ્ઞા કરી છે; તેમજ 'બાલબોધ'માં પણ આપે 'પ્રભુનો આશ્રય એ પોતાની જાતને માટે સાધન છે' એવી આજ્ઞા કરી છે. ૧૨½

तस्मादिदानीं तद्भक्तिर्न सिध्येत्तत्र साधनैः ॥ १३ ॥
इति निःसाधनाधीशः स्वास्यमाविश्चकार ह ।
तेन चोक्तः कृपादृष्ट्या द्विविधोऽपि तदाश्रयः ॥ १४ ॥
फलात्मा साधनात्मा च स्वतन्त्रो भक्तिसाधनः ।
तत्रापरो विवेकादिसहितः साधयेद्रतिम् ॥ १५ ॥

તેથી કરીને અત્યારે પ્રભુની ભક્તિ કોઈ પણ જાતનાં સાધનોથી સિદ્ધ થઈ શકે એમ નથી. આ ખાતર જ નિઃસાધન ભક્તજનોના સ્વામી શ્રીકૃષ્ણચન્દ્રજીએ આપના મુખારવિન્દ-રૂપ શ્રીમદ્વલ્લભાચાર્યજીનો પ્રાદુર્ભાવ કર્યો અને શ્રીમહા-પ્રભુજીએ કૃપા કરી ભક્તિમાં સાધનરૂપ એવો ફલરૂપ અને સાધનરૂપ એમ બે પ્રકારનો સ્વતન્ત્ર આશ્રય ઉપદેશ્યો. આમાં જે બીજો સાધનરૂપ આશ્રય છે તેમાં વિવેક ધૈર્ય ભક્તિ વગેરે સાથે મળતાં પ્રભુમાં પ્રેમ સિદ્ધ કરાવે. ૧૩–૧૫

प्रथमे भावना कार्या शरणे स्वात्मरूपिणः ।
यतो हि भगवान् कृष्णो विरहात्मा च साकृतिः ॥१६॥
देहेन्द्रियान्तःकरणादिषु तिष्ठति रक्षकः ॥ १६½ ॥

પહેલો જે ફલરૂપ આશ્રય છે તેમાં પોતાના આત્મરૂપ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીની ભાવના કરવી, કેમકે વિરહરૂપ સાકાર એવા છ ઐશ્વર્યવાળા ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રજી રક્ષકરૂપે દેહ ઇન્દ્રિય અંતઃકરણ વગેરેમાં બિરાજી રહેલા છે. ૧૬½

ततश्च भावयेत्कृष्णं देहजीवेन्द्रियात्मकम् ॥ १७ ॥
अत एव वियोगस्यानुभूतौ जीवनं भवेत् ॥१७½ ॥

ત્યારબાદ દેહ-જીવ અને ઇન્દ્રિયરૂપ પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્રજીની ભાવના કરવી; એ ભાવનાથી જ પ્રભુના વિરહનો અનુભવ થતાં જીવન ટકી રહે. ૧૭½

अयमेव च संन्यासः स्वतन्त्रः शरणं तथा ॥ १८ ॥
सर्वत्यागेन संततं वियोगानुभवात्मकः ॥ १८½ ॥

સર્વ લૌકિક, વૈદિક, તેમ ભાગવત ધર્મોના ત્યાગથી સતત પ્રભુના વિયોગનો અનુભવ કરાવનારો શરણરૂપ સ્વતન્ત્ર સંન્યાસ આ જ છે. ૧૮½

द्वितीये शरणे तु स्यादेतद्देहादिकं मम ॥ १९ ॥
तदेकशरणं, तेषां रक्षकश्च प्रवर्तकः ।
निवर्तकश्च भगवान्, निष्प्रयत्नस्ततो भवेत् ॥ २० ॥

બીજા પ્રકારનો જે સાધનરૂપ આશ્રય છે તેમાં જીવને 'આ મારું દેહાદિક તે પ્રભુને શરણે જ છે' એવો ખ્યાલ

રહેલો છે. આવા દેહાદિનું રક્ષણ કરનારા, એને પ્રવૃત્તિમાં નાખનારા અને પ્રવૃત્તિમાંથી ઊંચકી નિવૃત્તિમાં મૂકનારા ભગવાન જ છે, તેથી ભક્તે નિષ્પ્રયત્ન–બીજાં કોઈ પણ લૌકિક વગેરે કાર્યોમાં પ્રયત્ન વિનાના થવું. ૧૯–૨૦

इति विज्ञाय शरणद्वयं जीवः सदाश्रितः ।
निःसाधनो निजाचार्यानाश्रितः सिद्धिमाप्नुयात् ॥२१॥

આ પ્રમાણે સિદ્ધ અને સાધનરૂપ એવા બન્ને પ્રકારના શરણ–આશ્રયને સારી રીતે સમજી પ્રભુનો આશ્રય સતત રાખી, નિઃસાધન બની શ્રીમહાપ્રભુજીને શરણે રહે એટલે જીવ સર્વ સિદ્ધિ મેળવવા ભાગ્યશાળી થાય. ૨૧

## ૪૪. स्वमार्गीयसंन्यासवैलक्षण्यनिरूपणम् ॥

पुष्टिमार्गीयसंन्यासः स्वबुद्धयाचार्यसंश्रयात् ।
निरूप्यते यद्विज्ञानाद् भासतेऽनधिकारिता ॥ १ ॥

શ્રીમદાચાર્યચરણ શ્રીવલ્લભાધીશ પ્રભુને આશ્રયે રહી મારી બુદ્ધિ પહોંચે છે તે પ્રમાણે પુષ્ટિમાર્ગીય સંન્યાસનું અહીં નિરૂપણ કરવામાં આવે છે, જેને પૂરેપૂરી રીતે જાણવાથી એ ઉચ્ચ કોટિના પુષ્ટિમાર્ગીય સંન્યાસમાં આપણો અધિકાર નથી એમ સ્પષ્ટ જણાય છે. ૧

### ૧. મર્યાદામાર્ગીય સંન્યાસ

मर्यादामार्गसंन्यासे वैराग्यमधिकारकृत् ।
इहामुत्र परं तत्र स्वात्मरक्षा विधीयते ॥ २ ॥

મર્યાદામાર્ગીય સંન્યાસમાં વૈરાગ્ય એ યોગ્યતા અર્પનારું છે; પરંતુ આ લોકમાં કે પરલોકમાં સર્વત્ર એમાં આત્માનું રક્ષણ કરવાનું હોય છે. ૨

श्रवणं मननं चापि निदिध्यासनमुच्यते ।
नैकत्रावस्थितिश्चापि चेतसोऽस्वास्थ्यकारणम् ॥ ३ ॥

मनःप्रसादसिद्ध्यर्थमटव्यटनमुच्यते ।
भिक्षाटनं च वपुषो रक्षायै तत्र रूप्यते ॥ ४ ॥

वेदान्तश्रवणं चापि कृष्णमाहात्म्यबोधकम् ।
संसारःदुखव्यावृत्त्यै स्वात्मसौख्यप्रसिद्धये ॥ ५ ॥

न्यासिनोऽपि परं तत्र धर्माः केचिन्निरूपिताः ।
वेषोऽपि तत्र विहितः संन्यासाङ्गतया पुनः ॥ ६ ॥

मोक्षकामनया नित्यमवस्थानं निबोधितम् ।
प्रवेशश्च हरौ नित्यः फलमन्ते निरूपितम् ॥ ७ ॥

केवलो ज्ञानमार्गीयः संन्यासः स्थितिकारकः ।
सत्यलोके भक्तियुतः प्रवेशं वापि साधयेत् ॥ ८ ॥

આ મર્યાદામાર્ગીય સંન્યાસમાં શ્રવણ, મનન અને ધ્યાન બતાવવામાં આવ્યાં છે. ચિત્તને વિકલ થવાનો ભય રહે એ ખાતર એક સ્થાન ઉપર કાયમનો વાસ પણ કદી પણ ન કરી શકાય. મનને સદા પ્રફુલ્લ રાખવાને માટે પૃથ્વી વિશે પર્યટન કરવાનું કહેવામાં આવ્યું છે. વળી દેહ ટકી રહે એ માટે ભિક્ષાટન કરવાનું છે. 'શ્રીકૃષ્ણચન્દ્રજીના માહાત્મ્યનો બોધ થાય એ માટે વેદાંતશાસ્ત્રનું શ્રવણ

કરવાનું હોય છે. વિશેષમાં સંસારનાં દુઃખ બાધક ન થાય તેમજ આત્માને સુખની સિદ્ધિ થાય, એ માટે આ મર્યાદામાર્ગીય સંન્યાસીઓ વાસ્તે ખાસ અમુક ધર્મો પાળવાનું પણ બતાવવામાં આવ્યું છે. એવા સંન્યાસને અંગે વિશિષ્ટ પ્રકારનો વેશ પણ નક્કી કરવામાં આવ્યો છે; સદૈવ મોક્ષ મેળવવાની ઇચ્છા કરતા રહેવાનું નિર્દેશવામાં આવ્યું છે. એ મર્યાદામાર્ગીય સંન્યાસને અન્તે ફલ તરીકે શ્રીહરિમાં નિત્ય પ્રવેશ થાય છે. જ્ઞાનમાર્ગીય એવો કેવળ સંન્યાસ માત્ર ચિન્તન પૂરતો જ છે, એમાં જો ભક્તિ ભળે તો એ સત્યલોકમાં પ્રવેશ સિદ્ધ કરાવે ખરો. ૩–૮

## ૨. પુષ્ટિમાર્ગીય સંન્યાસ

प्रकृते वैपरीत्यं हि रागः प्रेमात्मकः मतः ।
कृष्णसेवनया सिद्धो न्याससाधनमुच्यते ॥ ९ ॥

આ પુષ્ટિમાર્ગીય સંન્યાસની વિપરીતતા એ છે કે વૈરાગ્યને બદલે શ્રીકૃષ્ણચન્દ્રજીની સેવા વડે કરીને સિદ્ધ એવો ભગવત્પ્રેમરૂપ 'રાગ' સંન્યાસના સાધનરૂપે કહેવામાં આવે છે. ૯

सेवा कृष्णस्वरूपस्य परोक्षाध्यक्षरूपिणी ।
तडिल्लतावच्च परं तत्राविर्भाव इष्यते ॥ १० ॥
भावात्मकस्य रूपस्य मूर्त्याविष्टस्य वै क्वचित् ॥१०½॥

શ્રીકૃષ્ણચન્દ્રજીના સ્વરૂપથી એ પરોક્ષ છે છતાં પ્રત્યક્ષ છે એ ભાવે સેવા છે; અને એ સેવાના બળે સ્વરૂપમાં જેમણે

પ્રવેશ કર્યો છે તેવા ભાવાત્મકરૂપ પ્રભુનો કોઈ કોઈ વાર વીજળીના ચમકારાની માફક આવિર્ભાવ થાય છે. ૧૦ફ

एवं सति न तत्रास्ते सर्वदानुभवो हरेः ॥ ११ ॥

આમ હોઈ ત્યાં રોજ રોજ પ્રભુનો અનુભવ થતો નથી.૧૧

यथा रुग्णस्य रुच्यर्थं प्रदर्श्यान्नं विधीयते ।
तथा कृष्णः सानुभावं कारयित्वार्तिवर्धनम् ॥ १२ ॥
गृहाद्यरागं सम्पाद्य प्रेमभावमवर्धयत् ।
जातप्रेमा हरौ रागात् सर्वं त्यजति सर्वथा ॥ १३ ॥

જે પ્રમાણે રોગીને ખાવા પર રુચિ થાય એ ખાતર ખોરાક એની સમક્ષ તૈયાર કરવામાં આવે છે તે પ્રમાણે પ્રેમની વૃદ્ધિ કરાવનારો સાનુભાવ ભક્તને કરાવી તેમજ ગૃહ–પુત્ર–દારા વગેરેમાં વિરાગ કરાવી પ્રભુ એ પ્રેમાત્મક ભાવની વૃદ્ધિ કરી છે. પ્રભુમાંના થયેલા રાગ–પ્રેમને લીધે જેને પ્રભુમાં પ્રેમ થયેલો છે તેવો ભક્ત દરેક રીતે સર્વ દુન્યવી પદાર્થોનો ત્યાગ કરે છે. ૧૨–૧૩

अतोऽधिकारभेदोऽस्ति तन्न्यासादत्र सर्वशः ।
किञ्च नास्त्यत्रात्मरक्षा हरिस्त्वं काष्ठवह्निवत् ॥ १४ ॥

માટે જ એ મર્યાદામાર્ગીય સંન્યાસથી આ પુષ્ટિમાર્ગીય સંન્યાસમાં દરેક રીતે અધિકારનો ભેદ છે. વિશેષમાં મર્યાદા-માર્ગીય સંન્યાસમાં જેમ આત્મરક્ષા કરવાની હોય છે તેમ આ પુષ્ટિમાર્ગીય સંન્યાસમાં આત્મરક્ષા નથી, પરન્તુ જેવી રીતે કાષ્ઠમાં અગ્નિ રહેલો છે તે જ રીતે આવા

પુષ્ટિમાર્ગીય સંન્યાસીના હૃદયમાં પ્રભુપણું રહેલું છે એટલે આત્મરક્ષાનો પ્રશ્ન જ ઊઠતો નથી. (લૌકિક દૃષ્ટિએ આત્મ-રક્ષા હૃદયમાં રહેલા પ્રભુ જ કરે છે. ) ૧૪

यथा तिरोहिते वह्नौ भस्मता, नैव काष्ठता ।
तत्रान्तस्तिरोभावेऽन्यथाभावो भवेदिति ॥ १५ ॥
श्रवणादिनिषेधोऽत्र स्वास्थ्यसम्पादनात्पुनः ।
एकत्रैवावस्थितिश्च निरोधस्थानतो यथा ॥ १६ ॥
व्रजस्थानामगमनं मथुरायां स्वगोकुलात् ।
अटव्यटनमत्रापि पद्लीलादिदर्शनात् ॥ १७ ॥

લાકડામાંથી અગ્નિ ઊડી જાય પછી બાકી રાખ જ રહે, લાકડાપણું પણ નહિ, તે જ પ્રમાણે હૃદયમાંથી પ્રભુનો તિરોભાવ થઈ જાય તો ભક્તપણું જ કયાં રહ્યું ? મર્યાદામાર્ગીય સંન્યાસમાં શ્રવણ મનન ધ્યાન કહ્યાં છે ત્યારે આ પુષ્ટિમાર્ગીય સંન્યાસમાં એનો નિષેધ કહ્યો છે, કારણ કે શ્રવણાદિ દ્વારા ચિત્તને શાન્તિ પ્રાપ્ત થતાં તાપભાવ ઓછો થાય છે, ( નિરોધ ઉત્તમાધિકાર—શ્રેષ્ઠ પુષ્ટિમાર્ગીય સંન્યાસમાં છે એ વસ્તુ ન ભુલાવી જોઇયે, કેમકે નહિતર સામાન્ય અધિકારી વૈષ્ણવો ભગવદ્દીયતાની કક્ષાને પહોંચવા શક્તિમાન થઈ ન જ શકે. ) કાયમ એક જ સ્થળે રહેવાનું હોય છે. શ્રી વ્રજજનો મથુરામાં જઈ શકે એમ હતાં, પરન્તુ નિરોધ-સ્થાન વ્રજમાંથી—પોતાના ગોકુલમાંથી એમણે જવાનું પસંદ ન કર્યું. ( જે સ્થાનમાં રહી પૂરો નિરોધ સાધી શકાય

ત્યાં જ સદૈવ સ્થિતિ કરવાની છે; એ આ કથનનો આશય છે.) આ પુષ્ટિમાર્ગીય સંન્યાસમાં પૃથ્વીપર્યટન પણ છે, પરંતુ મર્યાદામાર્ગીય પૃથ્વીપર્યટન કરતાં આ જુદું છે, અહીં તો પ્રભુનાં ચરણકમલ તેમજ પ્રભુની લીલા એના દર્શન માટે જ યાત્રાદિ છે. ૧૫–૧૭

**विशेषस्वास्थ्यजनकं तत्र तद्भिन्नमुच्यते ॥ १७½ ॥**

વિશેષ શાન્તિ મેળવવાને માટે મર્યાદામાર્ગીય સંન્યાસમાં જે પૃથ્વીપર્યટન છે તે જુદા જ પ્રકારનું છે. ૧૭½

**नात्र भिक्षाटनं देहरक्षार्थं कार्यमिष्यते ॥ १८ ॥**
**विरहाद् देहपातार्थमत्र सर्वः समुद्यमः ॥ १८½ ॥**

દેહરક્ષાને માટે ભિક્ષાટન કરવાની વાત જ અહીં નથી; આ પુષ્ટિમાર્ગીય સંન્યાસમાં પ્રભુના વિરહને લીધે શરીરના જ ત્યાગ માટે સર્વ તૈયારી છે. (તાપક્લેશ જ સાધવાનો છે; ભિક્ષાટન તો દેહની રક્ષા કરે. એમ થતાં તાપક્લેશના અનુભવની સંભાવનાયે ન રહે.) ૧૮½

**नात्र माहात्म्यबोधाय वेदान्तश्रवणं मतम् ॥ १९ ॥**
**ज्ञानस्य बाधकत्वोक्तेः स्वास्थ्यहेतुतयापि च ॥ १९½ ॥**

જ્ઞાન એ તાપક્લેશાદિમાં બાધક છે, કારણ કે એ તો ચિત્તને શાન્તિ આપે છે. માટે જ પ્રભુના માહાત્મ્યજ્ઞાન માટે આ પુષ્ટિમાર્ગીય સંન્યાસમાં વેદાન્તશાસ્ત્રના શ્રવણની આવશ્યકતા જણાવવામાં આવી નથી. ૧૯½

**संन्यासधर्माः केऽप्यत्र न सन्तीत्येष निश्चयः ॥ २० ॥**
**'सर्वधर्मान्परित्यज्ये'त्येतद्वचनतो हरेः ॥ २०½ ॥**

મર્યાદામાર્ગની માફક આ પુષ્ટિમાર્ગીય સંન્યાસમાં ખાસ વિશિષ્ટ કોઈ ધર્મો નથી જ, કેમકે શ્રીકૃષ્ણચન્દ્રજીએ શ્રીમદ્ભગવદ્‌ગીતામાં આજ્ઞા કરી છે: "હે અર્જુન! સર્વ ધર્મોનો ત્યાગ કરી તું મારે શરણે આવ." (પુષ્ટિમાર્ગીય સંન્યાસની આ ઉચ્ચ કોટિ છે. એવા સંન્યાસીને પ્રભુના શરણ સિવાય કોઈ પણ ધર્મની અપેક્ષા નથી, એટલું જ નહિ, ઇન્દ્રિયોના ધર્મોની પણ એને આવશ્યકતા નથી.) ૨૦½

**बन्धमात्रनिवृत्त्यर्थमत्र वेषस्तथाविधः ॥ २१ ॥**

'સર્વ પ્રકારના સાંસારિક બન્ધ ટળી જાય એ ખાતર મર્યાદામાર્ગીય સન્યાસમાં જેવો છે તેવી જાતનો વિશિષ્ટ વેશ આ પુષ્ટિમાર્ગીય સંન્યાસમાં પણ છે. (અહીં 'વેશ' એટલે આ પ્રકારનું સંન્યાસી જેવું જીવન.) ૨૧

**मोक्षैककामना नास्ति हरेरपि च वाञ्छनम् ।**
**तत्र बाधकसद्भावो नात्र कृष्णोऽपि बाधकः ॥ २२ ॥**

આ પુષ્ટિમાર્ગીય સંન્યાસમાં મોક્ષનીયે ઇચ્છા નથી; અરે હરિ ભગવાન મળે એવી પણ ઇચ્છા નથી. એ મર્યાદામાર્ગીય સંન્યાસમાં અનેક બાધકો નડવાનો સંભવ છે, જ્યારે આ પુષ્ટિમાર્ગીય સંન્યાસમાં ખુદ પ્રભુ પણ બાધ કરી શકતા નથી. ૨૨

**तत्र प्रणववद् ध्यानमत्र क्लेशैकभावनम् ।**
**तत्र कृष्णे प्रवेशोऽस्ति, प्रकृते कृष्णवेशनम् ॥ २३ ॥**

એ મર્યાદામાર્ગીય સંન્યાસમાં ૐકારનું હૃદયમાં ધ્યાન કરવાનું હોય છે, જ્યારે અહીં આ પુષ્ટિમાર્ગીય સંન્યાસ-

માં માત્ર પ્રભુના વિરહે થયેલા તાપક્લેશનો જ વિચાર કરવાનો હોય છે. ત્યાં જ્ઞાનમાર્ગીય સંન્યાસીને શ્રીકૃષ્ણ-ચન્દ્રજીમાં પ્રવેશ છે, જ્યારે પુષ્ટિમાર્ગીય સંન્યાસીના હૃદયમાં ખુદ પ્રભુ આવી પ્રવેશ કરી રહેલા હોય છે. ૨૩

**तत्र निष्कासनाल्लीलानुभवोऽत्रान्तरोऽखिलः ।**
**एवं विज्ञाय वैशिष्ट्यं न्यासयोर्विपरीतताम् ॥ २४ ॥**
**दुर्लभत्वं चावगत्यानधिकारं विभावयेत् ॥ २४½ ॥**

એ જ્ઞાનમાર્ગીય સંન્યાસના ફલ તરીકે મળેલા સાયુજ્યાત્મક મોક્ષ પછી જ્યારે પ્રભુને એવા જીવ પર કૃપા કરી લીલાનો અનુભવ કરાવવાનો વિચાર થાય છે ત્યારે એવા જીવને પ્રભુ પોતામાંથી બહાર કાઢી એને લીલાનો અનુભવ કરાવે છે, જ્યારે અહીં આ પુષ્ટિમાર્ગીય સંન્યાસની કોટિમાં તો ભક્તના હૃદયમાં જ સમગ્ર લીલાનો અનુભવ થાય છે. આ પ્રમાણે બન્ને પ્રકારના સંન્યાસમાં રહેલી વિશિષ્ટતા તેમજ ઊલટાપણું બરોબર સમજીને અને આ પુષ્ટિમાર્ગીય સંન્યાસ કેટલો દુર્લભ છે એનો ખ્યાલ કરીને પોતાનો એને માટે અધિકાર છે તો નહિ ને એનો વિચાર કરવો. ૨૪½

**त्यागमात्रं प्रकुर्वीत जनः सर्वाधिकारकृत् ॥ २५ ॥**
**प्रपञ्चस्फूर्तिरहितो विदध्यान्न्यसने मतिम् ॥**
**यावत्प्रपञ्चः स्फुरति तावन्नैवाधिकारिता ॥ २६ ॥**

સાધારણ જીવે તો સકલ વસ્તુનો ત્યાગ માત્ર કરવો, કારણ એ કે ત્યાગ આગળ ઉપર સર્વ પ્રકારની યોગ્યતા

આપશે. પરંતુ આ જગત અને જગતના પદાર્થોની જે સ્ફૂર્તિ તેના વિનાનો જે થયો હોય તેણે જ સંન્યાસમાં બુદ્ધિ કરવી, કેમકે જ્યાંસુધી જગત અને જગતના પદાર્થોની સ્ફૂર્તિ રહે ત્યાંસુધી કદી પણ આ પુષ્ટિમાર્ગીય સંન્યાસમાં અધિકાર મળતો નથી. ૨૫–૨૬

अतः स पुष्टिमार्गीयः सिद्धो व्रजजनेषु हि ।
तथा च श्रीमदाचार्येष्वन्यत्रास्त्येव योग्यता ॥ २७ ॥

એ ઉચ્ચ પ્રકારનો પુષ્ટિમાર્ગીય સંન્યાસ ગોપીજનોમાં સિદ્ધ હતો, એ ઉપરાંત શ્રીમહાપ્રભુજી શ્રીમદ્‌વલ્લભાધીશ્વર પ્રભુમાં સિદ્ધ હતો, બાકીના જે બીજાઓ તેઓમાં તો એવું થવાની લાયકાત માત્ર છે. ૨૭

अयोग्यमिच्छन्मनुजः पतितः स्वफलादपि ।
तस्मात्स्वयोग्यतां ज्ञात्वा कर्तव्यः स्यान्मनोरथः ॥ २८ ॥

પોતાનો અધિકાર ન હોય તેવું કરવા જાય તો મનુષ્ય પોતાના અધિકાર પ્રમાણે જે ફલ મળવાનું હોય તેમાંથી પણ ભ્રષ્ટ થાય છે, તેથી કરીને પોતાની લાયકાતનો વિચાર કરી પછી આગળ પગલું ભરવું. ૨૮

स्थेयं तथैव वा रीत्या मनुजैर्भाग्यराशिभिः ।
तन्नाम नैव धर्तव्यमपराधादिति स्थितिः ॥ २९ ॥

અથવા તો નસીબદાર એવા જીવોએ પોતાને માર્ગની જે રીત મળી હોય તે રીતે જ ચાલવું. પુષ્ટિમાર્ગીય ઉચ્ચ કોટિના સંન્યાસનું નામ લેતાંય અપરાધ થાય, એ ભયે અધિકાર વિના એનું નામ પણ ન લેવું એવું મને લાગે છે. ૨૯

## ૪૫. जन्मवैफल्यनिरूपणाष्टकम् ॥

(અનુવાદક : **શાસ્ત્રીજી જયેષ્ઠારામ હરિજીવન જોશી**)

**नाश्रितो वल्लभाधीशो न च दृष्टा सुबोधिनी।**
**नाऽऽराधि राधिकानाथो वृथा तज्जन्म भूतले ॥ १ ॥**

શબ્દાર્થ—જેઓએ શ્રીવલ્લભાધીશ્વરનો આશ્રય કર્યો નથી, શ્રીસુબોધિનીજી જોયાં નથી, અર્થાત્ શ્રી સુબોધિનીજીના કથામૃતનું પાન કરી શ્રીભાગવતના તત્ત્વને જાણ્યું નથી અને રાધિકાનાથ શ્રીકૃષ્ણચન્દ્રજીનું જેઓએ આરાધન કર્યું નથી અર્થાત્ સેવા કરી નથી, તેઓનો જન્મ પૃથ્વીમાં નિષ્ફળ છે. ૧

વિવેચન—ચોરાશીલાખ યોનિમાં ભ્રમણ કરતાં કરતાં અંતે શ્રીહરિકૃપાથી મનુષ્યદેહરૂપી નૌકા સંસારસમુદ્ર તરવા માટે મળી છે. નૌકા મળવા છતાં પણ જો એ ચલાવતાં ન આવડે તો સમુદ્રમાં ડૂબી જાય છે. માટે જ શ્રીભાગવતના એકાદશસ્કંધમાં ભગવાને ઉદ્ધવજીને કહ્યું છે કે "गुरुकर्णधारम्" ગુરુ એ નરદેહનૌકાના ચલાવનાર છે. તેથી જ વેદમાં કહ્યું છે કે " आचार्यवान् पुरुषो वेद " આચાર્યનો આશ્રય કરનાર પુરુષ જ જાણી શકે છે. માટે ગુરુનાં સર્વ લક્ષણયુક્ત એવા શ્રીમદ્વલ્લભાચાર્યજી મહાપ્રભુજીનો આશ્રય કરવાથી જ આ નરદેહનૌકા સમુદ્ર પાર પામી શકે છે. તેમજ શ્રીવલ્લભાધીશ્વર એ વાણીના પતિ હોવાથી યથાર્થ શ્રીમદ્ભાગવતના રહસ્યને પણ એઓ જ

જાણે છે. આથી જ એ રહસ્યને શ્રીસુબોધિનિનીજી-રૂપે જણાવી શ્રીરાધિકાપતિ શ્રીકૃષ્ણચન્દ્રની સેવા કરવા આજ્ઞા કરે છે. માટે જ શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે એ શ્રીવલ્લભાધીશ્વરનો જેણે આશ્રય કર્યો નથી, શ્રીસુબોધિનીજી જેણે જોયાં નથી, અને રાધિકાનાથ શ્રીકૃષ્ણચન્દ્રજીનું જેણે આરાધાન કર્યું નથી, તેનો જન્મ આ પૃથ્વી ઉપર નકામો છે. ૧

**न गृहीतं हरेर्नाम नात्माद्यखिलमर्पितम् ।**
**न कृष्णसेवा विहिता वृथा तज्जन्म भूतले ॥ २ ॥**

શબ્દાર્થ—જેઓએ મનુષ્યજન્મ ધારણ કરી શ્રીહરિનું નામ ગ્રહણ કર્યું નથી, આત્મા પુત્ર કલત્ર દ્રવ્ય કુટુંબાદિક સર્વ પ્રભુનું છે એમ માની જેઓએ આત્મનિવેદન કર્યું નથી, તેમજ આત્મનિવેદન કરી ભગવત્સેવા કરવાનો લાભ મેળવી શ્રીકૃષ્ણની સેવા કરી નથી, તેઓનો જન્મ આ ભૂતળમાં નિષ્ફળ છે. ૨

વિવેચન—ભગવલ્લીલા-મધ્યપાતની અભિલાષાવાળાઓએ પ્રતિક્ષણે ભગવન્નામ લેવું જ જોઇયે, કારણ કે "ભગવન્નામમાં પાપ દૂર કરવાની જેટલી શક્તિ છે તેટલું પાપ પાતકી મનુષ્ય કરી શકતો નથી." માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જેમણે શ્રીહરિનું નામગ્રહણ કર્યું નથી તેઓનો જન્મ આ ભૂતળમાં વૃથા છે. તેમજ આ જગત પ્રભુએ ઉત્પન્ન કરેલું હોવાથી જગતના ખરા માલિક

શ્રીહરિ જ છે તથાપિ જીવ અવિદ્યોપાધિને લીધે એમાં અહંતા-મમતાં રાખે છે એ મિથ્યા છે. જુઓ શ્રીભાગવતમાં બલિરાજાએ શ્રીવામન ભગવાનને ત્રણ પગલાં પૃથ્વી આપ્યાની પ્રતિજ્ઞા સત્ય કરવા જણાવ્યું છે તે સમયે એની સ્ત્રી વિંધ્યાવલીએ સ્પષ્ટ કહ્યું છે કે "હે પ્રભો, આ જગત તમોએ ક્રીડા કરવા માટે ઉત્પન્ન કર્યું છે તેથી એના ખરા માલિક તમો હોવા છતાં જેઓ પોતાની માલિકી બતાવે છે તે દુષ્ટબુદ્ધિવાળાઓ છે. માટે જીવની જેમાં અહંતા-મમતા રહેલી છે તે દેહ સ્ત્રી પુત્ર ઘર કુટુંબાદિક, હે પ્રભો ! મારાં નથી, પણ આપનાં છે." એવી રીતે ગુરુસમક્ષ પ્રતિજ્ઞા દ્વારા પ્રભુને આત્મનિવેદન કરી, અહંતા-મમતાનો ત્યાગ કરી, ભગવત્સેવાનો અધિકાર મેળવી, દાસ્યભાવથી " यो यदंशः स तं भजेत् " એ શ્રુત્યનુસાર જીવ પ્રભુનો અંશ હોવાથી અંશી પ્રભુની સેવા કરવી એ એનો સ્વધર્મ છે, માટે એ સ્વધર્મરૂપ સેવા ન કરનારનો જન્મ આ ભૂતળ ઉપર નિષ્ફળ છે એમ આ શ્લોકમાં શ્રી હરિરાયજી જણાવે છે. ૨

न लीलाचिन्तनं नैव दीनता विरहाद्धरेः ।
न वा कृष्णाश्रयः पूर्णो वृथा तज्जन्म भूतले ॥ ३ ॥

શબ્દાર્થ—જેઓએ રસાત્મક શ્રીપૂર્ણપુરુષોત્તમની લીલાઓનું ચિન્તન કર્યું નથી, શ્રીહરિને મળવાની આર્તિથી -વિપ્રયોગાગ્નિથી તપ્ત થઈ જેઓનામાં દીનતા આવી નથી, અથવા શ્રીકૃષ્ણચન્દ્રનો દૃઢ આશ્રય જેઓને નથી, તેઓનો જન્મ આ પૃથ્વીમાં નિષ્ફળ છે. ૩

વિવેચન—ભગવદ્‌ભક્તોએ હમેશાં ભગવલ્લીલાઓનું ચિન્તન કરવું જોઇયે કે જેથી ચિત્તવૃત્તિનો ભગવાનમાં નિરોધ થાય, અને એ લીલાઓનું ચિન્તન કરતાં કરતાં પ્રભુને મળવાની આર્તિપૂર્વક હૃદયમાં જ્યારે વિરહાગ્નિ પ્રકટ થાય છે ત્યારે એ વિરહાગ્નિ દ્વારા ભગવદ્‌દર્શનમાં અંતરાયરૂપ દોષો નાશ પામતાં દીનતા પ્રકટ થાય છે અને એ દીનતાથી જ પ્રભુ પ્રકટ થાય છે. તેમજ ચાતક પક્ષી જેમ મેઘ ઉપર વિશ્વાસ રાખે છે તો એ મેઘ જડ હોવા છતાં પણ સ્વાતિ નક્ષત્રમાં વૃષ્ટિ કરી એની આશા પૂર્ણ કરે છે, કેમકે ચાતકનો અનન્ય-વિશ્વાસ મેઘ ઉપર છે, ચાતક સ્વાતિના જળ વિના અન્ય જલનો સ્વીકાર કરતું નથી, તો ભકત પ્રભુની અનન્ય ભક્તિ કરી અન્યાશ્રયના ત્યાગ-પૂર્વક પૂર્ણ રીતે ભગવાન શ્રીકૃષ્ણચન્દ્રનો જ આશ્રય કરે તો પ્રભુ એવા ભક્તોના મનોરથ અવશ્ય પૂર્ણ કરે જ, એમાં કાંઈ આશ્ચર્ય નથી. માટે જ શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે લીલાઓનું જેને ચિન્તન નથી, ભગવાનને મળવાનો હૃદયમાં વિરહ નથી, વિરહાગ્નિથી જેઓને દીનતા પ્રાપ્ત થઈ નથી, તેમજ શ્રીકૃષ્ણચન્દ્રનો પૂર્ણ આશ્રય નથી, તેઓનો જન્મ આ પૃથ્વીમાં નિષ્ફળ છે. ૩

**न नीता वार्तया घस्राः साधवो नैव सेविताः ।**
**न गोविन्दगुणा गीता वृथा तज्जन्म भूतले ॥ ४ ॥**

શબ્દાર્થ—જેઓએ ભગવત્સંબંધી વાર્તા વડે દિવસો વ્યતીત કર્યા નથી, સાધુપુરુષોનું અર્થાત્ ભગવન્મય જીવન

વ્યતીત કરનારા ભગવદીયોનું જેઓએ સેવન કર્યું જ નથી, શ્રીગોવિંદ ભગવાનના ગુણોનું ગાન જેઓએ કર્યું નથી, તેઓનો જન્મ આ ભૂતળમાં નકામો છે. ૪

વિવેચન—જે ભગવદીયોના હૃદયમાં પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણચન્દ્ર બિરાજતા હોય, જેમના મુખમાંથી સંસાર-તાપથી તપ્ત થયેલાઓની તૃષાને શાન્ત કરનાર ભગવત્સ્વ-રૂપામૃતનો ઝરો અખંડ વહેતો હોય તેવા ભગવદીયોનો સત્સંગ અને એમની પરિચર્યા કરવાથી પ્રભુનો અનુભવ થાય છે; જેથી શ્રીહરિરાયચરણ એવા ભગવદીયોના સત્સંગમાં ભગ-વદ્વાર્તાથી દિવસો વ્યતીત કરવા અને એમની પરિચર્યા કરવા તેમજ ગોવિન્દગુણગાન કરવા આજ્ઞા કરે છે. પરંતુ હાલના સમયમાં ભગવદીયોનો સત્સંગ કરતાં અને પરિચર્યા કરતાં પહેલાં શ્રીહરિરાયજી-વિરચિત ( આ પછીનો ) **‘દુઃસંગવિજ્ઞાન-પ્રકારનિરૂપણ’** નામનો ગ્રંથ વાંચી માર્ગથી ભ્રષ્ટ કરનાર ચોર વંચકોથી સાવધ રહેવું જોઇયે, નહિ તો સંચય થયેલો ભગવદ્ધર્મ પણ નાશ પામે છે. માટે સાવધાન થઈ, સત્સંગ દ્વારા નિવેદનનું સ્મરણ કરી, સ્ત્રી પુત્ર કુટુંબ દ્રવ્યાદિક પ્રભુનાં માની, અહંતા-મમતાનો ત્યાગ કરી જેઓએ સત્પુરુષો-નું સેવન કર્યું નથી અને ગોવિન્દગુણગાન કર્યું નથી તેઓનો જન્મ આ ભૂતળ ઉપર નિષ્ફળ છે. વળી શ્રીઠાકોરજી જ્યારે વનમાં પધાર્યા હતા ત્યારે વ્રજભક્તોને આજ્ઞા કરી હતી કે જુઓ, વૃક્ષો પણ ભક્ત છે, કેમકે એઓને ત્યાં આપણે અતિથિ આવેલા એમ સમજિયે છિયે. વૃક્ષો પણ પત્રોથી, પુષ્પોથી, ફલોથી અને કાષ્ઠાદિકથી તેમજ છાયા વગેરે-

થી પણ આપણો સત્કાર કરી કેવાં પરોપકાર કરી રહ્યાં છે ! માટે એમને ધન્ય છે. આ ભગવદાજ્ઞાનુસાર શ્રીહરિરાયણ **સાધુસેવન** એટલે અતિથિસત્કાર અને પરોપકાર કરવા સૂચના કરી એમ નહિ કરનારનો જન્મ નિષ્ફળ જણાવે છે. ૪

**न कृष्णरूपसौन्दर्ये मनो नैव विरागता ।**
**न दुःसङ्गपरित्यागो वृथा तज्जन्म भूतले ॥ ५ ॥**

શબ્દાર્થ—જેઓનું મન પ્રપંચવિસ્મૃતિપૂર્વક શ્રીકૃષ્ણચન્દ્રના મનોહર સ્વરૂપસૌન્દર્યમાં આસક્ત બન્યું નથી તેમજ દુષ્ટ પુરુષોનો સંગ ચારે તરફથી જેઓએ ત્યજી દીધો નથી, તેઓનો જન્મ આ ભૂતળમાં નિષ્ફળ છે. ૫

વિવેચન—આપણે જ્યારે સૃષ્ટિસૌન્દર્યને નિહાળિયે છિયે ત્યારે એ સૃષ્ટિની મોહકતા જોઈ, જેમ ભ્રમર કમળમાં લુબ્ધ બની બંધનમાં પડી નાશ પામે છે તેવી રીતે, આપણે પણ એ મોહક પદાર્થોમાં આસક્ત બની, આપણો નાશ કરી મનુષ્યજન્મ વૃથા ગુમાવિયે છિયે. માટે આપણે વિચાર કરવો જોઇયે કે આપણે જેમાં મોહ પામી મનુષ્યજન્મ ગુમાવિયે છિયે તે મોહક પદાર્થો આવ્યા ક્યાંથી ? “ एकमेवाद्वितीयं ब्रह्म ” “ एकाकी न रमते, स द्वितीयमैच्छत्” “स हैतावानास”–“પ્રથમ એક બ્રહ્મ જ હતું; એકલા રમણ થાય નહિ તેથી બ્રહ્મે બીજાની ઈચ્છા કરી, ત્યારે એ બ્રહ્મ જગદ્રૂપે થયું.” એમ વેદ નિરૂપણ કરે છે, ત્યારે વિચાર કરવો જોઇયે કે જે પ્રભુમાંથી આ સૃષ્ટિસૌન્દર્ય ઉત્પન્ન થયું છે તે પ્રભુ કેવા સૌન્દર્યનિધાન હશે ! એમ વિચાર કરવાથી

જણાશે કે એઓ કોટિકંદર્પલાવણ્ય સૌન્દર્યના ભંડાર છે, આ સૃષ્ટિના મોહક પદાર્થ એમની આગળ તુચ્છ છે. માટે સંસારાસક્તિ ત્યજી વૈરાગ્યપૂર્વક મનને કોટિકંદર્પલાવણ્ય શ્રી કૃષ્ણચંદ્રમાં પરોવવું જોઇયે, તેમજ સમજવું જોઇયે કે જગતમાં કામક્રોધાદિક એ અંતરના અને સ્ત્રીપુત્રાદિક કુટુંબીઓ એ બહારના ચોરો છે, તેમજ અનેક પ્રકારના ભગવદ્ભક્ત—વેશધારી બહારના વંચકો (ઠગો) છે તેઓના દુઃસંગનો ત્યાગ કરવો જોઇયે, ત્યારે ભગવત્પ્રાપ્તિ થાય છે. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે વૈરાગ્યપૂર્વક શ્રી-કૃષ્ણરૂપ સૌન્દર્યમાં જેઓનું મન પરોવાયું નથી તેમજ દુઃસંગનો જેઓએ પરિત્યાગ કર્યો નથી, તેઓનો જન્મ આ ભૂતળ ઉપર નકામો છે. ૫

**न भक्तिः पुष्टिमार्गीया न निःसाधनता हृदि ।**
**न विस्मृतिः प्रपञ्चस्य वृथा तज्जन्म भूतले ॥ ६ ॥**

શબ્દાર્થ—જેઓનામાં પુષ્ટિમાર્ગીય (નિર્ગુણ) ભક્તિ નથી, હૃદયમાં નિઃસાધતા એટલે સર્વ સાધનોથી રહિત-પણું નથી, જગતની વિસ્મૃતિ નથી, તેઓનો જન્મ પૃથ્વી ઉપર નકામો છે. ૬

વિવેચન—ભક્તિના અનેક પ્રકારના ભેદ છે, પરન્તુ એ ભક્તિમાં નિર્ગુણભક્તિ એ જ ઉત્તમ છે. જુઓ, વ્રજ-ભક્તોએ તમામ પ્રકારની ઇચ્છાઓને ત્યજી દઈ કેવળ પ્રભુની જ નિષ્કામ ભક્તિ કરી હતી. પ્રભુનાં દર્શન થતાં શ્રીહરિએ એમને લૌકિકમાં જોડાવા અનેક પ્રકારે ઉપદેશ આપ્યો, પરન્તુ એઓએ પોતાનો નિશ્ચય ન ત્યજ્યો, પ્રભુએ એમને

સ્વાનંદનું દાન કર્યું, ત્યારે એઓ મહાવિષ્ટ થયાં જાણી પ્રભુ તિરોભાવ પામ્યા. ત્યારે વ્રજભક્તોએ તમામ વૃક્ષોને પૂછ્યું, પ્રભુની શોધ કરી, પ્રભુ સાધનબળથી ન મળ્યા, છેવટે સાધનબળ ત્યજી, હૃદયથી નિઃસાધન બની કેવળ ગુણગાન કરવા માંડ્યું, પ્રપંચને ભૂલી ગયાં, ત્યારે કોટિકંદર્પલાવણ્ય ભગવાન નન્દનન્દન પરબ્રહ્મ શ્રીકૃષ્ણચન્દ્ર પ્રકટ થયા. માટે શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે પુષ્ટિમાર્ગીય ભક્તિ જેઓના હૃદયમાં નથી, હૃદયમાં સર્વ સાધનોનો ત્યાગ કરી નિઃસાધનતા પ્રકટ થઈ નથી, તેમજ પ્રપંચ(જગત)ની જેઓને વિસ્મૃતિ નથી થઈ, તેઓનો જન્મ પૃથ્વી ઉપર નકામો છે. ૬

**न धर्मपरता नैव धर्ममार्गे मनोगतिः ।**
**न भक्तिज्ञानवैराग्ये वृथा तज्जन्म भूतले ॥ ७ ॥**

શબ્દાર્થ—જેઓને ધર્મમાં તત્પરતા નથી, ધર્મમાર્ગમાં મનની ગતિ નથી, ભક્તિ જ્ઞાન કે વૈરાગ્ય જેઓનામાં નથી, તેઓનો જન્મ આ પૃથ્વીમાં નિષ્ફળ છે. ૭

વિવેચન—"यो यदंशः स तं भजेत्" જે જેનો અંશ હોય તેણે પોતાના અંશીની—અર્થાત્ જેમ પુત્રે પિતાની સેવા કરવી તદનુસાર જીવરૂપ અંશે શ્રીકૃષ્ણચન્દ્રની—સેવા કરવી જ જોઈયે, એ શ્રુત્યનુસાર શ્રીમહાપ્રભુ શ્રીમદ્-વલ્લભાચાર્યચરણે **"ચતુઃશ્લોકી"**ના પ્રથમ શ્લોકમાં આજ્ઞા કરી છે કે "હંમેશાં સર્વાત્મભાવપૂર્વક વ્રજાધિપતિ શ્રીકૃષ્ણચન્દ્રને સેવવા; જીવનો એ જ ધર્મ છે, અન્ય દેશમાં કે કાળમાં જીવનો બીજો ધર્મ જ નથી." તદનુસાર શ્રીહરિરાયચરણ પણ આજ્ઞા કરે છે કે જેઓને સેવારૂપ સ્વધર્મમાં તત્પરતા

નથી, ધર્મમાર્ગમાં જેઓના માનની ગતિ નથી, સ્ત્રી પુત્ર દ્રવ્ય કુટુંબમાં પ્રેમ છે તેનાથી અધિક પ્રભુમાં સ્નેહ નથી, પ્રભુના માહાત્મ્યનું શ્રવણાદિ દ્વારા જ્ઞાન નથી તેમજ જગતની આસક્તિ છૂટી, વૈરાગ્ય પ્રાપ્ત થઈ ભગવદાસક્તિ પ્રાપ્ત થઈ નથી ત્યાંસુધી એઓનો જન્મ આ પૃથ્વીમાં નિષ્ફળ છે. ૭

**न निजस्वामिविरहपरितापो न भावना ।**
**न दैन्यं परमं यस्य वृथा तज्जन्म भूतले ॥ ८ ॥**

શબ્દાર્થ—જેઓને પોતાના માલિક શ્રીકૃષ્ણચન્દ્રના વિયોગથી પરિતાપ (આર્તિ) થયો નથી તેમજ એ અવસ્થામાં થતી ભાવના પ્રાપ્ત થઈ નથી, સર્વ સાધનોના પરિત્યાગપૂર્વક પરમફલરૂપ દીનતા જેઓએ પ્રાપ્ત કરી નથી, તેઓનો જન્મ આ ભૂતળમાં નિષ્ફળ છે. ૮

વિવેચન—છાન્દોગ્ય-માંડૂક્ય વગેરે ઉપનિષદોથી જણાય છે કે જેમ અગ્નિમાંથી તણખા નીકળે છે તેમ પ્રભુમાંથી જીવો વ્યુચ્ચરણ પામ્યા છે તેથી એ ભગવદંશ છે; પરન્તુ એમાંથી ઐશ્વર્યાદિ ધર્મો પ્રભુઇચ્છાથી તિરોહિત થવાથી જીવો દીન દુઃખી થઈ જન્મમરણરૂપ ક્લેશયુક્ત જોવામાં આવે છે, તથાપિ એ જીવોને પોતાના ખરા માલિક શ્રીહરિને મળવાનો વિરહ, તાપ કે ભાવના નથી તેમજ શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે કે "दैन्यं त्वत्तोषसाधनं" હે પ્રભો, આપને સંતુષ્ટ કરવાનું સાધન કેવળ દૈન્ય જ છે, એ દૈન્ય પણ નથી, માટે શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે પોતાના સ્વામીના વિરહનો તાપ ભાવના કે દૈન્ય જેઓનામાં નથી, તેઓનો જન્મ આ પૃથ્વીમાં નકામો છે. ૮

## ૪૬. दुःसङ्गविज्ञानप्रकारनिरूपणम् *।

(અનુવાદકર્તા–નિ. લી. ગો. શ્રીઅનિરુદ્ધાચાર્યજી મહારાજ)

**अथ श्रीवल्लभाचार्यकृपया स्फुरितं हृदि ।**
**स्वीयानामभ्रमार्थाय किंचिदत्र निरूप्यते ॥ १ ॥**

અર્થ—શ્રીમદ્‌વલ્લભાચાર્યજીની કૃપાથી જે કાંઈ હૃદયમાં પ્રતીત થયું છે તેનું સ્વાશ્રિત જીવોની ભ્રાન્તિ દૂર કરવા માટે આ ગ્રંથમાં નિરૂપણ કરવામાં આવે છે.

વિવેચન—ગ્રંથકર્તા શ્રીહરિરાયજી હૃદયમાં જે વિચારો શ્રીમદ્‌વલ્લભાચાર્યજીની કૃપાએ સ્ફુરી આવ્યા તે ભક્તજનોના કલ્યાણને માટે આ ગ્રંથમાં પ્રકટ કરે છે. ૧

**दैवासुरविभागेन द्वेधा जीवाः प्रकीर्तिताः ।**
**बन्धमोक्षव्यवस्थापि गीतायामेव रूपिता ॥ २ ॥**

અર્થ–દૈવ અને આસુરના ભેદથી જીવ બે પ્રકારના બતાવેલા છે. બંધ અને મોક્ષની વ્યવસ્થા પણ ગીતામાં કરેલી છે.

વિવેચન–શ્રુતિ અને સ્મૃતિમાં દૈવી અને આસુરી એ બે પ્રકારના જીવ બતાવવામાં આવ્યા છે. જેઓ ભગવત્પરા-

* કેવા પ્રકારનો સંગ ભક્તજને તજવો જોઇયે એ બતાવવાનો આ લઘુ ગ્રંથનો આશય છે, માટે આ ગ્રંથને ભક્તોના ઉપયોગમાં આવે એવું "દુઃસંગ વિશેનું વિજ્ઞાન" એ અર્થવાળું નામ આપવામાં આવ્યું છે.

યણ છે તે દૈવી જીવો છે અને જેઓ સ્વાર્થપરાયણ છે તે આસુરી જીવો છે. આ જીવોનું વર્ણન ગીતાના ૧૬ મા અધ્યાયમાં સવિસ્તર કરવામાં આવ્યું છે. ત્યાં કહેવામાં આવ્યું છે કે—આસુરી જીવો પ્રવૃત્તિ અને નિવૃત્તિ કોને કહે છે એ જાણતા નથી; એઓ આ જગતને અસત્ય, અપ્રતિષ્ઠિત અને અનીશ્વર કહે છે. દૈવી સંપત્તિવાળા જીવ અભય, ચિત્તસંશુદ્ધિ આદિ ૨૬ લક્ષણોવાળા હોય છે. દૈવી જીવો મોક્ષના અધિકારી છે અને આસુરી જીવો બંધ (વારંવાર જન્મ મરણ)ને પામે છે.

ભક્તજનને દૈવી જીવોનો સંગ ઇષ્ટ છે અને સાધન-અવસ્થામાં આસુરી જીવોનો સંગ એને અત્યંત હાનિકારક છે. ૨

**दैवेष्वपि च जीवेषु यदङ्गीकरणं पुनः ।**
**भक्तिमार्गे त एवात्र प्राप्स्यन्ति पुरुषोत्तमम् ॥ ३ ॥**

અર્થ—દૈવી જીવોમાં પણ જેઓનો ભગવાને ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે તે જ જીવો આ જગતમાં શ્રીપુરુષોત્તમને પ્રાપ્ત કરશે. ૩

વિવેચન—દૈવી જીવોમાંથી કેટલાકને ભક્તિમાર્ગ ઉપર સ્વાભાવિક રુચિ હોય છે, કેટલાકને ધર્મમાર્ગ ઉપર અને કેટલાકને જ્ઞાનમાર્ગ ઉપર સ્વાભાવિક રુચિ હોય છે. જેઓને ભક્તિમાર્ગ ઉપર સ્વાભાવિક પ્રીતિ હોય તેઓનો ભગવાને ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે એમ સમજવું અને એઓ જ માત્ર આ જગતમાં અનાયાસે પુરુષોત્તમની

પ્રાપ્તિ કરી શકે છે. જેઓને કર્મમાર્ગ ઉપર પ્રીતિ હોય તેઓ કર્મજનિત ફલો ભોગવી પાછા જગતમાં આવાગમનને પામે છે. જેઓને જ્ઞાનમાર્ગ ઉપર પ્રીતિ હોય તેઓ ઘણા જન્મને અંતે "बहूनां जन्मनामन्ते" (ગી૦ ૭–૯) પ્રભુમાં સ્નેહ ઉત્પન્ન થતાં પુરુષોત્તમની પ્રાપ્તિ કરી શકે છે. પ્રભુને વિશે સ્નેહ ઉત્પન્ન ન થાય તો એઓનો અક્ષરમાં લય થાય છે.

અન્ય સ્થળે શ્રીહરિરાયજી ભક્તનાં લક્ષણ નીચે પ્રમાણે કહે છે (શિક્ષાપત્ર ૧–૨૨) :

अनन्यभजनास्तुष्टाः कामलोभविवर्जिताः ।
निरपेक्षा विरक्ताश्च सर्वभूतहिते रताः ॥

"અનન્ય ભક્તિ કરવાવાળા, કામ અને લોભ રહિત, નિરપેક્ષ (જેમને કોઈ વસ્તુની અભિલાષા ન હોય તે), વિરક્ત, અને સર્વ પ્રાણીમાત્રના હિતમાં પ્રીતિવાળા હોય તેને ભક્ત જાણવા." ૩

**तत्रापि भेदो विज्ञेयो मर्यादापुष्टिभेदतः ।**
**मार्गे फलेऽपि विज्ञेयो भक्तिमोक्षविभेदतः ॥ ४ ॥**

અર્થ—ભક્તિમાર્ગમાં પણ મર્યાદા અને પુષ્ટિ એમ બે પ્રકારનો ભેદ છે; અને ફલમાં પણ ભક્તિ (ભગવદાવિર્ભાવ) અને મોક્ષ એ બે પ્રકારનો ભેદ છે એમ જાણવું.

વિવેચન—ભક્તિ બે પ્રકારની છે : માર્યાદિક અને પૌષ્ટિક. જે ભક્તિમાં શાસ્ત્રીય નિયમોનું આધિક્ય અને સ્નેહનું ગૌણપણું હોય તે માર્યાદિક ભક્તિ કહેવાય છે; જે ભક્તિમાં સ્નેહનું આધિક્ય અને શાસ્ત્રીય નિયમોનું

ગૌણપણું હોય તે પૌષ્ટિક ભક્તિ કહેવાય છે. મર્યાદામાર્ગીય ભક્ત મોક્ષને માટે જ ભક્તિ કરે છે તેથી એની ભક્તિનું ફલ મોક્ષ થાય છે; પુષ્ટિમાર્ગીય ભક્ત પ્રભુની પ્રાપ્તિને માટે જ ભક્તિ કરે છે તેથી એની ભક્તિનું ફલ ભગવત્પ્રાપ્તિ છે. પુષ્ટિમાર્ગીય જીવને ભક્તિથી ઉત્પન્ન થયેલા ભજનાનંદને લીધે બંધની સંભાવના હોતી નથી, તેથી કરીને એને મોક્ષની ઇચ્છા જ થતી નથી. પૌષ્ટિક ભક્તિ નિઃસાધન છે અને માર્યાદિક ભક્તિ સસાધન છે. પુષ્ટિમાર્ગમાં સેવાનું ફલ પ્રભુની સેવા અને ભક્તિનું ફલ પ્રભુની ભક્તિ જ છે અને એ વડે એને પ્રભુનો આવિર્ભાવ થાય છે. ૪

**भक्तावङ्गीकृत्यभावे दैवानामपि सर्वथा ।**
**कामनिष्काममेदेन स्वर्गमोक्षौ न संशयः ॥ ५ ॥**

અર્થ—ભક્તિમાર્ગમાં જે જીવોનો અંગીકાર નથી તે જીવોને પણ સકામ અને નિષ્કામના ભેદ વડે સ્વર્ગ અને મોક્ષ(ની પ્રાપ્તિ) થાય છે, એમાં કાંઈ સંશય નથી.

વિવેચન—દૈવી જીવોનો ભક્તિમાં અંગીકાર ન હોય, પણ કર્મમાર્ગમાં અંગીકાર હોય તો એ દૈવી હોવાથી ધર્માચરણ તો કરે જ. જો એ કાંઈ કામનાથી યજ્ઞાદિક કે દાનવ્રત કરે તો એને સ્વર્ગની પ્રાપ્તિ થાય, જો એ નિષ્કામપણાથી યજ્ઞાદિક વગેરે કરે તો એને મોક્ષની પ્રાપ્તિ થાય. આ વાત નિશ્ચયપૂર્વક જણાવવામાં આવે છે. ૫

**विज्ञेयं वरणं भक्तौ तदर्थित्वैककार्यतः ।**
**तदर्थित्वं च विज्ञेयं भजनार्थप्रवृत्तितः ॥ ६ ॥**

અર્થ—માત્ર ભગવાન જ જેમાં અર્થ છે તે કાર્ય ઉપરથી ભક્તિમાં વરણ થયું છે એમ જાણવું અને ભગવાન અર્થ છે એવું ભક્તજનની ભજનને માટેની પ્રવૃત્તિથી જાણવું.

વિવેચન—કેટલાએક માણસો (મુકુટ ઘડનાર સોની વગેરે કારીગરો) ભગવાનને માટે જ કાર્ય કરતા હોય એમ જણાય છે, પણ ઘણી વખત એઓ પોતાના પેટને અર્થે કાર્ય કરતા માલૂમ પડે છે, કેમકે એઓને ભગવાન જ મુખ્ય પ્રયોજનરૂપ હોતા નથી. એટલા માટે કહેવામાં આવે છે કે જેઓને માત્ર ભગવાન અથવા ભગવત્પ્રાપ્તિ એ જ મુખ્ય પ્રયોજન છે અને જેઓ એ પ્રયોજન સિદ્ધ કરવાને તમામ કાર્યો કરે છે તેઓનું ભક્તિમાં વરણ થયું છે એમ જાણવું. કેટલીક વખત કાર્ય ઉપરથી કરેલું અનુમાન ખોટું પડે છે, માટે કહેવામાં આવે છે કે ભજનાનંદમાં પ્રવૃત્તિ થાય ત્યારે જ ભગવાન એ જ મુખ્ય અર્થ છે એમ સમજાય. ૬

**तत्रादौ शरणं गच्छेत् महापुरुषयोगतः ।**
**महापुरुषपारोक्ष्ये तन्निष्ठैरपि सर्वदा ॥ ७ ॥**

અર્થ—ભજનાર્થ પ્રવૃત્તિના વિષયમાં મહાપુરુષ દ્વારા ભગવાનને શરણે જવું અને એવા મહાપુરુષના અભાવે ભગવાનમાં જે નિષ્ઠા રાખતા હોય તેમના દ્વારા ભગવાનને શરણે જવું.

વિવેચન—આ શ્લોકનો ઉત્તરાર્ધ શ્રીમહાપ્રભુજીએ રચેલા 'નિબંધ'ના 'સર્વનિર્ણય પ્રકરણ'ના નીચેના શ્લોકને મળતો આવતો હોય એમ જણાય છે:

तदभावे स्वयं वापि मूर्तिं कृत्वा हरेः क्वचित् ।
परिचर्यां सदा कुर्यात् तद्रूपं तत्र च स्थितम् ॥

"ઉપર કહેલા ગુરુને અભાવે પોતે કોઈ ઠેકા ભગવન્મૂર્તિ કરીને સદા ભગવત્સેવા કરવી, કેમકે એ મૂર્તિમ ભગવદ્રૂપ રહેલું છે."

ઉપર ભગવાનને શરણે જવાનું લખ્યું છે તે શરણના સંબંધમાં શ્રીકૃષ્ણભગવાન ગીતાજીમાં કહે છે કે

सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ॥

"સર્વ ધર્મનો પરિત્યાગ કરીને મારે એકલાને શરણે થા."

શ્રીઆચાર્યજી મહાપ્રભુજી એ શરણનું વર્ણન 'વિવેક-ધૈર્યાશ્રય' ગ્રંથમાં નીચે પ્રમાણે કરે છે:

ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ।
दुःखहानौ तथा पापे भये कामाद्यपूरणे ॥ १० ॥
भक्तद्रोहे भक्त्यभावे भक्तैश्चातिक्रमे कृते ।
अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः ॥ ११ ॥
अहंकारकृते चैव पोष्यपोषणरक्षणे ।
पोष्यातिक्रमणे चैव तथान्तेवास्यतिक्रमे ॥ १२॥
अलौकिकमनःसिद्धौ सर्वार्थे शरणं हरिः ।
एवं चित्ते सदा भाव्यं वाचा च परिकीर्तयेत् ॥ १३ ॥

"આ લોક અને પરલોક સંબંધી સર્વ કાર્યોમાં સર્વ પ્રકારે ભગવાન મારું શરણ થાઓ, તેમજ દુઃખની નિવૃત્તિ થવામાં તથા પાપમાં, ભયમાં, મનઃકામનાદિ પૂર્ણ થવામાં, ભક્તના દ્રોહમાં, ભક્તિના અભાવમાં તેમજ ભક્તોએ પોતાનો તિરસ્કાર કર્યો હોય એમાં, તેમજ પોતાથી નહિ બની શકે તેવાં કામોમાં સર્વ રીતે પ્રભુ મારું શરણ થાઓ. અહંકાર કરવામાં આવ્યો હોય એમાં, પોષણ કરવા

યોગ્ય (સ્ત્રીપુત્રાદિક)ના રક્ષણમાં, તથા પોષ્યવર્ગે કે શિષ્યોએ પોતાનો અપરાધ કર્યો હોય એમાં, મન અલૌકિક થાય એમાં, એ સઘળામાં શ્રીહરિ મારું શરણ થાઓ, એવી રીતે પોતાના મનમાં નિરંતર વિચાર રાખવો અને વાણીથી પણ એવું જ નિરંતર ઉચ્ચારણ ક્યાં કરવું. ૭

तत आश्रयसंसिद्धौ सेवार्थं स्वसमर्पणम् ।
समर्पणे जीवदेहतत्संबन्धवतामपि ॥ ८ ॥
ब्रह्मसंबन्धतः कृष्णसाक्षात्संबन्धयोग्यता ।
ततस्तत्सेवया स्वीयसर्वस्वविनियोगतः ॥ ९ ॥
गृहीतपरमानन्दनिधिः कृष्णोऽक्षयः स्वतः ।
अतस्तु सावधानित्वं विधेयं भगवज्जनैः ॥ १० ॥

અર્થ—એવી રીતે શરણે ગયા પછી આશ્રયની સિદ્ધિને માટે સેવા અર્થે પોતાનું સર્વસ્વ ભગવાનને અર્પણ કરવું. જીવ દેહ અને એઓના સંબંધવાળા પદાર્થોનું સમર્પણ થતાં બ્રહ્મસંબંધથી સાક્ષાત્ શ્રીકૃષ્ણની સાથેના સંબંધની યોગ્યતા પ્રાપ્ત થાય છે. પછી એ સેવા વડે પોતાના સર્વસ્વનો ભગવાનને વિશે વિનિયોગ થવાથી સાક્ષાત્ શ્રીકૃષ્ણરૂપ અક્ષય પરમાનંદની પ્રાપ્તિ થાય છે અને એ નિધિ ( ખજાના ) પ્રાપ્તિ થયેથી ( એ સાંચવી રાખવા ) ભગવજ્જનોએ સાવધાનતા ધારણ કરવી. ૧૦

વિવેચન—પૂર્વે કહેવામાં આવ્યું કે જીવસૃષ્ટિના બે ભાગ છે : ૧ દૈવી, ૨ આસુરી. એમાં આસુરી જીવો તો ભગવત્પ્રાપ્તિ કરવાને માટે અયોગ્ય જ છે. દૈવી જીવો કેટલાક કર્મમાર્ગે, કેટલાક જ્ઞાનમાર્ગે અને કેટલાક ભક્તિમાર્ગે

ચાલે છે. કર્મમાર્ગે ચાલનારાઓમાંથી જેઓ સકામ કર્મ કરે છે તેઓને માત્ર સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, જેઓ નિષ્કામ કર્મ કરે છે તેઓને મોક્ષની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનમાર્ગે ચાલનારાઓમાંથી જેઓ ભગવાન પ્રત્યેની ભક્તિ રહિત હોય છે તેઓને અક્ષરની પ્રાપ્તિ થાય છે, પણ જેઓ ભક્તિમાન છે તેઓને પુરુષોત્તમ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે.

ભક્તિમાર્ગે ચાલનારાઓમાં જેનું ભગવાને અંગીકરણ કર્યું હોય તે જ શ્રીપુરુષોત્તમની પ્રાપ્તિ કરી શકે છે. ભગવાને એમનો ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે કે નહિ એ જાણવાને માટે જ માત્ર એટલું જ જોવું જોઈએ કે એને ભજનમાં પ્રીતિ છે કે નહિ, એનું મુખ્ય કાર્ય ભગવાનની પ્રસન્નતા સંપાદન કરવી એ છે કે નહિ. જો એ બે વાનાં હોય તો ભગવાને ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે એમ જાણવું.

હવે જેનો ભગવાને ભક્તિમાર્ગમાં અંગીકાર કર્યો છે તેણે ભગવાનની પ્રાપ્તિને માટે શું કરવું એ કહે છે: એણે સર્વસમર્પણપૂર્વક ભગવાનની સેવા કરવી. સમર્પણ કરવાથી પોતાનો અને પોતાની સાથે જોડાયેલાં પ્રાણી અને પદાર્થોનો ભગવાનની સાથે સંબંધ થાય છે, અને એમ થવાથી જીવ અને એની સાથે જોડાયેલાં પ્રાણી પદાર્થો વગેરે બ્રહ્મરૂપ થાય છે (જુઓ सर्वेषां ब्रह्मता ततः, સિદ્ધાંતરહસ્ય શ્લોક ૭) અને તેથી શ્રીકૃષ્ણની સેવા કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. શ્રીકૃષ્ણની સેવા કરવાથી પરમ નિધિરૂપ શ્રીકૃષ્ણની પ્રાપ્તિ થાય છે. એ નિધિ

પ્રાપ્ત થવાં એને જ આશ્રયે રહેવું એ જ કર્તવ્ય છે. એ નિધિ પોતાની પાસેથી જતો ન રહે એને માટે જે સાવધાનપણું રાખવાની જરૂર છે તે નીચેના શ્લોકમાં કહેવામાં આવે છે. ૮–૧૦

संप्राप्तनिधिभिश्चौरवञ्चकेभ्यो विशेषतः ।
चौरास्तु द्विविधा ज्ञेया बाह्याभ्यन्तरभेदतः ॥ ११ ॥

અર્થ—જેણે ( કૃષ્ણરૂપી સેવ્ય ) નિધિ પ્રાપ્ત કર્યો છે તેણે ચોર અને વિશેષે કરીને વંચકથી ( સાવધાન રહેવું.) બહારના અને અંદરના એ ભેદ વડે ચોર બે પ્રકારના જાણવા. ૧૧

बाह्याः कुटुम्बरूपा ये ते तु वित्तहराः स्मृताः ।
यतस्तद्विनियोगेन वित्तं याति समर्पितम् ॥ १२ ॥

અર્થ—જે બહારના (બાહ્ય) ચોરો છે તે તો કુટુંબરૂપ છે. એઓ વિત્તને હરવાવાળા કહેવાય છે. એઓને માટે વપરાવાથી સમર્પિત કરેલું ધન વેડફાઈ જાય છે. ૧૧

વિવેચન—બાહ્ય ચોરો એટલે પોતાના દેહની બહાર રહેનાર ચોરો. કામ લોભાદિ એ અંદરના ચોર છે અને કુટુંબાદિજનો એ બહારના ચોર છે.

જે કુટુંબીઓ ભગવત્પરાયણ ન છતાં એઓનામાં ભક્તજનની મમતા રહે તે કુટુંબીઓને ચોર ગણવામાં આવે છે, કેમકે એ ભગવત્સંબંધ રહિત કુટુંબીઓને માટે ભગવાને અર્પણ કરેલું દ્રવ્ય ખરચાઈ જાય છે. જે કુટુંબી જન ભગવત્પરાયણ હોય અને જેઓ ભગવાનની સેવામાં

ઉપયોગી હોય તેઓને ચોર ગણવામાં આવતા નથી, પણ જેઓ ભગવાનથી વિમુખ હોય તેઓને ચોર ગણવામાં આવે છે, તેથી જ શિક્ષાપત્રમાં કહ્યું છે કે अतः सदैव भेतव्यं लौकिकासक्तितो जनैः—એટલા માટે લૌકિકમાં આસક્તિ રાખનારાથી ભક્તજનોએ ડરતા રહેવું. ૧૨

**आन्तराः कामलोभाद्याश्चित्तमात्रहरास्तु ते ।**
**यतो बहिर्मुखं चित्तं सेवायां प्रविशेन्न हि ॥ १३ ॥**
**चित्तवित्तैकसाध्या हि सेवा चापि न सिध्यति ।**
**तदभावेऽखिलं व्यर्थं पुरुषार्थपरिक्षयात् ॥ १४ ॥**

અર્થ—અંદરના ચોર કામ લોભાદિ છે તે (ધનને હરતા નથી, પણ) કેવળ ચિત્તને હરે છે; એ કારણથી ચિત્ત બહિર્મુખ થઈને સેવામાં પ્રવેશ કરતું નથી.

ચિત્તરૂપી દ્રવ્યથી જ સેવા સિદ્ધ થઈ શકે છે. (જે પુરુષ પાસે ચિત્તરૂપી દ્રવ્ય નથી તેનાથી) એ દ્રવ્યને અભાવે સેવા સિદ્ધ થઈ શકતી નથી અને સેવાને અભાવે (પુરુષાર્થનો) ક્ષય થવાથી (ઐહિક પારલૌકિક) સર્વ વ્યર્થ છે, કારણ કે સેવા એ જ મુખ્ય પુરુષાર્થ છે.

વિવેચન—ઉપર લખેલો 'સેવા' શબ્દ ઘણો સમજવા લાયક છે. 'સિદ્ધાંતમુક્તાવલી'માં કહ્યું છે કે चेतस्तत्प्रवणं सेवा ભગવાનમાં ચિત્ત પરોવાયેલું રહે એને જ સેવા છે. એ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે **શ્રીઠાકોરજીને સિંહાસન ઉપર પધરાવવા કે એમને અમુક વસ્ત્ર કે આભૂષણ ધરાવવાં, કે અમુક ભોગ ધરાવવા, એ જ સેવા છે એમ સમજવું નહિ, પણ એની સાથે**

ભગવાનમાં ચિત્તને પરોવાયેલું રાખવું એને જ સેવા કહે છે. ભગવાનમાં ચિત્ત પરોવાયેલું રાખ્યા સિવાય સેવા સંબંધી જે જે કાર્યો કરવામાં આવે તેનાથી સેવા સિદ્ધ થતી નથી, પણ માત્ર ભગવાનમાં ચિત્ત રાખવાથી સેવા સિદ્ધ થાય છે. શ્રીઠાકોરજીને સ્નાન કરાવવું, એમને આભૂષણ ધરાવવાં, એમને ભોગ ધરાવવા—વગેરે ક્રિયાઓ ભગવાનમાં જ ચિત્ત ગૂંથાયેલું રહે એને માટે સાધનરૂપ છે. એ સાધનોના ફલરૂપ તો ભગવાનમાં ચિત્ત રાખવું એ જ છે.

અન્ય સ્થળે શ્રીહરિરાયજી કહે છે કે

भक्तिमार्गीयताऽभावे क्रियामात्रे हि कर्मवत् ।
तत्राऽपि न मनःस्थैर्यं विक्षेपाद् व्यवहारतः ॥

(શિ. ૫. ૨૧-૨)

"ભક્તિમાર્ગીયતાનો અભાવ હોય તો સર્વ ક્રિયા કર્મ સમાન છે, અને એમાં પણ વ્યવહારથી ઉત્પન્ન થતા વિક્ષેપને લીધે મનની સ્થિરતા હોતી નથી."

સેવામાં ચિત્ત રાખવાથી જ ભગવદ્ભાવ પ્રાપ્ત થઈ શકે છે, અન્ય રીતે થઈ શકતો નથી; માટે જ સેવાને મુખ્ય પુરુષાર્થરૂપ કહેલી છે.

યોગશાસ્ત્રમાં જેને ચિત્તવૃત્તિનિરોધ કહે છે તેવા જ પ્રકારનો સેવારૂપ નિરોધ છે, પણ એમાં મનનો વિષય ભગવાન હોવાથી અને એમના પ્રત્યે પ્રેમ હોવાથી એ (સેવારૂપ નિરોધ) યોગશાસ્ત્રના નિરોધ કરતાં વધારે

ઉત્તમ પ્રકારનો છે; માટે પ્રભુમાં જ ચિત્તને પરોવવું એ જ મુખ્ય છે.

ભગવત્પ્રાપ્તિને માટે જ્યારે ચિત્ત ભગવાનમાં જ પરોવાયેલું રાખવાની જરૂર છે ત્યારે જે વિષયો ચિત્તને ભગવાનથી વિમુખ કરે છે તે વિષયો તજવાની અવશ્ય જરૂર છે. એ વિષયોમાં મુખ્ય કામ લોભાદિ અંતઃકરણમાં રહેલા વિકાર છે. એ વિકારો મનુષ્યના અંતઃકરણમાં રહે છે તેથી એઓને અંદરના ચોર કહેવામાં આવ્યા છે. એઓને ચિત્તની સોબત થતાં અથવા ચિત્ત એઓમાં ચોટતાં એ ભગવાનમાં પ્રવેશ કરી શકતું નથી, અર્થાત્ સેવા થઈ શકતી નથી. સર્વ પુરુષાર્થોમાં પ્રભુની પ્રાપ્તિને માટે સેવારૂપ પુરુષાર્થ મુખ્ય છે. જો ચિત્ત પ્રભુમાં પ્રવેશ કરી શકે નહિ તો એ પુરુષાર્થ સાધી શકાય નહિ. અને એમ થવાથી ભક્તજનના ઇતર ગૌણ પુરુષાર્થ પણ વ્યર્થ જાય છે. એટલા માટે કામ લોભાદિ ચોર જે ચિત્તને હરી લે છે તેઓનાથી ભક્તજને સાવધાન રહેવું જોઈએ.

વૃત્તિભેદથી અન્તઃકરણ ચાર પ્રકારનું છે: મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકાર. એમાં ચિત્ત શાન્ત સ્વચ્છ અને અવિકારી છે:

स्वच्छत्वमिकारित्वं शान्तत्वमिति चेतसः ।
वृत्तिभिर्लक्षणं प्रोक्तं यथाऽपां प्रकृतिः परा ॥

(ભાગવત)

"જેમ વરસાદનું જળ પ્રથમ સ્વચ્છ હોય છે, પણ જ્યારે ભૂમિનો સંબંધ થાય છે ત્યારે એમાં મલિનતાદિ

દોષો પ્રાપ્ત થાય છે તેમ જ મન બુદ્ધિ અને અહંકારના સંબંધ વિનાનું ચિત્ત સ્વચ્છ અવિચારી અને શાન્ત હોય છે, પણ એને મન બુદ્ધિ અને અહંકારની વૃત્તિઓનો સમાગમ થતાં એ મલિન થાય છે.”

જેમ જળ પ્રથમ સ્વચ્છ હોય છે, પણ જ્યારે ભૂમિનો સંબંધ થાય છે ત્યારે એમાં મલિનતાદિ દોષો પ્રવેશ કરે છે તેમ જ ચિત્તને મન બુદ્ધિ અને અહંકારનો સંબંધ થયો ન હોય ત્યાંસુધી એ અવિકારી અને શાન્ત હોય છે; ચિત્તને મનનો સંબંધ થતાં સંકલ્પવિકલ્પને લીધે એમાં કામાદિની ઉત્પત્તિ થાય છે, બુદ્ધિનો સંસર્ગ થતાં ઘોરત્વ મહત્ત્વ વગેરે પ્રાપ્ત થાય છે. મન બુદ્ધિ અને અહંકારનાં લક્ષણ ચિત્તની સાથે એક થઈ જવાથી ચિત્ત પણ મલિન દેખાય છે.

चित्तवित्तैकसाध्या हि એ સ્થળે ‘ચિત્ત’પદનું ગ્રહણ કરેલું છે એ એવા અભિપ્રાયથી કે શાન્ત સ્વચ્છ અને અવિકારી ચિત્તથી જ સેવા સિદ્ધ થઈ શકે છે. જ્યારે મનના કામાદિ ધર્મ બળવાન થાય છે ત્યારે ચિત્તના ધર્મ તિરોહિત થઈ જાય છે, એ કારણથી સેવા થઈ શકતી નથી. એટલા માટે જ અન્ય સ્થળે શ્રીહરિરાયજી કહે છે કે

तद्बाधकानीद्रियाणि विषया लौकिकी मतिः ।
प्रतिबन्धस्तथोद्वेगो भोगो वाप्यत्र लौकिकः ॥२२१॥

“ઇન્દ્રિયો, વિષય, લૌકિક બુદ્ધિ, પ્રતિબંધ, ઉદ્વેગ તથા લૌકિક ભોગ એ સર્વ માનસી સેવાનાં બાધક છે.” ૧૩–૧૪

अतो विवेकधैर्यादिशस्त्रयुक्तैस्तथा पुनः ।
आन्तरास्ते निराकार्या बाह्यास्ते तु यथाक्रमम् ॥ १५ ॥
सेवाकारणतद्रोधपरित्यागादिसाधनैः ॥ १५½ ॥

અર્થ—એટલા માટે વિવેક–ધૈર્યાદિ શસ્ત્રયુક્ત ભગવદ્‌ભક્તોએ વારંવાર એ અંદરના અને બહારના ચોરોને યથાક્રમે દૂર કરવા. સેવાનું કારણ ચિત્ત છે, એનો વિવેકથી રોધ કરી અંદરના ચોર દૂર કરવા અને ધૈર્યથી કુટુંબ ઉપરની મમતાના ત્યાગ વગેરે સાધનોથી બહારના ચોરને દૂર કરવા, એમ જાણવું.

વિવેચન—અંદરના ચોર કામાદિ છે, બહારના ચોર કુટુંબીજનો છે. પ્રથમ કામાદિ ચોરોને વિવેક અને ધૈર્યાદિ સાધનો વડે દૂર કરવાનું કહેવામાં આવે છે.

ભગવાન સર્વ વસ્તુ પોતાની મેળે કરશે તેથી એમને અમુક વસ્તુની પ્રાપ્તિને માટે કે અમુક વસ્તુ દૂર કરવાને માટે પ્રાર્થના કરવાની જરૂર નથી. ભગવાન સર્વ વસ્તુ કરવાને સમર્થ છે. પ્રભુને અધીન થવાની ભાવનાથી અભિમાનનો ત્યાગ કરવો, અને આપત્તિ અને ગતિ આદિ કાર્યોમાં સર્વથા હઠનો ત્યાગ કરવો, એ વગેરે વિવેકનાં લક્ષણ છે.

આધિ વ્યાધિ અને ઉપાધિ એ ત્રણે પ્રકારનાં દુઃખ મરતાં સુધી સર્વ પ્રકારે સહન કરવાં. કુટુંબીજનો સ્ત્રી પુત્ર વગેરે તરફથી અતિક્રમ (અપમાન) વગેરે કરવામાં આવે તે સહન કરવું. ઇન્દ્રિયોને પોતપોતાના વિષય

તરફ ખેંચાતી અટકાવવા કાયાથી વાણીથી અને મનથી સર્વ પ્રકારે યત્ન કરવો. એ સર્વ ધૈર્યનાં લક્ષણ છે.

વિવેક અને ધૈર્યના સાધનવાળા ભક્તજનોએ એ સાધનો વડે પ્રથમ અંદરના ચોર કામ લોભ વગેરેને દૂર કરવા અને પછી બહારના ચોરોને પણ દૂર કરવા. કુટુંબાદિ ચોરને દૂર કરવામાં પરિત્યાગાદિ સાધનો પણ વાપરવાને બાધ નથી. એમ કરવાથી જ ચિત્તનો નિરોધ થઈ સેવા સિદ્ધ થઈ શકે છે. ૧૫–૧૫½

એ રીતે અંદરના અને બહારના ચોરોનું અને એઓને દૂર કરવાનાં સાધનોનું વર્ણન કરી, વંચક (ધર્મનો ઢોંગ કરનારા ધર્મઠગ, પાખંડી), જેની ગણના બહારના ચોરમાં થાય છે તેનું અને એને દૂર કરવાનાં સાધનોનું શ્લોક ૧૬ માના ઉત્તરાર્ધથી શ્લોક ૩૮ સુધીમાં વર્ણન કરવામાં આવે છે. કામાદિ અંદરના ચોર અને કુટુંબાદિ બહારના ચોર કરતાં વંચકને વધારે દુષ્ટ જણાવવામાં આવે છે; એનાં કારણ હવે પછી જણાવવામાં આવશે :

> वञ्चकस्तु ततोऽप्येष दुष्ट इत्येव बुध्यताम् ॥ १६ ॥
> यतस्तदाकृतिश्चेष्टा तथाचारश्च भाषणम् ।
> विनयः शान्तता वेशः शङ्खचक्रादिचिह्नितः ॥ १७ ॥
> एवमाद्यखिलं तुल्यं भगवद्धर्मवर्तिभिः ।
> ततो ज्ञानाभावतोऽपि सर्वथा नाशनं मतम् ॥ १८ ॥

અર્થ—વંચક અંદરના અને બહારના ચોર કરતાં વધારે દુષ્ટ છે, કેમકે એનાં આકૃતિ, ચેષ્ટા, આચાર, ભાષણ,

વિનય, શાંતિ, વેશભૂષા ( દેખાવ ) અને શંખ ચક્રાદિ ચિહ્નોનું ધારણ કરવાપણું ભગવદ્‌ધર્મ પ્રમાણે ચાલનારાના જેવાં જ હોય છે. એ કારણથી એવા વંચક વિશેની માહિતી ન હોય તો સર્વ પ્રકારે નાશ થાય છે.

વિવેચન—દેહની અંદર રહેનારા ચોર કામ લોભાદિ અને દેહની બહારના ચોર કુટુંબાદિને દૂર કરવાનો બોધ આપ્યા પછી વંચક, ઠગ, પાખંડીનો સંગ ન કરવાનો બોધ આપવામાં આવે છે. જેટલે દરજ્જે કામ લોભાદિ અને કુટુંબાદિનો સંગ દુઃસંગ છે અને એ દૂર કરવાને યોગ્ય છે તે કરતાં ધર્મઠગનો સંગ વધારે દુઃસંગરૂપ હોઈ દૂર કરવા યોગ્ય ગણેલો છે. કામાદિ ચોરની તો પરીક્ષા થઈ શકે છે, પણ વંચકની તો પરીક્ષા પણ થઈ શકતી નથી, કેમકે એનાં અંગોની ચેષ્ટા ( બહુ વિનયથી 'જય શ્રીકૃષ્ણ' કરવા, પગે લાગવું, ભગવન્નામ સાંભળી ઘણો આનંદ પ્રદર્શિત કરવો વગેરે)—જ્યાં જેવો આચાર પ્રવર્તતો હોય ત્યાં એનાથી અધિક પાળવો, ભાષણ, વિનય (નમ્રતા), શાન્તતા, વેશભૂષા, અને માલા તિલક છાપાં વગેરે ચિહ્‌ન ધારણ કરવાં, એ સઘળું એ સાચા ભક્તના જેવું જ રાખે છે. એ બોલે છે કે

મેં કોન હૂં, અત્યંત તુચ્છ જીવ હૂં, દોષકો ભર્યો હૂં, મેરેમેં કછુ ધર્મ નહીં હૈ, મેં કછુ જાનૂં નહીં હૂં, કેવલ બડેનકે અનુગ્રહસૂં જો દો અક્ષર મેરે મુખમેં આયેં હૈં સો યથામતિ મેં બોલૂં હૂં.

( શ્રીપુષ્ટિમાર્ગપ્રકાશ )

માત્ર ખામી એટલી જ હોય છે કે એનું ચિત્ત ભગવાનમાં હોતું નથી, પણ કામ લોભ અને સ્વાર્થમાં હોય છે. એવો વેશ ધારણ કરવાથી એને બીજા વૈષ્ણવો મોટો વૈષ્ણવ ધારી, એનો વિશ્વાસ કરી ભગવદર્પિત ધન સોંપે અથવા ભક્ત તરીકે એને સારું સારું ખાવાપીવાનું મળે અને અનેક પ્રકારના બીજા ભોગ પ્રાપ્ત થાય એ પ્રકારની ઇચ્છા એને હોય છે. જે પોતે ભગવાનમાં ચિત્ત રાખવાવાળો નથી તે બીજાને બહિર્મુખ કરે છે અને એ કારણથી એ ભક્તજનોનો નાશ કરવાવાળો નીવડે છે. ૧૮

**दुर्घटं तस्य विज्ञानं सर्वथा भक्तसाम्यतः ।**
**अत एव न कर्तव्यो विश्वासो ह्यविचारतः ॥ १९ ॥**

અર્થ—ભક્તના સરખા વેશવાળા વંચકના સ્વરૂપનું જ્ઞાન સર્વથા અશક્ય છે, માટે વિચાર કર્યા વિના કોઈનો વિશ્વાસ કરવો નહિ.

વિવેચન—ભક્તના સરખો વેશ ધારણ કરનારનું ખરું સ્વરૂપ જાણવું અશક્ય છે. ઘણા કાળ સુધી બારીકીથી એની કૃતિઓનો વિચાર કરવામાં આવે તો જ એનું ખરું સ્વરૂપ જાણવામાં આવે. ખરું જ્ઞાન સંપાદન કરતાં પહેલાં ઘણી વખત ગાફેલ મનુષ્ય એની સોબતને લીધે ભક્તિમાર્ગથી વિમુખ થઈ જાય છે, માટે લાંબો વિચાર કર્યા વગર એવા ધર્મઠગોનો વિશ્વાસ કરવો યોગ્ય નથી.

**શાસ્ત્રો સત્સંગના મહિમાની ઘણી પ્રશંસા કરે છે, પણ આ કલિયુગમાં સંગ કરવા લાયક**

**સાચા ભક્તો ક્વચિત્ મળી આવે છે; એટલા માટે ઉત્તમ માર્ગ એ છે કે ભક્તિવર્ધક ગ્રંથોનો અને ભગવાનની મૂર્તિ મનમાં ધારણ કરી ભગવાનનો જ સંગ રાખવો.**

**तदीयत्वभ्रमात् तस्मिन् विश्वासो सङ्गदोषतः ।**
**असत्यपि च सद्भावात्पतनं भक्तिमार्गतः ॥ २० ॥**

અર્થ—ભગવદ્ભક્ત છે એમ ધારી ભ્રમથી એનો વિશ્વાસ કરવાથી સંગદોષને લીધે અસત્‌ને વિશે સદ્ભાવ થવાથી ભક્તિમાર્ગમાંથી વિમુખ થવાય છે.

વિવેચન—ઠગ માણસના બોલવાથી અને આકૃતિથી જો ઠગાઈ જઈ, કોઈ એનો વિશ્વાસ કરી એનો સંગ કરે તો એ ખરો ભક્ત ન હોવાથી એ સંગથી કાંઈ લાભ થતો નથી, પણ ધીમે ધીમે સંગ કરનાર મનુષ્ય એ ઠગના જેવો જ થાય છે અને ભક્તિમાર્ગમાંથી ખસી જાય છે. મનુષ્ય અને મનુષ્યની વચ્ચેના વ્યવહારમાં દંભ ઠગાઈ વગેરેને લીધે સારું પરિણામ આવતું નથી તો જીવ અને ઈશ્વરની વચ્ચેના સંબંધમાં કામ ક્રોધ લોભ દંભ વગેરેનું પરિણામ સારું ન આવે એ દેખીતું જ છે. ૨૦

એ પ્રમાણે દંભી અને ઠગ ભક્તનો સંગ ન કરવાનો બોધ આપી હવે શ્રીહરિરાયજી આચાર્યની પદવી ધારણ કરનાર પુરુષોનો કેવી રીતે અને કેટલે દરજ્જે વિશ્વાસ કરવો એ કહે છે :

**अत एवोक्तमाचार्यैर्गुरोरपि च वीक्षणम् ।**
**कृष्णसेवापरं वीक्ष्येत्यादिपद्ये निबन्धगे ॥ २१ ॥**

અર્થ—એટલાં માટે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ 'કૃષ્ણ-સેવાપરં વીક્ષ્ય ઇત્યાદિ પદ્ય વડે 'નિબંધ'માં જે કહેલું છે તે ગુરુને વિશે પણ જોવું યોગ્ય છે.

વિવેચન—નિબંધમાં આચાર્યશ્રીએ કહ્યું છે કે

कृष्णसेवापरं वीक्ष्य दम्भादिरहितं नरम् ।
श्रीभागवततत्त्वज्ञं भजेज्जिज्ञासुरादरात् ॥

(નિબંધ-સર્વનિર્ણય ૨૨૭)

"શ્રીકૃષ્ણની સેવામાં તત્પર, દંભાદિ દોષરહિત, શ્રીમદ્ભાગવતનું તત્ત્વ જાણનારા ગુરુને જિજ્ઞાસુ પુરુષે આદરથી ભજવા; એટલે એ ગુરુ કહે તે પ્રમાણે શ્રીહરિની સેવા કરવી."

જે ભાગવતનું તત્ત્વ જાણે છે અને જે શ્રીહરિની સેવામાં તત્પર છે તે ગુરુને જ શરણે થવું.

મૂળમાં 'ભાગવતનું તત્ત્વ જાણનાર' લખવામાં આવ્યું છે. **ઉપર ઉપરથી વાંચનારના જાણવામાં આવે છે કે ભાગવતમાં ઐતિહાસિક વૃત્તાંતો અને અદ્ભુત વાર્તાઓનું વર્ણન આવે છે. એ જ શ્રીમદ્ભાગવતનું તત્ત્વ નથી, પણ શ્રીમદ્ભાગવત તો ભક્તિશાસ્ત્ર છે, એને ભક્તિશાસ્ત્ર તરીકે વાંચી કે સમજી શકે તે જ ભાગવતનું તત્ત્વ જાણે છે એમ કહેવાય.** માત્ર વાર્તાના પુસ્તક તરીકે જે ભાગવત જાણે તે ભાગવતનું તત્ત્વ જાણતો નથી એમ કહ્યા વગર ચાલે નહિ.

ભાગવતમાં સમાયેલી કથાઓ ભક્તિશાસ્ત્રનાં ગૂઢ તત્ત્વોનું વર્ણન કરે છે.

સર્ગ વિસર્ગ સ્થાન પોષણ ઊતિ સદ્ધર્મ નિરોધ અને મુક્તિ એ નવ લીલાયુક્ત પુરુષોત્તમનું સ્વરૂપ જાણવું એ ભાગવતના ૩ જા થી ૧૧ મા સ્કંધ સુધીનું તાત્પર્ય છે. એ જાણવાની ઇચ્છા રાખનાર કેવી યોગ્યતાવાળો જોઇયે એ પહેલા સ્કંધમાં કહેવામાં આવ્યું છે અને બીજા સ્કંધમાં એવો અધિકાર પ્રાપ્ત કરવાના સાધનનું વર્ણન કરવામાં આવ્યું છે. બારમા સ્કંધમાં આશ્રયનો બોધ કરવામાં આવ્યો છે.

પૃથુરાજાએ બાણની અણી વડે પૃથ્વીને સપાટ અને ફળદ્રુપ કરી એ કથા ભગવત્પરાયણ રાજા રાજ્યની કેવી રીતે સુવ્યવસ્થા રાખી શકે છે એ બતાવે છે.

અવિદ્યાનું બળ વધતાં એ પૂતનાનું રૂપ ધારણ કરે છે, અને જ્યારે એ ભક્તિપંથે ચડનાર બાળક જીવનો નાશ કરવા પ્રવૃત્ત થાય છે ત્યારે ભગવાન ભક્તિપંથે ચડનારનું રક્ષણ કરવા એ પૂતનાના પ્રાણ હરે છે, અને બાળક જીવના પંથમાં માત્ર એનો ગંધ રહે છે તે ગંધ ભગવત્પ્રતિ ગતિ કરનાર જીવ ભગવત્કૃપાથી ભગવદ્બળથી દૂર કરી શકે છે. આ પૂતનાની કથાનું રહસ્ય છે.

ભગવાનને પોતાના સ્વામી કરવાની આશા રાખનાર જીવે લૌકિક પદાર્થો અને દેહાધ્યાસમાંથી પ્રીતિ ખેંચી લઈ પ્રભુમાં જ પ્રીતિ જોડવી એ વસ્ત્રહરણલીલાનું તાત્પર્ય છે.

જ્યારે ભગવાન પોતે અવતારી પુરુષ માફક દેહ ધારણ કરી લીલા કરતા હોય છે ત્યારે એમની સાથે

ગમે તે પ્રકારે સંબંધ થવાથી એમના સંબંધમાં આવનારના પાપનો નાશ થાય છે. અવતાર-દશામાં સંબંધની પૂર્વે ભક્તિ કે જ્ઞાનની જરૂર નથી, એ જરૂર દૃઢ સંબંધ જ પૂરી પાડે છે, એ સત્ય જે અસુરોને ભગવાને હણ્યા અને એઓની સદ્ગતિ થઈ ગઈ એ વાત સિદ્ધ કરે છે. દેહાધ્યાસ એ જ ધેનુક છે. કાલીય નાગ અને એનું વિષ એ ઇન્દ્રિયો અને એના વિષય છે. સેવા અવતારની કરવાની નથી, પણ શ્રીપુરુષોત્તમની કરવાની છે.

આ પ્રમાણે શ્રીમદ્ભાગવતમાં સમાયેલી દરેક કથાનું ખરું રહસ્ય છે. એ તત્ત્વ જે ગુરુ જાણે છે તે જ ગુરુ ભક્તિશાસ્ત્રનું જ્ઞાન આપી શકે છે. ૨૧

**नन्वेतस्य परिज्ञानं कथं भवति सर्वथा ।**
**ज्ञाने सति परित्यागः कर्तव्योऽस्य सतां भवेत् ॥ २२ ॥**

અર્થ—કોઈ શંકા કરે કે એનું (વંચકનું) સર્વ પ્રકારે જ્ઞાન કેમ થાય? જ્ઞાન થાય તો જ સત્પુરુષોથી એનો ત્યાગ થઈ શકે. ૨૨

**भवेच्च चोरविज्ञानं शास्त्रतो धर्मदर्शनात् ।**
**न हि वञ्चकविज्ञानं साम्यतो भगवज्जनैः ॥ २३ ॥**

અર્થ—ઉપર કહેલા બહારના અને અંદરના ચોરોનું જ્ઞાન તો શાસ્ત્રમાં વર્ણવેલ એનાં લક્ષણોનો વિચાર કરવાથી થઈ શકે છે, પણ વંચક પુરુષમાં ભગવજ્જનના જેવાં આચરણ હોવાથી એનું જ્ઞાન થઈ શકતું નથી.

વિવેચન—ભીતરના ચોર કામ લોભાદિ ચિત્તને હરે છે. એઓનું જ્ઞાન થાય છે. અલ્પ બુદ્ધિવાળાના અધર્મથી

એકઠા કરેલા ધનને કુટુંબીજનો લગ્ન શ્રાદ્ધ કસરત લડાઈ નાચારંગ વગેરે પ્રસંગે લઈ જાય છે તેથી કુટુંબ-રૂપી ચોર પણ જાણવામાં આવે છે, પણ વંચકનાં બહારનાં ચિહ્ન ભક્તના જેવાં હોય છે તેથી એનું જ્ઞાન ઝટ થઈ શકતું નથી. ૨૩

न कोऽपि तादृशो धर्मो वैलक्षण्यावबोधकः ।
मृगाणामिव साधूनां मृगयोरिव गायने ॥ २४ ॥

અર્થ—જેમ મૃગને પારધીનું ગાયન અથવા સત્પુરુષોનું ગાયન જાણવાને માટે કાંઈ પણ અસાધારણ ચિહ્ન નથી તેમ જ વંચકનું જ્ઞાન થવામાં પણ કોઈ વ્યાવર્તક ધર્મ (તરત જાણી શકાય તેવું ચિહ્ન) નથી.

વિવેચન—આ શ્લોકથી પારધી અને વંચકનો મુકાબલો કરવામાં આવે છે. પારધી મૃગને પોતાના ગાયનથી મોહિત કરી પછી બાણ વડે મારી નાખે છે તેમ વંચક મનુષ્ય પણ પોતાનાં વેશ ચેષ્ટા અને બોધથી ભક્તજનને મોહ પમાડી, એનું ચિત્ત તેમજ વિત્ત હરી લઈ એને ભક્તિ-માર્ગમાંથી ખસેડી દે છે.

સત્પુરુષનું ગાયન કયું છે અને પારધીનું ગાયન કયું છે એ વાતની જેમ મૃગને ખબર પડતી નથી તેમ ભોળા દિલના ભક્તજનને સાચો કોણ છે અને વંચક કોણ છે એની ખબર પડતી નથી. ૨૪

सतोऽपि किंचिदाधिक्यं वञ्चके तु प्रतीयते ।
प्रदर्शनार्थत्वतस्तु वेषादेरिह सर्वथा ॥ २५ ॥

અર્થ—કેમકે સત્પુરુષ કરતાં વેશ દેખાડવામાં વંચકનું આધિક્ય છે. સત્પુરુષોમાં વખતે આચરણ થોડાં દેખાય છે, પણ વંચક તો ઘણાં આચરણોનો આભાસ દેખાડે છે.

વિવેચન—સત્પુરુષને કોઈને ઠગવાનો ઇરાદો ન હોવાથી એ કોઈ પ્રકારનો ઢોંગ કરતો નથી, પણ વંચકને બીજાને ઠગવાનો ઇરાદો હોવાથી એ તમામ જાતના ડોળ અને ઠાઠ રાખે છે. એ ઠાઠ અને ડોળથી અંજાઈ જઈ ભોળા દિલના ભક્તજનો ઠગાઈ જાય છે. ૨૫

**गृहसंवासतो ज्ञेय इति चेत् तन्न युज्यते ।**
**संसर्गे बुद्धिनाशे तु मोहान्न ज्ञानसंभवः ॥ २६ ॥**

અર્થ—ઘરમાં નિવાસ કરવાથી વંચકને જાણી લેવો (એમ કહેવામાં આવે તો) એ પણ યોગ્ય નથી, કેમકે મોહ વડે સંસર્ગ થવાથી બુદ્ધિનો નાશ થાય છે, [તેથી] એને ઓળખી જવાનો સંભવ નથી.

વિવેચન—કોઈ એમ કહે કે વંચકની સાથે થોડો વખત એક ઘરમાં રહેવાથી એની પરીક્ષા થઈ શકે, તો એ પણ સંભવતું નથી, કેમકે વંચકના ડોળથી એક વખત અંજાઈ ગયાથી બુદ્ધિનો નાશ થાય છે, એ કારણથી એનાં આચરણોમાં કાંઈ દૂષણ જોવામાં આવતું નથી. વળી વંચક આસપાસનાં માણસોને એવી રીતે રાજી રાખે છે કે સર્વ એનું સારું બોલે અને એની ઉપમા વધારે; એ વગેરે કારણોથી પાસે રહેવાથી પણ વંચકને ખરું સાચા સ્વરૂપમાં ઓળખવાનું બની શકતું નથી. ૨૬

ज्ञानाभावे भवेदेव तत्क्रिया सार्थकाखिला ।
संसर्गमात्रतो नाशे कस्य ज्ञानोदयो भवेत् ॥ २७ ॥

અર્થ–અને [વંચકના સ્વરૂપનો] ખ્યાલ નહિ આવવાથી એ વંચકની સર્વ ક્રિયાઓ સફળ થાય છે. વંચકના સંસર્ગ માત્રથી [બુદ્ધિનો] નાશ થવાથી એને ઓળખી જવાનું શી રીતે થાય ? ૨૭

न ज्ञापयति चात्मानं यावन्नाशं स वञ्चकः ।
नाशयित्वैव भवति निजरूपसमास्थितः ॥ २८ ॥

અર્થ—જ્યાંસુધી વંચક સામા પુરુષને ભ્રષ્ટ કરતો નથી ત્યાંસુધી પોતાનું ખરું સ્વરૂપ જણાવતો નથી, સદ્ધર્મ-થી ભ્રષ્ટ કરીને જ એ પોતાનું સ્વરૂપ દેખાડે છે. ૨૮

मार्गस्थितेर्भवत्येव तादृशोऽत्यन्तबाधकः ।
बलान्न मारयत्येष प्रबोध्यैव च घातकः ॥ २९ ॥

અર્થ— માર્ગસ્થિતિથી જ એવો વંચક અત્યંત બાધ કરે છે. કોઈ પણ વંચક બળથી મારતો નથી, પણ બોધ કરીને જ મારે છે.

વિવેચન—ભક્તજન જે માર્ગમાં હોય તે જ માર્ગનો એ વંચક હોય છે અને એ માર્ગનું ઘણું જ્ઞાન ધરાવવાનો ડોળ રાખી ખોટો બોધ કરીને ભક્તજનોને ઠગે છે. એ ચોર કે લુટારાની માફક લાકડી કે બીજાં હથિયાર મારતો નથી, પણ બોધરૂપી હથિયારથી મારે છે. ૨૯

छलबुद्धिर्विनाशाय न बलं तस्य साधनम् ।
अज्ञातः सर्वथा हिंस्रो ज्ञातो नैव हि बाधकः ॥ ३० ॥

અર્થ—બીજાનો નાશ કરવાને માટે વંચકનું સાધન એનું બળ નથી, પણ એની છલબુદ્ધિ છે. જ્યાંસુધી એનું સ્વરૂપ ન જાણ્યું હોય ત્યાંસુધી એ મારે છે (ઘાત–હિંસા કરે છે). એનું સ્વરૂપ જણાયા પછી એ કાંઈ બાધ કરી શકતો નથી.

વિવેચન—વંચક શરીરબળ વાપરી બીજાને મારતો નથી, પણ છલબુદ્ધિ-(એક પ્રકારના મનોબળ)થી બીજાને મારે છે. જ્યાંસુધી એનું ખરું સ્વરૂપ જાણ્યામાં ન આવ્યું હોય ત્યાંસુધી જ એ બીજાને નુકસાન કરે છે, પણ જ્યારે એનું સ્વરૂપ સામાના સમઝ્યામાં આવે છે ત્યારે એ બાધ કરી શકતો નથી. ૩૦

ज्ञानं त्वशक्यं तस्येति न निस्तारः कथंचन ।
इति चेत् तत्र सिद्धान्त उपायः परिकीर्त्यते ॥ ३१ ॥

અર્થ—એને ઓળખવાનું તો સર્વ પ્રકારે અશક્ય છે તેથી એના ફાંસામાંથી કોઈ પ્રકારે નીકળી શકાય એમ નથી એમ જો ધારવામાં આવતું હોય તો, આપણા સિદ્ધાન્તમાં જે ઉપાય છે તે કહી બતાવવામાં આવે છે.

વિવેચન—સાચા ભક્તજન અને વંચક એ બેની વચ્ચેનો તફાવત જાણવાને માટે આપણા સિદ્ધાન્તમાં ભક્તજનનાં જે સ્વાભાવિક લક્ષણ કહ્યાં છે તે વંચકમાં છે કે નહિ એ વાતની તજવીજ કરવાથી વંચકને પારખી શકાય એમ છે. ૩૧

भगवद्भक्तसाम्येऽपि तदसाधारणो गुणः ।
निरपेक्षत्वमेतस्मिंस्तदभावाद्धि वञ्चकः ॥ ३२ ॥

**अनाकारित एवासौ सङ्गे लगति सर्वथा ।**
**प्रार्थिता भगवद्भक्ताः कृपयन्ति कथंचन ॥ ३३ ॥**

અર્થ—ભગવદ્ભક્તના સરખાં આચરણનો આભાસ છતાં પણ ભગવદ્ભક્તોનો અસાધારણ ગુણ જે નિરપેક્ષપણું છે તે એનામાં હોતું નથી, અને એ નહિ હોવાથી જ એને વંચક સમજી લેવો. વંચક વગર બોલાવ્યો જ સાથે લાગુ પડે છે અને ભગવદ્ભકતો તો પ્રાર્થના કરવાથી જ કોઈક પ્રકારે કૃપા કરે છે.

વિવેચન—વંચકમાં નિઃસ્વાર્થીપણું હોતું નથી, એ તો સ્વાર્થી હોય છે. સાચો ભક્ત નિઃસ્વાર્થી હોઈ વગર બોલાવ્યે કોઈની પાસે જતો નથી, પણ વંચક હરકોઈ બહાને બીજાની પાસે જાય છે અને એની આગળ પોતાની જાળ પાથરે છે. ભક્તજનને સ્વાર્થ ન હોવાથી એ નિરપેક્ષ (કાંઈ પણ ઇચ્છા કે લાલચ વગરનો) રહે છે. વંચકથી સાચા ભક્તને ઓળખી કાઢવાનું મુખ્ય ચિહ્ન નિરપેક્ષતા જ છે. ૩૨–૩૩

વંચકને જાણવાનું બીજું સાધન કહેવામાં આવે છે:

**स द्रव्यमेव विज्ञाय सज्जते स्वार्थमोहितः ।**
**दीनेषु भगवद्भक्तास्तदर्थैकप्रसादकाः ॥ ३४ ॥**

અર્થ—અમુક પૈસાદાર છે એમ જાણીને વંચક પોતાના સ્વાર્થથી મોહ પામી એમાં આસક્ત થાય છે, પણ ભગવદ્ભકતો દીન જનને વિશે પોતાના સ્વાર્થ વિના સામાના સ્વાર્થ માટે જ પ્રસન્ન થાય છે.

વિવેચન—વંચક સ્વાર્થી હોવાથી દ્રવ્યવાનની જ કેડે લાગે છે, અથવા જ્યાંથી દ્રવ્યની પ્રાપ્તિ થવાનો સંભવ હોય ત્યાં જ પોતાનો યત્ન કરે છે, પણ ભક્તજન તો સ્વાર્થરહિત હોવાથી દીન અને ગરીબ મનુષ્યોના ઉપર સ્વાર્થ વિના કૃપા કરે છે. ૩૪

**चालयत्ययमुन्मार्गे मायाचाटुकसूक्तिभिः ।**
**ते तु मार्गे चालयन्ति वचोभिः कटुकौषधैः ॥ ३५ ॥**

અર્થ—વંચક કપટયુક્ત મધુર વાક્યોથી ખોટા માર્ગમાં ચલાવે છે, અને સત્પુરુષો તો કડવા ઔષધરૂપ વાક્યોથી સન્માર્ગમાં દોરી લઈ જાય છે.

વિવેચન—વંચકની વાણી મધુર હોય છે. એ મીઠી વાણીથી સામાને પ્રસન્ન કરે છે. સાચો ભક્ત કડવાં વચન કહેવાની જરૂર પડે ત્યાં કહેવામાં અચકાતો નથી, અને એમ કરીને સામાને એ સન્માર્ગે ચડાવે છે. સામો ધણી ખોટે માર્ગે ચડે તો સારું એમ વંચક ધારે છે, તેથી એ મીઠાં વાક્યો બોલી સામાને ખોટે રસ્તે જવાને ઉત્તેજન આપે છે, પણ કડવાં વાક્ય કહી સન્માર્ગે ચડાવતો નથી. એટલા માટે શિક્ષાપત્રમાં કહ્યું છે કે–

संसृतिप्रेरको वापि तत्सङ्गो दुष्टसंगमः ।

"અથવા અહંતા મમતાત્મક સંસારમાં આસક્તિ કરવાની જે પ્રેરણા કરે તેનો સંગ દુષ્ટ સંગ જાણવો." ૩૫

**एवं विज्ञाय बुद्ध्वैव वैलक्षण्यं हि वञ्चके ।**
**तत्सङ्गं तत्र सद्भावं तन्माहात्म्यं परित्यजेत् ॥ ३६ ॥**

અર્થ—એ પ્રકારે સત્પુરુષ અને વંચકનું જુદાપણું બુદ્ધિથી જાણીને વંચકના સંગનો, એને વિશે સદ્ભાવનો અને એના માહાત્મ્યનો ત્યાગ કરવો.

વિવેચન—ઉપર કહેલા વંચકના સંગનો ત્યાગ કરવો. સાધુ પુરુષ તે જ કે જે શ્રીકૃષ્ણમાં કારણ રહિત પ્રીતિનો બોધ કરે અને જે નિરપેક્ષ તથા સાત્વિક હોય. ૩૬

**अन्यथा मार्गनिष्ठोऽपि विनाशं प्राप्नुयान्नरः ।**
**अत एवास्मदाचार्यैरुक्तं स्वीयकृपालुभिः ॥ ३७ ॥**
**पाषण्डप्रचुरे लोके कृष्ण एव गतिर्मम ।**
**अन्यत्राप्युक्तमेवं हि शिक्षापद्येषु सर्वथा ॥ ३८ ॥**

અર્થ—ઉપર કહ્યા પ્રમાણે વંચકનો ત્યાગ કરવામાં ન આવે તો માર્ગનિષ્ઠ પુરુષ પણ વિનાશ પામે છે. એટલા માટે સ્વાશ્રિત જનને વિશે કૃપા રાખનાર આપણા આચાર્યશ્રીએ કહ્યું છે કે લોકમાં પાખંડનો પ્રચાર થવાથી શ્રીકૃષ્ણ એ જ મારી ગતિ છે, અને એ જ પ્રકારે અન્ય સ્થળે શિખામણના શ્લોકોમાં આપશ્રીએ તેમજ (શિક્ષાપત્રોમાં મેં પણ) યથાયોગ્ય કહેલું છે.

વિવેચન—શ્રીમહાચાર્ય 'શ્રીકૃષ્ણાશ્રય' ગ્રંથમાં કહે છે કે દુનિયામાં ખરા ધર્મને બદલે પાખંડ ધર્મ વધી પડચો છે એ કારણથી શ્રીકૃષ્ણ એ જ મારી ગતિ થાઓ. 'નિબંધ'-માં પણ આચાર્યશ્રી લખે છે કે—

अधुना तु कलौ सर्वे विरुद्धाचारतत्पराः ।
स्वाध्यायादिक्रियाहीनास्तथाऽऽचारपराङ्मुखाः ॥२१२॥
क्रियमाणं तथाऽऽचारं विधिहीनं प्रकुर्वते ।
विक्षिप्तमनसो भ्रान्ता जिह्वोपस्थपरायणाः ॥२१३॥

व्रात्यप्राया: स्वतो दुष्टास्तत्र धर्म: कथं भवेत् ।
षड्भिः संपद्यते धर्मस्ते दुर्लभमतराः कलौ ॥ २१४ ॥

"આ વખતમાં સર્વ (લોકો) શાસ્ત્રવિરુદ્ધ આચરણ કરવામાં તત્પર થયા છે, સ્વાધ્યાયાદિ વેદમાં બતાવેલી ક્રિયા રહિત છે. એઓ જે ક્રિયમાણ કરે છે તે વિધિહીન કરે છે. એઓ વિક્ષિપ્ત મનવાળા અને ભ્રાન્તિવાળા છે, અને જીભ અને ઉપસ્થના વિષયોને અધીન છે. ઘણે ભાગે એઓ યજ્ઞોપવીતસંસ્કાર રહિત છે અને જાતે દુષ્ટ છે. ત્યારે ધર્મ શી રીતે થાય? છ પદાર્થ (દેશ–કાળ–દ્રવ્ય–કર્તા–કર્મ અને મંત્ર) શુદ્ધ હોય તો ધર્મની પ્રાપ્તિ થાય. એ છ પદાર્થ આ કલિયુગમાં શુદ્ધ મળવા ખૂબ જ મુશ્કેલ છે. એટલા જ માટે શ્રીહરિરાયજી શિક્ષાપાત્રમાં લખે છે કે

शुद्धभावः प्रभौ स्थाप्यो न चातुर्यं प्रयोजकम् ।

"શુદ્ધ ભાવનું પ્રભુમાં સ્થાપન કરવું જોઈએ; વંચકની માફક ચતુરાઈ બતાવવાનું કાંઈ પ્રયોજન નથી." ૩૭–૩૮

**प्रावाहिकास्तेऽपि चेत्स्युरुपेक्षैवोचिता तदा ।**
**एवं विज्ञाय सततं स्थेयं वै सावधानिभिः ॥ ३९ ॥**
**सेवापरैः कथासक्तैः सत्सङ्गपरिशोधकैः ।**
**बाह्यव्यापाररहितैर्भगवद्भावभावुकैः ॥ ४० ॥**
**दैन्यमात्रपरिश्रान्तैरसदालापवर्जितैः ।**
**श्रीकृष्णादर्शनाद्यार्तैर्निजाचार्याश्रिताश्रितैः ॥ ४१ ॥**

અર્થ—અને ભગવદ્ભક્તો પણ ભક્તિને છોડી દઈ પ્રવાહમાં હોય તો એમની પણ ઉપેક્ષા કરવી ઉચિત છે.

આ પ્રમાણે જાણીને સેવામાં તત્પર, ભગવત્કથામાં આસક્ત, સત્સંગના શોધક, બાહ્ય વિષયોની હિલચાલ રહિત, ભગવદ્દ્-ભાવનો રસ જાણનાર, માત્ર દૈન્ય વડે સાધન કરવામાં વિરામ પામેલા, અસદાલાપ રહિત, શ્રીકૃષ્ણના આવિર્ભાવની આકાંક્ષાથી જ પીડિત, અને શ્રીઆચાર્યચરણનો આશ્રય રાખનાર પુરુષોએ નિત્ય નિરંતર સાવધાનપણે સ્થિતિ કરવી.

વિવેચન—પ્રવાહનું લક્ષણ 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રંથમાં આપ્યું છે. એમાં કહ્યું છે કે પ્રવાહમાં રહેલા જીવ આસુરી છે. એઓ ધર્મમાં પ્રવૃત્તિ અને અર્થથી નિવૃત્તિને જાણતા નથી, એટલે ધર્મમાં પ્રવૃત્ત થવું અને અધર્મથી નિવૃત્ત થવું એ એઓ જાણતા નથી. એ કારણથી એઓમાં પવિત્રતા આચાર કે સત્ય હોતાં નથી.

પ્રવાહમાં ભળેલા જીવોનો સંગ કરવો યોગ્ય નથી. ભક્તજનોએ એવા જીવોની સોબત અવશ્ય તજવી જોઈએ, એટલું જ નહિ, પણ જે પૂર્વે ભક્તિમાર્ગમાં હોય તે પાછળ-થી પ્રવાહમાં ભળી ગયેલો હોય તો એવાનો સંગ પણ તજવા યોગ્ય છે.

દીનતા–ભાવથી અહંતા અને મમતાનો નાશ થાય છે, માટે અન્ય સ્થળે શ્રીહરિરાયજી કહે છે કે "ભક્તિમાર્ગમાં જે સાધનોથી દૈન્ય સારી રીતે સિદ્ધ થાય તે સાધનો ગ્રહણ કરવા યોગ્ય છે અને જેનાથી દૈન્યનો નાશ થાય તે સર્વ વિરોધી છે એમ જાણવું (શિક્ષાપત્ર ૩૩–૧૫)." વળી શ્રીઆચાર્યજી મહાપ્રભુજીએ 'સુબોધિનીજી'માં કહેલું છે કે

भक्तानां दैन्यमेवैकं हरितोषणसाधनम् ॥

"ભક્તોને શ્રીહરિને પ્રસન્ન કરવાનું મુખ્ય સાધન દીનતા જ છે." ૩૯–૪૧

[ यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।
तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥ १ ॥
केनापि न निरुद्धोऽहं निजाचार्यकृपाबलात् ।
यत्सत्यं भयत्यागेन विवृतं स्फुरितं हृदि ॥ २ ॥ ]

## ४७. कामाख्यदोषविवरणम् ॥

### ૧. ઉપક્રમ

**કામ ક્રોધ લોભ મોહ મદ અને મત્સર એ** ષડ્વર્ગને જ્યાંસુધી જીતવામાં ન આવે ત્યાંસુધી હૃદય કદાપિ શુદ્ધ થતું નથી; અને એવા અશુદ્ધ હૃદયમાં પ્રભુનો વાસ કદાપિ થતો નથી. ગમે તે માર્ગ કે સમ્પ્રદાય દ્વારા ભગવત્પ્રાપ્તિનો પ્રયત્ન કરવામાં આવે, પરંતુ જો ઇન્દ્રિયો ઉપર કાબૂ ન હોય તો સર્વ પ્રયત્ન ખારી જમીનમાં બી વાવવાનો પ્રયત્ન કરી એમાંથી ફલ પ્રાપ્ત કરવાની મિથ્યા આશા જેવા થાય છે. આ ભયંકર છ દોષોમાં કામ પહેલો છે. બધા દોષોનું મૂળ જ એ દોષ છે, કેમકે ઇન્દ્રિયોના વિષયોની પૂર્તિ ન થવાને કારણે જ બીજા અનર્થ એક પછી એક ઉત્પન્ન થાય છે. પ્રભુની માનસી સેવા સિદ્ધ કરવામાં પરમ બાધક કોઈ હોય તો એ કામ જ છે. શ્રીહરિરાયજીએ

કૃપા કરી આ ગ્રંથમાં કામનું ખરું સ્વરૂપ બતાવવાનો અનુગ્રહ કર્યો છે :

दोषेषु प्रथमः कामो विविच्य विनिरूप्यते ।
यस्मिन्नुत्पद्यते तस्य नाशकः सर्वथा मतः ॥ १ ॥

ઉપનિષદમાં ઇન્દ્રિયોને ઘોડા કહ્યા છે. "આત્માને તું રથી જાણ, શરીરને રથ જાણ, બુદ્ધિને સારથિ અને મનને ચાબુક જાણ. ઇન્દ્રિયોને ઘોડા કહ્યા છે, જ્યારે એના વિષયોને એઓને ચરવાનાં બીડ–ગોચર કહ્યાં છે. આત્મા ઇન્દ્રિયો અને મનનું સંયુક્ત બનેલું જે કાંઈ તે ભોક્તા, એમ બુદ્ધિશાળી પુરુષો કહે છે. અયોગ્ય મને કરી જે હંમેશાં વિજ્ઞાન વિનાનો છે તેને, જેમ સારથિને દુષ્ટ ઘોડા વશ નથી રહેતા તેમ, ઇન્દ્રિયો વશ નથી રહેતી." (કઠ. ૨–૨–૩ થી ૫). આ ઇન્દ્રિયરૂપી ઘોડાઓને જો કાબૂમાં ન રાખવામાં આવે તો શરીરરૂપી રથને ઊંધો વાળી દે અને સર્વનાશ થઈ જાય. પ્રભુના ભક્તોને તો આ ઇન્દ્રિયરૂપી ઘોડાઓને સારી રીતે કાબૂમાં રાખવાના છે, કેમકે જરા પણ ચિત્ત ચલિત થતાં ભગવદ્‌ભજનમાં પ્રતિબન્ધ ઉત્પન્ન થાય છે. ૧

## ૨. કામનાં કાર્ય

એની ભયંકરતા જણાવતાં કહે છે કે

विषयावेशहेतुत्वाद्विक्षेपोत्पत्तिकारणम् ।
रजोगुणसमुत्पन्नो रजःप्रक्षेपको मुखे ॥ २ ॥

ब्रह्मावेशविरोधी च सद्बुद्धेर्बाधको मतः ।
सत्कर्मनाशकः सर्वप्राकृतासक्तिसाधकः ॥ २ ॥

કામ વિષયના આવેશમાં કારણરૂપે રહેલો છે. ભગવાન ગીતાજીમાં આજ્ઞા કરે છે કે "વિષયોનું ધ્યાન કરતા પુરુષને સંગ ઉત્પન્ન થાય છે, સંગથી કામ ઉત્પન્ન થાય છે, કામથી ક્રોધ ઊપજે છે, ક્રોધથી કર્તવ્યાકર્તવ્યનું ભાન ભુલાય છે. એ મોહથી સ્મૃતિમાં ભ્રાન્તિ થાય છે. સ્મૃતિમાં ભ્રાન્તિ થઈ એટલે થયો બુદ્ધિનાશ, અને બુદ્ધિનો નાશ એટલે સર્વનાશ." (ભ. ગી. ૨–૬૨ થી ૬૩). કામ આટલો ભયાનક છે તો અનેક જાતના વિક્ષેપ–બાધ કરવામાં એ કારણરૂપે હોય ત્યાં શી નવાઈ? ભગવાને ગીતાજીમાં કામ અને ક્રોધની ઉત્પત્તિ રજોગુણમાંથી કહી છે, પ્રભુ આજ્ઞા કરે છે કે

"આ કામ, આ ક્રોધ એ રજોગુણમાંથી ઉત્પન્ન થયેલા છે. એ મોટા ખાઉધર, મહાપાપી છે; એને તું દુશ્મન જાણ. જે પ્રમાણે ધુમાડાથી અગ્નિ ઢંકાઈ જાય છે, જે પ્રમાણે અરીસો મળથી છવાઈ જાય છે, જે પ્રમાણે ઓળથી ગર્ભ ઢંકાઈ જાય છે, તે પ્રમાણે કામથી આ જગત છાયેલું છે. હે અર્જુન! દુઃખેથી જેની પૂર્તિ થઈ શકે તેવા, જ્ઞાનીના નિત્યવૈરી કામરૂપી એ અગ્નિએ જ્ઞાનને ઢાંકી દીધું છે. ઇન્દ્રિયો મન અને બુદ્ધિ એ કામનું રહેઠાણ છે. આ સ્થાનોએ કરી કામ જ્ઞાનને ઢાંકીને જીવાત્માને મોહ પમાડે છે; તેથી આરમ્ભમાં જ તું, હે ભરતકુલોત્પન્ન! ઇન્દ્રિયોને નિયમમાં રાખી જ્ઞાન અને વિજ્ઞાનનો વિનાશ

કરનારા પાપી કામનો વિનાશ કરી નાખ." (ભ. ગી. ૩-૩૭ થી ૪૦) કામથી બુદ્ધિ બહેર મારી જતી હોવાથી કુકર્મો કરવા તરફ જીવ ખેંચાઈ જાય છે કે અનેક સ્થળેથી એને પરિભવ સહન કરવો પડે છે; એ દુનિયાની નજરેથી ઊતરી જાય છે; કોઈ એનું સંમાન કરતું નથી. આનું નામ તે મોં પર રજ-ધૂળ પડવી. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે "વિષયથી ઘેરાઈ ગયેલા દેહવાળાઓને હરિનો આવેશ થતો જ નથી." (સં. નિ. ૬). જેને બુદ્ધિનો વિનાશ થઈ ચૂકયો છે તેને શું સારું શું બૂરું એનો વિચાર જ કયાંથી હોય ? આવી સ્થિતિમાં પાપો કરવાં એ એને સહજ છે. એ પાપોથી અનેક સત્કર્મો ધોવાઈ જાય છે. જેમ જેમ વિષયોને અધીન થતા જઈયે તેમ તેમ લોકમાં વધારે અને વધારે આસક્તિ થતી જાય છે. ૨-૩

> चित्ताशुद्धिनिदानत्वात् चिदुत्पत्तौ च बाधकः ।
> भक्तिमार्गमहाद्वेष्टा वैराग्याभावसाधनात् ॥ ४ ॥
> सर्वत्रापरितोषश्चानेन लोभसमुद्भवात् ।
> यथाकथञ्चित्साम्मुख्येन्द्रियवैमुख्यकारकः ॥ ५ ॥

કામની બેઠકો માંહે ચિત્ત એક છે, જ્યાં જ્યાં કામનો સમ્પર્ક થયો ત્યાં ત્યાં બુદ્ધિનાશનાં પગરણ થઈ ચૂકયાં જ સમજો; એટલે ચિત્તને મલિન થતાં વાર જ નથી લાગતી. જ્યાં ચિત્ત મલિન થઈ ચૂકયું ત્યાં જ્ઞાન ટકી કયાંથી શકે ? ઉપનિષદમાં કહ્યું છે કે "જે અજ્ઞાની છે, જેનું મન ઠેકાણે નથી, જે સદા અપવિત્ર છે, તે પરમ પદને પ્રાપ્ત કરી

શકતો નથી; એ સંસારમાં ગોથાં ખાય છે." (કઠ. ૧-૩-૭). જ્યાં જ્ઞાન નથી ત્યાં પ્રભુનો આવેશ ક્યાંથી? ભગવાન ગીતાજીમાં જ્ઞાનનું લક્ષણ આપતાં આજ્ઞા કરે છે કે "અમાનીપણું, અદમ્ભીપણું, અહિંસા, ક્ષમા, સારલ્ય, આચાર્યસેવા, પવિત્રતા, સ્થિરતા, અન્તઃકરણ પર કાબૂ, વિષયોમાં વૈરાગ્ય, નિરભિમાનિતા, જન્મ મૃત્યુ ઘડપણ અને રોગ વિશે દુઃખરૂપી દોષનો વારંવાર વિચાર, સ્ત્રી પુત્ર ઘર વગેરેમાં અનાસક્તિ અને અળગાપણું, ઇષ્ટ કે અનિષ્ટ પદાર્થોની પ્રાપ્તિમાં હમેશાં ચિત્તનું સમાનપણું, મારામાં અનન્ય યોગ વડે અનન્ય ભક્તિ, એકાન્ત પ્રદેશમાં રહેવાનું, જ્યાં મનુષ્યનો સમૂહ રહેલો હોય ત્યાં અપ્રીતિ × × × × × ×" આ જ્ઞાનદશામાં વૈરાગ્ય એ મુખ્ય વસ્તુ રહેલી છે. કામ હોય ત્યાં વૈરાગ્ય ટકી જ શકે નહિ. જ્યાં દુન્યવી પદાર્થોમાંથી રાગ છૂટયો નથી ત્યાં અનન્ય ભગવદ્ભક્તિ સાધી શકાય જ ક્યાંથી? એ જ માટે કામને ભક્તિમાર્ગનો મહાન શત્રુ કહ્યો છે. કોઈ પણ પદાર્થ તરફ ઇન્દ્રિયનું ખેંચાણ થયું કે તરત જ એ લેવા દિલ થાય છે. એક બગીચામાં ગયા; વસન્તઋતુ ખીલી રહી છે, આસપાસ વનસ્પતિ નવા સ્વાંગ સજી મનોહર થઈ રહી છે, ત્યાં જતાં ફૂલોના ઉદ્ગમને જોઈ આંખો અને નાક બન્ને એ બાજુ ખેંચાય છે, એટલે એ જોયા જ કરવાનું અને સૂંઘ્યા જ કરવાનું એને વારંવાર મન થયા કરે અને ફૂલો ચૂંટવાનું મન થાય. આનું નામ તે લોભ. હવે મનવાંછિત પદાર્થ જ ન મળે, અને ન મળે એ સ્વાભાવિક છે, કેમકે વધુ

અને વધુ મેળવવાપણું એ જીવને સ્વાભાવિક જેવું છે, એટલે અસન્તોષ જ રહેવાનો. ઉનાળાનો સમય છે; ઉક્‌ળાટો ફાટી નીકળ્યો છે; મોટાં શહેરોની બજારોમાં શીતોપચારને માટે આઇસક્રીમ બરફ સોડાલેમન અને સરબતોની છત છે ત્યાં જરા પણ મન લલચાયું એટલે એ વસ્તુ લીધી, ખાધી યા પીધી ને જરા શાન્તિ અનુભવાઈ, પણ પાછો ઉકળાટો તો ચાલુ જ છે, એટલે લે બીજી વાર, લે ત્રીજી વાર, આમ અસન્તોષ રહ્યા જ કરે, પણ જો પ્રથમથી સંયમ રાખ્યો હોય, ઇન્દ્રિયોને એ મોહક પદાર્થો તરફ ખેંચાવા ન દીધી હોય, તો અસન્તોષને કાંઈ કારણ છે? આ જ લૌકિક તરફની અસક્તિ જીવને પ્રભુ તરફથી વાળી લે છે, બહિર્મુખ બનાવે છે. ચિત્ત ચલિત બનતાં લૌકિક મોહક પદાર્થો તરફ આસક્તિ વધતી જાય છે એટલે ચપલ ઇન્દ્રિયરૂપ ઘોડા પોતાના વિષયરૂપી ગોચરોમાં ફરવા પ્રયત્નશીલ બને છે, અને એનું પરિણામ સંસાર જ. ૪–૫

કામની સાથે લોભ સંકળાયેલો જ છે એટલે એને પણ ટાળવો મુશ્કેલ છે, ત્યાં બે ઉપર વિજય મેળવવો મુશ્કેલ હોય એમાં શું આશ્ચર્ય ? મનને દૂષિત કરનારા એ બન્નેનું સ્વરૂપ બતાવતાં શ્રીહરિરાયજી નિર્દેશે છે કે

कामलोभौ हरिप्राप्तिप्रतिबन्धकपर्वतौ ।
अनुलङ्घ्य न शक्नोति गन्तुं कृष्णान्तिकं जनः ॥ ६ ॥
संसारमोहहेतुत्वान्मनोदूषणसाधनम् ।
अतः सेवाविरोधी च यतः सा मानसी मता ॥ ७ ॥

પહાડ ઓળંગી જવો એ કાંઈ સહેલ વાત નથી. કામ અને ક્રોધ પણ એવા બે ભયંકર પહાડ છે; એના ઉપર વિજય મેળવવામાં આવે ત્યાંસુધી પ્રભુપ્રાપ્તિ થઈ શકે જ નહિ. વાજશ્રવસ **ઉશના**એ પોતાનો પુત્ર **નચિકેતા** **યમને** આપી દીધો. નચિકેતા **યમની** પાસે ગયો; ત્યાં **યમરાજે** એને વરદાન માગવાનું કહ્યું, એમાં "આ મૃત્યુલોકમાં જે જે કામો મળી શકે એમ નથી, પૂર્ણ થઈ શકે તેવા નથી, તે સર્વ કામો તું સ્વેચ્છાપૂર્વક માગ. રથ અને ઘોડા સહિત આવા પ્રકારની સ્ત્રીઓને મનુષ્યો મેળવી નથી શકતા." (કઠ. ૧–૧–૨૪). એવી સ્ત્રીઓ વગેરે માગવાનું કહ્યું. નચિકેતાએ એ જવાબ આપ્યો કે "અરે, સર્વ જીવન જ ચાર ઘડીનું ચાંદરડું છે; તમારા ઘોડા, તમારાં નૃત્ય અને ગીતો પણ ક્ષણિક છે." (કઠ. ૧–૧–૨૬). ઉપનિષદો ડિણ્ડિમ વગાડીને કહે છે કે મૂર્ખ પુરુષો પ્રભુથી પરાંગ્મુખ કરનારા કામોને અનુસરે છે; એઓ એમ કરી વિસ્તૃત એવા મૃત્યુના પાશમાં ફસાય છે. જે ધીર પુરુષો છે તે ધ્રુવ એવા એક અમૃત તત્ત્વને જાણીને અહીં અધ્રુવ પદાર્થોને ઇચ્છતા નથી." (કઠ. ૨–૧–૨). આ ધીર પુરુષો જ્ઞાનપૂર્વક કામાદિ પહાડોને વટાવી અવિચલ પ્રભુની પ્રાપ્તિના અધિકારી થાય છે. આ કામાદિના સકંજામાં ફસાઈ જવાથી મન દૂષિત થઈ જાય છે, જેને પરિણામે જીવ સંસારમાં ફસાયો જ રહે છે. ઉત્તમોત્તમ માનસી સેવા સિદ્ધ કરવામાં મલિન મન સમર્થ થઈ શકતું જ નથી. આમ આ કામ સેવામાં જબ્બર અડચણ ઊભી કરનારો

છે. શ્રીમહાપ્રભુજીએ 'સેવાફલ'માં સેવાના ત્રણ પ્રતિબન્ધમાં લૌકિક ભોગને ગણાવ્યો છે. એ લૌકિક ભોગ તે જ કામપૂર્તિ; એનો ત્યાગ કર્યે જ સેવા સિદ્ધ થઈ શકે. ૬–૭

'જન્મથી આંધળો માણુસ કદી જોઈ નથી શકતો, એ જ રીતે કામથી આંધળો થયેલો પણ કશું જોઈ શકતો જ નથી.' એ સુપ્રસિદ્ધ વાત છે. આવા અન્ધ માણુસને પ્રભુસામ્મુખ્યકારક કાંઈ પણ ક્યાંથી ગમે? એ બતાવતાં કહેવામાં આવે છે કે

निरोधस्य महाञ्छत्रुरन्यस्फूर्तिकरो यतः ।
गुणगानसपत्नोऽपि न रोचन्ते गुणा यतः ॥ ८ ॥
वैराग्यसाधकाः सर्वे कामिनस्तं कथं प्रियाः ।
अत एव हि दृश्यन्ते गुणश्रवणवैरिणः ॥ ९ ॥

શ્રીમહાપ્રભુજીએ 'નિરોધલક્ષણ'માં નિરોધની સિદ્ધિ માટે જે જે ઉપાયો દર્શાવ્યા છે તેમાં ગુણવર્ણનને પણ એક સાધન બતાવ્યું છે. હવે હૃદય કામથી પરાભૂત થઈ ગયું છે તેવા મનુષ્યનું પ્રભુધ્યાન સ્થિર ટકી શકતું નથી, કામપૂર્તિની લાલસામાં લૌકિક પદાર્થોમાં એનું દિલ ખેંચાયું જાય છે, એ પ્રભુના ગુણોનું ગાન કરી ક્યાંથી શકે? બે શોક્ય ઘરમાં હોય તો કદી પતિને જમ્પ લેવા દેતી નથી; એ જ પ્રમાણે એક જ મનુષ્યમાં એકી સાથે કામ અને પ્રભુના ગુણોનું ગાન ઉલ્કાપાત મચાવી મૂકે છે. શોક્ય દૂર થાય તો ઠરી ઠામ બેસાય; એ જ રીતે કામનો ત્યાગ થાય તો જ જીવને સ્થિરતા પ્રાપ્ત થાય. પ્રભુના ગુણ છે તે તો સંસાર-

માં વૈરાગ્ય ઉપજાવનારા છે, સંસારાસક્તિ દૂર કરાવનારા છે, જ્યારે કામીને તો સંસારમાં ઓર અને ઓર ખૂંચ્યે જવાનું દિલ હોય છે; એને આ ગુણો ક્યાંથી ગમે? અસ્થિર ચિત્તવાળા કામીઓને ભગવદ્‌ગુણ-શ્રવણ કદાપિ ગમતું નથી. એક સ્થાનમાં એક સમયે એક જ પદાર્થ રહી શકે; મનરૂપી સ્થાન પર કામ બેઠો હોય ત્યાં બીજું કાંઈ કેમ બેસી શકે? ૮-૯

કામ અનેક અનર્થ-પરમ્પરાને ઉત્પન્ન કરાવનારો છે; એની ભયાનકતાનું વર્ણન કરતાં કહેવામાં આવે છે કે

क्रोधः स्वकार्यकरणाल्लोभः प्राप्त्यापि शाम्यति ।
घृतहोमे वह्निरिव कामो भोगेन वर्धते ॥ १० ॥
कामेन नाशितमतिः प्रतिषिद्धे प्रवर्तते ।
अगम्यागमने चौर्ये तथैवाभक्ष्यभक्षणे ॥ ११ ॥
यत उत्पद्यते क्रोधो महाद्रोहसमुद्भवः ।
लोभोऽपि जायते तस्मात् स चार्थविषयो भवेत् ॥ १२ ॥
सोऽर्थः पञ्चदशानर्थमूलं तत्र प्रवर्तते ॥ १२½ ॥

કામ સર્વ અનર્થોનું મૂળ છે. કોઈ પણ વસ્તુ મેળવવાની ઇચ્છા થઈ; એ ન મળી એટલે તરત ગુસ્સો ચડે છે એટલે એ મેળવવાનો લોભ થાય છે, પણ ક્રોધ અને લોભ તે તે વસ્તુ પ્રાપ્ત થઈ જવાથી ઠરી જાય છે, પરન્તુ આ કામ-ઇન્દ્રિયોપસેવનની તો એનાથી ઊલટી વાત છે. યયાતિ રાજાએ અનેક વર્ષો સુધી કામોપભોગમાં પ્રવૃત્તિ કરી, પણ એમને તૃપ્તિ થઈ નહિ. એના જ મુખમાંથી આ વાક્ય નીકળે છે કે

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मैव भूय एवाभिवर्धते ॥

(ભા. ૯-૧૯-૧૪)

"કામ વિષયોના ઉપભોગથી શાન્ત થતો નથી; અગ્નિમાં ઘીનો હોમ કરવામાં આવે અને અગ્નિ જેમ વધુ અને વધુ પ્રદીપ્ત થતો જાય છે તેમ કામ ઓર અને ઓર વધતો જાય છે." બળવાન એવો ઇન્દ્રિયોનો સમૂહ મહાન બુદ્ધિશાળીઓને પણ ભયંકર પાપગર્તાઓમાં ધકેલી દે છે. શાસ્ત્રકારો તો સ્પષ્ટ આજ્ઞા કરે છે કે "એકાન્તમાં મા-બહેન કે દીકરી સાથે પણ ન બેસવું." (ભા. ૯-૧૯-૩૭) એ તો સ્પષ્ટ છે કે-'विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः (ભર્તૃહરિ) શું સારું કે શું નરસું એનો જેને વિચાર જ નથી રહ્યો તેવાઓની પડતી ક્યાં ક્યાં અને કેટલી થાય છે એ સમજમાં આવતું નથી-અનેક પ્રકારનું એનું અધઃપતન થાય છે.' અગમ્ય-ગમન જેવાં કાર્યોથી વડીલો અને રાજાઓનો ભયંકર દ્રોહ ઉત્પન્ન થાય છે, જેને પરિણામે પરસ્પર ગુસ્સાની લાગણી જાગ્રત થાય છે. વળી કામ એ અર્થસાધ્ય વસ્તુ છે. જ્યાંસુધી નાણાં હોય ત્યાંસુધી અનેક સ્ત્રીઓ વીંટળાઈ વળે, પણ નાણાં ખલાસ થયાં કે બધી દૂર થઈ જાય. એવે ટાણે સ્ત્રીઓને પ્રસન્ન રાખવાને માટે નાણાંના બંદોબસ્તમાં એણે ચોરી-ખૂન જેવાં ભયંકર કાર્ય કરવામાં પ્રવૃત્ત થવું પડે છે. (અત્યારે વર્તમાનપત્રો વાંચનારાઓને આ વાત સમજાવવી પડે એમ નથી.) કામીઓને અર્થપ્રાપ્તિ થઈ એટલે ભયંકર પન્દર

અનર્થોની પ્રવૃત્તિ થાય છે. ધનિક કામી ધુન્ધુકારીના અનર્થોનું વર્ણન શ્રીભાગવત-માહાત્મ્યમાં છે. 'એ સ્નાન-શૌચહીન, ધાર્મિક-ક્રિયાહીન. અભક્ષ્ય-ભક્ષક, ક્રોધી, ખરાબ લોકોની સંગતિવાળો, ખૂન કરી ભોજન કરનારો, ચોર, બધાંને પીડા કરનારો, પારકાનાં ઘરમાં કજિયા લગાડનારો, નાનાં બચ્ચાંઓને મારી નાખનારો, હિંસક, ગરીબો અને આંધળાંઓને પીડા કરનારો, ચાણ્ડાલો સાથે રહેતો, હમેશાં હાથમાં ફાંસલો રાખનારો અને વેશ્યાસંગી' આવા પન્દર દુર્ગુણો ધુન્ધુકારીના ગણાવવામાં આવ્યા છે. પન્દર અનર્થ શાસ્ત્રમાં નીચે મુજબ ગણાવ્યા છેઃ—"स्तेयं हिंसानृतं दम्भः कामः क्रोधः स्मयो मदः । भेदो वैरमविश्वासः संस्पर्धा व्यसनानि च ॥ ૧. ચોરી, ૨, હિંસા, ૩, જૂઠું બોલવું. ૪. દમ્ભ, ૫. કામ, ૬. ક્રોધ, ૭. ગર્વ, ૮. મદ, ૯. ભેદ, ૧૦. વૈર, ૧૧. અવિશ્વાસ, ૧૨. ઈર્ષ્યા, ૧૩. સુરત, ૧૪. દ્યૂત, ૧૫. મદ્ય. આ પન્દર અનર્થ પ્રસિદ્ધ છે. ૧૦-૧૨½

### ૩. કામનાં પરાક્રમ

કામની ભયંકરતા વર્ણવતાં કહેવામાં આવે છે કે

कामेनैव हि कार्पण्यं कामिनीषु सतां मतम् ॥ १३ ॥  
प्रार्थयन्ति यतस्तुच्छां प्रवेश्य वदने करम् ।  
प्रियव्रतसुतो राजा भ्रष्टः कामेन सत्फलात् ॥ १४ ॥  
आग्नीध्रो विषयावेशादुर्वशीलोकमापितः ॥ १४½ ॥

કામનું બળ એટલું બધું જબ્બર છે કે મહાન પુરુષો, પરમ ઋષિઓ, જબ્બર યોગી-મહાત્માઓ સામાન્ય

હલકી એવી સ્ત્રીઓ પાસે કામપૂર્તિની વિનંતિ કરવા માંડે છે. વાયુ, પાંદડાં અને પાણી માત્રથી પોતાના જીવનનો વ્યવહાર ચલાવનારા વિશ્વામિત્ર અને પરાશર જેવા મહર્ષિઓ સ્ત્રીઓ પાછળ ઘેલા થઈ પોતાના હજારો વર્ષના તપનાં ફલોને એક ક્ષણમાત્રમાં ગુમાવી બેઠા છે. રાજા આગ્નીધ્રનો પ્રસંગ શ્રીમદ્ભાગવતના પંચમ સ્કન્ધના બીજા અધ્યાયમાં આવે છે. સ્વાયમ્ભુવ મનુથી શતરૂપામાં ઉત્પન્ન થયેલા મોટા પુત્ર પ્રિયવ્રત રાજાનો આગ્નીધ્ર એ મોટો પુત્ર હતો. એક વાર પિતૃલોક પ્રાપ્ત કરવાની ઇચ્છાએ કરી હિમાલયમાં બ્રહ્માજીની તપઃપૂર્વક આરાધના કરવા લાગ્યો. બ્રહ્માજીએ એની પરીક્ષા કરવાને માટે પૂર્વચિત્તિ નામની અપ્સરાને મોકલી. એના નૂપુરનો ઝંકાર કાને આવતાં રાજાએ જરા આંખ ખોલી એના તરફ દૃષ્ટિ કરી અને એ એમાં ફસાઈ ગયો. વર્ષો સુધી એની સાથે વિલાસ કરતાંયે, નવ નવ પુત્રો ઉત્પન્ન થઈ ચૂકયા તોયે, એને સન્તોષ ન થયો. પુત્રો થયા બાદ પૂર્વચિત્તિ પાછી બ્રહ્માજી પાસે ચાલી ગઈ. રાજાને બહુ જ તકલીફ થઈ. હમેશાં પૂર્વચિત્તિનું જ ધ્યાન ધરવા લાગ્યો અને તન્મય થઈ અપ્સરાના લોકને પામ્યો; પિતૃલોક ધર્યો રહ્યો. ૧૩-૧૪½

આગ્નીધ્ર જેવા ક્ષત્રિયો જ કામે નષ્ટ થઈ ગયા, એટલું જ નહિ, મહાન સમર્થ ઋષિવર્યો અને શિવ–નારદ જેવા પણ ચલિત થઈ ગયા; જેવા કે

**कामेन कश्यपो दैत्योत्पादने हेतुतां गतः ॥ १५ ॥**
**निवृत्तसन्ध्यानियमः पत्नीप्रार्थनमोहितः ।**

कामेन च शिवः कृष्णयुवतीरूपवञ्चितः ॥ १६ ॥
कामेन नारदः षष्टिपुत्रानजनयत् स्वतः ।
गर्वाभावाय हरिणा दत्तः कामो महाशनः ॥ १७ ॥

કશ્યપ ઋષિ, શિવજી અને નારદ આ ત્રણેય કામદેવના સપાટામાં અટવાયા. કશ્યપ ઋષિને માટે એવી કથા છે કે એક વાર શોકયોના ખારે દિતિને સાંઝની વેળાએ પતિ સાથે સંબંધ કરવાની ઇચ્છા થઈ. પતિ એ સમયે અગ્નિશાળામાં અગ્નિનું યજન કરી રહેલા. એની પાસે જઈ એણે વિનંતિ કરી. પત્નીની વિનંતિ ન ધકેલવા ખાતર એણે એને થોભી જવાનું કહ્યું, પણ નિર્લજ્જ પત્નીએ પતિનું વસ્ત્ર ખેંચી રાખ્યું અને પરિણામે હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ જેવા ભયાનક પુત્રોની ઉત્પત્તિ થઈ (ભા. ૩–૧૪ મો અધ્યાય). શિવજીના વિષયમાં એવી કથા છે કે જલધિ–મથનમાં મોહિની સ્વરૂપે પ્રભુએ દૈત્યોને મોહમાં નાખી દેવોને અમૃતપાન કરાવ્યું (ભા. ૮–૧૨ મો અધ્યાય). આ વાત જ્યારે શિવજીએ સાંભળી ત્યારે મોહિનીસ્વરૂપ જોવાની ઇચ્છા થઈ, એટલે જ્યાં પ્રભુ બિરાજતા હતા ત્યાં ઉમાજી સાથે પધાર્યા અને પ્રભુને વિનંતિ કરી કે 'જેનાથી દૈત્યોને આપે મોહ કર્યો તે સ્વરૂપનાં અમે દર્શન કરવા આવ્યાં છિયે, તો દર્શન કરાવો.' પ્રભુએ ત્યાં જ અન્તર્ધાન થઈ જંગલમાં મોહિનીસ્વરૂપ પ્રકટ કર્યું. ભગવાન શિવ એ મોહિની–સ્વરૂપની મોહક ક્રીડાથી મુગ્ધ થઈ એને પકડવા દોડ્યા, ભેટી પડ્યા, પરન્તુ મોહિની–સ્વરૂપ પ્રભુ છટકી ગયા. કામથી

અત્યન્ત મુગ્ધ થઈ ગયેલા શિવજી ફરી દોડવા લાગ્યા. એ પછી પ્રભુએ પ્રગટ થઈ એમનો મોહ ઉતાર્યો. નારદજીની તો આનાથીયે ભયંકર દશા પુરાણાન્તરમાં સંભળાય છે. કામ-તૃપ્તિ ખાતર નારદજીને સ્ત્રીરૂપ ધારણ કરવાનું થયું, જેને પરિણામે સ્ત્રીરૂપ નારદે ૬૦ પુત્રોને જન્મ આપ્યો. કામદેવને આમ મહાનમાં મહાન પુરુષોને પણ ગડપ કરનારો પ્રભુએ બનાવ્યો છે, એ મહાન પુરુષોનો ગર્વ ઉતારવા ખાતર. ૧૫–૧૭

> कामेन भरतस्यापि हरिणत्वं भवान्तरे ।
> पुरञ्जनोऽपि कामेन स्त्रीयोनिमुपलब्धवान् ॥ १८ ॥
> कामेन वेदगर्भोऽपि स्वसुतायां तथाकरोत् ।
> तेनैव रावणो बुद्धिं रमायामन्यथाकरोत् ॥ १९ ॥

ઋષભદેવજીના પુત્ર ભરત રાજા વાનપ્રસ્થાશ્રમનો આશ્રય કરી વનમાં રહેતા હતા. એઓએ પ્રભુપદ આ જ જન્મમાં પ્રાપ્ત કર્યું હોત, પરંતુ એક દિવસ એવો બનાવ બન્યો કે જ્યારે ભરતજી સ્નાન કરી, નિત્યનિયમથી પરવારી પ્રણવનું ઉચ્ચારણ કરતા બેઠા હતા ત્યાં સામે કાંઠેથી વાઘની બીકથી ઠેકેલી એક મૃગલીનો ગર્ભ નદીમાં પડતો અને તણાતો એમણે જોયો. એમણે બચ્ચાને પાણીમાંથી ઉઠાવી લઈ એનું પુત્ર માફક પાલન કર્યું. એમાં એમને અત્યાસક્તિ થઈ ગઈ અને યોગાદિ કર્મો કરવાને બદલે મૃગબચ્ચાના પાલણપોષણમાં જ એમનો સમય વ્યતીત થવા લાગ્યો. એમ કરતાં કરતાં મૃગમાં ને મૃગમાં આસક્તિવાળા

એમને મૃત્યુ આવ્યું. અત્યાસક્તિને લીધે બીજા ભવમાં એ મૃગ તરીકે જન્મ્યા. સંસારમાં મૃગબચ્ચા તરફના પુત્રવત્ પ્રેમનું પણ આવું પરિણામ આવ્યું. પુરંજન રાજા સ્ત્રી-યોનિને પામ્યો. શ્રીમદ્‌ભાગવત–ચતુર્થસ્કંધમાં જીવના રૂપક તરીકે આપેલો રાજા પુરંજન યવનોથી જ્યારે પરાભૂત થઈ ગયો ત્યારે યવનો એને કેદી તરીકે ઉઠાવી ગયા. વિરહથી વ્યગ્ર થયેલો એવો એ પોતાની સ્ત્રીનું સ્મરણ કરવા લાગ્યો; એનું સતત ધ્યાન કરતાં વિદર્ભરાજના મહેલમાં ઉત્તમ સ્ત્રીરૂપ થઈ ગયો. એને મલયધ્વજ પાંડ્ય પરણ્યો (અધ્યાય ૨૮ મો). બ્રહ્માજીએ પોતાની પુત્રીમાં ઇચ્છા કરી; મરીચ્યાદિ પુત્રોએ પિતાને સમજાવ્યા અને બ્રહ્માજીએ પ્રાયશ્ચિત્ત માટે શરમાઈ પોતાના દેહનો ત્યાગ કર્યો (ભા. ૩–૧૨–૨૮ થી ૩૩). રાવણની કથા સુપ્રસિદ્ધ છે. હરકોઈ એક ઇન્દ્રિય પણ જો એના વિષય તરફ ખેંચાય તો સર્વનાશ કરે છે, તો પછી સમગ્ર ઇન્દ્રિયો ખેંચાય તો શી દશા થાય? ૧૮–૧૯

## ૪. ભક્તિમાર્ગ અને કામ

કામે અનેકને પતિત કરી નાખ્યા છે એ ઉપર બતાવવામાં આવ્યું. ભક્તિમાર્ગીય જીવોએ તો એનાથી અતિ ડરતા ચાલવાનું છે એવું કહેવાના આશયથી કહેવામાં આવે છે કે

**एवं हि बहवो नष्टाः कामेनैव हि साधवः ।**
**भक्तिमार्गे विरोधस्तु तत्र कामकृतो महान् ॥ २० ॥**

कामिनः फलवाञ्छातः शरणं नैव सिध्यति ।
सापेक्षस्य तु सर्वत्र दुर्लभं हि समर्पणम् ॥ २१ ॥
तद्भावे तदीयत्वं सर्वथैव हि दुर्लभम् ॥ २१½ ॥

ઉપર ગણાવેલા એ ઉપરાંતના બીજા અનેક પણ કામદોષના પ્રતાપે સર્વનાશ પામી ચૂકયા છે. વિશ્વામિત્ર જેવા સમર્થ ઋષિવર્યોનાં પણ હજારો વર્ષનાં તપ પળમાત્રમાં કામના પ્રતાપે ધોવાઈ ગયાં છે. અન્ય સર્વ માર્ગોમાં પણ કામ–ક્રોધાદિ ષડ્વર્ગ પરના વિજય વિના કાર્યસિદ્ધિ નથી થતી, પરંતુ ભક્તિમાર્ગમાં કામ જેટલો બાધક થાય છે તેટલો તો અન્ય માર્ગોમાં પણ નહિ જ. ભક્તિમાર્ગીય જીવને પ્રભુ સિવાય અન્ય કોઈ પણ વસ્તુની પ્રાપ્તિની ઇચ્છા નથી; કામી પુરુષોને તો કામતૃપ્તિ, ઇન્દ્રિયોના વિષયોની તૃપ્તિની ઇચ્છા જાગ્રત જ હોય છે, કેમકે એવી ઇચ્છા ન હોય તો કામીનું કામીપણું જ કયાં રહ્યું ? એકી સાથે એક જ કાર્ય થઈ શકે. હવે જો પ્રભુના શરણને પ્રાપ્ત કરવું હોય તો સતત શરણની જ ભાવના કરવી જોઇયે. કામી શરણસિદ્ધિ માગતો હોય, પરન્તુ એને ચલિત હૃદયે શરણભાવના થઈ શકે નહિ. વળી પ્રભુને સર્વ પ્રાપંચિક પદાર્થો અર્પી દેવાનું કામી જીવને શકય નથી હોતું, કેમકે એને પોતાની ઇન્દ્રિયોના વિષયનાં આધારસ્થાન મેળવવાની ઇચ્છા રહેલી જ હોય છે. જરા પણ ફલની ઇચ્છા રહી એટલા પૂરતી પણ અન્ય પદાર્થમાં મમતા રહી. એને લીધે સમર્પણની જ સંભાવના નથી રહેતી; અને સમર્પણ ન થયું તો ભગવદીયપણું આવવું જ શકય કયાં બને ? ૨૦–૨૧½

સંસારાસક્તનું વર્ણન કરતાં શ્રીહરિરાયજી નિર્દેશે છે કે

**साधारण्येव बुद्धिः स्यात्तेन लीलास्थितेष्वपि ॥ २२ ॥**
**कामलेन यथा पीतप्रतीतिरखिले भवेत् ।**
**पञ्चाध्याय्यामतः प्रोक्तं हृद्रोगत्वं शुकैरपि ॥ २३ ॥**
**दोषबुद्धिः कामिनस्तु भवेल्लीलाकृतौ हरेः ॥ २३½ ॥**

પ્રભુની લીલાઓમાં કામી પુરુષોને સામાન્ય લૌકિકતાના જ વિચાર આવે, કેમકે કમળાવાળો માણસ દુનિયાના સમગ્ર પદાર્થોને પીળા જુએ છે. વસ્તુસ્થિતિએ એ પદાર્થો કાંઈ પીળા હોતા નથી, પણ એની આંખનો જ એ દોષ હોય છે; એ જ પ્રમાણે પ્રભુની લીલા નિર્દોષ છે, પરંતુ દુષ્ટ હૃદયવાળો એ કામી પુરુષ સર્વત્ર પ્રભુની લીલામાં દોષ જોયા કરે છે. શ્રીશુકદેવજીએ શ્રીમદ્‌ભાગવતની રાસપંચાધ્યાયીના અન્તમાં કામને હૃદયનો રોગ કહ્યો છે. શ્રીશુકદેવજી કહે છે: “પ્રભુનો વ્રજાંગનાઓ સાથેનો આ વિહાર શ્રદ્ધાથી યુક્ત એવો જે મનુષ્ય સાંભળે અને વર્ણન કરે તે મનુષ્ય પ્રભુની અંદર પરમ ભક્તિ પ્રાપ્ત કરી તરત જ હૃદયના રોગરૂપી કામને દૂર કરે છે.” (ભા. ૧૦–૩૩–૩૪). જ્યાંસુધી એ રોગથી ગ્રસ્ત હોય છે ત્યાંસુધી કશો વિચાર કરી શકતો નથી; પ્રભુની અપ્રાકૃત આધિદૈવિક લીલાઓમાં પણ એને કામની જ ગન્ધ આવ્યા કરે છે. ૨૨–૨૩½

### ૫. ઇન્દ્રિયનિગ્રહ

ભક્તિમાર્ગમાં વિવેક અને ધૈર્ય સાચવવાનાં છે, એ ઇન્દ્રિયનિગ્રહ વિના શક્ય નથી, એ બતાવતાં કહેવામાં આવે છે કે

निबन्धे श्रीमदाचार्यैरत इन्द्रियनिग्रहे ॥ २४ ॥
अत्यागः सर्वथा प्रोक्तो भगवद्भक्तिसाधकः ।
कौतुकार्थमपि त्यागो धर्मार्थमपि वर्जितः ॥ २५ ॥
'स्वयमिन्द्रियकार्याणी'त्युक्त्या धैर्यविभञ्जनः ।
विवेकस्य विरोध्येव तदस्फूर्तिकरो यतः ॥ २६ ॥

ભક્તિમાર્ગમાં ઇન્દ્રિયનિગ્રહ ઉપર જબ્બર મદાર છે. શ્રીમહાપ્રભુજીની 'તત્ત્વદીપનિબન્ધ'ના સર્વનિર્ણયપ્રકરણમાં આજ્ઞા છે કે

स्वधर्माचरणं शक्त्या विधर्माच्च निवर्तनम् ।
इन्द्रियाश्वविनिग्राहः सर्वथा न त्यजेत् त्रयम् ॥ २३८ ॥

"શક્તિ પ્રમાણે અગ્નિહોત્રાદિ સ્વધર્મોનું આચરણ, પરધર્મમાંથી તદ્દન નિવૃત્તિ અને ઇન્દ્રિયરૂપી ઘોડાઓ ઉપર નિયમન, આ ત્રણ વસ્તુનો કોઈ પણ રીતે કોઈ પણ સંયોગમાં ત્યાગ કરવાનો નથી. શ્રીહરિરાયજી તો ત્યાંસુધીની આજ્ઞા કરે છે કે કૌતુકને માટે કે ધર્મને ખાતર પણ એ ત્રણેમાં શિથિલતાનો પ્રસંગ ઊભો થાય તોપણ કોઈ પણ રીતે એ ત્રણેમાં લેશ પણ શિથિલતા થવા દેવાની નથી. શ્રીમહાપ્રભુજીએ 'स्वधर्माचरणं' એ શ્લોકના પ્રકાશમાં क्रीडार्थ—રમત ખાતર પણ આ ત્રણમાં શિથિલતા ન લાવવાની આજ્ઞા કરી છે. શ્રીહરિરાયજી એ જ આશયને સાચવી कौतुक અને धर्म શબ્દ પ્રયોજે છે. શ્રીમહાપ્રભુજીનો આશય ઇન્દ્રિયનિગ્રહ રાખવાની બાબતમાં સૌથી વધુ છે. ૨૩૯ મી કારિકાના પ્રકાશમાં આપશ્રી આજ્ઞા કરે છે કે

પરોપકારને માટે પણ ઇન્દ્રિયનિગ્રહનો અભાવ થવાનો સમ્ભવ રહે એ વગેરે પ્રસંગોમાં સામાન્ય ધર્મનો ત્યાગ કરવો પડે તો કરવો. પરોપકારાદિ ધર્મો ભગવત્સેવામાં બાધકારક હોય તો એનો ત્યાગ જ કરવો.' ઉપરનો શ્રીહરિરાયજીનો 'કૌતુક' અને 'ધર્મ' શબ્દ પ્રયોજવાનો આશય પણ હવે સ્ફુટ થશે. જીવે મુખ્ય જે કાંઈ સાધવાનાં છે તે વિવેક ધૈર્ય અને આશ્રય છે. અન્તિમ આશ્રયની સિદ્ધિ માટે વિવેક અને ધૈર્ય છે. શ્રીમહાપ્રભુજીએ 'વિવેકધૈર્યાશ્રય'માં ધૈર્યની સિદ્ધિમાં 'કાયા–વાણી અને મનથી સર્વથા ઇન્દ્રિયનાં કાર્ય, ઇન્દ્રિયના વિષયો તરફનાં જે ખેંચાણ તેનો ત્યાગ કરવા'ની વાત કહી છે (વિ. ધૈ. ૮). કૌતુક ખાતર પણ જેનાથી ઇન્દ્રિયો એના વિષય તરફ ખેંચાય, પરોપકારાદિ ધર્મો ખાતર પણ જેનાથી ઇન્દ્રિયો એના વિષયો તરફ ઘસડાય, તેનાથી સર્વનાશ થવાની પૂરી સમ્ભાવના છે; માટે કોઈ પણ પ્રસંગમાં ઇન્દ્રિયો ઉપરનો કાબૂ છોડવાનો નથી. ૨૪–૨૬

ઇન્દ્રિયનિગ્રહનો ત્યાગ વિવેક અને ધૈર્યનો નાશ કરનાર છે. 'પ્રભુ બધું પોતાની ઇચ્છાથી કરશે એ વિવેક.' (વિ. ધૈ. ૧) અને 'મરણ પર્યંત ત્રણે પ્રકારનાં દુઃખ સહન કરવાં એ ધૈર્ય.' (વિ. ધૈ. ૬) આ બન્ને વસ્તુ કામીથી સિદ્ધ થઈ શકે નહિ, ત્યાં આશ્રયની શક્યતા ખરી ? એનો જવાબ આપતાં કહે છે કે

> आश्रयस्तु कथं सिध्येन्मनोविक्षेपसम्भवात् ।
> भक्तिमार्गोऽपि मूलत्वात्त्यागस्य न हि सिध्यति ॥ २७ ॥

वाह्यपक्षे कृष्णयोगः सर्वथा त्वान्तरे मतः ।
परन्तूभयथा त्यागो मूलमत्र न संशयः ॥ २८ ॥
कामे सति कथं त्यागः सापेक्षस्य प्रसिध्यति ॥ २८½ ॥

સ્થિર ચિત્ત વિના આશ્રય સિદ્ધ થાય નહિ. શ્રીમહાપ્રભુજીએ 'વિવેકધૈર્યાશ્રય'માં સતત શરણભાવના કરવાની આજ્ઞા કરી છે. 'प्राप्तं सेवेत निर्ममः (वि. धै. ૧૫) કોઈ પણ જાતની મમતા વિના જે મળે તેનાથી સન્તોષ માની લેવો.' 'यथाकथञ्चित्कार्याणि कुर्यादुच्चावचान्यपि (वि. धै. ૧૬) ઉચ્ચ અને અવચ–લૌકિક વૈદક કર્મો જરૂર પડતાં ભગવદાશ્રય રાખી કર્યે જવાં.' કામ ચિત્તને ડખોળી નાખે છે. હવે ચિત્ત જો વ્યગ્ર હોય તો ભગવદાશ્રયનું સતત ચિન્તન થઈ શકે નહિ; સતત ચિન્તન ન થાય એટલે ભગવદાશ્રય સિદ્ધ થાય નહિ. ઇન્દ્રિયોનાં કાર્યોનો સદન્તર ત્યાગ, પૂર્ણ સંયમ, એ જ ભક્તિમાર્ગમાં મુખ્ય વસ્તુ છે. એ વિના ભક્તિમાર્ગ સિદ્ધ થઈ શકે જ નહિ. જુદા જુદા અધિકારીઓને ઉદ્દેશી ભક્તિમાર્ગમાં પ્રભુપ્રાપ્તિ જે પ્રકારે છે ત્યાં શ્રીહરિરાયચરણ વિષયત્યાગના બે વિભાગ કરે છે : એક બાહ્ય, બીજો આન્તર. દેહ ઇન્દ્રિયાદિ બાહ્યોપકરણથી બાહ્ય વિષયત્યાગ કહેવાય અને અંતઃકરણમાંથી એની વાસના પણ કાઢી નાખવી એ આન્તર ત્યાગ કહેવાય. બોલો, કામથી ડખોળાઈ ગયેલાને આ બન્ને ક્યાંથી સિદ્ધ થાય ? ભક્તિમાર્ગમાં તો પ્રભુને પ્રાર્થના કરવાનું પણ નથી. પ્રભુએ બધું જ ધારી મૂક્યું છે તે જ પ્રમાણે થાય છે.

કાંઈ માગણી કરિયે તોપણ જે પ્રભુનું ધારેલું તે જ થવાનું. વળી પ્રભુ તરફ તેથી શંકાની નજરે જોવાપણું થાય છે, તેથી અવિશ્વાસ ઉત્પન્ન થાય છે અને તેથી ઇન્દ્રિયોનાં કાર્યોનો ત્યાગ જ જે ભક્તિમાર્ગમાં ઇષ્ટ છે તે ક્યાંથી સિદ્ધ થાય? વિવેક અને ધૈર્યને અન્તે સિદ્ધ કરવાનો આશ્રય કામી પાસેથી હાથ તાળી દઈને છટકી જાય છે. ૨૭-૨૮½

### ૬. ઉપસંહાર

આટલા સુધીમાં કામની ભયંકરતા, ભક્તિમાર્ગમાં ઇન્દ્રિયનિગ્રહનો અત્યાગ, ઇન્દ્રિયોનાં કાર્યોનો ત્યાગ અને કામીને વિવેકધૈર્યની અશક્યતા બતાવવામાં આવ્યાં, હવે ઉપાય બતાવતાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે

**तस्माद्विचार्य तद्रूपं दुरतिक्रमणं स्वतः ॥ २९ ॥**
**शरणीकरणीयं श्रीनिजाचार्यपदाम्बुजम् ।**
**साधनानामभावेऽपि स्वबलाखिलसाधकम् ॥ ३० ॥**
**तत एव च निस्तारो दोषपोषयुतात्मनाम् ।**
**नान्या गतिर्गोकुलेशभजनानन्दकाङ्क्षिणाम् ॥ ३१ ॥**

કામનું સ્વરૂપ અતિ ભયંકર છે. એના ઉપર વિજય મેળવવો અતિ મુશ્કેલ છે. એને તરી જવા માટે પરમ ગુરુનું શરણ જ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સાધન છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'कलौ भक्त्यादिमार्गा हि दुःसाध्या इति मे मतिः (વિ. ધૈ. ૧૬) મારો મત એવો છે કે કલિયુગમાં ભક્તિ

વગેરે માર્ગો દુઃખથી સાધી શકાય તેવા છે.' માટે જ આપશ્રીએ બધાને હિતકારક એવા સતત ભગવદાશ્રય–સતત શરણની ભાવનાનો આદેશ કર્યો છે. શરણ બે રીતે સાધ્ય છે: ૧. સર્વત્યાગપૂર્વક શરણસાધના અને ૨. અત્યાગ-પૂર્વક શરણસાધના. આમાંનું પહેલું શરણ તે સિદ્ધ શરણ અને બીજું સાધન શરણ છે. ત્યાગાત્મક સિદ્ધ શરણમાં ભોજન વગેરેથી શરીરના રક્ષણની પરવાયે નથી કરવાની હોતી આ અતિ ઉત્કટ દશાની વાત છે. અતિ દુઃશકયતા આ કલિયુગમાં આની રહેલી છે. વિવેક ધૈર્ય ભક્તિ વિનાના, દુનિયામાં ખૂતી ગયેલા જીવને માટે બીજું સાધન–શરણ છે. આ બીજા શરણમાં દેહાદિક મમતાનો અંશ રહેલો હોય છે. એને સતત ભગવદાશ્રયની ભાવના કરવાની હોય છે. એ ભાવના ઉત્તમ ગુરુ દ્વારા ટકાવી વિસ્તારી શકાય છે. આ કાર્ય ભક્તિમાર્ગના પરમાચાર્ય ભગવાન શ્રીવલ્લભાચાર્યજીના આશ્રયથી સિદ્ધ થાય છે. બ્રહ્માજીએ ગર્ભગત શ્રીકૃષ્ણચન્દ્રજીની સ્તુતિમાં કહ્યું છે કે

स्वयं समुत्तीर्य सुदुस्तरं द्युमन् भवार्णवं भीममदभ्रसौहृदाः ।
भवत्पदाम्भोरुहनावमत्र ते निधाय याताः सदनुग्रहो भवान् ॥

(ભા. ૧૦–૨–૩૧)

"હે પ્રભો ! એ પવિત્ર સુહૃદ–ધર્મવાળા મહાનુભાવો અત્યંત દુસ્તર એવા આ ભયાનક ભવસાગરને જાતે જ તરી આપના ચારણારવિન્દરૂપી નાવને અહીં મૂકી ગયા છે, કારણ કે આપ સત્પુરુષો તરફ મહાન કૃપાશાલી છો." માટે લોકો ઉત્તમ પ્રકારના ગુરુનો આશ્રય કરે છે. બેશક, એમાં

પ્રભુનો અનુગ્રહ જ નિયામક છે, કેમકે 'જો જીવને પ્રભુનો અનુગ્રહ ન હોય તો આ માર્ગમાં સર્વ કાંઈ અશક્ય છે.' (નિ. સર્વ નિ. ૨૨૬). 'નિરોધલક્ષણ'માં શ્રીમહાપ્રભુજીએ પ્રભુમાં હૃદય નિરુદ્ધ કરવાના ઉપાય બતાવ્યા છે: 'પ્રભુના ધર્મોના સામર્થ્યથી વિષયોમાં સ્થિર વૈરાગ્ય રાખવું. પ્રભુના ગુણોએ કરી સુખદ સ્પર્શ થતાં ક્યાંય પણ સાંસારિક યાતનાઓની અસર ન થવાની. મત્સર દોષ વિનાના થઈ સંસારમાં આસક્તિ રાખ્યા સિવાય પ્રભુના ગુણોનું સદૈવ ગાન કરવું. માનસી રીતિએ પ્રભુના સ્વરૂપનું સદા ધ્યાન ધરવું.' (નિ. લ. ૧૫–૧૭). અને એ બધું શ્રેષ્ઠ ગુરુના આશ્રયપૂર્વક. આવા ગુરુની પ્રશંસા આજકાલની નથી, પરંતુ છેક ઉપનિષત્કાલથી ચાલી આવે છે. શ્વેતાશ્વતર ઉપનિષદને અન્તે સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે

> यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ ।
> तस्यैते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ॥

> જેને દેવે પરા ભક્તિ, દેવશી ગુરુમાં રહી,
> અર્થો તેવા મહાત્માને આ કહ્યા સ્ફુટ થાય છે.

## ૪૮. निष्कामलीला ॥

(અનુવાદક–શ્રી **વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી**)

(શ્રીમદ્ભાગવતના દશમસ્કંધના ૨૬ મા અધ્યાયમાં કથાપ્રસંગ એવો છે કે 'શરદઋતુની પૂર્ણિમાની રાતે પ્રભુ રમણેચ્છાથી યોગમાયાનો આશ્રય કરીને વનમાં પધાર્યા અને ત્યાં વેણુ-

નાદ કર્યો. વેણુનાદના મધુર સ્વરથી આકર્ષાઇને ભગવત્સ્વરૂપાનન્દની અભિલાષાવાળાં વ્રજભક્તો ત્યાં પધાર્યાં. પ્રથમ તો પ્રભુએ એમને શ્લિષ્ટ વાણીથી મોહ પમાડયો. ભગવાનનું એવું ખેદજનક ભાષણ સાંભળીને પ્રથમ તો એમને શું કરવું એની સમજ પડી નહિ, પછી હિમ્મત કરીને પ્રભુની દશ પ્રકારની વાણીનો પ્રત્યુત્તર દશ પ્રકારે આપીને છેવટે સ્વરૂપાનન્દનું દાન કરવાની વિનંતિ સ્વીકારીને આત્મારામ પણ પ્રભુ એમની સાથે રમ્યા.'

સંશય વિચારમાં ઉપયોગી છે. પ્રત્યેક વિચારમાં સંશય પણ નિર્ણાયક થઈ પડે એમ હોવાથી શ્રીહરિરાયચરણ લેખના પ્રારંભમાં પ્રકૃત વિચારને અનુકૂળ સંશય વર્ણવે છે. એ સંશય એટલો બધો સ્વાભાવિક છે કે આ લીલાનું શ્રવણ કે પઠન કરતાં ઉત્પન્ન થાય જ.)

**नन्वत्र भगवतः कामलीला निरूप्यते। सानुपपन्ना, कामस्य प्राकृतशरीराधारत्वनियमेन भगवति तादृशतद्वत्त्वापातात्।**

**સંશય**

શ્રીશુકદેવજી આ ફલપ્રકરણમાં ભગવાનની કામલીલાનું નિરૂપણ કરે છે; એ અહીં ઉપપન્ન–બન્ધબેસતી નથી, કારણ કે કામ પ્રાકૃત શરીરના આધારે રહે છે, અર્થાત્ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલાં પંચમહાભૂતોના શરીરમાં જ એ કામ વસે છે. હવે એવો કામ ભગવાનમાં રહે એમ માનશો તો ભગવાનનું શરીર પણ લૌકિક માનવું પડશે; પરન્તુ એમ મનાય જ નહિ, કેમકે એમનું શ્રીઅંગ માત્ર આનન્દમય જ છે, એમાં સ્થૂલ

શરીર અને સૂક્ષ્મ શરીર એવા બે ભેદ નથી, એટલું જ નહિ, પરન્તુ લોકમાં જેમ જીવ અને શરીર જુદાં જુદાં છે તેમ ભગવાનનું શરીર અને ભગવાન જુદા એવો પણ ભેદ નથી જ, તો પ્રભુના એ દિવ્ય શ્રીઅંગમાં પાંચ મહાભૂતનાં પૂતળાં-ઓમાં રહેનારો કામ કેમ સ્વીકારાય ?

### અલૌકિક શરીરમાં કામ કેમ ન માનવો ?

(ઉપરના સંશયનો નિરાસ કરતાં કોઈ એકદેશી જણાવે છે કે 'કામ લૌકિક શરીરમાં જ રહે છે. ભગવાનમાં જો એ રહે તો ભગવાનનું શરીર લૌકિક બની જાય એમ માનવાને કાંઈ કારણ નથી, કેમકે 'કામ લૌકિક શરીરને જ આધારે રહે છે' એવો નિયમ જ નથી. એવો નિયમ માનિયે તો પ્રભુનું શરીર લૌકિક ઠરે. કામ જેમ લૌકિક શરીરમાં વસે છે તેમ અલૌકિકમાં પણ એ ઘર કરે તો શો વાંધો ?'

મુખ્ય સંશયનું આ સમાધાન સંતોષકારક નથી એમ સંશયકર્તા જણાવે છે :)

**न च नायं नियम । मोक्षदशायामाधिदैविकदेहवतो जीवस्यापि 'यदा सर्वे प्रलीयन्त' इति श्रुत्या तन्निवृत्तिश्रवणात् 'सोऽश्नुते सर्वान्' इति भगवति प्रविष्टानां तेन सह स्वरूपात्मकतदनुभव एव । अन्यथान्तर्गृहगतानां गोपीनां कामः प्रतिबन्धको नोच्येत ।**

### અલૌકિક શરીરમાં કામ ન જ મનાય

જ્યારે જીવની મોક્ષદશા થાય છે ત્યારે એનો દેહ આધિદૈવિક થઈ જાય છે, લૌકિક દેહ નિવૃત્ત થતાં અલૌ-

કિક બની જાય છે. એ વેળાએ જીવને પણ કામ રહેતો નથી, એમ શ્રુતિ–વેદ કહે છે. 'यदा सर्वे प्रलीयन्ते જ્યારે સર્વ કામોનો પ્રલય થઈ જાય ત્યારે જીવના અલૌકિક શરીરમાં કામ નથી રહેતો,' તો હવે ભગવાનના દિવ્ય શ્રીઅંગમાં એની સ્થિતિ કેમ માની શકાય ?

(શંકાકારના ઉત્તર સામે એકદેશી ફરીને પોતાની યુક્તિ દર્શાવે છે :)

**વેદ અલૌકિક શરીરમાં પણ કામ હોવાનું કબૂલે છે.**

વેદ કહે છે કે 'અલૌકિક દેહ ધરાવનારો જીવ ચતુર પરમાત્મા સાથે સર્વ–અનેક–કામોનું અશન કરે છે.' આ વેદના મંત્રમાં અલૌકિક શરીરવાન જીવ રસભોગ કરવામાં ચતુર સર્વકામોને અનુભવે છે એમ જણાવ્યું છે. જો અલૌકિક શરીરમાં કામ જ ન હોય તો એનો ભોગ જીવ કરી શકે અને શ્રુતિ એવું કહે પણ કેમ ? માટે અલૌકિક શરીરમાં પણ કામ તો છે જ.

એકદેશીનું આ સમાધાન રુચિકર લાગતું નથી એમ શંકાકાર જણાવે છે :)

**એ શ્રુતિમાં 'કામ'શબ્દનો અર્થ વિલક્ષણ છે.**

અપ્રાકૃત–અલૌકિક–શરીરમાં પણ કામ વસે છે એમ ઠરાવવા માટે જે શ્રુતિ આપવામાં આવી છે તે શ્રુતિમાં 'કામ'શબ્દનો અર્થ લોકમાં અનુભવાતો 'દુષ્ટ કામ' એવો નથી થતો, પરંતુ 'કામ' એટલે ભગવત્સ્વરૂપાત્મક જે કામ તેનો અનુભવ એ દિવ્ય દેહવાન ભક્તો કરે છે. લૌકિક કામનો અનુભવ અલૌકિક દેહ ધર્યા પછી, એ પણ આનન્દ-

મય પ્રભુ સાથે જીવ કરે એમ માનવું તદ્દન અયોગ્ય જ ગણાય. પ્રભુસ્વરૂપથી-ભગવાનથી ભિન્ન નહિ, પણ તદ્રૂપ આનન્દમય જે કામ તેનો ભોગ અલૌકિક દેહવાન જીવો કરે છે એ માનવું વેદસમ્મત છે. વળી જો પ્રભુ સાથે પણ લૌકિક કામનો ભોગ થાય છે એમ માનશો તો મહાન વિરોધ આવશે. એ વિરોધ આ પ્રકારે ઉદ્ભવશે :

રસલીન રાસરમણે કરેલા મનોહર વેણુનાદનું શ્રવણ કર્યા પછી રજોગુણ સત્ત્વગુણ અને તમોગુણ એવા ત્રણે ગુણોના મિશ્રભાવથી નવ પ્રકારનાં અને નિર્ગુણ મળીને દસ પ્રકારનાં વ્રજભક્તો પ્રભુસન્નિધાનમાં પધાર્યાં, એમાંનાં કેટલાંક વ્રજસુંદરીઓ કાલના બંધનમાં આવી પડ્યાં. પૂર્વ-નો ભક્તિભાવ હતો, છતાં કાલના પ્રતિબન્ધથી બન્ધાઈને ભજનાનન્દનો અનુભવ કર્યા વિના ભગવત્સાયુજ્યરૂપ મોક્ષને પ્રાપ્ત થયાં, અર્થાત્ ભજનાનન્દરૂપ ઉત્તમ ફલ નહિ મળતાં સાયુજ્યરૂપ મધ્યમ ફલ એઓને મળ્યું.

આ પ્રસંગને અનુસરીને શ્રીશુકદેવજી શું કહે છે અને એનું હાર્દ શ્રીવલ્લભાગ્નિએ કેવું પ્રકટ કરેલું છે એ સમજવા માટે મૂલ શ્લોક અને એ ઉપરનાં શ્રીસુબોધિનીજી અહીં ઉતારવામાં આવે છે :

अन्तर्गृहगताः काश्चिद् गोप्योऽलब्धविनिर्गमाः ।
कृष्णं तद्भावनायुक्ता दध्युर्मीलितलोचनाः ॥

(श्रीसुबोधिनी) दैवगत्या काश्चिद् गृहमध्ये स्थिता गोपभार्याः चातुर्यान-भिज्ञा अप्रौढाः पतिसहिताः पतिभिरेव संरक्षिता अलब्धविनिर्गमा जाताः । ततः प्रतिबन्धनिवृत्त्यर्थं कृष्णमेव ध्यातवत्यः, परं तद्भावनायुक्ता भगवान्

जारः स्वयमभिसारिका इति। अन्यथा प्रतिबन्धो न स्यात्। तादृशोऽपि मीलितलोचनाः सत्यो भगवन्तं दध्युः ध्यातवत्यः। ततो मुक्ता जाताः॥

**અર્થ** :—"દૈવગતિથી કેટલીક ઘરમાં જ રહેલી, અને સ્વતઃ પ્રૌઢ–પુષ્ત ઉપરની–નહિ હોવાથી ચતુરતાથી અજાણ જ રહેલી. પતિ સાથે હોવાથી પતિથી જ રક્ષણ કરાયેલી ગોપભાર્યાઓ અન્ય વ્રજસુન્દરીઓ પેઠે પ્રભુનાં દર્શન કરવાની તીવ્ર અભિલાષા છતાં બહાર નીકળી શકી નહિ; ત્યારપછી પ્રભુમિલનમાં આવી પડેલા પ્રતિબન્ધને તોડી નાખવાને શ્રીકૃષ્ણનું ધ્યાન ધર્યું, પરન્તુ ભાવ તો એ જ હતો, તે એ કે 'ભગવાન જાર છે અને અમે અભિસારિકાઓ છિયે.' તેથી જ એમને પ્રભુને મળવામાં પ્રતિબન્ધ નડ્યો, નહિ તો પ્રતિબન્ધ થાત જ નહિ. એવાં હતાં તોપણ નયનો મીંચીને ભગવાનનું જ ધ્યાન ધર્યું તેથી મોક્ષને એ પામ્યાં."

ઉપરનાં વચનોનું મનન કરતાં જણાયા વિના નહિ રહે કે લૌકિક કામ તો પ્રતિબન્ધ નાખનારો છે. જે ગોપભાર્યાઓની પ્રભુ પ્રતિ જારબુદ્ધિ–કામબુદ્ધિ હતી તે તો પ્રભુને સાક્ષાત્ મળી શક્યાં જ નહિ. હવે અલૌકિક દેહ ધરીને પણ લૌકિક કામ જો પ્રભુમાં રાખે તો ભજનાનન્દના અનુભવથી તો દૂર જ રહે એમાં લેશ પણ સંશય રહેતો નથી. એટલા વાસ્તે જ પ્રભુના અલૌકિક શ્રીઅંગમાં લૌકિક કામ માનતાં અને મોક્ષ પામેલો જીવ પ્રભુ સાથે લૌકિક કામનો ભોગ કરે છે એમ માનતાં, ઉપરના સિદ્ધાન્ત સાથે વિરોધ પ્રાપ્ત થશે, માટે એમ માનવું યોગ્ય નથી.

(શંકાકારના ઉત્તરનો પ્રત્યુત્તર ફરીને એકદેશી આપે છે :

## અલૌકિક દેહમાં અલૌકિક કામ

પ્રભુના દિવ્ય દેહમાં લોકમાં અનુભવાતો કામ માની લેતાં ઉપરનો વિરોધ આવી પડે છે, તો એક બીજો જ માર્ગ એ વિરોધોને અટકાવવા લઈ શકાય એમ છે. પ્રભુના દિવ્ય દેહમાં પ્રાકૃત કામ છે એમ ન માનતાં અપ્રાકૃત અલૌકિક–કામ છે એમ માનવું. લૌકિક કામ શરીરને આધારે રહે અને અલૌકિક કામ અલૌકિક શરીરને આધારે રહે એમ માની લેતાં કોઈ પણ પ્રકારના વિરોધનું બીજ રહેશે નહિ. ગોપભાર્યાઓને લૌકિક કામબુદ્ધિ હતી તેથી એમને પ્રતિબન્ધ થયો, અલૌકિક હોત તો ન જ થાત. એટલે આ સ્થળમાં જે સિદ્ધાન્ત ઉપદેશાયેલો છે તેનો થોડો પણ બાધ નહિ થાય અને પ્રત્યેક સંશય શમી જશે.

એકદેશીનું આ સમાધાન પણ શંકાકારને રુચ્યું નહિ, તેથી એકદેશીના કથનનો પુનઃ જવાબ આપે છે :)

**न चाप्राकृतविग्रहेऽप्राकृतः स इति वाच्यं, स्वरूपातिरिक्तस्य तथाविधस्य तस्याप्रसिद्धेः। न चैवमपि वक्तुं शक्यं नास्त्येव स इति, तदनुकूलक्रियायाः सत्त्वादित्याशङ्क्य समादधते 'क्रिया सर्वापी'ति।**

## પ્રભુથી ભિન્ન અલૌકિક કામ છે જ ક્યાં ?

'અલૌકિક કામ' જો હોય તો એ પ્રભુના દિવ્ય વિગ્રહમાં માનવો ઠીક થઈ પડશે, પરન્તુ અલૌકિક કામ કામ ક્યાં છે ? પ્રભુના દિવ્ય સ્વરૂપથી જુદો કોઈ દિવ્ય કામ પ્રસિદ્ધ ક્યાં છે? જો કામ પ્રસિદ્ધ હોય તો સંશયનો

કાંઈક પરિહાર થઈ શકે છે, પણ એવો કામ જ પ્રસિદ્ધ નથી એટલે નિરુપાય.

(એકદેશી હવે કાંઈક કટાક્ષથી કહે છે :

**પ્રભુમાં કામ છે જ નહિ એમ માનો.**

પ્રભુમાં કામ છે એમ માનતાં આટલા બધા તર્ક ઊઠે છે અને એને તોડવાના અનેક પ્રયાસ કરવા પડે છે. એમ જ માની લો કે પ્રભુના દિવ્ય દેહમાં કામ જ નથી. લૌકિક કામ માનતાં વિરોધ આવે અને અલૌકિક કામ માનતાં સન્તાપ થાય, અને એવો કામ છે એવું ભાસે જ નહિ, તો પછી કામ માનવો શા માટે ?

એકદેશીનું છેલ્લું સમાધાન તો અનુભવથી દૂર છે એમ ઠરાવતાં શંકાકાર વદે છે કે)

**કામ તો પ્રભુમાં હોવો જોઇયે.**

ભગવાનનાં લેશ પણ કામ જ નથી એમ માનવું તદ્દન ભૂલભરેલું છે, કેમકે કામાનુકૂલ, કામના અસ્તિત્વથી જે કાંઈ થાય છે તે, ક્રિયાઓ તો અહીં જોવામાં આવે છે. કામ હોય તો જ ક્રિયાઓ, કામાધીન ક્રિયાઓ જણાય; એ ન હોય તો ક્રિયા પણ ન જ હોય. ક્રિયાઓ—ચેષ્ટાઓ તો એવી જણાય છે. કાર્ય તો થાય છે, તો એ ચેષ્ટાઓનું મૂલ—કામ પ્રભુમાં કેમ ન હોવો જોઇયે ? જો એને લૌકિક માનિયે છિયે તોપણ વિરોધ ઊભો થાય છે અને અલૌકિક માનવા જતાં એવો કામ કોઈ ઠેકાણે વર્ણવેલો સાંભળ્યો નથી; એવી રીતે બન્ને બાજુએથી પાશમાં સપડાયા જેવું થતાં શ્રીવલ્લભાગ્નિ ઉપદેશે છે કે

(श्रीकारिका—) क्रिया सर्वापि सैवात्र परं कामो न विद्यते।
तासां कामस्य सम्पूर्तिर्निष्कामेनेति तास्तथा ॥

भगवतो 'रसो वै स' इति श्रुत्या रसात्मकत्वादत्र भगवति क्रिया सर्वापि सैव, या रसशास्त्रे रसाविर्भूतिहेतुत्वेन प्रसिद्धा नृत्यबन्धादिरूपा। रसस्य च स्वक्रियाभिव्यक्तस्यैव प्रकटत्वाद् भगवानपि स्वं रूपं प्रकटयितुं स्वस्य रसात्मतां च बोधयितुमेव लीलां करोतीति क्रियापि तथैवेत्यर्थः ॥

**અન્વયાર્થ** –" આ લીલામાં ક્રિયા પણ સર્વ છે, અને એ રસશાસ્ત્રમાં વર્ણવેલી છે તેની તે જ છે, પરન્તુ કામ નથી. વ્રજસુન્દરીઓના કામની પૂર્તિ પણ નિષ્કામ સ્વરૂપે જ કરી છે, કેમકે વ્રજાંગનાઓ અલૌકિક દેહવાળી જ છે.

**તાત્પર્ય**—કોઈ પણ વિચારનો પ્રારમ્ભ કરતાં પહેલાં શ્રુતિ અને યુક્તિથી દૃઢ થયેલો સિદ્ધાન્ત હૃદયારૂઢ કરવો જોઇયે. શ્રુતિ–વેદ કહે છે કે અક્ષરબ્રહ્મથી પર પરબ્રહ્મ, સદાનન્દ ગુણાતીત ષડ્ગુણયુક્ત પૂર્ણ પુરુષોત્તમ રસાત્મક છે. સર્વરસસ્વરૂપ એ જ પ્રભુ છે. ભગવાન સ્વયં સર્વ રસસ્વરૂપ છે, તેથી રસશાસ્ત્રમાં રસના આવિર્ભાવમાં કારણરૂપ માનેલી નૃત્યબન્ધાદિ ક્રિયાઓ ભગવાનમાં હોય એમાં આશ્ચર્ય શું? સ્વયં પ્રભુ સર્વરસાત્મક છે. પોતાની રસરૂપતા પ્રકટ ક્યારે થાય? જ્યારે તે તે રસને પ્રકટ કરનારી ક્રિયાઓ પોતે કરે ત્યારે. જ્યારે રસ સ્વક્રિયાથી સ્પષ્ટ થાય છે ત્યારે જ એનું ખરું સ્વરૂપ ખીલી નીકળે; અર્થાત્ જ્યારે ક્રિયા વડે એનું સ્વરૂપ આલેખાય છે

૧. અહીં સંગીત દૃષ્ટાન્તભૂત છે. સંગીતશાસ્ત્રમાં વર્ણવેલા રાગોનું સ્વરૂપ શબ્દથી જણાવતાં કોઈપણ આનન્દ થતો નથી; અર્થાત્

ત્યારે જ એ પોતાનું સ્વરૂપ આબેહૂબ રીતે પ્રકટ કરે છે. એટલા માટે જ ભગવાન પોતાનું સ્વરૂપ જણાવવા માટે તે તે રસના પ્રકટ થવામાં હેતુરૂપ નૃત્યબન્ધાદિ ક્રિયાઓ કરે છે અને પોતાની રસરૂપતા પ્રકટ દર્શાવે છે. એથી જ મૂલમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'કામલીલામાં ક્રિયા તો રસશાસ્ત્રમાં વર્ણવેલી છે તેની તે જ છે.'

**अत एवोक्तं श्रीमदाचार्यैः पञ्चमाध्याये 'रसात्मकस्तु यः काम' इत्यादि । रसात्मक इत्यनेन स्वस्वरूपात्मक उक्तः । स तु गूढ एव स्त्रीभावत्वादिति तदुद्बोधार्थमेव नृत्यबन्धादिप्राकट्यमित्यर्थः ।**

---

જેમ 'ગાન્ધાર અને ધૈવત આવે નહિ અને આરોહમાં તીવ્ર નિષાદ અને અવરોહમાં કોમલ નિષાદ આવે તે સારંગ રાગ કહેવાય' એમ જાણવાથી તથા એમ બોલવાથી સંગીતમાં રહેલો આનન્દ અનુભવાતો નથી, એ તો જ્યારે ઉષ્ણકાલનો ખરા મધ્યાહ્નનો સમય હોય, પ્રભુ સમક્ષ બિરાજેલા હોય, પંખો ચાલી રહ્યો હોય, ફુવારામાંથી ઊડતાં જલપરમાણુઓ ચોતરફ શીતલતા પ્રસરાવી મૂકતાં હોય, ખસના વાળાની ટટ્ટીમાંથી સુગન્ધ મહેકી રહી હોય, તે વેળાએ સારંગી તાનપુર (તંબૂર) વગેરે પ્રાચીન વાદ્યોના મધુર સુંદર સ્વર સાથે 'बेठे हरि राधे संग' વગેરે શ્રીઅષ્ટસખાઓનાં કીર્તન જો સારંગ રાગમાં ગવાતાં હોય તો જ એનો આનન્દ અનુભવાય, રાગ પણ પોતાના આધિદૈવિક સ્વરૂપમાં પ્રકટ થાય; એવી જ રીતે રસશાસ્ત્રના શાબ્દિક જ્ઞાનથી એનો અનુભવ થતો નથી, પરન્તુ એમાં વર્ણવેલી ક્રિયાઓથી જ રસનું સુન્દર સ્વરૂપ ખડું થાય છે.

(ફલપ્રકરણના પાંચમા અધ્યાયમાં શ્રીવલ્લભાધીશ્વર ઉપદેશ કરે છે કે

(श्रीकारिका-) रसात्मकस्तु यः कामः सोऽत्यन्तं गूढ एव हि ।
अतः शास्त्रं प्रवृत्तं हि तृतीयं भारतं तथा ॥ ३ ॥
अतोऽयं भगवांश्चक्रे नृत्यं कारितवांस्तथा ।
सर्वाङ्गेषु च यो लीनः स यथा व्यक्ततां व्रजेत् ॥ ४
जलं वायुश्च सामग्री श्रमात् शीताच्च जायते ।
अत्रैव लोके प्रकटमाधिदैविकमुत्तमम् ॥ ५ ॥
कामाख्यं सुखमुत्कृष्टं कृष्णो भुङ्क्ते न चापरः ॥

**અક્ષરાર્થ**:—"રસાત્મક કામ લૌકિક કામથી વિલક્ષણ છે, એટલું જ નહિ, પરન્તુ અત્યન્ત ગુપ્ત છે. ([1]સ્ત્રીભાવરૂપ હોવાથી ગૂઢ છે.) એનો ઉદ્બોધ થાય એ હેતુથી નૃત્યબન્ધાદિનું વર્ણન કરનાર તૃતીય કામશાસ્ત્ર–ભરતમુનિપ્રણીત નાટ્યશાસ્ત્ર પ્રવૃત્ત થયું છે. એ જ હેતુથી રસાત્મક પ્રભુએ પણ આ લીલામાં પોતે નૃત્ય કર્યું"[2]

૧. અહીં ભગવદીયોએ सौन्दर्यं निजहृद्गतं प्रकटितं स्त्रीगूढभावात्मकं એ શ્લોકમાં નિર્દિષ્ટ શ્રીમહાપ્રભુસ્વરૂપનું અનુસંધાન કરવું.

૨. આ નૃત્ય તે જ રાસ; રાસલીલાનું તારતમ્ય શ્રીવલ્લભાગ્નિ પોતે જ ઉપદેશે છેઃ बहुनर्तकीयुक्तो नृत्यविशेषो रासः रसस्याभिव्यक्तिर्यस्मादिति । रसप्रादुर्भावार्थमेव नृत्यं, रासे क्रीडा लीला स्वस्य । નાચનારી જેમાં વિશેષ હોય તેનું નામ રાસ, અર્થાત્ જેથી રસની અભિવ્યક્તિ થાય તે રાસ. રસના પ્રાદુર્ભાવ માટે જ નૃત્ય છે. રાસમાં જે પ્રભુની ક્રીડા લીલા તે રાસલીલા.' આ ઉપરથી જે કેટલાક 'રાસલીલા' શબ્દ 'રહસ્યલીલા' ઉપરથી થયેલો માને છે તેઓની એક પ્રકારની ભ્રાન્તિ છે એમ સમઝવું.

અને ભક્તોને નૃત્ય કરાવ્યું, સર્વ [1]અંગમાં જે ગુપ્ત છે તે જેવી રીતે પ્રકટ થાય તેવી રીતે આપે નૃત્ય કર્યું અને ભક્તોને નચાવ્યાં. શ્રમથી જલ અને શીતથી વાયુરૂપ સામગ્રી થાય છે. આ લોકમાં પ્રકટ થયેલું ઉત્તમ અને **આધિવૈદિક કામરૂપ સુખ** તો કૃષ્ણ જ ભોગવે છે, અન્ય નહિ.)

एतदेव चोक्तं 'वृन्दावनं सखी'त्यस्याभासविवृतौ प्रभुभिरपि 'लीलैव परिचायिके'ति । तत्तद्रसात्मकस्य स्वरूपस्य सा सा लीलैव परिचयसम्पादिकेत्यर्थः । सर्वेतिपदमखिलतद्रत्त्वेन लोकवैलक्षण्याय । न हि लोके क्वचिदपि सकलक्रियावत्त्वमुपलभ्यते । अपिशब्दः सरसतासिद्धये उत्कृष्टापकृष्टसमस्ततत्सत्त्वबोधनाय । एवकारोऽत्रैतदन्यतदसत्त्वज्ञापनाय । अंशतोऽप्यन्यक्रियासत्त्वे रसात्मकता न स्यात् । एवं सति भगवतो या काचिल्लीला सा सर्वापि तत्तद्रसात्मकस्वरूपाविर्भावायेति मन्तव्यम् । अन्यथा पुरुषोत्तमस्य प्राकृतानुकरणं बाध्येत । वस्तुतस्तु न तत् प्राकृतानुकरणं किन्तु तद्रसस्य विशिष्टं रूपमेव तथेत्यर्थः ।

વળી શ્રીમત્પ્રભુચરણ वृन्दावनं सखि એ શ્લોકના વિવરણમાં એવી જ આજ્ઞા કરે છે. આપ લખે છે કે 'પરિચય કરાવનારી તો લીલા જ છે.' પ્રભુ સર્વરસરૂપ છે. રસ અનેક પ્રકારના હોવાથી તે તે રસનું સ્વરૂપ ઓળખાવનારી, તે તે સ્વરૂપનો પરિચય કરાવનારી તેવી તેવી લીલાઓ જ હોઈ શકે. તેવી તેવી લીલાઓથી તે તે રસરૂપ સ્વરૂપનો પરિ-

૧. 'સર્વે અંગોઅંગ રસભર્યા, રસભર્યાં લોચન ચાર' એ શ્રીગોપાલદાસજીનું કવન અહીં સ્મરવું.

ચય થઈ શકે; માટે 'લીલા જ પરિચય કરાવનારી છે' એ શ્રીગુસાંઈજીની યુકિત અતીવ સુંદર છે.

પહેલાં આપેલી કારિકામાં શ્રીમહાપ્રભુજી એમ ઉપદેશે છે કે 'આ લીલામાં ક્રિયા પણ સર્વ છે.' આ ઠેકાણે 'સર્વ' પદ એક અગત્યનું રહસ્ય સ્પષ્ટ કરે છે. ભગવાનમાં બધી ક્રિયાઓ છે એટલે સર્વ ક્રિયાઓનો આધાર એ રાસરમણ જ છે, અન્ય કોઈ નથી. લોકમાં કોઈ પણ સ્થળે સર્વ રસ ઉત્પન્ન કરનારી સર્વ ક્રિયા કદાપિ દૃષ્ટિપથ નહિ થાય. કોઈમાં કોઈ એક હશે તો કોઈમાં કોઈ બીજી હશે, પરંતુ સર્વ ક્રિયાઓના આધાર તો માત્ર મન્મથ-મન્મથ જ છે, આ તાત્પર્ય જ એ ક્રિયાઓની અને એ ક્રિયાઓ જેમાં છે તેવા રસેશ શ્રીગોકુલેન્દુની લોકથી વિલક્ષણતા બતાવે છે. મૂલમાં अपि શબ્દ પણ એટલા માટે યોજાયેલો છે. રસમયતાની સિદ્ધિ માટે સર્વ ક્રિયા પણ રસમય છે એમ સિદ્ધ થવા માટે ઉત્કૃષ્ટ અને અપકૃષ્ટ સર્વ ક્રિયાઓ અહીં છે, એમ જણાવવા માટે જ अपि શબ્દ મૂલમાં યોજ્યો છે. તેમજ एव શબ્દ પણ નિગૂઢ તાત્પર્યનું બોધન કરે છે. જે ક્રિયા રસને પ્રકટ ન કરી શકતી હોય, જે લીલા પ્રભુનું રસસ્વરૂપ જણાવતી ન હોય તેવી અન્ય ક્રિયાઓ —રસાભાસ કરી નાખનારી ક્રિયાઓ તો પ્રભુમાં નથી જ એમ एव શબ્દ કહે છે; અર્થાત્ આ ઉપરથી એમ નિશ્ચય કરવો કે પ્રભુની જે કાંઈ લીલા છે તે બધી લીલા તે તે રસાત્મક સ્વરૂપના આવિર્ભાવ માટે જ છે, જેથી રસાત્મક સ્વરૂપ દીપે

નહિ તેવી લીલા તો પ્રભુમાં છે જ નહિ. એવી થોડીએ લીલા પોતાના અનેક રસથી પરિપૂર્ણ સ્વરૂપને જ પ્રકટ કરનારી હોય છે. જો એમ ન હોય તો પ્રભુ પૂર્ણપુરુષોત્તમ કોટિ બ્રહ્માંડના નાયક પ્રાકૃત જનોનું અનુકરણ શા માટે કરે? કારણ કે એ અનુકરણમાં કાંઇક ગૂઢ રસ સમાયેલો હશે. અને લૌકિકનું પણ અનુકરણ કરવાથી કોઈ રસસ્વરૂપ પ્રકટ થતું હશે, માટે જ પ્રભુ લૌકિકને અનુસરતી લીલાઓ કરે છે, તેથી લોકનું અનુકરણ પ્રભુએ કર્યું એમ આપણને ભાસે છે, પણ એ વાસ્તવિક નથી, વાસ્તવિક તો એ જ છે કે **ભગવાન કાંઈ લૌકિકનું અનુકરણ કરતા જ નથી,** પરંતુ તે તે રસને જણાવનારું સ્વરૂપ પ્રકટ કરનારી લીલા કરે છે. લોકનું અનુકરણ પ્રભુએ કરવાથી પ્રભુમાં લૌકિક બુદ્ધિ પ્રવેશે છે, માટે પ્રભુ લૌકિકને અનુસરતા જ નથી, અને એમની લીલામાં લોકને અનુસરવાની જ્યાં ભ્રાન્તિ થાય ત્યાં એમ જ સમજવું કે એ વિલક્ષણ રસથી યુક્ત સ્વરૂપ જ એવું છે. પોતાની રસમયતા જણાવવા માટે જ પ્રકટ થાય છે, નહિ કે લોકનું અનુકરણ કરવા માટે, એ સિદ્ધાન્ત લક્ષ્યમાં રાખવો.

नन्वेवंविधक्रियावत्त्वे भगवतो लोके सा कामवत्समानाधिकरणा दृष्टेत्यत्रापि कामसिद्धौ पूर्वोक्तदूषणापात इत्याहुः 'परं काम' इति । सन्तु ता एव क्रियास्तथापि न दोषः' अजन्यत्वात्तासाम् । न हि भगवत्स्वरूपे आनन्दमात्रेऽन्यदस्ति किञ्चित्, स्वस्वरूपमेव भक्तभावनमुपलभ्य तथा तथा भवतीति सिद्धान्तस्य 'चिनानुवादं न च तन्मनीषित' मित्यत्र निरूपणात्। व्यासैरप्यभिहितम् 'आह च तन्मात्र'मिति ॥

## પુન.સંશય

ભગવાન સર્વરસાત્મક છે, તેવાં તેવાં રસમય સ્વરૂપોને જણાવવા માટે તેવી તેવી રસમય લીલાઓ કરે છે. એ બધું સુયોગ્ય છે અને માન્ય જ છે, પણ એવી ક્રિયાઓ ભગવાનમાં છે એમ માનતાં ભગવાનમાં લૌકિક કામ રહેવાનો નિશ્ચય કરવો પડશે, કેમકે એવી નૃત્યબન્ધાદિ ક્રિયાઓ લોકોમાં તો જ્યાં કામ હોય છે ત્યાં જ અનુભવાય છે. કામ વિના એવી ક્રિયાઓનો સમ્ભવ જ નથી. એવી ક્રિયાઓ પ્રભુમાં માનતાં એવો કામ પણ પ્રભુમાં છે એમ માનો અને એ માનતાં પૂર્વે કહેલા દોષ ફરીને તૈયાર થઈને ઊભા જ રહેશે.

## સમાધાન

ઉપરના સંશયનું સમાધાન પૂર્વ કારિકામાં જ શ્રીમહાપ્રભુજીએ કરેલું છે. આપ આજ્ઞા કરે છે કે 'પરન્તુ કામ નથી.' લોકમાં જણાતી નૃત્યાદિક ક્રિયા ભલે હો તોપણ દોષ નથી, કેમકે એ ક્રિયાઓ ઉત્પન્ન થતી નથી. લોકમાં કામને લઈને એ ક્રિયાઓ ઉત્પન્ન થાય છે. પહેલાં શરીરમાં કામ પ્રવેશ કરે, ત્યાર પછી એ શરીરમાં એવી ચેષ્ટાઓ[1] જણાય. એવી રીતે પ્રભુમાં ક્રિયા ઉત્પન્ન જ થતી નથી. પહેલાં જણાવ્યું છે કે ભગવાન તો આનંદરૂપ છે. ભગવાન

---

૧. જેમ કોઈ શરીરમાં પ્રેત પેઠેલો હોય અને એ શરીરમાં જેવી વિચિત્ર ક્રિયાઓ જોવામાં આવે છે તેમ કામનો પ્રવેશ થયા પછી શરીરમાં ચિંહ્નો બદલાઈ જાય છે અને નવી નવી ક્રિયાઓ ઉત્પન્ન થાય છે.

જુદા અને એમનો દેહ જુદો એવી લોકવત્ વ્યવસ્થા ત્યાં નથી. પ્રભુનું શ્રીઅંગ જ આનન્દમય છે. ત્યાં આનન્દ સિવાય અન્ય છે જ નહિ તો પછી કામનો પ્રવેશ કયાંથી થવાનો અને એવી ક્રિયાઓ જન્મવાની કયાંથી ? [1]અન્યત્ર એવો જ સિદ્ધાન્ત પ્રકટ કરવામાં આવ્યો છે કે ભક્તની ભાવના પ્રમાણે પ્રભુ સ્વરૂપ પ્રકટ કરે છે. ભક્તના હૃદયમાં જેવા રસાત્મક સ્વરૂપની ભાવના થઈ રહેલી હોય છે તેવા જ સ્વરૂપે પ્રભુ થાય છે. વેદવ્યાસે પણ એમ જ [2]કહ્યું છે કે 'જેમ સમુદ્ર અન્દર અને બહાર સૈન્ધવ–લૂણથી પરિપૂર્ણ છે તેમ પ્રભુ આનન્દથી પૂર્ણ છે.' એમનાં શ્રીહસ્તેન્દ્રિયાદિ સ્વરૂપથી જુદાં નથી. પણ સ્વરૂપાત્મક આનન્દમય જ છે. વેદ વગેરે એમના નિઃશ્વાસ હોવાથી એ નિઃશ્વાસરૂપ ક્રિયાઓ પણ એ જ સ્વરૂપમાંથી થાય છે. સર્વાકારસ્વરૂપ પ્રભુ હોવાથી ઇન્દ્રિયાદિક કલ્પનાથી શ્રુતિનો વિરોધ આવતો જ નથી, આવો સિદ્ધાન્ત વેદવ્યાસજીએ કહ્યો છે.

ननु कथमजन्यत्वं तल्लीलानामित्याशङ्क्य तदुपपादयन्ति 'कामोऽत्र न विद्यते' इति। लोके तद्धेतुत्वेनाभिमतः कामोऽत्र न विद्यते, प्रभोरेव तद्रूपत्वात्, 'साक्षान्मन्मथमन्मथ' इति वाक्यात्। न हि भगवतो विग्रहे कामः। विग्रहः काम इति तु सुवचम्। एतेन हेत्वभावेनाजन्यतया तत्क्रियाणां नित्यत्वमलौकिकत्वं च समर्थितम्। एवंविधलीलाकरणेऽपि भगवतो

१. विनानुवादं न च तन्मनीषितं એ શ્લોકમાં

૨. आह च तन्मात्रम् એ બ્રહ્મસૂત્રમાં ૩ જા અધ્યાયના બીજા પાદમાં

निष्कामत्वमप्राकृतत्वं चोक्तम्। अत एव कामाभावादेव न लौकिककामुकवत् सापेक्षता भगवतः, प्रत्युत मानश्च।

### પુનઃસંશયોત્પત્તિ

ભગવાનની ક્રિયાઓ અજન્ય છે એનું કારણ શું? લોકમાં જીવની ક્રિયા તો ઉત્પન્ન થતી જોવામાં આવે છે. ભગવાનને પણ શરીર હોવાથી એમની ક્રિયા ઉત્પન્ન થતી નથી. નવી નથી ઉદ્ભવતી એ શું?

### સમાધાન

એ સંશય ઉત્પન્ન થતાં એનો ઉત્તર શ્રીમહાપ્રભુજી આપે છે કે 'પરન્તુ કામ નથી'. લોકમાં એવી ક્રિયાઓના કારણરૂપ કામ છે, અહીં એવો કામ જ નથી. એવો કામ હોય અને જો ક્રિયા ઉત્પન્ન થાય તો એ ક્રિયા ઉત્પન્ન થયેલી ગણાય, પણ મૂલમાં એવો કામ જ નથી તો પછી એવી ક્રિયા ઉત્પન્ન થયેલી કેમ ગણાય? ભગવાનમાં કામ નથી, પરન્તુ પ્રભુ જ કામરૂપ છે, કેમકે 'પ્રભુ સાક્ષાત્ મન્મથમન્મથ છે' એમ શ્રીશુક કહે છે. કામને પણ પરાસ્ત કરનાર કોટિકન્દર્પલાવણ્ય પ્રભુ છે ત્યારે એમ જ નિશ્ચય કરવો કે જેમ જીવના દેહમાં કામ પેસે છે તેમ ભગવાનના દેહમાં કામ નથી, પરન્તુ ભગવત્સ્વરૂપ જ કામ છે. એમ તો સારી પેઠે કહી શકાય, જીવ જુદો તેવો દેહ પણ જુદો અને એમાં પેસનાર કામ પણ ભિન્ન, એટલે એમાં ક્રિયા ઉત્પન્ન થવામાં કામ કારણ થઈ પડે, પણ ભગવાન જુદા નહિ. ભગવાનનું શરીર પણ ભગવાનથી

ભિન્ન નહિ અને કામ જુદો ન હોઈને ભગવત્સ્વરૂપ જ ઠર્યો, તો હવે ત્યાં કામે એવી ક્રિયાઓ ઉત્પન્ન કરી કેમ મનાય? તેમજ ભગવાનને કામી–કામવાન કેમ કહેવાય? એથી જ સર્વ અભેદમય હોવાથી, ભેદનો લેશ પણ ન રહેવાથી ક્રિયાઓ પણ બધી અજન્ય છે, નિત્ય છે, અલૌકિક છે, વધારે તો શું પણ ભગવદ્રૂપ છે, એમ સિદ્ધ થયું. તેમજ એવી એવી અનેક પ્રકારની લીલા કરવામાં પણ પ્રભુની નિષ્કામતા અને દિવ્યતા તેવી જ અખંડ જ પ્રકાશે છે.

ભગવાનમાં એવો તુચ્છ કામ નહિ હોવાથી જ લૌકિક કામીની પેઠે ભગવાનને કોઈની અપેક્ષા પણ નથી, પરન્તુ ઊલટું માન છે. લૌકિક કામી સ્ત્રીઓ માટે તલપે છે, જ્યારે પ્રભુ અૌલિકક કામસ્વરૂપ, છતાં રાત્રિના સમયમાં વનમાં મનોહર શરદૃઋતુમાં પોતાની પાસે આવેલા વ્રજસુન્દરીઓને ઘેર જ જવાનો ઉપદેશ કરે છે અને એમની થોડી પણ અપેક્ષા દેખાડયા વિના પોતે માનલીલામાં જ બિરાજે છે!

गीतगोविन्दाद्युक्तप्रकारेण लौकिकीषु रात्रिषु रमणे सापेक्षता च तद्रसस्वरूपस्य तथात्वबोधनायालौकिकत्वं हि लोकनिर्वचनीयत्वं, न तु लोकसिद्धत्वं, लोके रसस्यैवाभावात्, 'दर्शयन् कामिनां दैन्य'मित्यत्र तथा निरूपणात्। लोकानां तु महाराजलीलानुकरणे बालानां तदभिमान इव सरसताभिमान-मात्रमिति निगर्वः॥

'ગીતગોવિન્દ'માં કહ્યા પ્રમાણે લૌકિક રાત્રિમાં રમણ કરતાં પ્રભુએ જે અપેક્ષા બતાવેલી છે તે 'સ્થલે એમ જ

સમઝવું કે એ રસસ્વરૂપ એવું કાંઈક વિલક્ષણ છે; જેમ-કે 'ગીતાગોવિન્દ'ના કર્તા જયદેવજી એ સ્વરૂપ કહે છે :

विकिरति मुहुः श्वासानाशाः पुरो मुहुरीक्षते
प्रविशति मुहुः कुञ्जं गुञ्जन्मुहुर्बहु ताम्यति ।
रचयति मुहुः शय्यां पर्याकुलं मुहुरीक्षते
मदनकदनक्लान्तः कान्ते प्रियस्तव वर्तते ॥

गीतगोविन्द, स. ५

'લૌકિક લૌકિક' એમ કહેવામાં આવે છે, પરન્તુ એનો ભાવાર્થ શો લેવાનો છે એ કોઈ જાણતું નથી. લૌકિક એટલે લોકમાં કહેવાતું હોય તે, નહિ કે લોકમાં જે સિદ્ધ છે તે લૌકિક. લોકમાં જ સિદ્ધ હોય તે તો પ્રભુમાં હોય જ નહિ, પરન્તુ લોકમાં જે કાંઈ કહેવાતું હોય અને તેથી લૌકિક ઠરી ગયેલું હોય તેવું લૌકિક પ્રભુમાં હોઈ શકે; જેમકે જે રસમાત્ર લૌકિક કહેવાય છે, પણ એ લોકમાં સિદ્ધ નથી, કેમકે લોકમાં રસ જ નથી. લોકમાં રસ સિદ્ધ હોય તો એ પ્રભુમાં ગણાય નહિ. જેમ લોકમાં શરીર પંચમહાભૂતનું સિદ્ધ છે, પણ એ પ્રભુમાં મનાય નહિ; પણ આનન્દનું શરીર લોકવેદમાં કહેવાય છે, પણ લોકમાં નથી, તો એવો દેહ પ્રભુમાં મનાય પણ છે. લોકમાં રસ નથી, પણ કહેવાય તો છે, તો એ રસ માત્ર પ્રભુમાં હોય, પ્રભુ એ રસરૂપ હોય જ, એમાં આશ્ચર્ય શું ?

વ્રજમંડન વદે છે કે

रेमे तया चात्मरत आत्मारामोऽप्यखण्डितः ।
कामिनां दर्शयन्दैन्यं स्त्रीणां चैव दुरात्मताम् ॥

(फलप्रकरण)

**અક્ષરાર્થ**—'આત્મરમણ કરનારા, અખંડિત, આત્મારામ એવા ભગવાન કામીઓની દીનતા અને સ્ત્રીઓનું દુરાત્માપણું દર્શાવતાં એમની સાથે અને અન્તઃપ્રવિષ્ટાઓની સાથે રમ્યા હતા.'

આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે

कामिनस्त्वेवमेव दीना भवन्ति, 'कामार्ता हि प्रकृतिकृपणा' इति तेषामनुकरणं करोति। अन्यथा तेषां निरोधो न स्यात्। प्रयोजनान्तरमप्यस्तीत्याहुः स्त्रीणामिति। स्त्रीणां च दुरात्मता प्रदर्शिता। न तासां काचिदशक्तिरस्ति नापि सौकुमार्यं, किन्तु वशीकृते पुरुषे दौष्ट्यमेव कुर्वन्ति। शालावृकाणां हृदयान्येतानि। अत उभयबोधनार्थं रेमे ॥

**લોક જ પ્રભુની લીલાનું અનુકરણ કરે છે.**

અર્થાત્ લૌકિક કામીઓ દીન છે, એમની દશા દયાજનક છે, કેમકે કાલિદાસ કહે છે કે 'કામાર્ત પુરુષો પ્રકૃતિએ શિથિલ હોય છે.' માટે જ પ્રભુ એનું અનુકરણ કરે છે અને નિરોધ કરે છે. સ્ત્રીઓની પણ એવી જ દુષ્ટતા બતાવે છે. આ ઉપરથી એટલો જ સાર લેવાનો કે જે કાંઈ લોકમાં રસ કહેવાય છે તે લોકમાં સિદ્ધ નથી, માત્ર રસનો આભાસ દેખાય છે એટલું જ; રસથી પરિપૂર્ણ તો માત્ર સદાનંદ પ્રભુ જ છે. છતાં લોકમાં રસનું અભિમાન રહેતું હોય તો આટલા પૂરતું જ છે. જેમ સાધારણ બાળકો અન્દર અન્દર રમતી વેળાએ કોઈ રાજા બને છે, કોઈ પ્રધાન બને છે, કોઈ સિપાઈનો વેશ ભજવે છે, એમાં રાજા

બનેલો પોતે રાજા હોવાનો ફાંકો રાખે છે, રાજલીલાનું—અનુકરણ—હુકમ કરવા વગેરે કરે છે, તેમ જ લોકો પણ એ ત્રિલોકના નાયક રસેશ પ્રભુની રસમય લીલાનું અનુકરણ કરીને પોતાને રસમાં ડૂબાડૂબ થયાનું માની બેસે છે! પરન્તુ એમનું એ માનવું બાળકોના દૃષ્ટાન્તની પેઠે ઉપહાસપાત્ર તેમજ એક દૃષ્ટિએ દયાજનક છે. સર્વ જગત એ રસાત્મક મન્મથમન્મથ નન્દનન્દનની લીલાનું અનુકરણ કરે છે; **પ્રભુ કાંઈ લૌકિક ક્રિયાનું અનુકરણ કરતા નથી,** પરન્તુ રસમય લીલા કરીને લૌકિક કામીઓની હીનતા તેમ એવી સ્ત્રીઓની દુષ્ટતા જ જણાવે છે, અને એઓની એમાંથી આસક્તિ ઊઠી જાય, એમનું સરસપણાનું અભિમાન કમી થાય, માટે જ રસમય સ્વરૂપ પ્રકટ કરે છે, એ જ સિદ્ધાન્તનો શિરોમણિરૂપ **મહાસિદ્ધાન્ત** છે.

ननु भक्तानां तु कामसत्त्वेन सकामत्वं प्राकृतत्वं च दुष्परिहारमिति तत्सम्बन्धेन भगवतो लीलायाश्च तथात्वं सिध्येदित्याशङ्क्याहुः तासां कामस्येति। तासां स्वामिनीनां यः कामः सोऽपि स्वरूपात्मक एव, न लौकिकः। यतो निष्कामेनाधेयतासम्बन्धेन कामाभाववता सम्यक् सर्वभावेन तस्य पूर्तिरिति। प्रतिमायां स्वरूपस्थित्या तत्त्वमिव तास्वपि स्वरूपात्मककामस्थित्या तद्रूपत्वमिति ताः स्वामिन्योऽपि तथा भगवानिवाप्राकृतविग्रहा निष्कामाश्चेति तथाभूतासु रमणान्नांशतोऽपि लीलायाः स्वरूपस्य च प्राकृतत्वशङ्केत्यर्थः। अत एव दृश्यन्तेऽत्र सर्वत्र तथाविधान्येव तासां वचांसि 'सन्त्यज्य सर्वविषया'-

नित्यादि। न हि कामिन्य एवं वदन्ति। न वा भगवतोऽन्यः सर्वथा निरपेक्षो भवति। द्वितीयाव्यायीयसापेक्षता तु भगवत इवोत्तररसप्राकट्येन तद्धर्माविर्भावरूपेति भावः ॥ १ ॥

### સંશયોત્થાપન

ભગવાનમાં કામ નથી એ સિદ્ધાન્ત તો દઢ થયો, પરન્તુ ભક્તોમાં તો કામ હોવાથી ભક્તો તો સકામ અને પ્રાકૃત જ રહેવાના. એ માટે કોઈ પણ ઉપાય ચાલી શકે એમ નથી. ભક્તોની સકામતા અને પ્રાકૃતતા માટે કાંઈ પણ બચાવ થઈ શકે એમ નથી. ભક્તો સકામ અને લૌકિક રહેશે તો ભગવલ્લીલા પણ સકામ અને લૌકિક થઈ જવાની, કેમકે એવા ભક્તો સાથે લીલા મુખ્ય સમ્બન્ધ ધરાવે છે.

### સંશય-નિરાસ

આ શંકાનો પરિહાર શ્રીવૈશ્વાનરાચાર્ય એ જ શ્લોકમાં કરે છે: એ વ્રજસુન્દરીઓનો કામ પણ ભગવત્સ્વરૂપાત્મક જ છે. સ્વામિનીઓનો કામ લૌકિક નથી. વ્રજભક્તોના કામની પૂર્તિ નિષ્કામથી કરી છે, કામના આધાર વિનાના સર્વાત્મભાવથી કરી છે. પોતાનો સર્વભાવ પ્રભુમાં જ થાય એ સર્વાત્મભાવ કહેવાય. એ સર્વાત્મભાવમાં કામ નથી રહેતો. એવા કામથી રહિત સર્વાત્મભાવ વડે કામની પૂર્તિ થઈ ગયેલી છે. તાત્પર્ય કે જેમ કાષ્ઠાદિની પ્રતિમામાં–મૂર્તિમાં ભગવત્સ્વરૂપની સ્થિતિ થવાથી મૂર્તિ ભગવદ્રૂપ થઈ જાય છે, તેમ સ્વરૂપાત્મક કામ, સાક્ષાત્ પ્રભુરૂપ કામ, એ વ્રજભક્તોમાં રહેલો હોવાથી વ્રજસીમન્તિનીઓ પણ ભગવદ્રૂપ થઈ ગયેલાં

સમઝવાં. એથી જ સ્વામિનીઓ પણ રસનાયકની પેઠે અલૌકિક દેહવાળાં તથા નિષ્કામ થઈ ગયેલાં હોવાથી એમની સાથે રમવાથી લીલામાં અને સ્વરૂપમાં લેશ પણ દોષ આવતો નથી તેમજ લીલાની દિવ્યતા અખંડ સચવાઈ રહે છે. માટે સ્વરૂપમાં અને લીલામાં પ્રાકૃતતાની શંકા લાવવી નહિ. એમાં બીજાં પણ અનેક કારણો છે. વ્રજભક્તો જ્યારે વેણુનાદથી આકર્ષાઈને પ્રભુની સન્નિધિમાં આવ્યાં ત્યારે પહેલાં પ્રભુએ એમને ચાતુરીથી ભરેલાં વચનો વડે ગૂંચવાડામાં નાખ્યાં, પણ એમને લૌકિક કામનો ગન્ધ સ્વપ્ને પણ નહિ હોવાથી ભક્તિબલ ઉપર આધાર રાખીને પ્રભુને પ્રત્યુતર આપે છે, તેમાં પહેલા જ [1]શ્લોકમાં પોતાના હૃદયમાં સર્વ ભાવ પ્રકટ છે :

मैव विभोऽर्हति भवान् गदितुं नृशंसं
सन्त्यज्य सर्वविषयांस्तव पादमूलम् ।
प्राप्ता भजस्व दुरवग्रह मा त्यजास्मान्
देवो यथादिपुरुषो भजते मुमुक्षून् ॥ १ ॥

---

૧. કામની સૂગવાળા વિચારકો જો આ શ્લોકનું જ પૂરેપૂરું રહસ્ય સમઝતા હોય તો એઓને કદી ખાડામાં પડવાની ધાસ્તી રહેતી નથી, પણ વિચારના વમળમાં વલખાં મારતાં મારતાં, શ્રીગુસાંઈજીના જ શબ્દોમાં કહું તો, નેત્ર વિનાના થઈને બહિર્મુખતા અસત્સંગ નામના મોટા ભયંકર ખાડામાં પડી જાય છે અને એમનું —અંતઃકરણ પરવશ બનીને પરકીય સુજને ઉપદેશેલું પણ એના સ્મરણમાં રહેતું નથી, એટલે એમને ખાડામાંથી બહાર ખેંચી કાઢનાર કોઈ મળતું નથી.

**તાત્પર્ય**—"હે વિભો ! આવું ક્રૂર ભાષણ કરવું આપને યોગ્ય નથી. આપ સમર્થ છો તેથી જ આવું ક્રૂર બોલો છો, દયાળુ હોત તો આવું નિષ્ઠુર ભાષણ કરત નહિ. આપ પૂછો છો કે 'વ્રજ કુશળ તો છે?' પણ એની સાથે અમારો સમ્બન્ધ શો ? વ્રજ કુશળ હોય વા ન હોય એ જાણવાની અમારે જરૂર શી છે? અમે તો સર્વ **વિષયોનો ત્યાગ** કરીને આપની પાસે આવેલાં છિયે. હવે જે માર્ગે જવાનું છોડી દીધું, જે દિશા ભણી જોવાનું જ અકારું થઈ પડ્યું, ત્યાં આપ પાછાં મોકલો એ શું યોગ્ય છે? જે વિષયો ઉપર પૂળો મૂક્યો તેનો સ્વીકાર શું ઉચિત છે? અમે આપને જાર માનીને પણ નથી આવ્યાં, એકાદશ ઇન્દ્રિયોના વિષયોનો–વાસનારૂપ બીજ સાથે ત્યાગ કર્યો છે. જો એમ ન કર્યું હોત તો આપના ચરણારવિંદને પ્રાપ્ત કેમ કરી શકત ? સર્વ વિષયો–લૈકિક વિષયો જ્યારે છૂટે છે ત્યારે જ આપના ચરણમૂલની પ્રાપ્તિ થાય છે. એ પ્રાપ્તિ અમને થઈ છે, વિષયોની વાસના હવે અમારા હૃદયમાં નથી એમ અમે માનિયે છિયે. આપે પૂછ્યું કે અહીં આવવાનું કારણ જણાવો. તો અમે જણાવિયે છિયે કે 'તમે અમને ભજો.' નથી ભજતા એ આપનો એક પ્રકારનો દુરાગ્રહ છે. જીવોને બધું કરવું ગમે છે, પણ ભગવદ્‌ભજન કરવું નથી ગમતું, એવું આપને પણ થયું છે કે શું ? જેમ ભગવદ્‌ભજન ન કરવાનો આગ્રહ જીવોમાં મહાદોષરૂપ ગણાય છે તેમ આપ પણ અમને નહિ ભજો તો એવું જ ગણાશે. અમે આપને ત્યજતાં નથી

તો આપ પણ અમને છોડો નહિ. જેમ આદિપુરુષ દેવ સર્વને ભજે છે તેમ આપ અમને ભજો. દેવનું ભજન વ્યભિચારજનક ન જ કહેવાય. જેમ મુમુક્ષુઓને ભગવાન ભજે છે. પોતાના તરીકે એમનો અંગીકાર કરે છે, સ્વાનન્દનું દાન કરે છે. તેમ અમારું ભજન આપે કરવું જ જોઇયે."

ઉપરનાં શ્રીવ્રજાંગનાઓનાં વાક્ય વાંચ્યા પછી કામની સૂગ જણાય છે ખરી ? સાધારણ જ વિચાર કરો કે જે કામિની હોય તે આવાં વચનો બોલે ? લૌકિક અનુભવ તમને શો પાઠ શીખવે છે ? કામના અનિવાર્ય તાપથી તપેલી સ્ત્રીઓ આવા જ્ઞાની ભક્તોના પણ હૃદયમાં નહિ ઉદ્ભવતા ઉત્તમોત્તમ રસથી છલકાતા ભાવ પ્રકટ કરવા શક્તિમતી બને, તે એમ માનવા તત્પર બને ? સર્વથા નહિ એવો આંતર ધ્વનિ થાય છે. જેવી ભાવના ભક્તોની છે તેવી જ પ્રભુની છે. જેમ વ્રજભક્તોમાં કામનો અંશ પણ નથી તેમ જ પ્રભુમાં નથી, એ જ પ્રભુની નિરપેક્ષતા સિદ્ધ કરી આપે છે.

ફલપ્રકરણના દ્વિતીય અધ્યાયમાં ભગવાનની જે સાપેક્ષતા બતાવાઈ છે તે તો ભિન્ન જ છે. સર્વ ભક્તોને સૌભાગ્યમદ પ્રાપ્ત થતાં પ્રભુ તિરોહિત થયા અને એ મદથી રહિત એવાં મુખ્ય સ્વામિનીજીને સાથે લઈ ગયા અને એમણે જે કહ્યું તે પ્રમાણે થોડે સુધી કર્યું પણ ખરું, એ બધી અપેક્ષા ઓર જ ભાવનું સૂચન કરે છે. એ વખતે જેમ ભગવાનમાં અપેક્ષા છે તેમ સ્વામિનીભાવમાં વિરહ-

રસનું પ્રાકટ્ય થયા પછી એવી સાપેક્ષતા પ્રકટે, અને એમ થવામાં એ ધર્મના આવિર્ભાવરૂપ ભગવાનની સાપેક્ષતા છે.

नन्वेवमपि भक्तानामलौकिककामवत्त्वे किं प्रमाणम्? भगवतः परमकृपालोरन्यथाकर्तुमपि समर्थत्वेन तदर्थं प्राकृत-विग्रहं कामं च स्वीकृत्य प्राकृतमपि तदीयं तं पूरयेदित्याशङ्कयाहुः 'कामेने'ति।

कामेनाधेयरूपेण स्वरूपभिन्नेन पूरितः प्राकृतः कामः संसारं पुत्रपौत्रादिसम्पत्त्या विशेषाहन्ताममतात्मकं जनयेन्न तु तदभावं, 'न जातु कामः कामाना'मिति वाक्यात्। कामाभावेन कामस्याधेयस्याभावो यत्र तादृशेन स्वरूपेण पूर्णस्तु कामो निष्काम आधेयकामरहितः स्वरूपात्मक एव स्यात्। अत एव तादृशकामवतां यथा यथा भगवतो विशेषलीला तथा तथा दृश्यतेऽत्यन्तनिरपेक्षतैव। यतो भगवतोऽप्यग्रे निरपेक्षा जाताः स्वतन्त्रभक्त्यै स्थिताः। यदि लौकिक एव कामः स्यात्तदा नैवं स्यादिति स्वरूपात्मककामवत्य एवैता इति सर्वमनवद्यम् ॥२॥

ઉત્થાનિકા

ભગવાનના અપ્રાકૃત દેહમાં તો અનેક પ્રમાણો મળે છે, તેમ એ વ્રજાંગનાઓનાં અપ્રાકૃત શરીર અને અલૌકિક કામમાં પ્રમાણ શું? એમાં કાંઈ પ્રમાણ હોય તો એમ માનવું સંશય–ભરેલું ન ગણાય, પરન્તુ પ્રમાણ વિના તો નિરાધાર ગણાઈને વિશ્વાસપાત્ર ગણાશે નહિ.

વળી ભગવાન પરમકૃપાળુ છે. कर्तुमकर्तुम् अन्यथाकर्तुम् સમર્થ છે, તે ભક્તોના પ્રાકૃત દેહ અને અને લૌકિક કામનો

સ્વીકાર કરીને પણ ભક્તોના લૌકિક કામને કેમ ન પૂરે? પ્રભુ સર્વ કાર્ય કરવાને સમર્થ છે.

આ શંકાનું નિવારણ કરવા માટે શ્રીમહાપ્રભુજી અન્ય કારિકા યોજે છે

(श्रीकारिका-) कामेन पूरितः कामः संसारं जनयेत् स्फुटम् ।
कामाभावेन पूर्णस्तु निष्कामः स्यान्न संशयः ॥

તાત્પર્ય—'પ્રાકૃત દેહના આધારથી રહેનારા, ભગવત્સ્વરૂપથી ભિન્ન એવા કામથી જો પ્રાકૃત કામ પૂર્ણ કરવામાં આવે, સ્વભિન્ન એવા લૌકિક કામનો આશ્રય કરે, અને એ જ કામથી ભક્તોના લૌકિક કામને પૂરે તો એમ કરવાથી જેમ લોકમાં પરિણામ આવે છે તેમ અહીં પણ આવે. લોકનું અનુસરણ પ્રભુ કરે તો સંસાર જ ઉદ્‌ભવે, પુત્રપૌત્રાદિ સંપત્તિ ગળે વળગે, અને તેથી વિશેષ અહન્તા-મમતાત્મક સંસાર જ જન્મ પામે; એ સંસારનો અભાવ તો ન જ રહે. સંસાર વધારે વળગે તો ભયંકર હાનિ થાય છે કે

न [1]जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मैव भूय एवाभिवर्धते ॥

અર્થ :–'જેમ ઘી હોમવાથી અગ્નિ વધતો ને વધતો જ જાય છે, તેમ કામના ઉપભોગથી કામ કદી શાન્ત થતો નથી જ, બલકે વધારે ને વધારે વધે છે.'

---

૧ કવિ તુલસીદાસ પણ કહે છે કે–'અબ નાથ હી અનુરાગ જાગ જડ, ત્યાગ દુરાશા જીતે, બુઝે ન કામ અગ્નિ તુલસી કહો, વિષય ભોગ બહુ ઘૃતતે'

હવે સમઝાશે કે જો પ્રભુને પણ પ્રાકૃત દેહ અને પ્રાકૃત કામ હોત અને ભક્તોને પણ એમ જ હોત તો પુત્રપૌત્રાદિ સંસાર જ ઉત્પન્ન થાત. એવું થયેલું કોઈ પણ ઠેકાણે શ્રીભાગવતમાં કે અન્ય પુરાણોમાં વર્ણવ્યું નથી, માટે જ ભક્તોનો કામ અને ભગવાનનો કામ લોકથી વિલક્ષણ છે એમ સિદ્ધ થયા વિના રહેતું નથી.”

ભગવાને નજીકનાં ભક્તોનો કામ પ્રાકૃત કામથી નથી પૂર્યો, પરન્તુ કામના અભાવથી એ કામ પૂર્યો છે. કામનો જેમાં અભાવ છે તેવું જે આપનું મન્મર્થમન્મથ સ્વરૂપ તદ્રૂપ કામ એમાં પૂર્યો છે. એમ થવાથી કદાચિત્ ભક્તોમાં લૌકિક કામ હોય તોપણ એ ભગવદ્રૂપ થઈ જાય. અહીં સૂક્ષ્મતાથી જોતાં જણાશે કે એવા સ્વરૂપાત્મક કામવાળાં સાથે જેમ જેમ ભગવાને વિશેષ લીલાઓ કરી છે તેમ તેમ અત્યન્ત નિરપેક્ષતા જ દૃષ્ટિગોચર થાય છે. વધારે તો શું, પણ ભગવાનની આગળ પણ નિરપેક્ષ જ થઈ ગયાં, માત્ર સ્વતન્ત્ર ભક્તિ વડે જ રહ્યાં. જો એમનો કામ લૌકિક જ હોય તો એવી રીતે એઓ નિરપેક્ષ થાય જ નહિ, માટે સ્વરૂપાત્મક કામ જ વ્રજસુન્દરીઓમાં છે અને એ ભગવત્સ્વરૂપ હોવાથી એમનો દેહ પણ પંચમહાભૂતનો નથી પણ ભગવદ્રૂપ છે, દિવ્ય છે, એ સિદ્ધ થયું.

**नन्वेवं भगवतो भक्तानां च निष्कामत्वे रसशास्त्रमर्यादा भज्येत। कामवतोरेव तथा भावनिरूपणादित्याशङ्क्याहुः 'अतो न कापी'ति।**

यतो भगवानेव कामः स्वस्वरूपमेव विग्रहरूपेण कामरूपेण चाविर्भाव्य भक्तेषु च स्वस्वरूपं प्रतिष्ठाप्य प्रसादरूपशक्तिप्रवेशेन स्त्रीभावं दत्त्वा स्वस्वरूपस्य च तत्सम्बन्धित्वं विधाय स्वरूपात्मिकाभिः सह रमत इत्यतो रसमर्यादा निष्कामत्वाद् मोक्षफलापि सा न भग्नेत्यर्थः। 'अत एतच्छ्रुता'विति यतो नेयं कामलीलाऽपि तु स्वरूपानन्ददानलीला। अत एतच्छ्रवणेन वेदान्तश्रवणेनेव लोकः साधारणोऽपि निष्काम एव सर्वथा सर्वप्रकारेण भवेत् ॥ ३ ॥

## ઉત્થાનિકા

ઉપર પ્રમાણે તો ભગવાન પણ નિષ્કામ અને ભક્તો પણ નિષ્કામ સિદ્ધ થયાં. બન્ને નિષ્કામ થાય તો રસનો આવિર્ભાવ પણ ન થવો જોઇયે, રસશાસ્ત્રની મર્યાદા પણ તૂટી જવાની, કેમકે કામ વિના રસની ઉત્પત્તિ કોઈ પણ રસશાસ્ત્રમાં વર્ણવી જ નથી. કામના આધાર સ્ત્રીપુરુષમાં જ રસપ્રાકટ્ય સિદ્ધ છે.

આ શંકાનું નિવારણ તૃતીય કારિકામાં શ્રીવલ્લભાગ્નિ કરે છે—

(श्रीकारिका–) अतो न कापि मर्यादा भग्ना मोक्षफलापि च ।
अत एतच्छ्रुतौ लोको निष्कामः सर्वथा भवेत् ॥ ३ ॥

**તાત્પર્ય**—"રસશાસ્ત્રની મર્યાદા ભગ્ન થતી નથી. ભગવાન અને ભક્ત લૌકિક કામથી રહિત છે. લૌકિક કામનું ફલ સંસાર છે અને અહીં તો ફલ મોક્ષરૂપ છે, છતાં પણ રસશાસ્ત્રની મર્યાદા અખંડિત રહે છે અને

રસની ઉત્પત્તિ પણ અવિરત થાય છે, અને ભગવાનની રસમયતા–રસાત્મકતા–પ્રત્યક્ષ કરી શકાય છે. એમાં મૂલ કારણ એ છે કે લોકોની પેઠે અહીં કામ જુદો નથી એ તો પહેલાં વારંવાર પ્રતિપાદન કરેલું જ છે, માટે કામ ભિન્ન નથી, પણ ભગવાન જ કામ છે. પ્રભુ પોતાનું જ સ્વરૂપ કામાત્મક અને અત્યન્ત સુન્દર દેહરૂપ પ્રકટ કરીને ભક્તોમાં એ સ્વરૂપને સ્થાપીને, એમાં પોતાનો અનુગ્રહ સ્થાપે છે. એના પ્રવેશથી ભક્તોમાં અલૌકિક સ્ત્રીભાવ પ્રાપ્ત થાય છે તેનું—એ પરમફલાત્મક સ્ત્રીભાવનું દાન પણ એ રાસનાયક પ્રભુ જ કરે છે. એ પ્રમાણે સ્ત્રીભાવનું દાન કરીને, ભક્તોને–શ્રીવ્રજસુન્દરીઓને સ્વસ્વરૂપ કરીને એની સાથે રમે છે. માટે રસની પણ ઉત્પત્તિ રસનિસ્યન્દિનીનો સુન્દર પ્રવાહ અવિચ્છિન્ન ચાલુ રહે છે અને રસશાસ્ત્રની કોઈ પણ મર્યાદા ભગ્ન થતી નથી. પુત્રપૌત્રાદિક સંસાર-રૂપ ફલ નહિ છતાં મોક્ષરૂપ જ ફલ પરિણામમાં છે, એ પણ વિલક્ષણતા સ્મરણમાં રાખવી.

આ કામલીલા નથી, પણ સ્વરૂપાનન્દલીલા છે.

આ લીલા કામલીલા કહેવાય છે, લોકના શબ્દોમાં કામલીલા કહેવાય છે, પરન્તુ વસ્તુતઃ કામલીલા નથી. ભક્તોને પ્રભુ સ્વરૂપાનન્દનું દાન કરે છે, માટે એનું મુખ્ય નામ સ્વરૂપાનન્દદાનલીલા છે એમ નિર્ધારવું. એ જ કારણથી આ લીલાના શ્રવણથી વેદાન્તના શ્રવણની પેઠે સાધારણ લોક પણ સર્વ પ્રકારે નિષ્કામ જ થાય છે.

नन्वेवमप्राकृतत्वमविदुषां काव्यादिश्रवण इवैतच्छ्रवणेऽपि कामोद्बोध एव स्यादित्याशङ्क्याहुः 'भगवच्चरित'मिति।

यतः सर्वमेव भगवतः परमकाष्ठापन्नस्य चरितमतो निष्काम ईर्यते कथ्यते, प्रभोर्निष्कामतायाः पूर्वं प्रतिपादितत्वात्। न हि भगवान् परमकाष्ठापन्नः शरीरं गृह्णाति न वा कामं न वा तच्चेष्टाम्। यतो ज्ञानिनोऽपि तत्त्यजन्ति। तस्मात्तस्य भगवतश्चरितं चेत्तदा निष्काममेवेति साधारणानामपि ज्ञानसम्भवादेतच्छ्रवणे क्व कामोद्बोधसंभावना? प्रत्युताप्राकृतत्वनिष्कामत्वादिज्ञानं च तत्स्वरूपं लीलायां च सेत्स्यतीत्यर्थः। अत एव शुकोऽपि प्रवृत्तः परित्यज्य ज्ञाननिष्ठाम्। प्राह च 'कामं हृद्रोग'मिति प्रकरणान्ते स्फुटमेव वाक्यमिति सर्वमनवद्यम् ॥ ४ ॥

## ઉપસંહાર

સંશય ઊઠે છે કે જે લોકો ઉપર પ્રમાણે આ લીલાની દિવ્યતા સમજી શકતા ન હોય તે લોકોને તો કાવ્યો—શૃંગારનાં કાવ્ય—સાંભળ્યાથી જેમ કામનો ઉદ્બોધ થાય, લૌકિક કામ જાગે, તેમ આ લીલાના શ્રવણથી પણ એ જ પરિણામ આવે.

આ સંશયનો પરિહાર અન્તિમ શ્લોકમાં શ્રીમહાપ્રભુજી કરે છે :

**તાત્પર્ય**—"પરમકાષ્ઠાપન્ન ભગવાનનું સર્વ ચરિત નિષ્કામ જ હોય છે. એ ચરિત અન્યનું હોય તો સકામ

(श्रीकारिका-) भगवच्चरितं सर्वं यतो निष्काममीर्यते।
अतः कामस्य नोद्बोधः ततः शुकवचः स्फुटम् ॥ ४ ॥

કહેવાય, પરંતુ એ અખિલ બ્રહ્માંડના નિયન્તાનું છે, માટે જ નિષ્કામ કહેવાય છે. ભગવાન તો આપ્તકામ છે, એ લૌકિક–કામ નથી એમ પહેલાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે જ, તો એમના ચરિત્રમાં કામ ક્યાંથી આવવાનો ? ભગવાન તો પરમકાષ્ઠાપન્ન પૂર્ણ પુરુષોત્તમ પરબ્રહ્મ છે, તો કાંઈ પ્રાકૃત દેહ પણ ધરતા નથી કે નથી સ્વીકારતા કામને અને એની ચેષ્ટાઓને, કેમકે જ્ઞાની પુરુષો પણ લૌકિક દેહને, કામને અને કામની ચેષ્ટાઓને ત્યજે છે તો ભગવાન એને સ્વીકારે એ તો કેમ જ મનાય ? એથી ભગવાનનું ચરિત્ર તો કામના લેશ પણ સ્પર્શથી રહિત જ હોવું જોઇયે, એમ સાધારણ માણસો પણ જો વિચાર કરે તો એ, સમઝી શકે એમ છે; તો હવે આ ચરિત્રના શ્રવણથી કામનો ઉદ્બોધ થવાનો સંભવ જ ક્યાં છે ? પરન્તુ એના શ્રવણથી તો ભગવાનની દિવ્યતા અને નિષ્કામતાનું ભાન થાય છે. એટલા માટે જ શુકદેવજી જેવા જીવન્મુક્ત જ્ઞાની પુરુષ પણ જ્ઞાનમાં રહેલી પોતાની નિષ્ઠા ત્યજીને ભગવાનની આ રસાત્મક દિવ્ય લીલાનું વર્ણન કરવા તત્પર થયા, અને છેવટે એમ જ ઉપદેશ છે કે

विक्रीडितं व्रजवधूभिरिदं च विष्णोः
श्रद्धान्वितोऽनुशृणुयादथ वर्णयेद् यः ।
भक्तिं परां भगवति प्रतिलभ्य कामं
हृद्रोगमाश्वपहिनोत्यचिरेण धीरः ॥

( फलप्रकरणे )

**તાત્પર્ય**–"વ્રજવધૂગણ સાથે ભગવાને કરેલ વિશેષ

ક્રીડારૂપ ચરિત્ર જે ભક્ત શ્રદ્ધાયુક્ત થઇને સારી પેઠે વર્ણન કરાતું હોય તે સાંભળે, અથવા તો એને પોતે જ વર્ણવે તો ભક્તિ પ્રાપ્ત કરે. આમાં વર્ણાદિનો પણ નિયમ નથી, બ્રાહ્મણ ક્ષત્રિય ગમે તે હો, એ ભગવાનમાં ભક્તિ, એ પણ ઉત્કૃષ્ટ ભક્તિ, પ્રાપ્ત કરે છે. એ ભક્તિ હૃદયમાં સ્થિર થયા પછી હૃદયનો ભયંકર વ્યાધિ, જિગરનું દર્દ, એવો જે કામ તેને તત્કાળ દૂર કરે છે. જે કામ પહેલાં હૃદયમાં પેસીને વારંવાર અડચણો નાખતો, ઉત્તમ વસ્તુનો તત્કાલ બાધ કરતો, તેને એ ભક્તિ ત્યાંથી દૂર કરે છે, એ માત્ર આ ચરિત્રના શ્રવણથી જ. ત્યારપછી પહેલાંની વાસના વડે કોઈ વેળાએ જો કામ ઉત્પન્ન થાય તો એને દબાવવાને શક્તિમાન થાય છે. થોડી જ વારમાં એને દબાવી શકે છે. માટે આ ચરિત્ર અભિપ્રાય સાથે સાંભળવું. સાંભળવું એ એના ઊંડા રહસ્યની સાથે સાંભળવું, એના ઊંડા મર્મની સાથે સાંભળવું.

શ્રીશુકદેવજીના રાસપંચાધ્યાયીના આ છેલ્લા વચનથી સ્પષ્ટ થાય છે કે ભગવચ્ચરિત્ર સાંભળવાથી, એનો અભિપ્રાય જાણવાથી કામનો ઉદ્‌બોધ થવો તો દૂર રહ્યો, પરન્તુ હૃદયને કોરી ખાનાર એ ઝેરી કીડો મહાભયંકર રોગરૂપ દૂર થઈ જાય છે, કોઈ પણ વખતે ત્યાં સ્થાન મેળવી શકતો નથી.”

આ પ્રમાણે પ્રકીર્ણ લેખની સમાપ્તિવેળા શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે

श्रीमदाचार्यदासेन हरिदासेन रूपितः।
अर्थः स्वाचार्यवाक्यानां स एवैष प्रसीदतु ॥ १ ॥

શ્રીમદાચાર્યના દાસ હરિદાસે લખી કહ્યો,

અર્થ આચાર્ય-વાક્યોનો એ પ્રસન્ન થઈ રહો. ૧

## ૪૯. बहिर्मुखत्वनिरूपणम् ॥

( અનુ.—શ્રી. વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી )

घने गृहे यदासक्ताः सेवकाः सम्भवन्ति हि।
लाभपूजार्थयत्नाश्च तदा स्यात् कुपितो हरिः ॥ १ ॥

ધનમાં અને ઘરમાં જ જ્યારે સેવકો આસક્ત થઈ જાય, લાભ અને પૂજાવા માટેના પ્રયત્નો કરે, ત્યારે શ્રીહરિ કોપે છે. સેવકોની મુખ્ય ફરજ એ છે કે પોતાના સ્વામીને રીઝવવા દરેક પ્રયત્ન કરવો, એની આજ્ઞામાં જ તત્પર રહેવું, એની ઇચ્છાને સદા અનુકૂલ બનવું. એવી જ રીતે જીવો પણ પ્રભુના સેવકો છે. એઓનું મુખ્ય કર્તવ્ય પ્રભુની સેવા છે. સેવામાં લેશ પણ ન્યૂનતા ન આવે, તેમજ જે પ્રભુની સેવાનો અધિકાર પોતાને પ્રાપ્ત થયેલો છે તે પ્રભુ કોટિબ્રહ્માંડનાયક, પરાત્પર પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે એનો ખ્યાલ નિરન્તર મનમાં રહેવો જોઇયે. જ્યારે સર્વદુઃખહર્તા પ્રભુને પોતાનું જે કાંઈ કહેવાતું તે સર્વ સમર્પી દીધું અને દાસ્યધર્મનો સ્વીકાર કર્યો ત્યારે

એનો પોતાના સ્વામીને દરેક રીતે પ્રસન્ન કર્યા સિવાય બીજો ધર્મ શો હોઈ શકે ? વાસ્તવિક સ્થિતિ એવી જ છે, છતાં જો સેવકો ધનમાં–ધન એકઠું કરવામાં કે ઘરબાર પુત્ર પરિવારમાં આસક્તિવાળા બની જાય, પોતાના દાસ્ય-ધર્મને તિલાંજલિ આપી દે, પ્રભુની મહત્તા વિસ્મરી જાય, સ્વકર્તવ્યને સ્વાર્થવેદી ઉપર હોમી દે તો પ્રભુ એના ઉપર કોપે એમાં આશ્ચર્ય શું ? જીવ–સેવક સ્વતઃ અનેક દોષોથી દુષ્ટ છે, પ્રભુએ એના દોષોનો વિચાર ન કરતાં એને પોતાનો સેવક બનાવ્યો, એને ઉચ્ચતર અધિકાર આપ્યો, પરન્તુ પ્રભુની એ દયાળુતા અને પોતાની પહેલાં સ્થિતિ વગેરે બધું ભૂલી જઈને પોતાના લાભનો અને પોતે પૂજાવાનો પ્રયાસ કરે તો પ્રભુ એના ઉપર કોપ કરે તો એ કાંઈ આશ્ચર્યકારક ગણાય નહિ. શ્રીહરિરાય પ્રભુ આજ્ઞા કરે છે કે જીવ જ્યારે પ્રભુ તરફ એવી રીતે બેવફા –નિમકહરામ બને છે ત્યારે પ્રભુ એના ઉપર કોપાયમાન થાય છે. ૧

भक्तिमार्गं परित्यज्य शिश्नोदरकृतोद्यमाः ।
आसुरावेशिनो दासास्तदौदास्यं भवेद्धरेः ॥ २ ॥

ભક્તિમાર્ગનો પરિત્યાગ કરીને માત્ર જનનેન્દ્રિય અને ઉદરની તૃપ્તિ માટેના જ ઉદ્યમને આદરનારા, આસુરાવેશી દાસો બને છે ત્યારે શ્રીહરિ ઉદાસીન થાય છે. જ્યારે દાસો–સેવકો પ્રથમ શ્લોકમાં વર્ણવેલી કક્ષાથી પણ હીન કક્ષામાં જાય છે ત્યારે તો પ્રભુ એ તરફ

જોતા જ નથી. જ્યારે ભક્તિમાર્ગમાં પણ રહે નહિ, એનો સર્વાંશે ત્યાગ કરે, માત્ર आहारनिद्राभयमैथुनं च એ ઉક્તિ પ્રમાણે માત્ર પશુવૃત્તિને જ પોષે ત્યારે તો પ્રભુ એના ઉપર કોપ કરીને એને ઠેકાણે લાવવાનું પણ કાર્ય કરતા નથી, એનાથી તદ્દન બેદરકાર રહે છે, એ સેવક જેવી રીતે વર્તવા ઇચ્છતો હોય તે પ્રમાણે એને વર્તવા દે છે, કેમકે એણે માર્ગની મર્યાદા મુદ્દલે જાળવી નહિ, બલ્કે એનો ત્યાગ કર્યો અને આસુરના સંગમાં અભિરુચિ થવાથી એને આસુરાવેશ થયો. એવા તદ્દન વંઠી ગયેલા નોકરની તરફ ઉદાસીનવૃત્તિ વિના બીજું પ્રભુ શું કરે ? ૨

अहङ्कारेण कुर्वन्ति तथा महदतिक्रमम् ।
निजा अपि तदा कृष्णः कुप्यति स्वजनप्रियः ॥ ३ ॥

જ્યારે અહંકારથી મહાન પુરુષોનો અપરાધ કરે છે, એ પણ પોતાના થઈને, ત્યારે સ્વજન–વત્સલ પ્રભુ કોપે છે. પ્રભુના દાસ્ય જેવો ઉત્તમ પદાર્થ યોગ્યતાના અભાવે મળી ગયો અને પછીથી થયો અહંકાર અને એમાં આંધળા બનીને મહાન ભગવદીયોને પણ ગણ્યા નહિ, તો શું પ્રભુ એના ઉપર રાજી રહેશે ? કદાપિ નહિ. પ્રભુનો અપરાધ તો કોઈ પણ ઉપાયે નિવૃત્ત થઈ શકે છે, પરન્તુ મહાનુભાવી ભગવદીયોનો અપરાધ કદાપિ નિવૃત્ત થતો નથી. મર્યાદામાર્ગમાં પણ નલકૂબરાદિકે સ્વાધિકારના ગર્વથી નારદાદિકનું કરેલું અપમાન અને એનું પરિણામ પુરાણોમાં પ્રસિદ્ધ છે. એવી જ રીતે ભક્તિમાર્ગમાં પણ ભગવદીયોના અપરાધને મહાભયંકર ગણવામાં આવ્યો છે. એ અપરાધ

કરનારા ઉપર પ્રભુ કોપે છે. પોતાના જ દાસ થઈને પોતે જ જેમને અનુગ્રહમાર્ગની ઉચ્ચ અવસ્થામાં સ્થાપિત કર્યા છે તેવા મહાન ભક્તોનું અપમાન કરે તો પોતાના જન જેને અત્યંત પ્રિય છે તેવા પ્રભુ ગુસ્સે થયા વિના રહેતા નથી. એક તો એ દાસ પણ પોતાનો છે, અને માટે જ પ્રિય હોવો જ જોઇયે, અને મહાનુભાવી ભગવદીયો પણ સ્વદાસ હોવાથી પ્રિય છે, તેથી બન્નેના શ્રેયની ક્ષતિ ન થાય માટે પ્રભુ સ્વકોપથી દાસને અપરાધની શિક્ષા દે છે. ૩

यदा महत्कुलोद्भूतास्त्यजन्ति कुलगां गतिम् ।
तदा तु तत्कुलस्वामी क्रोधमेति न संशयः ॥ ४ ॥

જ્યારે મોટા કુલમાં પ્રકટ થયેલાઓ પણ પોતાના કુલને યોગ્ય ગતિ ત્યજી દે છે ત્યારે એ કુલના સ્વામી ક્રોધ કરે છે, એમાં કાંઈ પણ સંશય નથી. જ્યારે પ્રભુએ જે કુલનો ઉત્તમોત્તમ અધિકાર સ્થાપન કર્યો અને એ કુલમાં પ્રકટ થઈને જો પછી એ કુલના મહાન દરજ્જાને ન છાજતી વર્તણુક ચલાવે તો એ કુલનુ સર્વસ્વ—એના નાથ એ કુલમાં પ્રકટ થયેલા ઉપર કોપે એમાં સંશય શો? ૪

अन्विष्यतां हि सर्वत्र न क्वापि सुपथस्थितिः ।
न वा निजाचार्यनिष्ठा न वा दैन्यं हरेः परम् ॥ ५ ॥

બધાં ઠેકાણાં શોધી વળો, કોઈ પણ સ્થળે સન્માર્ગની ઝાંખી સરખી હવે થવી મુશ્કેલ છે. કલિના દોષમય વાતાવરણથી આવૃત થયેલા હૃદયોથી વ્યાપ્ત સ્થળોમાં

સારા ઉત્તમ માર્ગની સ્થિતિ કેમ હોઈ શકે? જ્યારે એવા માર્ગનાં દર્શન દુર્લભ થઈ ગયાં, તો પછી એ માર્ગના પ્રકાશક શ્રીમહાચાર્યચરણના ચરણારવિન્દમાં નિષ્ઠા—ભાવ-ભક્તિ ક્યાંથી? એના વિના પ્રભુને પ્રસન્ન કરવાનું એક જ સાધન તે દૈન્ય ક્યાંથી આવવાનું? શ્રીહરિરાય પ્રભુ આજ્ઞા કરે છે કે આ સમયમાં તો નથી સન્માર્ગની મર્યાદા કે નથી શ્રીમહાચાર્યચરણમાં નિષ્ઠા કે નથી દીનતા. ૫

न वा तद्वाक्यपरता न वैराग्यं तथाविधम् ।
न यथालाभसन्तोषः कथं कृष्णः प्रसीदति ॥ ६ ॥

શ્રીમહાચાર્યચરણે જે જે હિતાર્થવચનો આજ્ઞા કરેલાં છે તેમાં તત્પરતા તેમજ એવું પરમ વૈરાગ્ય પણ નથી રહ્યું. પ્રભુના, ગુરુના, ભગવદીયોના મુખથી પ્રકટ થયેલાં વાક્યોને લેશ પણ સંશયયુક્ત થયા વિના અનુસરવું, એ પ્રમાણે જ ચાલવામાં તત્પર થવું, એવો પરમ દાસધર્મ કયે ઠેકાણે અસ્તિત્વ ધરાવે છે? પ્રભુથી પૃથક્ પદાર્થોમાં રહેલી આસક્તિનો સંપૂર્ણ ત્યાગ કરવો, પ્રભુસેવામાં જ પરોવાઈ રહેવું એવું વૈરાગ્ય કયા હૃદયને શોભાવે છે? દાસનો ધર્મ છે કે સ્વામીની ઇચ્છાથી જે કાંઈ મળે તેમાં સન્તોષ માની લેવો, પરન્તુ એવો સન્તોષ કયા દાસોમાં છે? કોઈ સ્થળે નહિ. જ્યારે કાંઈ નથી છતાં પણ કહો છો કે પ્રભુ પ્રસન્ન થતા નથી, પ્રભુ રાજી રહેતા નથી, તો એ સદાનન્દઘન પ્રભુ કેમ પ્રસન્ન થાય? એ પ્રસન્ન થાય એવું શું છે? પ્રભુ કાંઈ નથી માગતા દ્રવ્ય કે નથી માગતા સાધનો, માત્ર એટલું જ ઇચ્છે છે કે તમે દાસત્વધર્મનું પરિપાલન

કરતા રહો. એટલું પણ જ્યારે થતું નથી ત્યારે શ્રીકૃષ્ણ કેમ પ્રસન્ન થશે ? ૬

## ५०. बहिर्मुखत्वनिवृत्तिः ॥

( અનુ.—શ્રીવસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી )

निजाचार्यपदाम्भोजं स्थाप्यतां सततं हृदि ।
तत एव तदीयानां सकलं सिद्धिमेति हि ॥ १ ॥

બહિર્મુખ કેવી રીતે થવાય છે, એનો ખ્યાલ આપીને હવે બહિર્મુખતાથી બચવાનો માર્ગ શ્રીહરિરાયચરણ બતાવે છે. બહિર્મુખતાથી બચવું હોય, દાસ્યધર્મને સહજ પણ આંચ આવવા દીધા સિવાય પ્રભુ પ્રસન્ન કરવા હોય તો આપણા આચાર્યચરણકમલને હૃદયમાં સ્થાપો. આપણા ગમે તેવા દોષકોશનું દહન કરીને પ્રભુની સાથે મજબૂત ગાઢ—સમ્બન્ધ બાંધી દેનાર આપણા ગુરુ શ્રીમહાપ્રભુજીના ચરણકમલને હૃદયમાં પધરાવો. અને એ કાર્ય જો થઈ ગયું તો પછી બીજું કાંઈ કરવાનું રહેતું નથી. જે તદીય છે તેને તો શ્રીમદાચાર્યચરણના દઢ આશ્રયથી સર્વ સિદ્ધ થાય છે, બીજાં કાંઈ સાધન એને કરવાં પડતાં નથી. કવિવર દયારામભાઈ કહે છે કે 'શ્રીમહાપ્રભુનો ભગન ભરોંસો, એ જ અન્યાશ્રય.' એટલા માટે શ્રીમહાપ્રભુજીમાં જ દઢ વિશ્વાસ રાખવો એ તદીયનો મુખ્ય ધર્મ છે. ૧

सङ्गः सतामेव सदा विधेयो नासतां क्वचित्।
सत्सङ्गतो हरौ बुद्धिरसत्सङ्गाद् गृहादिषु ॥ २ ॥

સંગ કરવો તો સત્પુરુષનો જ કરવો. સંગ પણ સત્પુરુષનો જ થાય એવી પ્રાર્થના કરવી, કેમકે સત્પુરુષો સંગદોષને હરનારા છે. અસત્પુરુષોનો સમાગમ કદાપિ ન કરવો. સત્પુરુષોના સંગથી પ્રભુમાં બુદ્ધિ થાય છે, દુષ્ટ પુરુષોના સંગથી ગૃહાદિમાં આસક્તિ થાય છે. વસ્તુતઃ તો શ્રીમહાચાર્યચરણમાં રતિ રાખવી એ જ મુખ્ય કર્તવ્ય છે. છતાં એ કાલબલથી ન્યૂન થાય તો શ્રીમહાચાર્યચરણની આજ્ઞા પ્રમાણે તાદૃશી ભગવદીયો સાથે સત્સંગ કરવો. એવા તાદૃશી ભગવદીયોના સંગથી એ ભગવદીયોના પરમ પ્રેષ્ઠ પ્રભુમાં પ્રેમ થાય છે. ભીંજાયેલા હોય તે જ ભીંજવે છે. રંગાયેલા હૃદયનો જ રંગ અન્ય અરક્ત હૃદયને રંગે છે. પ્રભુપ્રેમસુવાસિતના જ સંગથી હરિરતિરૂપ સુગન્ધનો પાસ લાગે. ખલ પુરુષોનો—આસુરાવેશીનો સંગ કરવાથી એવી જ બુદ્ધિ થાય છે. એઓ માત્ર શિશ્નોદરપરાયણ હોવાથી એઓનો સમાગમ ફલ દેનારો ક્યાંથી? એ જ કે આપણે પણ એવા જ પ્રપંચાસક્ત બની જઇયે. ૨

असन्तस्तु विजातीया मतिमन्तो निजा अपि ।
सन्तो हरौ रतियुता उदासीनास्तदाश्रिताः ॥ ३ ॥

અસત્ પુરુષો વિજાતીય છે. એનો આશ્રય ભલભલા સત્પુરુષોને પણ ડોલાવી દે છે, તો સાધારણોનો હિસાબ શો? સત્પુરુષો નિજપ્રભુના છે, બુદ્ધિમાન છે. એઓ પ્રભુમાં

પ્રીતિ ધરાવનારા છે, તોપણ એઓ જો વિજાતીય—જુદી જાતના ખલ પુરુષોના સમાગમમાં આવી જાય તો અવશ્ય એઓ પ્રભુપ્રેમથી, પ્રભુસેવાથી ઉદાસીન બની જાય. સિંહના સહવાસથી વિખૂટું પડેલું સિંહનું બચ્ચું શિયાળના ટોળામાં ભળીને જેમ પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે તેમ સારા સમાગમનો પાસ જલદી બેસતો નથી, પરન્તુ ખરાબ દુઃસંગની અસર તો મોટા મોટાઓને પણ જલદીથી થઈ જાય છે. માટે એથી સાવધાન રહેવું. ૩

**स्वमार्गीयः परो धर्मो हरिसेवा निरन्तरम् ।**
**फलरूपतया ज्ञात्वा विधेया मनआदिभिः ॥ ४ ॥**

સ્વમાર્ગનો—શ્રીમહાપ્રભુજીએ દૈવસૃષ્ટિ ઉપર પરમ અનુગ્રહ કરીને પ્રકટ કરેલા માર્ગનો મુખ્ય ધર્મ પ્રભુસેવા જ છે. એ પણ નિરન્તર કર્યા કરવી. શરૂઆતમાં તનુજા અને વિત્તજા સેવા દેહથી અને દ્રવ્યથી નિરન્તર કરવી. એ સેવા જ પરમફલરૂપ છે, એમ માનવું. દૃઢ નિશ્ચય રાખવો કે આ સેવા સિવાય બીજું કાંઈ ઉત્તમ ફલ છે જ નહિ; મોક્ષાદિક પણ તુચ્છ છે. એ સેવા કરતી સ્થિતિમાં જે અમન્દ આનન્દ પ્રાપ્ત થાય છે તેવો અન્યત્ર નથી, માટે એ જ સ્થિતિમાં રહેવું એ જ પરમ ફલરૂપ છે. એ સેવા મન વગેરેથી કરવી, માનસિક સેવા કરવી. મન વગેરે સર્વ ઇન્દ્રિયગણ અને દેહ વગેરે પરિકર સેવોપયોગી બનાવવાં. પ્રભુની સેવા તેનો બીજે ઠેકાણે વિનિયોગ ન થાય એની ખાસ સંભાળ રાખવી. તનુજા વિત્તજા સેવા કરતાં કરતાં માનસી સેવા જે પરમ ફલરૂપ છે તે સિદ્ધ થાય છે.

પહેલી બન્ને સેવા વેળાએ સેવાપયોગી પદાર્થાનો સાક્ષાત્ અનુભવ નથી થતો. માનસી સેવા સિદ્ધ થતાં દષ્ટિ જ બદલાઈ જાય છેઃ પ્રભુને પધરાવવાના સિંહાસનમાં કે ગાદીમાં ભૌતિક પદાર્થો દૃષ્ટિગોચર થતા નથી, પરન્તુ એ સ્થલે સાક્ષાત્ શ્રીયશોદાજીના ઉત્સંગનાં દર્શન થાય છે. એવી રીતે સર્વત્ર સમઝી લેવું. આવા અલૌકિક અનુભવથી અધિક ફલ શું હોઈ શકે ? ૪

**सदानुसंहृतिः कार्या निवेदनकृतेरपि ।**
**सद्भिः सह ततः कृष्णः क्षणान्तं हृदयं विशेत् ॥ ५ ॥**

શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનુસાર ભગવદીયોની સાથે સદા સર્વદા નિવેદનનું અનુસન્ધાન કરવું, એ આજ્ઞા આપે 'નવરત્ન' ગ્રન્થમાં કરી છે. એવા કોઈ વિરલ ભગવદીયોનો સુભાગ્યે કરીને સમાગમ થઈ જાય તો એમની સાથે નિરન્તર નિવેદનનું સ્મરણ કરવું. પોતાનું કહેવાતું સર્વસ્વ તુલસીદલ લઇને શ્રીમદગ્નિસ્વરૂપના જ કૃપાબલથી પ્રભુને અર્પણ કરેલું છે તેનો વિનિયોગ પ્રભુમાં જ થવો જોઇયે તેમજ સ્વામી સેવકનો બન્ધાયેલો નાતો સદા નભે એમ વર્તવું જોઇયે—વગેરે અનુસન્ધાન નિવેદિતાત્મા ભગવદીયોના સમાગમથી જ રહે છે. માટે એવાઓ સાથે નિરન્તર નિવેદનનું સ્મરણ કરવું. એમ કરવાથી એ જ ક્ષણે એ જ પળે સાક્ષાત્ શ્રીકૃષ્ણ હૃદયમાં બિરાજે છે. ૫

**श्रीभागवतभावार्थं श्रवणं कीर्तनं तथा ।**
**स्मरणं वा सदा कार्यं वाहिर्मुख्यनिवृत्तये ॥ ६ ॥**

વળી બહિર્મુખતા ટાળવા માટે એવા જ ભગવત્સેવા-પરાયણ ભગવદીયોના જ મુખારવિન્દથી શ્રીમદ્ભાગવતનો ભાવાર્થ શ્રવણ કરવો. દશલીલાવિશિષ્ટ પ્રભુની નિત્યનૂતન લીલાના રસનો અનુભવ એવા ભગવદીયોના હૃદયમાં પ્રકટ થયેલી વાણીથી જ થાય છે. ભગવલ્લીલાનો સાક્ષાત્કાર કરીને ગાયેલાં અષ્ટસખાદિ મહાનુભાવીઓનાં રસમય પદોનું કીર્તન કરવું અને શ્રવણ કરેલી શ્રીમદ્ભાગવતોક્ત ભગવલ્લીલા અને કીર્તન કરેલી પરમ ભગવદીયોની વાણીનું અહર્નિશ સ્મરણ કરવું. બહિર્મુખતાની નિવૃત્તિ એનાથી જ થાય છે. આ સિવાય બહિર્મુખતાથી બચવાનો બીજો ઉપાય એકે નથી. ૬.

## ५१. भगवत्प्रकृतिवर्णनम् ॥

श्रीयशोदोत्सङ्गलालितः कुमारवयाः श्रीकृष्ण एतादृशो रसरूप इति ज्ञात्वा सेवा कर्तव्या। सेवा तु स्वामिनो यत्समये यदपेक्षन्ते तदेव समर्पणीयम्। यथेच्छा तथा क्रियते तदा सिद्धिर्भवेत्। एतज्ज्ञानं जीवानां स्वतो दुर्लभतरं तथापि श्रीमदाचार्यप्रकटितसेवारीतिमवलोक्य मनसि भगवत्प्रीति-र्भावनीया।

तत्र प्रथमं प्रभुर्दयापूर्णः। सर्वथा भक्तदुःखं ज्ञायते। अत्यन्तनिकटगम्यः। लीलातिरिक्तं किमपि न ज्ञायते। स्वजन-मात्रेषु परिचितिः। अन्यत्किमपि न ज्ञायते। क्षणेऽपि सन्तोषं

प्राप्नोति। क्रोधः स्थिरीभूतो न भवति। सम्बन्धिवाक्यं परिपालयति। परमोदारोऽस्ति। किमपि दातुं न विचारयति। तस्य सर्वत्रोत्तमत्वम्। स्वजनपक्षपातपूर्णः। लीलासु निमग्नः। शोकग्रस्तहृदयतो दूरीगच्छति, 'शोकग्रस्तं जनं दृष्ट्वा कृष्णो गच्छति सत्वर'मितिवचनात्। व्रजजनेषु सदा निरुद्धः। यथा बालः केनापि परिचितो भवति तद्विना भक्षणं न क्रियते, रुदनं कुरुते, तथा भक्तिमार्गीयैः स्वजनैः परिचितोऽस्ति। अन्यत्किमपि न ज्ञायते। अङ्गीकृतजीवानां धर्मार्थकामानां विघातं कृत्वा स्वस्वरूपदानं दत्त्वा स्वस्मिन् प्रीतिमुत्पादयति।

यथा बालकः स्नेहं दृष्ट्वा उत्सङ्गे समायाति हास्यं करोति क्रीडति एवं कृष्णोऽपि विज्ञेयः॥

**ઉપક્રમ** :–શ્રીયશોદોત્સંગલાલિત કુમારવયસ્ક શ્રીકૃષ્ણ આવા રસરૂપ છે એમ જાણીને સેવા કરવી. સ્વામી જે સમયે જેની અપેક્ષા કરે તે જ સમર્પવું, એ સેવા. જે પ્રકારે શ્રીકૃષ્ણની ઇચ્છા તે જ પ્રકારે વર્તાય તો જ સિદ્ધિ થાય. આ જ્ઞાન જીવને સ્વતઃ થવું અતીવ અશક્ય છે, તથાપિ શ્રીમહાચાર્યપ્રકટિત સેવારીતિનું અવલોકન કરીને મનમાં ભગવત્પ્રકૃતિની ભાવના કરવી.

**વિષય** :–પ્રભુ દયાપૂર્ણ છે. સર્વથા ભક્તદુઃખને જાણે છે. અત્યન્તનિકટગમ્ય છે. લીલાતિરિક્ત કાંઈ પણ જાણતા નથી. વ્રજજનમાત્રમાં જ પરિચિત છે; અન્ય કાંઈ પણ જાણતા નથી. ક્ષણમાત્રમાં જ સંતુષ્ટ થાય છે. ક્રોધ સ્થિર રહેતો જ નથી. સમ્બન્ધીના વાક્યનું પરિપાલન કરે છે. પરમ ઉદાર

છે; કોઈ પણ દાન કરવામાં વિચાર કરતા નથી. સર્વત્ર એમનું ઉત્તમત્વ. સ્વજન પ્રતિ પક્ષપાતપૂર્ણ છે. લીલામાં નિમગ્ન છે. શોકગ્રસ્ત હૃદયથી દૂર રહે છે, કારણ કે 'શોકગ્રસ્ત જનને જોઈ ને શ્રીકૃષ્ણ દૂર જ જાય છે' ઇત્યાદિ વચન છે. શ્રીવ્રજજનમાં સદા નિરુદ્ધ છે. જેમ બાલક જેનાથી પરિચિત હોય તેના વિના ભક્ષણ કરતો નથી, રુદન કરે છે, તેમ શ્રીકૃષ્ણ ભક્તિમાર્ગીય સ્વજનોને જ વાકેફ છે, અન્ય કોઈ જાણતા નથી. અંગીકૃત જીવોના ધર્મ અર્થ અને કામ દૂર કરી સ્વસ્વરૂપદાન કરીને સ્વસ્વરૂપમાં પ્રીતિ ઉત્પન્ન કરાવે છે.

ઉપસંહાર—જેમ બાલક સ્નેહ જોઈ ને ખોળામાં આવે છે, હાસ્ય કરે છે, ક્રીડા કરે છે, આ પ્રકારે કૃષ્ણની પ્રકૃતિ જાણવી.

## ૫૨. કથાશ્રવણબાધકનિર્ણયः ॥

जीवे हि त्रिविधा शक्तिरविद्यायास्तु वर्तते ।
कार्यत्रयाय सततं निद्रा चिन्तेन्द्रजालता ॥ १ ॥

અવિદ્યાનાં ત્રણ કાર્ય સિદ્ધ કરવાને માટે નિદ્રા ચિન્તા અને ઇન્દ્રજાલતા એવી ત્રણ પ્રકારની અવિદ્યાની શક્તિ જીવ વિશે હમેશાં રહેલી છે. ૧

सकलेन्द्रियवृत्तीनां निद्रा चेतसि यो लयः ।
तत्र चित्तेन सृज्यन्ते पदार्थाः स्वाप्निकाः परे ॥ २ ॥

ચિત્તમાં ઇન્દ્રિયોની બધી વૃત્તિઓનો લય થઈ જવો એનું નામ નિદ્રા. આ નિદ્રામાં બીજા સ્વપ્ન સંબંધી પદાર્થો ચિત્ત વડે ઉત્પન્ન થાય છે. ૨

बाह्यवृत्तिनिरोधात्मा स एव स्वाप उच्यते ।
मनसोऽपि लयः प्राज्ञे सुषुप्तिरिति चोच्यते ॥ ३ ॥

આમ બહારની વૃત્તિઓનું જેમાં રોકાણ થઈ ગયું છે તેવા એ લયને સ્વાપ કહેવામાં આવે છે. પ્રાજ્ઞ એવા પુરુષમાં મનનું પણ વિલીન થઈ જવું એને સુષુપ્તિ કહેવામાં આવે છે. ૩

आनन्दानुभवस्तत्र प्रत्यभिज्ञानबोधितः ॥ ३½ ॥

આ સુષુપ્તિમાં આનન્દનો અનુભવ રહેલો છે, કારણ કે એ સ્થિતિમાં જીવાત્મા પોતાના મૂલ સ્વરૂપને ઓળખે છે અને એને લઈ એ આનન્દાનુભવ જાગે છે. ૩½

अज्ञानहेतुर्निद्रा स्याच्चिन्तान्यज्ञानकारणम् ॥ ४ ॥

નિદ્રા એ અજ્ઞાનના કારણરૂપે રહેલી છે, જ્યારે જુદા પ્રકારનું જ્ઞાન થવાને કારણે ચિન્તા રહેલી છે. ૪

अन्यथाज्ञानहेतुस्तु प्रोक्ता तत्रेन्द्रजालता ॥ ४½ ॥

જેનાથી ઊલટા જ પ્રકારનું—અવળું જ્ઞાન થાય તેનું નામ ઇન્દ્રજાલતા છે, (જેવી કે છીપમાં રૂપાની ભ્રાન્તિ). ૪½

अज्ञानमन्यविज्ञानमन्यथाज्ञानमेव च ॥ ५ ॥
कार्यत्रयमविद्याया जीव एवेति निश्चयः ॥ ५½ ॥

અજ્ઞાન, ઇષ્ટથી બીજાનું જ્ઞાન અને ઊલટા પ્રકારનું જ્ઞાન, આ ત્રણ જીવને વિશે અવિદ્યાનાં કાર્ય છે એમ નિશ્ચય જાણવો. ૫½

तत्र कृष्णकथा लीलागुणरूपविबोधकृत् ॥ ६ ॥
अज्ञानहेतुतो निद्राशक्तिस्तस्या विरोधिनी ॥ ६½ ॥

શ્રીકૃષ્ણચન્દ્રજીની કથા એમનાં લીલા, ગુણ અને રૂપનો વિશેષ બોધ કરનારી છે. નિદ્રા એ બોધથી ઊલટું

જે અજ્ઞાન તેમાં કારણભૂત છે, માટે નિદ્રા કથામાં બાધક બને છે. ૬½

यथा प्रत्यर्थिसम्प्राप्तौ बाधायोत्तिष्ठते रिपुः ॥ ७ ॥
तथा निद्रा कथायास्तु बाधायोत्तिष्ठते क्षणात् ।
अतः कृष्णकथाश्रोता निद्रान्ते जायते नरः ॥ ८ ॥

જે પ્રમાણે શત્રુ માર્ગમાં પ્રાપ્ત થતાં એનો શત્રુ એને અડચણ કરવાને ખડો થાય છે તે પ્રમાણે નિદ્રા ક્ષણ માત્ર માટે કથામાં બાધ કરવા ખડી થાય છે; માટે નિદ્રાને અન્તે માણસ કથાનું શ્રવણ કરનારો બને છે. ૭-૮

यथा निद्रानिवृत्तिस्तु लोके क्लेशेन चिन्तया ।
तथा संसारसन्तप्तश्रवणे कृष्णचिन्तया ॥ ९ ॥
अतः परीक्षिच्छुकयोर्न साभूद् बाधिका क्वचित् ॥९½॥

લોકમાં માણસને કાંઈ કલેશ થયો હોય કે કાંઈ ચિન્તા થઈ હોય તો એનાથી નિદ્રા ઊડી જાય છે તે જ પ્રમાણે સંસારથી સન્તપ્ત થયેલો જીવ જ્યારે શ્રવણ કરે તે સમયે એને પ્રભુવિષયક વિચાર આવતાં નિદ્રા ઊડી જાય છે. આથી જ ભાગવતજીનાં ઉપદેશ અને શ્રવણ વખતે અનુક્રમે શ્રીશુકદેવજી અને રાજા પરીક્ષિતને (રાત દિવસ પર્યન્ત) નિદ્રા ક્યાંય પણ અડચણ કરનારી થઈ નહિ. ૯

इदानीन्तनलोकानां न संसारोऽस्ति दुःखकृत् ॥ १० ॥
कृष्णचिन्तापि नैवास्ति ततो निद्रा हि बाधते ॥ १०½ ॥

અત્યારનાં મનુષ્યોને સંસાર પણ કાંઈ દુઃખ કરનારો નથી કે એઓને પ્રભુવિષયક કાંઈ વિચાર પણ હોતો નથી; એથી કરીને જ નિદ્રા અડચણરૂપ થઈને પડી છે. ૧૦½

तया विमोहिताः कृष्णकथामाकर्णयन्ति हि ॥ ११ ॥
अत एव न विज्ञानं जायते सर्वतो हरेः ॥
ततः संसारसंसक्ता भ्रमन्त्याभूतसम्प्लवम् ॥ १२ ॥

એ નિદ્રાથી મુગ્ધ મનુષ્યો પ્રભુની કથાનું શ્રવણ કરી રહેલાં છે; તેથી કરીને એઓને પ્રભુવિષયક સર્વદેશી વિશેષ જ્ઞાન થતું નથી, અને તેથી સંસારમાં જ જેને આસક્તિ છે તેવાં એ મનુષ્યો પ્રલય સુધી જન્મમરણના ચક્કરમાં ભમ્યા કરે છે. ૧૧-૧૨

तस्माद्विरागं सम्पाद्य दृढं गृहधनादिषु ।
आर्तिं च कृष्णपादाब्जदर्शनस्पर्शनार्थिकाम् ॥ १३ ॥
कृष्णातिरिक्तसंसारे दुःखबुद्धिं च सर्वथा ।
आनन्दभिन्ने श्रोतव्या कथा कृष्णस्य सर्वदा ॥ १४ ॥

માટે જ ઘર ધન વગેરેમાં દૃઢ વૈરાગ્ય પ્રાપ્ત કરી, શ્રીકૃષ્ણચન્દ્રજીનાં ચરણકામલનાં દર્શન અને સ્પર્શની ઇચ્છાવાળો તાપ ક્લેશ મેળવી અને કૃષ્ણ-સંબંધ જેમાં નથી તેવા ક્લેશરૂપ અન્હંતામમતાત્મક સંસારમાં એ દુઃખરૂપ છે એવી હરેક રીતે સમજ કેળવી હમેશાં પ્રભુની કથા સાંભળવી. ૧૩-૧૪

तदा निद्रादयो दोषा दुर्बला प्रबलात्मनः ।
श्रोतॄन्नैव हि बाधन्ते निःसारा इव शत्रवः ॥ १५ ॥

આ પ્રમાણે જો કથાશ્રવણ કરવામાં આવે તો જે પ્રમાણે હીનબળ શત્રુ કાંઈ પણ અડચણ કરી શકતો નથી તે પ્રમાણે પ્રબળ છે આત્મા જેનો તેવા શ્રોતાજનોને દુર્બળ એવા નિદ્રા વગેરે દોષો કાંઈ પણ અડચણ કરી શકતા નથી. ૧૫

## ५३. सत्सङ्गनिर्णयः ॥

(અનુવાદક : શ્રી. વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી)

यथा जलं तु प्रसृतं सर्वत्रैव च तिष्ठति ।
अत एव प्रयत्नेन लभ्यते खननादिना ॥ १ ॥
प्रयत्ने तारतम्यं च दृश्यते भूमिभेदतः ।
क्वचिच्छीघ्रं प्रकटति क्वचित् कालेन भूरिणा ॥ २ ॥
यत्नेन कूपवाप्यादितडागादिषु लभ्यते ।
क्वचित्तु यत्नविरहेऽप्यस्ति नद्यादिषु स्वतः ॥ ३ ॥
उभयत्रापि यस्त्यक्त्वा सर्वं तत्रैव तिष्ठति ।
तस्य तत्सुलभं तत्र कूपे कश्चित् श्रमोऽपि हि ॥ ४ ॥
नद्यादिषु स्वतः पानमश्रमेणैव जायते ।
यो न तिष्ठति तद्देशे परित्यज्य गृहादिकम् ॥ ५ ॥
भवेत्तदुपयोगाय घटादिस्थितमेव हि ।
तत आनीतमप्येतद्योग्ये पात्रे च तिष्ठति ॥ ६ ॥
तत एव समस्तानामुपयोगः प्रसिध्यति ॥ ६½ ।

**ભાવાર્થ**—જલ સર્વ [1]સ્થલે પ્રસરેલું છે અને સર્વ સ્થલે રહે છે. એથી જ ખનન (ખોદવું) વગેરે પ્રયત્ન વડે એ પ્રાપ્ત થાય છે. જલને મેળવવા માટે કરવામાં આવતા પ્રયાસમાં કેટલીક વિલક્ષણતા રહેલી જોવામાં આવે છે એ પૃથ્વીના ભેદથી, અર્થાત્ કઠિન અને પોચી જમીનના પ્રમાણમાં ખોદવાનો પ્રયાસ વધારે અને થોડો અનુભવાય છે, કોઈ ઠેકાણે થોડા જ પ્રયત્નથી જલદી જલ પ્રાપ્ત થાય છે, કોઈ ઠેકાણે ઘણો

૧. જલ પાંચ મહાભૂતોમાંનું ચોથું મહાભૂત હોવાથી સર્વ સ્થલે વ્યાપ્ત છે. વાયુ પૃથ્વી વગેરે જેમ વ્યાપ્ત છે તેમ જલ પણ કોઈ સ્થલે સમૂહરૂપે તો કોઈ સ્થલે પરમાણુરૂપે વ્યાપ્ત છે.

સમય વીત્યા પછી જલ પ્રકટ થાય છે. થોડા પ્રયાસથી અર્થાત્ અંદરથી બહાર કાઢવા જેટલા જ યત્નથી કૂવા વાવ તળાવ વગેરેમાંથી જલ મળી શકે છે. કોઈ ઠેકાણે તો મહેનત વિના જ સ્વતઃ જલ મળી શકે છે; જેમકે નદી વગેરેમાં. કૂવા અને વાવ વગેરેમાં પ્રયત્ન—વધારે મહેનત છે, તળાવ વગેરેમાં યત્ન—થોડો શ્રમ છે; એ બન્ને છોડીને જે નિરન્તર નદી વગેરેની સમીપમાં જ રહે તેને વિના શ્રમે જલ મળે અને ઘણું જ સુલભ થઈ પડે. કૂવામાંથી જલ પ્રાપ્ત કરવામાં કાંઈક શ્રમ પણ છે, પરન્તુ નદી વગેરેમાંથી તો પરિશ્રમ વિના જ સ્વતઃ જલપાન થઈ શકે છે. જે પુરુષો ગૃહ વગેરેનો ત્યાગ કરીને શ્રમ વિના જલ પ્રાપ્ત કરી શકે તેવા દેશમાં નથી રહેતા તેઓના ઉપયોગમાં ઘડા વગેરેમાં રહેલું જલ આવે છે, એ પણ શ્રમ વિના જ. જો-કે એ જલ નદી વગેરેમાંથી લાવવામા આવ્યું છે, પરન્તુ એ યોગ્ય—શુદ્ધ પાત્રમાં હોય તો જ ખપમાં આવે છે, એથી સમસ્ત જલનો ઉપયોગ સિદ્ધ થાય છે. ૧—૬½

> तथा ब्रह्म व्यापकत्वात्सर्वत्रैव हि तिष्ठति ॥ ७ ॥
> ज्ञानिनां तत् प्रयत्नेन प्रकटीभवति स्वतः ।
> सुदेशे च तथा काले सत्यादावल्पयत्नतः ॥ ८ ॥
> अन्यथा भूयसा काले श्रमेणाविर्भवेत् पुनः ॥ ८½ ॥

**ભાવાર્થ**—એવી જ રીતે બ્રહ્મ પણ વ્યાપક હોવાથી બધે ઠેકાણે રહે છે. જેમ જલ સર્વ સ્થલે છે તેમ બ્રહ્મ પણ સર્વત્ર વ્યાપક છે. ઘણો પ્રયાસ કરવાથી જેમ જલ પ્રકટ થાય છે તેમ ઘણો યત્ન કર્યા પછી જ્ઞાનીઓ સમક્ષ

એ બ્રહ્મ સ્વતઃ પ્રકટ થાય છે. કઠિન અને પોચી પૃથ્વીના પ્રમાણમાં વધતો ઓછો પરિશ્રમ જલને માટે કરવો પડે છે તેમ જ બ્રહ્મને માટે પણ સારો દેશ અને સત્યયુગ વગેરે સારો સમય હોય તો થોડો પ્રયાસ વેઠવો પડે છે અને દેશકાલ સારા ન હોય તો ઘણો કાલ વીતે છે અને શ્રમ પણ ઘણો જ વધે છે, ત્યાર પછી જ એ બ્રહ્મ પ્રકટ થતું જણાય છે. ૭–૮½

भक्तानां स्वेच्छया कृष्णो यशोदादिषु तूद्गतः ॥ ९ ॥
ततो भावेनानयनं न प्रयत्नोऽस्ति कश्चन ।
तत्रापि ये त्यक्तगृहास्तेषां तिष्ठति सन्निधौ ॥ १० ॥

**ભાવાર્થ**—જેમ નદીનું જલ સ્વતઃ છે તેમ ભક્તોના ઉદ્ધાર માટે પ્રભુ પોતાની જ ઇચ્છાથી શ્રીયશોદાજી વગેરેમાં ભાવરૂપે પ્રાદુર્ભાવ પામે છે. એ પ્રકટ થયેલા પ્રભુને હૃદયમાં અથવા બહાર પધરાવવા એ પણ ભાવથી જ; એમાં કાંઈ પ્રયત્નની જરૂર નથી. જેમ નદીનું જલ લેવામાં કૂવા વગેરે બીજા જલાશયો જેટલો પરિશ્રમ નથી તેમ જ નિજાનન્દદાનાર્થ પ્રકટ થયેલા પ્રભુને ભાવથી જ હૃદયમાં અથવા બહાર પધરાવતાં થોડો પણ પરિશ્રમ લાગતો નથી. એમાં પણ જે લોકો ઘરનો ત્યાગ કરીને નદીની સમીપમાં વસે છે તેઓને જેમ જલ સુપ્રાપ છે તેમ જેઓ ગૃહાદિકનો ત્યાગ કરીને અવ્યાવૃત્ત થઈને રહેલા છે તેઓને તો એ ભાવાત્મક પ્રભુ સન્નિધાનમાં જ રહે છે. ૯–૧૦

ज्ञानिनां व्यापकत्वेन हृदयस्थो बहिर्न हि ।
अतो ध्यानादिना कश्चित् श्रमस्तत्र तु विद्यते ॥ ११ ॥

भक्तानां भावरूपेण बहिरन्तश्च तिष्ठति ।
अतो न तेषां ध्यानादिश्रमः कश्चिदपेक्षितः ॥ १२ ॥

**ભાવાર્થ**—બ્રહ્મ સર્વત્ર વ્યાપક છે એમ માનીને જ્ઞાની લોકો અનેક સાધનો કરીને એને પ્રાપ્ત કરે છે, પરન્તુ વ્યાપકરૂપ ભાવનાથી પ્રભુ એના હૃદયમાં પધારે છે, પણ બહાર પધારતા નથી. હૃદયમાં તો સાક્ષીરૂપે વિરાજતા જ હોવાથી જ્ઞાની લોકોને બહુ શ્રમ કરવો પડતો નથી, પરન્તુ ધ્યાનધારણાદિ દ્વારા થોડા શ્રમની જરૂર એઓને રહે છે. ભક્તોના પ્રભુ તો ભાવરૂપ હોવાથી ભાવસ્વરૂપે અન્દર અને બહાર બિરાજે છે, એટલે ભક્તોને ધ્યાન વગેરે કરવાનો કોઈ પણ શ્રમ કરવો પડતો નથી. ૧૧–૧૨

अव्यक्तभावना ये तु ज्ञानिनस्ते तु दूरगाः ।
तेषां चेत् कश्चिदागत्य पाययेत् प्राप्यते तदा ॥ १३ ॥
अतस्तेषामन्यजीवाधीनता सर्वदैव हि ॥ १३½ ॥

**ભાવાર્થ**—વ્યાપક અને હૃદયમાં રહેલા પ્રભુને ઓળખવા અવ્યક્તની ભાવના જે જ્ઞાનીઓ કરે છે તે દૂર જનારા છે, અર્થાત્ સમીપમાં રહેલાં સુપ્રાપ નદીજલને ત્યજીને દૂર રહેનારા છે. એઓને કોઈ જઈને જલ પાય તો જ એઓ જલ પ્રાપ્ત કરી શકે, નહિ તો નહિ. अव्यक्तं व्यक्तिमापन्नं, अव्यक्ता हि गतिर्दुःखं ઇત્યાદિ ભગવદ્વાક્યાનુસાર અવ્યક્તની ભાવનાવાળાઓને દુઃખ જ પ્રાપ્ત થાય છે, કોઈ એઓને જ્ઞાન આપનાર મળે તો જ એઓ ઠેકાણે આવે. એ કારણથી એઓ નિરન્તર બીજા જીવોને અધીન બનીને રહેલા હોય છે. ૧૩½

गृहस्थितास्तु ये भक्तास्तेषां सान्निध्यदूषणात् ॥ १४ ॥
अतो हरिर्येषु तिष्ठेद्योग्येषु स्वजनेषु हि ।
तत्सान्निध्ये सदा कृष्णः स्वोपभोगाय जायते ॥ १५ ॥
कृष्णाशयैव दुःखित्वं तृषयेव तृषावताम् ।
अन्यथान्तः सदा येषु पूर्णः कृष्णो विराजते ॥ १६ ॥
गुणैः सेवादिभिस्तेषां सतां सततसन्निधौ ।
स्वोपभोगाय कृष्णः स्यात्तदास्यविवरोद्गतः ॥ १७ ॥

ભાવાર્થ—ગૃહમાં રહેનારા ભક્તોને સન્નિધિમાં-સમીપમાં રહેનારાંઓના દોષ જલદી વળગે છે તેથી એઓએ જેમાં પ્રભુ રહેતા હોય, જેમનાં નેત્રમાં ગિરિવર-ધરણુ ઝળકતા હોય તેવા યોગ્ય સ્વજનો પાસે—પોતાના જનો પાસે રહેવું. એવા ભગવદીય સ્વજનોમાં રહેલા પ્રભુનો ઉપભોગ, અર્થાત્ પ્રભુના સ્વરૂપામૃતનું પાન એ ભગવદીયોના સન્નિધાનમાં રહેવાથી નિરન્તર કરી શકાય છે. જેમ શુદ્ધ ઘટાદિક પાત્રોમાં ભરી રાખેલું જલ પોતાના ઉપયોગમાં આવે છે તેમ ભગવદીયોમાં બિરાજતા પ્રભુનો સ્વરૂપાનંદ એમની સમીપમાં રહેવાથી પ્રાપ્ત થાય છે. ગૃહમાં એવી રીતે નિવાસ કરતાં દુઃખ પ્રાપ્ત થાય તે પણ પ્રભુની આશાથી જ., જેમ તૃષાવાળા-ઓને તૃષાથી દુઃખ થાય છે તેમ પ્રભુની લગન જેને લાગી છે તેને દુઃખ પ્રાપ્ત થાય છે : એ પ્રભુ ક્યારે મળે એવી આશાથી થાય છે. આ સમય ક્યારે પ્રાપ્ત થાય છે કે જ્યારે ગૃહમાં ઉપર જણાવેલા ભગવદીય સ્વજનો ન મળે ત્યારે; જેમકે ગૃહમાં જલ ન હોય અને તૃષા તો લાગી હોય અને પછી જેમ દુઃખ પ્રાપ્ત થાય છે તેમ ભગવત્સ્વ-

રૂપાનન્દનું પાન કરવાને જીવ તલસી રહ્યો હોય અને પ્રભુના સ્વરૂપામૃતનું પાન કરાવી શકે એવા યોગ્ય સ્વજન ન મળે ત્યારે ગૃહમાં સ્થિતિ કરતાં આવી રીતે દુઃખ પ્રાપ્ત થાય છે, માટે બીજો માર્ગ પ્રભુ ઉપદેશે છે. આવું દુઃખ અનુભવી શકતા ન હોય તેઓએ ભગવદીયોની સેવા કરવી. ભગવદીયો કેવા હોવા જોઇયે ? ભગવદીયો એવા હોવા જોઇયે કે જેઓમાં પૂર્ણપુરુષોત્તમ સદાનન્દ પ્રભુ બિરાજતા હોય. એવા ભગવદીયોની સમીપમાં નિરન્તર રહેવાથી અને સેવા વગેરે ગુણોથી એ ભગવદીયોના મુખારવિન્દમાં પ્રકટ થતા પ્રભુના સ્વરૂપાનન્દનો અનુભવ કરી શકાય. એવા ભગવદીયોના મુખમાંથી, પર્વતની ગુફાઓમાંથી જેમ શીતલ જલ જ નિરન્તર ઝર્યા કરે છે અને તૃષાતુરોની તૃષાને—તાપથી તપેલાઓના તાપને બુઝાવે છે તેમ જ ભગવત્સ્વરૂપામૃતનો અખંડ ઝરો નીક્ષરે છે અને પ્રભુને મળવા ઇચ્છનારાઓના મનોરથો પૂર્ણ કરે છે. ૧૪–૧૭

तस्माद् भक्तियुतैर्भक्तिसाधकैस्तु गृहस्थितैः ।
तादृक्कृत्सङ्गसंसक्तैः सदा स्थेयं, ततो हरिः ॥ १८ ॥
भवत्येवानुभूतस्तु नान्यथा सर्वथा भवेत् ॥ १८½ ॥

**ભાવાર્થ**—ઉપર કહેલાં કારણોથી ભક્તિથી યુક્ત અને ભક્તિના સાધકોએ ગૃહમાં રહીને એવા ભગવદીયોના જ સંગમાં સદા રહેવું. એવા માર્ગમાં પ્રવેશ કરેલા ભગવદીયોએ અને સેવા સિદ્ધ કરવાની ઇચ્છા રાખનારાઓએ ઉપર જણાવેલા મહાનુભાવી ભગવદીયોનો જ સત્સંગ કરવો; નિરન્તર એમની પરિચર્યા કરતાં કરતાં એમની જ પાસે

રહેવું. એમ કરવાથી પ્રભુનો અનુભવ થાય છે, નહિ તો કોઈ પણ ઉપાય કરવાથી ભગવદનુભવ તો ન જ થાય. ૧૮-૧૮ઽ

भक्तिमार्गपरित्यागं भावेन विरहात्मकम् ॥ १९ ॥
कृत्वा येऽवस्थितास्तेषां जीवदेहेन्द्रियादिषु ।
प्रविष्टो भगवानेव भावेन विरहात्मकः ॥ २० ॥
कोशवत्तच्छरीरादि प्रतिमेव हरिः स्वयम् ।
अतस्ते भगवद्रूपास्तेषां सङ्गो ह्यपेक्षितः ॥ २१ ॥

ભાવાર્થ—ભક્તિમાર્ગીય સન્ન્યાસ લેનારા ભગવદીયો ભગવદ્રૂપ જ છે. ભક્તિમાર્ગીય સન્ન્યાસ ભાવ વડે લઈ શકાય છે. એ વિરહાત્મક છે. हा नाथ रमण प्रेष्ठ क्वासि क्वासि महाभुज એ ફલપ્રકરણોક્ત સન્ન્યાસ–પ્રભુના મહાવિપ્રયોગનો અખંડ અનુભવ પ્રાપ્ત થાય ત્યારે ભક્તિમાર્ગીય સન્ન્યાસ થયો કહેવાય. એવો સન્ન્યાસ સ્વીકારીને જેઓ રહેલા છે તેઓનાં જીવ દેહ ઇન્દ્રિય વગેરેમાં સાક્ષાત્ વિરહવહ્નાનલરૂપ ભાવ વડે પ્રભુ પ્રવેશ કરે છે. પ્રભુ રસરૂપ હોવાથી શૃંગાર પણ સંયોગ વિપ્રયોગરૂપ દ્વિદલાત્મક હોવાથી રસાત્મક પ્રભુ ભક્તનાં દેહેન્દ્રિયાદિમાં પ્રવેશે છે. ભક્તનાં શરીર વગેરે તો તરવારનાં મ્યાન જેવાં જ છે. જેમ પ્રભુ સાક્ષાત્ પ્રતિમામાં—સદ્રૂપ મૂર્તિમાં પ્રવેશ કરે છે અને એ સ્વરૂપ જ અનુભવાય છે તેમ જ વિરહાત્મક પ્રભુ જ્યારે દેહેન્દ્રિયાદિક-માં પ્રવેશ કરે છે ત્યારે ભક્તો ભગવદ્રૂપ થઈ જાય છે. માટે એઓનો સંગ તો અવશ્ય કરવો. એમના આશ્રયથી જીવને આધીન બનવાને દોષ નથી. ૧૯–૨૧

इति श्रीवल्लभाचार्यकृपामात्राभिकाङ्क्षिणा ।
हरिदासेन विहितो मुदा सत्सङ्गनिर्णयः ॥ २२ ॥

શ્રીવલ્લભાચાર્યજીની કૃપામાત્રની અભિલાષા ધરાવનારા શ્રીહરિદાસે આ સત્સંગનિર્ણય આનન્દથી રચ્યો છે. ૨૨

## ૫૪. कार्पण्योक्तिः ॥

(અનુવાદક—પં. શ્રી. બદરીનાથ કશીનાથ શાસ્ત્રી)

**वाञ्छामि सेवनं नाथ, स्वार्थं न, पदयोस्तव ।**
**न जाने तत्र को वास्ति प्रतिबन्धो ह्यदृष्टजः ॥ १ ॥**

**ભાવાર્થ**—હે નાથ! હે હૃદયેશ્વર! આપનાં પરમ કોમલ ચરણારવિન્દની સેવા કરવાની ઇચ્છા રાખું છું. એ પણ હે પ્રભો, મારા લૌકિક સુખની જરા પણ આશા રાખ્યા સિવાય જ સેવા માગું છું. ગમે તેટલા અને તેવા લૌકિક સ્વાર્થો સરે, પણ પરમકૃપાલુ આપશ્રીના ચરણમાં પ્રીતિ કર્યા વગર કંઈ ચેન ન જ પડે. હે પ્રભો! વારંવાર આપની સેવા માગું છું છતાંય મારો પ્રતિબન્ધ મટતો નથી. કદાચ પૂર્વજન્મનાં પ્રારબ્ધ એવાં હશે કે શું ? હે નાથ! આપ તો પ્રારબ્ધને પણ મટાડનારા અને પાપોને દૂર કરનારા છો તેથી જીવને પ્રતિબન્ધ ન જ હોય, તથાપિ હું કાંઈ સમજી શકતો નથી કે શા માટે આપની સેવામાં પ્રતિબન્ધ આવે છે. ૧

**न ज्ञानं न च वैराग्यं नापि भक्तिस्तथाविधा ।**
**कथं मे मनसो दार्ढ्यं भवेन् निःसाधनस्य हि ॥ २ ॥**

**ભાવાર્થ**—હે પ્રભો, શાસ્ત્રોમાં સાંભળ્યું છે કે સાધનોથી સાધ્ય સિદ્ધ થઈ શકે છે. એ પ્રમાણે મારી પાસે એવાં સાધનો પણ નથી, હું તો કેવળ નિઃસાધન છું. ભગવચ્છાસ્ત્રોમાં આજ્ઞા કરી છે કે ज्ञानं कर्म च भक्तिश्च—જ્ઞાન કર્મ અને ભક્તિ આ ત્રણ પ્રકારે પ્રભુ મળે છે. વળી શ્રીમદ્ભગવદ્ગીતામાં પણ આજ્ઞા કરી છે કે 'नहि ज्ञानेन

सदृशं पवित्रमिह विद्यते। જ્ઞાન સિવાય આ જગતમાં કોઈ પવિત્ર વસ્તુ નથી. તો મારામાં એ મુજબ જ્ઞાન પણ નથી. બીજું સાધન શાસ્ત્રમાં વૈરાગ્ય કહેલ છે. શ્રીમદાચાર્યચરણે પણ વૈરાગ્યપાલન કરવા માટે ખાસ આજ્ઞા કરી છે. એ પ્રમાણે મારામાં વૈરાગ્ય પણ નથી, કારણ કે લૌકિક આસક્તિ નાશ ન પામે ત્યાંસુધી આપનામાં આસક્તિ થતી નથી. તેમજ ઉત્તમ પ્રકારની અર્થાત્ પ્રેમલક્ષણા ભક્તિ પણ મારામાં છે નહિ. ઉત્તમ ભક્તિ પ્રાપ્ત કર્યા પછી જીવોને કોઈ પણ અવશેષ કાર્ય રહેતું નથી. જેવી રીતે શ્રુતિરૂપા ગોપીજનોએ આપની શુદ્ધ ભાવથી ભક્તિ કરી ઉત્તમોત્તમ સેવાનું ફળ પ્રાપ્ત કર્યું છે તેવી રીતે, હે પ્રભો, મારામાં ભક્તિરૂપી પણ સાધન નથી, આવી રીતે ચોતરફથી હે નાથ, હું તો સાધનરહિત થયો છું. આચાર્યશ્રીએ આજ્ઞા કરી છે કે मानसी सा परा मता—સેવાના દરેક પ્રકાર કરતાં માનસી સેવા સર્વશ્રેષ્ઠ છે. એટલે ચંચલ મનનો દરેક વ્યવહાર આપશ્રીમાં જ હોઈ શકે. એ મુજબ જ્યારે મારાથી માનસી સેવા સિદ્ધ થઈ નથી તો મારું મન આપનાં ચરણકમળની સેવામાં શી રીતે દૃઢ થઈ શકશે? આપની કૃપા સિવાય મારું સામર્થ્ય છે જ નહિ. ૨

**लौकिके क्लेशहेतौ मे सर्वदा मनसो गतिः ।**
**न वेद्मि केन दोषेण वर्तते लौकिकप्रियः ॥ ३ ॥**

**ભાવાર્થ**—હે કૃપાનાથ, જ્યાંસુધી મનનો દરેક વ્યવહાર લૌકિક સુખ માટે ગૂંથાયેલો હોય છે ત્યાંસુધી સ્વભાવદુષ્ટ જીવ ખરું સુખ અને ખરું દુઃખ ઓળખી શકતો નથી. લોકમાં બહુ જ બારીકાઈથી જોઉં છું તો કેવળ

ક્લેશ સિવાય અન્ય કાંઈ પણ મળતું નથી, કારણ કે જ્યાં અહન્તા અને મમતા બન્ધાય છે ત્યાં ક્લેશ સિવાય કંઈ હોતું જ નથી. શ્રીભાગવતમાં પણ तेषामसौ क्लेशल एव शिष्यते –લૌકિક સુખમાં રચીપચી રહી આપની સેવાને ન કરનારા જીવો માટે ક્લેશ જ બાકી રહે છે. એ જ રીતે કેવલ ક્લેશના કારણરૂપ આ લોકમાં મારા મનની ગતિ નિત્ય દેખાય છે. હે પ્રભો, એવી એક પણ ક્ષણ જતી નથી કે જેમાં મારું મન લૌકિક સુખની ચિન્તા કરવામાંથી બચેલું હોય. હે ભગવાન, એવો મારો કયો દોષ હશે કે મારા ચિત્તમાં હંમેશાં લૌકિક પ્રેમ અને સુખની સંકલના જ જાગતી રહે છે? જ્યાંસુધી લોકમાં પ્રીતિ હોય ત્યાંસુધી હું આપના અલૌકિક સ્વરૂપને શી રીતે સમઝી શકું? ૩

**त्वया सर्वसमर्थेन सर्वकर्त्राऽखिलेष्वपि ।**
**यदि मे न हि निस्तारस्त्रिलोक्यां का गतिर्मम ॥ ४ ॥**

**ભાવાર્થ**—હે કૃપાનાથ! આપ તો कर्तुम् अकर्तुम् अन्यथाकर्तुम् સર્વસમર્થ છો. ગમે તેવું અન્ય દેવાદિકથી ન બની શકે તેવું કાર્ય હોય તોપણ આપ આપના ભક્ત માટે એ કાર્ય કરી શકો છો, અને ઘણી વખત આપશ્રીના ભક્તજનનો ઉદ્ધાર કરવા માટે આપે અસાધારણ કામો કરેલાં પણ છે. આપનાં પરમભક્ત ગોપીજનો તેમજ મર્યાદાના ભક્તો પ્રહ્લાદ અર્જુન વગેરેના ઉદ્ધાર માટે આપે સમર્થ કાર્યો કરેલાં છે, તો હે પ્રભો, સર્વસમર્થ એવા આપશ્રીથી મારો કદાચ નિસ્તાર થશે; નહિ તો પછી ત્રણ લોકમાં પણ મારું રક્ષણ કરનાર હોય જ નહિ, કારણ કે આપને છોડીને બધા જીવો અને દેવો પ્રાકૃત

છે, અસમર્થ છે, અપૂર્ણ છે. જો આપ સર્વસમર્થ પ્રભુ પોતે જ આ પ્રબળ ગતિવાળા લોકમાંથી તારવી આપની સેવામાં પ્રવેશ કરાવો તો જ બની શકે એમ છે, નહિતો હે પ્રાણનાથ, મારી ગતિ આપના સિવાય છે જ નહિ. ૪

**दुष्टतां स्वस्य जानामि धर्मत्यागं च सर्वथा ।**
**किं करोमि न वै किञ्चित् स्वाधीनं सेवकस्य मे ॥ ५ ॥**

**ભાવાર્થ**—હે સર્વાધાર પ્રભો, શ્રીમદાચાર્યચરણની આજ્ઞા છે કે जीवाः स्वभावतो दुष्टाः—જીવો પોતાના સ્વભાવથી દુષ્ટ છે, અર્થાત્ પોતાના સ્વાર્થ સારુ મોટા લાભનો ત્યાગ કરે છે, એ મુજબ હું પણ લૌકિક સુખ અને સ્વાર્થમાં વધારે આસક્તિવાળો હોઈને આપને વખતોવખત પરિશ્રમ આપું છું, કારણ કે સ્વભાવ એવો હોય છે કે કોઈ સાધારણ વ્યક્તિથી એ કાબૂમાં આવી શકતો નથી. શ્રીમદ્ભાગવતમાં પણ આજ્ઞા કરી છે કે स्वभावो दुस्त्यजो नाथ— કાલિયનાગ સ્તુતિ કરતાં કહે છે કે હે પ્રભો, જીવોનો સ્વભાવ એકદમ સુધરી શકતો નથી; આપની કૃપા હોય તો જ સ્વભાવપરિવર્તન થઈ શકે. એ પ્રમાણે, હે નાથ, મારી દુષ્ટતા હું બરાબર સમજું છું. તેમ જીવનો ધર્મ આપની ભક્તિ કરવાનો છે. सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः એ શ્રીમદાચાર્યચરણની આજ્ઞા અનુસાર અમારો તો ખાસ ધર્મ આપની સેવા કરવાનો છે. એ સેવા પણ લૌકિકાસક્તિ હોવાથી છૂટી જાય છે. હે પ્રભો, હું શું કરું ? મારી સત્તાની વાત જરા પણ નથી, તેમ મારા તાબાનું કશુંયે નથી, જેથી કરીને હું મારી દુષ્ટતાનો ત્યાગ કરી આપની સેવા કરવાને તત્પર બનું. આપના કૃપાબલ સિવાય મારું કશું પણ સામર્થ્ય નથી. ૫

**सेवकाभासता यद्यप्यस्ति नाथ तवापि तु ।**
**निजाचार्यबलादेव पश्य मां करुणादृशा ॥ ६ ॥**

**ભાવાર્થ**—હે કૃપાનાથ, જોકે મારામાં આપના સેવકોના જેવો આભાસ તો છે, પણ એ આભાસથી શું ફલ મળવાનું છે? આભાસ તો ખોટો અર્થ પ્રતિપાદન કરનારો હોય છે, તેથી એ ગમે તેવો પ્રબલ આભાસ હોય તેનાથી પણ મારો શો અર્થ સરવાનો છે? સ્વપ્નમાં પ્રાપ્ત કરેલા ભોજનનું ફલ ખરું હોતું જ નથી, જાગ્રત દશામાં એ ભોજન નામશેષ જ રહી જાય છે, એવી જ રીતે હે પ્રભો, સેવાનો આભાસ તો ફક્ત જગતના લોકોને છેતરવા પૂરતો જ દેખાય છે. હે દયાનિધાન, મારી આવી સ્થિતિ હોવાથી આપ શ્રીમદાચાર્યચરણના સમ્બન્ધથી પણ મારા ઉપર કૃપાની વૃષ્ટિ વર્ષાવી દર્શન આપવા કૃપા કરો, કારણ કે શ્રીમદાચાર્યચરણ આપના વદનાવતાર છે અને આપશ્રીના સ્વરૂપથી એ વદનસ્વરૂપ બિલકુલ અળગું નથી. એટલા સારુ આપને વારંવાર વીનવું છું. આપ તો મારા અંશી અને વશી છો; અર્થાત્ અમે સર્વ જીવો આપના દાસરૂપ અંશો છિયે અને આપને જ વશ છિયે. અંશીએ તો દાસરૂપ અંશો તરફ કૃપા કરવી જ જોઇયે જોકે હે નાથ, આપ તો સદા કૃપાળુ હોવાથી કૃપા કરો છો, પણ અમારાં લૌકિક આવરણોથી આપની કૃપા જીવ ઓળખી શકતો નથી, માટે આપ કરુણામય દૃષ્ટિ અમારા ઉપર કરો કે જેથી અમો આપની કૃપા ઓળખતા થઇયે. ૬

**न चैतदुचितं नाथ त्वदीयो दैन्यमेव हि ।**
**प्राप्नोति सर्वतो नित्यं परिहासास्पदं तव ॥ ७ ॥**

**ભાવાર્થ**—હે ભગવાન, હે નાથ, આપ સર્વસમર્થ અને કૃપાળુ છો, અને કૃપા એ આપનો અસાધારણ ધર્મ છે, એટલે અમે સ્વાર્થી હોવા છતાં પણ આપ તો કૃપાદૃષ્ટિથી જ અમારો ઉદ્ધાર કરો એમાં શંકા હોય જ નહિ. છતાં પણ હે નાથ, આપનો ભક્ત થઈને લોકમાં ચોતરફથી તુચ્છ સ્વાર્થની ખાતર કંગાલ જેવો ફરતો રહે એ તો આપને પણ ઠીક લાગે નહિ, કારણ કે આપની સમક્ષમાં દૈન્ય પ્રાપ્ત કરીને આપનાં અલૌકિક દર્શન માટે પ્રયાસ કરવામાં આવે એ જ યોગ્ય ગણાય. પરન્તુ, લૌકિક તુચ્છ પુત્ર પૌત્ર ધન વગેરેનાં સુખ પ્રાપ્ત કરવા માટે જે પ્રયત્ન કરવામાં આવે અને એને અંગે લૌકિક ઈશ્વર સમક્ષ દીનતા–કાકલૂદી કરવામાં આવે એ તો આપના તરીકે ઓળખાતા ભક્તને માટે જરા પણ ઉચિત નથી. કદાચ આપનો થઈને કેવલ આપનામાં જ પરાયણ ન થતાં ઉત્તમોત્તમ સાધન દૈન્ય ન મેળવી શકે તો એ ઊણપ પણ આપનું હાસ્ય કરનારી ગણાય. ભક્ત તો આપનો દૃઢ આશ્રય રાખીને આપનામાં પરાયણ થઈને રહે, પછીનું દરેક કાર્ય આપના ઉપર જ ગણાય. ૭

**वदामि नाथ कस्याग्रे दुःखं हृदयसम्भवम् ।**
**न पश्यामि त्रिलोक्यां तु यो मे दुःखं निवारयेत् ॥ ८ ॥**

**ભાવાર્થ**—હે નાથ, જગતનો વ્યવહાર એવો હોય છે કે પોતાના અંગ યા તો સ્નેહી સિવાય કોઈ બીજા આગળ કોઈ પણ પોતાનું દુઃખ ખોલી શકતો જ નથી, તેવી

રીતે હું પણ મારું દુઃખ અન્ય કોની સમક્ષ કહું ? કારણ કે દુઃખો તો એક પ્રકારનાં હોતાં નથી, બધાં દુઃખોમાં હૃદયનું દુઃખ અસાધારણ કહેવાય છે. એ હૃદયનું દુઃખ અન્ય કોઈ પણ જાણી શકે એમ નથી. કદાચ કોઈ આપનો અનુગૃહીત ભક્ત હૃદયનું દુઃખ જાણી પણ શકે તો એ દુઃખનું નિવારણ કરી શકે નહિ એટલા કારણથી મારું દુઃખ હું હવે કોઈના સમક્ષ કહી શકું એમ નથી. લોકમાં હિતેચ્છુ જેવા થઈને ફરનારા અને કહેનારા તરીકે ઘણા માણસો અને દેવતાઓ પણ મળે છે, પણ એઓ પૈકી એક પણ એવો નથી કે જે મારા હૃદયના દુઃખને ઓળખીને દૂર કરી શકે. હૃદયનું દુઃખ તો તે જ જાણી શકે કે જે હૃદયમાં નિરન્તર વાસ કરતો હોય. આપ નિત્ય હૃદયમાં બિરાજો છો અને હૃદયના તાપને શમાવવા પણ આપ જ શક્તિમાન છો. બાકી ત્રણ લોકમાં પણ આપના સિવાય એવી એક પણ વ્યક્તિ નથી કે જે મારા દુઃખનું નિવારણ કરી શકે.

(દુઃખનિવારણ માટે, અરે, ટુકડા ટુકડા માટે એક સામાન્ય માણસની ગુલામગીરી કરતા વર્ગને આ શ્લોકમાં સજ્જડ ફટકો લગાવ્યો છે. જગતમાં એવો કયો સર્વાંશે સુખી સજ્જન હયાતી ધરાવે છે કે જે પોતે સુખી હોઈને અન્યનાં દુઃખ કાપી શકે ? જેને આપણે આપણાં દુઃખો ફેડવા વીનવતા હોઇયે છિયે તે પણ તિરોહિતાનન્દ હોઇને દુઃખી જ હોય છે. એવાઓને વિનન્તિ કરવી એના કરતાં જેનું સુખ સર્વદા ત્રિકાલાબાધિત છે, જે જાતે સુખરૂપ છે, આનંદઘન જે સદાનો તમારો મિત્ર છે, અરે

સદૃશૌ સખાયૌ કહીને તમારા મિત્ર તરીકે વેદ જેને ઓળખાવે છે તેને જ—તે શ્રીયશોદોત્સંગલાલિત પ્રભુને તમારું દુઃખ કહો. શું દુઃખ નિવારવાની શક્તિ એનામાં નથી? તો પછી જગતમાં કયો માણસ એવો છે કે જે દુઃખ નિવારવાની શક્તિ ધરાવતો હોય?

આ શ્લોકમાં સાંસારિક દુઃખ કે ભૌતિક દુઃખની વાત નથી, પણ પ્રભુવિરહજનિત પરમતાપનું જ કથન છે.) ૮

**त्वयैव करुणा कार्या यादृशे तादृशे मयि ।**
**यदा स्वास्थ्येन सततं करोमि तव सेवनम् ॥ ९ ॥**

**ભાવાર્થ**—હે ભગવાન, દયાસિન્ધો, આપને જ મારા ઉપર તો કૃપા કરવાની રહી. આપના સિવાય જ્યારે કોઈ પણ મારા ઉપર નિમાયક નથી તો હવે આપને આ વખતે વિશેષ સમયની રાહ જોવાની ન જ હોય. હું તો આપનો જ છું એટલે પછી આપના તરીકે જ મારો સ્વીકાર થવો જોઇયે. ગમે તેવો છું, પણ હું તો આપનો જ છું, એટલે આપના સિવાય કોઈનો આશ્રય મારે સ્વપ્નામાં પણ ન હોય. આપની પાસે અમારા જેવા તુચ્છ ભક્તો તો અસંખ્ય હશે, પરન્તુ મારી સમક્ષ તો મારા શરણ-રૂપ દુઃખના નિવારણ કરનારા આપ એક જ છો. હે પ્રભો, જ્યાંસુધી આપ મારા ઉપર કૃપા કરો નહિ ત્યાંસુધી મારા ચિત્તને શાન્તિ થવાની નથી, અને ચિત્તશાન્તિ વિના આપની સેવા બરાબર રીતે ન જ થઈ શકે, અર્થાત્ આપ-નામાં પરાયણતા જોઇયે. અને ઇન્દ્રિયોની શુદ્ધતા ત્યારે જ થઈ શકે કે જ્યારે ચિત્ત સ્વસ્થ હોય, એટલા માટે ચિત્તની સ્વસ્થતાથી જ આપની સેવામાં આનન્દ મળે છે. જો ચિત્ત

સ્વસ્થ ન હોય તો અમુક વખત જ સેવા થઈ શકે, પરન્તુ કાયમની સેવામાં નિપુણતા પ્રાપ્ત થઈ શકે નહિ અને સદાને માટે આપથી વિમુખ રહેવું પડે. આપનાથી હું વિમુખ તો ન જ રહી શકું; તેથી આપ મારા ઉપર કૃપા કરી મારા ચિત્તની સ્વસ્થતા કરો.

(આ શ્લોકમાં શ્રીહરિરાયજી 'જેવો તેવો હું' એમ કહીને પોતાની દીનતા સ્પષ્ટ શબ્દોમાં જણાવી રહ્યા છે. મહાનુભાવી શ્રીહરિરાયજી પણ જ્યારે 'જેવો તેવો' જણાવે છે એનો મર્મ તો એ જ હોઈ શકે કે 'પુષ્ટિભક્ત તો હંમેશાં દીનતાથી ભરેલો અને પ્રભુની કૃપાથી જ પોતાના સેવનરૂપ કાર્યની સિદ્ધિ ચાહનારો હોય છે.' આ ઉપરથી સિદ્ધ થાય છે કે 'ચિત્તની સ્વસ્થતા માટે પુષ્ટિભક્તને કોઈ યોગ્ય સાધનની કે ચાન્દ્રાયણાદિ વ્રતોની જરૂર રહેતી નથી. પ્રભુની કૃપાથી જ ચિત્તના ઉદ્વેગ મટે, પ્રભુની કૃપાથી જ હૃદયના રોગ શાન્ત થાય, પ્રભુની કૃપાથી જ પ્રભુની સેવા થાય, એ જ ઇચ્છનારો પુષ્ટિભક્ત હોય છે. વૈષ્ણવો કાંઈ ધ્યાન આપશે કે?) ૯

सर्वज्ञे बहु किं वाच्यं मया नाथे कृपानिधौ ।
विचार्य सदृशः कार्यः सेवके मय्यनुग्रहः ॥ १० ॥

**ભાવાર્થ**—હે સર્વજ્ઞ ભગવાન, ફરી ફરી આ બાબતમાં આપને વીનવવા એ ઠીક લાગતું નથી, કારણ કે વિશેષ સમઝાવવાનું તો તેને હોઈ શકે કે જેને કોઈ પણ બાબતનું જ્ઞાન ન જ હોય. આપ તો સર્વજ્ઞ છો, અર્થાત્ દરેક સ્થળમાં જે જે થાય છે થયું છે, અને થવાનું છે તે સર્વને જાણનારા આપ એક જ છો. વળી કદાચ કોઈ

સર્વજ્ઞ જેવો હોય અને કૃપાળુ ન હોય તો કોઈ પણ અર્થ ન જ સરે. એવા યોગી લોકો અગર દેવતાઓ પણ કોઈ કોઈ હોય છે કે જે ત્રણે કાલનું જ્ઞાન ધરાવતા હોય, પરન્તુ તેથી મારો અર્થ તો સિદ્ધ થવાનો શાનો હોય? સર્વજ્ઞ હોવા છતાં પણ કૃપાળુ ન હોય તો એવું સર્વજ્ઞપણું કાંઈ કામનું નથી. આપ તો સર્વજ્ઞ પણ છો અને કૃપાના સાગર પણ છો. જે સાગરરૂપ હોય તેમને ત્યાંથી કોઈ વિમુખ તો ન જ જાય, તો હું પણ આપ કૃપાના સમુદ્ર પાસે આપની કૃપાની યાચના કરવા આપના ચરણમાં ઝૂકી રહ્યો છું. કદાચ આપને વિચાર કરવો ઘટતો હોય તો આપ ભલે ગમે તેટલો વિચાર કરજો, પણ આપના સેવક તરીકેના અધિકારને યોગ્ય લાગે તેવો અનુગ્રહ તો મારા ઉપર થવો જ જોઇયે, કારણ કે મારે આપના સિવાય કોઈ પણ અનુગ્રહ કરનારો નથી જ તેમ થવાનો નથી. એટલા સારુ આપને વારંવાર વીનવું છું કે આપના સેવક તરીકેનું માન સાચવવું એ કેવળ આપના જ હાથમાં છે. ૧૦

विश्वासस्तु निजाचार्यपादयोरस्ति सर्वथा ।
न जाने जायते नाम विलम्बः केन हेतुना ॥ ११ ॥

ભાવાર્થ—હે કૃપાસિન્ધુ ભગવાન, આપના ચરણારવિન્દમાં જ મારો વિશ્વાસ નથી એવી રીતે આપશ્રીને માનવાનું તો ન જ હોય, કારણ કે શ્રીમદ્વલ્લભાધીશ આપનું શ્રીમુખ છે અને આપશ્રીએ મારા જેવા પામર જીવોનો ઉદ્ધાર કરવા માટે શ્રીવાગીશ પ્રભુને આજ્ઞા કરીને આ ભૂતલ ઉપર પધારાવ્યા છે. અંગ અને અંગી બન્ને

ભિન્ન હોતાં જ નથી. આપ સાક્ષાત્ કૃપાળુ સર્વજ્ઞ પ્રભુ છો, ત્યારે આપના શ્રીમુખસ્વરૂપે સાક્ષાત્ શ્રીમહાચાર્ય-ચરણ વિરાજે છે. જેમ લોકમાં શરીરી જીવના પોષણ માટે અગર પ્રસન્નતા માટે જીવના શરીરના દરેક અંગથી શરીરી જીવને આનન્દાનુભવ થાય છે, એમાં પણ મુખ્ય અંગ મુખ છે અને મુખ દ્વારા લોકોમાં દરેક વ્યવહાર સિદ્ધ કરી જીવને અખૂટ આનન્દ મળે છે, તેવી રીતે અલૌકિક દશામાં પણ શ્રીમુખાવતાર શ્રીમહાચાર્યચરણ દ્વારા જ આપની પ્રસન્નતા મેળવી શકાય એમ છે. એટલા કારણસર શ્રીવાગધીશચરણારવિન્દમાં મને તો સર્વથા વિશ્વાસ છે અને એ પણ એકદેશી વિશ્વાસ જ નહિ પણ સર્વદેશી છે; અર્થાત્ દરેક બાબતમાં આચાર્યશ્રીની આજ્ઞામાં વિશ્વાસ રાખીને જ હું તો અનુસરું છું, છતાં પણ હે પ્રભો, મને ખબર નથી કે આપ શા માટે હજુ આપના આનન્દનો અનુભવ કરાવવામાં વિલમ્બ કરો છો. આપ ખરેખર કૃપાળુ તો છો જ. કૃપાળુની કૃપા તો પાત્ર અપાત્રની પરવા રાખ્યા સિવાય પણ, અજામિલ જેવાના ઉદ્ધારની માફક, પોતાના જીવોનો સ્વીકાર કરે જ છે. હે પ્રભો, આપ સર્વજ્ઞ છો એટલે મારાથી આપની ઇચ્છાને શી રીતે જાણી શકાય ? મારો આપનામાં અડગ વિશ્વાસ છે એ વાત વીસરી જવાની તો ન જ હોય. ૧૧

**असहायोऽसमर्थश्च सेवने मतिचञ्चलः ।**
**दीनोऽस्मि सर्वथा नाथ विदित्वैवं कृपां गुरु ॥ १२ ॥**

**ભાવાર્થ**—હે પ્રભો, આપ કદાચ એમ ધારતા હો કે મને સહાય કરનારાં કોઈ લૌકિકનાં સગાં કુટુંબીઓ

થશે, તો એ પણ બનવા જોગ નથી. હું તો આપના સિવાય કોઈની સહાય માગતો નથી અને કોઈની સહાયથી મને કાંઈપણ લાભ નથી, કારણ કે લૌકિકનાં સહાયકો લોકસિદ્ધ ફળ સાધવામાં સમર્થ હોઈ શકે, આપનો સાક્ષાત્કાર અને પ્રેમલક્ષણા ભક્તિ ફળ મેળવવા માટે તો આપની કૃપાની જ સહાય પૂરતી છે, તેમ હું એ ફળ સાધવા માટે પણ અસમર્થ છું. મારું સામર્થ્ય ફક્ત આપના કૃપાબલને અનુસરીને જ ગણાય, એમ છતાં હે પ્રભો, આપની સેવા કરવામાં મારી બુદ્ધિ ઘણી જ ચપલ જણાય છે. એટલા માટે જ આપના સાક્ષાત્કારના આનન્દની પ્રાર્થના કરું છું. જ્યારે આપની સેવામાં ઇન્દ્રિયો મન અને બુદ્ધિ સમ્પૂર્ણ રીતે વિકાસ પામે ત્યારે જ હું આ લોકમાં કૃતાર્થ મને માનું. તેમ હે નાથ, હું કંગાલથી પણ એક કંગાલ છું. લોકનાં ફળ મેળવનારા કંગાલો ઉપર જેમ લોકના કોઈને પણ દયા ઊપજે છે તેમ આપની સેવા મેળવવા માટે હું આપનો દીન દાસ છું. હે ભગવાન, આપ સર્વજ્ઞને કંઈપણ સૂચવવાનું ન જ હોય. આપ મને એક દીન સેવક જાણીને પણ મારા ઉપર કૃપાદૃષ્ટિ કરો, જેનાથી મારું લોકસિદ્ધ ચાપલ નષ્ટ થઈ જતાં હું અપાર આનન્દ પ્રાપ્ત કરું. ૧૨

**शरणस्थसमुद्धार दीनोद्धारपरायण ।**
**मामुद्धर व्रजाधार स्वसेवास्वास्थ्यहेतुभिः ॥ १३ ॥**

**ભાવાર્થ**—હે ભગવાન, આપ તો આપને શરણે આવેલા જીવો દુષ્ટ હોય કે શિષ્ટ હોય, ગમે તેવા હોય, તેવાઓનો ઉદ્ધાર કરનારા છો, તેમ જેમને કોઈ પણ પ્રકારે

સાહાય્ય નથી અને કેવળ આપની ભક્તિ મેળવવામાં જ નિષ્ઠા હોય છે તેવા જીવોનો ઉદ્ધાર કરવામાં પણ આપ તો નિરન્તર તૈયાર રહેલા જ છો. આપને શરણે આવેલા જીવો અને દૈન્યવાળા જીવોની યોગ્યતા તરફ કે કર્મવાસના તરફ તો આપ જરા પણ વિચાર કર્યા સિવાય જ ગજેન્દ્ર અને પિંગલા જેવા જીવોનો પણ આપે તત્કાલ ઉદ્ધાર કર્યો છે. જેવી રીતે આપે એવા ભક્તોનો જ્યારે ઉદ્ધાર કર્યો ત્યારે તેવી રીતે મારો પણ આપશ્રી ઉદ્ધાર કરવા કૃપા કરો. એમાં બીજું એક પણ ખાસ પ્રયોજન તો નથી, સિવાય આપની સેવા સિદ્ધ કરવામાં અમારાં દેહ પ્રાણ ઇન્દ્રિયો પ્રેરાય. અને તે તે ઇન્દ્રિય અને ઇન્દ્રિયાદિકના તે તે ધર્મ વગેરેની સ્વસ્થતા ન હોય ત્યાંસુધી આપની અલૌકિક સેવામાં સફળતા મેળવી શકાતી નથી, એટલા જ કારણસર આપ મારા તુચ્છ જીવ ઉપર આપની સ્વાભાવિક ઉદારતાનો પરિચય કરાવી મારો ઉદ્ધાર કરવા કૃપા કરો એવી મારી આપને વારંવાર નમ્ર પ્રાર્થના છે. આપ કદાચ મારા તરફ ઉપેક્ષા કરશો. અને મારા અંતઃકરણને પણ ખાતરી નથી કે મારા પ્રાણોને આપના વિયોગમાં ટકાવી શકાશે, અગર પ્રાણો પણ સ્વતઃ સમર્થ બની ટકી શકે. આમ થતાં આપની સેવાનો લાભ ન મળવાથી હું અપૂર્વ કષ્ટનો અનુભવ શી રીતે સહન કરી શકીશ? ૧૩

**स्मर स्मर स्मर स्वीयपक्षपातपरिग्रहम् ।**
**श्रीमदाचार्यदासेषु तेनैव निखिलं कुरु ॥ १४ ॥**

**ભાવાર્થ**:—હે કૃપાનિધાન ભગવાન, આપ તો સર્વ-સમર્થ છો, એટલે મારે આપને નિવેદન કરવું એ તો

અનુચિત ગણાય, તોપણ મારી ચપલતા શમાવવા આપને ફરીથી એકવાર પ્રાર્થના કરું છું કે આપશ્રીના મુખારવિન્દાત્મક શ્રીમદાચાર્યચરણના સેવકો પ્રત્યે તો આપશ્રીનો પક્ષપાત આપ યાદ કરો, કારણ કે શ્રીમદાચાર્યચરણના જેવા અને તેવા, જેટલા અને તેટલા, જ્યારે અને ત્યારે બધા સેવકોનો આપે પોતાના તરીકેનો સ્વીકાર કરેલો છે, તો એમ પણ મને શ્રીમદાચાર્યચરણના એક દાસ તરીકે માનીને પણ આપશ્રીએ તો મારો ઉદ્ધાર કરવાનો રહ્યો. હું તો અલ્પજ્ઞ અને સ્વભાવદુષ્ટ જીવ આપશ્રીની શી વિનન્તિ કરી શકું ? આપને મારામાં જે જે સાધનોની ન્યૂનતા જણાતી હોય અગર જે કાંઈ પણ મારામાં આપશ્રીની અલૌકિક કૃપા મેળવવા અપૂર્તિ હોય તે દરેક વસ્તુ મેળવી આપવામાં આપ કૃપા કરો. હું તો આપનો દાસ છું. જે મારા ઉદ્ગાર મારી બુદ્ધિથી આપને અર્પણ કર્યા છે તે વિશે આપને યોગ્ય લાગે તે કરો. હું દાસ છું. આપ મારા સદાને માટે સેવ્ય છો. ૧૪

## ૫૫. मदत्यागहेतुः ॥

अथ त्यागाय सद्युक्ताः प्रोच्यन्ते विविधा मदाः ।
विद्यामदो धनमदस्तथैव कुलजो मदः ॥ १ ॥
मुख्या एते मया प्रोक्ताः सन्त्याज्याश्च विशेषतः ॥१½॥

સાધુ પુરુષોમાં રહેલા એવા જુદા જુદા પ્રકારના મદો એનો સમઝીને ત્યાગ કરવાનો છે, એ માટે અહીં કહેવામાં આવે છે. ૧. વિદ્યાનો મદ, ૨. ધનનો મદ અને ૩. કુલીનતાનો મદ, ત્રણ મદને હું મુખ્ય ગણું છું; એ ત્રણેયનો ખાસ કરીને ત્યાગ કરવાનો છે.–૧½

यौवनीयः पौरुषजो वाचालत्वकृतोऽपि च ॥ २ ॥
रूपजः शीलजश्चैव लोकसम्मानजोऽपि वा ।
व्यावृत्तिकौशलयुतस्तथा स्वजनपोषजः ॥ ३ ॥
दातृताविहितः शत्रुनिग्रहादपि जायते ।
सान्तानिकस्तथा पुत्रभार्याद्यनुसृतेरिह ॥ ४ ॥
ज्ञानाभिमानः सर्वत्र तथा भजनतोऽपि हि ।
राजसम्मानजो नित्यं वृद्धानुमतिजोऽपि वा ॥ ५ ॥
शयनाहारसञ्जातो वैराग्यजनितोऽपि च ।
एवंविधा मदास्तेषां निवृत्तिरधुनोच्यते ॥ ६ ॥

હવે ૪. જુવાનીનો મદ, ૫. પુરુષાતનનો મદ, ૬. વાચાળપણાનો મદ, ૭. રૂપનો મદ, ૮. સદાચાર–પાલનનો મદ, ૯. લોકો તરફથી માન પામવાને લીધે થયેલો મદ, ૧૦. વ્યવહાર–કુશલતાનો મદ, ૧૧. સગાંવહાલાંનું પોષણ કરવાની શક્તિનો મદ, ૧૨. દાનેશ્વરિતાનો મદ, ૧૩. શત્રુઓને કેદ કરવાથી થયેલો મદ, ૧૪. સારાં કે ઝાઝાં સન્તાન હોવાને લીધે ઉપજેલો મદ, ૧૫. પુત્ર–સ્ત્રી વગેરે પોતાને વશ છે એથી થયેલો મદ, ૧૬. જ્ઞાની હોવાને લીધે જાગેલો મદ, ૧૭. પોતે ભક્ત છે એ દૃષ્ટિએ ઉપજેલો મદ, ૧૮. રાજદરબારમાં પોતાને માન મળે છે તેથી થયેલો મદ, ૧૯. વૃદ્ધોમાં પોતે માન પામે છે માટે થયેલો મદ, ૨૦. સુખસગવડ ને સારાં સારાં વાદ્યોનો પોતે ઉપયોગ કરી શકે છે તેથી થયેલો મદ અને ૨૧. પોતામાં શ્રેષ્ઠ પ્રકારનું વૈરાગ્ય રહેલું છે તેથી થયેલો મદ, આવા પ્રકારના જે આ એકવીસ મદ છે તે કેવી રીતે દૂર કરવા એનો ઉપાય હવે અહીં બતાવવામાં આવે છે. ૨–૬

विद्यामदनिवृत्तिस्तु सुज्ञगम्यत्वतो हरेः ।
वेदवेदार्थकथने ह्यवतारो हरेर्मतः ॥ ७ ॥
चतुर्मुखस्तथा व्यासस्तत्राहं कोऽस्मि मन्दधीः ।
इति विज्ञाय मनसा क्षिप्रं विद्यामदं त्यजेत् ॥ ८ ॥

ઉચ્ચ પ્રકારનું જ્ઞાન ધરાવનારાઓને પ્રભુ ગમ્ય છે એવું જાણી વિદ્યામદ નિવારવાનો છે. વેદ અને વેદના અર્થનો વિસ્તાર કરવાને માટે પ્રભુનો અવતાર છે. વળી બ્રહ્માજી અને ભગવાન વ્યાસ જેવા જ્યાં બિરાજે છે ત્યાં અલ્પબુદ્ધિવાળો હું શી વિસાતમાં? એમ મનથી સારી રીતે જાણી તરત જ વિદ્યામદનો ત્યાગ કરવો. ૭-૮

लक्ष्मीपतिं हरिं ज्ञात्वा तस्याश्चञ्चलतामपि ।
बाहिर्मुख्यैकहेतुत्वात् सर्ववस्तुसमर्पणात् ॥ ९ ॥

લક્ષ્મીના પતિ તો માત્ર શ્રીહરિ ભગવાન જ છે, વળી લક્ષ્મી ચંચલ છે; એ લક્ષ્મી પ્રભુ તરફથી ચિત્તને હટાવી બહિર્મુખ કરાવનારી છે; અને આપણે આપણું જે કાંઈ માન્યું હતું તે તો પ્રભુને સમર્પી દીધું છે, એટલે આપણું કશું જ નથી. આવી ભાવનાથી ધનમદનો ત્યાગ કરવો. ૯

कुलस्यानियतत्वेन ब्रह्मेन्द्रादिविमोहनः ।
अकुलीनकिरातादेः प्रह्लादादेरथोद्धृतेः ॥ १० ॥
महत्कुलप्रसूतस्याभिमानस्य विशेषतः ।
सन्निधेरेव कर्तव्यं सर्वदा स्वविचारणम् ॥ ११ ॥

કુળ એ તો ક્ષણિક વસ્તુ છે. પ્રભુ બ્રહ્મા અને ઇન્દ્ર જેવાને મોહમાં નાખી પછાડે છે. એનાથી ઊલટું, હીન કુળના કિરાત ભીલ અને અસુરબાલક પ્રહ્લાદ જેવાનો પ્રભુ ઉદ્ધાર કરે છે. ઉચ્ચ કુળમાં ઉત્પન્ન થયેલાએ તો ખાસ

કરીને અભિમાન પોતાની પાસે જ આવી ખડું છે એમ સમજી પોતાના સ્વરૂપનો વિચાર કરવો. ૧૦–૧૧

अस्थिरत्वाद्यौवनीयमसामर्थ्याच्च पौरुषम् ।
संसारावेशहेतुत्वाद्वाचालत्वकृतं तथा ॥ १२ ॥

જુવાની કંઈ કાયમ રહેવાની નથી, એનો વિચાર કરી જુવાનીના મદનો ત્યાગ કરવો. આપણામાં તાકાત કેટલી છે એ વિચારી પુરુષાતનના મદનો ત્યાગ કરવો. બહુબોલાપણું છે તેનાથી અહન્તાર્મમતાત્મક સંસારમાં વધુ ને વધુ ઊંડાં ખૂત્યે જવાય છે, માટે એ વાચાલપણાનો મદ પણ છોડી દેવો. ૧૨

प्राकृतत्वादनित्यत्वात् कुत्सितत्वाच्च रूपजम् ।
सगुणत्वाच्छीलजातं लोकसम्माननं भयात् ॥ १३ ॥

રૂપ છે એ તો પ્રકૃતિના ગુણોથી ઉત્પન્ન થયેલું છે, એ કાંઈ કદી કાયમ રહી શકતું નથી, વળી એ રૂપ અનેક નિન્દ્ય કર્મોના કારણરૂપ છે, એ દૃષ્ટિએ રૂપના મદનો ત્યાગ કરવો. સદાચાર એ ગુણ છે. અને જીવે તો નિર્ગુણતા મેળવવાની આવશ્યકતા છે, એ દૃષ્ટિએ સદાચારપાલનનો મદ છોડવો. લોકો તરફથી આપણને સદાય માન મળશે ખરું ? ક્યારે કેવા સંયોગોમાં લોકો વિમુખ થઈ જશે એ કાંઈ નિશ્ચિત નથી, એ ભયે લોકો તરફથી માન પામવાને લીધે થયેલા મદનો ત્યાગ કરવો. ૧૩

व्यावृत्तिकौशलकृतं संसारासक्तिभावनात् ।
अभ्यासपोषकत्वेन तथा स्वजनपोषजम् ॥ १४ ॥

વ્યવહાર–કુશળતાનો મદ સંસારમાં કાર્યકુશલતાને અંગે વધુ અને વધુ આસક્તિ કરાવનારો છે, એ વિચારે

વ્યવહારકુશલતાના મદનો ત્યાગ કરવો. સગાંવહાલાંનું પોષણ કરવું એ આપણી ફરજ છે, પણ એના મદથી અવિદ્યાએ કરેલા પાંચ અધ્યાસે ચિત્ત આસક્ત બને છે. એ વિચારે સગાંવહાલાંનું પોષણ કરવાની શક્તિના મદનો ત્યાગ કરવો. ૧૪

दातृताजं हि तद्देयपदार्थास्वत्वभावनात् ।
शत्रुनिग्रहजं ब्रह्मात्मजगद्द्रोहसम्भवात् ॥ १५ ॥

જે કાંઈ આપણે આપણું માની બેઠા છિયે તે પદાર્થો તો પ્રભુએ આપેલા છે. પ્રભુએ આપેલા પદાર્થ આપણાથી બીજાને આપવાની શક્તિ જ ક્યાં છે? અને જો માનતા હોઇયે તો એ પદાર્થો પ્રભુના ક્યાં રહ્યા? વસ્તુસ્થિતિએ આપણું કશું જ નથી ત્યાં આપણે આપણો કયો પદાર્થ બીજાને આપિયે છિયે? ત્યાં દાતાપણું પણ ક્યાં રહ્યું? એમ વિચારી દાનેશ્વરિતાના મદનો ત્યાગ કરવો. આ આખું વિશ્વ બ્રહ્માત્મક છે ત્યાં કોણે કોનો નિગ્રહ કર્યો? અને જો નિગ્રહ કર્યો એમ માનતા હોઇયે તો જગતની બ્રહ્માત્મકતા ક્યાં રહી? એ દૃષ્ટિએ શત્રુઓને કેદ કરવાથી થયેલા મદનો ત્યાગ કરવો. ૧૫

सान्तानिकं तथा त्यागप्रतिबन्धकता यतः ।
पुत्राद्यनुस्मृतेर्जातं भगवत्प्रेमशासनात् ॥ १६ ॥

પોતાને પુષ્કળ પ્રજા છે એવું ભાન ઉત્પન્ન થવાથી જગતમાંથી જે આસક્તિ આપણે ઉઠાવી લેવાની છે તેમાં જ અડચણ ઉત્પન્ન થાય છે, એટલે આપણે ભગવન્માર્ગથી વેગળા થઇયે છિયે, એ દૃષ્ટિએ સારાં કે ઝાઝાં સન્તાન હોવાને લીધે ઊપજેલા મદનો ત્યાગ કરવો. પુત્ર-સ્ત્રી

વગેરે આપણને વશ છે એનું કારણ તો એ છે કે આખા જગત ઉપર પ્રભુના પ્રેમનું રાજ્ય છે; એઓની વશ્યતા પ્રભુના પ્રેમભાવનું જ પરિણામ છે, એ આપણી કોઈ શ્રેષ્ઠતા કે હોશિયારીથી આપણને વશ નથી એમ વિચારી, પુત્ર-સ્ત્રી વગેરે પોતાને વશ છે એથી થયેલા મદનો ત્યાગ કરવો. ૧૬

ज्ञानाभिमानजं गर्वभावस्याज्ञस्वरूपतः ।
दासधर्मत्वतः स्वाभाविकत्वाद् भजनोद्भवम् ॥१७॥

કોઈ પણ વસ્તુનો ગર્વ હોવો એ જ અજ્ઞાન. હવે જો એક માણસ જ્ઞાની હોય અને સાથે જ્ઞાનનો એને ગર્વ હોય તો જ્ઞાન રહ્યું જ ક્યાં? કેમકે પોતાથી કોઈ પરમ તત્ત્વ બીજું છે એ જ્ઞાનનું લક્ષણ છે; ગર્વ થવાથી એ લક્ષણ ટકી શકતું નથી. માટે જ જ્ઞાની હોવાને લીધે જાગેલા મદનો ત્યાગ કરવો. આપણે પ્રભુના દાસ છિયે એટલે પ્રભુનું ભજન કરવું એ આપણો સ્વાભાવિક ધર્મ છે; એટલે એમાં કશી નવાઈ આપણે કરતા નથી. આ વિચારી, પોતે ભક્ત છે એ દૃષ્ટિએ ઊપજેલા મદનો ત્યાગ કરવો. ૧૭

राजसम्मानजं नित्यं दुःसंसर्गविवर्धनात् ।
वृद्धसम्मतिजं स्वस्यापराधाद् भक्तिनाशनात् ॥१८॥

રાજદરબારમાં આપણને માન મળતું હોય એટલે નિત્ય રાજદરબારમાં હાજરી આપવાનું દિલ થાય, પરન્તુ રાજનીતિ તો પરમ કુટિલ છે એટલે હમેશાં દુષ્ટોનો સંસર્ગ વધતો જ રહેવાનો, એવું વિચારી, રાજદરબારમાં પોતાને માન મળે છે એનાથી થયેલો મદ છોડી દેવો. વૃદ્ધોમાં પોતે માન પામે છે, વૃદ્ધો પોતાના કાર્યને સમ્માને

છે, આવા વિચારે વૃદ્ધો તરફ પોતાની જે ફરજ બજાવવાની હોય તે ન બજાવવાનું બનતાં અપરાધ ઉત્પન્ન થાય છે અને એઓના તરફનો જોઈતો ભક્તિભાવ નાશ પામે છે. આમ વિચારી, વૃદ્ધોમાં પોતે માન પામે છે એ માટે થયેલા મદનો ત્યાગ કરવો. ૧૮

> शयनाहारजं दुष्टनिर्विण्णेन्द्रियपोषणात् ।
> वैराग्यजातं क्षयतो जातवैराग्यनाशनात् ॥१९॥

સુખ સગવડ અને સારા ખાદ્યોનો ઉપભોગ દુષ્ટ અને ગ્લાનિકારક ઇન્દ્રિયોનું પોષણ કરતો હોવાથી અને એવી રીતે પુષ્ટ થતી ઇન્દ્રિયો મનુષ્યનો અધઃપાત કરનારી હોવાથી એવી રીતે ઊપજેલા મદનો ત્યાગ કરવો. વૈરાગ્યને લીધેનો મદ જગતના દેખીતા ક્ષય દ્વારા થયેલું જે વૈરાગ્ય તેનો નાશ કરનારો થઈ પડે છે. એમ ન થવા પામે અને જગદાદિમાંથી આસક્તિ કાયમને માટે ઊઠેલી જ રહે એ ખાતર એ મદનો ત્યાગ કરવો. ૧૯

> प्रतिकल्पविधानार्थानुपायैश्च निवर्तयेत् ।
> त्यजेत्सर्वान् सदा कृष्णसेवायै दैन्यसिद्धये ॥ २० ॥

આ મદોની બરોબરી કરે તેવા સહેજે સમજાય તેવા બીજા મદ જુદા જુદા ઉપાયો વડે કરીને ટાળી નાખવા. કૃષ્ણચન્દ્રજીની સેવા અવિરત કરી શકાય અને દીનતા પ્રાપ્ત થાય એ માટે હંમેશાં એ બધા જ મદોનો ત્યાગ કરવો. ૨૦

> दैन्येनैव हरेस्तोषो नान्यत्साधनमिष्यते ।
> दैन्यं तु विमदस्यैव ततः सर्वान् परित्यजेत् ॥ २१ ॥

હરિ ભગવાનને માત્ર દૈન્ય–દીનતાથી જ સન્તોષ થાય છે. પ્રભુને પ્રસન્ન કરવામાં દીનતા સિવાય બીજું

કોઈ પણ સાધન નથી. આ દીનતા માત્ર જે માણસમાં કોઈ પણ પ્રકારનો મદ ન હોય, તદ્દન નિરભિમાની હોય, તેને જ હોઈ શકે. આ દીનતા બરોબર જાળવવા માટે એ બધા જ મદોનો ત્યાગ કરવો. ૨૧

एतत्प्रकाशकश्रीमद्वल्लभाचार्यसंश्रयः ।
सर्वदा सर्वथा कार्यस्तथा नित्यस्तदात्मकैः ॥ २२ ॥

દીનતા એ જ પ્રભુને પ્રસન્ન કરવાનું એક માત્ર સાધન છે એ વસ્તુ આપણા મહાન આચાર્ય શ્રીમદ્વલ્લભાચાર્ય-ચરણોએ भक्तानां दैन्यमेवैकं हरितोषणसाधनम् (રાસપંચાધ્યાયીના સુબોધિનીજી)માં બતાવી છે, આવા શ્રીમહાપ્રભુજીનો નિત્ય આશ્રય શ્રીમહાપ્રભુજીએ જેનો સ્વીકાર કર્યો છે તેવા ભગવદીયોએ સર્વદા સર્વ રીતે કરવો. ૨૨

# अनुक्रमणिका


| आंक | ग्रन्थ | पृष्ठ |
|---|---|---|
| १. | श्रीनिजाचार्याष्टकम् | १ |
| २. | श्रीवल्लभपञ्चाक्षरस्तोत्रम् | ५ |
| ३. | श्रीवल्लभभावाष्टकम् | ७ |
| * ४. | प्रभाताष्टकम् | ९ |
| * ५. | श्रीगोकुलेशसेवाह्निकम् | १३ |
| * ६. | श्रीमद्गोकुचन्द्राष्टकम् | २२ |
| ७. | श्रीनवनीतप्रियाष्टकम् | २४ |
| ८. | भुजङ्गप्रयाताष्टकम् | २६ |
| ९. | स्मरणाष्टकम् | ३० |
| १०. | स्वप्रभुविज्ञप्तिः | ३३ |
| ११. | द्वितीया स्वप्रभुविज्ञप्तिः | ३६ |
| १२. | श्रीकृष्णचरणविज्ञप्तिः | ३९ |
| १३. | विज्ञप्तिः | ५१ |
| १४. | दैन्याष्टकम् | ६३ |
| *१५. | स्तोत्रम् | ६५ |
| १६. | षोडशस्तोत्रम् | ६९ |
| १७. | श्रीकृष्णशरणाष्टकम् | ७३ |
| १८. | द्वितीयं श्रीकृष्णशरणाष्टकम् | ७५ |


* આ નિશાનીવાળા ૩૫ ગ્રન્થો પ્રથમ વારજ પ્રસિદ્ધ થાય છે; બાકીના ૫૭ કોઈ અને કોઈ સ્થળે છપાયેલા આપવામાં આવ્યા છે. —સમ્પાદક

| आंक | ग्रन्थ | पृष्ठ |
|---|---|---|
| १९. | पञ्चाक्षरमन्त्रगर्भस्तोत्रम् ... ... ... | ७७ |
| २०. | भगवच्चरणचिह्नवर्णनम् ... ... ... | ८० |
| *२१. | नैवेद्यसम्बन्धिस्तोत्रम् ... ... ... | ९१ |
| *२२. | मध्याह्नलीला ... ... ... ... | ९३ |
| *२३. | श्रीगोकुलप्रवेशलीला ... ... ... | ९६ |
| *२४. | प्रमाणिकाष्टकम् ... ... ... ... | ९८ |
| *२५. | श्रीगिरिधराष्टकम् ... ... ... ... | १०० |
| *२६. | प्रार्थनाष्टकम् ... ... ... ... | १०४ |
| २७. | श्रीगोपीजनवल्लभाष्टकम् ... ... ... | १०६ |
| *२८. | प्रातर्युगलस्मरणम् ... ... ... ... | १०९ |
| *२९. | श्रीनागरीनागरस्तोत्रम् ... ... ... | ११३ |
| *३०. | विपरीतशृङ्गारफलकम् ... ... ... | १२६ |
| ३१. | श्रीमद्राधाष्टकम् ... ... ... ... | १३९ |
| ३२. | श्रीमुख्यशक्तिस्तोत्रम् ... ... ... | १४३ |
| ३३. | श्रीस्वामिनीप्रार्थनाष्टकम् ... ... ... | १४७ |
| ३४. | श्रीयमुनाविज्ञप्तिः ... ... ... ... | १५१ |
| ३५. | श्रीवल्लभशरणाष्टकम् ... ... ... | १५३ |
| ३६. | श्रीवल्लभचरणविज्ञप्तिः ... ... ... | १५५ |
| ३७. | दैन्याष्टकम् ... ... ... ... | १५७ |
| ३८. | हाहा दैन्याष्टकम् ... ... ... ... | १५९ |
| ३९. | श्रीवल्लभभावाष्टकम् ... ... ... | १६१ |
| ४०. | श्रीवैश्वानराष्टकम् ... ... ... ... | १६७ |

| आंक | ग्रन्थ | पृष्ठ |
|---|---|---|
| ४१. | श्रीमदाचार्यसकलावतारसाम्यरूपनिरूपणम् ... | १७१ |
| ४२. | श्रीमहाप्रभोरष्टोत्तरशतनामानि ... ... | १९१ |
| ४३. | स्वस्वामिपाणियुगलाष्टकम् ... ... ... | २०४ |
| *४४. | श्रीमदाचार्यचिन्तनम् ... ... ... | २०६ |
| ४५. | प्रातःस्मरणम् ... ... ... ... | २१६ |
| ४६. | श्रीविठ्ठलेश्वराष्टोत्तरशतनामावलिः ... ... | २१८ |
| *४७. | श्रीविठ्ठलविभोरष्टकम् ... ... ... | २३२ |
| ४८. | श्रीगोकुलेशाष्टकम् ... ... ... ... | २३६ |
| *४९. | श्रीगोकुलेशाष्टोत्तरशतनामावलिः ... ... | २४० |
| ५०. | श्रीगुरुदेवाष्टकम् ... ... ... ... | २५३ |
| ५१. | प्रभुस्वरूपनिरूपणाष्टकम् ... ... ... | २५६ |
| *५२. | स्वप्रभुविज्ञप्तिः ... ... ... ... | २५९ |
| ५३. | रसात्मकभावस्वरूपनिरूपणम् ... ... | २६३ |
| ५४. | चतुःश्लोकी ... ... ... ... ... | २६७ |
| *५५. | प्रथमं भगवदीयपरिशिक्षणम् ... ... ... | २६८ |
| *५६. | द्वितीयं भगवदीयशिक्षणम् ... ... ... | २६९ |
| *५७. | तृतीयं तदीयानां शिक्षणम् ... ... ... | २७३ |
| *५८. | प्रथमं सिद्धान्तसंक्षेपनिरूपणम् ... ... | २७४ |
| *५९. | द्वितीयं ,, ... ... | २७६ |
| *६०. | तृतीयं ,, ... ... | २८० |
| *६१. | स्वमार्गसर्वस्वम् ... ... ... ... | २८५ |
| ६२. | गर्वापहाराष्टकम् ... ... ... ... | २८८ |

| आंक | ग्रन्थ | पृष्ठ |
|---|---|---|
| *६३. | राजभोगभावना ... ... ... ... | २९१ |
| *६४. | वीटिका(बीडी)समर्पणभावनिरूपणम् ... ... | २९४ |
| *६५. | स्वतन्त्रलेखः ... ... ... ... | २९६ |
| *६६. | फलविवेकः ... ... ... ... ... | २९९ |
| *६७. | भगवच्छास्त्रनिर्णयः ... ... ... ... | ३०५ |
| *६८. | वाक्चक्षुर्मुख्यत्वनिरूपणम् ... ... ... | ३१२ |
| *६९. | सर्वाभोग्यसुधाधिक्यनिरूपणम् ... ... | ३१८ |
| ७०. | चतुर्भुजस्वरूपविचारः ... ... ... | ३१९ |
| *७१. | भावपोषकम् ... ... ... ... | ३२४ |
| *७२. | गोपीवचनदिननिर्वाहकम् ... ... ... | ३२८ |
| *७३. | दास्याष्टकम् ... ... ... ... | ३३५ |
| ७४. | श्रीनृसिंहवामनजयन्त्युत्सवव्रतवैशिष्ट्यनिरूपणम् | ३३८ |
| ७५. | श्रीभागवतपुस्तकनित्यपूजनविधिः ... ... | ३४१ |
| *७६. | षट्षष्टिरपराधाः फलानि तत्प्रायश्चित्तानि च ... | ३४७ |
| ७७–७८. | अष्टपदीद्वयम् ... ... ... ... | ३६५ |
| ७९–९०. | द्वादश पदानि (प्रभोः स्तवनरूपाणि) ... | ३६९ |
| ९१–९२. | पदद्वयम् (श्रीमदाचार्यस्तवनरूपम्) ... | ३७९ |

श्रीकृष्णाय नमः ।

श्रीगोपीजनवल्लभाय नमः ।

श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ।

श्रीहरिधनमहाप्रभुचरणकमलेभ्यो नमः ।

# श्रीहरिराय-वाङ्मुक्तावली

[ भाग २ जो ]

## १. अथ श्रीनिजाचार्याष्टकम् ।

[ ઉપજાતિ ][1]

श्रीवल्लवीवल्लभभावभावि-
सन्तापभावात्मक एव योऽग्निः ।
प्रादुर्भवद्भक्तिसुधासमुद्र-
मुद्भावयन् सोऽस्तु सदारणं मे ॥१॥

શ્રીગોપીજનવલ્લભ પ્રભુ શ્રીકૃષ્ણચંદ્રજીમાંના ભાવને લીધે [ વિરહમાં ] થતો જે સંતાપ, તદ્રૂપ એવા જે અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજી ભક્તિરૂપી અમૃતના સાગરને પ્રકટ કરતા પ્રાદુર્ભાવ પામ્યા, તે શ્રીમહાપ્રભુજી અમારી ગતિ થાવ. ૧

---

૧. પ્રથમના પાંચ શ્લોકોમાં ૧ લો શ્લોક ઇંદ્રવજ્રામાં છે, જ્યારે પછીનાઓમાં કોઈ ચરણ વંશસ્થનાં, કોઈ ઇંદ્રવંશાનાં, કોઈ ઉપેંદ્રવજ્રાનાં તો કોઈ ઇંદ્રવજ્રાનાં છે; એટલે ઉપજાતિ તરીકે આ શ્લોકો ગણી શકાય.

न यस्य कुत्रापि च धर्मयुक्तता
रहस्यतद्भावनभावनक्षमः ।
सदैव लीलालयलीननित्य-
विक्षेपयुक्तः शरणं सदा मे ॥२॥

ભગવાનના સંબંધથી બીજું જે કોઈ લૌકિક ફલ, તેની સાથે જેને ક્યાંય પણ સંબંધ નથી, વળી જે રહસ્ય અને રહસ્યના મનનને ભક્તના હૃદયમાં ઊતારવાને શક્તિમાન છે અને હમેશા લીલાના આશ્રયરૂપ પ્રભુમાં લીન થયેલા જે ભક્તો, તેઓને જે નિત્ય તાપક્લેશ હોય છે, તે તાપક્લેશ જેઓને છે, તેવા શ્રીમહાપ્રભુજી મારો આશ્રય હમેશાં છે. ૨

वियोगसंय्योगविशेषभोग-
संसाधनासादितनित्यविग्रहः ।
तत्साध्यसर्वोत्तमपुष्टिमार्ग-
प्रकाशनाकारणकारणं गतिः ॥३॥

વિયોગ અને સંયોગરસ એનો ખાસ અનુભવ, તેની સિદ્ધિ માટે નિત્યદેહ જેમણે ધારણ કર્યો છે અને તે દેહથી સિદ્ધ કરી શકાય એવો જે સર્વોત્તમ પુષ્ટિમાર્ગ, તેને પ્રકટ કરવામાં બીજા કોઈપણ કારણ વિના કારણ ખાતરજ કારણરૂપે રહેલા શ્રીમહાપ્રભુજી મારી ગતિ છે. ૩

निःसाधनस्वीयनिजाननस्मृति-
प्रमाणनिःसारितमार्गसंशयः ।
सदा दयार्द्रारुणलोचनद्वय-
प्रकाशितान्तःकरणः सदाश्रयः ॥४॥

નિઃસાધન એવાં જે પોતાનાં જનો, તેઓને આ માર્ગમાં ઉત્પન્ન થતો જે સંશય, તેને કેવળ પોતાના મુખારવિંદના સ્મરણ માત્રથીજ જેમણે દૂર કર્યો છે એવા અને નિત્ય દયામય લાલ નેત્રો વડે પોતાનું હૃદય જેમણે જણાવ્યું છે, તેવા શ્રીમહાપ્રભુજી મારો હંમેશનો આશ્રય છે. ૪

**श्रीगोकुलेशाङ्घ्रिसरोजसेवा**
**विशेषदोषादरदोषदाहकः ।**
**संशोधकोऽशुद्धिविबुद्धचेतसां**
**स वल्लभो वल्लभ एव मेऽस्तु ॥५॥**

શ્રીગોકુલેશના ચરણકમલની સેવામાં ખાસ દોષો જોનારાઓના પણ દોષોને બાળી નાખનારા, અને અશુદ્ધિને લઈને જેઓને ખોટો ભ્રમ પોતાના મનમાં ઉત્પન્ન થયો છે, તેવાઓને પણ શુદ્ધ કરનારા શ્રીવલ્લભાચાર્યજી મારા સ્વામી થાવ.૫

[ વસંતતિલકા ]

**कृष्णाभिमर्शजनितातिविचित्रभाव-**
**सद्भावभावितनिजाद्भुतसत्प्रतीकः ।**
**सर्वात्मभावविहितात्मतनुस्थितिश्री-**
**मद्विट्ठलेशजनको ह्यवलम्बनं मे ॥६॥**

પ્રભુ સાથેનો સંબંધ, તેને લઈ ઉત્પન્ન થયેલ અતિ અલૌકિક જે ભાવ, તે તરફ આદરવાળાં છે અંતઃકરણ જેનાં એવા નિજભક્તોની આગળ અલૌકિક સુંદર આદર્શરૂપ, અને સર્વાત્મભાવ ખાતરજ જેણે પોતાનું શરીર ધારણ કર્યું એવા શ્રીગુસાંઈજીના પિતા શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૬

अस्मत्पतिः स्वपरपालनदत्तबुद्धि-
रत्यन्तसार्द्रहृदयो दयितस्वकीयः ।
मच्चित्तधामविलसन्निजनामसाम-
गानप्रियः प्रियजने करुणां करोतु ॥७॥

અમારા સ્વામી, અમારૂં અને બીજાનૂં જે રક્ષણ તે બાબતમાં અમારી બુદ્ધિને દોરનારા, અત્યંત કરુણાળુ હૃદયવાળા, નિજજનો જેઓને બહુ વહાલાં છે એવા, અને મારા ચિત્તમાં વિલાસ કરતાં પોતાનાં નામો, એરૂપી સુંદર સામવેદની ઋચાઓ, એનૂં જે ગાન તે જેમને બહુ પ્રિય છે, એવા શ્રીમહાપ્રભુજી પોતાના પ્રિયજન એવા મારા ઊપર કરુણા કરો. ૭

[ પુષ્પિતાગ્રા ]

स्वचरणकमलं फलं सदा मे
स यदि ददातु कृपाविशेषयुक्तः ।
निजजनविहिताघसङ्घहर्ता
हरतु रतिप्रतिबन्धकं हरिर्नः ॥८॥

ખાસ કૃપા કરી તે શ્રીમહાપ્રભુજી પોતાના ચરણકમલરૂપી ફળનૂં દાન સદાને માટે મને કરે તો નિજ ભક્તોયે કરેલાં પાપોના સમૂહને દૂર કરનારા હરિ ભગવદ્ભાવમાં પ્રતિબંધ કરનારી વસ્તુઓને ચોક્કસ દૂર કરે. ૮

इति श्रीहरिदासोक्तं श्रीनिजाचार्याष्टकं सम्पूर्णम् ।

# २. श्रीवल्लभपञ्चाक्षरस्तोत्रम् ।

[ અનુષ્ટુભ ]

**श्रीवल्लवीवल्लभास्य वियोगाग्ने कृपाकर ।**
**अलौकिकनिजानन्द श्रीवल्लभ तवास्म्यहम् ॥१॥**

હે શ્રીગોપીજનવલ્લભ પ્રભુ શ્રીકૃષ્ણચંદ્રજીના મુખારવિંદરૂપ, વિયોગાગ્નિરૂપ, હે કૃપા કરનારા અને અલૌકિક નિજ આનંદવાળા શ્રીવલ્લભાચાર્યજી! હું આપનો છૂં. ૧

**कृष्णाधरसुधागारभरितावयवावृत ।**
**श्रीभागवतभावाब्धे श्रीवल्लभ तवास्म्यहम् ॥२॥**

શ્રીકૃષ્ણચંદ્રજીની અધરસુધાના ધામથી ભરપૂર એવાં નિજ અંગોથી આવૃત અને શ્રીમદ્ભાગવતના તત્ત્વના મહાસાગરરૂપ હે શ્રીવલ્લભાચાર્યજી! હું આપનો છૂં. ૨

**भावात्मकस्वरूपार्तिभावसेवाप्रदर्शक ।**
**भाववल्लभपादाब्ज श्रीवल्लभ तवास्म्यहम् ॥३॥**

ભાવાત્મક જે પ્રભુ, તેમની આર્તિભાવ ( તાપક્લેશ ) થી જે સેવા, તે બતાવનારા અને તે ભાવને કારણેજ જેનાં ચરણકમળ વહાલાં બને છે, તેવા હે શ્રીવલ્લભાચાર્યજી! હું આપનો છૂં.૩

**करुणायुतदृक्प्रान्तपातपातकनाशक[1] ।**
**[2]निःसाधनजनाधीश श्रीवल्लभ तवास्म्यहम् ॥४॥**

કરુણાવાળાં નેત્રોના અંતભાગથી દૃષ્ટિ કરતાંજ પાપોનો નાશ કરનારા અને નિઃસાધન જનોના સ્વામી હે શ્રીવલ્લભાચાર્યજી! હું આપનો છૂં. ૪

---

१. करुणायुतदृक्पातादुपपातकनाशक ।  २ साधनज्ञानधीशैक ।

**मधुरास्यातिमधुरदृगन्त मधुराधर ।**
**स्वरूपमधुराकार श्रीवल्लभ तवास्म्यहम् ॥५॥**

હે મધુર મુખવાળા ! હે મધુર નેત્રોના અંતભાગવાળા ! હે મધુર અધરવાળા અને મધુર સ્વરૂપવાળા શ્રીવલ્લભાચાર્યજી ! હું આપનો છું. ૫

**दीनतामात्रसन्तुष्ट दीनतामार्गबोधक ।**
**दीनतापूर्णहृदय श्रीवल्लभ तवास्म्यहम् ॥६॥**

માત્ર દીનતાથી સંતોષ પામેલા, દીનતાના માર્ગનો બોધ કરનારા અને દીનતાથી પૂર્ણ હૃદયવાળા શ્રીવલ્લભાચાર્યજી ! હું આપનો છું. ૬

**अङ्गीकृतकृतानेकापराधविहतिक्षम ।**
**गृहीतहस्तनिर्वाह श्रीवल्लभ तवास्म्यहम् ॥७॥**

જે ભક્તોને આપે આપના કર્યા છે, તેવા ભક્તોના અનેક અપરાધોનો નાશ કરવાને શક્તિવાળા અને તેવા ભક્તોનાં યોગક્ષેમ વહાવનારા હે શ્રીવલ્લભાચાર્યજી ! હું આપનો છું. ૭

**अशेषहरिदासैकसेवितस्वपदाम्बुज ।**
**अदेयफलदानार्थं श्रीवल्लभ तवास्म्यहम् ॥८॥**

ન આપી શકાય તેવા દાનને માટે સંપૂર્ણ ભાવે હરિદાસો માત્રથી જેમનાં ચરણકમલની સેવા કરવામાં આવી છે, તેવા હે શ્રીવલ્લભાચાર્યજી ! હું આપનો છું. ૮

**इति श्रीहरिदासोक्तं श्रीवल्लभपञ्चाक्षरस्तोत्रं सम्पूर्णम् ।**

# ३. श्रीवल्लभभावाष्टकम् ।

[ અનુષ્ટુભ ]

**पतिः श्रीवल्लभोऽस्माकं गतिः श्रीवल्लभः सदा ।**
**मतिः श्रीवल्लभे ह्यास्तां रतिः श्रीवल्लभेऽस्तु मे ॥१॥**

શ્રીવલ્લભાચાર્ય પ્રભુ અમારા સ્વામી છે. શ્રીવલ્લભાધીશ સદૈવ અમારી ગતિ છે. અમારી બુદ્ધિ શ્રીવલ્લભમાં રહો; મારો પ્રેમ શ્રીવલ્લભાધીશમાં રહો. ૧

**वृत्तिः श्रीवल्लभीयैव कृतिः श्रीवल्लभार्थिनी ।**
**दर्शनं श्रीवल्लभस्य स्मरणं वल्लभप्रभोः ॥२॥**

મારૂં વલણ શ્રીવલ્લભ સંબંધીજ રહો. કાર્ય શ્રીવલ્લભ માટે-જ થાવ. દર્શન શ્રીવલ્લભપ્રભુનું અને સ્મરણ પણ શ્રીવલ્લભા-ચાર્યજીનું થાવ. ૨

**तत्प्रसादसुमाघ्राणमस्तूच्छिष्टरसाग्रहः ।**
**श्रवणं तद्गुणानां हि स्मरणं तत्पदाब्जयोः ॥३॥**

એ પ્રભુનાં પ્રસાદી પુષ્પોનેજ સૂંઘવાનૂં થાવ. એમના ઉચ્છિષ્ટ રસમાંજ આગ્રહવાળો થાઉં. એમના ગુણોનૂં શ્રવણ અને એમના ચરણકમલનૂં સ્મરણ થાવ. ૩

**गृणनं तन्महित्वस्य सेवनं करयोर्भवेत् ।**
**तत्स्वरूपान्तरो भोगो गमनं तस्य सन्निधौ ॥४॥**

એમના મહિમાનૂં ગાન અને એમના કરની સેવા થાવ.

તે શ્રીવલ્લભપ્રભુના સ્વરૂપમાં રહેતોજ ભોગ થાવ અને તે પ્રભુની નિકટજ મારૂં જવૂં થાવ. ૪

**तदग्रे सर्वदा स्थानं सङ्गस्तत्सेवकैः सदा ।**
**तद्वार्तातिरुचिर्निष्ठा भूयात्तद्वाक्यमात्रगा ॥५॥**

તે શ્રીમહાપ્રભુજી આગળજ હમેશાં રહેવાનૂં થાવ અને તેમના સેવકોનોજ સદા સંગ થાવ. શ્રીમહાપ્રભુજીનીજ કથામાં ભારી રુચિ અને આપશ્રીનાં વચનોમાંજ નિષ્ઠા રહો. ૫

**श्रद्धा तदेकसम्बन्धे विश्वासस्तत्पदाब्जयोः ।**
**दास्यं तदीयमेवास्तु भूयात्तच्चरणाश्रयः ॥६॥**

તે શ્રીમહાપ્રભુજીના સંબંધમાં શ્રદ્ધા, આપશ્રીનાં ચરણકમળમાં વિશ્વાસ, એઓશ્રીનૂંજ દાસ્ય અને એઓશ્રીના ચરણમાં આશ્રય થાવ. ૬

**मस्तके श्रीवल्लभोऽस्तु हृदि तिष्ठतु वल्लभः ।**
**अभितः श्रीवल्लभोऽस्तु सर्वं श्रीवल्लभो मम ॥७॥**

મારા મસ્તક ઊપર શ્રીમહાપ્રભુજી બિરાજો; મારા હૃદયમાં શ્રીઆચાર્યજી બિરાજો; મારી ચારે બાજૂ શ્રીવલ્લભ રહો અને મારૂં સર્વ શ્રીવલ્લભ થાવ. ૭

**नमः श्रीवल्लभायैव दैन्यं श्रीवल्लभे सदा ।**
**प्रार्थना श्रीवल्लभेऽस्तु तत्पदाधीनता मम ॥८॥**

શ્રીવલ્લભાચાર્યજીને નમસ્કાર હો. સદૈવ શ્રીવલ્લભાચાર્યજી વિશેજ મારી દીનતા થાવ. પ્રાર્થના શ્રીવલ્લભ વિશેજ થાવ અને તે શ્રીમહાપ્રભુજીના ચરણકમલમાંજ મારી પરવશતા રહો. ૮

**एतदष्टकपाठेन श्रीवल्लभपदाम्बुजे ।**
**भवेद्भावो विनायासं भक्तिमार्गवृतात्मनाम् ॥९॥**

આ અષ્ટકનો પાઠ કરવાથી ભક્તિમાર્ગમાં જેઓના આત્માનૂં વરણ થયૂં છે, તેવા જીવોને કોઈપણ જાતની મહેનત વિના શ્રીમદ્‌વલ્લભાચાર્ય પ્રભુના ચરણકમલમાં ભાવ થાય. ૯

**इति श्रीहरिदासोक्तं श्रीवल्लभभावाष्टकं सम्पूर्णम् ॥**

## ४. प्रभाताष्टकम् ।

[ વસંતતિલકા ]

**उत्फुल्लतामगमदम्बुजमण्डजानां**
**यूथं विरौति, शिशिरः पवनोऽपि वाति ।**
**मथ्नन्ति गोपवनिता दधि, मङ्गलानि**
**गायन्ति, तानि शृणु गोकुलरम्भणं च ॥१॥**

[ માતા યશોદાજી બાલક શ્રીકૃષ્ણચંદ્રજીને પ્રાતઃકાલમાં જાગૃત કરતાં સ્તુતિ કરે છે કેઃ– ] કમલ ખીલી ઊઠ્યાં છે; પંખીયોનાં વૃંદોયે કલરવ કરી મૂકયો છે; શીતળ પવન વાઈ રહ્યો છે; ગોપાંગનાઓ દહીં વલોવી રહી છે અને મંગલ ગીતો ગાઈ રહી છે, તે સાંભળ; અને આ ગાયોનાં ઘણ ભાંભરે છે, તે સાંભળ. ૧

**उत्तिष्ठ बाल, तव बालकमण्डलीयं**
**त्वामाह्वयत्यखिलवीथिषु खेलनाय ।**

हैयङ्गवं दधि पयःसरमुत्तमान्नं
स्वीकृत्य याहि निजगोकुलचारणाय ॥२॥

હે બાળક! તૂં ઊભો થા; આ તારા બાળકોની મંડલી તને બધી શેરીયોમાં રમવાને માટે બોલાવી રહી છે. માખણ, દહીં, કઢિયલ દૂધ અને આ લાડૂ આરોગી આપણી ગાયોનાં ધણ ચારવાને માટે જા. ૨

वेणुं करेण परिगृह्य, निजं वसित्वा
पीताम्बरं, लकुटिकां विनिधाय कक्षे।
याहि स्वगोकुलयुतो विपिनं, सिताया
उत्सङ्गसङ्गिवसने शकलानि धृत्वा ॥३॥

હાથે બંસી ગ્રહી, તારૂં પીતાંબર પહેરી, કાખમાં ગેડી રાખી અને ખોળાની ખોમાં સાકરના ગાંગડા લઈ આપણી ગાયોનાં ધણ સાથે તૂં વૃંદાવનમાં જા. ૩

उच्छ्वासमुन्नतसुनासिकमम्बुजाक्षं
वक्त्रं विशोधय, दृशौ विशदीविधेहि।
कूजन्ति कोकिलगणा मधुरस्वरेण,
भित्तौ दिवाकरकराः प्रसृतीभवन्ति ॥४॥

ઊંચા શ્વાસ લેતૂં, ઊંચી સુંદર નાસિકાવાળૂં આ તારૂં મુખ સાફ કર અને આંખો ઊઘાડ. આ કોયલનાં વૃંદ મધુરે સ્વરે ટહુકા કરી રહ્યાં છે અને સામે દિવાલ ઊપર સૂરજનાં કિરણ પથરાઈ રહેલાં છે. ૪

गोपीजना अपि निरीक्षितुमाननं ते
भूयो विभाव्य हृदये विकलीभवन्ति ।
उद्यद्विधूपममुखं प्रकटं विधाय
तेषां मनोरथचयः परिपूरणीयः ॥५॥

આ ગોપાંગનાઓ પણ તારૂં મુખ જોવાને માટે આવી છે; તે વારંવાર ઊંચાનીચી થાય છે અને તેઓના હૈયામાં કાંઇનૂં કાંઇ થઈ જાય છે. ઊગતા ચંદ્રના જેવૂં તારૂં મુખ ઊઘાડી તેઓના મનનો મનોરથ પૂરો કર. ૫

तातस्य तातसदनं वदनं प्रकाश्य
सप्रेम लोचनयुगं च विरोचनीयम् ।
नित्यं विलोकितमथो नवतामुपैति
चित्रं तवाननसरोजमिदं दधाति ॥६॥

તારા પિતાને જીવવાના સ્થાનરૂપ એવૂં તારૂં મુખ તારા પિતાને બતાવી પ્રેમસહિત તારા બંને નેત્રને શોભાવવાનાં છે. તારા મુખકમલને નિત્યનિત્ય જોવામાં આવે છે, છતાં તે દરરોજ નવૂં અને નવૂં જણાય છે. ખરેખર આ તારૂં મુખ-કમલ દરરોજ અચરજજ ધારણ કરે છે. ૬

कार्यं विहाय सकलं भवतश्च बोध-
सम्पादनाय तव सन्निधिमागताहम् ।
त्वद्वक्त्रपद्ममथ दर्शय यामिनीज-
सन्तापभारहरणाय हरे जनन्याः ॥७॥

બધાં કામકાજ છોડીને તને જગાડવાને માટે હું તારી પાસે આવી છું. હે હરિ! તારી માતાનો રાત્રિને લીધે ઉત્પન્ન થયેલો બોજો દૂર કરવા માટે તારૂં મુખકમલ મને બતાવ. ૭

आगच्छ गोकुलजनाधिकभाग्यहेतु-
स्वीयावतारकृततारितविश्व विष्णो ।
उत्सङ्गमम्बुजकरद्वययोगिकण्ठे
लग्नं विधेहि सकलं ललितं स्वरूपम् ॥८॥

ગોકુલવાસીયોના અધિક ભાગ્યને કારણે લીધેલા પોતાના અવતરણથી જેણે વિશ્વને તાર્યૂં છે, તેવા હે વિષ્ણુ! તૂં મારા ખોળામાં આવ અને તારા કમળ જેવા હાથથી વળગવામાં આવેલા મારા કંઠમાં તારા સમગ્ર લલિત સ્વરૂપને લાગેલૂં કર. ૮

इति श्रीहरिदासविरचितं प्रभाताष्टकं सम्पूर्णम् ।

## ५. श्रीगोकुलेशसेवाह्निकम् ।

[ ઉપગીતિ ]

श्रीगोकुलजनजीवनमूर्तिः श्रीगोकुलाधीशः ।
स्वीयत्वाङ्गीकरणे मामपि दीनं निवेशयतु ॥१॥

શ્રીગોકુલવાસીયોના જીવનસ્વરૂપ શ્રીગોકુલાધીશ પ્રભુ પોતાનો કરી સ્વીકાર કરે તે ક્રિયામાં મને ગરીબને પણ સામેલ કરો. ૧

[ અનુષ્ટુભ ]

**प्रियप्रबोधवचनैः शङ्खवीणाजयस्वनैः ।**
**प्रातः समुत्थितं श्रीमद्गोकुलेशमहं भजे ॥२॥**

મીઠાં જગાવવાનાં વચનો અને શંખ-વીણાના મંગલનાદથી સવારે ઊઠેલા શ્રીમદ્ગોકુલેશનો હું આશ્રય કરું છું. ૨

**पार्श्वद्वयस्थितस्वीयप्रियाभुजलताश्रयम् ।**
**तमालश्यामलतनुं गोकुलेशमहं भजे ॥३॥**

બંને બાજૂયે ઊભેલાં પોતાનાં પ્રિયાની ભુજવેલીને આશ્રયે રહેલા, તમાલવૃક્ષના જેવા શ્યામ શરીરવાળા શ્રીમદ્ગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરું છું. ૩

**रात्र्यधिश्रितदुग्धादिपक्वान्ननवनीतकैः ।**
**बालभोगभुजं श्रीमद्गोकुलेशमहं भजे ॥४॥**

રાત્રિને સમયે તૈયાર કરવામાં આવેલાં દૂધ વગેરે મિષ્ટાન્ન અને માખણ વગેરેથી ‘ બાલ-ભોગ ’ કરતા શ્રીમદ્ગોકુલેશનો હું આશ્રય કરું છું. ૪

**आचम्य श्रीमुखं प्रोञ्छ्य वीटिकाग्रहणोत्सुकम् ।**
**मङ्गलारात्रिकयुतं गोकुलेशमहं भजे ॥५॥**

આચમન કરી શ્રીમુખ લૂંછી પાનબીડૂં લેવાને ઉત્સુક અને મંગલાની આરતી લેતા શ્રીમદ્ગોકુલેશનો હું આશ્રય કરું છું. ૫

**ततः शृङ्गारसामग्रीं सज्जीकृत्य स्वसेवकैः ।**
**कृपातिशयितैः सेव्यं गोकुलेशमहं भजे ॥६॥**

ત્યાર પછી શૃંગારની સામગ્રી તૈયાર કરીને કૃપાને લીધે ઉત્સાહિત થયેલા પોતાના સેવકોથી સેવાતા શ્રીમદ્‌ગોકુલેશનો હું આશ્રય કરૂં છૂં. ૬

**ग्रीष्मादिसमयौचित्यैर्वासःस्रग्भूषणोत्तमैः ।**
**यथासुन्दरतां यातं गोकुलेशमहं भजे ॥७॥**

ગ્રીષ્મ વગેરે ઋતુઓને અનુકૂળ વસ્ત્ર, માળા અને ઉત્તમ આભૂષણોથી જેવી જોઇયે તેવી સુંદરતાને પામેલા શ્રીમદ્‌-ગોકુલેશનો હું આશ્રય કરૂં છૂં. ૭

**मयूरचन्द्रिकागुञ्जामालापुष्पादिभिः पुनः ।**
**परप्रीतिकरं श्रीमद्‌गोकुलेशमहं भजे ॥८॥**

મોરપીછના ચાંદલા, ગુંજાની માલાઓ અને ફૂલો વગેરે-થી ફરી બીજાઓને પ્રીતિકારક શ્રીમદ્‌ગોકુલેશનો હું આશ્રય કરૂં છૂં. ૮

**वेणुवेत्रे करे धृत्वा त्रिभङ्गललिताकृतिम् ।**
**दर्शितादर्शमुदितं गोकुलेशमहं भजे ॥९॥**

વેણુ–વેત્ર કરકમલમાં ધારણ કરીને ત્રણ ભાગે ભાંગતા ત્રિભંગ–લલિત સ્વરૂપવાળા અને દેખાડવામાં આવેલા દર્પણ-થી આનંદ પામેલા શ્રીમદ્‌ગોકુલેશનો હું આશ્રય કરૂં છૂં. ૯

**गोपीवल्लभसामग्रीभुजं गोपीजनप्रियम् ।**
**गोपीमण्डलमध्यस्थं गोकुलेशमहं भजे ॥१०॥**

'ગોપીવલ્લભ–ભોગ' આરોગતા, ગોપીજનોને વહાલા અને ગોપીજનોના મંડલના મધ્ય ભાગમાં બિરાજતા શ્રીમદ્‌-ગોકુલેશનો હું આશ્રય કરૂં છૂં. ૧૦

**आचम्य श्रीमुखं प्रोञ्छ्य वीटिकाग्रहणोत्सुकम्।**
**उदाररुचिरक्रीडं गोकुलेशमहं भजे ॥११॥**

આચમન કરી શ્રીમુખ લૂંછી પાનબીડું લેવાને ઉત્સુક અને ઉદાર–સુંદર ખેલવાવાળા શ્રીગોકુલેશનો હું આશ્રય કરૂં છૂં. ૧૧

**ततो गोष्ठे पयःफेनपातारं गोपमण्डले।**
**वनलीलाविचारोत्कं गोकुलेशमहं भजे ॥१२॥**

ત્યાર પછી ગોકુલમાં ગોવાળિયાઓની મંડલીમાં દૂધનાં ઘૈયાં આરોગતા અને વનલીલા કરવાના વિચારને માટે ઉત્કંઠા-વાળા શ્રીમદ્‌ગોકુલેશનો હું આશ્રય કરૂં છૂં. ૧૨

**फेनपानादरोच्छ्वासोन्नतनासापुटाञ्चलम्।**
**उत्तारिताविभूषं श्रीगोकुलेशमहं भजे ॥१३॥**

દૂધનાં ઘૈયાં આરોગવાની ક્રિયાને માન આપતાં થતા ઊતા-વળા શ્વાસને લીધે ઊંચાં થઇ ગયેલાં નાસિકા અને વસ્ત્રવાળા, અને તેથી નાસિકામાંનૂં નકવેસર જેમણે ઊતારી નાખ્યૂં છે, તેવા શ્રીમદ્‌ગોકુલેશ્વરનો હું આશ્રય કરૂં છૂં. ૧૩

**सृण्ठीसुरभितं मिष्टं पयः पीत्वा सुतर्पितम्।**
**नासाधृताविभूषं श्रीगोकुलेशमहं भजे ॥१४॥**

સૂંઠથી સુંદર સુગંધવાળૂં મીઠૂં દૂધ આરોગી સારી રીતે તૃપ્તિ પામેલા અને નાસિકામાં જેમણે નકવેસર ધારણ કર્યૂં છે, તેવા શ્રીમદ્‌ગોકુલેશનો હું આશ્રય કરૂં છૂં: ૧૪

**शृङ्गारभोगं भुक्त्वाथ सारिकाक्रीडनोत्सुकम् ।**
**शृङ्गारारात्रिकयुतं गोकुलेशमहं भजे ॥१५॥**

'શૃંગાર–ભોગ'ને આરોગી લીધા પછી ચોપાટ ખેલવાને ઉત્સુક અને શૃંગાર સમયની આરતી લેતા શ્રીમદ્દગોકુલેશને હું આશ્રય કરૂં છૂં. ૧૫

**पुष्पमालां वेणुवेत्रे धृत्वा दर्शितदर्पणम् ।**
**वनक्रीडार्थमुद्यन्तं गोकुलेशमहं भजे ॥१६॥**

પુષ્પમાલા અને વેણુવેત્ર ધરાવ્યા બાદ જેમને દર્પણ દેખાડવામાં આવ્યૂં છે તેવા અને વનક્રીડા માટે તૈયાર થતા શ્રીમદ્દગોકુલેશને હું આશ્રય કરૂં છૂં. ૧૬

**अविदूरे व्रजभुवः सह गोपालदारकैः ।**
**नानाक्रीडापरं श्रीमद्‌गोकुलेशमहं भजे ॥१७॥**

વ્રજભૂમિની નિકટમાંજ ગોવાળિયાઓના છોકરાઓ સાથે ભિન્ન ભિન્ન પ્રકારની રમતોમાં પરોવાયેલા શ્રીમદ્દગોકુલેશને હું આશ્રય કરૂં છૂં. ૧૭

**ततश्च व्रजराजाख्यभोगं गेहे वनेऽथवा ।**
**सम्भोजनीयैर्भुञ्जानं गोकुलेशमहं भजे ॥१८॥**

ત્યાર પછી 'વ્રજરાજ—ભોગ'ને ગૃહમાં અથવા તો વનમાં, ભોજન કરાવવા જેવા ગોપાલબાલકો સાથે આરોગતા શ્રીગોકુલેશને હું આશ્રય કરૂં છૂં. ૧૮

**गोपालवल्लभं भोगं तत्तत्प्रीत्या समाहृतम् ।**
**भुञ्जानं भोजयन्तं च गोकुलेशमहं भजे ॥१९॥**

તે તે ગોપબાલકે પ્રીતિ વડે લાવેલા 'ગોપાલવલ્લભભોગ'-ને આરોગતા અને આરોગાવતા શ્રીગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરૂં છૂં. ૧૯

**परिहासकथाकेलीरपि कुर्वन्तमन्तरे ।**
**तत्तद्भावभुजं श्रीमद्गोकुलेशमहं भजे ॥२०॥**

પરિહાસની વાર્તાઓ અને ક્રીડાઓ પણ વચ્ચે વચ્ચે કરતા, અને તે તે વાર્તાના આશયને સમજતા શ્રીમદ્‌ગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરૂં છૂં. ૨૦

**चतुर्विधं बहुगुणमन्नं सम्भुज्य रोचकम् ।**
**आचान्तश्रीमुखोन्मृष्टं गोकुलेशमहं भजे ॥२१॥**

ચાર પ્રકારની–પીવાની, ચૂસવાની, ચાટવાની અને ચાવીને ખાવાની–બહુ ગુણવાળી રોચક સામગ્રી આરોગીને આચમન લીધેલૂં શ્રીમુખ જેમણે પોંછી લીધૂં છે તેવા શ્રીગોકુલેશ પ્રભુનો હૂં આશ્રય કરૂં છૂં. ૨૧

**ताम्बूलवीटिकायुग्मं कर्पूरादियुतं पुनः ।**
**प्रियार्पितग्राहकं श्रीगोकुलेशमहं भजे ॥२२॥**

પ્રિયાએ આપેલાં કપૂર વગેરેથી સુવાસિત બે પાનબીડાંનો સ્વીકાર કરનારા શ્રીમદ્‌ગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરૂં છૂં.૨૨

**पुष्पमालाङ्गरागादिताम्बूलास्तरणाश्चितम् ।**
**नानाक्रीडनकासक्तं गोकुलेशमहं भजे ॥२३॥**

પુષ્પમાલા, અંગરાગ વગેરે, તાંબૂલ, બિછાવટ એ વગેરેથી સત્કારાયેલા અને અનેક પ્રકારનાં ખિલોનાંમાં આસક્તિવાળા

શ્રીગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરૂં છું. ૨૩

**राजभोगारात्रिकश्रीयुतं प्रणमितं स्वकैः ।**
**शय्यामन्दिरसंविष्टं गोकुलेशमहं भजे ॥२४॥**

'રાજભોગ'ની આરતીની શોભાવાળા અને પોતાના ભક્તોથી વંદન કરાયેલા, હવે શય્યામંદિરમાં જેમણે પ્રવેશ કર્યો છે તેવા શ્રીગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરૂં છું. ૨૪

**ताम्बूलपुष्पमालादिशय्याभोगं समर्पितम् ।**
**यथारुचिभुजं श्रीमद्गोकुलेशमहं भजे ॥२५॥**

તાંબૂલ, પુષ્પમાલા વગેરે અને સમર્પવામાં આવેલ શય્યાભોગ વગેરેને યથારુચિ આરોગતા શ્રીમદ્‌ગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરૂં છું. ૨૫

**क्वचित्पल्लवतल्पेषु योगिना(?)मन्तराश्रयम् ।**
**श्रमलीलालसं श्रीमद्गोकुलेशमहं भजे ॥२६॥**

કોઈકવાર ઝાડપાલાના નવા અંકુરોની બનાવેલી શય્યાઓમાં ગોપાંગનાઓ વચ્ચે રહેલા અને શ્રમપૂર્વકની લીલાથી તંદ્રાવાળા શ્રીગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરૂં છું. (**योगिनाम्** ને સ્થાને **गोपीनाम्** પાઠ જોઇયે, એમ પ્રસંગ પરથી જણાય છે.)૨૬

**यमुनातीरवानीरनिकुञ्जक्रीडनोत्सुकम् ।**
**गोचारणायानुगतं गोकुलेशमहं भजे ॥२७॥**

યમુનાજીના કિનારા પરના બરૂઓની બનાવેલી નિકુંજોમાં ખેલવાને ઉત્સુક અને ગોચારણ માટે તે બાજૂ ગયેલા શ્રી-ગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરૂં છું. ૨૭

**तुर्ययामसमाक्रान्ते दिवसे शङ्खनादिते ।**
**समुत्थितालसयुतं गोकुलेशमहं भजे ॥२८॥**

દિવસનો ચોથો પહોર આવી લાગતાં શંખનાદને લીધે ઊઠેલા આલસયુક્ત શ્રીગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરું છું. ૨૮

**आवर्तितपयोबन्धं फलान्यन्यानि पानकम् ।**
**सालसग्रहणोत्कण्ठं गोकुलेशमहं भजे ॥२९॥**

તાજા ઊતારવામાં આવેલા માખણ, બીજાં ફળ અને પીવાના પદાર્થને તંદ્રાળુપણે સ્વીકારવાની ઉત્કંઠાવાળા શ્રીગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરું છું. ૨૯

**आचम्य श्रीमुखं प्रोञ्छ्य वीटिकाग्रहणोत्सुकम् ।**
**सारिकाक्रीडनोत्कण्ठं गोकुलेशमहं भजे ॥३०॥**

આચમન લઈ અને શ્રીમુખને પોંછી પાનબીડું લેવાને ઉત્સુક અને ચોપાટ ખેલવાની ઉત્કંઠાવાળા શ્રીગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરું છું. ૩૦

**भोगापसारसमये दर्शनानन्ददायकम् ।**
**गवाह्वानसमुल्लासं गोकुलेशमहं भजे ॥३१॥**

'ભોગ' સરાવવાને સમયે દર્શનનો આનંદ દેતા અને ગાયોને બોલાવવાના ઉત્સાહવાળા શ્રીગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરું છું. ૩૧

**गोपगोधनसंश्लिष्टं कुसुमाकल्पभूषितम् ।**
**मुरलीं वादयन्तं श्रीगोकुलेशमहं भजे ॥३२॥**

ગોવાળિયાઓ અને ગાયોનાં ધણ સાથે મળેલા, ફૂલોની

શોભાથી વિભૂષિત થયેલા અને મુરલી બજાવતા શ્રીગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરું છું. ૩૨

**व्रजस्त्रीनेत्रमधुपपीतश्रीवदनाम्बुजम् ।**
**सन्ध्याभोगभुजं श्रीमद्गोकुलेशमहं भजे ॥३३॥**

વ્રજાંગનાઓનાં નેત્રરૂપી ભ્રમરોથી જેમના વદનકમળનું પાન કરવામાં આવ્યું છે, તેવા અને 'સંધ્યા સમયના ભોગ'ને આરોગતા શ્રીગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરું છું. ૩૩

**वीटिकां वेणुवेत्रे च गृहीत्वा गोष्ठमागतम् ।**
**सन्ध्यारात्रिकसन्दृश्यं गोकुलेशमहं भजे ॥३४॥**

પાનબીડું અને વેણુવેત્ર ધરી ગોકુલમાં પધારેલા અને સંધ્યા–આરતીથી દર્શનીય બનેલા શ્રીગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરું છું. ૩૪

**शृङ्गारवस्त्राभरणगुञ्जाद्युत्तारिताङ्गकम् ।**
**सूक्ष्मवस्त्राकल्पयुतं गोकुलेशमहं भजे ॥३५॥**

શૃંગાર, વસ્ત્ર, આભરણ, ગુંજાની માળા એ વગેરે અંગોમાંથી જેમણે ઉતારી નાખ્યાં છે અને જેઓએ બારીક વસ્ત્રની શોભા ધારણ કરી છે, તેવા શ્રીગોકુલેશનો હું આશ્રય કરું છું. ૩૫

**गोदोहनानीतपयःफेनपानादरं पुनः ।**
**रसलीलारसाविष्टं गोकुलेशमहं भजे ॥३६॥**

ફરી ગાયોને દોહીને લાવવામાં આવેલાં દૂધનાં ફીણ આરોગવા તરફ પ્રેમવાળા અને રસલીલાના રસવાળા શ્રીગોકુલેશનો હું આશ્રય કરું છું. ૩૬

ततः शयनसामग्रीं भुक्त्वा दुग्धौदनान्तरम् ।
आचान्तोन्मृष्टवदनं गोकुलेशमहं भजे ॥३७॥

ત્યાર પછી દૂધ-ભાતવાળી શયન-સામગ્રી આરોગી પ્રથમ આચમન લઈ પછી શ્રીમુખ જેમણે પોંછ્યૂં છે તેવા શ્રીગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરૂં છૂં. ૩૭

ताम्बूलवीटिकायुग्मं कर्पूरादियुतं पुनः ।
प्रियाकरार्पितभुजं गोकुलेशमहं भजे ॥३८॥

ત્યાર પછી પ્રિયાયે હાથે આપેલાં કપૂર વગેરેવાળાં બે પાનબીડાં આરોગતા શ્રીગોકુલેશ પ્રભુનો હું આશ્રય કરૂં છૂં. ૩૮

शयनारात्रिकयुतं यशोदोत्सङ्गलालितम् ।
वरशय्यासन्निविष्टं गोकुलेशमहं भजे ॥३९॥

શેન-આરતી જેમને અર્પવામાં આવી છે તેવા, શ્રીયશોદાજીના ખોળામાં લાડ પામેલા અને પછી ઉત્તમ શય્યા ઊપર બિરાજેલા શ્રીગોકુલેશનો હું આશ્રય કરૂં છૂં. ૩૯

इति श्रीगोकुलेशस्य सेवाविधिसमाश्रितम् ।
आह्निकं रचितं पूर्णं, तेन सन्तुष्यतु प्रभुः ॥४०॥

એ પ્રમાણે શ્રીગોકુલેશ પ્રભુની સેવાવિધિ રજૂ કરતૂં આ આહ્નિક પૂર્ણ રચ્યૂં છે, તેનાથી શ્રીગોકુલેશ પ્રભુ પ્રસન્ન થાવ. ૪૦

इति श्रीहरिदासोक्तं श्रीगोकुलेशसेवाह्निकं सम्पूर्णम् ।

## ६. श्रीमद्गोकुलचन्द्राष्टकम् ।

[ આર્યા ]

**श्रीमद्गोकुलचन्द्रे त्रिभङ्गसन्दर्शिताङ्गमाधुर्ये ।**
**गोपीनयनचकोरे नन्दकिशोरे मतिर्मेऽस्तु ॥१॥**

શરીરને ત્રણ ભાગે વાળીને જેમણે પોતાના અંગનું માધુર્ય બતાવ્યું છે તેવા, ગોપાંગનાઓનાં નેત્રોના ચકોર નંદકિશોર શ્રીગોકુલચંદ્ર પ્રભુમાં મારી બુદ્ધિ રહો. ૧

**श्रीमद्गोकुलजलदेऽधरसुधया वृष्टिपूरणैकपरे ।**
**विद्युन्निभात्रिरेखासुवर्णतिलके मतिर्मेऽस्तु ॥२॥**

શ્રીમદ્ગોકુલના મેઘરૂપ અને અધરામૃતથી માત્ર વૃષ્ટિ પૂર્ણ કરનારા અને વીજળીની કાંતિ જેવી કાંતિવાળી ભાલ-પ્રદેશમાં આવેલી ત્રિવલીમાં સુવર્ણ-તિલકવાળા શ્રીગોકુલચંદ્ર પ્રભુમાં મારી બુદ્ધિ રહો. ૨

**चिबुकविराजितचिबुके शोभितनासाविभूषणे मधुरे ।**
**तिलकसुभालितभालेऽलकवृतभाले मतिर्मेऽस्तु ॥३॥**

ચિબુક ભાગમાં શોભીતા ચિબુકવાળા, નાસિકામાં સુશોભિત મધુર નકવેસરવાળા, તિલકથી સુંદર દેખાતા અને વાંકડિયા કેશથી વીંટાયેલા ભાલ-પ્રદેશવાળા શ્રીગોકુલચંદ્ર-માજીમાં મારી બુદ્ધિ રહો. ૩

**चक्रितदक्षिणभागोष्णीषे वामैकचन्द्रिकादेशे ।**
**गुञ्जामालाविशदे भूषितभूषे मतिर्मेऽस्तु ॥४॥**

દક્ષિણ ભાગ પર વાંકી પાઘવાળા અને ડાબા ભાગ ઊપર એક માત્ર ચંદ્રિકાવાળા, ગુંજાની માલાથી ખીલતા દેખાતા અને જેમણે શૃંગાર કર્યો છે તેવા શ્રીગોકુલચંદ્રમાજીમાં મારી બુદ્ધિ રહો. ૪

मुखरितनूपुरचरणे कटिबद्धक्षुद्रघण्टिकावरणे।
त्रिवलीभूषणरचितश्रीकण्ठे मे मतिर्भूयात् ॥५॥

ઝમકાર કરતાં ઝાંઝર પહેરેલાં ચરણુવાળા, કેડ ઊપર બાંધેલા ઝીણી ઘૂઘરીવાળા કણુદોરાનાં આભરણુવાળા અને ત્રિસરી માળાથી શણુગારેલ કંઠવાળા શ્રીગોકુલચંદ્રમાજીમાં મારી બુદ્ધિ રહો. ૫

[ ઉદ્ગીતિ ]

चोरितदुग्धं वदने भृत्वा, गोपाङ्गनावदने।
कृतगण्डूषं चलितं गोकुलचन्द्रं भजाम्यहं सततम्॥६॥

ચોરેલું દૂધ વદનમાં ભરી પછી ગોપાંગનાના વદનમાં કોગળો કરી દોડી ગયેલા શ્રીગોકુલચંદ્રમાજીને। હું સદા આશ્રય કરૂં છું. ૬

[ આર્યા ]

[गोदोहनसमयात्प्राक् वत्सानुन्मुच्य दामतःक्षुधितान्।]
उच्छालयन् प्रभुर्मे धावँश्चित्तं तथा नयतु ॥७॥

ગાયો દોહવાના સમય પહેલાંજ ભૂખ્યાં વાછરડાંઓને દોરડેથી છૂટાં કરી હાંકી મૂકતા અને દોડી જતા મારા પ્રભુ મારા ચિત્તને દોરો. ૭

[ અનુષ્ટુભ ]

देवाङ्गनादर्शनीयकुमारे व्रजसुन्दरे।
वत्सपुच्छावलम्बेऽस्मिन्मनो मे सम्प्रधावतु ॥८॥

દેવાંગનાઓને દર્શન કરવા લાયક, વાછરડાંઓનાં પૂછડાં-ઓને વળગતા વ્રજસુંદર આ શ્રીનંદકુમાર શ્રીગોકુલચંદ્રમાજી વિશે મારું ચિત્ત દોડી જાવ. ૮

इति श्रीहरिदासोदितं श्रीमद्गोकुलचन्द्राष्टकं समाप्तम् ।

## ७. श्रीनवनीतप्रियाष्टकम् ।

[ ઉપગીતિ ]

अलकावृतलसदलिके विरचितकस्तूरिकातिलके ।
चपलयशोदाबाले शोभितमाले मतिर्मेऽस्तु ॥१॥

વાંકડિયા કેશથી સુશોભિત ભાલ-પ્રદેશવાળા, કસ્તૂરીના કરેલા તિલકવાળા, ધારણ કરેલી સુશોભિત માલાવાળા યશોદાજીના ચપલ બાલક શ્રીકૃષ્ણચંદ્રજી વિશે મારી બુદ્ધિ રહો. ૧

[ આર્યા ]

मुखरितनूपुरचरणे कटिबद्धक्षुद्रघण्टिकावरणे ।
द्वीपिकरजकृतभूषणभूषितहृदये मतिर्मेऽस्तु ॥२॥

ઝમકાર કરતાં ઝાંઝર પહેરેલાં ચરણવાળા, કેડ ઊપર બાંધેલા ઝીણી ઘૂઘરીયોવાળા કણદોરાના આભરણવાળા, અને વાઘનખના બનેલા આભૂષણથી સુશોભિત ઉર-પ્રદેશવાળા શ્રીકૃષ્ણચંદ્રજી વિશે મારી બુદ્ધિ રહો. ૨

करधृतनवनवनीते हितकृतजननीविभीषिकाभीते ।
रतिमुद्वहताच्चेतो गोपीभिर्वञ्चयतां नीते ॥३॥

કરમાં ધારણ કરેલા તાજા માખણવાળા, ભલાંને માટે

માતા યશોદાજી વડે બતાવવામાં આવેલી ધાકથી બીધેલા, અને ગોપીજનોને વશ થયેલા પ્રભુ શ્રીનવનીતપ્રિય કૃષ્ણ-ચંદ્રજીમાં મારૂં ચિત્ત આનંદ મેળવો. ૩

**बालदशामतिमुग्धे चोरितदुग्धे व्रजाङ्गनाभवनात् ।**
**तदुपालम्भवचोभयविभ्रमनयने मतिर्मेऽस्तु ॥४॥**

બાલ્યદશાની મતિમાં મુગ્ધ, જેણે ગોપાંગનાઓના ઘરમાંથી દૂધની ચોરી કરી છે તેવા, અને તેઓના ઠપકાના વચનનો જે ભય, તેનાથી વિહ્વલ થયેલાં છે નેત્ર જેનાં, એવા શ્રીકૃષ્ણ-ચંદ્રજીમાં મારી બુદ્ધિ રહો. ૪

[ઉપગીતિ]

**व्रजकर्दमलिप्ताङ्गे स्वरूपसुषमाजितानङ्गे ।**
**कृतनन्दाङ्गणरिङ्गणविविधविहारे मतिर्मेऽस्तु ॥५॥**

વ્રજભૂમિમાંના કાદવથી લીંપાયેલાં અંગો–વાળા, સ્વરૂપનાં અસાધારણ સૌંદર્યથી જેમણે કામદેવ ઊપર વિજય મેળવ્યો છે તેવા, અને જેમણે નંદરાયજીના આંગણામાં ઘૂંટણ વતી ચાલવૂં એ વગેરે અનેક જાતની ક્રીડા કરી છે, તેવા શ્રીકૃષ્ણ-ચંદ્રજીમાં મારી બુદ્ધિ રહો. ૫

[આર્યા]

**करवरधृतलघुलकुटे विचित्रमायूरचान्द्रिकामुकुटे ।**
**नासागतमुक्तामणिजटितविभूषे मतिर्मेऽस्तु ॥६॥**

પોતાના ઉત્તમ કર વિશે ધારણ કરેલી નાની ગેડી–વાળા, ચિત્રવિચિત્ર મોરપીછના ચાંદલાના મુકુટવાળા અને નાકની

અંદર રહેલાં મોતી અને મણિથી જડેલા ભૂષણવાળા શ્રીકૃષ્ણચંદ્રજીમાં મારી બુદ્ધિ રહો. ૬

[ ઉપગીતિ ]

**अभिनन्दनकृतनृत्ये विरचितनिजगोपिकाकृत्ये ।**
**आनन्दितनिजभृत्ये प्रहसनमुदिते मतिर्मेऽस्तु ॥७॥**

હુલાવવાથી જેમણે નૃત્ય કર્યું છે તેવા, પોતાની ગોપાંગનાઓનું જેમણે ચીંધેલું કામ કરી આપ્યું છે તેવા, જેમણે પોતાના સેવકોને આનંદ આપ્યો છે તેવા અને હાસ્ય–ગોષ્ઠીથી આનંદ પામેલા ભગવાન શ્રીકૃષ્ણચંદ્રમાં મારી બુદ્ધિ રહો. ૭

**कामादपि कमनीये नमनीये ब्रह्मरुद्राद्यैः ।**
**निःसाधनभजनीये भावतनौ मे मतिर्भूयात् ॥८॥**

કામદેવ કરતાં પણ સુંદર, બ્રહ્મા–રુદ્ર વગેરે દેવતાઓ જેમને નમન કરે તેવા, સાધન વિનાના ભક્તજનો જેમનું ભજન કરે તેવા અને ભાવાત્મક દેહવાળા નવનીતપ્રિય ભગવાન શ્રીકૃષ્ણચંદ્રજીમાં મારી બુદ્ધિ રહો. ૮

**इति श्रीहरिदासोदितं श्रीनवनीतप्रियाष्टकं सम्पूर्णम् ।**

## ८. भुजङ्गप्रयाताष्टकम् ।

[ ભુજંગી ]

**सदा गोपिकामण्डले राजमानं**
**लसन्नृत्यबन्धादिलीलानिदानम् ।**
**गलद्दर्पकन्दर्पशोभाभिधानं**
**भजे नन्दसूनुं सदानन्दरूपम् ॥१॥**

સદા ગોપાંગનાઓના મંડલમાં વિરાજતા, સુશોભિત નૃત્ય-બંધ વગેરે લીલાઓના સૂત્રધાર, જેનો દર્પ ગળતો જાય છે તેવા કામદેવની શોભા જેવી શોભા જેની છે તે સદાનંદરૂપ નંદનંદન શ્રીકૃષ્ણચંદ્રજીનો હું આશ્રય કરૂં છૂં. ૧

**व्रजस्त्रीजनानन्दसन्दोहसक्तं**
**सुधावर्षिवंशीनिनादानुरक्तम् ।**
**त्रिभङ्गाकृतिस्वीकृतस्वीयभक्तं**
**भजे नन्दसूनुं सदानन्दरूपम् ॥२॥**

વ્રજાંગનાઓના અપરંપાર આનંદમાં આસક્તિવાળા, અમૃતને વરસાવનારા બંશીના નાદમાં અનુરાગવાળા, ત્રણ ભાગે વાંકા વાળેલા દેહના સ્વરૂપથી જેણે પોતાના ભક્તોનો સ્વીકાર કરી લીધો છે તેવા સદાનંદરૂપ નંદનંદન શ્રીકૃષ્ણચંદ્રજીનો હું આશ્રય કરૂં છૂં. ૨

**स्फुरद्रासलीलाविलासातिरम्यं**
**परित्यक्तगेहादिदासैकगम्यम् ।**
**विमानस्थिताशेषदेवादिनम्यं**
**भजे नन्दसूनुं सदानन्दरूपम् ॥३॥**

ખીલતા રાસલીલાના વિલાસથી અતિ રમણીય, જેઓએ ઘરબાર વગેરે સર્વવસ્તુઓનો ત્યાગ કરી દીધો છે તેવાજ ભક્તોથી પ્રાપ્ત કરી શકાય તેવા, વિમાનોમાં રહેલા સમગ્ર દેવ-ગાન્ધર્વ-કિન્નર વગેરેથી નમન કરાતા સદાનંદરૂપ નંદ-નંદનનો હું આશ્રય કરૂં છૂં. ૩

**स्वलीलारसानन्ददुग्धोदमग्नं**
**प्रियस्वामिनीबाहुकण्ठैकलग्नम् ।**
**रसात्मैकरूपावबोधं त्रिभङ्गं**
**भजे नन्दसूनुं सदानन्दरूपम् ॥४॥**

પોતાની લીલાઓના રસના ક્ષીરસાગરમાં તલ્લીન થયેલા, વહાલાં નિજ સ્વામિનીજીના બાહુ અને કંઠમાંજ વળગી રહેલા, એક માત્ર રસાત્મક સ્વરૂપે વ્યક્ત થતા ત્રિભંગલલિત સદાનંદ-રૂપ નંદનંદનનો હું આશ્રય કરૂં છૂં. ૪

**रसामोदसम्पादकं मन्दहासं**
**कृताभीरनारीविहारैकरासम् ।**
**प्रकाशीकृतस्वीयनानाविलासं**
**भजे नन्दसूनुं सदानन्दरूपम् ॥५॥**

રસના પરમ આનંદને પ્રાપ્ત કરનારા, મંદમંદ હાસ્યવાળા, ગોપાંગનાઓના વિહાર માટેજ એકમાત્ર રાસ જેમણે કર્યો છે અને જેમણે પોતાની અનેક પ્રકારની ક્રીડાઓ વ્યક્ત કરી છે તેવા સદાનંદરૂપ નંદનંદન શ્રીકૃષ્ણચંદ્રજીનો હું આશ્રય કરૂં છૂં. ૫

**जितानङ्गसर्वाङ्गशोभाभिरामं**
**क्षपापूरितस्वामिनीवृन्दकामम् ।**
**निजाधीनतावर्तिरामातिवामं**
**भजे नन्दसूनुं सदानन्दरूपम् ॥६॥**

જેણે કામદેવને પણ જીતી લીધો છે તેવાં સમગ્ર અંગોની શોભાથી સારી રીતે સુશોભિત, શરદની રાત્રિયોમાં સ્વામિનીયો—

ગોપાંગનાઓના ટોળાંઓની ઇચ્છા જેમણે પૂર્ણ કરી છે તેવા, પોતાની (પ્રભુની) અધીનતા પ્રમાણે વર્તનારાં ગોપાંગનાથી બહુ સુંદર લાગતા નંદનંદનનો હું આશ્રય કરૂં છૂં. ૬

**स्वसङ्गीकृतानन्तगोपालबालं**
**वृतस्वीयगोपीमनोवृत्तिपालम् ।**
**कृतानन्दचौर्यादिलीलारसालं**
**भजे नन्दसूनुं सदानन्दरूपम् ॥७॥**

જેમણે અનંત ગોપ બાલકોને પોતાના સોબતી બનાવ્યા છે તેવા, પોતે વરેલાં ગોપાંગનાઓની મનોવૃત્તિનું પાલન કરનારા અને પોતે કરેલી આનંદની તેમજ નવનીતની ચોરી એ વગેરે લીલાઓથી રસવાળા સદાનંદરૂપ શ્રીનંદનંદનનો હું આશ્રય કરૂં છૂં. ૭

**धृताद्रीशगोवर्धनाधारहस्तं**
**परित्रातगोगोपगोपीसमस्तम् ।**
**सुराधीशशर्वादिदेवप्रशस्तं**
**भजे नन्दसूनुं सदानन्दरूपम् ॥८॥**

જેમણે આધારરૂપ સ્વકીય હસ્ત વડે કરીને ગિરિરાજ ગોવર્ધનને ધારણ કર્યો, જેમણે ગાયો, ગોવાળિયા અને ગોપાંગનાઓ એ સમસ્ત ભક્તોનું રક્ષણ કર્યું અને જેમની ઇંદ્ર–રુદ્ર વગેરે સમસ્ત દેવોયે સારી રીતે સ્તુતિ કરી, તે સદા-નંદરૂપ શ્રીનંદનંદનનો હું આશ્રય કરૂં છૂં.૮

इति श्रीहरिदासोक्तं भुजङ्गप्रयाताष्टकं सम्पूर्णम् ।

## ९. स्मरणाष्टकम् ।

[ ઉપજાતિ ]

यदीयसौभाग्यभरेण गोकुल-
स्त्रियो नयोग्यानि वचांसि सत्पतेः ।
न मानयामासुरुदारमानसा-
स्तदङ्घ्रिसेवासमयं स्मरामि ॥१॥

જેમના સૌભાગ્યના ભારે કરીને સત્પતિ શ્રીકૃષ્ણચંદ્રજીનાં 'તમે ઘેર જાવ' તેવા પ્રકારનાં અયોગ્ય વચનોને ગોકુલનાં ઉદાર ચિત્તવાળાં ગોપાંગનાએ કબૂલ ન કર્યાં, તે શ્રીકૃષ્ણ-ચંદ્રજીના ચરણકમલની સેવાના સમયને હું યાદ કરૂં છૂં. ૧

यद्रूपसौन्दर्यवशीकृताशया
मृगीगणाः पूजनमादधुर्मुदा ।
हित्वा समीपस्थितभर्तृभीतिं
तदङ्घ्रिसेवासमयं स्मरामि ॥२॥

શ્રીકૃષ્ણચંદ્રજીના સ્વરૂપ-સૌંદર્યથી જેઓનાં હૃદય પરાધીન થઇ ગયાં છે, તેવી હરણીયોનાં ટોળાંઓએ નજીકમાં રહેલા કાળિયરોના ભયનો ત્યાગ કરીને જેમનો આનંદપૂર્વક સત્કાર કર્યો, તે શ્રીકૃષ્ણચંદ્રજીના ચરણકમલની સેવાના સમયને હું યાદ કરૂં છૂં. ૨

यद्वेणुनादश्रवणैकजात-
भावाङ्कुरा देववधूसमूहाः ।
प्रवृद्धभावा मुमुहुः सभर्तृका-
स्तदङ्घ्रिसेवासमयं स्मरामि ॥३॥

જે પ્રભુના વેણુનાદનૂં શ્રવણ કરતા વાંતજ જેમને ભાવનો અંકુર ઉત્પન્ન થયો છે અને પછી જેમના ભાવમાં વૃદ્ધિ થઈ, તેવી દેવાંગનાઓનાં ટોળેટોળાં પોતાના સ્વામીયો સહિત મોહ પામ્યાં, તે શ્રીકૃષ્ણચંદ્રજીના ચરણકમલની સેવાના સમયને હૂં યાદ કરૂં છૂં. ૩

**यत्पादसञ्चारणजातकाम-**
**भावा यदङ्के न नयत्यनल्पाम् ।**
**शान्तिं विचित्रा व्रजभूमिरेषा**
**तदङ्घ्रिसेवासमयं स्मरामि ॥४॥**

પ્રભુના પાદસંચારથી જેને કામભાવ ઉત્પન્ન થયો છે તેવી આ વિચિત્ર વ્રજભૂમિ જેના ખોળામાં રહી પુષ્કળ શાંતિ નથી લેતી, તે શ્રીકૃષ્ણચંદ્રજીના ચરણકમલની સેવાના સમયને હૂં યાદ કરૂં છૂં. ૪

**यद्बाललीलाकृतचौर्यजात-**
**सन्तोषभावा व्रजगोपवध्वः ।**
**उपालभन्ते समये यमर्भकं**
**तदङ्घ्रिसेवासमयं स्मरामि ॥५॥**

પ્રભુની બાલલીલામાં કરેલા ચોરીના કર્મથી જેને સંતોષ ઉત્પન્ન થયો છે તેવી વ્રજાંગનાઓ સમય મળતાં જે બાળકરૂપ પ્રભુને ઠપકો આપે, તે શ્રીકૃષ્ણચંદ્રજીના ચરણકમલની સેવાના સમયને હૂં યાદ કરૂં છૂં. ૫

यं गोपनारीगणदर्शनीय-
लीलं मुदा गोसुतपुच्छकर्षकम् ।
प्रेक्षन्त्य एवोज्झितगेहकृत्या-
स्तदङ्घ्रिसेवासमयं स्मरामि ॥६॥

ગોપાંગનાઓના સમૂહને જોવા લાયક છે લીલા જેની એવા અને વાછરડાંનાં પૂછડાંને ખેંચનારા જે પ્રભુનું આનંદ-પૂર્વક દર્શન કરતાંજ ગોપાંગનાએ ઘરનાં બધાં કામ છોડી દીધાં, તે શ્રીકૃષ્ણચંદ્રજીના ચરણકમલની સેવાના સમયને હું યાદ કરૂં છૂં. ૬

यद्बाहुसंस्पर्शनजातभाव-
रसालतावर्तुलभूतविग्रहः ।
गोवर्धनो वेद न वृष्टिपातं
तदङ्घ्रिसेवासमयं स्मरामि ॥७॥

જે પ્રભુના બાહુના સ્પર્શ માત્રથી ઉત્પન્ન થયેલા ભાવની રસાલતાના સમૂહરૂપ જેનો દેહ થયો છે, એવા ગોવર્ધન પર્વતને મેઘવૃષ્ટિની અસર ન થઈ, તે શ્રીકૃષ્ણચંદ્રજીના ચરણકમલની સેવાના સમયને હું યાદ કરૂં છૂં. ૭

[ ચરણાકુલ ]

यदधरसङ्गतवेणुनिनादं
विहितविषयसुखभरनिर्वादम् ।
श्रुतवत्यो [१]मुदमापुर्गावः
किं नहि कुरुते तद्गतभावः ॥८॥

---

૧ मुववक्ष्याः જેનો અર્થજ ન થાય તેવો પાઠ પ્રાપ્ત થતાં ઊપર મુજબ સુધારી પાઠ મૂક્યો છે.

વિષયના સુખસમૂહને જેનાથી વિનાશ થયો છે, તેવો જે પ્રભુના અધરપલ્લવ સાથે સંલગ્ન થયેલો વેણુનાદ ગાયોયે સાંભળ્યો અને પરમાનંદને પ્રાપ્ત કર્યો, તેવા પ્રભુ વિશે રહેલો ભાવ શું નથી કરતો ? ૮

इति श्रीहरिदासोदितं स्मरणाष्टकं समाप्तम् ।

## १०. स्वप्रभुविज्ञप्तिः ।

[ અનુષ્ટુભ ]

**श्रीवल्लभपदाम्भोजं विचिन्त्य सकलोत्तमम् ।**
**स्वनाथसविधे दुःखं स्वकीयं विनिवेदये ॥१॥**

સર્વેથી ઉત્તમ એવું શ્રીમદ્‌વલ્લભાચાર્ય પ્રભુનું જે ચરણ-કમળ તેનું ધ્યાન ધરીને મારા નાથની સમક્ષ મારૂં દુઃખ હું જાહેર કરૂં છું. ૧

**पुरा कृपा मयि कृता दोषवत्यपि मत्प्रभो ।**
**ततः किमधिकं जातं दोषजातसमुद्भवात् ॥२॥**

હે મારા પ્રભુ! પહેલાં મારામાં દોષો હતા છતાંયે આપે મારા પર કૃપા કરી હતી; તો પછી હવે દોષોનો સમૂહ ઉત્પન્ન થયેલો હોવાથીયે શું વધૂ થયૂં છે? ૨

**दोषा एव हि लक्ष्यन्ते त्वत्कृपायां कृपानिधे ।**
**हेतवः, स्वीकृतो यस्मादतिदुष्टोऽप्यजामिलः ॥३॥**

હે કૃપાના ભંડાર પ્રભુ! આપ અમારા ઊપર જે કૃપા

કરો છો તેમાં કારણરૂપે તો દોષો જણાય છે; કેમકે અતિ દુષ્ટ હતો છતાં પણ અજામિલને આપે આપનો કર્યો હતો. ૩

**कथं सदोषं स्वीकुर्यान्निर्दोषानन्दरूपवान् ।**
**लोकेऽपि प्रभवो वस्तु स्वीकुर्वन्तु सदेव हि ॥४॥**

નિર્દોષ અને આનંદાત્મક સ્વરૂપવાળા પ્રભુ દોષયુક્તનો સ્વીકાર કેવી રીતે કરે? લૌકિકમાં પણ શેઠિયાઓ સદ્ વસ્તુનોજ સ્વીકાર કરે. ૪

**अङ्गीकारे तु सम्बन्धात्सदोषत्वं च सम्भवेत् ।**
**अङ्गीकृत्य स्वबलतः स्वत्वसम्पादने हरेः ॥५॥**
**'प्रक्षालना'दिति न्यायो बाधकत्वेन संस्फुरेत् ।**
**अस्मदर्थं कथं कुर्यादात्मानं दोषसंश्रितम् ॥६॥**

દોષવાળાઓનો સ્વીકાર કરે તો તેથી દોષવાળાઓનો સંબંધ થવાથી પ્રભુને દોષો લાગી જવાપણું થાય. હરિને પોતાના બળ વડે સ્વીકાર કરી દોષિત જીવને પોતાનો કરી લેવામાં 'કાદવમાં ખરડાઈ પછી તેને ધોઈ નાખવા કરતાં કાદવથી દૂરજ રહેવૂં એ ઉત્તમ' એ કહેવત આડી આવીને ઊભે; એટલે કે દોષિતોનો સ્વીકાર કરી તેના સંબંધે પોતે દોષિત થવૂં, તેના કરતાં તેવા દોષિતોથી દૂર રહેવૂંજ સારૂં, એમ લાગે; અને તેથી અમારે ખાતર એ પ્રભુ પોતાને દોષિત કરવા શા માટે તૈયાર થાય? ૫–૬

**एतावानाग्रहः को वा मदङ्गीकरणे हरे ।**
**त्वन्नामसमनामाभिधानं हेतुरजामिले ॥७॥**

હે પ્રભુ! આપ મારો સ્વીકાર કરો, એ વિષયમાં મારો આટલો બધો આગ્રહ શા માટે? આપ જાણો છોજ કે અજામિલનો સ્વીકાર કરવામાં આપના 'નારાયણ' એ નામને મળતા પુત્રના 'નારાયણ' નામને લેવામાં આવ્યું તેજ કારણ હતું. ૭

**संसारासक्तविकले मयि कुत्र तथाविधम्।**
**साधनं, येन भगवान् दययेत्करुणाकरः॥८॥**

સંસારમાં આસક્તિવાળા અને હૃદયના ઠેકાણા વિનાના મારામાં એવા પ્રકારનૂંયે સાધન ક્યાંથી હોય કે જેને લીધે કરુણાના ભંડાર પ્રભુ મારા ઊપર કૃપા કરે? ૮

**अङ्गीकृत्य स्वानुभवं प्रदर्श्य दयया स्वतः।**
**कथं त्यजासि मन्नाथ मामाचार्यपदाश्रितम्॥९॥**

પ્રથમ મારો સ્વીકાર કરીને અને કૃપાપૂર્વક આપની મેળે આપના સ્વરૂપનો અનુભવ કરાવીને, હવે, હૂં શ્રીમદાચાર્ય ચરણોને શરણે આવી રહેલો હોવા છતાં પણ, હે મારા નાથ! આપ મારો શા માટે ત્યાગ કરો છો? ૯

**दण्डेनाहं प्रसन्नोऽस्मि स्वकीयत्वविनिश्चयात्।**
**किन्तु दूये दयाधीनं कालवैयर्थ्यचिन्तया॥१०॥**

આપે મને આપનો કર્યો છે, એવૂં ચોક્કસ હોવાથી આપ મને દંડ કરશો તોપણ હૂં તો રાજીજ છૂં; આમ છતાં કાલ ફોકટ પસાર થાય છે, એ વિચારે, હે દયાને વશ થનારા પ્રભુ! મને દુઃખ થાય છે. ૧૦

**पुनः कुत्रेदृशं जन्म क्वाचार्यचरणाश्रयः ।**
**कुतः साधनसम्पत्तिः सामग्री दुर्लभाखिला ॥११॥**

હે પ્રભુ! આવા પ્રકારનો ઉત્તમ અવતાર પણ ફરી ક્યાંથી આવે; શ્રીઆચાર્યજી મહાપ્રભુનો આશરો પણ ફરી ક્યાં મળે; આ અત્યારે મળેલાં સાધનો અને મુશ્કેલીથી મળે તેવી આ બધી સામગ્રી પણ ફરી ક્યાંથી મળવાની? ૧૧

**दयालो दीनसौहार्द स्वसेवाविमुखं जनम् ।**
**सेवायामेव सततं प्रवर्तय परात्पर ॥१२॥**

હે દયાળુ, હે ગરીબોની તરફ ભલમનસાઈવાળા, હે પરથી પણ પર પ્રભુ! આપની સેવામાં જેનું ચિત્ત નથી એવા આ દાસજનને હમેશાં આપની સેવામાં રચ્યોપચ્યો રહેતો કરો. ૧૨

इति श्रीहरिदासविरचिता स्वप्रभुविज्ञप्तिः समाप्ता ।

## ११. द्वितीया स्वप्रभुविज्ञप्तिः ।

[ અનુષ્ટુભ ]

**कृपानाथ कृपाकाले किमित्यस्मानुपेक्षसे ।**
**पदलग्नानार्तिमग्नान् दुष्टभग्नान् विशेषतः ॥१॥**

હે કૃપાના સ્વામી! સંસારની આર્તિમાં ડૂબેલા અને ખાસ કરીને દુષ્ટ તેમજ નષ્ટ હોવા છતાંયે અમે આપના ચરણ-કમલનો આશ્રય કરી રહ્યા છિયે, તો આ કૃપા કરવાના સમયે આપ શા માટે અમારી તરફ બેદરકાર રહો છો? ૧

**त्वदुपेक्षावशादेव कालकर्मादयोऽखिलाः ।**
**विदित्वा निर्बलानस्मान् पीडयन्ति क्षणे क्षणे ॥२॥**

આપની અમારા તરફની બેદરકારીને લીધેજ આ બધાં કાલ, કર્મ, સ્વભાવ વગેરે અમોને નિર્બળ જાણીને ક્ષણેક્ષણે ત્રાસ આપી રહ્યાં છે. ૨

**येषां विराजते मूर्ध्नि पतिर्युष्मद्विधः सदा ।**
**भवन्ति तेऽपि चेद्दीना हीनता महती प्रभो ॥३॥**

જેઓના મસ્તક ઊપર સદાને માટે આપના જેવો સ્વામી બિરાજતો હોય તેઓ પણ જો કંગાલ બની જાય તો, હે પ્રભુ ! એ મોટી હીનતા ગણાય. ૩

**मा विचारय चित्तेऽस्मद्दोषान् दीनदयानिधे ।**
**सहजो दीनदोषस्तु निवर्त्यो भवतैव हि ॥४॥**

દીનો તરફ દયાના ભંડાર એવા હે પ્રભુ ! આપ આપના ચિત્તમાં અમારા દોષોનો વિચાર ન કરો. અમારા જેવા દીનનો જો કોઈ સહજ દોષ હોય તો તે આપેજ નક્કી દૂર કરવાનો છે. ૪

**न साधनैस्त्वदीयाः स्मः किन्त्वनुग्रहतस्तव ।**
**साधनं वा फलं वापि केवलाचार्यसंश्रयः ॥५॥**

અમે કાંઈ સાધનો કરીને આપના નથી થયા; અમે તો આપની અમારા ઊપરની કૃપાથી આપના થયા છિયે. અમારી પાસે જો કાંઈ સાધન કે જો કાંઇ ફલ હોય તો તે માત્ર શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રભુને આશરે આવી રહ્યા છિયે તેજ. ૫

**गृहदासेषु नैवास्ति गुणदोषविचारणम् ।**
**प्रभूणामुचितं कर्तुं, यतस्तेषां गतिः प्रभुः ॥६॥**

ઘરના જે નોકરો હોય તેઓના ગુણ અને દોષોનો ઘરમાલેકોયે વિચાર કરવો, એ કાંઇ યોગ્ય નથી; કેમકે એ નોકરોને તો એનો શેઠ એજ આશરો છે. ૬

**कुसेवका भवन्त्येव नहि स्वामी तथाविधः ।**
**अतो विधेयमखिलं स्वामित्वमवलोक्य हि ॥७॥**

નોકરો દુષ્ટ પાકે, પણ કાંઇ સ્વામીથી તેવા દુષ્ટ ન બનાય. આમ હોવાથી આપે આપના સ્વામીપણાનો બરોબર વિચાર કરીને (આપના સ્વામીપણા સામે જોઇને) બધૂં કરવાનૂં છે. ૭

**कं प्रार्थयेयुः कृपणाः पतिं हित्वाखिलेश्वरम् ।**
**दासाः स्वदुःखसम्प्राप्तावनन्यगतयो यतः ॥८॥**

પોતાને દુઃખ આવી પડ્યાં હોય એવી સ્થિતિમાં પણ પ્રભુ સિવાય બીજા કોઇનો સેવકોને આશ્રય નથી; તો પછી તેવા દીન સેવકો સર્વેશ્વર એવા આપ સિવાય બીજા કોની પાસે જઇ પ્રાર્થના કરે ? ૮

**यद्यप्यनुचिता कर्तुं प्रार्थना सर्वकर्तरि ।**
**स्वतस्तथापि कार्पण्यं दर्शयामो निजं हरे ॥९॥**

સર્વના કર્તા પ્રભુને જીવે જાતે પ્રાર્થના કરવી એ યોગ્ય નથી, છતાં પણ હે હરિ ! અમે તો આ અમારૂં કંગાલપણૂં બતાવી રહ્યા છિયે. ૯

**आचार्ये शरणं यातान् सदारातान् स्वतस्त्वया ।**
**तद्वंशजातानधुना मोपेक्षाविषयान् कुरु ॥१०॥**

આચાર્ય શ્રીમહાપ્રભુજીને શરણે ગયેલા અને આપનાથી જાતે હમેશાંને માટે રક્ષણ પામેલા, અને તે શ્રીમહાપ્રભુજીના વંશમાં ઉત્પન્ન થયેલા એવા અમોને આપ બેદરકારીને પાત્ર ન બનાવો. ૧૦

इति श्रीहरिदासविरचिता स्वप्रभुविज्ञप्तिः सम्पूर्णा ।

## १२. श्रीकृष्णचरणविज्ञप्तिः ।

[ અનુષ્ટુભ ]

**स्वयं रक्षाकृतौ नाथ न विचारमपेक्षसे ।**
**अस्मान्निजाचार्यकुलप्रसूतान् किमुपेक्षसे ॥१॥**

હે નાથ! જ્યારે આપ આપની મેળે રક્ષણ કરવા માગો છો, ત્યારે વિચાર કરવા માગતા નથી; તો પછી આપના આચાર્ય શ્રીમહાપ્રભુજીના વંશમાં જન્મેલા અમો તરફ આપ બેદરકારી શા માટે બતાવો છો? ૧

**अचिन्त्यानन्तशक्तेः किमशक्यं स्वीयरक्षणम् ।**
**विलम्बं कुरुषे नाथ, वद को वा तवाशयः ॥२॥**

અચિંત્ય અને અનંતશક્તિવાળા આપને આપનાઓનું રક્ષણ કરવું શું બની શકે તેવું નથી? હે નાથ! આપ આટલી ઢીલ કરો છો તો કહો, એમ કરવામાં આપનો શો આશય છે? ૨

**पृथासम्बन्धमात्रेण पाण्डवा रक्षिता मुहुः ।**
**कुतः श्रीमन्निजाचार्यवंशजान्नाद्य रक्षसे ॥३॥**

શ્રીકુંતીજીના સંબંધ માત્રથી આપે પાંડવોનૂં વારંવાર રક્ષણ કર્યૂં છે; તો આપનાજ આચાર્ય શ્રીમહાપ્રભુજીનાં વંશમાં જન્મેલા એવા જે અમે, તેઓનૂં આપ શા માટે આજ રક્ષણ કરતા નથી? ૩

**महेन्द्रक्रोधसञ्जातमहावर्षाद् व्रजस्थिताः ।**
**गोवर्धनधरेणैवाविता, नास्मान् कुतोऽवसि ॥४॥**

વ્રજમાં ઇંદ્રના ક્રોધને લીધે થયેલી ભારે વૃષ્ટિમાંથી, ગોવર્ધન પર્વતને ધારણ કરનારા આપે વ્રજવાસીયોનૂં રક્ષણ કરી લીધૂં હતૂં, તો અમારૂં આપ રક્ષણ શા માટે નથી કરતા? ૪

**ग्राहग्रस्तो गजपतिः स्वयमागत्य रक्षितः ।**
**तथैवास्मानिहागत्य प्रभो रक्षातिकातरान् ॥५॥**

આપે જાતે આવીને ગ્રાહે પકડેલા ગજેંદ્રનૂં રક્ષણ કર્યૂં હતૂં, તેજ પ્રમાણે અહીં આવીને, હે પ્રભુ! બેબાકળા થયેલા અમોને બચાવી લો. ૫

**यथा स्वधर्मो द्रौपद्याः स्थापितो वस्त्रवर्धनात् ।**
**अस्मद्धर्मं तथा नाथ स्थापयातिकृपायुतः ॥६॥**

જે પ્રમાણે દ્રૌપદીજીનાં વસ્ત્રો પૂરીને આપે એના ધર્મનૂં સ્થાપન કર્યૂં, તેજ પ્રમાણે હે નાથ! અતિ કૃપાવાળા આપ અમારા ધર્મનૂં સ્થાપન કરો. ૬

**गतिर्नान्या निजस्वामिन्नाश्रयामः कमुत्तमम् ।**
**त्वां विहाय न चास्माकमैहिके पारलौकिके ॥७॥**

હે અમારા નાથ! આ લોકમાં કે પરલોકમાં આપના સિવાય અમારે બીજૂં કોઇ આશ્રયસ્થાન નથી; તો પછી અમે

કિયા ઉત્તમ પુરુષનો આશ્રય કરિયે ? આપના સિવાય અમારે આ લોક–સંબંધી કે પરલોકસંબંધી કાર્યોમાં બીજૂં કોઈ નથી. ૭

**वयं दुष्टा दोषगणैस्तथापि त्वं कृपानिधिः ।**
**अतो विस्मृत्य दोषान् स्वानव स्मृत्वा निजान् गुणान् ८**

અમે અનેક દોષોથી દૂષિત થઈ ગયેલા છિયે; છતાં પણ આપ તો કૃપાના ભંડાર છો; તેથી અમારા દોષોને ભૂલી જઈ આપના આ જનોના ગુણોને યાદ કરી અમારૂં રક્ષણ કરો. ૮

**विचारयन्ति न स्वामिन् स्वरक्षायां तु किञ्चन ।**
**निसर्गकरुणाः स्वीयदासमात्रदयालवः ॥९॥**

હે પ્રભુ ! સ્વભાવથીજ કરુણાલુ અને પોતાના દાસ માત્ર તરફ દયાલુ સ્વામીયો પોતાના જનોનૂં રક્ષણ કરવામાં કશો વિચાર કરતા નથી ( અને રક્ષણ કરે છે. ) ૯

**वयं न दुःखिताः स्यामः समर्थं प्रभुमाश्रिताः ।**
**तथापि जीवभावेन भवामो लौल्यकातराः ॥१०॥**

સમર્થ પ્રભુને આશ્રયી રહેલા અમે દુ:ખી નથી થવાના; આમ છતાં જીવભાવે આતુરતાથી વિહ્વલ બની જઇયે છિયે. ૧૦

**त्वत्सुखेनैव दासानां सुखं नाथ, न चान्यथा ।**
**तथा तिष्ठ निजस्थाने भासेतास्मद्दृशा सुखी ।११।**

હે નાથ ! આપના સુખેજ આ સેવકોનૂં સુખ છે, બીજી રીતે નહીં. અમારી નજરે સુખી જણાવ, તે પ્રમાણે આપ આપના સ્થાન પર આવી ઊભો. ૧૧

**आर्तानामार्तिहरणं धर्मस्ते सहजः प्रभो ।**
**विशेषतः स्वदासानां तथात्वे त्वं विचारय ॥१२॥**

હે પ્રભુ! દુઃખિતોનાં દુઃખને દૂર કરવાં, એ આપનો સહજ ધર્મ છે; ખાસ કરીને આ આપના દાસોનાં દુઃખો દૂર કરવાના વિષયમાં આપ વિચાર કરો. ૧૨

**क यामः किं करिष्यामस्त्वत्सेवारहिता वयम् ।**
**तथा सम्पादय हरे यथा सेवैव निर्वहेत् ॥१३॥**

આપની સેવા વિનાના અમે કયાં જઇયે અને શું કરિયે? હે હરિ! જે પ્રમાણે સેવા ચાલૂ રહે તે પ્રમાણે કરી આપો. ૧૩

**प्रकटीभूतभावेन कारयित्वा तु सेवनम् ।**
**अनुभाव्य सुखं कस्मादिदानीं तानुपेक्षसे ॥१४॥**

પ્રકટ થયેલા ભાવથી સેવા કરાવીને અને સુખનો અનુભવ કરાવીને, હવે આ સમયે તેવા દાસો તરફ શા માટે બેદરકારી બતાવો છો? ૧૪

**लोकत्रये प्रसिद्धं ते प्रभो स्वजनरक्षणम् ।**
**उपेक्षण इदानीं त्वं कीर्तिमन्यथयिष्यसि ॥१५॥**

ત્રણે લોકમાં, હે પ્રભુ! આપ સ્વજનોની રક્ષા કરો છો, એ વાત પ્રસિદ્ધ છે. આ ટાણે ઉપેક્ષા કરશો (બેદરકાર બનશો) તો આપ આપની કીર્તિને અપકીર્તિના રૂપમાં ફેરવી નાખશો. ૧૫

**यद्यपि प्रार्थनं नैवोचितं सहजकर्तरि ।**
**अस्मद्दोषमिमं नाथ दैन्यान्मा हृदि धारय ॥१६॥**

સહજ કર્તા એવા આપને પ્રાર્થના કરવી એ જોકે યોગ્ય નથી, છતાં હે નાથ! દૈન્યે કરીને આ અમારા દોષને આપના હૃદયમાં આપ ન લેજો. ૧૬

[ ઉપજાતિ ]

**क्षुद्रा अधीरा अविवेकिनश्च**
**भवन्ति जीवाः करुणानिधान ।**
**तथापि दासाः समुपाश्रितास्ते**
**नोपेक्षणीया महदङ्गजाताः ॥१७॥**

હે કરુણાલુ પ્રભુ! હલકા જીવો અધીર અને અવિવેકી થાય છે; તથાપિ તેવા સેવકો આપને શરણે આવી રહ્યા છે, તો મહત્કુલમાં ઉત્પન્ન થયેલા એ સેવકો તરફ બેદરકારી ન કરશો. ૧૭

[ અનુષ્ટુભ ]

**वयमन्यं न जानीमो, न सक्तत्वं च भासते ।**
**अन्यस्मिन् केवलानन्यगतयोऽन्यास्ततस्त्वया ॥१८॥**
**दीनेषु दीननाथस्य करुणैव सदोचिता ।**
**तत्रापि सर्वदा धैर्यविवेकराहितेषु च ॥१९॥**

અમે કોઈ બીજાને જાણતા નથી કે બીજામાં અમારી આસક્તિ દેખાતી નથી. બીજા દેવમાં કેવળ અનન્યગતિવાળા તો કોઇ બીજાજ છે; તેથી કરીને આપ ગરીબના બેલીયે, દીન એવા અમારા ઉપર-તેમાં પણ હમેશાં વિવેક-ધૈર્ય વગેરે ગુણ રહિત એવા અમારા ઉપર-સદા દયાજ કરવી યોગ્ય છે. ૧૮-૧૯

**न दैन्यं भक्तिमार्गीयं यतस्त्वद्दर्शनार्थकम् ।**
**तथापि लोकतो दीना दासा इति विचिन्त्यताम् ॥२०॥**

આપના દર્શનના ખાસ હેતુવાળી ભક્તિમાર્ગીય દીનતા અમારામાં નહીં હોય; તોપણ લૌકિક દૃષ્ટિયે પણ 'અમે દીન દાસ છિયે' એવો આપે વિચાર કરવો જોઇયે. ૨૦

**न वयं शास्त्रतो दासा, न भक्त्या, न विवेकतः ।**
**न स्वधर्मस्थितेः, किन्तु निजाचार्यनिवेदनात् ॥२१॥**

અમે શાસ્ત્રથી આપના દાસ નથી, નથી ભક્તિયે, નથી વિવેકે કે નથી સ્વધર્મમાંની સ્થિતિયે; માત્ર આપના આચાર્ય શ્રીમહાપ્રભુજી સમક્ષ આપને આત્મનિવેદન કર્યૂં છે, તેટલી ક્રિયાથી આપના દાસ છિયે. ૨૧

**तन्निवेदनतो ये वै स्वत एवात्मसात्कृताः ।**
**नित्याङ्गीकृतिना ते वै त्यक्तव्याः कृतिना कथम् ॥२२॥**

તે શ્રીઆચાર્યજી સમક્ષ આપને નિવેદન કરેલૂં છે તેવા જે જીવોને સદૈવ આપના કરનારા આપે આપની મેળેજ પોતાના કર્યા છે, તો સમઝૂ એવા આપે તેઓનો ત્યાગ કેમ કરવો જોઇયે? ૨૨

**जानीमः प्रार्थनां कर्तुं प्रभो त्वय्युचितां वयम् ।**
**विकलास्तु वदामोऽत्र यत्किञ्चित्क्षम्यतां प्रभो ॥२३॥**

હે પ્રભુ ! આપને યોગ્ય કેવા પ્રકારની પ્રાર્થના કરવી જોઇયે, તે અમારા ખ્યાલમાં છે; છતાં પણ આકુલવ્યાકુલ થઇને ગમે તેવી પ્રાર્થના કરિયે છિયે, તેને માટે હે પ્રભુ! આપે ક્ષમા આપવાની છે. ૨૩

**यवनारण्यसञ्जातवह्निभीता विशेषतः ।**
**कृपादृग्वर्षणेनैव निजाः कार्या अमी यतः ॥२४॥**

અમે ખાસ કરીને મ્લેચ્છ—રૂપી વનમાં ઉત્પન્ન થયેલા દાવાનળથી ત્રાસી ગયા છિયે, તો આ અમોને આપે કૃપા-યુક્ત દષ્ટિરૂપી વરસાદથી આપના કરવાના છે. ૨૪

**अनागसो वयं नित्यं पीड्यन्तेऽधर्मवादिभिः ।**
**स्थास्यामः केन जगति हेतुना त्वदुपेक्षया ॥२५॥**

નિર્દોષ એવા અમોને અધર્મવાદીયો તરફથી નિત્ય ઉપદ્રવ કરવામાં આવે છે. આવી સ્થિતિમાં જો આપ અમારા તરફ બેદરકાર રહેશો તો જગતમાં કિયા હેતુયે અમે ટકી રહેવાના ? ૨૫

**अस्मान्हृदि स्वतो दुष्टान् मा नयादोषविग्रह ।**
**किन्त्वस्मत्पूर्वजाचार्यान् विचिन्त्य करुणां कुरु ॥२६॥**

હે નિર્દોષ સ્વરૂપવાળા પ્રભુ ! અમો જાતે દુષ્ટ છિયે એમ માનીને આપે અમોને આપના હૃદયમાં સ્થાન નથી આપવાનું; પરંતુ અમારા પૂર્વજ આચાર્યોનો વિચાર કરીને આપે અમારા ઊપર દયા કરવાની છે. ૨૬

**दुष्टापि चेन्निजा भार्या भ्रियते स्वाश्रया स्वतः ।**
**भर्त्रैव लोकलज्जातस्तथास्मासु विचारय ॥२७॥**

પોતાને આશ્રયે આવી રહેલી પોતાની સ્ત્રી દુષ્ટ હોય, છતાં પણ પતિ લોકલજ્જાથી જાતે એનું ભરણપોષણ કરે છે; તેજ પ્રમાણે આપે અમારા વિષયમાં વિચાર કરવાનો છે. ૨૭

**लोका उपहसिष्यन्ति त्वदीयान् वीक्ष्य दुःखितान् ।**
**आरोपं त्वयि दोषस्य करिष्यन्ति भ्रमाज्जनाः ॥२८॥**

**अस्माकं महती लज्जा स्वामिन् स्वपतिनिन्दनात् ।**
**अतो यथा न चास्माकं भवेत्सा क्रियतां तथा ॥२९॥**

આપના આ જીવોને દુઃખી જોઈ લોકો મશ્કરી કરશે; ભ્રમથી માણસો આપનામાં દોષનૂં આરોપણ કરશે. અમારા પતિ એવા આપની આમ નિંદા થવાથી, હે સ્વામી! અમોને ભારે શરમાવૂં પડશે. માટેજ અમોને શરમાવાનૂં ન થાય તે પ્રમાણે આપે કરવાનૂં છે. ૨૮–૨૯

**दृष्टं श्रुतं च बहुधा दुष्टस्वजनरक्षणम् ।**
**अत एव भवन्त्याशास्तदाशाः सफलीकुरु ॥३०॥**

આપનાં સ્વજનો દુષ્ટ હોય તો તેનૂં પણ આપે અનેક વાર રક્ષણ કર્યૂં છે, એવૂં અમે જોયૂં છે અને સાંભળ્યૂં છે. એથી કરીનેજ અમો આશા રાખી રહ્યા છિયે. અમારી એ આશાઓને સફલ કરો. ૩૦

**आशयैव वयं वर्तामहे धैर्येण मत्प्रभो ।**
**तस्यां सपदि भग्नायां विगताशाः कुतो वयम् ॥३१॥**

હે મારા સ્વામી! ધૈર્યપૂર્વક આશાયે અમે જીવન નિભાવી રહ્યા છિયે. એ આશા પટ દેખે ભાંગી પડતાં આશાફૂટયા અમો કયાના? ૩૧

**महेन्द्रमदभेत्तुस्ते किमशक्यं जगत्त्रये ।**
**अस्मद्दोषवशेनैव भवामो दुःखिता वयम् ॥३२॥**

મહેંદ્રના મદનો ભાંગીને ભૂકો કરી નાખનારા આપ ત્રણે જગતમાં શૂં નથી કરી શકો તેમ? અમે તો અમારા દોષોયે કરીનેજ દુઃખી થઈ રહ્યા છિયે. ૩૨

**दोषा अथास्मदीयास्ते निवार्याः स्वसदुक्तिभिः ।**
**अङ्गीकृतजनोद्धारभारः सर्वो निजाधिपे ॥३३॥**

હવે અમારા જે કાંઈ પણ દોષો હોય તેનું નિવારણ આપે આપનાં વચનામૃતોયે કરવાનું છે. જેનો સ્વીકાર કરવામાં આવ્યો છે તેવા જનોના ઉદ્ધારનો સઘળો ભાર તેઓના સ્વામીને માથેજ હોય. ૩૩

**प्रतिज्ञैव स्वकीया ते 'न मे भक्तः प्रणश्यति' ।**
**सर्वं विस्मृत्य तामेव करुणाकर चिन्तय ॥३४॥**

આપે ગીતાજીમાં 'મારો ભક્ત નાશ નહીં પામે' તેવી પ્રતિજ્ઞા કરી છેજ. તો બીજૂં બધૂં ભૂલી જઈ, હે દયાના ભંડાર! એ એકમાત્ર પ્રતિજ્ઞાનોજ ખ્યાલ કરો. ૩૪

**अन्यापि या प्रतिज्ञा ते प्रसिद्धा गोकुलेश्वर ।**
**'अभयं सर्वभूतेभ्यो ददामी'ति न विस्मर ॥३५॥**

હે! ગોકુલેશ્વર રામાવતારમાં વિભીષણ શરણે આવ્યો ત્યારે આપે એક બીજી પણ પ્રતિજ્ઞા કરી હતી કે 'શરણાગત બધાં પ્રાણીયોને હૂં અભયનૂં દાન કરૂં છૂં;' આ પ્રતિજ્ઞાને આપ ભૂલો નહીં. ૩૫

**प्रार्थनां वा कृतिं वापि साधनं चान्यदेव वा ।**
**स्वीयानां स्वीयतामेव स्मर स्मरणदुःखहृत् ॥३६॥**

સ્મરણમાત્રે દુઃખને હરનારા હે પ્રભુ! અમારી પ્રાર્થના, કાંઈ કાર્ય, સાધન કે બીજૂં કાંઈ, એ બધાને છોડી આપ 'આપના આ અમો આપના છિયે' એટલીજ વસ્તુને સ્મરણમાં રાખો. ૩૬

**यद्यपि स्वीयतास्मासु दुर्लभा भक्तिशास्त्रतः ।**
**तथाप्याचार्यवंश्यत्वादस्ति तन्निखिलार्पणात् ॥३७॥**

જોકે ભક્તિશાસ્ત્રની મર્યાદા પ્રમાણે જોઇતી 'સ્વકીયતા' અમારામાં મળવી મુશ્કેલ હશે; છતાં પણ શ્રીમદાચાર્ય શ્રીમહાપ્રભુજીના વંશમાં ઉત્પન્ન થયેલા હોવાથી અને તેઓ-શ્રીની મારફત આપને અમે સર્વ સમર્પણ કર્યું હોવાથી અમે આપના છિયેજ. ૩૭

**वयमज्ञा न जानीमो बाला इव महात्मनाम् ।**
**त्वद्दयां, नाथ जानासि त्वं तु स्वजनमूढताम् ॥३८॥**

બાળકો જે પ્રમાણે મહાત્માઓની દયાને નથી જાણતા હોતા, તે પ્રમાણે અમે અજ્ઞાનીયો આપની દયાને ઓળખતા નહીં હોઇયે; તથાપિ હે નાથ! આપ તો આપનાઓની મૂઢતાને જાણો છોજ. ૩૮

**मूढा अपि त्वया नाथ रक्षिता बह्वः स्वकाः ।**
**गवादयो दवाग्न्यादेस्तथा रक्ष्या वयं विभो ॥३९॥**

મૂઢ છતાં પણ આપનાં ગાય વગેરે ઘણાંઓનું, હે નાથ! આપે દાવાગ્નિ વગેરેમાંથી રક્ષણ કર્યું છે; તેજ પ્રમાણે હે પ્રભુ! આપે અમારી રક્ષા કરવાની છે. ૩૯

**उपस्थितं भयं नाथ सन्निधौ धर्महानिजम् ।**
**भवानेव स्वकीयानां धर्मं रक्ष भयागतौ ॥४०॥**

હે નાથ! ધર્મની હાનિમાંથી ઉત્પન્ન થનારો ભય આ સામે આવી ખડો છે. આમ ભય આવ્યો છે, ત્યાં આપજ આપનાઓના ધર્મનું રક્ષણ કરો. ૪૦

**चिन्तासन्तानहरणं शरणं यस्य सर्वतः ।**
**त्वदेकशरणाश्चिन्तां प्राप्नुमः शिरसि स्थिते ॥४१॥**

જે આપનૂં રક્ષણ યોગમથી ચિંતાના સંતાનોનો વિનાશ કરનારૂં છે, તેવા આપને એકમાત્ર શરણે આવેલા અમે આપ માથે બિરાજતા હોવા છતાં ચિંતા પામી રહ્યા છિયે. ૪૧

**कृपानाथ निजं हस्तमभयं स्वीयमूर्धनि ।**
**चिन्तानिवृत्तये धेहि पीयूषस्रावि (?) सर्वतः ॥४२॥**

હે કૃપાનાથ ! ચિંતાની નિવૃત્તિ થાય તે ખાતર યોગમથી અમૃતને ઝરનારો અભયરૂપ આપનો હસ્ત આપના આ અમારા મસ્તક ઊપર મૂકો. ૪૨

[ ઉપજાતિ ]

**श्रीवल्लभाचार्यकृपाबला अपि**
**प्रभो बलं नैव, विवेकवर्जिताः ।**
**चित्ते स्मरामः स्मरणीयपूर्ण-**
**गुण, त्वमेव स्वबलं विबोधय ॥४३॥**

અમો શ્રીવલ્લભાચાર્યજીની કૃપારૂપી બળવાળા હોવા છતાં, હે પ્રભુ ! અમારામાં બળ નથી. સ્મરવા લાયક પૂર્ણ ગુણવાળા હે પ્રભુ ! અમે ચિત્તમાં આપનૂં સ્મરણ કરિયે છિયે; તો આપજ આપના બળનો અમને બોધ આપો. ૪૩

[ અનુષ્ટુભ ]

**न जानाति जनो नाथ करुणां स्वामिनः स्वतः ।**
**परतो वापि, सततं ज्ञापनीयः कृपालुना ॥४४॥**

હે નાથ! મનુષ્ય પોતાથી કે પરથી સ્વામીની દયાની પિછાન કરી શકતો નથી. દયાળુ એવા આપે હમેશાં તેને આપની કૃપાની પિછાન આપતા રહેવૂં જોઇયે. ૪૪

**तदज्ञानात्प्रकुरुते जीवश्चिन्तां स्वदोषतः ।**
**निवारय हरे चिन्तां ज्ञापनाद्रक्षणादपि ॥४५॥**

અજ્ઞાનને લીધે જીવ પોતાના દોષે કરી ચિંતા કર્યા કરે છે. હે પ્રભુ! એને જ્ઞાન આપીને અને એનૂં રક્ષણ કરીને પણ આપ એની ચિંતાનૂં નિવારણ કરો. ૪૫

**चिन्तया यदि लौकिक्या स्थितया हृदि सर्वदा ।**
**सेवनं स्मरणं वापि कीर्तनं वा कुतस्तव ॥४६॥**

જો હમેશાં લૌકિક ચિંતા હ્રદયમાં સ્થિતિ કરી રહેલી હોય તો આપની સેવા, આપનૂં સ્મરણ અથવા કીર્તન એ ક્યાંથી થાય? ૪૬

**सर्वेषां हृदयं नाथ वेत्सि सर्वहृदि स्थितः ।**
**यथोचितं यथा नाथ येषु, तत्र तथा कुरु ॥४७॥**

હે નાથ! બધાના હ્રદયમાં રહેલા આપ બધાના હ્રદયને જાણો છો, તો જે પ્રમાણે જેમાં યોગ્ય હોય, તેમાં તે પ્રમાણે આપ કરો. ૪૭

**नौदास्यं श्रीमदाचार्यदासेषु तव साम्प्रतम् ।**
**यतस्तेषु महानेव पक्षपातः प्रभोऽस्ति हि ॥४८॥**

શ્રીમદાચાર્ય શ્રીમહાપ્રભુજીના સેવકોમાં આપની ઉદાસીનતા સમયસરની નથી; કેમકે તેઓને માટે, હે પ્રભુ! આપને મોટો પક્ષપાત છે. ૪૮

**हा कृष्ण हा निजाधार हा गोविन्द दयानिधे ।**
**हा समर्थ स्वकीयानां न विधेयमुपेक्षणम् ॥४९॥**

હે કૃષ્ણ! હે નિજ ભક્તોના આધાર! હે ગોવિંદ! હે દયાના ભંડાર! હે સર્વસમર્થ પ્રભુ! આપના ભક્તો તરફ આપે બેદરકારી બતાવવાની નથી. ૪૯

**इति श्रीहरिरायजीकृता श्रीकृष्णचरणविज्ञप्तिः सम्पूर्णा ।**

## १३. विज्ञप्तिः ।

[ અનુષ્ટુભ ]

**पादयोर्मस्तकं धृत्वा प्रार्थये निजवल्लभ ।**
**अतःपरं तु नोपेक्षा स्वकीयानां विधीयताम् ॥१॥**

હે મારા વહાલા! આપના ચરણકમલમાં મસ્તક મૂકીને હું પ્રાર્થના કરૂં છૂં કે–હવે પછી આપના આ અમો તરફ આપે બેદરકારી નથી કરવાની. ૧

**दशाङ्गुलिचयं वक्त्रे निधाय प्रार्थयाम्यहम् ।**
**निजाचार्यकुलोद्भूता न हेयाः सर्वथा त्वया ॥२॥**

દશે આંગળાં મોઢામાં મૂકીને હું પ્રાર્થના કરૂં છૂં કે આપના આચાર્યજીના કુલમાં ઉત્પન્ન થયેલા એવા જે અમો, તેઓનો આપે કોઈ રીતે ત્યાગ કરવાનો નથી. ૨

**प्रार्थये वल्लभाधीश भूमावुद्धृष्य नासिकाम् ।**
**अस्माकमपराधा ये न ते धार्या हृदि प्रभो ॥३॥**

જમીન ઉપર નાક ઘસીને, હે વહાલા સ્વામી! આપને

પ્રાર્થના કરૂં છૂં કે—હે પ્રભુ ! અમારા જે અપરાધો હોય, તેઓને આપે આપના દિલ પર લેવા નહીં. ૩

**पतितः प्रार्थये भूमौ साष्टाङ्गनमनेन हि ।**
**दयैवाचार्यवंशीयदासेषु न विधीयताम् ॥४॥**

સાષ્ટાંગ દંડવત્પ્રણામપૂર્વક પૃથ્વી ઊપર પડેલો હું આપને પ્રાર્થના કરૂં છૂં કે આચાર્યશ્રીના વંશમાં જન્મેલા અમો દાસો તરફ આપ કૃપા નહીં કરો ? ૪

**अन्धः पङ्गुर्जडो मूको निष्क्रियो गतसन्मतिः ।**
**श्रीवल्लभकुलोद्भूतो रक्षणीयः कृपालुना ॥५॥**

શ્રીવલ્લભાચાર્યજીના કુલમાં જન્મેલો અંધ, પાંગળો, જડ, મૂંગો, હલન-ચલન વિનાનો અને સન્મતિ વિનાનો હોય, છતાં પણ એવાની દયાળુ એવા આપે રક્ષા કરવી. ૫

**अकृताराधनो नाथ विपरीतैकसाधनः ।**
**निःसाधनो नो विधेयः कृपाधनविवर्जितः ॥६॥**

હે નાથ ! જેણે આરાધના કરી નથી તેવો, જેનાં સાધન માત્ર ઊલટાં છે તેવો, જેને કાંઇ સાધન નથી તેવો અને જે કૃપારૂપી ધનવિનાનો છે, તેને આપે આપનો કરવાનો છે. ૬

**उपस्थिते भये नाथ कं वदाम स्वपीडनम् ।**
**ईदृशानामपि स्वाम्यं त्वयैवाङ्गीकृतं यतः ॥७॥**

ભય આવીને જ્યાં હાજર થઇ ગયો છે, ત્યાં મારી પીડા હું કોને કહું ? કેમકે અમો આવા છિયે, છતાં પણ આપે અમારા સ્વામી તરીકે હોવાનો સ્વીકાર કર્યો છેજ. ૭

**बुद्धिदोषाद्वयं नाथ चिन्तयामः स्वसाधनम् ।**
**भवताद्रक्षणं स्वेषां भवता स्वामिनैव हि ॥८॥**

બુદ્ધિના દોષે કરીને હે નાથ! અમે અમારા સાધનનો વિચાર કરી રહ્યા છિયે. આપ સ્વામી વડેજ આપનાઓનૂં રક્ષણ થવૂં જોઇયે. ૮

**नहि सर्वसमर्थस्य श्रमः स्वजनरक्षणे ।**
**अस्मद्दोषादुपेक्षां त्वं मा कुरु स्वजनेषु हि ॥९॥**

સર્વસમર્થને પોતાના જનનૂં રક્ષણ કરવામાં કાંઈ શ્રમ નથી પડતો. અમારા દોષે કરીને માત્ર આ અમો આપના સ્વજનો તરફ આપ બેદરકારી ન બતાવો. ૯

**प्रभो नास्मत्कृतिं चित्ते स्मराचार्यनिवेदनम् ।**
**तद्ग्राहितकरानस्मान्मा त्यजानन्यतां गतान् ॥१०॥**

હે પ્રભો! આપના દિલ પર આપ અમારાં કાર્ય ન લો; અમોયે શ્રીઆચાર્યજીદ્વારા આપને આત્મનિવેદન કર્યૂં છે, તેનેજ ગ્રાહ કરો. શ્રીમહાપ્રભુજીયે જેઓની બાંહ્યડી આપને પકડાવી છે તેવા, અનન્યપણાને પામેલા જે અમો, તેનો ત્યાગ ન કરો. ૧૦

**दयालोः प्रार्थना नैव रक्षणायोपयुज्यते ।**
**तथापि धीरताभावादाश्रिताः प्रार्थयामहे ॥११॥**

જે દયાળુ હોય, તેની પાસે રક્ષણ માટે પ્રાર્થના કરવાપણૂં ન હોય; તોપણ આપને આશ્રયે રહેલા અમે ધીરજના અભાવને લીધે આપની પ્રાર્થના કરી રહ્યા છિયે. ૧૧

**प्रसार्य वदनं दीनाः कं वदामस्त्वदाश्रिताः ।**
**स्वरक्षणाय शिरसि यत आस्ते भवादृशः ॥१२॥**

જ્યાં આપના જેવા અમારા રક્ષણને માટે માથે બિરાજી રહ્યો છે, ત્યાં આપને આશ્રયે આવી રહેલા રાંકડા અમે મોઢું પ્રસારીને કોને બીજાને કહિયે ? ૧૨

**यथा क्रोधेनासुराणां दोषान्दूरीकरोषि हि ।**
**तथा निजानां कृपया द्रुतं तानन्यथाकुरु ॥१३॥**

જે પ્રમાણે અસુરોના દોષોને તેઓ તરફ ક્રોધ બતાવીને આપ દૂર કરો છો, તેજ પ્રમાણે આપના જે અમો તેના તરફ કૃપા બતાવીને અમારા દોષોને દૂર કરો. ૧૩

**निजाचार्यकुलोद्भूता गताश्चेत्सर्वथा प्रभो ।**
**त्रपा तवैव नास्माकं सर्वथा पक्षपातिनः ॥१४॥**

હે પ્રભુ ! આપના આચાર્યના વંશમાં જન્મેલા દરેક રીતે જો નિરાધાર થઇ પડે તો દરેક રીતે પક્ષપાતી એવા આપનેજ લજ્જા આવવી જોઇયે, અમને નહીં. ૧૪

**स्वबलेन स्वदासास्तु रक्षणीयाः स्वरक्षया ।**
**तृणावर्तवधेनैव यथा गोकुलवासिनः ॥१५॥**

જે પ્રમાણે તૃણાવર્તનો વધ કરીને ગોકુલવાસીયોની રક્ષા કરી, તે પ્રમાણે આપના બળે આપના ભક્તોની રક્ષાથી આપના આ દાસોનૂં આપે રક્ષણ કરવાનૂં છે. ૧૫

**अङ्गीकृता वयं दुष्टा ज्ञात्वैवाचार्यवंशजाः ।**
**अतःपरं न कर्तव्यो विचारः कोऽपि रक्षणे ॥१६॥**

અમે દુષ્ટ હતા છતાં પણ 'અમો શ્રીઆચાર્યજીના વંશમાં ઉત્પન્ન થયા છે' એમ જાણીને આપે અમોને આપના કર્યા; તો

પછી હવે રક્ષણ કરવામાં કોઇપણ જાતનો વિચાર કરવો ન જોઇયે. ૧૬

**यद्यप्यस्मासु सततं बाहिर्मुख्याद्सन्मतिः ।**
**बुद्धिप्रेरक कर्तव्यं तथा तत्प्रेरणं विभो ॥१७॥**

જોકે અમારામાં સતત બહિર્મુખતાને લીધે દુષ્ટમતિ વાસ કરી રહી છે, છતાં પણ બુદ્ધિને પ્રેરણા આપનારા હે પ્રભુ! આપે અમારી બુદ્ધિને પ્રેરતા રહેવાનૂં છે. ૧૭

**उपायैरेव कर्तव्याः स्वजनाः स्वपराः प्रभो ।**
**न तु त्याज्या यतो भार्यान्यपरत्वे, त्रपा तव ॥१८॥**

હે પ્રભુ! આપના જનોને આપનામાં ઉપાયો વડે કરીને-જ પરાયણ કરવા જોઇયે. સ્રી બીજામાં આસક્તિવાળી થાય તો તેનાથી તેનો ત્યાગ કરવાનો ન હોય. એમ થવામાં તો ઊલટૂં (તેના ધણીને જેમ શરમાવાનૂં થાય કે તે પત્નીને પોતા તરફ ખેંચી શકે તેવી શક્તિ ધરાવતો નથી, તેમ) આપને શરમાવાનૂં હોય. ૧૮

**यतो वल्लभता ते च तदीयेष्वपि जायते ।**
**असत्स्वपि तथास्मासु विधेया निर्गुणेष्वपि ॥१९॥**

તદીય ભક્તો અસત્પુરુષો હોય છતાં પણ આપનો પ્રેમ તેઓમાં ઉત્પન્ન થાય છે, તેજ પ્રમાણે અમો નગુણા છિયે તોપણ આપે અમારા તરફ વહાલ બતાવવાનૂં છે. ૧૯

**रक्ष्यन्ते शरणायाता यादृशास्तादृशा अपि ।**
**तदुपेक्षाकृतौ नाथ तवापेयाच्छरण्यता ॥२०॥**

શરણે આવેલા ગમે તેવા હોય છતાં પણ તેઓનું રક્ષણ કરવામાં આવે છે; હે નાથ! શરણે આવેલાઓ તરફ જો બેદરકારી બતાવવામાં આવે તો 'આપ શરણે આવેલાના રક્ષક છો', એ વાતજ મારી જાય. ૨૦

**निजाचार्यकुलं नाथ स्वकुलत्वेन मन्यसे ।**
**अतोऽस्मांस्तत्समुद्भूतान्दीनान् कथमुपेक्षसे ॥२१॥**

હે નાથ! આપના આચાર્યજીના કુલને આપ આપનું પોતાનું કુલ કરી માનો છો; આમ છતાં તે કુલમાં ઉત્પન્ન થયેલા અમો રાંકડાઓ પ્રતિ આપ કેમ બેદરકારી રાખો છો? ૨૧

**त्वदुपेक्षितदासानां त्रिलोक्यां न क्वचित्स्थलम् ।**
**अबलानामिव स्वामिन् यतः स्वामिबलं बलम् ॥२२॥**

આપે જેના તરફ બેદરકારી રાખી હોય તેવા સેવકોને ત્રણે જગતમાં ક્યાંય સ્થાન નથી. હે સ્વામી! જેમ અબળા સ્ત્રીયોને સ્વામીના બળે બળ હોય છે, તેમ અમોને આપના બળે બળ છે. ૨૨

**व्योमासुरमुखे याता यथा गोकुलवासिनः ।**
**रक्षिताः कालमुखगा रक्ष्याः स्वाचार्यवंशजाः ॥२३॥**

વ્યોમાસુરના મુખમાં પેઠેલાં ગોકુલવાસીયોનું આપે જે પ્રમાણે રક્ષણ કર્યું હતું તે પ્રમાણે કાળના ડાચામાં ગયેલા અમો આપના આચાર્યના વંશજોનું આપ રક્ષણ કરો. ૨૩

**न विवेको न वा धैर्यं नाश्रयोऽपि तथाविधः ।**
**तथापि करुणाहेतुरस्ति स्वाचार्यवंश्यता ॥२४॥**

અમારામાં નથી વિવેક, નથી ધીરજ કે નથી તેવા પ્રકારનો આશ્રય; આમ છતાં 'અમો આપના આચાર્યજીના વંશમાં ઉત્પન્ન થયેલા છે,' આ એક વસ્તુ આપની દયાના કારણરૂપે છે. ૨૪

**यद्यपि प्रार्थनं नैव घटेत सर्वकर्तरि ।**
**तथापि दीनतां नाथ ज्ञापयामो वयं हरे ॥२५॥**

આપ સર્વકર્તા છો, તેની સમક્ષ પ્રાર્થના કરવી જોકે યોગ્ય નથી, છતાં અમે તો, હે હરિ! હે નાથ! અમારી દીનતા આપને જણાવિયે છિયે. ૨૫

**एतावदेव दासानां कृत्यं यत्स्वामिनं निजम् ।**
**ज्ञापयन्ति, कृतिः सर्वा स्वाम्यधीनैव, नान्यथा ॥२६॥**

પોતાના સ્વામીને પોતાની દીનતા બતાવવી, એટલૂંજ માત્ર દાસોનૂં કર્તવ્ય છે. જે કાંઈ કરવૂં તે તો સ્વામીને હસ્તક છે, બીજાને નહીં. ૨૬

**स्वामिन् निजाचार्यकुलं नोपेक्ष्यं सर्वथा तव ।**
**यतो बाला न जानन्ति वक्तुं कर्तुं च सेवितुम् ॥२७॥**

હે સ્વામી! આપના આચાર્યજીના કુલ તરફ આપે કોઈ પણ રીતે ઉપેક્ષાવૃત્તિ બતાવવાની નથી; કેમકે બાળકો કેમ બોલવૂં, કેમ કરવૂં અને કેમ સેવા કરવી, એ કાંઇ જાણતા નથી હોતા. ૨૭

**निजसेवारसाभासैर्मोहयित्वाधुना प्रभो ।**
**कथमस्मांश्चोपभुक्तानिव त्यजसि वल्लभ ॥२८॥**

હે પ્રભુ! હે વહાલા! પ્રથમ આપની સેવાના રસના આભાસ માત્રથી અમને મોહ ઉત્પન્ન કરાવી હવે 'અમારી સેવા લઈ લીધી હોય,' તેના જેવા ગણી શા માટે અમારો ત્યાગ કરી જાવ છો? ૨૮

**सान्निध्यमेव वाञ्छामः स्वाचार्यचरणाश्रिताः ।**
**दूरस्थिताः कथं नाथ स्थास्यामो विधवा इव ॥२९॥**

અમારા આચાર્યજીને શરણે રહેલા અમે આપના સામીપ્યનીજ ઇચ્છા કરી રહ્યા છિયે. હે નાથ! વિધવાઓની માફક દૂર રહેલા અમો કેવી રીતે ટકી શકિયે? ૨૯

**अनन्तपूर्णगुणभूः सर्वसामर्थ्यसंयुतः ।**
**पतिर्येषां, कथं तेऽद्य स्थास्यन्ति विरहार्दिताः ॥३०॥**

જેઓનો સ્વામી અનન્ત અને પૂર્ણ ગુણોના ઉદ્ભવસ્થાનરૂપ છે અને બધાં સામર્થ્યથી યુક્ત છે, તેઓ આજે વિરહથી પીડાયેલા કેવી રીતે જીવન ટકાવી શકશે? ૩૦

**न जानामि कुतो हेतोरुपेक्षा जायतेऽधुना ।**
**बहुधा रक्षिताः पूर्वं त्वया दुस्तरदुःखतः ॥३१॥**

શા કારણે હમણાં અમારા તરફ આપ બેદરકાર બન્યા છો, તે હું જાણતો નથી. પહેલાં તો દુસ્તર દુઃખોમાંથી આપે અનેક વાર અમારૂં રક્ષણ કર્યું હતું. ૩૧

**दीननाथ न वै दैन्यमितोऽधिकमिहास्ति हि ।**
**उपेक्षयाधुना त्वेषां पुनः किं कर्तुमिच्छसि ॥३२॥**

હે દીનના સ્વામી! આનાથી વિશેષ દીનતા અહીં નથી.

હવે આ દાસો તરફ બેદરકારી ભરેલૂં વલણુ બતાવી આપ શું કરવા માગો છો ? ૩૨

**आविर्भूतोऽसि मन्नाथ निजार्थे, न प्रयोजनम् ।**
**अन्यत्, ततः कथं तेषामुपेक्षां कुरुषेऽधुना ॥३३॥**

આપ આપનાઓને માટે, હે નાથ ! પ્રકટ થયા છો; બીજૂં કોઈ કારણુ નથી; તો હવે આપ તેઓ તરફ બેદરકારી શા માટે બતાવો છો ? ૩૩

**पतिता अपि मत्ताश्चेद्प्रमत्तेन सर्वथा ।**
**उत्थाप्याः सर्वतः स्वीया यथा लज्जाखिला तव ॥३४॥**

પોતાના જનો મત્ત હોય અને પતિત થઇ ચૂકયા હોય, તોપણુ દરેક રીતે યોગમથી એઓને ઉદ્ધારવા જોઇયે; કારણુકે એ બધી આબરૂ આપની છે. ૩૪

**पार्था बहिर्मुखाः पूर्वं पृथासम्बन्धतो यथा ।**
**रक्षिता मत्प्रभो, रक्ष्यास्तथा स्वाचार्यवंशजाः ॥३५॥**

પ્રથમ પાંડવો આપનાથી બહિર્મુખ થઈ ગયા હતા, પણુ આપે, હે મારા પ્રભુ ! શ્રીકુંતીજીના સંબંધને લીધે તેઓનૂં રક્ષણુ કર્યૂં હતૂં; તે પ્રમાણે આપના આચાર્યજીના વંશમાં ઉત્પન્ન થયેલા જે અમો, તેઓનૂં આપે રક્ષણુ કરવાનૂં છે. ૩૫

**कियद्वदामि सर्वज्ञ दयालौ, निजदीनताम् ।**
**दर्शयामः, प्रभो यत्ते हृद्यायाति विधेहि तत् ॥३६॥**

સર્વજ્ઞ અને દયાળુ એવા આપને કેટલૂં કહૂં ? અમે તો અમારી દીનતા બતાવિયે છિયે. હે પ્રભુ ! આપના હૃદયમાં જે આવતૂં હોય તે કરો. ૩૬

**निजान् विधाय किं नाथ कालाधीनान् करोषि हि ।**
**'भक्षयिष्यत्यसौ स्वीया'निति नैव विचारितम् ॥३७॥**

અમને પોતાના કરીને હવે, હે નાથ! કાળને અધીન શા માટે કરો છો? 'આ કાળ આપનાઓનો ભક્ષ કરી જશે,' એમ આપે વિચાર નથી કર્યો? ૩૭

**जीवस्वभावदोषेण वयं यद्यपि न स्थिराः ।**
**तथाप्यङ्गीकृतिस्थैर्यं निजं नाथ विचारय ॥३८॥**

જીવ–સ્વભાવ–દોષે અમે જોકે સ્થિર નથી; છતાં પણ આપે જે અમારો સ્વીકાર કર્યો છે, તેવી આપની સ્થિરતાનો, હે નાથ! આપે વિચાર કરવાનો છે. ૩૮

**अङ्गीकृतापराधानामदोषत्वं हि मन्यते ।**
**लोके, भवान् भावयतु गुणत्वमधिकं ततः ॥३९॥**

લોકમાં જેઓને પોતાના કરવામાં આવેલા હોય તેઓના અપરાધોને દોષ–રહિત માનવામાં આવે છે; તેથી કરીને આપ અમારામાં રહેલા ગુણોને અધિક કરીને માનો. ૩૯

**सर्वज्ञत्वात्त्वया ज्ञातं पुरा 'दुष्टा' इति स्वतः ।**
**स्वाचार्यवंशसम्बन्धास्त्विदानीमपि वर्तते ॥४०॥**

આપ સર્વજ્ઞ હોવાથી આપે આપની મેળેજ પ્રથમથી 'અમે દુષ્ટ છિયે' એમ જાણી લીધેલૂં; (તેમ છતાં આપે અમારો સ્વીકાર કર્યો; અને) અત્યારે પણ આપના આચાર્યજીના વંશનો સંબંધ તો રહેલો છેજ. ૪૦

**दुष्टा अपि निजा नैव त्यज्यन्ते दोषनाशकैः ।**
**न ह्यग्निस्तादृशान्नैव निर्मलीकुरुते क्षणात् ॥४१॥**

દુષ્ટ હોય છતાં પણ પોતાના હોય, તેઓનો દોષનો નાશ કરનારાઓ ત્યાગ કરતાજ નથી. તેવાઓને અગ્નિ ક્ષણ માત્રમાં પવિત્ર કરતો નથી, તેમ નથી; અર્થાત્ પવિત્ર કરે છે. ૪૧

**नाथ त्वदाननात्मानं वयमग्निमलौकिकम् ।**
**सम्बद्धास्तु कथं दुष्टाः स्थिता इति विचारय ॥४२॥**

હે નાથ ! આપના મુખારવિંદરૂપ અલૌકિક અગ્નિ (શ્રીમહાપ્રભુજી) સાથે સંબંધ ધરાવનારા અમે કેમ દુષ્ટ રહિયે, એનો આપ વિચાર કરો. ૪૨

**अथापि दोषसम्बन्धे भवानेव निवारकः ।**
**नान्यः, प्रभो यतः स्वाम्यमस्माकं भवदेकगम् ॥४३॥**

આમ છતાં પણ જો દોષનો સંબંધ હોય તો તેને દૂર કરનાર આપજ છો, બીજો કોઈ નહીં; કેમકે હે પ્રભુ ! અમારા ઊપરનૂં આપનૂં સ્વામીપણૂં માત્ર એકલા આપને વિશેજ રહેલૂં છે. ૪૩

**भावेन न वयं नाथ भवदीयास्तु यद्यपि ।**
**तथापि देहसम्बन्धाद्यतस्त्वद्वदनाग्निजाः ॥४४॥**

હે નાથ ! ભાવથી જોકે અમે આપના નથી, છતાં દેહના સંબંધે કરીને તો આપનાજ છિયે; કેમકે આપના મુખારવિંદાત્મક આધિદૈવિક અગ્નિના કુલમાં અમે જન્મેલા છિયે. ૪૪

**यद्यसौ कठिनः कालस्त्वदीयान् भक्षयिष्यति ।**
**तदा त्वद्वाक्यविश्वासः शास्त्रमार्गविदां कथम् ॥४५॥**

જો આ કઠિન કાળ આપનાઓનૂં ભક્ષણ કરી જશે, તો શાસ્ત્રમાર્ગ જાણનારાઓને આપના વાકચમાં વિશ્વાસ કેમ રહેશે? ૪૫

**नाथ नाथ न मे तावत्, सनाथानां दयानिधे ।**
**अनुग्रहो वा दण्डो वा स्वयमेव विधीयताम् ॥४६॥**

હે નાથ! એ સાથે મારે તો કાંઇ લેવા દેવા નથી. હે દયાના ભંડાર! ધણિયાતા એવા અમારા ઊપર કૃપા કે સજા આપ આપની મેળેજ કરો. ૪૬

**नान्याधीनत्वमुचितं त्वदीयानां सति त्वयि ।**
**यथाकथञ्चित्करुणानिधे स्वीयान् करे कुरु ॥४७॥**

આપ બિરાજતા હો ત્યાં આપના જનો બીજાની અધીનતામાં જાય તે યોગ્ય નથી. હે કરુણાના ભંડાર! આપનાઓને આપ આપના હસ્તક રાખો. ૪૭

**हाहा गजोद्धृते हाहा द्रौपदीवस्त्रपूरक ।**
**हाहा सुदामभार्यार्थदायकास्मान् हि पालय ॥४८॥**

હે ગજેંદ્રનો ઉદ્ધાર કરનારા! હે દ્રૌપદીનાં વસ્ત્ર પૂરનારા! અને હે સુદામાજીની પત્નીને સંપત્તિ આપનારા પ્રભુ! અમારૂં આપ રક્ષણ કરો. ૪૮

**व्रजनाथ व्रजस्वामिन् व्रजजीवन जीवय ।**
**निजानतिजडान्दीनानिति विज्ञापयाम्यहम् ॥४९॥**

હે વ્રજનાથ! હે વ્રજના સ્વામી! હે વ્રજના પ્રાણ! અતિ જડ એવા આ આપનાઓને આપ જીવાડો, એવી હૂં વીનતી કરૂં છૂં. ૪૯

**सदानन्द कथं दुःखं निजानां द्रक्ष्यसि प्रभो ।**
**अतः कदापि सान्निध्यं निवर्तय हरे निजम् ॥५०॥**

હે સદાનંદ! હે પ્રભુ! આ આપનાઓના દુઃખને કેમ જોશો? માટેજ, હે હરિ! કોકવાર આપનૂં સાન્નિધ્ય પાછૂં આપો. ૫૦

**श्रीवल्लभ निजस्वामिसहितान्निजवंशजान् ।**
**निजस्वरूपबलतः पालयासुरजाद्भयात् ॥५१॥**

(છેવટ શ્રીહરિરાયજી આ શ્લોકમાં શ્રીમહાપ્રભુજીને વિજ્ઞપ્તિ કરે છે કે—) હે શ્રીવલ્લભાધીશ પ્રભુ! અમારા સ્વામી શ્રીવિઠ્ઠલેશસહિત આપના વંશજોને આપના સ્વરૂપના બળે કરીને અસુરતાથી ઉત્પન્ન થતા ભયમાંથી બચાવી લો. ૫૧

इति श्रीहरिदासविरचिता विज्ञप्तिः समाप्ता ।

## १४. दैन्याष्टकम् ।

[ અનુષ્ટુભ ]

**श्रीकृष्ण गोकुलाधीश नन्दगोपतनूद्भव ।**
**यशोदागर्भसम्भूत मयि दीने कृपां कुरु ॥१॥**

હે શ્રીકૃષ્ણ! હે ગોકુલના પતિ, શ્રીનંદરાયજીના પુત્ર, શ્રીયશોદાજીના ગર્ભમાં ઉત્પન્ન થયેલા પ્રભુ! રાંક એવા મારા પર કૃપા કરો. ૧

**व्रजानन्द व्रजावास व्रजस्त्रीहृदयास्थित ।**
**व्रजलीलाकृते नित्यं मयि दीने कृपां कुरु ॥२॥**

હે વ્રજને આનંદરૂપ! હે વ્રજમાં રહેનારા! હે વ્રજાંગનાઓના હૃદયમાં રહેનારા અને હે વ્રજની લીલાઓ કરનારા! હમેશાં રાંક એવા મારા પર કૃપા કરો. ૨

**श्रीभागवतभावार्थरसात्मन् रसिकात्मक ।**
**नामलीलाविलासार्थं मयि दीने कृपां कुरु ॥३॥**

શ્રીમદ્ભાગવતજીના ભાવાર્થરૂપ રહેલો જે રસ, તે રસ–સ્વરૂપ! હે રસિકોના આત્મા! નામલીલાના વિલાસને માટે રાંક એવા મારા પર કૃપા કરો. ૩

**यशोदाहृदयानन्द विहिताङ्गणरिङ्गण ।**
**अलकावृतवक्त्राब्ज मयि दीने कृपां कुरु ॥४॥**

હે યશોદાજીના હૃદયને આનંદ આપનારા! હે યશોદાજીના આંગણામાં ઘૂંટણે ચાલતા અને હે વાંકડિયા કેશથી ઘેરાયેલા મુખકમળવાળા પ્રભુ! રાંક એવા મારા પર કૃપા કરો. ૪

**विरहार्तिव्रतस्थात्मन् गुणगानश्रुतिप्रिय ।**
**महादैन्यदयोद्भूत मयि दीने कृपां कुरु ॥५॥**

હે વિરહની આર્તિના વ્રતમાં સ્થિતિ કરેલા આત્માવાળા! હે ગુણગાન સાંભળવાનું પસંદ કરનારા અને હે મોટી દીનતાયે ઊપજેલી કૃપાવાળા! રાંક એવા મારા પર કૃપા કરો. ૫

**अत्यासक्तजनासक्त परोक्षभजनाप्रिय ।**
**परमानन्दसन्दोह मयि दीने कृपां कुरु ॥६॥**

હે અતિ આસક્તિવાળા જનોમાં આસક્તિવાળા! પરોક્ષ રીતે કરતા ભજનથી ખુશ થતા અને પરમાનંદના તત્ત્વરૂપ પ્રભુ! રાંક એવા મારા પર કૃપા કરો. ૬

**निरोधशुद्धहृदय दयितागीतमोहित ।**
**आत्यन्तिकवियोगात्मन्मयि दीने कृपां कुरु ॥७॥**

હે નિરોધથી શુદ્ધ હૃદયવાળા, હે વહાલીયોના ગીતથી મુગ્ધ થયેલા અને આત્યંતિક વિયોગસ્વરૂપ પ્રભુ! રાંક એવા મારા પર કૃપા કરો. ૭

**स्वाचार्यहृदयस्थायिलीलाशतयुत प्रभो ।**
**सर्वथा शरणं याते मयि दीने कृपां कुरु ॥८॥**

આપના આચાર્યજીના હૃદયમાં રહેલી સેંકડો લીલાઓથી યુક્ત હે પ્રભુ! દરેક રીતે આપને શરણે આવી રહેલા હું રાંક પર આપ કૃપા કરો. ૮

इति श्रीहरिदासोक्तं दैन्याष्टकं सम्पूर्णम् ।

## १५. स्तोत्रम् ।

[ દ્રુતવિલંબિત ]

**सुरभिसङ्घरजःप्रसृताननं**
**श्रमजलाकुलितालकमण्डितम् ।**
**मदनमानविमर्दनवीक्षणं**
**नमत नेत्रवतां फलमीप्सितम् ॥१॥**

ગાયોના સમૂહોની ઊડેલી રજથી ઘેરાયેલું છે મુખકમલ જેનું, શ્રમના જલબિંદુથી ઘેરાયેલા કેશનો શણગાર છે જેનો, કામદેવના માનને ચોળી નાખનારી દૃષ્ટિ છે જેની અને જે નયનવાળાંઓની આંખોના ઇચ્છેલા ફળરૂપ છે, તેવા પ્રભુને નમન કરો. ૧

[ માલિની ]

**तरणिदुहितृतीरे मण्डले वल्लवीनां**
**कनकरुचिरभासां मध्यगो गीतवेणुः ।**
**मरकतमणिकान्तिः कामितः कामिनीनां**
**जयति मधुरमूर्तिर्वल्लभेन्द्रः किशोरः ॥२॥**

સૂર્યપુત્રી યમુનાજીના કાંઠા ઊપર સોનાના જેવી સુંદર કાંતિવાળી ગોપાંગનાઓના મંડલના મધ્યભાગમાં બિરાજતા, બંસી બજાવતા, મરકતમણિની કાંતિ જેવી કાંતિવાળા, કામિનીયોના વહાલા અને મધુરી મૂર્તિવાળા સૌથી વહાલા કિશોરાકૃતિ શ્રીકૃષ્ણચંદ્રજીનો વિજય છે. ૨

[ ઉપજાતિ ]

**यदैव दृष्टः पथि नन्दसूनु-**
**स्तरङ्गिणीतीरतमालमूले ।**
**अतीव हृष्यन्मनसा तदैव**
**क्रीतेव नीता वशमालि तस्य ॥३॥**

(એક ગોપાંગના બીજી ગોપાંગનાને કહે છે કે—) હે સખી ! માર્ગમાં યમુનાજીના કિનારા ઊપર તમાલવૃક્ષના મૂળમાં અત્યંત પ્રસન્ન મનથી હું ખરીદાઈ ચૂકી ન હોઊં એવી રીતે તેને વશ થઇ ગઇ. ૩

**तद्रूपमाधुर्यरसावगाह-**
**तृष्णं मनः कं न जहाति कामम् ।**
**यद्गीतमाकर्ण्य गता मुनीन्द्रा**
**विहाय गेहादि, किमत्र चित्रम् ॥४॥**

જે પ્રભુના વેણુગીતનું શ્રવણ કરીને મહાન મુનિયો પણ ઘરબાર છોડી ચાલી નીકળ્યા, (ચાલી નીકળ્યા એમાં શું આશ્ચર્ય હોઇ શકે?) તે પ્રભુના સ્વરૂપની મધુરતાના રસમાં અવગાહન કરવાની તૃષ્ણાવાળૂં (મારૂં) મન બીજી કયી ઇચ્છાનો ત્યાગ નથી કરતૂં? ૪

**कर्तुं न किञ्चित्प्रभवामि भीरु-**
**र्हितं तथेदं नहितं न जाने ।**
**इत्थं महामोहमहान्धकारे**
**मग्नं व्रजेशोद्धर मामधीरम् ॥५॥**

બ્હીકણ એવો હૂં કાંઇ કરવાને શક્તિમાન નથી; આ હિતકર છે કે આ અહિતકર છે, તે હૂં નથી જાણતો; આ પ્રમાણે મહામોહરૂપી અંધકારમાં ડૂબી ગયેલા અને ધીરજ વિનાના આ હૂં દાસનો આપ ઉદ્ધાર કરો. ૫

**त्वन्नामनावं ह्यधिरुह्य धीरा-**
**स्तरन्ति किं किं न भवार्णवेऽस्मिन्[1] ।**
**अनुग्रहीतासि [2]यदत्र तेषां**
**मम स्वदास्यं दिश विट्ठलेश ॥६॥**

(આ અને નીચેના બીજા શ્લોકમાં શ્રીગુસાંઇજીનૂં સ્તવન છેઃ–) હે વિઠ્ઠલેશ પ્રભુ! આપના નામરૂપી નાવ ઊપર ચઢીને ધીર પુરુષો આ ભવસાગરને શૂં શૂં નથી તરી જતા? આમ આપ તેઓના ઊપર અનુગ્રહ કરનારા છો; તેથી (પણ) આપનૂં દાસ્ય બતાવો. ૬

१ भवांत्वधिकः અપપાઠ. २ वदन्नमेषा અપપાઠ.

कुर्वन्ति सर्वे बहुधावधानतो
धर्मानधर्मान्परिवर्जयन्त्यपि ।
तथापि तेषां त्वदनुग्रहं विना
कृष्णप्रसादो नहि वल्लभात्मज ॥७॥

બધા લોકો અનેક પ્રકારે અવધાનપૂર્વક ધર્મોનું આચારણ કરે છે અને અધર્મોનો ત્યાગ પણ કરે છે; આમ છતાં હે શ્રીવલ્લભનંદન! આપની કૃપા વિના પ્રભુની કૃપા તેઓ ઉપર નથી થતી. ૭

यो गोपिकानां निलये निलीय
बालैः परीतो नवनीतमत्ति ।
निवारितो मुग्धमुखेन्दु-राभि-[१]
र्निष्ठीव्य गच्छत्यनिशं, तमाश्रये ॥८॥

જે પ્રભુ ગોપીજનોના ગૃહમાં છૂપાઈને બાળકોથી ઘેરાઈ માખણ ખાઇ જાય છે, અને જ્યારે ગોપીજનોથી તેમ કરતાં રોકવામાં આવે છે, ત્યારે મૂંઝાયેલા મુખકમળવાળા થઈ માખણ થૂંકી સદૈવ નાસી જાય છે, તે પ્રભુને હું શરણે જાઉં છું. ૮

इति श्रीहरिदासोक्तं स्तोत्रं सम्पूर्णम् ।

---

१. °मुग्धं અપપાઠ.

# १६. षोडशस्तोत्रम् ।

[ અનુષ્ટુભ ]

**प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।**
**को वा ब्रह्मा महेशो वा महेन्द्रो वा परोऽपि वा ॥१॥**

નંદકુમાર મારા શેઠ છે; શ્રીરાધિકાજી મારાં શેઠાણી છે; ત્યાં કોણ બ્રહ્મા, કોણ મહેશ, કોણ ઇંદ્ર કે કોણ અન્ય કોઇ? ૧

**प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।**
**अहमेव कृतार्थोऽस्मि हीना ब्रह्मादयः सुराः ॥२॥**

નંદકુમાર મારા શેઠ છે; શ્રીરાધિકાજી મારાં શેઠાણી છે; તેથી મારાં કામ બધાંજ સરી ગયાં છે; મારી આગળ બ્રહ્માદિ દેવોય ઓછા છે. ૨

**प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।**
**त्रयो लोका दरिद्रास्तु, अहमेव समृद्धिमान् ॥३॥**

નંદકુમાર મારા શેઠ છે; શ્રીરાધિકાજી મારાં શેઠાણી છે; ત્યાં ત્રણે લોક કંગાલ છે; હુંજ માત્ર સમૃદ્ધિવાળો છૂં. ૩

**प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।**
**विश्वस्योपरि राजेऽहं किमन्यैः सुरराजिभिः ॥४॥**

નંદકુમાર મારા શેઠ છે; શ્રીરાધિકાજી મારાં શેઠાણી છે; તેથી હું વિશ્વનીયે ઉપર બિરાજી રહ્યો છૂં; બીજાં દેવતાઓનાં ઝૂંડનાં ઝૂંડથીયે શૂં? ૪

**प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।**
**मोक्षानन्दं न याचेऽहं तुच्छमन्यत्सुखं किमु ॥ ५ ॥**

નંદકુમાર મારા શેઠ છે; શ્રીરાધિકાજી મારાં શેઠાણી છે;

તેથી હું મોક્ષાનંદની માગણી નથી કરતો, તો બીજા તુચ્છ સુખની ક્યાં વાત કરું? ૫

**प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।**
**तुष्टै रुष्टैस्तदीयस्य भगवत्किङ्करैः परैः ॥६॥**

નંદકુમાર મારા શેઠ છે; શ્રીરાધિકાજી મારાં શેઠાણી છે; ત્યાં પ્રભુના ખુશ થયેલા કે રોષે ભરાયેલા બીજા કિંકરોથીયે પ્રભુના હું દાસને શું? ૬

**प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।**
**एतावता महानर्थे न त्रैलोक्याधिपत्यकम् ॥७॥**

નંદકુમાર મારા શેઠ છે; શ્રીરાધિકાજી મારાં શેઠાણી છે; આટલાથી મહાન બનેલો હું ત્રણ લોકોનું સ્વામીપણું પણ માગતો નથી. ૭

**प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।**
**एतेनाखिलधर्मै किं तपोदानमखादिभिः ॥८॥**

નંદકુમાર મારા શેઠ છે; શ્રીરાધિકાજી મારાં શેઠાણી છે; આનાથીજ બધા ધર્મ સિદ્ધ થઈ ગયા છે, ત્યાં તપ, દાન અને યજ્ઞાદિકથીયે શું? ૮

**प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।**
**एतेन गुणवानस्मि किं चातुर्यादिभिर्गुणैः ॥९॥**

નંદકુમાર મારા શેઠ છે; શ્રીરાધિકાજી મારાં શેઠાણી છે; એનાથીજ હું ગુણશાલી છૂં; ચતુરાઈ વગેરે ગુણોની સાથે મારે શી પડી છે? ૯

**प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।**
**संसारप्रभवैर्नो किं वैराग्यज्ञानसंश्रयैः ॥१०॥**

નંદકુમાર મારા શેઠ છે; શ્રીરાધિકાજી મારાં શેઠાણી છે; તો પછી અમોને સંસારમાંથી થયેલાં વૈરાગ્ય જ્ઞાન વગેરેના આશ્રયોથીયે શું ? ૧૦

**प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।**
**प्रयोजनं न विधिभिर्निषेधैर्न प्रयोजनम् ॥११॥**

નંદકુમાર મારા શેઠ છે; શ્રીરાધિકાજી મારાં શેઠાણી છે; ત્યાં મારે નથી વિધિ સાથે પ્રયોજન કે નથી નિષેધ સાથે પ્રયોજન. ૧૧

**प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।**
**अन्यालभ्यं मयालब्धं का चिन्ता तर्हि सम्प्रति ॥१२॥**

નંદકુમાર મારા શેઠ છે; શ્રીરાધિકાજી મારાં શેઠાણી છે; આમ બીજાને જે મળી શકે તેમ ન હતું, તે મેં મેળવ્યું છે; તો પછી અત્યારે શી ફિકર છે ? ૧૨

**प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।**
**वाच्यमेवं सदा ध्येयं नरैरेवं तदर्थिभिः ॥१३॥**

નંદકુમાર મારા શેઠ છે; શ્રીરાધિકાજી મારાં શેઠાણી છે; આમ પ્રભુપ્રાપ્તિની ઇચ્છા કરનારાઓને હમેશાં જે ધ્યેયરૂપ છે, તે આ પ્રમાણે મને સ્પષ્ટાર્થમાં થયેલી છે. ૧૩

**प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।**
**भविष्यत्यस्तभूदेवं जायते स्म इतः सुखम् ॥१४॥**

નંદકુમાર મારા શેઠ છે; શ્રીરાધિકાજી મારાં શેઠાણી છે; ત્યાં આ લોકમાંથી જે સુખ જન્મેલું, તે આ પ્રમાણે અસ્ત થઈ જશે. (એવા લૌકિક સુખની અલૌકિક સુખ પાસે મારે શી જરૂર ?) ૧૪

**प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।**
**कृतार्थोऽहं कृतार्थोऽहं कृतार्थोऽहं, न संशयः ॥१५॥**

નંદકુમાર મારા શેઠ છે; શ્રીરાધિકાજી મારાં શેઠાણી છે; ત્યાં મારાં કાર્ય બધાં સરી ગયાં છે, સરી ગયાં છે, સરી ગયાં છે; તેમાં જરાયે શંકા નથી. ૧૫

**प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।**
**एवमेव सदा भूयाद् भूयादेवं, न संशयः ॥१६॥**

નંદકુમાર મારા શેઠ છે; શ્રીરાધિકાજી મારાં શેઠાણી છે. આજ પ્રમાણે હમેશાં થાવ; આજ પ્રમાણે હમેશાં થાવ. (એમજ થશે) એમાં જરાયે શંકા નથી. ૧૬

**प्रभुर्नन्दकुमारो मे स्वामिनी वृषभानुजा ।**
**पठतः षोडश श्लोकानेतान् प्रीतिपुरःसरम् ॥१७॥**
**श्रीवल्लभात्मजो विप्रस्वरूपो विट्ठलेश्वरः ।**
**सुप्रसन्नः सदा भूयादनेन विहितेन मे ॥१८॥**

“નંદકુમાર મારા શેઠ છે; શ્રીરાધિકાજી મારાં શેઠાણી છે;” એવા આ સોળ શ્લોકોનો પ્રીતિપૂર્વક પાઠ કરતા મારા ઊપર મારા આ કાર્યથી શ્રીમદ્વલ્લભાચાર્યના પુત્ર, દ્વિજસ્વરૂપ શ્રીવિઠ્ઠલેશ્વર પ્રભુ હમેશાં સારી રીતે પ્રસન્ન રહો. [૧૮મા શ્લોકમાં **श्रीवल्लभतनुजन्मा द्विजरूपो विट्ठलेश्वरः** એવો અપપાઠ–છન્દોભંગદૂષિત છે, તે ઊપર મુજબ સુધારી મૂક્યો છે.] ૧૭–૧૮

**इति श्रीहरिदासोदितं षोडशस्तोत्रं समाप्तम् ।**

# १७. श्रीकृष्णशरणाष्टकम् ।

[ અનુષ્ટુભ ]

**सर्वसाधनहीनस्य पराधीनस्य सर्वतः ।**
**पापपीनस्य दीनस्य श्रीकृष्णः शरणं मम ॥१॥**

દરેક જાતનાં સાધન વિનાનો, ચારે બાજૂથી પરાધીન, પાપથી ભરપૂર અને દીન એવો જે હું, તેનૂં શરણ શ્રીકૃષ્ણ છે. ૧

**संसारसुखसम्प्राप्तिसन्मुखस्य विशेषतः ।**
**बहिर्मुखस्य सततं श्रीकृष्णः शरणं मम ॥२॥**

ખાસ કરીને સંસારનાં સુખોને મેળવવા તરફ મુખ કરી બેઠેલો અને પ્રભુ સિવાય અન્ય તરફ વળેલો બહિર્મુખ એવો જે હું, તેનૂં શરણ શ્રીકૃષ્ણ છે. ૨

**सदा विषयकामस्य देहारामस्य सर्वथा ।**
**दुष्टस्वभाववामस्य श्रीकृष्णः शरणं मम ॥३॥**

હમેશાં વિષયનીજ ઇચ્છા કરતો, દરેક રીતે દેહમાંજ રચ્યોપચ્યો રહેતો અને દુષ્ટ સ્વભાવને લીધે વાંકો થયેલો એવો જે હું, તેનૂં શરણ શ્રીકૃષ્ણ છે. ૩

**संसारसर्पदष्टस्य धर्मभ्रष्टस्य दुर्मतेः ।**
**लौकिकप्राप्तिकष्टस्य श्रीकृष्णः शरणं मम ॥४॥**

સંસારરૂપી સર્પથી કરડવામાં આવેલો, ધર્મભ્રષ્ટ, દુષ્ટ બુદ્ધિવાળો અને લૌકિક પદાર્થોની પ્રાપ્તિના કષ્ટવાળો એવો જે હું, તેનૂં શરણ શ્રીકૃષ્ણ છે. ૪

**विस्मृतस्वीयधर्मस्य कर्ममोहितचेतसः ।**
**स्वरूपज्ञानशून्यस्य श्रीकृष्णः शरणं मम ॥५॥**

જે પોતાનો ધર્મ ભૂલી ગયો છે, કર્મમાં જેનું ચિત્ત મોહ પામેલું છે, અને પોતાના સ્વરૂપનું જેને જ્ઞાન નથી એવો જે હું, તેનું શરણ શ્રીકૃષ્ણ છે. ૫

**संसारसिन्धुमग्नस्य भग्नभावस्य दुष्कृतेः ।**
**दुर्भावलग्नमनसः श्रीकृष्णः शरणं मम ॥६॥**

સંસારરૂપી સાગરમાં ડૂબી ગયેલો, જેનો ભાવ ભાંગી પડ્યો છે તેવો, દુષ્ટકાર્યવાળો અને દુષ્ટ ભાવમાં લાગેલા મનવાળો એવો જે હું, તેનું શરણ શ્રીકૃષ્ણ છે. ૬

**विवेकधैर्यभक्त्यादिरहितस्य विशेषतः ।**
**विरुद्धकरणासक्तेः श्रीकृष्णः शरणं मम ॥७॥**

ખાસ કરીને વિવેક, ધીરજ, ભક્તિ એ વગેરે જેમાં જરાયે નથી તેવો અને વિરોધી કાર્યોમાં આસક્તિવાળો એવો જે હું, તેનું શરણ શ્રીકૃષ્ણ છે. ૭

**विषयाक्रान्तदेहस्य वैमुख्यहृतसन्मतेः ।**
**इन्द्रियाश्वगृहीतस्य श्रीकृष्णः शरणं मम ॥८॥**

વિષયોથી જેનો દેહ ઘેરાઇ ગયેલો છે, વિમુખ થઇ જવાથી જેની સદ્બુદ્ધિ હરાઇ ગઇ છે અને ઇંદ્રિયરૂપી ઘોડાઓએ જેને જકડ્યો છે, એવો જે હું, તેનું શરણ શ્રીકૃષ્ણ છે. ૮

**एतदष्टकपाठेन ह्येतदुक्तार्थभावनात् ।**
**निजाचार्यपदाम्भोजसेवको दैन्यमाप्नुयात् ॥९॥**

આ શ્રીકૃષ્ણશરણાષ્ટકના પાઠથી અને એમાં કહેલા અર્થનો વિચાર કરવાથી આપણા આચાર્ય શ્રીવલ્લભાચાર્યજીનાં ચરણકમલનો સેવક દીનતા પ્રાપ્ત કરે. ૯

इति श्रीहरिदासविरचितं शरणाष्टकं सम्पूर्णम् ।

## १८. द्वितीयं श्रीकृष्णशरणाष्टकम् ।

[ અનુષ્ટુભ ]

**स्वामिनीचिन्तया चित्तखेदखिन्नमुखाम्बुजः ।**
**नमन्नयनयुगलः स कृष्णः शरणं मम ॥१॥**

શ્રીસ્વામિનીજી–વિષયક ચિંતાને લીધે થયેલા ચિત્તમાંના ખેદને લીધે જેમનું મુખકમલ ખિન્ન થયેલું છે અને જેમનાં બંને નેત્રકમલ નીચાં ઢળી રહ્યાં છે, તે શ્રીકૃષ્ણચંદ્રજી મારૂં શરણ છે. ૧

**मनोजभावभरितो भावयन्मनसा रतिम् ।**
**मीलनव्याकुलमनाः स कृष्णः शरणं मम ॥२॥**

મનોભવ કંદર્પના ભાવથી ભરેલા, મનથી રતિની ભાવના કરતા અને મળવાને માટે વ્યાકુલ ચિત્તવાળા તે શ્રીકૃષ્ણચંદ્રજી મારૂં શરણ છે. ૨

**निःश्वासशुष्यद्वदनो मधुराधरपल्लवः ।**
**मुरलीनादनिरतः स कृष्णः शरणं मम ॥३॥**

નિસાસાઓને લીધે સૂકાઈ જતા મુખકમલવાળા, મધુર અધર–વાળા અને મુરલીના નાદમાં ચકચૂર એવા તે શ્રીકૃષ્ણચંદ્રજી મારૂં શરણ છે. ૩

**निकुञ्जमन्दिरान्तःस्थसुमपल्लवतल्पकृत् ।**
**प्रतीक्षमाणः स्वप्राप्तिं स कृष्णः शरणं मम ॥४॥**

નિકુંજમંદિરના અંદરના ભાગમાં રહેલાં પુષ્પો અને ફણગાઓની શય્યાના કરનારા અને સ્વામિનીજીની પ્રાપ્તિની રાહ જોતા તે શ્રીકૃષ્ણચંદ્રજી મારૂં શરણ છે. ૪

**वियोगभावविहसद्वदनाम्बुजसुन्दरः ।**
**आकर्णयन्नलिरुतं स कृष्णः शरणं मम ॥५॥**

વિયોગ ભાવે કરીને હસતા મુખકમલને લીધે સુંદર દેખાતા અને ભ્રમરોના ગણગણાટને સાંભળતા તે શ્રીકૃષ્ણચંદ્રજી મારૂં શરણ છે. ૫

**मुञ्चन्नश्रूणि विलुठन् गायन् मत्त इव क्वचित् ।**
**नृत्यन् रसासक्तमनाः स कृष्णः शरणं मम ॥६॥**

આંખોમાંથી આંસૂ ખાળતા, લોટી પડતા, કોઇકવાર ગાંડાની માફક ગાન કરતા અને નાચ કરતા અને રસમાં આસક્ત ચિત્તવાળા તે શ્રીકૃષ્ણચંદ્રજી મારૂં શરણ છે. ૬

**शयान एकलस्तल्पे स्वप्नसम्बन्धसिद्धये ।**
**प्रबोधपश्चात्तप्तो यः स कृष्णः शरणं मम ॥७॥**

શય્યામાં એકલાજ સૂતેલા અને જાગ્યા પછી સ્વપ્નમાં થયેલો શ્રીસ્વામિનીજીનો સંબંધ સિદ્ધ થાય એ ઉદ્દેશે જેમને સંતાપ થયો છે તેવા શ્રીકૃષ્ણચંદ્રજી મારૂં શરણ છે. ૭

**रसात्मा रसरीतिज्ञो रसलीलापरायणः ।**
**रसात्मगोपीरसिकः स कृष्णः शरणं मम ॥८॥**

રસસ્વરૂપ, રસની રીતિના જાણકાર, રસાત્મક લીલાઓમાં તત્પર, અને રસાત્મા એવાં ગોપીજનોમાં રસવૃત્તિવાળા તે શ્રીકૃષ્ણચંદ્રજી મારૂં શરણ છે. ૮

इति श्रीहरिदासोक्तं शरणाष्टकं सम्पूर्णम् ।

## १९. पञ्चाक्षरमन्त्रगर्भस्तोत्रम् ।

[ સવૈયો ]

दुष्टतमोऽपि दयारहितोऽपि
　विधर्मविशेषकृतिप्रथितोऽपि ।
दुर्जनसङ्गरतोऽप्यवरोऽपि च
　'कृष्ण तवास्मि', न चास्मि परस्य ॥१॥

હું અત્યંત દુષ્ટ છૂં; દયારહિત છૂં; અન્ય પ્રકારના ધર્મનાં કાર્યથી જાહેર થયેલો છૂં; દુર્જનના સંગમાં પ્રેમવાળો છૂં અને હલકોય છૂં; આમ છતાં 'હે કૃષ્ણ! હું તારો છૂં', બીજાનો નથી. ૧

लोभरतोऽप्यभिमानयुतोऽपि
　पराहितकारणकृत्यकरोऽपि ।
क्रोधपरोऽप्यविवेकहतोऽपि च
　'कृष्ण तवास्मि', न चास्मि परस्य ॥२॥

હું લોભમાં રચ્યોપચ્યો રહેનારો છૂં; અભિમાનવાળો છૂં; બીજાનાં બૂરાંને માટે કામ કરનારો છૂં; ક્રોધપરાયણ છૂં, અને અવિવેકથી ડઘાઇ ગયેલો છૂં; આમ છતાં પણ 'હે કૃષ્ણ! હું તારો છું,' બીજાનો નથી. ૨

कामरयोऽपि गताश्रयणोऽपि
परायगाशयचञ्चलितोऽपि ।
वैषयिकादरसंवलितोऽपि च
'कृष्ण तवास्मि' न चास्मि परस्य ॥३॥

હું કામી છું; જેનો આશ્રય છૂટી ગયો હોય તેવો છું; પારકાના આશ્રયે જવાની ઇચ્છાયે ચંચલ થઇ ગયેલો છું અને વિષય-સંબંધી પદાર્થો તરફના આદરવાળો છું; છતાં પણ 'હે કૃષ્ણ! હું તારો છૂં,' બીજાનો નથી. ૩

उत्तमधैर्यविभिन्नतरोऽपि
निजोदरपोषणहेतुपरोऽपि ।
स्वीकृतमत्सरमोहमदोऽपि च
'कृष्ण तवास्मि', न चास्मि परस्य ॥४॥

ઉત્તમ એવા ધૈર્ય વિનાનો છું; મારૂં પેટ ભરવાનાં ફાંફલાંમાં પડેલો છું, અને જેણે મત્સર, મોહ અને મદનો સ્વીકાર કર્યો છે, તેવો છું; છતાં પણ 'હે કૃષ્ણ! હું તારો છૂં,' બીજાનો નથી. ૪

भक्तिपथादरमात्रकृतोऽपि
व्यर्थविरुद्धकृतिप्रसृतोऽपि ।
त्वत्पदसम्मुखतापतितोऽपि च
'कृष्ण तवास्मि', न चास्मि परस्य ॥५॥

ભક્તિમાર્ગ તરફ આદર માત્ર કર્યો છતાં પણ નકામી ભક્તિમાર્ગથી વિરુદ્ધ કૃતિમાં પડ્યોપાથર્યો રહ્યું છું; અને

આપના ચરણારવિંદમાં આવી પડેલો છું; 'હે કૃષ્ણ ? હું તારો છું,' બીજાનો નથી. ૫

संसृतिगेहकलत्ररतोऽपि
व्यर्थधनार्जनखेदसहोऽपि ।
उन्मदमानससंश्रयणोऽपि च
'कृष्ण तवास्मि', न चास्मि परस्य ॥६॥

સંસાર, ઘર અને સ્ત્રીમાં રચ્યોપચ્યો પડ્યો છું (संसृतिसन्ततिगेहरतोऽपि પાઠ લેતાં સંસાર, સંતાન અને ઘરમાં રચ્યોપચ્યો પડ્યો છું;) ધન મેળવવાના ખોટા ખેદને સહી રહેલો છું અને ગાંડપણ ભરેલા માનસવાળો છું; છતાં પણ 'હે કૃષ્ણ! હું તારો છું,' બીજાનો નથી. ૬

कृष्णपथेतरधर्मरतोऽपि
स्वस्थितिविस्मृतिमद्धृदयोऽपि ।
दुर्जनदुर्वचनादरणोऽपि च
'कृष्ण तवास्मि', न चास्मि परस्य ॥७॥

આપ શ્રીકૃષ્ણના માર્ગ સિવાયના બીજા માર્ગમાં પ્રેમવાળો છું; મારી સ્થિતિની વિસ્મૃતિવાળા હૃદયવાળો છું, અને દુર્જનોના દુષ્ટ વચનોમાં આદરવાળો છું; હે કૃષ્ણ! હું તારો છું,' બીજાનો નથી. ૭

वल्लभवंशजनुःसबलोऽपि
स्वप्रभुपादसरोजफलोऽपि ।
लौकिकवैदिकवादखलोऽपि च
'कृष्ण तवास्मि', न चास्मि परस्य ॥८॥

શ્રીવલ્લભાચાર્યજીના વંશમાં જન્મ લેવાથી એ પ્રકારના બળવાળો છું, મારા પ્રભુના ચરણકમળરૂપી ફલવાળો છું, અને લૌકિક વૈદિક વાદોથી (ધર્મ પાઠ લેતાં ધર્મોથી) દુષ્ટ છું; છતાં પણ 'હે કૃષ્ણ! હૂં તારો છૂં,' બીજાનો નથી. ૮

'पञ्चाक्षरमहामन्त्रगर्भितस्तोत्र'पाठतः ।
श्रीमदाचार्यदासानां तदीयत्वं भवेद् ध्रुवम् ॥९॥

આ "પંચાક્ષર-મહામંત્ર-ગર્ભિત' સ્તોત્રનો પાઠ કરવાથી શ્રીમદ્‌વલ્લભાધીશ્વર શ્રીઆચાર્યજી મહાપ્રભુજીના સેવકોને ભગવદીયપણું અવશ્ય થશે. ૯

इति श्रीहरिदासोक्तं पञ्चाक्षरमन्त्रगर्भस्तोत्रं समाप्तम् ।

## २०. भगवच्चरणचिह्नवर्णनम् ।

[ અનુષ્ટુભ ]

प्रणम्य ब्रह्मरुद्रादिवन्दनीयपदाम्बुजम् ।
वर्णये पदचिह्नानि सदनानि शुभाशिषाम् ॥१॥

બ્રહ્મા, રુદ્ર વગેરેથી નમન કરવા લાયક ચરણકમલવાળા શ્રીકૃષ્ણચંદ્રજીને પ્રણામ કરી શુભાશીર્વાદનાં ધામરૂપ એવાં પ્રભુનાં ચરણકમલનાં ચિહ્નોનૂં હું વર્ણન કરું છું. ૧

[ ઉપગીતિ ]

यद्ध्यानाच्चेतोऽपि [1]सद्यः षोडशकलं भवति ।
नखपूर्णचन्द्रतायै तानि च षोडशकसङ्ख्यानि ॥२॥

---

[1] षोडशकलमञ्जसा भवति ।

જે ચરણચિહ્નોના ધ્યાનથી ચિત્ત પણ ષોડશકલાવાળું (ખીલેલું) થાય છે, નખચંદ્રની પૂર્ણતા માટે તે પદચિહ્નો પણ સોળ છે. ૨

**दक्षिणवामपदद्वयचिह्नानां चिन्तनाद्भवति ।**
**दाक्षिण्यं, काम्यं[1] तत्स्वरूपसम्प्राप्तये नृणाम् ॥३॥**

પ્રભુનાં જમણા અને ડાબા ચરણકમલમાંનાં ચિહ્નોના ચિંતનથી ચતુરાઈ પ્રાપ્ત થાય છે. મનુષ્યોને પ્રભુનાં સ્વરૂપની પ્રાપ્તિને માટે આ ચરણ ઇષ્ટ છે. ૩

**क्रमशः साभिप्रायं प्रत्येकं तानि चिह्नानि ।**
**भावुकसन्तोषार्थं निरूपयिष्ये यथाबुद्धि ॥४॥**

ભાવિકોને સંતોષ થાય, એ માટે મારી બુદ્ધિ પ્રમાણે હું તે પ્રત્યેક ચિહ્નનું તેની ભાવનાની સમઝૂતી સાથે નિરૂપણ કરીશ. ૪

**ब्रह्मादिदुर्गमे मे प्रभवति बुद्धिः कथं वक्तुम् ।**
**कृपया सर्वमशक्यं साधयितुं शक्यते दासैः ॥५॥**

જેનું બ્રહ્માદિકને પણ જ્ઞાન મુશ્કેલ છે, તેવાં તે ચિહ્નોનું વર્ણન કરવાને મારી બુદ્ધિ કેમ હામ ભીડે છે? પ્રભુની કૃપા વડે કરીને, જે કાંઈ સર્વ અશકય હોય તે પણ સાધવાને સેવકો શક્તિમાન થાય છે. ૫

**निर्भयसततस्थितये भक्तानां ज्ञापनायापि ।**
**धारयति ध्वजचिह्नं सर्वोपरि विद्यमानत्वात् ॥६॥**

---

१ वाम्यम् ।

ભક્તો હમેશાં નિર્ભય થઇ રહે અને તેઓને જ્ઞાન થાય એ હેતુથી અને એ ચિહ્ન બધાં ચિહ્નોમાં સર્વોપરિ હોવાથી પ્રભુ ચરણમાં **ધ્વજાનૂં** ચિહ્ન ધારણ કરે છે. ૬

**यत्रानुग्रहवान्स तत्सम्मुखमेतदायाति ।**
**इति विज्ञातुं ध्वजमिह धत्ते, विमुखे सदा विमुखम् ॥७॥**

પ્રભુનો જેના ઊપર અનુગ્રહ હોય, તેવાજ ભક્ત સન્મુખ ચરણ ચાલી આવે છે, એમ જણાવવાને ચરણમાં **ધ્વજાનૂં** ચિહ્ન પ્રભુ ધારણ કરે છે. જેઓ વિમુખ હોય છે, તેને આ ચરણ પણ વિમુખજ હોય છે. ૭

**[१]एतच्चिन्तय चेतो मत्तगजस्यान्यथागमनम् ।**
**न भवति कदाचिदथवा तथाविधोऽस्त्यङ्कुशस्तत्र ॥८॥**

હે ચિત્ત ! આ વિચારઃ મત્તહાથીને ઊલટી દિશાયે જવાનૂં કદી થતૂં નથી; અથવા તો જેમ અંકુશથી કાબૂમાં આવે છે, તેમ આવો ભક્ત આ ધ્વજ ચિહ્નથી કાબૂમાં રહે છે. ૮

**स्वयमङ्कुशमपि वक्रं वक्रमनोवारणे शक्तम् ।**
**अत एव नैव दण्डादिकमन्यत्तत्र धारयति ॥९॥**

અંકુશ પોતે વાંકૂં હોય છે, છતાં આડા હાથીયોનાં મનને કાબૂમાં લાવવા શક્તિમાન હોય છે; એથી કરીનેજ માવતને દંડાદિક બીજૂં કાંઇ ધારવૂં પડતૂં નથી. ૯

**सजले चक्षुषि हृदि च स्थापयितुं योग्यमेवैतम् ।**
**चरणमिति प्रत्येतुं चरणे क्रमलाभिधं चिह्नम् ॥१०॥**

---

१. एतच्चिन्तकचेतो (?) ।

જલવાળા નેત્રમાં તેમજ હૃદયમાં ચરણ સ્થાપન કરાય તેવું છે, તેવું બતાવવાને માટે ચરણમાં કમલનું ચિહ્ન છે. ૧૦

[ ઉદ્ગીતિ ]

सुखसेव्यत्वसमाख्यासिद्ध्यै वृद्ध्यै तथासक्तेः ।
जातेऽखिलप्रकाशे तद्रसलभ्यत्वसिद्धये जलजम् ॥११॥

અખિલ પ્રકાશ થતાં 'પ્રભુ સુખસેવ્ય છે,' એવું સિદ્ધ કરવાને માટે તેમજ આસક્તિની વૃદ્ધિ થવાને માટે અને 'ચરણકમલનો રસ પ્રાપ્ય છે,' એ વાતની સિદ્ધિ માટે કમલ છે. ૧૧

[ આર્યા ]

जनविरचितपापानां पर्वतसदृशां निवृत्तये वज्रम् ।
धारयति वज्रसदृशः कठिनहृदच्छेदनायापि ॥१२॥

મનુષ્યોનાં પર્વત જેવડાં થયેલાં પાપોની નિવૃત્તિ કરવાને માટે અને કઠિન હૃદયને છેદવા માટે વજ્રના જેવા ચરણે (કે પ્રભુએ) વજ્રનું ચિહ્ન ધારણ કર્યું છે. ૧૨

[ ઉપગીતિ ]

एतच्चिह्नं सततं स्थापयतश्चेतसि प्रायः ।
देवाधिदेवता स्यात्सपदि समस्तेषु चन्द्र इव ॥१३॥

હમેશાં આ ચિહ્નને હૃદયમાં સ્થાપિત કરનારાને ચંદ્રની જેમ બધાંજ કાર્યોમાં દેવાધિદેવતા તરત આવી બિરાજે. ૧૩

चरणं शिरसि निधाय स्थितस्य नैवास्ति कुत्रापि ।
इह परलोकेऽप्यशुभं स्वस्तिकमित्थं निवेदयति ॥१४॥

મસ્તક ઊપર પ્રભુનૂં ચરણ ધારીને જે રહેલો છે, તેને ક્યાંય પણ–આ લોકમાં અને પરલોકમાં પણ–અશુભ થતૂં નથી, એવૂં **સાથિયાનૂં** ચિહ્ન જણાવે છે. ૧૪

**दुःखाभावसुखाभिधपुरुषार्थद्वैतसम्बन्धः ।**
**सुलभश्चरणानुसरणकर्तुरिति स्वस्तिकं ब्रूते ॥१५॥**

પ્રભુના ચરણનૂં અનુસરણ કરનારાને દુઃખનો અભાવ અને સુખરૂપી પુરુષાર્થની પ્રાપ્તિ સુલભ છે, એમ **સાથિયો** કહે છે. ૧૫

[ આર્યા ]

**अष्टविधैश्वर्यासौ न कापि चैवास्ति साधनापेक्षा ।**
**एतच्चिन्तयतस्तन्निरूपयत्यष्टकोणाख्यम् ॥१६॥**

આ પ્રભુચરણનૂં ચિંતન કરનારાને આઠ પ્રકારના ઐશ્વર્યની પ્રાપ્તિ કરવામાં બીજા કોઇ પણ સાધનની જરૂર નથી, એવૂં ચરણમાં રહેલૂં આ **અષ્ટકોણનૂં** ચિહ્ન જણાવે છે. ૧૬

[ ગીતિ. ]

**अष्टविधैर्भूकोणैर्युक्तं राज्यं न दुर्लभं भवति ।**
**एतद्धृदि भावयत[1]स्तदष्टकोणाख्यचिह्नतो वेद्यम्॥१७॥**

આ પ્રભુચરણનૂં હૃદયમાં ધ્યાન કરનારાને આઠે પ્રકારના પૃથ્વીના ખૂણાઓવાળૂં રાજ્ય મળવૂં મુશ્કેલ નથી, એવૂં તે ચરણમાંના **અષ્ટકોણના ચિહ્નથી** સમજવૂં. ૧૭

[ આર્યા ]

**अतिशयितकीर्तिमत्त्वं ख्यापयति स्वस्य धारयांश्चिह्नम् ।**
**यवसञ्ज्ञं विज्ञानां, [2]यतो हि धान्यैकराजा सः ॥१८॥**

१. एतद्धृतिभावयतः । एतद्बुद्धिविभाव्यम् । २. यवतो धा० ।

જવનું ચિહ્ન ધારણ કરતા પ્રભુ પોતાનું સૌથી વધૂ કીર્તિમાન હોવાપણું પ્રસિદ્ધ કરે છે, એવૂં બુદ્ધિશાળી પુરુષોને જણાવવા માટે જવનું ચિહ્ન છે; કેમકે ધાન્યમાત્રના રાજા તે પ્રભુજ છે. ૧૮

[ ઉપગીતિ ]

**श्रौताखिलकृत्यानां साधनसम्पूर्णता चरणात् ।**
**स्मरणपथारूढादिति यवाङ्कमत्रैव धारयति ॥१९॥**

ભક્તના સ્મરણ-માર્ગમાં આવી રહેલા ચરણથી વૈદિક સમગ્ર કર્મોનાં સાધન સંપૂર્ણ થાય છે, એ બતાવવા પ્રભુ ચરણમાં જવનું ચિહ્ન ધારણ કરે છે. ૧૯

**एतच्चरणमतीनामधोगतिर्नैव कुत्रापि ।**
**इति वेदयितुं चरणे बिभर्ति रेखास्तथैवोर्ध्वाः ॥२०॥**

આ શ્રીકૃષ્ણચંદ્રજીના ચરણમાં જેઓની બુદ્ધિ છે, તેવા ભક્તોની ક્યાંય પણ કદી અધોગતિ થતી નથી, એવૂં બતાવવાને માટે પ્રભુ ચરણમાં ઊભી રેખાઓનાં ચિહ્ન ધારણ કરે છે. ૨૦

[ ઉદ્‌ગીતિ ]

**चरणाश्रयणविधातुर्निःश्रेण्यो मोक्षमार्गस्य ।**
**इति लोके विज्ञातुं सन्ति पदाब्जे तथाविधा रेखाः॥२१॥**

પ્રભુના ચરણકલમનો આશ્રય કરવાને એ મોક્ષમાર્ગની નીસરણીયો છે, એમ લોકમાં જણાવવાને માટે ચરણકમલમાં તેવી ઊભી રેખાઓ છે. ૨૧

[ ઉપગીતિ ]

**सरसस्यैव स्थितिरिह न कदाचिन्नीरसस्यापि ।**
**इति बोधयितुं कलशं बिभर्ति चिह्नं पदाम्भोजे ॥२२॥**

રસકિત હૃદયવાળાઓનીજ પ્રભુના માર્ગમાં સ્થિતિ છે; નીરસની તો ક્યારેય નહીં; એવૂં બતાવવાને માટે ચરણ-કમલમાં પ્રભુ કલશનૂં ચિહ્ન ધારણ કરે છે. ૨૨

**एतद्ध्यातुरमङ्गलसम्भावनमेव नैवात्र ।**
**यत इह चरणे तिष्ठति कलशं लावण्यजलपूर्णम् ॥२३॥**

આ ચરણકમલનૂં ધ્યાન કરનારાને અમંગલની સંભાવનાજ નથી; આ માટે ચરણમાં સુંદર જલથી પૂર્ણ એવો કલશ બિરાજે છે. ૨૩

[ આર્યા ]

**सुरनरमुनिगणसेवितमिति बोधयितुं स्वसेविलोकस्य ।**
**गोष्पदनामकचिह्नं वामपदाब्जे वहत्येषः ॥२४॥**

આ ચરણકમલની સેવા સુર, નર અને મુનિગણે પણ કરી છે, એવૂં પોતાના સેવકગણને જણાવવાને માટે પ્રભુ વામચરણમાં ગોપદ=ગાયની ખરીનૂં ચિહ્ન ધારણ કરે છે. ૨૪

[ ઉપગીતિ ]

**तीर्थैरखिलैरपि या शुद्धिः सम्पादनीयास्ति ।**
**चरणाम्बुजमाश्रयतां सुलभा सा गोष्पदाब्जे या ॥२५॥**

બધાં તીર્થોથી પણ જે શુદ્ધિ મેળવવાની હોય છે, તે શુદ્ધિ પ્રભુના ચરણકમલનો આશ્રય કરનારાઓને એ ગોપદ-વાળા ચરણકમલમાં સુલભ છે. ૨૫

[ ઉદ્ગીતિ ]

**लौकिकलक्ष्मीफलमपि सुलभं चरणाश्रयादेव ।**
**इति विज्ञातुं जम्बूफलमिह सौवर्णकारणं वहति ॥२६॥**

લૌકિક લક્ષ્મીનૂં ફળ પ્રભુના ચરણકમલના આશ્રયથીજ સુલભ છે, એમ જણાવાવને માટે સોનાની ઉત્પત્તિમાં કારણરૂપ એવા **જાંબૂના ફળનૂં** ચિહ્ન પ્રભુ ચરણકમલમાં ધારે છે. ૨૬

[ ઉપગીતિ ]

**सर्वविलक्षणफलवच्चरणं नहि निष्फलं क्वापि ।**
**इति जम्बूफलमद्भुतचिह्नं चरणं सदा वहति ॥२७॥**

સર્વ પ્રકારનાં ભિન્નભિન્ન લક્ષણવાળાં ફલવાળૂં ચરણ ક્યાંય પણ નિષ્ફળ નથી, એવૂં બતાવવાને માટે પ્રભુ સ્વચરણમાં **જાંબૂના ફળનૂં** અદ્ભુત ચિહ્ન હમેશાં ધારે છે. ૨૭

**बहुधाध्यातं तिष्ठति चाञ्चल्यात्सन्ततं नैव ।**
**इति मत्स्याख्यं चिह्नं वामपदाब्जे दधात्येषः ॥२८॥**

ચરણકમલનૂં અનેક પ્રકારે ધ્યાન કરવામાં આવે તો તે હૃદયમાં સ્થિતિ કરી રહે; જો ચંચલતા રાખવામાં આવે તો પ્રભુચરણનૂં ધ્યાન સતત ન રહે; એવૂં બતાવવાને પ્રભુ વામચરણમાં **મત્સ્યનૂં** ચિહ્ન ધારણ કરે છે. ૨૮

[ આર્યા ]

**यत्र सदा जलवत्त्वं तिष्ठति तत्रैव सर्वदा चैतत् ।**
**शुष्कत्वे गच्छति पुनरेवं मत्स्यो विबोधयति ॥२९॥**

જ્યાં પાણી (રસાર્દ્રતા) હોય ત્યાંજ આ ચરણ સદૈવ બિરાજે છે; જ્યાં સૂકવાણ (ભાવરહિતપણૂં) છે, ત્યાંથી ચાલ્યૂં જાય છે; એમ આ **મત્સ્યનૂં** ચિહ્ન જણાવે છે. ૨૯

[ ગીતિ ]

**स्तब्धजनस्यागम्यं, [1]गम्यं नम्रस्य सर्वथा चैतत् ।**
**अत एव चिह्नमेतद् धनुराख्यं पादपङ्कजे [2]वहति ॥३०॥**

આ ચરણને કડક માણસ માપી ન શકે; માત્ર જે નમ્ર હોય (દીન હોય) તેનેજ તે મળી શકે; આ માટેજ પ્રભુ ચરણકમલમાં ધનુષનૂં આ ચિહ્ન ધારણ કરે છે. ૩૦

[ ઉપગીતિ ]

**कामक्रोधजविषया वारयितुं येन शक्यन्ते ।**
**वसतिस्तस्य हि चरणे स्यादिति धनुषा विबोधयति॥३१॥**

જે જીવ કામ–ક્રોધમાંથી ઉત્પન્ન થનારા વિષયોને નિવારવાને શક્તિમાન હોય, તેનોજ ચરણકમલમાં વાસ થાય, એવૂં આ ચરણ ધનુષથી સમઝાવે છે. ૩૧

**त्रिगुणस्वजनोद्धरणे शक्तत्वं स्वस्य बोधयाति ।**
**चिह्नं वहत्त्रिकोणं चरणाम्भोजे स्वभक्तेभ्यः ॥३२॥**

ચરણકમલમાં રહેલૂં ત્રિકોણનૂં ચિહ્ન 'પોતે ત્રિગુણથી ભરેલા એવા સ્વજનોનો પણ ઉદ્ધાર કરવાને શક્તિમાન છે,' તેવો સ્વભક્તોને બોધ કરે છે. ૩૨

**त्रिष्वपि दृष्टेः समता देवमनुष्यासुरेष्वस्य ।**
**आश्रयमात्रमपेक्ष्यं त्विति त्रिकोणं निवेदयति ॥३३॥**

પ્રભુને તો દેવ, મનુષ્ય અને અસુરોમાં–એ ત્રણેમાં એક સરખી નજર છે; માત્ર પ્રભુને તો આશ્રયની દરકાર છે, એવૂં આ ત્રિકોણ બતાવે છે. ૩૩

---

१ नम्रस्य च सर्वथा । २ वसति ।

[ આર્યા ]

**शिवशिरसः सम्बन्धं ख्यापयितुं स्वस्य सर्वदा चरणे ।**
**चिह्नं तदर्धचन्द्रं तन्मस्तकभूषणं वहति ॥३४॥**

પ્રભુના પોતાના ચરણકમલમાં શિવજીના મસ્તકને નિત્ય સંબંધ રહેલો છે, તેવૂં જણાવવાને માટે શિવજીના મસ્તકના ભૂષણ–રૂપે રહેલા **અર્ધચંદ્ર**ના ચિહ્નને પ્રભુ ચરણમાં ધારે છે. ૩૪

[ ઉપગીતિ ]

**एवं निश्चलबुद्धेर्धारणतो मस्तके शिवता ।**
**भवतीति ज्ञापयति स्वयं वहन्नर्धचन्द्रार्कम् ॥३५॥**

આ પ્રમાણે નિશ્ચલ બુદ્ધિવાળો મનુષ્ય પ્રભુપદને મસ્તક પર ધારણ કરે એટલે શિવપણૂં (કલ્યાણ) થાય, એવૂં પ્રભુ પોતે ચરણમાં **અર્ધચંદ્ર** ધારણ કરી બતાવે છે. ૩૫

**सर्वाधारं सूक्ष्मं सर्वव्यापि स्वयं चैतत् ।**
**विज्ञापयति वहन्निह चिह्नं व्योमाभिधं चरणे ॥३६॥**

આ ચરણકમલ સર્વના આધારરૂપ છે, સૂક્ષ્મ છે છતાં સર્વવ્યાપી છે, એવૂં ચરણકમલમાં રહેલૂં **આકાશનૂં** ચિહ્ન ધારણ કરતા પ્રભુ આપણને બોધ કરે છે. ૩૬

**ऊर्ध्वगतीनां प्रभवति गतिराकाशे न चान्येषाम् ।**
**व्योम वहज्ज्ञापयति स्वीयगतिं तादृशीमेव ॥३७॥**

જેમની ઊંચે જતી ગતિ હોય તેઓનીજ ગતિ આકાશમાં થઇ શકે, બીજાની નહીં; પ્રભુ **આકાશ**ના ચિહ્નને ચરણમાં ધારણ કરીને પોતાની ગતિ પણ તેવીજ છે, એમ જણાવે છે. ૩૭

[ વસંતતિલકા ]

**ये भावयन्ति सततं परिशीलयन्ति**
**ये वा स्मरन्ति बहुशोऽप्यथ कीर्तयन्ति ।**
**चिह्नानि गोकुलपतेश्चरणस्थितानि**
**तेषां भवेच्चरणपङ्कजमात्रभक्तिः ॥३८॥**

જેઓ શ્રીગોકુલપતિના ચરણકમલમાં રહેલાં સોળ ચિહ્નોની ભાવના કરે છે, એનૂં પરિશીલન કરે છે, અથવા સ્મરણ કરે છે અને વારંવાર કીર્તન કરે છે, તેઓને પ્રભુના ચરણકમલમાં ભકિત થાય છે. ૩૮

[ આર્યા ]

**इति हरिरायनिरूपितमभवत्पूर्णं पदाब्जयोः प्रकटम् ।**
**चिह्नानां वर्णनमिह, तेन हरिर्मे प्रसन्नोऽस्तु ॥३९॥**

આ પ્રમાણે હરિરાયે કહેલૂં પ્રભુના ચરણકમલનાં ચિહ્નોનૂં પ્રકટ વર્ણન પૂર્ણ થયૂં, તેનાથી પ્રભુ મારા પર પ્રસન્ન થાવ. ૩૯

**इति श्रीहरिदासोक्तं [1]भगवच्चरणचिह्नवर्णनं सम्पूर्णम् ।**

## २१. नैवेद्यसम्बान्धिस्तोत्रम् ।

[ અનુષ્ટુભ ]

**विठ्ठलेश्वरहस्तेन गृहीतं गिरिधारिणि ।**
**अन्नं सर्वं समारोप्यं राधिकारूपराञ्जिते ॥१॥**

१ श्रीगोकुलपतेश्चरणचिह्ननिरूपणम् ।

રાધિકાજીના રૂપથી રંજિત થયેલા પ્રભુ શ્રીગોવર્ધનધર સમક્ષ શ્રીગુસાંઈજીના હસ્તથી સિદ્ધ કરેલી સામગ્રી ધરવામાં આવી હોય તે પ્રમાણે ધરવી. ૧

**राधिका करुणासिन्धो श्रीकृष्ण रसवारिधे ।**
**भोजनं कुरुते, भुक्तं भुज्यतां प्रीतिपूर्वकम् ॥२॥**

હે કરુણાના સાગર, હે રસના મહાસાગર શ્રીકૃષ્ણ! રાધિકાજી આરોગી રહ્યાં છે. આપ પણ પ્રીતિપૂર્વક (રસશાસ્ત્રની મર્યાદાયે) રાધિકાજીયે આરોગી સામગ્રી આરોગો. ૨

**राधाधरसुधापातुः किमन्यन्मधुरं हि ते ।**
**यन्निवेद्यं त्वदर्थे तन्नान्यसम्बन्धतो भवेत् ॥३॥**

રાધિકાજીની અધરસુધાનૂં પાન કરનારા આપને એ સિવાય બીજૂં શૂં મધુર હોઈ શકે? આપને જે કાંઇ નિવેદિત કરવાનૂં હોય તે રાધિકા સિવાય કોઇ અન્યના સંબંધવાળૂં નજ હોઇ શકે. (રસશાસ્ત્રની મર્યાદા પ્રમાણે નાયિકાનૂં જ માત્ર ઉચ્છિષ્ટ નાયક લે.) ૩

[ શિખરણી ]

**यशोदायाः स्तन्ये, रुचिरनवनीते, व्रजभुवां**
**विहारे, दध्यन्ने द्विजयुवतिदत्ते बहुगुणे ।**
**तथा मित्रात्प्राप्ते पृथुकवरमुष्टौ मुररिपो-**
**र्यथा प्रीतिस्तां स प्रकटयतु नैवेद्यनिचये ॥४॥**

શ્રીયશોદાજીના ધાવણમાં, સુંદર નવનીતમાં, વ્રજભૂમિ વિશેની ક્રીડામાં, બ્રાહ્મણ સ્ત્રીયોયે બહુ ગુણવાળા આપેલા

દહીં-ભાતમાં, તેમજ મિત્ર સુદામા પાસેથી મળેલા મૂઠીભર ચોખામાં મુરરિપુ શ્રીકૃષ્ણચંદ્રજીને જેવી પ્રીતિ હતી, તેવી પ્રીતિ તે પ્રભુ આ ધરાવવામાં આવેલા નૈવેદ્યના સમૂહ ઊપર પ્રકટ કરો. ૪

[ અનુષ્ટુભ ]

**विदुरस्य गृहे प्रीत्या यथा भुक्तं निजेच्छया ।**
**तथैव भुक्त्वा नैवेद्यं मयि नाथ कृपां कुरु ॥५॥**

હે નાથ ! આપે વિદુરજીને ઘેર આપની ઇચ્છાયે જે પ્રમાણે સામગ્રી આરોગી, તેજ પ્રમાણે આ સામગ્રી આરોગી મારા ઊપર કૃપા કરો. ૫

[ શાર્દૂલવિક્રીડિત ]

**श्रीराधावर सर्वदास्तु वसतिः श्रीगोकुले मामकी,**
**भोज्यं तावकभुक्तशिष्टमनिशं, भास्वत्तनूजाजलम् ।**
**पेयं, त्वज्जनसङ्गतिस्त्वयि रतिर्वृन्दावने मञ्जुले**
**कुञ्जालीललिते गतिस्तनुभृतां त्वद्दास्यमात्रं कदा ॥६॥**

હે રાધિકાપ્રિય ! શ્રીગોકુલને વિશે મારો સદા વાસ થાવ; આપના આરોગ્યા પછી બાકી રહેલી પ્રસાદીજ હું અહર્નિશ ભોજનમાં લઉં; પીવાને માટેનૂં જલ શ્રીસૂર્યતનયા યમુનાજીનૂંજ મને મળે; ભગવદીયજનોનો સંગ થાવ; આપનામાં અનુરાગ થાવ; કુંજોની પંક્તિથી સુંદર થયેલા મંજુલ વૃંદાવનમાંજ હૂં વિચરૂં; અને તનુધારી એવાં અમોને આપનૂં માત્ર દાસ્યજ ક્યારે થાય ? ६

[ અનુષ્ટુપ ]

**नैवेद्यं मा त्यज प्राणप्रिये गोपवधूपतेः ।**
**त्वन्मुखामोदसुरभि भोज्यं भुङ्क्तेऽधिकं प्रियः ॥७॥**

ગોપાંગનાઓના કાંત પ્રભુ શ્રીકૃષ્ણચંદ્રજીનાં પ્રાણપ્રિય હે રાધિકાજી! આપ નૈવેદ્યનો ત્યાગ ન કરશો; કેમકે આપના મુખના સૌરભથી સુગંધિત થયેલી સામગ્રીનેજ પ્રભુ વધૂ આરોગે છે. ૭

**इति श्रीहरिदासोदितं नैवेद्यसम्बन्धिस्तोत्रं समाप्तम् ।**

## २२. मध्याह्नलीला ।

[ અનુષ્ટુપ ]

**मध्याह्ने *सुरभीयूथं कालिन्दीपुलिनागतम्[1] ।**
**श्रीमद्वृन्दावने रम्ये वारयन्तं [2]स्मराम्यहम् ॥१॥**

મધ્યાહ્નને સમયે રમ્ય એવા શ્રીમદ્વૃંદાવનમાં કાલિંદીના કાંઠે આવેલાં ગાયોનાં ધણને વારતા શ્રીકૃષ્ણચંદ્રજીનું હું સ્મરણ કરું છું. ૧

**मध्याह्ने प्रेषितं मात्रा [3]भोजनं गोरसान्वितम् ।**
**विभज्य सर्वगोपानां स्वयं भुङ्क्ते बलान्वितः[4] ॥२॥**

* આ ગ્રન્થમાં અને પછીના ગ્રન્થના ૬ઠ્ઠા શ્લોકમાં શ્રીહરિરાયજીએ સુરભી દીર્ઘાંત પ્રયોજ્યો છે. આ ગ્રંથ સૌથી વધૂ અશુદ્ધ સ્વરૂપમાં મળ્યો છે. ઉપર પાઠો સુધારી મૂકયા છે. અપપાઠો ક્રમે આ છેઃ
१. °ने गतम् । २. सुखाश्यतम् । ३. साधुहृद्गुरसा° । ४. °तम् ।

મધ્યાહ્નને સમયે માતા યશોદાજીયે મોકલેલ ગોરસથી યુક્ત એવું ભોજન બધા ગોપાલ બાલકોને વહેંચી આપી બલદેવજીની સાથે રહી આપ આરોગે છે. ૨

मध्याह्ने संस्मरेत्कृष्णं मूले कनकशालिनः[१] ।
संस्थितं [२]सखिभिः साकं नियुद्धेऽन्योन्यकर्षकम् ॥३॥

મધ્યાહ્નને સમયે સુવર્ણરંગી સાગના મૂલમાં બિરાજેલા અને મિત્રોની સાથે કુસ્તીમાં એક બીજાને ખેંચતા એવા શ્રીકૃષ્ણચંદ્રજીનું સ્મરણ કરવું. ૩

मध्याह्ने गोकुलाधीशं वयस्यैर्व्रजबालकैः ।
[३]अन्योन्यखेलनासक्तं संस्मरेत्तं गदाग्रजम् ॥४॥

મધ્યાહ્નને સમયે સરખી ઉમરના વ્રજબાલકો સાથે એક-બીજાની સાથે ખેલવામાં આસક્તિકવાળા અને ગદના મોટા ભાઈ શ્રીગોકુલાધીશ પ્રભુનું સ્મરણ કરવું. ૪

नानाकेलीरतं कृष्णं मध्याह्ने गोगणान्वितम् ।
[४]प्रकर्षन्तं मनः स्त्रीणां [५]वेणुनादेन तं स्मरेत् ॥५॥

મધ્યાહ્નને સમયે ગાયોના ધણની સાથે રહેલા, તેમજ જુદીજુદી જાતની ક્રીડાઓમાં આસક્તિવાળા અને વેણુનાદથી ગોપાંગનાઓનાં મન ખેંચતા તે શ્રીકૃષ્ણનું સ્મરણ કરવું. ૫

नानापक्वफलाद्यं[६] यदानीतं गोपबालकैः ।
भुङ्क्ते न्यग्रोधच्छायास्थो वयस्यैर्बलसंयुतः[७] ॥६॥

१. °शायिने । २. च सखावितं नियुधसंकर्षिनम् । ३. अन्योन्यशासनाक्रीडं... तदा° ।४. प्रकर्षति । ५. वेणुनादं मनोहरम् । ६. °फलासं हृद्य° । ७. °तम्।

ગોપાલ બાલકોયે ભિન્નભિન્ન પ્રકારનાં પાકાં ફળ વગેરે જે કાંઇ આણ્યૂં છે, તે પ્રભુ વડના ઝાડને છાંયડે બેસી ગોપ બાલકોની સાથે બલદેવજીને સાથે રાખી આરોગે છે. ૬

**मध्याह्ने [1]दूरगान् कृष्णः मेघगम्भीरया गिरा ।**
**क्वचिदाह्वयति प्रीत्या गोगोपालवयस्यकान्[2] ॥७॥**

મધ્યાહ્નને સમયે દૂર ગયેલાં ગાયો, ગોવાળિયાઓ અને મિત્રોને મેઘના જેવી ઘેરી વાણીથી પ્રેમપૂર્વક પ્રભુ કોઈવાર બોલાવે છે. ૭

**[3]विश्राम्यतः क्वचिद्वृक्षच्छायायां दिनमध्यमे[4] ।**
**[5]अली द्वौ कमलभ्रान्त्या सङ्गतौ पादपङ्कजे ॥८॥**

મધ્યાહ્નને સમયે કોઈકવાર વૃક્ષની છાયા નીચે વિસામો લેતા પ્રભુના ચરણકમલમાં કમલની ભ્રાંતિથી બે ભ્રમરો આવી ચઢયા. ૮

**मध्याह्ने मध्यमां लीलां कृष्णस्य वनचारिणः ।**
**स्मरेत्सर्वात्मभावश्चेद्[6] गोपीनाथः प्रसीदति ॥९॥**

મધ્યાહ્નને સમયે વનમાં ફરનારા પ્રભુ શ્રીકૃષ્ણચંદ્રજીની મધ્યમ લીલાનૂં સર્વાત્મભાવવાળો ભક્ત સ્મરણ કરે તો શ્રીગોપીજનવલ્લભ પ્રભુ શ્રીકૃષ્ણચંદ્રજી પ્રસન્ન થાય. ૯

**इति श्रीहरिदासोक्ता मध्याह्नलीला सम्पूर्णा ।**

---

१. दूरगान्याणान् । २. °स्ववशकान् । ३. विश्रांमितो । ४. °मध्यगे ।
५. सकलालिनौ मदियुक्तौ यंगुठौ । ६. °भावस्थो ।

## २३. श्रीगोकुलप्रवेशलीला।

[ અનુષ્ટુભ ]

निशामुखे स्मरेत्प्रेष्ठं पद्मपत्रायतेक्षणम् ।
बर्हिपिच्छधरं मौलौ मुरलीवादनं मुदा ॥१॥

સાંઝને સમયે, સૌથી પ્રિય, કમલપત્રજેવાં વિસ્તૃત નેત્રવાળા, મોરપિચ્છ જેમણે મુકુટમાં ધારણ કર્યાં છે તેવા અને મુરલી બજાવનારા શ્રીકૃષ્ણનું આનંદપૂર્વક સ્મરણ કરું છું. ૧

निशामुखे सुचित्राङ्गं विचित्रमणिभूषितम् ।
विचित्रवाससा वीतं चित्रमाल्यैरलङ्कृतम् ॥२॥

इन्द्रनीलनिभं श्यामं गोधूलिच्छुरितालकम् ।
मोहयन्तं मनः स्त्रीणां सस्मितापाङ्गवीक्षितैः ॥३॥

गोपीनां परमानन्दं दिनसन्तापहारकम् ।
अधिकान्यूनसत्कारदृष्टिपीयूषसिञ्चनम् ॥४॥

સાંઝને સમયે, ચિત્રવિચિત્ર અંગોવાળા, વિચિત્ર મણિનાં ભૂષણોથી શણગારેલા, વિચિત્ર પીતાંબર ધારણ કરેલા, વિચિત્ર માળાઓથી શણગારેલા, ગોકુળ ગાય જેવી શ્યામ કાંતિવાળા, ગાયોની ખરીની રજથી ધૂંસરા કેશવાળા, સ્મિતસહિત કટાક્ષવાળી દૃષ્ટિથી ગોપાંગનાઓના મનને મોહ પમાડતા, ગોપાંગનાઓના પરમાનંદરૂપ અને દિવસના વિરહ-તાપને દૂર કરતા, અને અધિક અને પૂર્ણ સત્કારવાળી દૃષ્ટિસુધાનું તેઓ પર સિંચન કરતા પ્રભુનું સ્મરણ કરવું. ૨-૩-૪

**निशामुखे वैजयन्तीतुलसीदामशोभितम्।**
**हारकुण्डलकेयूरैर्जटितं मणिकाञ्चनैः ॥५॥**

સાંઝને સમયે, વૈજયંતીમાળા અને તુલસીની માળાથી સુશોભિત લાગતા તેમજ મણિ અને સોનાના હાર, કુંડલ અને બાજૂબંધવાળા પ્રભુનૂં સ્મરણ કરવૂં. ૫

**निशामुखे सखियुतं सुरभीगणसेवितम्।**
**गोपीनां दर्शनानन्दं मनोभवविवर्धनम् ॥६॥**

સાંઝને સમયે, મિત્ર—ગોપાલબાલકો સહિત પધારતા અને જેમણે ગાયોનાં ઘણની પરિચર્યા કરી છે તેવા, વળી ગોપિકાઓના દર્શનના આનંદરૂપ અને તેમના કામને વધારનારા એવા પ્રભુનૂં સ્મરણ કરવૂં. ૬

**निशामुखे घनश्यामं विद्युदम्बरधारिणम्।**
**लोलाक्षं कोमलाङ्गं च युवत्यानन्दवर्धनम् ॥७॥**

સાંઝને સમયે, મેઘના જેવા શ્યામ, વીજળીના જેવા પીતાંબર વસ્ત્રવાળા, ચપળ નેત્રવાળા, કોમલ અંગવાળા અને યુવતિયોના આનંદને વધારનારા પ્રભુનૂં સ્મરણ કરવૂં. ૭

**निशामुखे व्रजाधीशं गोपभूषणसुन्दरम्।**
**मुखस्निग्धकलावन्तं वेणुपीयूषसिञ्चनम् ॥८॥**

સાંઝને સમયે, ગોવાળિયાઓને પહેરવાનાં ભૂષણોથી સુંદર લાગતા, મુખની સ્નેહાળ કલાવાળા અને બંસીમાંના અધરામૃતનૂં સિંચન કરતા શ્રીવ્રજાધીશનૂં સ્મરણ કરવૂં. ૮

**प्रवेशवर्णितां लीलां चिन्तयेद्यः सदा नरः।**
**गोपिकाभावचित्तश्रीकृष्णदासत्वमाप्नुयात् ॥९॥**

જે મનુષ્ય પ્રભુની આ ગોકુલપ્રવેશ સમયે વર્ણવાયેલી લીલાનૂં નિત્ય સ્મરણ કરે, તે ગોપાંગનાઓના ભાવથી પૂર્ણ ચિત્તવાળા શ્રીકૃષ્ણચંદ્રજીનૂં દાસ્ય પ્રાપ્ત કરે. ૯

**इति श्रीहरिदासोक्ता श्रीगोकुलप्रवेशलीला सम्पूर्णा ।**

## २४. प्रमाणिकाष्टकम् ।

[ પ્રમાણિકા ]

**भजे व्रजैकभूषणं सदा निरस्तदूषणम् ।**
**नवीनमेघसुन्दरं नमामि गोपुरन्दरम् ॥१॥**

વ્રજભૂમિના અલંકારરૂપ, જેણે વ્રજભૂમિના દોષ સદાને માટે દૂર કર્યા છે તેવા અને નવીન મેઘસમા સુંદર શ્રી-ગોકુલેંદ્ર શ્રીકૃષ્ણચંદ્રજીનો હું આશ્રય કરૂં છૂં. ૧

**यशोमतीयशोधरं व्रजाङ्गनामनोहरम् ।**
**सुरारिसान्निकन्दनं नमामि नन्दनन्दनम् ॥२॥**

શ્રીયશોદાજીની કીર્તિના ધારક, શ્રીવ્રજાંગનાઓના મનનૂં હરણ કરનારા નંદનંદન શ્રીકૃષ્ણચંદ્રજીને હું નમન કરૂં છૂં. ૨

**अधीरकिङ्किणीधरं हिरण्यहारिनूपुरम् ।**
**व्रजाङ्गणे विहारिणं नमामि गव्यहारिणम् ॥३॥**

ચંચળ ઘૂઘરી ધારણ કરનારા, સુવર્ણનાં સુંદર ઝાંઝરવાળા, વ્રજભૂમિમાં ખેલનારા અને માખણ ચોરનારા પ્રભુ શ્રીકૃષ્ણ-ચંદ્રજીને હૂં નમૂં છૂં. ૩

**विषाणवेत्रहारिणं कुमारकेलिकारिणम् ।**
**पिशङ्गवस्त्रधारिणं नमामि धेनुपालिनम् ॥४॥**

શીંગી અને છડી વહતા, વળી ગોપબાલકોની સાથે ક્રીડા કરતા, પીતાંબરધારી ગોપાલકૃષ્ણને હું નમૂં છું. ૪

**लसत्कपोलकुण्डलं सपिच्छमौलिमण्डलम्[1] ।**
**कुमारिकाविहारिणं नमामि नीपचारिणम् ॥५॥**

કપોલપ્રદેશ ઉપર આવી જેમને કુંડલ શોભી રહ્યાં છે, જેમના મસ્તકે મયૂર–પિચ્છવાળો મુકુટ આવી રહ્યો છે, તેવા વળી કુમારિકાઓને રમાડનારા અને કદંબનાં વૃક્ષોમાં ફરનારા શ્રીકૃષ્ણચંદ્રજીને હું નમન કરૂં છું. ૫

**त्रिघोरुवेणुगायिनं सुताननतालदायिनम् ।**
**नितम्बिनीविलासिनं नमामि रासवासिनम् ॥६॥**

મંદ્ર, મધ્યમ અને તાર એમ ત્રણ પ્રકારે બંસી પર સારી રીતે ગાન કરનારા, સારા તાનવાળો તાલ દેનારા, શ્રીગોપાંગનાઓને ખેલાવનારા અને રાસમાં સ્થિતિ કરનારા શ્રીકૃષ્ણચંદ્રજીને હું નમન કરૂં છું. ૬

**कलिन्दजालटे वटे निकुञ्जकुञ्जसङ्कटे ।**
**निकामकामशालिनं नमामि धेनुचारिणम् ॥७॥**

શ્રીયમુનાજીના કાંઠા ઉપર વટવૃક્ષ નીચે કુંજ અને નિકુંજોમાં યથેચ્છ સ્વેચ્છાઓ પૂરી પાડતા અને ગાયો ચરાવતા શ્રીકૃષ્ણચંદ્રજીને હું નમૂં છું. ૭

**सदा सुरेन्द्रमेऽचले (?) विहारिणं वने जले ।**
**कृतात्मभूपराभवं नमामि राधिकाधवम् ॥८॥**

१ °मण्डितम् ।

ઇંદ્રે જેનું માપ કાઢવાનો પ્રયત્ન કર્યો (?) તેવા ગિરિરાજ પર્વતમાં, વનમાં અને જલમાં વિહાર કરતા અને જેણે બ્રહ્માજીનો પરાભવ કર્યો તેવા શ્રીરાધિકાજીના સ્વામી શ્રીકૃષ્ણચંદ્રજીને હું નમું છું. ૮

**प्रमाणिकाष्टकं त्विदं पठन्ति नित्यमेव ये ।**
**इहैव कृष्णसेवया हताशुभा भवन्ति ते ॥९॥**

આ '**પ્રમાણિકાષ્ટક**'નો જેઓ હમેશાંજ પાઠ કરે છે, તેઓનાં અહીંજ કૃષ્ણસેવા વડે કરી બધાં અશુભ નષ્ટ થઈ જાય છે. ૯

इति श्रीहरिदासोक्तं प्रमाणिकाष्टकं समाप्तम् ।

## २५. श्रीगिरिधराष्टकम् ।

[ ચામર ]

**दिव्यकेलिकर्तुकामवेशगोपबालकं**
**नृत्यगीतहासहर्षधेनुवत्सपालकम् ।**
**वेणुवादने लसन्निजालकं सुभालकं**
**श्रीगिरीन्द्रधारिणं व्रजेन्द्रसूनुमाश्रये ॥१॥**

દિવ્ય એવી રાસક્રીડા કરવાની ઇચ્છાયે ગોપબાલકનો વેષ ધારણ કરનારા, વળી નૃત્ય–ગીત–હાસ્ય અને હર્ષથી ગાયોનાં વાછરડાંઓનું રક્ષણ કરનારા, વેણુ બજાવતી વેળા શોભી ઊઠતા કેશવાળા અને સુંદર ભાલપ્રદેશવાળા શ્રીગોવર્ધનધારી નંદનંદન કૃષ્ણચંદ્રનો હું આશ્રય કરું છું. ૧

यागभागवञ्चितामरेन्द्रगर्वगञ्जकं
घोषलोकनेत्रयुग्मरेफरागरञ्जकम् ।
गोकदम्बगोपगोपिकाद्विजातिसञ्जकं
श्रीगिरीन्द्रधारिणं व्रजेन्द्रसूनुमाश्रये ॥२॥

ઈંદ્રયાગના ભાગથી વંચિત રાખવામાં આવેલા ઈંદ્રના ગર્વને ગાંજી નાખનારા, વળી વ્રજવાસીયોનાં નેત્રરૂપી ભ્રમરની આસક્તિને સંતોષનારા, તેમજ ગાયોનાં ધણ, ગોપાલ, ગોપાંગનાઓ અને પક્ષીયોને પોતાનાં કરનારા શ્રીગોવર્ધનધર નંદનંદન કૃષ્ણચંદ્રનો હૂં આશ્રય કરૂં છૂં. ૨

सप्तरात्रिवृष्टिहीनदेवभूपकारकं
कामधेनुदत्तनामगीतमात्रतारकम् ।
ब्रह्मरुद्रदेवहस्तमुक्तपुष्पवृष्टिकं
श्रीगिरीन्द्रधारिणं व्रजेन्द्रसूनुमाश्रये ॥३॥

સાત રાત્રિ સૂધીની વૃષ્ટિયે ઈંદ્રનો મદ ઊતારનારા, વળી કામધેનુયે આપેલા 'ગોવિંદ' એ નામના ગીત માત્રથી ભક્તોનો ઉદ્ધાર કરનારા તેમજ બ્રહ્મા-રુદ્ર એ વગેરે દેવોયે સ્વહસ્તે જેમના પર ફૂલોની વૃષ્ટિ કરી છે, તેવા શ્રીગોવર્ધનધર નંદનંદન કૃષ્ણચંદ્રનો હૂં આશ્રય કરૂં છૂં. ૩

गोपराजनन्दघोषहृद्यभीतिदायकं
बालमित्रमण्डलीसुचारुकेलिगायकम् ।
सुन्दरीषु दृष्टिभङ्गमुक्तकामसायकं
श्रीगिरीन्द्रधारिणं व्रजेन्द्रसूनुमाश्रये ॥४॥

ગોવાળિયાઓના સ્વામી શ્રીનંદરાયજીની વ્રજભૂમિના

હૃદયને નિર્ભયતાનૂં દાન કરનારા, બાળક મિત્રોની મંડલીમાં સુંદર ક્રીડા કરનારા અને ગાન કરનારા, વળી ગોપાંગનાઓમાં નજર કરવા માત્રથી જેણે કામબાણ છોડયાં છે, તેવા શ્રી-ગોવર્ધનધર નંદનંદન શ્રીકૃષ્ણચંદ્રજીનો હૂં આશ્રય કરૂં છૂં. ૪

**श्यामसुन्दराङ्गरत्नयुक्तापिङ्गभूषितं**
**कुङ्कुमाभिरक्तसारकृष्णनाभिरूषितम् ।**
**केकिपिच्छचूडकान्तिमेघचापदूषितं**
**श्रीगिरीन्द्रधारिणं व्रजेन्द्रसूनुमाश्रये ॥५॥**

શ્યામ અને સુંદર અંગો પર રત્નોથી યુક્ત અને પીળા વસ્ત્રથી સુશોભિત, વળી કંકુ, રતાંજળી અને કસ્તૂરીથી લેપવામાં આવેલા, તેમજ મયૂરપિચ્છના મુકુટની કાંતિથી મેઘધનુષની શોભાને હઠાવી દીધી છે તેવા શ્રીગોવર્ધનધર નંદનંદન શ્રીકૃષ્ણચંદ્રજીનો હૂં આશ્રય કરૂં છૂં. ૫

**कल्पवृक्षगौररक्तपीतपुष्पदामकं**
**गोत्रराजराजिताभयस्वहस्तवामकम् ।**
**वामपार्श्वराधिकाप्रियं च कृष्णनामकं**
**श्रीगिरीन्द्रधारिणं व्रजेन्द्रसूनुमाश्रये ॥६॥**

કલ્પવૃક્ષનાં શ્વેત, રાતાં અને પીળાં પુષ્પોની માળાવાળા, વળી નંદરાયજી ઊપર મૂકેલા અભયદાયી સુંદર હસ્તવાળા, તેમજ ડાબી બાજૂયે પ્રિયા રાધિકાજીવાળા શ્રીકૃષ્ણ નામના શ્રીગોવર્ધનધર શ્રીનંદનંદનનો હૂં આશ્રય કરૂં છૂં ૬

**गोकुलस्थजीवमात्रदुःखमोक्षकारणं**
**भक्तहेतुकल्पितामृतादृतावतारणम् ।**

दुष्टदैत्यवीरवृष्टिधारणाभ्रवारणं
श्रीगिरीन्द्रधारिणं व्रजेन्द्रसूनुमाश्रये ॥७॥

ગોકુલવાસી જીવ માત્રને દુઃખમાંથી મુક્ત કરાવવામાં કારણરૂપે રહેલા, વળી ભક્તોને માટેજ ભક્તિરૂપી અમૃતનો માનસહિત અવતાર આપનાર તેમજ દુષ્ટ સમર્થ દૈત્યો, ઇંદ્રે કરેલી વૃષ્ટિ, એ વગેરેને ધારણ કરતાં ભયનાં વાદળને દૂર કરનારા શ્રીગોવર્ધનધર નંદનંદન શ્રીકૃષ્ણચંદ્રજીનો હું આશ્રય કરૂં છૂં ૭

सूरपुत्रिकासुतीररासरङ्गरागिणं
पक्षिराजमुक्तनागचारुवासभागिनम् ।
विठ्ठलेशविप्ररूपमोक्षकामयागिनं
श्रीगिरीन्द्रधारिणं व्रजेन्द्रसूनुमाश्रये ॥८॥

સૂર્યપુત્રી યમુનાજીના કાંઠા ઊપરની રાસક્રીડાના રંગમાં પ્રેમવાળા, વળી ગરુડજીયે મુક્ત કરેલા રમણક દ્વીપ ઊપર કાલિય નાગને સુંદર રહેઠાણ કરી આપનારા, તેમજ શ્રી-ગુસાંઈજી–શ્રીવિઠ્ઠલનાથજીરૂપી બ્રાહ્મણ–સ્વરૂપે જીવોને પરમ મોક્ષનૂં દાન કરવારૂપી યજ્ઞ કરનારા શ્રીગોવર્ધનધર નંદનંદન શ્રીકૃષ્ણચંદ્રજીનો હૂં આશ્રય કરૂં છૂં. ૮

इति श्रीहरिदासोदितं श्रीगिरिधराष्टकं सम्पूर्णम् ।

## २६. प्रार्थनाष्टकम् ।

[ ઉપગીતિ ]

**स्वामिन्नविनयमपनय, नय हृदये दासदोषं मा ।**
**मामधुना करुणाकर कुरु निजसेवापरं सद्यः ॥१॥**

હે સ્વામી ! મારા અવિનયને દૂર કરો; આ દાસના દોષને આપ આપના હૃદયમાં ન લો. હે કરુણાના ભંડાર ! અત્યારે આપ મને આપની સેવામાં તત્પર જલદી બનાવી દો. ૧

**दुर्जनजनितोद्वेगैरहमधुना सर्वथा दूये ।**
**अस्माकं प्रतिबन्धाहरणे शरणं भवानेव ॥२॥**

દુર્જનોએ ઉત્પન્ન કરેલાં ઉદ્વેગજનક કાર્યોથી હમણાં હું દરેક રીતે દુઃખી થઇ રહેલો છૂં. અમારા પ્રતિબંધોને ચારે બાજૂથી હરી લેવામાં અમારૂં શરણ આપજ છો. ૨

[ અનુષ્ટુભ ]

**को वेद केन दोषेण प्रभुरस्मानुपेक्षसे ।**
**दासा वयं गमिष्यामः कुत्र दुर्जनपीडिताः ॥३॥**

આપ પ્રભુ અમારા કિયા દોષે કરી અમારા તરફ બેદરકાર થયા છો, તે કોણ જાણે છે ? દુર્જનોથી પીડાયેલા અમે આપના દાસો ક્યાં જઈશૂં ? ૩

**वयं तु दोषसंय्युक्तास्त्वयैवाङ्गीकृता हरे ।**
**अतो नो दोषसम्बन्धं मा विचारय चेतासि ॥४॥**

અમો દોષથી ભરેલા હતા, છતાં પણ આપે, હે હરિ ! અમોને આપના કર્યા છે; આથી અમારા દોષનો સંબંધ આપ આપના ચિત્તમાં વિચારો નહીં. ૪

**कथं त्वद्दर्शनाभावे स्थास्यामः दुःखिताः प्रभो।**
**यदि त्वया दयापूर्ण प्रत्यूहो नोपनीयते ॥५॥**

હે દયાથી ભરેલા પ્રભુ! આપના વડે કરીને અમારૂં વિઘ્ન દૂર કરવામાં ન આવે તો દુઃખિત એવા અમો આપનૂં દર્શન ન થતાં કેવી રીતે નભી શકિયે? ૫

**त्वद्दर्शनमहानन्दप्राप्त्या पूर्वमतिक्रमः।**
**सोढः, कथं सहिष्यामो दुर्बला दुष्टपीडनम् ॥६॥**

દુષ્ટોયે અમારા ઊપર જુલ્મ કરેલો, પણ આપના દર્શનના મહા આનંદની પ્રાપ્તિથી એ અમે સહી લીધેલો; પણ હવે (આપના દર્શનને અભાવે) દુર્બલ એવા અમો દુષ્ટો તરફની પીડાને કેવી રીતે સહન કરી શકીશૂં? ૬

**सर्वज्ञ सर्वसामर्थ्य सह्यते केन हेतुना।**
**दीनदुःखं दुष्टजीवजनितं परमं प्रभो ॥७॥**

હે સર્વજ્ઞ, હે સર્વ સામર્થ્યવાળા પ્રભુ! દુષ્ટ જીવોયે ઊપજાવેલા, આ દીન દાસના ભારે દુઃખને આપ કેમ નિભાવી લો છો? ૭

**हा नाथ हा व्रजस्वामिन्ननन्यमनुजाश्रय।**
**सद्यः समापय हरे प्रत्यूहं निजदर्शने ॥८॥**

હે નાથ, હે વ્રજસ્વામી, અનન્યાશ્રયવાળા મનુષ્યોના આશ્રયરૂપ હે હરિ! આપના દર્શન થવામાં જે કાંઈ વિઘ્ન હોય તેને આપ જલદી દૂર કરો. ૮

**इति श्रीहरिदासोक्तं प्रार्थनाष्टकं सम्पूर्णम्।**

## २७. श्रीगोपीजनवल्लभाष्टकम्[1] ।

[ ઉપજાતિ ]

नवाम्बुदानीकमनोहराय
प्रफुल्लराजीवविलोचनाय ।
वेणुस्वनैर्मोदितगोकुलाय
नमोऽस्तु गोपीजनवल्लभाय ॥१॥

નવીન આષાઢી મેઘના યૂથ જેવા મનોહર, ખીલેલાં કમળના જેવાં નેત્રવાળા અને બંસીના નિનાદથી જેમણે ગોકુલને આનંદિત કર્યું છે, તેવા શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણ-ચંદ્રજીને નમન હો. ૧

किरीटकेयूरविभूषिताय
ग्रैवेयमालामणिरञ्जिताय ।
स्फुरच्चलत्काञ्चनकुण्डलाय
नमोऽस्तु गोपीजनवल्लभाय ॥२॥

મુકુટ અને બાજૂબંધથી શણગારેલા, કંઠમાં રહેલી માળા-માંના મણિથી આનંદ પામેલા, પ્રકાશતાં અને આમતેમ હલતાં સુવર્ણ–કુંડળવાળા શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણચંદ્રજીને નમન હો. ૨

दिव्याङ्गनावृन्दनिषेविताय
स्मितप्रभाचारुमुखाम्बुजाय ।

---

૧ આ અષ્ટક શ્રીમહાપ્રભુજીનું રચેલું પણ મનાય છે. શ્રીહરિરાયજીની રચના હોવાનો વધુ સંભવ છે; કેમકે શ્રીમહાપ્રભુજીના ગ્રંથો ઉપર સં. ટીકાઓ પ્રાપ્ત થાય છે, ત્યારે આના પર કોઈ ટીકા પ્રાપ્ત નથી.

त्रैलोक्यसम्मोहनसुन्दराय
नमोऽस्तु गोपीजनवल्लभाय ॥३॥

દેવાંગનાઓનાં ટોળાંઓથી જેમની સેવા થઈ રહી છે તેવા, હાસ્યની કાંતિથી સુંદર મુખકમળવાળા, ત્રણે લોકને મોહ પમાડનારા સુંદર શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણચંદ્રજીને નમન હો. ૩

रत्नादिमूलालयसंश्रिताय
कल्पद्रुमच्छायसमाश्रिताय ।
हेमस्फुरन्मण्डलमध्यगाय
नमोऽस्तु गोपीजनवल्लभाय ॥४॥

રત્ન વગેરેના મૂલ સ્થાનરૂપ મહાસાગરનો આશ્રય કરી રહેલા, કલ્પદ્રુમની છાયામાં આશ્રયવાળા અને સુવર્ણથી પ્રકાશતી ગોપાંગનાઓના મંડલના મધ્ય ભાગમાં રહેલા શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણચંદ્રજીને નમન હો. ૪

श्रीवत्सरोमावलिरञ्जिताय
वक्षःस्थले कौस्तुभभूषिताय ।
सरोजकिञ्जल्कनिभांशुकाय
नमोऽस्तु गोपीजनवल्लभाय ॥५॥

શ્રીવત્સલાંછનની રોમાવલીથી આનંદ પામેલા, વક્ષઃસ્થલ પર કૌસ્તુભમાલાથી શણગારેલા અને કમલના પરાગ જેવા પીતાંબરવાળા શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણચંદ્રજીને નમન હો. ૫

दिव्याङ्गुलीयाङ्गुलिरञ्जिताय
मयूरपिच्छच्छविशोभिताय ।

वन्यस्रजालङ्कृतविग्रहाय
नमोऽस्तु गोपीजनवल्लभाय ॥६॥

દિવ્ય એવી વીંટીવાળી આંગળીયોથી આનંદ પામેલા, મોર-પીછની શોભાવાળા સ્વરૂપથી શોભીતા અને વનમાલાથી શણગારેલા દેહવાળા શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણચંદ્રજીને નમન હો. ૬

मुनीन्द्रवृन्दैरभिसंस्तुताय
क्षरत्पयोगोकुलसङ्कुलाय ।
धर्मार्थकामामृतसाधकाय
नमोऽस्तु गोपीजनवल्लभाय ॥७॥

મુનીંદ્રોના સમૂહોથી સ્તુતિ કરાયેલા, ઝરતા દૂધવાળાં ગાયોનાં પુષ્કળ ધણવાળા અને ધર્મ અર્થ–કામરૂપી અમૃતને સિદ્ધ કરાવનારા શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણચંદ્રજીને નમન હો. ૭

एनस्तमःस्तोमदिवाकराय
भक्तस्य चिन्तामणिसाधकाय ।
अशेषदुःखामयभेषजाय
नमोऽस्तु गोपीजनवल्लभाय ॥८॥

પાપરૂપી અંધકારના સમૂહ સામે સૂર્ય જેવા, વળી ભક્તને ચિંતામણિની સિદ્ધિ કરાવનારા અને સમગ્ર દુઃખરૂપી રોગોના ઔષધરૂપ શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણચંદ્રજીને નમન હો. ૮

इति श्रीहरिदासोदितं श्रीगोपीजनवल्लभाष्टकं समाप्तम् ।

## २८. प्रातर्युगलस्मरणम्[1] ।

[ વસંતતિલકા ]

यत्कुञ्जरन्ध्रगतसौरकरच्छटाभिः
सम्भिन्नहेमहरिनीलमनोहराङ्गम् ।
विस्रस्तकेशवसनं लुलिताङ्गरागं
प्रातस्तदद्भुतमहं मिथुनं स्मरामि ॥१॥

કુંજભવન ઊપરનાં છિદ્રોમાંથી આવેલાં સૂર્યકિરણોની કાંતિથી ચિત્રવિચિત્ર લાગતાં પીળાં, લીલાં અને શ્યામ મનોહર અંગવાળા, જેમના કેશ અને વસ્ત્ર વીખેરાઇ ગયાં છે અને જેમના દેહ ઊપરનો અંગરાગ શીખર–વીખર થઇ ગયો છે, તેવાં અદ્ભુત શ્રીકૃષ્ણરાધાજીની જોડીનૂં હૂં સ્મરણ કરૂં છૂં. ૧

नीत्वा समस्तरजनीमतिजागरेण
निद्रायितं मिथउदारभुजोपगूढम् ।
नाबोधितं सुसुखभङ्गभिया सखीभिः
प्रातस्तदद्भुतमहं मिथुनं स्मरामि ॥२॥

આખી રાત્રિ ભારે ઊજાગરામાં પસાર કરીને સવારે

---

૧ આ સ્તોત્ર અને આ પછીનૂં સ્તોત્ર સાં. ૧૬૬૫ની એક હસ્તલિખિત પ્રતિ પરથી તૈયાર કરેલ છે; આ સ્તોત્રો સાં. ૧૬૬૫ની છાપવાળા લખાણથી જુદા હાથે છતાં પડીમાત્રામાં લખાયેલ છે, એટલે સં. ૧૭૦૦ સુધીમાં એટલે શ્રીહરિરાયજીના જીવનકાળમાં નકલ થયેલાં છે. આ સ્તોત્ર શ્રીહરિરાયજીના તરીકે પ્રસિદ્ધ છે. श्रीनागरीनागरस्तोत्र એ આ પછીજ લખેલૂં હોવાથી અને અન્ય કોઇનૂં હોવાનૂં જાણીતૂં ન હોવાથી શ્રીહરિરાયજીનૂં હોવૂ સંભવિત માની લીધૂં છે.

પરસ્પર ગાઢ બથ ભરીને નિદ્રા લઈ રહેલાં અને જેને એમના સારા સુખમાં ભંગ પાડવાનૂં કાર્ય થાય એવા ભયે સખીયોયે જગાડયાં નથી, તેવાં અદ્ભુત શ્રીકૃષ્ણ-રાધાજીની જોડીનૂં હૂં સ્મરણ કરૂં છૂં. ૨

"प्राणेश मुञ्च, शिथिलीकुरु बाहुबन्धं,
बन्धूकरोचिरुदगादरविन्दबन्धुः ।"
इत्थं विभातसमये वृषभानुजायाः
श्रुत्वापि वाचमलसं हरिमाश्रितोऽस्मि ॥३॥

"હે પ્રાણનાથ ! મને છૂટી કરો. આ તમારી બથને ઢીલી કરો. બપોરિયાનાં પુષ્પની કાંતિ જેવી કાંતિવાળો કમળોનો મિત્ર સૂર્ય આ ઊગ્યો છે," એવા પ્રકારની સવારને સમયે વૃષભાનુજા શ્રીરાધિકાજીની વાણી સાંભળ્યા છતાં પણ તંદ્રામાં પડેલા શ્રીહરિભગવાનને આશ્રયે હૂં રહેલો છૂં. ૩

"नाथ प्रभातमभवद्, भवदीयगोष्ठे
संश्रूयते तुमुलवेणुरवः शिशूनाम् ।
तद्याहि याहि, सुचिरं, प्रिय मुञ्च शय्यां"
राधागिरेति हरिमुत्थितमाश्रितोऽस्मि ॥४॥

"હે પ્રાણનાથ ! સવાર થઇ ચૂકયૂં છે. આપના ગોકુલમાં બાળકોયે કરેલો બંસીનો ભારે સ્વર સંભળાય છે; તો જાવ, જાવ; ભારે વાર થાય છે. હે પ્રિય ! બિછાનાનો ત્યાગ કરો;" એવી શ્રીરાધિકાજીની વાણીથી જાગેલા શ્રીહરિભગવાનનો હૂં આશ્રય કરી રહ્યો છૂં. ૪

सिन्दूरमुद्रितसुभालमुरोनखाङ्कं
　　नीलं निचोलमुपगुह्य बहिर्भ्रमन्तम् ।
कुञ्जालये ललितया परिहास्यमानं
　　स्मेरं हरिं स्मर मनः प्रविभातकाले ॥५॥

જેમના ભાલપ્રદેશમાં સિંદૂરની છાપ પડી ગઈ છે, જેમના છાતીના ભાગ પર નખની નિશાનીયો પડી છે, વળી જે શ્યામ ઓઢણી વીંટીને બહાર ભ્રમણ કરી રહ્યા છે, જેમની કુંજાલયમાં લલિતા મશ્કરી કરી રહી છે, તેવા હસતા શ્રીહરિ ભગવાનનૂં, હે મન! તૂં પ્રાતઃકાલમાં સ્મરણ કર. ૫

प्रातः स्मरामि विगलन्नवबर्हिचूडं
　　वक्षः स्फुरत्त्रुटितहारसराभिरामम् ।
आम्लानमालमलसायितघूर्णमानं
　　नेत्राम्बुजं सुरभितं वृषभानुपुत्र्याः ॥६॥

શ્રીરાધિકાજીનો ખરતાં મયૂરપિચ્છવાળો અંબોડો, પ્રકાશિત અને ત્રુટિત હારની સરથી સુંદર લાગતો ચીમળાયેલી માળાવાળો ઉરઃપ્રદેશ અને તંદ્રાવાળૂં અને તેથી ઘેને ભરાયેલૂં સુંદર નેત્રકમળ, તેનૂં હૂં પ્રાતઃકાળે સ્મરણ કરૂં છૂં. ૬

प्रातः स्मरामि दयितास्तनशातकुम्भ-
　　कुम्भद्वयं करयुगेन हृदि प्रणीय ।
उत्तीर्य कामकदनाम्बुनिधिं दुरन्त-
　　मानन्दितं कमपि नागरराजमौलिम् ॥७॥

પ્રિયાના સ્તનરૂપી સુવર્ણકુંભોને પોતાના બંને કરકમલથી પોતાની છાતી નજીક લઈ દુરંત એવા સુરતરૂપી મહાસાગરને

પાર કરી આનંદ પામેલા, નાગરિકોમાંના સર્વશ્રેષ્ઠ કોઈએક પ્રભુનું હું પ્રાતઃકાલમાં સ્મરણ કરૂં છું. ૭

**प्रातः श्रयामि ललिताद्युपनीतरत्न-**
**भृङ्गारपूरितसुशीतसुगन्धतोयैः ।**
**द्वारे निकुञ्जनिलयस्य निविश्य नेत्रे**
**प्रक्षालयन्तमथ चारुमुखं तमेवम् ॥८॥**

લલિતા વગેરેયે આણી આપેલા રત્નના વાસણમાં પૂરેલા સારી રીતે શીતળ અને સુગંધિત જલ વડે કરીને નિકુંજના દ્વાર ઊપર બેસી નેત્રકમળ સ્વચ્છ કરતા અને આ પ્રમાણે હવે સુંદર મુખવાળા શ્રીહરિનો હું પ્રાતઃકાલમાં આશ્રય કરૂં છું. ૮

**तच्छ्यामगौरमिथुनं परिभूष्य गोपी-**
**वृन्दैर्वराम्बरविभूषणगन्धमाल्यैः ।**
**सम्भोज्य किञ्चन समर्प्य सचन्द्रपूगं**
**प्रातः श्रये क्वचन कारितमक्षखेलम् ॥९॥**

તે શ્યામ અને ગૌર એવી શ્રીકૃષ્ણ–રાધાની જોડીને ગોપાંગનાઓનાં વૃંદોથી ઉત્તમ વસ્ત્ર–ઘરેણાં–ગંધ અને માળાયે વિભૂષિત કરાયા બાદ ભોજન લેવડાવીને બરાસસોપારી અર્પિત થયા પછી કયાંક ચોપટ ખેલાવવામાં આવી છે, તેવી તે શ્રીકૃષ્ણરાધિકાજીની જોડીનો હું પ્રાતઃકાલમાં આશ્રય કરૂં છું. ૯

**दृष्ट्वा निशि स्फुरितरत्नमयप्रदीपे**
**कुञ्जोदरे प्रियतमाङ्गरहस्यलक्ष्मीम् ।**
**तन्मग्नवद्बहिरसक्तदृशं श्रयेऽहं**
**प्रातर्हरिं नवरतिं स्मृतिरोमहर्षम् ॥१०॥**

રાત્રિને સમયે પ્રકાશિત રત્નમય દીવાના પ્રકાશે કુંજ-ભવનના મધ્ય ભાગમાં પ્રિયતમાના દેહની શુભ્ર શોભાને જોઈ, તેમાં જાણે કે મગ્ન હોય તેવી રીતે બહારના કોઈ પણ પદાર્થોમાં જેમની દૃષ્ટિ ચોંટી નથી તેવા, ફરી નવો પ્રેમ ઉત્પન્ન થયો છે અને તે વસ્તુનું સ્મરણ થતાં જેમનાં રોમાંચ ખડાં થયાં છે, તેવા પ્રભુનો હું પ્રાતઃકાલે આશ્રય કરૂં છું. १०

इति श्रीहरिदासोक्तं प्रातर्युगलस्मरणं सम्पूर्णम् ।

## २९. श्रीनागरीनागरस्तोत्रम् ।

[ માલિની ]

द्रुतकनकसुगौरस्निग्धमाहेन्द्रनील-
　　च्छविभिरखिलवृन्दारण्यमुद्भासयन्तौ ।
मृदुलनवदुकूले नीलपीते वसानौ
　　भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥१॥

પીગળેલા સુવર્ણના જેવી અત્યંત પીતવર્ણી અને ઘેરા મેઘના જેવી અત્યંત શ્યામવર્ણી છબીથી અખિલ વૃંદાવનને પ્રકાશિત કરતાં અને સુકોમલ નવીન રેશમી શ્યામ અને પીળું વસ્ત્ર ધારણ કરતાં અને એકાંતે કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો આશ્રય કર. १

नवकिसलयतल्पे कल्पयन्तौ विचित्रां
　　सुरतसमरकेलीमुन्मदानङ्गसङ्गौ ।

**ललितवलयकाञ्चीनूपुरध्वानरम्यौ**

**भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥२॥**

નવીન કૂંપળોની તૈયાર કરેલી શય્યામાં વિચિત્ર એવી સુરત–યુદ્ધની ક્રીડા કરતાં, ઉન્મત્ત અનંગનાં સંગી, સુંદર કંકણ–કટિમેખલા–ઝાંઝરના ધ્વનિથી રમ્ય લાગતાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો આશ્રય કર. ૨

**तदतिललितलीलालोललोलाङ्गलक्ष्म्या**

**सुललितललितादेर्निर्निमेषाक्षिरन्ध्रैः ।**

**हृदयमुपनयन्तौ पूर्णसौख्याम्बुराशी**

**भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥३॥**

અત્યંત સુંદર લીલાથી સારી રીતે ચપળ એવાં અંગોની શોભાથી અત્યંત સુંદર એવાં લલિતા વગેરે સખીયોનાં તેઓનાં મટકું માર્યા વિનાનાં નેત્રદ્વારા હૃદયને ખેંચતાં અને પૂર્ણ સુખનાં મહાસાગરરૂપ એવાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો આશ્રય કર. ૩

**प्रतिपदमनुकूलौ साग्रहाव्यग्रमूर्ती**

**बहुविरचितनानाचारुचाटुप्रकारैः ।**

**नवसुरतविलासौत्सुक्यगूढप्रकाशौ**

**भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥४॥**

પ્રતિપદે એકબીજાને અનુકૂળ થઈ રહેતાં, વળી આગ્રહવાળાં અને વ્યગ્રતા વિનાનાં સ્વરૂપવાળાં, તેમજ બહુ કરવામાં આવેલા ભિન્નભિન્ન પ્રકારના સુંદર અને ટીખળી પ્રકારોએ નવીન

સુરતના વિલાસમાંની ઉત્સુકતાના ગુપ્ત એવા પ્રકાશવાળાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો આશ્રય કર. ૪

**सततसुरततृष्णाव्याकुलावुन्मादिष्णू**
**विपुलपुलकराजद्गौरनीलोज्ज्वलाङ्गौ ।**
**मिथउरुपरिरम्भादेकदेहायमानौ**
**भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥५॥**

સતત સુરતની તૃષ્ણાથી વ્યાકુલ થયેલાં, (અને તેથી) ઉન્મત્ત બનવાના સ્વભાવવાળાં, વળી વિપુલ એવા રોમાંચથી શોભી ઊઠતા ગૌર અને શ્યામ ઉજ્જ્વલ અંગવાળાં અને પરસ્પર પુષ્કળ ભેટી પડવાથી એક દેહરૂપ થઇ જતાં, એકાંત કુંજભવનમાં રહેલાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો આશ્રય કર. ૫

**जघनलुलितवेणीविस्फुरद्बर्हचूडौ**
**रुचिरकनकचूडाकङ्कणद्वन्द्वपाणी ।**
**विलसदरुणरोचिःपीतकौशेयरम्यौ**
**भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥६॥**

કેડ સૂધી પહોંચેલી વેણીવાળાં (રાધિકાજી) અને પ્રકાશિત મયૂરપિચ્છના મુકુટવાળા (કૃષ્ણજી) છે એવાં, અને અનુક્રમે એકના હાથમાં સુંદર કનકની ચૂડીયો અને પ્રભુના હાથમાં સુંદર કનકનાં કડાંની જોડ રહેલી છે તેવાં, તેમજ શોભી ઊઠતી લાલ કાંતિવાળી રેશમી સાડી અને રેશમી પીતાંબર અનુક્રમે ધારણ કર્યું છે તેનાથી રમણીય લાગતાં, એકાંત

કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો આશ્રય કર. ૬

प्रियतमकृतगाढाश्लेषखर्वायितोरु-
स्तनमुकुलमनोजावल्लभैकात्मतेच्छू ।
किमपिरचितशुष्कक्रान्दितोदारहारौ
भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥७॥

પ્રિયતમે કરેલા ગાઢ આશ્લેષથી નાનાં બનેલ છે જઘન અને સ્તનભાગ તેમજ કામદેવ જેનો એવાં જે શ્રીરાધિકાજી અને જે પ્રિય પ્રભુ પરસ્પર એકાત્મ થઈ જવાની ઇચ્છાવાળાં છે તેવાં, વળી કાંઇક થયેલા નીરસ ખણુખણાટથી અવાજ કરતા હારવાળાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો આશ્રય કર. ૭

ललितनवकिशोरौ लास्यलावण्यराशी
सकलरसिकचूडालङ्कृती मुग्धवेषौ ।
मधुरमधुरमूर्ती विद्युदम्भोदकान्ती
भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥८॥

સુંદર અને નવલકિશોર, વળી લાસ્ય અને સૌંદર્યના ભંડાર-રૂપ, તેમજ બધાં રસિકજનોમાં શ્રેષ્ઠ અને મુગ્ધવેષવાળાં, અત્યંત મધુરી મૂર્તિવાળાં, અનુક્રમે વીજળી અને મેઘની કાંતિ જેવી કાંતિવાળાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો આશ્રય કર. ૮

निखिलनिगमगूढौ नित्यमन्योन्यगाढ-
प्रमथभरविवृद्धोच्छृङ्खलानङ्गचेष्टौ ।

सुरतरसमदान्धौ न्यस्तजीवौ मिथोऽङ्के
भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥९॥

સમગ્ર વેદશાસ્ત્ર પણ જેમના સ્વરૂપને જાણી શકયાં નથી, નિત્ય અન્યોન્ય ગાઢ આલિંગનની વૃદ્ધિ પામેલા કામદેવની ચેષ્ટાવાળાં, સુરતના રસના મદે ભાન ભૂલેલાં અને પરસ્પર અંગમાં જેમણે આત્મા અર્પણ કરી દીધો છે તેવાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો આશ્રય કર. ૯

प्रियकरपरिमर्दोज्जृम्भमाणोरुवक्षो-
रुहमनसिजकण्डूदण्डकन्दर्पलोलौ ।
वलितललितपाणिस्पृष्टनीवीनिबन्धौ
भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥१०॥

પ્રિયના કરથી ચોળવામાં આવતાં જાગૃત થયેલો જઘન અને સ્તનભાગમાંનો જે કામદેવ, તેની ખંજોળને શાંત કરવાની બાબતમાં કામદેવને લીધે ચપલ બનેલાં, વળતા સુંદર હાથથી પરસ્પર નીવીબંધને સ્પર્શ કર્યો છે તેવાં, એકાંત કુંજભવનમાં રહેલાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો તૂં આશ્રય કર. ૧૦

मिथउरुपुलकश्रीदोर्लताबद्धकण्ठौ
प्रतिमिलितमुखेन्दू किङ्किणीलालिताङ्गौ ।
नवरतिरणखेलाश्रान्ततन्द्रालुनेत्रौ
भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥११॥

અત્યંત પુલકની શોભાવાળી ભુજલતાઓથી પરસ્પર કંઠે આઝેલાં, સામસામા જેમના મુખચંદ્ર સક્રાંત થયા છે તેવાં, ઘૂઘરીયોથી લાડ પામતાં ચરણવાળાં, નવીન રતિરણખેલથી થાકી ગયેલાં અને તેથી તંદ્રાયુક્ત નેત્રવાળાં, એકાંત કુંજ-ભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો આશ્રય કર. ૧૧

मनसिजरससिन्धोरद्भुतावृत्तवेग-
भ्रमिततनुमनस्कौ केलिविस्मापिताली ।
मिथउरुविधगात्रस्पर्शजल्पप्रहासौ
भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥१२॥

કામદેવના રસસાગરના અદ્ભુત ઘૂમરા પાડતા વેગથી ભમી ગયેલાં શરીર અને મનવાળાં, ક્રીડાથી જેમણે સખીયોને આશ્ચર્યચકિત કરી દીધી છે તેવાં, અને પરસ્પર અનેક પ્રકારના ગાત્રસ્પર્શથી કાંઈક જલ્પના કરતાં અને ખૂબ હસી પડતાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્ર-જીનો આશ્રય કર. ૧૨

सुरतरससमुद्रेऽपार आचूलमग्नौ
त्रुटिलव इव जातामर्त्यरत्यौ त्रियामा ।
प्रतिनिमिषमसीमोज्जृम्भितानङ्गतृष्णौ
भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥१३॥

સુરતરસના અપાર સાગરમાં કેશપર્યંત મગ્ન ગઈ ગયેલાં, વળી જેઓને અલૌકિક રમણમાં આખી રાત્રિ એક નિમેષ

જેવી થઈ રહી, અને તેમાં પ્રત્યેક મટકે જેમને અનંગની તૃષ્ણા અત્યંત વધી ગયેલી તેવાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો આશ્રય કર. ૧૩

बहुसुरतखेलायाससस्पन्दगात्रौ
दयितनिजसखीभिर्वार्यमाणौ पटान्ते ।
सरससुजगवल्ली भुज्यमानौ च भूयो
भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥१४॥

અત્યંત સુરતખેલમાં લીધેલા શ્રમથી ધ્રૂજી ઊઠેલાં અંગવાળાં અને વસ્ત્રની આડમાંથી પ્રેમાળ નિજ સખીયો વડે વારવામાં આવતાં, સુંદર ભુજારૂપી વેલવાળાં અને વારંવાર એકબીજાથી ભોગ પામતાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો આશ્રય કર. ૧૪

विलुलितवरवेणीहारमालावतंसौ
मृदुलमधुरहासोल्लासवक्त्रेन्दुबिम्बौ ।
अतिरसमदलोलौ चित्रकन्दर्पकेली
भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥१५॥

સારી રીતે લોડતી એવી ઉત્તમ વેણી, હાર તેમજ માલા અને કાનમાં ઘરેણાંવાળાં, સુકોમળ મધુર હાસ્યોલ્લાસવાળા મુખચંદ્રવાળાં, અત્યંત રતિરસના મદથી ચપળ અને વિચિત્ર કામકેલીવાળાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો આશ્રય કર. ૧૫

बहुमिषपरिमृष्टान्योन्यगात्रावजस्रं
बहुविधपरिपृच्छाकर्णितान्योन्यवाचौ ।

अनिमिषनघनालिस्वादितान्योन्यवक्त्रौ
भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥१६॥

અનેક બહાનાંયે કરી જેમણે વારંવાર એકબીજાનાં અંગો પર હાથ ફેરવ્યા છે તેવાં, વળી અનેક પ્રકારની પ્રશ્નાવલીયોથી પરસ્પરની વાણી સાંભળી છે તેવાં, તેમજ મટકું માર્યા વિનાનાં નેત્રરૂપી ભ્રમરથી જેમણે એકબીજાનાં મુખકમલનો આસ્વાદ લીધો છે તેવાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો આશ્રય કર. ૧૬

सुरतरसमहाब्धौ सन्ततं सन्तरन्तौ
त्रुटितललितकाञ्चीदामहारावलीकौ ।
मणिकनकविभूषोत्सर्पिभासत्यरागौ
भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥१७॥

સુરતરસરૂપી સાગરમાં સતત તરતાં, સુંદર તૂટેલાં કટિમેખલા અને હારાવલીવાળાં, મણિ અને સુવર્ણનાં ઘરેણાં-ઓની ફેલાતી કાંતિમાં સત્ય પ્રેમવાળાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો આશ્રય કર. ૧૭

नवललितवयःस्थौ नव्यलावण्यपुञ्जौ
नवरसचलचित्तौ नूतनप्रेमवित्तौ ।
नवनिधुवनखेलाकौतुकेनातिलोलौ
भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥१८॥

નવીન લાલિત્યવાળી ઉમરમાં રહેલાં, નવીન લાવણ્યના સમુદ્રરૂપ, નવીન રસથી ચલિત ચિત્તવાળાં અને નવીન પ્રેમરૂપી દ્રવ્યવાળાં, વળી નવીન સુરતરસની ક્રીડામાંના કૌતુકથી

ચપળ બની ઊઠેલાં એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો આશ્રય કર. ૧૮

**प्रथममिलनभीतिद्रावितोच्छ्‌वासवाचौ**
**प्रियतमभुजरुद्धव्यग्रहस्तारतोक्तौ ।**
**'अलमल'मितिलीलागद्गदात्युन्मदान्धौ**
**भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥१९॥**

પ્રથમ મિલનના ભયથી ઢીલી પડેલી અને તેથી શ્વાસોચ્છ્‌વાસવાળી વાણીવાળાં, પ્રિયતમના બાહુથી રુદ્ધ થવાને કારણે વ્યગ્ર થયેલા હાથે રમણ ન કરવાને કહેતાં અને 'બસ, બસ' એ પ્રકારે લીલાયુક્ત ગદ્ગદ શબ્દવાળાં અને સુરતના ભારે ઉન્માદથી અત્યંત ક્રીડાસક્ત થઈ ગયેલાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો તું આશ્રય કર. ૧૯

**स्तबकितमतिदाम्ना प्रेयसा गुम्फितात्य-**
**द्भुतसुबलितवेणीप्रेयसीक्लृप्तचूडौ ।**
**मिथउरुघदखण्डप्रेमरज्ज्वा निबद्धौ**
**भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥२०॥**

રાધિકાજીને સ્તબકરૂપ થયેલી બુદ્ધિરૂપી દોરીથી પ્રિયતમે અત્યંત અદ્‌ભુત વેણી ગૂંથી આપી છે અને શ્રીકૃષ્ણજીને પ્રિયતમા રાધિકાજીયે મુકુટ રચી આપ્યો છે તેવાં, પરસ્પર પુષ્કળ અખંડ પ્રેમરૂપી દોરડીથી બંધનવાળાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો તું આશ્રય કર. ૨૦

सुरतकलहशूरौ काकुवादप्रणामा-
दिकविरचितसत्त्वैर्दुर्गमप्रेमभङ्गौ ।
स्मितमधुरमृदूपालम्भहृद्गीतकान्तौ
भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥२१॥

સુરતના કલહમાં શૂરાં, કાકુવાણી–પ્રણામ વગેરે રચવામાં આવેલા કાર્યાદિકથીયે જેમનો પ્રેમભંગ અશકયવત્ છે તેવાં, સ્મિતયુક્ત મધુર અને સુકોમળ ઠપકાથી પ્રિયપાત્રોને પરસ્પર હૃદયમાં ગ્રહી લીધાં છે તેવાં, એકાંત નિકુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો આશ્રય કર. ૨૧

प्रियरतिसमनुज्ञामार्गणानम्रवक्त्रो-
न्नमितचिबुकदृष्टी सौरकान्तामुखाब्जौ ।
'किमिव कुरुष' इत्यास्वाद्यवत्किञ्चनाक्षौ
भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥२२॥

પ્રિયપાત્ર સાથેના રમણ માટેની અનુજ્ઞા માગવાને માટે ચારે બાજૂથી ઓશિયાળા થયેલા મુખમાં ઊંચા કરેલ ચિબુક અને નેત્રવાળાં, સૂર્ય પત્નીના જેવા મુખકમલવાળાં, વળી 'આ શૂં કરો છો?' એ પ્રમાણે કાંઈક આસ્વાદ લેવાતાં નેત્રવાળાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો તૂં આશ્રય કર ૨૨

रमणवदनचन्द्रे-दत्तताम्बूलवल्ली-
निजरसनिधिवक्त्रे-न्यस्तसञ्चर्विताग्रौ ।
मिथउरुरसदाङ्गस्पर्शलोलुभ्यमानौ
भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥२३॥

શ્રીરાધિકાજીયે પ્રિયતમના મુખચંદ્રમાં નાગરવેલના પાનનૂં બીડૂં દીધૂં છે અને શ્રીકૃષ્ણચંદ્રજીયે પોતાના રસનાં ભંડારરૂપ શ્રીસ્વામિનીજીને મુખમાંથી ચાવેલૂં તંબોળ પાછૂં આપ્યૂં છે તેવાં, વળી પરસ્પર પુષ્કળ રસ આપનારાં અંગોના સ્પર્શ માટે સ્પૃહાવાળાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો તૂં આશ્રય કર. ૨૩

**व्रततिभवनरन्ध्रायातसम्मोदशीता-**
**निलविदलिततुङ्गानङ्गसङ्ग्रामखेदौ ।**
**क्षणमिव च विरम्यारब्धभूयोविहारौ**
**भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥२४॥**

લતાભવનમાં છિદ્રોમાંથી આવતા સૌરભયુક્ત શીતલ વાયુ વડે કરીને સારી રીતે દબાવવામાં આવેલા અનંગના જબરદસ્ત સંગ્રામને લીધે ખેદવાળાં અને ક્ષણમાત્રને માટે વિસામો લઈ ફરી જેમણે વિહારનો આરંભ કર્યો છે તેવાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો તૂં આશ્રય કર. ૨૪

**प्रणयमयवयस्यां कुञ्जरन्ध्रार्पिताक्षीं**
**क्षितितलमनुलब्धानन्दमूर्छापतन्तीम् ।**
**प्रति रतिविदधानौ चेष्टितैश्चित्रचित्रै-**
**र्भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥२५॥**

કુંજભવનમાંનાં છિદ્રો વાટે અંદર જેણે નજર નાખેલી છે અને તેથી પ્રાપ્ત થયેલા આનંદને લીધે આવેલી મૂર્છાથી પૃથ્વીતલ પર જે પડી જાય છે તેવી પ્રણયમય સખી તરફ

દૃષ્ટિ રાખી ચિત્રવિચિત્ર લીલાઓથી રમણ કરતાં, એકાંત કુંજ-ભવનમાં બિરાજેલાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો તું આશ્રય કર. ૨૫

**किमपि-परमशोभामाधुरीरूपचेष्टा-**
**हसितलपितकेष्टाद्यद्भुतोत्कर्षकाष्ठाम् ।**
**परगरसरहस्यां नैकशः सन्दधानौ**
**भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥२६॥**

કાંઈએક પરમ શોભાનું જે માધુર્ય, તે રૂપી ચેષ્ટા, હસવું, બોલવું એ વગેરે ઇષ્ટ કાર્યાદિકથી અદ્ભુત બનેલા ઉત્કર્ષવાળી એકબીજામાં રહેલા રસના રહસ્યવાળી પરાકાષ્ઠાની સ્થિતિનું વારંવાર અનુસંધાન કરતાં, એકાંત કુંજભવનમાં બિરાજેલાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો તું આશ્રય કર.૨૬

**सततरमणमानोज्जृम्भमाणानुरागो-**
**न्मदरसभरासिन्धूल्लोलदोलायिताङ्गौ ।**
**दलितसकलसेतू धन्यगोपैकरम्यौ**
**भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥२७॥**

સતત રમણના માપથી તંદ્રિલ થતા અનુરાગથી ઊભરાતા રસના ભરેલા મહાસાગરના તરંગોથી દોલાયમાન થયેલાં અંગવાળાં, જેમણે બધા બંધને તોડી નાખ્યા છે તેવાં, ધન્યવાદને પાત્ર ગોકુલવાસીયોને એક માત્ર રમ્ય લાગતાં, એકાંત કુંજભવનમાં બિરાજેલાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણ-ચંદ્રજીનો તું આશ્રય કર. ૨૭

अतिरसमदवेगान्निस्त्रपाधैर्यतृप्ती
त्वमरमुदितत्तत्सौरताश्चर्यरीती।
बहिरतिसुखलीनावुद्वृताक्षानुवर्ण्यौ
भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥२८॥

રસમદના અતિ વેગથી નિર્લજ્જતા, અધીરાઇ અને અતૃપ્તિવાળાં, વળી દેવતાઓ પણ જેનાથી આનંદ પામ્યા તેવી તેતે સુરતક્રીડાની આશ્ચર્યજનક રતિવાળાં, બહાર પણ અત્યંત સુખમાં લીન થયેલાં અને ઊઘડેલાં નેત્રોથી અનુવર્ણિત થતાં, એકાંત કુંજભવનમાં વિરાજેલાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો તૂં આશ્રય કર. ૨૮

तदतिमधुरधाम्नोर्नामवात्सल्यमात्रात्
कथमपि कलनीयौ कस्यचिद्भाग्यसीम्नः।
श्रुतिततिभिरलक्ष्यौ सत्समाजप्रसङ्गौ
भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥२९॥

અત્યંત મધુર સ્થાનવાળા તે પ્રભુ અને શ્રીરાધિકાજીના નામ તરફની વત્સલતા માત્રથી ભાગ્યની સીમાવાળા કોઇ એક ભક્તથીજ કોઇ રીતે ગાઇ શકાય તેવા સ્વરૂપવાળાં, તેમ છતાં સમગ્ર શ્રુતિયો જેને જાણી શકી નથી તેવાં અને માત્ર સાધુજનોના સમાજમાં જેમના પ્રસંગો વર્ણિત થાય છે તેવાં, એકાંત કુંજભવનમાં બિરાજેલાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો તૂં આશ્રય કર. ૨૯

"क्वचन विचलितां च प्रास्य मां मृत्युहस्ते
कलयति मणिवंशां काञ्चिदाहातुकामः।"

**इति मिलितवयस्यान्सूक्तिभिर्हासयन्तौ**
**भज निभृतनिकुञ्जे नागरीनागरौ तौ ॥३०॥**

'હું ક્યાંક જરા વારને માટે ખસી, તેટલીવારમાંજ મને મૃત્યુના હસ્તમાં સોંપી બીજી કોઈને બોલાવવાની ઇચ્છાયે એ મણિવંશ બજાવી રહ્યા છે;' આવી આવી સુંદર ઉક્તિયોથી મળેલા મિત્રોને હસાવતાં, એકાંત કુંજભવનમાં બિરાજતાં શ્રીરાધિકાજી અને શ્રીકૃષ્ણચંદ્રજીનો તૂં આશ્રય કર. ૩૦

**इति श्रीहरिदासोदितं (?) श्रीनागरीनागरस्तोत्रं सम्पूर्णम् ।**

## ३०. विपरीतशृङ्गारफलकम् ।

[ અનુષ્ટુબ ]

**यस्मिन्नहं कृतवती सखि शृङ्गारमुत्तमम् ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥१॥**

[ પ્રભુના વિરહતાપથી તપી ઊઠેલાં શ્રીસ્વામિનીજી, પ્રભુની સાથે ગાળેલા સમય દરમિયાન પ્રભુને ખુશ કરવા જે કાંઈ આભૂષણાદિક સૌભાગ્ય ધારણ કરેલાં તેમજ જે વિહારાદિક કરી આનંદ મેળવેલો તેનૂં વિરહના સમયમાં સ્મરણ કરી કરી આ ગ્રંથમાં પોતાની વિરહવેદના પોતાની સખીને કહી બતાવે છે. વિરહદશાનો સમય તો પોતાને અતિદુઃસહ છે. પ્રભુના સહભાવ સમયનો એ સમય ફરી પાછો આવશે ખરો ? એવી ઇચ્છા આ ગ્રંથમાં શ્રીસ્વામિનીજી કાકુપ્રશ્નથી વ્યક્ત કરે છેઃ—) હે સખી ! જે સમયે મેં ઉત્તમ પ્રકારનો શૃંગાર

કર્યો હતો, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહ-દશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૧

**यस्मिन्सुतैलनखरैः प्रसाधितवती कचान्।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥२॥**

જે સમયે સુંદર તેલવાળી કાંસકીથી મેં મારા કેશ ઓળ્યા હતા, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૨

**यस्मिन्नुद्ग्रथिता वेणी विभज्योभयथा कचान्।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥३॥**

જે સમયે કેશને બે વિભાગમાં કરી નાખી મેં વેણી ગૂંથી હતી, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૩

**यस्मिन्समारोपितानि पुष्पाणि विविधानि च।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥४॥**

જે સમયે એ વેણીમાં મેં અનેક પ્રકારનાં પુષ્પો ઘાલ્યાં હતાં, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૪

**यस्मिन्मया मूर्ध्नि धृतं शिरःकुसुमभूषणम्।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥५॥**

જે સમયે મેં મસ્તક ઊપર શીશફૂલ ધારણ કર્યું હતું, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૫

**यस्मिंस्तत्पार्श्वयोर्मुक्तावृतभूषे मया धृते ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥६॥**

જે સમયે તે શીશફૂલની બાજૂમાં મેં મોતીસર બાંધી હતી, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૬

**यस्मिंस्ताम्रमया रेषा सिन्दूरेण कचान्तरा ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥७॥**

જે સમયે સેંથામાં સિંદૂરથી લાલચોળ સેંથી પૂરી હતી, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૭

**यस्मिन्भाले विशालेऽहं चकार तिलकं समम् ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥८॥**

જે સમયે વિશાલ ભાલ પ્રદેશમાં મેં સરખો ચાંદલો કર્યો હતો, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહ-દશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૮

**यस्मिन् काश्मीरनीरेण गण्डयोश्चित्रकं कृतम् ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥९॥**

જે સમયે કેશરના રસથી ગાલ પર મેં ભાત ચીતરી હતી, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૯

**यस्मिंस्तमालपत्रान्तर्विहितं बिन्दुभूषणम् ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥१०॥**

જે સમયે તમાલપત્રની આડમાં રહી મેં બિંદુભૂષણ કર્યું હતું, તે સમય પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૧૦

**यस्मिन् कृतं मृगमदागुरुसम्भवबिन्दुकम् ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥११॥**

જે સમયે કસ્તૂરી અને અગરની ટપકી કરી હતી, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૧૧

**यस्मिन्नयनयोर्नीतमञ्जनं गर्वगञ्जनम् ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥१२॥**

જે સમયે નેત્રોમાં પારકીયોના ગર્વને હઠાવનારૂં આંજણ મેં આંજ્યૂં હતું, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૧૨

**यस्मिन्दृगञ्चलप्रान्ते कृता रेषाञ्जनोद्भवा ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥१३॥**

જે સમયે નેત્રોના છેડા ઉપર આંજણની રેખા કરી હતી, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૧૩

**दक्षिणभ्रूतटे यस्मिन् बिन्दुः कज्जलतः कृतः ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥१४॥**

જે સમયે જમણી ભમાં ઉપર આંજણની ટપકી કરી હતી, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૧૪

**यस्मिन्सुनासिकारन्ध्रे कृतं मौक्तिकभूषणम् ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥१५॥**

જે સમયે નાકમાં મેં મોતીની વાળી પહેરી હતી, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૧૫

**अधरेऽलक्तकरससम्बन्धो यत्र भावितः ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥१६॥**

જે સમયે હોઠમાં અળતાનો રસ લગાવ્યો હતો, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૧૬

**यस्मिन् विरचितं कण्ठे कण्ठश्रीभूषणं वरम् ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥१७॥**

જે સમયે કંઠમાં ઉત્તમ કંઠી ધારણ કરી હતી, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૧૭

**यस्मिन्सुवर्णसङ्काशा कञ्चुकी परिधापिता ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥१८॥**

જે સમયે સોના જેવી તેજદાર ચોળી મેં પહેરી હતી, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૧૮

**यस्मिन् कृता स्वहस्तेन ग्रीवायां मौक्तिकावली ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥१९॥**

જે સમયે મેં મારે હાથે કંઠમાં મોતીસર ઘાલી હતી, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૧૯

**यस्मिन्नु कुचयोर्मध्ये स्थापितं पदकं महत् ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥२०॥**

જે સમયે મેં સ્તનો વચ્ચે મોટો ચંદ્રક મૂક્યો હતો, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૨૦

**यस्मिंस्तदुपयोगीनि कृतान्याभूषणानि च ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥२१॥**

જે સમયે સ્તનોને યોગ્ય એવાં ભૂષણો સજ્યાં હતાં, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૨૧

**यस्मिन्भुजद्वये नीते कञ्चुकी सङ्गतां गता ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥२२॥**

જે સમયે બે હાથ લેતાં ચોળી બંધબેસતી થઇ હતી, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૨૨

**यस्मिन्नकरवं नीलकङ्कणानि करद्वये ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥२३॥**

જે સમયે બંને હાથમાં શ્યામ કંકણો પહેર્યાં હતાં, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૨૩

**यस्मिन्व्यधामङ्गुलीषु मुद्रिका दशसु प्रियाः ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥२४॥**

જે સમયે દશે આંગળીયોમાં ગમતી વીંટીયો ધરી હતી, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૨૪

**यस्मिन् विरचितं रत्न-खचितं कङ्कणं पुनः ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥२५॥**

જે સમયે ફરી રત્નકંકણ પહેર્યૂં હતું, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૨૫

**यस्मिन्नकरवं नीलनीवीं कटितटे पुनः ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥२६॥**

જે સમયે મેં ફરી કેડ ઊપર શ્યામ ઘાઘરો રાખ્યો હતો, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૨૬

**यस्मिन्नु दामतो बद्धाः कट्यां मे क्षुद्रघण्टिकाः ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥२७॥**

જે સમયે પછી દોરીથી કેડમાં મેં નાની ઘૂઘરીયો બાંધી હતી, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૨૭

**नीलनीवी मया कट्यां यस्मिन्नु परिधापिता ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥२८॥**

જે સમયે પછી એ શ્યામ ઘાઘરો કેડ ઊપર પહેરી લીધો હતો, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહ-દશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૨૮

**यस्मिन् विचित्रितं नीतं चरणे भूषणद्वयम् ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥२९॥**

જે સમયે ચરણમાં વિચિત્ર ઝાંઝર પહેર્યાં હતાં, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૨૯

**यस्मिन् कृतं पदद्वन्द्वमलक्तकविचित्रितम् ॥**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥३०॥**

જે સમયે બંને ચરણ મેં અળતાથી ચીતર્યાં હતાં, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૩૦

**यस्मिन्पदाङ्गुलीष्वेतत्कृतं वृश्चिकभूषणम् ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥३१॥**

જે સમયે પગની આંગળીયોમાં મેં વીંછિયા પહેર્યા હતા, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૩૧

**अनेकपुष्पसम्बन्धा माला कण्ठे मया कृता ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥३२॥**

જે સમયે અનેક ફૂલની ભરેલી માળા મેં કંઠમાં પહેરી હતી, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૩૨

**यस्मिन्नासमहं चापि तद्भाववशतस्तथा ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥३३॥**

જે સમયે હું મારા પ્રભુના ભાવે વશ થઈ રહી હતી, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૩૩

**यस्मिन्नभून्नीलमेघे सदर्था चपलोपमा ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥३४॥**

જે સમયે આષાઢી મેઘમાં વીજળી રહી હોય તેવી ઉપમા (અમારે બંને માટે) સાર્થક થઈ હતી, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૩૪

**यस्मिन्निन्दीवरे जातो मधुपो रजसा सितः ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥३५॥**

જે સમયે કમળ (મારા)માં ભ્રમર (પ્રભુ) પરાગથી સફેદ થઈ ગયો, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહ-દશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૩૫

**यस्मिन्नु सितचन्द्रोऽभूच्चन्द्रान्तरकलाङ्कितः ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥३६॥**

જે સમયે (મારા મુખરૂપી)એક ઉજ્જવલ ચંદ્ર (મારા પ્રભુના મુખરૂપી) બીજા ચંદ્રથી સંક્રાંત થયો હતો, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૩૬

**यस्मिन्नु हृदयाम्भोजं मृणालपरिवारितम्।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥३७॥**

જે સમયે (મારૂં) હૃદયકમળ (પ્રભુના હૃદયરૂપી) મૃણાલ-ડાંડીથી વારવામાં આવ્યૂં હતૂં, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૩૭

**यस्मिन्नभूदब्जदले सम्बन्धो बिम्बसम्भवः।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥३८॥**

જે સમયે (મારા મુખરૂપી) કમળના દલ ઊપર (પ્રભુનૂં મુખરૂપી) ચંદ્રબિંબ પ્રતિબિંબત થયૂં હતૂં, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૩૮

**यस्मिन् बिम्बफलद्वन्द्वपीडनाद्रस आच्युतत्।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥३९॥**

જે સમયે (હૂં અને મારા પ્રભુના) બેઉ મુખચંદ્રબિંબના સંઘર્ષથી પ્રેમરસ ઝરવા લાગ્યો, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૩૯

**यस्मिन् भवति सम्भूतमर्धचन्द्रसहस्रकम्।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥४०॥**

હે સખી! જે સમયે વિહારશ્રમને લીધે સેંકડો અર્ધચંદ્ર આંખે દેખાવા લાગ્યા હતા, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૪૦

**यस्मिंश्चक्रद्वयद्वन्द्वं वियुक्तं कमलावृतम् ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥४१॥**

જે સમયે કમલમાં લપાયેલૂં (અમો બંને-રૂપી) ચક્રવાકનૂં જોડૂં છૂટૂં થયૂં હતું, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૪૧

**यस्मिन्नदृश्यत पुनः परमाणुः समूर्तिमान् ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥४२॥**

જે સમયે ફરી મૂર્તિમાન પ્રેમરૂપી પરમાણુનાં દર્શન થયાં હતાં, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૪૨

**यस्मिन्कमलयोश्चन्द्रसान्निध्यमभवद्गतैः ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥४३॥**

જે સમયે અનેક જવાઆવવાથી મારાં નેત્રકમળોને પ્રભુના મુખચંદ્રનૂં સામીપ્ય થયૂં હતૂં, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો ,આ વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૪૩

**यस्मिन्कमलसम्बद्धः कलहः सस्वनोऽभवत् ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥४४॥**

જે સમયે કમળના સંબંધવાળો અવાજયુક્ત ખડખડાટ થયો હતો, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહ-દશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૪૩

**कदलीकाण्डयुगला भूमिर्यस्मिन्नभोयुता ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥४५॥**

જે સમયે વચ્ચે પોલાણવાળી (સાથળરૂપી) કેળના બે થંભવાળી ભૂમિ થઈ રહેલી હતી, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૪૫

**अदृश्यत घने विद्युदाविर्भूतातिरोहिता ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥४६॥**

જે સમયે પ્રભુરૂપી શ્યામ મેઘમાં હું રૂપી વીજળી વારં-વાર દેખાતી હતી અને અદૃશ્ય થતી હતી, એ સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૪૬

**यत्राभवत्परिश्रान्तौ चकोरविधुसञ्ज्ञकौ ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥४७॥**

જે સમયે (હું) ચકોર અને (પ્રભુ) ચંદ્ર થાકી ગયાં હતાં, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૪૭

**यस्मिन्नहं जलक्रीडां चकार यमुनाम्भसि ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥४८॥**

જે સમયે મેં યમુનાજલમાં જલક્રીડા કરી હતી, તે સમય ફરી પાછો આવશે? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૪૮

**यस्मिन् करिवरस्येव रमणं विपिने कृतम् ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥४९॥**

જે સમયે ઉત્તમ હાથીની જેમ પ્રભુયે વનમાં રમણ કર્યું હતું, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૪૯

**यस्मिन्नवचितानीह पुष्पाणि प्रेयसा सह ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥५०॥**

જે સમયે મારા વહાલા સાથે અહીં વનમાં પુષ્પો એકઠાં કર્યાં હતાં, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહ-દશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૫૦

**यस्मिन् विविधकुसुमैर्वेणी विरचिता शुभा ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥५१॥**

જે સમયે એકઠાં કરેલાં તે અનેક પ્રકારનાં પુષ્પોથી મારા પ્રભુયે મારી વેણી તૈયાર કરી આપી હતી, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૫૧

**यस्मिन्नहर्निशं पूर्णो रसोऽभूत्प्रेयसोर्मिथः ।**
**स कालः पुनरागन्ता, यतोऽयं दुःसहो मम ॥५२॥**

જે સમયે અમો બંને પ્રિયજનોનો પરસ્પરનો રસ નિત્ય પૂર્ણ થતો હતો, તે સમય ફરી પાછો આવશે ? અત્યારનો વિરહદશાનો સમય તો મારાથી સહ્યો જાતો નથી. ૫૨

**इत्थं विलपयन्त्या मत्स्वामिन्याश्चरणाम्बुजे ।**
**रतिरस्तु सदा, दासी ह्येवं वदति भाविता ॥५३॥**

આમ ઊપર પ્રમાણે વિલાપ કરતાં મારાં શ્રીસ્વામિનીજી

શ્રીરાધિકાજીના ચરણકમલમાં મારો સદૈવ પ્રેમ રહો: એ પ્રમાણે ભાવવાળી આ હું દાસી યાચી રહી છું. ૫૩

**इदमेव सदा प्रार्थ्यं फलमीप्सोः कृपावतः।**
**नान्यन्मुक्त्यादिकं सर्व-मखिलं तुच्छमेव हि ॥५४॥**

ફલની જેને ઈચ્છા છે, તેવા અને જેના ઊપર પ્રભુનો અનુગ્રહ છે, તેવા જીવે આજ ફલની સદા પ્રાર્થના કરવી, બીજાં સૌ કૈં મુક્તિ વગેરેની નહીં; કારણકે એ સર્વ તો તુચ્છજ છે. ૫૪

**इति श्रीहरिदासोदितं विपरीतशृङ्गारफलकं सम्पूर्णम्।**

## ३१. श्रीमद्राधाष्टकम्।[१]

[ શિખરણી ]

**निकुञ्जे [२]मञ्जूशद्विविधमृदुपुष्पैकनिचयैः**
**समाकीर्णं दान्तं सुमणिजटितं केलिशयनम्।**
**हृदि प्रादुर्भूतोद्भटविरहभावैः सपदि यत्**
**करे कृत्वा पत्रव्यजनमु विशन्तीं हृदि भजे ॥१॥**

હૃદયમાં પ્રકટ થયેલ મહાવિરહના ભાવોથી તુરત જે, હાથમાં પત્રોના વીંજણાનૂં ગ્રહણ કરીને નિકુંજમાં સુંદર સુંદર

૧ આ અને આ પછીનું સ્તોત્ર, એ બંનેનો અનુવાદ મારા પૂજ્ય પિતૃચરણોયે કરેલો છે.—**સમ્પાદક**

२ मञ्जूनि उशन्ति कमनीयानि विविधानि मृदूनि पुष्पाणि तेषा-मेकनिचयैः।

વિવિધ પ્રકારના કોમલ પુષ્પોનાજ ઢગલાઓથી ભરપૂર, હાથીદાંતની શોભા-વાળા ક્રીડાશયનમાં પ્રવેશ કરી રહ્યાં છે, એવાં શ્રીસ્વામિનીજીનો હૃદયમાં હું આશ્રય કરૂં છું. ૧

**विदित्वा गोपीशं श्रमविहितनिद्रं हृदि भिया**
**रणत्कारैर्भूयान्न खलु गतनिद्रः परमिति ।**
**द्वितीयेन स्तब्ध्वा चलनचपलं कङ्कणचयं**
**वितन्वन्तीं मन्दं व्यजनमथ राधां हृदि भजे ॥२॥**

શ્રમથી નિદ્રાયુક્ત એવા શ્રીગોપીશને જાણીને બીકથી આપે વિચાર્યું કે નક્કી પ્રાણનાથ કંકણાદિના રણત્કારથી જાગી ઊઠે, એમ ન થવા માટે બીજા હાથથી, ચાલવાથી ચપલ એવાં કંકણોના સમૂહને પકડીને, ધીમે ધીમે વીંજણાને ચલાવતાં એવાં શ્રીરાધિકાજીનો હવે હું હૃદયમાં આશ્રય કરૂં છું. ૨

**विधायाच्छैः पुष्पैर्विविधरचनां चारुमृदुलां**
**पदप्रान्तालम्बां स्वकरकमलाभ्यां पुनरसौ ।**
**स्थितं स्वप्राणानां प्रियतममनन्यं निजपुरो-**
**ऽवगत्या तन्वन्तीमुरसि वनमालां हृदि भजे ॥३॥**

સુન્દર પુષ્પોથી વિવિધ પ્રકારની રચનાવાળી, સુન્દર અને કોમળ ચરણના અન્ત સૂધી લટકતી એવી વનમાલાને પોતાના કરકમલોથી બનાવીને અને ફરી પોતાના પ્રાણપ્રિય પ્રભુને પોતાની આગળ રહેલા એકલા જોઈને, પ્રભુના વક્ષઃસ્થલમાં વનમાલાને ધારણ કરાવતાં શ્રીરાધાજીનો હૃદયમાં હું આશ્રય કરૂં છું. ૩

पुरा रासारम्भे शरदमलरात्रिष्वपि हरि-
प्रभावोद्यल्लीलास्मरणकृतचिन्ताशतयुताम् ।
हृदि प्रादुर्भूतं बहिरपि समुद्वीक्षितुमिव
स्वतो वारंवारं विकसितदृगब्जां हृदि भजे ॥४॥

પ્રથમ રાસના આરંભમાં, શરદ્ ઋતુની નિર્મળ રાત્રિઓમાં પણ પ્રભુના પ્રભાવથી ઉદય પામતી લીલાઓના સ્મરણથી પ્રકટ કરાયેલ સેંકડો ચિન્તાઓથી યુક્ત, હૃદયમાં પ્રકટ થયેલ પ્રભુને બહાર પણ સારી રીતે જોવાને પોતાની મેળે વારંવાર વિકસિત નેત્રકમલવાળાં શ્રીરાધિકાજીનો હું હૃદયમાં આશ્રય કરૂં છૂં. ૪

विचिन्वन्तीं नाथं निरतिशय-लीलाकृतिरतं
प्रपश्यन्तीं चिह्नं चरणयुगसम्भूतमतुलम् ।
प्रकुर्वन्तीं मूर्धन्यहह पदरेणूत्करमपि
प्रियां गोपीशस्य [१]प्रणतनिजनाथां हृदि भजे ॥५॥

નિરતિશય લીલા કરવામાં પ્રીતિવાળા-નાથને શોધતાં, જેને બીજાની ઉપમા ન આપી શકાય એવાં બન્ને ચરણ-કમલોથી થયેલ ચિહ્નને નિહાળીને જોતાં, અહહ-મારા બડ-

૧ "स्मरगरलखण्डनं मम शिरसि मण्डनं निधेहि पादपल्लवमुदारम्" આ ગીતગોવિન્દની સપ્તપદીમાંનૂં ચરણ જયદેવ પોતે લખી શક્યા નહીં ને અધૂરૂં પદ મૂકી સ્નાન કરવા ગયા. પાછળથી શ્રીઠાકોરજીએ આવીને લખી દીધૂં કે કામવિષનૂં ખંડન કરનાર ઉદાર આપના ચરણપલ્લવને મારા મસ્તકના ભૂષણરૂપે પધરાવો. આટલૂં શ્રીસ્વામિનીજી માટે જેને માન છે તે કેમ તેને ન નમે?

ભાગ્ય છે એમ વિચારી પ્રભુના ચરણકમલની રેણુના સમૂહને પણ પોતાના મસ્તક ઊપર ધારણ કરતાં, ગોપીશ-શ્રીકૃષ્ણ-ચંદ્રનાં પ્રિયા, અને નિજનાથ પણ માનાપનોદ કરવા જેના ચરણમાં નમી પડે છે, એવાં શ્રીરાધિકાજીનો હૃદયમાં હું આશ્રય કરૂં છૂં. ૫

निजप्राणाधीश-प्रसभमिलनानन्दविकसत्-
समस्ताङ्गप्रेमोद्गतमतनुरोमावलिमपि ।
स्फुरत्सीत्कारान्तःस्थितसभयभावैकनयनां
पुनःपश्चात्तापामतुलरसपात्रं हृदि भजे ॥६॥

નિજ પ્રાણાધીશનું એકદમ મિલન, તેના આનંદથી ખીલતાં સમસ્ત અંગોમાંથી પ્રેમ બહાર નીકળી આવ્યો હોય તેમ ઘાટી રોમરાજિવાળાં છતાં બહાર નીકળતા સીત્કારના અવાજથી અન્તઃસ્થિત ભયયુક્ત ભાવ જેઓનાં નેત્રમાં દેખાઇ રહ્યો છે, પુનઃ (ફરીને) માન કર્યાનો પશ્ચાત્તાપ જેમનામાં છે એવાં અનુપમ-રસનાં પાત્ર શ્રીરાધિકાજીનો હું હૃદયમાં આશ્રય કરૂં છૂં. ૬

लसद्गोपीनाथाननकमलसंयोजितमुखां
मुखाम्भोधिप्रादुर्भवदमृतपानैकचतुराम् ।
परीरम्भप्राप्तप्रियतमशरीरैक्यरसिकां
तृतीयार्थप्राप्तिप्रकटहरिसिद्धिं हृदि भजे ॥७॥

સુંદર શ્રીગોપીનાથના મુખકમલ સાથે પોતાના મુખકમલને જોડનારાં, મુખરૂપી સાગરમાંથી પ્રકટ તથા અમૃતના પાનમાં એક ચતુર, પરિરંભણ વખતે પ્રાપ્ત પ્રિયતમના શ્રીઅંગ સાથેની

એકતામાં રસિક, ત્રીજો અર્થ જે કામ તેની પ્રાપ્તિથી પ્રકટ જેમને પ્રભુસિદ્ધિ પ્રાપ્ત થઈ છે એવાં શ્રીરાધિકાજીનો હૂં હૃદયમાં આશ્રય કરૂં છૂં. ૭

**न मे वाञ्छ्यो मोक्षः श्रुतिषु चतुरात्मा निगदितो,**
**न शास्त्रीया भक्तिर्न पुनरिह विज्ञानमपि मे।**
**कदाचिन्मां स्वामिन्यहह मयि दासे कृपयतु**
**स्वतः स्वाचार्याणां चरणशरणे दीनकरुणा ॥८॥**

વેદોમાં (સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય, અને સાયુજ્ય) એમ ચારરૂપે કહેલ મોક્ષ મને જોતો નથી, તેમ શાસ્ત્રીય ભક્તિની પણ મારે અપેક્ષા નથી; અને ફરી અહીં વિજ્ઞાન (સાનુભૂત જ્ઞાન) પણ જરૂરનું નથી. અહહ—આશ્ચર્ય થાય છે કે—કદાચિત્ મને (પોતાનો દાસ જાણીને) શ્રીસ્વામિનીજી દાસ એવા મારામાં કૃપા કરો, અને પોતાથી શ્રીમદાચાર્ય-ચરણોના ચરણશરણમાં જતા મારામાં સદૈન્ય કરુણા પ્રકટે, એવી દયા કરો. ૮

इति श्रीहरिदासोदितं श्रीमद्राधाष्टकं सम्पूर्णम्।

## ३२. श्रीमुख्यशक्तिस्तोत्रम्।

[ આર્યા ]

**जयति सदा सा राधा, हरिहृदये या विलक्षणा दर्शे।**
**प्रतिबिम्बितेव दृष्टा बिम्बपरोक्षे वयस्याभिः ॥१॥**

તે શ્રીરાધાજી સદા વિજય પામે છે કે જે વિલક્ષણ અરીસારૂપ શ્રીહરિના હૃદયમાં પ્રતિબિમ્બિત થયાં હોય તેમ [1]બિમ્બના પરોક્ષસમયમાં સખીઓથી જોવાયેલાં છે. ૧

[ ઉપગીતિ ]

**निजपतिहृदयसरोजे सदा वसन्ती प्रिया राधा।**
**कमलालयेव लोकैरलोकि लोकत्रयातीता ॥२॥**

પોતાના પ્રિયના હૃદયકમલમાં સદા નિવાસ કરતાં પ્રિયા રાધિકાજીને લોકોએ એવાં જોયાં કે જાણે અલૌકિક (લોકત્રયાતીત) કમલમાં વાસ કરનારાં લક્ષ્મીજીજ હોય! ૨

**वक्षसि लक्षणमिषतो लक्ष्मीमुपरिस्थितां तनुते ।**
**यद्गोपनाय सततं, सा जयति स्वामिनी राधा ॥३॥**

શ્રીસ્વામિનીજી ઠાકોરજીના હૃદયમાં બિરાજે છે તેને છાનાં (ગુપ્ત) રાખવા સારૂ દક્ષિણાવર્ત રોમરાજિના બહાનાથી ઉપર વક્ષઃસ્થળમાં રહેલાં લક્ષ્મીજીને પ્રભુ પ્રત્યક્ષ કરી રહ્યા છે તે સ્વામિનીજી શ્રીરાધા સદા વિજયને પામે છે. ૩

**श्रीवत्सेन बिभर्ति स्फुटां बहिः सर्वथा लक्ष्मीम् ।**
**यामन्तःस्थितिरूपां बोधयितुं राधिका जयति ॥४॥**

પ્રભુ અન્દર બિરાજતાં જે શ્રીસ્વામિનીજીને જણાવવા સારૂ શ્રીવત્સના ચિહ્નથી લક્ષ્મીજીને બહાર ખુલ્લાં ધારણ કરે છે તે રાધિકાજી સદા જય પામે છે. ૪

---

૧ બિમ્બના પ્રત્યક્ષ ભાવમાંજ પ્રતિબિમ્બ દેખાય. આ તો શ્રીહરિનો હૃદયરૂપી અરીસો એવો વિલક્ષણ છે કે (બિમ્બ) શ્રીસ્વામિનીજી પ્રત્યક્ષ છતાં તેમનું પ્રતિબિમ્બ શ્રીઠાકોરજીના હૃદયાદર્શમાં જોવામાં આવે છે.

**हरिहृदयप्रतिबिम्बितनिजरूपप्रेक्षणामोदा ।**
**तत्रास्थितमीक्षन्ती(?) प्रियमतिविमना मनस्यास्ते ॥५॥**

શ્રીહરિના હૃદયમાં પ્રતિબિમ્બિત પોતાના રૂપને જોવાના આનન્દવાળાં, પણ ત્યાં પ્રિયને ન રહેલા જોતાં શ્રીસ્વામિનીજી મનમાં અતિ ઉદાસીન રહે છે. ૫

**निजहृद्गतहरिरूपं विलोकयन्ती बाहिः स्वं च ।**
**विरहे विस्मितचित्ता जयति सदा स्वामिनी राधा ।६।**

પોતાના હૃદયમાં બિરાજતા શ્રીહરિના રૂપને અને બહાર પોતાના રૂપને જોતાં, વિરહથી વિસ્મિત ચિત્તવાળાં શ્રી-સ્વામિની રાધા સદા વિજય પામે છે. ૬

**जपति सदा यन्नाम स्वयं निकुञ्जस्थितो नाथः ।**
**मन्त्रमिव प्राप्त्यर्थं, सा जयति स्वामिनी राधा ॥७॥**

નિકુંજમાં બિરાજતા પ્રભુ સ્વયં પ્રાપ્તિને માટે મન્ત્રની માફક જેના નામને જપે છે તે શ્રીસ્વામિનીજી રાધા વિજય પામે છે. ૭

**यत्सहितो गोपीनां हृदयाम्भोधौ सदा क्रीडाम् ।**
**कुरुते भावतरङ्गैर्जयति हरेरर्धमङ्गं सा ॥८॥**

જે શ્રીસ્વામિનીજી સહિત, ગોપીઓના હૃદય–સમુદ્રમાં પ્રભુ સદા ભાવરૂપી તરંગોથી ક્રીડા કરે છે, શ્રીહરિના અર્ધ અંગરૂપ તે શ્રીસ્વામિનીજી વિજય પામે છે. ૮

[ આર્યા ]

**यद्भुजदण्डाहृतियुतकण्ठा कृष्णस्य नीलमेघस्य ।**
**वहति पुरन्दरधनुषावृतस्य शोभां प्रभौ श्यामे ॥९॥**

જે પ્રભુના ભુજદંડથી આવૃત કંઠવાળાં શ્રીરાધાજી શ્યામ પ્રભુનાં ઇન્દ્ર ધનુષથી વીંટાયેલ-નીલ મેઘની શોભાને ધારણ કરે છે. ૯

[ ઉપગીતિ ]

**यद्रूपस्मरणाहितसंस्कारः कामिनीकान्तः ।**
**भजति जितेन्द्रियतायाः पदं हरिः, सा सदा जयति ।१०।**

જે શ્રીસ્વામિનીજીના રૂપના સ્મરણનો જેને સંસ્કાર પડી ગયો છે એવા અનેક કામિનીના કાન્ત શ્રીહરિ જિતેન્દ્રિય-પણાના પદને ભજે છે,તે શ્રીસ્વામિનીજી સદા વિજય પામે છે.૧૦

**हरति हरेरपि चेतस्तथापि न हरिर्हरति यस्याः ।**
**नक्षणभेदसहिष्णुः सा वृषभानोः सुता जयति ॥११॥**

જે શ્રીહરિ ભગવાનૂના ચિત્તનૂં હરણ કરે છે, તથાપિ શ્રીહરિ જેના ચિત્તને હરી શકતા નથી, તેમ જેના ક્ષણમાત્રના ભેદ (વિરહ)ને સહી શકતા નથી, તેવાં શ્રીવૃષભાનુનાં પુત્રી શ્રીરાધાજી વિજય પામે છે. ૧૧

**जयति जिताखिलयुवती-परिबृढदृढसम्भ्रमच्चित्ता ।**
**नक्षणरमणविमुक्ता दोषविमुक्ताश्रया सततम् ॥१२॥**

સમસ્ત યુવતિના પતિ પ્રભુના મજબૂત ભમતા ચિત્તને જેણે જીત્યૂં છે, ક્ષણ પણ જે રમણ-પ્રભુથી વિમુક્ત નથી, તેવાં દોષરહિત શુદ્ધ આશ્રયવાળાં શ્રીરાધાજી હમેશાં વિજય પામે છે. ૧૨

[ આર્યા ]

**भावतनौ भावात्मा स्थिता स्वभावेन भाविता सततम् ।**
**श्रीवल्लभाभिधाने तद्रूपा वा सदा जयति ॥१३॥**

સ્વભાવથી હમેશાં ભાવના કરેલાં જે પ્રેમતનુ-પ્રભુમાં પ્રેમસ્વરૂપા થઈને રહ્યાં છે અને શ્રીવલ્લભાભિધાન[1] શ્રીમહાપ્રભુજીમાં જેને રૂપે છે, તે શ્રીરાધિકા સદા વિજય પામે છે. ૧૩

[ ઉપગીતિ ]

**श्रीवल्लभसंश्रयणादेतत्करुणायुतानां हि ।**
**कृष्णः करोति शीघ्रं निजफलदानं नसंशयःक्वापि ॥१४॥**

શ્રીમહાપ્રભુજીના આશ્રયથી આ શ્રીસ્વામિનીજીના કૃપાયુક્ત ભગવદીયોને શ્રીકૃષ્ણ ભગવાન્ ફલનૂં દાન તુરતજ કરે છે, તેમાં ક્યાંય પણ સંશય નથી. ૧૪

इति श्री हरिदासोदितं श्रीमुख्यशक्तिस्तोत्रं सम्पूर्णम् ।

## ३३. श्रीस्वामिनीप्रार्थनाष्टकम् ।

[ ઉપજાતિ ]

**विभावयन्त्याः प्रियरूपमन्तः**
**सन्तोषफुल्लाननलोचनायाः ।**
**लीलासमारोपितचेतसः स्यां**
**कदा तवाहं पदपांशुजन्मा ॥१॥**

હૃદયમાં પ્રિય શ્રીકૃષ્ણચંદ્રજીના સ્વરૂપનીજ ભાવના કરતાં,

---

૧ શ્રીમહાપ્રભુજીને "**प्रिया गोपीभर्त्तुः**" ગોપીભર્ત્તા શ્રીકૃષ્ણચન્દ્રના પ્રિયારૂપે શ્રીગુસાંઇજીએ "શ્રીસ્ફુરત્કૃષ્ણપ્રેમામૃત"માં જણાવ્યા છે તેને લઈને "श्रीवल्लभाभिधाने तद्रूपा" એમ શ્રીહરિરાયજીએ લખ્યું છે, એમ મને ભાસે છે.

સંતોષથી પ્રફુલ્લ મુખ અને લોચનવાળાં અને લીલામાં આરોપિત ચિત્તવાળાં આપ શ્રીસ્વામિનીજીનો હું ક્યારે ચરણરજ–સેવક થાઉં? ૧

रसालपत्रे शतपत्रपत्रे
प्रियं लिखन्त्या मृगनाभिना रहः ।
आयातनीराकुलहृद्दृशः स्यां
कदा तवाहं पदपांशुजन्मा ॥२॥

આંબાના પાંદડામાં અને કમળના પાંદડામાં એકાંતે પ્રિય શ્રીકૃષ્ણચંદ્રજીનું સ્વરૂપ આલેખતાં અને પ્રભુના વિરહે આવેલાં આંસૂઓથી વ્યાકુલ થયેલાં હૃદય અને નેત્રવાળાં આપ શ્રીસ્વામિનીજીનો હું ક્યારે ચરણરજ–સેવક થાઉં? ૨

विधाय शय्यादिकमच्छपुष्पै–
र्हृदश्रुनेत्रैर्निजनाथमार्गम् ।
स्यां सर्वभावैरवलोकयन्त्याः
कदा तवाहं पदपांशुजन्मा ॥३॥

સુંદર પુષ્પોથી શય્યા વગેરે તૈયાર કરી હૃદયથી અને આંસૂવાળાં નેત્રોથી સર્વભાવે શ્રીકૃષ્ણચંદ્રજીના માર્ગને નિહાળતાં એવાં આપ શ્રીસ્વામિનીજીનો હું ક્યારે ચરણરજ-સેવક થાઉં? ૩

गुणैर्युतायाः स्ववपुःसमाश्रितै–
र्वोढुं व्रजाधीश्वरमात्मवश्यम् ।
स्यां राधिकायाः सकलाधिकायाः
कदा तवाहं पदपांशुजन्मा ॥४॥

'શ્રીવ્રજાધીશ્વર આપને વશ છે,' એ જાણવાને માટે આપના દેહમાં રહેલા ગુણોથી યુક્ત એવાં અને બીજાં સર્વથી અધિક એવાં આપ શ્રીરાધિકાજીનો હું ક્યારે ચરણરજ-સેવક થાઉં? ૪

सखीसदासेवितपादपद्म-
लसन्नखाग्रेण भुवं लिखन्त्याः ।
वियोगभावैकगतात्मनः स्यां
कदा तवाहं पदपांशुजन्मा ॥५॥

સખીઓ વડે કરીને હમેશાં જેની પરિચર્યા કરવામાં આવી છે તેવાં ચરણકમલમાં લસતા નખના અગ્ર વડે કરીને પૃથ્વી ખણતાં અને જેમનો આત્મા કેવળ વિપ્રયોગના ભાવમાં મગ્ન થયો છે, તેવાં આપ શ્રીસ્વામિનીજીનો હું ક્યારે ચરણરજ-સેવક થાઉં? ૫

प्रतिक्षणप्राप्तिसदार्तचेतः-
स्वप्राणनाथोदयजाततद्व्रते ।
गुणानुवादं सततं रटन्त्याः
कदा तवाहं पदपांशुजन्मा ॥६॥

પ્રતિક્ષણે પ્રભુની પ્રાપ્તિ માટે સદૈવ આર્ત ચિત્તવાળાં, પોતાના પ્રાણનાથ પ્રકટ થાય તેવા પ્રકારનાં વ્રતવાળાં અને સતત પ્રભુના ગુણગાનનું રટણ કરતાં આપ શ્રીસ્વામિનીજીનો હું ક્યારે ચરણરજ-સેવક થાઉં? ૬

स्वाधीनगोपीजनवल्लभाया
निःसाधनानुग्रहकारणायाः ।

[1]स्वद्वारसम्प्रापितमत्प्रभोः स्यां
कदा तवाहं पदपांशुजन्मा ॥७॥

ગોપીજનવલ્લભ પ્રભુ શ્રીકૃષ્ણચંદ્રજી જેને સ્વાધીન છે, વળી જેઓ નિઃસાધન ભક્તો ઊપર કૃપા કરાવવામાં કારણરૂપે રહેલાં છે અને જેણે પોતાના દ્વાર ઊપર મારા પ્રભુને ખડા કરાવી દીધા છે, તેવાં આપ શ્રીસ્વામિનીજીનો હું કયારે ચરણરજ—સેવક થાઉં? ૭

[ શિખરણી ]

इति श्रीमत्स्वामिन्यतिशयितदीने मयि परं
पराधीने पीनेऽखिलभजनदोषैरपि सदा ।
कृपा कार्या धार्या हृदि च, मम चित्तं मुररिपौ[2],
प्रियस्वाचार्याणां चरणशरणोऽहं हरिरतिः ॥८॥

હે શ્રીસ્વામિનીજી! મારૂં ચિત્ત શ્રીમુરારિમાં રહ્યું છે અને આપના કૃપાપાત્ર શ્રીવલ્લભાચાર્યજીના ચરણમાં હું હરિરાય શરણવાળો છું, એ જોઈ, અત્યંત દીન, વળી ખૂબ પરાધીન અને હમેશાં ભજન—વિષયક સર્વ દોષોથી ભરપૂર છું છતાં પણ તેવા મારા પર આપે કૃપા કરવી અને તે કૃપાને આપે આપના હૃદયમાં સદા સ્થાન આપવૂં. ૮

इति श्रीहरिदासोदितं श्रीस्वामिनीप्रार्थनाष्टकं सम्पूर्णम् ।

---

१. सुधारस° । २. °रिपु° ।

# ३४. श्रीयमुनाविज्ञप्तिः ।

[ અનુષ્ટુભ ]

**कृष्णां कृष्णसमां कृष्णरूपां कृष्णरसात्मिकाम् ।**
**कृष्णलीलामृतजलां कृष्णसम्बन्धकारिणीम् ॥१॥**

શ્યામ, શ્રીકૃષ્ણ જેવાં, શ્યામસ્વરૂપ, શ્રીકૃષ્ણચંદ્રજીની લીલા માટેનાં અમૃત જળવાળાં અને શ્રીકૃષ્ણચંદ્રજીનો સંબંધ કરનારાં (છેલ્લા શ્લોકમાં **नमामि यमुनां** સાથે બધા શ્લોકોનો અન્વય છે, તેથી) શ્રીયમુનાજીને હું નમન કરૂં છૂં. ૧

**कृष्णप्रियां कृष्णमुख्यरससङ्गमदायिनीम् ।**
**कृष्णक्रीडाश्रयां कृष्णपदवीप्रापिकामपि ॥२॥**

પ્રભુને વહાલાં, પ્રભુના મુખ્ય રસનો સંગમ દેનારાં, પ્રભુને ખેલવાના ધામરૂપ, અને પ્રભુના માર્ગનો બોધ કરનારાં શ્રીયમુનાજીને હું નમન કરૂં છૂં. ૨

**कृष्णास्थितां कृष्णवासहृदयां कृष्णभावुकाम्[1] ।**
**कृष्णाप्रियाप्रियां कृष्णस्थायिभावसमुद्भवाम् ॥३॥**

પ્રભુમાં હૃદયવાળાં, પ્રભુ પોતામાં આવી રહે તેવી ઇચ્છા-વાળાં, પ્રભુને ચાહતાં, શ્રીસ્વામિનીજીને વહાલાં અને પ્રભુના સ્થાયી ભાવ–રતિમાંથી ઉદ્ભવેલાં શ્રીયમુનાજીને હું નમૂં છૂં. ૩

**कृष्णैकमीलनस्थानभूतां कृष्णसुखार्थिनीम् ।**
**कृष्णगोपीसहचरीं कृष्णसम्मानवर्धिनीम् ॥४॥**

---

૧. कृष्णकामुकाम् ।

પ્રભુને મળવાનાં સ્થાનરૂપ, પ્રભુના સુખની ઇચ્છાવાળાં, પ્રભુનાં ગોપીજનોનાં સહચરી અને પ્રભુનાં માનને વધારનારાં શ્રીયમુનાજીને હું નમન કરૂં છૂં. ૪

**कृष्णकार्यपरां कृष्णलीलास्थलविशोधिकाम् ।**
**कृष्णक्रीडाकुङ्कुमादियुतां कृष्णरसातुराम् ॥५॥**

પ્રભુનું કાર્ય કરવામાં પરાયણ, પ્રભુની લીલા માટેના સ્થળને શુદ્ધ કરનારાં, પ્રભુની ક્રીડાનાં કંકૂ વગેરે-વાળાં અને પ્રભુ-સંબંધી રસ માટે આતુર એવાં શ્રીયમુનાજીને હું નમૂં છૂં. ५

**कृष्णगोपीपूज्यदेवीं कृष्णव्रतफलप्रदाम् ।**
**कृष्णलीलार्थमायातां कृष्णनीराधिसङ्गताम् ॥६॥**

પ્રભુનાં ગોપીજનોનાં પૂજ્ય દેવી, પ્રભુ-સંબંધી વ્રતનૂં ફલ આપનારાં, પ્રભુની લીલા માટે ભૂતલ પર પધારેલાં અને પ્રભુરૂપી મહાસાગરને મળેલાં શ્રીયમુનાજીને હૂં નમૂં છૂં. ६

**कृष्णपादस्पर्शकामां कृष्णमानससंश्रिताम् ।**
**कृष्णासक्तां [1]कृष्णभक्तां कृष्णप्रीतिप्रसाधिनीम् ॥७॥**

શ્રીકૃષ્ણચંદ્રજીના ચરણનો સ્પર્શ કરવાની ઇચ્છાવાળાં, પ્રભુના ચિત્તના આશ્રયવાળાં, પ્રભુમાં આસક્તિવાળાં, પ્રભુનાં ભક્ત અને પ્રભુની પ્રીતિ થાય તેવૂં કરનારાં શ્રીયમુનાજીને હું નમૂં છૂં. ૭

**कृष्णाङ्घ्रिरेणुबहुलां कृष्णसेवकसम्मुखाम् ।**
**कृष्णभावविरोधिस्वदासप्रकृतिनाशिनीम् ॥८॥**

१. कृष्णकृष्णां, कृष्णभक्त° ।

પ્રભુના ચરણકમલની પુષ્કળ રજવાળાં, પ્રભુના ભક્તો તરફ સહાનુભૂતિવાળાં અને પ્રભુવિષયક ભાવથી વિરુદ્ધ એવી સ્વભક્તોની પ્રકૃતિનો નાશ કરનારાં શ્રીયમુનાજીને હું નમૂં છૂં. ૮

**नमामि यमुनां कृष्णतूर्यांप्रियतमामहम् ।**
**निजाचार्यपदाम्भोजदासे भावं प्रयच्छतु ॥९॥**

પ્રભુનાં ચતુર્થ પ્રિયા એવાં શ્રીયમુનાજીને હું નમન કરૂં છૂં. શ્રીમદાચાર્યચરણકમલના દાસ એવા આ હરિદાસને શ્રીયમુનાજી પ્રભુ-સંબંધી ભાવ અર્પો. ૯

**इति श्रीहरिदासोक्ता श्रीयमुनाविज्ञप्तिः समाप्ता ।**

## ३५. श्रीवल्लभशरणाष्टकम् ।

[ અનુષ્ટુભ ]

**निःसाधनजनोद्धारकरणप्रकटीकृतः ।**
**गोकुलेशस्वरूपः श्रीवल्लभः शरणं मम ॥१॥**

નિ:સાધન જનોનો ઉદ્ધાર કરવા માટે પ્રભુએ પ્રકટ કરેલી (વસ્તુતયા) શ્રીગોકુલેશસ્વરૂપ શ્રીવલ્લભ (શ્રીમહાપ્રભુજી) મારો આશ્રય છે. ૧

**भजनानन्ददानार्थं पुष्टिमार्गप्रकाशकः ।**
**करुणावरणीयः श्रीवल्लभः शरणं मम ॥२॥**

(ભક્તોને) ભજનના આનન્દનૂં દાન કરવા સારૂ (રસાત્મક) પોષણ-અનુગ્રહ-માર્ગનો પ્રકાશ કરનાર, કરુણાથી વરી શકાય એવા શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૨

૧. અહીંથી ૪ ગ્રંથનો અનુવાદ મારા પિતૃચરણોનો છે.—સંપાદક

**स्वामिनीभावसंयुक्तभगवद्भावभावितः ।**
**अत्यलौकिकमूर्त्तिः श्रीवल्लभः शरणं मम ॥३॥**

શ્રીસ્વામિનીજીના ભાવથી યુક્ત એવા ભગવદ્ભાવથી ભાવયુક્ત, અતિ અલૌકિક સ્વરૂપવાળા શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૩

**श्रीकृष्णवदनानन्दो वियोगानलमूर्तिमान् ।**
**भक्तिमार्गाब्जभानुः श्रीवल्लभः शरणं मम ॥४॥**

શ્રીસદાનન્દ પ્રભુના મુખારવિન્દના આનન્દરૂપ, વિયોગ જણાવવા અગ્નિસ્વરૂપ, ભક્તિમાર્ગરૂપી કમલને પ્રફુલ્લિત કરવામાં ભાનુ–સૂર્યરૂપ, શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૪

**रासलीलारसभर-समाक्रान्ताखिलाङ्गभृत् ।**
**भावरूपाखिलाङ्गः श्रीवल्लभः शरणं मम ॥५॥**

રાસીય લીલાના રસભારથી સર્વ દેહધારીઓને સારી રસબસ કરનાર, ભાવાત્મક સર્વ અંગવાળા શ્રીમહાપ્રભુજી આશ્રય છે. ૫

**श्रीभागवतभावार्थाविर्भावार्थावतारितः ।**
**स्वामिसन्तोषहेतुः श्रीवल्लभः शरणं मम ॥६॥**

શ્રીભાગવતના[1] ભાવાર્થને પ્રકટ કરવા સારૂ પૃ જેમને અવતાર લેવરાવ્યો છે એવા અને સ્વામી શ્રીકૃષ્ણચ સન્તોષના કારણરૂપ શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૬

---

૧ પ્રથમ સ્કન્ધ સુ. ના મંગલાચરણમાં **अर्थं तस्य**—આ શ્રીમહાપ્રભુજીએ આ હકીકત જણાવી છે.

वल्लवीवल्लभान्तःस्थलीलानुभववल्लभः ।
अन्यास्फुरणरूपः श्रीवल्लभः शरणं मम ॥७॥

ગોપાંગનાના વલ્લભ શ્રીકૃષ્ણચન્દ્રના અન્તઃકરણમાં રહેલ લીલાનો અનુભવ જેને વહાલો છે, અને આથી અન્ય વાર્તા જે સ્ફુરવા દેતા નથી, એવા શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૭

जिताम्भोजपदाम्भोजविभूषितवसुन्धरः ।
सदा गोवर्धनस्थः श्रीवल्लभः शरणं मम ॥८॥

કમલને પોતાની સુષુમાથી જીતનાર ચરણકમલોથી પૃથ્વીને વિભૂષિત કરનાર, સદા શ્રીગિરિરાજમાં બિરાજમાન શ્રીમહાપ્રભુજી મારો આશ્રય છે. ૮

अनन्यस्तन्मना नित्यं पठेद्यः शरणाष्टकम् ।
स लभेत् (?) साधनाभावयुक्तोऽप्येतत्पदाश्रयम्॥९॥

પ્રભુ સિવાય અન્ય જેને આલમ્બન નથી, તેવો જીવ પ્રભુમાં તદાકાર મનવાળો થઇને આ "શ્રીવલ્લભશરણાષ્ટક"નો પાઠ કરે, તે નિઃસાધન હોય તોપણ આ શ્રીમહાપ્રભુજીના ચરણકમલના દૃઢાશ્રયને પ્રાપ્ત થાય. ૯

इति श्रीहरिदासविरचितं श्रीवल्लभशरणाष्टकं सम्पूर्णम् ।

## ३६. श्रीवल्लभचरणविज्ञप्तिः ।

[ અનુષ્ટુભ ]

निजाचार्यपदाम्भोजद्वयं सर्वसुखावहम् ।
वहामि शिरसा, तेन फलं मे सफलं ध्रुवम् ॥१॥

પોતાના આચાર્ય શ્રીમહાપ્રભુજીનાં બન્ને ચરણકમલો સર્વ સુખને આપનારાં છે, તેનૂં મારા મસ્તક ઉપર હૂં વહન કરૂં છૂં, જેથી મારૂં બધૂં ફળ નક્કી સફલજ છે. ૧

**कुनोमि दीनदीनोऽहं भयाद्यवनसम्भवात् ।**
**ततो निवर्तयास्माँस्त्वमार्त्तानामार्त्तिनाशन ॥२॥**

યવનોથી ઉત્પન્ન થયેલ ભયથી દીનમાં દીન એવો હૂં દુઃખી થાઉં છૂં; હે પીડિતોની પીડાનો નાશ કરનાર! (પ્રભુ!) તે દુઃખથી અમોને મુક્ત કરો. ૨

**खेदकृत्यहृदुद्भेदे सुखसम्भेदवर्जिते ।**
**विगतस्वीयसम्भेदे भवानेव गतिः प्रभो ॥३॥**

ખેદથી હૃદયને જેણે ભેદી નાખ્યૂં છે, જેમાં સુખનો ભેદ રહ્યોજ નથી, પોતાનાઓનો ભેદ પણ જેણે રહેવા દીધો નથી એવા સમયમાં, હે પ્રભો! આપજ અમારી ગતિરૂપ છો. ૩

**न स्थातुं शक्यते, नैव गन्तुं वा, गोकुलेश्वर ।**
**मीनस्येव गतिर्जाता, ह्यस्माकं करुणाविभो ॥४॥**

હે કરુણાનાથ! હે ગોકુલેશ્વર! અમારી ગતિ માછલાના સમાન થઇ છે કે–સ્થિરતા પણ કરી શકાતી નથી કે જઈ પણ શકાતૂં નથી. ૪

**न सोढुं शक्यते नाथ धैर्यादिरहितैः स्वकैः ।**
**दुःखं भयसमुद्भूतं प्रभो त्वं संनिवर्त्तय ॥५॥**

[ અથવા **निवर्त्तय दयानिधे!** એવો પણ પાઠ છે.] હે નાથ! ધૈર્યાદિ રહિત એવા આપનાઓથી, ભયથી ઉત્પન્ન

થયેલૂં દુઃખ સહી શકાતૂં નથી. હે પ્રભો ! આપ તે દુઃખને નિવૃત્ત કરો. ૫

**नाथ त्वत्स्मरणोपायः सर्वपापनिवर्त्तकः ।**
**नेदानीं सम्भवत्येतद्भयात्कात्र गतिर्मम ॥६॥**

હે નાથ ! આપનૂં સ્મરણ એ રૂપી ઉપાય સર્વ પાપને દૂર કરનાર છે; પરન્તુ તેઓના ભયથી આ સ્મરણ પણ થઈ શકતૂં નથી; માટે મારી અહીં શી ગતિ ? ૬

**इति श्रीहरिदासोक्ता श्रीवल्लभचरणविज्ञप्तिः समाप्ता।**

## ३७. दैन्याष्टकम्।

[ અનુષ્ટુભ ]

**वृन्दावन-रजोयुक्तं यमुनाजलपङ्किलम् ।**
**कदा पदतलं मूर्ध्नि श्रीमद्वल्लभ धास्यसि ॥१॥**

હે શ્રીમહાપ્રભુ ! શ્રીવૃન્દાવનની રજથી યુક્ત, શ્રીયમુનાજીના જલના પંકવાળૂં, આપનૂં ચરણતલ મારા મસ્તક ઉપર ક્યારે પધરાવશો ? ૧

**सरागसार्द्रहृदये सर्वदापरिभावितम् ।**
**कदा पदतलं मूर्ध्नि श्रीमद्वल्लभ धास्यसि ॥२॥**

હે શ્રીમહાપ્રભો ! પ્રેમ સહિત ભીના હૃદયમાં સર્વદા (સેવકોએ) વિચારેલૂં આપનૂં ચરણતલ મારા મસ્તકપર આપ ક્યારે પધરાવશો ? ૨

**निजावनेजनजलामृतसञ्जीविताश्रितम् ।**
**कदा पदतलं मूर्ध्नि श्रीमद्वल्लभ धास्यसि ॥३॥**

હે શ્રીમદ્વલ્લભ ! પોતાના ક્ષાલનના જલ રૂપી અમૃતથી આશ્રિતોને સારી રીતે જીવનદાન કરનાર, આપના ચરણતલને મારા મસ્તક ઉપર ક્યારે પધરાવશો ? ૩

**कृतपुण्यचयैः प्राप्तं सर्वदा परिसेवितम् ।**
**कदा पदतलं मूर्ध्नि श्रीमद्वल्लभ धास्यसि ॥४॥**

હે શ્રીવલ્લભાધીશ ! પુણ્યના ગંજને કરનાર સેવકોએ પ્રાપ્ત કરેલા અને સર્વદા સેવેલા આપના ચરણતલને મારા મસ્તક ઉપર આપ ક્યારે પધરાવશો ? ૪

**सभक्तिपञ्चसङ्ख्याक-पुमर्थाङ्गुलिसंयुतम् ।**
**कदा पदतलं मूर्ध्नि श्रीमद्वल्लभ धास्यसि ॥५॥**

હે શ્રીવલ્લભાધીશ ! ભક્તિસહિત ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ, આ પાંચ પુરુષાર્થરૂપી આંગળીઓથી યુક્ત આપના ચરણતલને મારા મસ્તક ઉપર ક્યારે પધરાવશો ? ૫

**स्वभक्तिरागसन्दोह-सततस्थितिरञ्जनम् ।**
**कदा पदतलं मूर्ध्नि श्रीमद्वल्लभ धास्यसि ॥६॥**

હે શ્રીવલ્લભાધીશ ! પોતાની ભક્તિરૂપી રાગ-લાલરંગના સમૂહથી હમેશાં સ્થિતિના-નિવાસના સ્થલને રંજન કરનારૂં આપનૂં પદતલ મારા મસ્તક ઉપર ક્યારે પધરાવશો ? ૬

**नखचन्द्रप्रकाशेन स्वतः स्वीयप्रकाशनम् ॥**
**कदा पदतलं मूर्ध्नि श्रीमद्वल्लभ धास्यसि ॥७॥**

હે શ્રીવલ્લભાધીશ ! નખ-ચન્દ્રના પ્રકાશથી પોતાની મેળે પોતાનાઓનો પ્રકાશ કરનારા આપના ચરણતલને મારા મસ્તક ઉપર ક્યારે પધરાવશો ? ૭

**पुष्टिकल्पद्रुमात्मत्वं मूलवद् भुवि सङ्गतम् ।**
**कदा पदतलं मूर्ध्नि श्रीमद्वल्लभ धास्यसि ॥८॥**

હે શ્રીમદ્વલ્લભપ્રભો ! પુષ્ટિમાર્ગરૂપી કલ્પવૃક્ષનૂં સ્વરૂપ મૂલની માફક જે પૃથ્વી ઉપર પ્રાપ્ત થયૂં છે, એવૂં આપનૂં ચરણતલ મારા મસ્તક ઉપર ક્યારે પધરાવશો ? ૮

**इति श्रीहरिदासोक्तं दैन्याष्टकं सम्पूर्णम् ।**

## ३८. हाहादैन्याष्टकम् ।

[ અનુષ્ટુભ ]

**हाहा श्रीवल्लभाधीश हाहा कृष्णमुखाम्बुज ।**
**हाहा वियोगभावाग्ने देहि मे निजदर्शनम् ॥१॥**

[ અત્ર હાહા શબ્દ વિયોગ સહી ન શકવાથી ખેદનો પ્રદર્શક છે, ] હે શ્રીવલ્લભાધીશ ! હે શ્રીકૃષ્ણચન્દ્રના મુખારવિન્દ-સ્વરૂપ ! હે વિયોગના ભાવથી અગ્નિસ્વરૂપ ! મને આપનૂં દર્શન આપો. ૧

**हाहा विशालनयन हाहा फुल्लतमानन ।**
**हाहा सुनासिकाशोभ देहि मे निजदर्शनम् ॥२॥**

હે વિશાલ નેત્રવાળા ! હે પ્રફુલ્લિત નેત્રવાળા ! હે સુન્દર નાસિકાની શોભાવાળા પ્રભુ ! મને આપનૂં દર્શન આપો. ૨

हाहालकावृतमुख हाहामितसुधाधर ।
हाहातिरम्यचिबुक देहि मे निजदर्शनम् ॥३॥

હે કેશથી આવૃત મુખવાળા ! હે અમિત સુધા જેના અધરમાં છે એવા ! હે અતિ સુન્દર ચિબુક–દાઢીવાળા ! મને આપનૂં દર્શન આપો. ૩

हाहा निजजनाधार हाहा दीनजनाश्रय ।
हाहा दयार्द्रहृदय देहि मे निजदर्शनम् ॥४॥

હે નિજજનના આધાર ! હે દીનજનોના આશ્રયદાતા ! હે દયાથી પીગળેલ હૃદયવાળા શ્રીમહાપ્રભુજી ! મને આપનૂં દર્શન આપો. ૪

हाहा स्वकीयसर्वस्व हाहाऽधनमनोधन ।
हाहातिमृदुलस्वान्त देहि मे निजदर्शनम् ॥५॥

હે સ્વકીય ભક્તોના સર્વસ્વરૂપ ! હે નિર્ધનજનોના મનના ધનરૂપ ! હે અતિ કોમલ અન્તઃકરણવાળા શ્રીમહાપ્રભુજી ! મને આપનૂં દર્શન આપો. ૫

हाहा कृतस्वकीयार्त्ते हाहा भावार्तिदायक ।
हाहा हृदयभावज्ञ देहि मे निजदर्शनम् ॥६॥

હે સ્વકીયોને આર્ત્તિનૂં દાન કરનાર ! હે ભાવરૂપી આર્ત્તિ આપનાર ! હે હૃદયના ભાવને જાણનાર શ્રીમહાપ્રભુજી ! મને આપનૂં દર્શન આપો. ૬

हाहा निजजनप्राण हाहा निजजनावृत ।
हाहा पुष्टिपथाचार्य देहि मे निजदर्शनम् ॥७॥

હે સ્વકીય જનોના પ્રાણ! હે સ્વકીય જનોથી ઘેરાયેલા! હે પુષ્ટિ–અનુગ્રહ માર્ગના આચાર્ય શ્રીમહાપ્રભુજી! મને આપનું દર્શન આપો. ૭

हाहा विजितकन्दर्प हाहा स्वानन्दतुन्दिल।
हाहा हरिविहारात्मन् देहि मे निजदर्शनम् ॥८॥

હે કામદેવને જીતનાર! હે પોતાના આનન્દથી ભરપૂર! હે શ્રીહરિના વિહારસ્વરૂપ મહાપ્રભુજી! મને આપનું દર્શન આપો. ૮

इति श्रीहरिदासोक्तं हाहादैन्याष्टकं सम्पूर्णम्।

## ३९. श्रीवल्लभभावाष्टकम्[1]।

[ શિખરિણી ]

तरेयुः संसारं कथमगतपारं सुरजनाः
कथं भावात्मानं हरिमनुसरेयुश्च सरसाः।
कथं वा माहात्म्यं निजहृदि नयेयुर्व्रजभुवां
भवेदाविर्भावो यदि न भुवि वागीश भवतः ॥१॥

હે શ્રીવાગીશ મહાપ્રભો! જો આ ભૂતલમાં આપનું પ્રાકટ્ય ન થયું હોત તો દૈવી જીવો અપાર પારાવાર સંસાર-રૂપી સમુદ્રને કેવી રીતે તરી શકત? અને રસિક ભગવદીયો ભાવાત્મક શ્રીહરિને કેવી રીતે અનુસરી શકત? અને વ્રજ-

૧. આ ૩૯–૪૦–૪૧ એ ત્રણ ગ્રંથોનો અનુવાદ ઉમરેઠવાસી વે. શા. સં. શાસ્ત્રીજી જ્યેષ્ઠારામ હરજીવન જોશીયે કરેલો છે.—સંપાદક

ભક્તોના માહાત્મ્યને પોતાના હૃદયમાં કેવી રીતે સ્થાપન કરી શકત? અર્થાત્ હે શ્રીમહાપ્રભો! આપ આ ભૂતલ ઉપર પ્રકટ ન થયા હોત તો દૈવી જીવો આ સંસારસમુદ્રને તરી શકત નહિં, અને રસિક ભગવદીયો શ્રીહરિને અનુસરી શકત નહિં, તેમજ વ્રજભક્તોના માહાત્મ્યને પણ પોતાના હૃદયમાં સ્થાપન કરી શકત નહિં, અતએવ આપશ્રીના પ્રાકટ્યની પૃથ્વીમાં આવશ્યકતા હતી. ૧

**श्रयेयुः सन्मार्गं कथमनुभवेयुः सुखभरं**
**कथं वा सर्वस्वं निजमहह कुर्युश्च सफलम् ।**
**त्यजेयुः कर्मादेः फलमपि कथं दुःखसहितं**
**भवेदाविर्भावो यदि न भुवि वागीश भवतः ॥२॥**

હે શ્રીવાગીશ મહાપ્રભો! જો પૃથ્વીમાં આપનું પ્રાકટ્ય ન થયું હોત તો દૈવી જીવો પુષ્ટિભક્તિમાર્ગનો આશ્રય શી રીતે કરત? સુખસાગરનો અનુભવ કેવી રીતે કરત? અને પોતાનું સર્વસ્વ (સ્ત્રી, પુત્ર, ઘર, કુટુંબ, દ્રવ્યાદિક) આત્મનિવેદનદ્વારા પ્રભુને સમર્પી અહંતા-મમતાનો ત્યાગ કરી માનવજન્મ-સાર્થક્ય શી રીતે કરત? જેમાં પુણ્યક્ષીણ થતાં જન્મમરણનું દુઃખ ભોગવવું પડે છે એવા દુઃખવાળા કર્માદિકના ફળને કેવી રીતે ત્યાગ કરી શકત? અર્થાત્ આપ ભૂતલમાં પ્રકટ ન થયા હોત તો દૈવી જીવો પુષ્ટિભક્તિનો આશ્રય કરી આનંદાનુભવ કરતાં સર્વસ્વ સમર્પી કર્મમાર્ગના દુઃખવાળા ફલાદિકનો ત્યાગ કરી શકત નહિં. ૨

**वदेयुः सद्वादं कथमपहरेयुश्च कुमतिं**
**कथं वा सद्बुद्धिं भगवति विदध्युः कृतधियः ।**

**कथं लोकासक्तिं सपदि शमयेयुः समयुता**
**भवेदाविर्भावो यदि न भुवि वागीश भवतः ॥३॥**

હે શ્રીવાક્પતિ મહાપ્રભો! જો ભૂતલ ઉપર આપનું પ્રાકટ્ય ન થયું હોત તો દૈવી જીવો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદને કેવી રીતે વર્ણન કરી શકત? અને માયાવાદાદિકથી કલુષિત બુદ્ધિને કેવી રીતે દૂર કરી શકત? અને સુબુદ્ધિમાન્ ભક્તજનો ભગવાનમાં કેવી રીતે સદ્‌બુદ્ધિ ધારણ કરી શકત? શાંતિયુક્ત ભગવદીયો તત્કાલ કેવી રીતે લૌકિકાસક્તિને શાંત કરત, અર્થાત્ ત્યજી શકત? સારાંશ કે આપ પ્રકટ ન થયા હોત તો શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું જ્ઞાન થાત નહિં અને માયાવાદાસક્તિ છૂટત નહિં, તેમજ લૌકિકાસક્તિ ત્યજાયે ભગવદાસક્તિ જીવોને થાત નહિં. ૩

**व्रजेयुर्विश्वासं परमफलनिःसाधनपथे**
**कथं वेदाल्लोकात् जगति विचरेयुर्गतभयाः ।**
**कथं लीलाः सर्वाः सदसि कथयेयुः प्रमुदिता**
**भवेदाविर्भावो यदि न भुवि वागीश भवतः ॥४॥**

હે વાગીશ શ્રી મહાપ્રભો! આપ જો આ ભૂતલ ઉપર પ્રકટ ન થયા હોત તો ભગવલ્લીલા–મધ્યપાતરૂપી ઉત્કૃષ્ટ ફલ જેમાં પ્રાપ્ત થાય છે એવા નિ:સાધન માર્ગમાં વિશ્વાસ કેવી રીતે પ્રાપ્ત કરી શકત? લોકનો અને વેદનો ભય ત્યજી અર્થાત્ વેદથી અને લોકથી નિર્ભય બની જગતમાં કેવી રીતે ફરી શકત? અત્યંત હર્ષપૂર્વક સર્વે ભગવલ્લીલાઓનું સભામાં વર્ણન કેવી રીતે કરી શકત? અર્થાત્ હે શ્રીમહાપ્રભો! આપ

ભૂતલ ઉપર પ્રકટ ન થયા હોત તો આ નિઃસાધન માર્ગમાં વિશ્વાસપૂર્વક લોકથી અને વેદથી નિર્ભય બની સભામાં સહર્ષ ભગવલ્લીલાઓના રહસ્યને જાણી વર્ણન કરનારજ મળી શકત નહિં. ૪

**स्मरेयुः सद्भावं कथमखिललीलामुत विभो-**
**रनन्तत्वं रूपे कथमपि च जानीयुरखिलाः।**
**कथं वा गायेयुर्गुणगणमिहालौकिकरसा**
**भवेदाविर्भावो यदि न भुवि वागीश भवतः ॥५॥**

હે શ્રીવાગીશ મહાપ્રભો! ભૂતલ ઉપર જો આપનું પ્રાકટ્ય ન થયું હોત તો ભગવદ્ભાવને અર્થાત્ પ્રભુ તરફના નિર્ગુણ પ્રેમભાવને અને પ્રભુની સમગ્ર લીલાઓને દૈવી જીવો કેવી રીતે સ્મરણ કરી શકત? અને સમગ્ર દૈવી જીવો પ્રભુનાં સ્વરૂપ અનંત છે તે પણ કેવી રીતે જાણી શકત? અને આ ભૂતલમાં અલૌકિક રસિક ભગવદીયો પ્રભુના ગુણસમૂહને કેવી રીતે ગાઇ શકત? અર્થાત્ હે શ્રીમહાપ્રભો! આપ જો ભૂતલમાં પ્રકટ ન થયા હોત તો ભાવભાવન, લીલાભાવન અને સ્વરૂપભાવન થઈ શકતજ નહિં, તેમજ અલૌકિક રસથી ભરેલા રસિકો ગુણગાન પણ કરી શકત નહિં. ૫

**पठेयुः श्रीकृष्णोदितमथ पुराणं नियमिताः**
**कथं तस्याप्यर्थं निजहृदि धरेयुर्धृतियुताः।**
**कथं वा गोपीशं सदयमु भजेयुः फलतया**
**भवेदाविर्भावो यदि न भुवि वागीश भवतः ॥६॥**

હે શ્રીવાગીશ મહાપ્રભો! જો આ ભૂતલ ઉપર આપનું

પ્રાકટ્ય ન થયું હોત તો શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુએ કહેલાં ગીતાજીનો અને પુરાણ શ્રીમદ્‌ભાગવતનો અર્થ સમજીને નિયમપૂર્વક દૈવી જીવો પાઠ કેવી રીતે કરી શકત? અને તેના અર્થને એટલે શ્રીસુબોધિનીજીના ભાવને પણ ધૈર્યયુક્ત થઇ કેવી રીતે પોતાના હૃદયમાં ધારણ કરી શકત? અને દયાળુ શ્રીગોપીજનવલ્લભ શ્રીકૃષ્ણચન્દ્રને ફલરૂપ સમજી કેવી રીતે સેવા કરી શકત? અર્થાત્ જો આપ પ્રકટ ન થયા હોત તો નિબંધ અને સુબોધિનીદ્વારા શ્રીભગવત્પ્રોક્ત ગીતા અને શ્રીભાગવત પુરાણના તત્ત્વરૂપ રહસ્યને સમજી દૈવીજીવો પાઠ પણ ન કરી શકત, તેમજ શ્રીભાગવતના તત્ત્વને હૃદયમાં ધારણ કરી ફલરૂપ પ્રભુને સમજીને તેમની સેવા પણ કરી શકત નહિં. ૬

**वहेयुः स्वं धर्मं कथमितरसम्बन्धरहितं**
**सहेयुः पारुष्यं कथमसुरसम्बन्धिवचसाम् ।**
**दहेयुः स्वान्दोषान्कथमिह विना साधनबलं**
**भवेदाविर्भावो यदि न भुवि वागीश भवतः ॥७॥**

હે શ્રીવાગીશ મહાપ્રભો ! ભૂતલ ઉપર જો આપનું પ્રાકટ્ય ન થયું હોત તો અન્યાશ્રય–ત્યાગપૂર્વક અનન્ય ભક્તિરૂપ સ્વધર્મનું કેવી રીતે પાલન કરી શકત? આસુરી જીવોની બાણ જેવી વાણીની કઠોરતાને (આપના ઉપદેશામૃતનું પાન કર્યા વિના) કેવી રીતે સહન કરી શકત? અને આ કલિયુગમાં સાધન–બળ વિના પોતાના સહજાદિક દોષોને કેવી રીતે બાળી શકત? કારણકે મનુષ્ય માત્રને ૧. **સહજદોષ,** એટલે જન્મથી થતા દોષો અર્થાત્ હીનજાતિમાં ઉત્પન્ન થવું તે અથવા બીજદોષ અગર ગર્ભદોષ, ૨. **દેશોત્થદોષ**–એટલે

કૃષ્ણમૃગરહિત મ્લેચ્છદેશમાં રહેવાથી થતા દોષો, ૩. **કાલોત્થ-દોષ**–કલિકાલથી, અશુભમુહૂર્તાદિકથી, યા અવસ્થાથી થતા દોષો, ૪. **સંયોગદોષ**–ધર્મભ્રષ્ટ પતિતાદિકના સંસર્ગથી થતા દોષો, ૫. **સ્પર્શજદોષ**–શાસ્ત્રોમાં જે જે વસ્તુઓને તથા પ્રાણીઓને અસ્પૃશ્યો ગણેલાં છે તેમનો સ્પર્શ થવાથી થતા દોષો, એ પ્રકારે પાંચ પ્રકારના દોષો અવશ્ય લાગે છે; તે દોષોને નિવૃત્ત કરવા માટે શ્રીમહાપ્રભુજીએ આત્મનિવેદન પ્રભુને કરવાનું ભગવદ્–આજ્ઞાથી જણાવેલું છે, અર્થાત્ આપના પ્રાકટ્યથી અનન્યભક્તિરૂપ ધર્મ પાળી શકયા, કડવાં બાણ જેવાં વચન સહન કરી શક્યા, અને વગર સાધને બ્રહ્મસંબંધ કરી ભગવદ્–આજ્ઞાનુસાર આપને શરણે આવી સહજાદિક પાંચે પ્રકારના દોષો દૂર કરી શકયા. ૭

**જયેયુર્દુર્જેયાન् दनुजमनुजातानपि कथं**
**कथं वा मार्गीयं फलमुपदिशेयुश्च परमम् ।**
**कथं वै गच्छेयुः शरणमतिभावेन सततं**
**अवेदाविर्भावो यदि न भुवि वागीश भवतः ॥८॥**

હે શ્રીવાગીશ મહાપ્રભો! ભૂતલ ઉપર આપનું પ્રાકટ્ય ન થયું હોત તો કોઈનાથી ન જીતાય એવા અર્થાત્ દુઃખથી જીતાય એવા આસુરોને અને આસુરોને અનુસરનારા-ઓને કેવી રીતે જીતી શકાત? અને આ નિઃસાધન નિર્ગુણ પુષ્ટિભક્તિમાર્ગના ઉત્કૃષ્ટ ફલરૂપ મહામંત્રનો શી રીતે ઉપદેશ આપી શકત? અને અત્યંત ભાવપૂર્વક નિરંતર પ્રભુને શરણે શી રીતે જઈ શકત? અર્થાત્ આપ પ્રકટ થયા ન હોત તો

આસુરી જીવોને અને આસુરી જીવોને અનુસરનારાઓને અથવા આસુરભાવવાળાઓને જીતી શકાત નહિં, ભગવન્માર્ગીય પરમફલરૂપ મહામંત્રનો ઉપદેશ પણ મળી શકત નહિં અને દૈવી જીવો ભાવપૂર્વક ભગવત્-શરણાગતિ કરી જન્મ-મરણનાં દુઃખરૂપિયો સંસારસમુદ્ર તરી શકતજ નહિં; અતએવ હે શ્રીવાગીશ પ્રભો! ભૂતલ ઉપર આપના પ્રાકટ્યની દૈવીજીવોદ્ધારાર્થ આવશ્યકતા હતી. ૮

इति श्रीहरिदासोदितं श्रीवल्लभभावाष्टकं सम्पूर्णम् ।

## ४०. श्रीवैश्वानराष्टकम् ।

[ શિખરિણી ]

**समुद्भूतो भूमौ भगवदभिधानेन सदयः**
**समुद्धारं कर्तुं कृपणमनुजानां कलियुगे ।**
**चकार स्वं मार्गं प्रकटमतुलानन्दजननं**
**स मे मूर्धन्यास्तां हरिवदनवैश्वानरविभुः ॥१॥**

કલિયુગમાં દૈન્યરહિત અર્થાત્ નિઃસાધન મનુષ્યોનો સારી રીતે ઉદ્ધાર કરવાને અર્થાત્ ચોરાશીલક્ષ યોનિમાંથી નિર્મુકત કરી ભગવલ્લીલા-મધ્યપાતરૂપી ફલ પ્રાપ્ત કરાવવાને દયાયુકત થઈ પૃથ્વીમાં ભગવદ્-અવતાર તરીકે જેઓ પ્રકટ થયા અને અત્યંત આનંદજનક પોતાનો નિર્ગુણ પુષ્ટિભકિતમાર્ગ પ્રકટ કર્યો તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૧

**निजानन्दे मग्नः सततमथ लग्नश्च मनसा**
**हरौ मग्नासक्तिर्जगति जगदुद्धारकरणः ।**
**कृपापारावारः परहृदयशोकापहरणः**
**स मे मूर्धन्यास्तां हरिवदनवैश्वानरविभुः ॥ २ ॥**

નિજાનંદમાં ડૂબેલા અને નિરંતર શ્રીહરિમાં જેમની ચિત્ત-વૃત્તિનો નિરોધ થયેલો છે એવા, જગતમાં ભગવદાસક્તિ રાખી જગતનો ઉદ્ધાર કરવાવાળા, કૃપાના સમુદ્રરૂપ પારકાના હૃદયના શોકને દૂર કરનાર એવા તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૨

**महामायामोहप्रशमनमनोदोषनिचय-**
**प्रतीतः श्रीकृष्णः प्रकटपथविद्वेषसयुजाम् ।**
**मुखध्वंसं चक्रे निगमवचनैर्मायिकनृणां**
**स मे मूर्धन्यास्तां हरिवदनवैश्वानरविभुः ॥३॥**

મહામાયારૂપ શક્તિના મોહથી મનના દોષસમૂહને સારી રીતે શાંત કરનારા અને પ્રકટ માર્ગના દ્વેષમાં જોડાયેલા માયાવાદી મનુષ્યોનાં, શ્રીકૃષ્ણસ્વરૂપે પ્રતીત થઇ વેદવચનોથી જેમણે મુખ બંધ કર્યાં છે એવા તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૩

**प्रसिद्धैस्तैर्दोषैः सहजकलिदोषादिजनितै-**
**र्यतः स्वीयैर्धर्मैरपि च रहितः सर्वमनुजः ।**
**कृतः सम्बन्धेन प्रभुचरणसेवादिसहितः**
**स मे मूर्धन्यास्तां हरिवदनवैश्वानरविभुः ॥४॥**

પ્રસિદ્ધ એવા ૧. સહજદોષ, ૨. દેશોત્થદોષ, ૩. કાલોત્થદોષ, ૪. સંયોગજદોષ, ૫. સ્પર્શજદોષ, એ પાંચે પ્રકારના દોષો જીવોને લાગેલા હોય છે જેથી કરી પોતાના સ્વધર્મથી રહિત થયા છે તેવા સર્વે મનુષ્યોને જેમણે બ્રહ્મસંબંધદ્વારા તેમના સર્વદોષ નિવૃત્ત કરી પ્રભુના ચરણારવિન્દની સેવામાં પરાયણ કર્યા તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૪

**विभेदं यश्चक्रे हरिभजनपूजादिविधिषु**
**स्वमार्गीयप्राप्यं फलमपि फलेभ्यः समधिकम् ।**
**विना वैराग्यादेरपि परममोक्षैकफलदः**
**स मे मूर्धन्यास्तां हरिवदनवैश्वानरविभुः ॥५॥**

શ્રીહરિની ભક્તિ અને પૂજન વગેરે વિધિઓમાં જેઓએ વિશેષે કરીને ભેદ કરેલો છે, અર્થાત્ પૂજનમાં વિધિનું પ્રાધાન્ય છે અને ભક્તિમાં સ્નેહનું પ્રાધાન્ય છે એમ બતાવી સ્વમાર્ગીય એટલે ભગવદ્ભક્તિ કરનારાઓને અન્યકર્મજ્ઞાન વગેરે મર્યાદામાર્ગીયોના ફલથી સારી રીતે અધિક અને વૈરાગ્યાદિક સિવાય પરમલીલામધ્યપાતરૂપી એક ફલને આપનાર એવા તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૫

**परिक्रान्ता पृथ्वी चरणकमलैस्तीर्थमहिम-**
**प्रसिद्ध्यर्थं स्वीयस्मरणसमवाप्त्यै निजनृणाम् ।**
**तथा दैवान् जीवान् जगति च पृथक्कर्तुमखिलान्**
**स मे मूर्धन्यास्तां हरिवदनवैश्वानरविभुः ॥६॥**

પોતાના ભક્તજનોને આપનું સ્મરણ રહે તેટલા માટે અને તીર્થોનું માહાત્મ્ય પ્રસિદ્ધ થવા માટે, તેમજ જગતમાં

સમગ્ર દૈવી જીવોને શરણે લેઈ અન્ય જીવોથી જુદા કરવાને જેઓએ પોતાનાં ચરણકમલોથી પૃથ્વીપરિક્રમા કરી તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૬

**हरिं भावात्मानं तदखिलविहारानपि तथा**
**समस्तां सामग्रीं मनुजपशुपक्ष्यादिसहिताम् ।**
**कृपामात्रेणात्र प्रकटयति दृकूपारकरुणः**
**स मे मूर्धन्यास्तां हरिवदनवैश्वानरविभुः ॥७॥**

ભાવાત્મક શ્રીહરિને, તેમના સમગ્ર વિહારોને તેમજ મનુષ્ય, પશુ, પક્ષી સહિત સમસ્ત લીલાસામગ્રીને પણ જેઓ કૃપા માત્રથી અહિંયાં પ્રકટ કરે છે એવા, દૃષ્ટિ પડવાથી કરુણામય એવા તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૭

**परेषामासक्तिं सुतधनशरीरादिषु दृढां**
**द्रुतं भस्मीचक्रे बहलमपि तूलं ज्वल इव ।**
**स्वसान्निध्यादेव व्यसनमपि कृष्णेऽपि विदधत्**
**स मे मूर्धन्यास्तां हरिवदनवैश्वानरविभुः ॥८॥**

જેઓ અન્ય જીવોની પુત્ર ધન શરીર વગેરેમાં જે દૃઢ આસક્તિ હતી તે આસક્તિનો, અગ્નિ જેમ અત્યંત રૂના ઢગલાનો પણ નાશ કરે છે તેમ નાશ કરીને પોતાના સાંનિધ્યથીજ શ્રીકૃષ્ણમાં વ્યસન પણ સિદ્ધ કરાવે છે, તે ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુ મારા મસ્તક પર બિરાજો. ૮

**इति श्रीमत्प्रोक्तं हरिचरणदासेन हरिणा-**
**ष्टकं स्वाचार्याणां पठति परमप्रेमसहितः ।**

जनस्तस्य स्याद्वै हरिवदनवैश्वानरपदे
परो भावस्तूर्णं सकलफलरूपस्तदधिकः ॥९॥

એ પ્રકારે શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું ભગવચ્ચરણારવિંદના દાસ શ્રીહરિરાયજીએ કહેલા સૌન્દર્યયુક્ત અષ્ટકનો જે મનુષ્ય પરમ પ્રેમપૂર્વક પાઠ કરે છે તેને ભગવન્મુખાવતાર વૈશ્વાનર પ્રભુના ચરણારવિંદમાં સમગ્ર ફલરૂપ અને તેથી અધિક ભાવ પ્રાપ્ત થાય છે. ૯

इति श्रीहरिदासविरचितं श्रीवैश्वानराष्टकं सम्पूर्णम् ।

## ४१. श्रीमदाचार्यसकलावतारसाम्यरूपनिरूपणम् ।

[ અનુષ્ટુભ ]

यथा श्रीमद्वराहेण दंष्ट्रया चोद्धृता मही ।
हिरण्याक्षश्च निहतो गोद्विजामरदुःखदः ॥१॥
तथा श्रीवागधीशेन नष्टा भक्तिः समुद्धृता ।
निहत्य भक्तद्वेष्टारं दुष्टसङ्घभयप्रदम् ॥२॥
यतोऽयं वल्लभाधीशो विख्यातः पृथिवीतले ।
"रोषदृक्पातसम्प्लुष्टभक्तद्वि"डिति नामतः ॥३॥

इति वराहसाम्यम् ॥ १ ॥

જેવી રીતે શ્રીમદ્ વરાહ ભગવાને દાઢથી પૃથ્વીનો ઉદ્ધાર કર્યો અને ગાયો, બ્રાહ્મણો અને દેવોને દુઃખ દેનાર હિરણ્યાક્ષને માર્યો તેવી રીતે શ્રીવાગીશ ( વલ્લભાચાર્ય ) મહાપ્રભુએ

ભક્તોનો દ્વેષ કરનાર ભય આપનાર દુષ્ટોના સમુદાયને હણીને નાશ પામેલી ભક્તિનો ઉદ્ધાર કર્યો, જેથી આ શ્રીવલ્લભાધીશ્વર "रोषदृक्पातसम्प्लुष्टभक्तद्विड्" અર્થાત્ "રોષદૃષ્ટિના નિક્ષેપથી નાશ કર્યાં છે ભક્તના દ્વેષીઓ જેમણે" એવા નામથી પૃથ્વીમાં પ્રસિદ્ધ થયા. એ પ્રકારે વરાહ–સામ્ય. ૧-૨-૩

**सनन्दनाद्यो देवा ब्रह्मचर्यप्रकाशकाः ।**
**बभूवुर्ब्रह्मणः पुत्राः शुद्धमार्गप्रवर्तकाः ॥४॥**
**तथाऽयमपि वागीशो ह्यन्यस्त्रीसङ्गमत्यजत् ।**
**अतएवास्य नामास्ति "सुपूरित" "रहःप्रियः" ॥५॥**
**"पतिव्रतापति"श्चेति तेन तद्वद्बभूव सः ।**
**ब्रह्मचर्यत्वसंसिद्धिस्तेन जाता महाप्रभोः ॥६॥**

**इति सनकादिसाम्यम् ॥२॥**

જેવી રીતે શુદ્ધ માર્ગને પ્રવૃત્ત કરનારા, બ્રહ્મચર્ય વ્રતને પ્રકાશ કરનારા, બ્રહ્માના પુત્રો સનંદન, સનક, સનાતન અને સનત્કુમાર દેવતાઓ થયા, તેવી રીતે આ વાગીશ મહાપ્રભુ પણ અન્ય સ્ત્રીઓના સંગને ત્યાગ કરનારા થયા, એટલા માટે એમનાં નામ "**सुपूरितः**" "**रहःप्रियः**" "**पतिव्रतापतिः**" અર્થાત્ 'પરિપૂર્ણ એવા,' 'એકાંત પ્રિય એવા' અથવા 'ઐકાંતિક ભક્તોમાં પ્રીતિવાળા,' અને 'પતિવ્રતાઓના પતિ એટલે ઉદ્ધારક એવા' અથવા 'પતિવ્રતા એટલે અનન્ય ભક્તિ કરનારા ભકતોને સંરક્ષણ કરનારા એવા છે,' તેથી તે સનકાદિક તુલ્ય થયા, અને તેથી શ્રીમહાપ્રભુના બ્રહ્મચર્યત્વની સારી રીતે સિદ્ધિ થયેલી છે. એ પ્રકારે સનકાદિક–સામ્ય થયું. ૪–૫–૬

**यथा श्रीनारदः पञ्चरात्रं व्यरचयत्प्रभुः ।**
**यस्मिन्सेवाप्रकारं च स्फुटं श्रीमानकल्पयत् ॥७॥**
**" भक्त्याचारोपदेष्टा"भू"त्कर्ममार्गप्रवर्त्तकः " ॥८॥**
**येनाचारश्च यज्ञश्च पुष्टिमार्गः प्रवर्त्तितः ।**
**ततोऽयं "यज्ञकर्त्ता" च "यज्ञभोक्ते"ति विश्रुतः ९**

**इति नारदसाम्यम् ॥३॥**

જેવી રીતે શ્રીમાન્ પ્રભુ નારદે પંચરાત્રની રચના કરી છે કે જેમાં સ્પષ્ટ રીતે સેવાપ્રકાર વર્ણન કરેલો છે, તેવી રીતે શ્રીમહાપ્રભુ પણ "ભક્તિ માટે આચારનો ઉપદેશ કરનારા" અને "કર્મમાર્ગને પ્રવૃત્ત કરનારા" હોવાથી "જેમણે પુષ્ટિમાર્ગ-રૂપી આચાર–યજ્ઞ પ્રવૃત્ત કરેલો છે," તેથી આ શ્રીમહાપ્રભુ "**भक्त्याचारोपदेष्टा**" "**कर्ममार्गप्रवर्त्तकः**" "**यज्ञकर्त्ता**" "**यज्ञभोक्ता**" એ પ્રકારે નામોથી પ્રસિદ્ધ થયા. એ પ્રકારે નારદસામ્ય થયું. ૭–૮–૯

**यथा नारायणो देवो गन्धमादनवासभाक् ।**
**कामसेनां विजित्याशु तिष्ठत्येकान्त ईश्वरः १०**
**तथाऽयमपि दुष्टौघं विजित्य करुणानिधिः ।**
**कृष्णप्रिये व्रजेऽवासीद्यतोऽयं श्री"व्रजप्रियः" ।११**

**इति नारायणसाम्यम् ॥४॥**

શ્રીનારાયણદેવ ગંધમાદન પર્વતમાં નિવાસ કરતા કામ-દેવની સેનાને સત્વર જીતીને સમર્થ બની એકાંતમાં રહે છે, તેવી રીતે આ કરુણાસાગર શ્રીમહાપ્રભુ પણ દુષ્ટ ઈન્દ્રિય-

સમૂહને જીતીને શ્રીકૃષ્ણ ભગવાનને પ્રિય એવા વ્રજમાં નિવાસ કરે છે, જેથી આ શ્રીમહાપ્રભુ " व्रजप्रियः " અર્થાત્ "જેમને વ્રજપ્રિય છે" એવા નામે કહેવાયા. એ પ્રકારે નારાયણ-સામ્ય થયું. ૧૦–૧૧

**यथा श्रीकपिलः साङ्ख्यमुक्त्वा ज्ञानमुपाहरत् ।**
**जीवानां दुष्टमनसां देवहूतीप्रियावहः ॥१२॥**

**तथाऽणुभाष्यव्याख्यानादयमप्यखिलेश्वरः ।**
**विनाश्याऽज्ञानपटलं चरतां निजवर्त्मनि ॥१३॥**

**बभौ सर्वत्र विजयी श्रीइलम्माप्रियावहः ।**
**अतएवास्य नामोक्तं "सूत्रभाष्यप्रवर्त्तकः "॥१४॥**

इति कपिलसाम्यम् ॥ ५ ॥

જેવી રીતે શ્રીકપિલદેવજીએ સાંખ્યનું નિરૂપણ કરીને દુષ્ટ મનવાળા જીવોનું અજ્ઞાન દૂર કર્યું અને દેવહૂતીનું પ્રિય કર્યું, તેવી રીતે આ સમગ્ર દૈવી જીવોદ્ધારક શ્રીમહાપ્રભુજી પણ બ્રહ્મસૂત્ર ઉપર " અણુભાષ્ય "નું વ્યાખ્યાન કરીને પોતાના ભકિતમાર્ગને અનુસરનાર જીવોના અજ્ઞાન–સમૂહને દૂર કરી સર્વત્ર વિજયી થયા, અને શ્રી ઈલમ્માજીનું પ્રિય કર્યું, એટલા માટે એમનું નામ " सूत्रभाष्यप्रवर्त्तकः " " સૂત્ર-ભાષ્યને પ્રવૃત્ત કરનારા" એવું કહેવાયું. એ પ્રકારે શ્રીકપિલ-દેવનું સામ્ય થયું. ૧૨–૧૩–૧૪

**आन्वीक्षिकीं यथा दत्तः प्रह्लादादिभ्य उक्तवान् ।**
**नानावाक्यप्रचारेण दृढीकृत्य सतां मतम् ॥१५॥**

तथाऽयमपि वागीशः समाश्रित्य सतां मतम् ।
"भक्त्याचारोपदेशार्थं नानावाक्यनिरूपकः" ॥१६॥
तदर्थमेव भगवान् कथयामास वै बहून् ।
स्तवान् कृष्णाश्रयाद्यांश्च 'प्रभुः' 'श्रीकृष्णहार्दवित्' १७

इति दत्तसाम्यम् ॥ ६ ॥

જેવી રીતે શ્રીદત્તાત્રેયજીએ આન્વીક્ષિકી વિદ્યા પ્રહ્લાદજી વગેરેને વર્ણન કરીને નાના પ્રકારના ઉપદેશનો પ્રચાર કરી સત્પુરુષોના મતને દૃઢ કર્યો, તેવી રીતે આ વાગીશ પ્રભુએ પણ સત્પુરુષોના મતનો આશ્રય કરી "ભક્તિ માટે આચારનો ઉપદેશ કરવા સારૂ નાના પ્રકારે વાક્યોનું નિરૂપણ કર્યું," અને તે ભક્તિના પ્રચારાર્થેજ શ્રીમહાપ્રભુએ શ્રીકૃષ્ણાશ્રય વગેરે ઘણાં સ્તોત્રો વર્ણિત કર્યાં. તેથીજ "श्रीकृष्णहार्दवित्" "શ્રી શ્રીકૃષ્ણના હાર્દને જાણનારા" કહેવાયા. એ પ્રકારે શ્રીદત્તાવતાર-સામ્ય થયું. ૧૫-૧૬-૧૭

यथा यज्ञावतारश्च यामादिद्वादशात्मजैः ।
सार्द्धं गुणगणाब्धिश्चारक्षत्स्वायम्भुवान्तरम् ।१८।
तथा श्रीवल्लभाधीशः कुमाराभ्यां च नप्तृभिः ।
दूरीकृत्यासुरान् सर्वानपात्सारस्वतान्तरम् ॥१९॥

इति यज्ञावतारसाम्यम् ॥७॥

જેવી રીતે ગુણસમૂહના સાગરરૂપ યજ્ઞાવતાર પ્રભુએ યામ વગેરે બાર પુત્રો સાથે મળીને સ્વાયંભુવમન્વંતરનું રક્ષણ કર્યું, તેવી રીતે શ્રીવલ્લભાધીશ્વર પ્રભુએ પોતાના શ્રીગોપી-

નાથજી અને શ્રીવિઠ્ઠલનાથજી એ બે પુત્રો તથા શ્રીવિઠ્ઠલ-નાથજીના સાત પુત્રરૂપ પૌત્રો એમ એ બધાએ સાથે મળીને સર્વે આસુરી જીવોને દૂર કરીને સારસ્વત કલ્પના દૈવીજીવોનું રક્ષણ કર્યું. એ પ્રકારે યજ્ઞાવતાર–સામ્ય દર્શાવ્યું. ૧૮–૧૯

**यथा श्रीऋषभो देवः पुत्राणां ज्ञानदोऽभवत् ।**
**अज्ञातान्तर्द्धिरमलः पुंसां मोहाब्धिमज्जताम् ॥२०॥**
**तथाऽयं "चाज्ञातलीलो" नाम्ना ख्यातश्च भूतले ।**
**"स्ववंशे स्थापिताशेषस्वमाहात्म्य"श्च सोऽभवत्२१**

**इति ऋषभदेवसाम्यम् ॥ ८ ॥**

જેવી રીતે પ્રકટ જણાતી નથી અંદરની બુદ્ધિ જેમની એવા નિર્મળ શ્રીઋષભદેવજી પોતાના પુત્રોના નિમિત્તે મોહસાગરમાં ડૂબતા પુરુષોને જ્ઞાન આપનાર થયા, તેવી રીતે આ શ્રી-મહાપ્રભુજી જેમની લીલા કોઈ જાણી શકતું નથી તેથી "**अज्ञातलीलः**" એ નામે અને "પોતાના વંશમાં સ્થાપન કર્યું છે સમગ્ર માહાત્મ્ય જેમણે" એટલે પોતાના વંશમાં સમગ્ર માહાત્મ્ય સ્થાપન કરવાથી "**स्थापिताशेषस्वमाहात्म्यः**" એ નામે ભૂતળમાં પ્રસિદ્ધ થયા. એ પ્રકારે શ્રીઋષભાવતાર–સામ્ય પ્રદર્શિત કર્યું. ૨૦–૨૧

**यथा श्रीपृथुराजा च गोरूपोर्वीं दुदोह वै ।**
**सर्वजीवार्थमनघो महाराजोपसेवितः ॥२२॥**
**तथा महेन्दिरास्वामी सामवेदसमुद्भवाः ।**
**ऋग्धेनूः सन्दुदोहाऽयं 'भक्तेच्छापूरका'ह्वयः ॥२३॥**

**पुष्टिमार्गप्रचारार्थं शुद्धाद्वैतमताप्तये।**
**"लीलामृतरसौघार्द्रीकृताखिलशरीरभृत्" ॥२४॥**

**इति पृथुसाम्यम् ॥ ९ ॥**

જેવી રીતે મ્હોટા રાજાઓએ સેવાયેલા પાપરહિત શ્રીપૃથુરાજાએ સર્વે જીવોના ઉપકારાર્થે ગાયનું રૂપ ધારણ કરનાર પૃથ્વીનું દોહન કર્યું તેવી રીતે મહાલક્ષ્મીપતિ શ્રીમહાપ્રભુએ શુદ્ધાદ્વૈત મતનું સ્થાપન કરવા અને પુષ્ટિ-ભક્તિમાર્ગનો પ્રચાર કરવા માટે સામવેદોદ્ભવ ઋગ્વેદની શ્રુતિઓરૂપી ધેનુઓને દોહન કરી અને ભક્તોની ઇચ્છા પૂર્ણ કરી જેથી "**भक्तेच्छापूरकः**" અને લીલામૃતરૂપ રસના સમૂહથી સમગ્ર દેહધારીઓને સ્નિગ્ધ કરવાથી "**लीलामृत-रसौघार्द्रीकृताखिलशरीरभृत्**" એ નામે કહેવાયા. એ પ્રકારે શ્રીપૃથુઅવતાર–સામ્યનિરૂપણ થયું. ૨૨ ૨૩–૨૪

**भक्तं यथैकं मत्स्यस्तु सत्यवन्तमयात्प्रभुः।**
**जलात्प्रलयकालीनान् मात्स्यं संश्रावयज्जनान् ॥२५॥**
**तथा श्रीवल्लभेशस्तु संसारभयवारिधेः।**
**भक्तानपाद्बहून् श्रीशः श्रावयित्वा सुबोधिनीम् ॥२६॥**

**इति मत्स्यसाम्यम् ॥१०॥**

જેવી રીતે શ્રીમત્સ્યાવતાર પ્રભુએ એક સત્યવાન્ ભક્તનું પ્રલયકાળના જળથી રક્ષણ કરી મનુષ્યોને મત્સ્ય પુરાણ શ્રવણ કરાવ્યું, તેવી રીતે મહાલક્ષ્મીપતિ શ્રીમહાપ્રભુ વલ્લભાધીશ્વરે તો સુબોધિનીનું શ્રવણ કરાવીને સંસાર–ભયના સમુદ્રથી અર્થાત્ જન્મમરણના દુઃખથી ઘણા ભક્તોનું રક્ષણ કર્યું. એ પ્રકારે મત્સ્યાવતાર–સામ્ય–નિરૂપણ કર્યું. ૨૫–૨૬

सुरासुराणामुदधिं मथ्नतामममृतं यदा ।
भूतोऽप्राप्तामृतानां च क्लिश्यतां तेन कर्मणा ॥२७॥
तदा श्रीकमठः साक्षाद्दध्रे मन्दरपर्वतम् ।
पृष्ठे च हाटकमयं लक्षयोजनविस्तृते ॥२८॥
तथैव दैवजीवानामासुराणां च वाक्पतिः ।
क्लिश्यतां भवसिन्धौ च मोक्षपीयूषहेतवे ॥२९॥
गृहीत्वा ज्ञानसर्पस्य मुखपुच्छौ महाप्रभुः ।
तदा प्रलुप्तं निगमपर्वतं चोद्दधार ह ॥३०॥
दुष्टोत्थापितपाखण्डविषं भूरिपराक्रमम् ।
"पत्रावलम्बन" शिवरूपेणाथ पपौ मुदा ॥३१॥

इति कमठसाम्यम् ॥११॥

દેવદૈત્યો મળી સમુદ્રમંથન કરતાં અમૃત ઉત્પન્ન ન થયું, અને અમૃત પ્રાપ્ત ન થતાં કેવળ મંથન કરવારૂપ કર્મથી જ્યારે દેવ અને દૈત્યો કલેશ પામવા લાગ્યા ત્યારે પ્રભુએ સાક્ષાત્ શ્રીકૂર્મ(કચ્છપ) સ્વરૂપ ધારણ કરી એક લાખ યોજન વિસ્તાર-વાળી પીઠ ઉપર સુવર્ણમય મંદરાચલ પર્વતને ધારણ કર્યો, તેવીજ રીતે સંસારસમુદ્રમાં મોક્ષરૂપ અમૃતને માટે દૈવી અને આસુરી જીવોને કલેશ પામતા જોઈને શ્રીવાક્પતિ મહાપ્રભુએ જ્ઞાનરૂપ સર્પનું મુખ અને પુચ્છ ગ્રહણ કરીને તે સમયે ડૂબતા વેદરૂપ મંદરાચલનો ઉદ્ધાર કર્યો અને દુષ્ટોએ કાઢેલા અત્યંત પરાક્રમી પાખંડ માર્ગરૂપ વિષનું ત્યારપછી **પત્રાવલંબનરૂપી** શિવરૂપ ધારણ કરીને હર્ષપૂર્વક પાન કરી ગયા. એ પ્રકારે શ્રીકૂર્માવતાર—સામ્ય દર્શાવ્યું. ૨૭–૩૧

**यथा धन्वन्तरिः पुंसां स्मृतिमात्रार्त्तिनाशनः ।**
**तथा सतामयमपि "स्मृतिमात्रार्त्तिनाशनः" ॥३२॥**

इति धन्वनतरिसाम्यम् ॥१२॥

જેવી રીતે શ્રીધન્વન્તરિજી સ્મરણ કરવા માત્રથી દુઃખનો યા રોગાદિકનો નાશ કરે છે, તેવી રીતે આ શ્રીમહાપ્રભુજી પણ સત્પુરુષોને સ્મરણ કરવા માત્રથી જન્મમરણરૂપ દુઃખનો નાશ કરી ભગવત્પ્રાપ્તિ કરાવનાર હોવાથી "स्मृतिमात्रार्त्तिनाशनः" કહેવાય છે. એ પ્રકારે શ્રીધન્વન્તરિ–સામ્ય પ્રદર્શિત કર્યું. ૩૨

**यथा श्रीमोहिनी दैत्यान् मोहयित्वाथ चाक्षुषैः ।**
**दैत्योत्सङ्गगतं पात्रं सुधायाः प्राप्य निर्मलम् ॥३३॥**
**सुरेभ्यश्चामृतं भूयो ददौ, दैत्येभ्य एव न ।**
**पुरुषोऽपि महाविष्णुर्धृत्वा स्त्रीरूपमद्भुतम् ॥३४॥**
**एवं श्रीवल्लभोऽपीशो नष्टं वेदमनुत्तमम् ।**
**उद्धृत्य जगतां नाथो निजभक्तार्थमादरात् ॥३५॥**
**विरुद्धाश्रयतो दुष्टान् मोहयित्वा महाप्रभुः ।**
**तेन सम्मथ्य निगमगिरिणास्मिन्भवे शुभम् ॥३६॥**
**पुष्टिरूपामृतमयं निष्कास्य गुणवारिधेः ।**
**देवेभ्योऽदादासुरेभ्यो न ददौ भक्तवत्सलः ॥३७॥**
**पूर्वमासीत्स्वयमपि वल्लभोऽथ द्वितीयके ॥**
**अवतारे सम्बभूव वाक्पतिः पुरुषाकृतिः ॥३८॥**

इति मोहिनीसाम्यम् ॥१३॥

જેવી રીતે પુરુષ શ્રીમહાવિષ્ણુ શ્રીમોહિની–સ્વરૂપે અદ્ભુત સ્ત્રીરૂપ ધારણ કરીને નેત્રોના કટાક્ષદ્વારા દૈત્યોને મોહ ઉત્પન્ન કરીને દૈત્યોની પાસે ગયેલા નિર્મળ અમૃતનું પાત્ર લેઈને વારંવાર દેવતાઓને આપ્યું પરંતુ દૈત્યોને નજ આપ્યું, એ પ્રકારે સમર્થ શ્રીવલ્લભાધીશ્વરે પણ–જેનાથી કોઈ ઉત્તમ નથી એવા, નષ્ટપ્રાય થયેલા વેદનો ઉદ્ધાર કરીને જગદ્ગુરુ, ગુણના સમુદ્ર અને ભક્તવત્સલ શ્રીમહાપ્રભુએ–વિરુદ્ધાશ્રય–સ્વરૂપથી દુષ્ટ આસુરી જીવોને મોહ ઉત્પન્ન કરીને આદરથી નિજ ભક્તોને માટે તે વેદરૂપી પર્વતથી આ સંસારસમુદ્રનું મંથન કરીને શુભ પુષ્ટિરૂપ અમૃતને કાઢીને દૈવી જીવોને પાન કરાવ્યું, અને આસુરી જીવોને ન આપ્યું. પૂર્વે નિત્યલીલામાં સ્વયં બિરાજતા અને ત્યારપછી બીજા અવતારમાં પુરુષરૂપે શ્રી-વાક્પતિ વલ્લભાચાર્યજી થયા. એ પ્રકારે શ્રીમોહિની–અવતાર–સામ્ય–નિરૂપણ કર્યું. ૩૩–૩૮

[ ગદ્ય-ભાગ ]

अथ सकलजगदार्त्तितटिनीपतिनिवारको भगवान्नरसिंहो यथा स्तम्भादाविर्भूय हिरण्यकशिपुं कराग्रेण विदार्य निजभक्तं प्रह्लादं ररक्षैवं भगवान् श्रीवल्लभाधीशोऽपि 'चम्पकारण्ये' वीतिहोत्रात्प्रकटीभूयाखिलदुःखदातारं जीवाज्ञानरूपमहादैत्यं सद्वाक्यप्रचारनखैर्भित्त्वा प्रह्लादरूपवैष्णववृन्दमरक्षादित्यतएव "उग्रप्रताप" इति नामनिर्देश इति ॥ ३९ ॥

इति नृसिंहसाम्यम् ॥ १४ ॥

ત્યારપછી સમગ્ર જગત્‌ના દુઃખરૂપી સમુદ્રનું નિવારણ કરનાર ભગવાન્ નૃસિંહે જેવી રીતે સ્તંભમાંથી પ્રકટ થઈને હિરણ્યકશિપુનું નખથી વિદારણ કરીને સ્વકીય ભક્ત પ્રહ્લાદનું રક્ષણ કર્યું, એવી રીતે ભગવાન્ શ્રીવલ્લભાધીશ્વરે પણ **ચંપારણ્ય**માં અગ્નિથી પ્રકટ થઈને સમગ્ર જગત્‌ને દુઃખ આપનાર જીવોના અજ્ઞાનરૂપ મ્હોટા દૈત્યનું સદ્‌વાકયના પ્રચારરૂપ નખોથી વિદારણ કરીને પ્રહ્લાદરૂપ વૈષ્ણવસમૂહનું રક્ષણ કર્યું, એટલા હેતુથીજ "**उग्रप्रतापः**" 'મહાન્ પ્રતાપવાળા' એવા નામથી પ્રસિદ્ધ થયા. એ પ્રકારે શ્રીનૃસિંહાવતાર–સામ્ય પ્રકટ કર્યું. ૩૯

**अथ च यथाखिलगीर्वाणकदम्बसमीडितगरिष्ठगुणगणपटलो भगवान् वामनः कश्यपसुत आदौ भिक्षुरूपं गृहीत्वा बलेः सर्वस्वमाच्छिद्य ववृधे, पुनश्च तेन सम्पूजितस्तमनुगृह्यान्तर्दधे, तथैव भगवान् इलापतिः श्रीलक्ष्मणराजकुमारः शुद्धभिक्षुकवद्रूपं समाश्रित्य तत्र च महदभिमानिपण्डितसमूहं विजित्याचार्यपदवीं च प्राप्य विद्यानगराधीश्वरमनुगृह्य तेषां निरुत्तराणां जयेन पुष्टिमार्गमार्त्तण्डोदयं कृत्वा मातुलाभिमानं चाहत्य "कनकाभिषेका"सयशःप्रसारेण वृद्धिं प्राप्य पृथिवीं पर्यक्रामदिति ॥४०॥**

**इति वामनसाम्यम् ॥१५॥**

ત્યારપછી જેવી રીતે સમગ્ર દેવસમૂહે સ્તુતિ કરાયેલા મહાન્ ગુણ સમૂહથી વ્યાપ્ત એવા કશ્યપપુત્ર ભગવાન્

વામનજી પ્રથમ ભિક્ષુસ્વરૂપ ધારણ કરીને બલિરાજાનું સર્વસ્વ લેઈને વૃદ્ધ પામ્યા અર્થાત્ વિરાટ સ્વરૂપ ધારણ કર્યું, અને ફરીથી બલિરાજાએ પૂજાયેલા એવા તે તેની ઉપર અનુગ્રહ (કૃપા) કરીને અંતર્ધાન થયા, તેવીજ રીતે પૃથ્વીપતિ શ્રીલક્ષ્મણરાજકુમાર **ભગવાન્ શ્રીવલ્લભાધીશ્વરે** શુદ્ધ ભિક્ષુકના જેવું સ્વરૂપ ધારણ કરીને અને ત્યાં મહાઅભિમાની એવા **પંડિતોના સમૂહને જીતીને** આચાર્યપદવી **મેળવીને વિદ્યાનગરના રાજા** શ્રીકૃષ્ણદેવ ઉપર કૃપા કરીને તે નિરુત્તર કરેલા પંડિતોનો વિજય કરીને **શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ-રૂપ પુષ્ટિમાર્ગરૂપી સૂર્યનો** ઉદય કરીને અને પોતાના મામાનો ગર્વ ઉતારીને **કનકાભિષેકથી પ્રાપ્ત કરેલી સત્કીર્તિના પ્રસારથી વૃદ્ધિ પામીને** પૃથ્વીપરિક્રમા કરી. એ પ્રકારે વામનાવતાર–સામ્ય દર્શાવ્યું. ૪૦

[ અનુષ્ટુભ ]

**यथा द्विजद्रोहकरान् जघान क्षत्रियान्बहून् ।**
**परश्वधेन तीक्ष्णेन रेणुकानन्दवर्धनः ॥४१॥**
**तथा श्रौतद्रोहकरान् यः स्मार्तांस्त्वासुरान् प्रभुः ।**
**"पत्रावलम्ब"खण्डेन जित्वा चक्रे निरुत्तरान् ॥४२॥**

इति परशुरामसाम्यम् ॥ १६ ॥

જેવી રીતે રેણુકાના આનંદની વૃદ્ધિ કરનાર પરશુરામે બ્રહ્મદ્રોહ કરનારા ઘણા ક્ષત્રિયોનો તીક્ષ્ણ પરશુદ્વારા નાશ કર્યો, તેવી રીતે **શ્રૌતદ્રોહી** સ્માર્ત આસુરી જીવોને શ્રી-મહાપ્રભુજીએ **પત્રાવલંબનદ્વારા** જીતીને નિરૂત્તર કર્યા. એ પ્રકારે શ્રીપરશુરામાવતાર–સામ્ય પ્રદર્શિત કર્યું. ૪૧–૪૨

**कलिकालमलग्रस्तान् जीवानालोक्य दुर्मतीन् ।**
**मन्दभाग्यांस्तथा दुष्टान् श्रीमान् सत्यवतीसुतः ॥४३॥**
**श्रीमद्भागवतालापादुद्दधार दयापरः ।**
**पाखण्डतिमिराक्रान्तजीवजालदिवाकरात् ॥४४॥**
**तथा महाप्रभुरपि दुष्टाध्वार्णवमज्जितान् ।**
**जीवानालोक्य भगवान्पुष्टिमार्गोपदेशतः ॥४५॥**
**अङ्गीकृत्य मन्त्रदानाच्च चक्रे भयविवर्जितान् ।**
**पुत्रपौत्रप्रपौत्राद्यैः करोति च करिष्यति ॥४६॥**

इति श्रीवेदव्याससाम्यम् ॥ १७ ॥

જેવી રીતે મહાદયાળુ શ્રીમાન્ સત્યવતીપુત્ર વેદવ્યાસે કલિકાળના મળથી ઘેરાયેલા, દુષ્ટ બુદ્ધિવાળા, મંદભાગ્યવાળા, અને દુષ્ટ એવા જીવોને જોઈને પાખંડરૂપ અંધકારથી વ્યાપ્ત જીવસમૂહનો, અજ્ઞાન નાશ કરવામાં સૂર્ય સમાન શ્રીમદ્ ભાગવત પ્રકટ કરીને ઉદ્ધાર કર્યો, તેવી રીતે શ્રીભગવાન્ મહાપ્રભુએ પણ દુષ્ટ (પાખંડ) માર્ગરૂપ સમુદ્રમાં ડૂબેલા જીવોને જોઈને શરણ અને આત્મનિવેદનના મંત્રોપદેશથી અંગીકાર કરી પુષ્ટિમાર્ગનો ઉપદેશ કરીને ભયરહિત કર્યા, અને પુત્રો, પુત્રના પુત્રો અને તેમના પણ પુત્રો વગેરે અર્થાત્ સ્વવંશદ્વારા ભયરહિત કરે છે અને કરશે. એ પ્રકારે શ્રીવેદ–વ્યાસાવતાર–સામ્ય–નિરૂપણ થયું. ૪૩ થી ૪૬

**अयोध्याधिपती रामः सेतुं कृत्वा यथार्णवे ।**
**स्वसेनां स्थापयामास जिग्ये़ऽसुरचमूर्द्रुतम् ॥४७॥**

**तथेलम्माकुमारोऽपि श्रीमद्भागवतार्णवे ।**
**सेतुं "सुबोधिनी"रूपं विधायातारयज्जनान् ॥४८॥**
**जिगायासुरवर्गं च वैष्णवद्वेषकारकम् ।**
**"श्रीभागवतपीयूषसमुद्रमथनक्षमः" ॥४९॥**

**इति दाशरथिरामसाम्यम् ॥ १८ ॥**

જેવી રીતે અયોધ્યાના અધિપતિ ભગવાન્ શ્રીરામચંદ્રજી સમુદ્રમાં સેતુ બાંધીને પોતાની સેનાને પાર લેઇ ગયા અને જલ્દીથી દૈત્ય સેનાને જીત્યા, તેવી રીતે ઈલમ્માકુમાર શ્રીવલ્લભાચાર્યજીએ પણ શ્રીમદ્ભાગવતરૂપી સમુદ્ર ઉપર સુબોધિનીરૂપ સેતુ બાંધીને દૈવી જીવોને તાર્યા, અને વૈષ્ણવોનો દ્વેષ કરનાર આસુરી જીવસમૂહને જીત્યા, એ હેતુથીજ " श्रीभागवतपीयूषसमुद्रमथनक्षमः " અર્થાત્ " શ્રીભાગવતરૂપી અમૃતના સમુદ્રનું મથન કરવામાં સમર્થ " એવા નામે પ્રસિદ્ધ થયા. એ પ્રકારે શ્રીદાશરથિ–રામાવતાર–સામ્ય દર્શાવ્યું. ૪૭–૪૮–૪૯

[ ગદ્યભાગ ]

**अथ यथा सकलजगदभीष्टसम्पादकः श्रीभगवान् श्रीनन्दराजकुमारो निजसहोदरेण श्रीरेवतीरमणेन पूर्णरेवतीरमणसदृशेन सारस्वतकल्पेऽवतीर्य दुष्टकदम्बरूपं भूभारमुज्जहार, स्वहस्तमारणेन च तन्मोक्षं चकारैवमसावपि भगवान् पुरुषोत्तमो नारायणादिदीक्षितानां सोमयागफलस्वरूपः श्रीलक्ष्मणाङ्गजः कलाववतीर्य पुत्राभ्यां श्रीगोपीनाथविट्ठलाभ्यां सहाष्टाक्षरदानेन**

निगददानेन च केनचिदपराधविशेषेण विनष्टमतीन् अतएव गोलोकच्युताञ् जीवानुद्धारेति ॥५०॥

इति श्रीकृष्णसाम्यम् ॥ १९ ॥

ત્યારપછી જેવી રીતે સમગ્ર જગતને ઈચ્છિત સંપાદન કરનાર ષડૈશ્વર્યસંપન્ન શ્રીનંદરાજકુમાર શ્રીકૃષ્ણચંદ્રપ્રભુએ પોતાના સહોદર મ્હોટાભાઈ શ્રીરેવતીરમણ શ્રીબલભદ્રજી સાથે પૂર્ણરેવતીરમણતુલ્ય સારસ્વત કલ્પમાં પ્રકટ થઈને દુષ્ટ સમૂહ-રૂપી પૃથ્વીના ભારને ઉતાર્યો, અને શ્રીહસ્તે મારવાથી તેઓનો મોક્ષ કર્યો, એ પ્રકારે આ પુરુષોત્તમ ભગવાને પણ નારાયણ દીક્ષિત વગેરેના સોમયાગના ફલ સ્વરૂપ એવા શ્રીલક્ષ્મણ-ભટ્ટજીના અંગથી પ્રકટ થયેલા શ્રીમહાપ્રભુજીએ કલિયુગમાં પ્રકટ થઈને શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજી બંને પુત્રો સાથે અષ્ટાક્ષર અને ગદ્યમંત્રનું દાન કરીને કોઇ અપરાધવશાત બુદ્ધિનાશ થવાથી એજ હેતુથી ગોલોકથી ચ્યુત થયેલા (વિછરેલા) જીવોનો ઉદ્ધાર કર્યો. એ પ્રકારે શ્રીકૃષ્ણાવતાર-સામ્ય નિરૂપણ કર્યું ૫૦

[ અનુષ્ટુપ ]

यथा हलधरः श्रीमान् निजानन्दाब्धिमज्जितः ।
कृष्णसौख्यप्रयत्नात्मा रोहिण्यानन्दवर्धनः ॥५१॥

किञ्च—

[ ઉદ્ગીતિ ]

निजभाण्डकारकाणामभीष्टदाताथ रेवतीश्रेष्ठः ।
श्रीपुष्टिमार्गसंस्थैः सद्भिः सेव्यो व्रजेशवन्नित्यम् ॥५२॥

[ અનુષ્ટુભ ]

तथाऽयमपि वागीशो नामभिस्तत्सदक्षकैः ।
विख्यातस्त्रिषु लोकेषु कृष्णानुग्रहभाजनः ॥५३॥
"आनन्दः" "परमानन्दः" "पूर्णानन्दो" "जगद्गुरुः" ।
"स्वानन्दतुन्दिल"श्चेति "इलम्मानन्दवर्धनः" ॥५४॥
"अदेयदानदक्ष"श्च "श्रीअक्काप्राणवल्लभः" ।
"भक्तेच्छापूरकः" "कृष्णभक्तिकृ"न्निखिलेष्टदः" ।५५।

इति हलधरसाम्यम् ॥ २० ॥

શ્રીમાન્ હલને ધારણ કરનાર, નિજાનંદ સમુદ્રમાં ડૂબેલા, શ્રીકૃષ્ણના સુખ માટે પ્રયત્નશીલ જેમનો આત્મા છે એવા, રોહિણીજીના આનંદને વધારનાર, અને નિજ ક્રીડા કરવાવાળાઓને ઇચ્છિત દાન કરનાર, રેવતીજીના પતિ એવા શ્રીબલદેવજી જેવી રીતે પુષ્ટિમાર્ગસ્થિત સત્પુરુષોએ નિરંતર વ્રજેશ શ્રીકૃષ્ણચંદ્રની માફક સેવવા લાયક છે, તેવી રીતે આ શ્રીવાગીશ મહાપ્રભુ પણ "आनन्दः" આનંદરૂપ, "परमानन्दः" પરમાનંદરૂપ "पूर्णानन्दः" પૂર્ણ આનંદ સ્વરૂપ, "जगद्गुरुः" જગતના પૂજ્ય એવા, "स्वानन्दतुन्दिलः" પોતાના સ્વરૂપે કરીને આનંદવાળા, "इलम्मानन्दवर्धनः" ઇલમ્માજીના આનંદને વધારનાર, "अदेयदानदक्षः" ન આપી શકાય તેવાં દાન આપવા સમર્થ અર્થાત્ ભજનાનંદનું દાન કરનાર, "श्रीअक्काप्राणवल्लभः" શ્રી અક્કાજીના પ્રાણપ્રિય એવા, "भक्तेच्छापूरकः" ભકતની ઇચ્છા પૂર્ણ કરનાર, "श्रीकृष्णभक्तिकृत्" શ્રીકૃષ્ણની ભકિત કરનારા, અને "निखिलेष्टदः" સમગ્ર ઇચ્છિત વસ્તુને આપનારા, એ પ્રકારે તે તે સત્પુરુષોને રક્ષણ કરવાવાળાં

નામો વડે ત્રણે લોકમાં શ્રીકૃષ્ણના કૃપાપાત્ર તરીકે પ્રસિદ્ધ થયા. એ પ્રકારે શ્રીહલધરાવતાર–સામ્ય–નિરૂપણ કર્યું. ૫૧–૫૫

[ ગદ્યભાગ ]

**अथ च यथा भगवान् बुद्धो देवकार्यार्थं सर्वान् विनिन्द्य विश्ववैपरीत्यं कर्माचरन् सर्वान् दैत्यान् मोहयामास, तथाऽयमपि भगवान् श्रीकृष्णास्यः "प्राकृतानुकृतिव्याजमोहितासुरमानुषः", इति नामानुकरणसम्पन्नो वैष्णवानां वैपरीत्यं कर्म प्रकाशयन् निगूढहृदयत्वं च दर्शयन् सन्यासधारणमङ्गीकृत्याऽऽसुरमोहलीलामाचचारेति ॥५६॥**

**इति बुद्धसाम्यम् ॥ २१ ॥**

ત્યારપછી ભગવાન્ બુદ્ધ જેવી રીતે દેવોનું કાર્ય કરવા માટે સર્વે બ્રાહ્મણો અને વેદાદિકોની નિંદા કરીને જગતથી વિપરીત કર્મનું આચરણ કરતા સર્વે દૈત્યોને મોહ પમાડવા લાગ્યા, તેવી રીતે શ્રીકૃષ્ણમુખારવિંદરૂપ આ શ્રીમહાપ્રભુજીએ પણ "**प्राकृतानुकृतिव्याजमोहितासुरमानुषः**" પ્રાકૃત મનુષ્યોને અનુસરવાના મિષથી આસુરી જીવોને મોહ પમાડનાર, એ નામ પ્રમાણે વૈષ્ણવોને વિપરીત કર્મ દેખાડતા અને અત્યંત ગૂઢ–હૃદયપણાને દેખાડતા સંન્યાસાશ્રમનો અંગીકાર કરીને આસુરી જીવોને મોહ ઉત્પન્ન કરનારી લીલાનું આચરણ કર્યું. એ પ્રકારે બુદ્ધાવતાર સામ્ય દર્શાવ્યું, ૫૬

[ અનુષ્ટુભ ]

**हयग्रीवो यथा नष्टवेदाविर्भावकारकः ।**
**तथाऽयमपि वेदोक्तं नष्टमार्गमदर्शयत् ॥५७॥**

**इति हयग्रीवसाम्यम् ॥ २२ ॥**

જેવી રીતે હયગ્રીવ ભગવાન્ નાશ પામેલા વેદોનો ઉદ્ધાર કરનારા હતા, તેવી રીતે આ શ્રીમહાપ્રભુએ પણ નાશ પામેલા વેદપ્રતિપાદિત શુદ્ધાદ્વૈત નિર્ગુણ પુષ્ટિભક્તિમાર્ગને પ્રદર્શિત કર્યો. એ પ્રકારે હયગ્રીવાવતાર–સામ્ય દર્શાવ્યું. ૫૭

**हंसो यथा च महतां पुत्राणां ब्रह्मणः पुरा ।**
**ज्ञानदः सम्बभूवेह ब्रह्मानुग्रहकारकः ॥५८॥**
**तथा महाप्रभुरपि महतां "ज्ञानदो"ऽभवत् ।**
**हनुमत्सदृशानां च रामसन्तोषकारकः ॥५९॥**

इति हंससाम्यम् ॥ २३ ॥

જેવી રીતે પૂર્વે બ્રહ્માના મ્હોટા પુત્રો સનકાદિકોને, બ્રહ્માને અનુગ્રહ કરવાવાળા શ્રીહંસભગવાન્ પૃથ્વીમાં જ્ઞાન આપનાર થયા, તેવી રીતે શ્રીરામચંદ્રજીને સંતોષ પમાડનાર શ્રીમહાપ્રભુજી પણ હનુમાન્ સરખા મહાન્ ભક્તોને જ્ઞાન આપનાર થયા. એ પ્રકારે હંસાવતાર–સામ્ય–નિરૂપણ કર્યું. ૫૮–૫૯

**कल्किर्यथा कलेरन्ते जीवाज्ञानं विनाशयन् ।**
**भद्रप्रदश्च जीवानां सम्भविष्यति सर्वतः ॥६०॥**
**एवं वैश्वानरोऽपीशः कालिनष्टं च दुर्बलम् ।**
**पुष्टिमार्गं पुनः श्रीमान् द्योतयिष्यति निर्मलम् ॥६१॥**
**पुष्टिमार्गं तु भगवान् सर्वकालेषु रक्षति ।**
**पुत्रपौत्रादिरूपैश्च "दुर्लभाङ्घ्रिसरोरुहः" ॥६२॥**
**भूतेषु च भविष्यत्सु वर्तमानेष्वपीश्वरः ।**
**चतुर्युगेषु कृतभुक् मार्गं रक्षति रक्षति ॥६३॥**

इति कल्किसाम्यम् ॥ २४ ॥

જેવી રીતે કલિયુગના અંતમાં કલ્કિ ભગવાન્ ચારે તરફથી જીવોના અજ્ઞાનનો નાશ કરતા અને જીવોને કલ્યાણ કરનાર થશે, એ પ્રકારે સમર્થ એવા શ્રીમાન્ વૈશ્વાનર પણ કલિયુગથી નષ્ટપ્રાય દુર્બળ બનેલા નિર્મળ પુષ્ટિભક્તિમાર્ગનો ફરીથી પ્રકાશ કરશે, ભગવાન્ સર્વકાલમાં પુષ્ટિમાર્ગનું તો રક્ષણ કરે છે. અને દુર્લભ જેમના ચરણકમળ છે એવા કૃત યુગને ભોગવનાર સમર્થ ભગવાન્ સર્વ સમયમાં ભૂત, ભવિષ્ય, અને વર્તમાન્ ચારે યુગોમાં પણ પુત્રપૌત્ર વગેરે સ્વવંશદ્વારા પુષ્ટિમાર્ગનું અવશ્ય રક્ષણ કરશેજ. એ પ્રકારે કલ્કિ–અવતાર–સામ્ય દર્શાવ્યું. ૬૦–૬૩

**एवं सर्वावताराणां गुणकर्मपराक्रमान् ।**
**दधाति नितरां सोऽयं श्रीमांल्लक्ष्मणनन्दनः ॥६४॥**

**तस्मात्सर्वैर्वैष्णवैश्च त्रैलोक्ये "विबुधेश्वरः" ।**
**प्रकीर्तितः कृष्णरूपः श्रीपूर्णपुरुषोत्तमः ॥६५॥**

**अतः स एव संसेव्यो वैष्णवैः पापभीरुभिः ।**
**ध्यातव्यः स्मरणीयश्च तैलङ्गतिलकः प्रभुः ॥६६॥**

એ પ્રકારે સત્પુરુષ શ્રીમાન્ લક્ષ્મણનંદન શ્રીમહાપ્રભુજી સર્વ અવતારોના અત્યંત ગુણકર્મ પરાક્રમોને ધારણ કરે છે, તેટલા માટે ત્રૈલોકયમાં સર્વે વૈષ્ણવોથી પંડિતેશ્વર, શ્રીકૃષ્ણરૂપ, શ્રીપૂર્ણપુરુષોત્તમ કહેવાયા છે, અને એટલાજ માટે પાપથી ભય પામતા વૈષ્ણવોએ તેજ તૈલંગકુલ–તિલકરૂપ શ્રીમહા-પ્રભુનુંજ સ્મરણ અને ધ્યાન કરવું જોઇએ. ૬૪–૬૫–૬૬

[ ઉદ્દ્ગીતિ ]

अस्य श्रवणात्पाठात्प्रभवेत्पुंसामभेदत्वम् ।
श्रीमन्नन्दकुमारकवाक्पत्योश्चापि नूनमूर्व्यां वै ॥६७॥

[ અનુષ્ટુપ ]

एतन्मदुदितं बालस्वभावाद्वंशवत्सलः ।
श्रीवल्लभाचार्यनामा प्रभुः क्षाम्यतु सर्वथा ॥६८॥
स्वकीयं श्रीवल्लभीयं मामानन्दनिधिर्हरिः ।
निःसाधनं च वृणुते, स कृष्णः शरणं मम ॥६९॥

આ સર્વાવતારસામ્યનિરૂપણનો પૃથ્વીમાં પાઠ કરવાથી અથવા સાંભળવાથી પુરુષોને નિશ્ચય શ્રીનંદકુમાર શ્રીકૃષ્ણચંદ્ર અને શ્રીમહાપ્રભુજીનું અભેદપણું સિદ્ધ થાય છે. શ્રીહરિરાયજી કહે છે કે—આ બાલ–સ્વભાવથી મારું કહેલું સ્વવંશ ઉપર પ્રેમ રાખનાર શ્રીવલ્લભાચાર્ય નામના પ્રભુ સર્વપ્રકારે ક્ષમા કરજો. જે આનંદના ભંડારરૂપ શ્રીહરિ, શ્રીવલ્લભાચાર્યજીના અને નિઃસાધન એવા મારો પોતાનો જાણી અંગીકાર કરે છે, તે શ્રીકૃષ્ણચન્દ્ર મારો આશ્રય હો. ૬૭–૬૮–૬૯

इति श्रीहरिदासविरचितं श्रीमहाप्रभुसर्वावतारसाम्यरूप–
निरूपणं सम्पूर्णम् ।

# ४२. श्रीमहाप्रभोरष्टोत्तरशतनामानि।

[ અનુષ્ટુભ ]

**श्रीवल्लभाख्यस्वस्वामि-नामानि स्वीयतुष्टये ।**
**यथामति वदिष्यामि तदाश्रितजनाश्रितः ॥ १ ॥**

શ્રીમહાપ્રભુજીના આશ્રિત ભગવદીયોનો આશ્રિત હું પોતાનાઓના સન્તોષને માટે પોતાના સ્વામી શ્રીવલ્લભાધીશ્વરનાં નામોને કહીશ. ૧

**१. श्रीवल्लभाय नमः ।**

**स्नेहवद्भिर्लभ्यते इति वल्लभः** અથવા **वल्लति-वेष्टयतीति वल्लभः।** સ્નેહવાળા ભકતોને મળી શકે માટે વલ્લભ અથવા પોતાનાઓને કૃપાથી પોતામાં તલ્લીન કરે તે વલ્લભ, આવા શ્રીવલ્લભાચાર્યને પ્રણામ. ૧

**२. श्रीमहालक्ष्मीपतये नमः ।**

શ્રીમહાલક્ષ્મીજીના પતિને નમન. ૨

**३. श्रीगोपीनाथजनकाय नमः ।**

શ્રીગોપીનાથજીના પિતાશ્રીને નમસ્કાર. ૩

**४. श्रीविठ्ठलेशे स्वाखिलमाहात्म्यस्थापकाय नमः ।**

શ્રીવિઠ્ઠલનાથજીમાં પોતાનું બધું માહાત્મ્ય સ્થાપન કરનારને પ્રણામ. ૪

**५. तीर्थयात्राचरणसञ्चारकर्त्रे नमः ।**

તીર્થયાત્રામાં ચરણથી સંચાર કરનારને નમન. ૫

**६. वादिवृन्दमुखध्वंसकाय नमः ।**

વાદિજનોના મુખને નિરુત્તર કરનારને પ્રણામ. ૬

७. मायामतखण्डकाय नमः ।

માયાવાદરૂપી મતનું ખંડન કરનારને નમસ્કાર. ૭

८. भक्तिपथप्रवर्तकाय नमः ।

ભક્તિમાર્ગના પ્રવર્ત્તકને પ્રણામ. ૮

९. शुद्धब्रह्मवादबोधकाय नमः ।

શુદ્ધ બ્રહ્મવાદનો બોધ કરનારને પ્રણામ. ૯

१०. स्वजनहृदयशोधकाय नमः ।

સ્વકીય જનોના હૃદયને શુદ્ધ કરનારને નમન. ૧૦

११. सन्निधिमात्रदत्तस्वभावाय नमः ।

સાન્નિધ્ય માત્રથી પોતાના પ્રેમનું દાન કરનારને પ્રણામ. ૧૧

१२. स्वतन्त्रभक्तिरूपाय नमः ।

સ્વતન્ત્ર ભક્તિ–સ્વરૂપને પ્રણામ. ૧૨

१३. सर्वोद्धारकाय नमः ।

સર્વનો ઉદ્ધાર કરનારને નમન. ૧૩

१४. श्रीकृष्णाज्ञामात्रप्रकटाय नमः

શ્રીઠાકોરજીની આજ્ઞા માત્રથી પ્રકટ થયેલાને નમસ્કાર. ૧૪

१५. करुणानिधये नमः ।

દયાના ભંડારને પ્રણામ. ૧૫

१६. श्रीकृष्णास्याय नमः ।

સદાનન્દ–શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુના મુખારવિન્દને પ્રણામ. ૧૬

१७. कृष्णविरहविरक्ताय नमः ।

શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુના વિરહને જણાવવા વિરક્ત–સંન્યા-

સાશ્રમ ગ્રહણ કરનારને પ્રણામ, ('વિરહના અનુભવ માટે-સર્વ ત્યાગનો ઉપદેશ કરનાર' આવું નામ શ્રીસર્વોત્તમજીમાં છે.) ૧૭

**१८. सदानन्दासक्ताय नमः ।**

સદાનન્દ શ્રીકૃષ્ણચન્દ્રમાં આસક્ત એવા શ્રીમહાપ્રભુજીને પ્રણામ; (" **कृषिर्भूवाचकः शब्दो णश्च निर्वृतिवाचकः । तयोरैक्यं परं ब्रह्म 'कृष्ण' इत्यभिधीयते ॥** " આમ સત્ અને આનન્દનો અર્થ "**कृष्ण**" એ થાય છે, જેથી **सदानन्द** શ્રીકૃષ્ણજ છે.) ૧૮

**१९. दैवजीवजनिसार्थकतासम्पादकाय नमः ।**

દૈવી જીવોના જન્મને સાર્થક કરનારને નમસ્કાર. ૧૯

**२०. अतिकरुणाय नमः ।**

અતિ દયાળુને નમસ્કાર. ૨૦

**२१. अलौकिकवह्नये नमः ।**

અલૌકિક દીવ્ય શ્રીપ્રભુના મુખારવિન્દના અધિષ્ઠાતા અગ્નિ-સ્વરૂપને નમસ્કાર. ૨૧

**२२. विषयासक्तिविदूषकाय नमः ।**

જીવોની વિષયાસક્તિનો નાશ કરનારને પ્રણામ. ૨૨

**२३. निजजनहृदयविभूषकाय नमः ।**

પોતાના જનોના હૃદયને શણગારનારને નમન. ૨૩

**२४. तापात्मने नमः**

વિરહાગ્નિ-સ્વરૂપને નમસ્કાર. ૨૪

**२५. सर्वनिरपेक्षाय नमः ।**

સર્વ વસ્તુથી નિરપેક્ષને નમસ્કાર. ૨૫

**२६. भक्तरक्षकाय नमः ।**

ભક્તોની રક્ષા કરનારને નમન. ૨૬

**२७. पतितसङ्ग्रहणाय नमः ।**

પતિતજનોને પાવન કરનારને પ્રણામ. ૨૭

**२८. अशरणशरणाय नमः ।**

નિરાધારના આધારને પ્રણામ. ૨૮

**२९. सर्वकारणाय नमः ।**

સર્વના હેતુરૂપને નમન. ૨૯

**३०. अन्तःस्थितकृष्णाय नमः ।**

જેમના અન્તઃકરણમાં શ્રીકૃષ્ણ વિરાજે છે એવા શ્રીમહાપ્રભુજીને પ્રણામ; (આ હકીકત "**नमामि हृदये शेषे लीलाक्षीराब्धिशायिनम्**" આ શ્રીમહાપ્રભુજીના વચનામૃતથી સ્પષ્ટ સમજાય છે.) ૩૦

**३१. अखिललीलारसभराक्रान्ताय नमः ।**

સમગ્ર ભગવલ્લીલાના રસના ભારથી ભરપૂર એવા શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૩૧

**३२. अनुगृहीतभ्रान्ताय नमः ।**

ભ્રાન્ત જીવો ઉપર અનુગ્રહ કરનારને નમન. ૩૨

**३३. आनन्दमात्राय नमः ।**

માત્ર આનન્દ સ્વરૂપને નમન; (પ્રભુ જેમ "આનન્દમાત્રકરપાદમુખોદરાદિ" છે તેવા.) ૩૩

**३४. निजानन्दहेतवे नमः ।**

પોતાનાઓના આનન્દના કારણ-રૂપને નમસ્કાર. ૩૪

**३५. रतिपथकेतवे नमः ।**

ભગવાનૂમાં રમણ–રતિ–આનન્દના માર્ગના ધ્વજ–રૂપને નમસ્કાર. ૩૫

**३६. भगवद्धर्मसेतवे नमः ।**

શ્રીષડૈશ્વર્યસમ્પન્ન શ્રીઠાકોરજીના ધર્મોની મર્યાદારૂપ શ્રીવલ્લભાધીશને નમન. ૩૬

**३७. ब्रह्मसम्बन्धकरणाय नमः ।**

દૈવીજીવોને બ્રહ્મસમ્બન્ધ કરાવનારને નમન. ૩૭

**३८. सर्वदोषनाशकाय नमः ।**

સર્વના દોષોનો નાશ કરનાર શ્રીમહાપ્રભુજીને નમન. ૩૮

**३९. शुद्धभावविकासकाय नमः ।**

શુદ્ધ ભાવને પ્રકટ કરનારને પ્રણામ. ૩૯

**४०. श्रीभागवततामरसतरणये नमः ।**

શ્રીભાગવતરૂપ કમલને ખીલાવવાને સૂર્યરૂપને નમન. ૪૦

**४१. स्थापितभक्तिसरणये नमः ।**

ભક્તિમાર્ગનું સ્થાપન કરનાર શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૪૧

**४२. स्वजनभाग्यरूपाय नमः ।**

પોતાના જનોના ભાગ્યરૂપને નમસ્કાર. ૪૨

**४३. निजजनदत्तवैराग्याय नमः ।**

પોતાના જનોને વૈરાગ્યનું દાન કરનાર શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૪૩

**४४. रसज्ञशिरोमणये नमः ।**

રસરૂપ શ્રીકૃષ્ણ અથવા ભક્તિરસ અથવા નવરસોના જ્ઞાતા-

ઓના શિરોમણિ શ્રીમહાપ્રભુજીને પ્રણામ; (रसो वै सः એમ શ્રુતિ શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુને રસરૂપ કહે છે, તેમ "मल्लानामशनि:" આ પદ્યમાં ૧૦ રસ કહેવામાં આવ્યા છે તે રસ સમજવા). ૪૪

**૪૫. निःसाधनस्वकीयार्थकृताखिलप्रयत्नाय नमः।**

પોતાના નિઃસાધન જીવો માટે સર્વ પ્રયત્ન કરનારને નમન. ૪૫

**૪૬. अस्मत्पतये नमः।**

અમારા ધણીને નમસ્કાર. ૪૬

**૪૭. स्वजनैकगतये नमः।**

સ્વજનોના એક ગતિરૂપને નમન. ૪૭

**૪૮. रहोरतये नमः।**

એકાન્તમાં પ્રીતિવાળાને નમન; ("अरतिर्जनसंसदि" આ જ્ઞાની પુરુષોનું અસાધારણ લક્ષણ છે.) ૪૮

**૪૯. भावभावनैकमतये नमः।**

ભગવત્સેવાના ભાવની ભાવના કરવામાં જેમની એક મતિ છે તેઓશ્રીને નમન. ૪૯

**૫૦. शुद्धपुष्टिपतये नमः।**

શુદ્ધ-પુષ્ટિજીવોના પતિને નમન. ૫૦

**૫૧. वियोगयोगिने नमः।**

વિયોગ કરીને મેળાપ કરનારને નમન; ("विरहय्य काङ्क्षे" વિરહ કરીને ઇચ્છુ છું, આ વૃત્રવાક્ય સ્ફુટ છે.) ૫૧

**૫૨. भावरसभोगिने नमः।**

પ્રેમરસના ભોક્તાને પ્રણામ. ૫૨

५३. भावात्मकानन्दाय नमः ।

ભાવાત્મક આનન્દરૂપને નમન. ૫૩

५४. भाववदाश्रयाय नमः ।

પ્રેમીજનોના આશ્રયને નમન. ૫૪

५५. भावदात्रे नमः ।

ભાવ–પ્રેમનું દાન કરનારને નમન. ૫૫

५६. स्त्रीशूद्रादिहितकर्त्रे नमः ।

સ્ત્રી–શૂદ્રાદિના હિતકર્ત્તાને પ્રણામ. ૫૬

५७. फलरूपाय नमः ।

ફલસ્વરૂપ શ્રીમહાપ્રભુજીને નમન. ૫૭

५८. फलसेवाप्रदर्शकाय नमः ।

ફલરૂપ સેવા બતાવનારને નમન. ૫૮

५९. मनोमात्रसेव्याय नमः ।

મનપૂર્વક સેવવા યોગ્યને નમન. ૫૯

६०. मनोविनोदहेतवे नमः ।

મનના આનન્દના હેતુરૂપને નમન. ૬૦

६१. अखिलस्मारकाय नमः ।

સમગ્રલીલાનું સ્મરણ કરાવનાર શ્રીમહાપ્રભુજીને પ્રણામ. ૬૧

६२. पतिततारकाय नमः ।

પતિત જનોના તારણહારને નમન. ૬૨

६३. श्रुतिपथमर्यादाधारकाय नमः ।

વેદમાર્ગની મર્યાદાને ધારણ કરનાર શ્રીમહાપ્રભુને નમસ્કાર. ૬૩

**६४. निजजनक्लेशहारकाय नमः ।**

પોતાના જનોના કલેશને હરણ કરનાર શ્રીમહાપ્રભુજીને નમન. ૬૪

**६५. अपारसुखकारकाय नमः ।**

અપાર સુખના કર્ત્તાને નમન. ૬૫

**६६. कृपापूर्णाय नमः ।**

કૃપાથી પૂર્ણ એવા શ્રીવલ્લભને નમન. ૬૬

**६७. विविधापराधक्षमाय नमः ।**

વિવિધ અપરાધોને માફ કરનારને નમન. ૬૭

**६८. भक्तवश्याय नमः ।**

ભક્તાધીન પ્રભુને નમસ્કાર. ૬૮

**६९. भक्तकृपार्थकृतकृष्णाज्ञाद्वयोल्लङ्घनाय नमः ।**

ભક્તો ઉપર કૃપા કરવા સારૂ શ્રીકૃષ્ણપ્રભુની બે આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર શ્રીમહાપ્રભુજીને નમસ્કાર; ("आज्ञा पूर्वन्तु या जाता गङ्गासागरसङ्गमे। यापि पश्चान्मधुवने न कृतं तद्द्वयं मया ॥ શ્રી અન્તઃકરણ પ્રબોધમાં આ હકીકત સ્ફુટ છે). ૬૯

**७०. रसघनाय नमः ।**

રસથી ભરપૂર એવા શ્રીમહાપ્રભુજીને નમન. ૭૦

**७१. स्वजनजीवनसाधनाय नमः ।**

સ્વકીય જનોના જીવનના સાધનરૂપ શ્રીવલ્લભાધીશ્વરને નમસ્કાર. ૭૧

७२. विहितस्वजनावनाय नमः ।

પોતાના જનોનું રક્ષણ કરનાર શ્રીમહાપ્રભુજીને નમસ્કાર.૭૨

૭૩. स्मरणमात्रार्तिनाशनाय नमः ।

સ્મરણ માત્રથી પીડાને નાશ કરનાર શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૭૩

૭૪. हरिप्रियाय नमः ।

પ્રભુને પ્રિય તેમ પ્રભુ જેને વ્હાલા છે એવા શ્રીમદ્‌-વલ્લભાધીશ્વરને નમસ્કાર. ૭૪

૭૫. यमुनाप्रार्थकाय नमः ।

શ્રીમહારાણીજીની સ્તુતિ કરનારને નમસ્કાર. ૭૫

૭૬. तत्सम्पादितनूतनतनवे नमः ।

તે શ્રીયમુનાજીએ સિદ્ધ કરેલ છે નવીન શ્રીઅંગ જેનું એવા શ્રીવલ્લભને નમસ્કાર. ૭૬

૭૭. राजीवलोचनाय नमः ।

કમળનેત્ર શ્રીમહાપ્રભુને નમન. ૭૭

૭૮. भक्तदुःखविमोचकाय नमः ।

ભક્તનાં દુઃખનો નાશ કરનારને નમન. ૭૮

૭૯. रासलीलारसपरायणाय नमः ।

શ્રીપ્રભુની રાસલીલાના રસમાં પરાયણ શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૭૯

૮૦. निजजनसमूहसेवितचरणाय नमः ।

પોતાના જનોના સમૂહે જેમના ચરણની સેવા કરેલ છે એવા શ્રીમહાપ્રભુજીને નમન. ૮૦

**८१. फलरूपचरणरेणवे नमः ।**

ફલરૂપ જેમના ચરણની રજ છે એવા શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૮૧

**८२. कृष्णाश्रयहृदयाय नमः ।**

શ્રીભગવદાશ્રયમાં અથવા શ્રીકૃષ્ણાશ્રય ગ્રન્થમાં જેમનું હૃદય છે એવા શ્રીમહાપ્રભુજીને નમન. ૮૨

**८३. लीलामयाय नमः ।**

ભગવલ્લીલામય એવા શ્રીમહાપ્રભુજીને નમન. ૮૩

**८४. लीलाश्रयस्वहृदयैकविचारकाय नमः ।**

ભગવલ્લીલાના આશ્રયરૂપ પોતાના હૃદયમાં એક લીલા-સમ્બન્ધી વિચાર કરનાર શ્રીમહાપ્રભુને નમસ્કાર. ૮૪

**८५. आनन्दमूर्त्तये नमः ।**

આનન્દ–સ્વરૂપ શ્રીમહાપ્રભુજીને નમન. ૮૫

**८६. विरचितस्वजनमनोरथपूर्त्तये नमः ।**

સ્વજનોના મનોરથની પૂર્તિ કરનાર શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૮૬

**८७. स्वजनद्वेषिदाहकाय नमः ।**

સ્વજનોના દ્વેષીઓનો દાહ કરનાર શ્રીમહાપ્રભુજીને નમન. ૮૭

**८८. स्वपक्षपोषकाय नमः ।**

સ્વકીય પક્ષના પોષક એવા શ્રીમહાપ્રભુજીને નમન. ૮૮

**८९. वाक्पीयूषवृष्टिकर्त्रे नमः ।**

વાણીરૂપી અમૃતની વૃષ્ટિ કરનાર શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૮૯

**९०. स्वजनहृदयसन्तोषकाय नमः ।**

સ્વજનોનાં હૃદયને સન્તુષ્ટ કરનાર શ્રીમહાપ્રભુજીને નમન.૯૦

**९१. मदनाभिरामाय नमः ।**

કામદેવ કરતાં પણ સુન્દર શ્રીમહાપ્રભુજીને નમન. ૯૧

**९२. पूर्णकामाय नमः ।**

પૂર્ણકામનાવાળા શ્રીમહાપ્રભુજીને નમન. ૯૨

**९३. कृतदिग्विजयाय नमः ।**

દિશાઓનો વિજય કરનાર શ્રીમહાપ્રભુજીને નમન. ૯૩

**९४. विहितस्वजनदुरितविलयाय नमः ।**

પોતાના જનોના દુરિત-પાપનો નાશ કરનાર શ્રીમહાપ્રભુજીને નમન. ૯૪

**९५. अभयप्रदाय नमः ।**

અભયદાન દેનાર શ્રીમહાપ્રભુજીને નમન. ૯૫

**९६. कालादिभयहेतवे नमः ।**

કાળ વગેરેને ભયના કારણરૂપ એવા શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૯૬

**९७. निःसाधनावलम्बनाय नमः ।**

નિઃસાધન જીવોના આલમ્બન-આશ્રયરૂપી શ્રીમહાપ્રભુજીને નમન. ૯૭

९८. भावभूषणभूषिताय नमः ।

શ્રીભાગવતજીના ભાવરૂપી ભૂષણથી શણગારેલ શ્રીમહાપ્રભુજીને નમન. ૯૮

९९. सौभाग्यभाजनस्वजनाय नमः ।

જેમનાં સ્વજનો સૌભાગ્યનું પાત્ર છે એવા શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૯૯

१००. दास्यकरणोचितस्वरूपाय नमः ।

દાસ્ય કરવાને યોગ્ય જેમનું સ્વરૂપ છે, (તાત્પર્ય કે જો દાસ્ય કરવું યોગ્ય હોય તો તે શ્રીમહાપ્રભુજીનુંજ) એવા શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૧૦૦

१०१. फलरूपदास्याय नमः ।

ફલરૂપ છે દાસ્ય જેમનું એવા શ્રીમહાપ્રભુજીને નમસ્કાર; (તાત્પર્ય કે શ્રીમહાપ્રભુજીએ જે દાસ્યધર્મ બતાવ્યો છે તે ફલરૂપ છે.) ૧૦૧

१०२. मुखशोभितमन्दहास्याय नमः ।

મુખારવિન્દમાં શોભાયુક્ત છે મન્દહાસ્ય જેમને એવા શ્રીમહાપ્રભુને નમન. ૧૦૨

१०३. सानुकम्पनयनाय नमः ।

અનુકમ્પા—દયાયુક્ત છે નયન—નેત્રકમળ જેમનાં એવા શ્રીમહાપ્રભુજીને નમન. ૧૦૩

१०४. विस्मृतलौकिकाय नमः ।

લૌકિકને ભૂલી જનાર શ્રીમહાપ્રભુજીને નમન. ૧૦૪

१०५. वारितस्वजनसंसाराय नमः ।

સજ્જનોના સંસારને નિવૃત્ત કરનાર શ્રીમહાપ્રભુજીને નમસ્કાર. ૧૦૫

१०६. नित्यनिवृत्तलोकवेदकृतस्मृतये नमः ।

લોક તથા વેદનું સ્મરણ જેમને નિરન્તર નિવૃત્ત થઈ ગયેલ છે એવા ભગવદ્ભાવમગ્ન શ્રીમહાપ્રભુજીને નમન. ૧૦૬

१०७. परमानन्दसुधाभरभारितमूर्त्तये नमः ।

પરમાનન્દરૂપ અમૃતના ભારથી ભરપૂર મૂર્તિવાળા શ્રી-મહાપ્રભુજીને નમસ્કાર. ૧૦૭

१०८. अस्मत्सर्वस्वरूपाय नमः ।

અમારા-આપણા સર્વસ્વરૂપ શ્રીમહાપ્રભુજીને નમસ્કાર.૧૦૮

[ અનુષ્ટુપ ]

इति नामानि जप्यानि श्रीवल्लभमहाप्रभोः ।
तत्पदाम्भोजयुगले भक्तिमात्रार्थिभिः सदा ॥२॥

તે શ્રીમહાપ્રભુજીના યુગલ ચરણકમળમાં માત્ર ભક્તિની ઇચ્છાવાળા ભક્તોએ શ્રીમાન્ વલ્લભાધીશ–મહાપ્રભુજીનાં આ પ્રમાણેનાં ૧૦૮ નામોનો જપ કરવો.

इति श्रीहरिदासोक्तं श्रीमद्वल्लभाचार्यनामावल्य-
ष्टोत्तरशतं सम्पूर्णम् ।

# ४३. स्वस्वामिपाणियुगलाष्टकम् ।

[ અનુષ્ટુભ ]

आसातामेकशरणे विहिताकरणे हृदि ।
स्वामिनौ वल्लभाधीश-विट्ठलेशाभिधौ सदा ॥१॥

સ્વામી એવા શ્રીવલ્લભાધીશ તથા શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણ એક આશ્રયવાળા આહ્વાન કરનાર–બોલાવનાર એવા મારા હૃદયમાં સદા બિરાજો. ૧

कृपां प्रकुरुतां दीने स्वत एव कृपाकरौ ।
स्वामिनौ वल्लभाधीश-विट्ठलेशाभिधौ सदा ॥२॥

પોતાની મેળે જ કૃપા કરનાર સ્વામી શ્રીવલ્લભાધીશ અને શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ દીન એવા મારામાં સદા કૃપા કરો. ૨

प्रसीदेतां मयि श्रीमद्व्रजेशाचरणाश्रये ।
स्वामिनौ वल्लभाधीश-विट्ठलेशाभिधौ सदा ॥३॥

સ્વામી શ્રીવલ્લભાધીશ અને શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રીવ્રજ-નાથના ચરણના આશ્રયવાળા મારામાં સદા પ્રસન્ન થાઓ. ૩

दास्यं प्रयच्छतां मह्यं समस्तफलमूर्धगम् ।
स्वामिनौ वल्लभाधीश-विट्ठलेशाभिधौ सदा ॥४॥

સ્વામી શ્રીમદાચાર્યચરણ અને પ્રભુચરણો મને હંમેશાં બધા ફલોના મસ્તક પર રહેલું દાસ્ય આપો. ૪

कदापि मामनन्यं मा त्यजेतां निजसेवकम् ।
स्वामिनौ वल्लभाधीश-विट्ठलेशाभिधौ मम ॥५॥

મારા સ્વામી શ્રીમદાચાર્યચરણ અને શ્રીગુસાંઈજી અનન્ય પોતાના સેવક એવા મને કોઈ દિવસ પણ તજો નહિં. ૫

**प्रमेयबलमात्रेण गृहीतां मत्करं दृढम् ।**
**स्वामिनौ वल्लभाधीश-विट्ठलेशाभिधौ मम ॥६॥**

મારા સ્વામી શ્રીવલ્લભાધીશ્વર અને શ્રીવિઠ્ઠલપ્રભુ માત્ર પ્રમેય-બળથી મારા હાથને મજબૂત રીતે પકડો. ૬

**आर्तिं निवारयेतां मे मस्तके हस्तधारणैः ।**
**स्वामिनौ वल्लभाधीश-विट्ठलेशाभिधौ मम ॥७॥**

મારા સ્વામી શ્રીવલ્લભાધીશ્વર અને શ્રીવિઠ્ઠલેશ પ્રભુ મારા મસ્તક ઉપર શ્રીહસ્ત ધારણ કરીને મારી પીડાને દૂર કરો. ૭

**मन्मूर्धनि विराजेतां प्रभू लोकविलक्षणौ ।**
**स्वामिनौ वल्लभाधीश-विट्ठलेशाभिधौ मम ॥८॥**

સમર્થ લોકવિલક્ષણ-અલૌકિક મારા સ્વામી શ્રીવલ્લભાધીશ અને શ્રીવિઠ્ઠલેશ પ્રભુ મારા મસ્તક ઉપર બિરાજો. ૮

इति श्रीहरिदासोक्तं स्वस्वामिपाणियुगलाष्टकं सम्पूर्णम् ।

## ४४. श्रीमदाचार्यचिन्तनम् ।

### ( १ )

[ અનુષ્ટુભ ]

**अथ श्रीवल्लभाचार्यध्यानमत्र निरूप्यते ।**
**निवार्य सर्वसन्देहाँस्तत्स्वरूपे कृपाबलात् ॥१॥**

કૃપાબલથી તેઓના સ્વરૂપમાંના સર્વ સન્દેહોને દૂર કરીને હવે શ્રીમહાપ્રભુજીનું ધ્યાન અહીં નિરૂપવામાં આવે છે. ૧

**व्रजस्त्रीहृदयं कृष्णावियोगभरभावितम् ।**
**व्रजस्त्रियोऽपि विरहभावप्राप्तिफलास्तथा ॥२॥**

વ્રજસ્ત્રીઓનું હૃદય શ્રીકૃષ્ણ ભગવાનના વિયોગના ભારથી ભાવનાયુક્ત છે તેમ વ્રજસ્ત્રીઓ પણ ભગવદ્વિરહભાવની પ્રાપ્તિ-રૂપી જેજે ફળ છે એવાં છે. ૨

**नान्तर्गृहगता लक्ष्मीस्तदंशा अपि नैव हि ।**
**आधिष्ठानं विचिन्त्यैवं कृष्णं तत्र विभावयेत् ॥३॥**

(રાસ-પ્રસંગમાં) જે ગોપીજનો અન્તર્ગૃહગતા (ઘરમાં પૂરાઇ રહેલાં) તે લક્ષ્મીરૂપ નથી તેમ તેઓ લક્ષ્મીજીના અંશ પણ નથી, આમ વિચાર કરીને તેમાં અધિષ્ઠાનરૂપે શ્રીકૃષ્ણની ભાવના કરવી. ૩

**भावात्मानं तत्र तापभावमास्यं विचिन्तयेत् ।**
**साकारं कोटिकन्दर्पलावण्यं कृष्णमूर्त्तिमत् ॥४॥**

ત્યાં (વિરહમાં) તાપ-ભાવરૂપ ભાવાત્મા મુખારવિન્દરૂપ શ્રીમહાપ્રભુજીનું ચિન્તન કરવું. ( આ સ્વરૂપ કેવું છે ? ) સાકાર

(આનન્દાકાર) કોટિ કામદેવના તુલ્ય લાવણ્યવાળું શ્રીકૃષ્ણ પ્રભુની મૂર્તિવાળું છે. ૪

**"सर्वतः पाणिपादान्त"मितिगीतावचोबलात् ।**
**मन्तव्यावयवानां हि सर्वेषां कृष्णरूपता ॥५॥**

"સર્વ તરફ છે કર–ચરણના છેડા જેના" એવું બ્રહ્મનું સ્વરૂપ ગીતાજીમાં કહેલું છે. આ વચનના બલથી શ્રીમહાપ્રભુજીનાં બધાં અવયવો શ્રીકૃષ્ણરૂપ માનવાં. ૫

**यथा विशिष्टं कृष्णस्य रूपं चावयवास्तथा ।**
**सर्वावयवरूपाणां करपादादियुक्तता ॥६॥**

જેમ શ્રીકૃષ્ણપ્રભુનું રૂપ વિશિષ્ટ–આનન્દરૂપ છે તેમ તેનાં અવયવો કર, પાદ, મુખ વગેરે પણ આનન્દરૂપ છે. તે મુજબ શ્રીમહાપ્રભુજીનાં સર્વ અવયવો કર, ચરણ વગેરે પણ આનન્દરૂપ છે. ૬

**भावात्मनो ह्यवयवास्तथाभूतात्मका हि ते ।**
**अत श्रीकृष्णविरहस्त्रीभावाग्निः प्रभुर्मतः ॥७॥**

તેમ ભાવસ્વરૂપ શ્રીમહાપ્રભુજીનાં શ્રીઅંગો તેવા પ્રકારનાં એટલે આનન્દરૂપ છે; માટે શ્રીકૃષ્ણ પ્રભુના વિરહ વખતનો સ્ત્રીઓનો વિરહભાવરૂપી જે અગ્નિ તે શ્રીમહાપ્રભુજી છે. ૭

**तत्स्वरूपं यथा कृष्णस्तथैवेति विभाव्यताम् ।**
**स हि गूढः स्थायिभावः स्त्रीणामितिविनिश्चयः ॥८॥**

જેવા શ્રીકૃષ્ણ પ્રભુ તેવું જ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ છે એમ વિચાર કરો, (વિરહવતી) સ્ત્રીઓ—વ્રજાંગનાઓનો તે નક્કી ગૂઢ સ્થાયી ભાવ છે, એવો નિશ્ચય છે. ૮

**तन्मुखं श्रीमदाचार्यास्तथाभूतां, न संशयः ।**
**कृष्णत्वेनैव तद्ध्यानं स्त्रीभावात्मतया ह्यतः ॥९॥**

તે શ્રીપ્રભુના મુખારવિન્દરૂપ શ્રીઆચાર્યચરણો છે, તેથી શ્રીકૃષ્ણસ્વરૂપ છે, એમાં સંશય નથી; માટે સ્ત્રી-વ્રજાંગનાઓના વિરહભાવાત્મકપણાથી શ્રીકૃષ્ણ-સ્વરૂપેજ તેમનું ધ્યાન કરવું જોઇએ. ૯

**व्रजस्त्रीहृदयस्थायिकृष्णवक्त्रतया तथा ।**
**मुखारविन्दरूपत्वात् तापभक्त्यात्मनापि च ॥१०॥**

વ્રજસ્ત્રીઓના હૃદયમાં બિરાજતા શ્રીકૃષ્ણ પ્રભુનાં મુખારવિન્દપણાથી તેમ મુખારવિન્દરૂપ હોવાથી અને તાપ (વિરહતાપ) -રૂપ ભક્તિસ્વરૂપે પણ શ્રીમહાપ્રભુજી શ્રીકૃષ્ણરૂપ છે. ૧૦

**पूर्ववत् कृष्णरूपत्वं भक्तेरपि विबुध्यताम् ।**
**कृष्णसम्बन्धि यत्किञ्चित्तत्तद्रूपमिति ध्रुवम् ॥११॥**

પૂર્વવત્ ભક્તિનું પણ શ્રીકૃષ્ણ-સ્વરૂપપણું જાણવું, કારણ-કે ભગવત્સમ્બન્ધિ જે કોઈ વસ્તુ છે તે તદ્રૂપ એટલે ભગવદ્રૂપ છે એમ નક્કી સમજવું. ૧૧

**मुखत्वादेव रासस्त्री-भावपूरिततोच्यते ।**
**व्रजस्त्रीहृदयानन्द-दायकत्वं तथा पुनः ॥१२॥**

શ્રીપ્રભુના મુખારવિન્દ-સ્વરૂપ હોવાથી શ્રીમહાપ્રભુ વ્રજ-સ્ત્રીઓના ભાવથી પૂર્ણ શ્રીઅંગવાળા કહેવાય છે, ( એટલે શ્રી-સર્વોત્તમજીમાં " श्रीकृष्णभावपूरितविग्रहः " આવું અભિધાન ગુસાંઇજીએ યોજ્યું છે. ) તેમ વ્રજાંગનાઓના હૃદયને

આનન્દનું દાન કરનાર શ્રીમહાપ્રભુ છે; એથી વ્રજસ્ત્રીઓને આનન્દદાયકપણાનું સામર્થ્ય શ્રીમહાપ્રભુજીમાં છે. ૧૨

**प्राकट्ये भुवि भक्तार्थं भक्तिरूपतया वचः ।**
**"इति श्रीकृष्णदासस्ये"त्यादि सर्वत्र युज्यते ॥१३॥**

ભક્તોને માટે આપ પૃથ્વીમાં પ્રકટ થયા છે માટે ભક્તિ-રૂપપણાથી આવું વચનામૃત છે. "**भुवि भक्तिप्रचारैककृते**" આમ શ્રીસર્વોત્તમજીમાં સ્પષ્ટ છે. ( અન્તઃકરણપ્રબોધમાં ) **इति श्रीकृष्णदासस्य०** " એવી રીતે શ્રીકૃષ્ણના દાસ શ્રીમહા-પ્રભુજીનું ચિત્ત તરફ હિત વચન છે," ઇત્યાદિ સઘળું શ્રીમહા-પ્રભુજીમાં ઘટે છે. ૧૩

**यथा भगवतो वाक्यं विपरीतरसे पुनः ।**
**तथा तद्भावसेवायामाचार्याणां वचोऽमृतम् ॥१४॥**

જેમ વિપરીત રસમાં ("**स्वागतं वो महाभागाः**" "**व्रजं यात**" "**नेह स्थेयम्**" પ્રભુનું વાક્ય છે તેમ તે પ્રભુની ભાવા-ત્મક સેવામાં શ્રીઆચાર્યચરણોનું વચનામૃત છે; અર્થાત્ રાસ-પંચાધ્યાયીનાં ઉપરનાં વચનો ગોપીજનોને ઘેર જાવાની સૂચના કરતાં જણાય છે, પણ ધ્વનિ જોતાં તે વચનો રોકવા માટેનાં છે એમ શ્રીસુબોધિનીજીમાં સ્પષ્ટ છે; તેમ મહાપ્રભુજી શ્રીકૃષ્ણના દાસ છે વગેરે વાક્યોનો અર્થ સમજવો. ૧૪

**तस्माच्छ्रीवल्लभाचार्याः प्रभुरेवं हि चिन्त्यताम् ।**
**सर्वलीलाकृतिः सर्वलीलाभोगाश्रयः सदा ॥१५॥**

તેથી શ્રીમહાપ્રભુજી શ્રીભગવાન્ છે એમ ચિન્તન કરો.

સર્વ ભગવલ્લીલાત્મક કૃતિવાળા, સર્વ ભગવલ્લીલાના ભોગના આશ્રયરૂપ સદા શ્રીમહાપ્રભુજી છે. ૧૫

**श्रीकृष्णास्यं सदानन्द आनन्दैकपदादिकः ।**
**व्रजस्त्रीवृन्दमध्यस्थः पुष्टिमार्गप्रकाशकः ॥१६॥**

શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુના મુખારવિન્દરૂપ, સદાનન્દ સત્-कृष् આનન્દ-ण, એમ શ્રીકૃષ્ણરૂપ, જેમનું સર્વોત્તમજીમાં પ્રથમ નામ "આનન્દ" એવું છે, વ્રજસ્ત્રીઓના સમૂહના મધ્યમાં બિરાજમાન, પુષ્ટિમાર્ગના પ્રકાશક શ્રીમહાપ્રભુજી છે. ૧૬

**रासस्त्रीहृदयस्थायि-तापभावात्मको हरिः ।**
**सर्वलीलाश्रयः सर्वलीलारसतदात्मकः ॥१७॥**

રાસસ્ત્રીઓના હૃદયમાં સ્થાયી તાપ ભાવાત્મક, શ્રીહરિ-રૂપ સર્વ લીલાઓના આશ્રય, સર્વ લીલાઓના રસરૂપ અને લીલારૂપ શ્રીમહાપ્રભુજી છે. ૧૭

**स्वान्तःस्थकृष्णलीलाब्धिः स्वानन्दभरसम्भृतः ।**
**सोऽस्मत्प्रभुः सदा श्रीमद्वल्लभाख्यो विचिन्त्यताम् ।१८।**

જેઓના અન્તઃકરણમાં શ્રીભગવલ્લીલાઓનો સમુદ્ર ઊછળી રહ્યો છે, તેવા પોતાના આનન્દના ભારથી પૂર્ણ એવા આપણા પ્રભુ શ્રીમહાપ્રભુજી છે, એમ સદા વિચાર કરો. ૧૮

**स्वतन्त्रभक्तिसम्बन्धं साक्षात् कारयितुं स्वयम् ।**
**प्रतिबन्धायोग्यतादिदोषं व्यावर्त्तितुं तथा ॥१९॥**
**कृष्णाधरामृतास्वादफलं दातुं स्ववृत्ति यत् ।**
**प्रकटो दैवजीवानां सदा निःसाधनात्मनाम् ॥२०॥**

પોતે સદા નિઃસાધન સ્વકીય દૈવી જીવોને પ્રભુનો

સાક્ષાત્ સ્વતન્ત્ર ભક્તિ-સમ્બન્ધ કરાવવાને, તેમ પ્રતિબન્ધ, અયોગ્યતાદિ દોષને દૂર કરવાને, પોતાની વૃત્તિરૂપ શ્રીકૃષ્ણ-ચન્દ્રના અધરામૃતના આસ્વાદનું ફળ આપવા સારૂ આપ પ્રકટ થયા છે. ૧૯-૨૦

**अस्मद्भाग्यनिधिर्नूनं निजपक्षैकपोषकः ।**
**अपारकरुणासिन्धुर्दैवोद्धृतिपरायणः ॥२१॥**
**भक्तिमार्गप्रकटनः सर्वसन्देहवारकः ।**
**एवंविधः सदा श्रीमदाचार्यश्चिन्त्यतां हृदि ॥२२॥**

આપણા ભાગ્યના ભંડાર, નક્કી પોતાના પક્ષનું એક પોષણ કરનાર, અપાર દયાના સાગર, દૈવી જીવોના ઉદ્ધારમાં તત્પર, ભક્તિમાર્ગને પ્રકટ કરનાર, સર્વ સન્દેહને દૂર કરનાર, આવા પ્રકારના શ્રીમદાચાર્ય-ચરણોનું હૃદયમાં સદા ચિન્તન કરો. ૨૧-૨૨

इति श्रीवल्लभाचार्यचिन्तनप्रकारः ।

( २ )

[ અનુષ્ટુભ ]

**अथ श्रीविठ्ठलाधीश-स्वामिरूपं निरूप्यते ।**
**द्विविधः स्वामिनीभावः स्त्रीभावो विरहे पुनः ॥१॥**
**कृष्णभावः सङ्गमेऽपि विपरीतरसे तथा ।**
**भावद्वयात्मकास्तत्र पुष्टिमार्गप्रवृत्तये ॥२॥**
**कृष्णास्यतः प्रादुरभूत् स्त्रीभावः केवलो हि सः ।**
**आविर्भावेऽपि सहज-कस्तूरीतिलकान्वितः ॥३॥**

હવે શ્રીવિઠ્ઠલાધીશ-પ્રભુચરણનું સ્વરૂપ નિરૂપાય છે. સ્વામિનીજીનો ભાવ બે પ્રકારનો છે. (તે બન્ને ભાવોમાં) સ્ત્રીભાવ વિરહમાં છે, અને પ્રભુ-સંગમમાં તેમ વિપરીત રસમાં કૃષ્ણભાવ છે; તેમાં આ બન્ને ભાવાત્મક સ્વરૂપથી પુષ્ટિમાર્ગને ચલાવવા સારૂ કેવલ સ્ત્રીભાવે શ્રીપ્રભુચરણ શ્રીકૃષ્ણચન્દ્રના મુખારવિન્દ (શ્રીમહાપ્રભુજી)થી નક્કી પ્રકટ થયા છે એટલે જન્મ સમયે પણ સ્વાભાવિક કસ્તૂરી-તિલક-યુક્ત શ્રીપ્રભુચરણ પ્રકટ્યા છે. ૧-૨-૩

**स्वरूपसेवया साक्षात् सर्वैरात्मेन्द्रियादिभिः ।**
**अनुभूय हरेः सङ्गं परोक्षेणापि सर्वथा ॥४॥**
**सँय्योगविप्रयोगाभ्यां सेवाभक्तिप्रदर्शकः ।**
**मुख्यस्त्रीस्वामिनीनाथ-मुख्यदास्यपरायणः ॥५॥**

સર્વ-આત્મા, ઇન્દ્રિયો વગેરેથી સ્વરૂપસેવાથી, સાક્ષાત્ અને સર્વ રીતે પરોક્ષ સેવાથી પણ શ્રીહરિના સંગનો અનુભવ કરીને સંયોગ અને વિપ્રયોગ આ બન્ને રીતે શ્રીભગવત્સેવારૂપ ભક્તિનું દર્શન કરાવનાર, મુખ્ય સ્ત્રી-ભાવવાળાં શ્રીસ્વામિનીજીના નાથ શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુની મુખ્ય-દાસ્ય સેવામાં આપ પરાયણ છે. ૪-૫

**अग्निपुत्रवदत्यन्त-शुद्ध-पौरुष-सँय्युतः ।**
**प्रभोः श्रीस्वामिनीनां च सर्वकार्यैकसाधकः ॥६॥**

અગ્નિપુત્ર શ્રીમહાપ્રભુજીની માફક અત્યન્ત શુદ્ધ પુરુષાતનથી યુક્ત, શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીઓના સર્વ કાર્યને એક સિદ્ધ કરનારા શ્રીપ્રભુચરણ છે. ૬

**स्वगताखिल-सामर्थ्य-समाधारः कृपापरः ।**
**श्रीमदाचार्यमात्रैकादेय-दान-विचक्षणः ॥७॥**

પોતામાં રહેલ સમગ્ર સામર્થ્યના સુન્દર આધાર અને કૃપાપરાયણ, શ્રીમદાચાર્યચરણોની માફક અદેય વસ્તુનું દાન કરવામાં વિચક્ષણ શ્રીપ્રભુચરણ છે. ૭

**स्वामिनी-पक्ष-पातैक-पोषकस्तत्सहायकः ।**
**सर्वलीलासहस्थायी नित्यलीलासमाश्रितः ॥८॥**

એક શ્રીસ્વામિનીજીના પક્ષપાતનું પોષણ કરનાર, તેને સાહાય્ય આપનાર, સર્વ લીલાઓમાં સાથે રહેનાર, નિત્ય-લીલામાં સારી રીતે આશ્રય કરીને રહેલ શ્રીપ્રભુચરણ છે. ૮

**स्वामिनीवृन्दमध्यस्थः स्वान्तस्थायिव्रजाधिपः ।**
**परमानन्दाग्निपुत्रः परमानन्दभाजनम् ॥९॥**

સ્વામિનીજીઓના સમૂહના મધ્યમાં બિરાજમાન, જેમના અન્તઃકરણમાં શ્રીવ્રજાધીપ બિરાજે છે એવા, પરમ આનન્દ-રૂપ શ્રીઅગ્નિ-મહાપ્રભુના પુત્ર અને પરમ આનન્દનું પાત્ર શ્રી પ્રભુચરણ છે. ૯

**एवंविधं विट्ठलाख्यं प्रभुं ध्यायेदहर्निशम् ॥९½॥**

આવા પ્રકારના-શ્રીવિઠ્ઠલનાથ-પ્રભુનું રાત્રિ-દિવસ ધ્યાન કરવું. ૯½

**भावात्मकानन्तलीलासम्बन्धिनमनन्तरम् ॥१०॥**

**कात्यायनीप्रवेशाय योग्यरूपसमाश्रयम् ।**
**नित्यलीलैक-सुफल-प्रार्थकं कृष्णविग्रहम् ॥११॥**

**यमुनावत्स्वामिनीनां कृष्णसम्बन्धकारकम् ।**
**श्रीभावरूपं सततं ध्यायेच्छ्रीविट्ठलेश्वरम् ॥१२॥**

ત્યારપછી ભાવાત્મક અનન્ત લીલાના સમ્બન્ધવાળા, કાત્યાયની દેવીમાં પ્રવેશ કરવા સારૂ યોગ્યરૂપને ધારણ કરનાર, નિત્યલીલારૂપી એક સુફળની ઇચ્છા કરનારા, ભગવત્સ્વરૂપ, શ્રીયમુનાજીની માફક સ્વામિની-વ્રજાંગનાઓને ભગવત્સમ્બન્ધ કરાવનાર, અને હમેશાં શ્રીભાવરૂપ એવા શ્રીવિઠ્ઠલેશ્વરનું સતત ધ્યાન કરવું. ૧૦-૧૧-૧૨

**गूढभावं प्रभुं ताप-भावं श्रीवल्लभाभिधम् ।**
**श्रीभावं स्वामिनं श्रीमद्विठ्ठलेश्वरमेव च ॥१३॥**

**स्थापयेत्सततं चित्ते भक्तो भावसमन्वितः ।**
**स्वाचार्यसंश्रयात्ताप-भावं प्राप्नोति वै फलम् ॥१४॥**

શ્રીગૂઢભાવાત્મક-સ્વામી શ્રીવિઠ્ઠલેશ્વર, અને તાપ (વિપ્રયોગાત્મક) ભાવરૂપ શ્રીવલ્લભાધીશ્વરને પ્રેમી ભકતે પોતાના ચિત્તમાં સતત સ્થાપિત કરવા, તેથી પોતાના આચાર્યચરણોના આશ્રયથી તાપ ભાવાત્મક ફળને ભક્ત પામે છે. ૧૩-૧૪

**यथा भ्रमरगीतेषु तेषां प्राप्तमभूत्फलम् ।**
**प्रमेय-बलतोऽत्रापि स्वाचार्याणां भविष्यति ॥१५॥**

જેમ ભ્રમરગીતમાં તે વ્રજભકતોને ફળ પ્રાપ્ત થયું, તેમ અહીં પણ નિજાચાર્યોના પ્રમેયબળથી ફળ પ્રાપ્ત થશે. ૧૫

**कात्यायनीप्रवेशाश्च यथा लौकिकदेहतः ।**
**मुख्यश्रीभावसम्प्राप्त्या यमुनातोऽपि वा यथा ।१६।**

**स्वमुख्यफलसम्बन्धस्तथा श्रीविट्ठलप्रभोः ।**
**आश्रयेणैव जीवानामसाधनयुतात्मनाम् ॥१७॥**
**भवेत्ततश्च फलयोर्दात्रोरप्येकरूपता ।**
**एवं विज्ञाय सततं सद्भिः कार्यस्तदाश्रयः ॥१८॥**

મુખ્ય શ્રીભાવની પ્રાપ્તિથી અથવા તો શ્રીયમુનાજી (વાલુકારૂપ હોવાથી) પણ જેમ કાત્યાયનીમાં અલૌકિક દેહે પ્રવેશ કર્યો, તેમ નિઃસાધન જીવોને શ્રીવિઠ્ઠલનાથ પ્રભુના આશ્રયથીજ સ્વકીય મુખ્ય ફલનો સમ્બન્ધ થશે; તેથી બન્ને ફળો તથા ફળદાન કરનારનું પણ એક-રૂપપણું છે, એમ જાણીને સત્પુરુષોએ (દૈવીજીવોએ) સતત તેઓનો આશ્રય કરવો. ૧૬–૧૭–૧૮

**सर्वत्रैवादरं हित्वा परमादरतो जनैः ।**
**तेनैव सकलं तेषामनायासेन सिध्यति ॥१९॥**

સર્વ ઠેકાણે આદર તજીને પરમ આદરથી જનોએ (ઉપર કહ્યા મુજબ) આશ્રય કરવો, તેથીજ વિનાશ્રમે તેઓનું સમગ્ર કાર્ય સિદ્ધ થવાનુંજ. ૧૯

**सदा मदीयहृदये वसतु स्वकृपाबलात् ।**
**सर्वदोषाश्रये स्वीये ह्येतद्रूपचतुष्टयम् ॥२०॥**

જોકે મારૂં હૃદય સર્વ દોષોવાળું છે તોપણ પોતાનો જાણી પોતાની કૃપાના બળથી આ ચાર સ્વરૂપો (શ્રીઠાકોરજી, શ્રીસ્વામિનીજી, શ્રીમહાપ્રભુજી, અને શ્રીપ્રભુચરણ) સદા મારા હૃદયમાં બિરાજો. ૨૦

इति श्रीविट्ठलेश्वरचिन्तनप्रकारः ।

इति श्रीहरिरायविरचितमाचार्यचिन्तनम् ॥

## ४५. प्रातःस्मरणम् ।

[ વસંતતિલકા ]

प्रातः स्मरेद्भगवतो वरविठ्ठलस्य
पादारविन्दयुगलं सकलार्थसिद्ध्यै ।
यो वै वितर्कतमसा पिहितं स्वभक्तं
प्रीतः "शमादिव पुरोदिततिग्मरश्मिः" ॥१॥

પ્રાતઃકાલે સમગ્ર અર્થની સિદ્ધિ માટે સર્વોત્તમ ભગવાન્ શ્રીવિઠ્ઠલેશના ચરણકમલ-દ્વયનું સ્મરણ કરવું, પ્રસન્ન થયેલાં જે ચરણ તર્કવિતર્કરૂપી અન્ધકારથી ઢંકાયેલ અર્થાત્ અન્ધ થઈ ગયેલ પોતાના ભક્તના, આગળ ઉદય પામેલ સૂર્યની માફક શાન્તિથી અન્ધકારનું શમન કરનાર છે. ૧

प्रातः स्मरेन्नमननिर्वृतिदं मुरारेः
पूर्णावतारवरविठ्ठलपादपद्मम् ।
मायाविकृत्यगहनं गतबन्धुलोके
यो वै स्वमार्गमनयत्कृपया प्रपन्नम् ॥२॥

પ્રાતઃકાલે નમન માત્રથી આનન્દનું દાન કરનાર, શ્રીકૃષ્ણ-ચન્દ્રના પૂર્ણાવતાર શ્રેષ્ઠ શ્રીવિઠ્ઠલનાથના ચરણકમલનું ધ્યાન કરવું, જેણે માયાવી લોકોના કૃત્યોથી ઘાટા જંગલરૂપ વનમાં જેમના બન્ધુઓ ચાલ્યા ગયા છે એવા લોકમાં કૃપાથી શરણાગત જીવને પોતાના માર્ગમાં લીધો છે. ૨

प्रातर्भजेदमलमूर्त्तिमनन्तशक्तेः
श्रीविठ्ठलस्य जनतापहरस्य नित्यम् ।
यो वै जनस्य शतजन्मकृतापराधं
पादानतस्य कृपयापनुनोद सत्यम् ॥३॥

પ્રાતઃકાલે અનન્ત શક્તિવાળા, જનના તાપને નિત્ય હરણ કરનાર, શ્રીવિઠ્ઠલપ્રભુચરણની નિર્મલ મૂર્તિનું ધ્યાન કરવું, જે શ્રીવિઠ્ઠલેશપ્રભુએ ચરણોમાં નમેલ પોતાના જનનો, સેંકડો જન્મોમાં કરેલ અપરાધ કૃપાથી ખરેખર નાશ કરી નાખ્યો છે.૩

**प्रातर्नता भजत भक्तजनाः सशिष्या**
**नारायणं नरवरं द्विजविठ्ठलेशम् ।**
**धर्मार्थकामभवमोक्षदमंहसोऽरिं**
**संसारदुःखशमनं गुरुमादिदेवम् ॥४॥**

હે સશિષ્ય ભક્તજનો ! નારાયણ, નરમાં શ્રેષ્ઠ, ધર્મ–અર્થ–કામ અને મોક્ષનું દાન કરનાર, પાપના શત્રુ, સંસારના દુઃખનું શમન કરનાર, આદિદેવ, ગુરુ બ્રાહ્મણ શ્રીવિઠ્ઠલેશ પ્રભુનો પ્રાતઃકાળે નમીને આશ્રય કરો. ૪

**प्रातर्जना गदत नाम नरोत्तमस्य**
**श्रीविठ्ठलस्य हरिवल्लभवल्लभस्य ।**
**इष्टार्थदं सुखकरं मतिमानदं च**
**सर्वाघशोकशमनं गदतो नरस्य ॥५॥**

હે મનુષ્યો ! નરોમાં ઉત્તમ શ્રીહરિ જેને વ્હાલા છે એવા શ્રીવલ્લભપ્રભુના વ્હાલા, શ્રીવિઠ્ઠલેશના નામને પ્રાતઃકાલે મુખથી બોલો, જે નામ મુખથી બોલતા નિજજનને ઈષ્ટ અર્થનું દાન કરનાર, સુખ કરનાર, બુદ્ધિ અને માનનું દાન કરનાર, અને સર્વ પાપના સમૂહને શાન્ત કરનાર છે. ૫

**यः श्लोकपञ्चकमिदं सततं पठेच्चेत्**
**स स्यात्सुखी सुविषयी विदुषां वरिष्ठः ।**

**देवोपदेवगणभीतिहरं च हारं**
**सर्वावतारशमनं हरितोषणञ्च ॥६॥**

જે મનુષ્ય હમેશાં આ પાંચ શ્લોકને સવારમાં પાઠ કરે, તે મનુષ્ય વિદ્વાનોમાં શ્રેષ્ઠ, સુખી અને ભગવન્મય, જેવા સર્વ શબ્દ–સ્પર્શ–રૂપ–રસ–ગન્ધાદિ વિષયો છે એવો થાય. આ સ્તોત્ર દેવ–ઉપદેવગણો સમ્બન્ધી ભીતિને હરનાર, સુન્દર, સર્વાવતારનું શમન કરનાર એટલે નિત્યલીલાનું દાન કરનાર અને શ્રીહરિને પ્રસન્ન કરનાર છે. ૬

**इति श्रीहरिदासोदितं श्रीविट्ठलेश्वराणां प्रातःस्मरणस्तोत्रं सम्पूर्णम् ।**

## ४६. श्रीविट्ठलेश्वराष्टोत्तरशतनामावलिः ।

[ અનુષ્ટુભ ]

**श्रीविट्ठलेश-मत्स्वामिनामानि सुखदानि मे ।**
**सन्तोषाय निरूप्यन्ते सतामपि च तुष्टये ॥१॥**

શ્રીહરિરાયજી ઉપક્રમ કરે છે કે—મારા સન્તોષ માટે પણ સુખનું દાન કરનાર શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણનાં (૧૦૮) નામોનું નિરૂપણ કરવામાં આવે છે. ૧

**१. श्रीविट्ठलाय नमः ।**

विद्–જ્ઞાન–ઠ–રહિત એટલે જ્ઞાનહીન જનોને અંગીકાર કરનાર–શ્રીવિઠ્ઠલ પ્રભુચરણને પ્રણામ. ૧

**२. श्रीवल्लभात्मजाय नमः ।**

શ્રીમદ્વલ્લભાચાર્યજીના આત્મજ શ્રીપ્રભુચરણને નમન. ૨

**३. श्रीगोपीनाथानुजाय नमः ।**

શ્રીગોપીનાથજીના નાના ભાઇ શ્રીપ્રભુચરણને નમન. ૩

**४. श्रीरुक्मिणीरमणाय नमः ।**

શ્રીરુક્મિણીજીના રમણ-પતિ શ્રીપ્રભુચરણને નમન. ૪

**५. श्रीपद्मावतीप्राणप्रियाय नमः ।**

શ્રીપદ્માવતીજીના પ્રાણપ્રિય શ્રીપ્રભુચરણને નમન. ૫

**६. सर्वाङ्गसुन्दराय नमः ।**

જેનાં સર્વ અંગો સુન્દર છે એવા શ્રીપ્રભુચરણને નમન. ૬

**७. सहजारक्तनयनाय नमः ।**

સ્વાભાવિક કાંઇ લાલ જેમનાં નેત્રો છે એવા શ્રીપ્રભુચરણને નમન. ૭

**८. स्निग्धनीरदश्यामाय नमः ।**

જલપૂર્ણ મેઘ-તુલ્ય શ્યામ શ્રીપ્રભુચરણને નમન. ૮

**९. मदनाभिरामाय नमः ।**

કામદેવ કરતાં સુન્દર શ્રીપ્રભુચરણને નમન. ૯

**१०. हसद्वदनपङ्कजाय नमः ।**

હસતા મુખકમળવાળા શ્રીપ્રભુચરણને નમન. ૧૦

**११. करुणारसपूरितहृदयाय नमः ।**

કરુણારસથી પૂર્ણ હૃદયવાળા શ્રીપ્રભુચરણને નમન. ૧૧

**१२. व्रजस्त्रीभावपूर्णाय नमः ।**

વ્રજવધૂઓના ભાવથી પૂર્ણ એવા શ્રીપ્રભુચરણને નમન. ૧૨

**१३. भावाविघूर्णितलोचनाय नमः ।**

ભાવથી ઘૂર્ણાયમાન નેત્રવાળા શ્રીપ્રભુચરણને નમન. ૧૩

**१४. विस्मिताखिललौकिकाय नमः ।**

સમગ્ર લોકસમૂહને આશ્ચર્ય પમાડનાર શ્રીપ્રભુચરણને નમન. ૧૪

**१५. सततस्मृतकृष्णलीलाय नमः ।**

હમેશાં શ્રીકૃષ્ણ ભગવાન્‌ની લીલાનું સ્મરણ કરનાર શ્રી-પ્રભુચરણને નમન. ૧૫

**१६. लीलाव्यवहिताखिलकृतये नमः ।**

ભગવલ્લીલાથી જેની સમગ્ર લૌકિક કૃતિ અટકી પડી છે એવા શ્રીપ્રભુચરણને નમન. ૧૬

**१७. गोवर्धनास्थितिप्रियाय नमः ।**

શ્રીગિરિરાજમાં રહેવું જેમને પ્રિય છે એવા શ્રીપ્રભુચરણને નમન. ૧૭

**१८. गोत्रनाथसहचराय नमः ।**

શ્રીગોવર્ધનનાથજીની સાથે ફરનાર શ્રીપ્રભુચરણને નમન. ૧૮

**१९. तदतुलप्रीतिपात्राय नमः ।**

તે શ્રીગોવર્ધનનાથજીની અતુલ-પ્રીતિના પાત્ર શ્રીપ્રભુ-ચરણને નમન. ૧૯

**२०. तल्लीलापूरितविग्रहाय नमः ।**

તે શ્રીભગવાનની લીલાથી પૂર્ણ અંગવાળા શ્રીપ્રભુચરણને નમન. ૨૦

**२१. गोवर्धनगमनोत्साहसंयुताय नमः ।**

શ્રીગિરિરાજમાં પધારવાનો જેમને ઉત્સાહ છે એવા શ્રી-પ્રભુચરણને નમન. ૨૧

**२२. लीलाभावविभावनाज्ञानमार्गाय नमः ।**

શ્રીભગવલ્લીલાના ભાવનો વિચાર કરવાથી માર્ગને જાણ-નાર શ્રીપ્રભુચરણને નમન. ૨૨

**२३. सम्मुखागतगोवर्धननाथाय नमः ।**

શ્રીગોવર્ધનનાથજી જેમની સન્મુખ પધારેલા છે એવા શ્રીપ્રભુચરણને નમન. ૨૩

**२४. परस्परयोजितकरकमलाय नमः ।**

પરસ્પર જોડેલ છે કરકમલ જેમણે એવા શ્રીપ્રભુચરણને નમન. ૨૪

**२५. निजमन्दिरसहजास्थितये नमः ।**

નિજ મન્દિરમાં સહજ જેમની સ્થિતિ છે એવા શ્રીપ્રભુ-ચરણને નમન. ૨૫

**२६. विविधभावभावुकाय नमः ।**

વિવિધ ભાવોથી ભાવપૂર્ણ શ્રીપ્રભુચરણને નમન. ૨૬

**२७. अनुभूताखिललीलाय नमः ।**

સમગ્ર લીલાનો અનુભવ કરનાર શ્રીપ્રભુચરણને નમન.૨૭

**२८. स्वप्रेष्ठक्षणवियोगासहिष्णवे नमः ।**

પોતાના વહાલા શ્રીગોવર્ધનનાથજીના ક્ષણ માત્રના વિયોગ-ને સહી ન શકનાર શ્રીપ્રભુચરણને નમન. ૨૮

**२९. विहितविविधशृङ्गाराय नमः ।**

શ્રીઠાકોરજીને વિવિધ પ્રકારની ઋતુ અનુસાર શૃંગાર કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૨૯

**३०. सेवासन्तोषितपुष्टिपतये नमः ।**

સેવાથી પુષ્ટિમાર્ગના જીવોના પતિ શ્રીકૃષ્ણચન્દ્રને સન્તુષ્ટ કરનારને નમન. ૩૦

**३१. लीलान्तरानुभवार्थगोकुलगतये नमः ।**

જુદી જુદી લીલાઓનો અનુભવ કરવા સારૂ શ્રીગોકુલમાં પધારનાર શ્રીપ્રભુચરણને નમન. ૩૧

**३२. प्रार्थितगमनाज्ञाय नमः ।**

શ્રીજી પાસે જવાની આજ્ઞા માગનાર શ્રીપ્રભુચરણનેનમન.૩૨

**३३. यथाकथञ्चिल्लब्धाज्ञाय नमः ।**

માંડ માંડ જેમને જવાની આજ્ઞા મળી છે એવા શ્રીપ્રભુ-ચરણને નમન. ૩૩

**३४. सम्मुखास्थितविहिताचरणसञ्चाराय नमः ।**

સન્મુખ રહીને કાંઈક-ધીમેથી ચરણનો સંચાર કરનાર અર્થાત્ સન્મુખ આજ્ઞા મેળવી ધીમે પગલે પધારનાર શ્રીપ્રભુ-રણને નમન. ૩૪

**३५. प्राप्तप्रसादकुसुममालापरिधानाय नमः ।**

પ્રભુ તરફથી પ્રાપ્ત થયેલ છે પ્રસાદ, પુષ્પમાલા, ઉપરણો જેમને એવા શ્રીપ્રભુચરણને નમન. ૩૫

**३६. ताम्बूलवीटिकाकमनीयकराय नमः ।**

પાન-બીડાંથી સુન્દર હસ્તવાળા શ્રીપ્રભુચરણને નમન. ૩૬

**३७. वियोगमुद्रितदृशे नमः**

શ્રીજીના વિયોગથી નેત્ર બન્ધ કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૩૭

**३८. यथाकथञ्चिच्चालिताय नमः ।**

પ્રભુ પાસેથી માંડમાંડ પધારતા શ્રીપ્રભુચરણને નમન. ૩૮

**३९. मुहुर्विलोकितव्रजनाथाय नमः ।**

વારંવાર શ્રીજીનું વિલોકન–દર્શન કરતા શ્રીપ્રભુચરણને નમન. ૩૯

**४०. व्रजपरिवृढप्रतिक्षणविलोकिताय नमः ।**

વ્રજપરિવૃઢ શ્રીનાથજીએ પ્રતિક્ષણે જેમના સામી કૃપાદૃષ્ટિ કરી છે એવા શ્રીપ્રભુચરણને નમન. ૪૦

**४१. उच्चाटितनिजनाथमानसाय नमः ।**

પોતાના નાથના મનમાં ઉચ્ચાટ પેદા કરનાર શ્રીપ્રભુ-ચરણને નમન. ૪૧

**४२. अतिकष्टबाहिरागताय नमः ।**

અત્યન્ત કષ્ટથી બહાર પધારેલ શ્રીપ્રભુચરણને નમન. ૪૨

**४३. समुदितहृत्तापाय नमः ।**

જેમના હૃદયમાં તાપ સારી રીતે ઉત્પન્ન થયો છે એવા શ્રીપ્રભુચરણને નમન. ૪૩

**४४. तदङ्गसङ्गिसेवकसम्मुखस्थिताय नमः ।**

ભગવાનના શ્રીઅંગના સંગવાળા સેવકોની સન્મુખ બિરા-જમાન શ્રીપ્રભુચરણને નમન. ૪૪

**४५. किञ्चिन्नामितग्रीवाय नमः ।**

કાંઈક નમાવેલ છે ગ્રીવા–ડોક એવા શ્રીપ્રભુચરણને નમન. ૪૫

**४६. योजितकरकमलाय नमः ।**

બન્ને કરકમલ જોડનાર શ્રીપ્રભુચરણને નમન. ૪૬

**४७. निजकदाचित्स्मरणप्रार्थनाकर्त्रे नमः ।**

કોઈ દિવસ પોતાની યાદી કરવાની પ્રાર્થના કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૪૭

**४८. निजसर्वस्वसेवाशिक्षादात्रे नमः ।**

પોતાના સર્વસ્વ શ્રીજીની સેવાના શિક્ષણનું દાન કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૪૮

**४९. सावधानीकृतसेवकाय नमः ।**

સેવકોને સાવધાન કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૪૯

**५०. तादृशभक्तसंवलिताय नमः ।**

તાદૃશ ભક્તોથી સારી રીતે વીંટાયેલ શ્રીપ્રભુચરણને નમન.

**५१. श्रीगोवर्धनोपरिपदस्थापकाय नमः ।**

શ્રીગિરિરાજ ઉપર પદ–સ્થાનને સ્થાપન કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૫૧

**५२. नामिताशिरःशनैश्चलिताय नमः ।**

મસ્તક નમાવીને ધીમે ધીમે પધારતા શ્રીપ્રભુચરણને નમન. ૫૨

**५३. व्रजाधीशगवाक्षमार्गावलोकिताय नमः ।**

ગોખના માર્ગથી શ્રીજીએ જોયેલ શ્રીપ્રભુચરણને નમન. ૫૩

**५४. उत्तीर्णगोवर्धनगिरये नमः ।**

શ્રીગિરિરાજથી ઊતરી આવેલા શ્રીપ્રભુચરણને નમન. ૫૪

५५. कृतसाष्टाङ्गनमस्काराय नमः ।

શ્રીગિરિરાજને સાષ્ટાંગ નમસ્કાર કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૫૫

५६. एकदृष्टिदृष्टस्वामिमन्दिरध्वजाय नमः ।

એક નજરથી સ્વામી–શ્રીનાથજીના મન્દિરની ધ્વજાનું દર્શન કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૫૬

५७. मस्तकनिहितकरयुगलाय नमः ।

પોતાના મસ્તક ઉપર બે હસ્તને ધારણ કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૫૭

५८. भावविवशाय नमः ।

પ્રેમભાવથી વિવશ–પરાધીન થયેલ શ્રીપ્રભુચરણને નમન. ૫૮

५९. सेवकसमारूढसदश्वाय नमः ।

સેવકોએ સુન્દર ઘોડા ઉપર પધરાવેલ શ્રીપ્રભુચરણને નમન. ૫૯

६०. सेवार्थसेवकसम्प्रेक्षकाय नमः ।

શ્રીજીની સેવામાં સેવકો ઉપર સારી રીતે નજર રાખનાર શ્રીપ્રભુચરણને નમન. ૬૦

६१. अन्तरङ्गनिजसेवकसहिताय नमः ।

અન્તરંગ–પોતાના સેવકોથી સહવર્ત્તમાન શ્રીપ્રભુચરણને નમન. ૬૧

६२. स्वप्रेष्ठवार्त्ताकथनविस्मृतवर्त्मने नमः ।

પોતાના વ્હાલા શ્રીજીની વાર્ત્તાના કથનથી રસ્તાને ભૂલી જનાર શ્રીપ્રભુચરણને નમન. ૬૨

**६३. स्मृतगोकुललीलाय नमः ।**

શ્રીગોકુલ સમ્બન્ધી લીલાને યાદ કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૬૩

**६४. यमुनाविहृतिविलोकनाविशेषोत्सवाय नमः ।**

શ્રીયમુના-વિહારના દર્શનથી વિશેષ આનન્દવાળા શ્રીપ્રભુચરણને નમન. ૬૪

**६५. बाललीलाभावस्थाय नमः ।**

શ્રીબાલલીલાના ભાવમાં સ્થિર શ્રીપ્રભુચરણને નમન. ૬૫

**६६. श्रीगोकुलधृतचरणाय नमः ।**

શ્રીગોકુલમાં ચરણ ધરનાર શ્રીપ્રભુચરણને નમન. ૬૬

**६७. नवनीतप्रियमान्दिरगताय नमः ।**

શ્રીનવનીતપ્રિયાજીના મન્દિરમાં પધારેલ શ્રીપ્રભુચરણને નમન. ૬૭

**६८. उत्तारितोष्णीषकटिबन्धाय नमः ।**

પાઘ તથા કટિબન્ધનના વસ્ત્રને ઉતારનાર શ્રીપ્રભુચરણને નમન. ૬૮

**६९. निकटागतनिरीक्षितव्रजवल्लभाय नमः ।**

સમીપે આવીને શ્રીવ્રજવલ્લભ-નવનીતપ્રિયાજીનાં દર્શન કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૬૯

**७०. वन्दितनिजाचार्यपादुकाय नमः ।**

પોતાના આચાર્ય શ્રીમહાપ્રભુજીની પાદુકાને વન્દન કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૭૦

**७१. द्रुताविहितस्नानाय नमः ।**

તુરત સ્નાન કરનાર શ્રીપ્રભુચરણુને નમન. ૭૧

**७२. पुनर्मन्दिरसमागताय नमः ।**

ફરી મન્દિરમાં પધારેલ શ્રીપ્રભુચરણુને નમન. ૭૨

**७३. स्पष्टदृष्टस्वसर्वस्ववदननीरजाय नमः ।**

પોતાના સર્વસ્વ શ્રીનવનીતપ્રિયાજીના વદનારવિન્દને સ્પષ્ટ જોનારને નમન. ૭૩

**७४. अखिललीलानुभवार्थनिजाविर्भावाय नमः ।**

સમગ્ર લીલાના અનુભવ માટે જેમનું પોતાનું પ્રાકટ્ય છે એવા શ્રીપ્રભુચરણુને નમન. ૭૪

**७५. श्रीगोवर्धननाथवार्त्ताकथनसुखदाय नमः ।**

શ્રીગોવર્ધનનાથજીની વાર્ત્તાના કથનથી સુખદાન કરનાર શ્રીપ્રભુચરણુને નમન. ૭૫

**७६. सप्ततनुजजनकाय नमः ।**

સાત પુત્રોના પિતા શ્રીપ્રભુચરણુને નમન. ૭૬

**७७. प्रवर्धितस्वजनकवंशाय नमः ।**

પોતાના પિતાજીના વંશને વધારનાર શ્રીપ્રભુચરણુને નમન. ૭૭

**७८. सर्वनिरपेक्षाय नमः ।**

સર્વમાં નિરપેક્ષ શ્રીપ્રભુચરણુને નમન. ૭૮

**७९. लोकवेदानासक्ताय नमः ।**

લોક અને વેદમાં આસક્તિ રહિત શ્રીપ્રભુચરણુને નમન. ૭૯

८०. श्रीकृष्णसेवासक्ताय नमः ।

શ્રીકૃષ્ણ ભગવાનની સેવામાં આસક્ત શ્રીપ્રભુચરણને નમન.

८१. पुष्टयङ्गीकृतभक्ताय नमः ।

શ્રીપુષ્ટિ–અનુગ્રહ માર્ગમાં ભક્તોનો અંગીકાર કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૮૧

८२. रसमार्गस्वरूपप्रकाशकाय नमः ।

રસાત્મક ભક્તિમાર્ગના સ્વરૂપનો પ્રકાશ કરનાર શ્રીપ્રભુ-ચરણને નમન. ૮૨

८३. निरपेक्षजनवल्लभाय नमः ।

નિષ્કામ ભક્તોને વ્હાલા, અથવા નિષ્કામ ભક્તો જેમને વ્હાલા છે એવા શ્રીપ્રભુચરણને નમન. ૮૩

८४. स्वाज्ञापरसुतवत्सलाय नमः ।

પોતાની આજ્ઞામાં તત્પર પુત્રો જેમને વ્હાલા છે એવા શ્રીપ્રભુચરણને નમન. ૮૪

८५. सर्वान्तःकरणज्ञाय नमः ।

સર્વના અન્તઃકરણને જાણનાર શ્રીપ્રભુચરણને નમન. ૮૫

८६. सेवकजनकल्पवृक्षाय नमः ।

સેવક જનોને કલ્પવૃક્ષરૂપ–કલ્પવૃક્ષની માફક ચિન્તિત ફળ દેનાર શ્રીપ્રભુચરણને નમન. ૮૬

८७. स्वजनलौकिकालौकिकफलहेतवे नमः ।

સ્વજનોને લૌકિક અને અલૌકિક ફળનું દાન કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૮૭

**८८. निःसाधनजनचिन्तापराय नमः ।**

નિઃસાધન-સ્વજનોની ચિન્તામાં પરાયણ શ્રીપ્રભુચરણને નમન. ૮૮

**८९. भार्यावियोगव्याजत्यक्ताखिलभोगाय नमः ।**

પત્નીના વિયોગના બહાનાથી સમગ્ર લૌકિક ભોગનો ત્યાગ કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૮૯

**९०. परमरसज्ञाय नमः ।**

રસના ઉત્તમ જાણકાર શ્રીપ્રભુચરણને નમન. ૯૦

**९१. विहितस्वमार्गसन्न्यासधर्माय नमः ।**

સ્વમાર્ગમાં રહીને સંન્યાસ ધર્મનું પાલન કરનાર શ્રીપ્રભુ-ચરણને નમન. ૯૧

**९२. जनकोपममूर्त्तये नमः ।**

જનક-શ્રીમહાપ્રભુજી સમાન સ્વરૂપવાળા શ્રીપ્રભુચરણને નમન. ૯૨

**९३. कृतस्वजनसेवकजनसम्मानाय नमः ।**

સ્વજન અને સેવક જનોનું સન્માન કરનાર શ્રીપ્રભુ-ચરણને નમન. ૯૩

**९४. वन्दितस्वतातस्वरूपाय नमः ।**

પોતાના પિતાજી-શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને વન્દન કર-નાર શ્રીપ્રભુચરણને નમન. ૯૪

**९५. निजभावगोपनाय नमः ।**

પોતાના સ્વરૂપના ભાવને અથવા ભગવદ્ભાવને ગુપ્ત કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૯૫

९६. कापट्यकृतकर्ममार्गधर्मणे नमः ।

કાપટયથી કર્મમાર્ગના ધર્મોનું પાલન કરનાર શ્રીપ્રભુ-ચરણને નમન. ૯૬

९७. अनासक्तिविहितलौकिकाय नमः ।

અનાસક્તિથી લૌકિક કાર્ય કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૯૭

९८. परमादरणीयपदाम्बुजाय नमः ।

પરમ આદરને યોગ્ય છે ચરણકમલ જેમનું એવા શ્રીપ્રભુ-ચરણને નમન. ૯૮

९९. ब्रह्मादिदुर्लभचरणरेणवे नमः ।

જેમના ચરણની રજ બ્રહ્માદિ દેવોને દુર્લભ છે એવા શ્રીપ્રભુચરણને નમન. ૯૯

१००. सेवकजनभाग्याय नमः ।

સેવક જનોના ભાગ્યરૂપ શ્રીપ્રભુચરણને નમન. ૧૦૦

१०१. आनन्दनिधये नमः ।

આનન્દના ભંડાર શ્રીપ્રભુચરણને નમન. ૧૦૧

१०२. परमानन्दाग्निपुत्राय नमः ।

પરમાનન્દસ્વરૂપ–અગ્નિ શ્રીમહાપ્રભુજીના પુત્ર–શ્રીપ્રભુચરણ-ને નમન. ૧૦૨

१०३. विश्वोद्धरणदक्षाय नमः ।

જગતનો ઉદ્ધાર કરવામાં ચતુર–શ્રીપ્રભુચરણને નમન. ૧૦૩

१०४. मायामतखण्डकाय नमः ।

માયામતનું ખંડન કરનાર શ્રીપ્રભુચરણને નમન; (તાત્પર્ય કે

ભાષ્યનો અન્તિમ ૧।। અધ્યાય તથા વિદ્વન્મંડનાદિ ગ્રન્થો રચી માયાવાદનું ખંડન કરનાર આપ છે.) ૧૦૪

**१०५. भक्तिपथप्रकाशकाय नमः ।**

ભક્તિમાર્ગનો પ્રકાશ કરનાર શ્રીપ્રભુચરણને નમન. ૧૦૫

**१०६. अग्निकुमाराय नमः ।**

અગ્નિકુમાર શ્રીપ્રભુચરણને નમન. ૧૦૬

**१०७. अस्मत्स्वामिने नमः ।**

આપણા સ્વામી શ્રીપ્રભુચરણને નમન. ૧૦૭

**१०८. सहजकस्तूरीतिलकाय नमः ।**

સ્વાભાવિક કસ્તૂરીના તિલકવાળા શ્રીપ્રભુચરણને નમન. ૧૦૮

[ અનુષ્ટુભ ]

**इति श्रीविट्ठलाधीश-स्वामिनामशतं शुभम् ।**
**अष्टोत्तरं सदा चिन्त्यं सर्वचिन्तानिवृत्तये ॥ १ ॥**

સર્વ ચિન્તા દૂર કરવા સારૂ આવી રીતે સ્વામી શ્રીવિઠ્ઠલાધીશનાં એકસો ને આઠ શુભ નામોનો સદા વિચાર કરતા રહેવું. ૧.

**इति श्रीहरिरायविरचिता श्रीविठ्ठलेश्वराष्टोत्तरशतनामावलिः समाप्ता ॥**

## ४७. श्रीविठ्ठलविभोरष्टकम् ।

[ શિખરિણી ]

क्षितावाविर्भूतो जनकजनसम्भालनकृते
कृपापूर्णः कर्तुं भजनपथविस्तारमतुलम् ।
स्मरस्मेराकारः सहजविपुलारक्तनयनः
स मे नित्यं नाथो वसतु हृदये विठ्ठलविभुः ॥१॥

પિતાજી-શ્રીમહાપ્રભુજીના જનો-વૈષ્ણવોની સંભાળ લેવા સારૂ, તેમ ભક્તિમાર્ગનો અતુલ વિસ્તાર કરવા સારૂ કૃપાપૂર્ણ જે શ્રીપ્રભુચરણ પૃથ્વીમાં પ્રકટ થયા છે, કામદેવને ભૂલાવે એવા આકારવાળા, સહજ-વિશાળ કાંઇક રક્તનેત્ર કમલવાળા, તે શ્રીવિઠ્ઠલનાથ પ્રભુ હમેશાં મારા હૃદયમાં નિવાસ કરો. ૧

निजानन्दैः सान्द्रः सुभगवदनः श्यामलतनु-
र्लसन्नासाश्वासोन्नमनकृतसौन्दर्यनिचयैः ।
वचोव्याहारातिस्फुरदमलहासातिरुचिरः
स मे नित्यं नाथो वसतु हृदये विठ्ठलविभुः ॥२॥

પોતાના આનન્દથી ભરપૂર, સુન્દર મુખવાળા, શ્યામ અંગવાળા, નાસિકાના શ્વાસને ઊંચો કરતાં સૌન્દર્યના સમૂહથી શોભાયુક્ત, વચનામૃત કરવા વખતે અત્યન્ત પ્રકાશિત નિર્મલ હાસ્યથી સુન્દર, તે શ્રીવિઠ્ઠલનાથ વિભુ મારા હૃદયમાં હમેશાં નિવાસ કરો. ૨

प्रयातः प्रेमार्द्रो विरहभरविक्षिप्तहृदयः
समुत्क्षिप्य स्वीयं भवनमखिलं सत्वरगतिः ।
हरिं द्रष्टुं दृग्भ्यां रहसि हरिदासाभिधगिरिं
स मे नित्यं नाथो वसतु हृदये विठ्ठलविभुः ॥३॥

પ્રેમથી ભીના, શ્રીજીના વિરહભાવથી વિક્ષિપ્ત હૃદયવાળા શ્રીપ્રભુચરણ પોતાના સમગ્ર ભવનનો ત્યાગ કરી ઉતાવળે પગલે એકાન્તમાં શ્રીનાથજીનાં નેત્રથી દર્શન કરવા શ્રીગિરિરાજમાં પધાર્યા તે શ્રીવિઠ્ઠલનાથ પ્રભુ મારા હૃદયમાં સદા નિવાસ કરો. ૩

परित्रस्ताः सर्वे कुमतिगतिग्रस्ता अपि निजाः
समस्ताः संसारे विषयसुखसारे कुमतिभिः ।
वचोवृन्दैश्चिन्तारहितहृदया येन विहिताः
स मे नित्यं नाथो वसतु हृदये विठ्ठलविभुः ॥४॥

દુર્બુદ્ધિ અને દુર્ગતિએ ગળેલા, વિષય સુખના સારવાળા, સંસારમાં દુર્બુદ્ધિવાળા જનોથી ત્રાસ પામેલા, એવા પોતાના સર્વેને પણ જેમણે વચનામૃતોથી ચિન્તારહિત હૃદયવાળા બનાવ્યા, તે શ્રીવિઠ્ઠલનાથ પ્રભુ સદા મારા હૃદયમાં નિવાસ કરો. ૪

स्वमार्गीयो धर्मस्तदुपहितकर्मादिसहितः
सुगूढस्तद्भावः प्रचुरबलमूढोऽपि सततम् ।
दृढः श्रीगोपीनां परिदृढविचारेण विहितः
स मे नित्यं नाथो वसतु हृदये विठ्ठलविभुः ॥५॥

અંગ–ઉપાંગ સેવા–કર્માદિસહિત સ્વમાર્ગીય (પુષ્ટિમાર્ગીય) ધર્મ કે જેનો ભાવ ઘણા બુદ્ધિબળથી વારંવાર ઊહાપોહ કરી વિચારવામાં આવે તોપણ સારી રીતે ગૂઢ છે, શ્રીગોપીજન-વલ્લભ શ્રીનાથજીના વિચારેલ માર્ગે જેમણે તેને દૃઢ, યાને મજબૂત રીતે–વિશદ (સ્પષ્ટ) કર્યો તે શ્રીવિઠ્ઠલનાથ પ્રભુ સદા મારા હૃદયમાં નિવાસ કરો. ૫

**पवित्रीकर्त्तुं स्वं जगदखिलदेशास्थितमहो**
**समाज्ञसः सर्वस्वजनकरुणायुक्तहरिणा ।**
**प्रयातः षड्वारं हरिरातिपुरीं द्वारसुखदां**
**स मे नित्यं नाथो वसतु हृदये विठ्ठलविभुः ॥६॥**

અહો ! સર્વ સ્વજનો ઉપર દયાળુ–શ્રીગોવર્ધનનાથજીની આજ્ઞાથી સમગ્ર દેશમાં રહેલ પોતાના દૈવી જગત્‌ને પવિત્ર કરવા છ વખત જે શ્રીદ્વારિકાપુરીમાં પધાર્યા, તે શ્રીવિઠ્ઠલનાથ પ્રભુ સદા મારા હૃદયમાં નિવાસ કરો. ૬

**निजस्वामिस्नेहस्मरणधृतदेहादिसकलो**
**लसच्छ्रीमद्गोपीजनसहजभावैकभरितः ।**
**तनूजः श्रीवह्नेः प्रभुचरणसेवाव्रतयुतः**
**स मे नित्यं नाथो वसतु हृदये विठ्ठलविभुः ॥७॥**

નિજસ્વામી–શ્રીનાથજીનું સ્નેહયુક્ત સ્મરણ, તેને માટે જેમણે શ્રીઅંગાદિ બધું ધારણ કરેલ છે એવા, સુન્દર શ્રીગોપી-જનોના સહજભાવથી એક પૂર્ણ, શ્રીઅગ્નિ–શ્રીમહાપ્રભુજીના આત્મજ, શ્રીનાથજીની ચરણસેવાના વ્રતથી યુક્ત એવા શ્રી-વિઠ્ઠલનાથ વિભુ સદા મારા હૃદયમાં બિરાજો. ૭

**पितुः प्रीतेः पात्रं सहजमृगनाभीजतिलकः**
**समर्प्य स्वं वंशं तदखिलकलङ्कापकरणम् ।**
**पदाम्भोजासक्तः स्वजनपरमानन्दकरणः**
**स मे नित्यं नाथो वसतु हृदये विट्ठलविभुः ॥८॥**

પિતાજી શ્રીમહાપ્રભુજીના કૃપાપાત્ર, સહજ કસ્તૂરીના તિલકવાળા, તેથી જેમનાં સમગ્ર કલંક–દૂર થઇ ગયાં છે એવા પોતાના સમગ્રવંશનું શ્રીજીને સમર્પણ કરીને તેના ચરણ-કમળમાં આસક્તિવાળા સ્વકીય જનોને પરમાનન્દનું દાન કરનાર તે શ્રીવિઠ્ઠલનાથ વિભુ સદા મારા હૃદયમાં નિવાસ કરો. ૮

**इति श्रीमत्स्वामिस्मरणरतिमात्रैकसधनः**
**स्फुटं प्रावोचद्वै निजजनपतेरष्टकमिदम् ।**
**पठत्येवम्भावः प्रचुरसद्भावोऽपि सततं**
**पदद्वन्द्वे भावं सपदि लभते विट्ठलविभोः ॥९॥**

એવી રીતે શ્રીમાન્ સ્વામી શ્રીઠાકોરજીના સ્મરણનો આનન્દ એજ એક માત્ર જેને ધન છે એવા શ્રીહરિરાયજીએ સ્વકીય જનોના પતિ શ્રીપ્રભુચરણનું આ અષ્ટક સ્પષ્ટપણે રચ્યું. આવી રીતે ભાવયુકત ભકત પ્રચુર પ્રેમરહિત હોય તોપણ હમેશાં આ સ્તોત્રનો પાઠ કરે તો તે વૈષ્ણવ શ્રીવિઠ્ઠલનાથ વિભુના ચરણદ્વન્દ્વમાં તુર્ત ભાવને પામે છે. ૯

**इति श्रीहरिदासोक्तं श्रीविट्ठलविभोरष्टकं सम्पूर्णम् ।**

## ४८. श्रीगोकुलेशाष्टकम् ।

[ શાર્દૂલવિક્રીડિત ]

उद्धर्त्तुं धरणीतले निजबलेनैव स्वकीयाञ्जना-
नाविर्भूय तथा कृपापरवशः श्रीविठ्ठलेशालये ।
यः श्रीभागवतार्थतत्त्वविवृतेश्चक्रे प्रचारं वचः-
पीयूषै रतिपोषणाय सततं श्रीगोकुलेशोऽवतु ॥१॥

ધરણીતલમાં પોતાના (પ્રમેય)બલથીજ સ્વકીય જનોનો ઉદ્ધાર કરવા શ્રીવિઠ્ઠલનાથજીના ઘરમાં પ્રકટ થઈને, તેમ કૃપાથી ભક્તાધીન બની જેમણે રતિ-(પ્રેમલક્ષણા ભક્તિ)-માર્ગનું પોષણ કરવા સારૂ વચનામૃતોથી શ્રીભાગવતના તત્ત્વની વિવૃતિ-(શ્રીસુબોધિનીજી)નો પ્રચાર કર્યો, તે શ્રીગોકુલેશ પ્રભુ હમેશાં રક્ષણ કરો; ( તાત્પર્ય કે કુમાર્ગે જતા અટકાવી પુષ્ટિમાર્ગમાં રાખો ). ૧

[ વસંતતિલકા ]

यः पुष्टिमार्गगतभावविभावनैक-
दक्षः समक्षमपि सन्निधिसेवकानाम् ।
यो ज्ञानगूढहृदयः सदयः सदैव
सेवासुखं मम तनोतु स गोकुलेशः ॥२॥

સાન્નિધ્યમાં વસતા સેવકોની સમક્ષ પણ જે પુષ્ટિ-(અનુગ્રહ)-માર્ગના ભાવોને સમજાવવાને એક મહાચતુર છે,

—જ્ઞાનથી ગૂઢ હૃદયવાળા અને સદા દયાળુ છે, તે શ્રી-ગોકુલેશ પ્રભુ મને પ્રભુસેવાના સુખનો વિસ્તાર કરો, એટલે પ્રભુસેવાનું દાન કરો. ૨

[ શાર્દૂલવિક્રીડિત ]

यः सेव्यः सततं सतां निजफलप्रेप्सावतां वर्त्तिना-
माचार्योदितशुद्धपुष्टिसुपथे नित्यानुकम्पापरः ।
यद्दृष्टयैव हृदन्धकारनिचयो यायात्क्षणात्क्षीणता-
मानन्दं मुहुरातनोतु मधुराकारः प्रभुर्वल्लभः ॥३॥

પ્રભુરૂપ ફળની ઇચ્છાવાળાં, પોતાની પાસે રહેતાં વૈષ્ણવો-થી જે સદા સેવાઇ રહ્યા છે, શ્રીમદાચાર્યચરણોએ પ્રકટ કરેલ પુષ્ટિ-(અનુગ્રહ)-માર્ગમાં જે હમેશાં દયાપરાયણ છે, જેની કૃપાદૃષ્ટિથી જ હૃદયના અન્ધકારનો જથ્થો ક્ષણમાત્ર-માં ક્ષીણતાને પામે છે, તે મધુર—સુન્દર આકારવાળા પ્રભુ શ્રીવલ્લભ ( ગોકુલનાથજી ) વારંવાર આનન્દનો વિસ્તાર કરો; (તાત્પર્ય કે સ્વકીયોને આનન્દનું દાન કરો ). ૩

यो मायामतवर्त्तिदुष्टवदनध्वंसं वचोभिर्निजैः
कुर्वन् सेवकसर्वलोकहृदयानन्दं सदा पोषयन् ।
तद्भावं सुदृढं करोति कृपया दासैकहृद्यातया
यातानां शरणं हृदा स मनसो मोदं सदा यच्छतु।

જેઓ પોતાનાં વચનામૃતોથી માયાવાદને અનુસરનાર દુષ્ટ જનોના મુખનો ધ્વંસ કરી રહ્યા છે, અને સર્વ સેવક-જનોના હૃદયમાં આનન્દને સદા પોષી રહ્યા છે, અને કૃપા

દાસો માટે હૃદયમાં પ્રાપ્ત થયેલ કૃપાથી શરણાગત જીવોના ભગવદ્ભાવને જે દઢ કરી રહ્યા છે તે શ્રીગોકુલેશ પ્રભુ સદા મારા મનના આનન્દને હૃદયદ્વારા આપો. ૪

[ પૃથ્વી ]

**हसद्वदनपङ्कजस्फुरदमन्दभावार्द्रदृक्**
**कपोलविलसद्रसद्वयविमिश्रताम्बूलदः ।**
**समुन्नतसुनासिकः सरसचारुबिम्बाधरो**
**हरत्वखिलसेविनां चिरवियोगतापं क्षणात् ॥५॥**

હસતા મુખકમળમાં ફરકતા પૂર્ણ ભાવથી ભીની નજરવાળા, ગંડસ્થલોમાં શોભાયુક્ત રસોથી મિશ્રિત એવા તામ્બૂલનું દાન કરનાર, સારી રીતે ઊંચી ( શુકચઞ્ચૂવત્ ) સુન્દર નાસિકાવાળા, સરસ બિમ્બફળ ( ઘોલાં–ટીંડોરાં) સમાન સુન્દર અધરવાળા, શ્રીગોકુલનાથ પ્રભુ સર્વ સેવકોના લાંબા સમયના વિયોગજન્ય તાપનું ક્ષણમાત્રમાં હરણ કરો. ૫

**मनोजमधुराकृतिर्निजमनोविनोदोद्गतिः**
**कृती जनमनोहृतौ विरतिकारकः संसृतौ ।**
**स्वभावपरिपोषको [१]भवसमुद्रसंशोषकः**
**करोतु वरणं सदा सकलमत्र वै वल्लभः ॥६॥**

મનોજ કામદેવ જેવી સુન્દર આકૃતિવાળા, પોતાના જનોના મનના આનન્દ માટે જેમનું પ્રાકટ્ય છે, જનોના

૧. **निजजनानुकम्पापरः** પોતાના જનો ઉપર અનુકમ્પા–દયા–કરવામાં તત્પર [આવો પાઠ પણ છે.]

મનને હરણુ કરવામાં ચતુર, સંસારમાં વૈરાગ્ય ઉત્પન્ન કરનાર, સ્વભાવ ભગવદ્ભાવનું પોષણુ કરનારા, સંસાર સમુદ્રનું શોષણુ કરનાર શ્રીવલ્લભ ગોકુલનાથ પ્રભુ અહીં સદા વરણુઆત્મ-નિવેદનને સફળ કરો. ૬

[ વસંતતિલકા ]

गोधूममेचकमनोहरवर्णदेहो
य: कृष्णकेशनिचयोल्लसदुत्तमाङ्गः ।
सूक्ष्मोत्तरीयकटिवस्त्रविराजिताङ्गः
साङ्गां तनोतु मुदमद्भुतगोकुलेशः ॥७॥

ગોધૂમ-ઘઊંવર્ણો નીલશ્યામ મનોહર જેમનો દેહ છે, શ્યામરંગવાળા કેશના સમૂહથી સુન્દર મસ્તકવાળા, સૂક્ષ્મ ઉત્તરીય-ઉપરણો અને ધોતીથી વિરાજિત અંગવાળા, અલૌકિક શ્રીગોકુલેશ પ્રભુ સંપૂર્ણ આનન્દનું દાન કરો. ૭

[ શાર્દૂલવિક્રીડિત ]

ताताज्ञैकपरः पराशयविदां वर्य्यः परानन्ददो
माला येन सुरक्षिता निजमहायत्नेन कण्ठे सताम् ।
धर्मो येन विवर्धितः पितृपदाचारप्रचारैः सदा
स श्रीगोकुलनायकः करुणया भूयाद्वशो सेविनाम् ।

પિતૃચરણુ શ્રીગુસાંઇજીની આજ્ઞામાં તત્પર, બીજાના અન્તઃકરણુને જાણુનારાઓમાં શ્રેષ્ઠ, ઉત્તમ આનન્દનું દાન કરનાર, જેમણે પોતાના મહાયત્નથી વૈષ્ણવોના કંઠમાં માલાનું રક્ષણુ કર્યું, શ્રીતાતચરણુ-ગુસાંઇજીના સદાચારના પ્રચારથી

જેમણે ધર્મની સદા વૃદ્ધિ કરી તે શ્રીગોકુલનાયક દયાથી પોતાના સેવકોને અધીન થાઓ. ૮

मर्त्ये मर्त्यभवजातमत्र विफलं ननु विदित्वा जना
नित्यं भक्तजनप्रियं भजत तं त्यक्त्वेतरस्याश्रयम्।
तन्नामानि जपन्तु रूपमखिलं सञ्चिन्तयन्तु स्वयं
सौख्यं तत्पदभावतोभिलषितं सर्वं स्वतः सेत्स्यति।

હે વૈષ્ણવજનો! અહીંનું બધું સાધન નિષ્ફળ છે એમ નક્કી જાણીને અન્યાશ્રયનો ત્યાગ કરી ભક્તજનના પ્રિય એવા તે શ્રીગોકુલપતિનું ભજન કરો, તેમના નામોનો જપ કરો, તેમના સમગ્ર સ્વરૂપનું ચિન્તન કરો; તે શ્રીગોકુલનાથજી પ્રભુના ચરણમાં સ્નેહ રાખવાથી પોતાની મેળે તમારૂં સર્વ સુખ સિદ્ધ થશે. ૯

इति श्रीहरिदासोदितं श्रीगोकुलेशाष्टकं सम्पूर्णम्।

---

## ४९. श्रीगोकुलेशाष्टोत्तरशतनामावलिः।

[ અનુષ્ટુભ ]

श्रीगोकुलेश मत्स्वामिन् नामानि तव तुष्टये।
कथये तव दासानां सर्वकामफलप्रद ॥ १ ॥

આપના દાસોને સર્વ કામ અને ફલોનું દાન કરનાર! મારા સ્વામી! હે શ્રીગોકુલેશ પ્રભુ! આપના સન્તોષ માટે આપનાં નામોનું હું નિરૂપણ કરૂં છું. ૧

१. श्रीगोकुलेशाय नमः।

શ્રીગોકુલના ઈશ–સ્વામીને નમન. ૧

२. श्रीरुक्मिणीनन्दनाय नमः।

શ્રીરુક્મિણી–માજીના આનન્દદાતા સુપુત્ર શ્રીગોકુલેશ પ્રભુને નમસ્કાર. ૨

३. श्रीगिरिधरप्रियाय नमः।

જ્યેષ્ઠ બન્ધુ શ્રીગિરિધરજીના પ્રિય ભ્રાતા શ્રીગોકુલેશ પ્રભુને નમસ્કાર. ૩

४. श्रीगोविन्दमनोरञ्जनाय नमः।

શ્રીગોવિન્દરાયજીના મનનું રંજન કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૪

५. श्रीबालकृष्णानुजाय नमः।

શ્રીબાલકૃષ્ણજીના નાના ભાઈ શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૫

६. श्रीगोकुलनाथाय नमः।

શ્રીગોકુલનાથજી આ નામવાળા શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૬

७. श्रीरघुनाथाग्रजाय नमः।

શ્રીરઘુનાથજીના જ્યેષ્ઠ બન્ધુ શ્રીગોકુલેશજીને નમન. ૭

८. श्रीयदुनाथप्रीतिकर्त्रे नमः।

શ્રીયદુનાથજીની પ્રીતિને કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૮

९. श्रीघनश्यामपोषकाय नमः

શ્રીઘનશ્યામજીનું પોષણ કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૯

१०. श्रीपार्वतीप्राणपतये नमः।

શ્રીપાર્વતીજીના પ્રાણપતિ શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૧૦

११. श्रीविठ्ठलरायजनकाय नमः।

શ્રીવિઠ્ઠલરાયજીના જનક-પિતા શ્રીગોકુલેશજીને નમન. ૧૧

१२. श्रीगोवर्द्धनेशलालिताय नमः।

શ્રીગોવર્ધનેશજીનું લાલન કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન.

१३. श्रीव्रजपति'लाड'कर्त्रे नमः।

શ્રીવ્રજપતિનું લાડ કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૧૩

१४. धर्मस्थापकाय नमः।

ધર્મનું સ્થાપન કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૧૪

१५. गोकुलपतये नमः।

શ્રીગોકુલના પતિને નમસ્કાર. ૧૫

१६. गोवर्धनगमनोत्सुकाय नमः।

શ્રીગિરિરાજમાં પધારવા માટે ઉત્સુક શ્રીગોકુલેશને નમન. ૧૬

१७. गिरिवरनमनकर्त्रे नमः।

શ્રીગિરિરાજને નમન કરનાર શ્રીગોકુલેશને નમન. ૧૭

१८. अतिप्रसन्नमुखारविन्दाय नमः।

અતિ પ્રસન્ન મુખારવિન્દવાળા શ્રીગોકુલેશને નમન. ૧૮

१९. भक्तनयनाह्लादकाय नमः।

ભક્તોના નેત્રને આનન્દ આપનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૧૯

**२०. भक्तमनोरथपूरकाय नमः ।**

ભક્તોના મનોરથને પૂર્ણ કરનાર શ્રીગોકુલેશને નમન. ૨૦

**२१. श्रीगोकुलागताय नमः ।**

શ્રીગોકુલમાં પધારેલા શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૨૧

**२२. स्वप्रभुनमनकर्त्रे नमः ।**

પોતાના સેવ્ય સ્વરૂપ શ્રીગોકુલનાથજીને નમન કરનાર શ્રીગોકુલેશને નમન. ૨૨

**२३. भक्तप्रियाय नमः ।**

ભક્તોને પ્રિય અથવા ભક્તો જેમને પ્રિય છે એવા શ્રીગોકુલનાથજીને નમન. ૨૩

**२४. आचार्यनामार्थप्रकटीकरणाय नमः ।**

આચાર્યજીનાં (સર્વોત્તમ-સ્તોત્રમાંનાં) નામોનો અર્થ પ્રકટ કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૨૪

**२५. पितामहचरणासक्तये नमः ।**

પિતામહ-દાદા શ્રીમહાપ્રભુજીના ચરણમાં આસક્તિવાળા શ્રીગોકુલેશને નમન. ૨૫.

**२६. पितामहस्वरूपज्ञापकाय नमः ।**

દાદા શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જ્ઞાન કરાવનાર શ્રીગોકુલેશને નમન. ૨૬

**२७. पितृपादसरोजनम्राय नमः ।**

પિતા-શ્રીગુસાંઇજીના ચરણકમલમાં નમેલ એવા શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૨૭

**२८. पितृदत्ततुलसीमालाधारकाय नमः ।**

પિતા-શ્રીગુસાંઇજીએ આપેલ તુલસીની માલાને ધારણ કરનારા શ્રીગોકુલેશજીને નમન. ૨૮

**२९. ऊर्ध्वपुण्ड्रधारकाय नमः ।**

ઊર્ધ્વપુંડ્ર તિલક ધારણ કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૨૯

**३०. षण्णवतिमुद्राङ्कितविग्रहाय नमः ।**

છન્નું ગોપીચન્દનની મુદ્રાથી અંકિત શ્રીઅંગવાળા શ્રીગોકુલેશ પ્રભુને નમન; ( સામાન્ય રીતે ૬૪ મુદ્રા ધારણ કરવામાં આવે છે. ) ૩૦

**३१. भव्यमूर्त्तये नमः ।**

સુન્દર મૂર્તિ-સ્વરૂપવાળા શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૩૧

**३२. आकर्णनेत्राय नमः ।**

કર્ણ-કાન પર્યન્ત નેત્રવાળા શ્રીગોકુલેશને નમસ્કાર. ૩૨

**३३. कर्णशोभितकुण्डलाय नमः ।**

કાનમાં શોભિત કુંડલવાળા શ્રીગોકુલેશને નમસ્કાર. ૩૩

**३४. श्रीहस्ते जटितकङ्कणधारकाय नमः ।**

શ્રીહસ્તમાં જડિત કંકણને ધારણ કરનાર શ્રીગોકુલેશને નમન. ૩૪

**३५. अङ्गुलीषु सुमणिजटितमुद्रिकाधारिणे नमः ।**

આંગળીઓમાં સુન્દર મણિથી જડેલ મુદ્રિકા-વીંટીને ધારણ કરનાર શ્રીગોકુલેશને નમન. ૩૫

**૩૬. श्रीकण्ठे मुक्तामालाराजिताय नमः ।**

શ્રીકંઠમાં મોતીની માલાથી સુશોભિત શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૩૬

**૩૭. कृष्णदास्यप्रियाय नमः ।**

શ્રીકૃષ્ણનું દાસ્ય જેમને પ્રિય છે એવા શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૩૭

**૩૮. निजजन्मोत्सवकर्त्रे नमः ।**

પોતાના જન્મોત્સવને કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૩૮

**૩૯. स्वजनहितमङ्गलाचरिताय नमः ।**

સ્વજનોના હિત ખાતર મંગલમય આચરણવાળા શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૩૯

**૪૦. व्रजमङ्गलाचारिताय नमः ।**

વ્રજમાં મંગલરૂપ ચરિત્રવાળા શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૪૦

**૪૧. व्रजमङ्गलदायकाय नमः ।**

વ્રજને મંગલનું દાન કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૪૧

**૪૨. पूर्वोक्तसृष्टिपूजादिकर्त्रे नमः ।**

પૂર્વે કહેલ વ્રજસૃષ્ટિની પૂજા આદિ કરનાર શ્રીગોકુલેશને નમન. ૪૨

**૪૩. महोदाराय नमः ।**

મહા ઉદાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૪૩

**૪૪. सकलद्विजदक्षिणादात्रे नमः ।**

સમગ્ર બ્રાહ્મણોને દક્ષિણા આપનાર શ્રીગોકુલેશને નમન. ૪૪

**४५. निजजनहृदयानन्दाविर्भावकर्त्रे नमः ।**

પોતાના જનોના હૃદયમાં આનન્દનું પ્રાકટ્ય કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૪૫

**४६. नीराजनवारितभक्तनिरीक्षकाय नमः ।**

આરતી કર્યા પછી ભક્તો તરફ કૃપાદૃષ્ટિ કરનાર શ્રીગોકુલેશને નમન. ૪૬

**४७. ताम्बूलदात्रे नमः ।**

તામ્બૂલનું દાન કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૪૭

**४८. हृष्टमानसाय नमः ।**

પ્રસન્ન મનવાળા શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૪૮

**४९. आचार्यसिद्धान्तव्याख्यानकर्त्रे नमः ।**

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાન્તનું વ્યાખ્યાન કરનાર શ્રીગોકુલેશને નમન. ૪૯

**५०. स्वमतस्थापकाय नमः ।**

પોતાના મતનું સ્થાપન કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૫૦

**५१. भागवतार्थाचरिताय नमः ।**

શ્રીભાગવતના અર્થાનુસાર આચરણ કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૫૧

**५२. पितुराज्ञया यमुनाष्टकशेषव्याख्यानकर्त्रे नमः**

પિતા શ્રીગુસાંઈજીની આજ્ઞાથી યમુનાષ્ટકના બાકીના ભાગ (બે શ્લોક)નું વ્યાખ્યાન કરનાર શ્રીગોકુલેશને નમન. ૫૨

**५३. पितृवाक्परिपालकाय नमः ।**

પિતાશ્રીની આજ્ઞાનું પાલન કરનાર શ્રીગોકુલેશને નમન.

**૫૪. शान्तमूर्त्तये नमः ।**

શાન્ત–મૂર્ત્તિ શ્રીગોકુલેશને નમન. ૫૪

**૫૫. महाकारुणिकाय नमः ।**

મહા દયાળુ શ્રીગોકુલેશને નમન. ૫૫

**૫૬. निजजनोपरिकृपादृष्टिकर्त्रे नमः ।**

પોતાના જનો ઉપર કૃપાદૃષ્ટિ કરનાર શ્રીગોકુલેશને નમન. ૫૬

**૫૭. अत्युदाराय नमः ।**

અતિ ઉદાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૫૭

**૫૮. याचकजनमनोरथपूरकाय नमः ।**

યાચક જનોના મનોરથને પૂર્ણ કરનાર શ્રીગોકુલેશને નમન. ૫૮

**૫૯. गोकुलनाथाय नमः ।**

શ્રીગોકુલનાથને નમન. ૫૯

**૬૦. गोवल्लभाय नमः ।**

ગાયો જેમને વ્હાલી છે એવા શ્રીગોકુલેશને નમન. ૬૦

**૬૧. गोवर्धनेशप्रियाय नमः ।**

શ્રીગોવર્ધનનાથજી જેમને પ્રિય છે એવા શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૬૧

**૬૨. श्रीमद्वल्लभकुलमण्डनाय नमः ।**

શ્રીવલ્લભકુલના ભૂષણરૂપ શ્રીગોકુલેશને નમન. ૬૨

**६३. गोस्वामिने नमः ।**

ગાયોના સ્વામી શ્રીગોકુલેશજીને નમન. ૬૩

**६४. वाक्सुधावृष्टिकर्त्रे नमः ।**

વચનામૃતની વૃષ્ટિ કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૬૪

**६५. चर्विततामबूलभक्तदात्रे नમઃ ।**

ભક્તોને ચર્વિત તામ્બૂલનું દાન કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૬૫

**६६. सकलभूषणभूषिताय नमः ।**

સર્વ ભૂષણોથી અલંકૃત શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૬૬

**६७. मनोहररूपाय नमः ।**

મનોહર–સુન્દર રૂપવાળા શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૬૭

**६८. निजजनप्राणवल्लभाय नमः ।**

પોતાના જનોના પ્રાણવલ્લભ શ્રીગોકુલનાથજીને નમન.૬૮

**६९. अग्निहोत्रादिकर्मकर्त्रे नमः ।**

અગ્નિહોત્ર વગેરે કર્મ કરનાર શ્રીગોકુલેશને નમન. ૬૯

**७०. त्रिवारं सन्ध्यावन्दिने नमः ।**

ત્રણ વખત સન્ધ્યાવન્દન કરનાર શ્રીગોકુલેશને નમન. ૭૦

**७१. कर्ममार्गप्रवर्त्तकाय नमः ।**

કર્મમાર્ગના પ્રવર્ત્તક શ્રીગોકુલેશને નમન. ૭૧

**७२. भक्तिमार्गतात्पर्याय नमः ।**

પણ ભક્તિમાર્ગમાં જેમનું તાત્પર્ય છે એવા શ્રીગોકુલેશને નમન. ૭૨

**७३. 'ठकुरानीघाटे' स्नानकर्त्रे नमः ।**

શ્રીઠકુરાણી ઘાટમાં સ્નાન કરનાર શ્રીગોકુલેશને નમન. ૭૩

**७४. ज्येष्ठभ्रातुराज्ञाधारकाय नमः ।**

મ્હોટાભાઈની આજ્ઞાને ધારણ કરનાર શ્રીગોકુલેશને નમન. ૭૪

**७५. निजमन्दिरगताय नमः ।**

નિજ મન્દિરમાં પધારનાર શ્રીગોકુલેશને નમન. ૭૫

**७६. भगवद्गुणगानश्रवणकर्त्रे नमः ।**

શ્રીભગવદ્ગુણોના ગાનનું શ્રવણ કરનાર શ્રીગોકુલેશને નમન. ૭૬

**७७. 'सारङ्गी'वाद्यप्रियाय नमः ।**

સારંગી વાદ્ય જેમને પ્રિય છે એવા શ્રીગોકુલનાથને નમન. ૭૭

**७८. नीराजनकारिणे नमः ।**

આરતી કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૭૮

**७९. 'चिद्रूप'मतखण्डनाय नमः ।**

ચિદ્રૂપ નામના સન્યાસીના મતનું ખંડન કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૭૯

**८०. मालादृढस्थापकाय नमः ।**

તુલસીમાલાનું મજબૂત રીતે સ્થાપન કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૮૦

**૮૧. पृथ्वीशाज्ञोल्लङ्घनाय नमः ।**

પૃથ્વીપતિ–પાદશાહ જહાંગીરની આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૮૧

**૮૨. तत्समीपे काश्मीरगताय नमः ।**

તેની સમીપ કાશ્મીર દેશમાં પધારેલ શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૮૨

**૮૩. काश्मीरपावनकर्त्रे नमः ।**

કાશ્મીર દેશને પવિત્ર કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન.૮૩

**૮૪. तदाज्ञया 'सोरम'वासनिर्धारकर्त्रे नमः ।**

તેની આજ્ઞાથી સોરમજીમાં વાસ કરવાનો નિર્ધાર કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૮૪

**૮૫. पुनर्गोकुलगताय नमः ।**

ફરી શ્રીગોકુલમાં પધારનાર શ્રીગોકુલનાથજીને નમન.૮૫

**૮૬. सपरिवारं वाराहक्षेत्रे गङ्गासमीपे गताय नमः ।**

પરિવાર સહિત ગંગાજી સમીપ શ્રીવારાહ ક્ષેત્રમાં પધારેલ શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૮૬

**૮૭. स्वभ्रातुरासुरव्यामोहं श्रुत्वा गोकुलागताय नमः ।**

પોતાના ભ્રાતાની આસુરવ્યામોહલીલા સાંભળીને શ્રી-ગોકુલમાં પધારેલ શ્રીગોકુલનાથજીને નમન. ૮૭

**૮૮. दामोदरादिसमाधानकर्त्रे नमः ।**

શ્રીદામોદરદાસજી વગેરે વૈષ્ણવોના ચિત્તનું સમાધાન કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમસ્કાર. ૮૮

**८९. नवनीतप्रियमन्दिरगताय नमः ।**

શ્રીનવનીતપ્રિયાજીના મન્દિરમાં પધારેલ શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૮૯

**९०. साष्टाङ्गदण्डवत्प्रणामकर्त्रे नमः ।**

સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૯૦

**९१. प्रभुचरणे तुलसीदलस्थापकाय नमः ।**

પ્રભુના ચરણમાં તુલસીનું સ્થાપન કરનાર શ્રીગોકુલેશને નમન. ૯૧

**९२. पितामहपितृसमीपे भ्रातृपादुकास्थापकाय नमः ।**

શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુસાંઇજીની પાદુકાની સમીપમાં ભ્રાતા શ્રીગિરિધરજીની પાદુકાને સ્થાપનાર શ્રીગોકુલેશને નમન.

**९३. गूढभावप्रकटीकर्त्रे नमः ।**

ગૂઢભાવને પ્રકટ કરનારા શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૯૩

**९४. महानुभावाय नमः ।**

મહાન્ અનુભવવાળા શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૯૪

**९५. पुनः 'सोरम'पादधारिणे नमः ।**

ફરી શ્રીસોરમજીમાં પધારનાર શ્રીગોકુલેશપ્રભુને નમન. ૯૫

**९६. किञ्चित्कालं तत्र निवासकर्त्रे नम ।**

કેટલોક સમય ત્યાં નિવાસ કરનાર શ્રીગોકુલેશને નમન.૯૬

**९७. सकुटुम्बं त्वरितगोकुलगताय नमः ।**

સહકુટુમ્બ ઉતાવળે ઉતાવળે શ્રીગોકુલમાં પધારેલ શ્રીગોકુલનાથને નમન. ૯૭

९८. यमुनास्नानकर्त्रे नमः ।

શ્રીયમુનાજીમાં સ્નાન કરનાર શ્રીગોકુલેશને નમન. ૯૮

९९. गोदानकर्त्रे नमः ।

ગોદાન કરનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૯૯

१००. यमुनारसभोगकर्त्रे नमः ।

શ્રીયમુનાજીના જલપાનનો આનંદ લેનાર શ્રીગોકુલનાથજીને નમન. ૧૦૦

१०१. आनन्दपूरिताय नमः ।

આનન્દથી ભરપૂર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૧૦૧

१०२. आबालवृद्धं तुलसीमालातिलकधारिणे नमः ।

બાળકથી વૃદ્ધ સુધી તુલસીમાલા અને તિલકને ધારણ કરાવનાર શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૧૦૨

१०३. नित्यं श्रीगोकुलस्थानविराजिताय नमः ।

હમેશાં શ્રીગોકુલમાં સ્થાન કરી બિરાજમાન શ્રી-ગોકુલેશ પ્રભુને નમન. ૧૦૩

*१०४. पुष्टिमार्गभावभावनैकदक्षाय नमः ।

શ્રીપુષ્ટિમાર્ગના ભાવની ભાવના કરવામાં એક ચતુર શ્રી-ગોકુલનાથજીને નમસ્કાર. ૧૦૪

१०५. ज्ञानगूढहृदयाय नमः ।

જ્ઞાનથી ગૂઢ હૃદયવાળા શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૧૦૫

* ૧૦૩ નામજ મળે છે; ૧૦૮ નામ પૂરાં કરવા શ્રીગોકુલેશાષ્ટકમાંથી અહીં પાંચ નામ ઉતાર્યાં છે.—અનુવાદક

१०६. हसद्वदनपङ्कजाय नमः ।

હસતા મુખારવિન્દવાળા શ્રીગોકુલેશ પ્રભુને નમન. ૧૦૬

१०७. मनोजमधुराकृतये नमः ।

કામદેવ કરતાં પણ મધુર–સુન્દર આકૃતિવાળા શ્રી-ગોકુલેશ પ્રભુને નમન. ૧૦૭

१०८. ताताज्ञैकपालनतत्पराय नमः ।

પિતૃચરણ-શ્રીગુસાંઇજીની આજ્ઞાનું પાલન કરવામાં એક તત્પર શ્રીગોકુલેશ પ્રભુને નમસ્કાર. ૧૦૮

[ અનુષ્ટુભ ]

इति श्रीगोकुलाधीशनाम्नामष्टोत्तरं शतम् ।
सर्वदा चिन्तनीयं हि सर्वचिन्तानिवृत्तये ॥१॥

એવી રીતે શ્રીગોકુલનાથજીના અષ્ટોત્તર શત નામનું સર્વદા ચિન્તન કરવું, જેથી સર્વ ચિન્તાની નિવૃત્તિ થાય.

इति श्रीमद्दासानुदासहरिदासविरचिता श्रीगोकुलेशाष्टो-त्तरशतनामावलिः सम्पूर्णा ।

## ५० श्रीगुरुदेवाष्टकम् ।

[ અનુષ્ટુભ ]

पुष्टिमार्गीयसर्वज्ञः करुणारसपूरितः ।
श्रेष्ठः फलप्रदाता च तस्मै श्रीगुरवे नमः ॥१॥

પુષ્ટિમાર્ગના સમ્પૂર્ણ રહસ્યને જાણનાર, કરુણારસથી ભરપૂર, સર્વોત્તમ, તથા ફલનું દાન કરનાર—તે શ્રીગુરુદેવને નમસ્કાર. ૧

**दैवजीवसमुद्धर्त्ता आनन्दमयविग्रहः ।**
**ध्येयोऽसि मे सदा स्वामिन् रसिकैकशिरोमणिः ।२।**

દૈવી જીવોનો ઉદ્ધાર કરનાર, આનન્દમય જેમનું શ્રીઅંગ છે, એવા હે સ્વામી ! આપ સદા મારે ધ્યાન કરવા યોગ્ય છો, અને રસિક–ભગવદ્રસજ્ઞ–પુરુષોમાં એક શિરોમણિ છો. ૨

**प्रतिबन्धनिराकर्त्ता पुष्टिज्ञानप्रदीपकः ।**
**सर्वसिद्धान्तवक्ता च दीनदुःखासहः प्रभुः ॥३॥**

**सर्वदोषप्रहन्ता च सर्वातीतसुखप्रदः ।**
**बुद्धिप्रेरकभावात्मा, नमामि तमहं गुरुम् ॥४॥**

(ભક્તિમાર્ગના) પ્રતિબન્ધોને દૂર કરનાર, અનુગ્રહ માર્ગના જ્ઞાનનું દાન કરવામાં દીપક તુલ્ય, સર્વ સિદ્ધાન્તને કહેનાર, દીન જનોના દુઃખને ન સહી શકનાર, સમર્થ, સર્વ દોષોનો નાશ કરનાર, સર્વોપરિ સુખનું દાન કરનાર, બુદ્ધિના પ્રેરક અને ભાવસ્વરૂપ જે છે તે શ્રીગુરુદેવને હું નમન કરૂં છું. ૪

**स्वरूपज्ञानशून्यस्य कृपया निखिलाघहृत् ।**
**कार्यमात्रसमर्थात्मन्, निजनाथ नमोनमः ॥५॥**

સ્વરૂપના જ્ઞાનથી શૂન્ય–રહિત એવા સ્વકીય જનનાં સમગ્ર પાપોને જે કૃપાથી હરી રહ્યા છે, અને સર્વ કાર્યમાં સમર્થ સ્વરૂપ, એવા હે પોતાના ભક્તોના નાથ ! આપને નમન હો, નમન હો. ૫

रसमग्नो भग्नदुःखः सर्वदानविलक्षणः ।
सर्वाङ्गसुन्दर ! विभो ! रतिनाथविमोहनः ॥६॥
भक्तिप्रियो भावगम्यो रसज्ञो रसदायकः ।
अतिमाधुर्यनिचयो दुर्लभो भावबोधकः ॥७॥
अनन्यधर्मदाता च व्यभिचारनिवारकः ।
शरणागतसन्त्राता कालादिनयनाशकः ॥८॥ भय
श्रीविठ्ठलप्राप्तिकर्त्ता निजदासावलम्बकः ॥८½॥

ભગવદ્રસમાં નિમગ્ન, દુઃખને ભાંગનાર, સર્વ દાન આપ-વામાં વિલક્ષણ પ્રકારના, જેમનાં સર્વ શ્રીઅંગો સુન્દર છે એવા, હે વિભો ! આપ કામદેવને પણ મોહ કરનાર છો; ભક્તિ જેમને વ્હાલી છે, ભાવથી મેળવી શકાય તેવા રસને જાણનારા, રસનું દાન કરનાર, અત્યન્ત મધુરતાના સમૂહરૂપ, દુર્લભ ભાવને જણાવનારા, પ્રભુ વિના જેમાં બીજું નથી એવા શુદ્ધ ધર્મનું દાન કરનાર, વ્યભિચારનો વિનાશ કરનાર, શરણાગત જીવોના સારી રીતે રક્ષણહાર, કાલાદિના ભયનો નાશ કરનાર, શ્રીવિઠ્ઠલનાથજીના સ્વરૂપની પ્રાપ્તિ કરાવનાર અને પોતાના દાસોને એક અવલમ્બનરૂપી આપ શ્રીગુરુદેવ છો. ૬–૭–૮½

इति श्रीनिजदासविरचितं गुरुदेवाष्टकं समाप्तम् ।

# ५१. प्रभुस्वरूपनिरूपणाष्टकम् ।

(શ્રીવિઠ્ઠલનાથ–ઠાકોરજીના સ્વરૂપનું નિરૂપણ છે.)

[ અનુષ્ટુભ ]

स्वामिनीभावगौरस्य स्वस्वरूपं प्रपश्यतः ।
कटाक्षैर्विठ्ठलेशस्य श्यामताचित्रितं वपुः ॥१॥

શ્રીસ્વામિનીજીના–ભાવથી ગૌર, અને કટાક્ષોથી પોતાના સ્વરૂપને નિહાળતા શ્રીવિઠ્ઠલનાથનું શ્રીઅંગ શ્યામપણાથી ચિત્રવિચિત્ર બની ગયું છે. ૧

स्वस्मिन्नुभयभावेन स्वेषामुभयरूपताम् ।
स्पष्टं बोधयितुं गौरश्यामः श्रीविठ्ठलेश्वरः ॥२॥

પોતામાં શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ તથા પોતાનું સ્વરૂપ આ બન્ને ભાવ હોવાથી અને પોતાના ભક્તોમાં પણ આ બન્ને સ્વરૂપો છે, તે ભાવ સ્પષ્ટ જણાવવા સારૂ શ્રીવિઠ્ઠલનાથજી ગૌરશ્યામ છે. ૨

निजाचार्योदितस्वीयमार्गसेव्यस्वरूपताम् ।
बोधयन्नुभयात्मायं गौरश्यामो विराजते ॥३॥

પોતાના આચાર્ય શ્રીમહાપ્રભુજીએ કહેલ પોતાના માર્ગના સેવ્ય–સ્વરૂપપણાને જણાવતા બન્ને સ્વરૂપે આ ગૌરશ્યામ શ્રીવિઠ્ઠલનાથજી બિરાજે છે. ૩

रसस्य द्विविधस्यापि स्वरूपे बोधयन् स्थितिम् ।
ऐक्यं विरुद्धधर्मत्वाद् गौरश्यामः कृपानिधिः ॥४॥

સંયોગ અને વિપ્રયોગ અથવા ઉજ્જ્વળ અને શ્યામ આવા બે પ્રકારના રસની સ્થિતિને પોતાના સ્વરૂપમાં બતાવતા, સ્વયં પ્રભુ વિરુદ્ધધર્માશ્રય હોવાથી શ્રીસ્વામિનીજી અને પોતાનું ઐક્ય છે એમ સૂચવતા કૃપાનિધિ શ્રીવિઠ્ઠલનાજી ગૌરશ્યામ છે.૪

**स्त्रीभावभगवद्भावोभयात्मेति विबोधितुम् ।**
**स्वस्वरूपं हरिर्गौरश्यामः श्रीविट्ठलेश्वरः ॥५॥**

સ્ત્રીભાવ એટલે શ્રીસ્વામિનીજીનો ભાવ અને પોતાનો ભગવદ્ભાવ, એ બન્ને સ્વરૂપે આપ છે, એમ પોતાના સ્વરૂપને જણાવવાને હરિ શ્રીવિઠ્ઠલનાથજી ગૌરશ્યામ છે. ૫

**भावात्मकत्वतो दृष्टिर्हासाधरकृतिस्तथा ।**
**अतो विलोक्यते गौरश्यामः श्रीविट्ठलेश्वरः ॥६॥**

ભાવાત્મકપણાથી હેઠી દૃષ્ટિ છે, તેમ હાસ્ય અધર ઉપર કરેલ છે; માટે શ્રીવિઠ્ઠલનાથજી ગૌરશ્યામ દેખાય છે. ૬

**निजानन्दप्रदानेन व्यवधानं दिवानिशम् ।**
**न करोति व्रजस्थानामिति श्रीमत्प्रभुस्तथा ॥७॥**

રાત્રિ દિવસ વ્રજભક્તોને નિજાનન્દનું દાન કરીને વચ્ચે કાંઇ અડચણ રહેવા દેતા નથી; એટલા માટે શ્રીવિઠ્ઠલનાથજી 'તથા' એટલે તેવા શ્રીગૌરશ્યામ છે. ૭

**सर्वात्मकामभावात्मस्वरूपं बोधयन्प्रभुः ।**
**श्रीविट्ठलेश्वरोऽस्माकं गौरश्यामो विराजते ॥८॥**

સર્વાત્મભાવ અને કામભાવ આ બન્ને ભાવો પોતાના

સ્વરૂપમાં છે એમ જણાવતા અમારા પ્રભુ [1]શ્રીવિઠ્ઠલેશ્વર ગૌર-શ્યામરૂપે બિરાજે છે. ૮

[શ્રીસ્વામિનીજીના ધ્યાનમાં ને ધ્યાનમાં–વિવશ થતાં શ્રીવિઠ્ઠલનાથજીનું સ્વરૂપ કીટભ્રમર–ન્યાયથી કટિ પર્યન્ત ગૌર ને બાકીનું શ્યામ છે.]

**इति श्रीहरिदासोदितं स्वप्रभुस्वरूपनिरूपणाष्टकं सम्पूर्णम् ।**

---

૧ શ્રીદ્વારિકેશજીએ વિઠ્ઠલનાથજીના સ્વરૂપનું ભાવાત્મક પદ રચ્યું છે. તે ઉપરની શ્રીવિઠ્ઠલનાથજીના સ્વરૂપની ભાવના સમજાવવામાં ઉપયોગી જણાતાં આ નીચે લખ્યું છે:

રાગ બિલાવલ

देख्यो अद्भुत रूप सखी री, सूरसुताके साथ ।
विवश भये देखकर सुन्दर, कटि पर रही गये दोऊ हाथ ॥१॥

ताते गौर चित्र श्यामलतन, उपमा कहत न आवे गाथ ।
'द्वारिकेश' प्रभु यह विधि देखे, में तो कर लियो जन्म सनाथ ॥२॥

બીજું પદ પણ ભાવવાહી હોવાથી અત્રે અસ્થાને નહિં જણાયઃ

श्रीविठ्ठलनाथ–दृग वंक निरख मेरे, तनमनकी शुद्ध भूल गई ।
संग स्वामिनी विराजे श्रीयमुने, दोऊ कर कटिपे निहार रही ॥१॥

नवघन–जलद गौरश्यामलतन, भ्रूकुटि धनुष–उपमा जो कही ।
नेन चपल अलके घुघरारी संकेत निकुंज बताय दई ॥२॥

श्रीविट्ठल विठ्ठलेशस्वरूप एक, दोऊ शरणागत ऊनकी गई ।
निजरसदान देत अभयता, तापनिवारण येहि सई ॥३॥

जुगलस्वरूप ध्यान उर अन्तर, ओर न सूझे बात नई ।
पदअंबुज निज निशवासर दोऊ, स्वरूपमें विवश भई ॥४॥

## ५२. स्वप्रभुविज्ञप्तिः ।

( શ્રીવિઠ્ઠલનાથ ઠાકોરજી સમક્ષ વિજ્ઞપ્તિ )

[ વસંતતિલકા ]

श्रीविठ्ठलेश भवता भवतापतप्तः
　सर्वैरसाध्विति सदा बहुधाभिशस्तः ।
सत्साधनातिविमुखो ह्यनुभूतदुःखो
　निःसाधनाधिपतिना किमुपेक्ष्यतेऽयम् ॥१॥

હે શ્રીવિઠ્ઠલનાથ પ્રભુ ! સંસારના તાપથી તપેલ, સર્વ જનોએ અસાધુ છે એવી રીતે ઘણે પ્રકારે નિન્દેલ, ઉત્તમ સાધનોથી અતિવિમુખ, દુઃખોનો અનુભવ કરનાર-આ દાસની નિઃસાધન જીવોના અધિપતિ એવા આપથી ઉપેક્ષા કેમ કરાય છે? ૧

[ શિખરિણી ]

मदीया ये दोषा न खलु गणनीया मुररिपो
　भवान्निर्दोषात्मा स्वजनकरुणाजीवननिधिः ।
अहं दोषाक्रान्तो विषयसुखविभ्रान्तहृदयः
　समस्तात्मोद्धर्त्ता न पुनरवलोक्यः करुणया ॥२॥

હે મુરારિ ! ( તાત્પર્ય કે પ્રતિબન્ધક દોષરૂપી મુર દૈત્યનો આપે નાશ કર્યો છે માટે ) નક્કી મારા દોષો આપે ગણવા ન જોઇએ, કારણકે આપ નિર્દોષ સ્વરૂપ તેમ સ્વજનો ઉપર કરુણા કરવામાં જીવન-જળના નિધિ-સમુદ્ર છો; હું ભલે દોષોથી દબાયેલ, વિષય-સુખથી વિભ્રાન્ત હૃદયવાળો છું, પણ આપ સમસ્ત જીવોના ઉદ્ધારકર્તા છો, માટે પૂરી કરુણાથી મારા તરફ દૃષ્ટિ નહિ કરો ? (અર્થાત્ કૃપાદૃષ્ટિ કરવીજ જોઇએ).૨

त्वया पूर्वं ग्राहादचलपरिणाहाद् गजपतिः
सुरैरस्पृष्टो यः स्वयमिह समुद्भूय दयया ।
समुद्धारं प्राप्तः पशुरखिलविज्ञानरहितः
कथं तादृङ् मादृङ् नहि खलु विधीयेत भवता॥३॥

સમસ્ત દેવતાઓએ મલીને પણ જેનો સ્પર્શ ન કર્યો, (તાત્પર્ય કે ઉદ્ધાર ન કર્યો) તે સમગ્ર વિજ્ઞાનથી રહિત, પશુ એવો ગજપતિ-(ગજેન્દ્ર) પર્વતાકાર ઝૂડથી આપદ્વારા દયાથી પહેલાં (હરિ-અવતારમાં) ઉદ્ધારને પામ્યો છે, ત્યારે નક્કી મારા જેવો આપથી કેમ તેવી રીતે મુક્ત નથી કરાતો ? ૩

इदं तावत्सर्वं श्रुतिविहितकर्मादिफलदं
विभो यावद्भक्तिर्भवति तव पादाब्जयुगले ।
भवेत्सापि स्वेच्छाविहितदयया पश्यसि च चेत्
ततः सर्वं मन्ये ननु भवदधीनं व्रजपते ॥४॥

હે વ્રજપતિ ! હે વિભુ ! આપના ચરણકમલમાં જ્યાંસુધી ભક્તિ હોય છે ત્યાંસુધી વેદવિહિત (નિત્યનૈમિત્તિક) આ બધું કર્મ સફળ થાય છે અને તે ભક્તિ પણ આપ ઈચ્છાપૂર્વક દયાથી જો નિહાળો તોજ થાય; તેથી હું માનું છું કે નક્કી બધું આપને અધીન છે. ૪

[ શાર્દૂલવિક્રીડિત ]

गौरश्यामशरीरयोर्मणिमयालङ्कारशोभाभृतो-
रत्यन्तं प्रिययोः परं मिलितयोर्वृन्दावने क्रीडतोः ।
नीलस्वर्णसमानवस्त्रवृतयोः श्रीराधिकाकृष्णयो-
रुद्यद्भाववदात्मनोश्चरणयोः सेवेय मत्स्वामिनोः ।५

ગૌર અને શ્યામ જેનાં શ્રીઅંગો છે, મણિમય અલંકારની શોભાને ધારણ કરનાર, પરસ્પર અત્યન્ત પ્રિય, શ્રીવૃન્દાવનમાં મલીને ક્રીડા કરતાં, શ્યામ અને સુવર્ણવત્ પીત વસ્ત્રને ધારણ કરનાર, ઉદય પામતા-નેત્રવાળું જેનું સ્વરૂપ છે, તે મારાં માલીક શ્રીરાધા અને શ્રીકૃષ્ણચન્દ્રનાં બન્ને ચરણોની સેવા કરૂં. ૫

[ વસંતતિલકા ]

गोपीसहस्रगणसंवृतयोः स्वरास-
सञ्जातभावभरभावितयोर्नितान्तम् ।
मत्तालकालिकुलसुन्दरवक्त्रपद्म-
शोभाभृतोर्भगवतोर्भवितास्मि दासः ॥६॥

હજારો ગોપીજનોના ગણથી સારી રીતે વીંટાયેલ, નિરન્તર પોતાની રાસક્રીડાના ઉત્પન્ન થયેલ ભાવના ભારથી ભરપૂર, મદોન્મત્ત કેશરૂપી ભ્રમરના કુલથી સુન્દર મુખપદ્મની શોભાને ધારણ કરનાર ષડૈશ્વર્યસમ્પન્ન આપ બન્ને શ્યામા અને શ્યામનો હું દાસ થાઉં. ૬

[ માલિની ]

मधुरमधुरमूर्त्तौ भक्तभावेष्टपूर्त्तौ
विहितमुरलिनादे वारिताशेषवादे ।
विरचितबहुनृत्ये मोदितानेकभृत्ये
विगलितफलतृष्णं देवकृष्णे मनोऽस्तु ॥७॥

સુન્દર-સુન્દર મૂર્ત્તિવાળા, ભરમોના ભાવરૂપી ઇષ્ટ ફલને પૂર્ણ કરનાર, મુરલીનાદ કરનાર, (જગતના) સમસ્ત વાદોને અટકાવનાર, બહુ નૃત્ય કરનાર, અનેક દાસજનોને આનન્દ

આપનાર, શ્રીકૃષ્ણદેવમાં (સાંસારિક) ફળની તૃષ્ણા વગરનું મારૂં મન થાઓ. ૭

[ પૃથ્વી ]

**नवीनजलदाकृतिः सुखसमूहसेवाकृतिः**
**समस्तमणिभूषितः सुरभिचन्दनारूषितः ।**
**स्फुरन्मुरलिकाधरः स्वजनमोहनैकाधरः**
**सदा मदनसुन्दरो व्रजपुरन्दरः स्मर्यताम् ॥८॥**

નવીન મેઘતુલ્ય આકારવાળા, જેની સેવા કરવી તે સુખના સમૂહરૂપ છે, સમસ્ત મણિઓથી વિભૂષિત, ખુશબોદાર ચન્દનથી ખરડાયેલા જેના અધરમાં મુરલિકા ફરકી રહેલ છે, સ્વજનોને મોહ કરનાર જેનો એક અધર છે, એવા, કામદેવ કરતાં સુન્દર શ્રીવ્રજના પુરન્દર–ઈન્દ્ર શ્રીકૃષ્ણ પ્રભુનું સદા સ્મરણ કરો.૮

**स्वहस्तगिरिधारिणः प्रचुरवर्षणावारिणो**
**महेन्द्रमदहारिणो व्रजवसुन्धराचारिणः ।**
**गवादिसुखकारिणः स्वजनशोकसन्तारिणः**
**सुरारिकुलमारिणश्चरणपङ्कजं चिन्तये ॥९॥**

પોતાના શ્રીહસ્તમાં ગિરિરાજને ધારણ કરનાર, વ્રજભૂમિમાં વિચરનાર, ગાયો વગેરેના સુખકર્તા, સ્વજનોનો શોકમાંથી ઉદ્ધાર કરનારા, અસુરોના કુલનો સંહાર કરનાર, એવા શ્રીકૃષ્ણપ્રભુના ચરણકમલનું હું ચિન્તન કરૂં છું. ૯

[ માલિની ]

**मृदुतरकरकोटिस्पर्शतश्छत्रिताद्रे-**
**रुपरितनतिरश्चामकृताव्याहतत्वम् ।**

जलधरजलधाराधारखाताद्यभावः
स जयति जितजिष्णोः कोऽपि हस्तप्रभावः ॥१०॥

કોમલ કરના અગ્રભાગના સ્પર્શથી છત્રરૂપ કરેલ શ્રીગિરિરાજની ઉપર રહેલ પશુ પક્ષીઓને જેણે આઘાત પહોંચવા ન દીધો, તેમ જલધર–મેઘની જલધારાને આધારે તે તે ભાગો ખોદાય જવા જોઇએ તે પણ જેણે ન થવા દીધું, ઇન્દ્રને જીતનાર શ્રીકૃષ્ણચન્દ્રપ્રભુનો કોઈ પણ તે હસ્તપ્રભાવ સદા વિજય પામે છે. ૧૦

इति श्रीहरिदासविरचिता स्वप्रभुविज्ञप्तिः सम्पूर्णा ।

## ५३. रसात्मकभावस्वरूपनिरूपणम् ।

[ અનુષ્ટુપ ]

रसात्मकतया सिद्धः परमात्मा श्रुतावतः ।
सँय्योगविप्रयोगाभ्यां शृङ्गारस्तु रसो हरिः ॥१॥

"रसो वै सः" "તે પ્રભુ રસરૂપ છે" એમ શ્રુતિમાં પ્રભુને રસાત્મકપણાથી સિદ્ધ છે એમ કહેવામાં આવેલ છે, સંયોગ અને વિપ્રયોગથી તે શૃંગારરસરૂપ શ્રીહરિ છે. ૧

धर्मधर्मिविभेदेन तावपि द्विविधौ मतौ ।
धर्मरूपस्तु संय्योगो बहिः प्राकट्यकालिकः ॥२॥

परोक्ष आन्तरो यस्तु स धर्मित्वेन सम्मतः ।
वियोगोऽपि तथा यस्तु प्रभुप्राकट्यसाधकः ॥३॥

**स्वतन्त्रफलरूपो यः स्वरूपावेशतो हरेः ।**
**धर्मिरूपः स विज्ञेयो नाविर्भावप्रयोजनम् ॥४॥**

ધર્મ અને ધર્મીના ભેદથી તે સંયોગરસ અને વિપ્રયોગરસ બે પ્રકારે મનાયેલ છે, બહાર પ્રકટ થવાના સમયનો સંયોગરસ ધર્મરૂપ છે, અને પરોક્ષ (યાને પ્રત્યક્ષ ન અનુભવાતો) તે સંયોગરસ ધર્મિપણાથી મનાયેલ છે; વિપ્રયોગરસ પણ તે પ્રમાણે છે, કે જે પ્રભુના પ્રાકટ્યને સિદ્ધ કરનાર છે તે ધર્મરૂપ છે, અને સ્વરૂપમાં શ્રીહરિનો આવેશ થવાથી સ્વતન્ત્ર ફલરૂપ જે વિપ્રયોગરસ છે તે ધર્મિરૂપ જાણવાનો છે; તેમાં શ્રીહરિના પ્રાકટ્યનું પ્રયોજન હોતું નથી. ૨–૩–૪

**बहिःसँव्वेदनं वापि तदसंव्वेदनं तथा ।**
**तयोरवस्थाद्वितयं भावेनैव, न चान्यथा ॥५॥**

બહારનું જ્ઞાન અથવા બહારનું અજ્ઞાન એમ તે સંયોગ અને વિપ્રયોગરસની બે અવસ્થા છે. આ બે અવસ્થા ભાવથીજ સમજવાની છે, બીજી રીતે નહિં. ૫

**वियोगात्मस्वरूपेण सँय्योगाभाववद् द्वयम् ।**
**बहिःसँव्वेदनाभावे तत्र साक्षात्तथा क्रिया ॥६॥**

વિયોગાત્મક સ્વરૂપથી બન્ને અવસ્થા સંયોગ વિનાની છે. બહારના જ્ઞાનના અભાવમાં ત્યાં સાક્ષાત્ તે પ્રમાણે ક્રિયા થાય છે. ૬

**तदसँव्वेदनं विप्रयोगानुभव एव हि ।**
**एवं सततसद्भावे स्वतन्त्रा भक्तिरुच्यते ॥७॥**

તે સ્વરૂપના અજ્ઞાનમાં નક્કી વિપ્રયોગનો અનુભવ થાય છે. આમ નિરન્તર ભાવ રહેતાં તે ભક્તિ સ્વતન્ત્ર કહેવાય છે. ૭

**भावरूपः स्वरूपात्मा निरुद्धः पूर्ण एव हि ।**
**धर्मरूपवियोगे तु प्रविशन्ति गुणा हरेः ॥८॥**
**धर्मिरूपे तत्र कृष्णः कोशवत्प्रविशेत्पुनः ।**
**यथा भगवदावेशो मूर्त्तिकोशे हरेस्तथा ॥९॥**

એમ ભાવાત્મક સ્વરૂપે પૂર્ણ રીતે (હરિભક્તના હૃદયમાં) નિરુદ્ધ થાય છે, ધર્મરૂપના વિયોગમાં તો હરિના ગુણો ધર્મિ-સ્વરૂપમાં પ્રવેશ કરે છે; ત્યાં શ્રીકૃષ્ણભગવાન્ કોશની માફક ફરી પ્રવેશ કરે છે; જેમ મૂર્ત્તિરૂપ કોશમાં ભગવાનનો આવેશ થાય છે, તેમ ભક્તમાં હરિનો આવેશ થાય છે. ૮-૯

**यथा भगवदाविष्टा मूर्त्तिः कोशो हरेस्तथा ।**
**ते भक्ता अपि बोद्धव्याः, सेव्याश्च सततं तथा ।१०**

જેમ પ્રભુનો જેમાં પ્રવેશ છે તે મૂર્ત્તિ સેવ્ય છે તેમ હરિ ભગવાનના કોશરૂપ ભક્તોને પણ હમેશ જાણવાના તેમ તેની સેવા કરવાની છે. ૧૦

**तेषु भावद्वयं सिद्धं स्त्रीभावः सहजः पुरा ।**
**आविष्टभगवद्भावः पश्चाज्जातो विशेषतः ॥११॥**

તે ભક્તોમાં બન્ને ભાવ સિદ્ધ છે; સ્ત્રીભાવ પ્રથમથી તેમાં સહજ છે પછી વિશેષે કરી આવિષ્ટ (પધારેલા) ભગવાનનો ભાવ થયેલ છે. ૧૧

तेषु धर्मा अपि तथा दृश्यन्ते द्विविधा अपि ।
एवमेवास्मदाचार्यस्वरूपमवबुध्यताम् ॥१२॥

તે ભક્તોમાં પણ તે પ્રમાણે બન્ને પ્રકારના ધર્મો દેખાય છે; આ પ્રમાણે આપણા આચાર્ય શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ જાણવું. ૧૨

स्वामिनी-भगवद्भावयुतं चातिविलक्षणम् ।
अतएवोभयं तत्र ग्रन्थेषु विनिरूप्यते ॥१३॥
प्रभुभिः स्वामिनीभाव-भगवद्भाववत्त्वतः ।
" सर्वलक्षणसम्पन्न " इतिनाम विराजते ॥१४॥
तथा तत्रैव " रासस्त्रीभावपूरितविग्रहः " ।
"वस्तुतः कृष्ण एवे"ति चोक्तं श्रीवल्लभाष्टके ।१५
एवं विदित्वा तद्रूपं कर्त्तव्यः सर्वदाश्रयः ॥

માટેજ ( શ્રીમહાપ્રભુજીનું ) સ્વામિનીભાવ અને ભગવદ્‌ભાવયુક્ત સ્વરૂપ અતિ વિલક્ષણ રીતે તે ગ્રન્થોમાં શ્રીગુસાંઇજીથી નિરૂપાયેલ છે. સ્વામિનીભાવ અને ભગવદ્‌ભાવ આ બન્ને ભાવો તેમાં હોવાથી " सर्वलक्षणसम्पन्नः-સર્વ લક્ષણોથી સમ્પન્ન " આવું નામ શ્રીસર્વોત્તમસ્તોત્રમાં શ્રીમહાપ્રભુજીનું બિરાજે છે. તેમ ત્યાંજ " रासस्त्रीभावपूरितविग्रहः-રાસનાં સ્ત્રીઓના ભાવથી પૂર્ણ અંગવાળા " આ બે નામ શ્રીમહાપ્રભુજીનાં છે. " वस्तुतः कृष्ण एव-વસ્તુતાએ મહાપ્રભુજી શ્રીકૃષ્ણજ છે," એમ શ્રીવલ્લભાષ્ટકમાં શ્રીપ્રભુચરણે કહ્યું છે; એમ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને જાણીને સર્વદા તેમનો આશ્રય કરવો. ૧૩-૧૪-૧૫½

इति श्रीहरिरायविरचितं रसात्मकभावस्वरूपनिरूपणं समाप्तम् ।

# ५४. चतुःश्लोकी।

[ અનુષ્ટુભ ]

**निजाचार्येषु सततं मनस्तत्प्रियसूनुषु ।**
**स्थापनीयं, न चान्येषु सममत्या कदाचन ॥१॥**

આપણા આચાર્ય શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીમાં તેમજ તેઓશ્રીના પ્રિય આત્મજ શ્રીવિઠ્ઠલેશ્વર મહોદયમાં સતત ચિત્તનું સ્થાપન કરવું. તેઓના સમાન અન્ય કોઈ છે, એવી બુદ્ધિએ કરી કોઇ પણ દિવસે તેવા અન્યોમાં ચિત્તનું સ્થાપન ન કરવું. ૧

**विधेया कृष्णसेवैव स्वमार्गेण स्वभावतः ।**
**अन्याश्रयः परित्याज्यो ह्यसमर्पितभक्षणम् ॥२॥**

પોતાના આ શુદ્ધાદ્વૈત ભક્તિમાર્ગમાં રહી પોતાના પૂર્ણ ભાવે કરી શ્રીકૃષ્ણચન્દ્રજીની સેવાજ કરવી. અન્ય કોઈ પણ દેવનો આશ્રય છોડી દેવો, તેમજ પ્રભુને ધર્યા વિનાના પદાર્થોને ખાવાનું પણ છોડી દેવું. ૨

**स्वमार्गे वसतामेव सतां सङ्गो विधीयताम् ।**
**मनसा नासता कार्यो बलवद्बाधकत्वतः ॥३॥**

આપણા આ ભક્તિમાર્ગમાં રહેતા એવા **સત્પુરુષોનો** સત્સંગ કરવો. મનથી પણ અસત્પુરુષની સોબત ન કરવી; કેમકે અસત્પુરુષની સોબત બળાત્કારે બાધ ઉત્પન્ન કરનારી છે. ૩

**निवेदनानुसन्धानं देहादेरन्ययोगतः ।**
**जातान्यथाभावबाधाभावाय क्रियतां सदा ॥४॥**

આપણાં દેહાદિક દુનિયાના અન્ય પદાર્થોના સમ્બન્ધમાં આવતાં જે ઊલટા પ્રકારનો ભાવ ઉત્પન્ન થાય છે, અને તેથી કરી જે બાધ ઉત્પન્ન થાય, તે બન્ને ન થાય, તે ખાતર હમેશાં આત્મનિવેદનનું અનુસન્ધાન કર્યા કરવું. ૪

**इति श्रीहरिदासोक्ता चतुःश्लोकी समाप्ता ।**

## ५५. 'प्रथमं' भगवदीयपरिशिक्षणम् ।

[ અનુષ્ટુભ ]

**निजाचार्यपदाम्भोजे स्थाप्यतां सततं ममः ।**
**तत एव तदीयानां सकलं सिद्धिमेष्यति ॥१॥**

નિજાચાર્ય–શ્રીમહાપ્રભુજીના ચરણકમલમાં હમેશાં મનને સ્થાપવું, તેથીજ તદીય ભગવદીયોનું બધું કાર્ય સિદ્ધ થશે.૧

**सदा सङ्गः सतामेव विधेयो, नासतां क्वचित् ।**
**सत्सङ्गतो हरौ बुद्धिरसत्सङ्गाद् गृहादिषु ॥२॥**

હમેશાં સત્પુરુષોનોજ સંગ કરવો; કોઈ દિવસ અસત્પુરુષોનો સંગ ન કરવો, કારણકે સત્સંગ કરવાથી શ્રીહરિમાં બુદ્ધિ થાય છે અને અસત્સંગ કરવાથી ઘર વગેરેમાં બુદ્ધિ થાય છે.૨

**असन्तस्तु विबोद्धव्या मतिमन्तो निजा अपि ।**
**सन्तो हरौ रतियुता उदासीनास्तदाश्रिताः ॥३॥**

ભલે પોતાના હોય તોપણ અસત્પુરુષોને જાણી લેવા. ભગવાનના આશ્રિત, સંસારમાં ઉદાસીન, શ્રીહરિમાં પ્રેમવાળાઓને સત્પુરુષો જાણવા. ૩

**स्वमार्गीयः परो धर्मो हरिसेवा निरन्तरम् ।**
**फलरूपतया ज्ञात्वा विधेया मनआदिभिः ॥४॥**

ફલરૂપ જાણીને મન–કાયા–વચનથી સદા શ્રીકૃષ્ણની સેવા કરવી; આ સ્વમાર્ગીય સર્વોત્તમ ધર્મ છે. ૪

**सदानुसंस्मृतिः कार्या निवेदनकृतेरपि ।**
**सद्भिः सह ततः कृष्णः क्षणात्तद्धृदयं विशेत् ।५**

હમેશાં સત્પુરુષો (તાદૃશી વૈષ્ણવો) સાથે નિવેદનનું પણ સ્મરણ કરતા રહેવું; તેથી શ્રીકૃષ્ણ ક્ષણમાત્રમાં તે હૃદયમાં પ્રવેશ કરે. ૫

**श्रीभागवतभावार्थ–श्रवणं कीर्त्तनं तथा ।**
**स्मरणं वा सदा कार्यं बाहिर्मुख्यनिवृत्तये ॥६॥**

બહિર્મુખતાની નિવૃત્તિ સારૂ શ્રીભાગવતના ભાવાર્થનું શ્રવણ, કીર્તન અને સ્મરણ સદા કર્યા કરવું. ૬

इति श्रीहरिदासविरचितं भगवदीयपरिशिक्षणं सम्पूर्णम् ।

## ५६. 'द्वितीयं' भगवदीयशिक्षणम् ।

[ અનુષ્ટુપ ]

**जीवः स्वाधीरतादोषान्न जानाति प्रभोः कृतिम् ।**
**प्रभुस्तु निजदासानां विदधाति स्वतो हितम् ॥१॥**

જીવ પોતાની અધીરતાથી પ્રભુની કૃતિને જાણી શકતો નથી. પ્રભુ તો પોતાના ભક્તોનું પોતે હિતજ કરે છે. ૧

**स्वबुद्ध्या भासते दुःखं मूढानां, लौकिका हि ते ।**
**अलौकिकं हितं कुर्वन् प्रभुरेव करोति हि ॥२॥**

મૂઢ જીવોને પોતાની બુદ્ધિથી દુઃખ ભાસે છે, કારણકે તેઓ લૌકિકમાં આસક્તિવાળા છે; અલૌકિક હિત તો કર્ત્તા પ્રભુજ નક્કી (બધું) કરે છે; [ચિત્રકેતુ રાજા વગેરેના ચરિત્રનું અત્ર અનુસન્ધાન કરવાથી ઉપરની વાત સમજાશે.] ૨

**येषामलौकिके दृष्टिः शास्त्रीया वापि तादृशी ।**
**न तेषां दुःखलेशोऽपि भासते स्वामिनः कृतौ ॥३॥**

જેઓની નજર અલૌકિક સુખમાં છે અથવા શાસ્ત્રીય નજર પણ તેવીજ છે તે જીવોને સ્વામી–પ્રભુની કૃતિમાં લેશ પણ દુઃખ ભાસતું નથી. ૩

**हितार्थं दण्डयत्येष पितृवत्सेवकं हरिः ।**
**स निजाज्ञानतो नैव मनुते कृतिमुत्तमाम् ॥४॥**

આ શ્રીહરિભગવાન્ હિત સારૂ પિતાની માફક શિક્ષા કરે છે, પરન્તુ તે જીવ પોતાના અજ્ઞાનથી પ્રભુની કૃતિને ઉત્તમ માનતો નથીજ. ૪

**तथापि सहजस्नेहान्नोदास्ते करुणानिधिः ।**
**तदज्ञानेऽपि कुरुते स्वानुरूपां कृतिं निजे ॥५॥**

તોપણ કરુણાનિધિ શ્રીઠાકોરજી સહજ સ્નેહથી [સ્વકીય જીવનું હિત કરવામાં] ઉદાસીનતા રાખતા નથી; તે જીવ

સમજતો નથી, તોપણ પ્રભુ પોતાના ભક્ત માટે પોતાને યોગ્ય તેવી રીતનું કાર્ય કરે છે. ૫

**यमङ्गीकुरुते कृष्णः सदोषमपि तं क्वचित् ।**
**न जहाति जनं नित्यस्वीकृतिः कृपया प्लुतः ॥६॥**

શ્રીકૃષ્ણ ભગવાન્ જેનો અંગીકાર કરે છે,—દોષયુકત હોય તોપણ પોતાના તે જનનો કોઈ પણ સ્થલે ત્યાગ કરતા નથી; કારણકે આપે તે જીવનો સદાને માટે સ્વીકાર કર્યો છે ને આપ કૃપાથી ભરપૂર છે. ૬

**एतादृशं विहायान्यं प्रभुत्वेन च ये जनाः ।**
**मन्यन्ते ते महामूढा निरूढं मोहमाश्रिताः ॥७॥**

આવા પ્રભુને છોડી જે મનુષ્યો બીજાને પ્રભુપણાથી માને છે (તાત્પર્ય કે અન્યનો આશ્રય કરે છે) તેઓ મહા મૂઢ અને મજબૂત અજ્ઞાનનો આશ્રય કરનારા છે. ૭

**अतः सेव्यः सदानन्दो नन्दाङ्गणविहारकृत् ।**
**यशोदोत्सङ्गललितो गोपबालकवेष्टितः ॥८॥**

આથી નન્દરાયજીના આંગણામાં વિહાર કરનાર, શ્રીયશોદાજીના ખોળામાં લાલિત, ગોપબાલકોથી વીંટાયેલા સદાનન્દ–શ્રીકૃષ્ણભગવાનની સેવા કરવી. ૮

**व्रजस्त्रीभावसंसिद्धयै सर्वलीलाविलासयुक् ।**
**तदर्थमेव प्रकटः सर्वोद्धृतिकृतिप्रियः ॥९॥**

વ્રજાંગનાઓના ભાવની સારી રીતે સિદ્ધિ કરવા સારૂ સર્વ લીલાઓના વિલાસથી યુક્ત સર્વોદ્ધાર કરવામાં પ્રીતિવાળા શ્રીકૃષ્ણપ્રભુ તે (વ્રજભકતો) માટેજ પ્રકટ થયા છે. ૯

स्वस्य प्रकटनो भक्तिमार्गज्ञानोदयो यतः ।
अतस्तदास्यरूपैकदासभावैकसाधकः ॥१०॥

જેઓ ભક્તિમાર્ગીય જ્ઞાનનો ઉદય થયો છે એવા પોતાના શ્રીમહાપ્રભુજીને પ્રકટ કર્યા છે; માટે તે પ્રભુના મુખારવિન્દ-સ્વરૂપ શ્રીમહાપ્રભુજીનો એક દાસભાવજ સર્વ સિદ્ધિ કરનાર છે. ૧૦

तदात्मजपदाम्भोजरजोमात्रावलम्बिनः ।
एतद्भिन्नेषु सर्वेषु निवृत्तोत्कृष्टबुद्धयः ॥११॥
सत्सङ्गशोधकाः कृष्णपरमोत्कर्षबोधकाः ।
असत्संसर्गतो भीता विनीता हरिसेविषु ॥१२॥
निश्चिन्तचेतसो नित्यं हरिं भजत रे जनाः ।
सर्वथा फलसम्बन्धो भावीत्यत्र न संशयः ॥१३॥

[ હવે ત્રણ પદ્યથી ફલિત કર્તવ્યનું આપ શાસન કરે છે : ]
તે શ્રીમહાપ્રભુજીના પુત્ર શ્રીપ્રભુચરણ–ગુસાંઈજીના ચરણ-કમલની રજનું માત્ર અવલમ્બન કરનારા, આ સિવાય બધામાં ઉત્તમતાની બુદ્ધિ જેઓની દૂર થઈ ગઇ છે એવા, સત્સંગને ખોજતા, શ્રીકૃષ્ણચન્દ્રના પરમ ઉત્કર્ષને સમજાવનારા, દુષ્ટના સંસર્ગથી ડરતા, શ્રીહરિના સેવકોમાં વિનય–ભાવવાળા, નિશ્ચિન્ત મનવાળા હે વૈષ્ણવજનો ! શ્રીહરિ–કૃષ્ણભગવાનનું નિરન્તર ભજન કરો; આમ કરતાં સર્વ રીતે ફળનો સમ્બન્ધ થશે; એમાં સંશય નથી. ૧૧–૧૨–૧૩

इति श्रीहरिदासविरचितं भगवदीयशिक्षणं सम्पूर्णम् ।

## ૫૭. "तृतीयं" तदीयानां शिक्षणम् ।

[ અનુષ્ટુભ ]

कृष्णे कृपानिधौ चेतः स्थाप्यं स्वाचार्यवर्त्मना ।
ततः सेत्स्यति सर्वेषामैहिकं पारलौकिकम् ॥१॥

પોતાના આચાર્ય શ્રીમહાપ્રભુજીએ બતાવેલ ભક્તિમાર્ગથી કૃપાનિધિ શ્રીકૃષ્ણ ભગવાન્‌માં ચિત્ત સ્થાપવું, તેથી સર્વ ભગવદીયોનું આ લોક અને પરલોક સમ્બન્ધિ કાર્ય સિદ્ધ થશે. ૧

यद् दृष्टं यच्छ्रुतं यद्वा स्फुरितं हृदि भाग्यतः ।
प्रभुसम्बन्धि तन्नित्यं भावनीयं प्रयत्नतः ॥२॥

ભાગ્યને લીધે ભગવત્સમ્બન્ધવાળું જે જોવામાં આવે, જે સાંભળવામાં આવે, અથવા તો જે હૃદયમાં સ્ફુરે, તેનો પ્રયત્નથી નિરન્તર વિચાર કરતા રહેવું. ૨

मनो मनोजरुचिरे रुचियुक्तं यदा सदा ।
तदा तदास्यदासानां फले किमवशिष्यते ॥३॥

જો કામદેવ કરતાં સુન્દર શ્રીકૃષ્ણચન્દ્રમાં મન હમેશાં પ્રીતિયુક્ત હોય તો તે પ્રભુના મુખારવિન્દરૂપ શ્રીમહાપ્રભુજીના દાસોને ફલમાં શું બાકી રહે? ૩

ये निजाचार्यचरणानुरागात् क्लिन्नचेतसः ।
तेषामेव सदा कार्यः सङ्गो, नान्यादृशां क्वचित् ॥४॥

પોતાના આચાર્યચરણ શ્રીમહાપ્રભુજીમાં સ્નેહથી ભીંજાયેલ ચિત્તવાળા જે ભગવદીયો હોય તેનોજ સદા સંગ કરવો; ક્યાંય પણ બીજાઓનો સંગ ન કરવો. ૪

इति श्रीहरिदासविरचितं तदीयानां शिक्षणं सम्पूर्णम् ।

## ५८. 'प्रथमं' सिद्धान्तसंक्षेपनिरूपणम् ।

[ ઉપજાતિ ]

सदा निजस्वामिपदाम्बुजातयोः
सुजातयोश्चित्तमहर्निशं पुनः ।
स्थाप्यं, न याप्यं विमुखैकसङ्गतः,
पोष्यं हि सत्सङ्गकृते निरन्तरम् ॥१॥

હમેશાં નિજસ્વામી–શ્રીકૃષ્ણચન્દ્રપ્રભુના સુન્દર ચરણ-કમલોમાં ચિત્તને સ્થાપવું, માત્ર ભગવદ્વિમુખના સંગમાં ન મોકલવું અને સત્સંગ માટે નિરન્તર ચિત્તનું પોષણ કરવું. ૧

[ અનુષ્ટુપ ]

हरिसेवैव कर्त्तव्या सर्वथा शरणं गतैः ।
देहादिविनियोगेन कृतात्मादिसमर्पणैः ॥२॥

આત્માદિનું સમર્પણ કરીને સર્વ રીતે શરણે ગયેલા વૈષ્ણવોએ પ્રભુને દેહાદિનો વિનિયોગ કરી સદા શ્રીકૃષ્ણપ્રભુની સેવાજ કરવી. ૨

सदा सङ्गः सतामेव विधेयो, नासतां क्वचित् ।
अन्याश्रयोऽपि बाधेत निजस्वामिप्रसन्नताम् ॥३॥

હમેશાં સત્પુરુષોનો સંગ કરવો, કોઈ પણ વખત દુષ્ટનો સંગ ન કરવો. પ્રભુ સિવાય અન્યનો આશ્રય કરવામાં આવે તો તે પોતાના સ્વામી શ્રીકૃષ્ણચંદ્રજીની પ્રસન્નતાનો નાશ કરે છે; (તાત્પર્ય કે–અન્યાશ્રય ન કરવાથી પ્રભુ પ્રસન્ન થાય છે). ૩

स्वाचार्यचरणे निष्ठा, विश्वासस्तन्निरूपिते ।
विषये यदि जायेत, फलसिद्धौ न संशयः ॥४॥

જો નિજાચાર્યના ચરણકમલમાં નિષ્ઠા રાખવામાં આવે, અને તેમણે નિરૂપિત વિષયમાં વિશ્વાસ રખાય, તો ફલ-સિદ્ધિમાં સંશય નથીજ. ૪

**प्राप्तमेव फलं प्रायः श्रीकृष्णपदसेविनाम् ।**
**एतदेवाग्रिमं कृत्यं शरीरे लौकिके पुनः ॥५॥**

શ્રીકૃષ્ણપ્રભુની સેવા કરનારાઓને પ્રાયઃ ફલ પ્રાપ્તજ થઈ ગયું છે; કારણકે શરીર લૌકિક છતાં આ પ્રથમ નમ્બરનું કાર્ય તે કરી રહ્યું છે. ૫

**हरिः सेव्यो, हरिर्ज्ञेयो, हरिर्ध्येयो निरन्तरम् ।**
**हरिः श्राव्यो, हरिर्गेयो, हरिमेवाप्नुयात्तदा ॥६॥**

શ્રીહરિ ભગવાનનું સેવન કરવું; શ્રીહરિને ઓળખવા; નિરન્તર શ્રીહરિ ભગવાનનું ધ્યાન કરવું; શ્રીહરિનું શ્રવણ કરવું; શ્રીહરિનું ગાન કરવું. ભક્તો આમ કરતા રહે તો શ્રીહરિનેજ પ્રાપ્ત થાય. ૬

**हरौ चित्तं सदा स्थाप्यं निजाचार्योक्तमार्गतः ।**
**स एव स्वीयदासानां पूरयिष्यति हृद्गतम् ॥७॥**

નિજાચાર્ય–શ્રીમહાપ્રભુજીએ કહેલ માર્ગ પ્રમાણે શ્રીહરિમાં સદા ચિત્તને જોડવું, તો તેજ શ્રીમહાપ્રભુજી પોતાના દાસોના હૃદયમાં રહેલ મનોરથને પૂર્ણ કરશે. ૭

**इति श्रीहरिरायविरचितं सिद्धान्तसंक्षेपनिरूपणं सम्पूर्णम् ॥**

# ५९. 'द्वितीयं' सिद्धान्तसंक्षेपनिरूपणम् ।

[ અનુષ્ટુભ ]

सर्वसाधनहीनोऽपि नाममात्रैकजल्पकः ।
एकोऽपि प्राप्नुयादेव राधाप्रियमहोत्सवम् ॥१॥

ભલે સર્વ સાધનથી હીન હોય પણ પ્રભુના નામ માત્રને બોલ્યા કરે તો તે એકલો પણ ભગવદીય શ્રીરાધાપ્રિય શ્રીકૃષ્ણચન્દ્રના મહાનન્દને પ્રાપ્ત થાય છે. ૧

अन्येषामवताराणां सेवया पञ्चजन्मसु ।
करोति, तस्य तुरगग्रीवे देवे रतिर्भवेत् ॥२॥

પાંચ જન્મો સુધી પ્રભુના બીજા અવતારોની સેવા કરવાથી તે સેવકને શ્રીહયગ્રીવ ભગવાનમાં પ્રેમ થાય. ૨

तत्रैव निश्चलमनाः सेवया दशजन्मसु ।
प्रह्लादरक्षाकरणे श्रीनृसिंहे रतिर्भवेत् ॥३॥

દશ જન્મ સુધી તે હયગ્રીવ ભગવાનમાં નિશ્ચલ મન રાખી સેવા કરવાથી પ્રહ્લાદની રક્ષા કરનાર શ્રીનૃસિંહ ભગવાનમાં પ્રેમ થાય. ૩

तत्रैव निश्चलमनाः सहस्रान्तेषु जन्मसु ।
एतदेव फलं पुंसां नारायणपरायणम् ॥४॥

હજારો જન્મ પર્યન્ત તે શ્રીનૃસિંહ ભગવાનમાં નિશ્ચલ મન રાખી સેવા કરવાથી તે મનુષ્યોનું મન નારાયણ–પરાયણ થાય, આજ ફલ છે. ૪

तत्रैव निश्चलमना नरः कोटीषु जन्मसु ।
रघुनाथपदाम्भोजे भक्तिं प्राप्नोति शाश्वतीम् ॥५॥

કરોડો જન્મો સુધી શ્રીનારાયણ ભગવાનમાં નિશ્ચલ મન રાખે તો શ્રીરામચન્દ્રજીમાં શાશ્વત (નિત્ય રહેનાર) ભક્તિને પામે છે. ૫

**तत्र सीतापतौ लीनस्त्वनन्तेष्वेव जन्मसु ।**
**श्रीवृन्दावनमध्यस्थे श्रीकृष्णे भक्तिमाप्नुयात् ॥६॥**

તે શ્રીસીતાપતિ રામચન્દ્રજીમાં અનન્ત જન્મો સુધી લીન રહે તો તે–ભક્ત શ્રીવૃન્દાવનના મધ્યમાં બિરાજમાન શ્રીકૃષ્ણ ભગવાન્‌માં ભકિતને પામે. ૬

**चिन्ता कापि न कार्या च, प्रभुः सर्वं करिष्यति ।**
**सर्वदा सर्वभावेन सेव्यः श्रीपुरुषोत्तमः ॥७॥**

કોઇ પણ જાતની ચિન્તા ન કરવી, પ્રભુ બધું કરશે; સર્વદા સર્વ ભાવથી શ્રીપુરુષોત્તમની સેવા કરવી. ૭

**भुक्तिमुक्तिस्पृहा यावत् पिशाची हृदि वर्त्तते ।**
**तावद्भक्तिसुखाम्भोधौ कथमभ्युदयो भवेत् ॥८॥**

જયાંસુધી પિશાચણી તુલ્ય, ભોગ અને મોક્ષની ચિન્તા હૃદયમાં વર્તે છે, ત્યાંસુધી ભકિતમાર્ગરૂપી સુખસાગરમાં આબાદી કેમ થાય? ૮

**गृहे मम धनं नास्ति, को दास्यति, कथं भवेत् ।**
**केन वा कृष्णसेवा स्यादिति चिन्तां विवर्जयेत् ॥९॥**

મારા ઘરમાં ધન નથી, કોણ આપે? કેમ થાય? અથવા કયા ઉપાયથી શ્રીકૃષ્ણ પ્રભુની સેવા થાય? આવી રીતની ચિન્તાનો ત્યાગ કરવો. ૯

पञ्चशल्यैस्तु रहिता नरा भक्त्यधिकारिणः ।
श्रीकृष्णदेवेनान्यस्य साम्यं प्रथममीरितम् ॥१०॥
कृष्णभक्तान्यभक्तानां साम्यदृष्टिस्ततः परम् ।
कृष्णव्रते तथान्यस्य व्रतस्य समदर्शनम् ॥११॥
कृष्णतीर्थान्यतीर्थाभ्यां साम्यं तुर्यमुदाहृतम् ।
कृष्णशास्त्रान्यशास्त्राभ्यां समता पञ्चमं स्मृतम् ॥१२॥
इत्येवं पञ्चशल्यानि त्यक्त्वा भक्तो भवेत्सदा ।
जीवास्त आसुरा ज्ञेया अन्यमार्गप्रवर्त्तकाः ॥१३॥

પંચ પ્રકારનાં શલ્યોથી રહિત-મનુષ્યો ભક્તિમાર્ગના અધિકારી છે. [હવે તે પાંચ પ્રકારનાં શલ્યો કહે છે:] અન્ય દેવ સાથે શ્રીકૃષ્ણ પ્રભુને સમાન ગણવા એ પ્રથમ શલ્ય; શ્રીકૃષ્ણના ભક્તોને અન્યના ભક્તોની સમાન જોવા તે બીજું શલ્ય; શ્રીકૃષ્ણ પ્રભુનાં વ્રતમાં અન્યના વ્રત-તુલ્ય નજર રાખવી તે ત્રીજું શલ્ય; શ્રીકૃષ્ણ પ્રભુનાં તીર્થો (શ્રીયમુનાજી, શ્રીગિરિરાજ, શ્રીગોકુલ, આદિ) સમાન બીજાં તીર્થો-સમજવાં એ ચોથું શલ્ય; અને શ્રીકૃષ્ણ પ્રભુનાં શાસ્ત્રો (ગીતા, શ્રી-ભાગવતાદિ) સાથે બીજાં શાસ્ત્રોની તુલના કરવી તે પાંચમું શલ્ય; આ પ્રમાણેનાં પાંચ શલ્યોને કાઢીને સદા ભક્તિ-પરાયણ થવું. ભક્તિમાર્ગ સિવાય અન્ય માર્ગના પ્રવર્તકોને આસુરાવેશી જાણવા. ૧૦-૧૧-૧૨-૧૩

सर्वः समर्पणात्पूर्वमुत्तमः किं सदास्थितः ।
सत्यसङ्कल्पतो विष्णुर्नान्यथा तु करिष्यति ॥१४॥

**भक्त्या समर्पितं कृत्वा पुष्टिमार्गे सदास्थितः ।**
**सेवाकृतिर्गुरोराज्ञा भगवद्रूपदर्शनम् ॥१५॥**
**प्रमाणभेदाद् भिन्नो हि स्नेहमार्गो निरूपितः ।**
**अतएवेतरौ भिन्नौ सान्तौ, मोक्षप्रवेशकृत् ॥१६॥**

[ શ્રીમહાપ્રભુજીએ "અન્તઃકરણપ્રબોધ" નામના ગ્રન્થમાં આજ્ઞા કરી છે તે વાકયને યાદ કરી શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે] સર્વ જીવસમૂહ સમર્પણથી પહેલાં શું સદા ઉત્તમ હતો? (તાત્પર્ય કે ઉત્તમ નજ હતો; સમર્પણ પછીજ ઉત્તમત્વ પ્રાપ્ત થયું છે). વિષ્ણુ–શ્રીકૃષ્ણભગવાન્ સત્યસંકલ્પ-વાળા છે જેથી બીજી રીતે નહિં જ કરે. (શ્રીગીતાજીમાં ભગવદ્વાકય છે કે–"**न मे भक्तः प्रणश्यति**" મારો ભક્ત અધોગતિને પામતો નથી,)તેમ આ સદ્‌ભાગી જીવ ભક્તિથી બધું પોતાનું સર્વસ્વ પ્રભુને અર્પણ કરીને કૃપામાર્ગમાં રહેલ છે; માટે પ્રભુની સેવા કરવી, ગુરુની આજ્ઞાનું પાલન કરવું, અને શ્રીકૃષ્ણચન્દ્ર પ્રભુનું દર્શન કરવું. પ્રમાણમાર્ગ–મર્યાદામાર્ગથી પ્રેમમાર્ગ જુદો છે. માટેજ આ બન્ને પુષ્ટિ-માર્ગ તથા મર્યાદામાર્ગ અન્ત સુધી ભિન્નજ છે; કારણકે મર્યાદામાર્ગીય જીવ મોક્ષમાં પ્રવેશ કરનાર છે, [ત્યારે પુષ્ટિ-માર્ગીયને મોક્ષ તે "**लोन सो पानी**" મીઠાના જલ સમાન છે.]

**इति श्रीहरिरायविरचितं सिद्धान्तसंक्षेपनिरूपणं सम्पूर्णम् ।**

## ६०. 'तृतीयं' सिद्धान्तसंक्षेपनिरूपणम् ।

**भक्तिभावो भगवति स द्विधा रसरूपतः ।**
**मर्यादापुष्टिभेदेन तद्द्वैविध्यमिहोच्यते ॥१॥**

ભગવાન્‌માં ભક્તિભાવ રસરૂપપણાથી બે પ્રકારનો છે. મર્યાદામાર્ગીય અને પુષ્ટિમાર્ગીય આ ભેદથી અહીં તે ભક્તિભાવનું બેપણું કહેવાય છે. ૧

**पतिभावो हि मर्यादा, प्रियाभावो हि पोषणम् ।**
**भाव एव यतो भक्तिस्तथालक्षणरूपणात् ॥२॥**

. પ્રભુને પતિ અને સેવક ભાવથી સેવવા એટલે પ્રભુ ધણી અને પોતે સેવક આ ભાવથી સેવવા, તે મર્યાદાભક્તિ. પ્રભુ પતિ અને સેવક પ્રિયા આ ભાવથી પ્રભુને સેવવા, તે પુષ્ટિભક્તિ; કારણકે ભાવ એજ ભક્તિ છે. તે પ્રમાણે ભક્તિના લક્ષણનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ૨

**पञ्चरात्रे तथा प्रोक्तं "स्नेहो भक्ति"रितिस्मृतः ।**
**सोपाधिनिरुपाधित्वकृतो भेदो हि बुध्यताम् ॥३॥**

નારદ પઞ્ચરાત્રમાં તેમ કહ્યું છે કે " माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा। માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહ તે ભક્તિરૂપે કહેવાયેલ છે. તેથી મુક્તિ થાય છે, અન્યથા નહીં." જે ભેદ પ્રાપ્ત થાય છે તે સોપાધિક અને નિરુપાધિકપણાથી છે એમ જાણવું. ૩

**यथा लक्ष्म्या व्रजस्थानां वैलक्षण्यं हि भावगम् ।**
**तथा सर्वत्र बोद्धव्यं तारतम्याकृतेरपि ॥४॥**

જેમ લક્ષ્મીજી તથા વ્રજભક્તોએ કરેલ ભજન ભાવાત્મક હોવાથી ભિન્ન ભિન્ન પ્રકારનું છે, તેમ વરણના તરતમ ભાવથી અહીં સર્વત્ર ભિન્નપણું જાણવું ૪

**तद्रूपमेव चरणद्वयं भक्तिप्रदं प्रभोः ।**
**"पञ्चपञ्चनखा"स्तत्रानन्दः पञ्चात्मको यतः ॥५॥**

તે ભકિતરૂપજ પ્રભુનાં બે ચરણકમલો છે, અને તેજ ભકિતનું દાન કરનાર છે. તે ચરણકમલોમાં પાંચ પાંચ નખ છે; કારણકે ત્યાં પાંચ સ્વરૂપવાળો આનન્દ રહેલ છે; (આ પાંચ આનન્દનો ખુલાસો આગળ આવે છે.) ૫

**उभयत्रापि भजनं, ते यतश्चन्द्ररूपिणः ।**
**अनुरागयुतानन्द-बोधायारुण्यसम्भवः ॥६॥**

બન્ને ચરણકમલોનું ભજન કરવું, કારણ તે ચરણામ્બુજના નખો પણ ચન્દ્રસ્વરૂપી છે. અનુરાગ–પ્રેમયુકત આનન્દ તેમાં છે, એમ બતાવવા સારૂ તે નખોમાં લાલાશ રહી છે. ૬

**तत्सदोदयबोधाय तादृक् चन्द्रेणतुल्यता ।**
**पञ्चपञ्चाङ्गुलिस्थित्या पुरुषार्थचतुष्टयम् ॥७॥**
**भक्तिश्च पञ्चमस्तत्र वर्त्तते सकलं हरेः ।**
**आनुषङ्गिकतासिद्ध्यै पुमर्थानां पदाम्बुजे ॥८॥**
**संलग्नताङ्गुलीनां तु तत्र वै दृश्यते सदा ।**
**विशालस्त्वग्रिमो भागो नौकेवारोहणार्थिका ॥९॥**

તે નખચન્દ્રોનો સદા ઉદય છે, એમ જણાવવા સારૂ તે નખોની તેવા ચન્દ્ર સાથે સમાનતા છે. પાંચ પાંચ અંગુલિ

હોવાથી ત્યાં ધર્મ, અર્થ, કામ, મોક્ષ એમ ચાર અને પાંચમો ભકિત એ પુરુષાર્થો છે. આમ પ્રભુનું સર્વ ત્યાં છે. ચરણકમલમાં પુરુષાર્થોની આનુષંગિક સિદ્ધિ છે, એમ જણાવવા સારૂ ત્યાંજ સદા આંગળીઓની સંલગ્નતા એકબીજી સાથે રહેલી છે. આંગળીઓનો આગલો ભાગ વિશાળ છે; તે આરોહણને માટે જાણે વહાણજ હોય તેમ છે. ૭–૮–૯

**पुरुषार्थानतिक्रम्य भवेत्तत्राधिरोहणम् ।**
**इति बोधयितुं चाग्रे पञ्चाङ्गुलय उद्गताः ॥१०॥**

પાંચ પુરુષાર્થોને ઓળંગ્યા પછી ત્યાં આરોહણ કરી શકાય છે, આ બાબત સમજાવવા સારૂ આગળ પાંચ આંગળીઓ ઊગેલી થઈ રહેલ છે. ૧૦

**निश्रेण्य इव भक्तानामारोहे चरणाब्जयोः ।**
**गुरुः सदा भक्तिमात्राश्रयो गुणपरायणः ॥११॥**
**अन्तःप्रोतः प्रेमसूत्रैर्भक्तिमार्गैकभूषणम् ।**
**सदाप्रसन्नः सुमहद्भगवद्भक्तिबोधकः ॥१२॥**

આ આંગળીઓ પ્રભુના ચરણકમલમાં આરોહણ કરવા સારૂ ભકતોને નીસરણી સમાન છે; સદા માત્ર ભકિતના આશ્રયવાળા ગુરુદેવ, પ્રભુના ગુણગાનમાં પરાયણ છે, તેમ ભકિતમાર્ગના ભૂષણરૂપ (નૂપુરરૂપ) ગુરુ પ્રેમસૂત્રોથી અન્દર પરોવાયેલ છે; તે સદા પ્રસન્ન છે અને સારી રીતે મોટી ભગવદ્ભકિતને જણાવનાર–સમજાવનાર છે. ૧૧–૧૨

**नृत्यादिलीलासंयोगी वियोगे मुद्रिताननः ।**
**कृष्णाधीनो भक्तिबद्धस्तन्मर्यादाप्रदर्शकः ॥१३॥**

कृष्णाधीनगतिज्ञानजननार्थं तथा स्थितः ॥१३½॥

આ નૂપુરરૂપ ગુરુ પ્રભુની નૃત્યાદિલીલામાં સાથે જોડાય છે અને વિયોગમાં પોતાનું મુખ બન્ધ રાખી રહે છે. શ્રીકૃષ્ણને અધીન, ભકિતથી બન્ધાયેલ, તે ભકિતમાર્ગની મર્યાદાનું ઉત્તમ રીતે દર્શન કરાવનાર છે. પ્રભુને અધીન ગતિ અને જ્ઞાન ઉત્પન્ન કરાવવાને માટે ગુરુ તેવા સ્વરૂપે રહેલા છે. ૧૩½

अत्रावलम्बनं भक्तावीदृशो गुणयुग् गुरुः ।
इति बोधयितुं पादयुगले नूपुरद्वयम् ॥१४½॥

અહીં ભકિતમાં ગુરુ તે અવલમ્બન છે. આવા ગુણવાળા ગુરુ હોવાથી બે શ્રીચરણમાં બે નૂપુર આપે ધારણ કર્યા છે. ૧૪½

स्वभारमखिलं कृष्णो गुरूपर्येव पर्यधात् ।
इति ज्ञापयितुं मूको नूपुरोपरि हंसकः ॥१५½॥

શ્રીકૃષ્ણ ભગવાને પોતાનો બધો ભાર શ્રીગુરુદેવ ઉપરજ રાખ્યો છે. આ બાબત સમજાવવા સારૂ નૂપુરની ઉપર અવાજ ન કરતો હંસ રહેલ છે. ૧૫½

कामभावस्तु भक्तानां सर्वेषामुद्भवेत्पुरा ।
इति दर्शयितुं पूर्वं कटिभागो निरूपितः ॥१६½॥
ततोऽप्युत्तमतासिद्धौ भवेद्दाम्पत्यजा रतिः ।
इति बोधयितुं वक्षःस्थले लक्ष्मीर्निरूपिता ॥१७½॥

સર્વ ભકતોને કામભાવ તો પ્રથમ ઉદ્ભવે, એમ દર્શાવવા સારૂ પ્રથમ કટિભાગનું નિરૂપણ કરવામાં આવ્યું છે; તેથી પણ ઉત્તમપણાની સિદ્ધિ સારૂ દામ્પત્ય (પતિ–પત્ની)

ભાવથી રતિ થાય; આ બાબત સમજાવવા સારૂ વક્ષઃસ્થલમાં શ્રીલક્ષ્મીજી નિરૂપાયેલાં છે. ૧૫-૧૬-૧૭½

**ततोऽप्युत्तमतासिद्धौ लोभामृतनिवेशनम् ॥१८॥**
**बाह्याभ्यन्तरभेदेन तदेव च परं फलम् ।**
**रमणं गुणगानं च प्रकारद्वयपोषकम् ॥१९॥**
**इति सूचयितुं पश्चाद्वक्त्रं तत्र निरूपितम् ।**
**एवं त्रिधा भगवतो रूपं हृदि निधीयताम् ॥२०॥**

તે કરતાં પણ ઉત્તમતા સિદ્ધ કરવા માટે લોભરૂપી અધરામૃતને રાખવામાં આવ્યું છે, બાહ્ય અને આન્તર રમણના ભેદથી તેજ પરમ ફલરૂપ છે. પ્રભુનું રમણ અને ગુણગાન આ બન્ને પ્રકારનું પોષક છે, આમ સૂચવવા સારૂ પછી ત્યાં મુખારવિન્દનું નિરૂપણ કરેલ છે; આ પ્રમાણે શ્રીહરિનું રૂપ ત્રણ પ્રકારે હૃદયમાં ધારણ કરો. ૧૮-૧૯-૨૦

**भक्त्यैकलभ्यं, बोद्धव्यास्त्रिविधा अधिकारिणः ।**
**निजाचार्यपदाम्भोजप्रसादात्स्फुरितं हृदि ॥२१॥**
**मया निरूपितं, तेन प्रसीदतु कुलाधिपः ॥२१½॥**

આ રૂપ એક માત્ર ભક્તિથી મેળવી શકાય તેવું છે. આના અધિકારી જીવો પણ ત્રણ પ્રકારના છે. નિજાચાર્ય-શ્રીમહાપ્રભુજીના ચરણકમલના પ્રસાદથી જે હૃદયમાં સ્ફુર્યું તેનું મેં નિરૂપણ કરેલ છે. તેથી કુલના અધિપતિ શ્રીનાથજી પ્રસન્ન થાઓ. ૨૧-૨૧½

**इति श्रीहरिदासोदितं सिद्धान्तसंक्षेपनिरूपणं सम्पूर्णम् ।**

# ६१. स्वमार्गसर्वस्वम् ।

[ અનુષ્ટુભ ]

"नान्याधीनत्वमैश्वर्या"दिति श्रीप्रभुवाक्यतः ।
"भक्तानां दैन्यमेवैक"मित्याचार्यवचोऽमृतात् ॥१॥
दीनतैव हरेरात्यां तत्सन्तोषे हि कारणम् ॥१½॥

"પ્રભુના ઐશ્વર્યનો વિચાર કરવામાં આવે તો તે કોઈને અધીન નજ થાય," એવા શ્રીપ્રભુચરણના વાકયથી અને "ભકતોને દૈન્યજ એક સાધન છે" એવા શ્રીઆચાર્યચરણના વચનામૃતથી આર્તિભાવથી દીનતાજ રાખવી; તે શ્રીહરિના સન્તોષના કારણરૂપ થાય છે; (તાત્પર્ય કે દીનતાથીજ પ્રભુ રાજી થાય છે.) ૧½

सा नित्यसेवनान्नित्यसत्सङ्गेन कथाश्रुतेः ॥२॥
निःसाधनैकलभ्यत्वमवगत्य हरेस्तथा ।
साधनानां च वैफल्यं तद्बोधार्थं हि तत्कृतिः ॥३॥

તે દીનતા નિત્ય પ્રભુસેવનથી, સત્સંગથી અને કથાશ્રવણથી થાય છે, તેમ શ્રીહરિ નિઃસાધનપણાથીજ એક લભ્ય છે એમ જાણીને આથી સાધનોનું નિષ્ફલપણું છે તે જણાવવા સારૂ તે દીનતા કરવી જરૂરની છે. ૨-૩

न साधकत्वं तेषां हि सर्वेषामितिनिश्चयात् ।
कथं प्रभुस्तु प्रासन्य इति चिन्तोदयाद्धृदि ॥४॥
अनाविर्भावितश्चापि साधनेषु कृतेष्वपि ।
उदेति दीनता चित्ते, तदाविर्भवति क्षणात् ॥५॥

**कृपालुरमितानन्दः स्वदुःखासहनः प्रभुः ॥५½॥**

તે સર્વ સાધનો પ્રભુને સિદ્ધ કરી શકતાં નથી, આમ નિશ્ચય થતાં પ્રભુને શી રીતે પ્રાપ્ત કરવા? એમ હૃદયમાં ચિન્તા ઉત્પન્ન થવાથી, અને સાધનો કર્યા છતાં પ્રભુ પ્રકટ નથી થયા, આમ વિચાર કરવાથી ભકતના ચિત્તમાં દીનતા ઉદય પામે છે; તેજ ક્ષણે કૃપાળુ, પૂર્ણાનન્દ, પોતાના ભકતોના દુઃખને ન સહી શકનાર પ્રભુ પ્રકટ થાય છે. ૪–૫½

**निःसाधनत्वसिद्ध्यर्थं मार्गे मुख्यं समर्पणम् ॥६॥**
**कैङ्कर्ये सर्वथा सिद्धे कुतः साधनसम्भवः ॥**
**आश्रयोऽपि तदर्थं हि प्रोक्तो मार्गे विशेषतः ॥७॥**

નિઃસાધનપણાની સિદ્ધિ સારૂ આ માર્ગમાં મુખ્ય સમર્પણ—આત્માદિનું નિવેદન કરવામાં આવે છે; (તાત્પર્ય કે પોતાની પાસે કાંઈ હોય તો સાધનપણાનું અભિમાન આવે, પણ જ્યારે પોતાનું કાંઈપણ નથી એવું ભાન થયું કે નિઃસાધનપણું સિદ્ધ થાય છે.) તેમ 'સર્વ રીતે હું તો પ્રભુનો કિંકર—દાસ છું,' આમ જ્યાં ભાવ સિદ્ધ થાય ત્યાં સાધનનો સંભવ ક્યાંથી રહે? તે માટે આ માર્ગમાં વિશેષે કરી આશ્રય પણ કહેવામાં આવેલ છે. ૬–૭

**अतः कृष्णाश्रयस्तोत्रे सर्वसाधनवारणम् ।**
**सामर्थ्यमेव हेतुत्वेनोक्तमुद्धरणे प्रभोः ॥८॥**

માટેજ શ્રીમહાપ્રભુજીએ "કૃષ્ણાશ્રયસ્તોત્રમાં" "म्लेच्छाक्रान्तेषु देशेषु" વગેરે પદ્યોથી સર્વ સાધનોનું વારણ કર્યું છે; (તાત્પર્ય કે તે બધાં સાધનો કલિકાળના આગમનથી

નષ્ટપ્રાય થઈ ગયાં છે તેમ કહ્યું છે.) અને આવા નિઃસાધન જીવના ઉદ્ધારમાં પ્રભુનું સામર્થ્યજ કારણરૂપ છે એમ કહ્યું છે. ૮

तस्मादुद्धारकाचार्याश्रितो भक्तियुतो जनः ।
वैफल्यं साधनानां च ज्ञात्वा स्वाशक्यतामपि ॥९॥
स्वदोषान् प्रभुसामर्थ्यं, सततं स्फूर्त्तिसंयुतः ।
विधायाशां चातकवद्न्याशावर्जनेन च ॥१०॥
तिष्ठञ्शरणमार्गस्थः सर्वथा दैन्यमाप्नुयात् ।
फलात्मकं साधनं तु प्रभुदं समवाप्यते ॥११॥

તેથી જીવનો ઉદ્ધાર કરનાર શ્રીઆચાર્યચરણોનો આશ્રિત ભક્તિમાન્ જન સાધનોની નિષ્ફલતા અને પોતાની પણ અશક્યતા, પોતાના દોષો અને પ્રભુનું સામર્થ્ય જાણીને, આ બન્નેની હમેશાં સ્ફૂર્તિથી યુક્ત, બપૈયાની માફક અન્યની આશાને છોડીને એક ભગવાનની આશાને રાખીને રહે તો શરણમાર્ગમાં રહેલો ભક્ત સર્વ રીતે દીનતાને પ્રાપ્ત થાય છે; ફલાત્મક સાધન તો પ્રભુ આપે ત્યારેજ પ્રાપ્ત કરી શકાય છે. ૯-૧૦-૧૧

एवं स्वमार्गसर्वस्वं विज्ञेयं भाग्यराशिभिः ।
स्थैर्यं तदुपयुक्तेषु स्वधर्मेष्विति निश्चयः ॥१२॥

આ પ્રમાણે પોતાના માર્ગનું સર્વસ્વ જાણવું, અને ભાગ્યવાન્ ભગવદીયોએ તે ભગવન્માર્ગોક્ત પોતાના ધર્મોમાં સ્થિરતા કરવી, એવો અમારો નિશ્ચય છે. ૧૨

इति श्रीहरिदासविरचितं स्वमार्गसर्वस्वं सम्पूर्णम् ।

## ६२. गर्वापहाराष्टकम् ।

[ વસંતતિલકા ]

स्थूलं विलोक्य वपुरात्मभुवां समूहं
जायां धनानि कुपथे पतितानि भूयः ।
किं तोषमेषि मनसा, सकलं समाप्ते
पुण्ये वृथा तव भविष्यति मूढबुद्धे ॥१॥

હે મૂઢ બુદ્ધિવાળા ! સ્થૂલ એવા શરીરને, સંતાનોના સમૂહને, સ્ત્રીને અને ફરી કુમાર્ગમાં પડેલાં ધનોને જોઇને મનથી તું સંતોષ પામે છે શું ? પુણ્ય સમાપ્ત થતાં તારું બધું ફોગટ થઇ જશે. ૧

ईशं भजान्ध, विनियुङ्क्ष्व धनानि तत्र,
साधून्समर्च, परिपूजय विप्रवृन्दम् ।
दीनान्दयायुतदृशा परिपश्य नित्यं,
नेयं दशा तव दशाननतो विशिष्टा ॥२॥

હે અન્ધ ! પ્રભુને ભજ; તેની સેવામાં ધનોને જોડ; સાધુ પુરુષોની સેવા કર; બ્રાહ્મણના સમૂહને પૂજ; હમેશાં દીન મનુષ્યોને દયાયુકત નજરથી જો; આ તારી દશા કાંઇ રાવણથી ચડિયાતી નથી. ૨

[ ઉપજાતિ ]

धनानि सङ्गृह्य रसं विगृह्य
निगृह्य लोकं परिगृह्य मोहम् ।
देहं वृथा पुष्टमिमं विधाय
न साधवो मूढसभाजिताः किम् ॥३॥

ધનનો સંગ્રહ કરીને, રસને મેળવીને, લોકને કબજે કરીને, મોહને પકડીને, અને આ દેહને ફોગટ પુષ્ટ કરીને, હે મૂઢ! સાધુ પુરુષોનો સત્કાર તેં શા વાસ્તે નથી કર્યો? ૩

**न नम्रता कृष्णजनेऽतिकूर्म-**
**धने (?) परं नैव दयातिदीने ।**
**कुटुम्बपोषैकमते सदा त्वं**
**विधेहि बुद्धावववमर्षमन्तः ॥४॥**

શ્રીકૃષ્ણભગવાનના—ભગવદીય જનોમાં તને નમ્રતા નથી, અને અતિ કઠણ ધનવાળામાં નમ્રતા છે, પણ સદા નમેલ અતિ દીનમાં દયા નથી. કુટુમ્બના પોષણમાં એક જેની મતિ છે એવા હે મનુષ્ય! બુદ્ધિની અન્દર વિચાર કર. ૪

**नैते हया, नैव रथा, न चोष्ट्रा,**
**न वारणा, नेतरवाहनानि ।**
**विहाय देहं समये गते ते**
**परं प्रपातस्य सुसाधनानि ॥५॥**

દેહને તજીને કાલધર્મને પ્રાપ્ત થતાં આ ઘોડા, રથો, સાંઢિયા, હાથીઓ, અને અન્ય વાહનો તારાં નથી; પરન્તુ આ બધાં તારા અધઃપાતનાં સાધનો છે, એ સમજ. ૫

**कृष्णस्य मायामवगत्य माया-**
**समूढतान्तं हृदयं विधाय ।**
**तदर्थमेवाऽखिललौकिकं ते**
**विधेहि रे वैदिकमप्यशेषम् ॥६॥**

અરે જીવ! શ્રીકૃષ્ણભગવાનની માયાને જાણીને, અને હૃદયને માયાના પડળ વિનાનું કરીને તે પ્રભુને માટેજ તારૂં બધું લૌકિક અને સમગ્ર વૈદિક કર્મ પણ તું કર. ૬

[ વસંતતિલકા ]

आयुः प्रयाति, नहि याति सुतादिरात्मा,
 रायोऽखिला अपि विहाय मृतं व्रजन्ति ।
इत्थं विचिन्त्य विषयेषु विसृज्य सक्तिं
 भक्तिं हरेः कुरु परां करुणार्णवस्य ॥७॥

આયુષ્ ચાલ્યું જાય છે અને દેહ તેમ પુત્ર વગેરે પણ શું નથી જતાં? સમગ્ર સમ્પત્તિઓ પણ મૃત દેહનો ત્યાગ કરીને ચાલી જાય છે. આ પ્રમાણે વિચાર કરીને, વિષયોમાં આસક્તિ છોડીને કરુણાસાગર શ્રીહરિભગવાનની શ્રેષ્ઠ ભક્તિને કર. ૭

[ પૃથ્વી ]

विधाय महदाश्रयं, समवहाय सक्तिं सृते-
 र्निधाय चरणाम्बुजं हृदि हरेः सुखं संविश ।
किमर्थमतिचञ्चलं प्रकुरुषे मनः सम्पदो
 विलोक्य नहि ताश्चलाः सुखयितुक्षमा दुर्मद ॥८॥

હે દુર્મદ! મહાપુરુષોના આશ્રયને કરીને, સંસારની આસક્તિને છોડીને અને હૃદયમાં શ્રીહરિના ચરણકમલને ધારણ કરીને સુખે બેશ. સમ્પત્તિઓને જોઈને તું મનને શા વાસ્તે અતિ ચંચલ કરી રહ્યો છે? ચપલ એવી તે સમ્પત્તિઓ સુખ આપવાને સમર્થ નથી. ૮

इति श्रीहरिदासविरचितं गर्वापहाराष्टकं सम्पूर्णम् ।

## ६३. राजभोगभावना ।

[ અનુષ્ટુભ ]

भोज्यपात्रं सुधारूपं कचोलौ कुच एव च ।
अधरं जलपात्रं तु, आधारश्चान्तरङ्गिणी ॥१॥
तुलसी तु तथा ज्ञेया भोजने रुचिदायिनी ।
धूपदीपौ स्वशृङ्गारौ स्नेहजं जलजोदकम् ॥२॥
भोजनं रसरीत्या च रमणं द्विविधं यथा ।
सँय्योगविप्रयोगाभ्यामोदनक्सरादिभिः ॥३॥

હવે રાજભોગની ભાવના કહેવામાં આવે છેઃ-ભોજનનું પાત્ર અમૃતરૂપ છે, પાસેનાં બે કચોળાં બે સ્તનરૂપ છે, જલપાત્ર-ઝારી અધર-હોઠરૂપ છે, નીચેની તબકડી આધારરૂપ છે; તુલસી ભોજનમાં રુચિ ઉત્પન્ન કરનાર જાણવાં; ધૂપ અને દીપ પોતાના શૃંગારરૂપ છે; શંખોદક સ્નેહથી ઉત્પન્ન થયેલ સુખરૂપ છે, જેમ સંયોગ અને વિપ્રયોગથી રમણ રસરીતિથી બે પ્રકારનું છે તેમ ભાતક્સર (દાળભાત) વગેરેથી ભોજન રસરીતિથી બે પ્રકારનું છે. ૩

विप्रयोगेऽधिकतरं सुखं भवति सङ्गमात् ।
अतीन्द्रियं चान्तरङ्गं विविधं नूतनं प्रियम् ॥४॥
ओदनं प्रियसत्त्वस्थं प्रेयसी द्विदला तथा ।
प्रियोरोजाकृतिं मत्त्वा मोदकौ स्वीचकार हि ॥५॥

સંગમ કરતાં વિપ્રયોગમાં વધારે સુખ થાય છે, અને તે વિવિધ પ્રકારનું, નવીન પ્રિય અતીન્દ્રિય (ઇન્દ્રિયગમ્ય નહિ

એવું) અન્તરંગ સુખ છે. ભાત પ્રિયના અન્તઃકરણના ભાવ રૂપ છે—તેમ દ્વિદલાન્ન દાલ વગેરે અન્ન પ્રેયસી—પ્રિયાના ભાવરૂપ છે. શ્રીઠાકોરજીએ પ્રિયાના ઉરોજની આકૃતિરૂપ માની બે મોદકનો અંગીકાર કર્યો છે. ૪–૫

एला तदग्रजामिव कर्पूरं करजक्षतः ।
शर्करा रसरूपत्वाद् घनीभूता प्रियाधरम् ॥६॥

પ્રિયાના ઉરોજનો અગ્ર ભાગ તે એલચીનો ભાવ છે; નખક્ષતનો ભાવ કપૂર છે, રસરૂપપણાથી ઘનરૂપ હોવાથી શર્કરા તે પ્રિયાના અધરના ભાવથી છે. ૬

परस्परस्पर्शजातः स्नेहो घृतमयं प्रियम् ।
सन्निधावुप मध्ये च दशनं चोपदंशनम् ॥७॥

પરસ્પરના સ્પર્શથી ઉત્પન્ન થયેલ સ્નેહ, તન્મય પ્રિય ઘૃતમય સામગ્રી સમજવી; ઉપ—સમીપમાં અને મધ્યમાં દાંતથી તે વસ્તુનો અંગીકાર કરવો તે દન્તક્ષતના ભાવથી છે.૭

अधरौ स्नेहयुक्तौ द्वौ पायसं कल्पयेत्प्रियः ।
प्रियोदराकृतिं मत्वा अपूपान्स्वीकरोति सः ॥८॥

સ્નેહયુક્ત બન્ને અધરના ભાવથી પ્રિય દૂધપાકને આરોગે છે અને પ્રિયાના ઉદરના આકારના ભાવને માની તે પ્રભુ અપૂપ—સુવાળી પૂરીનો અંગીકાર કરે છે. ૮

वटकानि नु गण्डं च दधि तद्वंशमेव च ।
तीक्ष्णाम्लानि च सर्वाणि त्रपादिर्यन्नवौ रतौ ॥९॥

વડાં શ્રીપ્રિયાજીના ગંડસ્થલના ભાવથી છે; દહિં તે ઉપરના દન્તક્ષત તુલ્ય છે; તીખા અને ખાટા સર્વ પ્રદાર્થો રમણમાં જે નવીન નવીન લજ્જા વગેરે છે તેના ભાવથી છે.૯

**व्यञ्जनानि विचित्राणि कटाक्षसरसानि च ।**
**क्थिका नेत्रातिसुखं तक्रं दुग्धं प्रियाधरम् ॥१०॥**

જુદી જુદી જાતનાં શાક તે પ્રિયાના કટાક્ષના સરસ ભાવથી છે; કઢી નેત્રના અતિ સુખના ભાવથી છે; છાશ અને દૂધ પ્રિયાના અધરના ભાવથી છે. ૧૦

**जीरकं हिङ्गु लवणं प्रियासरसवक्त्रजम् ।**
**व्यस्तशृङ्गारशृङ्गारं ताम्बूलं कल्पयेत्प्रिये ॥११॥**

જીરૂં, હિંગ, લવણ આ બધું પ્રિયાજીના રસયુક્ત મુખારવિન્દના ભાવથી સમજવું; વ્યસ્ત (ખસી ગયેલ) શૃંગારરૂપ તામ્બૂલની પ્રિય નિમિત્ત ભાવના-કલ્પના કરવી. ૧૧

**इति भावेन सर्वाभिर्भोजितं भोजनं तथा ।**
**अतीन्द्रियोऽयं भावोऽस्ति, नान्यमार्गे कदाचन॥१२॥**

આવી રીતના ભાવથી સર્વ વ્રજાંગનાઓએ પ્રિય પ્રભુને રાજભોગ આરોગાવેલ છે; તેમ આ ભાવ અતીન્દ્રિય (ઇન્દ્રિયોની કલ્પનામાં ન આવે એવો) છે. અન્ય માર્ગમાં આ ભાવ કોઇ પણ સમયે નથી. ૧૨

**इति श्रीहरिदासोदिता राजभोगसम्बन्धिनो भावना सम्पूर्णा ।**

# ६४. वीटिका(बीडी)समर्पणभावनिरूपणम् ।

[ ગદ્ય ]

**श्रीराजभोगोत्तरसमर्पणीयवीटिकाया मध्ये पूगीफलचूर्णसुरभिखादिरवर्तिकागर्भितलवङ्गोपनिबद्धपर्णद्वयसम्पुटितवीटिकाद्वयकरणं यत्तस्यायमाशयः ॥**

શ્રીરાજભોગ પછી શ્રી ઠાકોરજીને જે બીડી સમર્પવામાં આવે છે તે બીડીના મધ્યમાં સોપારીનો ચૂર્ણ, (ચૂનો) ખુશબોદાર ખેરસારની ગોળી અન્દર રાખીને તેના ઉપર લવીંગની કીલ મારવામાં આવે છે, અને તે ઉપર બે પાનનો સમ્પુટ કરી બે બીડી કરવામાં આવે છે તેનો આ આશય છેઃ

**भगवान् हि सर्वदा सपूर्वाऽसपूर्वामुख्यस्वामिनीयुगलसहित एव तिष्ठति रसात्मकत्वात् । भोजनादिकमपि न ताभ्यां विना करोति । अतएवास्मत्प्रभूणां " नैवेद्यं मा त्यज प्राणप्रिये गोपवधूपतेः । त्वन्मुखाम्भोजसुरभि भोज्यं भुङ्क्तेऽधिकं प्रियः । " " राधाधरसुधापातुः किमन्यन्मधुरं हि ते । यन्निवेद्यं त्वदर्थे तन्नान्यसम्बन्धतो भवेत् " इत्येतदर्थज्ञापकौ श्लोकौ । तदधीनत्वादुभयोर्भावावधिगत्य तथैव करोति ॥**

ભગવાન્ રસાત્મક (રસરૂપ) હોવાથી અન્યપૂર્વા અને અનન્યપૂર્વા આવાં બે મુખ્ય સ્વામિનીજી સહિતજ સર્વદા બિરાજે છે; ભોજનાદિક પણ તેના વિના કરતા નથી; માટેજ આપણા પ્રભુના સમ્બન્ધમાં "નૈવેદ્ય સ્તોત્ર"માં કહેવામાં

આવ્યું છે કે "હે ગોપવધૂના પતિનાં પ્રાણપ્રિયા ! આપ નૈવેદ્યનો ત્યાગ કરો નહિ, કારણકે તમારા મુખારવિન્દથી ખુશબોદાર બનેલ ભોજનને પ્રિય અધિક રીતે આરોગે છે. (૭મો). હે પ્રભુ ! શ્રીરાધાજીના અધરામૃતનું પાન કરનારને બીજું શું મધુર લાગે ? આપને જે નિવેદન કરવાનું હોય તે સ્વામિનીજી સિવાય અન્યના સમ્બન્ધવાળું નજ હોઇ શકે (૩ જો). આ પ્રમાણે અર્થને જણાવનારા બે શ્લોકો છે. આથી પ્રભુ ઉભય સ્વામિનીઓને અધીન હોવાથી બન્નેના ભાવને જાણીને તેમ કરે છે.

**एवं सति भोजनोत्तरं वीटिकासमर्पणमुभयोरभीष्टं, ताम्बूलचर्वितग्रहणं च तत्पर्यायेण । ताम्बूलसमर्पणे क्षणविलम्बेन च मनस्येकस्या अपि दुःखं भवेत्तद्रसिकविदग्धवरस्यासह्यतममनुचितं चेति विचार्य वीटिकामेव तथाविधां कारयति, यस्यामुभयरूपत्वं भवति । समर्पणं चोभयोरेकदैव सिध्यति, अतिसुखानुभवश्चोभयोर्मुखप्रसाददर्शनेन प्रभोर्भवतीति ॥ तथाहि स्वभावसेवायां भाग्यवद्भिर्वीटिका तादृशी कार्या भोजनं च तथाविधेयमिति दिक् ॥**

આમ થતાં ભોજનાનન્તર બીડી અર્પણ કરવી તે બન્ને પ્રિયાઓને અભીષ્ટ છે, તેમ તામ્બૂલના ચર્વિતનું ગ્રહણ કરવું પણ પ્રિય છે. તે અનુક્રમે-એક પછી એક સમર્પણ કરવામાં આવે તો ક્ષણ માત્ર વિલમ્બ થવાથી એક પ્રિયાજીના હૃદયમાં દુઃખ થાય, તે રસિક અને ચતુર શિરોમણિને અતિ અસહ્ય

અને અનુચિત લાગેજ, એમ વિચારીને તેવા પ્રકારની બીડી કરાવે છે કે જે બીડીમાં ઉભયરૂપપણું હોય છે. અને સમર્પણ પણ બન્ને બીડીનું સાથેજ સિદ્ધ થાય છે, અને બન્ને સ્વામિનીજીઓના મુખની પ્રસન્નતાનાં દર્શનથી પ્રભુને અતિ સુખનો અનુભવ થાય છે; તેથી નક્કી સ્વભાવરૂપ સેવામાં ભાગ્યવાન્ ભગવદીયોએ તેવા પ્રકારની બીડી કરવી અને ભાવના પણ તેવી કરવી; એમ દિશામાત્ર સૂચન થયું.

**इति श्रीवल्लभाचार्यदासानुदासहरिरायविरचितं वीटिकासमर्पणभावनिरूपणं समाप्तम् ।**

## ६५. स्वतन्त्रलेखः ।

[ અનુષ્ટુભ ]

**कृष्णस्तु स्वामिनीभावपूरिताशेषविग्रहः ।**
**शृङ्गाररसरूपत्वात्क्वचित्प्रतिकृतिस्तथा ॥१॥**

શ્રીકૃષ્ણ ભગવાન્, સ્વામિનીજીના ભાવથી પૂર્ણ છે સમગ્ર વિગ્રહ–શ્રીઅંગ જેમનાં એવા છે; આથી શૃંગાર–રસ–રૂપપણાથી ક્યાંય તેવી રીતે તેમનું સ્વરૂપ છે. ૧

[ ગીતિ ]

**एवं श्रीमद्यमुना स्वप्रतिकृत्या क्वचिच्च कृष्णास्ते ।**
**उभयत्रापि तथात्वादाकृतिविषये दृशां तथा दृष्टिः[1] ॥२॥**

આવી રીતે શ્રીમતી યમુનાજી પોતાની પ્રતિકૃતિ(સ્વરૂપ)-થી ક્યાંક કૃષ્ણસ્વરૂપે બિરાજે છે. બન્ને સ્વરૂપો (શ્રીકૃષ્ણ

१. प्रतीतेः છંદોભંગ થાય છે, તેથી दृष्टिः સંભવે છે.

પ્રભુ તથા શ્રીયમુનાજીના સ્વરૂપ)માં તે પ્રમાણે હોવાથી આકારના વિષયમાં આંખોને તેવી પ્રતીતિ થાય છે. ૨

**स्वस्य प्रिया स्वकीया वामे स्थित्वाऽधरामृतं दत्ते ।**
**तत्पात्रीकृतकत्वं दक्षे नवनीतधारणे हेतुः ॥३॥**

શ્રીયમુનાજી પોતાનાં પ્રિયા છે અને સ્વકીયા છે, તેથી પ્રભુના વામભાગમાં બિરાજી અધરામૃતનું દાન કરે છે; તે અધરામૃતનાં પોતે પાત્રરૂપ છે, માટે દક્ષિણ હસ્તમાં આપ નવનીતને ધારણ કરે છે, આ કારણ છે. ૩

[ આર્યા ]

**तच्चौर्यं तु सहेतुकमहमिति मन्ये [२]सकलचातुरीज्ञे ।**
**नवनीतवेष्टितं यत् [३]प्रियसख्यधरासवो गोप्यः ॥४॥**

સમગ્ર ચાતુરીને જાણનાર શ્રીપ્રભુમાં તે નવનીતની ચોરી સહેતુક છે એમ હું માનું છું. જે નવનીતને પિંડારૂપે રાખેલ છે તે ગુપ્ત રાખવા યોગ્ય પ્રિય સખીનો અધરાસવ છે.૪

[ ગીતિ ]

**यद्वद्यादवकुलकं धृत्वान्यत्रैव पालकस्तद्वत् ।**
**हे यादवकुलतिलक स्थातव्यं [४]वै करालकलिकालात् ॥५॥**

જેમ યાદવકુલને ધારણ કરીને બીજે ઠેકાણે પાલન કરવાનું કામ કરો છો, તે પ્રમાણે હે યાદવકુલતિલક! કરાલ કલિકાલ હોવાથી આપે સ્થિર થઈ બિરાજવાનું છે. ૫

---

૨. અહીં પણ છંદોભંગ છે. ૩. प्रियसखीमधुरा° માં છંદોભંગ છે. ૪. °व्यः कलिकालतः करालात् છંદોભંગવાળો પાઠ.

[ અનુષ્ટુભ ]

श्रेयस्करस्त्वमेवासि श्रेयसीनां श्रियः पते ।
अतस्तादृशतद्भावमाश्रित्यैवाश्रिता वयम् ॥६॥

હે લક્ષ્મીકાન્ત! આપજ અત્યન્ત પ્રિય વ્રજભક્તોનાં શ્રેયને કરનારા છો; આથી તેવા ભાવનો આશ્રય કરીને જ અમે આશ્રિત થયા છીએ. ૬

अप्रतर्क्यगुणाराध्योऽबाध्यः प्राकृतिकैर्गुणैः ।
साध्यः सर्वात्मभावादिसिद्धिभी राधिकादिभिः॥७॥

તર્કમાં ન આવી શકે એવા ગુણોથી તમે આરાધના કરવા યોગ્ય છો; પ્રકૃતિજન્ય (માયિક) ગુણોથી તમારો બાધ થઇ શકે તેમ નથી અને સર્વાત્મભાવની જેને સિદ્ધિ થયેલી છે એવાં રાધિકાજી વગેરેથી આપ સિદ્ધ થઇ શકો તેવા છો. ૭

[ ગીતિ ]

यद्यपि तर्कवितर्कौ निगमप्रतिपाद्य एव रूप्येते ।
नहि नहि नहि तदतीते, यतएवैवंविधं परं ब्रह्म ॥८॥

જોકે તર્ક અને વિતર્ક નિગમોથી પ્રતિપાદિત કરી શકાય તેવા બ્રહ્મમાં જ કરી શકાય છે, પણ વેદાતીત બ્રહ્મમાં નહિં, નહિં, નહિં જ; કારણકે પરબ્રહ્મ આવા પ્રકારનું જ છે. ૮

परमाभिलाषभाग्यैः प्राप्तं सर्वस्वमेतदेव [५]सदा ।
यत्तत्तनयो "हरि"रिति [६]दृग्दोषं हरति दर्शनं कृत्वा॥९॥

પરમ અભિલાષને પાત્ર એવા ભગવદીયોએ આ સર્વસ્વ

---

૫. नित्यम् છંદોભંગદૂષિત પાઠ. ૬. हरते दृग्दोषमारार्तिकं कृत्वा અપપાઠ.

વસ્તુ નિત્ય પ્રાપ્ત કરી છે, જેનાં, તેનો વંશજ હરિરાય દર્શન કરીને નેત્રના દોષને દૂર કરે છે. ૯

**श्रुतिरप्यनुवदतीत्थं तादृग्विषये तु "नेति नेत्यु"क्तेः ।**
**यद्यत्तत् प्रतिपाद्यं तदतीतं वा तदीयराद्धान्तः ॥१०॥**

તેવા વિષયમાં " न इति न इति " એમ કહેવાથી શ્રુતિ-પણ આવી રીતે જેનો માત્ર અનુવાદ કરે છે, તે બ્રહ્મ તે શ્રુતિથી પ્રતિપાદ્ય છે અગર તે શ્રુતિથી પર છે; આવો તેઓનો સિદ્ધાન્ત છે. ૧૦

[ અનુષ્ટુબ ]

**भवद्योग्यं परामृश्य लिखितं त्वदनुज्ञया ।**
**सेवकस्य तु धर्मोऽयं तदाज्ञाकरणं यतः ॥११॥**

[ શ્રીપ્રભુ પ્રતિ કહી ગ્રન્થ પૂર્ણ કરે છેઃ ] આપને જે યોગ્ય લાગ્યું તેવો પરામર્શ—વિચાર કરીને આપની આજ્ઞાથી આ લખ્યું છે; કારણકે તે પ્રભુની આજ્ઞાનું પાલન કરવું તે આ સેવકનો તો ધર્મ છે. ૧૧

इति श्रीहरिदासोदितं स्वतन्त्रमिदम् ।

## ६६. फलविवेकः ।

[ અનુષ્ટુપ ]

**फलं भगवतो रूपं सच्चिदानन्दविग्रहम् ।**
**कर्मणा ज्ञानभक्तिभ्यामिच्छया पुष्टिरूपया ॥१॥**
**अंशपूर्णप्रभेदेन प्राप्तं सत्स्वधिकारतः ।**
**"रसो वै स" इतिश्रुत्या रसरूपतयोदितम् ॥२॥**

સત્, ચિત્ અને આનન્દ વિગ્રહવાળું ષડૈશ્વર્ય સમ્પન્ન-પ્રભુનું સ્વરૂપ ફલરૂપ છે. તે કર્મ, જ્ઞાન, ભક્તિ અને અનુગ્રહરૂપ ઇચ્છાથી, અંશ અને પૂર્ણ સ્વરૂપના ભેદથી સત્પુરુષોમાં અધિકારાનુસાર પ્રાપ્ત થાય છે. "रसो वै सः" "તે પ્રભુ નક્કી રસરૂપ છે." આ શ્રુતિએ પ્રભુના સ્વરૂપને રસરૂપ કહેલ છે. ૧-૨.

**रसस्तु खलु शृङ्गारो नाट्यशास्त्रे निरूपणात् ।**
**अन्येषां करुणादीनां तत्ता शृङ्गारयोगतः ॥३॥**
**स एव मार्गभेदेन स्वांशभेदेन लभ्यते ।**
**कर्मज्ञानोभयविध-भक्ताख्येषु यथोचितम् ॥४॥**

રસ તો નક્કી શૃંગારરસજ છે, કારણકે નાટ્યશાસ્ત્રમાં તેમ નિરૂપણ કરવામાં આવ્યું છે. બીજા કરુણ વગેરે રસોનું રસપણું શૃંગારરસના યોગથી છે. તે શૃંગારરસાત્મક પ્રભુ-માર્ગના ભેદથી અને સ્વાંશના ભેદથી કર્મ અને જ્ઞાન આ બન્નેથી યુક્ત ભક્તોમાં અધિકારાનુસાર મેળવી શકાય છે. ૩-૪

**स्वर्गभूलोकभेदेन प्राप्तिः फलमुदीर्यते ।**
**निष्कामे तु तथा तस्मिन्नक्षरांशसमुद्गतः ॥५॥**
**तिरोहितो जीवनिष्ठः स्वर्ग आत्मसुखात्मकः ।**
**आनन्दस्तेन रूपेण हरिरेव फलं मतः ॥६॥**

સ્વર્ગ અને ભૂલોકના ભેદથી પ્રાપ્તિ થવી તે ફલ કહેવાય છે; તેમ નિષ્કામ એવા તે અધિકારી જીવમાં અક્ષરાંશમાંથી પ્રકટ થયેલો જે, જીવભાવમાં નિષ્ઠા રાખવાથી તિરોહિત-આત્મા-સુખાત્મક-સ્વર્ગ શબ્દવાચ્ય આનન્દ, તે રૂપે હરિ-ભગવાનજ ફલરૂપ મનાયેલ છે. ૫-૬

**ज्ञानमार्गेऽक्षरः कामो विषयाः कर्मवर्त्मनि ।**
**आनन्दरूपिणः प्राप्यं सच्चिदानन्दकं गृहम् ॥७॥**
**गणितानन्दकं कृष्णधामरूपं स एव तत् ।**
**ऐश्वर्यधर्माविर्भावे लोकरूपं तदुच्यते ॥८॥**

જ્ઞાનમાર્ગમાં અક્ષર–કામ એટલે ફલરૂપ છે, કર્મમાર્ગમાં સાંસારિક વિષયો ફલરૂપ છે. આનન્દ સ્વરૂપમાં લીન થયેલ અધિકારીને સત્ ચિત્ અને આનન્દરૂપ પ્રભુનું ગૃહ–ધામજ ફલરૂપ છે; અક્ષર બ્રહ્મ ગણિતાનન્દ શ્રીકૃષ્ણના ધામરૂપ–એટલે અક્ષરબ્રહ્મ–સ્વરૂપે તે પ્રભુ પોતેજ છે. પ્રભુ જ્યારે પોતાના ઐશ્વર્ય નામના ધર્મનો આવિર્ભાવ કરે છે, ત્યારે તે લોકરૂપ કહેવાય છે. ૭–૮

**लोकाकारं यदा कृष्णो भूमाववतरेत् पुनः ।**
**चरणं तत्तदा विद्यान् मोक्षस्थानं विबोधिनाम् ॥९॥**
**अतएव पदप्राप्तिर्ज्ञानिनामुभयात्मिका ।**
**वैकुण्ठे वा विशेषे तु चरणे वा विशेद् बुधः ॥१०॥**

પ્રભુ જ્યારે ફરી અક્ષર બ્રહ્મને લોકાકારરૂપે પૃથ્વીમાં ઉતારે છે, તે વખતે અક્ષર બ્રહ્મને પ્રભુના ચરણસ્થાનરૂપ જાણવું; અને તે જ્ઞાનીઓનું મોક્ષસ્થાન છે; માટે જ્ઞાનીઓને બન્ને રીતે ભગવત્પદની પ્રાપ્તિ થાય છે; વિશેષે કરી શ્રીવૈકુંઠમાં અથવા પ્રભુના ચરણમાં જ્ઞાની અધિકારી પ્રવેશ કરે. ૯–૧૦

**भक्तिमार्गे स्वरूपं हि समग्रं फलमुच्यते ।**
**ज्ञानयुक्ते भक्तिमार्गे पुरुषोत्तमवेशनम् ॥११॥**

पुष्टिरूपे भक्तिपथे स्वरूपप्राप्तिरिष्यते ।
सँय्योगविप्रयोगाभ्यां यथायोग्यं वृतेस्तथा ॥१२॥

ભક્તિમાર્ગમાં પ્રભુનું સમગ્ર સ્વરૂપ ફલરૂપ કહેવાય છે. જ્ઞાનયુક્ત ભક્તિમાર્ગમાં પુરુષોત્તમમાં પ્રવેશ (સાયુજ્યે) આ ફળ છે. પુષ્ટિ–અનુગ્રહાત્મક ભક્તિમાર્ગમાં પુરુષોત્તમના સ્વરૂપની પ્રાપ્તિ ફળરૂપ છે, અને તે સ્વરૂપની પ્રાપ્તિ સંયોગ અને વિપ્રયોગાત્મક ભાવથી વરણને અનુસરી તેવી રીતે યથાયોગ્ય થાય છે. ૧૧—૧૨

तत्रादौ वसुदेवस्य देवक्याश्च हरिः स्वयम् ।
दत्त्वा वियोगं, संय्योगं पश्चादेव वितीर्णवान् ॥१३॥
लोकसिद्धप्रकारेण तथैवाधिकृतिर्यतः ।
सँय्योगरसपुष्ट्यर्थं विप्रयोग इतीरणात् ॥१४॥

તેમાં પ્રથમ શ્રીહરિભગવાને પોતે વસુદેવ તથા દેવકી-જીને વિયોગનું દાન કરીને પછી જ સંયોગનો વિસ્તાર કર્યો છે; કારણકે લોકસિદ્ધ પ્રકારે તેઓનો તેવોજ અધિકાર હતો. એથી સંયોગરસની પુષ્ટિ માટે વિપ્રયોગ છે એમ કહેવામાં આવ્યું છે. ૧૩—૧૪

महिष्यादिषु लक्ष्म्यां च यादवादिष्वपि प्रभुः ।
यथाधिकारं सँय्योगं केवलं दत्तवान्स्वतः ॥१५॥
वियोगाभावतो नात्र तथापुष्टत्वमुच्यते ॥१५½॥

પટરાણીજીઓમાં, શ્રીલક્ષ્મીજીમાં અને યાદવાદિમાં અધિકાર પ્રમાણે પ્રભુજીએ પોતે જ કેવળ સંયોગનું દાન કરેલ છે. આમ વિયોગના અભાવથી અહીં પુષ્ટપણું કહેવાતું નથી. ૧૫—૧૫½

**वाचिकेन वियोगेन तथा मानसिकेन च ॥१६॥**
**श्रीमदाद्यमहिष्यां तु विशेषः कश्चनोदितः ।**
**लक्ष्म्यादिमुख्यसँय्योगो हरिणा नित्ययोजनम् ॥१७॥**

વાણી સમ્બન્ધી તેમ મન સમ્બન્ધી વિયોગથી શ્રીમદાદ્યમહિષી શ્રીરુકિમણીજીમાં તો કાંઈક વિશેષ પ્રકાર કહેવામાં આવ્યો છે; શ્રીલક્ષ્મી આદિનું નિત્ય જોડાઈને રહેવું તે હરિ સાથે મુખ્ય સંયોગ છે. ૧૬–૧૭

**कुब्जादिषु तु सँय्योगः परिच्छिन्नः स्वकालतः ।**
**आवतारिकरूपेण लोकरीत्यैव सर्वथा ॥१८॥**

કુબ્જા વગેરેમાં તો પોતાના સમયાનુસાર પરિચ્છિન્ન (કોઈ એક વખતે) સંયોગ થયો છે, અને તે સર્વ રીતે અવતારસ્વરૂપથી અને લોકરીતિને અનુસરીને જ છે. ૧૮

**अन्येष्वपि निरुद्धेषु कालभेदात्स्वयोजनम् ।**
**फलं तदधिकारेण तथालीलादिभिः पुनः ॥१९॥**

બીજા નિરુદ્ધ જીવોમાં પણ કાલના ભેદથી પોતે તેની સાથે જોડાય છે; તે જીવના અધિકારાનુસાર તેવા પ્રકારની લીલા વગેરેથી તે ફળ તેઓને મળે છે. ૧૯

**आकार एकरूपो हि सामग्र्यपि तथाविधा ।**
**वैधर्म्यमनुभूतेर्हि क्रियाभावविभेदतः ॥२०॥**
**लोकवेदातीतमेव वियोगात्मप्रभोर्मतः ।**
**भावमात्रेणानुभावो बहिर्वा हृदयेऽपि वा ॥२१॥**

આકાર એકસરખો હોય તેમ સામગ્રી પણ તેવી જ હોય, તથાપિ ક્રિયા ને ભાવના ભેદથી, અનુભવથી વિભિન્ન-ધર્મપણું થાય છે; પરન્તુ આ વૈધર્મ્ય લોકવેદથી અતીત જ છે. વિપ્રયોગાત્મક પ્રભુનો અનુભાવ ભાવમાત્રથી બહાર અથવા હૃદયમાં પણ આમ માનવામાં આવ્યો છે. ૨૦-૨૧

**यथा वियोगे सञ्जाते सँय्योगरसपोषणम् ।**
**तथा च पूर्वं सँय्योगः पोषणायोत्तरस्य हि ॥२२॥**
**स एव रासलीलास्थभक्तेभ्योऽदाद्धरिः फलम् ।**
**"तासामावि"रितिप्रोक्तः सँय्योगेनातिपोषितः ॥२३॥**

જેમ વિયોગ થતાં સંયોગરસનું પોષણ થાય છે, તેમ પૂર્વે થયેલ સંયોગ ઉત્તર એટલે વિયોગ રસના નક્કી પોષણ માટે છે. શ્રીહરિભગવાને રાસલીલામાં રહેલા વ્રજભક્તોને ફળરૂપે આપેલ છે તેજ "તેઓના[1] મધ્યમાં પ્રકટ થયા" આ રીતિથી કહેલ છે, એટલે વિપ્રયોગરસ સંયોગ રસથી અતિ પોષિત કરવામાં આવ્યો છે. ૨૩

**सम्पाद्य योग्यतां सर्वैः प्रकारैर्मनसि स्थितम् ।**
**फलं स्वरूपभावात्म प्रादात्तत्परमं फलम् ॥२४॥**

---

१. तासामाविरभूच्छौरिः स्मयमानमुखाम्बुजः ।
पीताम्बरधरः साक्षात्कोटिमन्मथमन्मथः ॥
(શ્રીભાગવત-રાસપંચાધ્યાયી)

હસતા મુખકમલવાળા, પીતામ્બરને ધારણ કરનાર, કોટિમદનની ચેતનાનું મથન કરનાર શૌરિ-શ્રીકૃષ્ણ તે વ્રજભક્તોના મધ્યમાં સાક્ષાત્ સ્વરૂપે પ્રકટ થયા, (આ ભાવ અત્ર છે.)

સર્વ પ્રકારે યોગ્યતા સિદ્ધ કરીને મનમાં રહેલ ભાવાત્મક ફળસ્વરૂપનું આપે દાન કર્યું છે; તે આ પરમ ફલ છે. ૨૪

**एतद्दानं लोकवेदातीतमेव स्वरूपतः।**
**यशोदोत्सङ्गललितान्नान्यस्मादितिनिश्चयः ॥२५॥**

સ્વરૂપથી આ દાન નક્કો લોકવેદાતીત છે, અને તે શ્રીયશોદોત્સંગલાલિત શ્રીપ્રભુથી છે, અન્યથી નથી; એવો નિશ્ચય છે. ૨૫

**नातः परं फलं किञ्चिद्रूपं नातः परं हरेः।**
**साधनं भावतो नान्यन्मानं चाचार्यवाग्गणात् ॥२६**

આથી શ્રેષ્ઠ કોઇ ફળ નથી, આથી શ્રેષ્ઠ કોઇ શ્રીહરિનું રૂપ નથી, આ ભાવથી શ્રેષ્ઠ બીજું સાધન નથી, અને શ્રીમહાપ્રભુજીનાં વચનામૃતના સમૂહથી ઉત્તમ કોઇ પ્રમાણ નથી. ૨૬

इति श्रीहरिदासविरचितः फलविवेकः सम्पूर्णः।

## ६७. भगवच्छास्त्रनिर्णयः।

[ ઇંદ્રવજ્રા ]

**जीवोऽस्मि लीलाकृतिसिद्धिसृष्टो**
**देहोऽहमित्यन्वययोग्यबुद्धिः।**
**सर्वेश आनन्दमयोऽत्र सिद्धः**
**साकाररूपोऽखिलसाधकस्त्वम् ॥१॥**

(વિવિધ પ્રકારની) લીલા કરવાની સિદ્ધિ માટે આપે સરજેલ હું જીવ છું. "હું દેહ છું" એવી રીતે દેહના અન્વય-સમ્બન્ધથી બુદ્ધિ થઈ છે. આપ તો સર્વના સ્વામી, આનન્દમય, સાકારરૂપવાળા, સર્વ વસ્તુને સિદ્ધ કરનારરૂપે અહિં સિદ્ધ છો. ૧

**त्वां भक्तगोसारमखण्डलीला-**
**कर्त्तारमज्ञानतमोऽपहारम् ।**
**सारं नराकारमनन्तरूप-**
**मानन्दमात्रं हरिमाश्रयामि ॥२॥**

ભક્તોના રક્ષણહાર, અખંડ લીલાઓના કર્તા, અજ્ઞાનરૂપી અન્ધકારનો નાશ કરનાર, તત્ત્વરૂપ, નરસમાન આકારવાળા, અનન્ત જેનાં રૂપ છે, આનન્દમાત્ર, સર્વ-દુઃખહર્તા એવા આપનો હું આશ્રય કરૂં છું. ૨

[ઉપજાતિ]

**अखण्डशब्दात्मकरूपविष्णुना**
**सर्वार्थदेन स्वमुखार्थकेन ।**
**संसारदावानलधूमयोनिना**
**श्रीकृष्णनाम्नात्मतमस्तरिष्ये ॥३॥**

અખંડ વેદ સ્વરૂપાત્મક અને વ્યાપક, સર્વ અર્થોનું દાન કરનાર, પોતાના મુખારવિન્દરૂપ અર્થવાળા, સંસારરૂપી વનને બાળવા માટે ધૂમયોનિ-અગ્નિસ્વરૂપ, શ્રીકૃષ્ણના નામથી આત્માના અન્ધકાર-અજ્ઞાનને હું તરી જઈશ. ૩

गोचारकायाद्भुतगायकाय
स्ववेणुनादाखिलमोहकाय।
अनेकलीलारसदायकाय
नमोस्तु तस्मै व्रजनायकाय ॥४॥

ગાયોને ચારનાર, અદ્ભુત સંગીત ગાનાર, પોતાના વેણુનાદથી સર્વને મોહ કરનાર, અનેક લીલાઓના રસનું દાન કરનાર, તે શ્રીવ્રજનાયકને મારા નમસ્કાર હો. ૪

विचित्रभालाद्धृतकञ्जमालाद्
उरोविशालाद्रमणीरसालात्।
कंसादिकालाद् व्रजधेनुपालाच्
श्रीनन्दबालादपरं न जाने ॥५॥

વિચિત્ર ભાલવાળા, કમલની માલાને ધારણ કરનાર, વિશાળ છાતીવાળા, વ્રજરમણીઓને રસનું દાન કરનાર, કંસાદિ દૈત્યોના કાલ, વ્રજની ગાયોનું પાલન કરનાર, શ્રી-નન્દના બાળ સિવાય બીજા કોઈને હું જાણતો નથી. ૫

रसात्मकस्यातिमनोहराकृतेः
विशालनेत्रस्य वयोऽल्पकस्य।
चौर्यादिलीलाचपलस्य तस्य
कृष्णस्य दासोऽस्मि भवेभवेऽहम् ॥६॥

રસાત્મક, અતિમનોહર આકારવાળા, વિશાળ નેત્રવાળા, અલ્પ-નાની વયવાળા, ચોરી વગેરે લીલામાં ચપળ, તે શ્રીકૃષ્ણ પ્રભુનો હું જન્મોજન્મ દાસ છું. ૬

[1]कृष्णे विनिर्यापितभोगतृष्णे
स्वरूपदानाभिधभोगधृष्णे ।
लीलाकृते स्वीकृतभक्तपक्षे
नमोऽस्तु नित्यं विहितस्वरक्षे ॥७॥

જેમણે (મારી) ભોગની તૃષ્ણા દૂર કરી છે, સ્વરૂપદાન-રૂપી ભોગથી મને જેમણે વશીભૂત કરેલ છે, લીલાઓ માટે ભક્તોના પક્ષનો સ્વીકાર કરનાર, પોતાના ભક્તોની રક્ષા કરનાર શ્રીકૃષ્ણ પ્રભુને મારાં નમન હો. ૭

हे मीन, हे कूर्मतनो, वराह,
हे सिंह, हे वामन, भार्गवाख्य ।
हे राम, सङ्कर्षण राम, कृष्ण,
हे बुद्ध, कल्किन्नवतारतः स्तुमः ॥८॥

હે મત્સ્ય ભગવાન્! હે કૂર્માવતાર! હે વરાહ! હે નૃસિંહ! હે વામન! હે પરશુરામ! હે શ્રીરામચન્દ્ર! હે સંકર્ષણ એવા રામ! હે શ્રીકૃષ્ણ! હે બુદ્ધ! હે કલ્કી ભગવાન્! પ્રભુના અવતાર હોવાથી આપનું અમો સ્તવન કરીએ છીએ. ૮

त्वं कृष्ण मां दीनदयार्द्रदृष्ट्या
स्वसेवनार्थं विहितान्यधर्मम् ।
निवर्त्तय; स्वीयतमस्य नान्या
गतिः; कृपालो मयि सुप्रसीद ॥९॥

હે કૃષ્ણ પ્રભુ! હું દીન છું, તેથી દયાર્દ્ર દૃષ્ટિથી મને આપની

1 અત્ર નમસ્ના યોગમાં "સપ્તમી વિભક્તિ" ચિન્ત્ય છે.

સેવા માટે શાસ્ત્રવિહિત બીજા ધર્મો કરવામાંથી આપ નિવૃત્ત કરો. (એટલે સેવા કરતાં શાસ્ત્રવિહિત ધર્મો ન થઇ શકે તેને નભાવી લ્યો.) હે કૃપાલો ! અત્યન્ત આપનો હું, તેની બીજી ગતિ નથી; માટે મારા ઉપર સારી રીતે પ્રસન્ન થાઓ. ૯

[ અનુષ્ટુપ ]

**वस्तुतो निर्गुणं मूढा अन्यथा तादृशं विदुः ।**
**ब्रह्म पूर्णं निजगुणैः शून्यमप्राकृतेतरैः[1] ॥१०॥**

વસ્તુતાએ નિર્ગુણ બ્રહ્મને મૂઢ લોકો અન્યથા એટલે બીજી રીતે તેવું નિર્ગુણ જાણે છે, પણ સગુણ એટલે અપ્રાકૃત પોતાના આનન્દાદિ ગુણોથી પૂર્ણ છે, અને નિર્ગુણ એટલે પ્રાકૃત ~~એવા ઇતર~~ ગુણોથી રહિત છે. ૧૦

**निरूपयन्त्या उभयं श्रुतेरेवाशयः स्फुटः ।**
**क्लिश्यन्ति केवलव्याख्यां कुर्वन्तः क्लिष्टकल्पनाः ॥११॥**

(આવી રીતે ૧૦મા શ્લોકમાં કહ્યા મુજબ) ઉભય એટલે સગુણ-નિર્ગુણરૂપે નિરૂપણ કરતી શ્રુતિનો આશય સ્પુટ છે, તોપણ કેવલ નિર્ગુણ છે એમ વ્યાખ્યા કરતા કિલષ્ટકલ્પનાવાળા (માયાવાદીઓ) મૂંઝાય છે. ૧૧

**मायाशक्तिर्हरेरेव सर्वसामर्थ्यरूपिणी ।**
**सर्वरूपेण भवने हरेः सैवोपयुज्यते ॥१२॥**

સર્વ સામર્થ્યરૂપવાળી માયા શ્રીહરિભગવાનની શક્તિજ છે. શ્રીહરિને સર્વરૂપ થવામાં તેનો ઉપયોગ કરવો પડે છે. ૧૨

---

૧ अप्राकृताश्च ते इतरे च तैः આમ સમાસ કરવો.
अप्राकृतेभ्य इतरे प्राकृतास्तैः

**विद्याविद्ये[1] अपि हरेः शक्ती ते मायया कृते ।**
**प्रपञ्चे कारणेच्छातो बन्धमोक्षप्रदे मते ॥१३॥**

વિદ્યા અને અવિદ્યા પણ હરિભગવાન્‌ની શક્તિઓ છે અને તે બન્નેનું નિર્માણ માયાએ કરેલ છે. આ બન્ને શક્તિઓ જગતમાં કારણરૂપ હરિની ઇચ્છાથી બન્ધ અને મોક્ષ કરનારી મનાયેલ છે. ૧૩

**सत्यः प्रपञ्चो हरिणा कृतः स्वगुणमायया ।**
**विहारार्थं तत्र जीवाः सृष्टाः स्वांशा निजेच्छया॥१४॥**

પોતાની ગુણમયી માયાથી સત્ય પ્રપંચ–યાને જગત્ શ્રીહરિભગવાને કરેલ છે; ત્યાં વિહારને માટે પોતાનાં અંશરૂપ જીવો પોતાની ઇચ્છાથી પ્રભુએ સર્જ્યા છે. ૧૪

**तेषां मुक्तिः सदानन्दावाप्तिर्नित्यशरीरिणाम् ।**
**लवणप्रतिमेवायं प्रपञ्चात्मा हरिः स्वयम् ॥१५॥**

નિત્ય, દેહધારી એવા તે જીવોને સદાનન્દ–પ્રભુની પ્રાપ્તિ તે મુક્તિ જાણવી. (સમુદ્રના જલમાંથી બનેલી) લવણની પ્રતિમા તુલ્ય જગત્સ્વરૂપ આ હરિભગવાન્ પોતે છે. ૧૫

**नानारूपतया द्रष्टा, न रसात्मकताक्षतिः ।**
**रक्तश्यामश्वेतताद्याः सहजाः सैन्धवे यथा ॥१६॥**

ભિન્નરૂપે રહ્યા છતાં આપ દ્રષ્ટા હોવાથી આપના રસાત્મકપણામાં ખામી નથી આવતી. જેમ સિન્ધાલૂણના કટકામાં લાલ–શ્વેતપણું વગેરે ગુણો સહજ છે તેમ તે જાણવું. ૧૬

---

૧ શ્રી ભાગવત એકાદશસ્કન્ધમાં ઉદ્ધવજીને આજ વાત કરેલ છે કે—

विद्याविद्ये मम तनू विद्ध्युद्धव शरीरिणाम् ।
मोक्षबन्धकरी आद्ये मायया मे विनिर्मिते ॥ (સ્પ૦૮ છે)

[1]तथा सहजरूपाणि स्वरूपे सन्ति वै हरेः ।
आनन्द एव प्राकट्ये तत्तद्रूपो हि भासते ॥१७॥

(ઉપરના શ્લોકમાં કહ્યું) તે મુજબ શ્રીહરિના સ્વરૂપમાં સ્વાભાવિક રૂપો છે; પરન્તુ પ્રાકટ્ય થતાં નક્કી તે તે રૂપે આનન્દાકાર પ્રભુ ભાસે છે. ૧૭

प्रतीकेषु हरेरेवं कर्त्तव्यः खलु निश्चयः ।
श्रुतिसिद्धब्रह्मवादे विद्यमाने कुबुद्धयः ॥१८॥
मोहमाश्रित्य शास्त्रार्थमन्यथा प्रवदन्ति हि ।
सन्मार्गमात्रविद्वेषादेवं तेषां निरूपणम् ॥१९॥

પ્રભુનાં પ્રતીક-સ્વરૂપો—મૂર્તિઓમાં એમ નક્કી નિશ્ચય કરવો. આમ શ્રુતિસિદ્ધ બ્રહ્મવાદ વિદ્યમાન છતાં કુબુદ્ધિ-વાળાઓ અજ્ઞાનનો આશ્રય કરીને બીજી રીતે શાસ્ત્રોનો અર્થ કરે છે; માત્ર સન્માર્ગમાં તેઓનો દ્વેષ હોવાથી આ પ્રમાણે નિરૂપણ તેઓ કરે છે. ૧૮-૧૯

अतस्तु भगवच्छास्त्रे प्रयतेतास्तिको नरः ।
संक्षिप्य सकलं चोक्तं; कथनादुपरम्यते ॥२०॥

આથી આ પુરુષે ભગવાનનાં શાસ્ત્રમાં યત્ન કરવો-એમ સંક્ષેપે બધું કહેવામાં આવ્યું છે; તો હવે વિરામ લેવામાં આવે છે. ૨૦

इति श्रीहरिदासोदितो भगवच्छास्त्रनिर्णयः सम्पूर्णः ।

---

૧ જેમ બ્રહ્માજીને માયાના પડદાનું અપસરણ થતાં ભગવત્સ્વરૂપો જોવામાં આવ્યાં. (શ્રીભાગવત-૧૦ સ્કન્ધ.)

## ६८. वाक्चक्षुर्मुख्यत्वनिरूपणम्।

[ અનુષ્ટુભ ]

**भगवानेव लीलार्थं विश्वमाविश्चकार हि ।**
**लीला च बन्धमोक्षाभ्यां स्वांशजीवेषु वै हरेः ॥१॥**

ભગવાને લીલા કરવા સારૂ નક્કી જગત્‌ને પ્રકટ કર્યું છે અને હરિના પોતાના અંશરૂપ જીવોમાં બન્ધ અને મોક્ષથી બે પ્રકારે લીલા છે. ૧

**बन्धार्थं विषयाः सृष्टा, मोक्षाय श्रुतिसर्जनम् ।**
**साधनत्वेन भोगस्य विषयाणां हि सर्वथा ॥२॥**

બન્ધ માટે વિષયો (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, અને ગન્ધ) ઉત્પન્ન કર્યા છે, મોક્ષ સારૂ શ્રુતિ–વેદોને પ્રકટ કર્યા છે; કારણકે સર્વ રીતે વિષયો ભોગના સાધકપણાથી છે. ૨

**इन्द्रियाण्यपि सृष्टानि स्वदेवसहितानि च ।**
**तैरेव विषयाविष्टैर्बन्धो जीवस्य वै भवेत् ॥३॥**

અને પોતપોતાના દેવસહિત ઇન્દ્રિયોને પણ ઉત્પન્ન કરેલી છે; તે ઇન્દ્રિયો વિષયાવિષ્ટ થતાં જીવને જરૂર બન્ધ થાય છે. ૩

**तत्रापि बन्धपूर्वत्वसिद्धये विमुखानि तु ।**
**सृष्टानि सर्वथा यस्मात्पुरा विषयवेशनम् ॥४॥**

ત્યાં પણ બન્ધપૂર્વકપણાની સિદ્ધિ સારૂ સર્વ રીતે તે ઇન્દ્રિયોને વિમુખજ સર્જેલી છે; જેથી પ્રથમ તે ઇન્દ્રિયોનો વિષયમાં પ્રવેશ થાય છે. ૪

**"पराञ्चि खानि व्यतृण"दितिश्रुत्यावगम्यते ।**
**ततो निष्कासनोपायो ज्ञानं वा भक्तिरेव वा ॥५॥**

પરમાત્માએ ઇન્દ્રિયોને બહિર્દૃષ્ટિવાલી પેદા કરી છે એમ શ્રુતિથી જાણી શકાય છે. તે બહિર્મુખતામાંથી નિકાલ કરવાનો ઉપાય જ્ઞાન અથવા ભક્તિજ છે.[1] ૫

**श्रुतौ निरूपितो मार्गो मोक्षाय ज्ञानमेव हि ।**
**ज्ञाने वैफल्यमन्येषां मनोमात्रप्रयोजनात् ॥६॥**

જ્ઞાન નક્કી મોક્ષ સારૂ છે એમ શ્રુતિમાં જ્ઞાનમાર્ગનું નિરૂપણ કરવામાં આવ્યું છે; પરન્તુ મનોમાત્ર પ્રયોજન એટલે જ્ઞાનને પણ જેઓ મનોમાત્ર યાને મિથ્યા માને છે આવા બીજાઓ (માયાવાદીઓ)ને જ્ઞાનમાં વિફલપણું છે; (તાત્પર્ય કે અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ પણ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદીને થાય છે, મિથ્યાવાદીને નહિં.) ૬

**ध्यातव्यमक्षरं तत्तु साकारमपि वस्तुतः ।**
**नहि व्यक्तमधिष्ठेययोगाभावेन दीपवत् ॥७॥**

અક્ષરબ્રહ્મનું ધ્યાન કરવું, તે પણ વસ્તુતાએ સાકાર છે; આશ્રય કરવા યોગ્ય પુરુષોત્તમના ભક્તિયોગના અભાવથી તે દીવાની માફક પ્રકટ થતું નથી. ૭

**भक्तिं विना हरेर्नैवाविर्भावो ह्यक्षरे मतः ।**
**अपेक्ष्यते ततश्चित्तमेवाक्षरविभावने ॥८॥**

---

૧ કઠવલ્લી ઉપનિષદ્‌ના બીજા અધ્યાયના પ્રથમના મંત્રમાં જણાવ્યું છે કે:
" पराञ्चि खानि व्यतृणत्स्वयम्भूस्तस्मात्पराङ् पश्यति, नान्तरात्मन् "
સ્વયં પ્રકટ થયેલ પ્રભુએ બહારદૃષ્ટિવાળી ઇન્દ્રિયોને ઉત્પન્ન કરી છે; તેથી જીવ બહારનું જુવે છે પણ અન્તરાત્મામાં જોઈ શકતો નથી.

પ્રભુભક્તિ વિના અક્ષરબ્રહ્મમાં હરિનો આવિર્ભાવ નથીજ થતો; તેથી અક્ષરબ્રહ્મમાં પ્રભુની ભાવના કરવામાં ચિત્તની અપેક્ષા છે. ૮

**त्याजयित्वा तु विषयान् वैराग्येण शमादिभिः ।**
**शुद्धानि तानि नीयन्ते, कर्षयन्ति यथा न हृत् ॥९॥**

વૈરાગ્ય અને શમ આદિથી વિષયોનો ત્યાગ કરાવીને જેમ હૃદયને (વિષયોમાં) ન આકર્ષે તેમ તે ઇન્દ્રિયોને શુદ્ધ કરી પ્રભુ તરફ લઈ જવામાં આવે છે. ૯

**परं भगवदानन्दाप्राप्त्या व्यर्थानि तानि हि ।**
**स्वत एव विलीयन्तेऽतृणभूमिस्थवह्निवत् ॥१०॥**

તે ઇન્દ્રિયો ઘાસ વગરની ભૂમિમાં રહેલા અગ્નિની માફક પોતાની મેળે લીન થઈ જાય છે; ભગવત્સમ્બન્ધી આનન્દની પ્રાપ્તિ વિના તે વ્યર્થ છે; [ તાત્પર્ય કે–ભક્તિહીન જ્ઞાનમાર્ગમાં તે ઇન્દ્રિયો અતૃણ–ભૂમિસ્થ અગ્નિની માફક સ્વયં શાન્ત થઈ જાય છે; ભગવદાનન્દની પ્રાપ્તિ વિના તે નકામી છે.] ૧૦

**भक्तिमार्गे तु भजनं साकारस्य हरेः पुनः ।**
**तत्र सर्वेन्द्रियाणां वै सार्थकत्वं, न संशयः ॥११॥**

ભક્તિમાર્ગમાં તો પુનઃ સાકાર શ્રીહરિનું જ ભજન છે. ત્યાં પ્રભુના સાકાર સ્વરૂપમાં સર્વ ઇન્દ્રિયોનું સાર્થકપણું થાય છે; તેમાં સંશય નથી. ૧૧

**तत्तदानन्दसम्पूर्त्त्या प्रत्येकं सफलानि हि ।**
**एतन्मार्गद्वयाभावे विषयावेशनं मतम् ॥१२॥**

ત્યારે આનન્દની સમ્પૂર્ણ પૂર્ત્તિ થવાથી ઈન્દ્રિયો દરેક સફળ થાય છે; આ (જ્ઞાન તથા ભક્તિમાર્ગ) બન્ને માર્ગના અભાવમાં વિષયોમાં પ્રવેશ કરવાનુંજ થાય છે. ૧૨

**मनआदीन्द्रियाणां हि मनसस्तत्र मुख्यता ।**
**तदेव च वचो वक्ति यद्वाचयति मानसम् ॥१३॥**

સર્વ ઈન્દ્રિયોમાં મન આદિ છે, કારણકે ઇન્દ્રિયોમાં મનની મુખ્યતા છે. જે મન બોલાવે છે તે વચન બોલે છે.

**"यद्वक्ति तत्करोती"ति श्रुतावेतन्निरूपितम् ।**
**श्रुत्यन्तरेऽपि "मनसो वशे सर्वं बभूव" हि ॥१४॥**

'વચન જે કહે છે તે કર્મ ઇન્દ્રિય કરે છે,' આમ વેદમાં નિરૂપાયેલ છે; બીજી શ્રુતિમાં પણ 'બધું મનને વશ છે' એમ કહેલ છે. ૧૪

**सर्वेन्द्रियप्रेरकत्वादपि चित्तस्य मुख्यता ।**
**प्रथमोत्पत्तितश्चापि कृष्णसेवैकसाधनात् ॥१५॥**

સર્વેન્દ્રિયનું પ્રેરક હોવાથી પણ ચિત્તની મુખ્યતા છે; તેમ (मन[1]श्चक्रे) મનની પ્રથમ ઉત્પત્તિ હોવાથી શ્રીકૃષ્ણની સેવાનું એક સાધન હોવાથી તેની મુખ્યતા છે. ૧૫

**तथापि रसना तस्मात्किञ्चिद्बलवती पुनः ।**
**चक्षुश्च सर्वथा यस्माद्विक्षेपेऽपि हि चेतसः ॥१६॥**

આમ છતાં તે મન કરતાં ફરી રસના ઇન્દ્રિય કાંઈક બલવતી છે, અને સર્વ પ્રકારે વિક્ષિપ્ત બનાવવાને ચક્ષુ ઇન્દ્રિય પણ બલવાલી છે. ૧૬

---

૧ પ્રભુએ મનને ઉત્પન્ન કર્યું. (રાસપંચાધ્યાયી)

**सा स्वकार्यं करोत्येव, चक्षुः पश्यति कारितम् ।**
**उपर्यधो मनः; स्वीयं कार्यं प्रकुरुतश्च ते ॥१७॥**

તે રસના પોતાના કાર્યને કર્યાંજ કરે છે, અને તેણે કરાવેલ કાર્યને આંખ જોયા કરે છે. ઉપર અને નીચે મન છે; જ્યારે રસના અને આંખ તો પોતાનું કાર્ય કર્યા જ કરે છે. ૧૭

**तत्र हेतुश्चिन्त्यतेऽत्र सम्यक् शास्त्रोक्तमार्गतः ।**
**विषयेषु रसो मुख्यो "रसवर्ज"मितीरणात् ॥१८॥**

અહીં સારી રીતે શાસ્ત્રે કહેલ માર્ગથી કારણ વિચારવામાં આવે છે. "રસને [1]છોડીને" આ ભગવદ્વાક્યથી વિષયોમાં રસ તે મુખ્ય છે. ૧૮

**निराहारस्य सर्वेषां निवृत्तावनिवृत्तितः ।**
**उक्तं तथैव हरिणा "जितं सर्वं जिते रसे" ॥१९॥**

નિરાહાર (આહાર ન લેતા) મનુષ્યના સર્વ વિષયો નિવૃત્ત થઈ જાય છે, પણ રસના ઇન્દ્રિયની નિવૃત્તિ થતી નથી; તેથીજ "**जितं सर्वं जिते रसे**" રસના ઇન્દ્રિય જીતાતાં બધું જીતાયું છે, એમ શ્રીહરિએ (ભાગવતમાં) કહેલ છે. ૧૯

---

१ विषया विनिवर्त्तन्ते निराहारस्य देहिनः ।
रसवर्जं रसोऽप्यस्य परं दृष्ट्वा निवर्त्तते ॥

गी० अ० श्लो० २

આહાર વગરના મનુષ્યના વિષયો નિવૃત્ત થઈ જાય છે, પણ રસના–ઇન્દ્રિયને છોડીને રસના પણ પરંપ્રભુનાં દર્શન કરીને નિવૃત્ત થાય છે. અત્ર રસ શબ્દનો અર્થ રાગ વિષયાભિલાષ એમ પણ કેટલાક કહે છે.

**अतो बलवती वाणी तथा चक्षुश्च सर्वथा ।**
**ततो मनः समाकर्षत्येतद् दूरगवस्तुनि ॥२०॥**

[ અહિં રસના અને વાણીનું એકત્વ માનીને પ્રતિપાદન છે. ] આથી વાણી તથા આંખ સર્વ રીતે બળવાન છે, તેથી આ દૂર રહેલ વસ્તુમાં મનને ખેંચી જાય છે. ૨૦

**चक्षूरागस्तु प्रथमं प्रोक्तो भावे तु कामजे ।**
**बहिर्व्यापारपातेन न मनः पारते मते ॥२१॥**

કામથી ઉત્પન્ન થતા ભાવમાં ચક્ષુરાગ (આંખનો સ્નેહ) પ્રથમ કહેવાયલ છે. આંખ વાણીદ્વારા બહારના વ્યાપારમાં પડી જવાથી મન પોતાના માનેલા વિષયમાં પાર પામી શકતું નથી. ૨૧

**अतो वेणुसमुद्गीते तथोक्तं गोपिकाजनैः ।**
**पक्षिरूपोक्तिसमये मौनदृङ्मुद्रणे मते ॥२२॥**

આથી વેણુગીતમાં પક્ષિરૂપ ભગવદીયોની ઉક્તિના સમયમાં ગોપીજનોએ તેમ કહેલું છે, ( કે "**शृण्वन्ति मीलितदृशो विगतान्यवाचः**" બીજી વાણીને છોડીને તથા વીંચેલ નેત્રવાળાં પક્ષિરૂપ ભગવદીયો વેણુગીતનું શ્રવણ કરે છે.) અહીં મૌન અને નેત્રનું વીંચવું મનાયેલાં છે. ૨૨

**एतद्द्वयवशीभूतहृदयास्तु निरोधिनः ।**
**उभयं नियतं येषामुत्तमास्ते प्रकीर्तिताः ॥२३॥**

આ બન્ને (વાણી અને આંખ) જેને વશ છે એવા હૃદયવાળા છે તેઓને નિરોધવાળા જાણવા; એટલે જેઓનું આ બન્ને કબજામાં છે તેઓને ઉત્તમ ભગવદીયો જાણવા. ૨૩

**इति श्रीहरिदासोक्तं वाक्‌चक्षुर्मुख्यत्वनिरूपणं सम्पूर्णम् ।**

## ६९. सर्वाभोग्यसुधाधिक्यानिरूपणम् ।

[ અનુષ્ટુભ ]

**रसात्मको हि भगवांस्तस्याधररसः पुनः ।**
**तस्य मुख्यरसत्वोक्तिरभेदे युज्यते कथम् ॥१॥**
**नहि प्रभोरभेदोऽस्ति कश्चिदत्र रसात्मनि ॥१½॥**

પ્રશ્ન એ છે કે—નક્કી ભગવાન્ રસાત્મક છે, ફરી તેમને અધરરસ પણ એક રસ છે. બન્નેમાં અભેદ હોય ત્યારે તે અધરરસને મુખ્યરસપણું કહેવું કેમ ઘટી શકે ? માટે પ્રભુના રસાત્મક સ્વરૂપમાં તો કોઈ અભેદ નથી; અર્થાત્ ભેદ છે, [તેમ ઠરે છે]. ૧½

**तत्रोच्यते यथैवात्र फले चैकरसेऽपि हि ॥२॥**
**बहिरन्तःकृतो भेदो रसयोरपि दृश्यते ।**
**तथात्राप्यन्यरसता तारतम्याद्विबुध्यताम् ॥३॥**

ત્યાં ઉત્તર કહેવામાં આવે છે કે—જેમ અહીં એકરસવાળા ફળમાં અન્દર અને બહારથી કરેલો ભેદ બન્ને રસોમાં પણ દેખાય છે, તેમ અહીં ભગવત્સ્વરૂપમાં તારતમ્યભાવથી અધર-રસનું અન્ય રસપણું જાણવું. ૩

**त्वचातो न यथा यद्वत्तदन्तर्निःसृतो रसः ।**
**वस्तुतस्तूभयोरैक्यं तारतम्यं च वर्त्तते ॥४॥**

છાલને લીધે તે ફળમાં અન્દર રહેલ રસ બહાર નીકળતો નથી. વસ્તુતાએ તો બન્ને રસોનું એકપણું અને ભિન્નપણું એ બંને છે. ૪

**ऐक्यं च सर्वथा, तस्मादभेदे मुख्यतोच्यते ।**
**आनन्दसारभूतत्वमतएव प्रभूदितम् ॥५॥**

અને સર્વ રીતે એકતા તો છે જ, તેથી અભેદત્વે મુખ્યપણું કહેવાય છે; માટે જ આનન્દનું સારભૂતપણું પ્રભુચરણે કહેલું છે. ૫

**अतएव स्वामिनीनामाश्लेषेऽपि तदादरः ।**
**अतएवाधिकारोऽपि तत एव प्रवेशतः ॥६॥**
**वेणुद्वारा वियोगे तु जीवनं तत एव हि ।**
**एवं निर्धारितस्तत्तद्रसेऽत्रैव विधीयताम् ॥७॥**

આથીજ સ્વામિનીઓના આલિંગનમાં પણ તે અધરસુધાનો આદર છે; આથી જ તે અધિકારદ્વારા પ્રવેશથી ત્યાં અધિકાર સિદ્ધ થાય છે. વિયોગમાં પણ તે અધરસુધાથી વેણુદ્વારા જીવન ટકે છે; આવી રીતે નિર્ધાર કરીને તે તે રસમાં અહીં સમાધાન માનવાનું છે; [તાત્પર્ય કે આ પ્રકારે સર્વાભોગ્ય-અધરરસનું મુખ્યપણું છે.] ૬-૭

**इति श्रीहरिदासोक्तं सर्वाभोग्यसुधाधिक्यनिरूपणं सम्पूर्णम् ।**

## ७०. चतुर्भुजस्वरूपविचारः ।

[ ગદ્ય ]

**ननु श्रीनन्दराजकुमारो द्विभुज एव, तत्र स्वानन्ददानप्रतिबन्धापाकरणरूपाक्रियाद्वयस्य विद्यमानत्वात् । नहि तत्र वंशजननधर्मरक्षणभूभारहरणमुक्तिदानलक्षणं क्रियाचतुष्टयमस्ति, तस्य वसुदेवाविर्भूते दृष्टत्वात् ।**

[1][एवं सति शुद्धपुष्टिमार्गवर्त्तिभिः स्वसर्वस्वचतुर्भुजरूपे कथं भावनीयमिति चेत्—

પ્રશ્ન છે કે-શ્રીનન્દરાજકુમાર શ્રીકૃષ્ણ દ્વિભુજ છે. તે સ્વરૂપમાં પોતાના આનન્દનું દાન અને પ્રતિબન્ધ દૂર કરવા-રૂપી બે ક્રિયા વિદ્યમાન છે; (અર્થાત્ આ બે ક્રિયા વિદ્યમાન હોવાથી દ્વિભુજ છે). તે સ્વરૂપમાં વંશોત્પત્તિ, ધર્મરક્ષણ, ભૂભારહરણ, અને મોક્ષદાન, આ ચાર ક્રિયાઓ નથી. તે ચાર ક્રિયાઓ વસુદેવજીના ઘરમાં પ્રકટ થયેલ શ્રીકૃષ્ણમાં દેખાય છે. [એવું હોવાથી શુદ્ધ પુષ્ટિમાર્ગમાં વર્ત્તતા ભગવદીયોએ પોતાના સર્વસ્વરૂપ શ્રીચતુર્ભુજ સ્વરૂપમાં કેમ ભાવના કરવી ? આમ હોય તો—

**अत्रैवं ज्ञेयं—"तमद्भुत"मितिश्लोकयुग्मे पुष्टि-मर्यादाभेदेन द्वादशधा भगवद्गुणाः। ऐश्वर्यान्युभय-विधान्यापि प्रकटीकृत्य प्रकट इति द्वादशविशेषणतात्प-र्यमुक्तम् ॥ इत्थं च शुद्धपुष्टिस्वरूपे पुष्टिकार्यस्वरूपमपि क्रियाचतुष्टयमस्ति-स्वसेवा, धर्मरक्षा, आधिदैविकभावः परोद्बोधनं द्वयं च ज्ञेयम्। आयुधानि तु कथम्? इत्थम्**

**स्वामिनीभावसंविष्टः स्त्रीवद्रूपोऽभवत्प्रभुः।**
**अतो हि सेव्यता सुस्था तदीयानां स्वमार्गतः ॥१॥**
**मधुसूदनरूपत्वं गजराजविहारिणः।**
**माधवत्वं रमासत्त्वाद्व्रजस्त्रीभावभावितम् ॥२॥**

१ આ ગ્રંથમાં મોટા [ ] કૌંસમાં આવતો ભાગ કાંકરોલીવાળી નકલમાં છે, "પુષ્ટિભક્તિસુધા"માં નથી; એ ભાગ કાંઈક અસંગત જણાય છે.

**नारायणत्वं त्रिविधमपि तादृशकार्यतः ।**
**कृष्णरूपेऽपि विज्ञेयं "नारायणसमो गुणैः" ॥३॥**
**एतदर्थस्य विभूतिः 'स्वसेवे'ति तथैव हि ।**
**तद्रूपेण प्रसिद्ध्यर्थं चक्राद्यायुधदर्शनम् ॥ ४ ॥**
**प्रियाभुजाश्लिष्टभुजः कङ्कणाकृतिचक्रकः ।**
**कम्बुकण्ठे धृतभुजो लीलाकमलपत्रधृत् ॥ ५ ॥**
**चतुर्भुजः शङ्खचक्रगदापद्मधरोऽभवत् ॥ ५½ ॥**

અહીં આ પ્રમાણે જાણવું: "**तमद्भुतं**" એ કૃષ્ણજન્મ-સમયના સ્વરૂપના બોધક બંને શ્લોકોમાં પુષ્ટિ અને મર્યાદાના ભેદે પ્રભુના બાર ગુણો કહ્યા છે. બંને પ્રકારનાં ઐશ્વર્યોને પ્રકટ કરીને આપ પ્રકટ થયા, એમ એ શ્લોકોમાંનાં બારે વિશેષણોનું તાત્પર્ય સમજાવવામાં આવ્યું છે. આમ શુદ્ધ પુષ્ટિસ્વરૂપમાં પુષ્ટિના કાર્યરૂપ ચાર ક્રિયા પણ રહેલી છે; તે પોતાના ભક્તોની સેવા, ધર્મરક્ષા, તેમજ આધિદૈવિક ભાવ અને પરનું (?) ઉદ્બોધન—એ બે—એમ ચાર જાણવાં. વારૂ ત્યાં આયુધો કેવી રીતે જાણવાં? તે આમ—

સ્વામિનીજીના ભાવથી યુક્ત હોવાથી પ્રભુ સ્ત્રીરૂપ ભાવ-વાળા છે. આથી કરીને પોતાના માર્ગમાં રહીને પણ તેવા પ્રભુની સેવા કરવી તે સંગત થઈ પડે છે; (કેમકે તેમાં સ્વ-વંશવૃદ્ધિ સંગત થઈ). પ્રભુ હાથી ઉપર વિહાર કરે છે, તેથી **મધુસૂદનરૂપપણું** છે; લક્ષ્મીજી નિત્ય નિકટ હોવાથી વ્રજાં-ગનાઓના ભાવથી પૂર્ણ **માધવપણું** છે. નારાયણ સમાન કાર્ય હોવાથી ગર્ગવાક્ય પ્રમાણે 'ગુણોથી પ્રભુ નારાયણ

સમાન હોવા'થી કૃષ્ણસ્વરૂપમાં ત્રણે પ્રકારનું **નારાયણપણું** છે. (આમ સ્વવંશવૃદ્ધિ, ધર્મરક્ષા, ભૂભારહરણ અને મુક્તિદાન એ ચારે સમાવિષ્ટ થઈ જાય છે.) આજ અર્થની સમજૂતી તે **સ્વસેવા** છે. તે રૂપે પ્રભુ પ્રસિદ્ધ હોવાથી સ્વરૂપમાં અનુક્રમે ચક્ર વગેરે આયુધ ધરવામાં આવ્યાં છેઃ તે એવી રીતે કે શ્રીસ્વામિનીજીના ભુજમાં સ્વભુજ લગાડ્યો હોવાથી ત્યાં ગદા, ધારણ કરેલાં કંકણોથી ચક્ર, સ્વામિનીજીના કંઠમાં ભુજ મૂક્યો હોવાથી ત્યાં શંખ, અને લીલારૂપી કમલપત્ર ધારણ કર્યું હોવાથી ત્યાં કમલ; આમ શંખ–ચક્ર–ગદા–પદ્મ-ધારી પ્રભુ ચતુર્ભુજ બિરાજી રહ્યા છે. ૧–૫૬]

**एवं सति शुद्धपुष्टिमार्गप्रवर्तकाचार्यमार्गवर्तिनां चतुर्भुजरूपमनुपपन्नमिवाभाति ॥**

આમજ જો હોય તો આવા પ્રકારનું ચતુર્ભુજ સ્વરૂપ સેવવાનું શુદ્ધપુષ્ટિમાર્ગનું પ્રવર્તન કરનારા શ્રીમહાપ્રભુજીના માર્ગમાં રહેનારા ભક્તોને બંધબેસતું થઇ નથી પડતું!

**अत्रोच्यते–वसुदेवगृहाविर्भूत एव "पित्रोः सम्पश्यतोः सद्यो बभूव प्राकृतः शिशुः" इतिवाक्यात् नन्दगृहाविर्भूत एव केवलधर्मी लोकवेदाप्रथितः पुरुषोत्तमो जातः,पूर्वरूपं धर्मसहितं स्वस्मिन्नन्तर्भाव्य प्रकटो व्रजे तद्विशिष्टगमनाय, अतएव यज्ञपत्नीनां तेनैव रूपेण फलदानम् । इदं चाचार्यचरणैर्नामावल्यां यज्ञपत्नीसम्बन्धिनामनिरूपणस्थले "अद्भुतबालकाय नमः" इत्यादिनामरूपेण सूचितम् ॥ एवं सति व्रजलीलायामपि**

कदाचिदेतद्रूपप्राकट्यादुभयरूपसत्त्वमत्र । प्रतिकृतावपि तथाभूतायां धर्मिमार्गप्रवृत्तिभजनमुपपद्यते । तत्र क्रियाद्वयमाधिकं मर्यादापालनतन्निवृत्तिरूपं ज्ञेयम् । अतएव यज्ञपत्नीनां ब्राह्मणीरूपत्वात् पुष्टावनङ्गीकारेण मुख्याया अभावेन भगवद्गूहनोक्तयाङ्गीकारश्चेति स एवोभयरूप इति तथाप्रतिकृतिभजनमेतन्मार्गवर्त्तिनां निष्प्रत्यूहमुपपद्यत इति नानुपपत्तिः काचित् ॥

અહીં કહેવામાં આવે છેઃ વસુદેવજીના ઘરમાં ( કારાગૃહમાં ) પ્રકટ થયેલ શ્રીકૃષ્ણચન્દ્ર "માતાપિતા જોતાં તુરત પ્રાકૃત બાલક થઇ ગયા" આ શ્રીભાગવત–વાકયથી શ્રીનન્દરાયજીના ઘરમાં પ્રકટ થયેલ જ કેવળ ધર્મી, લોકવેદાતીત, પુરુષોત્તમ પ્રકટયા છે તે ધર્મ સહિત (વસુદેવજીને ત્યાં પ્રકટ થયેલ ) સ્વરૂપને પોતામાં અન્તર્ રાખીને તેથી યુક્ત ગતિકાર્ય કરવા સારૂ વ્રજમાં પ્રકટ થયા છે; આથી યજ્ઞપત્નીઓ–( ઋષિપત્નીઓ )ને તે રૂપથીજ ફળદાન કર્યું છે. આ બાબત શ્રીમદાચાર્યચરણોએ ત્રિવિધનામાવલિ નામના ગ્રન્થમાં યજ્ઞપત્નીસમ્બન્ધિ નામના નિરૂપણના સ્થલમાં "અદ્ભુત બાળકને નમસ્કાર" ઇત્યાદિ નામરૂપથી સૂચવેલું છે. આમ હોવાથી વ્રજલીલામાં પણ કોઇક વખતે આ ( વસુદેવગૃહાવિર્ભૂત ) રૂપનું પ્રાકટ્ય થતું હોવાથી બન્ને રૂપોનું હોવાપણું આ સ્વરૂપમાં છે. પ્રભુનું ચતુર્ભુજ સ્વરૂપ પણ એવું હોવાથી ધર્મિમાર્ગ–પુષ્ટિમાર્ગની પ્રવૃત્તિવાળું ભજન પણ ઘટી શકે છે. તે ચતુર્ભુજ સ્વરૂપમાં બે ક્રિયા અધિક છે તે મર્યાદાપાલન,

અને મર્યાદાની નિવૃત્તિરૂપ જાણવું; માટેજ યજ્ઞપત્નીઓ બ્રાહ્મણીરૂપ હોવાથી પુષ્ટિમાર્ગમાં તેઓનો અંગીકાર ન હોવાથી, તેમ તેઓમાં મુખ્ય ઋષિપત્ની ત્યાં હાજર ન હોવાથી તે વિરહમાં પ્રભુને ભેટીને પ્રભુને પ્રાપ્ત થયાં, આમ કહેવાથી તેનો અંગીકાર પ્રભુએ કર્યો છે. આ અંગીકાર ઉભય-રૂપવાળો છે, આમ તેવી પ્રતિકૃતિ (ચતુર્ભુજ સ્વરૂપ)માં કરાતું ભજન આ પુષ્ટિમાર્ગમાં વર્તનારાઓને નિર્વિઘ્નપણે ઘટી શકે છે, જેમાં કોઈ જાતની અયુક્તતા નથી.

इति श्रीहरिरायविरचितो(?) द्विभुजचतुर्भुजस्वरूपविचारः सम्पूर्णः ।

## ७१. भावपोषकम् ।

[ અનુષ્ટુપ ]

भावसिद्धिर्भाववतां सततं सन्निधानतः ।
तत्कृपातस्तदुच्छिष्ट-भक्षणात्सेवनादपि ॥१॥
तत्कृत्यनुकृतेर्नित्यं तद्वाग्विश्वासतोऽपि च ।
तद्भावभावनान्नूनमव्यापृतिपरात्मना ॥२॥
ईर्ष्याविच्छोपदेशाच्च लोकवेदाद्यनादरात् ।
धर्मिमात्रसमाविष्टदृष्टेर्लीलाविचारणात् ॥३॥
निवेदनानुसन्धानात् तादृग्जनसमागमात् ।
फलदौर्लभ्यसंस्फूर्त्यान्यत्र तुच्छत्वचिन्तनात् ॥४॥

પ્રેમી ભક્તોને ભાવની (પ્રેમની) સિદ્ધિ નીચે કહેવામાં આવતાં (૪૬) સાધનોથી થાય છેઃ

હમેશાં પ્રભુના સાન્નિધ્યમાં રહેવાથી, તે પ્રભુની કૃપાથી, તેના ઉચ્છિષ્ટ (પ્રસાદી)નું ભોજન કરવાથી અને તેની સેવા કરવાથી, તે પ્રભુની કૃતિ-કાર્યને અધીન થઈ અનુસરવાથી, તેની વાણીમાં વિશ્વાસ રાખવાથી, તેના ભાવની ભાવના કરવાથી, નક્કી બીજી બાજુ અવ્યાપારયુક્ત રહેવાથી, ભગવાનનો જેમાં આવેશ છે એવા ભગવદીયોના ઉપદેશથી, લોકવેદમાં આદર ન રાખવાથી, માત્ર ધર્મી પ્રભુમાં દૃષ્ટિને ચોંટાડી રાખવાથી, ભગવલ્લીલાઓનો વિચાર કરવાથી, આત્મનિવેદન કર્યું છે તેના અનુસન્ધાનથી, તાદૃશ (તાદૃશી) ભગવદીય જનના સમાગમથી, ફળ પોતાની સ્થિતિ જોતાં દુર્લભ છે એવી સ્ફુરણા રાખવાથી, પ્રભુ સિવાય અન્યત્ર તુચ્છપણાનો વિચાર કરવાથી, ૧-૪

अत्यार्त्या दर्शनादीनां तथा तापोदयादपि ।
तदवस्थाभावनेन वैराग्येण गृहादिषु ॥५॥
श्रीकृष्णविरहस्फूर्त्तेर्भोगत्यागात्तदर्थकात् ।
श्रीकृष्णमेलनाभावादुदासीनतया स्थितेः ॥६॥
सेवातः सर्वदा चित्ते तदधीनत्वभावनात् ।
लीलाभिरेव सर्वाभिर्दोषाणां विनिवृत्तितः ॥७॥
कृष्णसेवाकृतेः श्रीमत्स्वामिनीपरितोषणात् ।
दास्यभावनया नित्यं निजदैन्यविभावनात् ॥८॥

**निजाचार्यपदाम्भोजाश्रयादन्यविरागतः ।**
**तदेकपरताबुद्ध्या दृढविश्वासरक्षणात् ॥९॥**
**सर्वदा तद्गुणालापात् तदीयजनसेवनात् ।**
**परमानन्दतस्तत्र तदुक्तकरणादपि ॥१०॥**
**अतदीयपरित्यागादनन्यजनसङ्गतः ।**
**तदुत्कर्षपरिस्फूर्तेरितरत्राल्पबुद्धितः ॥११॥**
**एवम्भावाच्च सततं विहितश्रवणादिभिः ।**
**सर्वदोषविनिर्मुक्त्या भवेद्भावोद्गमो हृदि ॥१२॥**

પ્રભુના દર્શનાદિમાં અત્યન્ત આર્તિ રાખવાથી, તેમ તાપના ઉદયથી, તે તાપાવસ્થાની ભાવના કરવાથી, ગૃહ વગેરેમાં વૈરાગ્ય રાખવાથી, શ્રીકૃષ્ણના વિરહભાવની સ્ફૂર્ત્તિથી, પ્રભુ માટે ભોગના ત્યાગથી, શ્રીકૃષ્ણના મિલનના અભાવથી, ઉદાસીનપણે રહેવાથી, સર્વદા ચિત્તમાં ભગવત્સેવાનો વિચાર કરવાથી, બધું પ્રભુને અધીન છે એવી ભાવનાથી, પ્રભુની (બાલ્ય, કૌમાર, પૌગંડ) આ સર્વ લીલાઓના અનુસન્ધાનથી, આમ દોષો નિવૃત્ત થતાં શ્રીકૃષ્ણપ્રભુની સેવા કરવાથી, શ્રીસ્વામિનીજી પ્રસન્ન થવાથી, હમેશાં દાસપણાની ભાવનાથી, પોતાની દીનતાનો વિચાર કરવાથી, શ્રીમહાપ્રભુજીનાં ચરણકમલનો આશ્રય કરવાથી, તેનાથી બીજી તરફ વૈરાગ્ય રાખવાથી, તે પ્રભુમાં એક પરાયણતાની બુદ્ધિથી, મજબૂત વિશ્વાસ રાખવાથી, હમેશાં તે પ્રભુના ગુણ ગાવાથી, ભગવદીય જનોના સેવનથી, ત્યાં પરમાનન્દથી, તે ભગવદીયોના કહેવા મુજબ કરવાથી, જે અતદીય યાને અવૈષ્ણવ તેનો ત્યાગ કરવાથી,

અનન્ય ભગવદીયનો સંગ કરવાથી, તે ભગવદીયોના ઉત્કર્ષનો વિચાર કરવાથી, ભગવદીયો સિવાયનામાં અલ્પતા છે એવી બુદ્ધિ રાખવાથી, હમેશાં આવા ભાવથી વિહિત એવાં શ્રવણ કીર્તનાદિથી સર્વ દોષોની નિવૃત્તિ થતાં હૃદયમાં ભગવદ્ભાવનો ઉદ્ભવ થાય છે, અર્થાત્ ભગવદ્ભાવ ઉત્પન્ન થાય છે. ૫-૧૨

**तस्मिन् सिद्धे भाग्यवशादन्यन्नापेक्ष्यमेव हि ।**
**पुष्टिमार्गे भाव एव फलं सर्वोत्तमं मतम् ॥१३॥**

ભાગ્યને વશ થઇને તે ભાવજ સિદ્ધ થઇ જતાં બીજા કશાની જરૂર નથીજ. પુષ્ટિ યાને અનુગ્રહ માર્ગમાં ભાવજ સર્વોત્તમ ફલરૂપે મનાયેલ છે. ૧૩

**स्वामिनीनां स्वरूपेण लीलाभिश्च कृपानिधिः ।**
**भाव एव स्वरूपात्मा तादृगलीलासुसंयुतः ॥१४॥**
**विहाय मथुरां गत्वा पूर्वरूपेण वै हरिः ।**
**स्वयमेवाददादार्त्यापोषयद्दूतवाक्यतः ॥१५॥**

સ્વામિની-શ્રીવ્રજાંગનાઓના સ્વરૂપથી અને લીલાઓથી ભાવસ્વરૂપ કૃપાનિધિ શ્રીકૃષ્ણ તેવી લીલાઓથી સહિત, વ્રજભાગોને છોડીને, મથુરાજીમાં પધાર્યા ને પૂર્વ રૂપેજ હરિ ભગવાને પોતેજ આર્તિનું દાન કર્યું અને તે આર્ત્તિથી ઉદ્ધવાદિ દૂતને મોકલી તે દ્વારા ભાવનું પોષણ કર્યું છે. ૧૪-૧૫

**इति श्रीहरिरायजीविरचितं भावपोषकं सम्पूर्णम् ।**

## ७२. गोपीवचनदिननिर्वाहकम् ।

[ અનુષ્ટુપ ]

**गोपिकावद्विप्रयोगे कालक्षेपाय सर्वथा ।**
**कृष्णमूर्त्तिं प्रियां कृत्वा भजध्वं तं स्वभावतः ॥१॥**

ભગવદીયોને ઉદ્દેશીને શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે ભગવાન્‌ના વિપ્રયોગમાં સમય ગાળવા માટે સર્વ રીતે ગોપીજનોની માફક પોતાને પ્રિય એવા શ્રીકૃષ્ણના સ્વરૂપને પધરાવીને ભગવદ્‌ભાવથી તેનું ભજન કરો. ૧

**भावाद्धि विप्रयोगेऽपि न स्थातुं शक्यते यतः ।**
**अतः स्वहृद्गतैर्भावैर्भूय एतन्मनोमयम् ॥२॥**

ભગવદ્‌ભાવની પ્રાપ્તિ થતાં તે પ્રભુના વિપ્રયોગમાં રહી શકાતું નથી, આથી પોતાના હૃદયમાં રહેલ ભાવોથી ફરી, આ મનોમય ભાવના કરતાં રહેવું. ૨

**शब्दार्थयोर्नित्यतावद् भक्तिरात्यन्तिकी हरौ ।**
**उदेति "श्रीवल्लभे"तिनामोच्चारणमात्रतः ॥३॥**

જેમ શબ્દનું ઉચ્ચારણ થતાં હમેશને માટે અચૂક અર્થ ઊઠે છે, તેમ "શ્રીવલ્લભ" આ નામના ઉચ્ચારણ માત્રથી શ્રીહરિમાં એકાંતિક ભક્તિ ઉદય પામે છે. ૩

**स्वार्थप्रकटसेवाख्ये मार्गे श्रीवल्लभप्रभोः ।**
**अङ्गीकृतस्य मे भोज्यं स्वास्ये कुरु हुताशन ॥४॥**

શ્રીવલ્લભ પ્રભુના પોતાનાઓ માટે પ્રકટ કરેલ સેવા-માર્ગમાં જેનો અંગીકાર થયેલ છે એવા મારૂં ભોજ્ય વસ્તુ,

હે હુતાશન ! ( અગ્નિસ્વરૂપ પ્રભો ! ) પોતાના મુખમાં અંગીકૃત કરો. ૪

**पयःपत्रादिमात्रेण पूजितो यः परं पदम् ।**
**प्रागेव दिशति प्रीतः स कृष्णः शरणं मम ।५॥**

જલ, તુલસીદલ માત્રથી પૂજેલા જે પ્રથમથી જ પ્રસન્ન થઇને પરમ પદનું દાન કરે છે તે શ્રીકૃષ્ણ મારો આશ્રય છે. ૫

**स्नेहात्मगन्धतैलेन प्रियागन्धातिचारुणा ।**
**अभ्यक्तो मङ्गलस्नानं कुरु गोकुलनायक ॥६॥**

પ્રિયાજીનાં અંગના ગન્ધથી ખુશબોદાર સ્નેહરૂપ સુગન્ધિ તેલથી જેને અભ્યંગ કરાવવામાં આવેલ છે એવા હે શ્રીગોકુલનાયક ! આપ મંગળ સ્નાન કરો. ૬

**दिवा त्वद्वनगमन-स्मरणात्तापभावतः ।**
**प्रियास्पर्शोष्णवीर्येण स्नातो भव व्रजाधिप ॥७॥**

હે વ્રજાધિપ ! દિવસે આપના વનમાં પધારવાના સ્મરણથી તાપભાવ થતાં પ્રિયાના સ્પર્શથી ગરમ એવા જલથી સ્નાન કરનારા આપ થાઓ. ૭

**स्नानार्द्रतानिवृत्त्यर्थं प्रोञ्छिताङ्ग विभो मम ।**
**दूरीकुरुष्व गोपीश कृपया लौकिकार्द्रताम् ।८॥**

આપનું શ્રીઅંગ સ્નાનથી ભીનું થયેલ છે તે ભીનાશને દૂર કરવા, જેનાં શ્રીઅંગો પોછાયાં છે એવા હે વિભો ! હે ગોપીશ ! કૃપા વડે મારી લૌકિક ( સાંસારિક ) ભીનાશને દૂર કરો. ૮

**प्रियाङ्गसङ्गसम्बन्धिगन्धसम्बन्धतो भवेत् ।**
**कदाचित्कस्यचिद्भावो, ह्यतः स्नानं समाचर ॥९॥**

પ્રિયાજીનાં અંગના સંગ સમ્બન્ધી ગન્ધના સમ્બન્ધથી કોઈ દિવસ કોઇને ભાવની પ્રાપ્તિ થાય; માટે આપ સ્નાન કરો.૯

**भावात्मकतया क्लृप्तस्वोत्तरीयात्मकासने ।**
**सिंहासने गोकुलेश कृपयोपविश प्रभो ॥१०॥**

ભાવાત્મકપણાથી રચેલ છે પોતાનું ઉત્તરીય વસ્ત્રાત્મક આસન જેમાં એવા સિંહાસનમાં, હે શ્રીગોકુલેશ પ્રભો ! આપ કૃપાથી બિરાજો. ૧૦

**उदेति सविता, नाथ प्रियया सह जागृहि ।**
**अङ्गीकुरुष्व मत्सेवां, स्वकीयत्वेन मां वृणु ॥११॥**

હે નાથ ! સૂર્ય ઉદય પામે છે. પ્રિયાજીની સાથે જાગો, મારી સેવાનો અંગીકાર કરો, અને સ્વકીયપણાથી મારૂં વરણ કરો. ૧૧

**प्रसीद पूजितो भक्त्या तुलस्या प्रियगन्धया ।**
**निष्किञ्चनाधीश नान्यत् कर्त्तुं शक्नोमि सर्वथा ॥१२॥**

પ્રિય જેનો ગન્ધ છે એવાં તુલસીજીથી ભક્તિ વડે પૂજેલ એવા આપ પ્રસન્ન થાઓ. હે નિષ્કિંચન ભક્તોના અધીશ્વર ! સર્વ રીતે બીજું કરવાને હું સમર્થ નથી. ૧૨

**मुखाब्जमकरन्दालि-लोभेन रसभावतः ।**
**पर्युपासितचित्तानि व्रजरत्नानि तानि मे ॥१३॥**
**कुसुमान्यर्पितानीश, प्रसीद मयि सन्ततम् ॥१३½॥**

મુખકમલના મકરન્દની પ્રાપ્તિના લોભથી રસભાવે કરી ચિત્તને સેવનારાં વ્રજરત્નારૂપ (ગોપાંગનારૂપ) તે મારાં આ પુષ્પો આપને અર્પિત કરેલ છે; માટે મારા ઉપર સદા આપ પ્રસન્ન થાઓ. ૧૩½

**कृपासंहृष्टदग्वृष्ट्या तदङ्गीकृतिशोभितः ॥१४॥**

**स्वरूपरसदानार्थं निष्पीड्यैतानि विद्यया ।**

**यदुच्छिष्टं मे ददासि कृतार्थोऽस्मि ततः प्रभो ॥१५॥**

કૃપાથી સુપ્રસન્ન દૃષ્ટિના વર્ષાદથી તે પુષ્પોનો અંગીકાર કરી સુશોભિત એવા આપ, સ્વરૂપ–રસના દાન માટે વિદ્યાથી તે કુસુમોને દબાવીને મને જે ઉચ્છિષ્ટનું દાન કરો છો તેથી હે પ્રભુ! હું કૃતાર્થ છું. ૧૪–૧૫

**प्रियासङ्केतकुञ्जस्य वृक्षमूलेषु पल्लवैः ।**

**कृतेषु भावतल्पेषु क्रीडन् गोचारणं कुरु ॥१६॥**

પ્રિયાજીના સંકેતના કુંજનાં વૃક્ષોનાં મૂલોમાં પલ્લવોથી કરેલ ભાવાત્મક શયનોમાં રમણ કરતા આપ ગાયોને ચારવાનું કામ કરો. ૧૬

**प्रियानखात्मकादर्शे विलोक्य वदनाम्बुजम् ।**

**व्रजाधीश प्रमुदितः कृपया मां विलोकय ॥१७॥**

હે વ્રજાધીશ! પ્રિયાજીના નખરૂપ અરીસામાં મુખકમળનું દર્શન કરીને પ્રસન્ન થયેલ આપ મને કૃપાથી નિહાળો. ૧૭

**भावात्मकास्यहृदय–पल्यङ्के शेषरूपके ।** पर्यङ्के

**रमस्व राधया कृष्ण शयानो रसभावतः ॥१८॥**

હે શ્રીકૃષ્ણ! શેષસ્વરૂપ, ભાવાત્મક અમારા હૃદયરૂપી

પર્યંકમાં શ્રીસ્વામિનીજી સાથે રસભાવથી પોઢેલ આપ રમણ કરો. ૧૮

**यथा स्वान्तःस्थबालानां कृतार्थत्वाय सर्वदा ।**
**स्वोच्छिष्टं कृपया दत्तं, हरे देहि तथैव मे ॥१९॥**

(પૂતનાએ હણેલ સોળ હજાર બાળકોએ પૂતનામાં પ્રવેશ કરેલ, તે બાળકોનો પ્રવેશ પૂતનાના પ્રાણહરણ સમયે પોતામાં પ્રભુએ કરાવેલ; તે વાર્તાનું સ્મરણ દઇને વીનવે છે કે) જેમ પોતાની અન્દર રહેલ વ્રજબાળકોને સર્વદા કૃતાર્થ કરવા સારૂ, હે હરિ! આપે (મૃત્તિકાભક્ષણના પ્રસંગમાં) પોતાના ઉચ્છિષ્ટનું દાન કર્યું, તેમજ મને આપના અધરામૃતનું દાન કરો. ૨૯

**ताम्बूलं चर्वितमिव मुखोच्छिष्टं व्रजाधिप ।**
**गृह्णामि कृपया दत्तमस्तु मे फलितं तथा ॥२०॥**

હે વ્રજાધિપ! આપના મુખનું ઉચ્છિષ્ટ–ચર્વિત તામ્બૂલ કૃપાથી આપ આપો તો ગ્રહણ કરૂં; તેવી રીતે મારૂં ભાગ્ય ફલિત થાઓ. ૨૦

**त्वदाज्ञप्तस्वयागात्मान्नकूटस्य समर्पणात् ।**
**गोवर्द्धनाचलाधीश प्रसीद सततं मयि ॥२१॥**

આપે આજ્ઞા કરી કરાવેલ પોતાના યજ્ઞરૂપ અન્નકૂટના સમર્પણથી હે શ્રીગોવર્ધન પર્વતના અધીશ્વર! હમેશાં મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૧

**यथेन्द्रयागभङ्गस्य स्वयागस्य च कारणात् ।**
**नन्दादीनामनन्यत्वं कृतं, मयि तथा कुरु ॥२२॥**

જેમ ઇન્દ્રયાગનો ભંગ કરીને અને પોતાનો અન્નકૂટ-યાગ કરાવવાથી નન્દાદિ ગોપોનું અનન્યપણું આપે સિદ્ધ કર્યું અર્થાત્ અન્યાશ્રય દૂર કર્યો, તેમ મારા ઉપર કરો. ૨૨

[ પૃથ્વી ]

समुल्लसितकुङ्कुमच्छुरितपुष्पमालां यदा
ददासि हसिता सती सखि कृपाकटाक्षैर्मुदा ।
समीक्ष्य हि यदा वदिष्यसि[1] मया, मुदाहं तदा-
ऽमृताधिकतदात्मतामपि च तुच्छमुक्तिं ब्रुवे ॥२३॥

( અહીંથી ત્રણ શ્લોકમાં ગોપીરૂપ થઇને ભક્ત હૃદયનો વેગ વહાવે છેઃ ) હે સખી ! હાસ્ય કરતી તું જ્યારે આનંદપૂર્વક મારા તરફ કૃપામય કટાક્ષો છોડીને ખીલેલા કુંકુમથી ખરડાયેલી પુષ્પમાલા આપીશ અને નિહાળી મારી સાથે વાત કરીશ, ત્યારે હું અમૃતથી પણ અધિક એવી તદાત્મકતાને પણ એક તુચ્છ મુક્તિ જેવી આનંદપૂર્વક કહીશ. ૨૩

[2]यदा सखि [3]रतौ श्रुतिप्रथितबन्धरीत्या रम-
ण्यतिश्रमजसीकरैरुरसि तं[4] समीक्षे[5] प्रियम् ।
तदा व्यजनव्यञ्जनार्थमपि [6]निर्निमेशेक्षणैः
सुरेशसदनं [7]नु मे भवति मोक्ष एव स्फुटम्[8] ।२४।

હે સખી ! જ્યારે વેદમાં પ્રસિદ્ધ રાસવિહારની રીતિએ

---

१...मुदा तदाहं तदात्मतामपि हि मुक्तितोऽप्यधिकतुच्छमुक्तिं ब्रुवे–અપપાઠ છે. २ यथा. ३ रति. ४ मां. ५ समीक्ष्य. ६ न्वेन्ने-मेषुण्यग–અપપાઠ. ७ नया भवतु. ८ અર્થ ભારે સંદિગ્ધ રહે છે.

હું રમણી શ્રમબિંદુઓથી યુક્ત એવા પ્રિયને વિહારમાં મારા હૃદય પર જોઉં છું, ત્યારે વીંજણો કરવાને માટે પલકારો માર્યા સિવાયનાં નેત્રે જોતી મને જાણે કે સ્ફુટ રીતે અહીંજ સ્વર્ગ આવી રહ્યું હોય અથવા તો મોક્ષ આવી મળ્યો હોય! ૨૪

[ શિખરિણી ]

**न मे [९]चित्ते किञ्चित् त्रिजगति च वर्वर्त्यति, परं**
**त्विदं त्वेकं तिष्ठत्याति मम [१०]मनस्येव सततम् ।**
**चिरप्रार्थ्यं यत्त्वं व्रजपतिसुतस्त्वत्प्रियतमा[११]**
**मुदा राधा चोभौ [१२]कुरुतमिह कुञ्जेषु रमणम् ।२५**

મારા હૃદયમાં ત્રણે લોકમાં કાંઈ પણ રહ્યું નથી; પરંતુ મારા મનમાં સતત આ એકજ લાંબા વખત થયાં પ્રાર્થના કરાયેલું છે કે શ્રીનંદરાયજીના પુત્ર આપ અને આપનાં પ્રિયતમા રાધિકાજી એ ઉભય જણાં અહીં કુંજોમાં આનંદપૂર્વક રમણ કરો. ૨૫

इति श्रीहरिदासोक्तं गोपीवचनदिननिर्वाहकं सम्पूर्णम् ।

---

९ कस्यापि त्रिजगति वरीवर्त्यति–અપપાઠ. १० मनस्यासि–અપપાઠ. ११...सुतस्तत्प्रि–અપપાઠ. १२ मत्कृतानि–અપપાઠ.

# ७३. दास्याष्टकम् ।

[ શાર્દૂલવિક્રીડિત ]

ये नित्यं परिभावयन्ति चरणौ श्रीवल्लभस्वामिनो
ये वा तद्गुणगानसेवनपरा ये सन्निधिस्थायिनः ।
ये वा तद्गतभावभावितमनोमोदान्विताः सन्ततं
तेषामेव सदास्तु दास्यमपरं किं वा फलं जन्मनः ॥१॥

જેઓ શ્રીવલ્લભાધીશનાં ચરણોનું ધ્યાન કરે છે, જેઓ તેના ગુણગાનમાં અને સેવનમાં તત્પર છે, જેઓ તેની સાન્નિધ્યમાં રહેનારા છે, વળી જેઓ તે શ્રીમહાપ્રભુજીમાં રહેલ ભાવથી ભાવનાવાળા મનના આનન્દથી હમેશાં યુક્ત છે તે ભગવદીયોનું દાસ્ય મને સદા થાઓ. જન્મનું બીજું શું ફળ છે? (અર્થાત્ કાંઈ નહિ.) ૧

ये कृष्णास्यकृपायुताः प्रतिदिनं तन्मार्गचिन्तापराः
ये वा लौकिकवैदिकादि सकलं तत्कर्तृकं मन्वते ।
येषामन्यदुपास्यमेव न परं चित्ते समारोहति
स्वीयत्वेन वृतास्त एव सततं मद्रक्षका भूतले ॥२॥

જેઓ શ્રીકૃષ્ણ પ્રભુના મુખારવિન્દાવતાર શ્રીમહાપ્રભુજીની કૃપાથી યુક્ત છે, પ્રતિદિન તે મહાપ્રભુજીના માર્ગનો વિચાર કરવામાં તત્પર છે, અને જેઓ લૌકિક વૈદિક સઘળું તેમણે કરેલું જ માની રહ્યા છે, અને જેઓના ચિત્તમાં બીજું ઉપાસ્ય દેવ ચઢતું જ નથી, જેઓનું પ્રભુએ સ્વકીયપણાથી વરણ કરેલ છે તે ભગવદીયો જ ભૂતળમાં મારા રક્ષક છે. ૨

ये तद्वाक्यविचारमात्रचतुरा गूढार्थबोधे रताः
ये विश्वासयुताः कृतौ च कथिते श्रीवल्लभस्वामिनः ।
ये तद्वक्त्रदिदृक्षया हृदि सदा तप्ता विरक्ताः सुखे
तद्दास्यं प्रतिजन्म मे फलतु, किं सिद्धैः फलैरन्यतः ।३

જેઓ શ્રીવલ્લભાધીશની કૃતિમાં તથા કથનમાં વિશ્વાસવાળા છે, જેઓ તેના મુખારવિન્દનાં દર્શનની ઈચ્છાથી સદા હૃદયમાં તપ્યા કરે છે, અને સંસારના સુખમાં વિરક્ત છે તેવા ભગવદીયોનું દાસ્ય પ્રતિજન્મ મને ફલીભૂત થાઓ; બીજાં સિદ્ધ થતાં ફલોથી શું? (અર્થાત્ કાંઈ નહિ). ૩

ये श्रीवल्लभपादसेवनकृते दीनाः स्वदेहादिको-
पेक्षास्तत्परचेतनास्तदुदितं सर्वं स्वतः कुर्वते ।
येषां बुद्धिरहर्निशं समधिका तत्तोषणे सादरा
तेषामेव सतां सदा चरणयोः पातः परं मे फलम् ।।४।।

જેઓ શ્રીવલ્લભાધીશનાં ચરણકમલના સેવન માટે દીનતાવાળા છે, પોતાના દેહાદિકની ઉપેક્ષા કરનારા છે, તે શ્રીમહાપ્રભુજીમાં પરાયણ બુદ્ધિવાળા, તેઓશ્રીએ ફરમાવેલું બધું પોતે જાતે કરે છે, અને જેઓની બુદ્ધિ તે શ્રીમહાપ્રભુને પ્રસન્ન કરવામાં અધિક આદરવાળી છે, તે સત્પુરુષોનાં ચરણોમાં પડવું તેજ મારે પરમ ફળ છે. ૪

ये वा तत्प्रियनन्दसूनुचरणासक्ताः पुनः स्वामिनी-
दास्यं शुद्धतया तदीयहृदयाभिप्रायमातन्वते ।
ये जीवत्फलमेतदेव निखिलं बुद्ध्या सदा मन्वते
तेषामेव पदाम्बुजे मम रतिः सेवाफलं जायताम् ।५

જેઓ તે શ્રીમહાપ્રભુજીના પ્રિય નન્દનનાં ચરણોમાં આસક્ત છે, ફરી શ્રીસ્વામિનીજીનું દાસ્ય તેમના હૃદયના અભિપ્રાયને જાણીને શુદ્ધપણાથી કરે છે અને જેઓ જીવવાનું બધું ફળ આજ છે એમ બુદ્ધિપૂર્વક માને છે, તે ભગવદીયો-નાં ચરણકમલમાં સેવાના ફલરૂપ રતિ યાને પ્રેમ મને થાઓ. ૫

**ये तद्बोधनचातुरीकलनतः सन्तुष्टचित्ताः सदा**
**ये वा मानससेवनां तदुदितां मुख्यां परां जानते ।**
**ये 'दोषः सकलो निवृत्त' इति तद्विश्वासतो मन्वते**
**तेषामेव ममास्तु पादकमलद्वन्द्वे परा रेणुता ॥६॥**

જેઓ તે શ્રીમહાપ્રભુજીની સમજાવવાની ચાતુરીના વિચાર-થી સદા સન્તુષ્ટ ચિત્તવાળા છે અને જેઓ તે શ્રીમહા-પ્રભુજીએ કરેલ માનસી સેવાને કેવલ મુખ્ય માને છે, જેઓ 'મારો બધો દોષ નિવૃત્ત થયો છે' એમ તેઓશ્રી ઉપરના વિશ્વાસથી માને છે, તે ભગવદીયોનાં બન્ને ચરણકમલમાં મને રજપણું થાઓ; [ અર્થાત્ તેઓના ચરણકમલની હું રજ બનું એ ભાવ છે. ] ૬

**ये गोपीपतिपादरेणुभजने श्रीवल्लभैकाश्रिता**
**ये वा दास्यपरम्परामुपगताः प्राप्ताः परां दीनताम् ।**
**ये 'स्वीयं सकलं तदीय'मिति हृत्पङ्केरुहे मानय-**
**न्त्येतेषामहमस्मि दासपदवीं प्राप्तः सदा जन्मनि ॥७॥**

જેઓ ગોપીપતિ-શ્રીકૃષ્ણ પ્રભુજીના ભજનમાં શ્રીવલ્લ-ભાધીશના આશ્રયવાળા છે, જે દાસ્યની પરમ્પરાને પામ્યા

છે, શ્રેષ્ઠ દીનતાને પ્રાપ્ત થયા છે, જેઓ હૃદયમાં બધું તે પ્રભુનું છે એમ માની રહ્યા છે, સદાય જન્મમાં (ભવોભવ) આઓની દાસપદવીને હું પ્રાપ્ત થયો છું. ૭.

**ये तद्रूपमहर्निशं स्वहृदये तापात्मकं सुन्दरं**
**साकारं सरसं रसात्मकतया ख्यातं हि जातं भुवि ।**
**नित्यं तत्परिचिन्तयन्ति सततं सङ्कीर्त्तयन्त्यादरात्**
**तेषां दैन्यभरेण मे प्रतिभवं दास्यं हि भूयात्फलम् ८**

જેઓ તાપાત્મક, સુન્દર, સાકાર, સરસ, રસાત્મકપણાથી પૃથ્વીમાં પ્રકટેલ અને પ્રસિદ્ધ--તે મહાપ્રભુજીના સ્વરૂપનું રાત્રિદિવસ ચિન્તન કરે છે અને આદરથી હમેશાં ગાય છે, દીનતાના ભારથી પ્રતિભવ (પ્રતિજન્મ) તે ભગવદીયોનું દાસ્યજ મને ફલરૂપ થાઓ. ૮

इति श्रीहरिदासोक्तं दास्याष्टकं सम्पूर्णम् ।

## ७४. श्रीनृसिंह–वामन–जयन्त्युत्सवव्रतवैशिष्टय-निरूपणम् ।

[ અનુષ્ટુભ ]

**देवोद्धृत्यै महामीनः, सुरकार्याय कच्छपः ।**
**वराहो भुव उद्धृत्यै सृष्टिकृद्ब्रह्मकार्यकृत् ॥१॥**

દેવોના ઉદ્ધાર માટે શ્રીમત્સ્યાવતાર, દેવોના કાર્ય માટે કચ્છપાવતાર, પૃથ્વીનો ઉદ્ધાર કરવા સારૂ તથા સૃષ્ટિકર્તા બ્રહ્માજીનું કાર્ય કરવા માટે શ્રીવરાહાવતાર છે. ૧

**भक्तक्लेशासहिष्णुः श्रीनृसिंहो भक्तकार्यकृत् ।**
**वामनः सुरकार्यैकव्याजभक्तवृतिक्रियः ॥२॥**

ભક્તના કાર્યને કરનાર તથા ભક્તના દુઃખને સહી ન શકનાર શ્રીનૃસિંહાવતાર છે અને દેવોના કાર્યના એક બહાનાથી ભક્તના વરણની ક્રિયાવાળા શ્રીવામનાવતાર છે. ૨

**भार्गवो भूमिभारापनयनक्षत्रियान्तकृत् ।**
**रघुनाथो रसात्मैव धर्ममर्यादया युतः ॥३॥**

પૃથ્વીના ભારને ઉતારવા સારૂ ક્ષત્રિયોના નાશને કરનાર શ્રીપરશુરામાવતાર છે અને ધર્મની મર્યાદાથી યુક્ત શ્રીરામચન્દ્રજી રસાત્માજ છે. ૩

**बलरामो महादैत्यमारणाद् भूमिभारहा ।**
**कृष्णः पुष्टिरसात्मैव रसमर्यादया युतः ॥४॥**

મહાન્ દૈત્યોને હણીને ભૂમિનો ભાર ઉતારનાર શ્રીબલદેવજી છે અને રસરૂપ મર્યાદાથી યુક્ત પુષ્ટિરસસ્વરૂપ શ્રીકૃષ્ણચન્દ્ર ભગવાન્ છે. ૪

**बुद्धः पाषण्डवक्तैव कलिकालानुरूपकृत् ।**
**कल्किर्धर्मपुनःस्थित्यै दुष्टम्लेच्छविनाशकः ॥५॥**

કલિકાલને અનુરૂપ–યોગ્ય ધર્મને કરનાર બુદ્ધ ભગવાન્ પાખંડ ધર્મના વક્તા છે અને ધર્મની પુનઃ સ્થિતિ કરવા સારૂ દુષ્ટ મ્લેચ્છોનો વિનાશ કરનાર શ્રીકલ્કિ ભગવાન્ છે. ૫

**दशावतारा एवैते तत्तत्कार्याय चोदिताः ।**
**भक्तिमार्गे तु संसेव्यः कृष्ण एव सदा बुधैः ॥६॥**

આ દશ અવતારો નક્કી તે તે કાર્ય માટે કહ્યા છે અને ભક્તિમાર્ગમાં તો ડાહ્યા મનુષ્યોએ શ્રીકૃષ્ણભગવાન્ જ સેવવા લાયક છે. ૬

**सेवायामङ्गता चोक्ता पूजाया इति निश्चयः ।**
**तत्रावतारजन्मादि जयन्तीव्रतमुच्यते ॥७॥**

ભગવત્સેવામાં પૂજામાર્ગનું પણ અંગપણું કહેલ છે એવો નિશ્ચય છે; તે સેવામાર્ગમાં પણ અવતારોના જન્માદિ છે, તે જયન્તી વ્રત કહેવાય છે. ૭

**रामस्तु रसरूपत्वादस्मत्प्रभुसमो मतः ।**
**नृसिंहवामनौ भक्तकार्यकृत्त्वादिहोदितौ ॥८॥**

"બધા અવતારોની જયન્તી ન મનાય અને શ્રીરામચન્દ્ર, નૃસિંહ અને વામન ભગવાન્‌ની જયન્તીનો ઉત્સવ આ પુષ્ટિમાર્ગમાં કેમ મનાય?" તેનું કારણ કહે છે: શ્રીરામચન્દ્રજી તો રસરૂપ છે જેથી પુષ્ટિપુરુષોત્તમ આપણા પ્રભુ શ્રીકૃષ્ણચન્દ્ર તુલ્ય છે. નૃસિંહ તથા વામનાવતાર ભક્તોના કાર્ય કરનાર હોવાથી આ માર્ગમાં માનવામાં આવ્યા છે, આથી આ ત્રણેયની જયન્તીઓ મનાય છે. ૮

**अनुकूलौ भक्तिमार्गे तयोरुत्सवमाचरेत् ।**
**अतएवास्मदाचार्यैर्निबन्धे तदुदीरितम् ॥९॥**

આ અવતારો ભક્તિમાર્ગમાં અનુકૂલ છે તેથી તે બન્નેનો ઉત્સવ કરવો, આથી જ શ્રીમહાપ્રભુજીએ નિબન્ધ સર્વનિર્ણય પ્રકરણમાં આ ઉત્સવ કરવાનું કહ્યું છે. ૯

अन्यथान्यावताराणामपि स्याद् व्रतमीरितम् ।
एवमाचार्यचरणाभिप्रायो ज्ञायते जनैः ॥१०॥
तदीयैः कृपया दानैः सान्निध्याद्विट्ठलेशितुः ॥१०½

બીજી રીતે હોત તો બીજા અવતારોનું વ્રત પણ કરવાનું કહ્યું હોત. શ્રીવિઠ્ઠલનાથજીના સાન્નિધ્યથી કૃપા વડે તેણે આપેલ તદીય દાનોથી આ પ્રમાણે શ્રીમદાચાર્યચરણોનો અભિપ્રાય જનોથી જાણી શકાય છે. ૧૦½

इति श्रीहरिदासविरचितं नृसिंहवामनजयन्त्युत्सवव्रतवैशिष्ट्य-निरूपणं समाप्तम् ।

## ७५. श्रीभागवतपुस्तकनित्यपूजनविधिः ।

आचम्य प्राणायामं कुर्यात्–

આચમન કરી પ્રાણાયામ કરવો.

ॐ भद्रं कर्णेभिः शृणुयाम देवा भद्रं पश्येमाक्षभिर्यजत्राः
स्थिरैरङ्गैस्तुष्टुवाꣳसस्तनूभिर्व्यशेम देवहितं यदायुः ॥१॥

આ મન્ત્રથી શાન્તિ ભણવી.

ततः सङ्कल्पः–

તે પછી સંકલ્પ કરવો.

ॐ विष्णुर्विष्णुर्विष्णुः । अद्येत्यादिपूर्वोच्चरित एवं-गुणविशिष्टायां शुभपुण्यतिथौ मम सकुटुम्बस्य, सपरि-वारस्य श्रीगोवर्धनधरणचरणारविन्दप्रसादात् सर्व-समृद्धिप्राप्त्यर्थं प्रारब्धानुसारादनुग्रहपूर्वकं श्रीभगवन्ना-

**मात्मकस्वरूपश्रीभागवतस्य पाठसाङ्गतासिद्ध्यर्थं श्रीभागवतस्य प्रातिष्ठां पूजनं चाहं करिष्ये–**

"तिथौ" આ શબ્દ સુધી બોલી સપરિવાર સકુટુમ્બ એવા મને શ્રીગોવર્ધનધરણ–શ્રીનાથજીના ચરણારવિન્દના પ્રસાદથી (કૃપાથી) સર્વ (દૈવી) સમૃદ્ધિની પ્રાપ્તિ માટે પ્રારબ્ધને અનુસરી શ્રીભગવદનુગ્રહપૂર્વક શ્રીગોવર્ધનનાથજીના નામાત્મક-સ્વરૂપ શ્રીભાગવતના પાઠની સાંગતાની સિદ્ધિ સારૂ શ્રીભાગવતની પ્રતિષ્ઠા અને પૂજા હું કરીશ.

**तदस्तु–**

તે થાવ.

**'मित्रावरुणे'तिप्रातिष्ठां कुर्यात्–**

"**मित्रावरुण**" એ મન્ત્ર વડે પ્રતિષ્ઠા કરવી.

**ततः पुरुषसूक्तेन आवाहनादिषोडशोपचारैः पूजयेत्–**

તે પછી પુરુષસૂક્તથી આવાહનાદિ ષોડશ (સોલ) ઉપચારોથી પૂજા કરવી.

**ॐ सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात् ।**
**स भूमिं विश्वतो वृत्वा अत्यतिष्ठद् दशाङ्गुलम् ॥१॥**

**श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः । आवाहनम् ॥**

એમ બોલી આવાહનની ભાવના કરવી.

**पुरुष एवेदꣳ सर्वं यद् भूतं यच्च भाव्यम् ।**
**उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति ॥२॥**

श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः।

**आसनम्** ॥

આમ બોલી આસન આપવું.

एतावानस्य महिमा अतो ज्यायाँश्च पूरुषः।

पादोऽस्य विश्वा भूतानि त्रिपादस्यामृतं दिवि ।३।

श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः।

**पाद्यम्** ।

એમ બોલી પાદ્યનું જલ અર્પણ કરવું.

त्रिपादूर्ध्वमुदैत्पुरुषः पादोऽस्येहाभवत्पुनः।

ततो विष्वङ् व्यक्रामत् साशनानशने अभि ॥४॥

श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः।

**अर्घ्यम्** ॥

એમ બોલી અર્ધ્યનું જલ અર્પણ કરવું.

तस्माद्विराडजायत विराजो अधिपूरुषः।

स जातो अत्यरिच्यत, पश्चाद् भूमिमथो पुरः ॥५॥

श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः।

**आचमनीयम्** ॥

એમ બોલી આચમનનું જલ અર્પણ કરવું.

यत्पुरुषेण हविषा देवा यज्ञमतन्वत।

वसन्तोऽस्यासीदाज्यं ग्रीष्म इध्मः शरद्धविः ॥६॥

श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः।

**स्नानम्**। એમ બોલી સ્નાન કરાવવાની ભાવના કરવી.

तं यज्ञं बर्हिषि प्रौक्षन् पुरुषं जातमग्रतः ।
तेन देवा अयजन्त साध्या ऋषयश्च ये ॥७॥
श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ।

वस्त्रम् ।

એમ બોલી વસ્ત્ર ધરાવવું.

तस्माद्यज्ञात्सर्वहुतः सम्भृतं पृषदाज्यम् ।
पशूस्ताँश्चक्रे वायव्यान् आरण्यान्ग्राम्याश्च ये॥८॥
श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ।

यज्ञोपवीतम् ।

એમ બોલી જનોઇ અર્પણ કરવું.

तस्माद्यज्ञात्सर्वहुतः, ऋचः सामानि जज्ञिरे ।
छन्दांऽसि जज्ञिरे तस्माद्, यजुस्तस्मादजायत॥९॥
श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ।

चन्दनम् ।

આમ બોલી ચન્દન ધરાવવું.

तस्मादश्वा अजायन्त ये के चोभयादतः ।
गावो ह जज्ञिरे तस्मात्, तस्माज्जाता अजावयः१०
श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ।

पुष्पम् ।

એમ બોલી પુષ્પ ધરવાં.

यत्पुरुषं व्यदधुः कतिधा व्यकल्पयन् ।
मुखं किमस्य कौ बाहू, का ऊरू पादावुच्येते॥११॥

श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः।

धूपः ।

એમ બોલી ધૂપ કરવો.

ब्राह्मणोऽस्य मुखमासीद्, बाहू राजन्यः कृतः ।
ऊरू तदस्य यद्वैश्यः पद्भ्याᳬ शूद्रो अजायत ॥१२॥
श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः।

दीपः ।

એમ બોલી દીવો કરવો.

चन्द्रमा मनसो जातः, चक्षोः सूर्यो अजायत।
मुखादिन्द्रश्चाग्निश्च, प्राणाद्वायुरजायत ॥१३॥
श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः।

नैवेद्यम् ।

એમ બોલી ભોગ ધરવો.

नाभ्यामासीदन्तरिक्षं, शीर्ष्णो द्यौः समवर्तत ।
पद्भ्यां भूमिर्दिशः श्रोत्रात्तथा लोकाᳬ अकल्पयन् १४
श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः।

पूगीफलताम्बूलम् ।

આમ બોલી બીડું ધરવું.

सप्तास्यासन् परिधयः त्रिसप्त समिधः कृताः ।
देवा यद्यज्ञं तन्वाना अबध्नन् पुरुषं पशुम् ॥१५॥
श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः।

दक्षिणा । એમ બોલી ભેટ ધરવી.

वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसःपरस्तात्
सर्वाणि रूपाणि विचिन्त्य धीरो नामानि कृत्वा-
भिवदन् यदास्ते ॥१६॥

श्रीभगवन्नामात्मकस्वरूपधारिणे श्रीभागवताय
नमः । नमस्कारः ।

એમ બોલી દંડવત્ પ્રણામ કરવા.

धाता पुरस्ताद्यमुदाजहार शक्रः प्रविद्वान् प्रदिशश्चतस्रः।
तमेवं विद्वानमृत इह भवति,नान्यःपन्था अयनाय विद्यते

श्रीभगवन्नामात्मकस्वरूपधारिणे श्रीभागवताय
नमः । प्रदक्षिणा ।

એમ બોલી પરિક્રમા કરવી.

यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन् ।
ते ह नाकं महिमानः सचन्ते,यत्र पूर्वे साध्याःसन्तिदेवाः

श्रीभगवन्नामात्मकस्वरूपिणे श्रीभागवताय नमः ।
मन्त्रपुष्पम् ।

એમ બોલી મન્ત્રપુષ્પાંજલિ અર્પિત કરવી.

ततः प्रार्थना ।

તે પછી પ્રાર્થના કરવી.

[સ્રગ્ધરા] ~~[शार्दूलविक्रीडित]~~

वन्दे श्रीकृष्णदेवं मुरनरकभिदं वेदवेदान्तवेद्यं
लोके भक्तिप्रसिद्ध्यै यदुकुलजलधौ प्रादुरासीदपारः ।

**यस्यासीद्रूपमेव त्रिभुवनतरणे भक्तिवच्च स्वतन्त्रं**
**शास्त्रं रूपं च लोके प्रकटयति मुदा यः स नो भूतिहेतुः**

ભક્તિપ્રતિબન્ધક દોષરૂપી મુર અને નરકાસુરનો નાશ કરનાર, ને વેદ અને વેદાન્તથી જાણવા લાયક, શ્રીકૃષ્ણદેવ પ્રભુને હું નમન કરૂં છું. લોકમાં ભક્તિની પ્રસિદ્ધિ સારૂ અપાર એવા જે પ્રભુ યદુકુલરૂપી સમુદ્રમાં પ્રકટ થયેલા છે, ત્રણે ભુવનનો ઉદ્ધાર કરવા સારૂ ભક્તિવાળું સ્વતન્ત્ર જેમનું રૂપ છે, લોકમાં શાસ્ત્રને અને રૂપને આનન્દથી જે પ્રકટ કરે છે તે પ્રભુ અમારા ભૂતિના કારણરૂપ છે. ૧

[ અનુષ્ટુપ ]

**नमः श्रीकृष्णपादाब्जतलकुङ्कुमपङ्कयोः ।**
**रुचे यदरुणं शश्वन्मामकं हृदयाम्बुजम् ॥२॥**

શ્રીકૃષ્ણના ચરણામ્બુજતલનાં કુંકુમ-કર્દમની કાન્તિને મારા નમસ્કાર થાઓ, જેથી મારૂં હૃદયકમલ હમેશાં અરુણ એટલે રાગ (પ્રેમ) યુક્ત રહે. ૨

**श्रीभागवतरूपं च पूजयेद्भक्तिपूर्वकम् ।**
**सर्वान्कामान् प्रयच्छन्ति कुर्वते नात्र संशयः ॥३॥**

ભક્તિપૂર્વક શ્રીભાગવતના સ્વરૂપની પૂજા કરવી. આ પ્રમાણે કરવામાં આવેલું શ્રીભાગવત-પૂજન, કરનારને (ઐહિક પારલૌકિક) બધું કાર્ય સિદ્ધ કરી આપે છે, એમાં સંશય નથી.

**इति श्रीहरिदासविरचितः श्रीभागवतपुस्तकषोडशोपचार-पूजनविधिः समाप्तः ।**

## ७६. षट्षष्टि(६६)रपराधास्तत्फलानि प्रायश्चित्तानि च ।

[ ૬૬ અપરાધો, તેનાં ફલો અને પ્રાયાશ્ચતો ]

| ॥ अपराधः ॥ | ॥ फलम् ॥ | ॥ प्रायश्चित्तम् ॥ |
|---|---|---|
| १ भगवत्समीपे क्रोधः । | म्लेच्छयोनौ जन्मत्रयम् । | स्नानं घृतदीपश्च । |
| ૧ પ્રભુની સમીપમાં ક્રોધ | મ્લેચ્છયોનિમાં ત્રણ જન્મ | સ્નાન અને ઘીનો દીવો |
| २ अन्येन सह भाषणम् । | शत्रुपीडनम् । | शतं जपः । |
| ૨ પ્રભુની સમીપમાં બીજા સાથે વાતચીત કરે તો | શત્રુથી પીડા થાય | સો અષ્ટાક્ષર જપવા |
| ३ स्त्रीणां भगवत्समीपेऽवलोकनं कामदृष्ट्या । | नीचदरिद्रस्त्रीजन्मत्रयं षण्ढजन्मत्रयम् । | मासं स्त्रीत्यागः । |
| ૩ પ્રભુની સમીપમાં કામદૃષ્ટિથી સ્ત્રીઓ તરફ જોવામાં આવે તો | નીચ દરિદ્ર સ્ત્રીના ત્રણ જન્મ, નપુંસકના ૩ જન્મ | એક માસ સ્ત્રીનો ત્યાગ કરવો |
| ४ हास्यम् । | दारिद्र्यम् । | स्वर्णनूपुरनिवेदनम् । |
| ૪ પ્રભુ સમીપમાં હસે તો | દારિદ્ર આવે | સોનાનાં નૂપુર પ્રભુને નિવેદન કરવાં |

| ॥ अपराधः ॥ | ॥ फलम् ॥ | ॥ प्रायश्चित्तम् ॥ |
|---|---|---|
| ५ देवतान्तरस्य नामग्रहणम् । | मूकता । | श्रीभागवतपाठः । |
| ५ પ્રભુની સમીપમાં બીજા દેવનું નામ લેવામાં આવે તો | મૂંગાપણું | શ્રીભાગવતનો પાઠ કરવો |
| ६ देवतान्तरस्तुतिः । | अशक्तत्वम् । | श्रीभागवतपाठः । |
| ६ પ્રભુની સમીપમાં બીજા દેવનાં વખાણ કરે તો | અશક્તપણું | શ્રીભાગવતનો પાઠ |
| ७ देवतान्तरतः फलाकाङ्क्षा । | जन्मत्रयं निरपत्यता । | लक्षतुलसीदलनिवेदनम् । |
| ७ અન્ય દેવથી ફલની ઇચ્છા | ત્રણ જન્મ સુધી નિઃસન્તાનપણું | એક લાખ તુલસીદલ નિવેદન કરવાં |
| ८ अवैष्णवशास्त्रश्रवणम् । | वृक्षजन्मत्रयम् । | नियमेन सह श्रीभागवतश्रवणत्रयम् । |
| ८ અવૈષ્ણવ શાસ્ત્રોનું શ્રવણ કરે તો | વૃક્ષના ત્રણ જન્મ | નિયમ સહિત ત્રણવાર શ્રીભાગવતનું શ્રવણ કરવું |
| ९ अवैष्णवानामादरणम् । | जन्मत्रयं चर्मकारः । | तत्तदिन्द्रियदण्डः । |
| ९ અવૈષ્ણવોનો આદર કરે તો | ત્રણ જન્મ મોચીના | તેતે ઇન્દ્રિયોને દંડ દેવો |

| ॥ अपराधः ॥ | ॥ फलम् ॥ | ॥ प्रायश्चित्तम् ॥ |
|---|---|---|
| १० अवैष्णवजलादिग्रहणम् । | सूचिमुखपिशाचा द्विशतवर्षाणि। | उपवासत्रयम् । |
| ૧૦ અવૈષ્ણવોનું જલાદિ ગ્રહણ કરે તો | બસો વર્ષ સુધી સોઈના સમાન મુખવાળો પિશાચ | ત્રણ ઉપવાસ કરવા |
| ११ अवैष्णवस्य स्वसेव्यप्रदर्शनम् । | वार्षिकसेवानिष्फलत्वम् । | पञ्चामृतस्नानम् । |
| ૧૧ અવૈષ્ણવને પોતાના સેવ્ય સ્વરૂપનાં દર્શન કરાવવાથી | એક વર્ષની સેવા નિષ્ફલ | પંચામૃત સ્નાન કરાવવું |
| १२ अवैष्णवमुखाच्छ्रीभागवतश्रवणम् । | काष्टकीटजन्मत्रयम् । | श्रीभागवतदानम् । |
| ૧૨ અવૈષ્ણવના મુખથી શ્રીભાગવત સાંભળે તો | લાકડાના કીડા (ઘણુના) ત્રણ જન્મ | શ્રીભાગવતનું દાન કરવું |
| १३ अवैष्णवस्पृष्टजलादिग्रहणम् | जलजन्तुः । | उपवासः । |
| ૧૩ અવૈષ્ણવના અડેલ પાણી વગેરેનું ગ્રહણ કરે તો | પૂરાનો અવતાર | એક ઉપવાસ કરવો |

| || अपराधः || | || फलम् || | || प्रायश्चित्तम् || |
|---|---|---|
| १४ वैष्णवातिथेर्निराकरणम् । | अभक्तदरिद्ररोगिनां च जन्मानि सप्त । | सर्वस्वदानम् । |
| १४ વૈષ્ણવ અતિથિનું અપમાન કરે તો | અભક્ત, દરિદ્ર અને રોગીના ૭ જન્મ આવે | પોતાના સર્વસ્વનું દાન કરી દેવું |
| १५ गुरुदेवतयोः समीपेऽनृतभाषणम् । | अब्दत्रयं रौरवे कुम्भीपाके च पातः । | श्रीभागवतपाठत्रयम् । |
| ૧૫ ગુરુ અને પ્રભુની સમીપમાં અસત્ય બોલે તો | ત્રણ વર્ષ સુધી રૌરવ ને કુંભીપાક નરકમાં પડવું પડે | શ્રીભાગવતના ત્રણ પાઠ કરવા |
| १६ श्राद्धान्नभक्षणम् । | पूजनं विफलं मासकृतम् । | उपवासः । |
| ૧૬ શ્રાદ્ધના અન્નનું ભક્ષણ | એક માસમાં કરેલ પૂજન નિષ્ફળ | એક ઉપવાસ કરવો |
| १७ श्राद्धान्नभक्षणोत्तरं भगवत्सेवनम् । | पूजनं निष्फलं मासकृतम् । | पञ्चामृतस्नानम् । |
| ૧૭ શ્રાદ્ધનું અન્ન જમ્યા પછી ભગવાનની સેવા | એક માસમાં કરેલ પૂજન નિષ્ફળ | શ્રીઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવવું |

| || अपराधः || | || फलम् || | || प्रायश्चित्तम् || |
|---|---|---|
| १८ अवैष्णवान्नादिभक्षणोत्तरं सेवनम् । | क्षयरोगी जन्मत्रयम् । | सर्ववैष्णवपूजनमन्नाद्यैः । |
| १८ અવૈષ્ણવનું અન્નાદિ જમ્યા પછી ઠાકોરજીની સેવા કરે તો | ત્રણ જન્મ સુધી ક્ષયરોગી થાય | અન્નાદિથી સર્વ વૈષ્ણવોનો સત્કાર કરવો |
| १९ पिण्याकभक्षणम् । | ग्राह्ययोनिः । ~~मद्ययोनिः~~ । | दिनत्रयं पञ्चामृतभक्षणम् । |
| १९ તલનો ખોળ ખાધો હોય તો | ઝૂડનો અવતાર આવે | ત્રણ દિવસ પઞ્ચામૃત લેવું. |
| २० श्लेष्मातकभक्षणम् । | मूत्रकीटजन्मत्रयम् । | बहुनवनीतनिवेदनम् । |
| २० ગુંદાં ખાધાં હોય તો | ત્રણ જન્મ મૂત્રનો કીડો થાય | શ્રીઠાકોરજીને ઘણું માખણ આરોગાવવું |
| २१ तैलभक्षणम् । | देवलत्वं शिवालये । | दुग्धसमर्पणम् । |
| २१ કાચા તેલનું ભક્ષણ કરવામાં આવે તો | શિવજીના મન્દિરમાં દેવલક થાય | શ્રીઠાકોરજીને દૂધ આરોગાવવું |

| ॥ अपराधः ॥ | ॥ फलम् ॥ | ॥ प्रायश्चित्तम् ॥ |
|---|---|---|
| २२ निषिद्धकन्दफलमूलादि-भक्षणम् । | श्वयोनित्रयम् । | उपवासो मासम् । |
| २२ નિષિદ્ધ કન્દ, ફલ, મૂળ(ગાજર, લસણ, ડૂંગળી, મૂળો, કોબી, આલફૂલ, મોગરી વગેરે) વગેરેનું ભક્ષણ કરે તો | કૂતરાના ત્રણ જન્મ આવે | એક માસના ઉપવાસ કરવા |
| २३ मलिनवस्त्रपरिधानम् । | जन्मत्रयं नपुंसकत्वम् । | भगवति शतवस्त्रधारणम् । |
| २३ ઠાકોરજીની સેવામાં મેલાં વસ્ત્ર પહેરે તો | ત્રણ જન્મ સુધી નપુંસકપણું | પ્રભુને એકસો વસ્ત્ર ધરવાં |
| २४ दग्धसन्धितापूर्णपरिधानम्। | नपुंसकत्वं जन्मत्रयम् । | रौप्यसिंहासनार्पणम् । |
| २४ બળેલ, સાંધેલ, અપૂર્ણ વસ્ત્ર ધારણ કરે તો | ત્રણ જન્મ નપુંસકપણું | રૂપાનું સિંહાસન શ્રી....ને અર્પણ કરવું |
| २५ गुरुदैवतयोरनमस्कारः । | दासजन्मत्रयम् । | किरीटार्पणं देवालयकरणं च । |
| २५ ગુરુ અને પ્રભુને નમસ્કાર ન કરે તો | દાસ–ચાકરના ત્રણ જન્મ | પ્રભુને કિરીટ–મુગટ અર્પણ કરવો અને દેવાલય કરાવવું |

| ॥ अपराधः ॥ | ॥ फलम् ॥ | ॥ प्रायश्चित्तम् ॥ |
|---|---|---|
| २६ भगवदालये देहकार्यम् । | श्वपचजन्मत्रयम् । | श्रीभागवतश्रवणं पठनं वा दशावृत्त्या । |
| २६ ભગવન્મન્દિરમાં દેહકાર્ય કરે તો | ચાંડાલના ત્રણ જન્મ આવે | શ્રીભાગવતનું દશ વખત શ્રવણ કરવું અગર પાઠ કરવા |
| २७ असमर्पितभक्षणम् । | कुम्भीपाके कल्पं पातः । | वैष्णवपूजनं पायसान्नेन भोजनं च । |
| २७ અસમર્પિતનું ભક્ષણ કરવામાં આવે તો | કુંભીપાક નરકમાં એક કલ્પ સુધી પડે | વૈષ્ણવોનો સત્કાર કરવો અને દૂધપાકનું ભોજન કરાવવું |
| २८ मन्दिरे पादुकाभ्यां यानम् । | कुष्ठिजन्मत्रयं चर्मकारश्च । | सहस्रपरिक्रमणम् । |
| २८ મન્દિરમાં ચાંખડી પહેરી જવાથી | ત્રણ જન્મ સુધી કોઢિયો તથા મોચી બને | મન્દિરને એક હજાર પરિક્રમા કરવી |
| २९ एकहस्तप्रणामः । | गजजन्म । | साष्टाङ्गनमस्कारशतत्रयम् । |
| २९ ઠાકોરજીને એક હાથે પ્રણામ કરે તો | હાથીનો જન્મ આવે | ત્રણસો વખત સાષ્ટાંગ નમસ્કાર કરવા |

| ॥ अपराधः ॥ | ॥ फलम् ॥ | ॥ प्रायश्चित्तम् ॥ |
|---|---|---|
| ३० गुरुदैवतनिन्दाश्रवणम् । | कुम्भीपाकः । | गुरुदैवतप्रसादनम् । |
| ૩૦ ગુરુ કે ઇષ્ટદેવની નિન્દા સાંભળે તો | કુંભીપાક નરકની પ્રાપ્તિ | ગુરુ અને ઇષ્ટદેવને પ્રસન્ન કરવા |
| ३१ गुरौ देवे चानात्मवद्वर्त्तनम् । | ~~ग्रहयोनित्रयम्~~ ग्राह । | लक्षं जपः । |
| ૩૧ ગુરુ અને ઇષ્ટદેવમાં જડ માફક વર્ત્તે તો | ઝૂડના ત્રણ જન્મ આવે | લાખ અષ્ટાક્ષર મંત્ર જપવા |
| ३२ अकाले गुरुदैवतयोर्दर्शनम् । | सकलधर्मनाशः । | आदर्शसमर्पणम् । |
| ૩૨ સમય વગર ગુરુ તથા ઇષ્ટનાં દર્શન કરવામાં આવે તો | સર્વ ધર્મોનો નાશ થાય | ઠાકોરજીને અરીસો અર્પણ કરવો |
| ३३ गुरुदैवते अनिरीक्ष्य भोजनम् । | सूकरयोनित्रयं; जन्मत्रयमन्ध इति केचित् । | सुवर्णकुण्डलार्पणम् । |
| ૩૩ ગુરુદેવ તથા ઇષ્ટદેવનાં દર્શન કર્યા વિના ભોજન કરે તો | ડુક્કરના ત્રણ જન્મ આવે અગર ત્રણ જન્મ સુધી અન્ધ જન્મે એમ કેટલાક કહે છે | સુવર્ણનાં કુંડળ ધરાવવાં |

| ॥ अपराधः ॥ | ॥ फलम् ॥ | ॥ प्रायश्चित्तम् ॥ |
|---|---|---|
| ३४ गुरुदैवतयोर्भेदेन दृष्टिः । | श्येनः । | महाप्रासादकरणम् । |
| ૩૪ ગુરુ અને પ્રભુમાં ભેદ-દૃષ્ટિ રાખે તો | શકરાને અવતાર | પ્રભુ માટે મોટો મ્હેલ બન્ધાવી આપવો |
| ३५ गुर्वाज्ञोल्लङ्घनम् । | असिपत्रादिघोरनरकपातः सर्वधर्महानिश्च । | वैष्णवगुरुप्रसादनम् । |
| ૩૫ ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં આવે તો | અસિપત્ર વગેરે ઘોર નરકમાં પડવું પડે અને સર્વ ધર્મની હાનિ થાય | વૈષ્ણવ અને ગુરુને પ્રસન્ન કરવા |
| ३६ भगवन्नाम्ना याचनम् । | उपचारनैष्फल्यम् । | पञ्चगुणितनैवेद्यदानम् । |
| ૩૬ પ્રભુને નામે યાચના કરવામાં આવે તો | સેવાની નિષ્ફલતા | પાંચગણું નૈવેદ્ય ધરાવવું |
| ३७ गुरुदैवतयोर्वित्तशाठ्यम् । | उपचारनैष्फल्यम् । | पञ्चगुणितनैवेद्यदानम् । |
| ૩૭ ગુરુ અને પ્રભુ માટે ધનને લોભ | સેવાની નિષ્ફલતા | પાંચગણું નૈવેદ્ય કરવું |

| ॥ अपराधः ॥ | ॥ फलम् ॥ | ॥ प्रायश्चित्तम् ॥ |
|---|---|---|
| ३८ गुरुदैवतयोर्गुप्तप्रकटीकरणम् । | श्वयोनित्रयम् । | पञ्चाध्यायीपाठशतम् । |
| ३८ ગુરુ અને પ્રભુની છાની વાત કહી દે તો | કૂતરાના ત્રણ અવતાર | રાસ પંચાધ્યાયીના ૧૦૦ પાઠ કરવા |
| ३९ भुक्तावशिष्टनिवेदनम् । | श्वपचजन्मत्रयं व्याधिर्जन्मत्रयम् | साष्टाङ्गप्रणामशतत्रयम् । |
| ३९ ભુક્તથી બાકી રહેલ ધરે તો | ચંડાલના ત્રણ જન્મ તેમ ત્રણ જન્મ સુધી રોગ | ત્રણસો સાષ્ટાંગ પ્રણામ કરવા |
| ४० गुरुदैवतयोः सम्मुखे पद्मासनेनोद्धतवेशेन चावस्थानम् । | सर्पयोनौ शतजन्मानि । | साष्टाङ्गप्रणामशतत्रयम् । |
| ४० ગુરુ અને પ્રભુની સન્મુખ પદ્માસન (પગ ઉપર પગ ચડાવીને) વાળીને અગર ઉદ્ધત વેશથી બેસે તો | સર્પયોનિમાં એકસો જન્મ | ત્રણસો સાષ્ટાંગ (દંડવત્) પ્રણામ કરવા |

| ॥ अपराधः ॥ | ॥ फलम् ॥ | ॥ प्रायश्चित्तम् ॥ |
|---|---|---|
| ४१ काले पूजालोपः । | गर्दभयोनित्रयम् । | शतपलदुग्धाभिषेकः । |
| ४१ સમયસર પૂજા ન થાય તો | ગધેડાના ત્રણ જન્મ | શતપલ (૪૦૦ તોલા) દૂધથી શ્રી....ને અભિષેક કરવો. |
| ४२ तापसाभिमत्या नैवेद्यस्यानादानम् । | वैतरण्यां पातः । | उपवासत्रयं प्रासादकरणं च । |
| ૪૨ પોતે તપસ્વી છે એવા અભિમાનથી નૈવેદ્યગ્રહણ ન કરે તો | એકસો વર્ષ સુધી વૈતરણીમાં પડવું પડે | ત્રણ ઉપવાસ, ને પ્રભુ માટે મ્હેલ બન્ધાવવો. |
| ४३ वैष्णवपीडनम् । | सप्तजन्मानि दरिद्रः पिशाचोऽब्दशतत्रयम् । | तत्प्रसादनं धनाद्यैः । |
| ૪૩ વૈષ્ણવને પીડા કરવામાં આવે તો | સાત જન્મ સુધી દરિદ્રી અને ત્રણસો વર્ષ સુધી પિશાચ થાય | ધન વગેરેથી તે વૈષ્ણવને પ્રસન્ન કરવો. |
| ४४ अनौचित्येन पूजनम् । | पूजनं विफलम् । | अयुतं जपः । |
| ૪૪ અનુચિતપણાથી પૂજા કરે તો | પૂજન નિષ્ફળ થાય | દશહજાર અષ્ટાક્ષર મન્ત્ર જપવા. |

| ॥ अपराधः ॥ | ॥ फलम् ॥ | ॥ प्रायश्चित्तम् ॥ |
|---|---|---|
| ४५ भगवति कम्बलस्पर्शनम्। | यावत्पशुरोमसङ्ख्यावर्षं कुम्भीपाकः। | प्रतिमाप्रमाणं सुवर्णहीरकादिदानम्। |
| ૪૫ પ્રભુને ધાબળી અડી જાય તો | જેટલાં પશુનાં રૂવાડાં તેટલાં વર્ષો સુધી કુંભીપાક નરક | તે પ્રતિમા જેટલું સોનું અગર હીરા વગેરેનું દાન કરવું |
| ४६ उल्लङ्घनम्। | मार्जारी। | शतप्रासादपरिक्रमणम्। |
| ૪૬ પ્રભુના સ્વરૂપને ઓળંગે તો | બિલાડીનો અવતાર આવે | પ્રભુના મન્દિરને એકસો પરિક્રમા કરવી |
| ४७ पृष्ठदर्शनम्। | जगच्छत्रुत्वम्। | शय्यार्पणम्। |
| ૪૭ પ્રભુનો પૃષ્ઠભાગ જોવાય તો | જગત્નો શત્રુ બને | ઠાકોરજીને શય્યા અર્પણ કરવી |
| ४८ गुरुदैवतयोरविश्वासः। | सर्वनिष्फलता। | श्रीभागवतश्रवणम्। |
| ૪૮ ગુરુ અને પ્રભુનો અવિશ્વાસ | સર્વ કર્મોનું નિષ્ફળપણું | શ્રી ભાગવતનું શ્રવણ કરવું |
| ४९ अपवित्रतायां दर्शनादिकम् | तावद्दिनकृतसेवावैफल्यम्। | पञ्चामृताभिषेको मालतीकुसुमहारार्पणं च। |
| ૪૯ અપવિત્રતામાં દર્શન વગેરે કરવામાં આવે તો | તેટલા દિવસો કરેલી સેવા નિષ્ફળ | પંચામૃતથી અભિષેક કરવો અને માલતીના પુષ્પનો હાર અર્પણ કરવો |

| | ॥ अपराधः ॥ | ॥ फलम् ॥ | ॥ प्रायश्चित्तम् ॥ |
|---|---|---|---|
| ५० | कृतविरुद्धोपचारः । | मृतयोनिः । | मालतीकुसुमार्पणम् । |
| ५१ | अवैष्णवयागादावुपकारः । | भगवत्प्रसादे सहस्रवर्षाण्यन्तरायः । | यागद्विगुणनैवेद्यस्यार्पणम् । |
| ૫૧ | અવૈષ્ણવ–યજ્ઞમાં ઉપકાર કરે તો | પ્રભુની કૃપા થવામાં હજાર વર્ષોનો અન્તરાય | તે યાગથી બમણું નૈવેદ્ય પ્રભુને ધરવું |
| ५२ | विद्धजन्माष्टम्येकादश्यादिकरणम् । | सहस्रजन्मानि नरकपातस्तथा दरिद्रो निरपत्य आधिव्याधियुतश्च । | शतं दण्डः । |
| ૫૨ | વિદ્ધા જન્માષ્ટમી અને એકાદશી વગેરે કરે તો | હજાર જન્મો સુધી નરકમાં પડે, દરિદ્ર, નિઃસન્તાન અને આધિ (મનપીડા), વ્યાધિ (શરીર પીડા)થી યુક્ત થાય | એકસો દંડ, યાને તેટલું દ્રવ્ય પ્રભુને અર્પણ કરવું |

| \|\| अपराधः \|\| | \|\| फलम् \|\| | \|\| प्रायश्चित्तम् \|\| |
|---|---|---|
| ५३ पर्वयात्रात्युत्साहभञ्जनम् । | सहस्रवर्षं सर्पस्ततस्तावद्वर्षं गर्दभस्ततस्तावद्वर्षं दासस्ततो दरिद्रो नीचश्च । | दण्डः । |
| ૫૩ પર્વયાત્રાના ઉત્સાહમાં ભંગ કરે તો | હજાર વર્ષ સુધી સર્પ, તે પછી તેટલાં વર્ષ સુધી ગર્દભ, તે પછી તેટલાં વર્ષ સુધી ચાકર, તે પછી દરિદ્રી ને નીચ અવતાર થાય | ઉપર (૫૨) મા અપરાધમાં કહ્યા મુજબ દંડ |
| ५४ भगवन्मन्दिरे गुरुसमीपे च सांसारिकवार्ताकरणम् । | अज्ञानलोकः । | सहस्रनामपाठः । |
| ૫૪ પ્રભુના મન્દિરમાં ને ગુરુની સમીપમાં સાંસારિક વાત કરવામાં આવે તો | અજ્ઞાન (અન્ધતમ) લોકની પ્રાપ્તિ | શ્રીપુરુષોત્તમ સહસ્ર નામનો પાઠ કરવો |
| ५५ गुरोरग्रे पाण्डित्यम् । | मूको जन्मत्रयं, ततो जन्मत्रयं श्वा, ततो गर्दभः । | तत्प्रसादनम् । |
| ૫૫ ગુરુની આગળ પંડિતાઈ બતાવે તો | ત્રણ જન્મ મૂંગો, તે પછી ત્રણ જન્મ કૂતરો, તે પછી ગર્દભ થાય | તે ગુરુને વિનયાદિથી પ્રસન્ન કરવા |

| ॥ अपराधः ॥ | ॥ फलम् ॥ | ॥ प्रायश्चित्तम् ॥ |
|---|---|---|
| ५६ गुरोरग्रे चाञ्चल्यम् । | वृक्षजन्मत्रयम् । | तत्प्रसादनम् । |
| ૫૬ ગુરુની આગળ ચંચલતા બતાવે તે। | વૃક્ષના ત્રણ જન્મ પામે | તે ગુરુને પ્રસન્ન કરવા |
| ५७ गुरोरग्रे तमदृष्ट्वा सेवनम् । | सेवनवैफल्यम् । | लक्षं जपः । |
| ૫૭ ગુરુની આગળ તેનાથી બીજી તરફ નજર રાખી સેવા કરે તે। | સેવન નિષ્ફળ જાય | લાખ અષ્ટાક્ષર મંત્ર જપવા |
| ५८ तुलस्या अनर्पणम् । | सेवनवैफल्यम् । | सहस्रकमलार्पणम् । |
| ૫૮ પ્રભુને તુલસીજી ન સમર્પે તે। | સેવા નિષ્ફળ થાય | પ્રભુને એક હજાર કમળ ધરાવવાં |
| ५९ निषिद्ध-पुष्पवस्त्रालङ्कारादिधारणम् । | कुष्ठी । | पुष्पमण्डपकरणम् । |
| ૫૯ પ્રભુને (શાસ્ત્ર)નિષિદ્ધ પુષ્પ, વસ્ત્ર, અલંકાર વગેરે ધરે તે। | કોઢિયાનો અવતાર આવે | પુષ્પનો મંડપ બનાવવો |

| ॥ अपराधः ॥ | ॥ फलम् ॥ | ॥ प्रायश्चित्तम् ॥ |
|---|---|---|
| ६० **गुरुदैवतयोःपादेन स्पर्शनम्** | **सर्पयोनिर्दश वर्षाणि ।** | **वाहन-सिंहासनार्पणम् ।** |
| ६० ગુરુ તથા પ્રભુને પગથી સ્પર્શ કરે તો | દશ વર્ષ સુધી સર્પની યોનિ | વાહન કે સિંહાસન અર્પણ કરવું |
| ६१ **सेवापरित्यागं कृत्वा तीर्थादिकरणम् ।** | **उभयोर्वैफल्यम् ।** | **दण्डः ।** |
| ६१ સેવાનો ત્યાગ કરી તીર્થાદિ કરવામાં આવે તો | બન્ને નિષ્ફલ જાય | યોગ્ય શિક્ષા ભોગવવી |
| ६२ **तुच्छफलप्रार्थनम् ।** | **सप्तजन्मानि तदभावः ।** | **द्विगुणनैवेद्यं मासद्वयम् ।** |
| ६२ પ્રભુ પાસે તુચ્છ ફલ માગે તો | સાત જન્મ સુધી તે ન મળે | બે માસ સુધી બમણું નૈવેદ્ય આરોગાવવું |
| ६३ **परीक्षणम् ।** | **स्वर्णकारः ।** | **लक्षं जपः ।** |
| ६३ પ્રભુની પરીક્ષા કરે તો | સોનીનો અવતાર આવે | એકલાખ અષ્ટાક્ષર મંત્ર જપવા |
| ६४ **अपभाषणम् ।** | **पुष्कसादिजन्मत्रयम् ।** | **सहस्रनामपाठः ।** |
| ६४ અવાચ્ય બોલે તો | પુષ્કસ (હીનજાતિ)ના ત્રણ જન્મ થાય | શ્રીપુરુષોત્તમ સહસ્રનામનો પાઠ કરવો |

| ॥ अपराधः ॥ | ॥ फलम् ॥ | ॥ प्रायश्चित्तम् ॥ |
|---|---|---|
| ६५ गुरुदैवतयोः समीपेऽमङ्गलकरणम् । | चर्मशकुन्तजन्मत्रयं मार्जारीजन्मत्रयं च । | ध्वज-दुन्दुभियन्त्रादिसमर्पणम् |
| ૬૫ ગુરુ અને પ્રભુની સમીપમાં અમંગળ કરવામાં આવે તો | ચામાચીડિયાના ત્રણ જન્મ ને બિલાડીના ત્રણ જન્મ | ધ્વજ, દુન્દુભિ (નગારૂં), યન્ત્રો વગેરે પ્રભુને અર્પણ કરવાં |
| ६६ सर्वत्राहम्भावश्च । | सर्पयोनिशतम् । | स्तवनम् । |
| ૬૬ અને સર્વ ઠેકાણે અહંભાવ રાખે તો | સર્પયોનિમાં એકસો જન્મ | પ્રભુની સ્તુતિ કરવી. |

## सर्वापराधशामनं गुरुप्रसादनं दैन्यं च ।

સર્વ અપરાધોનું શમન કરવું હોય તો ગુરુદેવને પ્રસન્ન કરવા અને દીનતા રાખવી.

इति षट्षष्टिरपराधास्तत्फलानि तत्प्रायश्चित्तानि च सम्पूर्णानि ।×

× આ ગ્રન્થમાં કર્તાના નામનો નિર્દેશ નથી; શ્રીહરિરાયજીનો માની સ્થાન આપ્યું છે.

# ७७–७८. अष्टपदीद्वयम् ।

[ १ ]

गौडीरागेण गीयते ।

**सखि विपिनादधुनैवायाति ।**
**श्रूयत एव मुरलिकानादो वादनामोदवायुर्वाति ॥१॥**

હે સખિ! ભગવાન્ હમણાંજ વનમાંથી પધારે છે. જો જો, તેમની મુરલિકાનો નાદ સંભળાય છે અને વેણુવાદનના સૌરભવાળો વાયુ પણ વાય છે. ૧

**झङ्कृतिरपि वनमालामधुपकृता कुरुते हृदि मोदम् ।**
**गोहुङ्कृतिरतिशायितमधुरा विदधाति विशेषविनोदम् ।२।**

પ્રભુ ઉપરની વનમાલામાં રમી રહેલા ભ્રમરોના ગુંજારવ હૃદયમાં હર્ષ ઉત્પન્ન કરે છે, અને ગાયોનો અતિશય મધુર હુંકાર વિશેષ વિનોદ ઉપજાવે છે. ૨

**गावो गोपा बलभद्रोऽपि समायाता निजगेहम् ।**
**एकलमेव मिल श्यामं मधुराकृतिकोमलदेहम् ॥३॥**

ગાયો, ગોપીજન અને બલભદ્ર પણ પોતાને ઘેર સારી રીતે આવી રહેલાં છે. મધુર આકૃતિવાળા, કોમલદેહને ધારણ કરનાર એકલા શ્યામસુંદરને મલ. ૩

**चलनीयं मिलनीयं हरिणा रमणीयाकृतिना सुचिरम् ।**
**श्रवणीयं वचनामृतनिचयं करणीयं हृदयं शिशिरम् ।४।**

રમણીય આકૃતિવાળા હરિની પાસે જવું જોઇએ, તેમને લાંબો સમય મળવું જોઇએ અને પ્રભુના મુખારવિન્દમાંથી

ઝરતાં વચનામૃતના સમૂહને સાંભળવો જોઇએ. તેમ કરીને હૃદયને શાંત કરવું જોઇએ. ૪

**सामग्रीमथ निजसङ्गे विविधामपि नयत नवीनाम् ।**
**कुरुत मनोरथचयमपि सफलं द्रुतमभिसरत सखीनाम्**

આપણી સાથે અનેક તરેહની નવીન સામગ્રીને લઇ લો, અને અત્યાર સુધી એકત્રિત કરી રાખેલા, સખીજનોના મનોરથને પણ સફલ કરો અને જલ્દી ચાલો. ૫

**विरहदहनजनितं परितापं शमयत मृदुलकरेण ।**
**परिरम्भणमपि तनुत चिरं सुखमनुभवतातिभरेण ।६।**

વિરહાગ્નિથી ઉત્પન્ન થતા પરિતાપને કોમલ કરથી શાંત કરો, પરિરંભણ કરો, અને અતિશય ભારથી પ્રભુના આલિંગનનું સુખ અનુભવો. ૬

**[मम हृदि] वसतु सदा हृदयेशावियुक्तयुवतिवचनम् ।**
**भावभरं गोवर्द्धनधरणे वितरतु कृतरचनम् ॥७॥**

મારા હૃદયમાં હૃદયેશના વિયોગવાળાં યુવતિજનનું વચન સદા વાસ કરો; અને તે વચનની રચના ગોવર્ધન-ધરણમાં ભાવને વિશેષ વિસ્તારો. ૭

**हरिदासेन सदा हरिवल्लभचरणरेणुवित्तेन ।**
**जल्पितमिदं न्यधीयत हृदये विरहविकलचित्तेन ॥८॥**

હરિવલ્લભની ચરણરજ એજ જેનું ચિત્ત છે, તેવા હરિદાસે આનું ગાન કર્યું છે; તે સદા વિરહથી વ્યાકુલ ચિત્તવાળો બનીને આ મેં હૃદયમાં પધરાવ્યું છે. ૮

[ २ ]

श्रीरागेण गीयते ।

सखि गावो गोकुलमायाता हरिरुपयाति वने ।
नृत्यति गायति वेणुं रणयति जनयति सुखमनुकूलजने ॥१॥

હે સખિ! ગોકુલમાં ગાયો આવી છે. હરિ વનમાં જાય છે. તે હરિ નૃત્ય કરે છે, ગાય છે, વેણુ વગાડે છે, અને તેમને અનુકૂલ જનોને ભગવાન્ સુખ ઉપજાવે છે. ૧

वनमालामधुपैरपि झङ्कृतिसादरमाकर्ण्य भृशम् ।
उद्गायति बोधयति निजगतिमपि निजदिवसवियोगकृशं

વનમાલા ઉપરના ભ્રમરોથી કરાતા ઝંકારવને અતિશય આદરપૂર્વક ખૂબ સાંભળીને તે ભગવાન્ ઉદ્ગાન કરે છે અને તેમ કરીને પોતાનો આખા દિવસનો વિરહ થવાથી જે લોક કૃશ બનેલાં છે, તેમને પોતાના આગમનનો બોધ કરે છે. ૨

चञ्चलनयनयुगं चालयति विशेषरसाभिनयेन ।
जनयति परमसुखं कटितटगतभावरसातिशयेन ॥३॥

વિશેષ રસના અભિનયથી પોતાનાં ચંચલ નેત્રોને તે ચલાવે છે, અને કટિતટમાં રહેલા અતિશય ભાવરસથી પરમસુખને ઉત્પન્ન કરે છે. ૩

विविधविलासगतिं तनुते कमलं भ्रामयति करेण ।
मुहुरनुपश्यति वनमालामपि हृष्यति भावभरेण ॥४॥

અનેક તરેહની વિલાસની ગતિઓ કરે છે, હસ્તથી કમલને ફેરવે છે, વારંવાર પોતાની વનમાલાને નિરખે છે, અને ભાવથી પરિપૂર્ણ થઈ આનંદ પામે છે. ૪

**चलति कदाचिदमन्दमन्दगतिवारण इव (धरणी)देशे ।**
**स्वयमपि विस्मयरसमनुभवति विचित्रितनिजवेशे ।५।**

અમંદમંદગતિવાળા હાથીની માફક તે વૃંદાવનમાં કોઈ કોઈ વખત ધીમી—ઝડપી ચાલે ચાલે છે; પોતે પણ પોતા ઉપર રહેલા વિચિત્રિત વેશને લીધે વિસ્મય—રસને અનુભવે છે. ૫.

**सखि सूचयति सरागदृशा रजनीरमणीकरणीयम् ।**
**चपलदृशां नु शरैरपि विध्यति युवतिमनोहरणीयम् ।६**

રાત્રિએ રમણ કરવું જોઇએ એમ હે સખિ! સરાગ દૃષ્ટિથી તે સૂચન કરે છે; અને યુવતિજનને મનોહરણીય અને તેમ ચપલનયનાને તે કટાક્ષ—શરોથી જાણે કે વીંધે છે. ૬

**कुटिलालककुलसङ्कुलल्पनं पश्यत विपिनायातम् ।**
**चलत चतुरहृदया हरिसम्मुखमपि हृदये भातम् ॥७॥**

વિપિન (વન)માંથી આવેલા તે ભગવાનની કુટિલ અલકાવલિને જો. હે ચતુર હૃદયવાળી સખીઓ! હૃદયમાં પ્રકાશી રહેલા હોય છતાં પણ તે હરિની સન્મુખ ચાલો. ૭

**श्रीवल्लभपदकमलरेणुसेवनमानसगतिना ।**
**हरिदासेन निरूपितमखिलं जयति सरसमतिना ॥८॥**

શ્રીવલ્લભનાં પદકમલની રજનું સેવન કરવામાંજ જેના મનની ગતિ છે, તેવા સુબુદ્ધિ હરિદાસરૂપી હંસે આ સર્વ નિરૂપણ કરેલું છે, તે જય પામે છે. ૮

—o—

# ७९–९०. द्वादश पदानि।

## विभासरागे सप्त पदानि।

[ १ ]

**मृदुलकपोलतले तव चिह्नं किमिदं वद मदनाधिकसुन्दर।**
**प्रकटमञ्जनं नयने भाले कुङ्कुममपि गोगोपपुरन्दर॥१॥**

હે મદનથી અધિક સુંદર! આ કોમલ કપોલતલ(યુગ)-માં આ તમારૂં ચિહ્ન શું છે તે કહો. હે ગાય અને ગોપના ઇન્દ્ર! તમારા નયનમાં અંજન પ્રકટ દેખાય છે, ભાલમાં કુંકુમ દેખાય છે. ૧

**वसनं शिथिलमथो शिथिला गतिरतिजृम्भा नयनं सजलं**
**सक्षतमधरं सनखं हृदयं स्खलितं वचनं रतिविकलम् ।२**
**सरसं वदनं प्रकटितरदनं मधुराधररसनिःश्वसनम् ।**
**व्यथयति मामखिलं तव रूपं याहि विधेहि तवैव विलसनम्**

તમારૂં વસ્ત્ર શિથિલ છે, આગમન પણ શિથિલ છે, અત્યંત બગાસાં આવે છે, નયન પણ સજલ છે, અધર ઉપર પણ ક્ષત થયેલા જણાય છે, હૃદય ઉપર નખક્ષત દેખાય છે, રતિથી વિકલ હોવાથી વચનો પણ ભાંગ્યાં તૂટયાં બોલાય છે, વદન રસયુક્ત છે, દાંત ખુલ્લા દેખાય છે, મધુરાધરનો રસ નિશ્વાસરૂપે વહે છે. આ આવું આપનું આખુંયે સ્વરૂપ મને વ્યથા ઉત્પન્ન કરે છે. આપ જાવ, તમારૂં જે વિલસન છે, તેને અવશ્ય આદરો. ૨–૩

[ २ ]

**वद सखि सिध्यति किं माने ।**
**प्रतिबंधं कुरुषे निजरमणे स्वयमपि वससि शोकसन्ताने १**

હે સખિ! માનમાં શું સિદ્ધ થાય છે, તે કહે. કેવલ તું તો નિજ રમણને પ્રતિબંધ કરે છે, અને જાતેય શોક-સમૂહમાં રહે છે. ૧

**मैवं कुरु मयि पदपातिते निजमनसि विचारय रूपनिधाने ।**
**समये किमिति करोषि विलम्बं दयिते रतिरसदाने ॥२॥**

એમ મા કર. હું તને પાયે પડું છે, અને તેથી હે રૂપનિધાન! મનમાં વિચારી જો. વહાલો રતિરસનું દાન કરવા તૈયાર છે, તે સમયે વાર શું લગાડી રહી છે? ૨

**महती मम सखि भवति पिपासा मधुराधरनिरुपमरसपाने**
**राधे नाधेया मयि दोषा दोषसमूहनिरासनिदाने ॥३॥**

હે સખિ! મધુરાધરના નિરુપમ રસપાનમાં મને મહાન્ પિપાસા થાય છે. હે રાધા! દોષસમૂહના નિરાસના કારણ-રૂપ મારામાં તારે દોષારોપ ન કરવા જોઇએ. ૩

[ ૩ ]
[ ઝૂલણા ]

**अलसवलितं रजनिजागरारुणतरं**
**कमलललितं जयति नाथनयनम् ।**
**अर्द्धमुन्मीलितं प्रेयसीकीलितं**
**सूचयति भामिनीभावचयनम् ॥१॥**

આળસથી વાંકું વળેલું, રાત્રિના ઉજાગરાથી અતિશય અરુણ રંગવાળું, કમલ સમાન લલિત, એવું પ્રભુનું નયન જય પામે છે. અર્ધ ઉઘડેલ, પ્રેયસી જનોમાં ચોંટેલું, પ્રભુનું નયન ભામિનીઓના ભાવસમૂહને વ્યક્ત કરે છે. ૧

**जितमीनखञ्जनं लग्नदलिताञ्जनं**
**निजहृदयरञ्जनं विहितदयनम् ।**
**युवतिजनरुचिकरं चित्तहृतितत्परं**
**प्रकटरेखं विरहभरविलयनम् ॥२॥**

તે નયન મીન અને ખંજનથી વિશેષ છે, લપેડાઈ ગયેલા આંજણવાળું છે, નિજજનોના હૃદયને રંજન પમાડે છે, નિજ જનો ઉપર દયાવાળું છે. વળી યુવતિજનોને રુચિકર, ચિત્તને હરી લેવામાં તત્પર, પ્રકટ રેખાવાળું, અને વિરહના ભારના અન્તરૂપ એવું પ્રભુનું નયન છે. ૨

**सहजचपलं परमलावण्यसहजलं**
**भोगिनीभाग्यफलमधरशयनम् ।**
**दशदिक्षु सङ्गतं रसिकजनसम्मतं**
**सन्ततं सखि विहितरतिमृगयनम् (?) ॥३॥**

તે નયન સ્વાભાવિક રીતિએ ચપલ, પરમ લાવણ્ય સહિત સજલ, ભોગિનીઓના ભાગ્યફલરૂપ, અધરના શયનરૂપ, દશે દિશાઓમાં સંગત, રસિકજનોને સંમત છે. હે સખિ ! વિહિત કરેલી રતિમાં હરણ જેવું વર્તન કરતું અર્થાત્ ચંચલ તે નયન જય પામે છે. ૩

[ ४ ]

जागृहि जागृहि सुन्दर बाल ।
सुशृतपयो पिब दधिनवनीतं
कुरु वदने निजगोकुलपाल ॥१॥

હે સુંદર બાલક! તું જાગ જાગ; સારી રીતે તૈયાર કરી રાખેલું દૂધ પી; હે નિજ ગોકુલનું પાલન કરનાર! તારા વદનમાં દહીં તથા નવનીત આરોગ. ૧

विरचय रुचिरगोपशृङ्गारं
मृगमदतिलकसुशोभितभाल ।
वादय सुत निजमधुरमुरलिका-
मानन्दय परिहितवनमाल ॥२॥

હે મૃગમદના તિલકથી સુશોભિત કપાલયુક્ત પુત્ર! સુંદર ગોપજનોને ઉચિત શ્રૃંગાર ધારણ કર. હે આનંદ આપનાર! હે વનમાલ ધારણ કરનાર! તારી મધુર મુરલિકાને વગાડ. ૨

विपिने याहि गोपसहितो
गोकुलमपि चारय चरणरसाल ।
अथवा विलस तातभवने
जय जय कंसादिमहासुरकाल ॥३॥

ગોપસહિત વનમાં જા. હે મનોહર ચરણધારી! ગાયોના સમૂહને પણ ચરાવ. અથવા હે કંસાદિ મહાસુરોના કાલરૂપ! આ ભવનમાં જય પામ, જય પામ. ૩

[ ५ ]
[ ઝૂલણા ]

**लालयति दोलिकामञ्चशयनम् ।**
**तिलकगोरोचनं भावमुक्ताफलं**
**कुटिलकुन्तलमुखं चकितनयनम् ॥१॥**

હિંડોળામાં શયન કરનાર ભગવાન્‌ને [માતા] લાડ લડાવે છે. તે પ્રભુએ સુંદર તિલક ધારણ કરેલું છે. મુક્તાફલ (મોતી) સમાન સુંદર તેમનો કપોલ છે. સુંદર વાંકડિયા કેશસમૂહને ધારણ કર્યો છે. તેમનાં નયન ચકિત છે. ૧

**चरणसञ्चालनं मोदभरगायनं**
**प्रतिबिम्बदर्शने मृदुलहासम् ।**
**बाललीलापरं पद्मसुमकरधरं**
**भाषणे फुल्लनासाविकासम् ॥२॥**

ચરણથી સંચાલન કરે છે, હર્ષભર ગાન કરે છે, પ્રતિબિંબના દર્શનમાં મનોહર હાસ્ય ઉત્પન્ન કરે છે, બાળલીલાઓ કરવામાં તત્પર છે, હાથમાં પદ્મ ધારણ કર્યું છે અને ભાષણ કરતી વખતે તેમની નાસિકાઓ સંપૂર્ણ વિકાસ પામે છે. ૨

**अङ्गुष्ठचोषकं गूढरसपोषकं**
**स्वल्पसन्तोषकं कृष्णचन्द्रम् ।**
**गोपिकाजनमनोमोदसम्पादनं**
**तदभिलषिताकृतौ विगततन्द्रम् ॥३॥**

તે અંગુલિઓને ચૂસે છે, ગૂઢ રસને પોષે છે, સ્વલ્પ સંતોષી છે, તે શ્રીકૃષ્ણચંદ્ર ગોપિકાજનના મનને હર્ષ

સંપાદન કરી આપનાર છે, અને તેમના અભિલાષની કૃતિઓ કરવામાં તેમની તંદ્રા પણ દૂર જતી રહી છે. ૩

[ ६ ]

बालक बालक बालक कथय मधुरवचनम् ।
श्रुतियुगलं परितपति कृपाकर
श्रावय कृतरचनम् ॥१॥

હે બાલક! ઓ બાલક! તુ મીઠાં મીઠાં વચનોને હે બાલક! કહે. મારા કાન તપી ઊઠ્યા છે; હે કૃપાકર! બાળલીલાની વાત સંભળાવ. ૧

स्खलितपदं प्रकटीकृतसुरदं
रदनच्छदविरचिततालम् ॥२॥

આપનાં જે મધુર વચન છે, તે સ્ખલિત ચરણવાળાં, અને જેમાં સુંદર દાંત ખુલ્લા થયા છે તેવાં છે, અને દંતચ્છેદથી જેનો તાલ રચાયેલો છે તેવાં છે. ૨

फुल्लनासिकं हासविकासं
नूपुरयुगेन वितरिततालम् ।
चरितचरणकमलं मतिविमलं
सुखयतु मम हृदयं सुरसालम् ॥३॥

મનોહર નાસિકા યુક્ત, હાસ્યના વિકાસવાળાં, અને બે ઝાંઝરથી જેનો તાલ ફેલાયેલો છે તેવાં એ મધુર વચન છે. ચાલતાં ચરણકમલરૂપ, વિમલ મતિરૂપ તે મારા સુરસાલ હૃદયને સુખ આપો. ૩.

[ ७ ]

बिभासे पदं; परं चोतालः ।

मदुदितमिदमानयसि मनसि नहि
　　मानिनि सहसि वृथा परितापम् ।
त्यजसि किमिति समुपागतमधुना
　　मधुराधरमिन्दिरादुरापम् ॥१॥

હે માનિનિ! આ મારૂં કહ્યું મનમાં લાવતી નથી, અને વૃથા પરિતાપને સહન કરે છે! લક્ષ્મીજીને પણ મેળવતાં મહેનત પડે તેવા મધુરાધર હમણાં તારી સમીપ આવેલા છે, તેમને શા માટે ત્યાગ કરે છે? ૧

अनुनयमपि बहुयुवतीनायक
　　इह किं कुरुषे विविधालापम् ।
रसिकशिरोमणिसहचरि निगदित-
　　मिति दूरीकुरु त्वदभिशापम् ॥२॥

તે તો બહુ યુવતીના નાયક છે. તેમને શું કરવા તું આઝી વાત કરી સમઝાવી રહી છે? હે રસિક શિરોમણિની સહચરિ! તારા તરફની કહેલી તરછોડણી દૂર કર. ૨

[ ८ ]

भैरवरागे पदम् ।

किं कुरुषे मयि मानं भामिनि ।
सकृदपराधे राधे नैवंकृतिरुचिता मदयुतगजगामिनि ।१।

હે ભામિનિ! મારા પર આટલું બધું માન શું કરવા

કરે છે? હે રાધિકા! એકાદ વખત આ સેવકનો અપરાધ થાય તોપણ હે મદ ઝરતા ગજની માફક ચાલવાળી! આમ કરવું તને શોભતું નથી. ૧

**सपदि विहाय हृदयाहितगर्वं कुर्वे चरणकमलनमनम् ।**
**कुरु वश्यं निजरसदानेन निवारय परमन्दिरगमनम् ।२।**

હૃદયમાં મૂકેલા ગર્વને પણ એકદમ છોડી દઇને હું તારે ચરણે પડું છું. નિજરસનું દાન કરીને તેવાથી તારે વશ બનાવ, અને તેમ કરીને પરમંદિરમાં જતો અટકાવ. ૨

**शिरसि निधेहि करं करुणे कुरु मामतिशयरसभावम् ।**
**विरहवह्निविज्वलितं मानिनि निर्वापय च हृदयदावम् ।३।**

હે કરુણાયુક્ત! તારો હસ્ત મારા મસ્તક ઉપર મૂક; મારા ઉપર અતિશય રસભાવ ભર. હે માનિનિ! વિરહાગ્નિથી ઉત્પન્ન થયેલા, તથા તેનાથીજ વધારે સળગી ઊઠેલા હૃદયના દાવને ઠારી નાખ. ૩

[ ९ ]

**भैरवे पदम् ।**

**करणीयं न हि दोषगणनम् ।**
**वृन्दाविपिनकदम्बतले चिन्तय सखि विहितवेणुरणनम् १**

હે સખી! દોષોની ગણના કરવી જોઇએ નહિ. વૃંદાવનના કદંબતલમાં હે સખી! કરેલા વેણુના રણકારનું ચિંતન કર. ૧

**मा मामुद्धाटय निजरमणं यद्यपि विहितबहुलदोषम् ।**
**सहजकृपालो पालय पतितं पदयो रहितविरहपोषम् ।२।**

જોકે નિજરમણ બહુ દોષોથી ભરપૂર છે, તોપણ તેમાં મને ઉઘાડો પાડીશ નહિ ! હે સહજ કૃપાલુ ! વિરહના પોષણ વિનાના અને શરણે આવેલાનું પાલન કર. ૨

**किं कर्त्तुं कामयसे सुन्दरि शक्तोऽहं न विरहसहने ।**
**विचरिष्यामि विकारभरेण विसङ्गितया विपिने गहने ।३।**

હે સુંદરિ ! તું શું કરવાની ઇચ્છા રાખે છે ? હું વિરહને સહન કરવામાં સમર્થ નથી. હું તો તેથી કરીને આ ગહન વિપિનમાં વિકારના ભાર સહિત વિસંગી બનીને વિચરીશ. ૩

[ १० ]

**भैरवे पदम् ।**

**जीवय जीवय विरहिजनम् ।**
**अतिपरितापविशेषविकलतासन्ततसेवितविजनवनम् ।१**

અતિશય પરિતાપથી વિશેષ વિકલતા થવાથી કાયમ જે વિજન બનીને ( સંગરહિત બનીને ) વનનું સેવન કરે છે, તેવા વિરહી જનને જીવાડ, જીવાડ ! ૧

**पल्लवतल्पगतेऽपि कदाचिदहह सखि भवति भूमिपतनम्।**
**रक्षति लक्षणसहिते रहसि तवैव नामजपनम् ॥२॥**

પલ્લવોની શય્યા ઉપર હોવા છતાં હે સખિ ! અહાહા ! કદાચિત્ ભૂમિ ઉપર પડી જવાય છે. હે સુલક્ષણ ! તારા નામનો જપજ એકાંતમાં મારૂં રક્ષણ કરે છે. ૨

**क्वाचिदपि भवति वियोगभरेण सखीषु वृथा लपनम् ।**
**तिष्ठति मौनमुद्रया मीलितनयनयुगलनमनम् ॥३॥**

સખીઓ સાથે કોઈ કોઈ વખત વિયોગના ભારથી તે વૃથા વાતચીત કરે છે, અને મૌન મુદ્રાથી બંને આંખો બંધ કરીને નમન કરતા તે ઊભા રહે છે. ૩

**सहजदयावति भवतीदयया भवति तापगमनम् ।**
**राधे नैव दोषगणनं कुरु झटिति वितनु चलनम् ॥४॥**

હે સહજ દયાવાળી! તારી દયાથી તો તાપ શમે છે. હે રાધે! દોષગણના ન કર; જલ્દીથીજ ત્યાં જવા પગ ઉપાડ. ૪

[ ११ ]

भैरवे पदम् ।

**हरिरिह विलसति यमुनाकूले ।**
**रणयति मुरलीमधरसङ्गतामतिशयशोभनीयमूले ॥१॥**

અહિં હરિ યમુનાજીના કિનારે વિલાસ કરે છે, અને અધર ઉપર રહેલી મુરલીનો, અત્યંત સુશોભિત વૃક્ષમૂળમાં ઊભા રહી રણકાર કરે છે. ૧

**आकारयति धेनुसमुदायं गतवन्तं बहुदूरे ।**
**क्रीडति गोपतनयसहितोऽसिततरयमुनाजलपूरे ॥२॥**

બહુ દૂર ગયેલી ગાયોના વૃંદને ભગવાન્ બોલાવે છે. શ્યામ યમુનાજીના જલપ્રવાહમાં ગોપબાલકો સહિત તે ક્રીડા કરે છે. ૨

**कामपि रमयति निभृतनिकुञ्जे पल्लवकुसुमसमूहे ॥**
**अतिनिबिडे रविदर्शनरहिते परजनगमनदुरूहे ॥३॥**

પલ્લવ અને કુસુમોના સમૂહવાળી કોઈ છાની નિકુંજમાં કોઇકની સાથે ભગવાન્ રમણ કરે છે. તે નિકુંજ તો અતિ-

શય ગાઢ છે, સૂર્યનું તેજ પણ તેમાં પ્રકાશતું નથી અને બીજા કોઇનાથી અગમ્ય છે. ૩

[ ९२ ]

भैरवे पदम ।

[ ઝૂલણા ]

(जयसि) नन्दभवनानन्दबाललीलामन्द-
　रचितचञ्चलतनो कथय ललितम् ।
मम मनो बहुविनोदाशया खिन्नमपि
　सपदि शिशिरय विरहवह्निकलितम् ॥१॥

હે નંદભવનના આનંદની બાલલીલાથી અમંદ રીતિએ રચિત તનુ ધારણ કરનાર! તું જય પામે છે! આપનું લલિત કહો. મારૂં મન બહુ વિનોદની આશાથી ખિન્ન થયેલું છે, અને વિરહાગ્નિથી વિહ્વલ થયેલું છે, તેને એકદમ શાંત કરો. ૧

वचनरचनारचितपीयूषकर्षणै-
　रहह वारय हरे मदनदलितम् ।
वल्लभाधीशपदकमलयुगपतितमिह
　निजबलेनैव कुरु भजनफलितम् ॥२॥

વચનોની રચનાથી રચિત અમૃત-વર્ષણોથી હે હરિ! મદનથી દલિત થયેલા મારા મનને અહાહા! વારો. વલ્લભાધીશના પદકમલમાં પડેલાને નિજબલથીજ ભજનમાં ફલિત કરો. ૨

# ११-१२. पदद्वयम् ।

[ १ ]

रामकरीरागे पदम् ।

[ ઝૂલણા ]

**गोकुलेशास्यवर देहि दास्यम् ।**
**मम विविधविकलतामवलोक्य लौकिके**
**नाथ कुरुषे कुपुरुषेऽतिहास्यम् ॥१॥**

હે શ્રીમદ્ ગોકુલચંદ્ર પ્રભુના શ્રેષ્ઠ મુખારવિન્દના અવતાર શ્રીમદ્વલ્લભાધીશ્વર ! આપનું દાસ્ય મને આપો. હે નાથ ! આપ લૌકિકમાં મારી અનેક પ્રકારની વિકળતાને જોઈ દુષ્ટ એવા આ મારા તરફ અતિ હાસ્ય કરી રહ્યા હશો ! ૧

**न भवति भयं यथा कुरु तथा मस्तके**
**निजचरणकरकमलयुगललास्यम् ।**
**वदति हरिदास इति विभुवदनदहनपद-**
**मन्तरा जगति किमितरदुपास्यम् ॥२॥**

જે પ્રમાણે કોઈપણ પ્રકારનો ભય ન રહે, તે પ્રમાણે આ દાસના મસ્તક ઉપર આપનાં ઉભય ચરણકમલ અને હસ્ત-કમલની સુંદર ક્રિયા કરો. આ હરિદાસ કહી રહ્યો છે કે શ્રીભગવન્મુખારવિંદાવતાર શ્રીમદ્વલ્લભાધીશના ચરણકમલ વિના જગતમાં બીજું શું સેવ્ય છે? ૨

[ २ ]

रामकरीरागे पदम् ।

[ ઝૂલણા ]

जयति (भट्ट)लक्ष्मणतनुजकृष्णवदनानले
श्रीमदिल्लमगारुगर्भरत्ने ।
दैववृतजनसमुद्धृतिकरणकृतनिजा-
विर्भवनविहितबहुविविधयत्ने ॥१॥

શ્રીમદ્દલક્ષ્મણભટ્ટજીના પુત્ર અને શ્રીમત્કૃષ્ણચન્દ્રના મુખારવિન્દાગ્નિના અવતાર, વળી શ્રીમતી માતા ઇલ્લમાગારુજીના ગર્ભરત્ન અને દૈવી જીવોના સમુદ્ધારને માટે કરેલા પોતાના આવિર્ભાવે કરી અનેક પ્રકારના યત્ન કર્યાં છે, તેવા શ્રીવલ્લભાચાર્યજી જ્યાં વિજય પામી રહેલા છે, ત્યાં આ હરિદાસને શી ચિન્તા? (અન્વય માટે જુવો છેલ્લી કડી.) ૧

महालक्ष्मीपतौ गोपीनाथश्री-
विठ्ठलाभिधसुभगतनुजताते ।
प्रथितमायावादवादिवदनध्वंस-
विहितनिजदासजनपक्षपाते ॥२॥

શ્રીમહાલક્ષ્મીજીના પતિ, વળી શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજી એ બે સુભગ પુત્રોના પિતા, અને જેમણે પ્રસિદ્ધ માયાવાદીઓનો મુખધ્વંસ કરીને પોતાના સેવકજનોનો પક્ષપાત કર્યો છે, તેવા શ્રીવલ્લભાચાર્યજી જ્યાં વિજય પામી રહેલા છે, ત્યાં આ દાસને શી ચિન્તા? ૨

**पुष्टिपथकथनरचितानेकसुग्रन्थ-**
**मथितभागवतपीयूषसारे ।**
**रासयुवतीभावसततभावितहृदय-**
**सदयमानसजनितमोदभारे ॥३॥**

પુષ્ટિમાર્ગના સ્વરૂપનું વિવરણ કરવાને માટે જેમણે અનેક ગ્રંથો રચ્યા અને શ્રીમદ્ભાગવતનો શ્રીસુબોધિનીરૂપે અમૃતસાર મથી કાઢયો, વળી રાસયુવતિના ભાવથી સતત ભાવવાળા હૃદય અને દયાયુક્ત માનસથી ઉત્પન્ન થયેલા આનંદવાળા તેવા શ્રીવલ્લભાચાર્યજી જ્યાં વિજય પામી રહેલા છે, ત્યાં આ દાસને શી ચિંતા? ૩

**निजचरणकमलधरणीपरिक्रमणकृति-**
**मात्रपावितविततर्तीथजाले ।**
**कृष्णसेवनविहितशरणगतिशिक्षण-**
**क्षपितसन्देहदासैकपाले ॥४॥**

પોતાનાં ચરણકમલોથી પૃથ્વીની પરિક્રમા કરવા માત્રથી અનેક તીર્થોના સમૂહને જેમણે પવિત્ર કર્યો છે, અને પ્રભુની સેવાને વિશે કરવામાં આવેલા શરણાગતિના શિક્ષણથી જેઓના સંદેહો નષ્ટ થયા છે તેવા સેવકોનું જે રક્ષણ કરી રહ્યા છે, તેવા શ્રીવલ્લભાચાર્યજી જ્યાં વિજય પામી રહ્યા છે, ત્યાં આ દાસને શી ચિંતા? ૪

निजवचनपीयूषवर्षपोषितसतत-
साहित्यपुरुषजनभृत्ययुक्ते ।
विविधवाचोयुक्तिनिगमवचनोदितै-
रपि च वारितदुष्टजनदुरुक्ते ॥५॥

પોતાનાં વચનામૃતોની વર્ષાથી સતત રીતે પોષવામાં આવેલા સાહિત્યકારો, સામાન્ય જનો અને સ્વસેવકો જેમની પાસે છે, વળી વિવિધ પ્રકારની વચનયુક્તિપૂર્વકનાં વેદ-વચનોનો ઉલ્લેખ કરી જેમણે દુષ્ટ જનોની દુષ્ટ ઉક્તિઓનું નિરાકરણ કર્યું છે, તેવા શ્રીવલ્લભાચાર્યજી જ્યાં વિજય પામી રહ્યા છે, ત્યાં આ દાસને શી ચિંતા ? ૫

ईदृशे सति शिरसि सर्वदा वल्लभे
सकलकर्तरि च भर्तरि दयालौ ।
कैव परिदेवना भवति हरिदासके
सकलसाधनरहितजनकृपालौ ॥६॥

સર્વકર્તા, સર્વભર્તા, સર્વ નિઃસાધન જનો પર કૃપાવાળા આવા દયાળુ શ્રીવલ્લભાધીશ્વર પ્રભુ સર્વદા મસ્તક પર બિરાજી રહ્યા હોય ત્યાં આ હરિદાસને ચિંતા શી હોઇ શકે ? ૬

---o---